
॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# સત્સંગ સેતુ

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

**: લેખક :**

પ.ભ. શ્રી ગોરધનભાઈ વી. સીતાપરા



**: પ્રકાશક :**

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

**: પ્રકાશન તિથિ :**

મકર સંક્રાંતિ

**: પ્રકાશક :**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ વતી
મહંત સ્વામીશ્રી
સ્વામી નારાયણસ્વરૂપદાસજી

© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

**: આવૃત્તિ :**

પ્રથમ વિ.સં. ૨૦૬૫ પ્રત : ૧૦૦૦

**: કિંમત :**

રાહત દરે રૂા. ૪૦/-

**: પુસ્તક પ્રાપ્તિ સ્થાન :**

શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

**: ટાઈપ સેટીંગ અને મુદ્રક :**

શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

# નિવેદનમ્

સર્વાવતારી સર્વોપરિ અક્ષરાધિપતિ પુરુષોત્તમનારાયણ ભગવાન પોતાના સંપૂર્ણ ઐશ્વર્ય પ્રતાપ, સ્વરૂપ અને ગુણો સાથે 'સ્વામિનારાયણ' નામથી આ પૃથ્વી પર પધાર્યા. એ ભગવાને સમગ્ર ભારત દેશની ભૂમિમાં અવિરત વિચરણ કરીને અનંત જીવાત્માઓનું કલ્યાણ કર્યું. જીવોના આત્યંતિક કલ્યાણ માટે એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું. પરમાત્માની ઉપાસના માટે મહામંદિરોનું નિર્માણ કરાવી, તેમાં સ્વસ્વરૂપ નરનારાયણ, લક્ષ્મીનારાયણ આદિક દેવો પધરાવ્યા. ધર્મધુરાનું વહન કરવા તેમજ મુમુક્ષુજનોને ભગવાન ભજવાનો સાચા અર્થમાં અધિકાર પ્રાપ્ત થાય તે હેતુથી ભાગવતી દીક્ષા માટે સત્સંગમાં અમદાવાદ અને વડતાલ એમ બે ગાદી કરી તે ગાદી પર પોતાના જ અપર સ્વરૂપ ધર્મવંશી આચાર્યશ્રીની નિયુક્તિ કરી. ધાર્મિક મનુષ્યોને સદુપદેશ આપી ભગવાન સાથે જોડે તથા સત્સંગને પોષે તેવા હેતુથી સંતોની પરંપરા આપી. પોતાના સંપ્રદાયની પુષ્ટિ પોતાના સંપ્રદાયના ગ્રંથથી જ થાય તેમજ જીવાત્માને કલ્યાણના માર્ગે આગળ વધવાનું બળ પ્રાપ્ત થાય, ભગવાન સુધી પહોંચવા માટે સાચો માર્ગ મળે તે હેતુથી સત્શાસ્ત્રોની રચના 'શિક્ષાપત્રી' રૂપે સ્વયં કરી અને વચનામૃત, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ આદિ સદ્ગ્રંથોની રચના નંદસંતો પાસે કરાવી.

પોતે આ પૃથ્વી પર અંતર્ધાન થાય ત્યાર પછી પણ ધાર્મિક મુમુક્ષુજનોનું આત્યંતિક શ્રેય સદાય ચાલુ રહે એ માટે શ્રીહરિએ સંપ્રદાયમાં દેવ, આચાર્ય, સંત અને શાસ્ત્ર એમ ચાર સ્વરૂપે પોતાનું પ્રગટપણું કાયમ રાખ્યું છે. 'સત્સંગની મા' નું બિરુદ પામેલા સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીના શબ્દોમાં કહીએ તો પ્રગટ નો આશ્રય કરીને પ્રગટને ભજવાથી જ જીવાત્માનું શીઘ્ર કલ્યાણ થાય છે. પરોક્ષને ભજવાથી પાર આવતો નથી. મૂળ સંપ્રદાના આ સત્સંગમાં સ્વામિનારાયણ નામથી ભગવાન પ્રગટ રહ્યા છે. વળી જીવાત્માના કલ્યાણ માટે સત્સંગ જેવું કોઈ સાધન નથી. અને 'સત્સંગ' એટલે સત્ય એવા પરમાત્મા, સત્પુરુષો, સત્ધર્મ અને સત્શાસ્ત્રોનો સતત સંગ. આપણા સંપ્રદાયના ગ્રંથોને આધાર ભૂત રાખીને 'સત્સંગ સેતુ' નામના આ ગ્રંથમાં દરેક ભક્તજનોને



સત્સંગનો મહિમા સમજાય, સત્સંગમાં પોતાના મૂળ વિશેષ ઊંડા જાય અને ધર્મ, અર્થ, કામ તથા મોક્ષની સિદ્ધિને પામે તે હેતુથી ઘણો જ પરિશ્રમ કરીને આ પુસ્તક તૈયાર કરાવ્યું છે. શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા મંદિરની સ્કીમ કમિટી એ આ પુસ્તકનું પ્રકાશન કરવાનો સર્વાનુમતે ઠરાવ કરી પાસ કર્યું છે.

આ પુસ્તકના લેખક પ.ભ. સેવાનિષ્ઠ ભક્તરાજ શ્રી ગોરધનભાઈ સીતાપરા એ આપણા સંપ્રદાયના ગ્રંથોને આધારભુત રાખીને શ્રીજી મહારાજના મત પ્રમાણે સાહિત્યના પ્રચારથી સંપ્રદાયની અને સમાજની સર્વોત્તમ સેવા કરી આ ''સત્સંગ સેતુ'' નામના ગ્રંથમાં યથાર્થ મહિમા સમજાવીને મુમુક્ષુજનોને સત્સંગમા જોડાવાનો એક સુંદર પ્રયત્ન કર્યો છે. શ્રીજી મહારાજ લેખકશ્રીને આથીપણ વધુ સંપ્રદાયની અને જન સમાજની સાહિત્ય દ્વારા સેવા કરવાની શક્તિ આપે એવી શ્રી પ્રભુચરણે પ્રાર્થના. લેખકશ્રીએ જે આ ગ્રંથ લખ્યો તે તો સત્સંગીઓને પરમાત્મા સુધી પહોંચવા માટે કાયમી સેતુરૂપ બને તે માટે ઉપદેશનું સદાવ્રત ખુલ્લુ મુકી અનેક જીવાત્મા લાભ લઈ ધામની પ્રાપ્તિ કરી બડભાગી બને તે માટે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની ઈચ્છા જાણીને તુરંત મંદિરને પ્રકાશન કરવા માટે આ પુસ્તક ભેટ આપી સર્વોપરી શ્રી નરનારાયણદેવ, પૂજ્યપાદ મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ખૂબજ રાજીપો પ્રાપ્ત કરેલ છે.

આ પુસ્તકના પ્રુફરીડીંગની સેવા ખૂબજ સાવધાની રાખીને શુભનિષ્ઠા સેવાભાવથી શાસ્ત્રના અભ્યાસી સ.ગુ. શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજીએ (અમદાવાદ) ખૂબજ અથાગ પરિશ્રમ કરી સારી એવી સેવા બજાવી છે.

આ પુસ્તક તૈયાર કરવામાં પ્રેસના કાર્યમાં, પ્રુફ રીડિંગ જે ઘણું ઝીણવટ ભર્યું કાર્ય હોય છે તેમજ પુસ્તક છપાવવા માટે નાના-મોટા નામી અનામી નિર્માની હરિભક્તોએ દાન આપી સાહિત્ય સેવા કરી છે તે સૌના અમે અંતઃકરણપૂર્વક આભારી છીએ. નિષ્કામ ભાવની સેવાથી આ બધા સંત-હરિભક્તો ઉપર સર્વાવતારી શ્રીહરિ ઘણાં રાજી થાય તેવી શ્રી નરનારાયણદેવના

ચરણોમાં પ્રાર્થના સાથે સત્સંગ સમુદાયને વિનંતી કે આ ગ્રંથમાં કોઈપણ ભૂલચૂક રહી હોય તો નીરક્ષીર ન્યાયે સારી વાત ગ્રહણ કરીને સૌના ઉપર રાજી રહેશો.

આ પુસ્તક વાંચીને સર્વે હરિભક્તોને સત્સંગમાં સહજરૂચિ થાય, સત્સંગમાં હંમેશ દિવ્ય ભાવ રહે, નિયમ, નિશ્ચય, પક્ષ દ્રઢ બને તેમજ શ્રીજી સ્થાપિત દેવ અને આચાર્ય પરત્વેની નિષ્ઠા અતિશે બળવત્તર બને તથા શ્રીહરિની અખંડ સ્મૃતિ રહે તો આ પ્રયત્ન સફળ થયો લેખાશે.

''સત્સંગ સેતુ'' નામનું આ પુસ્તક સમગ્ર સત્સંગ સમુદાયમાં સાચા અર્થમાં ''સત્સંગ સેતુ'' બની રહે એવી આશા સાથે....

લી.<br>
મહંત સ્વામી,<br>
સ્વા. નારાયણસ્વરૂપદાસજી<br>
શ્રી સ્વામિનારાયણ મંદિર,<br>
કાલુપુર, અમદાવાદ

## કમિટિના સર્વ સભ્યશ્રીઓ

| | | |
|---|---|---|
| ૧. | સ.ગુ. મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી | પ્રમુખ |
| ૨. | સ.ગુ. બ્રહ્મચારી સ્વામી વાસુદેવાનંદજી | |
| ૩. | સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાજી | |
| ૪. | હજુરી પાર્ષદ વનરાજ ભગત | |
| ૫. | પ.ભ. દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ | અમદાવાદ |
| ૬. | પ.ભ. રમણભાઈ પ્રાણભાઈ પટેલ | અમદાવાદ |
| ૭. | પ.ભ. જી. કે. પટેલ (વિમલ પેઈન્ટસ) | મહેસાણા |
| ૮. | પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ | અમદાવાદ |
| ૯. | પ.ભ. ડૉ. કાંતિભાઈ ખુશાલભાઈ પટેલ | હિંમતનગર |



# પ્રસ્તાવના

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ભરત ખંડમાં મનુષ્ય અવતાર ધારણ કરીને શુદ્ધ સનાતન વૈદિક ધર્મનું સ્થાપન કર્યું. માણસને સાચા અર્થમાં માણસ બનતા શીખવાડ્યું અને તેથી આગળ શ્રીહરિની કૃપાથી સમાજને અનેક એકાંતિક ભક્તો તથા સાચા સંતોની પ્રાપ્તિ થઈ. મોક્ષમાર્ગ સરળ બનાવ્યો. સમાજને કુરિવાજો, વહેમ, અંધશ્રદ્ધા, હિંસામય યજ્ઞો, વ્યસનો વગેરે દુષણોમાંથી બહાર કાઢી સદાચારના માર્ગે વાળી એક જ પરમાત્માનો આશરો તથા ભક્તિ ઉપાસના કરતા શીખવાડ્યું. તેમ છતાં અન્ય કોઈ દેવનું ખંડન કે નિંદાનો નિષેધ કરી પંચદેવોને આદર થકી માનવાનું કહ્યું. કળિયુગમાં સત્‌યુગનો ધર્મ પ્રવર્તાવ્યો. શ્રીહરિએ સંપ્રદાયને દેવ, આચાર્ય, સંતો અને શાસ્ત્રો આપ્યા. તેમાં પોતાનું પ્રગટપણું દર્શાવ્યું.

ઈષ્ટદેવના ચરિત્રો સાથેના શાસ્ત્રોથી સંપ્રદાયની પુષ્ટિ થાય છે. સત્સંગી ન હોય તેવા કોઈપણ ધાર્મિક મનુષ્ય આ પ્રકારના શાસ્ત્રો વાંચે તો તેઓ દરેકને પણ આ લોકમાં તેમજ પરલોકમાં સુખી થવાનો માર્ગ મળે છે. આ ગ્રંથ કોઈ નવીન ગ્રંથ નથી. પરંતુ સંપ્રદાયના શાસ્ત્રોના આધારે જ સંકલન કરી એક વિશિષ્ટ ગ્રંથની રચના કરી છે. ગ્રંથ લખતા પહેલા પ.પૂ.ધ.ધુ. નિવૃત આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ લીધેલા, જેથી શ્રીહરિની કૃપા અને મરજીથી ગ્રંથ લખતા લખતા એવો ચમત્કાર થતો હતો કે શ્રી નરનારાયણદેવનું સ્મરણ કરીને સંદર્ભ ગ્રંથ ખોલતા જે સંદર્ભ લખાણની જરૂર હોય, શાસ્ત્રનું તે પાનું જ સહજ રીતે ખુલી જતું હતું. જેથી લખાણનું કાર્ય ઝડપી બનતું હતું.

આ ગ્રંથમાં સૌ પ્રથમ મનુષ્યોને સંસારમાંથી વૈરાગ્ય ઉત્પન્ન થાય, દુઃખો પર વિચાર કરતો થાય તે હેતુથી જીવાત્માઓના દુઃખોનું સંક્ષિપ્ત વર્ણન કર્યું છે, પછી તે દુઃખોમાંથી કાયમી મુક્ત થવાનો શાશ્વત ઉપાય દર્શાવ્યો છે. પૃથ્વી ઉપર લાખો મનુષ્યો ધાર્મિક છે. પરંતુ તેઓની ભક્તિ-ઉપાસના અનેક દેવ-દેવીઓમાં વિભાજીત હોવાથી જન્મ-મરણના કાયમી દુઃખમાંથી નિવૃત્તિ થતી નથી. જેથી દેવો પણ ભગવાનની ઉપાસના કરવાનું કહે છે એ આ ગ્રંથમાં પ્રતિપાદન કરેલું

છે. કળિયુગમાં પ્રત્યક્ષ પરમાત્મા સ્વામિનારાયણ નામથી પ્રસિધ્ધ છે. ભરતખંડના ઉપાસ્ય દેવ શ્રી નરનારાયણદેવ છે. જે દેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પ્રત્યક્ષ સ્વરૂપ છે. બન્ને સ્વરૂપો અભિન્ન છે. સ્વામિનારાયણ ભગવાન અને શ્રી નરનારાયણદેવની પૂર્વ ભૂમિકા લખીને પછી વાંચક વર્ગને સ્વામિનારાયણ ભગવાન સાથે પ્રીતિ થાય તે હેતુથી થોડા ચરિત્રો લખ્યા છે. શ્રીહરિના પરચા હજારો છે. પરંતુ અહીં પરચાઓનું આચમન માત્ર કર્યું છે. શ્રીહરિ સાથે સ્નેહ થયા પછી શ્રીહરિ જેવા છે તેવા સર્વોપરિ સર્વાવતારી તરીકેની સાચી ઓળખાણ થાય તે હેતુથી તે પ્રકારના શ્રીહરિના થોડા ચરિત્રો લખીને પછી શ્રીહરિએ સ્વયં નિર્માણ કરાવેલા ગુજરાતના નવ મહામંદિરો તથા તે મંદિરોમાં સ્વહસ્તે પધરાવેલાં સ્વસ્વરૂપ દેવોનો મહિમા, તે દેવોનું પ્રત્યક્ષપણું તથા શ્રીહરિની જન્મ ભૂમિ છપૈયા ધામ મહિમાનું નિરૂપણ કરેલું છે.

મૂળ સંપ્રદાયમાંથી છૂટા પડેલા વિમુખ આગેવાનો સ્વામિનારાયણ સંપ્રદાયની ગુરુ પરંપરા વિશે અજાણ લોકોને અવળું જ્ઞાન આપીને ગેરમાર્ગે દોરતા હોય છે. તેનો છેદ ઉડાડી શ્રીહરિ સ્થાપિત સાચી ગુરુ પરંપરા દરેકને શાસ્ત્રોક્ત રીતે સમજાય તે હેતુથી અત્રે ધર્મવંશી આચાર્યપદનું વિસ્તૃત નિરૂપણ કર્યું છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અમૃતવાણી એ આ ગ્રંથની વિશિષ્ટતા છે. તો ધર્મવંશી આચાર્યશ્રીનો મહિમા તથા સંત અને સત્સંગનો મહિમા એ આ ગ્રંથનું હૃદય છે. ગ્રંથમાં ધર્મ સાથેની ભક્તિનો મહિમા દર્શાવ્યો છે. શ્રીહરિનો સબંધ પામેલી દરેક વસ્તુનો યથાર્થ મહિમા સમજવાથી સત્સંગનું અધિક સુખ આવે છે, અને સત્સંગ વૃદ્ધિ પામે છે. તેથી આ ગ્રંથમાં સ્વામિનારાયણ નામ મંત્ર મહિમા, તીર્થ મહિમા, પ્રસાદીની વસ્તુઓનો મહિમા, એકાદશી વ્રત મહિમા, હરિભક્તનો મહિમા, શ્રીહરિના ચરિત્રોનો મહિમા, શાસ્ત્ર મહત્તા, ગાય-બ્રાહ્મણનો મહિમા એમ અનેકવિધ મહિમા નિરૂપ્યો છે. અંતમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું સર્વોપરિપણું દર્શાવ્યું છે. તેમજ મોક્ષમાર્ગમાં સહાયભૂત થાય તે પ્રકારની મન-ગમતી વેધક વાતો લખીને ગ્રંથની સમાપ્તિ કરી છે.

આ ગ્રંથ કોઈ ભૌતિક સુખની ઈચ્છાએ કે માનની આશાએ લખ્યો નથી. પરંતુ કેવળ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા અર્થે તથા



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સમગ્ર ધર્મકુળ, સંતો અને હરિભક્તોના રાજીપા અર્થે તથા અસંખ્ય મુમુક્ષુ વાંચક વર્ગને કલ્યાણના રસ્તે ચાલવાનું બળ મળે, સ્વામિનારાયણ સંપ્રદાયની સાચી ગુરુ પરંપરા તથા સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો સમજાય એ હેતુથી આ ગ્રંથ લખ્યો છે.

આ પુસ્તકમાં જે કંઈ સારુ છે તે શ્રી નરનારાયણદેવની કૃપા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મારી ઉપર અહૈતુકી રાજીપાનું પરિણામ છે. અને જે કંઈ ત્રુટીઓ રહી જવા પામી હોય તે સર્વે મારી પોતાની અણ આવડતનું પરિણામ છે. તેથી સર્વે વાંચક વર્ગ મોટું મન રાખીને નીરક્ષીર ન્યાય અપનાવે એ ભાવના સાથે.

ગોરધનભાઈ વી. સીતાપરા
(બાપુનગર)

# અનુક્રમણિકા


| અનુ. | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧. | મંગલાચરણ તથા સ્તુતિ-પ્રાર્થના | ૧ |
| ૨. | દેહધારી જીવાત્માઓ તથા મનુષ્યોના દુઃખોનું વર્ણન | ૩ |
| ૩. | દુઃખોમાંથી છૂટવાનો શાશ્વત ઉપાય | ૫ |
| ૪. | દેવો તથા ઋષિઓ પણ ભગવાનની ઉપાસના કરવાનું જ કહે છે | ૬ |
| ૫. | સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થવાની શાસ્ત્રોક્ત આગાહીઓ | ૧૯ |
| ૬. | સ્વામિનારાયણ ભગવાનને પ્રગટ થવાનું નિમિત્ત | ૨૨ |
| ૭. | નરનારાયણદેવ પ્રાગટ્ય | ૨૬ |
| ૮. | ધર્મ - ભક્તિ અને ઘનશ્યામ મહારાજનું પ્રાગટ્ય | ૨૮ |
| ૯. | ઘનશ્યામ મહારાજનું નામ સંસ્કરણ તથા ભવિષ્ય વાણી | ૨૯ |
| ૧૦. | શ્રીજી મહારાજના દિવ્ય ચરિત્રોનું આચમન | ૩૧ |
| | (૧) ઘનશ્યામ મહારાજે ભક્તિમાતાને પોતાના મુખમાં અનંત કોટી બ્રહ્માંડનું દર્શન કરાવ્યું | ૩૧ |
| | (૨) નારદ, તુંબરૂ અને શંકર એ ત્રણ દેવો ઘનશ્યામ મહારાજના દર્શને આવ્યા | ૩૨ |
| | (૩) વૈરાજપુરૂષ ઘનશ્યામ મહારાજના દર્શન કરવા આવ્યા | ૩૨ |
| | (૪) અંગુઠીની લીલા | ૩૩ |
| | (૫) ગંગાજી અને યમુનાજી ઘનશ્યામ મહારાજને સ્નાન કરાવવા આવ્યા | ૩૫ |
| | (૬) ઘનશ્યામ મહારાજનું દર્શન અને પ્રસાદનો મહિમા | ૩૪ |
| | (૭) મોતી તરવાડીને ઘનશ્યામ મહારાજનું ચતુર્ભુજ રૂપે દિવ્ય દર્શન | ૩૭ |





| | | |
|---|---|---|
| (૮) | મરેલા માછલાઓને સજીવન કર્યા તથા મચ્છીમારોને યમરાજ સ્વરૂપે દર્શન | ૩૯ |
| (૯) | ઘનશ્યામ મહારાજે પોતાના સખાઓને પોપટ બનાવીને ઉડાડી મૂક્યા | ૪૦ |
| (૧૦) | એક હજાર વૈરાગીની જમાતને સીધું અપાવ્યું તથા વ્યાઘ્રચર્મમાંથી જીવતો વાઘ બનાવી એક વૈરાગીનું અભિમાન ઉતાર્યું | ૪૧ |
| (૧૧) | બ્રહ્માજીનો ગર્વ ઉતાર્યો | ૪૪ |
| (૧૨) | નારદજીએ અગાઉથી શ્રીહરિના ચરિત્રોનું ભવિષ્ય ભાખ્યું | ૪૫ |
| (૧૩) | ચકલાઓને સમાધિ કરાવી | ૪૮ |
| (૧૪) | ધર્મદેવના કુળમાં આચાર્યપદ સ્થાપનનો પરોક્ષ કોલ | ૪૯ |
| (૧૫) | શ્વેત શિખરીમાં કેટલાક વાઘ તથા વૈરાગીઓને સુખ આપ્યું | ૫૧ |
| (૧૬) | મહાદેવજીના પૂજારીને નિશ્ચય કરાવી વર આપ્યો | ૫૨ |
| (૧૭) | નવલાખ યોગીઓનો મોક્ષ | ૫૩ |
| (૧૮) | શ્રી જગન્નાથ પુરીમાં અસુરોનો નાશ કર્યો | ૫૫ |
| (૧૯) | શિવજી અને પાર્વતીએ સાથવો અને મીઠું જમાડ્યું | ૫૭ |
| (૨૦) | ભગવાનદાસ, તેના માતુશ્રી તથા તેની સ્ત્રી એ ત્રણ જણને મોક્ષ રૂપી વર આપ્યો | ૫૮ |
| (૨૧) | પંઢરપુરમાં ભગવાન વિઠ્ઠલનાથની મૂર્તિને શ્રી નીલકંઠ વર્ણી ભેટ્યા | ૬૧ |
| (૨૨) | માંગરોળમાં ગોવર્ધન શેઠના ફઈ પૂતળીબાને નરકમાંથી છોડાવ્યા | ૬૧ |
| (૨૩) | મેઘજી વણિકનો ગર્વ ઉતાર્યો | ૬૭ |

(૨૪) શ્રીહરિએ સમાધિમાં દરેકને પોતપોતાના ઈષ્ટદેવના દર્શન કરાવ્યા ૬૯
(૨૫) રણની ખારી ખાડીનું જળ મીઠું કર્યું ૭૩
(૨૬) ઉમરેઠમાં બ્રાહ્મણ હરિયાના મુખેથી વેદ બોલાવ્યા ૭૫
(૨૭) જેતલપુરનો યજ્ઞ ૭૬
(૨૮) અમદાવાદના સુબા વિઠુબા ભાઉંનું કપટ શ્રીહરિએ ખુલ્લું કર્યું ૮૪
(૨૯) વિજાપુરના વજીબાને ઘેર ચરણ ચાંપી પીપળો ચલાવ્યો તથા વીસનગરના નાસ્તિક-મલિન બુદ્ધિવાળા લાલજી સુબાને એક ક્ષણમાં સત્સંગી કર્યો ૮૯
(૩૦) શ્રીહરિના દ્વેષી ગાયકવાડ સરકારના દિવાનજીના પત્ની તુળજાબાઈ સત્સંગી થયા ૧૦૨
(૩૧) બાબા સાહેબને માણકી ઘોડીને બદલે ગધેડી મળી ! ૧૦૬
(૩૨) શ્રીહરિએ મહાદુષ્ટ શક્તિ પંથી ત્રણ બ્રાહ્મણોને મનુષ્યમાંથી તત્કાલ વાંદરા બનાવ્યા અને હનુમાનજીની સેવા કરાવી સત્સંગમાં જન્મ આપ્યો ૧૦૯
(૩૩) શ્રીહરિએ વડોદરાના બાર મુસલમાનોને હિન્દુ કર્યા ૧૧૧
(૩૪) કુસંગી કુલટા સ્ત્રીને શ્રીહરિ ધામમાં તેડી ગયા ૧૧૨
(૩૫) શ્રીહરિ જેતલપુરના જીવણ ભક્તનો મઠનો રોટલો જમ્યા ૧૧૪
(૩૬) દયાના સાગર શ્રીહરિએ બેચર ભક્તના પત્નીને સજીવન કર્યા ૧૧૭
(૩૭) નારદીપુરના ભક્ત તીતારામને મહારાજ વિમાન લઈને ધામમાં તેડી ગયા ૧૧૮
(૩૮) બદ્રિકાશ્રમના બોર ૧૨૦



(૩૯) ભયંકર લૂંટારા જોબન પગીને સત્સંગ શીરોમણી બનાવ્યા ૧૨૩
(૪૦) ઉત્કંઠેશ્વર મહાદેવજીને પ્રસાદીના કર્યા ૧૨૬
(૪૧) શ્રીજી મહારાજ પોતાના સંતો-ભક્તોને સામા લેવા આવે છે ૧૨૭
(૪૨) શ્રીહરિની ગઢપુરમાં હુતાશની પ્રસંગે રંગક્રીડા ૧૨૯
૧૧. શ્રીજી મહારાજે સંતો-ભક્તોને આપેલા દિવ્ય પરચાઓનું આચમન ૧૩૧
(૧) કુંડાલના કલા ભગતનું ખેતર જતું બચાવ્યું ૧૩૨
(૨) અખંડાનંદ સ્વામીને વાઘના મુખમાંથી ઉગાર્યા ૧૩૪
(૩) કૈવલ્યાનંદ સ્વામીને પાણીમાં બૂડતા બચાવ્યા ૧૩૫
(૪) ઉદ્ધવજી નામના હરિભક્તની ચોર થકી રક્ષા ૧૩૬
(૫) પ્રભુથી વિમુખ સાપ યોનિમાં રહેલાં વસનદાસ કણબીને શ્રીજી મહારાજે દર્શન આપીને પુણ્યશાળી બનાવ્યો ૧૩૭
(૬) શ્રીજી મહારાજે આપેલા પરચાનો ટૂંકસાર ૧૩૮
૧૨. શ્રીજી મહારાજના સર્વોપરી સર્વાવતારીપણાની લીલાઓનું આચમન ૧૪૪
(૧) ધર્મ ભક્તિને તેજને વિષે શ્વેતદ્વીપ ધામ બતાવ્યું ૧૪૪
(૨) વૈકુંઠધામ દર્શન તથા લક્ષ્મીનારાયણદેવના વચનો ૧૪૫
(૩) બદ્રિકાશ્રમ ધામ દર્શન ૧૪૬
(૪) સત્વગુણાભિમાની દેવ ઘનશ્યામ મહારાજનું દર્શન કરવા આવ્યા ૧૪૭
(૫) અયોધ્યામાં રામઘાટે વિદ્યાર્થીઓને ચોવીસ અવતાર રૂપે પોતાના દર્શન આપ્યા ૧૪૮
(૬) ધર્મદેવને ચોવીસ અવતાર સ્વરૂપે દર્શન આપ્યું ૧૪૯
(૭) માંગરોળમાં અપાર જનોને પોત પોતાના ઈષ્ટદેવ સ્વરૂપે દર્શન ૧૫૦

(૮) દીનાનાથ ભટ્ટને નરનારાયણ સ્વરૂપે દર્શન દીધું ૧૫૩
(૯) વસો ગામના વાઘજીભાઈને શ્રીહરિએ દર્શન આપીને સર્વોપરિપણાનો નિશ્ચય કરાવ્યો ૧૫૩
(૧૦) શીતલદાસને શ્રીહરિએ સર્વોપરિપણાનો નિશ્ચય કરાવ્યો ૧૫૪
(૧૧) વચનામૃતમાં સ્વયં સ્વામિનારાયણ ભગવાને કહેલું પોતાનું સર્વાવતારી પણું ૧૫૭
(૧૨) સર્વાવતારી સર્વોપરીનો સંક્ષિપ્ત ઉપસંહાર ૧૫૮
૧૩. શ્રીહરિએ સ્વહસ્તે નિર્માણ કરાવેલા મહામંદિરો તથા તેનો મહિમા ૧૬૫
(૧) અમદાવાદ મંદિર અને શ્રી નરનારાયણદેવનો મહિમા ૧૬૬
- નરનારાયણદેવે આપેલાં પરચાઓનું આચમન ૧૭૯
- શ્રી સ્વામિનારાયણ ભગવાન અને શ્રી નરનારાયણદેવની એકાત્મતા ૧૮૨
- શ્રીહરિચરિત્રામૃત સાગરમાં શ્રીનરનારાયણનો મહિમા ૧૮૬
- સહસ્રકુંચી રાક્ષસની રસપ્રદ કથા ૧૯૪
(૨) મૂળી શ્રીરાધાકૃષ્ણદેવ ૧૮૭૯ મહા સુદ-૫ ૧૯૬
(૩) ભુજ શ્રી નરનારાયણદેવ ૧૮૭૯ વૈશાખ સુદ-૫ ૨૦૩
(૪) વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ ૧૮૮૧ કારતક સુદ-૧૨ ૨૦૫
- લક્ષ્મીજીની મૂર્તિ ચાલી તે અદ્‌ભૂત પ્રસંગ ૨૧૧
- દ્વારકાથી દ્વારકાધીશ વડતાલ પધાર્યા તે અદ્‌ભૂત પ્રસંગ ૨૧૨
- રામપ્રતાપભાઈ સાથે મૂર્તિ સ્વરૂપે રહેલાં હરિકૃષ્ણ મહારાજ પ્રત્યક્ષ વાતો કરતા ૨૧૯
- ગોપાળાનંદ સ્વામી સૂર્યનારાયણ ને વડોદરાથી વડતાલ લાવ્યા ૨૧૯
- વડતાલનો વિશેષ મહિમાં ૨૨૦



(૫) જેતલપુર રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજ ફાગણ વદ-૮ ૧૮૮૨ ૨૨૨
(૬) ધોલેરા શ્રીમદનમોહનજી મહારાજ ૧૮૮૨ વૈશાખ સુદ-૧૩ ૨૨૭
(૭) ધોળકા શ્રીમોરલી મનોહર દેવ ૧૮૮૩ વૈશાખ વદ-૫ ૨૩૨
(૮) જૂનાગઢ શ્રીરાધારમણદેવ ૧૮૮૪ વૈશાખ વદ-૨ ૨૩૪
(૯) ગઢપુર શ્રી ગોપીનાથજી મહારાજ ૧૮૮૫ આસો સુદ-૧૨ ૨૪૨
૧૪. શ્રીજી મહારાજે પધરાવેલા દેવોનું પ્રત્યક્ષપણું ૨૫૧
૧૫. શ્રીહરિની જન્મભૂમિ છપૈયાધામ મહિમા ૨૫૩
૧૬. સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગુરુપરંપરા ૨૬૨
૧૭. ધર્મવંશી આચાર્ય પદ સ્થાપન ૨૬૮
૧૮. ગૃહસ્થાશ્રમી ધર્મવંશી આચાર્યપદ ૨૭૭
૧૯. ધર્મવંશી આચાર્યશ્રીના અબાધિત હકો ૨૮૧
૨૦. ધર્મવંશી આચાર્યશ્રીનો મહિમા ૨૮૬
૨૧. ધર્મકુળ મહિમા ૩૦૭
૨૨. અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના આચાર્યો ૩૧૩
૨૩. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની અમૃતવાણી-આચમન ૩૨૯
૨૪. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની અમૃતવાણી-આચમન ૩૪૯
૨૫. ઉત્કૃષ્ટ ગુરુ ભક્તિ ૩૭૦
૨૬. ગુરુની અનિવાર્યતા તથા સાચા ગુરુ ૩૭૬
૨૭. શાસ્ત્ર મહત્તા ૩૮૦

૨૮. સંત મહિમા ૩૮૮
૨૯. હરિભક્ત માહાત્મય નિરૂપણ ૪૧૭
૩૦. ષડંગી સ્વામિનારાયણ સંપ્રદાયમાં મંદિરો શા માટે ? ૪૩૧
૩૧. ધર્મભક્તિ માહાત્મય નિરૂપણ વર્ણન ૪૩૫
૩૨. સ્વામિનારાયણ ભગવાનનું પ્રગટપણું તથા સંક્ષિપ્ત મહિમા ૪૪૮
૩૩. શ્રીહરિના ચરણારવિંદના સોળ ચિન્હોનું ધ્યાન અને તેનું ફળ ૪૭૭
૩૪. સત્સંગ મહિમા ૪૮૧
૩૫. 'સ્વામિનારાયણ' નામ મંત્ર મહિમા ૪૯૮
૩૬. શ્રીહરિએ સ્નાન કરેલ નદી, સરોવર તીર્થ મહિમા ૫૧૨
૩૭. સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીની વસ્તુઓનો મહિમા ૫૨૦
૩૮. એકાદશી મહિમા ૫૨૩
૩૯. સર્વોપરી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય ૫૩૬
૪૦. મનગમતા શાસ્ત્ર આધારિત લેખો પ્રસંગો ૫૫૧
(૧) ભક્તિની ખેડ ૫૫૧
(૨) ઝોક લજાવવી નહિ ૫૫૪
(૩) ''તમારા સત્સંગમાં પણ એક જ ઈમાન છે'' ફતેહમહમદ ૫૫૭
(૪) મહારાજના ભાઈબંધ ૫૫૯
(૫) સ્વરૂપ નિષ્ઠા ભેળા ભગવાન ૫૬૪
(૬) ડુંગળી-લસણ શા માટે નહિ ? ૫૬૯
(૭) અંતઃશત્રુ કામ અને તેને જીત્યાનો ઉપાય ૫૭૪
(૮) ઉત્તમ સંતતિ પ્રાપ્તિ કથન ૫૮૮
(૯) સર્વ સાધનમાં શ્રેષ્ઠ સાધન - શ્રીહરિનો આશરો ૫૯૦
(૧૦) નામ - ધર્માદો ૫૯૯



(૧૧) હોલા - હોલીનો ગૃહસ્થાશ્રમ ૬૦૯
(૧૨) શિવ - પાર્વતી એ વર્ણીને રસોઈ જમાડી ૬૧૨
(૧૩) શ્રીહરિના ચરિત્રોનો મહિમા ૬૧૪
(૧૪) ગાય, બ્રાહ્મણનો મહિમા ૬૨૦
(૧૫) માતા પિતાની સેવા ૬૨૩
(૧૬) મોટા પુરુષનો રાજીપો તથા કુરાજીપો ૬૨૭
(૧૭) ભગવાનનું માહાત્મ્ય સમજ્યાની રીત ૬૨૯
૪૧. ગ્રંથ માહાત્મય નિરૂપણ ૬૩૦

## આ પુસ્તક પ્રકાશનમાં લેખકશ્રીની પ્રેરણાથી
## આર્થિક સહયોગ આપનાર હરિભક્તો

| | | |
|---|---|---|
| ૧. | પ.ભ.અ.નિ. જયંતિલાલ રણછોડભાઈ માંડાણી | ગઢડા |
| | હ. ગં.સ્વ. વસંતબેન જયંતિલાલ માંડાણી | શાખપુર |
| ૨. | પ.ભ. દેવુબેન પરશોત્તમભાઈ રૂડાભાઈ સુહાગીયા | |
| | હ. મનસુખભાઈ પી. સુહાગીયા | અમદાવાદ |
| ૩. | પ.ભ. મહેન્દ્રભાઈ રવજીભાઈ ચોવટીયા | અમદાવાદ |
| ૪. | પ.ભ. રસીકભાઈ સવજીભાઈ કાછડીયા | અમદાવાદ |
| ૫. | પ.ભ. નરોત્તમભાઈ શિવશંકરભાઈ મહેતા | અમદાવાદ |
| ૬. | પ.ભ. વલ્લભભાઈ પોપટભાઈ ખીચડીયા | અમદાવાદ |
| ૭. | પ.ભ. ડૉ. કનુભાઈ એસ. પટેલ (મંગલતીર્થ હોસ્પિ.) | અમદાવાદ |
| ૮. | પ.ભ. અ.નિ. શાંતાબેન દુદાભાઈ ભીમાણીના સ્મરણાર્થે | અમેરિકા |
| | હ. ચંદ્રિકાબેન વિનોદચંદ્ર ભીમાણી | અમદાવાદ |
| ૯. | પ.ભ. કિશોરભાઈ કે. ચોકસી (હિમાલય જ્વેલર્સ) | અમદાવાદ |
| ૧૦. | પ.ભ. બળદેવભાઈ પુરુષોત્તમભાઈ સુહાગીયા | અમદાવાદ |
| ૧૧. | પ.ભ. ઘનશ્યામભાઈ બાવાભાઈ ગોળવીયા | અમદાવાદ |
| ૧૨. | પ.ભ. મોહનભાઈ નારણભાઈ (ઓળિયાવાળા) | અમદાવાદ |
| ૧૩. | શ્રીજી પેથોલોજી લેબોરેટરી (બાપુનગર) | અમદાવાદ |
| | હ. હર્ષ ઉમેશભાઈ ગોંડલીયા | |
| ૧૪. | પ.ભ. ડૉ. રમેશભાઈ આર. પરીખ | અમદાવાદ |
| ૧૫. | પ.ભ. અરવિંદભાઈ રવજીભાઈ દોંગા | અમદાવાદ |
| ૧૬. | પ.ભ. અ.નિ. હીરાબેન ભગવાનદાસ પટેલના સ્મરણાર્થે | અમદાવાદ |
| | હ. નરેન્દ્રભાઈ ભગવાનદાસ પટેલ (ઈટાદરાવાળા) | |
| ૧૭. | પ.ભ. પરશોત્તમભાઈ વીરજીભાઈ શેખપરા (દાસભગત) | અમદાવાદ |
| ૧૮. | પ.ભ. ભુવનેશ નરેશભાઈ મિસ્ત્રી | અમદાવાદ |
| ૧૯. | પ.ભ. નાનજીભાઈ કાનજીભાઈ ઘેલાણી | અમદાવાદ |
| ૨૦. | સહજાનંદ ટ્રેડર્સ, અશ્વિનભાઈ શામજીભાઈ પટેલ | અમદાવાદ |
| ૨૧. | પ.ભ. શાંતિલાલ વલ્લભદાસ પટેલ (પટેલ પાન હાઉસ) | અમદાવાદ |

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# ૧. મંગલાચરણ તથા સ્તુતિ-પ્રાર્થના

મંગળ મૂર્તિ મહાપ્રભુ, શ્રી સહજાનંદ સુખરૂપ,
ભક્તિ ધર્મસુત શ્રીહરિ, સમરું સદાય અનુપ.
પરમ કૃપાળુ છો તમે, શ્રીકૃષ્ણ સર્વાધીશ,
પ્રથમ તમને પ્રણમું, નમું વારંવાર હું શીશ.

આવી અક્ષરધામથી અવનીમાં જે દેહધારી થયા,
આપ્યાં સુખ અપાર ભક્તજનને દિલે ધરીને દયા,
કીધાં ચારુ ચરિત્ર ગાન કરવા જેણે કરુણા કરી,
વંદુ મંગળ મૂરતિ ઉર ધરી સર્વોપરિ શ્રીહરિ.

સત્સંગ સેતુ નામના આ ગ્રંથની રચના કરતા પહેલાં સર્વાવતારી સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં વંદન કરી સ્તુતિ પ્રાર્થના કરું છું. હે મહારાજ ! આ જગતના ધાર્મિક મનુષ્યોએ જુદા જુદા જેટલા ભગવાન માન્યા છે, તે તમામ ભગવાનોના પણ આપ ભગવાન છો. અનંત કોટિ બ્રહ્માંડોમાં આપનાથી બીજા કોઈ મોટા ભગવાન નથી. આપની કૃપાથી કોઈપણ મનુષ્ય માટે કોઈ પણ કામ અશક્ય નથી. આપની કૃપાથી ઉમરેઠનો બિલકુલ જડ જેવો જન્મજાત સાવ ગાંડો હરિયો બ્રાહ્મણ વેદ બોલ્યો, જે હરિ શર્મા નામે મોટા વિદ્વાન પંડિત બન્યા. આપની કૃપાથી ફક્ત પાંચ ચોપડી ભણેલા વૈરાગ્યમૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ સંપ્રદાયના ચમત્કારિક ગ્રંથો ભક્ત ચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, યમદંડ તથા કીર્તનો વગેરે સાહિત્યની રચના કરી, નંદ સંતોએ સર્વોપરિ શાસ્ત્રોની રચના કરી, તેવી રીતે મને પણ એવી શક્તિ પ્રદાન કરો કે મારાથી પણ આ એક ખૂબ સુંદર ગ્રંથની રચના થાય, જે વાંચીને સંતો, હરિભક્તો તથા ધાર્મિક જનો મારા ઉપર રાજી થાય.



અમદાવાદ રંગમહોલ નિવાસી ઘનશ્યામ મહારાજનું દર્શન કરતાં જ એવો ભાવ થાય છે કે જાણે સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાને દર્શન આપ્યું. એવા હે ઘનશ્યામ મહારાજ ! આપના ચરણોમાં સાષ્ટાંગ દંડવત કરું છું. આપની મૂર્તિમાં અને શ્રી નરનારાયણદેવની મૂર્તિમાં અણુમાત્ર ફેર નથી. સદ્. નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોમાં ‘‘છો તો એક ને દીસો છો દોય’’ એવા અમદાવાદ તથા ભુજ નિવાસી નરનારાયણદેવ તથા વડતાલ, ગઢડા, જૂનાગઢ, મૂળી, ધોળકા, ધોલેરા અને જેતલપુર ધામમાં બિરાજમાન આપના સ્વરૂપો લક્ષ્મીનારાયણદેવ, ગોપીનાથજી હરિકૃષ્ણમહારાજ, ત્રિકમ-રણછોડ તથા રાધા રમણદેવ, રાધાકૃષ્ણદેવ, મોરલીમનોહર દેવ, મદન મોહનજી મહારાજ અને બળદેવજી રેવતીજી હરિકૃષ્ણ મહારાજ આપના ચરણોમાં સાષ્ટાંગ દંડવત કરું છું.

હે મહારાજ ! આપે સ્થાપેલી અમદાવાદ અને વડતાલ એમ સત્સંગની બે ગાદી પર આપે સ્થાપન કરેલી ધર્મવંશી આચાર્ય પરંપરા જે આપના અપર સ્વરૂપે રહી ધર્મધુરા સંભાળે છે. જેઓને રાજી કરવાથી આપ રાજી થાઓ છો એવી સનાતન પરંપરાના પ.પૂ.ધ.ધુ. દરેક આચાર્ય મહારાજશ્રી તથા ધર્મ-ભક્તિ સહિત સમગ્ર ધર્મકુળના ચરણોમાં સાષ્ટાંગ દંડવત કરું છું. શ્રી નરનારાયણદેવ ગાદીના છઠ્ઠા આચાર્ય પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ મને સ્વયં શ્રીજી મહારાજ જેવું અઢળક દિવ્ય સુખ આપ્યું તથા ગ્રંથ લખવા માટે આશીર્વાદ આપ્યા તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ શ્રીહરિના સાતમાં વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી મને આ ગ્રંથ લખવાની કુશળતા તથા ઝડપ પ્રાપ્ત થાઓ એવી આપશ્રીના ચરણોમાં પ્રાર્થના કરી આશીર્વાદ માંગું છું.

શ્રીજી સમકાલિન નંદ સંતો તથા ધર્મવંશી આચાર્ય પરંપરા થકી દીક્ષા પામેલા, શ્રીજી મહારાજે સ્થાપન કરેલી સત્સંગની બેગાદીને વફાદાર, ધર્મનિષ્ઠ-બ્રહ્મનિષ્ઠ સંતોના ચરણોમાં દંડવત્ પ્રણામ કરી મને આ ગ્રથ લખવાની વિદ્વત્તા પ્રાપ્ત થાય એવા આશીર્વાદ માંગુ છું.

શ્રીજી મહારાજના દરેક અવતારો, પંચદેવો તથા કષ્ટ ભંજનદેવ હનુમાનજી અને સરસ્વતી દેવી આપ સર્વે મારા ઉપર સદાય રાજી છો તેથી

આ સત્સંગના શુભ કાર્યમાં આપ મને સહાય ભૂત થાઓ એવી આપના ચરણોમાં દંડવત્ પ્રણામ સહ પ્રાર્થના કરું છું.

●

## ૨. દેહધારી જીવાત્માઓ તથા મનુષ્યોના દુઃખોનું વર્ણન

ઉદ્‌ભિજ, સ્વેદજ, અંડજ અને જરાયુઝ એમ ચાર પ્રકારની ખાણમાં જે પણ જીવાત્માએ શરીર ધારણ કર્યું, તેવા દેહધારી જીવાત્માઓ વારંવાર નિરંતર નાનામોટા અનેક પ્રકારના દારુણ દુઃખો પ્રત્યક્ષ ભોગવતા જોવામાં આવે છે. વૃક્ષોને પાણી વિના સુકાવું પડે છે. મનુષ્નયા હાથે કપાવું પડે છે. મૃત્યુ લોકમાં દેહધારીઓને ત્રણેય પ્રકારનું દુઃખ દુરંત ભોગવવું પડે છે. ક્યાં તે ત્રિવિધ દુઃખો ? તો એક આધ્યાત્મિક-આત્મશબ્દ વાચ્ય મનમાં તથા દેહમાં થનારું શીતોષ્ણાદિજન્ય અને રોગાદિજન્ય. બીજું આધિભૌતિક - ભૂતશબ્દ વાચ્ય પ્રાણીઓએ આપેલું દુઃખ તથા રાજા - સરકાર વિગેરેથી આવેલું અને ત્રીજું આધિદૈવિક - દેવોએ પ્રેરેલું અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વિદ્યુત્પાત, ધરતીકંપ આદિકથી આવેલું દુઃખ.

જંગલમાં સિંહ, વાઘ, દીપડા આદિક હિંસક પશુઓ હરણ, ગાય, ભેંસ આદિક નિર્દોષ પશુઓનો શિકાર કરીને તેને જીવતા મારી ફાડી ચાવીને ખાય જાય છે. હિંસક મનુષ્યો શોખ, માંસ, પૈસા આદિક અનેકવિધ હેતુઓથી વિધવિધ પ્રકારના પશુઓને વિધવિધ પ્રકારે ક્રૂર રીતે મારી નાખે છે. ઘણીવાર મનુષ્ય બીજા મનુષ્યનું નિર્દયતાથી ખૂન કરી નાંખે છે. દેહધારી સૂર્યનો પ્રખર તાપ, ભયંકર ઠંડી તથા વરસાદની ધારા તેમજ વાઢ કાપની પીડા, શરીરમાં પરૂ થયું હોય, શરીર દાઝી ગયું હોય તેની પીડા, ઉપરાતં ઘણીવાર દાઝી ગયેલા ભાગમાં ખાડા ઘા પડીને તેમાં જીવડા પડે છે. ડાયાબિટીસના રોગથી પગ સડ્યો હોય તો તેમાંથી દુર્ગંધ આવે છે. તેમજ પશુ, પક્ષીઓ તથા કીટકોના વિવિધ પ્રકારના ચિત્ર વિચિત્ર દુઃખો જોવા મળે છે.

મનુષ્ય જો સરકારના ગુનામા આવે તો પોલીસનો માર, દંડ તેમજ જેલ



વગેરે વિવિધ દુઃકો ભોગવવા પડે છે. અતિવૃષ્ટિ, પૂર વગેરે પાણીમાં ડૂબી જવાય છે, પાણીમાં તણાય જવાય છે, અનાવૃષ્ટિમાં અનાજ પાણી ન મળે તો ભૂખ્યા-તરસ્યા રહીને દેહ છોડવો પડે છે. ધરતીકંપમાં પોતાનું મકાન ધરાશાયી થઈ જાય છે. પોતે તથા પોતાના સગા-સંબંધી દટાઈ મરે છે. કેટલાક મનુષ્યો અસહ્ય દુઃખો સહન નહીં થઈ શકતા આત્મઘાત કરીને આગળ અનંત જન્મ ધરીને અનંત પ્રકારનું દુઃખ વહોરે છે ! વિવિધ દુઃખોમાં મનુષ્યો અતિ ખેદથી 'હાય' 'હાય' પોકારી રડે છે. મનુષ્યને સાપ, વીંછી આદિક ઝેરી જીવ-જંતુઓ કરડે છે. વાહનથી અકસ્માત થાય છે. તેના ધન, ધાન્ય, વસ્ત્ર, પાત્રાદિક ને અગ્નિ બાળી નાખે છે, જળ ડૂબાડી દે છે. ચોર ચોરી કરી જાય છે. બાળપણ તથા વૃદ્ધા વસ્થામાં પરવશપણું, યુવાનીમાં કામ, ક્રોધ, લોભ, માન વગેરે અંતઃશત્રુઓની પીડા. નોકરી કરવામાં ગુલામી. અટપટા લોક વ્યવહારની જંઝાળ, બાહ્ય શત્રુઓની પીડા, પોતાના ઘર કુટુંબ પરિવારની કોઈ સ્ત્રી વ્યભિચારિણી થાય કે પુત્ર કપુત્ર પાકે તો લોકનિંદાનો ભય, વિવિધ પ્રકારના રોગોની પીડા એમ મનુષ્ય પ્રારબ્ધ કર્મજન્મ દુઃખને ભોગવ્યા જ કરે છે. તેનો પાર જ આવતોનથી. અંતે જેને કોઈની ઉપમાજ નથી એવા પ્રસિધ્ધ મૃત્યુદુઃખોને જનો પામે છે. નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોમાં કહીએ તો,

જેહ દુઃખ ન કહેવાય જીભથી, અતિ વિકટ છે વિપરીત,
જે જન સુણે શ્રવણે, તે થાય અતિ ભયભીત.

નિષ્કુળાનંદ સ્વામીએ લખેલ યમદંડ કોઈ માણસ વાંચે કે સાંભળે તો પણ ત્રાસ પામી જાય ! તો યમયાતના જેને ભોગવવી પડે છે તેની શું સ્થિતિ થતી હશે એ કલ્પના કરવી રહી !! નરકના મહાભયંકર દુઃખ ભોગવ્યા પછી વળી ચાર પ્રકારની યોનિઓમાં કર્માનુસારે જન્મ ધરીને બહુ દુઃખી થયેલા પ્રાણીઓ ફરીથી મૃત્યુને પામે છે. સ્વામિનારાયણ ભગવાન કહે છે, નર્કના દુઃખોનું તો વર્ણન થઈ શકે છે. પરંતુ ગર્ભાવસ્થાના દુઃખનું તો અમારાથી વર્ણન જ થઈ શકતું નથી, એટલું ભયંકર છે. અંધારી કોટડીમાં રૂધિર-પાસમાં ઉંધેમાથે લટકવાનું, કોમળ શરીરને કૃમિ ચટકા ભરે, માતાની જઠરાગ્નિનો તાપ.

દુઃખ દુઃખ દુઃખ જીયાં, નહિ સુખનો લવલેશ,
માસ નવ સુધી જીવને, હેરાન ગતિ હમેશ.
વળી જન્મનું પણ એવું જ દુઃખ,

જન્મ તણું છે દુઃખ વિકટ, જોર કઠોર છે યોનિ સંકટ.
કનકતણો જેમ તાણેતાર, તેથી વસમો લેવો અવતાર,
જેમ પિલે ચિચુમાં શેરડી, તેથી કઠણ ઘણી એહ ઘડી.

વળી ચાર પ્રકારના પ્રલયની વાત કરીએ તો ભગવાનની શક્તિરૂપ જે કાળ તે નિત્ય પ્રલય, નૈમિતિક પ્રલય, પ્રાકૃતિક પ્રલય અને આત્યંતિક પ્રલય આ ચાર રૂપે કરીને ચરે છે. એટલે પ્રકૃતિજન્ય સર્વ વસ્તુઓને ભક્ષણ કરે છે. પ્રાકૃત યત્કિંચિત વસ્તુ કાળનું ભક્ષ્ય છે.

●

## ૩. દુઃખોમાંથી છૂટવાનો શાશ્વત ઉપાય

દુઃખમાંથી છૂટવા માટે કોઈ દુઃખી મનુષ્ય અન્ય કોઈ વ્યક્તિને તેનો ઉપાય પૂછે તો સામે વાળી વ્યક્તિની સ્થિતિ કેવી છે ? તેના પર જવાબ અવલંબે છે. નાસ્તિક મનુષ્યનો ઉત્તર જુદો હોય છે અને ભગવાનના ભક્ત કે સંત નો ઉત્તર પણ જુદો હોય છે. એટલે શાસ્ત્રો એવું કહે છે કે, પોતાનું દુઃખ જ્યાં ત્યાં ન કહેતા ભગવાનના ભક્ત કે સંતને કહેવું, જેથી સાચું માર્ગદર્શન મળે. ભગવાનના ભક્ત કે સંત ભગવાનને આગળ રાખીને સ્વયં ભગવાને દુઃખોમાંથી મુકત થવાનો જે માર્ગ સૂચવ્યો છે, તે પૈકી જે પ્રકારનું દુઃખ હોય તેને દૂર કરવાનો જે માર્ગ લાગુ પડતો હોય તે દેખાડીને, તે મનુષ્યને કાયમમાટે હર કોઈ દુઃખમાંથી મુક્ત થઈને શાશ્વત સુખનો માર્ગ પણ દેખાડી દેતા હોય છે. જુદા જુદા દેવોએ પણ શાસ્ત્રોમાં સુખ માટે ભગવાન તરફ અંગુલી નિર્દેશ કરેલ છે. જે દેવ ભગવાનથી જેટલા નજીક હોય, જે દેવ કે મનુષ્ય પર ભગવાનનો જેટલો રાજીપો હોય તેટલા અંશે તે દેવ કે મનુષ્ય ભગવાનના પ્રતાપથી અન્ય વ્યક્તિનું દુઃખ ટાળી શકે છે. પરંતુ મોક્ષ કરવા માટે ભગવાન સિવાય અન્ય કોઈ દેવ સમર્થ નથી. બધા દેવો અંતે ભગવાનને ભજે છે. દેવોના લોક કાળે કરીને નાશવંત છે. જ્યારે ભગવાનનું ધામ શાશ્વત છે. સાત્વિક દેવો પોતાના ઉપાસક પર જ્યારે ખૂબ રાજી થાય ત્યારે પોતાની પ્રેરણાથી પોતાના શરણાગતને સત્સંગના માર્ગે



વાળી પ્રગટ ભગવાનની ઓળખાણ અવશ્ય કરાવે છે. પરંતુ સીધાં જ કોઈનું આત્યંતિક શ્રેય કરી શકતા નથી. પ્રગટ ભગવાન સ્વામિનારાયણે સ્વયં લખેલી શિક્ષાપત્રીમાં દુઃખોમાંથી મુક્ત થઈને સુખનો માર્ગ દર્શાવતા લખે છે... ''અને શ્રીમદ્ ભાગવત, પુરાણ આદિક જે સત્શાસ્ત્ર, તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આદિ સદાચાર તેમને જે મનુષ્ય પાળે છે, તે મનુષ્ય જે તે આ લોકને વિશે અને પરલોકને વિશે મહાસુખિયા થાય છે. (શ્લોક નં. ૮)

અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે તે તો કુબુદ્ધિવાળા છે અને તે આ લોક તથા પરલોકને વિશે નિશ્ચય મોટા કષ્ટને જ પામે છે. (શ્લોક નં. ૯)

અને જે અમારા આશ્રિત પુરુષ અને સ્ત્રીઓ તે જે તે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની સિધ્ધિને નિશ્ચય પામશે.'' (શ્લોક નં. ૨૦૬)

જે વિષયનું આપણે કામ હોય તે બાબતનું માર્ગદર્શન જે તે વિષયના સંપૂર્ણ નિષ્ણાંતને પૂછવામાં આવે તો તેનું સચોટ માર્ગદર્શન મળે, સ્વયં ભગવાન આ સૃષ્ટિના ઉત્પત્તિ કર્તા, પોષણ કર્તા તેમજ નિયામક હોવાથી દરેક બાબતના તેઓ નિષ્ણાંત હોય છે. ભગવાનની બુદ્ધિથી કોઈ પણ દેવ કે મનુષ્યની બુદ્ધિ અધિક નથી હોતી માટે ભગવાનની વાત માનવી, ભગવાનની આજ્ઞા પાળવી, ભગવાન કહે તેમ કરવું, ભગવાનની ઉપાસના કરવી, ભગવાને લખેલી સર્વ શાસ્ત્રોના સારરૂપ શિક્ષાપત્રી નિયમિત વાંચવી તથા શિક્ષાપત્રી ભાષ્ય ગ્રંથમાંથી તે શ્લોકોનું વિવેચન સમજવું.

●

## ૪. દેવો તથા ઋષિઓ પણ ભગવાનની ઉપાસના કરવાનું જ કહે છે

શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વાભિષ્ટ આઠ સત્શાસ્ત્રોમાં સકારણ જેની ગણના કરી છે તેવા શ્રી વાસુદેવ માહાત્મ્ય ગ્રંથમાં ખૂબ શ્રેષ્ઠ પ્રશ્ન અને

તેનો ખૂબ શ્રેષ્ઠ ઉત્તર છે. શૌનક મહર્ષિ પૂછે છે. હે સૌતે ! સૂત પુરાણીના પુત્ર ઉગ્રશ્રવા તમોએ મુમુક્ષુ જીવોના શ્રેયના ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, યોગઆદિક સમસ્ત સાધનો અમોને કહ્યાં અમે આદરથી સાંભળ્યાં, તે સાધનો મહાધૈર્ય શાળી પુરુષોએ મહાપ્રયાસે કરીને સાધતા બહુદીર્ઘકાળે કરીને સિધ્ધ થાય છે. માટે બ્રહ્માદિક ત્રૈવર્ણિકો તથા બ્રહ્મચારી આદિક ચાર આશ્રમીઓ તથા સ્ત્રીઓ, શુદ્રો આદિક સર્વ કોઈએ પણ આ લોકમાં સહર્ષ સાધ્ય એવો જે મોક્ષોપાય તે અમને દયા લાવીને કહો. ત્યારે સૂતપુત્ર ઉગ્રશ્રવા કહે છે, હે શૌનક ! સાવર્ણી નામના મહર્ષિએ પણ આવો જ પ્રશ્ન શંકરનંદન કાર્તિક સ્વામી પ્રત્યે પૂછેલો. કાર્તિક સ્વામીએ હૃદયમાં વાસુદેવ ભગવાનનું ધ્યાન ધરીને કહ્યું કે, હે બ્રહ્મન ! મેં પિતા મહાદેવના મુખ થકી સાંભળેલું સર્વ કોઈ જીવોએ સુખેથી કરી શકાય એવું મોક્ષ સાધન કહું છું. આ લોકમાં પોતાને અભિષ્ટ સિધ્ધિને ઈચ્છનારા વર્ણાશ્રમી જનોએ દેવતાના આરાધન ને તુલ્ય બીજું કોઈ પણ સાધન નથી.

જવાબ અધૂરો રાખ્યો હોય તેવું લાગવાથી તુરત જ બીજો પ્રશ્ન થાય છે. સાવર્ણી મુની પૂછે છે. હે કાર્તિક સ્વામી ! તમોએ ઉર્ધ્વલોકવાસી દેવતાઓ વસુ, રૂદ્ર, આદિત્ય આદિક ભેદથી બહુ પ્રકારના મને કહ્યાં છે. અને તે દેવોની આરાધનાની રીતિઓ બહુ પ્રકારની વર્ણન કરી છે. દેવતારાધનના જુદા જુદા ફળો તો કાળે ગળેલા અતિ તુચ્છ નાશવંત છે. એમ પણ તમોએ કહ્યું છે. આલોકમાં દુષ્કર એવા પ્રવૃત્તિ નિવૃત્તિ કર્મોને મહાકષ્ટ વડે સિધ્ધ કરીને જ્યારે નાશવંત ફળની પ્રાપ્તિ થાય તો તેવા કર્મ કરવાનું શું પ્રયોજન ? કેવલ વૃથા પરિશ્રમ જ છે. જે દેવોનું શરીર સ્થાન બલ એ આદિકનો કાળે કરીને નાશ થાય છે તે દેવતાઓની ઉપાસના આ કર્મ ભૂમિમાં મને રૂચિકર થતી નથી. માટે જે દેવ સ્વયં કાળ માયાદિકના ભયે રહિત હોઈને, બીજા શરણાગતના ભયને હરનારા હોય અને જે સનાતન નિત્ય હોય અને જેનું ધામ નિત્ય હોય અને જે અક્ષય ફળને આપનારા હોય તથા ભક્તોને વિષે મહાવત્સલ હોય અને જેના પ્રસાદથી સર્વજનોના સમસ્ત મનોરથ અનાયાસથી તત્પર આ જન્મમાં જ સિધ્ધ થાય એવા મહાસમર્થ દેવ મને કહો તથા સુખેથી કરી શકાય એવી અને નારદ સનકાદિક જનોએ સ્વીકારેલી આરાધન રીતિ



વિશેષપણે મને કહો. ત્યારે કાર્તિક સ્વામી, પ્રશ્નની ખૂબ પ્રશંસા કરીને કહે છે, તમો પૂછો છો તેવો જ પ્રશ્ન પૂર્વે અજાત શત્રુ યુધિષ્ઠિર રાજાએ નિગમ આગમને પાર પામેલા ભિષ્મ પિતામહના પ્રત્યે પૂછ્યો હતો. ત્યારે ભિષ્મપિતામહે નરનારાયણ ભગવાને કહેલું, વાસુદેવ માહાત્મ્ય યુધિષ્ઠિર રાજા પ્રત્યે કહ્યું.

'વાસુદેવ', 'પરબ્રહ્મ', 'પુરુષોત્તમ', 'શ્રીકૃષ્ણ' આદિક દિવ્ય મંગળ નામોથી કહેલાં જે એક દેવ છે તે સકામ નિષ્કામ સર્વ કોઈ નરોએ તથા મુક્તોએ પણ સદા ઉપાસ્ય છે. દ્વિજાતિ શબ્દ વાચ્ય ત્રૈવર્ણિકો, આશ્રમિઓ અને સ્ત્રી શુદ્રાદિ સર્વ કોઈએ પણ પોતપોતાના વર્ણાશ્રમ વિહિત ધર્મોએ સહિત જ ભક્તિ વડે આ શ્રીકૃષ્ણ જ સર્વથા સંતોષણીય છે. જે જન ભક્તિને ત્યજીને કેવળ સ્વધર્મ વડે ભગવાનને પ્રસન્ન કરવા ઈચ્છે છે તેતો કટિમા તુંબડી બાંધીને સાગર તરવા ઈચ્છે એવો જાણવો. જે જન સ્વધર્મને પણ ત્યજીને ભક્તિથી જ ભગવાનને પ્રસન્ન કરવા ઈચ્છે તે પણ મસ્તકે પાષાણ મૂકીને સમુદ્ર તરવા ઈચ્છે એવો જાણવો. સ્વધર્મ સમેત ભક્તિથી જ ભગવાન પ્રસન્ન થાય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે સ્વામિનારાયણ ભગવાન ધર્મ અને ભક્તિના પુત્ર છે. એટલે કે જ્યાં ધર્મ અને ભક્તિ હોય ત્યાં ભગવાન અવશ્ય હોય. ધર્મ અને ભક્તિથી ભગવાનનું સેવન થાય છે. તેમજ સ્વામિનારાયણ ભગવાનનું વચન છે કે જ્યાં જ્યાં મારી મૂર્તિ હશે ત્યાં ત્યાં મારી સાથે ધર્મ અને ભક્તિ પણ દિવ્ય દેહે હાજર રહેશે. એટલે કે જેના હૃદયમાં અખંડ ભગવાનની મૂર્તિ છે, જેને ભગવાનની અખંડ સ્મૃતિ છે, જેના ઘેર સિંહાસનમાં અખંડ સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું સેવન પૂજન થાય છે, તેના જીવનમાં અને તેના ઘરમાં અખંડ ધર્મ અને ભક્તિનો વાસ થાય છે. ધર્મ સહિત ભક્તિથી સ્વામિનારાયણ ભગવાનનું આરાધન કરનાર આલોકમાં સુખી થઈ અંતે અક્ષરધામને પામે છે.

શુભ કર્મ જો ભગવાનની પ્રસન્નતાના ઉદ્દેશથી કરવામાં આવે તો કર્મમાં આવેલા ભગવત્સંબંધ ને લીધે તે દૈવ પિત્ર્યાદિ તથા સાંખ્ય યોગાદિ સમગ્ર સત્કર્મ તત્કાળ નિર્ગુણ અબંધક થઈને ગુણાતીત ભગવધ્ધામ સુખરૂપ નિત્ય ફળને આપનારું થાય છે. જેમ ઋષભદેવના પુત્ર ભરતજીએ યજ્ઞમાં

આરાધનીય સૂર્યાદિ દેવોની ભગવાનના ચક્ષુ આદિક અંગમાં ભાવના કરી હતીં તેમ ભાવના કરવી. દૈવ પિત્ર્યાદિ કર્મમાં આરાધનીય દેવોને ભગવાનના અંગ તરીકે (પણ સ્વતંત્રપણે નહિ) સમજવાથી સર્વમાં ભગવાનનો સંબંધ આવે છે. ભગવત્સંબન્ધ વાળું સત્કર્મ યદ્યપિ અલ્પ હોય તથાપિ સાક્ષાત્ નરનાય્યધારી પરમાત્માના સંબંધથી મહાફળને આપનારું થાય છે. દ્રૌપદી સમર્પિત શાકાન્ત ભક્ષણમાં તથા શ્રીદામા સમર્પિત તાંદુળ ભક્ષણ આદિકમાં તેમજ જેતલપુરના જીવણ ભક્ત સમર્પિત મઠના રોટલામાં આ વાત જણાઈ આવે છે. માટે પ્રવૃત્ત કે નિવૃત્ત ધર્મમાં રહેલાં અને તેના તેના યથાર્થ ફળને ઈચ્છતા સર્વ કોઈ નરોએ વાસુદેવ ભગવાનની ઉપાસના કરવી. જે વાસુદેવ પરબ્રહ્મ ભગવાન બ્રહ્મપુર ધામમાં નિત્ય નિવાસ કરી રહ્યાં છે તે જ સમસ્ત લોકોના આત્યંતિક હિત માટે ધર્મ પ્રજાપતિ થકી બ્રહ્માપુત્ર દક્ષપ્રજાપતિની પુત્રી મૂર્તિમાં નારાયણ અને નર એવા બે રૂપે પ્રથમના સ્વાયંભુવ મન્વંતરના સત્યયુગમાં પ્રગટ થયાં હતા. પ્રગટ થયેલા તે નરનારાયણ ભગવાન ભરતખંડના મનુષ્યોના ક્ષેમ માટે જ તપ કરવા માટે ધર્માશ્રમ થકી બદરિકાશ્રમમાં આવી રહ્યાં.

એક સમયે નારદજીએ બદરિકાશ્રમમાં સંધ્યા વંદનાદિ નિત્યકર્માચરણરૂપ પરમેશ્વરની લીલાને જોઈને મુનિના મનમાં મોટું આશ્ચર્ય થવાથી પૂછે છે. હે અચ્યુત ! ચાર વેદો તેના શિક્ષાદિ અંગો, ભારત, પંચરાત્ર, રામાયણ આદિ ઉપાંગો, પુરાણો, ઉપપુરાણો, ઈત્યાદિ સમગ્ર શાસ્ત્રોમાં તમો એક જ સર્વના આધાર છો. દેવતાઓના તથા પિત્રીના પણ અનાદિ સિધ્ધ પરમદેવ તમો જ છો. આવા પરબ્રહ્મ પરમાત્મા સર્વેશ્વર તમો ક્યા દેવનું કે પિત્રીનું યજન કરો છો તેને હું જાણી શકતો નથી. ત્યારે નારદજી ભગવાનને વિષે અનન્ય ભક્તિ નિષ્ઠાવાળા હોવાથી, નારદજી પ્રત્યે શ્રી નારાયણ ભગવાન બોલ્યા, હે દ્વિજ ! જે બ્રહ્મપુર અક્ષરધામના અધિશ્વર શ્રીકૃષ્ણ છે તે જ અમારા આત્મા (અવતારી) છે, એમ જાણો. તેમના થકી પરતર બીજો કોઈ પિતા કે પૂજ્ય દેવ અમારે નથી. હે બ્રહ્મજ તે સર્વેશ્વર પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાને સર્વ લોકોનું હિત કરવાની ઈચ્છાથી સર્વજનોને સુખ કરનારી આ દેવ સંબંધી તથા પિતૃ સંબન્ધી કર્મ કરવા રૂપ મર્યાદા શાસ્ત્ર દ્વારા પ્રવર્તાવી



છે. તે સર્વ કોઈ હિતેચ્છુ જને અનુસરવી જોઈએ જે જેનો પ્રવૃત્ત કે નિવૃત્ત એમ સર્વ કોઈ પણ ક્રિયાઓને ભગવતભક્તિએ સહિત કરે તો ભગવાનના સંબંધથી તેવા જનો દેહના અંતે અક્ષરધામ પ્રાપ્ત કરે છે. અંત્ય વચનામૃત મુજબ ભરતખંડના ઉપાસ્ય દેવ નરનારાયણદેવ છે તથા મુખ્ય ભક્ત નારદજી છે. અહીં નારદઋષિ નરનારાયણદેવ પ્રત્યે કહે છે હે દેવ ! ઋષિના જેવી મનુષ્યાકૃતિનું અનુકરણ કરીને આપ સર્વથી અધિક તેજ ઐશ્વર્યને ઢાંકીને વર્તો છો. પરંતુ તમો પરબ્રહ્મ વાસુદેવ સાક્ષાત્ છો. હે ઈશ ! જે આ તપધર્માચરણાદિક છે તે તો સર્વના ઈશ્વર એવા આપની લીલા જ લોકોના શિક્ષણ અર્થે છે એમ હું ચિત્તમાં જાણું છું. અહી નરનારાયણદેવ તથા સ્વામિનારાયણ ભગવાન જેનું બીજું અનાદિ નામ શ્રીકૃષ્ણ છે તેની એકતા સિધ્ધ થાય છે. નારદમુનિ આગળ કહે છે : યદ્યપિ આપના દર્શનથી જ પૂર્ણકામ થયો છું. તથાપિ હે પ્રભો ! હું તમારું જે પૂર્વ મૂળરૂપ શ્રીકૃષ્ણ છે તેના દર્શન કરવા ઈચ્છુ છું. નારદ મુનિમાં અનન્ય એકાંતિકી ભક્તિ હોવાથી શ્રી નરનારાયણદેવે પ્રસન્ન થઈ ને નારદ મુનિને બ્રહ્મધામના અધિપતિ શ્રીકૃષ્ણ સર્વના કારણ પુરુષોત્તમના દર્શન બ્રહ્મપુર ધામમાં કરાવ્યાં.

બ્રહ્મપુર અક્ષરધામના અધિપતિ શ્રીકૃષ્ણ સર્વના કારણ પુરુષોત્તમ છે તે જ આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. સ્વામિનારાયણ ભગવાને પોતાનું સર્વાવતારીપણું અનંત જગ્યાએ બતાવ્યું છે. ઘણા અધિકારી જીવોને સમાધિ કરાવીને અક્ષરધામ તથા તેમાં રહેલ પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું છે. જેના દ્રષ્ટાંતો આગળ જોઈશું. સ્કંદ પુરાણના વાસુદેવ માહાત્મ્ય ગ્રંથમાં જે અક્ષરધામ, અક્ષર મુક્ત, પુરુષોત્તમ ભગવાન, વાસુદેવ ભગવાન, શ્રીકૃષ્ણ વગેરે જે શબ્દો પ્રયોજ્યા છે એ બહુ નામી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો જ સર્વોપરિ મહિમા છે.

શિક્ષાપત્રીમાં સ્વામિનારાયણ ભગવાન લખે છે. "અને જે ઈશ્વર છે, તે જે તે, જેમ હૃદયને વિષે જીવ રહ્યોછે. એમ તે જીવ ને વિષે અંતર્યામીપણે કરીને રહ્યાં છે. ને સ્વતંત્ર છે. ને સર્વ જીવને કર્મ ફળના આપનારા છે. એમ ઈશ્વરને જાણવા અને તે ઈશ્વર તે ક્યાં તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે અને તે શ્રીકૃષ્ણ, જે તે આપણા ઈષ્ટદેવ છે,

ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વ અવતારના કારણ છે.'' અહીં સ્વામિનારાયણ ભગવાને શ્રીકૃષ્ણ નામથી પોતાની જ વાત કરી છે. કારણ કે સ્વામિનારાયણ ભગવાને અનંતવાર વસુદેવ દેવકીના પુત્ર શ્રીકૃષ્ણ સહિત ૨૪ અવતારો સ્વરૂપે પોતાનું દર્શન કરાવીને એ ૨૪ અવતારોને પોતાની મૂર્તિમાં લીન કરતા દેખાડીને પોતે સર્વ અવતારના કારણ છે તે સિધ્ધ કરી બતાવ્યું છે. ''અને સમર્થ એવા શ્રીકૃષ્ણ તે જે તે રાધિકાજીએ યુક્ત હોય, ત્યારે 'રાધાકૃષ્ણ' એવે નામે જાણવા. અને રૂકમણી રૂપે જે લક્ષ્મી તેમણે યુક્ત હોય, ત્યારે 'લક્ષ્મીનારાયણ' એવે નામે જાણવા.''

વાસુદેવ માહાત્મ્ય ગ્રંથમાં લક્ષ્મીનારાયણદેવના વિવાહની કથા આવે છે. તે સમયે બ્રહ્માદિ સમગ્ર દેવો દંપતી લક્ષ્મીનારાયણને સપ્રેમ પ્રણામ કરીને કુંકુમ અક્ષત્ પુષ્પહાર, અંબર, આભરણ આદિક સમર્પીને બે હાથ જોડીને વિનીત થઈને અતિ આનંદથી તેમની અતિ ગંભીર અર્થવાળી વાણી વડે પૃથક પૃથક સ્તુતિ કરે છે. દેવોની સ્તુતિના થોડા અંશો લખું છું. જેનાથી ભગવાન જ એક માત્ર ઉપાસના કરવા યોગ્ય છે એ સમજવામાં સહાયભૂત થશે.

પ્રથમ બ્રહ્મા સાક્ષાત્ ભગવાનને વિષે ભક્તિને જ પરમ પુરુષાર્થ કહેતા થકા અને ભગવાનનો ત્યાગ કરીને પોતાને (દેવોને) ભજનારાઓને નિંદતા થકા બે શ્લોકો વડે સ્તુતિ કરે છે - હે પરમ પુરુષ ! (પુરુષોત્તમ) હું સમગ્ર વેદોને સુક્ષ્મ બુદ્ધિથી વારંવાર અર્થ સાથે વિચાર કરીને એવા દ્રઢ નિશ્ચય ઉપર આવ્યો છું કે જીવોને જ્યારે રમા રામ - રમા જે લક્ષ્મી તેમને આરામ - રમણથી આનંદ આપનારા અથવા ભક્તજનોને આનંદ આપે તે રામ (વાસુદેવ) કહેવાય, રમા-લક્ષ્મીએ સહિત એવા રામ તે રમા રામ (લક્ષ્મીનારાયણ) કહેવાય. એવા પ્રત્યક્ષ તમારે વિષે અતિ દ્રઢ ભક્તિ થાય ત્યારે જ પ્રાણીઓને પરમ દિવ્ય હોવાથી ક્ષય રહિત અર્થાત્ અક્ષય એવા ભોગ સમૂહો અને તેવા જ તમારા દિવ્ય લોકો અને આત્યંતિકી મુક્તિ પ્રાપ્ત થાય છે. એમાં સંશય નથી. બીજા બ્રહ્માદિ દેવની ભક્તિ નહિ પણ રમાપતિની જ ભક્તિ કરવી. તે ભક્તિ પણ જેવી તેવી શિથિલ નહિ પણ સુદ્રઢ કરવી. હે હરે ! આ પ્રકારે 'આપને વિષે એકાંતિકી ભક્તિવાળાઓને જ અક્ષય લોકાદિકની પ્રાપ્તિ છે.' એમ નહિ જાણનારા જે અજ્ઞાની જનો રજો તમો



ગુણથી ભરેલા મલિન અંતઃકરણ વાળા એવા પણ અમો દેવોને નાના પ્રકારના કૃચ્છ ચાંદ્રાયણ આદિ તપોમાર્ગો વડે અને પૂજામાર્ગો વડે ભજે છે તેમને જ શાસ્ત્રોમાં મૂઢ કહ્યાં છે. તે મૂઢ જનો અક્ષય સુખને ક્યારેય પણ પામતા નથી.

અસંખ્ય લોકોના ઉપાસ્ય એવા શંકર ભગવાન સ્તુતિ કરે છે. હે પ્રભો ! વેદત્રયી (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ), સાંખ્ય શાસ્ત્ર, વેદાંત-ઉપનિષદો, યોગશાસ્ત્ર, બ્રાહ્માદિ પુરાણો, પંચરાત્ર, સમગ્ર ધર્મશાસ્ત્રો, આ સર્વે એક-જેની કોઈ સમાન નથી કે જેનાથી કોઈ અધિક નથી એવા અદ્વિતીય આપના જ નિરતિશય મહિમાને નિરંતર અનેક પ્રકારોએ કરીને ભક્તિથી ગાય છે. હે ઈશ ! આદિ કલ્પમાં આ વેદ આદિ સમગ્ર શાસ્ત્રો સર્વ કર્તા સર્વેશ્વર તમારા થકી જ ઉદ્ભવ્યા છે અને તમારો જ એક આશ્રય કરીને રહ્યાંછે. માટે જ તમો શાસ્ત્રયોનિ કહેવાઓ છો. તો હું લક્ષ્મીએ સેવ્ય ચરણ કમળ જેમનું છે એવા આદિ પુરુષ સર્વ કારણ તમને વાસુદેવને ભજુ છું.

ધર્મદેવ કહે છે : હે ભગવન્ ! તમારી કથા (તમારા નામો ગુણો અને ચરિત્રોનું કીર્તન) આધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ નામના ત્રણ તાપથી તપી ગયેલા દેહિઓને અમૃતતુલ્ય છે. વળી સંસારરૂપ પાશને છેદનારી અને અનેક જન્મોના પાપ પુંજો ને હરનારી છે. તમારી કથાથી જ દુઃખ દુરિતની નિવૃત્તિ થવા પૂર્વક તમારે વિષે જ્ઞાન ભક્તિ ઉપજે છે. માટે હું તો તમારી કથાને જ મોક્ષમાં સર્વોત્તમ સાધન માનું છું. તો હે અનંત નામન્ ! તે કથા તમારા એકાંતિક વક્તા ભક્તોના મુખ થકી નીકળતી થકી કર્ણ માર્ગ દ્વારા મારી હૃદય ગુહામાં સદૈવ પ્રવેશ કરો..... દયાના નિધિરૂપ માટે જ પ્રતિયુગ પ્રગટ થવાના સ્વભાવ વાળા તમોને મારા નમસ્કાર છે.

પ્રજાપતિઓએ કલ્પવૃક્ષો, વિશ્વકર્મા, પૃથ્વી, સમુદ્ર આદિકને ભગવાનની ઉપયોગિતામાં આવવાથી ધન્ય કહ્યાં. પોતાને ભગવાનનું પ્રત્યક્ષ દર્શન થવાથી ધન્યભાગી માન્યા. ત્યારબાદ મનુઓ તથા ઋષિઓએ ભગવાનની સુંદર સ્તુતિ કરી. પછી ઈન્દ્રદેવે ભગવાનનું સર્વ દેવોની અપેક્ષાએ શ્રેષ્ઠપણું અને સર્વે સંકટને હરવાપણું કહીને શ્રીહરિ એવા નામથી વિખ્યાતિને પામેલા ભગવાનને નમસ્કાર કર્યા.

અગ્નિદેવ સ્તુતિ કરે છે - હે દેવ દેવ ! જે હેતુ માટે સુર અસુર નર આદિકના ઉપજીવનભૂત જે અન્ન, ઘઉં, ડાંગર, જવ આદિક છે તે તેમોએ જ પ્રથમથી ઉપજાવેલું છે તે હેતુ માટે સારા બુદ્ધિ શાળી જનો તો તે હવિષ્યાન્નના દાન વડે યજ્ઞોમાં તમારું જ યજન પૂજન કરે છે. તમારું પૂજન કર્યા પછી જ તમારા પ્રસાદ ભૂત તે અન્નઆદિક નું ઈતર દેવોને નિવેદન કરે છે. બીજા દેવોને નિવેદન કર્યા પછી અવશિષ્ટ તે પ્રસાદભૂત અન્નાદિક ઉપજીવનાન્ન હોવાથી સ્વયં જમે છે. તમોને પ્રથમ નિવેદન કરેલાં અન્નાદિકે કરીને અન્ય દેવોનું યજન કરનારા જે યાજ્ઞિકો છે તે યદ્યપિ કામ્ય -પુત્રૈષણાદિ વિષયાર્થ કર્મોમાં પ્રીતિવાળા છે તથાપિ તે કામ્ય કર્મના બંધનમાંથી મુક્ત થઈને તત્કાળ બ્રાહ્મી ગતિ (બ્રહ્મપુરધામ)ને જ પામે છે. જેઓ તમને નહિ નિવદેન કરેલા અન્નનું ભક્ષણ કરનારા અને અન્ય દેવ માત્રનું યજન કરનારા છે તે તો ભગવાનના ચોર થાય છે. ભગવાને પોતાના યજન માટે અન્ન ઉપજાવ્યું છે તેમને નિવેદન કર્યા વિના તેથી અન્યનું યજન કરે કે સ્વયં ભક્ષણ કરે તો તે ભગવાનના ચોર જ કહેવાય. પારકી વસ્તુને હરીને સ્વાર્થ માટે સ્વીકારે તેને ચોર કહેવામાં આવે છે. ગીતામાં પણ શ્રીકૃષ્ણ ભગવાને આ વાત કરી છે. તો સર્વેના આદિ સૃષ્ટા, સર્વના સ્વામી, યજ્ઞપુરુષ, લક્ષ્મીપતિ આપશ્રીને હું પ્રણામ કરું છું. તેવી જ રીતે મરૂત દેવો, સિધ્ધો, રુદ્રો, આદિત્યો, સાધ્ય દેવો, વસુઓ, ચારણો, ગંધર્વો, આપ્સરાઓ, સમુદ્ર, પાર્ષદો વગેરેએ લક્ષ્મીપતિ નારાયણની વિધવિધ રીતે સ્તુતિ કરી. ધર્મ પત્ની મૂર્તિ દેવી સ્તુતિ કરતા કહે છે - હે ભગવન્ ! જે તમારો આશ્રય કરવા માત્રથી જ પાપરૂપ સ્વભાવવાળા પણ જીવો - સ્ત્રિયો, શુદ્રો, અસુરો અને તેથી પણ નીચ પશુપક્ષીઓ પણ બ્રહ્માદિ નારદાદિ મોટાઓ પ્રશંસા કરેલી સર્વોત્કૃષ્ટ પદવી (તમારા ધામરૂપ)ને પામે છે. તમારા આશ્રયે રહિત મોટા મોટા દેવતાઓ પણ તત્ક્ષણ અપૂજ્ય સત્કારહીન થઈ જાય છે. આ રીતે સ્વાશ્રયના મહામહિમા વાલા ગોલોકાધિપતિ તમોને જ હું નિત્ય હૃદયમાં ધારીને ભજુ઼ં છું.

સાવિત્રી દેવીએ ભગવાનનું સર્વ સૃષ્ટિનું સર્જવારૂપ સામર્થ્ય કહ્યું, દુર્ગાદેવીએ સુખ સાગર ભગવાનના સપ્રેમ ચિંતનનો મહિમા કહ્યો. નદીઓએ નામકીર્તન અને નમસ્કારનો મહિમા કહેવા દ્વારા ભગવાનની નિરવધિ



દયાળુતા કહી, દેવ પત્નીઓએ ભગવાનનું અને તેમના સંબન્ધમાં આવેલા સર્વેનું નિર્ગુણપણું પ્રતિપાદન કર્યું. ઋષિ પત્નીઓએ સમસ્ત દુઃખ દુરિતને હરનારું ભગવાનનું ચરણારવિંદ કહ્યું. તેવી જ રીતે પૃથ્વી દેવી અને સરસ્વતી દેવીએ સ્તુતિ પ્રાર્થના દ્વારા ભગવાનનો મહિમા કહ્યો.

હરિશંકર બ્રાહ્મણને શિવજીએ સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ કરવાની કરેલી આજ્ઞા : એક સમયે સમૈયા ઉપર ગામ પ્રાંતિજના હરિભક્તની પ્રાર્થના સાંભળી બ્રહ્મચારી શ્રી વાસુદેવાનંદ સ્વામી પોતાના મંડળ સહિત ત્યાં પધાર્યા હતા. ઘણા દિવસ ત્યાં હરિજનોને આનંદ પમાડતા આનંદથી રહ્યા. તે સમયમાં એક મોઢ બ્રાહ્મણ શુકલ હરિશંકર જિજ્ઞાસુ થઈ સ્વામી પાસે આવ્યા અને સ્વામીને પૂછયું. તમે સ્વામિનારાયણને ભગવાન કેમ કહો છો ? સ્વામીએ તેમને શ્રુતિ સ્મૃતિના ઘણા પ્રમાણથી મહારાજના સ્વરૂપના નિશ્ચયની વાત કરી, ત્યારે તે બોલ્યા : સુધા સિંધુ શિવ રહસ્ય વગેરે ગ્રંથના જે પ્રમાણ છે તેથી સુધા સિંધુ મધ્યે વિરાજતા પરમ શિવને કહ્યાં છે, તે શી રીતે સમજાય ? સ્વામીએ કહ્યું, સુધા સિંધુ પુરાણોમાં વિરજા નદીને કહે છે, તેને જ વેદમાં સુધા સિંધુ કહેલ છે. તેથી પર, બહુ વનની શોભાથી યુક્ત કિલ્લાને આકારે કનકનો શત શૃંગ પર્વત છે, તેની મધ્યે ગોલોક છે. તેથી પર મહા તેજનો સમુદ્ર છે, તેને બ્રહ્મપુર કહે છે. તે મધ્યે દિવ્ય સિંહાસન ઉપર અનંત મુક્ત મંડળે સેવાયેલા પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીહરિ વિરાજે છે. તે સ્વામિનારાયણ પોતે જ છે. તેને જ સર્વે નામથી મહિમાથી વેદ-પુરાણ ગાય છે. કહ્યુંછે કે दिव्य ब्रह्मपुरे योक्षरे रमते तथा वासुदेव परावेदा ।

આ પ્રમાણે અનંત શ્રૃતિ-સ્મૃતિના પ્રમાણથી વાત કરી તોપણ હૃદયમાંથી તેમનો સંદેહ ગયો નહિ અને કહ્યું હે સ્વામિન, તમે સત્ય કહોછો. આપની વાણી સાંભળીને સહજાનંદ સ્વામીની ભક્તિ કરવાની ઈચ્છા થાય છે. પણ મેં આખી જીંદગી શંકરની ઉપાસના કરી છે તે હવે છોડું તો પતિવ્રતા ભક્તિમાંથી પડ્યો કહેવાઉ માટે કેમ કરું ? મને કંઈક ચમત્કાર જણાય તો સત્સંગી થાઉં. સ્વામી હસીને બોલ્યા કે, ચમત્કાર જણાશે. તને મહાદેવજી કહે તો વર્તમાન ધારણ કરજે.

પછી હરિશંકર રાત્રે બોખ પર મહાદેવના દર્શને ગયા. દર્શન કરીને તે જ દિવસે રાત્રે પોતાને ઘેર સૂતા હતા. ત્યાં જ સાક્ષાત્ મહાદેવજીએ આવીને તેમને જગાડ્યા અને સમજાવી કહ્યું કે, તેં આખી જીંદગી મારી ભક્તિ કરી છે તેથી હું પ્રસન્ન થયો છું અને કહું છું કે સ્વામિનારાયણ સાક્ષાત્ પુરુષોત્તમ ભગવાન છે. એ પ્રભુ સર્વના નિયંતા ઉપાસ્ય મૂર્તિ છે. તેમના બ્રહ્મચારી જે વાસુદેવાનંદ સ્વામી તે પરમ નૈષ્ઠિક અને મહાસમર્થ છે. તેમનું કહેવું તું કેમ માનતો નથી ? માટે તે કહે તેમ કરજે, તેમની પાસેથી વર્તમાન લઈને સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ કરજે. તેથી તારું સર્વથા શ્રેય થશે. એમ આશીર્વાદપૂર્વક શિક્ષાવચન કહીને પોતે અંતર્ધાન થયા.

પછી હરિશંકર સવારમાં વહેલા ઉઠી સ્નાનાદિ નિત્ય વિધિથી તત્કાળ પરવારી શ્રી વાસુદેવાનંદજી સ્વામી પાસે આવ્યા અને તેમને સાષ્ટાંગ દંડવત્ કરી ગદ્ ગદ્ કંઠે સ્તુતિ પૂર્વક બોલ્યા : સ્વામીન્ તમે તો સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ છો. મારું મોટું ભાગ્ય કે તમે મને મળ્યા. એમ બોલી સ્વામી પાસે વર્તમાન ધારી મહા ભગવત ભક્ત થયા.

ધનેશ્વર તરવાડીને ગાયત્રી દેવીએ સ્વામિનારાયણ ભગવાન ઓળખાવ્યા : ગામ નાંદોલના ધનેશ્વર તરવાડીને પુત્ર નહિ. તે સ્ત્રી પુરુષ બન્નેએ કાશી જઈને, ત્યાં બાર વરસ રહી ગાયત્રી પુરશ્ચરણ કર્યું. તેથી ગાયત્રીએ પ્રસન્ન થઈને ચતુર્ભુજ દેવી રૂપે દર્શન આપ્યું અને કહ્યું વર માગ. ત્યારે તેણે વર માગ્યો કે અમને પ્રગટ ભગવાન મળે. દેવીએ કહ્યું, સ્વામિનારાયણ પ્રગટ ભગવાન છે. તેમણે કસુંબલ વસ્ત્ર પહેરેલા છે અને તે ગઢડામાં છે. ત્યાં તમે જાઓ. તે તમને કહેશે કે તમને ગાયત્રીએ મોકલ્યા છે.

ગાયત્રી દેવીની આવી વાત સાંભળીને તે ગઢડા આવ્યા. અને દેવીએ કહ્યાં પ્રમાણે મહારાજના દર્શન કર્યા. મહારાજ બોલ્યા કે, તમને ગાયત્રીએ મોકલ્યા છે ? પછી ધનેશ્વર તરવાડીને પાકો નિશ્ચય થયો અને તે પરમ ભક્ત થયા.

ભદ્રકાળીએ પોતાના ભક્તને નરનારાયણદેવ ઓળખાવ્યા. એક ભક્ત દરરોજ ભદ્રકાળી માતાના મંદિરમાં દર્શન કરવા જાય. દર્શન કરતા કરતા પ્રાર્થના કરે. હે માતાજી ! મારો મોક્ષ કરજે. આ એનો રોજનો



નિયમ. એકવાર એની ભક્તિથી પ્રસન્ન થયેલા માતાજીએ સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું કે હે ભક્ત ! હું તો કેવળ સાંસારિક ઈચ્છાઓ પુરી કરી શકું છું. પરંતુ તમારે જો મોક્ષ જોઈતો હોય તો શ્રી સ્વામિનારાયણ ભગવાને પધરાવેલા શ્રી નરનારાયણદેવના શરણે જા. માતાજીના વચનથી ખુશ થઈ ગયેલા એ ભક્ત શ્રી નરનારાયણદેવના શરણે આવ્યા. દર્શન કર્યા. અંતરમાં પરમ શાંતિ થઈ ટાઢક વળી. એક સંત પાસેથી કંઠી પહેરીને સંપ્રદાયના સત્સંગી બન્યા. અને શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરીને અંતે મોક્ષ પામ્યા. આ વાત આપણા સંપ્રદાયમાં જુના સંતો તથા કેટલાક હરિભક્તો પણ જાણે છે.

આ પુસ્તકના લેખકને હનુમાનજી મહારાજે સ્વામિનારાયણ ભગવાનની કરાવેલી ઓળખાણ : આપણા સંપ્રદાયમાં સાળંગપુર કષ્ટભંજનદેવ હનુમાનજીનું મંદિર વિશ્વકક્ષાએ પ્રસિધ્ધ છે. વડતાલ ગાદીના આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની આજ્ઞાથી મૂ.અ.મૂ. સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ સ્થાપેલા શ્રીકષ્ટબંજનદેવ હનુમાનજી વર્તમાન સમયમાં પણ હજારો સત્સંગી-બિન સત્સંગી લોકોને આધિ-વ્યાધિ ઉપાધિમાંથી મુક્ત કરીને સત્સંગની ઓળખાણ પણ કરાવી રહ્યાંછે. ૧૯૮૧ થી ૧૯૮૮ ની સાલ સુધી મેં સાળંગપુર હનુમાનજીની ખૂબ શ્રધ્ધાથી ભક્તિ કરી. ભક્તિના નિયમ અંતર્ગત મુક્તાનંદ મુનિ રચિત મારુતિ સ્તોત્રનો પાઠ પણ નિયમિત કરતો. આ પાઠનું ફળ મુક્તાનંદ સ્વામીએ નીચે મુજબ બતાવ્યું છે.

યહ અષ્ટક જો પઢે તાસ સબ સંકટ નાસે,
રામદૂત હનુમંત સદા દ્રગ આગે ભાસે.
વિઘન હોત સબ નાશ મગન હોઉ હરિ ગુન ગાવે,
પાપ પુંજ સબ ટરત બહોરી ભવમેં નહીં આવે.
ધન ધાન્ય પુત્ર સંપત્તિ બઢે કૃષ્ણ ચરણ રતિ પાવહી,
મુનિ મુક્ત કહે સો ભક્ત કે સંકટ નિકટ ન આવહી.

સ્વામિનારાયણ ભગવાનના મુખેથી 'સત્સંગની મા' નું બિરુદ પામેલા મુક્તાનંદ સ્વામીના ઉપરના તમામ વાક્યો મારા જીવનમાં સત્ય થયા. એ

સમયે ગોપાળાનંદ સ્વામીને 'ગુરુ' ધારેલા અને 'સ્વામિનારાયણ' મહામંત્રની ફક્ત માળા કરતો. અવારનવાર સાળંગપુર જતો. ૧૯૮૮ ની સાલમાં એક સમયે સાળંગપુર કષ્ટભંજન દેવ હનુમાનજીનું દર્શન કરી રહ્યો હતો. હનુમાનજીની મૂર્તિની એક બાજુ થોડે દૂર માણકી ઘોડી પર બિરાજીત સહજાનંદ સ્વામીનું કેલેન્ડર લટકી રહ્યું હતું. તે સમયે મને એવું લાગ્યું કે હનુમાનજી મને હૃદયમાં પ્રેરણા કરી રહ્યા છે કે ''આ માણકી ઘોડી વાળા સહજાનંદ સ્વામી જ કળિયુગમાં સાક્ષાત્ પ્રત્યક્ષ પરમાત્મા છે. તું તેમનું શરણ ગ્રહણ કરીને તારા જીવનું કલ્યાણ કરી લે. અહીં વારંવાર આવવાની જરૂર નથી.'' આવું ઉપરા ઉપર ત્રણ વાર હનુમાનજી માહારજ જાણે કહીં રહ્યા હોય એવી મારા અંતરાત્મા દ્વારા હૃદયમાં અનુભૂતિ થઈ. 'કૃષ્ણ ચરણ રતિ પાવહી' એટલે કે શ્રીકૃષ્ણ અર્થાત્ પરમાત્માના ચરણમાં પ્રીતિ થાય. એ વાક્ય સાચું પડવાનો સમય પાકી ગયો હતો.

સાળંગપુરથી હું અમદાવાદ આવ્યો. અડધી કલાક થઈ એટલે તુરત જ ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી અને હનુમાનજીની પ્રેરણાથી પડોશમાંથી એક સત્સંગી ભાઈએ સ્વામિનારાયણ ભગવાનના ચરિત્ર લક્ષી, સત્સંગ લક્ષી એક પુસ્તક મારા હાથમાં મુક્યું. યોગાનુયોગ તે પુસ્તકમાં મેં જેને મનથી ગુરુ ધારેલા એવા સ.ગુ. ગોપાળાનંદ સ્વામી લોકોને કેવી રીતે સત્સંગી કરતા તે વિષયક ઘણી દ્રષ્ટાંત વાર્તાઓ હતી. જેથી સત્સંગમાં પ્રવેશ કરવા મારું મન પણ થનગની રહ્યું. કાળુપુર મંદિર ક્યારેય જોયું પણ નહોતું. મૂળ સૌરાષ્ટ્રનો વતની એટલે ગઢડા ઘણીવાર દર્શન કરેલા. જેથી ગઢડા જઈને સંત પાસે કંઠી પહેરી પૂજાની પેટી લીધી. પછી કાળુપુર મંદિરની જાણ થઈ. સંપ્રદાયના શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. એટલે ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનો મહિમા સમજાયો. જેથી સંપ્રદાયના સાચા ગુરુ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી હોય છે એવું જ્ઞાન થવાથી અમદાવાદ ગાદીના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પાસેથી 'ગુરુમંત્ર' લઈને શાસ્ત્ર પ્રમાણે 'સત્સંગી'ની સંજ્ઞા પામ્યો. તેમજ પૂર્વે જેમને 'ગુરુ' ધારેલા તેવા ગોપાળાનંદ સ્વામીનું કંઈક અંશે ઋણ ચૂકવવા તેઓના આશીર્વાદથી સંપર્કમાં આવનાર અનેક મુમુક્ષુ જીવોને 'સત્સંગી' બનાવવામાં નિમિત્તરૂપ બન્યો.



આવી તો અનંત સત્ય દ્રષ્ટાંત વાર્તાઓ છે. સર્વ દ્રષ્ટાંત વાર્તાનો સાર એટલો જ છે કે વેદ, પુરાણ, શાસ્ત્રો, મોટા દેવો, ઋષિમુનિઓ તથા સંતોનો એક જ મત છે કે ભગવાનની ઉપાસના કરવી એટલું જ નહિ પરંતુ સારનો પણ સાર એટલો છે કે પ્રગટ ભગવાનને સેવવાથી તુરત જ કલ્યાણ થાય છે. સત્યુગમાં દત્તાત્રેય, ત્રેતાયુગમાં રામ, દ્વાપરમાં શ્રીકૃષ્ણ તથા કળિયુગમાં સ્વામિનારાયણ ભગવાન પ્રગટ છે. પરમાત્માના અનંત નામો છે. એ પરમાત્મા સમસ્ત વિશ્વને પોતા વિષે વાસે છે અને તે પોતે સર્જેલા વિશ્વમાં સર્વ અન્તર્યામિપણે વસે છે માટે વાસુ અને સૃષ્ટિ સ્થિતિ લય વડે વિહાર કરે છે માટે દેવ મળીને વાસુદેવ નામથી કહેવાય છે. તેમજ વસુદેવના પુત્ર હોવાથી વાસુદેવ નામથી કહ્યાં છે. એ પરમાત્મા અક્ષર બ્રહ્મ આદિ સર્વની અપેક્ષાએ નિરવધિ કલ્યાણતમ સ્વરૂપ રૂપ ગુણ વિભૂતિ આદિક વડે મોટાઈરૂપ ગુણયોગને લીધે પરતરપણે પ્રતિપાદન કરેલા હોવાથી સાર્થક પરબ્રહ્મ નામથી કહ્યાછે. બધ્ધ મુક્ત આદિ સર્વ પુરૂષોની અપેક્ષાએ નિરતિશય ઉત્કૃષ્ટતા રૂપ ગુણયોગને લીધે અન્વર્થ પુરુષોત્તમ નામથી કહ્યાં છે. શ્રી રાધા કે લક્ષ્મીએ યુક્ત હોઈને અનવધિ આનંદ ગુણયોગને લીધે અન્વર્થ શ્રીકૃષ્ણ નામથી કહ્યાં છે. આવા દિવ્ય મંગળ નામોથી કહેલાં જે એક દેવ છે, તે સકામનિષ્કામ સર્વ કોઈ નરોએ તથા બ્રહ્મભાવાપન્ન મુક્તોએ પણ સદા ઉપાસ્ય છે. આમ હિન્દુ ધર્મના લોકો એક જ ભગવાનની ઉપાસના કરે તો હિન્દુ ધર્મમાં એક સૂત્રતા આવી જાય અને તે વેદોક્ત મત હોવાથી સર્વેનું શ્રેય મંગળ થાય ! !

જે જીવ જે કોઈપણ ભાવથી ભગવાનના સંબન્ધને પામે છે. તે તો અન્ય જીવની પેઠે ક્યારેય પણ જન્મ મરણ રૂપ સંસૃત્તિને નથી જ પામતો. સવાસનિક હોય તો દેવ મનુષ્ય આદિકમાં જન્મ ધારણ કરીને નિર્વાસનિક થઈને ભગવાનના ધામને પામે છે. ભગવાન સ્વયં કહે છે કે, ''જો જે મનુષ્યો મારા જ શરણને પામે તો જ તે મનુષ્યો, જીવોને બંધન કરનારી ગુણમયી માયા થકી મુક્ત થાય છે. મારી પ્રાપ્તિનું આજ અસાધારણ ફળ છે.''

●

## ૫. સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થવાની શાસ્ત્રોક્ત આગાહીઓ :

જ્યારે જ્યારે પૃથ્વી ઉપર અધર્મ વ્યાપી જાય છે ત્યારે ભગવાનનો અવતાર થાય છે. ગીતાજીમાં કહ્યું છે.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानम धर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય છે અને અધર્મની વૃધ્ધિ થાય છે ત્યારે હું અવતાર ધારણ કરું છું.

બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે,

दत्तात्रेयः कृतयुगे त्रेतायां रघुनन्दनः ।
द्वापरे वासुदेवः स्यात्, कलौ स्वामी वृषात्मजः ॥

સત્યુગમાં દત્તાત્રેય, ત્રેતાયુગમાં રામચન્દ્રજી, દ્વાપરયુગમાં શ્રીકૃષ્ણ અને કળિયુગમાં ધર્મદેવના પુત્ર સ્વામિનારાયણ પ્રગટ થશે.

પદ્મ પુરાણમાં કહ્યું છે,

पाखंडे बहुले लोके स्वामीनाम्ना हरिः स्वयम् ।
पापपङ्कनिमग्नं तज्जगदुद्धारयिष्यति ॥

જ્યારે લોકમાં ઘણો પાખંડ પ્રવર્તશે ત્યારે સ્વામી પૂર્ણ પુરુષોત્તમ પાપ રૂપી કાદવમાં પડેલા મનુષ્યોનો ઉધ્ધાર કરશે.

વિશ્વક સેન સહિતામાં કહ્યું છે,

भूम्यां कृतावतारोऽयं सर्वानेताञ्जनानहम् ।
प्रापयिष्यामि वैकुंठं सहजानन्दनामतः ॥

હું સહજાનંદ સ્વામી એવા નામથી પૃથ્વી ઉપર અવતાર ધારણ કરી સર્વે જનોને વૈકુંઠ પમાડીશ.

વિષ્ણુ ધર્મોત્તરમાં પણ કહ્યું છે,

महाधर्मान्वये पुण्ये नाम्ना पाप विनाशके ।
हरिप्रसाद विप्रस्य स्वामिनाम्ना हरिः स्वयम् ॥



જેના સ્મરણ માત્રથી પાપનોનાશ થાય છે, એવા પવિત્ર ધર્મવંશમાં હરિપ્રસાદ વિપ્રના ઘરે હરિ એવા નામથી પ્રગટ થઈ પૃથ્વીમાં પ્રસિધ્ધ થઈશ.

સ્કંદ પુરાણના વૈષ્ણવખંડમાં કહ્યું છે,

मया कृष्णेन निहताः साऽर्जुनेन रणेषु ये ।
प्रवर्तेयिष्यन्त्यसुरांस्ते त्वधर्मे यदा क्षितौ ॥
धर्मदेवात् तदा मूर्तौ नरनारायणात्मना ।
प्रवृत्तेऽपि कलौ ब्रह्मन्, भूत्वाहं सामगो द्विजः ॥
मुनिशापान्नृतां प्राप्तं सर्षिं जनकमात्मनः ।
ततोऽविता गुरुभ्यौऽहं सद्धर्मं स्थापयन्नज ॥

અર્જુને સહિત મેં યુદ્ધમાં જે અસુરોને મારેલા હતા. અને જે અસુરો અર્જુનથી હણાયેલા અને મને જોતાં મૃત્યુ પામ્યા તે મોક્ષને પામી ગયા. અને જે અર્જુનથી હણાયેલા અસત્ વાસનાવાળા અસુરાંશ રાજાઓ પુનઃ જ્યારે પૃથ્વી ઉપર અધર્મ પ્રવર્તાવશે ત્યારે હે બ્રહ્મન્ ! હું કલિયુગની પ્રવૃત્તિમાં પણ ધર્મદેવ થકી મૂર્તિમાં નરનારાયણને નિમિત્ત કરી સામવેદી બ્રાહ્મણ થઈ હું સદ્ધર્મનું સ્થાપન કરતો થકો દુર્વાસાના શાપથી મરિચ્યાદિક મુનિ સહિત મારા માતા પિતા ધર્મ ભક્તિનું અસુરાંશ ગુરૂઓ અને રાજાઓ થકી રક્ષણ કરીશ.

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પોતાના હૃદયને વિષે શ્રી ઘનશ્યામ મહારાજનું સ્મરણ કરી પોતાના ભત્રીજા રામશરણજી પ્રત્યે ઘનશ્યામ મહારાજના બાળ ચરિત્રો કહેતા પહેલાં સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયાં પૂર્વેનું 'આગમન ભાખ્યું' તેવું એક મહાચમત્કારી આખ્યાન કહે છે જે નીચે મુજબ છે.

એક સમયને વિષે આ છપૈયાપુરમાં બાલકરામ તરવાડી ઘણા જ બિમાર પડ્યા હતા. ત્યારે તેમના પુત્ર દુંદ તરવાડી તથા કૃષ્ણ શર્મા તરવાડી એ બન્ને ભાઈઓ શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરાવતા હતા. સપ્તાહની સમાપ્તિ થઈ ત્યારે તેમને સર્વે સંબંધિ એકત્રિત થઈ અયોધ્યા સરયુ નદીએ લઈ જવાનો વિચાર કર્યો. ત્યારે બાલક રામ તરવાડી બોલ્યા કે, હે સંબંધિજનો ! તમો મને સરયુ ગંગા લઈ જશો નહિ. કારણ કે હું અહિંજ દેહ ત્યાગ કરીશ. તેવું સાંભળીને દુંદતરવાડી બે હાથ જોડીને કહેવા લાગ્યા કે પિતૃલોકમાં

અમારી ઘણી નિંદા થાય માટે જરૂર લઈ જવા પડે. તેવું સાંભળી બાલક રામ તરવાડી સુતા હતાં તે તત્કાળ બેઠા થઈને બોલ્યા જે હે પુત્ર ! તમારી પિતૃલોકમાં નિંદા નહીં થાય કેમ કે આ છપૈયાપુરની પૃથ્વી ઘણીજ પવિત્ર છે. માટે અહિં પ્રભુ પુરુષોત્તમ સ્વયં પ્રગટ થશે. અને હું તો પૂર્વનો કશ્યપ ઋષિ છું. એમ બોલ્યા. તે સાંભળી તેમનાં પત્ની જીવરાણીબાઈએ બન્ને પુત્રોને પોતાની પાસે બેસાડી ને કહ્યું કે હે પુત્રો ! તમો ભગવાનની ભક્તિ કરજો અને પોતાના વર્ણાશ્રમનો ધર્મ પાળજો. ને હું તો સતી છું. માટે હું તો પતિ સાથે બળી નિશ્ચે આ દેહનો ત્યાગ કરીશ, તેવું માતાનું વચન સાંભળી બન્ને ભાઈઓ અતિશય ચિંતા કરવા લાગ્યા. ત્યારે તેમને બહુ પ્રકારે વાર્તા કરી શાંત પમાડ્યા પરંતુ કોઈ શાંતિ પામ્યા નહિ. ત્યારબાદ જીવરાણી બાઈ પોતે સ્નાન કરી બ્રહ્મરૂપ થઈ હાથમાં માળા લઈને સ્થિર વૃત્તિ કરી અષ્ટાક્ષર મંત્રનો જપ કરવા લાગ્યા. કેટલોક સમય થયો એટલે અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ સાક્ષાત્ અદ્ભૂત દર્શન આપીને બોલ્યા જે, હે જીવરાણી બાઈ ! આ જે તમારી પુત્રી ભવાની બાઈ અને તેમના પુત્રી ભક્તિ એવા નામે કરીને થશે. અને મોટી સરવાઈમાં ઈટાર ગામને વિષે બાલશર્મા નામે વિપ્રને ઘેર ધર્મદેવ પોતે અવતાર ધારણ કરશે ને તે ધર્મદેવને આ છપૈયાપુરને વિષે ભક્તિદેવીની સાથે પરણાવશે ત્યારે તે ધર્મભક્તિ થકી હું થોડાક કાળમાં પ્રગટ થઈશ અને કેટલાક અક્ષરધામના મુક્ત પણ અહિં પ્રગટ થશે અને તે ધર્મદેવના કુળમાં હું આચાર્યપદની સ્થાપના કરીશ. આવી રીતે ઘણી વાત કરી અંતર્ધાન થઈ ગયા. ત્યારે તે જીવરાણી બાઈ તત્કાળ ત્યાંથી ઉઠીને આનંદ પામતા હતાં અને આ હકીકત પોતાના પુત્રોને કહેતા હતાં. તેવા સમયમાં બાલકરામ તરવાડી દેહ મુકવાની તૈયારીમાં હતાં એટલે વાત પડતી મૂકી તેમના પાસે જઈ પોતાના બન્ને પુત્રો સાથે બેઠાં અને ઉચ્ચ સ્વરે ભગવાનનું નામ લઈ ભગવાનની સ્મૃતિ કરાવી એટલે તુરત જ દેહનોત્યાગ કર્યો. પછી તેમને અગ્નિ સંસ્કાર માટે નારાયણ સરોવરથી પૂર્વ દિશામાં પોતાના આંબાવાડીયામાં લઈ ગયા. ત્યારે જીવરાણી બાઈ પોતાના પતિની પાછળ સતી થવા નીકળ્યાં. ત્યારે પોતાના બન્ને પુત્રો રૂદન કરવા લાગ્યા. એટલે તેમના ઉપર દયા કરી સર્વને ધીરજ આપી આશીર્વાદ આપી બોલ્યાં જે, હે પુત્રો ! હે સંબંધીજનો ! મને ભગવાને



દર્શન દઈ, જે વાત કરી છે તે પુરુષોત્તમ ભગવાન સ્વયં પ્રગટ થશે અને તમારી સર્વેની આપત્તિને દૂર કરશે. તમો કાંઈ ચિંતા કરશો નહિ. એમ કહીં પોતે સતી થયા. અને જીવરાણીબાઈને પ્રગટ થવાનું સ્વયં પ્રભુએ કહેલું તે પ્રમાણે પોતાનું વનચ સત્ય કરવા માટે આ છપૈયાપુરમાં ધર્મદેવ ભક્તિમાતાને ત્યાં પ્રગટ થયા હતા.

## ૬. સ્વામિનારાયણ ભગવાનને પ્રગટ થવાનું નિમિત્ત :

જીવોના કલયાણ માટે તપસ્વીરૂપે રહેલાં શ્રી નરનારાયણદેવ ભગવાનનો દિવ્ય આશ્રમ હિમાલયમાં છે. સાક્ષાત્ અક્ષરધામ જ બદરીરૂપે અહીં વસ્યું છે. જ્યાં કામ, ક્રોધાદિકનો પ્રવેશ નથી. નરનારાયણદેવ આદિ સત્યુગથી બદરિકાશ્રમમાં રહીને પોતાના ભક્તો માટે ભરતખંડના મુમુક્ષુઓ માટે તપ કરે છે. જ્યાં ઉદ્ધવજી અને નારદજી નિવાસ કરી રહ્યાં છે. ઈશ્વર પ્રેરણાથી જ કોઈવાર મરીચિ, વસિષ્ઠ, અત્રિ, અંગિરા, મૈત્રેય, ગર્ગ, વાલ્મીકિ વગેરે હજારો મહર્ષિઓ ભરતખંડમાં તીર્થયાત્રા કરીને નરનારાયણ ભગવાનના દર્શન કરવા અલકનંદાના કિનારે રહેલાં બદરિકાશ્રમમાં આવ્યા. દિવ્ય શોભાએ યુક્ત બદરી વૃક્ષ 'બોરડી' ખૂબજ વિશાળ હોવાથી મહાત્માઓ તેને વિશાલા કહે છે. પ્રથમ મુનિજનોને આ વિશાલાની નીચે બિરાજમાન નર ભગવાનના દર્શન થયાં. પુષ્પના તોરાથી શોભતો જટા મુકુટ ધારી રહેલા, નવ યોગેશ્વરો જેમની પાસે બેઠા છે અને કલાપ ગામના વિપ્રોથી પૂજાયેલા નર ભગવાને મહર્ષિઓનું સ્વાગત કર્યું, આતિથ્ય સત્કાર કર્યો તથા તેઓનો મહિમા કહ્યો અને સ્વયં આનંદ વ્યક્ત કર્યો.

નર ભગવાનની વાણી સાંભળીને મુનિજનો કહેવા લાગ્યા કે હે નરોત્તમ નર ! તમે સાક્ષાત્ પરમેશ્વર છો, તમે અને નારાયણ એક જ છો. છતાં બે સ્વરૂપે દેખાઓ છો તે તો તમારી લીલા છે. હે નર ભગવાન ! આપના તથા આ દિવ્ય બદરિકાશ્રમના દર્શનથી અમે સર્વે ધન્ય ભાગી બન્યા છીએ.

એ પ્રમાણે વાત ચાલે છે. એટલામાં ત્યાં સભામાં નારાયણ ભગવાન પધાર્યા અને વેદિકા ઉપર દર્ભાસન પર બિરાજ્યા. સિધ્ધ મુક્તોથી પૂજાયેલા, તીવ્ર તપથી દેદીપ્યમાન કાંતિવાળા, સુંદર જટા જૂટવાળા, એક હાથમાં કમંડળ અને બીજા હાથમાં પલાશદંડને રાખી રહેલાં શ્વેત વસ્ત્રધારી રહેલા, મુનિજનો ઉપર અમૃતદ્રષ્ટિ વરસાવતા નારાયણ ભગવાનને હજારો મુનિજનોએ દંડવત્ પ્રણામ કરીને પૂજન કર્યું. પછી પ્રભુના દર્શન કરતાં તન્મય બની ગયેલા મુનિજનોને હૃદયમાં ભગવાનના દર્શન થયા અને અક્ષરધામમાં રહેલાં દિવ્ય સ્વરૂપના પણ દર્શન થયા. નેત્ર ખોલીને જોયું, પોતાની આગળ પણ એ જ સ્વરૂપ બિરાજમાન જોઈને સર્વે મુનિઓ સ્તુતિ કરવા લાગ્યા.

હે ભગવાન ! આપનો જય જયકાર થાઓ. કૃપા રસથી ભરેલાં વચનો વાળા હે પ્રભુ ! આપની ભક્તિ કરનારને અક્ષરધામની પ્રાપ્તિ કરાવો છો. સંતોના વચનોને હૃદયમાં ધારીને જે તમારો નિશ્ચય નથી કરી શકતા તેનો વિનાશ થાય છે. તમારા આશ્રય વિના કોઈ સુખી થતો નથી. હે પ્રભુ ! તમે ક્ષર-અક્ષરથી પર છો. તમે જ ધર્મ અને ભક્તિ થકી પ્રાદુર્ભાવ પામીને સંતો-ભક્તોના ઉપર અનુગ્રહ કરીને તીવ્રતપ કરો છો. હે પ્રભુ ! શેષ પણ આપના ગુણોના પારને પામી શકતા નથી. સ્તુતિ કરીને નમસ્કાર કરીને મુનિજનો બેસી ગયા. ત્યારે નારાયણ ભગવાને પણ ખૂબ પ્રસન્ન થઈને પરોપકારી એવા મહર્ષિઓનો મહિમા કહીને ભરતખંડના સમાચાર પૂછ્યા. ત્યારે ઉદાસ ચહેરે મહર્ષિઓએ ભરતખંડના મનુષ્યોના અધર્મ આચરણની વાત કરીને કહ્યું કે આપ ભરતખંડના રાજા છો માટે આપ કૃપા કરીને ભારતની પ્રજાનું રક્ષણ કરો.

મહાત્માઓની વાણી સાંભળી પ્રભુને કરૂણા ઉત્પન્ન થઈ અને વિચારવા લાગ્યા કે મારે ભરતખંડમાં મનુષ્યરૂપે પ્રગટ થઈને ભારતની પ્રજાની અધર્મ અને અસુરોથી રક્ષા કરવી છે. પરમાત્મા આમ વિચારે છે તેટલામાં પોતાના આશ્રમથી ધર્મ પિતા અને ભક્તિમાતા પણ ત્યાં આવી પહોંચ્યા. તરત જ નરનારાયણદેવે ઉભા થઈને માતા પિતાને વંદન કરી આસન આપી બેસાર્યા. નરનારાયણદેવ ધર્મ ભક્તિને પૃથ્વી પર અધર્મ અને કળિનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે, એવી વાત સંભળાવે છે. એ વાત સાંભળવામાં ધર્મભક્તિ અને



મુનિસભા સમાધિની જેમ તન્મય બની ગયા. બરાબર એ વખતે પ્રભુએ દુર્વાસા મુનિના હૃદયમાં બદરિકાશ્રમમાં આવવા પ્રેરણા કરી. તપોનિધિ દુર્વાસાએ બદરિકાશ્રમમાં આવીને બદરી નીચે વિરાજતા નરનારાયણદેવને તથા ધર્મ ભક્તિને તથા ઉદ્ધવજીને તથા હજારો મહર્ષિઓને દુર્વાસાએ જોયા. પરમાત્માના મુખથી વાર્તા સાંભળવામાં તલ્લીન બનેલા કોઈએ પણ દુર્વાસા મુનિને જોયા નહિ, એટલે પૂજનીય દુર્વાસાનું સ્વાગત-સન્માન કોઈ કરી શક્યા નહીં તેથી એમ માન્યું કે આ બધા ઈરાદાપૂર્વક મારું અપમાન કરી રહ્યાં છે. પછી તો શું કહેવાનું ? ક્રોધથી એમની આંખો લાલ બની ગઈ. શરીર કંપવા લાગ્યું. લાંબો હાથ કરીને કહેવા લાગ્યા.

આશ્ચર્યની વાત છે ! શું વિપરીત સમય આવ્યો છે ! ધર્મ પ્રવર્તાવનારા આજે અધર્મ આચરી રહ્યાં છે. વિદ્યા, તપ, જ્ઞાન, સિધ્ધગતિ આદિ સદ્ગુણોના લીધે આ મહર્ષિઓ મહા અભિમાની થઈ ગયા છે અને મારું અપમાન કરે છે. બીજા તો ઠીક પણ જગતને ધારણ કરનાર આ ધર્મ પણ મારું અપમાન કરે છે. હવે હમણાંજ હું આ બધાના અભિમાનને દૂર કરીશ અને મારા અપમાનનો બદલો લઈશ. હે સર્વ સભાજનો ! સાંભળો અત્યારે દેવયોનિમાં રહેલાં તમો સર્વે ભરતખંડમાં મનુષ્ય જન્મને પામો અને કળિ અને અધર્મથી વ્યાપ્ત એવા અસુરોથી અનકે વિધ દુઃખ પામો. એટલો શાપ આપીને દુર્વાસા મૌન થઈ ગયા. દુર્વાસાનો શાપ સાંભળીને આખીય સભા ચમકી ઉઠી. બધાએ પાછુ વાળીને જોયું તો સાક્ષાત્ અગ્નિ જેવા ક્રોધથી ધ્રૂજતા અને દાંત કટકટાવતા, બિહામણાં નેત્રો વાળા દુર્વાસાને જોયાં. બધા મહર્ષિઓએ દોડી ને દુર્વાસાને પ્રણામ કર્યા, આજીજી કરી આપનું સન્માન કેમ ન થયું, તેનો ખુલાસો કર્યો. પણ શાંત થવાને બદલે દુર્વાસા ખૂબ ભભૂકવા લાગ્યા.

પછી ઉદાર અને શાંત ધર્મદેવ સાષ્ટાંગ દંડવત કરીને દુર્વાસાને કહેવા લાગ્યા કે તમે જે કહ્યું છે તે બરાબર જ કર્યું છે. સાધુ પુરુષોનો ક્રોધ અપરાધીઓના હિત માટે જ હોય છે. અમે તો નારાયણની વાત સાંભળવામાં તલ્લીન હોવાથી આપનું સન્માન ન કરી શક્યા. બાકી આપના માટે તો તન, મન, ધન પરિવારનો ત્યાગ કરી દઈએ. બીજાની શી વાત ? આપ તો દયાળુ છો. આપનું હૃદય માખણ જેવું કોમળ છે. માટે આપનો શાપ પાછો ખેંચી લો

એટલી કૃપા કરો.

ધર્મદેવની વિનંતીથી દુર્વાસાનો ક્રોધ ઓછો થયો. અને બોલ્યા, હું દીર્ઘક્રોધી છું. આપેલો શાપ હું ક્યારેય પાછો ખેંચતો નથી. પણ કોણ જાણે કેમ આજે મારું મન થોડું પીગળ્યું હોય તેવું જણાય છે. એટલે તમારા સર્વના ઉપર અનુગ્રહ કરું છું કે હે ધર્મ ! તમ દંપતી થકી આ સભામાં બેઠેલા નરનારાયણદેવ તમારે ત્યાં પુત્રરૂપે પ્રગટ થશે. અને તમારી બંનેની તથા આ બધા મહર્ષિઓની અસુરો થકી રક્ષા કરશે. પછી તમે સૌ મારા શાપથી મુક્ત થશો. આટલું કહીને દુર્વાસા કૈલાસ તરફ ચાલ્યા ગયા.

દુર્વાસાજીનો શાપ તો એક નિમિત્ત હતું. બાકી ભગવાનની જ એવી ઈચ્છા હતી. આપણાં બ્રહ્માંડના બ્રહ્માએ પોતાની આયુષ્યના પચાસ વર્ષ એટલે કે અરધી જીંદગી સુધી ભગવાન પુરુષોત્તમ નારાયણને પ્રાર્થના કરી કે હે પ્રભુ ! અમારા બ્રહ્માંડમાં એકવાર તો પધારો. પરમાત્મા પુરુષોત્તમનારાયણ પોતાના મુક્તોને કહેતા હતાં કે આ બ્રહ્માંડની અરધી આવરદાતો પુરી થઈ ગઈ. હજું કોઈ મુમુક્ષુ કેમ ધામમાં આવતા નથી. મુક્તોએ કહ્યું, પ્રભુ ! અનંત મુક્તો, અનંત મુમુક્ષુઓ જેનું ભજન કરે છે એ ધામમાં જાય છે. આપણે અહીં કોણ આવે ? જો આપ સ્વયં પધારો તો બધા મુમુક્ષુઓ અહીં આવે. ભગવાન કહે છે ચાલો આપણે જઈએ તમે સાથે આવો. પણ કંઈક નિમિત્ત તો ઉંભું કરવું પડશે ને ? ભગવાનની ઈચ્છા થઈ નિમિત્ત ઉભુ કરવાની અને બદરિકાશ્રમમાં પ્રભુ ઈચ્છાથી દુર્વાસા નિમિત્ત પુરું પાડીને ચાલ્યા ગયા.

સત્સંગીજીવન ગ્રંથમાં સુવ્રત મુનિ પ્રતાપસિંહ રાજાને કહે છે : હે રાજા ! આ બધા મહર્ષિઓ અને ધર્મ દુર્વાસાને સામો શાપ આપવા સમર્થ હતા. પરંતુ ક્ષમા સાધુ પુરુષોનું ભૂષણ છે. અને આ શાપ તો પરમાત્માની ઈચ્છાથી જ થયો છે. દુર્વાસા જ્યારે બોલવા લાગ્યા ત્યારે પ્રભુએ તેમને બોલવા જ દીધા, અટકાવ્યા નહીં. શ્રી નરનારાયણદેવ જો ધારત તો શાપને મિથ્યા કરી શકત. પણ પૃથ્વી પર પ્રગટ થઈને અધર્મ અને અસુરોનો નાશ કરીને ધર્મની સ્થાપના કરવી હતી. અને તે નિમિત્તે તેમની ઈચ્છાથી જ આ શાપ થયો હતો પછી ધર્મદેવે પ્રભુને પ્રાર્થના કરવાથી ભગવાન કહે છે હે



પિતા ! તમે જરા પણ ડરશો નહીં. જે થયું તે મારી ઈચ્છાથી જ થયું છે. અમે તમારા પુત્ર રૂપે પ્રગટ થઈને તમારી બધાની રક્ષા કરીશું અને અધર્મનો નાશ કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત એકાંતિક ભક્તિની સ્થાપના કરીશું. માટે તમે સૌ ચિંતાનો ત્યાગ કરીને તમને યોગ્ય લાગે તે દેશમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય થકી જન્મ ધારણ કરો. બદરિકાશ્રમની સભા પુરી થઈ. પછી ભગવાનની આજ્ઞાનુસાર આ બધા મહર્ષિઓ, સંતો, મહાત્માઓ, સિધ્ધોએ ભારતમાં જ્યાં જેને સાનુકુળ લાગ્યું ત્યાં જન્મ ધારણ કર્યો.

પુરુષોત્તમનારાયણની પ્રગટ થવાની ઈચ્છા થઈ એ સમયે જ દુર્વાસાના શાપનું નિમિત્ત ઉભું થયું. નિત્યાનંદ સ્વામીએ હરિદિગ્વિજયમાં વર્ણવ્યું છે કે નરનારાયણદેવે આ સમયે પોતાના મૂળ સ્વરૂપ પુરુષોત્તમનારાયણનું ધ્યાન કર્યું. એટલે તુરત જ પુરુષોત્તમ નારાયણે કહ્યું કે અમારે પ્રગટ થવાની ઈચ્છા છે. એટલે આ એક નિમિત્ત ઉભુ કર્યું છે. આમ પુરુષોત્તમ નારાયણ પોતાના સ્વરૂપ ભરતખંડના રાજા અને ભરતખંડના ઉપાસ્ય નરનારાયણ દેવને આગળ કરીને સ્વામિનારાયણ નામથી પ્રગટ થયેલા છે. આ કથામાં પરબ્રહ્મ પુરુષોત્તમ એવા સ્વામિનારાયણ ભગવાને નરનારાયણદેવ સાથે પોતાનું એકત્વ પ્રતિપાદિત કર્યું છે. મુક્તાનંદ સ્વામીએ આરતીમાં ગાયું છે કે, 'નારાયણ નર ભ્રાતા દ્વિજકુળ તનુધારી' અર્થાત્ નરનારાયણદેવે બ્રાહ્મણ કુળમાં સ્વામિનારાયણ ભગવાન તરીકે શરીર ધારણ કર્યું છે.

કથાના અનુસંધાનમાં નરનારાયણદેવ વિશે જાણવું જરૂરી હોવાથી નરનારાયણદેવના પ્રગાટ્ય વિષે થોડું વૃતાંત જોઈએ.

●

## ૭. નરનારાયણદેવ પ્રાગટ્ય :

નરનારાયણ ભગવાનનો જન્મ આજથી ચાર અબજ વર્ષ પૂર્વે સૃષ્ટિના આરંભ કાળમાં થયો હતો. જ્યારે પરમાત્માને સૃષ્ટિની રચના કરવાની ઈચ્છા થઈ ત્યારે પ્રભુએ અક્ષરના તેજમાં લીન થયેલા પુરૂષ-પ્રકૃતિને જગાડ્યા. જેનાતી અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ થઈ. પુરૂષના અંગમાંથી ધર્મની

ઉત્પત્તિ થઈ અને પ્રભુની બ્રહ્મવિદ્યા આદ્યશક્તિ એમાંથી ધર્મની પત્ની મૂર્તિનો જન્મ થયો. ભગવાને પતિ-પત્નીને કહ્યું તમે પૃથ્વી ઉપર જાઓ. હું તમારાથી જન્મ લઉ છું. સાબરમતીના કિનારે (નારાયણઘાટ) ત્રીસેક કિ.મી.ના ઘેરાવામાં મોટું વન હતું. જેને પદ્મ પુરાણમાં ધર્મારણ્ય કહ્યું છે. સાબરમતી અને ચન્દ્રભાગા આ બે નદીઓનો સંગમ જ્યાં થાય છે એ સ્થલે આદિ સતયુગમાં ધર્મ અને ભક્તિએ દેવતાઓના બાર વર્ષ સુધી તપ કર્યું. એ વખતે સાબરમતી નદીનું નામ કૃતવતી હતું. ધર્મ અને ભક્તિની તપશ્ચર્યાથી પ્રસન્ન થઈને પરમાત્મા ચાર સ્વરૂપે પ્રગટ થયા. હરિ, કૃષ્ણ, નર અને નારાયણ. વૈવસ્વત મન્વંતરમાં ફાગણ મહિનાની પૂનમના દિવસે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં શ્રી નરનારાયણ ભગવાનનું પ્રાગટ્ય દિવ્ય સ્વરૂપે એટલે કે સોળ વર્ષની ઉંમર વાળા નરનારાયણદેવે દર્શન આપ્યું. એ વખતે ઈન્દ્રાદિક દેવતાઓએ દિવ્ય હિંડોળામાં પ્રભુને પધરાવીને ખૂબ ઝુલાવ્યા હતા. તે દિવસથી પુષ્પદોલોત્સવ શરૂ થયો છે. ઉત્સવ પુરો થયા પછી ભગવાન કહે છે. હે ધર્મપિતા ! હું તમારી રક્ષા કરવા પ્રગટ થયો છું. મને બદરિકાશ્રમ બહુ ગમે છે. માટે હવે હું ત્યાં જાઉં છું. માતા પિતા કહે, અમે પણ તમારી સાથે ત્યાં આવીશું. આ કળિયુગમાં અમે અને તમે પ્રગટ થઈને અધર્મ થકી મુમુક્ષુઓની રક્ષા કરીશું. ત્યારથી ભગવાન નરનારાયણદેવના સ્વરૂપે પોતાના ભક્તોના હિત માટે બદરિકાશ્રમમાં રહી કાયમ તપ કરે છે અને એ તપનું ફળ પોતાના ભક્તોને આપી દે છે. જેનાથી ભક્તોમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યની વૃદ્ધિ થાય છે અને અંતે આત્યંતિક કલ્યાણને પામે છે.

ભગવાનનું હરિ નામનું સ્વરૂપ નારાયણ નામથી લક્ષ્મીજી સાથે વિવાહ કરી લક્ષ્મીનારાયણ તરીકે વૈકુંઠ ધામમાં રહ્યાં છે અને ભગવાનનું કૃષ્ણ નામનું સ્વરૂપ રાધિકાજી સાથે વિવાહ કરીને રાધાકૃષ્ણ તરીકે ગોલોક ધામમાં રહ્યાં છે.

●



## ૮. ધર્મ - ભક્તિ અને ઘનશ્યામ મહારાજનું પ્રાગટ્ય :

ઉત્તર કોશલ દેશમાં સરયૂ નદીના ઉત્તર કિનારે ઈટાર નામે સુંદર નગર છે. તે નગરમાં લક્ષ્મણ શર્મા નામે બ્રાહ્મણ રહેતા હતા. તેમનો વેદ સામવેદ અને શાખા કૌથુમી હતી. સાવર્ણી ગોત્રવાળા એ બ્રાહ્મણના વંશમાં બાલ શર્મા ખૂબજ વિદ્વાન, શુભ ચારિત્રવાળા, નિર્મળ અંતઃકરણવાળા હતા. બાલ શર્માના પત્ની ભાગ્યવતી પણ પતિવ્રત્યાદિ ગુણોથી યુક્ત હતા. આવા પવિત્ર દંપતી થકી વિ.સં. ૧૭૯૬ ના કાર્તિક શુક્લ એકાદશી - પ્રબોધિની ને બુધવારના દિવસે મધ્યાહને ધર્મદેવ પ્રગટ થયા. જેમનું બીજું નામ દેવશર્મા હતું.

એજ ઉત્તર કોશલ દેશમાં અયોધ્યા નજીક સરયૂ નદીના સામા તટે થોડે દૂર મનોરમા નામની નદી વહે છે. ત્યાં મખોડા નામે તીર્થ છે. મખોડાથી ઉત્તર તરફ છપૈયા નામનું સુંદર નગર વસેલું છે. ચાર વર્ણોથી વ્યાપ્ત, યાજ્ઞિકોને અતિ પ્રિય અને નિર્મળ જળથી ભરેલા સરોવરથી શોભતું, અનેક વૃક્ષોથી અલંકૃત એવા એ છપૈયા ગામમાં કૃષ્ણશર્મા નામે પવિત્ર બ્રાહ્મણ, ભવાની નામના પતિવ્રતા પત્ની સાથે રહેતા હતા. આ દંપતી પરમાત્માના દ્રઢ ઉપાસક હતાં એમને ત્યાં વિક્રમ સંવત ૧૭૯૮ ના કાર્તિક સુદી પૂનમ અને બુધવારે સાંજે ભક્તિદેવી પ્રગટ થયા.

તેવી જ રીતે અયોધ્યાનગરમાં કાશ્યપ ગોત્રોત્પન્ન અજય નામના બ્રાહ્મણ અને તેમના પત્ની સુમતિ થકી, દુર્વાસાના શાપને કારણે, કૃષ્ણ ભક્તિ પ્રવર્તક ઉદ્ધવજીનો પ્રાદુર્ભાવ વિ.સ. ૧૭૯૫ના શ્રાવણ વદી આઠમના દિવસે પ્રભાતમાં થયો. જેમનું નામ 'રામ' પાડવામાં આવ્યું હતું. જેઓ ગૃહત્યાગ પછી 'રામાનંદ સ્વામી' તરીકે પ્રસિધ્ધિ પામ્યા. જેઓએ આ સંપ્રદાયના મૂળ રોપ્યા હોવાથી સ્વામિનારાયણ સંપ્રદાય પ્રથમ 'ઉદ્ધવ સંપ્રદાય' તરીકે ઓળખાતો. આ રામાનંદ સ્વામી એ જ આપણા ઈષ્ટદેવના ગુરુ. અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ ભગવાન અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે પોતાના અનંત

મુક્તો સહિત છપૈયાપુરમાં સરવરીયા બ્રાહ્મણ ઈટાર પાંડેશ્રી ધર્મદેવ થકી ભક્તિ દેવીને વિષે સંવત ૧૮૩૭ ના ચૈત્ર સુદી નવમીની દસ ઘડી રાત્રિ જતા પોતે પ્રાદુર્ભાવ પામ્યા. અધો ઉર્ધ્વપ્રમાણે રહિત તેજના સમૂહના મધ્યે કિશોર મૂર્તિ, અતિ તેજસ્વી, ચતુર્ભુજ, પીતાંબર ધારી, કિરીટાદિ આભૂષણે વિભૂષિત ઢોલીયા ઉપર બિરાજેલા શ્રી ઘનશ્યામ મહારાજનું મહા અલૌકિક સ્વરૂપે પ્રથમ દર્શન થયું. ભક્તિમાતાની સ્તુતિથી તે પ્રભુએ પ્રસન્ન થઈને પછી દ્વિભુજરૂપે અક્ષરધામમાં મુક્તે સહિત પોતાનું દર્શન આપીને પછી બાળ સ્વરૂપે બનીને શયન કરતા હતા. તે સમયમાં ત્રિગુણાભિમાની વિષ્ણુ, શિવ, બ્રહ્મા, ઈન્દ્રાદિક દેવો પોતપોતાના ગણે સહિત આવીને આંગણામાં દુંદુભિ વગાડી સ્તુતિ કરી ચંદન પુષ્પના વરસાદ કરતા હતા. અને મુનિ તથા મુક્તના સમૂહ આવીને આશીર્વાદ આપતા હતા. તારા મંડળ સૂર્યચન્દ્રાદિક સહિત શિશુમાર ચક્ર નિર્મળ થઈ સ્થિર બની ગયું હતું. શીત, મંદ, સુગંધિત વાયુ વાતો હતો. અને તે વાયુના વેગે મેઘ ધીમે ધીમે ઝીણા બિન્દુઓ રૂપી અમૃત વર્ષા કરતો હતો. ગોલોક ધામથી સુરભી ગાય આવી દૂધની ધારાઓ સીંચી પગે લાગતી હતી.

જેના જીવનમાં જેના ઘેર ધર્મનું પાલન થતું હશે તથા જેના જીવનમાં જેના ઘેર પરમાત્માની અખંડ ભક્તિ થતી હશે, તેના હૃદયમાં તેના ઘેર નિરંતર ધર્મ-ભક્તિના પુત્ર એવા હરિકૃષ્ણ મહારાજનો વાસ થશે. જેના ઘેર ભગવાન બિરાજમાન હોય તે ઘર તીર્થ બની જાય, તેવા ઘેર નારાયણની સાથે લક્ષ્મીજીનો તથા સર્વે રિધ્ધી સિધ્ધીનો પણ વાસ થાય છે.

●

## ૯. ઘનશ્યામ મહારાજનું નામ સંસ્કરણ તથા ભવિષ્ય વાણી :

એક સમયમાં માર્કન્ડેય ઋષિ બ્રાહ્મણ વેશે ધર્મદેવને ઘેર આવ્યા હતા. ત્યારે હરિપ્રસાદે તે ઋષિનું આદરથી સન્માન કર્યું અને તેમને જ્યોતિષી જાણી કહેતા હતાં કે, હે મહારાજ ! તમે મારા પુત્રનો નામકરણ સંસ્કાર કરો. પુત્રને



ત્રણ માસ પુરા થયા છે. તેવું સાંભળી મુનિ માર્કન્ડેય રાજી થઈ નામકરણ કરવા લાગ્યા અને બોલ્યા જે, હે હરિપ્રસાદજી ! આ તમારા પુત્ર તમારી સર્વે આપત્તિને હરશે તથા જે જનો તેમના આશ્રિત થશે તેઓની પણ આપત્તિ હરશે અને કર્ક રાશીમાં તેમનો જન્મ છે માટે એમનું નામ હરિ એવું રાખવામાં આવે છે. તથા હે હરિપ્રસાદજી ! તમારા પુત્રના શરીરના વર્ણ ઉપરથી, વળી ચૈત્ર માસમાં જન્મ હોવાથી તેમજ તમારા પુત્ર સમાશ્રિતોના મનને પોતાની મૂર્તિને વિષે તાણી લેશે માટે કૃષ્ણ એવે નામે વિખ્યાત થશે અને એ નામ જુદા જુદા છે તે ભેગા મળીને હરિકૃષ્ણ એવું નામ પણ જાહેર થશે. વળી આ પુત્રના હાથમાં પદ્મ ચિન્હ છે અને ચરણારવિંદમાં વજ્ર, ઉર્ધ્વરેખા ને કમળ એવાં ચિન્હો છે માટે આ તમારા પુત્ર લાખો મનુષ્યોના નિયંતા થશે અને ત્યાગ, તપ, જ્ઞાન, યોગ, ધર્મએ પાંચ ગુણે કરીને શિવજી જેવા પણ થશે માટે નીલકંઠ એવેનામે કરીને વિખ્યાત થશે અને હે ધર્મદેવ ! તમારા પુત્ર કલ્યાણકારી અનંત ગુણોવાળા થશે અને અનેક મનુષ્ય, પશુ, પક્ષી આદિ જીવોને સમાધિ કરાવી પોતાનું ધામ દેખાડી પોતાના આશ્રિત કરશે અને તમારી સમગ્ર કષ્ટથી રક્ષા કરશે. તમારા પુત્રના સદ્‌ગુણોના પારને હું પામીશકું તેમ નથી.

માર્કન્ડેય મુનિનાં વચન સાંભળીને ખૂબ રાજી થયેલા ધર્મદેવે ઋષિને ઘણાં વસ્ત્રો, અલંકારો અને દ્રવ્ય દક્ષિણા તરીકે આપ્યું જે સ્વીકારીને માર્કન્ડેય ઋષિ ત્યાંથી પ્રયાગ તરફ ચાલતા થયા. ચિરંજીવી માર્કન્ડેય ઋષિ કેટલેક કાળે કરીને શ્રીજી મહારાજને ગુજરાત પ્રદેશમાં આવેલા ઉંઝા ગામમાં મલ્યા. પછી તેમણે પરમહંસ દીક્ષા ગ્રહણ કરી ત્યારે તેમનું નામ શ્રીજી મહારાજે મહાનુભાવાનંદ સ્વામી પાડયું. શ્રીજી મહારાજની જીવન લીલાનો સમય પ્રગટ થયા પછી સરવાર દેશ (છપૈયા અને અયોધ્યા) માં ૧૧ વર્ષ ૩ માસ ૧ દિવસ, ગૃહ ત્યાગ કર્યા પછી વનવિચરણમાં ૭ વર્ષ ૧ માસ ૧૧ દિવસ, વન વિચરણને અંતે લોજ ગામમાં મુક્તાનંદ વગેરે સંતો સાથે ૧૦ માસ ૬ દિવસ, રામાનંદ સ્વામી (ગુરુ) સાથે સોરઠમાં વિચરણ સમય ૧ વર્ષ ૫ માસ અને ૧૬ દિવસ છે. અને રામાનંદ સ્વામીએ સંપ્રદાયના આચાર્ય પદે સ્થાપી ધર્મધુરા સોંપ્યા પછી સત્સંગમાં ૨૮ વર્ષ ૫ માસ ૨૭ દિવસ એમ

સમગ્ર રીતે ૪૯ વર્ષ ૨ માસ ૧ દિવસ છે. મુખ્યત્વે બાળ લીલા, વનવિચરણ અને સત્સંગ સ્થાપન એમ ત્રણ ભાગમાં વહેંચાયેલા પોતાના જીવનકાળ દરમિયાન શ્રીજી મહારાજે એટલી અદ્‌ભૂત અને દિવ્ય લીલાઓ, ચરિત્રો કર્યા છે કે જે સંપૂર્ણ કોઈનાથી લખી શકાય નહિ. પરંતુ મહારાજના ચરિત્રો વાંચવા-સાંભળવાથી ભક્તજનોને પરમ શાંતિની અનુભૂતિ થાય છે. મુમુક્ષુજનોને શ્રીજી મહારાજ પ્રત્યક્ષ પરમાત્મા છે તેવો દ્રઢ નિર્ધાર થાય છે. મહારાજ સાથે દ્રઢ પ્રીતિ થાય છે. ચરિત્રો વાંચવા સાંભળવાથી મનુષ્યોના પાપો ધોવાઈ જાય છે, મહારાજ સાથે પ્રીતિ થાય એટલે મહારાજની લખેલી શિક્ષાપત્રી પાળવાનું જીવમાં બળ આવે છે એ ન્યાયે મહારાજના અગાધ સાગર રૂપી ચરિત્રોમાંથી આચમન તુલ્ય થોડા ચરિત્રો લખું છું.

●

## ૧૦. શ્રીજી મહારાજના દિવ્ય ચરિત્રોનું આચમન :

શ્રીજી મહારાજનું બાળપણનું નામ ઘનશ્યામ મહારાજ છે. એ ઘનશ્યામ મહારાજની બાળલીલાઓ દરમિયાન છપૈયામાં મોટામોટા દેવો, ઋષિમુનિઓ, સિધ્ધો, અવતારો વગેરે મહારાજનું દર્શન કરવા આવતા, સ્તુતિ કરતા, ભેટ, મુકતા, મહારાજ અનેક અસુરોનો સંહાર કરતા, તથા કેટલાય મનુષ્યોને તથા પક્ષીઓ આદિક જીવાત્માઓને પણ સમાધિ કરાવતા, મનુષ્યોને સમાધિ કરાવી પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવતા. છપૈયાની આજુબાજુના પ્રદેશમાં તથા અયોધ્યામાં મહારાજે અનેક આશ્ચર્યકારી અને કલ્યાણકારી ચરિત્રો કર્યા છે.

### (૧) ઘનશ્યામ મહારાજે ભક્તિમાતાને પોતાના મુખમાં અનંત કોટી બ્રહ્માંડનું દર્શન કરાવ્યું :

એક દિવસ ભક્તિમાતા પોતાના પુત્રને સ્તનપાન કરાવતા હતા. પછી સ્તનપાન કરી શ્રી ઘનશ્યામ ખોળામાં રમવા લાગ્યા. તે સમયમાં બગાસું ખાધું એટલે ઘનશ્યામ મહારાજના મુખારવિંદમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઈન્દ્ર, ચન્દ્રાદિક દેવતાઓ તથા તારામંડળે સહિત શિશુમાર ચક્ર તથા સાતદ્વીપ,



સાત સમુદ્રને નવખંડ પૃથ્વીને લોકાલોક પર્વત અને આ લોક તથા અવ્યાકૃત ધામે સહિત ભૂમા પુરૂષાદિક સમગ્ર ઐશ્વર્ય સહિત અનંતકોટિ બ્રહ્માંડને એક કલાવછિન્ન મુખમાં દેખતા હતા. તે મહા અદ્‌ભૂત ઐશ્વર્ય જોઈને પોતાના બહેન વસંતાબાઈ, ચંદનબાઈ તથા સુંદરીબાઈ આદિકને તે વાત કહીં. તે સાંભળીને સર્વે છપૈયાપુરવાસીજનો મહા આશ્ચર્ય પામ્યા.

### (૨) નારદ, તુંબરૂ અને શંકર એ ત્રણ દેવો ઘનશ્યામ મહારાજના દર્શને આવ્યા :

એક સમયે ધર્મદેવને આંગણે નારદ, તુંબરૂ અને શંકર એ ત્રણ દેવો આવ્યા હતા. આવીને નારદજી તો નૃત્ય કરી ઘનશ્યામ મહારાજને રાજી કરતા હતા. તુંબરૂ પણ તનનનનન કરીને તાન બજાવી બાળ સ્વરૂપ એવા ભગવાનને રાજી કરતા હતા. અને શંકર પોતે ડમ ડમ ડમરૂ બજાવી થેઈ થેઈ કરીને પાવ નચાવતા હતા. તે શબ્દ સાંભળી છપૈયાપુર વાસી જનો દોડી ધર્મદેવને ઘેર આવ્યા અને તે સમયની શોભા જોઈ સર્વે સ્થિર બની ગયા. તે સમયમાં રામપ્રતાપભાઈ તથા વશરામ તરવાડી એ બે મામા ભાણેજ ગામ લોહગંજરી ગયા હતા. તે ઘેર આવ્યા ત્યાં તો આવી મહાઅલૌકિક શોભા જોઈને પોતાના મનમાં આશ્ચર્ય પામતા હતા. આ સમય દરમિયાન બાળ સ્વરૂપ પોતે પોઢેલા હતા. તે તત્કાળ બહાર ઓસરીમાં આવીને તે ત્રણેને પોતાનું દર્શન દઈ પાકા કેળાની લુમ્બ આપી. તે રાજી થઈને પ્રસાદી લઈ નમસ્કાર કરીને આકાશ માર્ગે અદ્રશ્ય થઈ ગયા અને પ્રભુ પોતે પોઢી ગયા. તેવું ચરિત્ર જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા.

### (૩) વૈરાજપુરૂષ ઘનશ્યામ મહારાજના દર્શન કરવા આવ્યા :

એક સમયમાં ભક્તિમાતાએ ઘનશ્યામ મહારાજને સ્તનપાન કરાવી પારણામાં પોઢાડ્યા હતા. તે સમયે વૈરાજપુરૂષ ઘનશ્યામ મહારાજના દર્શન કરવા આવ્યા. તે કેવા હતાં તો તે બહુ ઊંચા, મોટા ઉદર વાળા, મસ્તક ઉપર જટા ધારણ કરી રહેલા, એવા તે ધર્મદેવના દ્વાર આગળ ઉભા રહ્યા અને સન્મુખ રહેલાં પારણે પોઢેલા ઘનશ્યામ મહારાજને નમસ્કાર કરી સ્તુતિ કરવા લાગ્યા અને બોલ્યા જે હે મહારાજ ! તમોને મુંજરો દેવા સર્વે મુક્તો અને બીજા દેવો આવે છે કે નહીં ? ત્યારે પ્રભુ બોલ્યા, હા કેટલાક આવી ગયા

અને કેટલાક બાકી છે તે આવશે. ત્યારે તે બોલ્યા જે, હે મહારાજ ! હે ભગવન્ ! તમો સ્વયં પુરુષોત્તમ અવતારી આ પૃથ્વી ઉપર પધાર્યા છો તો કોણ આપની પાસે નહિ આવે ? સર્વે આવશે એમ કહીં. હાથમાં રમકડાં આપી પારણે રેસમની દોરી બાંધીને નમસ્કાર કરી ચાલ્યા. તે નારાયણ સરોવરના ઉગમણે કાંઠે જળપાન કરી ત્યાંથી ચાલ્યા. ઉગમણે બગીચે જઈ ગામ અગીયાના તળાવમાં રામદત્ત નામનો બ્રાહ્મણ સ્નાન કરતો હતો, તેની પાસે જઈને ઉભા રહ્યા. ત્યારે તે બ્રાહ્મણ ભય પામી બોલ્યો જે, હે મહારાજ ! તમે કોણ છો ? આ બ્રહ્માની સૃષ્ટિમાં આવા ઉંચા કોઈ હોય નહિ, ને આગળ સત્યયુગમાં શાસ્ત્ર થકી સાંભળ્યામાં આવ્યા છે તે હશે, પણ આજે કલિયુગમાં તેવા હોય નહિ. એમ કહ્યું ત્યારે બોલ્યા જે, અમો તો વૈરાજપુરુષ છીએ. તે છપૈયાપુરને વિષે હરિપ્રસાદ પાંડેના પુત્ર ઘનશ્યામ અક્ષરાધિપતિનાં દર્શન કરવા ગયા હતા. એમ કહીને શ્રવણ તળાવડીના મેળા ઉપર ગયા. પછી તે રામદત્ત આશ્ચર્ય પામી છપૈયાપુરમાં આવી શ્રી ધર્મદેવને વાત કરતો હતો. પછી ઘનશ્યામ મહારાજને પારણામાં જઈ જોવા લાગ્યો. એટલે તેને ઘનશ્યામે ચતુર્ભુજ રૂપે દર્શન આપ્યા. તે વખતે આખાં શરીરમાંથી તેજ તેજના અંબાર છૂટ્યા તેથી પોતે અંજાઈ ગયો. એવી રીતે ઘડીક ઐશ્વર્ય દેખાડીને દયાળુમૂર્તિ ભગવાને તે તેજને પાછું પોતામાં સમાવી લીધું ને રામદત્ત સામું જોઈ હસવા લાગ્યા. તેવું મહા અદભૂત આશ્ચર્ય જોઈ ને તે વિપ્ર પોતાના ગામમાં જઈને તે પ્રતાપની વાર્તા સર્વેને કહેતો હતો.

### (૪) અંગુઠીની લીલા :

એક સમયે અયોધ્યાપુરીમાં શ્રી ઘનશ્યામ મહાપ્રભુના ભાભી સુવાસિની બાઈ, પોતાની આંગળીએથી અંગુઠી ઉતારીને બાજોઠ ઉપર મૂકીને રસોઈ કરવા લાગ્યાં. ત્યારે તે અંગુઠીને ઘનશ્યામ મહારાજ છાનામાના ચોરી કરીને સામે ઉમરાવ હલવાઈની દુકાને જઈને તેને આપીને કહ્યું જે, આની મીઠાઈ આપો. એવું સાંભળીને હલવાઈએ તે અંગુઠી લીધી અને તેના બદલામાં એક શેર બરફી આપી. તે જોઈને પોતે વિચાર કર્યો જે મને આ હલવાઈ છેતરે છે માટે તેનો સર્વે મીઠાઈનો માલ હું ખાઈ જાઉં. એવો વિચાર કરીને એમ બોલ્યા જે અમો જેટલી મીઠાઈ ખાઈએ તેટલી ખાવા દો. તેવું સાંભળીને



હલવાઈ કહે બહુ સારુ. પછી તેણે મનમાં વિચાર કરીને અંગુઠી પોતાની સ્ત્રીને બતાવી. ત્યારે તેની સ્ત્રી અમૂલ્ય વીંટી જોઈને પરીક્ષા કરીનો બોલી જે હે ઘનશ્યામ ! તમારે જેટલી મીઠાઈ જમવી હોય તેટલી અમારી દુકાનમાં બેસીને જમો. ત્યારે પોતે દુકાનની નીચે ઉભા હતા તે તત્કાળ દુકાનમાં જઈ એક બાજુ બેઠા. ત્યારે તેમની પાસે જળનો લોટો ભરીને તે બાઈએ મૂક્યો. પછી પાત્રમાં મીઠાઈ ભરીને તે ઉમરાવ હલવાઈએ આપી તે જેટલી મૂકી તેટલી તુરત જમી ગયા. એમ કરતાં કરતાં દુકાનની સર્વે મીઠાઈ જમી ગયા. ત્યારે પોતાના ભાઈ રામચરણની દુકાનેથી લાવીને આપતો હતો.

રાજાના બે પોલીસ બ્રાહ્મણ હતા. તે સૂર્યકુંડે સ્નાન કરવા જતા હતા. તેમણે આ ઠરાવ સાંભળીને, શહેરના કેટલાક માણસો સહિત જોવા સારું ઉભા રહ્યાં હતા. ત્યારે વચનથી બંધાયેલો હલવાઈ પોતે બીજી કેટલીક દુકાનોમાંથી મીઠાઈ લાવીને આપતો હતો, તે સર્વે જમીને પેટ ઉપર હાથ ફેરવીને કહે જે મારે તો જમવા મીઠાઈ જોશે. તમે મને બેસાર્યો તેથી બેઠો છું. તેવું સાંભળીને હલવાઈ પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો કે હવે કેમ કરવું ? મેં તો કેટલીક દુકાનેથી મીઠાઈનો માલ આપ્યો, તો પણ હજી સુધી માંગે છે. ત્યારે તે બાઈએ કહ્યું જે, હવે આ ઘીનું ભરેલું કુંડલુ એમની પાસે મૂકો એટલે ઉઠી જશે. ત્યારે તેણે એમ કર્યું. ત્યાં તો ઘનશ્યામ મહારાજે દેવને આજ્ઞા કરી તે મર્કટરૂપે દેવ ઘી ત્યાં ને ત્યાં ખાઈને અદ્રશ્ય થઈ ગયા. તે જોઈને મહા વિસ્મય પામતો સતો હલવાઈ સમીપે આવી પગે લાગીને બોલ્યો જે હે ઘનશ્યામ ! તમો તો સાક્ષાત્ રામચંદ્રજી છો, ને હવે તો તમો મારા ઉપર કૃપા દ્રષ્ટિ કરીને જેમ મારું સારું થાય તેમ કરો. ત્યારે બોલ્યા જે, હવે મારે નહિ જોઈએ. એમ કહીને હાથ મુખ ધોઈને દુકાનથી નીચે ઉતરીને ચાલ્યા ગયા. તે જોઈને સર્વેજનો મહાઆશ્ચર્ય પામતા હતા.

ત્યારપછી ઘનશ્યામ મહારાજ આટલું જમ્યા છે માટે ઘેર પોતાનો જમવાનો સમય ચુકાવીને વિલંબે ગયા. ત્યારે સુવાસિનીબાઈ બોલ્યા, ઘનશ્યામભાઈ, તમોએ મારી અંગુઠી જોઈ છે ? ત્યારે બોલ્યા જે, તમોએ ઘરમાં ક્યાંઈક મૂકી હશે, તે ભૂલી ગયા છો, તે શોધી જુઓ. ત્યારે ધર્મભક્તિ બોલ્યા, હે ઘનશ્યામ ! તમોએ લીધી હોય તો આપો. જુઓ, તમો આગળ

છપૈયાપુરમાં એક વખત વાળી લઈ ગયા હતા. માટે અંગુઠી પણ લીધી હોય તો બોલો. ત્યારે ઈચ્છારામજી પોતાના દાદાની પાસે જઈને કહેવા લાગ્યા, હે દાદા ! ઘનશ્યામભાઈને અંગુઠી લેતા મેં જોયા હતા. પરંતુ હવે માનતા નથી. ત્યારે ઘનશ્યામ મહારાજ ઘરમાંથી બહાર નીકળીને હલવાઈની દુકાને જઈને કહેવા લાગ્યા જે, અંગુઠી લાવો. ત્યારે હલવાઈ બોલ્યો જે મારો આટલો બધો મીઠાઈનો માલ ખાઈ ગયા અને હવે અંગુઠી લેવા આવ્યા છો ? ત્યારે સાથે આવેલા ધર્મદેવ તથા ઈચ્છારામજીના સાંભળતા ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, તમારો મીઠાઈનો માલ બગાડ્યો હોય તો ન આપશો. તમો દુકાનમાં મીઠાઈ તપાસી જુઓ. તેવું સાંભળીને તે હલવાઈ બધી દુકાનમાં તપાસ કરતો હતો, ત્યારે દુકાનમાં ઘણી જાતની મીઠાઈ જોઈ અને ઘીનું કુંડલું ભરેલું એમને એમ હતું. તે જોઈને અંગુઠી પાછી આપીને બે હાથ જોડીને વિનંતિપૂર્વક પગે લાગીને તે સઘળી વાત વિસ્તારપૂર્વક ધર્મદેવને કહેતો હતો. ત્યારબાદ ધર્મદેવ અંગુઠી લઈ ઘેર આવીને આપતા હતા. અને હલવાઈએ દુકાનમાં ઘનશ્યામે ખાધેલી મીઠાઈ એમને એમ ભરેલી જોઈ.

આ મહાઅદ્‌ભૂત ચરિત્રિ ઉપર બ્રહ્માનંદ સ્વામીએ કીર્તન કર્યું છે જે :- ''સુન માત જશોદા ગોરી, તેરે લાલ અંગુઠી ચોરી.'' આજે પણ અયોધ્યાપુરીમાં આપણા સ્વામિનારાયણ મંદિરના દરવાજાની સામે જ નજીકમાં શ્રી ઘનશ્યામ મહારાજના આ દિવ્ય ચરિત્રનું સ્મરણ કરાવતું સ્થળ સૌને દર્શન આપી રહ્યું છે.

### (૫) ગંગાજી અને યમુનાજી ઘનશ્યામ મહારાજને સ્નાન કરાવવા આવ્યા :

એક સમયને વિષે જન્મ સ્થાનકના કૂવાના પરથાળ ઉપર ઘનશ્યામ મહારાજ પૂર્વાભિમુખે બેસીને દંતધાવન કરતા સતા બોલ્યા જે, હે ભાભી ! મારે આજે ઉતાવળ બહુ છે. માટે જેમ બને તેમ વહેલું પાણી લાવો તો સારું. ત્યારે બોલ્યા જે, હે ભાઈ ! પાણી ગરમ કરવા મુકેલું છે તે થાય ત્યારે લાવું. તે વખતે પોતાની ઈચ્છા થકી ગંગાજી તથા યમુનાજી એ બે, ભગવાનને સ્નાન કરવાનો લાગ જોઈને ઉતાવળમાં મહા અદ્‌ભૂત સ્ત્રીઓનો વેશ ધારણ કરીને જળની તાંબાકુંડીઓ ભરીને આવતા હતા. તે આવીને ધર્મકુંવરને પગે



લાગીને તૈલમર્દન કરીને જળ વડે સ્નાન કરાવવા લાગ્યાં. ત્યારે સુવાસિની બાઈ પાણી લઈને કૂવા ઉપર જેવા આવે છે ત્યાં તો બંનેને નવરાવતા જોઈને સ્થિર થઈ ગયા. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે ભાભી ! તમો તો હંમેશા અમારી સેવા કરો છો. પરંતુ આ મહેમાનને અમારી સેવા કરવાનો યોગ ક્યાંથી મળે. માટે આજે તેમને સેવા કરવા દો. ત્યારે સુવાસિની બાઈએ પૂછયું જે, હે મહારાજ ! આ દેવીના સરખી અતિ રૂપવાન અને ભારે વસ્ત્ર અલંકારે યુક્ત સ્ત્રીઓ કોણ છે ? ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, ઘણા દિવસથી અમારી સેવાને ઈચ્છતા હતા. માટે આજે અમારી ઈચ્છાથી આવ્યાં તે ગંગાજી અને યમુનાજી છે. તે સાંભળીને ભક્તિ માતાને બોલાવી લાવ્યા. તે વાર પછી તે બન્ને જણ નવરાવી રહ્યા એટલે ગંગાજીને કહ્યું જે, તમો સત્સંગમાં આવજો. અમે શ્રીનગરમાં પાંચસો પરમહંસ સહિત રંગ રમીને સાબરમતી નદીના નારાયણ ઘાટે સ્નાન કરવા જઈશું. ત્યારે તે જળમાં તમારી સ્થાપના કરીશું. એવી રીતે ગંગાજીને વરદાન આપીને યમુનાજી પ્રત્યે બોલ્યા જે, હે યમુનાજી ! તમો પણ સત્સંગમાં આવજો. અમો દુર્ગપુરને વિષે રંગ લીલા કરીને ઘેલા નદીના ખળખળીઆમાં સ્નાન કરવા જઈશું તે સમયે તમારું સ્થાપન કરીશું. એવી રીતે વર પામીને અદ્રશ્ય થઈ ગયાં. એટલે સુવાસિની બાઈએ પહેરવા ધોતી આપી. તે પહેરીને ચાખડીઓ ઉપર ચઢીને ઓસરીમાં આવીને પોતાનું નિત્યકર્મ કરવા બેસતા હતા.

### (૬) ઘનશ્યામ મહારાજનું દર્શન અને પ્રસાદનો મહિમા :

એક સમયને વિષે અયોધ્યામાં ભક્તિમાતા પોતાના પુત્રને સવારમાં દહીંને રોટલી આપીને ઓસરીમાં જમવા બેસાડતા હતાં અને પોતે કૂવા ઉપર પાણી ભરવા ગયા. તે સમયે એક મર્કટ આવી ઘનશ્યામ મહારાજના હાથમાંથી રોટલી ઝુટવીને આંબલીની ઉપર ચઢી ગયો. ત્યારે લગારેક રીસ કરીને પોતાનો હાથ લાંબો વધારીને મર્કટને ગળે પકડીને તત્કાળ હેઠો નાખી દીધો એટલે તેની ચિચિયારી સાંભળીને બીજા હજારો માંકડાઓ આવી કિલકારીઓ કરી ઘનશ્યામ મહારાજને મારવા સારુ દોડ્યા. એટલે તેને દેખીને ધર્મદેવ ચોતરા ઉપર બેસીને વિષ્ણુ ભગવાનની પૂજા કરતા હતાં તેઉતાવળા ઉઠીને હાથમાં લાકડી લઈને તે મર્કટને કાઢી મૂકવા સારું એકદમ

સામા ચાલ્યા. ત્યાં તો પોતાના પિતાને આવતા જોઈને પોતે અનંતરૂપે થયેલા અને હાથમાં લાકડીઓ લઈ જતા એવા ઘનશ્યામને જોયા અને પછી પોતે ઉભા રહ્યા. અને ઘનશ્યામ તો સર્વ મર્કટની પાછળ પડ્યા તેથી તેઓ ચારે બાજુ નાસી ગયા. છિનભિન્ન થઈ ગયા. આવું ચરિત્ર જોઈને ધર્મદેવ બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો એકલા છો માટે મારા પુત્રને માંકડા મારશે તેથી હું લાકડી લઈને આવ્યો ત્યાં તો તમો જેટલા મર્કટ હતાં તેટલા રૂપે મને આપના દર્શન થયાં. હવે તમે એક દેખાઓ છો તે શું હશે ? અને તમારો પ્રસાદ જમ્યો તે મર્કટ તથા બીજા સર્વે મર્કટને શું ફળ થશે ? ત્યારે પિતાનો સંશય દૂર કરવા બોલ્યા જે. હે પિતા ! ભગવાનની અકળ કળા છે. જે મર્કટે અમારો પ્રસાદ ખાધો છે તેને થોડાક કાળમાં હિન્દુસ્તાનનું રાજ્ય મળશે. અને સર્વે બીજા માંકડા તેના અનુચર થશે. એવું વચન સાંભળીને માતા પિતા રાજી થયા. તે વખતે શ્રીજીની ઈચ્છાએ ગયેલા મર્કટ આવીને એક એક ક્રમથી ઘનશ્યામ મહારાજને પગે લાગીને સામાં બેઠા. અત્રે એ ઉલ્લેખનીય છે કે ઘનશ્યામ મહારાજના વચન પ્રમાણે આ સર્વે મર્કટ અંગ્રેજો બનીને હિન્દુસ્તાનમાં નિયત સમય પૂરતું રાજ્ય કરી ગયા.

**(૭) મોતી તરવાડીને ઘનશ્યામ મહારાજનું ચતુર્ભુજ રૂપે દિવ્ય દર્શન :**

મહારાજે મર્કટોને દર્શન આપ્યા એ ચરિત્ર સમયે છપૈયાપુરમાં દુંદ તરવાડી બીમાર થયા. તેમણે પોતાના પુત્રોને કહ્યું જે, અયોધ્યાપુરીથી ધર્મદેવ તથા ભક્તિમાતાને તેડી લાવો અને સાથે ઘનશ્યામને પણ તેડતા આવજો કારણ કે તે સાક્ષાત્ ઈશ્વર છે. તેથી તે અંત સમયે મારી પાસે હોય તો મારા જીવનું કલ્યાણ થાય તેવું સાંભળીને છપૈયાપુરથી પોતાના મામા વશરામ તરવાડી તથા મોતી તરવાડી એ બે ભાઈ ધર્મભક્તિને તથા ઘનશ્યામ મહારાજને તેડવા માટે અયોધ્યાનગરીમાં આવ્યા. તેઓ પણ આવો માંકડાનો ઠાઠ જોઈને મહા વિસ્મય પામતા હતા. પછી ધર્મ ભક્તિ પોતાના પુત્રોને સાથે લઈને અયોધ્યાપુરીથી પાછા છપૈયાપુરને વિષે આવ્યા. તેમને આવેલા જાણીને હીરા તરવાડી, સુબુદ્ધ તરવાડી, ભવાનિદીન પહેલવાન, વિરજા તરવાડી, સુંદરી બાઈ આદિક સર્વે બાળ, યુવાન, વૃદ્ધ ધર્મ-ભક્તિને ઘેર



આવીને એક બીજા પરસ્પર મળીને ક્ષેમ કુશળ પૂછતા હતા. તેજ દિવસે ઈશ્વર ઈચ્છાથી બીમાર થયેલા દુંદ તરવાડીને ઘનશ્યામ મહારાજે પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું અને ભૌતિક દેહનો ત્યાગ કરાવીને પોતાના અક્ષરધામમાં મૂક્યા. તે સમયે આકાશમાંથી ચંદન-પુષ્પની વૃષ્ટિ છપૈયાપુરમાં થઈ. આવું ઐશ્વર્ય જોઈને ઘનશ્યામ મહારાજમાં સર્વેને ભગવાન પણાની બુદ્ધિ થઈ. ત્યારબાદ મોતી તરવાડી ગોરના કહેવાથી પ્રથમ જળમાં સ્નાન કરવા માટે ગયા. તેમણે થોડેક દૂર પાણીમાં જઈને ડૂબકી મારી એટલે તરત જ ઘનશ્યામ મહારાજે પોતાના મામાને પોતાનું અદ્‌ભૂત દર્શન દીધું. તે સ્વરૂપ કેવું હતું તો કિશોર વય ચતુર્ભુજ, શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરનાર અને ભાલને વિષે કેસરનું તિલક ધારણ કરનાર, મસ્તક ઉપર મોરપીંછનો મુકુટને મકરાકૃતિ કુંડળ કાનમાં ધારણ કરી રહેલાં અને પીળું પીતામ્બર પહેરીને હેમનો કંદોરો ધારણ કરનારા તથા જરિયાની જામો પહેરીને ગૂઢા રંગનું શેલું ખંભે ધારણ કરેલા તથા કંઠમાં કૌસ્તુભ મણિનો હાર તથા મોતીઓની માળા ધારણ કરનારા, બાંયે બાજુબંધ બાંધીને હાથે હેમકડા નંગ જડિત ધારણ કરી રહેલાં અને આંગળીઓમાં વેઢ અને પગમાં નંગ જડિત સોનાના સાંકળા ધારણ કરનારા અને પાનબીડી ચાવવાથી ઓષ્ઠ રક્ત જેમના થયા છે એવા અને જેમણે ગાલે મોટો એક તિલ ધારણ કરનાર અને કમળની પાંખડીની માફક જેમનાં અણિયાળા નેત્ર છે એવા અને બે હાથ જોડીને પ્રદ્યુમ્નાદિ ચતુર્વ્યુહ જેમની સ્તુતિ કરે છે એવા તથા ચારેબાજુ પોતાના સખાઓથી વીંટાયેલા અને બળદેવજી રૂપે પોતાના ભાઈ જેમને પંખો નાખે છે અને માતા પિતા સમીપે ઉભા છે. આ રીતે મહાઅલૌકિ રૂપે પોતાના મામાને જળને વિષે દર્શન દીધું. તે જોઈને મોતી તરવાડીતો સ્થિર થઈ ગયા ને જળ થકી બહાર નીકળીને જુવે છે ત્યાં તો પોતાના સખાઓ સાથે રમતા દીઠા. આવું મહા અદ્‌ભૂત ઐશ્વર્ય દેખીને પોતાના ભાણેજને બહાર આવી હાથ જોડી પગે લાગતા હતા. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે મામા ! આજે તમો કેમ અમને પગે લાગ્યા ? તેવું સાંભળી ગદ્‌ગદ્ કંઠે થઈ ગયા અને બે હાથ જોડીને બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો તો સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છો.

માટે તમોને પગે લાગું છું. તેવું સાંભળી ગોર મહા આશ્ચર્ય પામતો હતો. પછી સરાવવાનું કામ પતાવી ઘેર આવી મોતી તરવાડી ધર્મભક્તિ સહિત સર્વેને આ વાત કહેતા હતા.

### (૮) મરેલા માછલાઓને સજીવન કર્યા તથા મચ્છીમારોને યમરાજ સ્વરૂપે દર્શન :

એક સમયને વિષે ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓને લઈને મીન સાગરમાં સ્નાન કરવા ગયા. તે સમયમાં ઢીંમરો (મચ્છીમારો) આદિક ઘણાંક અસુરો ભેગા થઈને માછલાં મારીને તે તળાવના કીનારે ઢગલા કર્યા તે જોઈને ઘનશ્યામ મહારાજના અંતઃકરણમાં કંપારો થઈ આવ્યો. અને દયાળુ ધર્મદેવના પુત્ર શ્રી ઘનશ્યામ મહારાજના શરીરમાં રોમાવલી ખડી થઈ ગઈ. તેથી એવો સંકલ્પ કર્યો જે, આ સર્વે માછલાં આ દુષ્ટ અસુરોના હાથ થકી બચી જાઓ અને સર્વે જીવતા બની જાઓ. આવો સંકલ્પ કર્યો તે સાથે જ નાનાં મોટા સર્વે માછલા સજીવન બની ગયાં. અને ઉછળી ઉછળીને પાછાં પાણીમાં જઈ પડ્યાં. એવી રીતનું ઐશ્વર્ય જોઈને તે સર્વે અસુરો ક્રોધાયમાન થઈ પાણીમાંથી બહાર નીકળ્યા અને મારવાનો વિચાર કર્યો. એટલામાં તો ઘનશ્યામ યમરાજના સ્વરૂપે બની ગયા. તે મહાવિકરાળ સ્વરૂપ વાળા, મોટી ડાઢો જેમની છે એવા અને અઢાર હસ્તવાળા અને અઢારે હાથમાં મારવા માટે આયુધને ધારણ કરી રહેલાં અને કાજળના પર્વત જેવું જેમનું સ્વરૂપ છે, એવા તથા મહા ભયંકર આકૃતિવાળા જોઈને સર્વે અસુરો ત્રાસ પામી ગયા અને તેઓને જમપુરીમાં લઈ ગયા. ત્યાં હજારો હજાર યમરાજના દૂતો વારંવાર તેઓને મારવા લાગ્યા તેથી અસુરો મહાત્રાસ પામ્યા. ત્યારબાદ શ્રીહરિની ઈચ્છાથી સર્વે પોતપોતાના શરીરમાં આવ્યા અને ઘનશ્યામ મહારાજને બાળ સ્વરૂપે જોઈને નિર્માની થઈને જમપુરીમાં જે દુઃખ પડયું હતું તેને સંભારીને પગે લાગ્યા અને પોતાના અપરાધની માફી માગીને ફરીથી આવું કર્મ ક્યારેય કરીશું નહિ તેવી રીતનો નિયમ ઘનશ્યામ મહારાજ પાસેથી લઈને પોતપોતાના ઘેર ગયા. આવું ઐશ્વર્ય જોઈને છપૈયાપુર વાસીજનોને તે વાર્તા વિસ્તારપૂર્વક કહેતા હતાં તથા ઘનશ્યામ મહારાજનો



પરમેશ્વર તરીકેનો નિશ્ચય કરીને દિન દિન પ્રત્યે ઘેર આવીને મહિમા પરસ્પર ગાતા હતા.

### (૯) ઘનશ્યામ મહારાજે પોતાના સખાઓને પોપટ બનાવીને ઉડાડી મૂક્યા :

એક સમયને વિષે ઘનશ્યામ મહારાજ પોતાના સખા જે વેણી, માધવને પ્રાગ તથા બંસીધરએ આદિક બીજા કેટલાક સખાઓને સાથે લઈને નૈઋત્ય ખૂણામાં ગામ પીરોજપુરને વિષે દક્ષિણાદિ તરફ આનંદ તરવાડીના બાગમાં જામફળ, રામફળ તથા નારંગી, અંજીર આદિક ફળ ખાવા સારૂં જતા હતા. ત્યાં જઈને વાડીમાંથી પોતાના મનગમતાં ફળ ખાઈને બીજા કેટલાંક ફળ બાંધીને ઘેર આવવાનો વિચાર કરે છે. તે સમયે ગામ તિનવાનો ગરાસિયો ગામ પીરોજપુર આવતો હતો. તે આ સર્વે છોકરાઓને વાડીમાં જોયા અને આનંદ તરવાડીને ઘેર જઈને વાત કરી. ત્યારે આનંદ તરવાડી તથા તેમના પુત્ર બજુ તરવાડી આદિક બીજા કેટલાક માણસો ક્રોધયુક્ત થઈ લાકડીઓ લઈ તે જગાએ આવી ક્રોધમાં કહેવા લાગ્યા જે, હંમેશા આ રીતે ચોરી કરીને ફળ ખાઈ જાઓ છો પણ આજે ભલા લાગમાં આવ્યા છો. તેવું સાંભળીને સર્વે સખાઓને ઘનશ્યામ મહારાજે ધીરજ આપીને પોતાની પાછળ ઉભા રાખતા હતા. તે જોઈને મહાબળવાન આનંદ તરવાડીનો નાનો ભાઈ રઘુનંદન ઉતાવળો પોતાના હાથમાં લાકડી લઈને મોઢેથી ગાળો બોલતો બોલતો વાડીમાં પેઠો. તેને જોઈને ઘનશ્યામ મહારાજે જાણ્યું જે આ અસુર વસમો છે તે આવ્યો, હવે કેમ કરીશું ? પરંતુ હે મિત્રજનો ! તમોને હું મરવા દઈશ નહિ, ચિંતા કરશો નહિ. એમ કહે છે, ત્યાં તો તે અસુરને સમીપે આવતો દેખીને પોતાના સર્વે સખાઓને ઘનશ્યામ મહારાજે તત્કાળ પોપટ કરીને ઉડાડી મૂક્યા. તે સાથે જ પોતાની ચાંચોમાં એક એક પાકું ફળ લઈને ઉડીને ખાંપા તલાવડીએ આંબલીના વૃક્ષ ઉપર જઈને બેઠા અને ઘનશ્યામ મહારાજ પોતાની પાસે જે સર્વે ફળ હતાં તેણે સહિત અદ્રશ્ય થઈ ગયા. તે મહા અદ્ભૂત ચરિત્ર જોઈને મારવા આવેલા જનો બોલવા લાગ્યા. અહો ! હે ભાઈઓ ! આ તો કોણ જાણે ક્યાં જતા રહ્યા ? એમ કહીને સઘળા વાડીમાં શોધવા લાગ્યા. પરંતુ ક્યાંય પતો લાગ્યો નહિ. ત્યારે તે રઘુનંદન બોલ્યા જે

હે ભાઈ ! માનો કે ન માનો પણ ઘનશ્યામે પોતાના સખાઓને પોપટ બનાવીને ઉડાડી મુક્યા છે અને પોતે પણ અહીં જ અંતર્ધ્યાન થઈ ગયા છે, એમ મને તો માલુમ પડે છે. તેવું સાંભળીને આનંદ તરવાડી બોલ્યા જે, હા તે વાત સાચી છે. એ ઘનશ્યામના ચરિત્રો તમો જુઓ, કેમ જે તેમણે બાળપણામાં કાલિદત્ત અસુરને માર્યો ત્યાર પછી આપણા ગામમાં મલ્લનો હાથ ભાંગી નાખ્યો અને મૃત્યુ પમાડ્યો. તે વાર્તા સર્વે કહેતા પણ માનતા ન હતા. પરંતુ આજે તમે જુઓ તો ખરા ! આપણી નજરે પોપટ કરીને ઉડાડી મુક્યા અને પોતે પણ ક્યાં ગયા તેની આપણને કંઈ ખબર પડી નહિ. માટે તે તો ઈશ્વરના ઈશ્વર છે. એમ કહેતા છતાં આનંદ તરવાડી ધર્મદેવને ઘેર તે સમાચાર કહેવા ગયા. ત્યારબાદ ઘનશ્યામ મહારાજ અદ્રશ્ય થઈને ખાંપા તલાવડી ઉપર મોકલ્યા હતાં જે વેણી, માધવ અને પ્રાગ એ આદિક પોતાના સખા સર્વેને પ્રથમના જેવા કરીને પોતે લાવેલ જે ફળો તે સર્વેને વહેંચી આપીને પોતે તલાવડીના કાંઠે મોટા આંબાના વૃક્ષ નીચે બેસીને તે ફળો પોતાના સખાઓ સહિત ચન્દ્રકાર મંડળી કરીને જમવા લાગ્યા એમ ઘણીવાર સુધી તે લીલા કરતા સતા પોતાના ઘેર આવતા હતા. તે આવ્યા ત્યારે આનંદ તરવાડી ધર્મદેવની આગળ ફળ ખાવાની વાર્તા કરતા હતા. તે સાંભળીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દાદા ! અમોને આનંદ તરવાડી તેમની વાડીમાં મારવા આવ્યા હતા. તેવું સાંભળીને આનંદ તરવાડી વિનંતિપૂર્વક પગે લાગીને બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો તો સાક્ષાત્ રામચંદ્ર ભગવાન છો અને મારા અપરાધ માફ કરજો. આવી રીતની સ્તુતી કરી ચરણારવિંદમાં પોતાનું મસ્તક મૂકી પગે લાગ્યા.

**(૧૦) એક હજાર વૈરાગીની જમાતને સીધું અપાવ્યું તથા વ્યાઘ્રચર્મમાંથી જીવતો વાઘ બનાવી એક વૈરાગીનું અભિમાન ઉતાર્યું :**

એક સમયને વિષે નેપાલ દેશના પહાડી વૈરાગીની જમાત પોતાના દેશમાંથી યાત્રા કરવા નીકળીને દેશાન્તરમાં ફરતા ફરતા તે વૈરાગીઓ ગંડકી નદીમાંથી શાલીગ્રામ લઈને અયોધ્યાપુરી આવતા વચ્ચે છપૈયાપુરમાં આવતા હતા. આવીને તેમણે ખાંપા તલાવડી ઉપર ઉતારો કર્યો. તે જમાતમાં હાથી, ઘોડા, રથ, મેના, ડંકો નિશાન, ઊંટ, અબ્દાગીરીઓ સહિત જંજાળ્યો, તોપો,



તીર, ભાલા, તલવારો, છરા, કટારો, ગુપ્તિઓ, સાંગ્યુ, લુંવાગ્યું, લાકડીઓ, ધોકા, ચીપીયા એ આદિક હજારો હથિયાર તથા ઠાકોરજી માટે દૂધ પીવા ગાયો અને ઠાકોરજીના દશ સિંહાસનો તથા દેરા, તંબુ, રાવટીઓ એવી રીતે ઘણા સામાન સાથે સો સો ના ટુકડે દશ જમાતો હતી. તે જુદા જુદા વિભાગમાં ઉતરી હતી. તેને જોવા માટે ઘનશ્યામ મહારાજ પોતાના સખા તથા ભાઈથી વિંટાણા થકા તલાવડી ઉપર જતા હતા. ત્યારે તે સમયે કેટલાક વૈરાગી મળીને ગામમાં ધર્મદેવનું નામ પૂછતા થકા આંગણામાં આવીને બોલ્યા જે, ધર્મદેવ કોનું નામ છે ? ત્યારે ધર્મદેવ બોલ્યા મારું નામ છે. ત્યારે તે વૈરાગી બોલ્યા જે, અમો એક હજાર વૈરાગી છીએ માટે સર્વેને સીધાં અપાવો. એમ કહીને આંગણા વચ્ચે ધોકા અને ચીપીયા પછાડવા લાગ્યા. તે જોઈને ગામના ધણી મોતી તરવાડી તો ત્રાસ પામીને પોતાના અધવારાના ગામ ગાયઘાટ નાસી ગયા, ત્યારે ધર્મદેવ બોલ્યા જે, હે સંતો, આ તો નાનું ગામ છે. માટે મારા ઘરમાં તમો સર્વે જમો તેટલું સીધું ક્યાંથી હોય ! પરંતુ તમો બેસો, મારાથી જેટલી તમારી સરભરા થશે તેટલી કરીશ. ત્યારે બોલ્યા જે તમારું નામ જાણીને અમો તો આવ્યા છીએ. માટે તમો બધાય સીધા આપો. અમે તો તમને ઓળખીએ છીએ. તેવું સાંભળીને અંતરમાં ચિંતા કરવા લાગ્યા જે હવે શું કરવું મોતી તરવાડી તો નાસી ગયા. નહિ તો ગામના મહારાજને કહીને સીધું ઉઘરાવી આપત અને ઘનશ્યામ તો ભાઈ સહિત જોવા ગયા છે. એવી રીતે ચિંતા કરતા સતા ઓસરીની જેર ઉપર બેઠા. ત્યારે ઘનશ્યામ મહારાજ પોતાના પિતાને અન્તર્યામિપણે ઉદાસ થયેલા જાણીને તત્કાળ મોટાભાઈ સહિત ઘેર આવ્યા અને બોલ્યા જે, દાદા ! તમો શા માટે આટલી બધી ચિંતા કરો છો ? આપણા ઘરમાંથી બધાય સીધા આપો જુઓને ઘરમાં જે જોઈએ તે નીકળશે. તેવું સાંભળીને પોતાના મનમાં હિંમત આવી અને સુવાસિની બાઈએ સાકર, ઘી, આટો, ચોખા, દાળ વગેરે જે જે સામાન સીધામાં જોઈએ તે સર્વે લાવીને ધર્મદેવની સમીપે મૂક્યો. ત્યારે તેમાંથી તે સર્વે વૈરાગીઓને જેટલું જોઈએ તેટલું સીધું તેમના કહેવા મુજબ આપતા હતા. તો પણ સીધું ખૂંટ્યું નહિ અને જેટલું સુવાસિની બાઈએ લાવીને મૂક્યું હતું. તેટલું તો એમને એમ પાછું ઘરમાં લઈ ગયા. ત્યારબાદ વૈરાગીઓ સીધું લઈને રાજી થઈને

પોતાના ઉતારા ઉપર જઈને રસોઈ કરીને ઠાકોરજીને ધરાવીને જમ્યા. પછી સાંજના સમયે ધર્મદેવ પોતાના બે પુત્રોને સાથે લઈને બીજા કેટલાક માણસોથી વિંટાણા સતા તે જમાતની તપાસ કરવા ગયા એટલે સર્વે વૈરાગી રાજી થયા અને બોલ્યા જે, હે ધર્મદેવ ! તમારા ઘરના જેવું સીધું અમોને કોઈ સ્થળે મળ્યું નથી. માટે તમારા પુત્ર કોઈક ઈશ્વર છે. આટલા અમો હજારો વૈરાગી છીએ. અમોને સીધાં આપવાની હિંમત તમોને આપી અને ઘરમાંથી પણ થોડાંક સીધાંનો સમાન લાવીને તમારી સમીપે મૂક્યો. તેમાંથી તમોએ અમોને મન ગમતાં સીધાં આપ્યા તે પણ વાસણમાં એમને એમ સીધું રહ્યું. તે જોઈને અમો તો આશ્ચર્ય પામી ગયા. માટે આ તમારા પુત્ર જરૂર કોઈ ઈશ્વરનો અવતાર છે. એમ કહીને તેમનું સન્માન કરીને આસન આપી બેસાર્યા. ત્યારબાદ ત્યાંથી ઉઠીને જમાતમાં જોતા જોતા આગળ બીજા વૈરાગીઓની ટુકડીમાં ગયા. ત્યારે તે વિભાગમાંથી એક વૈરાગી ધર્મદેવને ઉચ્ચ સ્વરે સામું બોલ્યો હતો. તે વૈરાગી એક વ્યાઘ્ર ચર્મ ઉપર બેસીને પોતાની તરવારથી મરચા પડ્યા હતાં તેને ઘસીને કાપતો હતો ત્યારે તે વ્યાઘ્ર ચર્મ જોઈને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દાદા ! આ વ્યાઘ્રચર્મ આપણા ઘરે લઈ લ્યો. તેવું સાંભળીને વૈરાગી બોલ્યો જે, યે લડકા ક્યાં બોલતા હૈ ? ત્યારે ધર્મદેવે કહ્યું જે, યે કહતાં હૈ કી તુમને જો જમીન પર બિછાયા હુંઆ વ્યાઘ્રચર્મ વો ચાહિયે ! ત્યારે તે બોલ્યો જે, યે ચર્મ કા તો તીનસો રૂપિયા લગેગા. તેવું સાંભળીને ઘનશ્યામ મહારાજે જાણ્યું જે, આ તો અભિમાની છે. ત્યાગી થઈને આટલું અભિમાન રાખે તે ઠીક નહિ. એમ કહેતા તત્કાળ પોતાની ઈચ્છાથી વ્યાઘ્રચર્મનો મોટો શીલંકો વાઘ થઈ ગયો. તેને જોઈને વૈરાગી તો એકદમ ત્રાસ પામીને ઉભો થઈ ગયો અને એમ બોલ્યો જે, ઓય બાપરે, આ વાઘે મને માર્યો. તે જોઈને બીજા સર્વ વૈરાગી પોતપોતાના આસન પડતા મૂકીને તત્કાળ ચારે તરફ નાસીને છિન્ન ભિન્ન થઈ ગયા. ત્યારે ઘનશ્યામ મહારાજે સર્વેને પાછા બોલાવીને ધીરજ આપીને કહ્યું જે, આવો, તમને કોઈને આ વાઘ મારશે નહિ. એ તો અભિમાની માટે છે. તેવું સાંભળીને અભિમાન કરનારો વૈરાગી છેટો ઉભો રહીને નમસ્કાર કરીને બોલ્યો જે, હે મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરીને તે વાઘને દૂર કરો. ત્યારે દયાળુ ભગવાને વાઘને રજા



આપીને તત્કાળ મોટી ફાળ ભરતો સતો બગીહા વનમાં નાસી ગયો. તે જોઈને સર્વે વૈરાગી તથા પેલો અભિમાની વૈરાગી પણ પોતાના માનનો ત્યાગ કરીને ઘનશ્યામ મહારાજના ચરણારવિંદમાં પોતાનું મસ્તક મૂકીને અતિ નિર્માની થઈ સ્તુતિ કરવા લાગ્યો. તે જોઈને બીજા સર્વે વૈરાગી એમ બોલ્યા જે અહો ! હે ધર્મદેવ ! આ તમારા પુત્ર તો સાક્ષાત્ અમારા ઈષ્ટદેવ શ્રીરામચંદ્રજી છે. આવી રીતનું મહાઅલૌકિક ઐશ્વર્ય જોઈને આશ્ચર્ય પામતા હતા. ત્યારબાદ ધર્મદેવે સત્કારેલા વૈરાગી પોતાની જમાત લઈને ત્યાંથી ચાલ્યા તે અયોધ્યાપુરીમાં ગયા અને ધર્મદેવ પણ પોતાના બે પુત્રોને સાથે લઈને પોતાના ઘરે આવીને સર્વે પુરવાસીજનોને તે વાર્તા કહેતા હતા.

**(૧૧) બ્રહ્માજીનો ગર્વ ઉતાર્યો :**

એક સમયને વિષે મહા સુદી-૪ ચોથને દિવસે ઘનશ્યામ મહારાજ વહેલા સ્નાન કરીને આંગણામાં આંબલીના વૃક્ષ નીચે ચોતરા ઉપર બેસીને પોતાની નિત્ય વિધિ કરતા હતા. તે સમયે ચાર મુખવાળા અને હંસવાહન વાળા બ્રહ્મા સત્યલોકમાંથી આવ્યા. તે પોતાના હંસને નારાયણ સરોવર ઉપર ચરતા હંસ કારંડવ તથા જળ કુરટક તથા બતક ઈત્યાદિ જનાવર ભેગો રમતો મૂકીને બ્રહ્મા પોતે જ્યાં ઘનશ્યામ મહારાજ બેઠા હતા, ત્યાં આવીને સાષ્ટાંગ નમસ્કાર કરીને બેઠા. તે સમયે ઘનશ્યામ મહારાજ પોતાનું નિત્યકર્મ પુરું કરી રહ્યા ન હતા, ને વચ્ચે બ્રહ્મા પોતે બે હાથ જોડીને બોલ્યા જે, હે મહારાજ ! હે ભગવાન ! મારાથી હવે આ કારખાનું જે બ્રહ્માંડમાં જીવ પ્રાણી માત્ર ઉત્પન્ન કરવારૂપ દાખડો થતો નથી. માટે તમો દયા કરીને બીજાને સુપ્રત કરો. તેવું સાંભળીને શ્રીજી બોલ્યા જે, તમો જ કર્યા કરો. તમાર ઉપર હું ઘણો જ પ્રસન્ન છું. એમ ઘનશ્યામ મહારાજે પોતાના અંતઃકરણમાંથી હેતપૂર્વક કહ્યું. પરંતુ તે બ્રહ્મા તો એમ જ બોલ્યા, હે મહારાજ ! હવે તો મારાથી નહિ થાય. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હમણાં તમો બેસો. આ નિત્ય કર્મ કર્યા બાદ તમારી સાથે વાત કરીશ, એમ કહ્યું. ત્યાર પછી પોતાની ઈચ્છાથી આઠ મુખ વાળા કેટલાક બ્રહ્મા આવ્યા તે આવીને પગે લાગીને બોલ્યા જે, હે અક્ષરાધિપતિ પુરુષોત્તમ ભગવાન ! તમારી શી આજ્ઞા છે ? ત્યારે મહારાજે સંકેત કરી બેસાર્યા. તેટલામાં તો વળી ઉત્તર દિશા તરફથી હજારો હજારો બીજા બ્રહ્મા

પોતપોતાના વાહનઉપર બેસીને નારાયણ સરોવરના કાંઠા ઉપર આવીને બગીચામાં ઉતર્યા. ત્યારે ઘનશ્યામ મહારજે ચતુર્મુખી બ્રહ્માને કહ્યું જે, જાઓ, બગીચામાં કોણ આવેલ છે ? જુઓ. ત્યારે તે બ્રહ્મા જોવા ગયા. ત્યાં તો તે બ્રહ્મા પોતાના હાથમાં કમંડળ લઈને નારાયણ સરોવરમાં સ્નાન કરવા સારું આવ્યા તે કેવા હતાં તો હજારો મુખવાળા અને ભગવાનની આજ્ઞાને વિષે વર્તનારા. તેમને જોઈને બ્રહ્માને ગર્વ ઉતરી ગયો. અને તે ચતુર્મુખી બ્રહ્મા નીચું મુખ રાખીને ઘનશ્યામ મહારાજની પાસે આવીને સાષ્ટાંગ નમસ્કાર કરીને પગે લાગીને બોલ્યા જે, હે મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરો ને મેં ના પાડી તે મારી મોટી ભૂલ થઈ એમ પોતે અતિ નિર્માની થઈને બોલ્યા. વળી એમ કહ્યું જે હે મહારાજ ! આવું કામ ફરીથી હું કોઈ દિવસ નહિ કરું. એમ પરિતાપ કરીને ઘનશ્યામ મહારાજની આજ્ઞા માગીને પોતાના વાહન હંસ ઉપર બેસીને મનમાં અતિશય પસ્તાવો કરીને પોતાના સત્યલોકને વિષે ગયા. ત્યારબાદ ત્યાં આવેલા બીજા બ્રહ્માઓ સર્વે ઘનશ્યામ મહારાજની ચંદન-પુષ્પ વડે પૂજા કરીને આજ્ઞા લઈને નમસ્કાર કરીને ચાલ્યા તે નારાયણ સરોવરના ઉત્તરાદા કાંઠા ઉપર થઈને પાછા બગીચામાં આવીને અદ્રશ્ય થઈ ગયા. આવું જે ઘનશ્યામ મહારાજનું મહા અદ્‌ભૂત ઐશ્વર્ય જોઈને ધર્મ-ભક્તિ, રામપ્રતાપભાઈ સહિત વશરામ તરવાડી આદિક છપૈયાપુરના સર્વેજનો મહા આશ્ચર્ય પામ્યા.

**(૧૨) નારદજીએ અગાઉથી શ્રીહરિના ચરિત્રોનું ભવિષ્ય ભાખ્યું :**

અયોધ્યાપુરીમાં રહેતા થકા એક દિવસે ઘનશ્યામ મહારાજ તથા પોતાના સખા દીલ્લીસીંગ, માનસંગ અને શ્યામચરણ તથા હરદેશ્વર વૈરાગી એ આદિક બીજા કેટલાક સખાઓને સાથે લઈને સરયુગંગામાં રામઘાટે જઈને સ્નાન કરતા હતાં ત્યાર પછી ત્યાંથી ઉગમણી બાજુ આંબાના વૃક્ષ નીચે રેતનો મોટો ચોતરો કરીને પોતાના સખાઓ સહિત તેના ઉપર બેસતા હતાં અને સામસામા રામચન્દ્રજીના જન્મ સમયની વાર્તા કરવા લાગ્યા. તે સમયે પોતાની ઈચ્છા થકી ફરતા ફરતા નારદમુનિ ત્યાં આવ્યા તે કેવા હતાં તો હાથણાં વેણું નામનું વાજીંત્ર વગાડતા અને ભગવાનના ગુણનું વર્ણન કરતા એવા આવીને ઘનશ્યામ મહારાજને પગે લાગીને વિનંતી પૂર્વક બોલ્યા



જે, હે પ્રભો ! હે ભગવન્ ! તમો તો અનંત જીવોના આત્યંતિક મોક્ષને અર્થે પ્રગટ થયા છો અને આ મનુષ્યદેહ ધારણ કરીને તમો જે જે કાર્ય કરશો તેને હું તમારા સખાઓને સાંભળતે સતે વર્ણન કરી બતાવું છું અને તે જગ્યાએ હું પણ તમારો સેવક તમારા દર્શન કરવા સારું આવીશ અને તમારા કરેલા કાર્યોને હું જોઈશ. અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે હે રામશરણજી ! એમ પ્રાર્થના કરીને નારદ મુનિ ઘનશ્યામ મહારાજને વિનંતી કરીને આગળ જે જે ચરિત્રો કરશે તેને નારદજી પ્રથમથી કહીં બતાવતા હતાં જે, હે ઘનશ્યામ મહારાજ ! તમો પ્રથમ તો અહીંથી તમારા માતા-પિતાની સાથે છપૈયાપુરને વિષે જશો અને ત્યાં જઈને તમારા માતા-પિતાને દિવ્ય ગતિ આપીને તમારા સમીપમાં રાખશો તથા બ્રહ્માદિક સર્વે દેવતા આવશે તેમને તમો ફરીથી આવવાની ના પાડશો તથા તમો પાછા અયોધ્યાપુરીમાં આવીને થોડાક દિવસ રહીને વન વિચરણ કરવા માટે નીકળશો. તથા તે વનમાં અનંત જીવોનો મોક્ષ કરશો તથા ત્યાં અનંત અસુરોનો પોતાની દ્રષ્ટિ થકી પરાભવ કરશો. તથા ગોરખપૂરમાં સંજયના ખેતરમાં બે દિવસ રહીને તેની સેવા અંગીકાર કરતા સતા તેને વરદાન આપીને ત્યાં થકી જનકપુરીમાં જશો. અને ત્યાંથી દીઘાઘાટે હરિહર ક્ષેત્રે થઈને પાંચ ગાઉના પહોળા પટવાળી જે નદીઓનો સંગમ તેમાં તરીને સામા કિનારે જશો. અને ત્યાંથી ગયાજી જઈને માતા પિતાનું શ્રાધ્ધ સરાવીને પાછા ત્યાં થકી ચાલશો. તે પુલહાશ્રમમાં જઈને તમો મહા ઉગ્ર તપશ્ચર્યા કરશો તેથી સૂર્યનારાયણ પ્રસન્ન થશે અને તેમનાથી વરદાન પામશો. તથા શ્વેત શિખરી પર્વત ઉપર વિચરણ કરશો. તથા ગોપાળયોગી પાસે અષ્ટાંગ યોગ શીખશો અને તેમને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને મોક્ષ પમાડશો તથા બુટ્ટોલનગરમાં રાજાને પોતાના શરણે લેશો તથા મયારાણીના કઠણ વચન સહન કરીને પોતાના શરીરનું દમન કરીને રૂધીર માંસને સૂકવી નાખશો તથા સીરપુરના રાજાની સેવા અંગીકાર કરશો. તથા પીબેકને જીતશો. નવલખા પર્વત ઉપર નવલાખ યોગીને નવ લાખ સ્વરૂપે થઈને એકી સાથે મળશો તેથી તેઓ પરમપદને પામશે. તથા સત્રધર્મ રાજાને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપશો. સીરપુરના રાજાની સેવા અંગીકાર કરશો તથા જગન્નાથપુરીમાં આવીને અસુરોને મોહ ઉપજાવીને

તેનો પરાભવ કરશો તથા સર્વે તીર્થમાં રહેનારા જનોનો દુરાચાર ત્યાગ કરાવશો તથા ભાગવત ધર્મને પ્રવર્તાવશો તથા સેતુબંધ રામેશ્વર જશો તથા દક્ષિણ દેશમાં શિવકાંચી, વિષ્ણુકાંચી, વિઠુબા આદિક કેટલાક તીર્થને સચેતન કરતા સતા બુદેલખંડ દેશને ઓળંગીને નાસિક ત્ર્યંબક જશો. ત્યાં તાપી નદીમાં સ્નાન કરતા સતા કેટલાક દિવસે તે તીર્થમાં રહીને સુરત બંદર શહેરમાં જશો. અને ત્યાં થકી તાપી નદી ઉતરીને ભરૂચ શહેરમાં આવશો. અને ત્યાં નર્મદા નદીમાં ભૃગુ ઋષિના આશ્રમમાં કેટલાક દિવસે રહેતા સતા ગુજરાત દેશને ઉલ્લંઘીને ભાલદેશમાં ભીમનાથમાં જશો. અને ત્યાં થકી માંગરોળ બંદર જશો. એવી રીતે તીર્થાટન કરતા સતા લોજપુરમાં જશો અને ત્યાં મુક્તાનંદ સ્વામીનો સમાગમ કરશો તથા પીપલાણા ગામમાં ઉધ્ધવના અવતારરૂપ રામાનંદ સ્વામીને મળશો અને તેમનાથી ભાગવતી દીક્ષા ગ્રહણ કરીને નારાયણ મુનિ નામે વિખ્યાત થશો. તથા રામાનંદ સ્વામીને દિવ્ય ગતિ આપતા સતા સત્સંગમાં વિચરણ કરીને અનંત જીવોને સમાધિઓ કરાવશો. તથા જેતલપુર ડભાણ વિગેરે ગામોમાં મોટા મોટા રૂદ્ર-અતિરુદ્રાદિક વિષ્ણુયાગ કરશો તથા અષ્ટપ્રકારનું બ્રહ્મચર્ય પળાવશો. તથા દેશાન્તરમાં મુક્ત મુમુક્ષુએ અવતાર લીધેલા તે સર્વેને બોલાવીને પોતાના સમીપે રાખશો તથા અનંત બાઈ-ભાઈને પોતાના આશ્રિત કરશો. તથા અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી એ બે તમારા ભત્રીજાને તમો દત્તકપુત્ર કરીને આચાર્યપદ આપશો તથા શ્રી નગરને વિષે નરનારાયણદેવની સ્થાપના કરશો તથા વડતાલને વિષે લક્ષ્મીનારાયણ દેવનું સ્થાપન કરશો. તથા શ્રીભુજપુરીમાં નરનારાયણદેવનું સ્થાપન કરશો તથા શ્રી ગઢપુરને વિષે શ્રી ગોપીનાથદેવનું સ્થાપન કરશો તથા શ્રીમૂળીપુરમાં શ્રીરાધાકૃષ્ણએ સહિત હરિકૃષ્ણનામે તમારી મૂર્તિનું સ્થાપન કરશો. તથા જયતલપુરને વિષે રાધાકૃષ્ણદેવ સહિત બળદેવજીનું સ્થાનપ કરશો. તથા શ્રી વિરાટનગરમાં શ્રી મોરલીમનોહરદેવનું સ્થાપન કરશો તથા જીર્ણગઢને વિષે રાધારમણ દેવની સ્થાપના કરશો તથા ધોલેરા બંદરને વિષે મદનમોહનદેવનું સ્થાપન કરશો. એવી રીતે એ સર્વે મંદિરોમાં તમારા હાથે દેવનું સ્થાપન કરશો. વળી તે સિવાય પણ બીજા અનંત મંદિરો થશે અને વળી સત્સંગિજીવન તથા સર્વેશાસ્ત્રોનું દોહન કરીને



શિક્ષાપત્રીની રચના કરશો તથા આ પૃથ્વી ઉપર ઘરોઘર તમારું પૂજન થશે. તથા પોતાના શરણે રહ્યા જે જીવ પ્રાણીમાત્ર તે સર્વેને અંતે અક્ષરધામની પ્રાપ્તિ કરાવશો. આવી રીતે સર્વે ઉપર કહ્યાં જે અનેક ચરિત્રો તે તમે પૃથ્વી ઉપર કરશો. તથા અનેક ચમત્કાર દેખાડશો. ત્યાર પછી પોતાનો મનોરથ જે એકાંતિક ધર્મનું સ્થાપન કરવું તથા અનેક જીવોને પોતાના શરણે લેવા રૂપ જે મનોરથ તેને પૂર્ણ કરીને કોટાન કોટી મુક્તથી વિંટાણા સતા બ્રહ્માદિક દેવે સ્તુતિને કર્યા સતા પોતાના અક્ષરધામમાં પધારશો. ત્યારે પોતાના દ્રઢ આશ્રિતજનોને અંતર્યામીપણે મહાધૈર્ય આપશો. હે નાથ ! દીનબંધુ ! હે સુખના સાગર ! હે ઘનશ્યામ મહારાજ ! તમો આ મેં પૂર્વે કહ્યાં એવા સમગ્ર કાર્ય કરશો તેને હું જોઈશ. આવી રીતે નારદજી પુરુષોત્તમ નારાયણ નરનાટ્ય ધારણ કરીને જે જે કાર્યો કરશે તે સર્વે યથા મતિ શ્રીહરિની સમક્ષ સખાઓના સાંભળતા સરયૂગંગાના તટ ઉપર કહી બતાવતા હતા.

**(૧૩) ચકલાઓને સમાધિ કરાવી :**

એક સમયે ધર્મદેવે પોતાના ખેતરમાં ડાંગર વાવી હતી. તે જ્યારે મોટી થઈ ત્યારે ઘનશ્યામ મહારાજને કહ્યું જે હે ઘનશ્યામ ! આપણા ખેતરમાં જઈને ડાંગર સાચવો, ચકલાં ખાઈ જાય નહિ. આપણું ખેતર ગામની સમીપે છે. તેથી ચકલા આદિક ઘણાં જનાવર ખાઈ જાય છે. અને હું પણ બપોર પછી આવીશ. ત્યાં સુધી તમો સાચવજો એમ કહીને સાથે બેસીને પોતે જમતા હતાં પછી ઘનશ્યામ મહારાજના હાથમાં લાકડી આપીને મોજડીઓ પહેરાવીને ખેતરમાં મોકલતા હતા. અને પોતે કોઈ કારણસર ગામ મુડાડીએ ગયા. પછી ઘનશ્યામ મહારાજે તો ખેતરમાં જઈને જોયું તો હજારો ચકલા ડાંગર ખાતા હતા. પોતે વિચાર કર્યો જે હવે આ ચકલાંને ખાઈજવા દઉં, તો મોટાભાઈ ખીજાય. અને જો ખાવા ન દઉં તો એનો ત્રાસ કોણ લે ? એમ વિચાર કરીને પોતે તત્કાળ તે પક્ષીઓના સાંભળતા ઉચ્ચ સ્વરથી જનાવરને ઉડાડવાનો શબ્દ બોલ્યા, ત્યારે ખેતરના ચારે ખૂણે શબ્દ પહોંચી ગયો તેથી ચકલાં જ્યાં જ્યાં બેઠા હતાં ત્યાં જ સમાધિવાળા બની ગયા અને પોતે ખેતર બગડવાની ચિંતા મટાડીને ત્યાંથી ચાલ્યા તે ગામ ભમેચાના માધવરામ શુકલના ખેતરમાં થઈને મહુડાના વૃક્ષ નીચે આવ્યા અને ત્યાં બકસરામ અને રઘુવીરની સાથે રમવા લાગ્યા તેને કેટલોક

સમય વીતી ગયો એટલે રામપ્રતાપભાઈને ધર્મદેવે ખબર કાઢવા ખેતરમાં મોકલ્યા. ત્યારે ભાઈ જનકરામને સાથે લઈને ખેતરમાં આવ્યા. ત્યારે કેટલાક પક્ષીઓ ડાંગરના છોડ ઉપર બેઠેલાં અને કેટલાંક પૃથ્વી ઉપર બેઠેલા. કેટલાકની ચાંચોમાં ડાંગરની કુંથલો એમને એમ હતી. તે જોઈને રામપ્રતાપભાઈ બોલ્યા જે, અહો ! હમણાં આપણે આ ખેતરમાં જોઈને ગયા હતાં ત્યારે કોઈ આ જનાવરને જોયા ન હતા. અરે, હમણાં તત્કાળ આ શો ગજબ થયો છે ? આ બધાય પક્ષીઓ એક સામટા મરી ગયા કે શું ? કેમ સ્થિર થઈ ગયા છે, આ તે શું હશે ? કોઈ પણ પક્ષી બોલતું નથી. એમ કહીને પાસે જઈને પોતાના હાથે તે ચકલાંને ઝાલવા લાગ્યા એટલે તત્કાળ ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી એકી સાથે સર્વે ઉડીને ગયાં. તે ઐશ્વર્ય જોઈને રામપ્રતાપભાઈ બોલ્યા જે, હે જનકરામ ! આ તો મારાભાઈ ઘનશ્યામનું કામ છે. અને તે સર્વ અવતારના કારણ છે. અને જીવ પ્રાણીમાત્રની દોરી તેમનાં હાથમાં છે. એમ કહ્યું, તે સાંભળીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે ભાઈ ! એમ જાણતા હો તો વારંવાર મારા ઉપર રીસ કરીને મને મારવા આવો છો તે શું સમજીને આવો છો ? અને અમો તો તમોને મોટાભાઈ જાણીને બોલતા નથી. નહિ તો એક આંગળીએ અહીંથી ઉડાડું તો કરોડ યોજન જઈને પડો તે ફરીથી તમારો પતો લાગે જ નહીં. તેવું સાંભળીને બોલ્યા જે, હે ભાઈ ! તમો સાક્ષાત્ પૂર્ણબ્રહ્મ છો અને તમારી માયા વડે કરીને હું ભૂલી જાઉં છું. તે મારો અપરાધ ક્ષમા કરો એવી રીતે નિર્માની થઈને ભાઈ બોલ્યા. ત્યારે ઘનશ્યામ મહારાજે કહ્યું જે, હવે તમારે ડાંગર તૈયાર થાય ત્યાં સુધી ફરીથી સાચવવા અહીં આવવું પડશે નહિ એમ કહીને ત્રણે જણ ત્યાંથી ઘરે આવ્યા.

**(૧૪) ધર્મદેવના કુળમાં આચાર્યપદ સ્થાપનનો પરોક્ષ કોલ :**

એક સમયને વિષે ચોમાસાના દિવસમાં ઘનશ્યામ મહારાજ બહારથી પોતાના સખાઓની સાથે રમત કરતા કરતા ઘરે આવ્યા ત્યારે સુવાસિનીબાઈએ કહ્યું જે : હે ઘનશ્યામ ! હું રસોઈ તૈયાર કરીને ઘણીવારથી તમારી રાહ જોઈ બેઠી છું. આવો, જમવા બેસો. ત્યારે બોલ્યા જે, હે ભાભી ! મારા પગ ગારાળા થયેલા છે તે તમો ધૂઓ તો જમવા આવીએ. તેવું સાંભળીને જળનો લોટો ભરી આપીને ઓસરીની જેર ઉપર બેસીને પગ ધોવા લાગ્યા. એટલે



બે ચરણારવિંદમાં ચિન્હ જોઈને બોલ્યા જે, હે ઘનશ્યામ ! તમો તો લક્ષાવધિ માણસોના નિયંતા થશો અને સમગ્ર પૃથ્વીની લક્ષ્મી તમોને મળશે. એમ કહીને, બે હાથ જોવા લાગ્યા, ત્યારે તે હાથમાં પદમના ચિન્હ જોઈને વળી બોલ્યા જે, હે મહારાજ ! તમને જ્યારે મોટો રાજ્ય અધિકાર મળશે ત્યારે અમોને સંભાળશો પણ નહિ, એવું સાંભળીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે ભાભી ! અમોને જ્યારે તમો કહો છો તે પ્રમાણે રાજ્ય મળશે અગર મોટાઈ મળશે ત્યારે તમો સર્વેને જરૂર પાસે બોલાવી લઈશ. અને તમારું ઘણું સ્નમાન કરીને સદાકાળ મારી સમીપે રાખીશ. હે ભાભી ! અમારું વચન છે. એમ કહીને સુવાસિની બાઈના હાથમાં કોલ આપ્યો.

ઘનશ્યામ મહારાજે અપાર બાળ ચરિત્રો કર્યા છે. જે પૈકી માત્ર આચમન સ્વરૂપે થોડા લખ્યા છે. ઘનશ્યામ મહારાજે કાલીદત્ત નામના અસુરે મોકલેલી કૃત્યાઓનો હનુમાનજી દ્વારા પરાભવ કરાવ્યો. પોતે કોટરાનો વિનાશ ક્યો, મહા ભયંકર કાલીદત્ત નામના અસુરનો વિનાશ કર્યો. તેમજ ભૈરવદત્ત, ગયાદત્ત, ભવાનીદત્ત, રામદત્ત, બીરબલ જેવા અનેક અસુરોનો સંહાર કર્યો. અયોધ્યામાં ભીમસંગ, માનસંગ અને દિલ્હીસંગ તથા લખનૌ શહેરના મહાબળવાન મલ્લોનો પરાભવ કર્યો. મર્કટને સમાધિ કરાવી, હજારો ભૂતોનો ઉદ્ધાર કર્યો, કાલિન્દ્રીના ધરામાં રહેલાં કાળીનાગનો મોક્ષ કર્યો. અનેક મનુષ્યોને પોતાનું અલૌકિક દિવ્ય ચતુર્ભુજ સ્વરૂપે, ચોવીસ અવતાર સ્વરૂપે દર્શન આપ્યું.

અષ્ટસિધ્ધિઓ, અનંત અપ્સરાઓ, ગંધર્વગણ, ઈન્દ્ર, કુબેર ભંડારી, વરૂણદેવ, ધન્વંતરી, અશ્વિનીકુમાર, દશ દિગ્પાલ, અષ્ટ વસુ, યમરાજા, ચન્દ્રમા, સાઈઠ હજાર ઋષિ મંડળ સહિત સૂર્યનારાયણ, સર્વે દેવો, શારદા, રાધિકાજી, લક્ષ્મીજી, ગંગા, યમુના, દ્રૌપદી સહિત પાંચ પાંડવો, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ભૂમા પુરૂષ, શેષનાગ, અક્ષરધામ - શ્વેતદ્વીપ - બદ્રિકાશ્રમ વગેરે ધામના અનંત મુક્તો, પાર્ષદો, ચાર સનકાદિક મુનિઓ, અંતરીક્ષ, હરિ, કવિ, પ્રબુધ, પીપ્લાયન, આવિર્હોત્ર, દ્રમીલ, ચમસ, કરભાજન એ નવ યોગેશ્વરો, ચાર વેદ વગેરે ઘનશ્યામ મહારાજનું દર્શન કરવા આવતા, પૂજન કરતા, સ્તુતિ કરતા, યથાયોગ્ય સમયોચિત સેવા કરતા, મહારાજ રાજી થઈને તેઓને વરદાન આપતા. ગોલોકવાસીની આજ્ઞાથી સુરભી ગાય

ગોમતી નામથી ધર્મદેવના ઘેર ઘનશ્યામ મહારાજને દૂધ પાવા સારું રહી હતી. ઘનશ્યામ મહારાજના દરેક ચરિત્રો જીવને પરમ શાંતિ આપનારા છે.

હવે મહારાજના વનવિચરણના થોડા ચરિત્રોનું આચમન કરીએ. શ્રી અયોધ્યાપુરીથી ઘરનો ત્યાગ કરીને મહારાજ વનને વિષે ચાલ્યા અનેશ્રી નીલકંઠવર્ણી હવે બાલાજોગી તરીકે ઓળખાવા લાગ્યા. કેટલાક દિવસે હિમાલય પર્વતને પામ્યા અને તે પર્વતને વિષે ચાલતા સતા કેટલાક દિવસે પુલહાશ્રમને પામતા હતાં અને ત્યાં ગંડકી નદીમાં સ્નાન કરીને મુક્તનાથના દર્શન કરીને જ્યાં ભરતજીએ તપ કર્યું હતુ તે સ્થળે પોતે પણ બે હાથ ઉંચા રાખીને એક પગે ઉભા રહીને તપશ્ચર્યા કરી સૂર્યનારાયણ દેવને પ્રસન્ન કરીને તે થકી વર પામીને હિમાલય પર્વતની તળેટીમાં એક મહાઘોર વનને વિષે બાર માસ સુધી વિચરણ કરતા હતા.

**(૧૫) શ્વેત શિખરીમાં કેટલાક વાઘ તથા વૈરાગીઓને સુખ આપ્યું :**

ધોળો પર્વત જે શ્વેત શિખરી તેના પર ચડતા ચડતા પાંચ દિવસ સુધી ચાલ્યા ત્યારે પ્રથમ પાણીના કુંડ આવ્યા તેમાં પોતે સ્નાન કરીને પોતાનો નિત્ય વિધિ પૂજાપાઠ કરતા હતા. તે સમયે બાલા જોગીની ઈચ્છાથી કેટલાક વનના રાજા જે વાઘ તે આવીને સામા બેઠા અને પોતાની જાતિના શબ્દ કરતા થકા પોતાના પૂછડાં હલાવતાં સતા સામસામા રમતના ખેલ કરવા લાગ્યા તેને જોઈને શ્રીનીલકંઠ બ્રહ્મચારી પોતે મંદ મંદ હસવા લાગ્યા. ત્યારે જ્ઞાન થયું છે જેમને એવા જે વાઘ તે જોગી પ્રસન્ન છે, એમ જાણીને જોગીની સમીપમાં આવીને પાંચ પાંચ પરિક્રમા ફરીને આગળ આળોટવા લાગ્યા. ત્યારે પોતે ઠાકોરજીને સ્નાન કરાવેલું જળ વાઘ ઉપર છાંટતા હતાં એટલામાં તો તે પર્વત ઉપરથી ઉતરીને કેટલાક વૈરાગી આવતા હતાં. તેમણે આ વાઘને જોઈને ચીસો પાડીને બોલ્યા જે અરે ભાઈઓ ! આ તો આગળ રસ્તામાં વાઘ બેઠા છે તે આપણને જરૂર મારી નાખશે. ત્યારે તેમાંથી એક વૈરાગી ધીરજ રાખીને બોલ્યો જે, હે સંતો ! તમે શા માટે ભય પામો છો ? એ વાઘ આગળ બેસીને એ બાલા જોગી પૂજા કરે છે તેણે જરૂર આ વાઘની દાઢ્યો મંતરી છે. નહીં તો એને નક્કી એ વાઘ મારી નાખત. એવું સાંભળીને બાલા બ્રહ્મચારી બોલ્યા જે હે સંતો ! તમે સર્વે ચાલ્યા આવો. કંઈ ચિંતા કરશો નહિ. ત્યારે ધીમે ધીમે



વાઘ સામી દ્રષ્ટિ કરતા આગળ આવતા હતા. તે વખતે બાલા જોગીની ઈચ્છા થકી એક વાઘ દ્રષ્ટિ કરીને તેમને જોવા લાગ્યો. ત્યાં તો ઉડી ગયા છે પ્રાણ જેમના એવા તે વૈરાગી ચારે તરફ ભાગતા હતા. ત્યારે તેમની પાસે મૃગચર્મ, ચિપીયા, પાત્ર, દંડ, કૌપીન વિગેરે કેટલાક પદાર્થ તે સર્વે માર્ગમાં વેરાઈ ગયેલા એવા થકા છિન્ન ભિન્ન થઈ ગયા. તે જોઈને દયા આવી ગઈ છે જેમને એવા બાલા જોગી તત્કાળ પોતાના હાથ લાંબા વધારીને તે સર્વે વૈરાગીને હાથે ઝાલીને ધીરજ આપીને પોતાની પાસે બેસારતા હતા. ત્યારે શાંત થયેલા તે વૈરાગી પોતે વનમાંથી લાવેલા કંદમૂળ વિગેરે ફળ બાલાજોગીને આપીને હાથ જોડીને બોલ્યા જે, હે દયાળુ ! હે દીનબંધુ ! તમો તો સાક્ષાત્ અમારા ઈષ્ટદેવ શ્રી રામચંદ્રજી છો. અને અમારું કલ્યાણ કરવા માટે અહીં પધાર્યા છો. માટે કરૂણા કરીને અમોએ આપેલા કંદમૂળ જમો. ત્યારે બાલમુકુંદને જમાડીને પોતે જમતા સતા વધેલો પોતાનો પ્રસાદ પોતાના હસ્તે કરીને સર્વે વાઘને જમાડતા હતાં તે જોઈને સર્વે વૈરાગી મહાઆશ્ચર્ય પામી ગયા.

**(૧૬) મહાદેવજીના પૂજારીને નિશ્ચય કરાવી વર આપ્યો :**

વન તથા પર્વતની ગુફાઓની શોભા જોતા જોતા ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ આગળ ચાલ્યા ત્યારે એક નદી આવી. ત્યારે ચોથા દિવસે સવારના પહોરમાં નદીમાં સ્નાન કરીને ઠાકોરજીને સ્નાન કરાવીને બિરાજ્યા ત્યારે બાલાજોગીની ઈચ્છા થકી અંજની સુત આવીને પ્રબોલીયાં નામે વનસ્પતિની ફળીઓ લાવીને શ્રી બાલાજોગીને આપી નમસ્કાર કરીને પાસે બેસતા હતા. ત્યારે આપેલી ફળીઓને અગ્નિમાં શેકી વિષ્ણુને ધરાવીને પોતે જમતા હતા. પછી ત્યાં બે ઘડી વિશ્રામ કરી પાછા આગળ ચાલવા તૈયાર થયા ત્યારે મરૂત્સુત પગે લાગીને અદ્રશ્ય થઈ ગયા. પછી ત્યાં થકી ચાલ્યા તે નદીના કાંઠા ઉપર મહાદેવજીના મંદિરમાં ઉતરવા ગયા. ત્યારે તેનો પૂજારી બોલ્યો જે, આ મંદિરમાં ઉતરવા નહીં દઉ. તમો બહાર જઈને આસન કરો. ત્યારે બોલ્યા જે, અમો તો અહીંજ રાત્રિ રહીશું. તેવું સાંભળીને તે પૂજારી ઘણી રીસ ચડાવીને મૃગચર્મ પાથરેલું હતું તેને લઈને બહાર ફગાવી દીધું. ત્યારે નિર્માની સંતના આધારરૂપ બાલાજોગી પોતે મંદિરથી બહાર જઈને બેઠા. ત્યારે તે મંદિરમાં તાળા વાસીને પૂજારી સૂઈ ગયો. તે સમયે બાલાજોગીની

ઈચ્છા થકી હનુમાનજી મહા રીસના ભર્યા હાથમાં ધોકો લઈને આવીને પૂજારીને એકદમ મારવા લાગ્યા. ત્યારે તે પૂજારી મહાદુઃખનો ભર્યો અતિશે બરાડા પાડતો સતો રૂદન કરવા લાગ્યો. ત્યારે હનુમાનજી બોલ્યા જે, હે દુષ્ટ બુદ્ધિવાળા ! તેં અમારા ઈષ્ટદેવને કેમ સુવા દીધા નહીં ? તને જરૂર આજે હું મારી નાખીશ. તેવું સાંભળી ને પૂજારી બોલ્યો જે હે મહારાજ ! તમો ક્યા દેવ છો ? અને એ તમારા ઈષ્ટદેવ છે તે પણ કોણ છે ? ત્યારે પવનસુત બોલ્યા જે હું તો હનુમાનજી છું અને એ મારા ઈષ્ટદેવ સાક્ષાત્ શ્રીરામચંદ્રજી છે. તેવું સાંભળીને તત્કાળ તે પૂજારી ઉઠી ઉભો થઈને દર્શન કરવા ગયો. ત્યાં તો અંતર્ધ્યાન થઈ ગયા. તે જોઈને આશ્ચર્ય પામતો સતો દરવાજે આવ્યો ત્યાં તો તાળુ ઉઘડેલું દીઠું અને તે સિવાય પણ બીજા ત્રણે દરવાજા ઉઘાડા દીઠા. તે જોઈને વિસ્મય પામી બહાર આવીને બાલાજોગીને વિનંતિપૂર્વક પગે લાગીને બોલ્યો જે, હે કૃપાનાથ ! હું તો તમારો સેવક છું. માટે મારો અપરાધ માફ કરીને મંદિરમાં પધારો. હું આસન કરી આપું તેમાં શયન કરો અને સવારમાં હું રસોઈ કરાવું તે જમીને મારું કલ્યાણ કરીને જાઓ. તેવું સાંભળીને કૃપાળુ બાલાજોગી ત્યાંથી ઉઠીને મંદિરમાં ગયા. ત્યાં તો ચારે દરવાજા પ્રથમના જેવા વાસેલા હતાં તેવા દીઠા. આવું મહાઅદ્‌ભૂત ઐશ્વર્ય જોઈને પૂજારી ગદ્‌ગદ્ કંઠ થઈને વારંવાર સ્તુતિ કરીને પગે લાગતો હતો. ત્યાર પછી તે મંદિરમાં પૂજારીની સેવા અંગીકાર કરીને તેને વર આપ્યો જે આ દેહનો ત્યાગ કરીને સત્સંગમાં ગુજરાત દેશને વિષે જોબન વરતાલાના ઘરે જન્મ પામીશ અને ત્યાર પછી તારો મોક્ષ થશે.

### (૧૭) નવલાખ યોગીઓનો મોક્ષ :

સૂર્યનારાયણ ઉદય કે અસ્ત પામે તેની કંઈ ખબર પડે નહીં. એવા મહાઘોર વનમાં બાલાજોગીએ પ્રવેશ કર્યો. વન મધ્યે પ્રવેશ કર્યો ત્યારે ત્યાં એક વડનું મોટું વૃક્ષ હતું તેની નીચે કેટલાક જોગી તથા મુક્ત તપ કરતા હતા. તે સર્વેને પોતે અનંતરૂપે દર્શન દઈને તથા પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડીને પોતાના સ્વરૂપનો યથાર્થ ભગવાનપણાનો નિશ્ચય કરાવતા હતા. વન ઉલ્લંઘન કરીને આગળ ચાલ્યા ત્યારે ચાલતાં ચાલતાં આડો એકમોટો પર્વત આવ્યો. અને તેની ચારે બાજુ ફરતો એક મહામોટો વિકરાળ સર્પ તે આખા પર્વતને



આંટો દઈને મુખમાં પૂછડી લઈને રહેલો હતો. તેને પોતાના ચરણારવિંદના અંગુઠાનો સ્પર્શ કર્યો કે તત્કાળ માર્ગ આપ્યો. એટલે તે પર્વત ઉપર પોતે ચડ્યા અને ત્યાં મોટું એક શિખરબંધ મંદિર હતું. તેમાં જઈને પોતે વિરાજમાન થયા અને ત્યાં કેટલાક જોગી હતાં તે સર્વે આવી પગે લાગીને ચારે કોર ફરતા વીંટી વળીને બેઠા. ત્યારે બાલાજોગીએ પૂછયું જે, હે સંતો ! આ પર્વતમાં તમોને કંઈક ફળ ફૂલ જમવા મળે છે કે નહિ ? ત્યારે બોલ્યા જે, હે બાલા જોગી ! અમારી પાસે એક અક્ષય પાત્ર છે તે પ્રહર દિવસ ચઢે ત્યારે જમવાનું જે જોઈએ તે મળે છે. એમ કહ્યું તે સાંભળીને બહુ રાજી થયા અને બોલ્યા જે, અહીં ક્યાંય સ્નાન કરવાનું જળ છે ? ત્યારે કહ્યું જે, એક સરોવર છે. એમ કહીને બે ચાર યોગી સાથે લઈને તે સરોવરમાં સ્નાન કરવા ગયા. સ્નાન કરી નિત્ય વિધિ પૂજાપાઠ કર્યા. ત્યાં એક કામદુધા ગાય આવી તે બાલાજોગીને નમસ્કાર કરીને ચરણારવિંદનો સ્પર્શ કરતી થકી તે ચરણારવિંદને જીભે કરીને ચાટવા લાગી એટલામાં તો એક જોગી ઉઠીને તે ગાયને દોતો હતો અને દોહ્યા બાદ તે દૂધ બાલોજોગીને પાન કરાવ્યું. તે જોઈને તેના ઉપર અતિ પ્રસન્ન થઈને ચાલવાની તૈયારી કરી ત્યારે જોગી બોલ્યા જે, હે મહારાજ ! અમો કેટલાક કાળથી તમારી ઉપાસના કરીએ છીએ. તો અમારા ઉપર કૃપાદ્રષ્ટિ કરીને અમારો મોક્ષ કરો. તેવું સાંભળીને આશીર્વાદ દઈને બોલ્યા જે, હે યોગીઓ ! અમોએ આ વનને વિષે વિચરણ કર્યું છે તે જે કોઈ મુક્ત મુમુક્ષુ જીવ ગમે તે શરીરે કરીને તપશ્ચર્યા કરતા હશે તે સર્વેના તપની સમાપ્તિને અર્થે ફરીએ છીએ. તે સર્વેનું કલ્યાણ કરીને અમારા અક્ષરધામને વિષે મોકલવા છે. તે માટે તમો સર્વે હમણા તપ કરતા સતા અમારું ધ્યાન કરો અમારે નવલખા પર્વત ઉપર જવું છે. ત્યાં નવ લાખ સિધ્ધો તપશ્ચર્યા કરે છે ત્યાં જઈને તે સર્વેનું કલ્યાણ કરીશ તે ભેગું તમારા સર્વેનું કલ્યાણ કરીને તેમની સાથે અમારા અક્ષરધામમાં મોકલીશ.

કૃપાળુ એવા જે શ્રી બાલાજોગી તે વનવિચરણ કરતા સતા તે વનને વિષે કેટલાક જીવનો મોક્ષ કરતા સતા ત્યાં થકી ચાલ્યા તે થોડેક દૂર ગયા ત્યાં એક મોટી નદી આવી. અને તે નદીના કિનારે કેટલાયે મલીયાગર ચંદન વૃક્ષ ઝુકી રહ્યા હતાં અને તે વૃક્ષોને ફરતા કેટલાયેક સર્પ વિંટાઈ વળેલા હતા. અને

શ્રીનીલકંઠ બ્રહ્મચારી ત્યાં જાય છે ત્યાં તો સર્પ તત્કાળ આવીને તેમના ચરણારવિંદને જીભે કરીને ચાટવા લાગ્યા. અને પોતાની સર્વે ફણાઓ ઉંચી કરીને વારંવાર નમસ્કાર કરતા હતા. અને તેમાંથી પોતાની ઈચ્છાથી કેટલાક સર્પને તો વળી વાચા થઈ અને બોલ્યા જે, હે મહારાજ ! હે અક્ષરાધિપતિ ! હે પુરુષોત્તમ ! તમો તો શ્રી બાલાજોગી સ્વરૂપે થઈને વન વિચરણ કરોછો તે અમો કેટલાયે દિવસથી આ વૃક્ષોને વિંટાણા થકા તમારી સ્તુતિ કરીએ છીએ. માટે હે મહારાજ ! તમો અમારો સર્વેનો મોક્ષ કરીને અહિંથી પધારો. તેવું સાંભળીને દયાળુ એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે અતિ રાજી થઈને તે સર્વેને બદરિકાશ્રમમાં મોકલીને ત્યાંથકી આગળ ચાલ્યા. રસ્તામાં તળેટીમાં એક મહામોટા વૃક્ષના નીચે એક સિધ્ધ આસન વાળી ઈન્દ્રિયોનું નિયમન કરીને તપ કરતા અને હાથમાં ગીતાનો ગુટકો રાખીને પાઠ કરતા એવા એક જોગી સાથે કેટલાક દિવસ રહી તેને પોતાના સ્વરૂપનું દ્રઢ જ્ઞાનઆપીને દેહ મૂકાવી મોક્ષ આપતા હતા.

ત્યાર પછી મૂર્તિમાન હિમાલયની સ્વાદુ ફળો આપવારૂપ સેવા તથા રસ્તો બતાવવા રૂપ સેવા અંગીકાર કરીને શ્રીબાલાજોગી ત્યાં થકી મોટી મોટી ગુફાઓમાં ચાલતા થકાં પાણીના મોટા મોટા ધરાઓમાં સામી ધારાએ ચાલતા થકા નવલખા પર્વત પ્રત્યે ગયા અને તેના ઉપર ચડ્યા અને ત્યાં રહેલાં નવલાખ જોગીને પોતે શ્રીનીલકંઠ બ્રહ્મચારી નવલાખ રૂપ ધારણ કરીને એકી સાથે મળતા હતા. તેણે કરીને સર્વે સિધ્ધો અતિ આનંદ પામી સ્તુતિ કરીને કહેતા હતાં જે, હે ભગવન્ ! તમારે અર્થે અમો ધણાંક વર્ષથી તપશ્ચર્યા કરીએ છીએ. તે તપના સાક્ષાત્ ફળરૂપ તમો મળીને અમોને કૃતાર્થ કર્યા. આવો તે સિધ્ધોનો પોતાને વિષે પ્રેમ જોઈને તેમને પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપીને તેઓનો મોક્ષ કરીને ત્યાં નિવાસ કરતા સતા તે પર્વત ઉપર નવલાખ પાણીના કુંડ તથા સજીવન અગ્નિના કુંડ જોઈને કેટલાક દિવસે તે પર્વત ઉપરથી હેઠે ઉતરતા હતા.

**(૧૮) શ્રી જગન્નાથ પુરીમાં અસુરોનો નાશ કર્યો :**

શ્રી નીલકંઠ વર્ણી જગન્નાથ પુરીમાં પધારી સમુદ્ર સ્નાન કરી જગન્નાથજીના દર્શન કર્યા. ઈન્દ્રદ્યુમ્ન સરોવરમાં સ્નાન કર્યું. પૃથ્વીના ભારરૂપ



ઘણા અસુરોને પ્રભુએ જોયા એટલે પ્રભુ ત્યાં રોકાઈ ગયા. કોઈ અભિમાની, મત્સરી, ધર્મ વિમુખ, વાસનાનાં રમકડા જેવા, અનેક પ્રકારની શક્તિ દીક્ષાઓને લીધેલા, મદ્ય-માંસાદિકની ટેવવાળા, પોતાની પાસે આવેલ ગરીબ અને ભોળા માણસોને લાલચ અને ભય બતાવીને પોતાની સ્વાર્થની સિધ્ધિ કરતા, તલવાર, બંદૂક, મોટા ચીપિયા અને ત્રિશુલ જેવા અનેક હથિયારો રાખતા, પંચમકારના ઉપાસકો આવા હજારો હજાર અસુરોને જોઈને પ્રભુએ ત્યાં નિવાસ કર્યો. ધીમે ધીમે પરમાત્માનો પ્રભાવ જગન્નાથપુરીમાં ફેલાવા માંડ્યો. ઘણા બધા મુમુક્ષુજીવો ભગવાન પાસે બેસવા માંડ્યા. પુષ્કળ ભેટ, દક્ષિણા મૂકવા લાગ્યા. ભગવાન આ બધા પદાર્થો સામે પણ જોતા ન હતા. માણસોને એમ થયું કે આ સાક્ષાત્ નારાયણ જ છે. જગન્નાથપુરીમાં વર્ણીરાજનો જયજયકાર થવા લાગ્યો એટલે અસુરો દાજી ઉઠ્યા અને ભયંકર ગાળો દેવા લાગ્યા. પ્રભુને ઉપાડી પોતાના આશ્રમમાં લઈ ગયા. ભારેમાં ભારે પરિશ્રમ કરાવવા લાગ્યા. તું તો ચોર છે,મોટો ઠગ છે. આવા વચનોથી તિરસ્કાર કરવા લાગ્યા. પ્રભુ તો હસતાં હસતાં એ અસુરોને કહે છે, તમે ગમે તેમ કહો, આત્માને કંઈ લાગતું વળગતું નથી. માન અને અપમાનએ દેહનો ધર્મ છે. સત્કાર અને તિરસ્કાર એ તો ભૌતિક બાબત છે. આત્માને માટે તો બધું સમાન જ છે. પહેલાં અસુરો કહે છે : અહોહો ! મોટો જ્ઞાની ન જોયો હોય તો ! પરમાત્માની વાણી સાંભળીને કેટલાક અસુરોને એમ લાગ્યું કે વાત તો સાચી છે. આપણે આમને શા માટે હેરાન કરવા ? અસુરોમાં બે ભાગ પડ્યા અને આગના તણખા ઝર્યા. પરસ્પર મોહ પામ્યા અને તે અસુરો ગાળા ગાળીમાં ઉતર્યા અને તરતજ તલવાર, ભાલાં જેવા હથિયાર ઉપાડ્યા. કેટલાકે તો કુંહાડા લીધા, કોઈએ લોખંડના જાડા સળિયા લીધા અને કોઈએ ચીપિયા અને લાકડીઓ લીધી. આ પ્રમાણે ઓચિંતુ યુધ્ધ ફાટી નીકળ્યું. કાગડા, ગીધો, કૂતરાઓ, ભૂત, પ્રેત, પિશાચ, રાક્ષસો અને ભૈરવને મોટો ઉત્સવ થયો. એક જ દિવસમાં દસ હજાર અસુરો યમરાજાના અતિથિ બની ચૂક્યા અને તે રીતે દરરોજ યુધ્ધ ચાલવા માંડ્યું. કોઈ દિવસે બે હજાર, કોઈ દિવસે પાંચ હજાર, ક્યારેક પાંચસો, ક્યારેક પચાસ એ રીતે અસુરો મરતા હતા. કેટલાક અસુરો તો ત્યાંથી નાસી ગયા. પછી પરમાત્માએ જગન્નાથપુરીમાં મુમુક્ષુ જીવોને ઉપદેશ આપીને સત્યધર્મનો

આશ્રય કરાવ્યો. પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો. ભગવાનના દ્રઢ ભક્ત બનાવ્યા. પરમાત્મા જગન્નાથ પુરીમાં બે મહિના સુધી રોકાયા. સાવધાન એવો ભક્ત આ ચરિત્ર સાંભળશે કે પાઠ કરશે તે શત્રુઓની ઉપાધિમાંથી મુક્ત થઈને અંતે ભગવાનના ધામને પામશે.

**(૧૯) શિવજી અને પાર્વતીએ સાથવો અને મીઠું જમાડ્યું :**

શ્રીહરિ જ્યારે સુંદર રાજથી ભૂતપુરી તરફ ચાલતા હતા, ત્યારે તે સમયે શ્રીહરિ વિકટ વનમાં કોઈને માર્ગ પૂછ્યા વિના દિશા સાંધીને ચાલ્યા. પાંચ દિવસ વનમાં ચાલ્યા. ત્યાં સુધી અન્ન જળ કાંઈ મળ્યું નહિ. તન અચેતન થયું. કંઠ સુકાયો. ક્યાંય પણ જળ મળે નહિ. છેવટે ધીરે ધીરે ચાલ્યા, ત્યારે એક સ્થળે નીર હતું તેમાં નાહ્યા, વિષ્ણુને નવડાવ્યા. ચાર પ્રબોળિયાની સીંગફળી મળી તે શેકીને નૈવેદ્ય ધરીને જમ્યા. ત્યાં એક પહોર રહીને ચાલ્યા. તે બીજે દિવસ મધ્યાહ્ને અરણ્યમાં એક કૂવો આવ્યો ત્યાં નાહ્યા. ઘાટી છાયા દેખીને બેઠા. પછી જળની કઠારી ભરીને વિષ્ણુને સ્નાન કરાવ્યું. કઠારીની ધાર કરી તે બધુ પાણી વિષ્ણુ પી ગયા. પાણી નહીં જોઈને, વિષ્ણુ પી ગયા એમ નિર્ધાર કરીને ફરી બીજી કઠારી લાવ્યા, એમ વારે વારે લાવીને ધાર કરતાં પણ વિષ્ણુની તરસ મટી નહીં. ત્યારે કઠારીમાં વિષ્ણુને બેસાડી કૂવામાં ઉતારી ધરી રાખ્યા. પછી તૃપ્ત થયાં જાણીને બહાર કાઢ્યા. પૂજા કરીને વિચારવા લાગ્યા કે વિષ્ણુને આટલી તરસ લાગી છે ત્યારે ભૂખ પણ હશે. પણ ધરાવવાનું કાંઈ છે નહીં તેથી શું થાય ? પોતાને તો છ દિવસથી અન્ન નહીં મળવા છતાં તેનો ઘાટ નથી.

એટલામાં કાપડીના વેષે પોઠીયા ઉપર બેસીને કાષાયાંબર ધારણ કરેલાં બે નરનારી ત્યાં આવ્યા. વર્ણીની પાસે આવીને નમસ્કાર કર્યા. આસન આપીને પૂછવા લાગ્યા કે હે મુનિ, તમે એકલા કઈ બાજુથી આવ્યા ? ભૂખ્યા હશો. એમ કહેતા નેત્રમાંથી જળ વહેવા વાગ્યા. પછી પુરુષના કહેવાથી સ્ત્રીએ હેત કરીને સાથવો આપ્યો. વિષ્ણુને નૈવેદ્ય ધરાવીને પાણીમાં ઘોળેલો તે સાથવો પીધો. તૃપ્ત થયા ત્યારે કંઠ ખુલ્યો અને કહેવા લાગ્યા કે, તમે દયાળુ ક્યાંથી પહોંચ્યા ? કોઈ દેવ જેવા જણાઓ છો.

શ્રીહરિએ સાથવો જમીને જળપાન કર્યું. કાપડી વેષે આવેલા શંભુએ



કહ્યું કે, આપ તો વર્ણી વેષે રહેલાં સાક્ષાત્ કૃષ્ણ છો. તેથી સર્વજ્ઞ છો. છતાં પૂછો છો. તો કહું છું કે અમે શિવપાર્વતી છીએ. તમારા દર્શન કરવા અમે આવ્યા છીએ. એવી વાત સાંભળી ને વર્ણી રાજી થયા. પગે લાગીને કર જોડ્યા અને વિનંતી કરી કે મારો વૈરાગ્ય દ્રઢ રહે એવી સહાય કરજો. શિવ બોલ્યા કે તમે સાક્ષાત્ શ્રીકૃષ્ણ નારાયણ છો. નરનારાયણ દ્વારા દુર્વાસાનો શાપ અંગીકાર કરીને પૃથ્વીનો ભાર ઉતારવા પ્રગટ થયાં છો. એમ પરસ્પર પ્રશંસા કરી શિવ અંતર્ધ્યાન થયા. મોટો વડ હતો ત્યાં શ્રીહરિ એકલા જ હતા. ત્યારે આ મેલાપ થયો હતો. શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે ભૂતપુરી આવ્યા.

શ્રીહરિએ પૂજેલા આ વિષ્ણુ (શાલિગ્રામ ભગવાન) હાલમાં અમદાવાદ ગાદીની ધર્મવંશી આચાર્ય પરંપરામાં પૂજાય છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પ્રસાદીના આ શાલીગ્રામ ભગવાનનો સવારની પૂજામાં નિત્ય અભિષેક કરી પૂજન કરે છે. એ અભિષેકનું જળ પણ ખૂબ ચમત્કારી છે.

**(૨૦) ભગવાનદાસ, તેના માતુશ્રી તથા તેની સ્ત્રી એ ત્રણ જણને મોક્ષ રૂપી વર આપ્યો :**

સેતુબંધ રામેશ્વરથી શ્રીનીલકંઠવર્ણી ચાલ્યા તો વચ્ચે એક ગામ આવ્યું. તે ગામના ગોંદરે નદીના કાંઠે પીંપળાના વૃક્ષ નીચે પોતાનું આસન પાથરીને બેઠા. તે સમયે ગામમાં એક ભાવસારની સ્ત્રીને પોતાનો એક જ પુત્ર હતો તે પ્રત્યે એમ બોલી જે હે પુત્ર લાડીલા ! તને હું ભાતું કરી આપું તે લઈને ગમે તે જગ્યાએ જઈને ભગવાનને કોટી ઉપાયે કરીને ઓળખી આપણા ઘરે બોલાવી લાવ, અને મારું કહેલું વચન પાળે તો મારો પુત્ર ખરો, નહીં તોં મારે પેટ તું પથરો પડ્યો છે એમ હું સમજું છું. કેમ જે, તારા પિતા તો મહા ભગવદીય હતાં અને તું એક ક્ષણમાત્ર પણ પ્રભુને સંભારતો નથી. માટે આ ભાતું લઈને જા. તે ભગવાન મળે તો બોલાવીને પછી ઘેર આવજે નહીં તો મારે તારું કામ નથી. અને તેમ કરતા પણ શોધ્યા અને લીધા સિવાય ઘરે આવીશ તો હું ગમે તેમ કરીને મારા દેહનો ત્યાગ કરી દઈશ. આવી રીતના પોતાની માતાના કઠોર વચન સાંભળીને તે પુત્ર ભગવાનદાસ એમ બોલ્યા જે, હે માતુશ્રી, તમો આ બધી વાતો કહોછો તે સાચી પરંતુ હું ભગવાનને કેવી રીતે ઓળખી શકું ? ત્યારે ડોસી બોલ્યા જે, ભગવાન હશે તે તેમના બે ચરણમાં સોળ ચિન્હ હશે,

અને તેમના શરીરનો પડછાયો પણ પડતો નહીં હોય અને દીવો કરીને સામો મૂકીશ એટલે સોંસરો દેખાશે. એ તને હું નિશાનીઓ બતાવું છું. તે સમયે તે છોકરાની સ્ત્રી બોલી જે હે સ્વામિન્ ! હવે તમો તો પરદેશ વનમાં જશો અને તે વનમાં જતા પણ ભગવાન મળે તો તો બહુ સારું અને પાછા તેડીને ઘેર આવો, પરંતુ કદાપિ ન મળ્યા ,તો મારી શી દશા થશે ? એમ કહીને તે સ્ત્રી રૂદન કરવા લાગી, ત્યારે છોકરો બોલ્યો જે, હે સ્ત્રી ! તું શા માટે રૂદન કરે છે ! જો આપણા માતુશ્રી સાચા ભાવથી મને કહેતા હશે અથવા હું સાચા ભાવથી ખોળવા જઈશ અને તારો પણ સાચો પ્રેમ હશે અને તું બરાબર પતિવ્રતા હોઈશ તો જરૂર મને ભગવાન મળશે. હું હમણાં દશ પંદર દિવસમાં ખોળીને હાલ પાછો આવું છું. એ વાતમાં તું જરાયે સંશય રાખીશ નહીં. કેમ જે ભગવાન તો અંતર્યામી છે. તે આવો આપણો સાચા દિલનો ભાવ જોઈને કેમ નહીં મળે ? જરૂર મળશે અને તે છતાં જો એમનો આપણો સંબંધ નહિ જ થવા દેવો હોય તો તે સર્વેની જીવન દોરી એમના જ હાથમાં છે. તે છોકરો પોતાની સ્ત્રીને આવી રીતના વચન સંભળાવીને ધીરજ આપીને પોતાની માતાએ કરેલું ભાતું લઈને એક જ ભગવાન ઉપર ટેક રાખીને ભગવાનને શોધવા સારું ચાલ્યો તે ગામના ગોંદરે નદીના કિનારેથી ઉતરવા ગયો. ત્યારે કૃપાળુ એવા જે, શ્રી નીલકંઠ બ્રહ્મચારી એ ત્રણ માતા, પુત્ર અને સ્ત્રી તેમનો સાચો ભાવ અંતર્યામિપણે જાણીને તે છોકરા પ્રત્યે બોલ્યા જે, હે ભગવાનદાસ ! તમો ક્યાં જાઓ છો ? અહીં આવો તેવું સાંભળીને પોતાના મનમાં જરાએક ખમચાઈને ઘડી એક સુધી તો ત્યાં ને ત્યાં ઉભો રહીને વિચાર કરવા લાગ્યો જે આ તે કોણ હશે ? હું તો એમને ઓળખતો નથી અને તેમણે મારું નામ લીધું માટે હું એમના પાસે તો જાઉં એમ જાણીને તત્કાળ પોતે તેના પાસે ગયો અને પોતાના વૃતાન્તની સર્વે વાર્તા કહીં. તે સાંભળીને શ્રી નીલકંઠ બ્રહ્મચારી બોલ્યા જે, ભલે તમારો સાચો ભાવ હશે તો હમણા હાલ તમોને ભગવાન મળશે, કેમ જે ભગવાન તો અંતર્યામિ છે અને સર્વેના અંતરની જેવી ઈચ્છા હોય તે પૂર્ણ કરે છે. એમ કહીને વળી બોલ્યા જે, હે ભાઈ ! અમારા પગે નદી ઉતરતાં કાંટો વાગ્યો છે તે વેદના બહુ કરે છે માટે કાઢો તો બહુ સારું. ત્યારે બોલ્યો જે, લાવો. એમ કહીને તેમનો પગ પોતાના ઢીંચણ ઉપર મૂકીને જોવા જાય છે ત્યાં તો પગમાં નવ ચિન્હ તેને



માલુમ પડતાં હતાં. તે જોઈને બોલ્યો જે, હે જોગી મહારાજ ! આ તમારા ચરણમાં તો કાંટો નથી. માટે બીજો ચરણ લાવો જોઉં જો તેમાં ક્યાંય છે ? એમ કહીને તે ચરણ પણ પોતાના ઢીંચણ ઉપર મૂકીને જોવા લાગ્યો. ત્યાં તો તે ચરણમાં સાત ચિન્હ દીઠાં. એવી રીતે બે ચરણમાં થઈને સોળ ચિન્હ દેખીને પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો જે જાણો યા ન જાણો પરંતુ જરૂર આ ભગવાન છે. એમ વિચાર કરતો સતો એકદમ બોલી ઉઠ્યો જે, હે બાલાજોગી મહારાજ ! તમો તો સાક્ષાત્ ભગવાન છો. માટે તમો મારા ઘેર ચાલો. મારા માતુશ્રી તમોને બહુ જ ઈચ્છે છે અને તમારા માટે આટલો દાખડો કરવો પડત. આવી રીતે અતિ સ્નેહે સહિત નિર્માની પણાની વંદના કરીને શ્રી નીલકંઠ બ્રહ્મચારીને પોતાના ઘેર લઈ જઈને અતિ હર્ષ ભર્યો ઉંચે સાદે કરીને બોલ્યો જે, હે માતા ! તમે ક્યાં ગયા ? જુઓ, હું આ ભગવાનને લઈ આવ્યો. તેવું સાંભળીને બન્ને સાસુ-વહુ તત્કાળ ઘરમાંથી બહાર નીકળી આવ્યાં, ત્યાં તો આંગણામાં ઉભેલા હતા, તેમની છાયા ન જોઈને જાણ્યું જે જરૂર આ ભગવાનછે. એમ જાણીને અતિ હેતે સહિત ચરણારવિંદમાં મસ્તક મૂકીને વિનંતી સહ પગે લાગીને આસન આપીને ઉપર બિરાજમાન કરતા હતાં. ત્યારે બોલ્યા જે, હે ડોસીમાં ! તમારો ત્રણ જણનો પ્રેમ જોઈને તમોને દર્શન દેવા સારું અમો આવ્યા છીએ. પછી તે બન્ને જણ સાસુ-વહુ અતિ પ્રેમે સહિત રસોઈ કરીને શ્રી નીલકંઠ બ્રહ્મચારીને જમાડતાં હતા. અને દીવો કરીને સામો મૂક્યો કે સોંસરો દેખાવા લાગ્યો. તે જોઈને ત્રણે જણ નિશ્ચય કરતાં હતાં. ત્યાર પછી તે ડોસી પોતાના સગા-સંબંધીને કહેતી હતીં જે ચાલો દર્શન કરવા. અમારે ઘેર ભગવાન પધાર્યા છે. તેવું સાંભળીને સર્વે જન વિચાર કરવા લાગ્યા જે આ ડોસી શું બોલે છે ? જે મારે ઘેર ભગવાન આવ્યા અને દર્શન કરવા ચાલો. આ વાતની કંઈ ખબર પડતી નથી. એમ કહેતા સતાં તે સર્વે જન મળીને શ્રી નીલકંઠ બ્રહ્મચારી પાસે આવતા હતા. ત્યારે તો પોતાનું શંખ, ચક્ર, પદ્મ, ગદા એ ચાર આયુધે સહિત ચતુર્ભુજ શ્રીકૃષ્ણરૂપે દર્શન આપતા હતા. ત્યારે તે સર્વે આવેલા જન આવું મહા અદ્‌ભૂત ચરિત્ર જોઈને મહા વિસ્મય પામતાં સતાં વંદના કરીને પગે લાગતાં હતા. પછી તે ડોસી, છોકરો અને સ્ત્રી એ ત્રણ જણને અતિ નિષ્કામી જાણીને કહ્યું જે તમો ત્રણે જણ દંઢાવ્ય દેશમાં ગામ શ્રી વડનગરને વિષે ઝુમખરામ ભાવસારને ઘેર

જન્મ ધારણ કરશો. અને ત્યાં અમારો યોગ થશે અને પછી અમારા અક્ષર ધામને પામશો. એવી રીતનો તે ત્રણે જણને વર આપ્યો.

### (૨૧) પંઢરપુરમાં ભગવાન વિઠ્ઠલનાથની મૂર્તિને શ્રી નીલકંઠ વર્ણી ભેટ્યા :

શ્રી નીલકંઠ વર્ણી તીર્થોમાં વિચરણ કરતાં કરતાં પંઢરપુર પધાર્યા. પંઢરપુરમાં ભગવાન વિઠ્ઠલનાથની મૂર્તિને પ્રભુ ભેટ્યા. ભગવાન વિઠ્ઠલા એટલે વિષ્ણુની મૂર્તિ છે. પંઢરપુર એક સ્વયં તીર્થ બની ગયુંછે. ત્યાં એક પુત્ર પોતાના માતા પિતાની સેવા કરતો. મા અને બાપની સેવા એ જ પરમ ધર્મ એ જ ભગવાનની ભક્તિ. ભગવાન એને ત્યાં દોડી આવ્યા. સામે ચાલીને દર્શન દેવા આવ્યા. ભક્તની ભાવના સાચી હોય તો ભગવાન ઘેર આવે છે. ભાવના ખોટી હોય તો મંદિરમાંય ભક્તનાં દર્શન ભગવાન સ્વીકારે નહિ. આ વિઠ્ઠલ પાસે પ્રભુ પહોંચ્યા. વિઠ્ઠલ કહે છે પ્રભુ ! મારા પિતાને પહેલાં સ્નાન કરાવી લઉં. પછી તમને પગે લાગુ. આ ઈંટ ઉપર બેસો ભગવાન ઈંટ ઉપર બિરાજ્યા. પિતાને સ્નાન કરાવી, વસ્ત્ર પહેરાવી અને વિઠ્ઠલે ભગવાનને કહ્યું માફ કરજો પ્રભુ. ભગવાન કહે માગ માગ, તારી પિતૃ ભક્તિ જોઈને હું રાજી થયો છું. એટલે વિઠ્ઠલે માંગ્યું, હે ભગવાન ! તમે મારે ત્યાં અખંડ બિરાજો, એજ માંગુ છું. ભગવાન કહે છે તથાસ્તુ. હું તારે ઘેર અખંડ રહીશ. તારું નામ ધારણ કરીને રહીશ. ત્યારથી ભગવાને વિઠ્ઠલા નામ ધારણ કર્યું. ત્યાં જ રહ્યા અને પંઢરપુર યાત્રાનું સ્થળ બની ગયું. સ્વામિનારાયણ ભગવાન વર્ણીવેશે પંઢરપુર પધાર્યા, અને એ વિઠ્ઠલાની મૂર્તિને ભેટ્યા. એટલા માટે કે પ્રભુ ! કેવા તમે કરૂણાવાળા ! માતા અને પિતાની સેવા કરનાર ઉપર તમે કેવા રાજી થઈ જાઓ છો !

શિક્ષાપત્રીમાં એક એક શબ્દો જે લખાયા છે એ બહુ સુંદર, સર્વોત્તમ સારરૂપ છે. માતા પિતા, ગુરુ અને રોગી એવો હરકોઈ મનુષ્ય એની સેવા જીવનપર્યંત કરવી.

### (૨૨) માંગરોળમાં ગોવર્ધન શેઠના ફઈ પૂતળીબાને નરકમાંથી છોડાવ્યા :

શ્રી નીલકંઠ વર્ણી તીર્થોને પાવન કરતા કરતા વિશ્રાંતિ માટે માંગરોળની



ભાગોળે બિરાજ્યાછે. માંગરોળના પ્રસિધ્ધ હરિભક્ત રામાનંદ સ્વામીના શિષ્ય ગોવર્ધનભાઈશેઠ વેપારી હતા. એમણે વર્ણીરાજને જોયા. હાથ જોડી નમસ્કાર કર્યો. ખેંચાણ થયું. વર્ણીરાજ ભિક્ષા લેવા ઘેર પધારશો ? પ્રભુએ ના પાડી. હે મહાત્માજી ! જો સ્વીકારો તો અહીં લઈ આવું. હરિ ઈચ્છા ! અને તરત જ ગોવર્ધનભાઈ ઘેરથી ભિક્ષાન્ન લઈ આવ્યા. બુંદી અને ગાંઠીયા લાવીને મૂક્યાં. વર્ણીરાજે એમાંથી એક જ કકડો ગાંઠીયાનો ઉપાડ્યો, મુખમાં મુક્યો. ફક્ત ભક્તની ભાવના સ્વીકારવા માટે અને પૂછયું, કેમ આ બધું એકદમ ક્યાંથી લાવ્યા ? ઘરમાં તૈયાર હતું ? હા વર્ણીરાજ, આજે અમારી ફઈબાનું તેરમું હતું. એટલે આ બધી વસ્તુઓ ઘરમાં હતીં જ. તમારા માટે લઈ આવ્યો અને વર્ણીરાજ ચમક્યા ! આ તેરમાના નિમિત્તનું અનાજ ક્યાં વળી અમને આપ્યું. વર્ણીરાજ ! આશીર્વાદ આપજો, મારી ફઈબાનું કલ્યાણ થાય. એનો ઉદ્ધાર થાય. એ જમપુરીમાં ગઈ છે. તમને કેવી રીતે ખબર ? તમે તો વૈષ્ણવ લાગો છો ? તિલક ચાંદલો દેખાય છે, કંઠી છે અને તમારા ફઈ કેમ જમપુરીમાં જાય ?

ગુરુનો દ્રોહ કર્યો તેમજ સોનાની ચોરી કરી એટલે. ગુરુનો દ્રોહ કરવાથી મોક્ષમાં વિઘ્ન આવે છે. મહાદેવજીના ક્રોધથી ગુરુ બચાવે પણ ગુરુના ક્રોધથી મહાદેવજી બચાવી ન શકે. અમારા ફઈએ ગુરૂનો અપરાધ કર્યો હતો. અમે બધા રામાનંદ સ્વામીના શિષ્યો છીએ. વર્ણીરાજ ! અમારા ગુરૂ બહુ પ્રતાપી છે. ઉદ્ધવજીનો અવતાર છે. શ્રીકૃષ્ણની ભક્તિ કરાવે છે. નગરે નગર વિચરણ કરે છે.

એક વખત એવું બન્યું હે વર્ણીરાજ ! અમારા માંગરોળ શહેરમાં જ્યારે ગુરૂદેવ પધાર્યા ત્યારે કોઈએ સોનાનો એક પાસલો ગુરૂ ચરણે ભેટ મૂક્યો. અમારા ગુરુ સદાવ્રત ચલાવતા. રામાનંદ સ્વામીએ અમારા ફઈને કહ્યું. જો પૂતળી, આ સોનાનો પાસો ઘેર લઈજા સાચવી રાખજે. જરૂર પડશે એટલે અમે મંગાવી લઈશું અને અમારા ફઈએ સોનાનો પાસો ઘેર લઈ જઈ કબાટમાં મૂકી દીધો. “સોનું દેખી મુનિવર ચળે.” સોનું એવું ચકચકિત ફઈબા ને એમ થયું, ગુરૂ મહારાજના પગે આવી તો કેટલીય ભેટો આવ્યા જ કરે અને ગુરૂ તો એવા ઉદાર-દરિયાવદિલના છે, કદાચ ભૂલી પણ જાય. આવું ચપટી સોનું એમને ક્યાં મગજમાં યાદ રહેવાનું ?

બે ત્રણ મહિના પછી રામાનંદ સ્વામી પાછા આવ્યા. પૂતળીબેન ! પેલું સોનું તમને આપ્યું હતું તે લાવો. સદાવ્રતમાં વાપરી નાંખીએ. ક્યું સોનું સ્વામી ! તમને આપ્યું હતું ને સાચવવા ? અને અમારા ફઈએ વાત હસી કાઢી અરેરે ગુરૂ મહારાજ, તમારો સ્વભાવ તો બહુ આનંદી છે. વિનોદી છે. એટલે તમે મને આવું કહો છો, પણ આ સભામાં બેઠેલા કોઈ સાચું માની લેશે. મોટા મોટા શેઠીયાઓને વેપારીઓ તમારા શિષ્યો છે. એને તમે સોનું સાચવવા આપો, મને થોડું સાચવવા આપો ? અને રામાનંદ સ્વામી જેવા દયાળુ એવા કઠીન પણ ખરા. ''वज्रादपि कठोराणि, मृदुनि कुसुमादपि''. રામાનંદ સ્વામીની એવી પ્રકૃતિ હતી. વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીએ કબુલ્યું છે. સ્વામી એકદમ તેજ પ્રકૃતિમાં આવ્યા. હે પૂતળી ! આ સોનું કંઈ તારું નથી. મારું પણ નથી. આ તો ભગવાનના નામે આવેલુંછે એ સોનું તું ઘરમાં રાખીશ તો નરકમાં પડીશ, આવું બોલ્યા છતાં સોનાના લોભે પૂતળી એ સત્ય સ્વીકાર્યું નહી. હે વર્ણીરાજ ! ગુરૂના આ શાપના કારણે મારી ફઈ જમપુરીમાં ગઈ છે. ગુરૂકૃપાથી મને સમાધિથાય છે. એ સમાધિ કરીને હું જમપુરીમાં જાઉં છું. ત્યારે નરકમાં બુમો પાડે છે. હે ગોવર્ધન ! મને કાઢ. પણ હું જ્યાં મારી ફઈને નરકથી બહાર કાઢવા જાઉં ત્યાં જમદૂતો મને મારે છે. મારે પાછા આવતા રહેવું પડે છે.

વર્ણીરાજે વિચાર કર્યો એમના તેરમા નિમિત્તનો અન્નનો એક કકડો મુખમાં મૂક્યો. હવે એમનો ઉદ્ધાર કરવો જ પડે. આ પ્રસંગમાંથી ત્રણ બાબત શીખવા મળે છે. પહેલી બાબત એ છે કે, સત્સંગ કરેલો નિષ્ફલ જતો નથી. શિક્ષાપત્રીની આજ્ઞાનો જે ભંગ થાય છે તેની સજા ભોગવાવીને પણ એ સત્સંગીનો મહારાજ મોક્ષ કરે છે. મહારાજ એવા દયાળુછે ! બીજી બાબત એ છે કે, ધર્મ અને સંસ્થાઓ, ધાર્મિક ટ્રસ્ટના વહીવટ કરનારાએ સાવધાન રહેવું પડે. પ્રભુ ચરણમાં આવેલું દ્રવ્ય જો ઘરમાં રહી જાય તો વિનાશ ચોક્કસ છે. કોઈપણ સત્કર્મમાં - ધાર્મિક સંસ્થા કે મંદિરોમાં ચપટી આપીને રાજી થવું. પણ ત્યાંથી ઘરમાં લાવીને રાજી ન થવું. કદાચ વહીવટ કરવો તો પણ સાવધાનીથી વહીવટ કરવો, કે જેથી એ સંપ્રદાયનું ધર્મનું કોઈપણ દ્રવ્ય આપણા વ્યવહારમાં મળી ન જાય. નહીં તો વિનાશ સર્જાય. આખા રાજ્યનો, દેશનો વહીવટ કરવો સરળ પણ ધર્માદા સંસ્થાનો વહીવટ કરવો બહુ કઠીન છે. કારણ કે આ તો શુદ્ધ ભાવથી ઈશ્વરને સમર્પિત થયેલી સંપત્તિ છે. એ જો ઘરમાં આવે તો દુઃખનું કારણ બની જાય છે. ત્રીજી બાબત એ છે કે, જેના ને તેના બારમાં-તેરમાં ખાવા બેસીએ તો આપણું પુણ્ય ધોવાઈ જાય છે. જો આપણામાં એનો ઉદ્ધાર કરવાની શક્તિ હોય તો જુદી વાત છે. બાકી આપણી અંદર રહેલી પુણ્યની મુડી, ભક્તિની મુડી ખેંચાય જાય છે. સત્સંગિજીવનમાં શ્રીજી મહારાજે ચોખવટ કરી છે કે પોતાના કુટુંબી જ હોય તો તેમની પાછળ બારમું તેરમું ખાવામાં દોષ નહિ. કારણકે પોતાનું જ છે. પરંતુ બીજા કોઈના બારમાં-તેરમામાં ભોજન કરવા જવું નહિ. કારણ કે એને પ્રેત ભોજન કહેવાય છે. એ પુણ્યનો ક્ષય કરે છે.



વર્ણીરાજ વિચાર કરે છે કે હવે આમનો ઉદ્ધાર કરવો જ પડશે. ભલે એના ગુરૂદેવનો અપરાધ કર્યો. પણ ગુરૂનાય ગુરૂની આજે સેવા કરી છે. અને એમની આગળ આજે આજીજી કરી છે. ગોવર્ધન ભાઈ ! આવો અહીં નજીક આવો. તમને એક મંત્ર આપીએ. એ મંત્રનો ઉચ્ચાર કરજો. તમારા ફઈબાનું કલ્યાણ થઈ જશે. ગોવર્ધનભાઈના જમણા કાનમાં વર્ણીરાજે 'સ્વામિનારાયણ' ષડક્ષરી મંત્ર આપ્યો અને કહ્યું કે હવે, અમારા પ્રતાપથી સમાધિમાં જાવ અને તમને યમના દૂતો ઘેરી વળે ત્યારે 'સ્વામિનારાયણ' નામનો ઉચ્ચ સ્વરે ઉચ્ચાર કરજો, પછી જુઓ શું થાય છે ! ગોવર્ધનભાઈ સમાધિ કરી યમપુરીમાં ગયા. 'સ્વામિનારાયણ' મહામંત્રની જ્યાં ધૂન્ય કરી, તે સાંભળીને યમદૂતો બધા દૂર ભાગી ગયા. નરકકુંડમાંથી પૂતળી બેનનો આત્મા એકદમ બહાર આવી ગયો. ગોવર્ધન - ગોવર્ધન - જય સ્વામિનારાયણ કહીને સદ્ગતિ પામી ગયો. સ્વામિનારાયણ નામ સાંભળીને યમયાતનામાંથી એ સાથે બીજા અનેક પાપી જીવાત્માઓ પણ છૂટી ગયા.

સ્વામિનારાયણ ભગવાનના તમામ ચરિત્રો લખીએ તો એક બહુ મોટો દળદાર ગ્રંથ થાય. એટલે સ્પષ્ટતા કરું છું કે આ પુસ્તકમાં ચરિત્રોનું ફકત આચમન જ છે. ચરિત્રો લખવાની મારી સામર્થી નથી, કારણ કે મહારાજ તો નિત્ય નિત્ય નૌતમ લીલા કરતા અવિનાશી.... એક એક દિવસમાં નવીન અસંખ્ય ચરિત્રો કરતા, એટલે હવે સત્સંગમાં રહીને જે

ચરિત્રો કર્યા છે તે પૈકી બહુ થોડા ચરિત્રોનું આચમન કરીએ કારણ કે ચરિત્રો વાંચવા સાંભળવાથી શાંતિ તો થાય છે, પરંતુ એસાથે સ્વામિનારાયણ ભગવાનમાં પ્રીતિ થાય છે. નિશ્ચય થાય છે, મહારાજની ઓળખાણ થાય છે. મહિમા વધે છે અને તેથી મહારાજની આજ્ઞાઓ પાળવાનું બળ વધે છે.

સાત વર્ષ વન વિચરણ કરીને વિક્રમ સંવત ૧૮૫૬ માં મહારાજ લોજ ગામમાં મુક્તાનંદ આદિક ૫૦ સંતો સાથે આશ્રમમાં રહ્યા ત્યાં પોતાના આચરણથી સેવાનો મહિમા બતાવ્યો. ત્યાગીની મર્યાદા સ્થાપી. અને રામાનંદ સ્વામીને પોતે લખેલા પત્રથી ભગવાન તથા ભક્તિનો મહિમા તથા ગુરૂને મળવાની આતુરતા દર્શાવી. સ્વયં સર્વાવતારી પરમાત્મા છે છતાં આપણને શીખવવા માટેએ પત્રના શબ્દો અત્રે લખું છું.

સ્વસ્તિશ્રી ભુજ નગરમાં બિરાજતા રાજાઓના રાજા, ગુરૂનાયે ગુરૂ ભક્તજનો ઉપર અત્યંત પ્રેમવાળા, અજય અને સુમતિ નામના બ્રાહ્મણ દંપતિ થકી અયોધ્યામાં પ્રગટ થયેલા આપને હું દંડવત્ પ્રણામ કરું છું. હે વિભુ ! સગાસંબંધીનો ત્યાગ કરીને કૌશલ દેશથી પુલ્હાશ્રમઆદિ તીર્થમાં ફરતો ફરતો લોજ નગરમાં તમારા સંતો પાસે આવીને રહ્યો છું. પરમાત્માના પ્રત્યક્ષ દર્શનની અતિ ઈચ્છા છે. ભગવાનના દર્શન માટે ચાર મહિના ધારણા પારણા વ્રત કરુંછું. કાર્તિક માસમાં ઉપવાસ કરુંછું. માઘ માસમાં ચાન્દ્રાયણ કરું છું. સર્વ એકાદશીઓને કરું છું. પંચ વિષયોનો ત્યાગ કરીને હું તપ કરું છું. અત્યંત તપથી લોહી અને માંસ સુકાઈ ગયા છે. મારા શરીરમાં ચામડી અને હાડકાં જ બાકી છે. છતાં આપના દર્શનની આશાએ જ આ દેહ ટક્યો છે. કળિયુગમાં અન્નસમા પ્રાણ છે. એમ કહેવાય છે તો હે ગુરૂદેવ ! મારા ઉપર કૃપા કરો.

માતા પિતા, બંધુ, ગુરુ, મિત્ર એ બધું જ મારા માટે એક પરમાત્મા છે. ભગવાનમાં જેને પ્રેમ ન હોય એનો હું ત્યાગ કરું છું. દેહનું પોષણ કરનારા પિતા-માતા, સગા ભાઈઓ જો પ્રભુથી વિમુખ હોય તો એનો ત્યાગ કરી દઉં છું. જેમ વિભીષણે પોતાના ભાઈ રાવણનો ત્યાગ કર્યો, ભરતજીએ માતા કૈકેયીનો ત્યાગ કર્યો હતો, વિદુરજીએ કુળનો ત્યાગ કર્યો હતો, મથુરાની બ્રાહ્મણ સ્ત્રીઓએ તથા ગોપીઓએ પોતાના પતિઓનો ત્યાગ કર્યો હતો, એ



રીતે પ્રભુ વિમુખ સગા સંબંધીઓ હોય તેનો ત્યાગ કરનારની શાસ્ત્રમાં કીર્તિ ગવાઈછે. પણ અપકીર્તિ થઈ નથી. આ લોજપુરમાં તમારા સંતો છે એ મારું સર્વસ્વ છે. જેને પ્રભુમાં પ્રેમ નથી એવા માણસો પશુ જેવા છે. હે વિભુ ! ભગવત્-ભક્તિયુક્ત મનુષ્ય એ પ્રશંસાને યોગ્ય છે. જેને પ્રભુની ભક્તિ નથી એવા માણસો ઈન્દ્રામણાના રૂપ જેવા છે. જેમનામાં બીજા ગમે તેટલા ગુણો હોય પરંતુ જો ભગવાનની ભક્તિ ન હોય તો તે મીઠા વગરના શાક જેવા છે. બીજાની ક્યાં વાત ? સાક્ષાત્ બ્રહ્મા પણ જો ભક્તિહીન હોય તો તેમને પણ કાળ છોડતો નથી. માટે તો બ્રહ્મા, શિવ, શુકદેવ વગેરે મોટા મોટા પ્રભુની ભક્તિ જ કરે છે. રાધા-રમા આદિ શક્તિઓ ભગવાનનું ભજન કરે છે. ભગવાનનું આ રીતે માહાત્મ્ય જોઈને અહીંના સંતો સાથે રહું છું. હે સ્વામી ! પ્રભુ કીર્તન સિવાય બીજા શબ્દો મને અપ્રિય લાગે છે. ગમે એવી રૂપાળી સ્ત્રી પણ રાક્ષસી જેવી લાગે છે, સુગંધી ફૂલના હાર સળગતા અંગારા જેવા લાગે છે. સુગંધવાળું ચંદન કાદવ જેવું લાગે છે, ઝીણાં વસ્ત્ર કાળા નાગ જેવા લાગે છે, મિષ્ટાન્ન ભોજન ઝેર જેવા લાગે છે. આવી મારી વૈરાગ્યની સ્થિતિ છે. આ કળિયુગમાં તમે એવા જગતગુરૂ છો જે તમારા આશ્રિતોને ભગવાનના દર્શન કરાવો છો. તો મારા ઉપર કૃપા કરીને જલદી પધારો અને તમારા દર્શન આપો.

પીપલાણા ગામે મહારાજનું રામાનંદ સ્વામી સાથે મિલન થયું. ધર્મદેવ અને ભક્તિમાતાએ પ્રથમ પ્રયાગમાં ઉદ્ધવાવતાર શ્રી રામાનંદ સ્વામી થકી દીક્ષા લીધેલી. એ જ રામાનંદ સ્વામીએ વિ.સ. ૧૮૫૭ ના કાર્તિક સુદ એકાદશીના દિવસે મોટા મહોત્સવથી વિધિપૂર્વક શ્રી નીલકંઠ વર્ણીને મહાદીક્ષા આપી. જમણા કાનમાં અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ આપ્યો. સ્વામીએ શ્રી નીલકંઠ વર્ણીને 'સહજાનંદ' અને 'નારાયણમુનિ' એવા બે નામ આપ્યા. જેને પોતાના સુખથી જ આનંદ છે. સહેજે સહેજે જેમનામાં આનંદ રહ્યો છે એમનું નામ સહજાનંદ અને સાક્ષાત્ નારાયણ હોવાથી નારાયણ મુનિ આવું નામ આપ્યું છે. રામાનંદ સ્વામીએ અતિ આગ્રહ કરીને જેતપુરમાં શ્રી સહજાનંદ સ્વામીને ઉદ્ધવ સંપ્રદાયની પોતાની ગાદી પર બેસાડીને ધર્મધુરા સોંપી. ભગવાન જ્યારે જ્યારે પ્રગટ થયા છે. ત્યારે મનુષ્યના ઉપદેશ માટે એક ગુરૂને ધારે છે. રામાનંદ સ્વામી ઘણીવાર કહેતા કે, અમો તો ડુગડુગી

વગાડનારા છીએ, ખેલ ભજવનારા પછી આવશે. રામાનંદ સ્વામીને પરમાત્માની ઓળખાણ થઈ ગઈ એટલે તુરત જ તેઓને ધર્મધુરા સોંપી દીધી. અને સર્વે સંત-હરિભક્તોને તેમની આજ્ઞામાં રહેવાની ભલામણ કરી. સર્વેના ગુરૂપણાને વિષે સ્થાપન કર્યા.

શ્રી રામાનંદ સ્વામીએ તે સમયે વર માંગવાનું કહેતા નારાયણ મુનિએ સ્વામી પાસે બે વર માંગ્યા. જે તમારા ભક્તને એટલે કે ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિતને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે અમને એકેક રૂવાંડે કોટી કોટી વીંછીનું દુઃખથાય પણ તે તમારા ભક્તને દુઃખ ન થાય. અને તમારા ભક્તને નસીબમાં રામપાત્ર લખ્યું હોય તો તે અમને આવે પણ તમારા ભક્ત અન્ન વસ્ત્રથી દુઃખી ન થાય અને મને સ્ત્રી-ધનથી બંધન ન થાય. અત્યાર સુધીના ઈતિહાસમાં સ્વામિનારાયણ ભગવાન જ એક એવા છે જે જેઓએ પોતાના સત્સંગી માટે આવા અજોડ બે વર ગુરુ પાસેથી માંગ્યા છે. સ્વંય ભગવાન છે. વર ગુરુ પાસે માંગવા એ તો એક લીલા માત્ર છે. અને ગુરૂનો મહિમા વધારવા માટે છે. સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતને સ્વયં સ્વામિનારાયણ ભગવાન આ બે વર આપે છે. એટલે સત્સંગી માત્ર અન્ન-વસ્ત્ર અને આબરૂએ કરીને સુખી દેખાય છે.

### (૨૩) મેઘજી વણિકનો ગર્વ ઉતાર્યો :

માંગરોળ નગરમાં નારાયણ મુનિનો ગુરૂભાઈ અને હું સિધ્ધ છું એવા અભિમાન વાળો રામાનંદ સ્વામીનો શિષ્ય મેઘજી નામે એક વણિક રહેતો હતો તે સમાધિમાં સ્વતંત્ર હતો. તે ઈચ્છે ત્યારે પ્રભુના ધામમાં જઈ શકતો અને ઈચ્છા થાય ત્યારે પાછો આવી શકતો. રામાનંદ સ્વામી અંતરધ્યાન થયા પછી સ્વામીના સર્વે શિષ્યોમાં એ પોતાને આગેવાન ગણતો અને બીજા બધાની અવગણના કરતો. એક દિવસે સભામાં આવીને મુક્તાનંદ સ્વામી આદિક સાથે વિવાદ કરવા લાગ્યો. એ જોઈને પ્રભુ બોલ્યા, હે મેઘજી ! દેવોને વંદન કરવા યોગ્ય એવા આ સંતોનો તું કેમ તિરસ્કાર કરે છે ? તારી શક્તિને હું જાણું છું. એક જ ક્ષણમાં તારું અભિમાન ઉતરી જશે. તું અમારી આજ્ઞામાં રહે, નહીંતર સમાધિનું સ્વાતંત્ર્ય ચાલ્યુ જશે. પ્રભુના વચનો સાંભળીને મેઘજી બોલવા લાગ્યો, આજકાલના તમે શું કરી શકવાનાછો ? હું રામાનંદ



સ્વામીનો જુનો શિષ્ય છું. તમે બધા વયોવૃદ્ધ, તપોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ એવા મને તમારી આજ્ઞામાં રહેવાનું કહેતા શરમાતા નથી ? હે વર્ણી ! અત્યારે જ હું તમને મારું સામર્થ્ય બતાવું છું તે જુઓ. એમ કહીને પોતાના બન્ને હાથ ઉકળતા તેલના કડૈયામાં બોળી દીધા. ચામડી ફૂલી ગઈ. પરંતુ એ સમાધિ નિષ્ઠ હતો તેથી કંઈ પણ પીડાનો અનુભવ ન થયો. આ દ્રશ્ય જોઈને માંગરોળવાસીઓ માનવા લાગ્યા કે, મેઘજી ખરેખર સિધ્ધ પુરુષ છે. એ વખેત મેઘજી સભામાં કહેવા માંડ્યો, હે સર્વજનો, આજથી ચોથા દિવસે, ચોથા મુહૂર્તમાં હું મારા દેહનો ત્યાગ કરીને ધામમાં ચાલ્યો જઈશ. મેઘજીનું વચન સાંભળીને પ્રભુ બોલ્યા, હે મેઘજી ! તારા કહેવા પ્રમાણે જો તું દેહ ત્યાગ કરે તો અમે બધા જ તારા શિષ્યો થઈ જઈશું. હે વણિક, ત્રિશંકુની માફક તારી દશા થશે. એમાં જરા પણ સંશય નથી. મેઘજી કહે છે, હે બ્રહ્મચારી ! તમે શું જાણો ? અષ્ટ સિધ્ધિઓ મને વશ છે. આટલું કહીને મેઘજી પોતાના ઘેર ચાલ્યો ગયો અને ઘેર આવીને પોતાની સંપત્તિનું દાન કરવા લાગ્યો. તમામ બ્રાહ્મણો, મહાત્માઓ, યવન અને ચંડાળ પર્યંત સર્વને જમાડીને તૃપ્ત કરવા લાગ્યો. પણ નારાયણ મુનિ અને એમના સંતોને નહોતો જમાડતો કારણ કે એમના ઉપર એને દ્વેષ હતો. ત્રણ દિવસ સુધી આ રીતે બધી સંપત્તિનો વ્યય કરી દઈને ચોથા દિવસે સૂર્યોદય પછી પદ્માસન વાળીને બેસી ગયો. આખા માંગરોળ ગામમાં વાત ચાલી કે મેઘજીભાઈ જીવતા સમાધિ લે છે. એટલે ગામના માણસો જોવા આવ્યા. મેઘજીએ પ્રાણાયામ કર્યા, સર્વ અંગોમાંથી પ્રાણવાયુને ઉપર લઈ જઈને બ્રહ્મરન્ધ્ર સુધી પહોંચાડી ન શક્યો. એના પ્રાણ કંઠમાં ભરાઈ ગયા. અષ્ટ સિધ્ધિઓ એને વશ હતી. પરંતુ અત્યારે કોઈ પણ કામ ન લાગી. એ પોતાના પ્રાણને જેમ ઉપર લઈ જઈ ન શક્યો તેમ ફરીથી હદયમાં પણ ન લાવી શક્યો. અને ત્રિશંકુના જેવી દશાને પામ્યો. ખૂબ પીડાવા લાગ્યો. હાથ પગ ઘસવા લાગ્યો. માણસોએ એને ઘણું કહ્યું કે તેં નારાયણ મુનિનો અપરાધ કર્યો છે. માટે તું એમની માફી માગ તો પ્રભુ યોગ્ય કરશે. પરંતુ અભિમાની એવા મેઘજીને નાગરિકોની વાણીથી કંઈ અસર થઈ નહિ. જેની પ્રતિજ્ઞાનો ભંગ થયો છે એવો મેઘજી પાંચ દિવસ સુધી રિબાયો. પછી તૂટક અક્ષરોથી અને હાથની સંજ્ઞાથી

પોતાની પાસેના માણસોને કહેવા લાગ્યો કે શ્રી નારાયણ મુનિને અહીં બોલાવી લાવો. મેઘજી પાસેથી માણસો દોડતા નારાયણ મુનિ પાસે પહોંચ્યા. પરમાત્મા ખૂબ દયાળુ છે. તત્કાળ મેઘજીને ઘેર આવ્યા. પ્રભુની દ્રષ્ટિ પડતાની સાથે જ મેઘજીના નાડી પ્રાણ ઠેકાણે આવી ગયા. તરત જ બેઠો થઈને ભગવાનના ચરણમાં પડ્યો. હે પ્રભુ ! આજથી તમારો છું. મારા અપરાધ માફ કરો. પ્રભુ કહે છે, હે મેઘજીભાઈ ! અત્યારે તમારે દેહ ત્યાગ કરવાની કોઈ જરૂર નથી. ભગવાનનું ભજન કરતા સુખેથી જીવો. પરમાત્માની આ લીલા જોઈને નગરવાસીઓ બહુ આશ્ચર્ય પામ્યા. અને નારાયણ મુનિ સાક્ષાત્ પરમાત્મા છે. એમ માનીને ભગવાનનો દ્રઢ આશરો કર્યો.

### (૨૪) શ્રીહરિએ સમાધિમાં દરેકને પોતપોતાના ઈષ્ટદેવના દર્શન કરાવ્યા :

એકવાર પ્રભુની પાસે કેટલાક શ્રાવક વણિકો આવીને કહેવા લાગ્યા, હે વર્ણિરાજ ! અમને અમારા તીર્થંકરોના દર્શન કરાવો. અમારા તીર્થંકરોના દર્શન જો થાય તો પછી આપને વિશે અમને કશી શંકા રહેશે નહીં. પરમાત્માએ આ બધા શ્રાવકોને સમાધિમાં બેસાડ્યા. સૌના નાડી પ્રાણ તણાઈ ગયા. અને સમાધિમાં ઋષભદેવ આદિ ચોવીસ તીર્થંકરોને જોયા. શ્રાવકોને સમાધિ થઈ એ દરમિયાન માંગરોળમાં મોટો ઉહાપોહ થયો કે શ્રાવકો બધા જ મરી ગયા છે. સમાધિવાળાનાં સગાં તથા અન્ય માણસોનાં ટોળા ત્યાં આવવા લાગ્યા. આવીને સૌ રડવા લાગ્યા. પરમાત્માએ દ્રષ્ટિમાત્રથી સૌને જગાડ્યા. ચોવીસ તીર્થંકરોના દર્શન થવાથી એ સૌના હૃદયમાં શ્રીહરિ પ્રત્યે ઈશ્વરપણાંની બુદ્ધિ દ્રઢ થઈ અને પ્રભુનો આશ્રય કરીને એમનું ભજન કરતાં થયા. ત્યાર પછી તો તે માંગરોળમાં વલ્લભાચાર્ય સંપ્રદાયના, નિમ્બાર્ક સંપ્રદાયના, મધ્વસંપ્રદાયના, રામાનુજાચાર્ય સંપ્રદાયના, રામાનંદ સંપ્રદાયના અને કેટલાક શંકરાચાર્ય સંપ્રદાયના તેમજ શક્તિના ઉપાસકો, ગણપતિના ઉપાસકો, શિવજીના ઉપાસકો તે બધા દરરોજ હજારોની સંખ્યામાં સહજાનંદ સ્વામીની પાસે આવતા હતા. અને પોતપોતાના ઈષ્ટદેવના દર્શન કરતા હતા. અને પરમાત્મા એ સૌની ઈચ્છા પુરી કરવા દરેકને સમાધિ કરાવતા હતાં અને સમાધિમાં પોતપોતાના ઈષ્ટદેવના દર્શન કરીને કૃતાર્થ થતા હતા. એટલું



જ નહિ. પોતાના મતનો ત્યાગ કરીને સર્વ સ્વરૂપોને ધરનારા આ નારાયણ મુનિ સાક્ષાત્ ભગવાન છે એવો દ્રઢ નિર્ણય કરીને પ્રભુના આશ્રિત થતા હતા. એવું આશ્ચર્ય જોઈને મુક્તાનંદ સ્વામી આદિક સંતો અને ગૃહસ્થોને પણ એવો નિશ્ચય દ્રઢ થયો કે આ નારાયણ મુનિ આપણા ઈષ્ટદેવ પોતે જ છે. તે પછી સહજાનંદ સ્વામીની આરતી અને પૂજા કરવા લાગ્યા.

તે માંગરોળ નગરમાં મુસલમાન વ્રજદિન નામે રાજા હતો, એમના કાને આ સમાધિની વાત આવી. એટલે તપાસ કરવા માટે પોતાના સાળા કાજીને શ્રીજી મહારાજ પાસે મોકલ્યો. તેણે આવી મહારાજને વિનંતી કરી, હે પ્રભુ ! અમારા ઈષ્ટદેવ પયગંબરોનું દર્શન કરાવો તો અમે પણ તમારું ભજન કરીએ. પ્રભુએ તો કાજીના સામું જોયું અને તરત જ સમાધિ થઈ ગઈ. પોતાના હૃદયમાં મહંમદ આદિ ચોવીસ પયગંબરોના દર્શન થયા. સમાધિમાંથી જાગીને તે વાત એણે મુસલમાનોને કરી. રાજા વ્રજદિન પણ આ વાત સાંભળીને બહુ નવાઈ પામ્યા. પછી તો એણે પોતાના સાળા સાથે સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કર્યો.

તેવી રીતે કાલવાણીમાં પણ પરમાત્માના દર્શનથી કેટલાય ભક્તોને સમાધિ થવા લાગી, સાથે સાથે અન્ય એવા અનેક મુમુક્ષુને પણ શ્રીહરિની કૃપાથી સમાધિ થવા લાગી. એ બધા જનો આસન, પ્રાણાયામ, નેતી, ધોતી, નાડી, સંકોચ, વિકાસ એ આદિ યોગની ક્રિયાઓને યોગીઓ પણ ન સમજી શકે એવી ક્રિયાઓ આ ભક્તો સહેજે સહેજે કરવા લાગ્યા. બાળકો અને સ્ત્રીઓ પણ સમાધિમાં જવા લાગી. કેટલાક બેઠા બેઠા, કેટલાક પદ્માસન વાળેલા, કેટલાક વિરાસન, કેટલાક તો શબાસનમાં સમાધિમાં ઉતરી જતા હતા. અને એ બધા પથ્થર કે કાષ્ટની પ્રતિમા હોય તેની સમાન સ્થિર થઈ જતા હતા. આ બધા ભક્તજનોને ભગવાન ક્યારેક એક પહોરના અંતે જગાડતા હતા, કેટલાકને બે પહોરને અંતે, કોઈને એક દિવસ પછી, કોઈને પાંચ દિવસ પછી, કોઈને પંદર દિવસે, કેટલાકને એક મહિને અને કેટલાકને બે મહિને સમાધિમાંથી જગાડતા હતા. કેટલાક ભક્તોને તો દ્રષ્ટિમાત્રથી તો કેટલાક ને નામથી બોલાવીને અને કેટલાકને સંકલ્પ માત્રથી સમાધિમાંથી જગાડતા હતા. સમાધિમાંથી જાગીને દેહમાં આવેલા ભક્તો, કોઈક તો

બ્રહ્મપુરનું વર્ણન કરતા હતા. કેટલાક તો વૈકુંઠ ધામનું, કેટલાક શ્વેતદ્વીપનું, કેટલાક ગોલોક ધામનું વર્ણન કરતા હતા, તો કોઈ ભક્તજનો ભૂરલોક, ભૂવર્લોક અને સ્વર્ગલોક અને ત્રિલોકીમાં રહેલાં દેવતાઓ અને દૈત્યનાં સ્થાનોની વાત કહેતા હતા, કેટલાક ભક્તો બ્રહ્મા, વિષ્ણુ અને શિવજીના સ્થાન તથા કર્મનું વર્ણન કતા હતા. કેટલાક તો આખી પૃથ્વીનું, પૃથ્વીથી દૂર બીજી અનેક પૃથ્વીઓ છે તેનું વર્ણન કરતા હતા.

એ બધાની વાણી સાંભળીને યોગ કળામાં કોણ કાચો અને કોણ પાકો છે એ બધું પરમાત્મા જાણી લેતા હતા. કેટલાક ભક્તોને ઈંડા, પિંગલા અને પ્રાણનો સંકોચ અને વિકાસ શીખવાડતા હતા. કેટલાક ભક્તજનોને આખા શરીરમાંથી પ્રાણને ખેંચીને ફક્ત નેત્રમાં રાખવાની કળા શીખવાડતા હતા. કેટલાક ભક્તોને અક્ષીવિદ્યા શીખવાડતા હતા. કેટલાક ભક્તજનો ખટ ચક્ર અને છમાંથી કોઈને એક ચક્રમાં પ્રાણ રોકીને ઓમકારરૂપ નાદનું શ્રવણ કરાવતા હતા. પરમાત્મા આ બધું પોતાના પ્રતાપથી જ ભક્તોને શીખવાડતા હતા. ભગવાનના પ્રતાપે આ બધા ભક્તો એવા શક્તિશાળી થયા કે બીજાને પણ સમાધિ કરાવી શકતા હતા. યોગાચાર્યોએ પ્રવર્તાવેલી યોગ વિદ્યા અને યોગ કળાનો આ રીતે ભગવાને આ પૃથ્વી ઉપર પ્રચાર કર્યો. ધર્મ ભક્તિના પુત્ર શ્રીહરિ પોતાના ભક્તજનોનો હાથ ગ્રહણ કરીને દેવતાઓના વૈભવ અને દેવલોકોને બતાવતા સદા જયકારી વર્તે છે.

ભુજ નગરના ભક્તજનોને પણ સંવત ૧૮૬૦ના વર્ષમાં રામ નવમીના સમૈયામાં સમાધિમાં કોટાન કોટિ સૂર્યસમાન તેજોમય બ્રહ્મપ્રકાશમાં પરમાત્માનું વર્ણીવેશે દર્શન થયું અને તરત જ ગોલોકમાં ગયા. ત્યાં પરમાત્માને કૃષ્ણસ્વરૂપે જોયા. સુંદરજીભાઈને ગોલોકમાં કૃષ્ણસ્વરૂપે, અવ્યાકૃત ધામમાં શેષનારાયણ રૂપે, શ્વેતદ્વીપમાં વાસુદેવરૂપે, વૈકુંઠમાં નારાયણ રૂપે, સૂર્યમંડળમાં હિરણ્યરૂપે, એમ અનંત ધામમાં જુદા જુદા સ્વરૂપે સમાધિમાં શ્રીહરિના દર્શન થયા.

શ્રીહરિ સમાધિ દ્વારા અનેક ભક્તજનોને અક્ષરધામ, ગોલોક, વૈકુંઠ આદિ ધામના દર્શન કરાવતા. તે તે ધામ અને લોકમાં પોતાના અનેક સ્વરૂપોનો સાક્ષાત્કાર કરાવતા. કેટલાકને ચૌદ લોકનું આ બ્રહ્માંડ, એમાં



રહેલી અનેક વિચિત્રતાઓ બતાવતા તથા શરીરમાં રહેલાં છ ચક્રો અને એ ચક્રમાં રહેલાં ગણેશ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, જીવાત્મા અને હંસ-એ છ દેવોના દર્શન કરાવતા, કોઈને વિરાટ સ્વરૂપે દર્શન કરાવતા, કોઈ ભક્તોને અંતકાળે પોતાના સ્વરૂપના દર્શન કરાવીને અક્ષરધામમાં લઈ જતાં.

**સમાધિવાળા ભક્તજનોની કસોટી :** અમદાવાદમાં વિશાળ સભામાં પ્રભુની ઈચ્છાથી કેટલાંક ગૃહસ્થ જનો અને સ્ત્રીઓને તત્કાલ સમાધિ થઈ અને એ સમાધિમાં વૈકુંઠ, ગોલોક આદિ ધામમાં તે પહોંચ્યા. સમાધિવાળા ભક્તો કાષ્ઠ અને પાષાણની પ્રતિમાની જેમ સ્થિર થઈ ગયા. જે બેઠા હતાં તે બેઠા જ રહ્યા, જે ઉભા હતાં તે ઊભા ઊભા સ્થિર થઈ ગયા. સમાધિવાળા ભક્તોને જોઈને આસુરી બુદ્ધિના કારણે શંકાશીલ મનવાળા તે પુરવાસી બ્રાહ્મણો આ સમાધિને કપટ ગણવા લાગ્યા. કોઈ કોઈ એમ બોલવા લાગ્યા, આ તો પોતાની પ્રસિધ્ધિ માટે કરાતી કોઈ યુક્તિ છે. કેટલાક નાડી પરીક્ષા કરવા લાગ્યા. કેટલાક નિર્દયો સમાધિમાં ગયેલા ભક્તજનોના પગ, હાથ આદિ ઉપર ધગધગતા અંગારા મૂકવા લાગ્યા. છતાં સમાધિવાળા ભક્તજનોને કાંઈ પણ થયું નહીં. કેટલાક દુષ્ટજનોએ સમાધિવાળાના શરીર ઉપર ચપ્પુથી છેદ કર્યા છતાં સમાધિવાળાને તેનું દુઃખ ન થયું. તે જોઈને આશ્ચર્ય પામી ગયા અને પછી નથ્થુ ભટ્ટ દ્વારા ભગવાનને પૂછાવવા લાગ્યા, હે ભગવાન ! અષ્ટાંગ યોગની સાધના કર્યા પછી સમાધિની સિધ્ધિ પમાય છે. આ સ્ત્રી અને પુરુષો કોઈએ પણ અષ્ટાંગયોગ સિધ્ધ કર્યો લાગતો નથી. છતાં એને આવી ઉત્તમ સમાધિ કેવી રીતે થઈ હશે ? સમાધિમાં ગયેલા આ બધા શું શું દેખે છે એ કૃપા કરીને અમને કહો. ભગવાન કહે છે, હે બ્રાહ્મણો તમે પોતે એ સૌને જગાડીને પૂછો. બ્રાહ્મણો કહે છે, હે પ્રભુ ! આમને જગાડવાની અમારામાં શક્તિ નથી. અને તમે જગાડો તો અમે પૂછીએ પછી પરમાત્માની દ્રષ્ટિ થતાંની સાથે સર્વજનો સમાધિમાંથી જાગ્યા. અને પ્રભુને પ્રણામ કર્યા. શાસ્ત્ર કુશળ પંડિતોએ તેમને પ્રશ્નો પૂછ્યા. તમે સમાધિમાં શું જોયું તે અમને કહો. પછી ભગવાનની આજ્ઞા લઈને સમાધિવાળા ભક્તજનોએ પંડિતોને ભગવાનના જુદા જુદા ધામની વિસ્તારથી વાત કરી. કોઈએ એમ કહ્યું કે તમામ ધામમાં જુદા જુદા સ્વરૂપે આ સ્વામિનારાયણ ભગવાન પોતે જ છે.

આ બધું સાંભળીને પંડિતો વિચાર કરતા થઈ ગયા. ખૂબ જ આશ્ચર્યની વાત છે સહેજે સહેજે હજારો માણસોના નાડી પ્રાણખેંચી લેવાં તે પરમાત્મા સિવાય શક્ય નથી. પછી તો આ બધા પંડિતોને પસ્તાવો થવા લાગ્યો પોતે જે જે પાપ કર્યા હતાં તેનું સ્મરણ થતાં ખૂબ ગભરાઈ ગયા. પરમાત્મા શ્રી નારાયણ મુનિનો દ્રઢ નિશ્ચય થવાથી એમના શરણમાં ગયા. સાષ્ટાંગ દંવડવત પ્રણામ કરી અને પ્રાર્થના કરી.

**(૨૫) રણની ખારી ખાડીનું જળ મીઠું કર્યું :**

શ્રીજી મહારાજ શેખપાટ પધારેલા તે સમયની વાત છે. શેખપાટના લાલજી ભક્તે રામાનંદ સ્વામીને પોતે ત્યાગી થવાની ઈચ્છા દર્શાવેલી. રામાનંદ સ્વામીએ કહેલું કે, હમણાં ગૃહસ્થજીવનમાં રહો, સમય આવ્યે ત્યાગીમાં બોલાવી લઈશું. લાલજી ભક્તનો આ સંકલ્પ પૂરો કરવા શ્રીજી મહારાજ બે દિવસ શેખપાટ રોકાયા. પછી કહ્યું કે ભક્તરાજ ! અમારે કચ્છમાં જવું છે. રણવાટે ચાલતા જવું છે. પણ સાથે તમારા જેવો કોઈક ભોમિયો જોઈએ. લાલજી ભક્તને થયું કે મારે જ મહારાજની સાથે જવું જોઈએ, તેથી કહ્યું મહારાજ ! હું જ આવીશ.

રણનો રસ્તો બહુ વિકટ હોય છે. એટલે લાલજી ભક્તે મહારાજ માટે સેવાની તૈયારી કરી. નવું એક માટીનું પાત્ર (બતક) પાણીથી ભરીને સાથે લીધું. ભગવાનના માટે થોડી સુખડી બનાવી સાથે લીધી. એટલું જ નહિ, રસ્તો છે, ક્યાંઈક પૈસાની પણ જરૂર પડે. એ વખતે હાલારમાં જે નાણું ચાલતું હતું એને કોરી કહેવાતી એ કોરી રૂપે થોડા રૂપિયા લાલજી ભક્તે લીધા. અને બહુ જ યુક્તિપૂર્વક સંતાડ્યા. જેથી કોઈ ચોરને હાથમાં ન આવે.

વહેલી સવારે મહારાજ અને લાલજી ભક્ત ચાલતા થયા. દયાળુ એવા દીનબંધુને વિચાર આવે છે. મારો ભક્ત છે. અમારી સેવા માટે એણે વજન ઉપાડ્યું છે. હરિ ઈચ્છાથી આગળ જતા કોઈ મુક્ત આવ્યા. હું બહુ ભૂખ્યોછું મહારાજ ! મહારાજે ભાતું અપાવી દીધું. રણવાટે આગળ આગળ વધ્યા ત્યાં સામા મળેલા ચોર લોકોએ પ્રભુને ઉભા રાખીને વસ્ત્રો તપાસ્યાં કશું ન મળ્યું. પછી લાલજી ભક્તના વસ્ત્રો તપાસ્યાં, કંઈ ન મળ્યું, ચોર લોકો નિરાશ થઈ ચાલવા માંડ્યા. ત્યારે મહારાજ કહે છે કે, પૈસો તમને લૂંટતા નથી આવડતું,



નવા નવા લાગો છો ! એમ કહીને લાલજી ભક્તના પગરખામાં પૈસા છે તે જણાવી દીધું અને ચોર લોકો તે લઈને ચાલ્યા ગયા. લાલજી ભક્ત કહે છે હે પ્રભુ ! આ તમે શું કર્યું ? ભાતું અપાવી દીધું. દ્રવ્ય લૂંટાવી દીધું હજુ આખું રણ ઉલ્લંઘવાનું બાકી છે. ભૂખ્યા થશો ત્યારે શું કરશો ? મહારાજ કહે હે ભક્ત ! કંઈ ચિંતા કરશો નહિ. આપણે તો સૌનું કલ્યાણ કરવું છે. ચોર લોકો આપણને યાદ કરશે અને તેનું કલ્યાણ થશે. એ રીતે વાતો કરતા રણમાં ચાલ્યા જાય છે. ત્યાં કોઈ અજ્ઞાત મહાપુરુષ આવ્યા. બહુ તરસ લાગી છે. મહારાજે તેને બતકનું પાણી પણ પાઈ દીધું. મહારાજે લાલજી ભક્તને હળવાફૂલ બનાવી દીધા. પછી રણમાં ઉંડે ચાલતા ચાલતા લાલજી ભક્તને અતિ તૃષા લાગી. કંઠ સુકાવા લાગ્યો. આંખે અંધારા આવવા માંડ્યા. હવે શું થાય ! અહીં તો ચારે બાજુ સમુદ્રના ખારા પાણી હિલોળા લેતા હતા.

ભક્તની વ્યથા જાણીને ભગવાને ખારા સમુદ્રના જળ મીઠાં બનાવ્યા અને લાલજી ભક્તને તે પીવાની આજ્ઞા કરી વિશ્વાસુ ભક્તે સમુદ્રનું એ પાણી પાત્રમાં લઈને પ્રથમ ભગવાનને પાયું. પછી પોતે પીધું. મીઠું અમૃત જેવું લાગ્યું. ચાલતી વખતે ખાત્રી કરવા ફરીથી ચાખી જોયું તો એજ પાણી ખારૂં વખ જેવું લાગ્યું આ રીતે મહારાજે લાલજી ભક્તની રણમાં રક્ષા કરી. પછી રણ ઉલ્લંઘીને લાકડીયાની નજીક તળાવના કિનારે બિરાજ્યા. મહારાજના ચરણમાંથી લાલજી ભક્તે કાંટા કાઢ્યા. ભક્તના પૂછવાથી ભગવાને ખુલાસો કર્યો કે રસ્તામાં જે મહાપુરુષ મળ્યા હતાં તે રામાનંદ સ્વામી હતાં અને તમારા માટે જ અમે સમુદ્રના જળ મીઠાં બનાવ્યા હતા.

પછી આધોઈ ગામની ભાગોળે મહારાજ બિરાજ્યા અને કહ્યું કે હે ભક્ત હવે તો થાકી ગયા છીએ. ક્ષુધા પણ ખૂબ લાગી છે. માટે આ ગામમાંથી ભિક્ષા માંગી લાવો. લાલજી ભક્તે કહ્યું મહારાજ ! આ ગામમાં તો બધા મને ઓળખે છે. અહીં ભિક્ષા માંગવા જાઉં તો ભારે ઉપહાસ થાય. પ્રભુ કહે આવો, તમને કોઈ ન ઓળખે એવું કરીએ.

“હવે પરમ હંસ દશા ગ્રહો, શીદ દુઃખના દરિયામાં વહો,
એમ કહીં મુનિદશા દીધી, પોતે કચ્છ જાવા ઈચ્છા કીધી.”

મહારાજે લાલજી ભક્તને અલફી પહેરાવી અને નિષ્કુળાનંદજી એવું

નામાભિધાન કર્યું. એ રીતે લાલજીમાંથી નિષ્કુળાનંદ બનેલા સ્વામીએ પ્રભુ આજ્ઞા થવાથી પોતાના સસરાના ઘેરથી જ ભિક્ષાન્ન લાવીને મહારાજને જમાડી તૃપ્ત કર્યા. પછી પ્રભુએ સ્વામીને આધોઈમાં રોકાઈને સત્સંગ કરાવવાની આજ્ઞા કરી. મહારાજ ભુજ પધાર્યા. મહારાજના આશીર્વાદથી ફક્ત પાંચ જ ચોપડી ભણેલા વૈરાગ્યમૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ અનેક ચમત્કારીક સાંપ્રદાયિક સાહિત્યની રચના કરીને સંપ્રદાયને ભેટ આપીછે.

**(૨૬) ઉમરેઠમાં બ્રાહ્મણ હરિયાના મુખેથી વેદ બોલાવ્યા :**

ઉમરેઠમાં મહા પ્રભુ ગામની ભાગોળે વડ નીચે ઉતર્યા. ઉમરેઠમાં બ્રાહ્મણો બહુ વિદ્વાન એ જમાનામાં ઉમરેઠને છોટી કાશી કહેતા. પંડિતો અને વેદ વિશારદો ભૂદેવો ત્યાં રહેતા. એમણે સમાચાર જાણ્યા કે સ્વામિનારાયણ ભગવાન આવ્યા છે. ચાલો, આપણે એની પરીક્ષા કરીએ. બધી દુનિયા માને, આપણે તો જ્ઞાની અને પંડિતો છીએ. આપણે બધાની જેમ હા એ હા કરવાની હોય નહી. વેદવિશારદ ભૂદેવો ઉમરેઠની ભાગોળે પ્રભુની પાસે આવીને બેઠા. તમારા આશ્રિતો તમને ભગવાન કહે છે, પણ તમે કોઈ એવું કાર્ય કર્યું છે ? ભગવાન કહે ભૂદેવો ! કેવું કાર્ય ? તમે બોલો તો ખરા. જુઓને, જગદ્ગુરુ શંકરાચાર્યે પાડાનામુખે વેદ બોલાવેલા એમ તમે કોઈ પાડાની પાસે વેદ બોલાવો તો ભગવાન સાચા. અરેરે ભૂદેવો, તમે તો વિદ્વાન છો. પંડિતો છો. વેદ તો નારાયણનું સ્વરૂપ છે. એ કંઈ પશુને મોઢે બોલાવાય ખરા ? તો એનો શું અર્થ ? મહારાજ કહે એનો અર્થ એવો કે કોઈ જડ જેવો બ્રાહ્મણ હશે, પશુ જેવો, એની પાસે શંકરાચાર્યે વેદ બોલાવ્યા હશે. બાકી કોઈ પશુ પાસે નહિ. તો તમે પણ એવા ગાંડા માણસ પાસે વેદ બોલાવો તો અમે માનીએ કે પ્રભુ સાચા. લાવો ગાંડામાણસને અને કોઈ બ્રાહ્મણનો એક છોકરો, એનું નામ હરિ શર્મા. પરંતુ ગાંડો હતો એટલે બધા એને હરિયો કહેતા, તેને પકડી લાવ્યા. બિલકુલ જડ જેવો સાવ ગાંડો. જન્મજાત ગાંડો હતો. પકડીને બે જણા ઉભા રહ્યા. કૂદયા કરે. ગમેએમ ચેનચાળા કરે ગમે તેમ બકવાદ કરે.

બોલાવો આની પાસે વેદ. સ્વામિનારાયણ ભગવાને દ્રષ્ટિ કરી. બોલો હરિશર્મા, બોલો સામવેદની ઋચાઓ અને હાથના અભિનય સાથે આ ગાંડો



હરિયો વેદ બોલવા લાગ્યો. એટલા સુંદર, સ્પષ્ટ ઉચ્ચાર સાથે એણે શરૂઆત કરી. એક પછી એક ચારે વેદની ઋચાઓ, મુખ્ય મુખ્ય પાઠ એણે બોલી બતાવ્યા. પંડિતોને થયું વાહ પ્રભુ ધન્ય, બધાએ નમસ્કાર કર્યા અને ઉમરેઠના બ્રાહ્મણો ત્યારથી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત બન્યા. પરમાત્મા જ્યારે આપે છે, પછી કોઈ દહાડો પાછું લેતા નથી. ગાંડા ગણાતા હરિયાનું ગાંડપણ કાયમ માટે ગયું. અને કાયમ માટે સાચા અર્થમાં વિદ્વાન, સાચો પંડિત બની ગયો. એટલું જ નહિ, વડતાલમાં સ્વામિનારાયણ ભગવાને જ્યારે લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા ત્યારે હરિશર્મા આચાર્ય પદે હતા.

મહારાજની બહુ સંક્ષિપ્તમાં લીલા લખવાનો પ્રયત્ન કરી રહ્યો છે. મહારાજે અનેકવાર, અનેક સ્થળોએ મોટા મોટા યજ્ઞો કરીને હજારો બ્રાહ્મણોને સંત-હરિભક્તોને તથા અન્નાર્થીને જમાડીને તૃપ્ત કરેલા. યજ્ઞોમાં બહુ ઐશ્વર્ય જણાવેલું. ભૂદેવોને ખૂબ દક્ષિણા આપેલી, તેમાં જેતલપુર, ડભાણ વગેરેના યજ્ઞ બહુ મોટા થયેલા. ઘણા યજ્ઞો પૈકી ફક્ત એક જેતલપુરના યજ્ઞની લીલા લખું છું.

**(૨૭) જેતલપુરનો યજ્ઞ :**

સ્વામિનારાયણ ભગવાન એક સમયે જેતલપુર પધાર્યા. ભક્તોને કહ્યું, હે ભક્તો ! સંતો ઘણા છે. હરિભક્તો ઘણાં છે એટલે આપણે જેતલપુરમાં કાંઈક કરીએ. શું કરીશું મહારાજ ? નાનો સરખો યજ્ઞ કરીએ નાનો એટલે કેટલો ? લગભગ દસ શેર ઘી વપરાય એટલો યજ્ઞ કરીએ.હરિભક્તો કહે, દસ શેરમાંથી તો હોમવા માટે પણ ઘી જોઈએ. પછી તો મહારાજ, માંડ દસ બ્રાહ્મણો જમે. ચર્ચા ચાલી, વીસ શેર, દસ મણ ઘીની વાત ચાલી મહારાજ કહે, આખી દસ કોશીમાં ફરી વળો, જ્યાં જ્યાં બ્રાહ્મણો હોય, આખા અમદાવાદમાંથી બધા ભૂદેવોને બોલાવો. પણ મહારાજ, તો ગાડે ગાડા ઘી જોઈએ થઈ પડશે, બોલાવો જ ! સ્વામિનારાયણ ભગવાનનું નામ પડતા આમંત્રિતો અને વગર આમંત્રિતો બધા ભૂદેવો, કેટલાય મુમુક્ષુઓ, ભાવિકો આવવા લાગ્યા. જેતલપુરની ચારે બાજુ જમીનો ઉપર માણસો માણસો માણસો દેખાવા લાગ્યા ! હજારોની સંખ્યામાં ગૃહસ્થ ભક્તો આવ્યા. જેતલપુરમાં મહુડા, આંબલીઓ, આંબા વગેરે અનેક પ્રકારના વૃક્ષો નીચે ગામ ગામના હરિભક્તો ઉતરવા લાગ્યા. જેતલપુરના યજ્ઞ વખતે શિક્ષાપત્રી

હજુ લખાઈ ન હોતી. પરંતુ એક એક હરિભક્તના આચરણમાં હતી. શ્રીજી મહારાજે બધા હરિભક્તોને જેને જ્યાં ઠીક લાગે ત્યાં ખેતર વાડીમાં ઉતારાનો પ્રબંધ કરાવ્યો અને સલામતી અંગે અજાણ્યાનો વિશ્વાસ ન કરવો, પોતપોતાના ગામના હરિભક્તોના જૂથમાં રહેવું વગેરે ઉપદેશ આપ્યો. ત્રણ-ત્રણ યોજનમાં સત્સંગીઓ જ સત્સંગીઓ દેખાવા લાગ્યા. ભૂદેવો પોતપોતાના યજ્ઞના સાધનો, હોમ હવનના સાધનો લઈને હાજર થઈ ગયેલા.

શ્રીજી મહારાજે જેતલપુર ગામના બધા બહેનોને કહ્યું, તમારે યજ્ઞમાં સેવા કરવી છે ? હા મહારાજ ! તો આ ઘઉંના ઢગલા પડ્યાછે એમાંથી એક એક મણ ઘઉં લઈ જાઓ. મહારાજની આજ્ઞા થતા બધા જ બહેનો સભામાંથી ઉભા થઈ ઘઉંના ઢગલા પાસે જ્યાં પાર્ષદો ઉભેલા ત્યાં પહોંચી ગયા. અને એક એક મણ ઘઉંની ગાંઠડી બાંધી દળવા માટે ઘેર લઈ ગયા. તે વખતે એક અજાણી બાઈ જ્યાં ઘઉં અપાતા હતાં ત્યાં પહોંચી ગઈ. પણ ગામના હરિભક્તોએ કાઢી મૂકી. તને નહીં આપીએ. જા અહીંથી તું અહીં શું કામ આવી છે ? તને કોણે બોલાવી છે અહીં ? મારે ઘઉં દળવાની ઈચ્છા થઈ છે. ભક્તોએ ઘઉં ન આપ્યા. એટલે એ સીધી જ સભામાં આવી મહારાજ ! મારે ઘઉં દળવા છે. તો ત્યાંથી લઈ લોને. નથી આપતા એ લોકો. શા માટે નથી આપતા ? ત્યાં એ ભાઈ જ બોલ્યા, મહારાજ એ તો ખરાબ ચાલચલગત વાળી છે, એના આચરણ ખરાબ છે.

સ્વામિનારાયણ ભગવાને કહ્યું, આપો, એમને એક મણ ઘઉં આપી દો. તારા હાથે દળજે. સારું પ્રભુ ! સ્વામિનારાયણ ભગવાન બહુ દયાળુ છે, પતિત પાવન છે. રાત્રે જાગીને બહેને ઘઉં દળ્યા પણ ખરા. બીજે દિવસે ટોપલામાં ભરી અને ઘઉંનો લોટ લાવી. મહારાજે પૂછયું, તેં તારા હાથે દળ્યા છે ને ? હા મહારાજ, હાથ બતાવ્યો. ફોલ્લા પડી ગયેલા હતા. સ્વામિનારાયણ ભગવાન કહે, તારું કલ્યાણ થશે. યજ્ઞનારાયણની આટલી સેવા કરી, તારો મોક્ષ અમે કરીશું. સમાજ જેને પતિત ગણે છે. પતિત હોય, એનો પણ હાથ પકડીને પુનિત બનાવે એનું નામ પતિતપાવન.

યજ્ઞ શરૂ થયો. યજ્ઞમાં સાંપ્રદાયિક સંકુચિતતા જરાય નહિ. એનો એક પૂરાવો આવે છે. દરરોજ બ્રાહ્મણોની પંકિત થાય. અઢાર દિવસ આ યજ્ઞ



ચાલ્યો હતો. દરરોજ ભૂદેવો જમવા બેસે. પીરસાઈ જાય એટલે ભૂદેવો બોલે ૐનમઃ પાર્વતી પતયે હર હર મહાદેવ હર..... તો એમને કોઈ કહેતું નહોતું, અહીં હર હર મહાદેવ શાનું બોલો છો. કોઈ વઢતા નહોતા. તો કેટલાક ભૂદેવો, સ્વામિનારાયણ ભગવાનની જય બોલે અને પછી લાડવા ચાલુ કરે. જમ્યા પછી બધા પંક્તિમાં ઓળખીતા પારખીતા, સગા સંબંધિ દૂર બેઠા હોય. જમ્યા પછી ઉભા થાય અને વાતો કરે બોલો, તમે આજે કેટલું ભણ્યા ? એટલે ભૂદેવો કહે, ભાઈ, આજે મને શરીરે સારું નથી. એટલે હું ચાર વેદ ભણ્યો છું. અને તમે ? હું તો છ અંગ અને ચાર વેદ એટલું જ ભણ્યો છું. તમે કેટલું ભણ્યા છો ? હું તો અઢાર પુરાણ ભણ્યો. તમે બધા ઠીક બહુ સાચા બ્રાહ્મણ નહીં. જે ચાર વેદ ભણે એ તો કનિષ્ઠ બ્રાહ્મણ કહેવાય. અંગ સાથે વેદ ભણે એ થોડો સારો બ્રાહ્મણ. અઢાર પુરાણ સાથે વેદ ભણે એ ઉત્તમ બ્રાહ્મણ કહેવાય. ભોજન પછી બ્રાહ્મણો આવી વાત કરે. હરિભક્તો વિચાર કરે કે આ બ્રાહ્મણો એની વિદ્યા ભણવાની વાતો કરતા હશે. પણ આ વિદ્યાની વાતો નહોતી. આ તો જમવાની વાતો હતી. ચાર વેદ ભણે એ કંઈ બ્રાહ્મણ કહેવાય ? એટલે કે અરેરે તેં તો પંક્તિમાં ખોટી જગ્યા બગાડી. પતરાળું ખાલી બગાડ્યું. ચાર લાડુ ખાધા તેં ? નકામો બ્રાહ્મણ છે અને ચાર બરાબર દસ દસ લાડુ ખા તો ઠીક-જરા અઢાર પુરાણ ચાર વેદ, વાહ, બાવીસ લાડુએ પહોંચ્યા તમે. શાબાશ, તમે ઉત્તમ બ્રાહ્મણ આ રીતે ભૂદેવો દર રોજ લાડુ જમે છે. દરરોજ જયજયકાર થાય છે. યજ્ઞમાં પરમાનંદ વ્યાપી રહ્યો છો.

દરરોજ ઢગલા બંધ ઘી આવે છે. ગાડે ગાડા યજ્ઞમાં ઘી હોમાય છે. પરમાત્મા તથા પરમાત્માના આવા સારા કાર્યોનો જયજયકાર થાય એટલે ઈર્ષ્યારૂપી અવિદ્યા પણ ત્યાં આવે. યજ્ઞમાં જોડાયેલા થોડા માણસોમાં અવિદ્યા પેઠી અને વિચાર કરે છે અલ્યા, આ તો સ્વામિનારાયણનો જયજય કાર થવા લાગ્યો છે. આમને આમ જો નિર્વિઘ્નપણે અઢાર દિવસો પૂરા થઈ જશે તો ચારે દિશામાં સ્વામિનારાયણ, સ્વામિનારાયણ થઈ જશે. એટલે આપણે જરાક બ્રેક મારીએ શું કરીશું ? આપણે પેલા સ્ટોરમાં ઘી પડ્યું છે. તાળુબાળુ મારતા જ નથી. અને બધાય સત્સંગીઓ સવારના ઉઠી તલાવની પાળે ‘‘ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ગોવિંદ, ઉત્તિષ્ઠગરુડધ્વજ’’ માળા પકડીને બેસી જાય છે.

એ સમય બહુ સારો છે. અંધારુ હોય, આપણે ઘીના કુંડલા લઈ લઈ અને તળાવમાં નાંખી દેવા અને એક વહેલી સાવરે સ્વયં સેવકો-સત્સંગીઓ પૂજા કરવા બેઠા એટલે તેમના સ્થાનમાંથી ઈર્ષ્યાળુ માણસોએ ઘીના કુંડલા તલાવમાં ઢોળી દીધા. પરમાત્મા અંતર્યામી પણે બધું જાણતા હતા. રસોઈયા બ્રાહ્મણો આનંદ સ્વામી પાસે ગયા. યજ્ઞની તમામ દેખરેખ આનંદ સ્વામી રાખતા. સ્વામીજી ! જય સ્વામિનારાયણ આવો. ત્યાં ઘી નથી. આજે તો બાર હજાર બ્રાહ્મણોનું રસોડું કરવાનું છે. અને ઘી છે નહિ. ઘણું હતું ને ? એ અમને ખબર નથી. અમે લેવા ગયા, બધા કુંડલા ખાલી ખાલી પડ્યા છે. આનંદ સ્વામીએ જોયું, ખરેખર નહોતું, દોડતા દોડતા સ્વામી મહાપ્રભુની પાસે જઈને કહે, પ્રભુ ! ગજબ થઈ ગયો. સૂર્યોદય થઈ ગયો છે. મધ્યાહ્ને ભૂદેવો બેસશે. પંક્તિઓ થશે. ઘી છે નહિ. આ સાંભળી મહાપ્રભુ ઉભા થયા. માથે ત્રણ છોગા વાળી પાઘડી સુંદર સરસ પીતાંબર પહેરેલું. હીરકોરી ધોતીવાળું, ચાખડીએ ચડીને ચટાક અવાજ કરતા પ્રભુ જ્યાં ઘીના કુંડલા રાખેલા ત્યાં પહોંચી ગયા. જઈને કુંડલાને સોટી અડાડી, આમાં છે ? ના મહારાજ, ખાલી છે. આમાં ? એ પણ ખાલી છે. અને આમાં છે ? મહારાજ, આમાં ઘી તો છે પણ માંડ પાંચ શેર જેટલું છે. એનો તો વધાર પણ ન થાય. મહારાજ કહે, એમાં છે એટલું આપવા માંડો. રસોઈયા બ્રાહ્મણોને બોલાવો, ઘી લઈ જાય.

વાસણો આવ્યા. મોટા મોટા તપેલા આવ્યા. પેલું કુંડલું વાકું વાળ્યું. એમાંથી ઘી આવવા માંડ્યું. જાણે મશીન વડે પાણી આવતું હોય તેમ કુંડલામાંથી ઘી આવવા માંડ્યું. તપેલે તપેલા ભરાય. ઈર્ષાળુઓ કાનમાં વાતો કરવા લાગ્યા. અલ્યા આ ઘી ક્યાંથી આવ્યું ? આપણે તો બધું ખાલી કરી નાખ્યું હતું. ભાઈ, સ્વામિનારાયણની વાત જ ન્યારી છે. એ તો પાણીમાંથી ઘી બનાવી દે એવા છે. જય જયકાર સાથે યજ્ઞ આગળ વધવા લાગ્યો. જે કુંડલામાંથી ઘી નીકળ્યું હતું એ કુંડલુ તૂટી ગયેલી હાલતમાં ઘાસની સળિયો સાથે હજુ જળવાઈ રહેલું છે. જૂના જમાનામાં ઘાસની સળિયો ઉપર ચામડું મઢી દેતાં. એમાં ઘી રખાતું. ઘી અભડાતું નહીં. જે સમયે સમાજને જેનો ખપ હોય એ અભડાય નહી. આવું ધર્મશાસ્ત્રો, સ્મૃતિશાસ્ત્રોમાં કહે છે.

એક દિવસે પરમાત્મા સાંજના સમયે જેતલપુર મહોલની અગાશીમાં



બિરાજ્યા છે. બધા જ સંતો ત્યાં આવ્યા છે. મહારાજ ! આજ તો અનોખી રીતે આરતી કરવી છે. સંતોએ હજાર વાટોની આરતી બનાવી. વાંસની પટ્ટીઓમાં હજાર વાટો ગોઠવી. હજાર વાટો પ્રગટાવવાનો સંતો પાસે ઉપાય હતો. કપુરને થોડું વાટી નાંખવાનું અને બધી જ વાટોઉપર જરા જરા છાંટી દેવાનું અને એ રીતે ઝડપથી હજાર વાટો પ્રગટી જાય. મહોલની અગાસીમાં જ્યાં છત્રી છે ત્યાં મહારાજ બિરાજતા હતાં અને સંતોએ એક સાથે તાલીની સાથે ''જય સદ્‌ગુરુ સ્વામી........ જય જયકાર'' સાથે પ્રભુ ની આરતી કરી સંતો - ભક્તોને અદ્‌ભૂત આનંદ થયો છે. કારણ કે આ આરતી મુક્તાનંદ સ્વામીના હૃદયમાંથી પ્રગટેલી છે. સ્વામીના પોતાના હૃદયના શ્વાસ, તાલ અને લયથી પ્રગટી છે.

યજ્ઞની પાછળ મહારાજની એક જ ઈચ્છા હતીં કે યજ્ઞ નિમિત્તે હજારો ભક્તો, મુમુક્ષુઓ, ભાવિક આત્માઓ આવશે એ સૌનું કલ્યાણ થશે. સાથે સાથે વૈદિક પરંપરા જળવાય રહે.યજ્ઞમાં જે કંઈ પૂજા પાઠ, ઉપાસના, આરાધના થાય એ વેદ પરંપરા છે. વળી એ નિમિત્તે બ્રહ્મ ભોજન, વિદ્વાન અને કર્મકાંડી બ્રાહ્મણો તૃપ્ત થાય. ભૂદેવોને મનવાંછીત દક્ષિણાઓ મલે. કોઈ ભૂદેવ આર્થિક રીતે ગરીબ હોય, એમના દીકરાને જનોઈ આપવાની હોય કે દીકરી પરણાવવાની હોય, આવું કોઈ કાર્ય હોય, મહારાજ એ ભૂદેવને યથેચ્છ, એમની ઈચ્છા પ્રમાણે દક્ષિણાઓ આપતા. પરોપકાર, લોક કલ્યાણની ભાવનાથી તથા જીવાત્માઓનો મોક્ષ થાય એ ભાવનાથી મહારાજે યજ્ઞ કર્યા છે.

સંતો ત્યાં હજારોની સંખ્યામાં છે. પાંચસો પરમહંસ એ તો મંડળ ધારીઓ હતા. પ્રત્યેક પરમહંસના મંડળના જુદી જુદી સંખ્યામાં સંતો હતા. આ બધા જ સંતો જેતલપુરના યજ્ઞમાં સેવા કરતા હતા. હરિભક્તોની જરૂરિયાતની સંભાવના કરતા. તકલીફોનું નિવારણ કરતા. આ બધા સંતો મહારાજની સ્તુતિ કરીને સભામાં બેઠા. દેશદેશાંતરથી આવેલા સદ્‌ગૃહસ્થો અને બધા જ ભક્તોએ પૂજા, સ્તુતિ કરી. ભગવાન રાજી થઈ ને કહે છે. હે ભક્તો ! સાભળો. તમારા સૌના ઉપર કૃપા કરીને અમે આ ધરતી પર આવ્યા છીએ. અમારા પ્રેમી ભક્તોના મનોરથો પુરા કરવાનો અમારો હેતુ છે. ક્યાં અમે ને ક્યાં તમે ? લાખ મણ લોઢાનો ગોળો અક્ષરધામમાંથી પડતો મૂકે તો

પવનના ઘસારાથી ઘસાતો ઘસાતો ધરતી ઉપર આવે ત્યારે રાઈના દાણા જેટલો બચે કે ન બચે. બાહ્ય દ્રષ્ટિથી અમારું અક્ષરધામ આટલું દૂર છે. સર્વથી પર છે અને વળી અતિ તેજોમય, અનંત સૂર્ય, અનંત ચંદ્રમાં, એનો જેવો પ્રકાશ હોય, એવો પ્રકાશ શીતળ અને શાંત અમારા અક્ષરધામમાં છે. એ અક્ષરધામમાં અમે અખંડ રહીએ છીએ મહારાજે ભક્તોને પોતાનો નિશ્ચય કરાવવા માટે જે વર્ણન કર્યું છે એ સંતોએ પોતાના કીર્તનમાં ગૂંથ્યું છે. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણિમાં પણ કહ્યું છે -

"આ સભામાં આપણા તેજોમય તન છે.
છટા છૂટે છે તેજની, જાણું પ્રગટ્યા કોટિ ઈંદ છે."

હે ભક્તો ! તમે પણ એ ધામના અધિકારી છો. અમે તો આ સભાને એ ધામમાં જ બેઠી છે એમ જોઈએ છીએ. પ્રેમાનંદ સ્વામીએ શ્રીજી મહારાજનું આ સર્વોપરિપણું પોતાના કીર્તનના પદમાં ગૂંથ્યું છે. મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ ..... હે ભક્તો ! અમારો અને તમારો મેળાપ એ તો અમારી કૃપાથી થયો છે. "ક્યાં કીડી કરિ મેળાપ, ભેળો થવા ભારે યોગ છે." ક્યાં કીડી અને ક્યાં હાથી ! હે ભક્તોજનો ! અમારો અગણિત પ્રતાપ, મહિમા, તેજ આ બધું છુપાવીને, તમારી વચ્ચે મનુષ્ય જેવા થઈને રહીએ છીએ. અમારું ઐશ્વર્ય, પ્રતાપ, તેજ આ બધું જ લઈને જો અમે તમારી વચ્ચે બેસીએ તો તમે કોઈ બેસી ન શકો. તમારા સુખ માટે તમારા આપેલા થાળ જમીએ છીએ. તમારા આપેલા હાર પહેરીએ છીએ વસ્ત્રો ધારણ કરીએ છીએ. તમને વઢીએ છીએ. તમને બોલાવીએ છીએ. આ તમારા સુખ માટે છે.

લગભગ અડધી રાત્રિ થઈ સભા પૂરી થઈ. ભગવાન મોહોલ ઉપર પધાર્યા. સંતો મોહોલની પશ્ચિમ દિશામાં જે વાડી છે ત્યાં પહોંચ્યા હરિભક્તોએ પોતપોતાના ઉતારે જઈ શયન કર્યું. સંતો હજુ સુતા નહોતા. મુક્તાનંદ સ્વામી આદિક બધા સંતો બોરસડીના વૃક્ષ નીચે હજુ બેઠા હતા. મહારાજે જે વાત કરી એનું મનન અને ચિંતન કરતા હતા. ત્યાં એક આશ્ચર્ય દેખાયું. દૂર દૂર આકાશમાંથી એક તેજનો ગોળો દેખાયો. અનંત આકાશમાંથી એ ગોળો જાણે નજીક આવતો જાય છે. થોડી જ વારમાં એ ગોળો નજીક આવ્યો. એકમાંથી ત્રણ ગોળા બન્યા. અને ત્રણે ગોળા મોહોલમાં પ્રવેશી ગયા. થોડીવાર થઈ



પછી ગોળો, પ્રકાશ બધું દેખાતું બંધ થઈ ગયું. મુક્તાનંદ સ્વામી આદિક સંતોએ આ જોયું. બીજા દિવસે સવારની સભામાં સ્વામીએ પૂછયું, મહારાજ ! રાત્રે આવું એક આશ્ચર્ય દેખાયું હતું. એ શું હતું ? શ્રીજી મહારાજ કહે છે, હે સંતો ! આ બ્રહ્માંડના ત્રણ દેવ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ અમારા દર્શને આવ્યા હતા. દરરોજ આવે છે. અમારા અને આ સભાના દર્શન કરીને જાય છે. પણ આજે અમારી ઈચ્છાથી તમને દેખાયા.

યજ્ઞનો છેલ્લો દિવસ નજીક આવ્યો. લાડુ બનાવી બનાવી જેતલપુરના તળાવના કિનારે રહેલાં મોટા કોઠામાં ભરેલા. ભારોભાર ઘી નાંખેલું. મોઢામાં મુક્તાની સાથે આનંદ થાય એવા સારા ચુરમાના લાડુ - મોદક બનાવેલા. આખો કોઠો ભરેલો. ઈર્ષ્યા, કળિયુગ, દ્વેષ થોડાક માણસોમાં પેઠેલો. એમણે ઘી ઢોળી નાખ્યું, છતાં સંતોષ ન હતો. રાત્રે એ બધાએ નક્કી કર્યું કે આપણે આ તૈયાર લાડવા તલાવમાં નાખી દઈએ. પછી લાડવા બનાવવા ક્યાં જશે ? આ હજારો ભૂદેવોની પંક્તિઓમાં બૂમો પડશે. સ્વામિનારાયણની મશ્કરી થશે. રાત્રિના જાગ્યા. આઠ-દસ જણાએ કોઠાનો દરવાજો ખોલી ટોપલે ટોપલા લાડુ ભરી ભરીને આખી રાત તલાવમાં ઝીંક્યા. થોડા લાડુ કોઠામાં રહી ગયા. કારણ કે સંતો વહેલા જાગવા માંડ્યા. એટલે ટપોટપ બધા જતાં રહ્યા. સંતો સાડા ત્રણ ચાર વાગે જાગીને ભગવાનનું ધ્યાન કરી, દેવ સરોવરના જળમાં સ્નાન માટે જ્યાં પ્રવેશ કર્યો તો પગમાં કાંઈક દબાવા માંડ્યું. કોઈ સંતે નીચે પાણીમાં હાથ લંબાવીને બહાર કાઢીને જોયું, આ તો લાડુ છે ! ઢગલા બંધ લાડવા, તળાવમાં !

પાંચ વાગે જ્યાં શ્રીજીમહારાજ જાગૃત થયાં એટલે વાત કરી કે મહારાજ ! ગજબ થયો ! શું થયું સંતો ? આટલા બધા ગભરાયા છો કેમ ? મહારાજ આખો કોઠો ખાલી છે ! લાડુ બિલકુલ નથી અને બધા લાડુ કોઈએ તળાવમાં નાખી દીધા છે. સારું કર્યું જેણે નાંખ્યા હશે એમણે આપણી ભૂલ સુધારી. મહારાજ ! ભૂલ શાની ? અરે સંતો ! આજે યજ્ઞનો છેલ્લો દિવસ છે. આ યજ્ઞ દરમિયાન આપણે બ્રાહ્મણોને, અતિથિઓને વટેમાર્ગુઓને, યાત્રિકોને, ભક્તોને જમાડ્યા પશુ, પ્રાણીને પણ યજ્ઞનો પ્રસાદ આપ્યો. પણ આપણી એક ભૂલ થયેલી. તળાવમાં રહેલાં માછલાંને યજ્ઞનો પ્રસાદ આપણે આપી શક્યા ન હોતા. તે જેણે પણ લાડુ

નાખ્યાં હશે એને ધન્યવાદ ! તળાવમાં રહેલાં અગણિત માછલાએ પણ જીવ છે. એમને પ્રસાદ ન મળત આજે મળી ગયો સારું થયું.

પણ મહારાજ, બપોરે પંક્તિ થવાની અને આટલા બધા મનુષ્યોને પહોંચી રહે એટલા લાડુ તો થઈ ન શકે. શ્રીજી મહારાજ કહે, સંતો ! ચિંતા નથી. જોઈ આવો કોઠામાં, થોડા ઘણા છે ? સંતો જોઈ આવ્યા. મહારાજ ! માંડ પચાસેક માણસ જમે એટલા જ લાડુ છે. તો કોઈ ચિંતા નહીં. આપણા બે પાર્ષદોને ત્યાં ઉભા રાખો. હથિયારબંધ બે પાર્ષદો કોઠા પાસે ઉભા રહ્યા. મહારાજ કહે, જ્યારે બપોર થાય. ભૂદેવોની પંક્તિઓ પડે અને હર હરમહાદેવ જ્યારે બોલે ત્યારે બધા ભૂદેવો ત્યાં દરવાજે ઉભા રહે.અંદરથી લાડુ ભરી ભરીને એને આપ્યા કરવા. અંદર કોઈને પગ મૂકવા ન દેવો.

જેણે તલાવમાં લાડુ નાંખ્યા હતાં એ ખુશ થતા હતા. હમણા ખબર પડશે. આ બધા બેઠા છે પણ સીધો ભાત પીરસે તો છે. લાડુ તો છે જ નહિ. અને પછી આ બધા ભૂદેવો કંઈ ઝાલ્યા રહેશે ? હો.... હો.... કરી નાંખશે અત્યારે બૂમાબૂમ થઈ પડશે. ત્યાં જોવા મંડ્યા. અલ્યા ટોપલા આવવા માંડ્યા. ક્યાંથી આવે છે ? એ કોઠામાંથી જ આવે છે એ તો બે ચાર ટોપલા હશે. કકડો કકડો પ્રસાદ આપશે બધાને. ના, આ તો લાઈન લાગી છે. ભરાયેલા ટોપલા આવવા જ માંડ્યા. લાડુ ના ખૂટ્યા. જય જયકાર સાથે હજારો ભૂદેવો જમ્યા, તૃપ્ત થયા. સ્વામિનારાયણ ભગવાને ભૂદેવોને યથેચ્છ દક્ષિણાઓ આપી. બોલો ભૂદેવ, કોઈને કંઈ તકલીફ હોય તો બોલો, કોઈએ કહ્યું, મહારાજ ! મારે કન્યાદાન આપવું છે. સારું બોલો, કેટલા રૂપિયા ? અઢીસો, લઈ જાઓ અઢીસો. મારા દિકરાને જનોઈ આપવી છે, પ્રભુ. કેટલો ખર્ચ થાય ? સો રૂપિયા. લઈ જાઓ સો રૂપિયા. કોઈને ના નહીં. એમાં પછી ત્યાગ-ભાગ નહીં કરવાનો કે ભાઈ, તમે લાડવા નાંખી દેવા વાળા હતાં ? એને નહીં આપવાનું, એવું કંઈ નહિ. લો, બધા જ લઈ જાઓ. અને સુખી થાઓ. ભગવાનના ગુણ ગાઓ.

ભક્તવત્સલ ભગવાન તળાવની પશ્ચિમ દિશામાં જે વાડી છે ત્યાં બિરાજ્યા. યજ્ઞની સમાપ્તિ થઈ ગઈ. ભૂદેવો દક્ષિણા લઈ લઈને પોતપોતાના ગામ તરફ જવા નીકળ્યા. હજારો ભક્તજનોને મહારાજે કહ્યું કે હે ભક્તો ! આજે તમને છૂટ આપીએ છીએ. પુષ્કળ લાડુ વધ્યા છે. બધા ભક્તો સાથે લઈ જજો. રસ્તામાં ભાતા તરીકે કામ લાગશે. અને વધે તે તો તમારા ગામમાં જઈને પ્રસાદ વહેંચજો. કે લ્યો ભાઈ, જેતલપુરના યજ્ઞનો આ પ્રસાદ છે. આનંદ સ્વામીને કહ્યું કે, આ બધા હરિભક્તોને ઉપડે એટલા લાડુ આપો. ગણવાના જ નહિ. આ તો ચાલી ને પહોંચવાનું હોય એટલે જેને જેટલા ઉપાડી જવા હોય એટલા લાડવા લઈ જવાની છૂટ છે.

..... યજ્ઞાદિ મોટા કર્યા ..... ઘણા પૈકી એક યજ્ઞનું વર્ણન કર્યું. જેનાથી બીજા યજ્ઞોની લીલાનું પણ અનુમાન આવી ગયું હશે !



### (૨૮) અમદાવાદના સુબા વિઠુબા ભાઉનું કપટ શ્રીહરિએ ખુલ્લું કર્યું :

અમદાવાદમાં પેશ્વાનું રાજ્ય હતું. પણ પેશ્વા પાસે ગાયકવાડનું એંશી લાખ રૂપિયાનું પ્રથમ લહેણું હતું. તે વસુલ લેવા માટે ગાયકવાડે ભાગ રાખ્યો હતો. તેથી ગાયકવાડ સરકાર તરફથી વિઠુબા ભાઉ તથા પેશ્વા તરફથી સેલુકર એ બે સુબા અમદાવાદમાં રહીને રાજાની પેઠે કારભાર ચલાવતા હતા. એ સુબા અમદાવાદમાં જમાલપુર પાસે ગાયકવાડની હવેલીમાં રહેતા અને ભદ્રમાં તેમની કચેરી હતી. આરબોનું લશ્કર પણ ત્યાં જ રહેતું.

એક વખત સ્વામિનારાયણ ભગવાનને તેમના ઘણા ભક્તોએ પ્રેમભાવથી તેડાવ્યા. તેથી શ્રીહરિ પોતાના હજારો સાધુ. સંન્યાસી, પાળા, કાઠી સ્વારો તથા ઘણા ભક્તોને સાથે લઈને અમદાવાદ પધાર્યા. તે સમયે શ્રીહરિની અમદાવાદમાં અદ્‌ભૂત શોભાયાત્રા નીકળી હતી. જેનું આપણા શાસ્ત્રામાં વિસ્તારથી વર્ણન આપ્યું છે. અનેક જાતના વાજીંત્રોના સૂરથી ગુંજી ઉઠેલા આખા અમદાવાદમાં શ્રીહરિના દર્શન સારું લાખ્ખો માણસની ભીડ થઈ હતી. શ્રીહરિએ સંત મંડળ સહિત નવા વાસમાં મુકામ કર્યો. ત્યાં એક નિંબવૃક્ષ નીચે સંત હરિભક્તોની મોટી સભા થઈ. આ નિંબવૃક્ષનું પ્રસાદીનું થડ આજે પણ આપણા અમદાવાદ કાલુપુર મંદિરમાં સભા મંડપના જમણી બાજુના પગથિયા ચઢતા જ જમણી બાજુ એક ખૂણામાં દર્શનાર્થે મૂકવામાં આવ્યું છે. સભામધ્યે ઉંચા સિંહાસન ઉપર શ્રીહરિએ વિરાજમાન થઈને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સંબંધી શહેરના લાખ્ખો માણસોને બોધ કર્યો. મોટા વિદ્વાનો તથા બ્રાહ્મણોને શ્રીહરિ વસ્ત્ર,

આભૂષણ, સોના મહોરો તથા રૂપિયા વગેરે અનેક પ્રકારના દાન આપતા હતા. ઘણી વખત હજારો બ્રાહ્મણોને મિષ્ટાન્ન ભોજન જમાડી તૃપ્ત કરતા હતા. ભક્તજનો પણ પોતાના ઘેર શ્રીહરિની ભારે શોભા તથા ધામધૂમથી નિત્ય પધરામણી કરતા હતા.

અમદાવાદમાં શ્રીહરિનો અપાર પ્રતાપ જોઈ શહેરના કેટલાક દ્વેષી તથા નાસ્તિક લોકો ઈર્ષ્યાથી બળી ઉઠ્યા. વળી પ્રથમ પણ જેતલપુરમાં શ્રીહરિએ શાક્ત પંથના આચાર્ય કિચકના મતનું વિદ્વાનોની મહાસભામાં શાસ્ત્રીય રીતે ખંડન કર્યું હતું અને વામમાર્ગમાં કોઈ ધૂર્ત અને પાપી લોકોએ હિંસા તથા મદ્ય માંસનું ભક્ષણ પ્રવર્તાવેલું, તેનું સારી રીતે ખંડન કર્યું હતું. તેથી કિચકે પણ અમદાવાદ જઈ સુબાને અવળી વાત કહેલી કે શાક્ત પંથનું સ્વામિનારાયણે ઘણું જ ખંડન કર્યું. એટલું જ નહિ પણ સભામાં બેઠેલા અમદાવાદના વિદ્વાનોના મુખથી આપણને ચંડાળ અને નીચ કહેવડાવ્યા. આ હકીકત સાંભળી સુબાએ વિદ્વાનોના વર્ષાસન બંધ કર્યા અને સ્વામિનારાયણને પકડી કેદ કરવાનો ઠરાવ કર્યો. ત્યાર પછી આ કહ્યાં પ્રમાણે શ્રીહરિ અમદાવાદમાં પધાર્યા ત્યારે તેમની અપાર પ્રતિષ્ઠા અને શોભા જોઈને બળી ઉઠેલા હજારો લોકોએ જઈ સુબાને ચેતવ્યા કે સ્વામિનારાયણ અહીં આવ્યા છે. અહીં પણ હજારો માણસો તેમને પરમેશ્વર માને છે અને તેમની વાંસે વાંસે ફર્યા કરે છે વળી તેઓ મોટી ધામધુમથી લોકોને ઘેર પધારમણીએ જાય છે. માટે તમે સાવધાન રહેજો. નહિ તો તમારું રાજ્ય પણ લઈ લેશે. આ સાંભળી અતિશય છંછેડાયેલા તે બન્ને સુબાએ વિચાર્યું કે, જો સ્વામિનારાયણને પકડીશું કિંવા કાઢી મૂકીશું, તો તેમની સાથે ઘણા શૂરવીર પાળા તથા કાઠી હથિયારબંધ છે. વળી મેવાસના હજારો ગરાસીઆ તથા ચરોતરના હજારો કોળી તથા ઝાડીના લાખ ભીલોના રાજા, એ સર્વે સ્વામિનારાયણના શિષ્ય છે. તે બધું લશ્કર જો ભેગું થઈ જશે તો ભારે પડશે. વળી અહીંના ઘણા લોકોને જાદુની સમાધિથી વશ કરી લીધા છે. માટે એક સ્વામિનારાયણને પકડવા અથવા કેદ કરવા. તેમાં હજારો માણસોનો સંહાર થઈ જશે માટે કપટ યુક્તિથી એમના એકલાનો જ નાશ થાય એમ કરીએ, તો સર્વે ઉપાધિની શાંતિ થાય. એ રીતે એ પાપીઓના અંતરમાં દુષ્ટ મનસુબો થયો.



ભદ્રમાં અસલનું પાંચસે વર્ષનું બાદશાહી વખતનું તેલથી ભરેલું જૂનુ અને ગંજાવર ટાંકુ હતું. તેના મોઢાં ઉપર ઢાંકણું કાઢી નંખાવીને તે ઉપર પાતળી કામડીઓ ઢંકાવી તે ઉપર સુશોભિત જરિયાની બિછાયત સહિત ગાદી તકિયો ગોઠવાવ્યો, કે તે ઉપર બેસતા જ કામડીઓ ભાંગીને તે બધું તેલના ઉંડા ટાંકામાં પડે, એવી રીતે ગુપ્ત ગોઠવણ કરીને પછી બે હમેલીઆઓને નવાવાસમાં શ્રીહરિ પાસે પધરામણી માટે વિનંતી કરવા મોકલ્યા. તેઓએ સભામાં આવી શ્રીહરિને કહ્યું કે મહારાજ ! આ શહેરના સુબાએ આપની ભદ્રમાં પધરામણી કરવાની વિનંતી કરી છે. માટે કૃપા કરી ત્યાં પધારો, તો સરકાર તરફથી સ્વારી સામૈયું આપને તેડવા આવે. ત્યારે શ્રીહરિએ કહ્યું કે ભલે મોકલો, અમે સુબાને ત્યાં આવીશું. પછી હમેલીઆઓએ જઈને કહ્યું, તેથી સુબાએ ડંકા, નિશાન, પાયગા તથા ભારે વાજીંત્રો સાથે મોટી ધામધુમથી શ્રીહરિને તેડવા સ્વારી મોકલી. શ્રીહરિ સર્વ સંત મંડળ સહિત ત્યાં જવા તૈયાર થયા. તે વખતે મુક્તાનંદ સ્વામીએ હાથ જોડી ઉભા રહીને કહ્યું કે હે મહારાજ ! જેતલપુરમાં યજ્ઞ બંધ કરાવવા આરબની બેરખ મોકલી હતી. તે જ એ સુબા છે. વળી ત્યાં લાખ્ખો માણસની સભામાં તમે વામ માર્ગનું ખંડન કર્યું હતું અને સુબા વામમાર્ગના અગ્રણી છે. તેથી કપટમાં પધરામણી કરવા તેડાવતા હોય એમ જણાય છે. માટે ત્યાં જવું એ ઠીક નથી. એવું સાંભળી શ્રીહરિ હસીને બોલ્યા કે સ્વામી ! અનંતકોટી બ્રહ્માંડના નાડી પ્રાણ અમારા હાથમાંછે. તો એ સુબાથી શું થશે ? એ તો જેમાં જેવા ગુણ અને જેવા જેના કૃત્ય હશે તે સર્વને જણાશે. માટે ચાલો, એમ કહીં શ્રીહરિ ઝટ માણકી ઉપર સ્વાર થયા. આગળ ડંકા નિશાન સહિત વાજીંત્રો વગાડનારા અસલથી બાદશાહી શિરસ્તા પ્રમાણે રસ્તામાં જ્યાં પ્રસિદ્ધ કબ્રસ્તાન આવે ત્યાં વાજાં બંધ રાખતા હતા. ત્યારે એની મેળે દેવતાઈ વાજાં વાગતા હતા તે સાંભળી હજારો યવન (મુસ્લિમ) લોકો તો આ શ્રીહરિ ખુદા છે એમ નિશ્ચય કરી પોતાના બે હાથ ઊંચા કરી કલામે શરીફની કલમો પઢવા મંડી પડ્યા, તે જોઈ હજારો લોકો વિસ્મય પામ્યા. આ શોભાયાત્રાનું પણ આપણાં શાસ્ત્રોમાં અપાર વર્ણન છે. મહારાજે એક હાથમાં માણકી ઘોડીની લગામ તથા બીજા હાથમાં સોનાની સોટી ધારણ કરી હતી. શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા. મસ્તક ઉપર છોગા

સહિત કાઠિયાવાડી પાઘડી શોભી રહી હતી. હજારો માણસોની ભીડને શ્રીહરિ ચારે તરફ દર્શન આપતા પાનકોરનાકા આગળ થઈ ધીરે ધીરે ત્રણ દરવાજા આગળ આવ્યા. ત્યાં વીઠુબા ભાઉના તાબાના લશ્કરના ઉપરી ચીમનરાય સુબાના હુકમથી હજારો આરબોને સાથે લઈને તેના પાંચ મોટા જમાદાર સહિત ઘોડેસ્વાર થઈને ત્રણ દરવાજાથી ભદ્ર સુધી સર્વેને હથિયાર સજ્જ કરાવીને ઉભા હતા. ચીમનરાવે શ્રીહરિને શ્રીકૃષ્ણરૂપે દીઠા અને બીજા સાધુઓએ તેજોમય મુક્ત દીઠા, તેથી ચીમનરાવ સહિત સર્વ ઘોડેથી ઉતરીને સાષ્ટાંગ નમસ્કાર કરી સ્તુતિ કરવા લાગ્યા અને આરબો તો ઊંચા હાથ કરી કુરાનની કલમો પઢવા લાગ્યા. શ્રીહરિ તે સર્વેની વંદના અંગીકાર કરતા ધીરે ધીરે ભદ્રના દરવાજા પાસે પધાર્યા. ત્યાં વીઠુબા ભાઉ તથા સેલુકર એ બન્ને સુબા સન્મુખ આવી કપટ નમ્રતાથી શ્રીહરિના ચરણમાં મસ્તક મુકી ઘણો ભાવ જણાવી અંદરના ચોકમાં તેડી ગયા. ત્યાં સર્વે સાધુ બ્રહ્મચારી અને પાર્ષદોને બેસવાનું કહ્યું. અને શ્રીહરિને તો આપ અંદર પધારો અને ગાદી તકિયો બિછાવ્યો છે તે ઉપર કૃપા કરી બિરાજમાન થાઓ, એમ કહીં હાથ જોડી ઘણા પ્રેમ પૂર્વક અંદરના ભાગમાં તેડી ગયા. બીજા સર્વે સંત વિગેરે ચોકમાં ઉભા પણ પદ્મનાભાનંદ સ્વામી તથા શંકરાનંદ સ્વામી તથા દંડી દેવાનંદજી સ્વામી તેમજ શ્રીહરિના હજુરી સેવક સુરાખાચર, સોમલા ખાચર, ભગુજી, રતનજી, ભીમજી, કેશરી સિંહ, માનસિંહ વગેરે હનુમાનજી જેવા મહા શૂરવીર તે પણ સુબાને તથા તેના કેટલાક ઉભેલા હજુરીયા સિપાઈઓને હડસેલી શ્રીહરિની પાછળ પેઠા. દેવાનંદ દંડી મહારાજની સાથે ચાલવા લાગ્યા.

પછી વિઠુબાએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું કે મહારાજ ! આપ આ ગાદી તકિયે બિરાજો.

નમન નમન મેં ફેર હૈ, બહોત નમે નાદાન,
દગલ બાજ દુગુના નમે, જેસે ચિત્તા ચાક કમાન.

મહારાજે કહ્યું કે એ ગાદી તકીઓ તો તમારે રાજાઓને બેસવાનો છે. તે ઉપર અમારાથી ન બેસાય. એમ કહીં ત્યાં જે ખૂનીઓ-કપટીઓને બેસવા ખુરસીઓ પડી હતીં તે ઉપર શ્રીહરિ સુબાના બેસતા પહેલાજ બેસી ગયા. ત્યારે વીઠુબાએ કહ્યું કે, મહારાજ આ ગાદી આપને સારૂ જ બિછાવી છે. માટે



આપ કૃપા કરીને એની ઉપર બિરાજો, એટલે એ ગાદી પવિત્ર થાય. પછી શ્રીહરિ બોલ્યા કે તમારો અતિ પ્રેમ ભાવ અમારા ઉપર છે તો લ્યો એ ગાદી પવિત્ર કરીશ. એમ કહીં પોતાના હાથમાં સોટી હતીં તેનું ઠેબું ગાદીને અડાડીને જરા દબાવ્યું, તે તદ્દન પાતળી કામડીઓ (નાની નાની સળીઓ) ભાંગી ગઈ અને ગાદી તકિયો ધબ દઈને તે ટાંકામાં પડ્યા અને ટાંકુ ઉઘાડું દેખાયું. અપાર તેલથી ભરેલું મોટું અને ભયંકર ટાંકુ જોઈને સુરાખાચર, સોમલાખાચર, ભગુજી, રતનજી આદિક શ્રીહરિના સખા તો તત્કાળ અતિ ક્રોધમાં રૂદ્ર જેવા વિકરાળ થઈ જાણે પ્રલય કરી નાંખશે એમ તત્કાલ તે બન્ને સુબાને ઉંચકીને ઉંધે માથે ફેંકી દીધા અતિ ક્રોધમાં મહાવેગમાં તેમના ઉપર ધસી આવ્યા. પણ તેમને શ્રીહરિએ આડો હાથ કરીને વાર્યા. શ્રીજી મહારાજની મુખાકૃતિ ઉપર લગીર પણ ક્રોધ ન આવ્યો. ઉદાસીનતા ન આવી કે તિરસ્કાર પણ ન આવ્યો. એ જ મંદ હાસ્યથી યુક્ત મુખારવિંદ ! મહારાજની સાથે રહેલાં ત્રણે સંતોએ પણ એ સુબાઓનું અતિઘોર કૃત્ય જોઈ તે બન્ને ને તત્કાલ બાળીને ભસ્મ કરી નાંખે એવો શાપ દેવા અતિ ક્રોધમાં હોઠ ફરકાવવા લાગ્યા. દેવાનંદ દંડી ક્રોધથી ધ્રુજવા લાગ્યા શાપ આપવા હાથ ઊંચો ઊપાડ્યો અને જમીન ઉપર હાથ પછાડવા જતા હતાં. ક્ષમાના સાગર શ્રીહરિએ તેમને વાર્યા અને કહ્યું કે એ તો રાજા છે, એ તો આપણી પૂજા કરે કે મહા પૂજા કરે. ગમે તે કરે પણ આપણે તો સાધુ છીએ. માટે આપણું તો ક્ષમા એજ ભૂષણ છે. આ અમદાવાદની ધરતી તો બહુ પુણ્યશાળી છે.અહીં તો આપણે મોક્ષનું સદાવ્રત ખોલવાનું છે.

પછી શ્રીહરિ શાંત પણે હસતા હસતા તે બન્ને સુબાને કહેવા લાગ્યા કે પેશ્વાનું રાજ્ય પ્રથમ તો ઘણું ધર્મ ન્યાયથી ચાલતું હતું. પણ હમણાં તો તમારા જેવા અધિકારીઓની સલાહથી ગંગાધર શાસ્ત્રી જેવા દેવ બ્રાહ્મણોની ચૌદ બ્રહ્મ હત્યાઓ થઈ અને છેલ્લી આ પરબ્રહ્મ હત્યાની ગોઠવણ કરવાનું પણ તમે ચૂક્યા નહિ. માટે હવે તમારા રાજ્યનો અંત આવ્યો એમ જાણો. એમ કહીં શ્રીહરિ ત્યાંથી ઉઠ્યા. ત્યારે શ્યામ વદને નીચા મુખથી નિર્લજપણે સુબાએ પૂછ્યું કે તમારી જાતિ કઈ અને મતે ક્યાં દેશના છો ? શ્રીહરિએ કહ્યું કે અમે સામવેદી સરવરિયા બ્રાહ્મણ છીએ. અને અયોધ્યા પાસે છપૈયા ગામના ધર્મ ભક્તિથી અમારો જન્મ છે. પછી સુબાએ કહ્યું કે તમારે આ અમદાવાદમાં

રહેવું નહિ. અહીંથી જતા રહો. પછી શ્રીહરિ હસતાં થકા બોલ્યા કે અમે ક્યાં જતા રહીએ ! અમે તો આ બધા દેશમાં ગામે ગામ મોટા મોટા મંદિરો કરાવીશું. અને અહીં અમદાવાદમાં પણ મંદિર કરાવીશું. અત્યારે તો અમે અમદાવાદ છોડીને જઈએ છીએ અને તારું રાજ્ય હશે ત્યાં સુધી નહિ આવીએ, બીજાનું રાજ્ય થશે પછી તારું શું ચાલવાનું ? સત્તા કોઈપણ પુરુષની સાથે સ્થિર થતી નથી. એમ કહીં શ્રીહરિ ત્યાંથી ધીરે ધીરે સર્વે સંત સખા સહિત બહાર આવ્યા અને આરબોને પોતાનું દિવ્ય દર્શન આપીને કહ્યું કે હવે તમને એ સુબા રજા આપે કે તરત તમે વડોદરે જજો. પછી શ્રીહરિ તો પોતાના અશ્વ ઉપર સ્વાર થઈને વાજતે ગાજતે સ્વારી સહિત મુકામ ઉપર નવાવાસમાં પધાર્યા. ત્યાં બીજે દિવસે જેતલપુર થઈને પશ્ચિમ દેશમાં ગઢપુર પધાર્યા.

પછી ચીમનરાવ સુબા પાસે ગયા અને શ્રીહરિનો અપાર મહિમા તથા તેમના પરમેશ્વરપણાનું અપાર ઐશ્વર્ય જે તેમણે તેમની નજરે પ્રત્યક્ષ જોયેલું તે સુબાને કહ્યું. તેમજ આરબોના પાંચ જમાદારો સુબાને કહેવા લાગ્યા કે, અરે તુમ સુબા હો કે બુબા ! તુમારી અક્કલકું કુતે ખા ગયે હે, જીન કે આગે બિન બજાએ હરદમ કુદરતી બાજે બજ રહે હે, તુમ ક્યા ઉનકૂ પકડોગે ? ઉનકી પાસ જાકે ઉનકે કદમોમેં શીર રખ દો નહીં તો પેશ્વાઈ બેશ્વાઈ જહાનમમેં જાયેગી. આવું સાંભળી સુબાએ તે સર્વેને નોકરીમાંથી રજા આપી. તેથી તે સર્વે વડોદરે આવ્યા અને સરકારને સઘળી હકીકત કહીં સરકારે તેઓની નિમનોક વધારી આપી અને ખાનગીમાં રાખ્યા.અને સુબા વીઠુબાના ઘોર કૃત્ય વડે પેશ્વાના રાજ્યનો તેજ વર્ષમાં અંત આવ્યો. અંગ્રેજ સરકારે સુબાને કેદ પકડ્યો. ખૂબ માર્યો અને ધૂળ ચાટતો કર્યો. પછીથી તે સુબો વિઠુબા પોતાનું શ્યામ વદન લઈ આંધળો થઈને વડોદરા ગયેલો અને ત્યાં તેને પતનો રોગ પણ થયેલો. ચીમનરાવ મહારાજનો પ્રતાપ-ઐશ્વર્ય જોઈને સત્સંગી થયેલા.

### (૨૯) વિજાપુરના વજીબાને ઘેર ચરણ ચાંપી પીપળો ચલાવ્યો તથા વીસનગરના નાસ્તિક-મલિન બુદ્ધિવાળા લાલજી સુબાને એક ક્ષણમાં સત્સંગી કર્યો :

એક વખત ગઢપુરમાં શ્રીહરિએ જન્માષ્ટમી મહોત્સવ કર્યો તે સમૈયામાં સર્વે દેશના હજારો હરિભક્તો શ્રીહરિના દર્શન કરવા સારું આવ્યા હતા.



શ્રીહરિએ તે સર્વેને દેશકાલના સમાચાર પૂછ્યા, ત્યારે દંઢાવ્ય દેશના ભક્તો સભામાં ઉભા થઈને હાથ જોડીને બોલ્યા કે, પ્રભો ! વીસનગરમાં એક દેસાઈની અટકનો લાલજી નામે વીસનગરનો નાગર સરકાર તરફથી મોટો સુબો છે, તે મહાદુષ્ટ તથા સત્સંગીનો મહાદ્વેષી છે. તેથી વનડગર, વીસનગર, કલોલ, વિજાપુર, કડી, પાટણ, સિધ્ધપુર, મહેસાણા, ખેરાળુ વગેરે ગાયકવાડી રાજ્યના મહાલોનાં બધા ગામોમાં રહેતા લાખ્ખો હરિભક્તોને ઘણું દુઃખ દે છે. વગરવાંકે દંડે છે. જુઠા આરોપો મૂકે છે. ન્યાત બહાર મૂકાવે છે. કાવાદાવા કરી બંદીખાને નાખે છે. તડકે બેસાડી મૂકે છે, પગના અંગુઠા પકડાવી પીઠ ઉપર પથ્થર મૂકાવે છે. એમ અનેક રીતે ભક્તોને દુઃખ દે છે. તેમજ તે દરેક ગામોમાં આરબોને સાથે રાખી ઘોડે બેસીને ફરે છે. એના ત્રાસથી બાઈઓ, હરિભક્તોથી બહાર નીકળાતું નથી. વળી તમને પણ ઘણી ગાળો દે છે અને કહે છે કે, એ સહજાનંદ સ્વામી આવે તો પકડીને કેદ કરું. એ સુબો પ્રથમથી જ નાસ્તિક હોઈ સત્સંગનો દ્વેષી છે. તેમાં વળી વડોદરેથી મોટા દિવાનજીએ સલાહ આપવાથી સરકાર સયાજીરાવે પોતાના રાજ્યના બધા સુબા ઉપર હુકમો કાઢ્યા છે કે આપણી હદમાં સ્વામિનારાયણને તથા તેમના મુંડીયાઓને પેસવા દેવા નહિ. જ્યાં દેખો ત્યાંથી મારી કાઢજો. અથવા કેદ કરજો. એવો હુકમ મળ્યો ત્યારથી તો જે સંત આવે છે તેમને ગાળો દે છે. ધક્કા મરાવે છે અને તિરસ્કાર કરી કાઢી મુકાવે છે અને એ સુબાના બહેન જે ઉદય કુંવરબા તથા એમના ભાણેજ બળદેવ છે તે બન્ને સારા સત્સંગી છે. તેમના ઉપર તે અંતરથી દ્વેષ રાખે છે, એક વખત વીસનગરમાં વૈશાખ માસના આકરા તડકામાં સર્વે હરિભક્તોને તેડાવી ચોરાના ચોકમાં રેતીમાં ઉઘાડા બેસાડ્યા, તે વખતે તેના બહેન તથા ભાણેજ પણ સર્વ હરિભક્તોની સાથે આવીને બેઠા. તેમને જોઈને સુબાએ કહ્યું કે તમે શું કામ બેઠા છો ? તમને કંઈ તડકે બેસવા તેડાવ્યા નથી, માટે તમે ઘેર જાઓ. ત્યારે તે મા દીકરાએ કહ્યું કે અમે પણ સત્સંગી છીએ અને આ સર્વ અમારા આત્માના સાચા સગા છે, તે તડકે બેસી ભગવાનને પ્રસન્ન કરવા તપ કરે છે. તો અમે કેમ ન કરીએ ? આગળના યુગોમાં મોટા મોટા મહર્ષિઓને હજારો વર્ષ તપ કરી ભૂખ તરસ વેઠવા છતા ભગવાન પ્રત્યક્ષ મળ્યા નથી. અને અમને સર્વને

તો પ્રત્યક્ષ ભગવાનના દર્શન થયા છે, તો આટલાથી કંઈ બળી જવાના નથી અને કદાપિ બળી જઈશું તો સંબંધીઓના લાકડાં ઉગરશે. બહેન ભાણેજનું આવું બોલવું સાંભળીને સર્વે હરિભક્તોને ઘેર જવાની રજા આપી.

વળી એ સુબો બીજા મહાલોમાં ફરવા નીકળ્યો હતો. ત્યાં હજારો હરિભક્તોને હેરાન કરતો, વિજાપુરમાં વજીબા જે સથવારા જ્ઞાતિના હરિભક્ત શિરોમણી મહામુક્ત છે તેમના ઘર આગળ નવ ધરીયા ફળિયામાં આવી પહોંચ્યો અને બાઈ સત્સંગી છે જાણી ફળીયા વચ્ચે ખાટલો ઢળાવીને બેઠો. પછી બાઈને બોલાવીને કહ્યું કે તું પ્રથમ બાવા, વૈરાગી વગેરેને માનતી અને સદાવ્રત આપતી હતી, તે બધું મૂકી દઈને સ્વામિનારાયણની સત્સંગી કેમ થઈ છે ? બાઈ બોલ્યા કે આ કળીકાળમાં બાવા, વૈરાગી, અતીત, તીર્થવાસી એ સર્વે ઢોંગી, વ્યસની, પાખંડી અને પેટભરા તથા કામી, ક્રોધી, લોભી હોય છે. અને સ્વામિનારાયણ તો પોતે સાક્ષાત્, ભગવાન છે. તેમજ તેમના સાધુ નારદ, શુકદેવ તથા સનકાદિકના જેવાછે. માટે સુબાજી તમે પણ સત્સંગી થાઓ. પછી સુબા બોલ્યા કે, સ્વામિનારાયણમાં જે જે પ્રભાવ તથા ચમત્કાર દેખાય છે તે સઘળું ઈન્દ્રજાળ, વીરવિદ્યા અને જાદુથી છે. તેથી હું તો કોઈ કાળે સત્સંગી થાઉ નહીં. મારે તો તેમને કેદ કરવા છે. માટે તે અહીં આવે તેની જ રાહ જોઉં છું. ત્યારે બાઈ બોલ્યા કે તેમને કેદ કરવા જતા તમે જ કેદ થઈ જશો. અને જમપુરીમાં જઈ જમના માર ખાશો. ત્યારે જ તમે સત્સંગી થશો. સુબા કહે, જમ અને જમપુરી તો ભોળા લોકોને ભરમાવવાનું ખોટું તુત ઉભું કરેલું છે. પણ જો સ્વામિનારાયણ સાચા હોય તો તારા ઘર સામે પીપળો છે અને તેની પાસે કૂવો અને કૂવાની પાછળ તુલસી ક્યારો છે. તે પીપળાના વૃક્ષને ખસેડી તુલસી ક્યારાના ઓટલાને અડાડે અને કૂવો એક બાજુએ કરી તુલસી ક્યારાની તથા પીપળાની પ્રદક્ષિણા કરી શકાય, એમ કરે તો તારી વાત ખરી માનું. બાઈ બોલ્યા કે એ ભગવાન તો અતિ સમર્થ છે. જેના સંકલ્પ માત્રથી અનંત કોટી બ્રહ્માંડની ઉત્પતિ, સ્થિતિ અને પ્રલય થાય છે. તેમને એટલું કરવું એ શી ગણત્રીમાં છે ! કદાપિ એ પ્રમાણે કરશે તો પણ તમે તો જમનો માર ખાધા વિના નહિ જ માનો ! તો કહે ભલે માર ખાઈશું પણ જમ તો નજરે જોઈશું ! એમ કહીં ત્યાંથી ચાલ્યો ગયો એ રીતે જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં સત્સંગીને ઘણો ત્રાસ આપે છે.



આ સાંભળી મહાકૃપાળુ શ્રીહરિને ઘણું જ ખોટું લાગ્યું. પછી જરા વિચારીને મુક્તાનંદ સ્વામીને પૂછયું કે સ્વામી ! એ દેશના સત્સંગીઓને તથા સંતમંડળોને વીસનગરનો સુબો લાલજી ઘણું દુઃખ દે છે તેનો શો ઉપાય કરવો ? ત્યારે સ્વામી બોલ્યા કે હે મહારાજ ! ગાય જીવે અને રત્ન મળે (એનું કલ્યાણ થાય અને સત્સંગીઓ સુખી થાય) એવો ઉપાય કરવો. પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા, એ સુબાને તેના કૃત્ય પ્રમાણે જમના દૂતોનો માર પડશે, ત્યારે જ તે ઠેકાણે આવશે અને સત્સંગી થશે. શ્રીહરિ બોલ્યા કે તમે બન્ને જણે કહ્યું તે જ ઉપાય અમે પણ ધાર્યો છે. પછી સર્વને કહ્યું કે ઉત્સવ-સમૈયો પુરો થયો છે. માટે તમે પોતપોતાને ઘેર સુખેથી જાઓ એ સુબાને થોડા જ સમયમાં અમે જાતે ત્યાં જઈને સત્સંગી કરીશું, ત્યારે વીસનગરના ભક્તો સુરજરામ, મોતીરામ, પીતામ્બર અને વનમાળી હાથ જોડીને બોલ્યા કે હે મહાપ્રભો ! આપ હમણાં તો ત્યાં પધારશો જ નહિ. કારણ કે સુબો મહાપાપી છે. વળી આપને પકડવા ઘણા આરબોની ફોજ તૈયાર રાખે છે. એટલે એ સત્સંગી થાય તેવો જ નથી.ત્યારે શ્રીહરિ હસીને બોલ્યા કે તમે અમને કેવા જાણો છો ? અમે તો એવા મહાપાપીને તરત જ સત્સંગી કરીએ છીએ. અમે અક્ષરધામમાંથી જ એવો સંકલ્પ કરીને આવ્યા છીએ કે આ સમયે જે જે જીવને અમારો અમારા મળેલા સંત હરિભકતોનો ગમે તે રીતે જોગ થઈ જશે તો તેને બ્રહ્મપુર ધામમાં નિવાસ આપવો. ગમે તે ભાવે એટલે સ્નેહ ભાવે, સંબંધી ભાવે કે વૈર ભાવે પણ અલૌકિક મૂર્તિના દર્શન કયાંથી થાય આ બ્રહ્માંડ ઊત્પન્ન થયા પછી અમારા ઘણા અવતાર થયા છે પણ અમે સર્વના કારણરૂપ આ એક જ વખત પધાર્યા છીએ, માટે અનેક જીવનો મોક્ષ કરવો છે. વળી કોઇ દુષ્ટ મારે, ગાળો દે તો કષ્ટ સહન કરીને તેનું રૂડુ કરવું. એ રીતે અમારા ત્યાગીઓને અમે આજ્ઞા કરી છે, માટે તમે સર્વે ચિંતાનો ત્યાગ કરી ને પોતપોતાના ઘેર જઇને સુખેથી ભજન કરજો. આ પ્રમાણે અમૃત વાકયોથી સર્વને ધીરજ આપી વિદાય કર્યા.

સર્વ હરિભકતો વિદાય થયા પછી તેમનુ દુઃખ સાંભળી શ્રીહરિ અતિ ઊદાસ થયા. તેથી દાદા ખાચર, મોટી બા આદિ શ્રી હરિને વિષે અતિ સ્નેહવાળા હરિભક્તોએ જાણ્યું કે મહાપ્રભુ અતિ ઉદાસ રહે છે. તેથી રખે કંઈ જતા રહે, તેથી તેમણે શ્રીહરિની અખંડ સેવા કરનારા મુકુંદ બ્રહ્મચારીને રાત દિવસ

શ્રીહરિની પાસે રહી કાળજી પૂર્વક રખવાળી કરવાની ભલામણ કરી છતાં એક વખત રાત્રિએ કોઈ ન જાણે તેમ પલંગમાંથી ઉઠીને મહાપ્રભુ ગઢપુરથી ચાલ્યા ગયા. રાત દિવસ અખંડ સેવા કરનાર મુળજી બ્રહ્મચારીએ રાતમાં જાગીને ઢોલીયામાં જોયું તો શ્રીહરિને ન દીઠા. તેથી તેમને ફાળ પડી કે મહાપ્રભુ કોઈ વખત મને કહ્યાં કે સાથે લીધા સિવાય ક્યાંય જતાં નહિ અને એકાએક આમ કેમ કર્યું હશે ! ક્યાં ચાલ્યા ગયા હશે ! શો ગજબ થયો ! હે દયાના સાગર ! મને આમ ઉંઘતો મૂકી આપ ક્યાં ચાલ્યા ગયા ? મારું જીવન નકામું કરીને આ મારી અભાગણી આંખો આગળથી ક્યાં અળગા થયા ! દાદા ખાચર, મોટીબા, લાડુબા, રાજબાઈ તથા હરિભક્તો વગેરે પૂછશે તેમને હું શો જવાબ દઈશ અને શું મોઢું દેખાડીશ ? એ સર્વ તો તમને જોઈને જ જીવે છે. એમ ગદ્‌ગદ્ કંઠે બોલતાં આંખમાંથી વિરહના અશ્રુ ડળક ડળક પડવા માંડ્યા અને બાવરા થઈ ગયા. તેવામાં તેમને વીસનગરના હરિભક્તોને શ્રીહરિએ વાયદો કર્યો હતો તે યાદ આવવાથી ત્યાં પધાર્યા હશે એમ ધારી તરત જ વેગથી ચાલ્યા. રાધાવાવ સુધી પહોંચતા, આગળ શ્રીહરિને ઉતાવળા ચાલતા દીઠા. તેથી પૂછયું કે હે મહાપ્રભુ ! તમે આટલી રાત્રે એકલા પગપાળા ક્યાં જાઓ છો ? પાછા વળો. શ્રીહરિએ જવાબ દીધો કે અમારે ફાવે ત્યાં જઈશું. અમારો ન ઘણીયાતાનો કોણ ઘણી છે ? તમારે શું છે ? તમે શીદ આવ્યા ? પાછા જાઓ છો કે નહિ ? એમ કહીં રસ્તામાંથી પથરાની કરચો લઈ બ્રહ્મચારી તરફ ફેંકવા માંડી. બ્રહ્મચારી બોલ્યા કે હે મહારાજ ! તમે મારશો તેનું ગમે તેટલું દુઃખ થશે તે સહન કરીશ, પણ તમે જ્યાં જશો ત્યાં સાથે આવીશ 'જ્યાં કાયા ત્યાં છાયા.' તમે પોતે જ જોડ્યો બાંધી, ત્યારે બોલ્યા હતાં કે સહજાનંદ મૂળાનંદની જોડ, તે વચન મિથ્યા થાય તેમ નથી. શ્રીહરિ બોલ્યા કે અમે વીસનગર જઈશું અને ત્યાંનો સુબો કેદ કરશે તો તમે શું કરશો ? તો કહે હું પણ તમારી સાથે કેદ થઈશ. પણ હે મહાપ્રભો ! સુબો નઠારો છે. તો હમણાં ત્યાં એકલા જવાનું શું કામ છે ? માટે પાછા વળો. શ્રીહરિ બોલ્યા કે અમે ત્યાં જ જઈશું અને એ નઠારાને સારો કરીશું. અમે એકલા ક્યાં છીએ. જુઓ ! એમ બોલ્યા કે તરત શ્રીહરિના સ્વરૂપને વિષે ચારે તરફ ભગવાનના અવતાર તથા રોમરોમને વિષે અનંત કોટી મુક્ત બ્રહ્મચારીઓ દીઠા. ત્યારે નમસ્કાર કરીને બોલ્યા કે હે મહારાજ ! તમે તો સર્વ કારણના



કારણછો. તમે અનંત સેવક યુક્ત છો. તેમ હું પણ પતિવ્રતાની ટેકવાળો તમારો સેવક છું. માટે કૃપા કરી જ્યાં જાઓ ત્યાં મને સાથે રાખો. શ્રીહરિ હસીને બોલ્યા કે ઠીક ચાલો. પછી બન્ને જણ સાથે વાયુ વેગે ચાલ્યા. રસ્તામાં હરિભક્તોના ગામમા હરિભક્તોને દર્શન આપતા, તે સર્વેની સેવા અંગીકાર કરતા કરતા ત્રણ ચાર દિવસે સંધ્યા કાળે વિજાપુર આવી પહોંચ્યા.

પછી બ્રહ્મચારીએ કહ્યું કે હે મહારાજ ! હવે તો થાકી ગયા ને ક્ષુધા પણ ઘણી લાગી છે. માટે કોઈ એકાંતિક ભક્તને ઘેર જઈએ તો ખાવાનું મળે. ત્યારે શ્રીહરિ વૈરાગી જેવો વેશ કરી વજીબાઈના ઘરની ઓસરીમાં આવીને તેની પરીક્ષા કરવા માટે 'જે દ્વારકાધીશ' કહીને બેઠા. બાઈ બહાર આવીને બોલ્યા કે તમે કોણ છો ? વૈરાગી વેશે શ્રીહરિએ જવાબ દીધો કે બાઈ હમ તો તીર્થવાસી અભ્યાગત બાવા લોક હે. કાશી, જગન્નાથ, રામેશ્વર વો સબ તીર્થ કરકે આયે. અબ દ્વારકા દર્શન જાતે હે, ક્ષુધા લગી હે. તબ યહ ગાઁવમેં તેરા નામ સુન કે આયે હે, તો હમકું તૈયાર ભોજન દે ! બાઈ બોલ્યા કે વળી આ પાપ ક્યાંથી આવ્યું ! ઉઠો અહીંથી જાઓ, બીજે જઈને ભીખ માંગો, મહાજનની ધર્મશાળામાં રોટલો ઘડી ખાઈને ત્યાં પડી રહેજો. વળી ત્યાં ચણાનું સદાવ્રત પણ મળે છે. બાવા બોલ્યા કે માઈ ! ચણા મેં ક્યાં ખાવે ઓર આટા મંગને કીધર જાવે, માઈ તું હી કુચ્છ ભી તૈયાર ભોજન હમકું દે દે. હમ ભોજન કરકે તેરી જે બોલેગે. વજીબા કહે હું સત્સંગી થઈ ત્યારથી મારી જે બોલાઈ ગઈ છે. તમારા જેવા મિષ્ટાન્ન જમનારા ઢોંગી, પાખંડી અને ધુતારા મેં બહુ જોયા છે. લોકો ને ઠગી ખાઓ તેથી શું તમારી લખચોરાસી મટવાની છે ? જીવનું કલ્યાણ કરવું હોય તો સ્વામિનારાયણને શરણે જાઓ, તમારા જેવા બહુ અથડાય છે, જોઈએ તો ચપટી લોટ આપું, તે લઈને અહીંથી ચાલ્યા જાઓ. બાવો કહે માઈ ! હમારા જેસા દુનિયામાં દેખા નહિ હોગા, હમ કુચ્છ ઢોંગી પાકંડી નહીં હે. હમ તો તેરી ઈકોતેર પેઢીકા પૂર્વજો કા મોક્ષ કર શકે ઐસે હે. બાઈ બોલ્યા કે મને સ્વામિનારાયણ ભગવાન મળ્યા ત્યારથી અમારો મોક્ષ થઈ જ રહ્યો છે. ત્યારે બાવા એ કહ્યું કે અરે વાહ ! તું બડી ધર્મનિષ્ઠ હો કે વો જીવન મુક્ત બડા ઢોંગી, પાખંડી, જુઠા ભગવાન બનકે લોકો કું ઠગતા હે, તબ ઉનકું કાહેકું ગુરુ કીયા ? વો તો જાદુ, ઈન્દ્રજાળ ઓર બાબરીયા ભૂત સાધકો લોકોકું ભગવાન પણાકા મિથ્યા તુત

દિખાતા હૈ, હમ સબ તીર્થો મેં જાત્રા પૂરી કર આએ, તબ કાશી મેં બડે બડે વિદ્વાન પંડિત હૈ, વો સબ શાસ્ત્ર સંમતિ સે કહેતે થે કી યહ કલી મેં ભગવાન કા અવતાર નહિ હોતા, પર ભગવાનપણાકા ઢોંગ લે કે બહુત હી પંથ ચલેંગે. બાઈ ખીજવાઈને બોલ્યા કે અહીંથી ઝટ ચાલ્યો જા, નહિ તો લબાચો દોઢ ગાઊ દૂર ફેંકી દઈશ, મોટો સિદ્ધનો ડાડો થઈને આવ્યો છે. અને મારા પ્રભુની નિંદા કરે છે. કાશીના પંડિતો શું ધૂળ જાણે છે ? મથુરાના મોટા વિદ્વાનો યજ્ઞ કરતાં હતા. ત્યાં પ્રત્યક્ષ ભગવાન ભૂખ્યા થઈ ભાત માગવા આવ્યા, તે તેમને નહિ ઓળખી શકવાથી આપ્યો નહિ. માટે બહુ ભણીને મોટા પંડિત થયા હોય પણ પ્રત્યક્ષ ભગવાન પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે. તેમને જો ન ઓળખે અને શરણે ન થાય તો એ પંડિતાઈને ધિક્કાર છે. પણ આહિર જાતિ જે વ્રજની ગોપીઓ તેમણે પ્રીતિભાવે પ્રત્યક્ષ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની સાથે સ્નેહ કર્યો. તો તે વેદની શ્રુતિઓ તુલ્ય થઈ અને પરમ ધામને પામી પછી મહારાજે કહ્યું બાઈ ! તુ સદાવ્રત વાળી પૂણેશ્વરી છે, તેરા સ્વામિનારાયણ ભગવાન હૈ તો તેરે કું કુચ્છ ચમત્કાર ઓર કીમીયા દેખાયા હૈ ? દેખ ! હમારી પાસ જંગલ કી જડી બુટ્ટી હૈ, ઈન સે એક હી ક્ષણ મેં હમ ત્રાંબાકા સુન્ના (સોનું) બના દેતે હૈ. તેરે ઘર મેં સે મન દો મનકા કુચ્છ ભી બરતન લા, અબી હમ ઈસ કા સુન્ના બના દે, કાયકું દેર કરતી હૈ, જલદી લા. ઓર સુન્ના બન ગયા તો બાઈ તેરા દિલ ચાય તો હમારે ગુરૂ કે લીયે કુચ્છ ભાંગ, ગાંજા, બજજર લા કે દે દે. બડા પુણ્ય લગેગા. ક્યોંકિ યહ મહંતકું બડી તલપ લગી હૈ. આવું સાંભળી બાઈ બોલ્યા કે અલ્યા બાવલા ચબાવલા ! અહીંથી બન્ને જણ ટળો છો કે નહિ ? અહીં સત્સંગીને ઘેર તમારે ભાંગ ગાંજો અને તમાકું પીવા છે કેમ ? માંગતા શરમ નથી આવતી ? પેલા તુલસી ક્યારા પાસે મારા પતિ માળા ફેરવે છે ને જો સાંભળશે તો તમારી બન્ને જણની લાકડી વડે મહાપૂજા કરી કેડ્યો ભાંગી નાખશે. અમારે તમારી જડી બુટ્ટીને શું બાળવી છે અને સોનામાં શું પૂળો મૂકવો છે ! સોનું સોનું શું કરે છે ! તેં જ સોનું દીઠું હશે ! એ બલાનો તો લક્ષ યોજન ઉંચો મેરૂ પર્વત આ પૃથ્વી ઉપર છે. મંદરાચળ પણ સોનાનો છે અને લોકાચળ પર્વતની બહાર બધી પૃથ્વી સોનાની છે. પણ એનાથી ક્ષુધા મટતી નથી ! એનામાં ખાટો ખારો સ્વાદ આવતો નથી, એને ઓઢાતું કે પથરાતું નથી, એનાથી ટાઢ કે તાપ મટતા નથી. એનાથી તો લોકોના ગળા



કપાય છે, અસંખ્ય લોકોના પ્રાણ એ કળી રૂપ બલાએ લીધા છે. એ સોનું તો મારા પ્રભુને દીઠું પણ ગમતું નથી અને અમને એકાંતિક ભક્તને તો સોનું અને દૂધ સમાન છે. ગૃહસ્થ ભક્ત પોતાના ધનને સાર્થક તથા નિર્ગુણ કરવા સોનાના અલંકાર કરાવી ભગવાનને અર્પણ કરે છે. તો તે ભગવાનના સંબંધથી કળિના દોષો રહિત નિર્ગુણ થાય છે. તે તેમનો પ્રેમથી અંગીકાર કરે છે, પણ તત્કાળ પોતે સત્પાત્ર બ્રાહ્મણો ને આપી દે છે. માટે હે વૈરાગી ! તું શું મને સોનાથી લલચાવે છે ! ત્યારે બાવો બોલ્યો કે માઈ ! હમ તેરા ઓર તેરા પૂર્વજો કા કલ્યાણ કરે એસે હે - તો હમકું તું પ્રસાદ દે દે, હમ ખા કે યહાં હી પડી રહેંગે. પ્રભાત મેં ઉઠકે ચલે જાયેંગે. બાઈ કહે, લોટ આપું છું. તેના રોટલા કરીને ખાઓ. તો કહે માઈ તૈયાર પ્રસાદ દે. બાઈ કહે,અત્યારે તૈયાર કાંઈ નથી. બાવો કહે એસા જુઠ કાંઈકું બોલતી હૈ, તેરે દેવ ઘરમેં બડા સીકાપે, બડા ડબ્બા મેં, મગજ કે અઢારા લડું હૈ, ઈસ મેં સે લાકે હમ દોનો બાવાકું તૃપ્ત કર દે, ઓર તેરા કલ્યાણ હો જાયગા. બાઈ બોલ્યા કે એ તો નિત્ય સવારમાં પૂજા કરીને મહાપ્રભુને ધરાવવાના છે, તમને શાના આપું ? બાવા કહે હમકું તેરા પ્રભુ માન લે ઓર દે દે. બાઈ કહે બાવાજી તમને આપું ખરી પણ પ્રભુને ધરાવ્યા વિના આપું તો મને પાપ લાગે. બાવો કહે હમને કહા કે હમકું મહાપ્રભુ માન કે પ્રસાદ દે. ઓર જો કુચ્છ પાપ લગેગા વોસબ હમારે શિર લગેગા, ઓર કુચ્છ પુણ્ય હોગા તો તેરા, ફીર કુચ્છ હરકતે હે ? બાઈએ વિચાર્યું કે આ બાવો કોઈ ચમત્કારી છે. મારા દેવ ઘરના ડબામાનાં લાડુ એણે શી રીતે જાણ્યા તથા ગણ્યા હશે ? જોઉં તો ખરી એમ વિચારી તે ગણી જોયા તો બરાબર થયા. તેથી જાણ્યું કે કોઈ સિધ્ધ છે તો ખરો, પણ મારે તો એક શ્રીહરિનો અનન્ય આશ્રય છે. તેથી બીજા કોઈ ગમે તેટલા ચમત્કાર દેખાડે તો પણ સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજા કોઈનામાં મને શ્રધ્ધા આવે જ નહિ. ભગવાન અંતર્યામી સર્વના અંતરમાં રહ્યા છે અને ભૂખ્યાને જમાડવાનું મોટું પુણ્ય કહ્યું છે, વળી મારી પાસે ફક્ત ખાવાનું માગે છે. તે માટે તેને જમાડું, એમ વિચારી સાત આઠ લાડુ એક થાળીમાં લાવી બાવાજીને આપ્યા અને કહ્યું કે લ્યો જમો. આ ચોખ્ખુ અથાણું પણ છે .પછી શ્રીહરિ તથા બ્રહ્મચારી સવારના ક્ષુધાર્ત હતા. તેથી તે જમી ગયા અને કોરા ઘડામાં જળ ગાળીને આપ્યું તે પીધું, પછી બાઈએ કહ્યું કે હવે રાતે અહીં છાનામાના પડી

રહેજો અને સવારમાં જ્યાં જવું હોય ત્યાં જજો. બાવો કહે, પણ બાઈ હમકું સોને કે વાસ્તે પલંગ બીછા દે. બાઈ કહે, બાવા થઈને પલંગમાં પોઢવું છે ! મારા ઘરમાં પલંગ નથી અને પલંગમાં પોઢવું હતું તો બાવા શા માટે થયા ? તો કહે બાઈ ! તેરા ઓરડામેં નયા રંગિત પલંગ, નયી પાટી સે ભરેલા એક કોને મેં રખા હે, વો લા કે હમકું પાથર દે. બાઈ કહે, મારા પતિએ ગઢડે જઈને સ્વામિનારાયણને અહીં પધારવાની પ્રાર્થના કરી છે. તેથી તે અહીં આવે ત્યારે તેમને સૂવા માટે એ પલંગ તૈયાર કરાવેલો છે. તે તમને નહિ આપું. બાવા કહે, બાઈ ! તું હમકું સ્વામિનારાયણ ભગવાન માનકર એહી પલંગ પાથર દે, ઓર ઈસકી ઉપર દો નયે ગોદડે ભી પાથર દે. ઉસમે જો કુછ પાપ લગે વો હમારે શીર હે ! બાઈ કહે. મારા ઘરમાં નવા ગોદડા નથી. જુના કહે તો પાથરી આપું, બાવો કહે ધર્મી હો કે અસત્ય કાયકું બોલતી હે ! તીસરે માલપે ખુને મેં ડમચીએ પેબારા નયે ગોદડે રખે હે, ઉસમેં સે લાકર પાથર દે. બાઈ કહે, એ તો મારા ભગવાનને માટે રાખી મૂક્યા છે. બાવો કહે,હમને કહા હે કી તું હમકું ભગવાન માન લે. ઓર તેરા ભગવાન આવેગા જબ એહી પગંલ ઓર ગોદડે મેં પોઢેગા. તબ તેરે પર કુચ્છ ખફા નહિ હોગે. તેરે ભગવાન ઓર હમ અલગ નહિ. વો ઓર હમ એક હી હે. ત્યારે બાઈએ વિચાર્યું કે આ બાવો અંતરજામી અને ચમત્કારી જણાય છે. માટે શાસ્ત્રમાં કહ્યું છે કે ભગવાન પોતાના એકાંતિક ભક્તની પરીક્ષા લેવા સારું ઈચ્છામાં આવે તેવા રૂપ લઈને આવે છે તો આ વખતે મારા મહાપ્રભુ તો નહીં હોય ! હશે તો જે હશે તે સવારે સમજાશે. પણ અત્યારે તો હવે પાથરી આપું. પછી બાઈએ નવો પગંલ તથા નવાં ગોદડા લાવીને પાથરી આપ્યાં. તેમાં શ્રીહરિ પોઢી ગયા. બાઈ પણ ઘરમાં જઈ કમાડ વાસી ને સૂતા. પછી બ્રહ્મચારીએ ઘણીવાર સુધી શ્રીહરિના ચરણ ચાંપ્યા. પછી શ્રીહરિની આજ્ઞા થતાં પોતે મહાતપની મૂર્તિ હોવાથી શ્રીહરિના પગંલની પાગોત તળે જમીન ઉપર હાથનું ઓશીકું કરીને સુતા. અડધી રાત ગયા પછી શ્રીહરિએ ઢોલીઆ પર સૂતા સૂતા પોતાના બે પગ ધીરે ધીરે લાંબા વધારતાં દશ બાર હાથને છેટે પીપળાનું વૃક્ષ હતું તેને અડાડ્યા અને પીપળાને હતો ત્યાંથી ઠેલી ને પાંચ હાથ છેટે ખસેડી મૂક્યો અને તુલસી ક્યારાના ઓટલા સાથે તેને અડાડી દીધો અને વચ્ચે મોટો કૂવો હતો તેને સંકલ્પ વડે ખસેડીને એક બાજુએ મૂકી



દીધો. તેથી લોકો તુલસીની અને પીપળાની પ્રદક્ષિણા સુખેથી ફરી શકે એવું થયું. હવે વજીબા તો ઘરમાં સુતા હતા. પણ બાવાના અમૃત સરખા મધુરા બોલ તથા અંતરજામી પણું પોતાના હૈયામાં ઉતરી ગયું તું. તેથી નિંદ્રા આવતી નહોતી. તેથી મોડી રાતે ઉઠીને કમાડ અધખોલા રાખી બાવાજી સૂતા છે કે કેમ તે જોવા લાગ્યા, પણ બાવાના પગ લાંબા થઈ પીપળે અડકેલા જોયા, તેથી બીક લાગી અને કમાડ વાસી દીધા. એટલે પીપળો તથા કૂવો ખસ્યા તે બાઈએ તે વખતે દીઠું નહોતું. પછી પાછલી છ ઘડી રાત રહી ત્યારે મહારાજ તથા બ્રહ્મચારી બન્ને જણ કોઈ ન જાણે તેમ ઉઠીને ત્યાંથી વીસનગર ચાલ્યા ગયા અને ઉદયકુંવરબાને ઘેર જઈ એકાંત મેડી ઉપર મુકામ કર્યો, ઉદયકુંવરબા તથા તેમના પુત્ર બળદેવ શ્રીહરિને જોઈ અતિ હર્ષ ઘેલા થઈ ગયાં. પછી ઉષ્ણ જળે સ્નાન કરાવી ભારે સામગ્રીનો ઉત્તમ થાળ કરી શ્રીહરિને તથા બ્રહ્મચારીને સ્નેહપૂર્વક જમાડ્યા. પછી ધીરે રહીને શ્રીહરિએ બળદેવને કહ્યું કે, તમારા મામા જે લાલજી સુબા છે તેમને ત્યાં જઈને અમે અહીં આવ્યાની ખબર કરો અને કહેજો કે તમને મળવું છે. માટે તમે ત્યાં આવો છો કે મહારાજ અહીં આવે. બળદેવે હાથ જોડીને કહ્યું કે, હે મહારાજ ! મારો એ મામો કંસ જેવો બહુ નઠારોછે. તમારો તો એ બહુ જ દ્વેષ કરે છે, તેથી એ ઉપાધિ કરે એવો દુષ્ટ છે. માટે એને હાલ મળવાનું શું કામ છે ? મહારાજ કહે, એ નઠારાને અમે સારો કરીશું, એ દુષ્ટ હશે તો શ્રેષ્ઠ કરીશું. કંસે અતિ દ્વેષ કર્યો હતો. તેનું પણ અમે કલ્યાણ કર્યું છે. માટે તમારા દુષ્ટ મામાનું પણ અમારે કલ્યાણ કરવું છે. બળદેવ કહે, બહુ સારું મહારાજ, જીવ માત્રની દોરી તમારા હાથમાં છે. તેથી તમે દોરી જેમ કરો તેમ થાય.એમ કહીં મામાને ત્યાં જઈ મહારાજ પધાર્યાના સમાચાર કહ્યાં. સુબાએ એ સમાચાર સાંભળી તરત જ આરબના જમાદારને બોલાવી હુકમ કર્યો કે બળદેવને ઘેર સ્વામિનારાયણ આવ્યા છે. તેમને એકદમ બાંધી લાવો.

જમાદાર તરત આરબોની બેરખ લઈ બળદેવને ઘેર ગયો. તે લોકોએ શ્રીહરિને દીઠા કે તરત જ સમાધિ થઈ ગઈ. તેમાં શ્રીહરિને અતિ તેજોમય એક લાખ અને એંશી હજાર પેગમ્બર રૂપે દીઠા, તેથી શ્રીહરિ સન્મુખ ઉભા રહી બધા આરબો કલામે શરીફની કલમો પઢી પોતાના બે હાથ પહોળા કરી ગદ્‌ગદ્ કંઠે સ્તુતિ કરવા મંડ્યા અને બોલ્યા કે, 'યા ખુદા પરવર દિગાર'

હમારી તકસીર શુન ગુનાહ માફ કરકે હમકું દોજખ સે બચાઈએ. ઓર આપકું પકડને કે લીએ હમકું ભેજનેવાલા સુવ્વર ગધ્ધા સુબાકું આપકા હુકમ હોવે તો ખૂબ નસીયત કરકે બાધ કે હજુર પાસ ખડા કર દેવે.' મહારાજ કહે, તમારે તેવું કંઈ કરવું નહિ. તમે પાછા જાઓ અમે ત્યાં આવીને જે ઘટતું હશે તે કરીશું. પછી આરબો સુબા પાસે જઈને બોલ્યા કે, તુમ્હારી સુબાગીરી જહનમમેં જાયેગી, ઓર તુમ જખ મારકે દોજખ મેં જાઓગે. ક્યાં કરે, અલ્લા તાલાકા હોકમ નહિ હે, ઉસ લીયે હમ લાચાર હો રહે, નહિતર તુમ સુબાકા એકહીં હાથ સે શિર ઉડા દેતે. નારાયણસ્વામિ તો આપ હી ખુદા હે, તો ઉનકું પકડને કા બદ હોકમ કાયકું કીયા ? એવું કહે છે, એટલામાં તો આકાશવાણી થઈ કે હે સુબા ! સ્વામિનારાયણ તમારે ત્યાં પધાર્યા છે તે સાક્ષાત્ ભગવાન છે. તેમણે વિજાપુરમાં તમે વજી બાઈને કહ્યું હતું તે પ્રમાણે કુવાને ખસેડી પીપળાને તથા તુલસી ક્યારાને સાથે કરી દીધા. છે અને લોકો સુખેથી પ્રદક્ષિણા ફરી શકે તેવું થયું છે. માટે એ ભગવાનને તત્કાળ શરણે થઈ જાઓ, નહિ તો હમણા જ જમપુરીમાં જશો અને ત્યાં જમના માર ખાતા દુઃખનો અંત નહિ આવે. એ રીતે આરબોની વાણી તથા આકાશવાણી સાંભળી સુબો હસીને બોલ્યો કે ઓ હો હો હો ! સ્વામિનારાયણ જેવા માયાવી તો આ દુનિયામાં બીજો કોઈ નથી. આ આરબોને ઈન્દ્ર જાળ વડે ભુરકી નાંખ્યા અને આકાશમાં બાબરીઓ ભૂત સાધ્યો છે તેને મોકલીને બોલાવ્યો છે. એ લાખ્ખો તુત મને દેખાડે તેથી હું કંઈ એમનો સત્સંગી થાઉ ! એ પ્રમાણે પાસે બેઠેલા ગૃહસ્થોને કહે છે, એટલામાં શ્રીહરિએ બ્રહ્મચારીને સંન્યાસીનો વેષ કરાવી ભસ્મ ચોળાવી મહંત બનાવી બંને જણ સાથે સુબા પાસે આવ્યા.

તેમને જોઈ સુબાએ ઉભા થઈ સન્માન કરી આસન ઉપર બેસાડ્યા. પછી શ્રીહરિ ધીરે રહીને બોલ્યા કે સુબાજી ! તમે ઉત્તમ એવી નાગરી નાતમાં ઉત્પન્ન થયા છો. વળી સરકારના મોટા અધિકારી છો. અને બુદ્ધિમાન છો તો તમારે અમારા ઉપર દ્વેષ બુદ્ધિ રાખવી ઘટે નહિ, તેમજ અમારા સાધુ અને હરિભક્તોને કનડગત કરવી એ યોગ્ય નથી. અમારા સાધુ હરિભક્તો શાસ્ત્રમાં કહેલાં ધર્મ પાળી ભગવાનની ભક્તિ કરે છે અને કોઈ ને કંઈ પણ



હરકત કરતા નથી. તેમને વિષે તો તમારા જેવા સુજ્ઞ પુરુષોએ પુજ્ય બુદ્ધિ રાખવી જોઈએ. જે પાપી પુરૂષો સત્પુરુષોનો દ્વેષ કરે છે તે નરકમાં પડે છે અને યમયાતનાના દારૂણ દુઃખ ભોગવે છે. એવા શ્રીહરિના વચન સાંભળી એ અજ્ઞાની સુબો ક્રોધથી રાતો પીળો થઈને બોલ્યો, કે તમે સ્વામિનારાયણ પાખંડી છો અને ખોટા ભગવાન થઈ લોકોને ભરમાવો છો. તેમજ તમારા સાધુ પણ લોકોને અવળો ઉપદેશ કરી ઘર ભંગ કરે છે, માટે તેમને શિક્ષા કરવી જોઈએ. બધા શાસ્ત્ર બ્રાહ્મણોએ પોતાના કુળની આજિવીકા ચલાવવા સારૂ કર્યા છે. બાકી સ્વર્ગ નથી અને નર્ક પણ નથી. જમ નથી અને જમપુરી પણ નથી, પાપ પુણ્ય નથી અને પરમેશ્વર પણ નથી એ સર્વ કલ્પિત છે. આ જગતનું કામઠાણ સ્વાભાવિક પણે એની મેળે ચાલ્યા કરે છે. એનો કોઈ નિયંતા નથી. માટે તમે ભગવાનપણાનો ઢોંગમુકી દ્યો, નહિ તો કેદ કરીશ. એમ બકતો એકદમ શૂન્ય થઈ જવાથી છતો પાટ પડ્યો અને તે જ ક્ષણમાં તેનો જીવ સૂક્ષ્મ દેહ સાથે જમપુરીમાં ગયો ત્યાં ચૌદ કોટી જમે મુગદલ અને કુહાડા પ્રમુખ અસ્ત્ર શસ્ત્ર વડે અતિશય માર મારી તેનું શરીર છિન્ન ભિન્ન કરી નાખ્યું તે ઓગણીશ તત્વના સૂક્ષ્મ શરીરમાં યમના વિકરાળ દૂતોએ એને અપાર માર મારવા માંડેલો તેથી પંચ તત્વના સ્થૂળ શરીરની એકતા વડે પડ્યો પડ્યો બૂમો પાડતો હતો. તે સાંભળીને ઘણા લોકો ત્યાં દોડી આવ્યા અને તેને ચીસો પાડતો બેશુદ્ધ પડેલો જોઈ અતિ આશ્ચર્ય પામ્યા. બે ઘડી પછી શ્રીહરિએ કૃપા કરી અને સચેતન કરી ઉઠાડ્યો. તેણે શ્રીહરિ સન્મુખ જોયું કે તરત કોટી કોટી સૂર્યના તેજને ઝાંખુ કરી નાંખે એવા અક્ષરધામમાં અનંત કોટિ મુક્તે વીંટાયેલા મહાતેજોમય દિવ્ય મૂર્તિ અમૂલ્ય સિંહાસન ઉપર વિરાજમાન થયેલા શ્રીહરિને દીઠા. પછી એક ક્ષણમાં એજ મહાપ્રભુને પોતાની સન્મુખ મનુષ્યરૂપે બેઠેલા જોયા. તેથી સુબાને સાક્ષાત્ ભગવાન પણાનો નિશ્ચય થયો. અને શ્રીહરિએ તેના ઉપર અમૃતદ્રષ્ટિ કરી. તેથી તેનું દુઃખમાત્ર નાશ પામી ગયું. પછી એણે શ્રીહરિની અપાર સ્તુતિ કરી કહ્યું કે, હે મહાપ્રભો ! તમો સાક્ષાત્ ભગવાન છો. હવે મારા મૂઢ પણાનો નાશ થયો છે. મને અતિ પાપી એવા નાસ્તિક લોકોનો સંગ થવાથી ભગવાન તથા ભગવાનના ચમત્કાર, શાસ્ત્ર, ધર્મ, પુણ્ય, પાપ, સ્વર્ગ અને નર્ક એ બધાને

ખોટું માનતો હતો. અને તે પાપે કરી મલીન થયેલી મારી બુદ્ધિ વડે મેં તમારો તથા તમારા સાધુ હરિભક્તોનો ઘણો દ્રોહ કર્યો છે. પણ તમે મારા ઉપર કૃપા કરી મને શુદ્ધ કરવા યમયાતના ભોગવાવી અને ત્યાર પછી હે મહાપ્રભો ! તમે અતિ કૃપા વડે તમારા દિવ્ય ધામમાં તમારા અનંત કોટિ મુક્તો સહિત મહાતેજોમય દિવ્ય મૂર્તિના દર્શન કરાવ્યા એ ભોગવેલું દિવ્ય સુખ મને કદી વિસરશે નહિ હવે હું તમારો દાસ તમારા શરણને પામ્યો છું. માટે મારા કોટિ અપરાધ ક્ષમા કરી તમારા સંત હરિભક્તોના ચરણરજનો ગરીબ અધિકારી કરો અને આ મારા સુબાપણાના રાજ્યાધિકારને ધિક્કાર હજો. એ રીતે શ્રીહરિની અપાર સ્તુતિ કરીને આ લાલજી સુબા ઉત્તમ સત્સંગી થયા. પછી શ્રીહરિને બ્રહ્મચારી સહિત ઉત્તમ થાળ કરી જમાડ્યા. તથા કેસર, ચંદન, પુષ્પ, ગંધ આદિથી પૂજા કરી, ભારે વસ્ત્ર અલંકાર તથા રૂપિયા અને સોના મહોરોની ભેટ કરી, નીરાજન કરી, દંડવત્ પ્રણામ કર્યા. પછી શ્રીહરિ અતિ પ્રસન્ન થઈ એ લાલજી સુબાને અભયદાન આપી, ત્યાંના ભક્તોને દર્શન આપી બ્રહ્મચારી સહિત દશકોશીના કેટલાક ગામોમાં પોતાના ભક્તોને દર્શન આપી, જેતલપુર થઈને વડતાલ પધાર્યા. અને એ લાલજી સુબાએ પણ કેટલાક નાગરોને તથા લોકોને શ્રીહરિના મહિમાની અપાર વાતો કરીને સત્સંગી કર્યા. અને શ્રીહરિ જ્યાં જ્યાં ઉત્સવ સમૈયા કરતા ત્યાં કેટલીક વાર ઘણા માણસોને સાથે લઈ દર્શને આવતા. એ રીતે એ લાલજી સુબો જે સત્સગનો મહાદ્વેષી, નાસ્તિક અને મલીન બુદ્ધિવાળો હતો. તેને પરમકૃપાળુ શ્રીહરિએ પોતાના પ્રતાપ વડે એક ક્ષણમાં ઉત્તમ સત્સંગી કર્યો.

હવે વિજાપુરમાં વજીબાઈએ સવારમાં ઉઠીને જોયું તો ઢોલીયો તથા ગાદલા પડી રહ્યા હતા. બાવા જતા રહ્યા હતા. સામે જોતા પીપળો તથા કૂવો ખસેલા દેખાયા અને પીપળા તુલસીની પ્રદક્ષિણા ફરી શકાય એવું થયેલું જોઈને અતિ આશ્ચર્ય પામ્યા. બાઈના મનમાં નક્કી થયું કે જરૂર એ મારા મહાપ્રભુ જ મારી પરીક્ષા કરવા આવેલા હતા, એમાં જરા પણ શંકા નથી. અને પેલા લાલજી સુબાના કહેવા પ્રમાણે પીપળો તથા કૂવો ખસી ગયાછે. આવું અદ્‌ભૂત કાર્ય મહાપ્રભુ સિવાય બીજો કોણ કરી શકે ! હું બીજા બાવાઓને ચપટી લોટ સિવાય બીજું કાંઈ પણ આપતી નથી. પણ આ



બાવાએ તો સ્વામિનારાયણનું નામ લઈ નિંદા કરી તો પણ મને તે બાવા ઉપર હેતનો ઉમળકો આવતો હતો. જરૂર મારી દ્રઢતા જોવા જ તેમણે નિંદા કરેલી હોવી જોઈએ. હે મહાપ્રભુ ! તમને ભૂખ્યા ને મેં ના જમાડ્યા હોત અને સુવાને ઢોલીયા તથા ગોદડાં ના પાથરી આપ્યા હોત તો મને જીવતા સુધી બળાપો અને પસ્તાવો થયા કરત, પણ અપમાન ભેળું એટલું આપીને સન્માન કર્યું છે તેથી મને કંઈક શાંતિ મળે છે એમ પોતાનું ધન્ય ભાગ્ય માની બાઈએ ચારે તરફ માણસો મોકલી તપાસ કરાવી. પણ બાવાનો કંઈ પતો લાગ્યો નહિ. પીપળો તથા કૂવો ખસેલા જોઈને ગામના લોકોને પણ અતિ અદ્‌ભૂત આશ્ચર્ય લાગ્યું.

## (૩૦) શ્રીહરિના દ્વેષી ગાયકવાડ સરકારના દિવાનજીના પત્ની તુળજાબાઈ સત્સંગી થયા :

વડોદરામાં શ્રીહરિના પ્રતાપ ઐશ્વર્યથી તથા ગોપાળાનંદ તેમજ મુક્તાનંદ સ્વામીના યોગથી ગાયકવાડ સરકાર સહિત શ્રીમંત પ્રભાકર દીક્ષિત ઉર્ફે ભાઉપુરાણિક, નારૂપંત નાના, ચીમનરાવ, બાપુ સાહેબ ગારદી, શોભારામ શાસ્ત્રી, રામચંદ્ર વૈદ્ય, સદાશિવ વગેરે મોટા મોટા સરકારી અધિકારીઓ તથા વિદ્વાનો સત્સંગી થયેલા. સરકારના એક દિવાન બાબા સાહેબ સત્સંગનો કાયમ દ્વેષ કર્યા કરતા અને તેથી આ જન્મમાં જ ખૂબ દુઃખી થયેલા. દિવાનજી શ્રીહરિના ખૂબ દ્વેષી હોવા છતાં તેમના પત્ની કેવી રીતે સત્સંગી થયેલા તે બહુ રસપ્રદ હોવાથી શ્રીહરિના ચરિત્ર તરીકે અહીં લખેલ છે.

ગાયકવાડ સરકારને તેમના દિવાન બાબા સાહેબને શ્રીહરિના થયેલા અનુભવો સાંભળવાની બહુમઝા પડતી. દિવાનજી સરકારને કહે છે કે, એક વખત મને ચોક્કસ ખબર મળવાથી જાતે લશ્કર લઈને સ્વામિનારાયણને પકડવા ગઢડે ગયો. મેં ગઢડા પાસે ઘેલાનદીના કિનારે તંબુ તણાવી લશ્કર સાથે પડાવ નાંખ્યો અને મારા વિશ્વાસું જાસુસોથી તેમની ખબર મેળવતો હતો. મેં પ્રથમ ચોક્કસ સાંભળ્યું હતું કે સ્વામિનારાયણની પાસે પાંચસે સાતસેં સાધુ, પસાચ સાઠ સન્યાસી, ત્રણસે સુધી પાળા અને બસે અઢીસે કાઠી સ્વાર એટલો સમાજ છે. મને એમ ખાત્રી હતીં કે એમનો શો ભાર છે ! કારણ કે મારી પાસે પાંચ હજાર બળવાન આરબોની ફોજ તથા બે હજાર ઘોડે

સ્વાર તોપો સાથે હતા. એક વખત હું તંબુમાં બેઠો હતો. ત્યારે એમના સાધુ સંન્યાસીના ટોળે ટોળાં નદીમાં નહાવા આવવા લાગ્યા. મારી પાસેના ચાલાક અને મુત્સદી માણસોને કહ્યું કે તમે એ સઘળાની ગણતરી કરો. તેમણે આખો દિવસ તે કામ કર્યા કર્યું. પણ ગણતરીનો પાર આવ્યો નહિ. તેથી થાકીને તેમણે કહ્યું કે, સાહેબ ! આ તો લાખ્ખો સાધુ સન્યાસીઓના ટોળે ટોળા આવે છે. અને તેમની સજ્જડ ભીડ થાય છે. એટલે ગણતરી કરી શકાય એમ નથી. પછી મેં તંબુની બહાર આવીને જોયું તો કીડીયારામાંથી જેમ અસંખ્ય કીડીઓ ઉભરાય છે તેવો દેખાવ નદીમાં સાધુ સન્યાસીઓનો હતો. તેમનો વિસ્તાર પૂર્વ તરફ અડતાળું ગામ. પશ્ચિમ તરફ માંડવધાર, દક્ષિણ તરફ ગુંદાળુ, ઉત્તર તરફ ઉગામેડી સુધી હતો. આ બનાવ જોઈને મને ઘણી ગભરામણ થઈ. તેથી મેં આકાશ તરફ જોયું તો સ્વામિનારાયણને ઘોડેસ્વાર તરીકે દીઠા. તેમણે જરિયાની ભારે પોશાક પહેર્યો હતો. તેઓ બીજા હજારો કાઠી સ્વાર સાથે દળવાદળ પેઠે ચાલ્યા જતા દેખાયા. મને વિચાર થયો કે આ તે ગંધર્વનગરની પેઠે મિથ્યાભાસ થતો હશે કે કેમ ! એટલામાં એ સ્વામિનારાયણ પોતે જ ગંભીર અને મધુર વાણીથી બોલ્યા કે દિવાનજી ! એ મિથ્યા ભાસ જાણશો નહિ. અમે સ્વામિનારાયણ પોતે જ છીએ. ઘેલા નદીના ચારે તરફ અમારા લાખ્ખો વિદ્વાન સન્યાસીઓ પણ છે. માટે તમારે શાસ્ત્રથી અગર શસ્ત્રથી જે રીતે લડવું હોય તે રીતે તૈયાર થાઓ. એવું સાંભળી હું ઉદાસ થઈ મુંગે મોઢે બેસી રહ્યો. રાત્રે અંધારામાં હું સંકોચ પામતો મેનામાં બેસી ફોજ સાથે જલ્દી અમરેલી ચાલ્યો આવ્યો. વળી ત્યાં આવ્યા પછી મેં જે વાત સાંભળી તેથી તો હું વિસ્મય પામી દિગ્મૂઢ જેવો થઈ ગયો હતો.

સરકારે પૂછયું કે દિવાનજી ! મોટા મોટા રાજાઓને વશ કરી લેનાર એવા તમને શી રીતે દિગ્મૂઢ કર્યા તે વાત કહો. ત્યારે તે બોલ્યા કે સરકાર ! વાત એવી બની હતીં કે, હું અમરેલી ગયો ત્યાં હવેલી આગળ ચોકમાં કચેરીમાં અને સર્વ સ્થળે પુષ્કળ પુષ્પ, કુમકુમ, અબિલ અને ગુલાલનો વરસાદ વરસેલો હતો તેમ જણાયું. તેની સુગંધ મહેકી રહી હતી, વળી હવેલીમાં જતાં ઘરના બૈરાનો વિચિત્ર વેશ જોઈને તો સ્તબ્ધ જ થઈ ગયો. તેના જમણા હાથમાં માળા, ડાબા હાથમાં કમળ, કપાળમાં કુમકુમનો ગોળ ચાંદલો હતો. મોંમાથી



સ્વામિનારાયણ એ નામ નીકળતું હતું. મેં કહ્યું કે આ શો ગજબ થયો શાક્ત પંથમાં અગ્રણીના ઘરમાં દેવીનું ભજન પડતું મૂકી સ્વામિનારાયણનું ભજન કેવું ! હું બે દિવસ ગઢડે ગયો એટલામાં બાયડી ભક્તાણી શાથી થઈ ! ઘરમાં કોઈ ભગતડું પેસવા થી ઘર વંઠ્યું કે શું ? પછી મેં તેને કહ્યું કે આ તો આપણે કાળીના ભક્તને ત્યાં કાળો કેર કહેવાય. ત્યારે તેણે ક્હયું કે તમે ગઢડે સ્વામિનારાયણને પકડવા ગયા તે પછી થોડીવાર દેવઘરમાંથી માતા કાળીકા અને ભદ્રકાળી ધ્રુજતી ધ્રુજતી મારી પાસે આવીને ઉભી રહી અને ગભરાતી બોલી કે, અરે તુળજાબાઈ તમારા પતિ સ્વામિનારાયણને પકડવા ગયા છે, પણ તે તો હજારો સ્વારો સહિત હમણાં આકાશમાં ફરે છે. તે તમારા પતિને પકડીને પાતાળમાં ખોસી દેશે. એ તો પ્રત્યક્ષ ભગવાન છે, માટે તમે ઉતાવળા ગઢડે જઈ ત્યાંના લક્ષ્મી બાગમાં રાધિકાજી તથા લક્ષ્મીજી પોતાની સખીઓ સાથે ગરબા ગાય છે. તેમના દર્શન કરીને પ્રાર્થના કરજો અને પછી તે કહે તેમ કરજો. તમારા પતિ કુશલ ક્ષેમ ઘેર આવશે. એટલું કહીને દેવીઓ અદ્રશ્ય થઈ ગઈ. પછી હું રથ ગાડીઓ વગેરે જોડાવી પચીસેક દાસીઓ તથા બસો સ્વાર સાથે લઈ હવેલીનો બંદોબસ્ત કરીને ઉતાવળે ગઢડે ગઈ. ત્યાં લક્ષ્મી બાગમાં તેજનો અંબાર દીઠો. તે તેજમાં આંબાના વૃક્ષની ઘટાઓ નીચે રાધિકાજી તથા લક્ષ્મીજી પોતાની સોળસો સખીઓ સાથે મંડળાકાર ફરીને પ્રભુના કીર્તનના ગરબા ગાતા હતા. તેમને જોતા જ પંચાંગ નમસ્કાર કરી હાથ જોડીને નાગ પત્નીઓની પેઠે પતિને છોડાવવા મેં સ્તુતિ કરી. તેથી તે બન્ને પ્રસન્ન થયા અને રાધિકાજીએ મને વર્તમાન ધરાવી કોટમાં તુલસીની કંઠી પહેરાવી, જમણા કાનમાં મહામંત્રનો ઉપદેશ કર્યો. અને જમણા હાથમાં ફેરવવા માટે આ માળા આપી. પછી લક્ષ્મીજીએ મારા કપાળમાં ચાંદલો કર્યો અને ડાબા હાથમાં પ્રસન્નતાનું કમળ આપ્યું છે. પછી તેમણે કહ્યું કે તુળજાબાઈ ! હવે તારું માથું જાય તો પણ સત્સંગ મૂકીશ નહી. સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે ! તેમનું નિરંતર ભજન કરજે. તે પ્રભુ મહાદયાળુ છે અને સંકલ્પ માત્ર કરીને અનંત કોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવા સમર્થ છે, જેના આગળ બ્રહ્માદિ દેવો પણ કંગાલ છે, તો પછી આ પૃથ્વીના કીડા જેવા રાજા તેમના શા લેખામાં છે ! એ સમર્થ ભગવાન થોડીવારમાં અમરેલીમાં તારા મહેલમાં તને દર્શન આપવા

આવશે, માટે તું તત્કાળ ઘેર જા અને ગુલાબ, મોગરા, ગુલદાવદી, ચંપા આદિક પુષ્પથી ભરેલા ટોપલા તથા મોટા હાર છે. તથા કુમકુમ, અબીલ, ગુલાલ વગેરેના સેંકડો ટોપલા ભરી મૂક્યાં છે, તેમાંથી તારી ગાડીએ તથા માણસોથી લેવાય તેટલા લઈ જઈને એ ભગવાનની પૂજા કરીને વધાવજે. પછી ગાડીઓમાં અને માણસોથી લેવાય તેટલા ટોપલા લઈને દડમજલ દોડતાં અમે સર્વે અહીં આવ્યા. તો હવેલી આગળ હજારો ઘોડેસ્વાર ઉભેલા દીઠા પછી દાસીઓ સાથે હું મહેલમાં આવી તો મોટી કચેરીમાં સ્વામિનારાયણ ગાદી ઉપર બિરાજમાન હતા. અને આગળ પાછળ તેમના સખા પાર્ષદ ચામર, વ્યંજન, છડી આદિ લઈને ઉભા છે. તેમનાં દર્શન કરીને મેં તેમની પૂજા કરી, પુષ્પના હાર પહેરાવ્યા અને કુમકુમ, ગુલાલ, અબીલ તથા પુષ્પથી વધાવી સોનામહોર ભેટ મૂકી. પંચાંગ નમસ્કાર અને સ્તુતિ કરી. પછી મારી આ સખીઓ અને દાસીઓએ પણ પૂજા કરી નમસ્કાર કર્યા. પછી સ્વામિનારાયણ ભગવાને મને કહ્યું કે, તમને તો કાલીકા તથા ભદ્રકાળીએ કહ્યું તેથી તમે રાધા લક્ષ્મીના દર્શન કરી સત્સંગી થયા છો. તો હવે તમારા પતિ જેમ રાખે તેમ રહીને અમારું ભજન કરજો. તમારા પતિ તો માતા-પિતા કહે તો પણ માને તેમ નથી. એમનો પૂર્વજન્મનો સંસ્કાર જ એવો છે અને આ જન્મમાં પણ એવો જ જોગ બન્યો છે. માટે અમે જ પ્રસંગ આવ્યે જોરથી નમાવીશું. એમ કહીં તરત ઉઠ્યા અને ઘોડેસ્વાર થઈને હમણાં જ અહીંથી પધાર્યા. એ બધી વાત સાંભળી હું તો આભો જ બની ગયો કે આ તે કેવી ઈન્દ્રજાળ કે મયદાનવી હશે ! ગમે તે હો પણ ‘ઘર ફૂટ્યું તેનું કર્મ ફૂટ્યું’ તેવું મારે થયું છે. હું સ્વામિનારાયણને પકડવા કે કેદ કરવાના ઉદ્યોગમાં વળગ્યો તેટલામાં મારું જ ઘર ગોઝારું થયું. હવે શું કરવું તેનો ઉપાય સુઝતો નથી. આ સાંભળી ભાઉ પુરાણિક બોલ્યા કે બાબા સાહેબ ! તમે આટલા સ્વામિનારાયણના પરમેશ્વરપણાના પરચા જોયા અને સાંભળ્યા તો પણ તમને કંઈ અસર થઈ નહિ. તેથી જણાય છે કે તમારી બુદ્ધિ આસુરી ભાવને પામેલી છે. ત્યારે બાબા સાહેબ બોલ્યા કે ભાઉ સાહેબ ! તમને પણ ગોપાળ બાવાએ (ગોપાળાનંદ સ્વામીએ) પવનને ઘોડે ચઢાવી દીધેલા જણાય છે. તેમણે કહ્યું કે અમને તો પવનને ઘોડે ચઢાવ્યા છે અને હાથીએ ચઢાવશે તો પણ ખુશીથી ચઢીશું. પણ



તમે તો સ્વામિનારાયણની માણકી ઘોડી ઉપર બેસવા તૈયાર થયાં હતાં તેને બદલે પ્રજાપતિની ઘોડી (કુંભારની ગધેડી) ઉપર બેઠા કે નહિ ? એવું સાંભળી પોતાનું શ્યામ વદન નીચું કરી શરમાઈ મૌન થયા. પછી સરકારે હસતા હસતા પૂછયું કે હા, હા, ખરી વાત છે. અમે પણ એવી વાત સાંભળી છે. માટે બાબા સાહેબ ! એ વાત તો ઘણી ચમત્કારી સાંભળવા જેવી હશે. માટે જેવી થઈ હોય તેવી રીતે કહો, શરમ રાખો તો મારા સમ છે.

**(૩૧) બાબા સાહેબને માણકી ઘોડીને બદલે ગધેડી મળી ! :**

ગાયકવાડ સરકારના પૂછવાથી બાબા સાહેબ શરમાઈને હસતા હસતા બોલ્યા હે મહારાજ ! એક વખત એક મારા વિશ્વાસુ નાનકપંથી બાવાએ આવીને મને કહ્યું કે “એ સ્વામિનારાયણમાં તો કુછ એવમ નહિ હે, પર ઉનકી પાસ એક માણકી ઘોડી હે, ઈસમેં સબ એલમ ઓર ચમત્કાર ભરા હુવા હે, વો ઘોડી આકાશમાં ભી ચલી જાતી હે ઓર ઉનકે પીછે દુસરે ઘોડે ભી ચલે જાતે હે. વો ઘોડી પર બેઠને વાલા ઈશ્વર હો જાતા હે. ઓર સબ દુનિયાકું વસ કર લેતે હે, ક્યો કે વો ઘોડી જ ઈન્દ્રજાલકા અવતાર હે.” એવું સાંભળી મેં વિચાર કર્યો કે બાવાજી ખરું કહે છે. કારણ કે મે સ્વામિનારાયણને એ ઘોડી પર બેસી હજારો સ્વાર સાથે આકાશમાં ચાલતા જોયા હતા. માટે ગમે તેમ કરી એ ઘોડી મારે બેસવા મંગાવું. પછી એ ઘોડી વેચાતી લેવા કેટલાક શાહુકારોને ગઢડે મોકલ્યા, તેમણે કાઠી લોકોને મનગમતી કિંમત આપવાને કહ્યું. પણ તેમણે ઘોડી આપવાની સાફ ના પાડી.

પછી મારું નામ દઈને કહ્યું કે દિવાનજીને એ માણકી જોઈએ છીએ, માટે તમે જોઈએ તેટલા રૂપિયા લ્યો, તમારે ગરાસ કે ગામ જોઈએ તો તે પણ આપશે. પણ તમે ઘોડી આપો. દિવાનજીએ લેવા ધારી છે, તે લીધા વિના મૂકશે નહિ. કાઠીઓએ કહ્યું કે તમે ગમે તે કિંમત આપો તો પણ તે આપીશું નહિ, ભલે અમારા ગામ ગરાસ જોઈએ તો લઈ લ્યો, અમને મારો અગર તમે મરો તો પણ એ ઘોડી તમને આપીશું નહિ. તેમજ એ ઘોડી તમારે હાથ આવશે નહિ. શાહુકારોએ ત્યાંથી પાછા આવીને બધી વાત મને કહી. આથી મારા મનમાં નક્કી થયું કે માણકી એ ચોક્કસ ઈન્દ્રજાળનો જ અવાતર હોવી જોઈએ, પણ હું બાબા સાહેબ ખરો કે એ ઘોડી ઉપર જ બેસું.

પછી એ ઘોડી મંગાવવાની મેં ઘણી ઘણી યુક્તિઓ શોધતાં એક યુક્તિ મળી, તે એ કે મેં કાઠિયાવાડના તમામ રાજા, ઠાકોરો, ગરાસીઆઓ તથા કાઠી વગેરેને વશ કર્યા અને કોઈ સામો થાય એવો ન રહ્યો, ત્યારે ખાત્રી કરવા સારું એક બકરીની કોટમાં સોનાની હાંસડી પહેરાવી, તેના કપાળમાં 'બાબા સાહેબની બકરી' એવો શબ્દ લખાવી છૂટી મૂકી હતી. તેને કોઈએ પકડી નહિ, પણ છેવટે એ ગુમ થઈ. છુપા રખેવાળોએ ભાણખાચરનું નામ દેવાથી તેને પકડી મંગાવ્યો, પણ તેણે માન્યું નહિ. તેથી કાંટાના જાળમાં તેને નાંખી સળગાવરાવ્યો. ત્યારે તે બોલ્યા કે, બેં, બેં, બેં, એટલે તેને પૂછયું કે એમ કેમ બોલે છે ? તેણે કહ્યું કે મારા પેટમાંથી બકરી બોલે છે. મેં પૂછયું, હેં તારા પેટમાં બકરી ક્યાંથી ? તો કહે, 'બાબા તારી બકરી તેનો કોઈ ન પકડે કાન, ખરી સોતી ખાઈ ગયો, આ ભડલી વાળો ભાણ'. તે મારી બકરી આખીને આખી ખાઈ ગયો. એટલો બધો હિંમતવાળો અને શૂરવીર જણાયાથી કોઈ વખત કામનો છે. એમ ધારી જીવતો રાખી મિત્રતા કરી હતી. તેને સ્વામિનારાયણના શિષ્ય દાદા ખાચરના સાથે દુશ્મનાઈ છે. તેથી તેને બોલાવી ઘોડી લાવી આપવાનું કહ્યું, તેણે કહ્યું કે એ કામ મારાથી નહિ થાય. પણ એ દાદા ખાચારનું માંડવધાર ગામ દબાવી બેઠેલો જોરામણ ગોવાળીઓ અને જેઠો ગોવાળીઓ એ બે મારા મિત્ર છે તે લાવી આપશે. તેમને બોલાવીને કહેતા જવાબ મળ્યો કે અમારાથી તો નહીં બને, પણ અમારો ભત્રીજો દલો ગોવાળીઓ છે, તે જરૂર લાવી આપશે કારણ કે તેને અનેક જાતના વેશ ધરતા આવડે છે, અનેક જાતની બોલી બોલે છે. તેને જુવાન, ઘરડો તથા સ્ત્રી થતાં પણ આવડે છે. પછી દલાને તેડાવ્યો. તેને કહ્યું કે તું માણકી ઘોડી લાવી આપીશ, તો તને લાખ રૂપિયા રોકડા અને એક ગામ ઈનામ આપીશ. તેણે કહ્યું કે, તમે કહો તે ઘોડી લાવી આપું. તેને કહ્યું કે તેમની માણકી ઘોડી લઈ આવ. સ્વામિનારાયણ પાસે એવી ઘણી ઘોડીઓ છે. માટે તપાસ કરીને ખરી હોય તે જ લાવજે.

પછી દલો ગઢડે ગયો અને સત્સંગીનો વેશ ધારણ કરી સમૈયામાં લાખ્ખો માણસની ભીડમાં સામેલ થયો અને માણકીને તપાસી તેની નિશાની યાદ રાખી. પછી રાત્રે ઘોડીની સારવાર કરનાર નાજો જોગીયો સેવક હતો, તેનો વેશ લીધો અને બોલી પણ તેના જેવી બોલવા લાગ્યો. પછી તેણે બીજાઓને કહ્યું કે, ઘોડી જરા પગ પછાડે છે, માટે તેને જરા ફેરવી આવું. એમ કહીં લઈને નીકળી ગયો અને પૂર ઝપાટામાં ઘોડી ચલાવી અમરેલી આવી પહોંચ્યો અને અમારા ડહેલામાં બાંધી પહેરગીરોને સોંપી, મને કહીં રાત હોવાથી તેના મૂકામે જઈને સૂઈ ગયો. પછી સવારે માણકીને જોવા હું ડહેલામાં ગયો, તો ત્યાં માણકીને બદલે ગધેડી બાંધેલી જોઈ. તેથી મને ઘણો જ ક્રોધ ચઢ્યો અને દલાને બાંધી લાવવા હુકમ કર્યો. સિપાઈઓ દલાને બાંધી લાવ્યા, તેને પૂછયું કે અલ્યા મેં તને માણકી લાવવા કહ્યું હતું. તેને બદલે તું આ શું લઈ આવ્યો છે ? મારી મશ્કરી કરી છે. તો યાદ રાખજે, હવે તારું મોત આવ્યું છે. હમણાં જ તને તોપને ગોળે ચઢાવું છું. દલો ગભરાઈને બોલ્યો કે સાહેબ ! મારી નાંખશો તો તમે ધણી છો. આપના નામથી મોટા મોટા રાજાઓ ત્રાસે છે તો હું આપની મશ્કરી કેવી રીતે કરી શકું ? આપે કહ્યું તે મુજબ મેં ત્યાં જઈ દિવસે માણકીને તપાસી નિશાની રાખી અને રાત્રે લાગ જોઈ તેને છોડીને બે કલાકમાં અહીં પંદર ગાઉ લાવ્યો હતો. રાત્રે અહીં બાંધી આપના પહેરગીરોને સોંપી હતી. તેમને પૂછી જોવાથી ખાત્રી થશે. પછી પહેરગીરોને પૂછતા તેમણે ઘોડી આણી હતીં એમ કહ્યું. ગજબની વાત છે કે ઘોડી લાવ્યા હતાં તેની ગધેડી થઈ ગઈ ! શું થયું તેની સમજ પડતી નથી. દલો કહે, સાહેબ હું ઈનામની લાલચે ખરી માણકી જ લાવ્યો હતો, પણ મારા અને તમારા નસીબે એ ગધેડી નીકળી. તેથી તમારે માણકીને બદલે ગધેડી ઉપર સ્વારી કરવાનું થયું અને મારે તોપને ગોળે ચઢવાનું થયું. પછી અમરેલીમાં સ્વામિનારાયણનો ભક્ત વિઠ્ઠલ સોની ડોસો હતો તેને બોલાવી ને બધી વાત કહીં અને પૂછયું કે આમ કેમ થયું હશે ? તેણે કહ્યું કે આમા દલા ગોવાળીઆનો વાંક નથી. તમે કહ્યું હતું કે સ્વામિનારાયણની માણકી ઘોડી મારે બેસવા માટે લઈ આવ, પણ તેમને ત્યાં માણકી જેવી ઘણી ઘોડીઓ છે. માટે ખરી જોઈને લાવજે. તે મુજબ તે ખરી (ખરની સ્ત્રી-ગધેડી) આવી છે. માટે હવે તે ઉપર બેસો યા ન બેસો, તે તમારી મરજીની વાત છે, બાકી સ્વામિનારાયણ તો પોતે ભગવાન છે. તેમની ઘોડી તમને બેસવા મળી શકે જ નહિ. માણકી ઉપર બેસવાની ઈચ્છા રાખો છો એ કેટલું બધું અજ્ઞાન

કહેવાય! જુઓ રાવણ સીતાને હરવા ગયો, તો સીતા રામચન્દ્રજીના હૃદયમાં લીન થઈ ગયા અને છાયારૂપ સીતાને રાવણ લઈ ગયો, તો પણ તેનો કુળ સહિત નાશ થયો. વળી જમદગ્નિ ઋષિની કામધેનું ગાયના પ્રતાપથી સહસ્ત્રાર્જુન રાજાને પોતાના લશ્કર સહિત જંગલમાં મિષ્ટ ભોજન મળ્યા, ત્યારે તેની બુદ્ધિ બગડી અને ગાય લેવા ઈચ્છા કરી તો પરિણામ એ આવ્યું કે, તે ગાયની ખરી તથા શીંગડામાંથી મહાન યોદ્ધાઓ ઉત્પન્ન થયા અને તેમણે રાજાના લશ્કરનો નાશ કર્યો અને રાજા પણ આખરે કુળ સહિત નાશ પામ્યો. માટે બાબા સાહેબ ! માણકી ઘોડીને તમે જમદગ્નિ ઋષિની કામધેનું કરતાં કાંઈ ઓછી ધારશો નહિ, કારણ કે સ્વામિનારાયણ પ્રત્યક્ષ ભગવાન છે. તેમને બેસવાની ઘોડી ગરૂડ થકી પણ વધુ પૂજ્ય છે. માટે તેના ઉપર બેસવાની ઈચ્છા ન રાખતા. નમસ્કાર કરજો. નહિ તો નરકે જશો એમ કહીને ડોસો પોતાને ઘેર ગયો અને હું શરમીંદો થઈ નીચું જોઈ બેસી રહ્યો. પછી મેં નક્કી કર્યું કે સ્વામિનારાયણને બેસવાની માણકી ઘોડી પણ બીજાના હાથમાં જાય નહિ. તો પછી એ સ્વામિનારાયણને કેદ પકડવા એ બની શકે જ નહિ ! એ તો મહાન ઈન્દ્રજાળી અને નટખટ છે.

આ વાત સાંભળી સરકાર હસીને બોલ્યા કે દિવાનજી અમારા વૃદ્ધ પુરુષો એક નટની વાત કહેતા, તે સાંભળીને મોટા મોટા મહાત્માઓ આશ્ચર્ય પામે છે. તો સ્વામિનારાયણ તો નટખટ (છ નટ જેટલા સામર્થી વાળા) છે, તો જરૂરએ ભગવાન હોવા જ જોઈએ. એમાં જરા પણ શંકા છે જ નહિ.

### (૩૨) શ્રીહરિએ મહાદુષ્ટ શક્તિ પંથી ત્રણ બ્રાહ્મણોને મનુષ્યમાંથી તત્કાલ વાંદરા બનાવ્યા અને હનુમાનજીની સેવા કરાવી સત્સંગમાં જન્મ આપ્યો :

એક સમયે શ્રીહરિ વડોદરામાં મસ્તુબાગમાં મોટી સભા ભરીને બેઠા હતા. મહાપ્રભુએ આ મહાસભામાં અનેક દિવ્ય લીલાઓ કરેલી છે. તે પૈકી માણસમાંથી વાંદરા બનાવવાની લીલા કાયમ માટે સ્મૃતિમાં રહી જાય તેવી ચમત્કારી જણાય છે. તેથી અત્રે લખી રહ્યો છું.

આસુરી બુદ્ધિવાળા, મહા દ્વેષી દિવાનજીએ, શ્રીહરિને મૂઠ મારવા માટે શીખવીને મોકલેલા પાવાગઢમાં રહેનારા અઘોરી જેવા રેવો, ત્રિશુળી મોરડીયો



અને રઘવો એ ત્રણ શક્તિપંથી વટલી ગયેલા મદ્ય અને માંસાહારી એવા મહાદુષ્ટ બ્રાહ્મણો હતા. તેમણે ગુપ્ત પણે આવીને હજારો માણસોની સભામાં પાછળ ભીડમાં ઉભા રહીને મંત્રેલા અડદ શ્રીહરિ ઉપર નાખ્યા. તે શ્રીહરિની જમણી બાજુએ રૂમાલ ગ્રહણ કરીને સાવધાન પણે સેવામાં ઉભા રહેલાં મોટા મુકુંદ બ્રહ્મચારી ઉપર પડ્યા. તેથી તે બોલ્યા કે આ સિંદુરવાળા અડદ કોણે નાંખ્યા ? અક્ષત કંકુથી પૂજા થાય, કોઈ અડદ સિંદુરથી પૂજા કરતું હશે ? ત્યારે શ્રીહરિ હસતા થકા બોલ્યા કે તમે હનુમાનજી છો, માટે તમારા સેવક (વાનરો) તમારી પૂજા અડદ સિંદુરથી કરે એવી રામાયણમાં કથા છે. તો કહે તે ઠીક, પણ મારી સંકટભંજન નામે પ્રતિમાની આ ગોપાળાનંદ સ્વામીએ અહીંના મંદિરમાં સ્થાપના કરી છે. તેથી મારા સેવક (વાનર) થઈને ભલે નિત્ય અડદ સિંદુરથી પૂજા કરે. એ રીતે પરમકૃપાળુ શ્રીહરિ તથા મુકુંદ બ્રહ્મચારીજી એ બેના કૃપા વાક્ય વડે, શ્રીહરિને મૂઠ મારવા આવેલા એ ત્રણે જણા તત્કાળ મનુષ્ય મટી જઈ તે જ સમયમાં વાનરના દેહને પામી ગયા. પછી તે ત્રણ વાનરો મહાસભાની પાછળથી ફાળો ભરી વૃક્ષ ઉપર ચડી જઈ શ્રીહરિને મસ્તક નમાવી નમસ્કાર કરીને ત્યાંથી ગયા. તે વાડીમાં પાછળ કોટ છે. તેનો છેલ્લો ઊંચો બુરજ ઉજ્જડ હતો તેમાં રહેતા. તેથી અદ્યપિ સુધી તે બુરજનું વાનરીયો બુરજ એવું નામ પ્રસિદ્ધ છે અને તે ત્રણે વાનરો બજારમાં નિત્ય જઈને ફડીયા વેપારીઓની દુકાનો પાસે જઈને અડદના ટોપલા કે ઢગલા હોય તેને આંગળી દેખાડીને બે હાથ ધરે. એટલે પેલા વેપારી અડદની મુઠીયો આપે. પછી સરૈયાની દુકાને સિંદુરને આંગળી દેખાડીને પોતાના હાથમાં સિંદુર તથા અડદ લઈને મંદિરના ઓટલા ઉપરથી જાળીમાં હાથ ઘાલીને સંકટ ભંજન હનુમાનજીની તે અડદ સિંદુરથી નિત્યે પૂજા કરતા. અને વળી પ્રત્યેક શનિવારે તો હનુમાનજી આગળ બીજા લોકોએ ફોડેલા નાળીયેરના કાચલા ઉપાડી જઈ તે ઘાંચીની દુકાને જઈ તેલ તરફ આંગળી દેખાડી, કાચલું ધરી તેમાં તેલ માંગી લાવીને હનુમાનજીના ચરણ ઉપર રેડીને દંડની પેઠે પડીને નમસ્કાર કરે. અને ફડીયા, સરૈયા તથા ઘાંચી લોકો પણ એ વાનર હનુમાનજીની પૂજા કરે છે એમ સમજી ગયા હતા. તેથી એ વાનરા જાય કે તરત બીજા ગ્રાહકોને મૂકીને પ્રથમ એ વાનરાએ અડદ, સિંદુર અને તેલ આપતા. એ રીતે ત્રણે વાનર આઠ વર્ષ

સુધી તે વાનરીયા બુરજમાં રહ્યા હતા. તેથી તે વાનરીયો બુરજ પ્રસિદ્ધ છે. અને મંદિરમાંથી દયાળુ સાધુ પોતાનું વધેલુ એઠું આપે તે ખાતા તથા કેટલાક હરિભક્તો પણ ફળ, કંદ, શાક, કેશરીયો પ્રસાદ વિગેરે તે વાનરોને ખાવા આપતા હતા. અને તે નિત્યે શ્રીઠાકોરજીના તથા સંત હરિભક્તોના દર્શન કરતા. એ પ્રમાણે આઠ વર્ષ થયા પછી તે ત્રણે વાનરના દેહ પડ્યા. ત્યાર પછી તેમણે સત્સંગમાં જન્મધર્યા અને અક્ષરધામના અધિકારી થયા. એ રીતે મહાપાપી હતાં અને શ્રીહરિને મારવા આવેલા, તેને પણ મહાકૃપાના સાગર શ્રીહરિએ પરમ પદના અધિકારી કર્યા.

**(૩૩) શ્રીહરિએ વડોદરાના બાર મુસલમાનોને હિન્દુ કર્યા:**

વડોદરામાં જ્યારે શ્રીહરિની સવારી ભેંસાણાના મેદાનમાં પ્રવેશ કરવાની તૈયાર થઈ, ત્યારે તે મેદાનમાં પ્રવેશ કરવાના ઝાંપા બહાર બે બાજુએ કેટલાક તાડના ઉંચા વૃક્ષ હતા. ત્યાં થોડે છેટે પીરાનપીરની મસ્જીદ હતી. તેમાં મંત્રના જાણનારા સૈયદો તથા ફકીરો દસબાર જણા રહેતા હતા. તેમણે શ્રીહરિની સ્વારી એ રસ્તે થઈને જવાની છે એમ જાણીને ઘોડાના વાળનો યંત્ર કરીને તેનું તોરણ બે તરફ તાડની ટોચે બાંધ્યું હતું. તેનું તાત્પર્ય એવું હતું કે એ તોરણ તળે થઈને હિંદુ જાય તેના માથેથી ચોટલી ઉખડી જઈને માથું બોડું રોડું થઈ જાય અને તે ચોટલીની ડાઢી થઈ જાય તેથી તેને લોકો મુસલાન થયો એમ જાણે. એ રીતે પોતાનો યંત્ર પ્રયોગ તૈયારી કરી શ્રીહરિની સ્વારી જવાના રસ્તા ઉપર બાંધ્યો હતો. પછી તેના યંત્ર તોરણ તળે થઈને શ્રીહરિની બધી સ્વારી નીકળીને ભેંસાણ તથા મસ્તુબાગના બે ગાઉના વિશાળ મેદાનમાં આવી મોટી સભા થઈ.

પેલા પીરાનપીરની મસ્જીદના સૈયદો તથા ફકીરો મળી બાર જણા હિન્દુઓ મુસલમાન થયા કે નહિ તે જોવા માટે પોતાના બાધેલા યંત્ર તોરણ નીચે થઈને શ્રીહરિની સભા આગળ છેટે આવીને ઉભા રહ્યા. તેમને જોઈ શ્રીહરિ બોલ્યા કે નાથ ભક્ત ! તમે પેલા બાર ઋષિઓ છેટે ઉભા છે. તેમને આ અમે આપીએ તે પુષ્પો વડે જઈને વધાવો. ત્યારે નાથ ભક્તે તે પુષ્પથી બારે જણને વધાવ્યા કે તરત તે બારે જણની લાંબી દાઢીઓ હતીં તે ઝટ ઉડી ગઈ અને માથે મોટી ચોટલીઓ ઉગી નીકળી. તેથી હિન્દુ જેવા દેખાવા લાગ્યા.



પછી શ્રીહરિએ પોતાના હાથની પ્રસાદીની સાકર નાથ ભક્ત સાથે મોકલી. તે બારે જણા ચાવી ગયા. તેથી તેમનું અહંકારરૂપ અંતઃકરણ ફરી ગયું અને હમણાના મુસલમાન જન્મમાં સૈયદ ફકીર થયેલા છે, તે પૂર્વ જન્મની પેઠે વીસરી ગયા અને પૂર્વ જન્મમાં પોતે બ્રાહ્મણ હતા, તેવી દ્રઢ માન્યતા થઈ ગઈ, તેથી તે સર્વે ભર સભામાં ચાલ્યા આવ્યા અને શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કરી સન્મુખ ઉભા કે તરત તે બારે જણની જ્ઞાન શક્તિ, ઈચ્છા શક્તિ અને ક્રિયા શક્તિ તે સર્વ પ્રથમના જન્મમાં હતીં તેવી જ ઉદય પામી અને આ જન્મની અત્યંત વિસ્મૃતિ થઈ ગઈ. પછી શ્રીહરિએ પૂછ્યું કે તમે કોણ છો ? ત્યારે તે બોલ્યા કે અમે તો અથર્વવેદી ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ છીએ. એમ કહીં તે વેદમાનું અલ્લા સુત્ર બોલવા મંડ્યા. તે જેમ ફકીર કુરાન બોલતા હોય તેમ સર્વેને લાગ્યું. ત્યારે શ્રીહરિએ પૂછ્યું કે તમે શી જાત છો ? હિન્દુ કે મુસલમાન છો ? તે બોલ્યા કે અમો તે શુદ્ર બ્રાહ્મણ છીએ. પણ અમને ગાઢ નિંદ્રા થઈ ગઈ હતી. તેમાંથી તમે જગાડ્યા છે માટે તમે સો સાક્ષાત્ પરમેશ્વર છો. તેથી અમારો મોક્ષ કરો. શ્રીહરિ બોલ્યા કે આજથી ત્રીશ વર્ષ ઉપર અમદાવાદમાં રાયપુર દરવાજા પાસે મસીદમાં તમે રહ્યા હતા. તે વખતે ત્યાં પાસે મંદિરમાં અમારા ગુરૂ શ્રી રામાનંદ સ્વામી રહ્યા હતા. તેમના જમ્યા પછી વધેલું ઉછિષ્ઠ તમે માંગીને ખાતા તે પુણ્ય પ્રતાપ વડે અમે બ્રાહ્મણ કર્યા છે. અને આ મુસલમાન જન્મની વિસ્મૃતિ કરાવીને તમારા પૂર્વ જન્મમાં હતીં તેવી બ્રાહ્મણપણાની દ્રઢ માન્યતા કરાવીછે. માટે હવે તમારે બ્રાહ્મણપણું જ રાખવું છે કે પાછા સૈયદ ફકીર થવું છે ? પછી તે સર્વે હાથ જોડીને બોલ્યા કે તમે તો સાક્ષાત્ ભગવાન છો. માટે હવે કૃપા કરીને અમારું બ્રાહ્મણપણું જ રહેવા ઘો. શ્રીહરિ બોલ્યા કે ઠીક, તમારા અંતઃકરણ તથા જ્ઞાનાદિ ત્રણ શક્તિઓ બદલાઈ ગઈ છે. તેથી તમારા જીવમાં બ્રાહ્મણપણું ઠસી ગયું છે. પણ તમારા શરીર તો તેના તે જ છે. માટે બ્રહ્મકર્મ ન કરશો, પણ હવે કોઈ શુદ્ર સાથે ભોજન કરશો નહિ. એમ કહીં રજા આપી. તેથી તે દંડવત્ પ્રણામ કરીને ગયા. તે વાડીમાં રામતળાવ ઉપર જુદા રહેતા હતા. તેમને ધર્મિષ્ઠ રાવ સાહેબ ગોપાળરાવ મૈરાળ પોતાને ત્યાંથી નિત્ય ભોજન આપતા.

**(૩૪) કુસંગી કુલટા સ્ત્રીને શ્રીહરિ ધામમાં તેડી ગયા :**

એક વખત હરિભક્ત શિરોમણી વૃંદાવનદાસ રૂપા ઘડા લવાર, તેમણે ગોપાળાનંદ સ્વામીને મંડળ સહિત પોતાને ઘેર જમવા બોલાવ્યા. ત્યાં જમીને સ્વામી સહિત સાધુ મેડે બેઠા. તેમની પૂજા વૃન્દાવનદાસે કરવા માંડી. તે વખતે સ્વામી સહિત સર્વ સાધુ ''રે સગપણ શ્રીહરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણ ભંગુર કાચુ'' એ કીર્તન ગાવા લાગ્યા. તેવામાં એક દિશાવાળ વાણીયણે કલ્લાં ઘડવા આપેલા હશે તે લેવા આવી. પછી તેને કોઈએ કહ્યું કે હમણાં તમે આ સામેના ઓટલા ઉપર બેસો. એ વૃંદાવન ડોસાને ઘેર સ્વામિનારાયણના સાધુ જમવા આવ્યા છે. તે ગયા પછી તમને કલ્લાં આપશે. પછી તે બેઠી ને મેડે સાધુ કીર્તન ગાતા હતા. તેનું પહેલું ચરણ જે ઉપર લખ્યું છે. તે પાંચ સાત વખત તેણે સાંભળ્યું તે એને મોઢે ચઢી ગયું. પછી સાધુ ગયા કેડે પોતાના કલ્લાં લઈને ઘેર ગઈ. તો પણ સાધુની ઠેકડી કરતી જાય, ને કહે કે, સ્વામિનારાયણના મુંડિયા આવું ગાતા હતા. એમ ઘરમાં કામકાજ કરતા રાત દિવસ એનું એ જ ગાતી જાય. તે પોતે મહાદુષ્ટ હતીં અને પોતાના વૈષ્ણવ સંપ્રદાયને દુષણ દેનારી અસદ્‌ગુરુ સાથે પાપરૂપ વર્તણુંકથી વર્તતી હતી. તેમજ બીજા પણ અનેક જાતના પાપ અને વ્યસનથી ભરપુર મહાદુષ્ટ હતી. પછી કેટલેક દિવસે મંડવાદ ભોગવી મરવા પડી. તો મંદવાડમાં પણ ''રે સગપણ હરિવરનું સાચું'' એ ચરણ મોઢે થઈ ગયેલુ તે બોલ્યા કરતી. પછી અંત સમયે તેને બે યમદૂત યમપુરીમાં તેડી જવા આવ્યા. મોટા પર્વત જેવા જબરા, કાજળ જેવા કાળા, લાંબા મોઢાવાળા, મોટી દાઢો ને ત્રાટ જેવા રૂંવાડાવાળા, અતિ ભયાનક એવા મોટા વિકરાળ યમદૂત જોઈને શરીરના બંધ છૂટી ગયા. યમદૂતે લોઢાના મુદગળ મારવા ઉંચા ઉપાડેલા, ને બાંધી જવા લોઢાની જબરી સાંકળોના લંગર ખડખડે છે. તે જોઈ અતિ ત્રાસથી ધ્રુજી ગઈ ને ચીસો પાડવા માંડી. પણ નિરંતર અભ્યાસ થઈ ગયેલો તેથી પેલા કીર્તનનું ચરણ મોઢામાંથી બોલાઈ ગયું. તે જ વખતે જેમ વિજળીનો ઝબકારો થાય તેમ એકદમ શ્રીહરિ માણકી ઘોડી ઉપર સ્વાર થઈને આવી ઉભા તેમને જોઈ પેલા યમદૂતો તો અતિ ત્રાસ પામી, ત્યાંથી નાસીને વેગળા જાય છે કે, તરત શ્રીહરિએ પોતાના હાથમાં બરછી હતીં તે મારીને કહ્યું કે અરે દુષ્ટો, તમે આને કેમ લેવા આવ્યા છો ? યમદૂત વેગળેથી મસ્તક નમાવી હાથ જોડીને બોલ્યા કે કૃપાનાથ, એ તો સત્સંગી નથી. સાધુની ઠેકડી અને નિંદા કરતી હતી. તે



મહાપાપણી અને અતિ દુષ્ટ છે. તેથી એને યમપુરીમાં લઈ જવા અમે આવ્યા હતા. પછી શ્રીહરિએ કહ્યું કે સત્સંગી નથી ને સુઝે તેવી પાપી છે. પણ અમારા બ્રહ્માનંદ સ્વામીના કીર્તનનું ચરણ એ નિત્યે ઠેકડી (મશ્કરી)માં ગાતી હતીં કે ''સગપણ શ્રીહરિ વરનું સાચું'' ને હરિવર તો અમે છીએ તે અમારું સગપણ જેણે સાચું કહ્યું. તેને તમારું તેડું જોઈએ નહીં. એ તો અમારા સખા બ્રહ્માનંદ સ્વામીનું કીર્તન છે. માટે અમે એને વિમાનમાં બેસાડીને તેડી જઈશું. જાઓ પાપી અહીથી જતા રહો. પછી તે બે યમદૂત પગે લાગીને જતા રહ્યા. પણ શ્રીહરિની બરછી વાગવાથી તે જમની આંખ ફૂટી ગઈ હતી. તે કાણીયા જમને ધર્મરાજાએ ચૌદ કરોડ જમનો રાજા કર્યો છે. તે ધર્મરાજાની પેઠે બધા જમ ઉપર હુકમ કરે છે, પણ કોઈને મારતો નથી અને સત્સંગનો મહિમા ઘણો સમજે છે. તેથી શ્રીહરિ તથા સાધુ હરિભક્તોનો સંબંધ કોઈ મહાપાપીને કોઈ રીતે હોય, તો પણ તેને છેટેથી નમસ્કાર કરે છે અને સાવધાન રહે છે.

પછી પેલી બાઈને શ્રીહરિએ કહ્યું કે, આ તારા સગા સંબંધી બેઠેલા છે. તેને તું કહે, પછી તે બેઠી થઈને બોલી કે મને તો બે મોટા જમના દૂત યમપુરીમાં લઈ જતા હતા, પણ આ જુઓ ! સ્વામિનારાયણ ભગવાન આવી ઘોડે ચડી ઉભા છે. તેમણે મને છોડાવીછે ને વિમાનમાં બેસાડીને ધામમાં તેડી જાય છે. માટે આપણો પંથ અને આપણા અધર્મી ગુરુતો ખોટા અને વ્યભિચારી છે. તેને માનશો તો જમપુરીમાં જશો. જુઓ ! હું કેવી પાપણી ને મહાદુષ્ટ કામ કરનારી હતી. પણ આ સ્વામિનારાયણના સાધુના ગાયેલા કીર્તનનું ચરણ હું મશ્કરીથી ગાતી હતી, તો પણ એ મહાકૃપાળુ ભગવાન પોતે મને ધામમાં તેડી જાય છે. તેથી હું જાઉ છું. એમ કહીં વિમાનમાં બેસી તે તરત ધામમાં ગઈ. તે વખતે ઘણા લોકોને શ્રીહરિના મહાતેજોમય દિવ્ય દર્શન થતા હતા. આ નવું આશ્ચર્યકારી શ્રીહરિના મહાકૃપા સાધકોને ચરિત્રનો ચમત્કાર જોવાથી તે બાઈના સગા દિશાવાળ વાણીયામાંથી સ્ત્રીઓ અને પુરુષો કેટલાક મુમુક્ષુ હતાં તે સત્સંગી થયા ને મંદિરમાં દર્શને આવતા. આ બાઈ વડોદરામાં નરસીંહજીની પોળમાં રહેતી ને તેનું નામ મહાકૌર હતું.

**(૩૫) શ્રીહરિ જેતલપુરના જીવણ ભક્તનો મઠનો રોટલો જમ્યા :**

ભગવાનને ભક્તનો ભાવ ખૂબ ગમે છે. ભક્તિભાવ અને શ્રદ્ધાથી

અર્પણ કરેલ પત્ર, ફળ, ફુલ અને જળ વડે કરીને પણ પરમાત્મા તૃપ્ત થઈ જાય છે. જ્યારે ભાવ અને શ્રધ્ધાથી રહિત સારા સારા પકવાનો બનાવીને કોઈ પરમાત્માને અર્પણ કરવા જાય તો પણ તેનો પરમાત્મા સ્વીકાર કરતા નથી. નિષ્કપટ, ભલાભોળા અને પરમાત્મા પ્રત્યેના સાચા સ્નેહ વાળા ભક્તે અર્પણ કરેલો થાળ ભગવાનને ખૂબ ભાવે છે. શ્રીકૃષ્ણ ભગવાન અને આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના જીવન ચરિત્રમાં આવા અનંત દાખલા મોજૂદ છે. તે પૈકી ફક્ત એક નમુનારૂપે જીવણ ભક્તના મઠના રોટલાની વાતનું અત્રે સ્મરણ કરીએ.

જેતલપુરમાં ઘણા બધા ભક્તો છે. પટેલો, દરબારો, ભૂદેવો એમાં એક જીવણ ભક્ત કરીને ભૂદેવ હતા. ભક્ત બહુ સારા પણ સ્થિતિ સુદામાં જેવી. એના મનમાં એક રંજ રહ્યા કરે છે. આ બધા હરિભક્તોએ મહારાજને ઘેર બોલાવી બોલાવીને જમાડ્યા છે. હું નથી બોલાવી શક્યો. આ બધા ભક્તજનોએ મહારાજને યથાયોગ્ય પૂજા-ભેટ કરી છે. હું કાંઈ નથી કરી શક્યો. પોતાની મુંઝવણ પત્નીને કહે છે. સુત્તરનું ગુંચવાયેલું કોકડું બહેનો જેમ ખોલી નાંખે એમ જીવણ ભક્તના પત્નીએ કહ્યું, પતિદેવ ! એમાં ચિંતા શા માટે કરો છો ? આપણા ઘરમાં મઠ છે. મઠને દળી અને હું બે રોટલા બનાવી આપું. મહારાજ પાસે લઈ જાઓ. આપણો ભાવ હશે તો ભગવાન સ્વીકારશે. જીવણ ભક્ત કહે ના, ના..... મઠના રોટલા પ્રભુને ન અપાય. ભગવાનને કદાચ પેટમાં ગડગડાટ થાય. અને ભગવાનને ન થાય તો સભામાં ગડગડાટ ચાલુ થાય. કે કોણે તને કહ્યું હતું ડાહ્યા થવાનું ? આ મઠના રોટલા લઈને આવ્યો છે અહીં ? તું ન આવ્યો હોત તો કંઈ ભગવાન ભૂખ્યા રહેત ? ગામના માણસો મને વઢે. નહિ પતિદેવ ! આપણી ભાવના સાચી હશે, આપણી શ્રદ્ધા ભક્તિ સાચી હશે તો જે દેહને એ દેવને મહારાજ અવશ્ય સ્વીકારશે !

આ બહેને પૂરા ભક્તિભાવથી બે રોટલા તૈયાર કરી આપ્યા. મહારાજ જેતલપુરના બ્રહ્મ મોહોલની અગાશીમાં બિરાજે છે. જીવણ ભક્ત હાથમાં થાળી લઈ, તેમાં મઠના બે રોટલાને વસ્ત્રના એક ટૂકડા વડે ઢાંકીને અગાસી ઉપર પહોંચી ગયા. સંતો અને ભક્તો બેઠા છે. મહારાજને વાત કરવાની હિંમત ચાલતી નથી. આ મઠનો રોટલો હું પ્રભુને કઈ રીતે રીતે આપું ? તુચ્છ



વસ્તુછે મઠ, હલકામાં હલકું કઠોળ છે. આ કઈ રીતે સમર્પણ કરાય ? ભગવાન ભક્તની લાગણી જોઈને, એનો સંકોચ જોઈને જ્યાં બિરાજતા હતા. એ છત્રીથી બે પગથિયા નીચા ઉતરી લાંબો હાથ કરીને રોટલા લઈ લીધા. થાળી રહેવા દીધી. બે રોટલા ડાબા હાથમાં રાખ્યા અને જમણાહાથથી પ્રભુ જમવા માંડ્યા. પરમાત્મા એ રોટલો એવી રીતે જમવા માંડ્યા જાણે કોઈ અમૃતનો આહાર કરતા હોય. ભગવાન રોટલો આરોગવા માંડ્યા અને ખૂબ રાજી થવા માંડ્યા. એટલા બધા પ્રસન્ન થયા કે મહારાજ કહે, આજે અમને બહુ આનંદ થયો. આજે અમને એટલો બધો સંતોષ થયો કે જાણે અતિ ઉત્તમ ભોજન આજે અમને મળ્યું. આવો થાળ તો રાધા કે લક્ષ્મીજી પણ અમને જમાડી શકતા નથી આવો અદ્ભૂત સ્વાદ છે આ રોટલામાં !

યજ્ઞનારાયણમાં અપાતી આહુતિઓથી પણ ભગવાન જેટલા રાજી ન થાય, તેટલા રાજી આજે પરમાત્મા ભક્તે અર્પણ કરેલ મઠના રોટલાથી થઈ ગયા છે. સભામાં બેઠેલા સંતો પ્રભુ સામે જોઈ રહ્યા છે. ત્યાં બ્રહ્માનંદ સ્વામી કહે છે. મહારાજ ! બસ કરો હવે બહુ થયું. મઠનો રોટલો બહુ સારો હોય તો પ્રસાદી સહુને આપો. સ્વામી, આમાંથી એક કકડો પણ નહીં મળે. આ બે રોટલા અમે એકલા જ જમી જઈશું. તમારે પ્રસાદી જોઈતી હોય તો આ બીજા થાળ પડ્યા છે. એમાંથી લઈ લો. પણ આ રોટલામાંથી નહિ મળે.

બ્રહ્માનંદ સ્વામી ઉભા થયા. સ્વામીએ આજે હિંમત દાખવી. સ્વામીએ ધીમેથી મહારાજની પાસે જઈને દોઢેક રોટલો બચ્યો હતો તે ખેંચી લીધો. અરે આ શું કર્યું ? મહારાજ ! એટલું બહુ થઈ ગયું. પ્રેમી ભક્તના પ્રેમને વશ થઈને જમો છો પણ આ તો મઠ છે. બ્રહ્માનંદ સ્વામી સંત સભામાં બેસી ગયા. સંતો ફરી વળ્યા. લાવો પ્રસાદી. બ્રહ્માનંદ સ્વામી કહે ના હો આ તો મારા એકલાનું સાહસ છે. આ તો મહારાજે મને ધક્કો માર્યો હોત તો ? પણ હું તો બચી ગયો. એટલે આ પ્રસાદીમાં મારા એકલાનો જ અધિકાર છે. મુક્તાનંદ સ્વામી કહે સંતો ! શાંતિ રાખો. બ્રહ્માનંદ સ્વામી તો સત્સંગની મા છે. છોકરાને આપ્યા સિવાય કોઈ દહાડો મા ખાય ખરી ? અને બ્રહ્માનંદ સ્વામીએ બધા સંતોને, હરિભક્તોને રોટલાનો પ્રસાદ આપ્યો. પરમાનંદ

થયો. જીવણ ભક્તના બે રોટલામાંથી આખી રસોઈ થઈ ગઈ. પ્રભુએ એવી કૃપા કરી જીવણ ભક્ત ઉપર, ભક્તરાજ ! હવે તમે બહુ સુખી થશો અને જીવણ ભક્ત સુખી બન્યા.

શ્રીજી મહારાજ કહે છે. નિષ્કિંચન ભક્તોમાં જેવો ભાવ હોય છે એવો સમૃદ્ધિવાળા અભક્તોમાં દેખાતો નથી. એટલે જેનું મન સ્ત્રી, પુત્ર, દ્રવ્ય અને વાસના વાળુ હોય તેના કરતાં નિર્વાસનિક ભક્તોને ભગવાન ઉપર ખૂબ પ્રેમ હોય છે. જેમ કે ઈન્દ્રાદિક દેવોનું મન સત્તા અને સંપત્તિમાં વાસનાયુક્ત હોય છે. એટલે એની એકાંતિક ભક્તોમાં ગણતરી થતી નથી. જ્યારે કોઈ સંપત્તિ ન હોવાછતાં સનકાદિકો એકાંતિક ભક્તોમાં અગ્રેસર ગણાય છે. અને એની પુષ્પજળથી કરાયેલી પૂજા ભગવાન પ્રેમપૂર્વક સ્વીકારે છે. એટલે જ આવી જ રીતે જેતલપુરમાં વાડીમાં ભક્તજનોની પુષ્કળ ભીડમાં હિંડોળા પરથી નીચે ઉતરી એક પ્રેમી ભૂદેવ ભક્તની બે કાકડી હાથોહાથ પ્રેમથી સ્વીકારીને ભગવાન હિંડોળે ઝૂલતા ઝૂલતા કાકડી જમ્યા હતા. અને તેના બદલામાં કોઈ ભક્તે પ્રેમથી પહેરાવેલો સોનાનો હાર કાઢીને તે ભૂદેવને આપ્યો હતો. ભૂદેવને કાકડીના બદલામાં કંચન આપ્યું. પરમાત્મા જેનું સ્વીકારે છે તેને અનંતગણું આપે છે.

**(૩૬) દયાના સાગર શ્રીહરિએ બેચર ભક્તના પત્નીને સજીવન કર્યા :**

ગઢપુરમાં બેચર ભક્ત રહેતા હતા. એમના પત્નીનું અવસાન થયું. ધામમાં ગઈ. એ ગભરાઈ ગયા. મહારાજ હું તો દુઃખી દુઃખી થઈ ગયો. મહારાજ કહે, પણ કેમ દુઃખી થયા છો ? મારાં ઘરવાળાએ દેહ છોડી દીધો. મહારાજ ! મારું શું થશે ! હવે મારું શું થશે ? મને રાંધતા આવડતું નથી. મને કશું કાંઈ ફાવતું નથી. હું તો દુઃખી થઈ જઈશ. શ્રીજી મહારાજ કહે, લે આ પાણી લઈ જા. તારા પત્નીને પાજે. ક્યાંથી પાય મહારાજ ? દેહ મૂકી દીધો છે. અરે મોઢામાં રેડજે અને બેચર ભક્તે લોટીમાંનું પાણી જ્યાં મૃત પત્નીના મુખમાં રેડ્યું, તે સજીવન થઈ, મુક્તાનંદ સ્વામીએ પૂછયું. મહારાજ ! તમે આ ચરિત્ર શા માટે કર્યું ? પ્રભુ કહે, એમની પત્નીનું આયુષ્ય પુરું થયેલું પણ એ બહુ રડતો હતો એટલે દયા આવી ગઈ, કે ભલે વિચારો સુખેથી જીવતો.



અતિ દયાળું રે, સ્વભાવ છે સ્વામીનો,
પરદુઃખ હારી રે, વારી બહુનામીનો
કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય,
દયા આણી રે, અતિ આકળા થાય.....

શ્રીહરિના પ્રતાપથી શ્રીહરિના નંદ સંતો પણ મરેલાને જીવતા કરે એવા સમર્થ હતા. પરંતુ શ્રીહરિની આજ્ઞાથી પોતાની સામર્થી છુપાવી ને રાખતા. સ.ગુ. શ્રી વ્યાપકાનંદ સ્વામી કોઈવાર બોટાદમાં રસ્તેથી જતાં હતા. બાજુના ઘરમાં રડારોડ થતી જોઈ. સ્વામીને દયા આવવાથી પૂછયું કે શું છે. કેમ બધા રડે છે ? અરે એમની વહાલી ઘોડી મરી ગઈ છે. સ્વામી કહે, 'અરે ક્યા મર ગઈ હે' એમ કહીને ઘોડીને લાત મારી તો છલાંગ મારીને ઉભી થઈ ગઈ.

**(૩૭) નારદીપુરના ભક્ત તીતારામને મહારાજ વિમાન લઈને ધામમાં તેડી ગયા :**

કલોલથી આગળ નારદીપુર ગામ છે. આ ગામમાં એક જ બ્રાહ્મણ ભક્ત તીતારામ સારા સત્સંગી હતા. બહુ ભોળા અને મહારાજ ઉપર અતિ વિશ્વાસુ હતા. આ ભૂદેવને ઘેર મહારાજ પધાર્યા. ભૂદેવને બે-પાંચ શ્લોકો તો આવડતા જ હોય. સ્વામિનારાયણ ભગવાનના ચરણારવિંદ થાળીમાં મૂક્યાં અને અંદર જઈને જળની લોટી લઈ આવ્યા. મહારાજના ચરણારવિંદ ઉપર ધાર કરી. 'ગંગે ચ યમુને ચૈવ ગોદાવરી સરસ્વતી !' શ્રીજી મહારાજના ચરણ પખાળ્યા અને પછી એ પાણીની થાળી એમ ને એમ પી ગયા. ભૂદેવ ! આ શું કર્યું તમે ? મહારાજ, તમારા ચરણારવિંદમાં ગંગાજીનો વાસ છે. એ ચરણ જ્યાં અડે ત્યાં ગંગાજી પ્રત્યક્ષ હાજર થાય. મહારાજ હવે જમવાનું ? શ્રીજી મહારાજ કહે ઘરમાં શું છે ? મહારાજ, હું ભીક્ષાવૃતિ કરું છું. એટલે સવારના યજમાનોને ઘેરથી લોટ માંગી લાવ્યો છું. એ લોટ છે. શ્રીજી મહારાજ કહે લોટ તો નહિ ચાલે. જુઓ, તમારા ચોકમાં તુલસીજી છે તે લાવો. તુલસીપત્ર લાવ્યા એટલે ભગવાને તે પત્ર હાથમાં લઈ અને મુખમાં મૂક્યું. મહાભારતનું દ્રષ્ય ખડું થયું. જાણે દ્વારિકાધીશ દ્રૌપદી પાસે જઈને ભાજીનું પાંદડું મૂકતા હોય એમ ભગવાને તુલસીપત્ર મુખમાં મૂક્યું અને કહ્યું, તીતા ભગત ! તમારે

આ વૃદ્ધાવસ્થામાં ઘરોઘર જઈને ભીક્ષા માગવી પડે છે તે હવે આજથી નહિ માગવી પડે. તો મહારાજ, મારું તો કોઈ છે નહિ. નથી ખેતી, નથી વાડી, નથી સગાં, નથી સંબંધી, તો મારું કંઈ રીતે ચાલશે ? અમે તમારે ઘેર આવ્યા છીએ. જુઓ હમણા જ ખબર પડશે.

થોડીવાર પછી આજુબાજુના માણસો પગે લાગવા આવ્યા તીતા ભગત કહે, હે પ્રભુ ! આ બધા મારા યજમાનો છે. સ્વામિનારાયણ ભગવાને બધા માણસોને કહ્યું, તમે બધા યજમાન છો, આ તમારા ગોર છે. તમે તમારા આ ગોરની શું સેવા કરો છો ? મહારાજ, ગોર મહારાજ રોજ અમારા ઘેર પધારે છે. અને અમે ચપટી લોટ આપીએ છીએ. એવું ન ચાલે. હવેથી તમે દરરોજ ગોર મહારાજને ઘેર બેઠાં લોટ પહોંચાડજો અને બધાએ હા પાડી. પછી તો નિયમિત વારા ફરતી આખું સીધું તીતા ભગતને ઘેર કાયમ માટે આવતું થઈ ગયું.

નારદીપુર ગામમાં તીતારામ એકલા જ ભક્ત હતા. આખું ગામ એવું વિચિત્ર પ્રકૃતિવાળું હતું કે કોઈને ભજન ન ગમે. ભક્તિ ન ગમે. સત્સંગ ન ગમે. જ્યારે એક જ તીતારામ સારા સત્સંગી હતા. ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલે. કોઈથી ગભરાય નહિ.

ગામના લોકો કહે, તીતા મહારાજ ! તમારા સ્વામિનારાયણ તમને શું આપશે ? તમને ખબર ન પડે. સ્વામિનારાયણ શું આપે છે. તમને નહીં સમજાય. પણ તમે તો વૃદ્ધ થઈ ગયા છો. હવે સ્વામિનારાયણ શું આપશે ? હવે સ્વામિનારાયણ વિમાન લઈને મને તેડવા આવશે. હું અક્ષરધામમાં જઈશ. અને બધા મશ્કરા માણસો હસે. અલ્યા, સ્વામિનારાયણ ભગવાન વિમાન લઈને આવે ત્યારે આપણે બધા તૈયાર રહેજો. આપણે વિમાનનો દાંડિયો પકડી લઈશું. અને સ્વામિનારાયણનું અક્ષરધામ જોઈ આવીશું. અને તીતારામ મહારાજ કહે, બોલો, બોલો તમે તમારે, પણ એક દિવસ યાદ રાખજો કે સ્વામિનારાયણ ભગવાન વિમાન લઈને મને લેવા આવશે જ. અને એ તીતા મહારાજનો જ્યારે અંતકાળ આવ્યો ત્યારે નારદીપુર ગામ ઉપર વિમાને ચકરાવો માર્યો. સ્વામિનારાયણ ભગવાન વિમાનમાં બધાને દેખાયા.

એક કહે તીતાને નાથે, હાક્યું વિમાન મારા ઘર માથે. મારા ઘર ઉપરથી સ્વામિનારાયણનું વિમાન ગયું હો. આપણે તો બધા મશ્કરી કરતા



હતા. પણ આ તો સાચું નીકળ્યું. આવો પરચો, આવો ચમત્કાર, આખા ગામને દેખાયો.

'મારા જનને અંતકાળે, મારે જરૂર તેડવા આવવું,
બિરૂદ મારું એ ન બદલે, એમ જરૂર જન મન જાણવું......'

સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પર પ્રગટ થયા ત્યારથી આજ પર્યંત પોતાના અનંત ભક્તોને પોતાના ધામમાં તેડી જાય છે. ઘણીવાર ભક્તને અગાઉ જાણ પણ કરે છે. તીતા ભગતનું તો એક દ્રષ્ટાંત માત્ર લખ્યું છે.

હજુ થોડા વર્ષો પહેલાં જ મારવાડના વાલી ગામના એક ભક્તને મહારાજ અગાઉથી જાણ કરીને ધામમાં તેડી ગયા હતા. તા. ૧૦-૧૦-૯૯ના રોજ એપ્રોચ (બાપુનગર) મંદિરમાં ધૂનની પૂર્ણાહુતીના પર્સંગે આશીર્વચનમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આ પ્રસંગ નીચે મુજબ પોતાના શબ્દોમાં કહ્યો હતો.

રાજસ્થાનના સંતો પણ ભોળા અને ભક્તો પણ ભોળા. મારવાડના વાલી ગામના એક સત્સંગી અમને આવીને કહે બાપજી ! અમારા દાદાને મહારાજ ધામમાં તેડી ગયા. અમે કહ્યું વિસ્તારથી વાત કરો ભક્ત કહે, અમારે ઘેર લગ્નનો પ્રસંગ હતો. અમારા દાદાને મહારાજે દર્શન આપી કહ્યું કે કાલે બપોરે ૧૨ વાગ્યે તમને તેડવા આવીશું. અમે દાદાને કહ્યું કે કાલે લગ્નનો પ્રસંગ હોવાથી વિઘ્ન આવશે. દાદા કહે મહારાજની મૂર્તિ ગોઠવો. તમે બધા ધૂન કરવા બેસી જાવ. ૧૨ કલાકની ધૂન કરી. દાદા કહે કે, સૌ મહારાજને પ્રાર્થના કરો કે અમારા દાદાને ૨૪ કલાક પછી તેડવા આવો. મહારાજે કાર્યક્રમ ફેરવ્યો. ૨૪ કલાક બાદ મહારાજ અમારા દાદાને ધામમાં તેડી ગયા. મહારાજનો કાર્યક્રમ ફેરવી શકાય છે. કારણ કે મહારાજ ભક્ત અને ભક્તિના વશમાં છે.

### (૩૮) બદ્રિકાશ્રમના બોર :

એક દિવસ શ્રીજી મહારાજ દાદા ખાચરના દરબારગઢમાં લીંબડા હેઠે સભા ભરીને બેઠા હતા. ત્યારે પોતે બદ્રિકાશ્રમના મુક્તોની વાર્તા કરતા કહ્યું કે - ''બદ્રિકાશ્રમમાં બોર બહુ જ મોટા થાય છે. તેને મુક્તો જમીને ભજન

કર્યા કરે છે.'' આ આશ્ચર્ય વાત સાંભળીને સુરા ખાચર બોલ્યા કે એ બોર કેવા સ્વાદુ હશે ? અને કેટલા મોટા હશે ? એને અમો લઈ આવીએ ? ત્યારે મહારાજ બોલ્યા જે 'તમારી ચાર પેઢી જાય તો પણ ત્યાં પહોંચાય નહિ ત્યારે સુરાખાચર બોલ્યા કે ''એ સ્વાદુ, મોટા બોર શું કરવાથી મળે ?''

મહારાજે કહ્યું, ''આ વિષ્ણુદાસ સાધુછે તે તો સાડા ત્રણ દિવસમાં બોર લઈને આવે એવા સમર્થ છે.'' ત્યારે સુરાખાચરે કહ્યું કે, ''મારી ઉપર દયા કરીને એ બોર મંગાવો, જોઈએ તો ખરા કેવા સ્વાદુ અને મોટા છે ?'' મહારાજે વિષ્ણુદાસને કહ્યું કે, ''તમે બદ્રિકાશ્રમમાં જાઓ અને બોરાં લઈ આવો'' ત્યારે તેમણે કહ્યું જે માર્ગમાં ખાવાનું ભાતું જોઈએ, ત્યારે મહારાજે પાંચ શેર સુખડી લાવીને પ્રસાદી કરીને બંધાવી કહ્યું જે 'હવે જાઓ' ત્યારે વળી તે બોલ્યા કે મે માર્ગ નહીં દીઠો હોવાથી મારે એક જોડ જોઈશે. ત્યારે મહારાજે કહ્યું જે આગળ જોડ રાખી મૂકી છે. તમો અહિંથી એકલા ચાલો અને જ્યાં સાંજ પડે ત્યાં રાત રહેજો. અને ત્યાં એક વડ અને તલાવ આવશે. ત્યાં સુઈ રહેજો. અને સવાર થતાં ઉઠીને ચાલજો. એમ કહીને હાથની સાને કરીને ઉત્તર દિશા તરફ રસ્તો બતાવ્યો.

પછી વિષ્ણુદાસ ચાલ્યા. તેમને સાયંકાળે વડ અને તલાવ દેખાયું ત્યાં સૂઈ રહ્યા. બીજે દિવસ ઉઠીને ચાલ્યા તે થોડો દિવસ રહ્યો ત્યારે પથ્થરા નદી આવી. તેને કાંઠે ઉભા રહ્યા. પોતા પાસે લાકડી હતીં તેને પાણીમાં બોળી પરંતુ પગ બોળ્યો નહિ. અને ઉંડા વિચારમાં પડી ગયા તે સમયે મહારાજની મૂર્તિનું ચિંતવન કરીને એમના બળથી નદી ઉપર ચાલ્યા ગયા અને પૂર્ણહિંમની કશી અસર થઈ નહિ. આગળ ચાલ્યા ત્યારે મનમાં એવો વિચાર થયો કે, 'આ ઝાડ ઉપર રાતવાસો રહુ.' એટલામાં ઘડીયાળ, તુરાઈ, આદિકનો મધુર શબ્દ સાંભળવામાં આવ્યો. ત્યાંથી આગળ ચાલતા બોરડી દેખાઈ અને હજારો મુક્તોના સ્થાન દીઠા. તે સમયે શ્રી નરનારાયણદેવ તથા બધા ઋષિઓ વિષ્ણુદાસને જોઈને બહુ હેતથી ઉભા થઈને તેમને મળ્યા. અને પાસે બેસાર્યા, અને સમાચાર પૂછ્યા. તેમણે મહારાજનું અલૌકિક ઐશ્વર્ય પ્રતાપ વિગેરે તથા સંતોની વિગતે વાત કરી. પછી ધીરે રહી નરનારાયણદેવે પૂછયું કે ''મહાપ્રભુનો પ્રસાદ અમારે માટે



લાવ્યા છો કે કેમ ?'' ત્યારે તેમણે કહ્યું કે ''કાંઈ લાવ્યો નથી'' ત્યારે સર્વેએ કહ્યું કે, આ કાંઈક લાવ્યા છે ખરા, એમ કહીને વિષ્ણુદાસ પાસેથી સુખડી નરનારાયણદેવે લીધી પછી પોતે પ્રસાદી લઈને બીજી સર્વેને વહેંચી આપી. પછી પોતે બોલ્યા કે ''તમે આવ્યા તે બહુ સારું થયું. અમને પ્રસાદ મળ્યો અને મહા લાભ થયો. અને મહાપ્રભુજીના સમાચાર મળ્યા અને પ્રત્યક્ષ મળ્યા જેટલો આનંદ થયો.

હવે તમારે અહીં આવ્યાનું કારણ કહો ત્યારે તેમણે કહ્યું કે 'મહાપ્રભુની આજ્ઞાથી અહીં બોર લેવા આવ્યો છું. પછી બદરી સામું જોયું. ત્યાં તો કોઈ ભાગમાં મણ-મણનું બોર દેખાય અને કોઈ ભાગમાં ફૂલમાં પણ દેખાય એ રીતે અનેક નાના મોટા બોર દેખીને રાજી રાજી થઈ ગયા. પછી નરનારાયણદેવને કહ્યું કે 'મને મહાપ્રભુએ સારા મોટા બોર લેવા મોકલ્યો છે.' ત્યારે તેમણે મણ મણના બે બોર આપ્યા. ત્યારે તેને લઈને કહ્યું કે 'હવે હું અહીંથી કેવી રીતે જાઉં ?' ત્યારે પ્રસન્ન થયેલા દેવે કહ્યું કે ''તમને ચાર મુક્તો મેલવા આવે છે. તે મેલીને પાછા આવશે. અને તમો માર્ગમાં ચાલજો. એટલે એક ગામ આવશે ત્યાં તમને સદાવ્રત મળશે. તમે જમીને એક બાવાની જગ્યા આવશે. ત્યાં સુઈ રહેજો અને મહાપ્રભુને અમારા તથા મુક્તોના પણ દંડવતપૂર્વક સ્વામિનારાયણ કહેજ્યો અમારા વતિથી સવિનય પગે લાગજો.'' એમ સઘળી ભલામણ કરીને તે સાધુ સાથે મુક્તોને મોકલ્યા. તે સાધુ બે બોર નહિ ઉપાડી શકવાથી અર્ધ પડતું મુકીને દોઢ બોર લઈને મુક્તો સાથે ચાલતાં આવેલી પથ્થરા નદીને ઉતરીને આ કાઠે આવ્યા. ત્યારે વળાવવા આવેલા મુક્તો પગે લાગીને પાછા ગયા. અને વિષ્ણુદાસજી આગળ ચાલતા થયા.

માર્ગમાં બે વાઘ પોતાની આગળ ચાલતા દેખાયા. એ રીતે આગળ ચાલતા એક શહેર આવ્યું. ત્યાં એક સદાવ્રત આપનારો મળ્યો તેણે કહ્યું કે ''મારે ઘેર ચાલો એમ કહીને તેડી જઈને સારી પેઠે જમાડીને, ગામથી થોડે દૂર એક બાવાની જગ્યા હતી. તેમાં સુવાડીને કહ્યું કે, 'તમે પૂછીને સવારે ચાલજો. પણ પૂછ્યા વિના ચાલશો નહિ. પછી તે વાણીયો ઘેર ગયો અને વિષ્ણુદાસ પણ સુઈ ગયા.

સવારે ઉઠ્યા ત્યારે ત્યાં ગામ પણ નહિ અને વસ્તી પણ નહિ અને જગ્યા પણ નહિ. કેવળ ઉજ્જડ જણાયી. એક બાવાજી ત્યાં બેઠા હતાં તેને પૂછયું. આ જગ્યાઓ ક્યાં ગઈ ! અને ગામ ક્યાં ગયું ! અને વાણીયો ક્યાં ગયો ? ત્યારે બાવાજી ધીમેથી બોલ્યા કે ''यहाँ जायगाभी नही है और बनीया भी नही है मगर तुम चलो हम तुम्हारे साथ चलता हुं'' એમ કહીને બાવાજી સાધુની સાથે ચાલ્યા. વિષ્ણુદાસ ત્યાંથી ચાલ્યા તે પ્રથમ જે વડ અને તળાવ હતું ત્યાં બન્ને આવ્યા.

ત્યાંથી ચાલતા ચોથે દિવસે ગઢપુર આવીને મહારાજને સભામાં દોઢ બોર આપ્યું અને સઘળા સમાચાર કહ્યાં. તેને સાંભળીને સર્વે સાધુઓ, સુરાખાચર અને હરિભક્તો વિગેરે બહુ આશ્ચર્ય પામ્યા અને બોરને સુધારીને સર્વેને પ્રસાદ આપ્યો તે સર્વે જમી ગયા.

જે બાવાજીને સાથે તેડી લાવ્યા તે કોણ હતાં ? પૂર્વે મહારાજને વનમાં સાથવો અને મીઠું આપ્યું હતું તે શિવજી અપર રૂપમાં હતા.? તે મને અહીં તેડી લાવ્યા હતા. તેમને મહારાજે સાધુ કર્યા અને 'શંકર સ્વામી' એવું નામાભિધાન કર્યું અને વિષ્ણુદાસની જોડ કરી આપી. આ રીતે મહારાજે ઐશ્વર્ય પ્રતાપ પોતાના સંતો દ્વારા બતાવ્યો અને અવતાર જેવા કાર્યો તો સંતો દ્વારા કરાવ્યા. તો તેમને સર્વ અવતારના અવતારી કોણ ન કહે ? કહેજ.

**(૩૯) ભયંકર લૂંટારા જોબન પગીને સત્સંગ શીરોમણી બનાવ્યા :**

જોબન પગીની વાત તો બહુ પ્રસિદ્ધ છે. મહારાજના ચરિત્રોના આચમનમાં આ વાત પણ લખતા ખૂબ આનંદ આવે તેવી છે. ડભાણમાં મહારાજે બહુ મોટો યજ્ઞ કર્યો. પંદર દિવસ સુધી આ મહાવિષ્ણુયાગ ચાલેલો. તે સમયે વડતાલ ગામનો એક ભયંકર લૂંટારો હતો. એનું નામ જોબન પગી. ભારે નિર્દય, માણસ કાપી નાખવો ને દૂધી કાપવી બેય સરખું. લૂંટ, ધાડ કે ખૂનમાં ક્યાંય નિષ્ફળતા નહિ. જોબને નક્કી કર્યું કે માણકી ઘોડી ચોરી લાવવી. ચાહે એટલો ચોકી પહેરો હોય, ચાહે એટલા કાઠી દરબારો હોય, ચાહે એટલા સ્વામિનારાયણિયા ભેગા થયા હોય, સ્વમિનારાયણની માણકી લઈ આવું તો જ ખરો. એ જો માણકી ઘોડી મારા હાથમાં આવે, તો



રાતોરાત કલકતા લૂંટ કરીને વડતાલ ભેગો થઈ જાઉં. જોબનપગી ડભાણ આવી પહોંચ્યો. ક્યાંય ગજ વાગે તેમ નથી. એટલે તરત જ વેચાતી કંઠી લઈને બાંધી લીધી. જોબન બળ, યુક્તિ, પ્રયુક્તિ બધું જ જાણતો હતો. પોતાની જાતે કંઠી બાંધીને તિલક ચાંદલો કરી લીધો અને બધા હરિભક્તોને જય સ્વામિનારાયણ કહેવા લાગ્યો.

જોબન પગી જય સ્વામિનારાયણ બોલતો - બોલતો ઘોડશાળા પાસે પહોંચી ગયો. ત્યાં શ્રીજી મહારાજની માણકી ઘોડી અને કાઠી પાર્ષદોના ઘોડા બંધાતા હતા. એ આખી ઘોડશાળને મજબૂત વાડ કરેલી અને દરવાજે નાજા જોગિયાને ચોકીમાં રાખેલા. નાજા જોગિયા દરબાર ખરા પણ જરાક વિશ્વાસું અને ભોળા હતા. જોબનપગી બહુ પાકો માણસ. નાજા જોગિયાને જય સ્વામિનારાયણ બાપલા એમ કહીને પગ દાબવા માંડ્યો. અરેરેરે, તમે કોણ છો ? મારા પગ કેમ દાબો છો ? બાપલા, શું કરું ? હું દૂર દૂરનો વતની છું. અહીં ડભાણમાં આવ્યો છું.મહારાજના દર્શન કરવા લાખો માણસો અહીં ભેળા થયા છે. મહારાજ પાસે પહોંચવાનો મારો ગજ ન વાગે. હેરાન થાઉં છું. અહીં પાંચ દહાડાથી મહારાજના દર્શન દૂરથી પણ નથી થતા. મને એમ થયું કે મહારાજના દર્શન ન થાય તો કાંઈ નહી. પણ આ તમારા જેવા ભગતના દર્શન કરી લઉં. અને જો તમે રાજી થાઓ તો મહારાજ જેના ઉપર બિરાજે છે એ માણકીના દર્શન કરી લઉં તો પણ મારું પુણ્ય.

ભોળા નાજાજોગિયા જોબન પગીને અંદર લઈ ગયા. લ્યો, આ રહી મહારાજની માણકી, જોબન પગીને તો માણકીને ઓળખવી હતી. બરાબર કાને, પગે, પૂંછડે યાદ રાખી લીધી. અંધારામાં રાતે ભૂલ ન થાય તે માટે માણકી કેવી છે, એણે જોઈ લીધું અને છટકી ગયો પાછો.

રાત્રિ પડી મધ્યરાત્રિના ડંકા વાગ્યા અને બોકાનો વાળ્યો એણે તો, કંઠી ગઈ ક્યાંય અને ચાંલ્લો પણ ઉડી ગયો. અસલ લૂંટારાના સ્વાંગમાં તૈયાર થઈ ગયો. દબાતા પગે ઘોડશાળ પાસે પહોંચીને જોયું તો બહાર ખાટલામાં નાજો જોગિયો નસકોરાં બોલાવે છે. કાંઈ વાંધો નહિ. એને તો પહોંચી વળીશ. પણ અંદર કોઈ બીજા તો નથી ને ? ધીમેથી એક પથ્થર ઉપર

પગ મૂકીને જ્યાં દિવાલની અંદર નજર કરી તો એ ચમકી ગયો આ શું ! મધ્યરાત્રિના ડંકા પડ્યા છે, અને સ્વામિનારાયણ પોતે જ ઘોડીને હાથ ફેરવે છે. પાણી પાય છે અરેરે ! નિષ્ફળ જશે મારો આ પ્રયાસ. થોડીવાર નીચે બેસી ગયો. ફરી જોયું તો, 'ઘોડે ઘોડે દીઠા હરિ'. જેટલા ઘોડા હતાં એટલા સ્વામિનારાયણ દેખાય છે. કોઈ ઘોડીને પંપાળે છે. કોઈને પાણી પાય છે. કોઈને જોગાણ આપે છે. આખી રાત સ્વામિનારાયણ ભગવાનનાં આ દિવ્ય સ્વરૂપનાં જોબનને દર્શન થયા. રાત્રિનું જાગરણ થયું. ત્રણ ત્રણ રાત્રિ સુધી પ્રયત્નો ચાલુ રાખ્યા, પરંતુ જીંદગીમાં પ્રથમવાર નિષ્ફળતાનો અનુભવ કર્યો. લક્ષાવધિ ભક્તોની વચ્ચે સ્વામિનારાયણ ભગવાનનું દિવ્ય દર્શન થયું. મલિન બુધ્ધી ક્યાં સુધી ટકે ? મલિનતા ધોવાઈ ગઈ. એકદમ અંદરથી પ્રકાશનું કિરણ છૂટ્યું. અરેરે આ શું ! સ્વામિનારાયણ ભગવાન છે. પાપ છૂટવાનું એ સ્થળ છે. અનંત પાપોના કરનારા પણ આ ચરણમાં આવીને નમસ્કાર કરે તો પાપમાંથી મુક્ત થાય છે. અને હું દુર્ભાગી અહીં પાપ કરવા આવ્યો છું.

સવાર પડી ડભાણના વિશાળ મેદાનમાં મોટી સભા થયેલી. જોબનપગીએ સવારમાં તળાવમાં સ્નાન કરી હથિયારો હેઠા મૂક્યા અને ટોળકીના સભ્યો ને કહીં દીધું કે જેને સત્સંગી બનવું હોય તે મારી સાથે આવો. એમ કહીં જોબનપગીએ સભા તરફ ડગલા ભર્યા. બસ ! આજ તો કહીં જ દઉં. આજ તો માથું મૂકી જ દઉં. ભલે મને મારી નાંખે. ભલે મને પકડી લે. કાઠી-પાર્ષદો ભલે મારા ઉપર હથિયારના પ્રહારો કરે. આજે ત્યાં જઈને નમી પડું.

સભામાં કોઈએ કહ્યું, સાવધાન, જોબનપગી આવે છે. તો કેટલાય કાઠી દરબારોએ પોતાના હથિયાર સંભાળ્યા. શ્રીહરિ કહે शान्तम् શાંતિ રાખો. તમે જે માનો છો એ જોબનપગી નથી ત્યાંતો જોબનપગી આવ્યો. જ્યાં શ્રીજી મહારાજ બિરાજતા હતા, એ મંચ પાસે આવીને ધરતી ઉપર પડ્યો. રડવા લાગ્યો મહારાજ માફ કરો ! જ્યાં ગુના છૂટવાના હોય ત્યાં ગુના કરવા આવ્યો છું ક્ષમા કરો પ્રભુ. હું મલિનછું. પાપી છું, અધમ છું.



જોબનપગી ! બેઠા થાઓ. મધુરી ગંગાના પ્રાવહ જેવી વાણી સંભળાઈ. મહારાજની કૃપાદ્રષ્ટિ જોબન ઉપર પડી. પાપ માત્ર પ્રજળી ઉઠ્યાં. બળી ગયા. સ્વામિનારાયણ ભગવાને પોતાના હાથે કંઠી બાંધી. અભયવરદ હાથ મસ્તક ઉપર આવ્યો. જીવન બધું બદલાઈ ગયું. જોબન પરમ ભાગવત ભક્ત બની ગયો. જોબનપગી શ્રીહરિના પાર્ષદોમાં અગ્રેસર ગણાવા લાગ્યો. જેનું નામ લેવાથી દિવસ બગડે એવો જોબનપગી, હવે જેનું નામ લેવાથી દિવસ સુધરે એવો પરમ વંદનીય, પ્રાતઃ સ્મરણીય ભક્ત બની ગયો. મહારાજે પોતાનું અધમ ઉદ્ધારણ નામ સાર્થક કર્યું.

જોબનપગીએ મહારાજ માટે ખેડૂતના ખેતરમાંથી તેને પૂછ્યા વિના એક દાતણ કાપેલું, ત્યારે મહારાજે માલિકને પૂછ્યા વિના કોઈ વસ્તુ ન લેવી. એ આજ્ઞાની જોબનને યાદ અપાવી, ત્યારે જોબને તે ખેડૂતના ઘેર જઈને ખેડૂતની માફી માંગેલી, એવા સત્સંગ શીરોમણી આ જોબનપગી બન્યા હતા. એવો પ્રતાપ સ્વામિનારાયણ ભગવાનનો છે.

## (૪૦) ઉત્કંઠેશ્વર મહાદેવજીને પ્રસાદીના કર્યા :

શ્રીજી મહારાજે વનવિચરણ દરમિયાન તેમજ સત્સંગ વિચરણ દરમિયાન ભારત વર્ષના અગણિત તીર્થોને પ્રસાદીના કર્યા છે. આવા પવિત્ર તીર્થોમાં પણ કોઈ મુમુક્ષુ જીવ તે તીર્થમાં રહેલાં દેવનું ભાવથી દર્શન પૂજન કરે તો પણ તે જીવાત્માને તે દેવના આશીર્વાદથી તથા મહારાજની કૃપાથી દેવદુર્લભ સત્સંગની પ્રાપ્તિ થાય છે. મહારાજના વિચરણનો એજ હેતું હતો કે અનંત જીવાત્માઓનું કલ્યાણ થાય. શિવજી અનેકવાર મહારાજના દર્શને પધાર્યા છે. આજે મહારાજ સામે ચાલીને શિવજીને દર્શન આપવા પધારે છે.

વાત્રક નદીને કિનારે જાબાલી આશ્રમ છે. મહર્ષિ જાબાલી ઋષિએ ત્યાં તપ કરેલું છે. સંસ્કૃતમાં વાત્રકને વેત્રવતી તરીકે નામ આપેલું છે. વેત્રવતીના કિનારે જાબાલી આશ્રમમાં શ્રીજી મહારાજ પધાર્યા. થોડો વિસામો લઈ અને પછી તરત જ ઉત્કંઠેશ્વરમાં પ્રભુ પહોંચ્યા.

વિશાળ પ્રાચીન મંદિર છે. સ્વામિનારાયણ ભગવાને ઉત્કંઠેશ્વર મહાદેવજીના મંદિરમાં પ્રવેશ કર્યો. અને પછી સંતોને કહ્યું, અહીં શિવલિંગતો છે નહિ. સંતો કહે મહારાજ ! આ છે એ જ શિવલિંગ. અંદર અંધારુ હતું.

કોઈ પાર્ષદે હાથ નાખ્યોં, મહારાજ અંદર જળ છે. શિવલિંગતો નથી. શ્રીજી મહારાજ કહે કંઈ નહિ, આપણે અહીં આવ્યા એટલે મહાદેવજી માની લેશે. શ્રીજી મહારાજે ઉત્કંઠેશ્વરના મંદિરમાં બિરાજી પોતાના ચરણ અંદર ઉતાર્યા. ભોળાનાથ રાજી થઈ ગયા, અને પ્રગટ થઈને મહારાજની સ્તુતિ કરી.

પૂજારીજી આવ્યા. એ વખતે જંગલ હતું. મહાદેવજીના પૂજારીના બે-ત્રણ છોકરાં સામે મહારાજે જોયું. સૂકલકડી હતા. અરે પૂજારી, અહીં તમે આ બાળકોને શું ખવરાવો છો ? અહીં કોઈક માણસ આવે ત્યારે કંઈ મૂકે. બાકી અહીં આજીવિકા અમારી કંઈ ચાલતી નથી. શ્રીજી મહારાજે પોતાના હાથમાં સોનાનું કડું તથા દાગીના હતા. એ તરત પૂજારીને આપી દીધાં. પૂજારીજી રાજી રાજી થઈ ગયા.

મહારાજનો આવો દયાળું સ્વભાવ છે. કોઈને દુઃખિયા રે દેખી ન ખમાય.

**(૪૧) શ્રીજી મહારાજ પોતાના સંતો-ભક્તોને સામા લેવા આવે છે :**

આપણા શાસ્ત્રોમાં મહારાજના અસંખ્ય એવા ચરિત્રો છે કે જેમાં મહારાજના દર્શન સારું ભક્ત પોતાના ઘેરથી નીકળે એટલે મહારાજ ઘણીવાર પોતાના ભક્તની સામે જતા અને તે ભક્તની તમામ પ્રકારે સંભાળ લેતા અને આજે પણ મૂર્તિ દ્વારા એવો પ્રતાપ જણાવે છે.

સ.ગુ. ગોપાળાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ ખુશાલ ભટ્ટ હતું. ટોરડા ગામમાં રહ્યા થકા મોહનજીને મળવા, ગૃહત્યાગ કરવા એમનું અંતર તલસ્યા જ કરતું હતું. અંતર્યામી શ્રીજી મહારાજ પણ એમના અંતરની આ અકળામણ જાણીને બ્રાહ્મણના રૂપે ટોરડા ગામે અચલેશ્વર મહાદેવજીના મંદિરે એમની પાસે આવ્યા. વાતચીત કરતાં આવનાર બ્રાહ્મણે પોતે કાઠિયાવાડ તરફ જવાની વાત કરી. ખુશાલ ભટ્ટ એ તરફ જવા ઝંખી રહ્યા હતા. એટલે સારો સથવારો મળેલો જાણી તેઓ ઘર છોડીને આ બ્રાહ્મણ સાથે ચાલી નીકળ્યા. આતુરતામાં એમણે સાથે કશું જ લીધું ન હોતું. માર્ગમાં વિપ્રવેશમાં શ્રીજીએ એમની અન્નજળે કરીને બધી જ બરદાસ કરીને સુખેથી જેતલપુર પહોંચાડ્યા.

જેતલપુરમાં બિરાજતા પ્રગટ શ્રીહરિના દર્શન કરી ખુશાલભાઈએ પરમ શાંતિ અનુભવી. શ્રીજીએ એમને મુસાફરીના બધા સમાચાર પૂછ્યા. ખુશાલભાઈએ વાટનો બધો જ અહેવાલ કહ્યો. શ્રીજીએ કહ્યું, તમને અહીં



તેડી લાવવા માટે અમે જ બ્રાહ્મણરૂપે આવ્યાને અહીં સુધી તેડી લાવ્યા હતા. શ્રીહરિનો પોતા પરનો આવો અનુગ્રહ જાણીને ખુશાલભાઈ બહુ આનંદ પામ્યા ને શ્રીજી સેવામાં જાતને સમર્પી દીધી.

અન્ય એક પ્રસંગ જોઈએ તો કોઈક સમયને વિષે શ્રીજી મહારાજ ગામ કારિયાણી મધ્યે બિરાજમાન હતા. અને તે મહારાજના દર્શન કરવા સારું પોતાને ગામથી શેઠ મુળજીભાઈ તથા ભક્ત સગરામએ બે જતા હતા. તે સાલેમાલ પર્વતમાં ભૂલા પડ્યા ને જેણીકોર મૂળીના પરમારના બહારવટીયા રહેતા હતા, તેણીકોરે ચાલ્યા. ત્યારે શ્રીજી મહારાજ ભરવાડનો વેશ લઈને આવ્યા ને મુળજીભાઈને એમ કહ્યું જે, "તમારે ક્યાં જાવું છે ?" ત્યારે એમણે એમ કહ્યું જે, "કારિયાણે જાવું છે. ત્યારે તે ભરવાડ એમ બોલ્યો જે, "કારીયાણું તો આણીકોરે રહી ગયું ને તમો તો ભૂલા પડ્યા છો. તે જેણીકોરે પરમારના બહારવટીયા રહે છે તેણીકોર જાઓ છો માટે તમને લૂંટી લેશે. તે ચાલો મારા ભેગા, તમને માર્ગ દેખાડું ને મારી ગાયો પણ એણીકોરે ચરવા ગઈ છે, તેથી મારે પણ એણીકોર જાવું છે." એમ કહીને લાકડી ખભે લઈને આગળ ચાલ્યા. તે પાણી દેખાડીને પાણી પાયું. ને મુળજીભાઈના પગમાંથી કાંટા કાઢ્યા, અને કરિયાણીની ભાગોળ સુધી ભેળા આવીને એમ કહ્યું જે, "આ કારિયાણું છે, તેમાં જાઓ અને મારી ગાયો એણીકોરે ગઈ છે તે હું પણ એણીકોરે જાઈશ." એમ કહીને અદ્રશ્ય થઈ ગયા. તે ખોળ્યાં પણ જડ્યા નહિ. ને મુળજીભાઈ તથા સગરામ ભક્ત એ બે જણ ગામમાં જઈને કાઠીના દરબારમાં શ્રીજી મહારાજના દર્શન કરતા હતા. તે પછી પોતાનું રસ્તાનું જે વૃતાંત મહારાજને કહેતા હતા, ત્યારે મહારાજ એમ બોલ્યા જે તમે સાલેમાલમાં ભૂલા પડીને જતા હતા, એણીકોરે તો મૂળીના બહારવટીયા હતા, તે જો અમે ભરવાડનો વેશ લઈને ન આવ્યા હોત તો તમને લૂંટી લેત ને ઝાલીજાત." એવી રીતે શ્રીજી મહારાજે રસ્તામાં પોતાના ભક્તની સહાય કરી.

એક સમયે સૌરાષ્ટ્રની કેટલીક બહેનોએ કેટલાક સમય સુધી પૂનમનાં દિવસે એક જ દિવસમાં પ્રાયવેટ લકઝરી બસ દ્વારા ગઢડા, સાળંગપુર, અમદાવાદ, જેતલપુર તથા વડતાલ ધામમાં બિરાજમાન શ્રીજી સ્વરૂપોનું

દેવોનું દર્શન કરવાનો નિયમ રાખ્યો હતો. તેમાં આ લેખકના બહેન પણ સામેલ હતા. એક પૂનમના દિવસે બસે કાળુપુર શહેર વિસ્તારમાં પ્રવેશ કર્યો. તે દિવસે કોમી રમખાણોમાં જડબે સલાક કરફ્યું હતો. કરફ્યુંના ચુસ્ત અમલ માટે મિલિટરીનો પાકો બંદોબસ્ત હતો. બહેનોને આ વાતની જાણ મળી ચૂકી હતી. પરંતુ દરેક બહેનોને નરનારાયણદેવ સ્વરૂપે શ્રીજી મહારાજમાં સંપૂર્ણ શ્રધ્ધા હતી. બહેનો બસમાં 'સ્વામિનારાયણ મહામંત્ર'ની ધૂન્ય કરતા હતા. બહેનોના કહેવાથી ડ્રાયવરે કરફ્યું વિસ્તારમાં ગાડી પ્રવેશ કરાવી કે તુરત જ મિલિટરીના જવાનોએ પૂછપરછ શરૂ કરી. પરંતુ મિલિટરીના કઠોર હૈયામાં દયાળુ ભક્તવત્સલ નરનારાયણદેવે પ્રવેશ કર્યો હોય એમ તે જવાનોએ કહ્યું કે કરફ્યુ પાસ વિના આ વિસ્તારમાં કોઈનાથી પણ પ્રવેશ કરી શકાય તેમ નથી. પરંતુ તમારી બસને અમારી ગાડીની પાછળ આવવા દો, અમે તમોને કાળુપુર મંદિરના દરવાજા સુધી પહોંચાડી દઈએ છીએ. અને મંદિરમાંથી દર્શન કરી પરત ફરવા માટે અમે તમારી બસને કરફ્યું વિસ્તારમાંથી બહાર સુધી મુકવા આવીશું, માટે કોઈજાતની ચિંતા કરશો નહિ.

નરનારાયણદેવે પોતાના પ્રતાપથી ભક્ત બહેનોનો પોતાનું દર્શન કરવારૂપી ભાવ તથા પૂનમનો નિયમ પૂરો કરાવ્યો.

પોતે નરનારાયણ બોલિયા રે, મને વાલા પૂનમિયા દાસ,
એમ જાણીને પૂનમે આવ જો રે,
મારે એથી અધિક તે કોય નહિ રે,
એ તો રે'શે સદા મારી પાસ ...... એમ. ૧ (પદ-૨)
ધામ અક્ષર તુલ્ય અમદાવાદ છે રે
આજ આથી અધિક નહિ ધામ...... એમ.
પોતે પૂર્ણાનંદનો નાથજી રે,
સ્વામી સહજાનંદ જેનું નામ...... એમ. (પદ-૩)

## (૪૨) શ્રીહરિની ગઢપુરમાં હુતાશની પ્રસંગે રંગક્રીડા :

શ્રીહરિએ ફુલદોલ, હુતાશની પ્રસંગે અમદાવાદ, વડતાલ, ગઢપુર, મૂળી વગેરે ધામમાં વારંવાર રંગક્રીડા કરીને સંતો-હરિભક્તોને અલૌકિક સુખ આપેલુ, તે પૈકી એક પણ રંગક્રીડાનુંએ સ્મરણ ન કરીએ તો શ્રીહરિના ચરિત્રોનો રંગ ઓછો પડે, તેવી દ્રષ્ટાંતરૂપ ગઢપુરની એક લીલા લખું છું.



ફુલદોલ, રામનવમી, જન્માષ્ટમીને દિવાળીના ઉત્સવોમાં શ્રીહરિ ગુપ્ત રહેતા નહિ. તે વિના ક્યારેક છાના ને ક્યારેક પ્રગટ રહેતા. હુતાશનીને દિવસે અભયરાજાએ ચોકમાં રંગના હોજ બનાવ્યા અને શ્રીહરિને કહ્યું કે અમે રંગ બનાવીએ છીએ અને સંતોમાટે પિચકારીઓ કરાવીએ છીએ. તમો સંતો સાથે કેવા રમો છો, તે અમે એકવાર જોઈશું તમારો ખેલ દેખે નહિ ત્યાં સુધી તમારો રંગ લાગે નહિ. શ્રીહરિએ તેમને રંગ કરવાની આજ્ઞા દીધી. રંગ અને પિચકારી બનાવરાવ્યા. ગુલાલ પણ અપાર મંગાવ્યો. રંગના હોજ ભરાવ્યા. શ્રીહરિ જોવા માટે આવ્યા. જીવેન્દ્ર સાથે હતાં તે હોજ દેખીને દંગ થઈ ગયા ને શ્રીહરિને કહેવા લાગ્યા કે અમે આવા જ હોજ બનાવીએ છીએ. તમે સંત હરિભક્તો સાથે રંગે રમો.

હુતાશનીને દિવસે વાજિંત્ર વાગવા લાગ્યા. સંત સભામાં શ્રીહરિ સિંહાસન પર બેઠા હતા. ગામ ગામના ભક્તો પૂજા કરી ખારેક, ખજૂર, શ્રીફળ, સાકરના હાર અર્પણ કરતા. વસંતી વસ્ત્રોને પુષ્પના હાર અને ગુચ્છ વગેરે પહેરીને શ્રીહરિ બેઠા હતા. હારનો ભાર થઈ જાય ત્યારે સંત હરિભક્તોને આપતા. તેથી સભા ફૂલવાડી જેવી લાગતી. ફૂલદોળને દિવસે સંતો સહિત સુરતના હરિભક્તોની રસોઈ જમ્યા ને રંગ રમવા તૈયાર થયા. ગોલોકમાં મૂર્તિ છે તે જ ભક્તના સુખને માટે વૃંદાવનમાં રાસ રમે છે. ત્યાં અખંડ રંગ રમાય છે ને ત્યાંની બધી વાતો અલૌકિક છે. કામબુદ્ધિનો ત્યાં ભાવ નથી. બ્રહ્માંડમાં જીવ ભમે છે તેનું કારણ કામબુદ્ધિ છે. પ્રાકૃત તન રહે ત્યાં સુધી પ્રાકૃત મતિ રહે છે. નક્કી સંતને નક્કી હરિભક્તોની સમજણ અલૌકિક છે. તેને કામનાં સુખ ઉલટી અને મળ સમાન દેખાય છે. એવા સંત હરિભક્તો સાથે શ્રીહરિ રંગે રમતા. રંગનો એક હોજ સંતોને આપ્યો. બીજો હોજ હરિભક્તો સહિત પોતાના પક્ષમાં રાખ્યો. સંતો પિચકારી લઈને તૈયાર ઉભા રહ્યા. હરિભક્તો પણ ઉભા હતા. વાજિંત્ર વાગવા લાગ્યા. પુરના લોકો જોવા આવ્યા. ફરતા દશ દશ ગાઉ સુધીના લોકો જોવા આવ્યા હતા. શ્રીહરિએ નેત્રની સાન કરી કે બેઉ બાજુથી પિચકારીઓ છૂટી. રંગથી બધા ભિંજાઈ ગયા એક કલાક સુધી રંગ છોડ્યો. બન્ને હોજ ખાલી થયા, રંગખેલ જોઈને અતિ આશ્ચર્ય પામ્યા. ચોક અને લીમડો બધુ રંગાઈ ગયું. રંગનો રેલો બજારમાં થઈને ઘેલામાં પહોંચ્યો. બજારમાંથી રંગની પ્રસાદી લોકો માથે ચઢાવતા. પછી ગુલાલની ધૂમ મચી અને આકાશમાં આંધી ચઢી હોય તેવું

દેખાયું. દરેકના શરીર ભૂમિ ને આકાશ ગુલાલમય બની ગયા. સૂર્ય પણ લાલ દેખાવા લાગ્યો.

રંગ અને ગુલાલે રમીને ગુલાલ ઉડાતતા બજારમાં ચાલ્યા, સંત હરિભક્તો પણ હતા. શ્રીહરિના અંગ લાલ થઈ ગયા. બપોર થયા હતા. બોકાની બાંધી હતી. શ્રીહરિની સાથે જીવેન્દ્ર હતા. તેમણે હાથ જોડીને કહ્યું કે અમે રંગ બહુ તૈયાર કર્યો છે, ત્યારે શ્રીહરિ કહે ચાલો હમણાં જ અમે આવીએ. એમ કહીં ગુલાલ ઉડાડતા વાજતે ગાજતે જીવેન્દ્રના દરબારમાં આવ્યા, ત્યાં પણ રંગના બે હોજ હતા. ગુલાલ પણ ખૂબ હતો, ત્યાં પણ સંત હરિભક્તો સાથે ક્રીડા કરી સૌને પ્રસન્ન કર્યા.

ત્યારબાદ રામદાસજી સ્વામીએ આત્માનંદ મુનિ તથા રામાનંદ સ્વામીની વાત કરી, પછી શ્રીહરિને કહ્યું કે, હે મહારાજ ! તમે જેટલા ચરિત્ર કરો છો તે જીવને વિષયના બંધનથી છોડાવવા માટે જ છે. જ્યારથી તમે સત્સંગમાં આવ્યા છો ત્યારથી વર્ષમાં બે ત્રણ પ્રકરણ ફેરવો છો, કારણ કે તમે બંધનને જાણો છો, બીજા જાણતા નથી તેથી તમે એ તજાઓ છો પણ તેઓ બેફામ વર્તે છે.

જીવેન્દ્રના દરબારમાં તથા રાજ બજારમાં રંગનો કીચડ થઈ ગયો અને રંગનું પાણી ઘેલામાં ગયું. એક પહોર સુધી રંગ રમ્યા. દેવતાઓ પણ દર્શને આવ્યા ને વિનંતી કરી કે અમો તમારો મહિમા જાણી શકતા નથી. પણ તમારી મરજીમાં જે પ્રેમથી વર્તે છે તેનો જન્મ નીચ યોનિમાં હોય તો પણ અક્ષરધામથી અધિક છે. મરજી લોપીને ધામને પામ્યા હોય તો.

•

## ૧૧. શ્રીજી મહારાજે સંતો-ભક્તોને આપેલા દિવ્ય પરચાઓનું આચમન :

શ્રીજી મહારાજ પૃથ્વી ઉપર પધાર્યા તે સમયે અને ત્યાર પછી આજ સુધીમાં કોઈ સંત-હરિભક્તોનું જીવન એવું નહીં હોય કે જેમને શ્રીજી મહારાજનો કોઈ પરચો ન થયો હોય !! કોઈ પણ પ્રકારના સંકટ સમયે ભક્તો જો શ્રીજી મહારાજનું સાચા ભાવથી સ્મરણ કરે તો તુરત જ તેનો સંકટમાંથી છૂટકારો થાય છે. આપણાં શાસ્ત્રોમાં અગણિત એવા પરચા છે કે



જેમાં શ્રીજી મહારાજે જળ, અગ્નિ, હિંસક પશુઓ, ચોર તથા અન્ય દુષ્ટાત્માઓ અને ક્રુર માણસોના ભયથી પોતાના ભક્તોને ઉગાર્યા છે. પોતાના સ્ત્રી ભક્તોના શીલની રક્ષા કરી છે. જેનું થોડું આચમન કરીએ.

### (૧) કુંડાલના કલા ભગતનું ખેતર જતું બચાવ્યું :

કુંડાલ ગામમાં કલા ભગત સીધા સાદા એક ખેડૂત હતા. ગામમાં એક જ ભક્ત. પરંતુ સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં નિષ્ઠા પાકી. કલા ભગત ભલા-ભોળા અને નિખાલસ પ્રકૃતિના હતા. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ અખંડ ભજન કરે. એના સગા-સંબંધિઓ વિરુદ્ધ પડ્યા. દગાખોરો ભેગા થયા અને કાવત્રુ ગોઠવ્યુ કે આ કલો સ્વામિનારાયણ સ્વામિનારાયણ છો કરતો. આપણે એની જમીન પડાવી લઈએ. કલાનું ખેતર આપણે પડાવી લઈએ. પછી બિચારો કલો શું કરે ! ભલે જાય, માથું મુંડાવીને સાધુ થઈ જાય, આપણે શું છે ? નકામો આખા ગામમાં વહેલો ઉઠી અને સ્વામિનારાયણ, સ્વામિનારાયણની બૂમો પાડે છે. ગામમાં એના પક્ષે બોલે એવો કોણ છે ? સાક્ષી આપે એવો કોણ છે ? આ ચંડાળ ચોકડી કડીમાં પહોંચી, પરંતુ ચંડાળ ચોકડીને ખબર નહોતી કે જેના પક્ષે સ્વામિનારાયણ ભગવાન હોય તેને બીજા કોઈ માણસના પક્ષની જરૂર ન રહે.

એ વખતે કડીમાં ગાયકવાડી રાજ્ય હતું. કડી અને આજુબાજુના ગામડાનું શાસન કડીમાંથી ચાલતું. કડીની ઓફિસમાં જઈને અધિકારીઓને લાંચ આપી. લ્યો, આ પાંચસો રૂપિયા, અમારે એક ખેતરનો જરા ઝગડો છે. એ તમારી પાસે ઝગડો આવે તો તમારે સાંભળવું નહિ.

બીજા દિવસે આ ચંડાળ ચોકડીએ કલાને કહ્યું, કલા ! તું જે ખેતર ખેડે છે એ અમારું છે, તારું નથી. આટલા દહાડા અમે બોલ્યા નથી, પણ આજથી તારે એ ખેતરમાં પગ નહિ મૂકવાનો. શું વાત કરો છો ! એ ખેતર તો મારા બાપ દાદાથી ખેડાતું આવ્યું છે ! તારી પાસે પુરાવો છે કોઈ ? લખાણ છે ? કોઈ સાક્ષી છે ? આખું ગામ સાક્ષી છે. એમ ન ચાલે, અમારા ભેગો કચેરીમાં આવે એ સાક્ષી ગણાય. કચેરીમાં જઈને ભગતે કહ્યું, મારું ખેતર આ લોકો પડાવી લે છે. તમે ન્યાય આપો. લાંચ લઈને બેઠેલા શું ન્યાય આપે ! અમે ખેતરમાં આવીશું અને ધર્મનો ન્યાય કરીશું.

બીજા દિવસે બધા ખેતરમાં ભેગા થયા. આખું ગામ ભેગું થયું. ધર્મનો

ન્યાય જોવા. ધર્મનો ન્યાય એટલે મોટો એક લોખંડનો ગોળો લાલચોળ કરાવ્યો છાણાનો મોટો ઢગલો કરીને લોખંડનો આ ગોળો ગરમ કર્યો. કલાને કહે છે ઉપાડ આ ગોળો, અને જેટલામાં તારું ખેતર હોય એટલામાં આંટો માર. જો તારા હાથ દાઝે નહિ, તો તું સાચો. હાથ દાઝે તો તું ખોટો.

કળિયુગમાં આવી પરીક્ષાનો નિષેધ છે કળિકાળમાં તો ગમે એવો સાચો માણસ હોય તો પણ અગ્નિ એને બાળેછે. લોખંડનો ગોળો ધગધગવા લાગ્યો. અધિકારીઓએ કલાનેકહ્યું, કલા ઉપાડ ગોળો. જો તું દાઝી જઈશ તો ખેતર તારું નહિ, તું જુઠ્ઠો ઠરીશ.

કલા ભગત વિચાર કરે છે, હે સ્વામિનારાયણ ભગવાન ! શું આ પરીક્ષામાંથી તમે મને પાર ઉતારશો પ્રભુ ! અને ત્યાં સ્વામિનારાયણ ભગવાને કલા ભગતના હૃદયમાં એવી હિંમત પ્રેરી. કલાએ ધગધગતા લોખંડના ગોળા સામે જોયું. તો ગોળા ઉપર કીડીઓ ફરતી દેખાઈ. કીડીઓની લાઈન લાગેલી ધગધગતા ગોળા ઉપર અને કલા ભગતે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલી દોડીને ધગધગતો ગોળો ઉપાડ્યો અને ખેતરના શેઢે શેઢે ચાલવા માંડ્યા. પેલા દુર્જનોના ખેતર પણ બાજુમાં જ હતા. એને બીક લાગી, આ જો આગળ ચાલશે તો અમારા ખેતર પણ માપી લેશે. પણ સત્સંગી કોઈનું પચાવી લેવા, પડાવી લેવા ઈચ્છતો જ નથી. પોતાના ખેતરના શેઢે શેઢે ચાલ્યા આવે છે. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલતા આવે છે. તો કોઈ દુર્જનો બોલવા માંડ્યા, ગોળો બરાબર ગરમ નહિ થયો હોય, અને જ્યાં ચક્કર મારીને આવ્યા, નીચે ગોળો નાંખ્યો ત્યાં ઘાસ પણ સળગવા માંડ્યું.

કલા ભગતે બધાને હાથ બતાવ્યા. જોઈ લો મારા હાથ સૌએ જોયું. દાઝવાનો એક ડાઘ પણ નહિ પડેલો. એક ફોલ્લો પણ નહીં ઉઠેલો, કંશુ જ નહિ, કોમળ ચામડી, એવા જ સારા હાથ. અધિકારીઓએ સહી કરી, સિક્કા લગાવ્યા. આ ખેતર કલા ભગતનું જ છે પેલા દુર્જનો કહે, આપણા પાંચસો રૂપિયા ગયા. લાંચ આપવાવાળાનું ઘણીવાર આવું જ થતું હોય છે. શ્રીહરિએ આ રીતે પોતાના ભક્તની રક્ષા કરી અને તેનું ખેતર જતું બચાવ્યું.



## (૨) અખંડાનંદ સ્વામીને વાઘના મુખમાંથી ઉગાર્યા :

અખંડાનંદ સ્વામી આનંદી સ્વભાવના, કામ, ક્રોધ વગેરે અંતઃશત્રુઓને જીતેલા અતિ ત્યાગી અને તપસ્વી, સુખ-દુઃખ, માન-અપમાન વગેરે દ્વંદ્વમાં સમભાવ તથા ભય-વિપત્તિમાં પણ સમઝણથી સદાય સુખી રહે તેવા મોટા સંત હતા. શ્રીહરિની ઈચ્છા પ્રમાણે જ્યાં ત્યાં સદાય વિચરણ કરે. તેઓ એક દિવસ એકલા ચાલ્યા. સાથે કોઈ સંતને પણ ન લીધા. ફરતા ફરતા એક ઉજ્જડ વનમાં આવી પહોંચ્યા, જ્યાં કોઈ મનુષ્ય પણ નહોતા. જંગલમાં સ્વામીને ચાર વાઘે આવીને વીંટી લીધા. અખંડાનંદ સ્વામીએ વિચાર્યું કે આ દેહનો આજે કાળ આવી ગયો છે, વાઘ મારા શરીરને ફાડી ખાશે. વહેલા મોડા પણ મારો દેહ તો પડવાનો જ હતો. એ વાતમાં તો શંકા નથી, માટે આજ ખૂબ સારું થયું કે વાઘ અર્થે મારું શરીર કામમાં આવશે. હવે મારે કંઈ વિલંબ કરવો નથી, વાઘ પાસે વહેલાસર ધસી જાઉં.

ચાલ્યા અખંડાનંદજી જ્યારે, આવ્યા અલબેલો વારે ત્યારે ॥
જાણ્યું જનને મારશે વાઘ, બહુ કષ્ટે થાશે તન ત્યાગ ॥૨૯॥
તે તો મુજથી કેમ સહેવાય, જોઉં હું દાસને દુઃખ થાય ॥
તે તો ઘટે નહિ કોઈ કાળ, પછી કોણ કહે મને દયાળ ॥૩૦॥

આવી રીતે અખંડાનંદજી જ્યારે વાઘની સન્મુખ ચાલ્યા, ત્યારે દયાળુ શ્રીહરિ અખંડાનંદ સ્વામીની વહારે આવ્યા. શ્રીહરિએ જાણ્યું કે મારા જનને વાઘ મારશે તેથી બહુ કષ્ટથી તેના શરીરનો અંત આવશે. મારા દાસને દુઃખ થાય, તે મારાથી કેમ સહેવાય ? તે તો કોઈ કાળે ન બને, પછી મને દયાળું કોણ કહે ? માટે આજે અવશ્ય એને વાઘના મુખમાંથી ઉગારું, સંકટમાંથી તેને તારી લઉ, એમ શ્રીહરિએ વિચાર કર્યો.

અખંડાનંદ સ્વામી આનંદથી સહજાનંદ સ્વામીનું સ્મરણકરતા ચાલ્યા. વાઘની નજીક આવ્યા. વાઘ સ્વામીની સામે જોઈ રહ્યા. વાઘના મુખની પાસે આવ્યા. પરંતુ શરીરમાં કે મનમાં સહેજ પણ ડર નથી. સ્વામી વાઘને કહેવા લાગ્યા. શું જોઈ રહ્યા છો ? મારી ઘાત કરો. ત્યારે વાઘે થાપ ઉગામી. સ્વામી ડર્યા વિનાના અડગ ઉભા રહ્યા. વાઘે સ્વામીને નિર્ભય જોઈને તેઓ પર થાપ ન વાળી. શ્રીહરિ સ્વામીની વહારે આવ્યા તેથી

સાવજને અંતરમાં જ્ઞાન થયું. વિચાર થયો કે આવા સાધુને કેમ મરાય ! વાઘ સ્વામીના ચરણોમાં લોટી પગે લાગ્યા. સ્વામીને ચાર પ્રદક્ષિણા કરી જંગલમાં જતાં રહ્યાં.

શ્રીહરિએ વાઘની ચિત્ત વૃત્તિ ફેરવી, પોતાના જનને પરચો પુરી આવી રીતે સંકટમાંથી ઉગારી લીધા.

**(૩) કૈવલ્યાનંદ સ્વામીને પાણીમાં બૂડતા બચાવ્યા :**

કૈવલ્યાનંદ સ્વામી વન, પર્વત, ગુફામાં ફરતા ફરતા કંક દેશમાં આવ્યા. પોતાની સાથે પાંચ સંતો હતા. સાબરમતી નદીને કિનારે આવ્યા. નદીની પાસે મોટો દરિયો હતો તે જાણ્યું નહિ. શ્રીહરિના દર્શનની ખૂબ અભિલાષા હતી. મનમાં મહારાજને મળવાનો ખૂબ ઉમંગ હતો. અંતરથી ખૂબ ઉદાસી થકા ઉતાવળા પાણીમાં પડતું મુક્યું. મનમાં કાંઈ સાન ગુમાન નથી. ધીરજવાળા તે મુનિ નદીની મધ્યમાં આવી ગયા. ત્યાં તો અતિ ઉતાવળું વેગથી પાણી આવ્યું. ઘડેડાટ કરતો પાણીનો ઘોડો આવ્યો. વાંસ જાળ પાણી થઈ ગયું. તેની મધ્યમાં સંત ડૂબ્યા. પોથી, ગોદડી તણાય ગયું. થોડીવાર બુડિને પાછું મસ્તક જળથી બહાર નીકળે, એમ ડૂબકા ખાવા લાગ્યા અને પેટમાં ખારું પાણી ઉતરવા લાગ્યું. પૂર વચ્ચે આવ્યા, હવે ક્યાં જવું ? મનમાં મૃત્યનું નક્કી થઈ ગયું. ત્યારે પાંચે સંતો માહોમાંહી કહેવા લાગ્યા, આ સમયે આપણે ભગવાન ભજી લેવાછે, બીજે ક્યાંય મન રાખવું નથી. માટે મહારાજનું ચિંતવન કરો.

એમ વાત કહેતા લાગી ન વાર, આવ્યા વારે ત્યાં વિશ્વ આધાર
લાવ્યા હોડી હરિ જળમાંય, ઝટોઝટ ઝાલ્યા સંત બાંય ॥
હોડીમાંય બેસારિયા હાથે, રાખ્યા સંતને બુડતા નાથે ॥૪૬॥

આવી રીતે સંકટમાં શ્રીહરિનું સ્મરણ થતા તુરત જ મહારાજ પાણીમાં હોડી લાવીને, ત્વરીત સંતોને બાંયથી ઝાલીને, પોતાના હાથે હોડીમાં બેસાડી દીધા અને બુડતા બચાવી લીધા. એટલું જ નહિ પરંતુ દયાળુ શ્રીહરિએ સંતોની પોથી અને ગોદડી પણ પાણીમાંથી લઈ લીધી, કોઈ વસ્તુ પાણીમાં બુડવા ન દીધી. નદીના સામે કાંઠે સંતોને શ્રીહરિએ ઉતારી દીધા અને કહ્યું કે હવે ધીરે ધીરે જાઓ. એમ પરચો પુરી શ્રીહરિએ સંતોની પાણીમાં રક્ષા કરી.



**(૪) ઉદ્ધવજી નામના હરિભક્તની ચોર થકી રક્ષા :**

વણીક જાતિમાં ઉદ્ધવજી નામનો એક સારો સત્સંગી હતો. ધર્મમાં રહીને ઉદ્યમ કરે, નીતિથી પૈસા કમાય અને સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે. તેની પાસેથી પૈસા પડાવવા એક દિવસ ચોર તેને ઝાલીને ઘરમાં લઈ ગયા. તેને ખોટો દંડ કરવા માટે તીક્ષ્ણ કઠણ કાંટા વાળો બાવળ કાપ્યો અને તે ચોર હરિભક્તને કહેવા લાગ્યો. આ તારા શરીરે બરાબર વાગશે, દંડ માટે મારે તને મારવો છે. તારે જો આંમાંથી ઉગરવું હોય તો હું માંગુ તેટલા રૂપિયા મને આપવા પડશે. એમ કહીને કાંટાવાળા બાવળની ડાળી ભક્તને મારવા માટે ઉગામી. તેથી તે ભક્ત મનમાં ભય પામી ગયો. આ કઠણ કાંટા કેમ ખમાશે ? આજે જરૂર મારો જીવ જતો રહેશે. ઘરમાં આ ચોરને આપવા જેટલું ધન નથી. આજે હું જીવતો છૂટી શકું તેમ નથી. માટે મહારાજ જો સહાય કરે, તો હું આ દુઃખમાંથી ઉગરી શકું. એમ કહીને નિરાશ થયો. પરંતુ મહાપ્રભુનો અંતરમાં દ્રઢ વિશ્વાસ રાખ્યો.

એવા સમામા આવ્યા દયાળ, દીન બંધુ જન પ્રતિપાળ ॥
દીધું ઉદ્ધવજીને દર્શન, નિરખી જન થયાં મગન ॥૨૮॥

દીન બંધુ જન પ્રતિપાળ દયાળુ શ્રીહરિ આવા વિકટ સમયે ત્યાં તત્કાળ આવીને ઉદ્ધવજીને દર્શન દીધું. ઉદ્ધવજીની આંખમાં જળજળીયા (આંસુ) આવી ગયા. ગદ્‌ગદ્ કંઠે કહેવા લાગ્યો હે મહારાજ ! મને દીન જાણીને તમે સારું કર્યું આવી ગયા. આ સમયે હે નાથ ! જો આપ ન પધાર્યા હોત તો આને હાથે મારું મૃત્યુ હતું. એમ કહીને તે શ્રીહરિના પગમાં પડ્યો. ત્યારે અશરણના શરણ શ્રીહરિ બોલ્યા, હે ભક્ત ! તું હવે કોઈ ભય ન રાખીશ, મનમાં નિર્ભય રહેજે, તને લેશમાત્ર કષ્ટ નહીં થવા દઉં દંડ થયા વિના તું ઘેર આવીશ. એમ કહીને અવિનાશી શ્રીહરિ ત્યાંથી ચાલીને તે ચોરની સ્ત્રી પાસે ગયા. અને કહેવા લાગ્યા. હે સ્ત્રી ! તારો પુરુષ પાપી છે. હરિભક્તને સંતાપીને ધન લાવે છે. હરિભક્તને તુર્ત છોડાવી મુકજે. એમ કહીને શ્રીહરિ ત્યાંથી પધારી ગયા.

આ બાજુ તે ચોર હરિભક્તને બાનમાં લઈને ગામમાં આવ્યો. એક રાત્રિ પોતાના ઘરમાં રાખ્યો. ત્યારે ચોરની સ્ત્રી બોલી કે, આ તો ભગવાનનો

ભક્ત છે. તમને ખૂબ મોટો અપરાધ થયો છે. આને તમે અહીં ઝાલી લાવ્યા છો, તે મહાપ્રભુના ગુનામાં આવ્યા છો. માટે તેને પહેરામણી કરીને, જ્યાંથી લાવ્યા છો. ત્યાં મૂકી આવો. પછી ચોરે તે હરિભક્તને પહેરામણી આપીને તેના ઘેર મોકલી દીધો. આવી રીતે શ્રીહરિએ પોતાના દાસને ચોરના ત્રાસમાંથી છોડાવી રક્ષા કરી.

### (૫) પ્રભુથી વિમુખ સાપ યોનિમાં રહેલાં વસનદાસ કણબીને શ્રીજી મહારાજે દર્શન આપીને પુણ્યશાળી બનાવ્યો :

ચાંગા ગામમાં એક વસનદાસ નામના કણબી રહેતા હતા. તેને આઠે પહોર ખેતીનો અધ્યાસ રહેતો હતો. મુખેથી કોઈ દિવસ ભગવાનનું નામ લેતા ન હતા. તેઓ બહુ ક્રોધી અને રીસવાળા હોવાથી, ગામના લોકો પણ તેનાથી ડરીને દૂર ચાલતા હતા. સમયાંતરે જ્યારે તેનું મૃત્યુ થયું, ત્યારે લક્ષણ પ્રમાણે તે કાળોતરો નાગ થયો. નાગ થઈને પોતાની વાડીમાં રહેવા લાગ્યો. નાગની યોનિમાં પણ અગ્નિની ઝાળ જેવો તીખો ક્રોધી સ્વભાવ રાખતો. પોતાની વાડીમાં કોઈ ઢોર કે ચોરને પેસવા ન દે. અને જો કોઈ પરાણે પેસે તો તેને ડંખ મારીને તેનો જીવ લઈ લે.

એક સમયે સ્વામિનારાયણ ભગવાન સવારના પહોરમાં આ વાડીએ સ્નાન કરવા પધાર્યા. વાડીમાં બેસીને મહારાજ સવારમાં દાતણ કરી રહ્યા હતા. મહારાજના આવા મંગળાના દર્શન સાપે કર્યા અને દર્શન કરતાની સાથે અતિ વિસ્મય પામી ગયો. ભગવાનને તુરત જ ઓળખી ગયો અને નિષ્પાપ બની ગયો. તુરતજ મનમાં નિશ્ચય કર્યો કે હવે આજથી હું આ સાપ યોનિમાં જીવીશ ત્યાં સુધી કોઈ જીવને નહીં મારુ, નિર્વિષ થઈને રહીશ તથા રીસ ક્રોધ નહીં કરુ. હવે હું નિર્માની થઈને રહીશ, એવું સાપે વર્તમાન ધારી લીધું.

લોકોને ખ્યાલ આવી ગયો કે આ કાળોતરો હવે સાધુ બની ગયો છે. કોઈને કરડતો નથી. મનુષ્ય જાતિનો સ્વભાવ છે. સીધા સરળ જીવાત્માઓને રંજાડવા. જે માણસ આ સાપને જુએ તે દુઃખ આપવા લાગ્યા. એક દિવસ સાપની યોનિમાં રહેલાં વસનદાસના પુત્રોએ ભેગા થઈને તે સાપને ખૂબ માર્યો. ત્યારે સહન નહીં થતા તે સાપે તેના પુત્રને દંશ મારીને તેના શરીરમાં વસીને બોલવા લાગ્યો હે પુત્ર, તું વગર વાંકે મને કેમ મારે છે ? મારાથી તને



ક્યું દુઃખ થયું ? જે દિવસથી મને શ્રીજી મહારાજ મળ્યા છે. તે દિવસથી મારું કામ થઈ ગયું છે. હું નિર્વિષ થઈને ફરું છું. અને શ્રીજી મહારાજ તથા સંતોના દર્શન કરું છું. એમ કરતા હું જ્યારે આ શરીરનો ત્યાગ કરીશ, ત્યારે મારા જેવા કોઈના ભાગ્ય નહીં હોય ! શા માટે ? તો જ્યારે હું સાપનો દેહ તજીશ ત્યારે સ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવશે. તે વાત તમે સત્ય માનજો. તેમાં સહેજ પણ અસત્ય નથી. નિષ્કુળાનંદ સ્વામી લખે છે ,

એમ બોલિયો વ્યાળ વચન, સૂણી આશ્ચર્ય પામ્યા સહુ જન ॥
જોજ્યો સ્વામી શ્રીજીનો પ્રતાપ, જે થકી મુક્તિ પામિયો સાપ ॥
ભાઈયો આ તો અલૌકિક વાત, થયો પરચો માનો સાક્ષાત્ ॥

આવી રીતે શ્રીજી મહારાજના પ્રતાપથી તે સાપ મુક્તિ પામી ગયો આજે પણ આપણાં મંદિરોમાં ગમે તેવા પાપી જીવાત્માને જો મહારાજની મંગળા આરતી, મંગળા સ્વરૂપનું દર્શન થાય તો તે જીવાત્મા તુરત જ નિષ્પાપ બની જાય અને મહારાજનું કામય ભજન કરવા લાગી જાય, તેવા દિવ્ય દર્શન હોય છે !!!

### (૬) શ્રીજી મહારાજે આપેલા પરચાનો ટૂંકસાર :

શ્રીજી મહારાજના પ્રતાપે કરીને કેટલાય સંતો તથા હરિભક્તોને સમાધિ થતી, ઘણાં નિરાવરણ દ્રષ્ટિ પામ્યા હતા, ઘણા સિધ્ધિગતિને પામ્યા હતા. મોટા સંતોના વચને કરીને પણ અન્ય જીવોને સમાધિ થતી. એવું શ્રીજી મહારાજનું ઐશ્વર્ય હતું. મહારાજના પ્રતાપથી મુળજી લુવાણાએ સમાધિમાં રૂદ્ર-શિવજીને હરાવ્યા હતા. સંતદાસજી સિધ્ધગતિને પામ્યા હતા. સંતદાસજીને મહારાજે ચોરોના બંધનમાંથી છોડાવેલા. વ્યાપકાનંદ સ્વામીનું વચન સત્ય કરવા મહારાજે વાણિયાનું રૂપ લઈ એક દિવસ વાણિયાને દંડમાંથી મુક્ત કરીને મૃત્યુના મુખમાંથી બચાવી નવું જીવન આપ્યું હતું. વ્યાપકાનંદ સ્વામીએ મહારાજના પ્રતાપથી એક બ્રાહ્મણના દીકરાને જીવતો કર્યો હતો તથા બોટાદમાં એક દરબારની ઘોડીને પણ સજીવન કરી હતી. મુક્તાનંદ સ્વામીના વચનથી બીજા જીવોને સમાધિ થતી. આ મુક્તાનંદ સ્વામીની મહારાજે હળાહળ ઝેરથી રક્ષા કરેલી. તેમજ એક સમયે મહારાજે બ્રાહ્મણરૂપે આવીને મુક્તાનંદ સ્વામીને બે કાંઠે

વહેતી ભરપૂર નદી પાર કરાવેલી. જીવુબાઈએ ધરાવેલું દૂધ બાળમુકુંદની મૂર્તિમાં રહીને મહારાજ પી જતા. જીવુબાઈને મહારાજે નિરાવરણ દ્રષ્ટિ આપેલી, તેથી જીવું બાઈ ઘેર બેઠા મહારાજની બધી લીલાને જોઈ શકતા તથા બીજાના અંતરની વાત જાણી જતા.

રાજબાઈને સંસારમાં રહેવું નહોતું. તેથી લગ્નની પ્રથમ રાત્રિએ જ મહારાજના પ્રતાપથી રાજબાઈ તેના પતિને સિંહના સ્વરૂપે દેખાયા. સોરઠના સત્સંગી જેઓ ડભાણ યજ્ઞમાં દર્શને ન જઈ શક્યા હતા. તેઓ પછીથી સંઘ લઈને મહારાજનું દર્શન કરવા ચાલ્યા, ત્યારે તેઓ ફક્ત ચાર કોશ દૂર ચાલ્યા. ત્યાં તો મહારાજે રસ્તામાં જ તે સંઘને દિવ્ય સ્વરૂપે દર્શન આપ્યું.

જાદવજી વણિકને જમ્યા બાદ પાચક ફાકીને બદલે ભૂલથી ઝેર ખાવામાં આવ્યું. તેની સાથે જેઓએ ભૂલથી ઝેર ખાધું હતું તેવા ચાર સાથીદારોનું મૃત્યુ થયું. પરંતુ જાદવજીએ અંતકાળે મહારાજને યાદ કરતા મહારાજે દર્શન આપીને તેને મૃત્યુના મુખમાંથી ઉગારી લીધો.

લાલજી સુથાર (નિષ્કુળાનંદ સ્વામી)ના કચ્છના રણમાં તરસથી પ્રાણ જવા થયા, ત્યારે મહારાજે ખારી સમુદ્રની ખાડીને મીઠી કરી. ખારું પાણી ગંગાજળ જેવું મીઠું કર્યું અને લાલજી સુથારને ઉગારી લીધા.

સચ્ચિદાનંદ સ્વામી પરચો ન આપે તો સ્વામીને ભૂવા લોકો મારવા તૈયાર થયા. ત્યારે મહારાજ તે પાપીઓના મસ્તક કાપવા તૈયાર થયા. તેથી ભૂવા ભાગી ગયા. સચ્ચિદાનંદ સ્વામી એક સમયે કચ્છ દેશમાં વહાણમાં બેઠા ત્યારે મહારાજની મૂર્તિના ધ્યાનમાં ત્રણદિવસ સુધી દેહ ભાન ભૂલી ગયા. મરણ તુલ્ય થઈ ગયા. નાડી પ્રાણ ન રહ્યા. ત્યારે કાષ્ટની ચિતામાંથી મહારાજે સ્વામીને ઉઠાડ્યા. વળી એક સમયે સ્વામીએ પાણીથી ભરપૂર નદીમાં પોતાનો દેહ પડતો મૂક્યો. ત્યારે તેઓ પાણીના પ્રચંડ વહેણમાં તણાવા લાગ્યા. એવા સમયે મહારાજે દિવ્ય સ્વરૂપે આવીને સ્વામીની બાંય ઝાલીને પાણીથી બહાર કાઠ્યા. એક સમયે સ્વામી મહારાજનું ધ્યાન ધરતા હતા. ત્યારે કેટલાક લોકોએ સ્વામીને ગાંડા જાણીને બેડી પહેરાવી દીધી. ત્યારે મહારાજે તે બેડી ભાંગી નાંખીને સ્વામીને મુક્ત કર્યા. પછી ફરી તે લોકોએ સ્વામીને એક ઘરમાં પુરી બહારથી તાળું વાસી દીધું. ત્યારે મહારાજ



સ્વામીને દિવ્ય સ્વરૂપે માંહીથી બહાર કાઢી ગયા. તાળા કમાડ બહારથી દીધેલા જ રહ્યા. એક સમયે ટૂંટિયું મૂર્તિમાન પ્રકાશરૂપે આવીને સ્વામીની નાભી કમળમાં બેઠું. ત્યારે સ્વામીએ મહારાજના પ્રતાપથી જઠર ઝાળથી મૂર્તિમાન ટૂંટિયાને બાળી નાખ્યું.

એક સમયે સુરત શહેરમાં આઠ-દસ સંતોને દ્વેષી લોકોએ ભીક્ષામાં ઝેર આપ્યું. ત્યારે મહારાજે દર્શન આપીને સંતોને ઝેરની અસરમાંથી ઉગારી લીધા. તેવી જ રીતે જલસેણ ગામમાં પણ દ્વેષી લોકોએ આત્માનંદ આદિક ચાર સંતોને અન્નમાં ઝેર આપેલું. ત્યારે પણ મહારાજે દિવ્યસ્વરૂપે દર્શન આપીને સંતોને ઉગારી લીધા.

અનંતાનંદ સ્વામી તાપી નદીના પૂરમાં નહાવા પડ્યા. તણાવા લાગ્યા. ત્યારે મહારાજે બાંય ઝાલીને ઉછાળીને સ્વામીને નદીના પૂરમાંથી બહાર કાઢ્યા. વાંકાનેર ગામના હરિભક્ત જીવરામ વિપ્રને સિંધ દેશેથી પાછા વળતા ચોર લોકોએ લૂંટી લઈને, બાંધી દઈને વહાણમાંથી દરિયામાં નાંખી દીધા. ત્યારે મહરાજે તે હરિભક્તને બંધનમાંથી છોડાવી, હોડીમાં બેસાડી જળમાંથી બહાર કાઢ્યો.

ગોલીડા ગામના ભીમ, વશરામ, રાઘવ અને રાણો એ ચાર રાજગુરુ બ્રાહ્મણે પોતાના ગામના પાપી જીવને મહારાજના પ્રતાપથી યમદૂતોના પાશથી છોડાવ્યો. રાણાએ અગાઉથી કહીને પોતાની માતા અને પુત્રને સાથે લઈને દેહ છોડ્યા બાદ બ્રહ્મપુર ધામમાં નિવાસ કર્યો. ગઢડા પાસેના માંડવધાર ગામમાં મરકીએ કાળો કેર વર્તાવ્યો. ત્યારે મહારાજે મરકીના ત્રાસમાંથી લોકોને મુક્ત કર્યા.

નંદાસણ ગામના ખેડૂત ભુલા ભક્તને મહારાજ બ્રાહ્મણના રૂપે રસ્તામાં ભક્તની અન્ન-જળ વડે સંભાવના કરી ભુજ શહેર સુધી લઈ આવ્યા. કોટેશ્વરના હરિભક્ત ઝવેર ભગતે લોકોની કસોટીમાં 'સ્વામિનારાયણ', 'સ્વામિનારાયણ' બોલતા શિવાલયના દેરા ઉપરથી સાબરમતીના કોતરમાં પડતું મુક્યું. શ્રીજી મહારાજે ભગતને કંઈ થવા ન દીધું. આજે પણ કોટેશ્વરમાં આ શિવાલયનું તથા શિવાલયને અડીને સાબરમતીના ઉંડા કોતરનું દર્શન થાય છે.

અમદાવાદના પ્રાણવલ્લભ દ્વિજે ગોદાવરી મરકી રોગમાં દેહ મૂક્યો. પછી મહારાજે તેની ઈચ્છા પૂરી કરવા થોડીવાર દેહમાં લાવીને જીવતો કર્યો. ત્યારે તેણે બધાને 'સ્વામિનારાયણ' નામ લેવાનું કહ્યું. આટલી ઈચ્છા પૂરી કરીને તે પછી ધામમાં ગયો.

મહારાજે કચ્છમાં તેરા ગામમાં બિરાજમાન થકા જેતલપુરના દયારામ વિપ્રને દર્શન આપી દિવ્ય હારની પ્રસાદી આપી.

જેતલપુરના દ્વિજ જોયતા ભક્તને દેહ છોડવાના એક મહિના પહેલાં મહારાજે દર્શન આપી થાળ જમ્યા. પછી મહિના પછી બીજાને પણ દર્શન થાય એ મુજબ પ્રગટ પરચો આપી જોયતા ભક્તને પોતાના ધામમાં તેડી ગયા. મહી નદીને તીરે ચમારા ગામના સુતાર દયાળજી ભક્તને મહારાજ અંતકાળે દર્શન આપીને પોતાના ધામમાં તેડી ગયા.

કણબી ભક્ત કુશળબાઈ મહારાજનું દર્શન કરવા નીકળ્યા. મહારાજે રસ્તામાં સામે ચાલી ડભાણમાં જ તે બાઈને દિવ્ય દર્શન આપી સુખડ્યની માળા તથા ઝીણા પારાની એક કંઠી ભેટ આપી.

રાજુલાના નાગ નામના સોની ભક્તને દરિયામાં ડૂબતા મહારાજે દર્શન આપી બચાવી લીધો. તે ભક્તના પુત્રનું નામ ભગો હતુ. આ ભગાને મુલ્લાજીએ દ્વેષ ભાવથી હોડમાં ઉતાર્યો. તે હોડ મુજબ ભગો અને મુલ્લાજી બન્ને ઉંચા મકાન પરથી પડ્યા. ત્યારે મુલ્લાજીના હાથ, પગ, મોઢું ભાંગી ગયું. જ્યારે ભગાને મહારાજે કંઈ થવા ન દીધું.

પાણવિ ગામના ક્ષત્રિય પૂંજાભાઈ ભગવાન મેળવવા સમુદ્રમાં પડ્યા. પરંતુ સમુદ્રે પૂંજાભાઈને ડૂબવા ન દીધા. પછી આકાશ વાણીના માર્ગદર્શનથી તે સત્સંગી બન્યા એટલે તેને સ્વામિનારાયણ ભગવાને પ્રત્યક્ષ દર્શન આપ્યું.

દંઢાવ્ય દેશના પ્રાંતિજ ગામના કંસારા કાનજી ભગત કબીર પંથને મૂકીને સત્સંગી થયા. ત્યારે બીજા કબીર પંથીઓએ સ્વામિનારાયણનું પારખ્યું લેવા અગ્નિમાં તપાવેલો લાલઘુમ લોખંડનો ગોળો કાનજી ભગતને આપ્યો. મહારાજે ભક્તની રક્ષા કરી, સહેજ પણ દાઝ્યા નહીં.

ચરોતરના વસો ગામના દ્વિજ ભક્ત દાદાભાઈની પુત્રી જમુનાએ સમાધિમાં મહારાજ પાસે વસ્ત્રની પ્રસાદી માંગી. ત્યારે મહારાજે સ્નાન



કરીને પોતાનું શરીર જે રૂમાલથી લૂંછ્યું તે પ્રસાદીનો રૂમાલ જમુના ને આપ્યો. જમુના દેહમાં આવી ત્યારે તે રૂમાલ તેના હાથમાં હતો. ચાંગાના ભાટ નથુભક્ત તેના સંબંધી બાળકો સમાધિવાન હતા. સમાધિમાં મહારાજ તે બાળકોને પેંડા, પતાસા, સાકર, ફૂલના હાર તોરા, ગજરા, ગુલાબના ગુચ્છની પ્રસાદી આપતા. તેવી જ રીતે વડોદરામાં મહારાજા સયાજીવારના રાજ પરિવારના બાળકોને સમાધિમાં મહારાજે પેંડા, પતાસા, જામફળ, કેળા વગેરેની પ્રસાદી આપેલી. તે પ્રસાદી વર્ષો સુધી બગડતી નહીં. અને તે પ્રસાદી વર્ષો પછી બીજા બાળકોને ખાવામાં આવી, ત્યારે તે બાળકોને પણ સમાધિ થઈ, આવો પ્રસાદીની વસ્તુનો પણ મહિમા છે. તેવી જ રીતે પીપળાવ્ય ગામની દ્વિજ ભક્ત હેતબાઈને સમાધિમાં મહારાજ સાકરની પ્રસાદી આપતા.

દંઢાવ્ય દેશના રાજપુરના કણબી ભક્ત જેકર્ણને મહારાજે એક વર્ષ અગાઉ અને ફરીથી એક માસ અગાઉ દેહ છોડવાની વાત કરી. પછી તે ભક્તે પ્રથમ આગલે દિવસે પોતાની પત્નીને ધામમાં મોકલી. બીજા દિવસે પોતે પોતાના પુત્ર સાથે ધામમાં ગયો.

જતન નામની ભક્ત કણબી બાઈ કોગળિયામાં મરી. ત્યારે સંતોએ મહારાજને કહ્યું, લોકો વાતો કરશે કે સ્વામિનારાયણ ભગવાનની ભક્ત બાઈ પણ આ રોગમાં મરી. ત્યારે મહારાજે વિમાન પાછા વાળ્યા. ગામ લોકોએ દર્શન કર્યું.

શ્રીજી મહારાજે પોતાના સંતો-હરિભક્તોને આપેલા પરચા અનંત અપાર છે. પરંતુ મારી લખવાની શક્તિ નહિ હોવાથી નિષ્કુળાનંદ સ્વામીની કાવ્ય પંક્તિઓ લખીને સંતોષ માનું છું.

પ્રગટ પ્રભુથી પરચા થાય, તે તો લખતા કેમ લખાય.
વાત મોટીછે, મહારાજ તણી, કહીં ન જાય મુખથી ઘણી.
જણ જણ પ્રત્યે જુજવા, આપી પરચા અપાર.
તેણે ખુમારી તનમાં, મન મસ્ત રહે નરનાર.
બહુ પરચા પળે પળે થાય, કવિ કોટ્યે પણ ન કહેવાય.
ઘણી વાવરે સામર્થી શ્યામ, કરે બહુ નિજજનના કામ.

દીઠું સાંભળ્યું સતસંગ માંય, પળે પળે કરે હરિ સાય.
તેણે વર્તે અખંડ આનંદ, ધન્ય ધન્ય સ્વામી સહજાનંદ.
અષ્ટ સિધ્ધિ નવ નિધિ જેહ, હાથ જોડી ઉભી રહે તેહ.
ભવ વૈભવ વસ્ત્રને અન્ન, કોઈ વાતે ન પીડાય જન.
સદા સુખી દુ:ખ નહિ લેશ, હરિ હરે સંકટ હંમેશ.
વળી વળી શું હું વર્ણવું, મહાપ્રભુનો પ્રતાપ.
આપે પરચા અતિ ઘણા, હરિભક્તને હરિ આપ.
જેમ જનની જાળવે બાળ, એમ જતન કરે છે દયાળ.
તેણે વર્તે છે જનને આનંદ, સુખ આપે શ્રી સહજાનંદ.
વિપત પડ્યે નહિ વેગળા, રહે ભક્ત ભેળા ભગવન.
તેણે મગન મનમાં, હંમેશે રહે હરિજન.
દેહ છતાં દુ:ખિયા નહિ, મુવા પછી જાવું બ્રહ્મમોલ.
પેખી પ્રતાપ એ નાથનો, તેણે અંગે સુખ અતોલ.
ભીડ્ય પડે જ્યારે ભક્તને, ત્યારે ભય હરે ભગવાન.
કરે સહાય હરિ કષ્ટમાં, નિજ સેવકની નરવીર.
વસમી વેળાએ વાલ્યમો, સુખ આપે શ્યામ સુધીર.
લખ્યા પર્ચા મેં જે જનતણા, નથી એટલા બીજા છે ઘણા.
આજ અતિ આપે છે આનંદ, ધન્ય ધન્ય કહે નિષ્કુળાનંદ.
આગે પરચા પૂરિયા, જન હેતે લઈ અવતાર.
પણ એહ થકી રીત આજની, છે જો અપરમ પાર.
મોટા સુભાગી એ નરનાર્ય, પામ્યા પર્ચા તે એમ અપાર.
ધન્ય ધન્ય પ્રભુનો પ્રતાપ, આપ્યા જનને સુખ અમાપ.
તે તો કહ્યે લખ્યે નાવે પાર, કવિ બહુ બહુ કરે વિચાર.
આવા પરચા આપે જીયાં હરિ, નથી વાત બીજી એ ઉપરિ.
ઘણા થયા થાશે અવતાર, વાળ્યો આંક વાલે આણીવાર.
આજ આપ્યો છે જે જે આનંદ, લખી નહિ શકે નિષ્કુળાનંદ.

●



# ૧૨. શ્રીજી મહારાજના સર્વોપરી સર્વાવતારીપણાની લીલાઓનું આચમન :

ઘણા લોકો કહે છે કે, સ્વામિનારાયણ ભગવાનનું અવતારોના લીસ્ટમાં નામ નથી. હા ભાઈ ! તમારી વાત સાચી છે ! કારણ કે સ્વામિનારાયણ ભગવાન કોઈનો અવતાર હોય તો લીસ્ટમાં નામ આવે ને ! તેઓ અવતાર નથી. પરંતુ સર્વે અવતારના અવતારી છે, સ્વયં સ્વતંત્ર અનાદિ પુરુષોત્તમ નારાયણ છે. તે પુરુષોત્તમ નારાયણની મૂર્તિમાં થી સર્વ અવતારો પ્રગટ થાય છે અને પાછા તે મૂર્તિમાં સમાય જાય છે. આવી લીલાઓનું શ્રીજી મહારાજે વ્યક્તિગત અને જાહેર સભાઓમાં પણ ઘણીકવાર દર્શન કરાવ્યું છે. સર્વાવતારી પણાનો નિશ્ચય થવો ઘણો કઠણ હોય છે. પરંતુ ભક્તજનોએ આવી લીલાઓનું પ્રત્યક્ષ દર્શન કરીને શ્રીજી મહારાજ સર્વાવતારી ભગવાન છે એવી દ્રઢતા કરેલી છે. અને આજે પણ બુદ્ધિથી વિચાર કરીએ તો જણાશે કે, સ્વામિનારાયણ ભગવાનના સ્થાપેલા દેવ, આચાર્ય, સ્વામિનારાયણ ભગવાનના સંતો, હરિભક્તો અને શાસ્ત્રો તથા મંદિરો સર્વોપરી છે. તેથી સ્વામિનારાયણ ભગવાન પણ સર્વોપરી છે. સત્સંગમાં હરિભક્તના ઘેર નાના બાળકનો જન્મ થાય, તે બાળક ચાલતા-બોલતા શીખે એટલે મંદિરમાં ઠાકોરજી સામે બેસીને ધૂન-કીર્તન બોલે છે. એવો સર્વોપરિ પ્રતાપ શ્રીજી મહારાજ તથા તેઓએ સ્થાપેલા સત્સંગનો છે. હજારો સંતો અને લાખો હરિભક્તો કામ, ક્રોધ, લોભ, અહંકાર, ઈર્ષ્યા, માન, દંભ, કપટ આદિક અંતઃશત્રુઓને જીતીને પ્રગટ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે છે. એ જ શ્રીજી મહારાજનો સર્વોપરિ પ્રતાપ છે. જેથી હવે મહારાજના એવા કેટલાક લીલા ચરિત્રોનું આચમન કરીએ કે જેનાથી સર્વોપરિ સર્વાવતારીપણાની ભાવના દ્રઢ બને.

### (૧) ધર્મ ભક્તિને તેજને વિષે શ્વેતદ્વીપ ધામ બતાવ્યું :

એક સમયે ભક્તિ માતા ઘનશ્યામના જમણા હાથમાં રેખાઓ જોતાં હતાં. તે સમયમાં ધર્મદેવ આવી ઓસરીની જેર ઉપર બેઠા અને

રામપ્રતાપભાઈ પણ સમીપે ઉભા હતા. તે સમયે ભક્તિ માતા બોલ્યા જે, આ ઘનશ્યામની હથેળીમાં ચિન્હ અને રેખાઓ શાંના છે ? ત્યારે ધર્મદેવે કહ્યું, આ તો કમળ, ધ્વજ, અંકુશ એમના ચિન્હ છે. એટલામાં તો તે હથેળીમાંથી તેજ નીકળવા લાગ્યું. તે પૃથ્વીથી આરંભી આકાશ સુધી ભરાઈ ગયું. ધર્મ ભક્તિ તથા રામપ્રતાપભાઈ એ ત્રણે જણા એ તેજમાં અંજાઈ ગયા. એટલે પોતાના પુત્રની ઈચ્છાથી તે તેજને વિષે શ્વેતદ્વીપ ધામમાં વાસુદેવ ભગવાનને અસંખ્ય નિરન્નમુક્તો સાથે જોયા ને ધર્મ ભક્તિ તથા રામપ્રતાપભાઈ, વાસુદેવ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. ત્યારે અતિશે હેતે કરીને પોતાની પાસે બેસાડીને બોલ્યા, હે રામપ્રતાપ ! આ તમારા માતા-પિતા ધર્મ અને ભક્તિ છે ને તમો સંકર્ષણ છો. અને આ તમારા ઘનશ્યામભાઈ તે તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે. તે અનંત જીવોના કલ્યાણ માટે પોતે ધર્મ ભક્તિને ઘેર પ્રગટ થયા છે. એમ કહીને બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજને નમસ્કાર કરતા હતા. તેટલામાં તો તે તેજ સર્વે પોતાની હથેળીમાં સમાવી લીધું.

### (૨) વૈકુંઠધામ દર્શન તથા લક્ષ્મીનારાયણદેવના વચનો :

એક સમયે ધર્મદેવ આંબલી નીચે ચોતરા ઉપર ભાગવત વિચારતા હતા. તે સમયમાં ઘનશ્યામ મહારાજના મામા વશરામ તરવાડી ત્યાં આવ્યા. તેટલામાં તો ઘનશ્યામ મહારાજ પણ ઓસરીમાંથી ભાંખોડીએ ચાલીને તે કથાના બાજોઠ સમીપે આવીને બિરાજ્યા અને એક ચિત્તે કથા સાંભળવા લાગ્યા. તે વખતે વશરામ તરવાડીની પત્ની સુંદરીબાઈ આવી પોતાની નણંદ પાસે બેઠા ને ઘનશ્યામ મહારાજને ત્યાં બિરાજેલા જોઈ બોલ્યા જે, હે ઘનશ્યામભાઈ ! મારી પાસે આવો. તેવું સાંભળી તુરત દોડી પોતાની મામીના ખોળામાં લટી પડ્યા. એટલે મામી રમાડવા લાગ્યા. એમ કરતા બે ચરણના તળીયામાં રેખાઓના ચિન્હો જોઈ બોલ્યા કે હે છોટીબા ! આ ઘનશ્યામના ચરણારવિંદમાં શું છે ? ત્યારે ભક્તિમાતાએ કહ્યું જે, એ તો ઉર્ધ્વરેખાઓના ચિન્હો છે. ત્યારે સુંદરીબાઈએ ફરીથી કહ્યું જે, આના નામ કહો. ત્યારે બોલ્યા જે, આ જમણા ચરણમાં અંગુઠા પાસે થઈ પાનીની બે કોરે નીકળી છે તે ઉર્ધ્વરેખા છે. અંગુઠામાં જવનું ચિન્હ છે. અને વળી આ વજ, જાંબુ, ધ્વજ, અંકુશ, કમલ, અષ્ટકોણ, સ્વસ્તિક એ આદિક નવ ચિન્હો છે તે જુઓ.



વળી આ ડાબા ચરણમાં પણ ઉર્ધ્વરેખા છે ને આ કળશ, વ્યોમ, અર્ધચન્દ્ર, ગોપદ, ધનુષ્ય, ત્રિકોણ અને મત્સ્યએ આદિક સાત ચિન્હો છે. એવી રીતે ભક્તિમાતા સુંદરીબાઈને ઘનશ્યામ મહારાજના ચરણના ચિન્હો બતાવતા હતા. તેટલામાં તો ઘનશ્યામ મહારાજના ચરણારવિંદમાંથી તેજનો સમુહ નીકળવા માંડ્યો. તે આ પૃથ્વીથી લઈને સપ્તલોક પર્યંત સર્વ દિશાઓમાં વ્યાપી ગયો. અને તે તેજમાં ભગવાનનું જે વૈકુંઠધામ તેને સુંદરીબાઈ આદિક દેખતા હતાં અને તે ધામ કેવું હતું તો વિશ્વકસેનને ગરૂડાદિક અનંત ચતુર્ભુજ પાર્ષદોએ સેવ્યા છે ચરણકમળ જેમનાં એવું અને દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાનજે લક્ષ્મીનારાયણ ભગવાન તેમના દર્શન તે ધામમાં થતા હતાં, ત્યારે અતિ આદરથી લક્ષ્મીનારાયણદેવ બોલ્યા જે, હે ધર્મભક્તિ ! હે વશરામ તરવાડી ! હે સુંદરીબાઈ ! આવી રીતના જુદા જુદા નામો લઈ જુદા-જુદા ચાકળા ઉપર ચાર જણને બેસાડતા હતા. પછી ઘનશ્યામ મહારાજને મામીના ખોળામાંથી લઈને પોતાના આસન ઉપર બેસાડીને પૂજા કરી હાથ જોડીને બોલ્યા જે, હે મહારાજ ! બહુ કૃપા કરીને દર્શન આપ્યાં. એમ કહીને ધર્માદિક ચાર જણની પૂજા કરીને બોલ્યા જે, હે ધર્મ ભક્તિ ! આ તમારા પુત્ર અક્ષરાધિપતિ પુરુષોત્તમ ભગવાન છે. તે તમારા ઘેર પ્રગટ થયા છે. તેજ પોતે વ્રતપુરીને વિષે અમારું સ્થાપન કરશે એમ કહીને ગદ્‌ગદ્ કંઠ થઈ ગયા. અને એક નજરે ઘનશ્યામ મહારાજ સામું જોઈ રહ્યાં ત્યારે અતિ રાજી થઈ બોલ્યા જે તમારો અભિપ્રાય અમારી જાણમાં છે. તમોને સત્સંગમાં અધિપતિ કરીશું અને તમારો મનોરથ પૂર્ણ કરીશું. એમ કહ્યું તે વખતે રામપ્રતાપભાઈ કોઈ કારણસર પીરોજપુર ગામ ગયા હતા. તે ઘેર આવી પોતાની ખડકીનું કમાડ ઉઘાડ્યું ત્યાં તો ઘરમાં તેજ ભરેલું જોયું અને તે જોઈને બોલ્યા જે, હે દાદા ! તમો ક્યાં છો ? એટલામાં તો સર્વ તેજ સમાવી લીધું. પછી રામપ્રતાપભાઈએ પૂછવાથી ધર્મદેવે સઘળી વાત કરી, તે સાંભળી ઘણા રાજી થયા.

### (૩) બદ્રિકાશ્રમ ધામ દર્શન :

એક સમયને વિષે ભક્તિમાતા, ધર્મદેવ અને રામપ્રતાપભાઈ એ ત્રણ જણા ઓસરીમાં બેઠા હતા. તે સમયે સૂરજબાઈ, ચંદાબાઈ આદિક બે ત્રણ બાઈઓ આવી ભક્તિમાતાની પાસે બેઠા. ત્યારે ઘનશ્યામ મહારાજ પોતાની

મામીને દેખીને રમતા હતા. તે ભક્તિમાતાના ખોળામાં જઈને બેઠા. ત્યારે માતા અતિ હેત જણાવીને પોતાના પુત્રને સ્તનપાન કરાવી જમણો હાથ પોતાના હાથમાં લઈને રેખાઓ જોતા હતા. તેવામાં તો હાથમાંથી તેજનો સમૂહ નીકળવા માંડ્યો. તે ચારે દિશાઓમાં ભરાઈ ગયું ને તે તેજને વિષે ભગવાનનું જે બદ્રિકાશ્રમ ધામ તેને જોતા હતાં ને તે ધામમાં નરનારાયણદેવ તથા મુક્તો તથા કલાપ ગામમાં રહેનારા ઋષિ મંડળને જોતા હતા. પછી નરનારાયણદેવે આપેલા દર્ભના આસન ઉપર ધર્માદિક સર્વે બેઠા ને ભક્તિમાતાના ખોળામાં રહેલાં ઘનશ્યામ મહારાજને વિનંતી કરી પગે લાગી, પોતાના આસન ઉપર પધરાવી ષોડ્શોપચારથી પૂજા કરતા હતા. પછી પોતાના આશ્રમમાં રહેલાં પાકાં બોરડીના ફળ વિગેરે ભેટ કરીને ધર્મ ભક્તિની પૂજા કરીને પગે લાગતા હતા. પછી હજારો ઋષિઓએ માનેલા ઘનશ્યામ મહારાજ બોલ્યા જે હે ઋષિઓ, હે નરનારાયણ દેવ ! આ તમારા ભરતખંડને વિષે વિખ્યાત જે ગુર્જર પ્રદેશ તેમાં અમદાવાદ નગર, તેમાં તમારું સ્થાનક કરીશ અને તેમાં તમોને પધરાવીશ. એવું નરનારાયણદેવને સત્ય વચન કહીને પોતાની માતાના ખોળામાં બેસી ગયા. તે સમયમાં ધર્મભક્તિને પોતાના પૂર્વ અવતારની સ્મૃતિ થઈ આવી. એ અવસ્થામાં શ્રી નરનારાયણદેવ ધર્મભક્તિને પોતાના માતા પિતા જાણીને વિનંતીપૂર્વક સ્તુતિ કરીને બોલ્યા જે હે માતા પિતા ! આ તમારા ઘરને વિષે પુરુષોત્તમ નારાયણ તમારા પુત્ર ભાવને પામી ઘનશ્યામ, હરિકૃષ્ણ એ બે નામે વર્તે છે. માટે આજે તેમના દર્શન કરી અમો કૃતાર્થ થયા છીએ. એવું સાંભળીને ધર્મભક્તિ રાજી થતા હતા. પછી તે તેજ સર્વે પોતાના સ્વરૂપમાં સમાવી લીધું. ત્યારે ત્યાં બેઠેલા સર્વે ઘનશ્યામ મહારાજને વિષે, ભગવાપણાની બુદ્ધિ કરતા હતા.

### (૪) સત્વગુણાભિમાની દેવ ઘનશ્યામ મહારાજનું દર્શન કરવા આવ્યા :

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પોતાના ભત્રીજા રામશરણજીને ઉદ્દેશીને જે બાળચરિત્રો કહ્યાં છે તે બાળચરિત્રો પૈકી આ ચરિત્ર વાંચશો એટલે ખ્યાલ આવશે કે સત્વગુણાભિમાની દેવતા એ સ્વયં મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચન્દ્ર ભગવાન માટે શબ્દ વપરાયો હોય તેવું



જણાય છે. એક સમયને વિષે ઘનશ્યામ મહારાજના દર્શન કરવા માટે સત્વગુણાભિમાની દેવતા આવ્યા. તેમણે સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા. અંગો અંગને વિષે મોતીના ઘરેણાં ધારણ કર્યા હતા. મસ્તક ઉપર મોર મુકુટ હતો અને કિશોર વયના હતા. તે ઘનશ્યામ પાસે આવી નમસ્કાર કરીને બોલ્યા જે, હે મહારાજ ! શી આજ્ઞા છે ? ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, તમારા અવતાર આ પૃથ્વી ઉપર અનંત વખત થયા. પરંતુ એકે અવતારે કરીને તમોએ મુમુક્ષુને મુક્ત કરીને અક્ષરધામમાં મોકલ્યા નહિ. તેવું સાંભળીને કહ્યું જે, હે મહારાજ ! અમોને જેટલી સામર્થી અને ઐશ્વર્ય તમોએ આપેલું છે તેટલું જ અમારાથી થાય. એમ કહીં વસ્ત્ર અલંકાર ધારણ કરાવીને ફરીથી બોલ્યા જે, હે ઘનશ્યામ મહારાજ ! ધર્મભક્તિને કોઈ અસુરો પીડતા હોય તો અમો તેનો ધનુષ્યબાણથી નાશ કરીએ. ત્યારે હસીને બોલ્યા, જે તમો તો પોતે ભળો ત્યારે નાશ થાય અને અમો તો સંકલ્પ કરીએ એટલામાં નાશ પામી જાય. એવું સાંભળીને બોલ્યા જે, તમો તો સ્વયં પુરુષોત્તમ છો. એમ કહીં પોતે હનુમાનજીને આજ્ઞા કરી કે, તમો આ ઘનશ્યામ મહારાજની સેવામાં હાજર રહેજો. ત્યારે હનુમાનજી પોતાના સ્વામીનું વચન મસ્તકે ચડાવીને સેવામાં હાજર રહેવાની હા પાડીને નમસ્કાર કરી સેવામાં બેઠા. અને તે પછી મોટા દેવ અયોધ્યાનગરી તરફ આકાશમાર્ગે અદ્રશ્ય થઈ ગયા.

### (૫) અયોધ્યામાં રામઘાટે વિદ્યાર્થીઓને ચોવીસ અવતાર રૂપે પોતાના દર્શન આપ્યા :

એક દિવસે ઘનશ્યામ મહારાજ કેટલાક પોતાના વિદ્યાર્થીઓને સાથે લઈને રામઘાટ જઈ સરયુગંગાના કિનારા ઉપર કદંબના વૃક્ષ નીચે સભા કરીને બેઠા હતાં અને પરસ્પર પ્રશ્ન ઉત્તર કરવા લાગ્યા. ત્યાં ઘણો સમય થઈ ગયો ત્યારે ઘનશ્યામ મહારાજને સર્વે વિદ્યાર્થીઓ જુદે જુદે સ્વરૂપે દેખતા હતા. તેમાં કોઈક તો રામલક્ષ્મણરૂપે દેખતા હતા. અને કેટલાક કૃષ્ણરૂપે દેખતા હતાં ને કોઈક તો નૃસિંહરૂપે દેખતા હતાં અને કોઈક વામનરૂપે અને કોઈક શિવજીરૂપે દેખતા હતા. અયોધ્યાપ્રસાદજી મહારાજ ઘનશ્યામ મહારાજની આ લીલા વર્ણવતા પોતાના ભત્રીજા રામશરણજી પ્રત્યે કહે છે, હે રામશરણજી ! તે ઉપર પદ છે જે,

"કોઈ દેખે છે રામને રૂપે, કોઈ દેખે છે કૃષ્ણ સ્વરૂપે,
કોઈ વામન પરશુરામ, દેખે વરાહને નૃસિંહ શ્યામ,
હંસને હયગ્રીવ ઉરમાં કોય, દેખીને જન મન વિસ્મય હોય,
ચન્દ્ર સૂર્યને ત્રિપુરાર, એવા ભાસે છે ધર્મકુમાર,
કોઈ કહે નર વીર છે એજ, જોને કેવું ઝળકે છે તેજ."

એવી રીતે પોતાને વિષે અલૌકિક ભાવ દેખાડીને ઘેર આવતા હતા. ત્યારે તે ઐશ્વર્યની વાર્તા વિદ્યાર્થીઓ ભક્તિમાતાને કહીને પોતાને ઘેર જતા હતા.

**(૬) ધર્મદેવને ચોવીસ અવતાર સ્વરૂપે દર્શન આપ્યું :**

ભક્તિમાતાનો દેહોત્સર્ગ કર્યા પછી કેટલાક દિવસ વિતી ગયા બાદ ધર્મદેવને વૃદ્ધાવસ્થાને કારણે થોડોક જ્વર વધારે માલૂમ પડતો હતો. પોતે સાંખ્યયોગને ગ્રહણ કર્યો હતો. ધર્મદેવ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા જે હવે મારો દેહ પણ થોડા દિવસમાં જરૂર પડી જશે. માટે હરિરૂપ મારા પુત્રને કહું. પછી રામપ્રતાપભાઈ આદિક સર્વે સંબંધિને શિખામણ આપીને પોતાના પુત્ર રૂપે ઘનશ્યામ મહારાજને શિક્ષાના વચન ધર્મદેવ કહેતા હતા. પછી પ્રસન્ન મન વડે સર્વે સંબંધિના સાંભળતા ધર્મદેવ બોલ્યા જે, હે હરે ! હે ઘનશ્યામ ! હું સર્વે પદાર્થમાંથી ઉદાસ થઈને તમારા ચરણારવિંદમાં મારા મનને રાખું છું. પરંતુ એક વખત ભાગવત સાંભળવાની ઈચ્છા મારા મનમાં રહે છે. તે તમો સંભળાવો તો ઘણું સારૂં. એવું સાંભળીને ઉતાવળા થકા પોતે રામહરિ પંડિતને બોલાવરાવીને પોતાના ઘરના આંગણામાં મંડપ બંધાવીને તે બ્રાહ્મણ પાસે ભાગવત સપ્તાહ કરાવવાનો આરંભ કરાવતા હતા. ત્યારે સર્વે પદાર્થમાંથી વૃત્તિ તોડીને ધર્મદેવ પોતે એક ચિત્તવાળા થઈને ભાગવત કથાનું શ્રવણ કરતા હતા. તે વખતે બ્રાહ્મણ ભાગવત વાંચે છે. તેમાં ચોવિસ અવતારનું વર્ણન આવતું હતું. ત્યારે ધર્મદેવને એમ થયું જે એ ચોવિસ અવતાર કેવા હશે ? આવો પોતાના પિતાનો સંકલ્પ જાણીને શ્રીહરિની ઈચ્છા થકી રામકૃષ્ણાદિક ચોવિસ અવતાર પ્રગટ પ્રમાણ આવી ને મૂર્તિમાન ધર્મદેવ પાસે ઉભા રહ્યા. ત્યારે તેમને જોઈને બે હાથ જોડી ધર્મદેવ પોતે પગે લાગતા હતા. પછી તે આવેલા ચોવિસ અવતાર તે અદ્રશ્ય થયા થકા ઘનશ્યામ મહારાજને



વિષે લીન થઈ ગયા. ત્યારે તો આવો પ્રગટ પ્રતાપ જોઈને ધર્મદેવ આદિક સર્વે જન, બ્રાહ્મણો સહિત શ્રી ઘનશ્યામ મહારાજને સર્વ અવતારના અવતારી અક્ષરાધિપતિ પૂર્ણપુરુષોત્તમ જાણીને ધર્મદેવ સહિત પગે લાગતા હતા. અને અતિશય ઉત્સાહથી ધર્મદેવ પોતે તેમની સ્તુતિ કરતા હતા.

**(૭) માંગરોળમાં અપાર જનોને પોત પોતાના ઈષ્ટદેવ સ્વરૂપે દર્શન :**

માંગરોળમાં શ્રીહરિ બિરાજતા હતા, ત્યારે સૌ હરિભક્તો સમાધિમાં જઈ વિવિધ આશ્ચર્યો દેખતા કે જે અષ્ટાંગ યોગ સાધનારા યોગીઓને પણ દુર્લભ છે. સહુ કોઈ હરિભક્તોને ધારણા, ધ્યાન અને સમાધિ થતી અને પોતાના દેહમાં રહેલાં અપાર સ્થાનો દેખાતાં, જે જે લોકની જેવી રચના છે તે તથા તે લોકના લોકપાળો પ્રત્યક્ષ દેખતા, તેની અલૌકિક વાત સાંભળીને નગરવાસી, અપાર મતવાદી જનો, શૈવ, શાક્ત, નાસ્તિક, વૈષ્ણવ, બ્રહ્મજ્ઞાની, પ્રણામી, કબીરપંથી, યવન વગેરે જોવા માટે આવ્યા. બીજા પણ કેટલાક ભૈરવ, ભૂત તથા મૂઠ, ચોટ, જપમંત્રની સાધના વાળા તથા બીજા પણ પંડિતો શ્રીહરિને જીતવા માટે આવ્યા. શ્રીહરિએ તેઓએ પૂછેલા પ્રશ્નોના સરસ ઉત્તર આપ્યાં. તે સાંભળીને તેઓ આશ્ચર્ય પામ્યા અને બોલ્યા કે, આમની તો અકળ વાત છે કોઈ રીતે કળાતી નથી અને સૂર્ય આગળ જેમ ખદ્યોતનું કાંઈ નીપજે નહીં, તેમ તેમનું કાંઈ ચાલ્યું નહીં. શ્રીહરિએ શાસ્ત્રના વચનથી પ્રતિપાદન કર્યું કે, જેની શુદ્ધ રહેણી કહેણી હોય તે જ શુદ્ધ મત છે. બીજાના મત અધર્મ કહેવાય. શ્રીહરિ ત્યાં ચાતુર્માસ રહ્યા અને સનાતન ધર્મનું સ્થાપન કરી પતિત જનોનો ઉદ્ધાર કર્યો.

જન્માષ્ટમીના ઉત્સવમાં શ્રીહરિની મૂર્તિ જોઈ કેટલાય બાળ, યુવક, વૃધ્ધ નરનારીઓને સમાધિ થઈ જતી અને દેહનું ભાન ભૂલી જતાં. એ સૌને એક ઠેકાણે ઉપરા ઉપરી નાંખી મૂકતાં. કોઈને એક દિવસ, કોઈને ત્રણ દિવસ, કોઈને પાંચ કે પંદર દિવસ કે માસ કે ત્રણ માસ કે તેથી વધારે સમય સુધી સમાધિ ચાલુ રહેતી. દેહમાં આવ્યા પછી સમાધિમાં જોયેલી અનેક લોકોની રચના કહીં સંભળાવતા. આવો પ્રતાપદેખીને કેટલાક જનો અધર્મમાર્ગને છોડી પાખંડી ગુરૂને તજી શ્રીહરિના આશ્રિત થયાં. ચોમાસામાં

વરસાદ યોગ્ય અને અયોગ્ય સર્વ સ્થળે સર્વત્ર વરસે છે, તેમ શ્રીહરિની કરૂણા પણ એકધારી સર્વજનો પ્રત્યે હતી. સમાધિમાં ગોલોક, અક્ષર એ આદિક ભગવાનના ધામમાં રાધા, લક્ષ્મી, શ્રીદામાદિક પાર્ષદો તથા અનંત દિવ્ય સમૃદ્ધિઓનું દર્શન પામીને તે પ્રમાણે જાગ્યા પછી વાત કરતા. જુદા જુદા દેવતા તથા જુદા જુદા ભગવત્ સ્વરૂપના ઉપાસકને તેના ઈષ્ટદેવરૂપે દર્શન આપતા. બ્રહ્મજ્ઞાનીને આત્મસ્વરૂપના દર્શન કરાવતા. કેટલાંકને ભૂગોળ, ખગોળના ઐશ્વર્ય દેખાડતા તથા શરીરના ષટ્ચક્ર આદિક દેખાડતા. જે જે ભક્તજનોને જે જે દેખાતું તે સભામાં કહીં સંભળાવતા. ક્યારેક તો સો યોજન દૂર રહીને પણ શ્રીહરિ પોતાના ભક્તોને પ્રગટ પ્રમાણ દર્શન આપતા. કોઈ ભક્ત દૂર દેશમાં રહીને પ્રતિમા પૂજતો હોય ત્યારે શ્રીહરિ ક્યારેક તેના પ્રેમે કરી, તેણે નૈવેદ્ય કરેલું પદાર્થ મૂર્તિ દ્વારા પ્રગટ જમતા, જેથી ભક્ત આનંદ પામતો. કોઈ ભક્ત જ્યારે દેહ તજે ત્યારે તેને શ્રીહરિ અંત સમે આવીને ધામમાં તેડી જતા, તેને ઘણા માણસો પ્રગટ દેખતા. તેમાં ભક્ત અભક્તનો મેળ રહેતો નહિ. એમ પોતાનું અનન્ત ઐશ્વર્ય દેશોદેશ અને ગામોગામ પ્રત્યે શ્રીહરિ વારંવાર દેખાડતા. તેને દેખીને ઘણા ડાહ્યા પુરુષોએ વિસ્મય પામી પોતાના મિથ્યા ગુરૂને તજી દઈ સ્વામિનારાયણનું ભજન કરી શરણું સ્વીકાર્યું. જેમ વહાણ પર બેઠેલા કાગડાને વહાણ વિના બીજો આશ્રય નથી, તેમ અનન્ય ગતિ થઈને તેમનું ભજન કરતા. તેથી શાસ્ત્ર ભણેલા અપાર મતવાદીઓ વિવાદ કરવા માટે સહજાનંદ સ્વામી પાસે આવતા, પણ શ્રીહરિનું સામર્થ્ય અને પ્રતાપ દેખીને ઝાંખા થઈ જતા અને કાંઈ બોલી શકતા નહી. શ્રીહરિ સૌના અંતરને જાણીને તે પ્રમાણે વાત કરતા, જેથી મનમાં પસ્તાઈને હાથ જોડી નમસ્કાર કરી કહેતા કે તમે તો સાક્ષાત્ ઈશ્વર છો. ચોવીસ અવતારમાં તમે કોણ છો, તે અમે જાણતા નથી. તે કૃપા કરી કહો. જેથી અમે સંદેહ રહિત થઈને તમારે શરણે થઈએ. અમારા ઈષ્ટદેવ જયારે કહે ત્યારે તેમના વિશ્વાસથી અમે માનીએ. ત્યારે શ્રીહરિ કહે કે, તમે તમારા ઈષ્ટદેવને દીઠા નથી. તો તેમનું કહેવું કેવી રીતે પ્રમાણ કરશો ? ત્યારે તે કહે પ્રતિમા છે તે અમારા ઈષ્ટદેવનું પ્રગટરૂપ છે. ત્યારે શ્રીહરિ કહે જ્યારે ભગવાન અનંત જીવોને શરણે કરવા આવે છે ત્યારે તેમના દોષ, અદોષને



ગણતા નથી, પણ પોતાનું બિરૂદ વિચારીને અભયપદ આપે છે. જેમ ચક્રવર્તી રાજા પ્રથમ ગાદીએ બેસે ત્યારે કેદીઓને છોડી દે છે. તેમ ભગવાન પણ મોક્ષને માટે જ્યારે પ્રગટે છે ત્યારે તેમનું નામ સાંભળી જે જે જનો આવે, તેમને અભય આપે છે. એમ કહીં શ્રીહરિએ સૌ મતવાદીને ધ્યાનમાં બેસાડી પોતપોતાના ઈષ્ટદવેનું ધ્યાન કરવા કહ્યું. શ્રીહરિના કહેવાથી જ્યારે તેમણે ધ્યાન કર્યું, ત્યારે શ્રીહરિએ તત્કાળ સમાધિ કરાવી તેમને તેમના ઈષ્ટદેવ રૂપે દર્શન આપ્યા અને તે તે રૂપે કહેવા લાગ્યા કે, તમે બધા અમારા શિષ્યો જે અમારો પ્રતાપ સમજો છો, તે બધો પ્રતાપ અમે ધર્મપુત્ર સહજાનંદ સ્વામીથી પામ્યા છીએ. ચિંતામણિથી અધિક જેમ કોઈ દ્રવ્ય નથી, તેમ તેમનાથી અધિક કોઈ દેવ નથી. માટે મોક્ષપદ જોઈએ તો મન કર્મથી તેમને ભજો. અમે પણ તેમની મરજી જોઈને ચાલીએ છીએ. આવો અવતાર કોઈ વખત થયો નથી. જેનાં ભાગ્ય હોય તેને મનાશે. આ પ્રમાણે સમાધિમાં તેમને ઈષ્ટદેવના દર્શન થયાં. તેમાં વલ્લભ, નિંબાર્કને માધ્વ સંપ્રદાયના ભક્તોને વૃંદાવનમાં રાસ રમતા ગોપજનોથી વેષ્ટિત બાલસ્વરૂપ શ્રીકૃષ્ણના દર્શન થયા. તેમાં તેમને શ્રીકૃષ્ણાવતારથી પણ ધર્મપુત્ર શ્રીહરિનું સામર્થ્ય અને પ્રતાપ અધિક જણાયો. ચન્દ્રનું તેજ અધિક હોવા છતાં સૂર્ય ઉદય થાય ત્યારે તે જણાતું નથી. દીવો, મશાલ, વીજળીનો અગ્નિ અને વડવાનળ અગ્નિ, એ બધા વસ્તુતાએ અભિન્ન હોવા છતાં પ્રતાપમાં અપાર ભેદ છે. એમ અન્ય અવતાર અને શ્રીહરિનું સમજવું, જેમાં જેટલો ગુણ હોય તેટલો સત્પુરૂષો ગ્રહણ કરે છે. રામાનુજના આશ્રિત વૈકુંઠ ધામમાં નંદ, સુનંદ, વિષ્વકસેન, ગરુડાદિક પાર્ષદોથી યુક્ત લક્ષ્મીનારાયણ રૂપે શ્રીહરિના દર્શન પામ્યા. તેમણે પણ શ્રીહરિનો મહિમા કહ્યો. રામાનંદી હતાં તેમણે સીતા, લક્ષ્મણ અને હનુમાન સાથે ધનુષ્યબાણ લઈ શ્વેત વૈકુંઠધામમાં બેઠેલા રામચન્દ્ર ભગવાનના દર્શન કર્યા. તેમણે પણ પ્રથમ કહ્યાં પ્રમાણે જ ઉપદેશ કર્યો. તેથી તેમણે ધ્યાનમાંથી બહાર આવી શ્રીહરિનું શરણ લીધું. શંકર મતના અનુયાયી શ્રીહરિનાં બ્રહ્મજ્યોતિરૂપે દર્શન પામ્યા. તે પ્રમાણે શિવ ઉપાસક, સૂર્ય ઉપાસક, ગણપતિ ઉપાસક, જૈનો, શાક્તો, યવનો વગેરે પોત પોતાના ઈષ્ટદેવનાં દર્શન પામ્યા. જેથી આનંદ પામીને શ્રીહરિને શરણે થયા. અધર્મ માર્ગનો ત્યાગ

કરીને શ્રીહરિના વચનમાં દ્રઢ રહેવા લાગ્યા. શ્રીહરિએ પૃથ્વી પર નાશ પામેલો એકાંતિક ધર્મ સ્થાપન કરી જીવના મૂળ અજ્ઞાનનો નાશ કર્યો.

**(૮) દીનાનાથ ભટ્ટને નરનારાયણ સ્વરૂપે દર્શન દીધું :**

શ્રીહરિ બહુ દિવસ સારંગપુર રહ્યાં. તે સમયે દીનાનાથ ભટ્ટ ચાર માસ શ્રીહરિની સાથે રહ્યા હતાં. પંદર વર્ષથી તેમને સત્સંગનો યોગ હતો અને શ્રીહરિને ભગવાન જાણતા હતાં તો પણ ઉથડકપણું વર્તતું હતું. તેથી અંતરમાં ઉદ્વેગ રહેતો. શ્રીહરિએ નરનારાયણરૂપે દર્શન દીધું ત્યારે પૂર્ણપુરુષોત્તમપણું સંપૂર્ણ સમજાયું. પણ અલૌકિકરૂપ દીઠા વિના મનમાં નિરૂત્સાહ રહેતા. કોઈને વાત કહેતા નહિ. ત્યારે શ્રીહરિએ તેમના અંતરની વાત જાણી અને સ્વપ્નમાં દર્શન દીધા. પ્રથમ શ્રીહરિરૂપે પ્રગટ થયા. પછી નરનારાયણની બે મૂર્તિઓ રૂપે થયા. શંક ચક્રાદિક આયુધ મુગટ તથા વસ્ત્ર આભૂષણોએ યુક્ત મંદ હાસ્ય કરતા ઉદ્ધવને નારદજી સાથે ભગવાનનાં શ્રીહરિની તપોમૂર્તિના દર્શન થયા. અને નારાયણે વિપ્રને કહ્યું કે શ્રીહરિની મનુષ્યરૂપે મૂર્તિ ફાવે તેમ ચરિત્ર કરે તો પણ બધા અવતારના કારણ છે એમ માનવું. ભવ બ્રહ્માદિક તેમના ઐશ્વર્યનો પાર પામે તેમ નથી. એમની આગળ અમારું શું લેખું ? એમ નારાયણે કહ્યું ત્યારે ભટ્ટની મતિ નિઃસંશય થઈ પછી શ્રીહરિને સવારમાં પગે લાગીને બધી વાત કહીને બોલ્યા કે હવે બધા કુતર્ક મટી ગયા છે. ત્યારે શ્રીહરિ ભટ્ટને કહે અમે કહીએ તેમ કરે તે અમને ગમે છે. અંતર્યામી અમને પ્રેરે છે તે પ્રમાણે અમે કરીએ છીએ. તે અંતર્યામી દુઃખી જનને માટે અવતાર ધારે છે ત્યારે તેમને અમાયિક જાણીને ગાય છે. તેની મતિ શુદ્ધ થાય છે ને સત્સંગની વાતની રૂચિ થાય છે.

**(૯) વસો ગામના વાઘજીભાઈને શ્રીહરિએ દર્શન આપીને સર્વોપરિપણાનો નિશ્ચય કરાવ્યો :**

ગામ વસોના (ચરોતર પ્રદેશ) પાટીદાર વાઘજીભાઈ અઢાર વર્ષના હતાં ત્યારે બહુ માંદા થયા. એ વખતે એમના મનમાં એવો વિચાર આવ્યો કે જે સત્સંગી થાય છે. તેના કર્મ બળી જાય છે. ત્યારે કર્મ વિના દુઃખ કોણ દેતુ હશે ? અને એ દુઃખ રહેશે ક્યાં સુધી ? મહારાજ ભગવાન હશે કે નહિ હોય, પણ મહારાજ અંત સમયે પોતાના ભક્તને દર્શન દે છે અને તેડી જાય છે, ત્યારે હજી સુધી કેમ કાંઈ જણાતું નથી ? આ તો અહીંનુ સુખ પણ કાંઈ દીઠું નહિ.



એ વખતે મહારાજ આવ્યા. એમણે અઢારસો રૂપિયાનો અને નગરમાં વણાવેલો ઝગમગતો ફેંટો માથે બાંધ્યો છે, જરિયાની ડગલી અને જરિયાની સુરવાળ પહેર્યો છે અને કેડે જરિયાની શેલું બાંધ્યું છે. ખંભે પણ જરિયાની શેલું ધારણ કર્યું છે, અંગો અંગને વિષે આભૂષણો ધારણ કર્યા છે. એવી રીતે શોભાયુક્ત બનીને સાથે શ્રીકૃષ્ણ ભગવાનને લઈને આવ્યા. મહારાજ આવીને ઢોલિયા ઉપર બેઠા અને શ્રીકૃષ્ણ ભગવાન સાંગા માચી[1] ઉપર બેસી શ્રીજી મહારાજને રીઝવવા સારું વાંસળી વગાડતા હતા.

પછી મહારાજે વાઘજીભાઈના ચાર વિચાર કહ્યા, કે ભગવાનના ભક્તને પ્રારબ્ધ તો ભોગવવું જ પડે છે, તે બળતું નથી. મહારાજ પોતાની છાતીયે હાથ દઈને બોલ્યા કે અમે ભગવાન છીએ અને આ તમને દર્શન દીધું. તમારો દેહ નહિ પડે અને તમને મૂકી જઈશું. અને દુઃખ નહિ રહે. એમ કહીને તેમણે માથે હાથ મૂક્યો. તેથી તેમના શરીરમાં ઘણી શાંતિ થઈ અને પોતે અંતર્ધ્યાન થયા. એટલે તેમના પગના અંગૂઠામાં પીળો સર્પ જેવો રોગ નીકળી ગયો અને તે સાજા થયા.

**(૧૦) શીતલદાસને શ્રીહરિએ સર્વોપરિપણાનો નિશ્ચય કરાવ્યો :**

એક સમયે ઝરણા પરણા ગામના નિવાસી અને એકલશૃંગી ઋષિના વંશજ એવા શીતલદાસ આ જગતથી ઉદાસ થઈને, વૈરાગી વેશ ધારીને, પ્રગટ ભગવાનને શોધવા દેશ વિદેશના તીર્થોમાં ફરવા લાગ્યા. ઘણા તીર્થ ફરતા ફરતા પશ્ચિમ દેશમાં આવ્યા. ત્યાં તેમણે એવું સાંભળ્યું કે રામાનંદ સ્વામી ભગવાનછે, તેમના દર્શન કરવા તેઓ ફણેણી ગામે આવ્યા. ફણેણીમાં કોઈએ એવી વાત કરી કે રામાનંદ સ્વામી દેહ છોડી ગયા તેને આજે તેર દિવસ થયા. તેઓએ સત્સંગની ગાદી નીલકંઠવર્ણીને સોંપી છે. એટલે શીતલદાસે શ્રીહરિ પાસે આવીને તેમના ચરણોમાં વંદન કર્યું. તેમણે વિચાર્યું કે રામાનંદ સ્વામી તો દેહ છોડી ગયા, પણ તેઓના સાધુ ધન્ય હોવાથી તેમને પ્રથમ પ્રસન્ન કરીને ભગવાન શોધવા ચાર ધામની યાત્રા કરું. ભગવાન મને ક્યાંય મળશે તો મારા ચિત્તની ચિંતા ટળી જશે. શ્રીજીએ શીતળદાસને સારા સાધુ જાણીને એકાંતમાં ઉતારો આપ્યો.

૧. ખાંટલો

બીજા દિવસે એટલે કે રામાનંદ સ્વામીના ચૌદમાના દિવસે શ્રીજીમહારાજ સભા ભરીને બેઠા છે. શીતળદાસ સભામાં આવ્યા એટલે મહારાજ મોટા પુરુષ છે તેવો તેમને નિશ્ચય થયો. પછી ત્યાંથી ચાલવાનો વિચાર કર્યો. એટલે મહારાજ અંતર્યામિપણે જાણીને બોલ્યા કે ચિત્તમાં ચાલવાની ઉતાવળ કેમ કરો છો ? એટલે શીતળદાસ બે હાથ જોડીને બોલ્યા કે, હે મુનિનાથ ! હું રામાનંદ સ્વામીના દર્શન કરવા આવ્યો હતો. પરંતુ મારી આશા નિષ્ફળ ગઈ. હવે ભગવાનને બીજે સ્થળે જઈને શોધું.

શ્રીજી મહારાજ આ સાંભળીને બોલ્યા કે, તમોને રામાનંદ સ્વામી આજે જ મેળવી આપું. તમે આજે અહીં રોકાઈ જાવ, તમારી આશા પૂર્ણ થશે. ત્યારે શીતળદાસ કહે કે, રામાનંદ સ્વામી મળે તો ખૂબ આનંદ થાય. એવું સાંભળીને શ્રીજી મહારાજે તેમને સ્વામિનારાયણ નામ રટવાનું કહ્યું, સ્વામિનારાયણ નામ રટવાથી શીતળદાસને સમાધિ થઈ. સમાધિમાં તેઓ અક્ષરધામમાં ગયા. ત્યાં તેઓએ કોટિ કોટિ સૂર્ય-ચન્દ્રના પ્રકાશ સમાન શીતળ શાંત તેજના સમૂહમાં પુરુષોત્તમ ભગવાન જોયા. આ પુરુષોત્તમ ભગવા બીજા કોઈ નહિ, પરંતુ ફણેણીમાં સભામાં જે બિરાજમાન હતાં તેજ પ્રત્યક્ષ અનંત કોટિ મુક્તોથી સેવાયેલા દીઠા. મત્સ્ય, વરાહ આદિક ચોવીશ અવતારો આ ભગવાનની સામે ઉભા રહીને સ્તુતિ કરતા હતા. રામાનંદ સ્વામી પણ ત્યાં ઉભા રહીને શ્રીજીના ગુણોનું ઉચ્ચારણ કરતા હતા.

શીતળદાસે પ્રેમે કરીને શ્રીજી મહારાજની પૂજા કરી. પછી અનંત મુક્તને પૂજવા ઈચ્છા કરી. પરંતુ અનંત મુક્તોને એકી સાથે કેમ પૂજવા ? ત્યારે શ્રીજીએ કહ્યું કે તમે અનંત સ્વરૂપ ધરીને એક ક્ષણમાં અનંત મુક્તની પૂજા કરો. ત્યારે શીતળદાસે કહ્યું કે મારાથી એવું શી રીતે થઈ શકે ? ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, તમે અંતરમાં એવી ઈચ્છા કરો કે આ રામાનંદ સ્વામી પુરુષોત્તમ ભગવાન હોય તો તેમના પ્રતાપથી હું અનંતરૂપે થાઉં એવો સંકલ્પ કરો. ત્યારે શીતળદાસે એ મુજબ સંકલ્પ કર્યો. પરંતું સફળ થયો નહિ. ત્યારે ફરી શ્રીજી મહારાજ કહે, આ ચોવીસ અવતાર જુઓ. તેમાંથી કોઈ પુરુષોત્તમ હોય તો હું અનંત સ્વરૂપે થાઉં એવો સંકલ્પ કરો. ત્યારે શીતળદાસે એ મુજબ સંકલ્પ કર્યો. પરંતુ કામ સિધ્ધ થયું નહિ. પછી શ્રીજી મહારાજ કહે



હવે એ સંકલ્પ મારા વિષે કરો. ત્યારે શીતળદાસે ધાર્યું કે આ સહજાનંદ સ્વામી જો પુરુષોત્તમ હોય તો મારા અપાર સ્વરૂપ થાય. આ સંકલ્પ કરતાની સાથે શીતળદાસ અગણિત સ્વરૂપે થઈને એક ક્ષણમાં પ્રેમે કરીને અનંત મુક્તોની પૂજા કરી. રામાનંદ સ્વામીની પૂજા કરી ભાવ લાવીને શીતળદાસ બોલ્યા કે, હે મહારાજ ! હું તો તમારા કાજે આવ્યો હતો. તમે ભગવાન છો. એવું ધારીને ! આ સાંભળીને રામાનંદ સ્વામી બોલ્યા કે, અક્ષરધામના ધામી, સર્વ અવતારના અવતારી, સર્વોપરિ ભગવાન તમે જે ફણેણીમાં જોયાં તે જ જુઓ આ પ્રત્યક્ષ છે. હું તો તેમના દાસનો દાસ છું. અને પ્રભુ પાસે રહીને તેમની સેવા કરું છું. સર્વ અવતાર આમૂર્તિમાં સમાય છે. પરંતુ પોતે કોઈ સ્વરૂપમાં લીન થતાં નથી. રામાનંદ સ્વામીએ આવી જ્યાં વાત કરી ત્યાં તો નદીઓ જેમ સાગરમાં સમાય તેમ સર્વ અવતાર શ્રીહરિની મૂર્તિમાં લીન થઈ ગયા. અનેક અક્ષરમુક્તના સ્વામી, અક્ષર, પુરુષ અને પ્રધાન પુરુષના નિયંતા તરીકે શીતળદાસે જ્યારે શ્રીહરિને નિહાળ્યા ત્યારે તેઓ આશ્ચર્ય પામ્યા અને નિશ્ચય થયો કે આ ધર્મ ભક્તિના પુત્ર સમાન કોઈ બીજા ભગવાન નથી.

શીતળદાસ સાધુએ શરીરમાં આવીને આ વાત સભામાં સૌને સંભળાવી, તેમ છતાં રામાનંદ સ્વામીના શિષ્યો આ વાત માની શક્યા નહી. રામાનંદ સ્વામી જ ભગવાન છે. એવો તેમને નિશ્ચય હોવાથી તેઓ હાથ જોડીને બોલ્યા, અમને પણ આ ધામ દેખાડીને અમારા સંશયનું નિવારણ કરો. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા કે તમો પણ સ્વામિનારાયણ નામ રટો. ત્યારે બધી સભા સ્વામિનારાયણ મંત્રની ધૂન્ય કરવા લાગી. ત્યારે બધા ભક્તોને સમાધિ થઈ. અને અક્ષરધામ જોયું. રામાનંદ સ્વામી તથા અનંત અક્ષરમુક્તો જેમની સેવામાં ઉભા છે તેવા પ્રત્યક્ષ અક્ષરધામના ધામી શ્રી સહજાનંદ સ્વામીને જોયા. પછી તે સર્વે મુક્તો શ્રીહરિની મૂર્તિમાં લીન થયા. આવું આશ્ચર્ય દેખી સર્વેએ ધર્મદેવના પુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરી જાણ્યા. પછી સર્વે સમાધિમાંથી જાગીને પ્રત્યક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણને પગે લાગી, મસ્તક નમાવીને બોલ્યા કે હે ભગવાન ! આપ જ એક સર્વોપરી છો.

પછી શીતળદાસે મહાપ્રભુ પાસેથી દીક્ષા લીધી અને સમાધિ નિષ્ઠ તથા અનેક પરચા પૂરવા વાળા વ્યાપકાનંદ સ્વામી તરીકે આપણા સંપ્રદાયમાં પ્રસિધ્ધિ પામ્યા. પછી ઘનશ્યામ મહારાજે સ્વયં પોતાના નામ સ્વામિનારાયણનો મહિમા સભામાં કહ્યો.

**(૧૧) વચનામૃતમાં સ્વયં સ્વામિનારાયણ ભગવાને કહેલું પોતાનું સર્વાવતારી પણું :**

ગ.અં. છઠ્ઠા વચનામૃતમાં શ્રીજી મહારાજ બોલ્યા જે, ....... આ સત્સંગને વિષે જે ભગવાન વિરાજે છે તે જ ભગવાનમાંથી સર્વે અવતાર થયા છે, ને પોતે તો અવતારીછે. ને એ સર્વના અંતર્યામી છે ને એક જ અક્ષરધામને વિષે તેજોમય છે, ને સદા સાકારરૂપ છે, ને અનંત ઐશ્વર્યયુક્ત છે. ને એજ અનંત બ્રહ્માંડના રાજાધિરાજ છે, ને જ્યારે રામાવતારનું ચરિત્ર કરે ત્યારે જાણીએ જે રામચન્દ્રજી છે, ને જ્યારે શ્રીકૃષ્ણની લીલા આચરે ત્યારે જાણીએ જે શ્રીકૃષ્ણ છે, એ જે પ્રકારે જે જે અવતારની ક્રિયા જાણ્યામાં આવે ત્યારે એમ સમજવું જે મોરે ભગવાનના જેટલા અવતાર થયા છે તે સર્વે આમાંથી થયા છે ને એ જ ભગવાન સર્વે અવતારના કારણ છે. એમ સમજે તો તેનો નિશ્ચય ડગે નહિ.

વચનામૃત અં. ૭ માં શ્રીજી મહારાજ પોતાનું સર્વોપરિ પણું વર્ણવતા કહે છે, ........... પ્રથમ અમે પીપલાણામાં લાધા બ્રાહ્મણને ઘેર રામાનંદ સ્વામીને એમ પૂછયું હતું જે, 'તમે સનાતન ઈશ્વર છો કે આધુનિક ઈશ્વર છો ? ત્યારે રામાનંદ સ્વામી તો બોલ્યા જ નહિ. ને પછી અગણોતરા કાળમાં અમે માંદા થયા હતાં ત્યારે અમે ક્ષીરસાગરને વિષે શેષશય્યાને વિષે શેષશાયી નારાયણ સૂતા છે ત્યાં ગયા. ત્યારે ત્યાં અમે રામાનંદ સ્વામીને જોયા. તે ધોળી ધોતી પહેરી હતીં ને પછેડી ઓઢી હતી. એવા બીજા પણ ઘણાંક શેષશાયી નારાયણનાં ચરણારવિંદને સમીપે બેઠા હતા. તે અમે જોયા. ત્યારે અમે નારાયણને પૂછયું જે, 'આ રામાનંદ સ્વામી તે કોણ છે ?' પછી નારાયણે કહ્યું જે, 'એ તો બ્રહ્મવેત્તા છે.' એમ નારાયણને બોલતે સતે રામાનંદ સ્વામી તો તે નારાયણના શરીરને વિષે લીન થયા ને ત્યાર પછી અમે દેહને વિષે આવ્યા, ને તે પછી અમે અંતરદ્રષ્ટિ કરી ત્યારે પ્રણવનાદને જોયો. તે



જોતાં જોતાં નંદીશ્વર પોઠીઓ આવ્યો તે ઉપર બેસીને કૈલાસમાં શિવજી પાસે ગયા. ને ત્યાં ગરૂડ પણ ઉડી શક્યો નહિ એટલે અમે એકલા જ તે સર્વ થકી પર એવું જે શ્રીપુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું. મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ. એટલે ઠેકાણે ફર્યા અને પછી અમે દેહને વિષે આવ્યા, ને ફેર અંતર સામું જોયું ત્યારે એણ જણાણું જે, સર્વે બ્રહ્માંડની ઉત્પતિ, સ્થિતિ ને પ્રલય, તેનો કર્તા પણ હું જ છું. ને અનંત બ્રહ્માંડનાં અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ, અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ, એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. અને વળી હું કેવો છું તો મારા પગને અંગુઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે. ને મારે તેજે કરીને સૂર્ય, ચન્દ્રમાં, તારા આદિક સર્વે તેજાયમાન છે. એવો જે હું, તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન સ્થિર થાય, ને કોઈ કાળે વ્યભિચારને પામે નહિ......

ગ.પ્ર.પ્ર. ૬૩ માં કહે છે ........ એવા અતિ સમર્થ જે ભગવાન તે પોતે અક્ષરમાં પ્રવેશ કરીને અક્ષરરૂપે થાય છે. ને પછી મૂળ પુરુષ પ્રકૃતિ રૂપે થાય છે. અને પછી પ્રધાનપુરુષરૂપે થાય છે. અને પછી પ્રધાનમાંથી થયાં જે ચોવીસ તત્ત્વ તેને વિષે પ્રવેશ કરીને તે રૂપે થાય છે. અને પછી તે તત્ત્વે કરીને સરજાણા જે વિરાટ પુરુષ તેને વિષે પ્રવેશ કરીને તે રૂપે થાય છે. અને પછી બ્રહ્મા, વિષ્ણુ, શિવમાં પ્રવેશ કરીને તે તે રૂપે થાય છે.

**(૧૨) સર્વાવતારી સર્વોપરીનો સંક્ષિપ્ત ઉપસંહાર :**

अवतरतिती अवतारी यस्मिन् सः इति अवतारः અવતારી જેને વિષે પ્રવેશ કરે તે અવતાર કહેવાય. અવતારી શ્રીજી મહારાજ સર્વ અવતારના ધારણ કર્તા છે, સર્વને વિષે ઊતર્યા છે. સર્વ અવતારના કારણ છે. વળી શ્રીજી મહારાજ સર્વોપરી એટલે કે સર્વ + ઉપરી સર્વેના ઉપરી સ્થાને છે. સર્વથી મોટા છે તેના થી મોટા કોઈ નથી. સ્વામિનારાયણ ભગવાન સ્વતંત્ર ભગવાન છે. પુરુષોત્તમ નારાયણ જેવા છે, તેવા જ પૃથ્વી પર પધાર્યા હતા. સ્વામિનારાયણ નામ કોઈએ પાડ્યું નથી. તે તો પોતે જ પોતાનું સ્વામિનારાયણ નામ રામાનંદ સ્વામીના ચૌદમાને દિવસે પ્રગટ કર્યું છે. તે નામ પોતાનું

અસલી નામ છે. નારાયણ તો ઘણા છે - નરનારાયણ, લક્ષ્મીનારાયણ, શેષનારાયણ, વૈરાટ નારાયણ, સત્યનારાયણ, શ્યામનારાયણ, રામનારાયણ, બદ્રિનારાયણ, સૂર્યનારાયણ. પણ આ નારાયણ કેવા છે ? ''**स्वयं निरतिसयं ऐश्वर्य अस्थास्तीति स्वामि**'' સર્વથી જેને સર્વોપરિ ઐશ્વર્ય હોય તે સ્વામિ કહેવાય. આ તો સ્વામિનારાયણ એટલે સર્વેના ઉપરી એવા નારાયણ તે સ્વામિનારાયણ એક જ છે. અહી સ્વામિ સેવક ભાવ આ નામમાં નથી. 'સ્વામિ' શબ્દ વિશેષણ છે. માટે સર્વ સ્વામિનારાયણનું કહેવાય છે. સ્વામિનારાયણના છપૈયા, સ્વામિનારાયણ ગઢડા, સ્વામિનારાયણનું મંદિર, સ્વામિનારાયણના આચાર્ય તથા સ્વામિનારાયણના સાધુ યત્કિંચિત્ સર્વ સ્વામિનારાયણનું કહેવાય છે.

અહીં અવતારોને હલકા ગણવાનો આશય સંપ્રદાયના કોઈ આધારભૂત ગ્રંથમાં નથી. અવતારોમાં પ્રવેશ કરીને અવતારી એવા આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને જ યથા સમયે લીલા ચરિત્રો કર્યા છે. અવતારો પણ અવતારીમાંથી જ પ્રગટ થતા હોવાથી તેઓ પણ ભગવાન કહેવાય છે. પરંતુ અવતાર-અવતારીનો સૂક્ષ્મભેદ બહુ સમજવા જેવો છે. અને જે ભક્તો આવો ભેદ સમજતા તેના ઉપર શ્રીજી મહારાજ બહુ રાજી થતા. ગાંફ ગામના વસ્તા રાવળની સમજણમાં શ્રીજી મહારાજ સર્વોપરી હતા. તેથી સમજણ વિનાના હરિભક્તોએ તેમને વિમુખ જાહેર કરેલા. શ્રીજી મહારાજ જ્યારે ગાંફ ગામમાં પધાર્યા ત્યારે વસ્તા રાવળનો વાંસો થાબડીને કહ્યું કે, 'વસ્તા રાવળ' તમારી સમજ સાચીછે. જાઓ જઈને સહુને કહો કે શ્રીજી મહારાજ સર્વોપરી છે. એવી જ રીતે શ્રી મુકુન્દાનંદ બ્રહ્મચારીની સમજણને પણ મહારાજે બહુ વખાણી હતી. એક વાર સભામાં મહારાજે વાર્તા કરવા બ્રહ્મચારીને આજ્ઞા કરી ત્યારે બ્રહ્મચારીએ વાત કરી કે, ''એક મુદ્દાની વાત કહું છું. આ સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. એમના જેવા કોઈ થયા નથી અને થશે પણ નહીં, તે વારે વારે કહું છું કે આ વાત નક્કી છે. બીજી વાત એ છે જે આ સ્વામિનારાયણની આજ્ઞામાં ફેર ન પાડવો. તેમની બાંધેલ મર્યાદામાં રહેવું, આ બે જ વાતો છે.'' એ સાંભળી મહારાજ કહે બ્રહ્મચારીએ બહુ ભારે વાતો કરી.



અનંત ભક્તોએ સર્વાવતારી અને સર્વોપરી પણાની વાત અનુભવીને દ્રઢ કરેલી છે. અનુભવ સિવાય આ વાત જલ્દી મનાય તેવી નથી. બધા અવતારોએ કરીને તર્યા એટલા આજે એક જ વખતે તર્યા, પણ મોક્ષ માર્ગમાં જેની મતિ ન હોય તેને સત્ય મનાય નહિ. દેવો પણ શ્રીહરિના આ અવતારને સર્વોપરિ કહેતા હતા. મહારાજની મૂર્તિમાં અને બીજા અવતારમાં સૂર્ય અને મશાલ જેટલો ફેર છે. સૂર્ય વિનાના તારા હોય તેમાં ચંદ્ર મોટો ગણાય, પણ સૂર્ય ઉદય થતા લીન થઈ જાય. ચન્દ્ર, તારા અને અગ્નિમાં પ્રકાશ છે તે સૂર્યનો છે. બધા અવતારોના સામર્થ્ય કરતા આજનું સામર્થ્ય અતિ દેખાય છે. આપણને જે ભગવાન મળ્યા છે, તેનાથી મોટા કોઈ ભગવાન નથી. રામાનંદ સ્વામી પર્વતભાઈ જેવા જે પાત્ર શિષ્ય હોય તેને ગુપ્ત વાત કરતા કે, આ વર્ણી (નીલકંઠ વર્ણી) તે સર્વના કારણ છે. એમનું કારણ કોઈ નથી. તે પુરુષોત્તમ, આદિ નારાયણ અને સનાતન કૃષ્ણ વગેરે નામથી કહેવાય છે. ને જે અવતાર છે તે બધા આમના છે. પોતે એક મૂર્તિ હોવા છતાં અનેક રૂપે જ્યાં જેવું કામ પડે ત્યાં તેવી મૂર્તિ ધારે છે. એમનું ચિંતવન કરતા સર્વે મનોરથની સિદ્ધિ થાય છે. નંદ સંતો મહારાજને કહેતા, કે મહારાજ ! તમારા નામની મૂર્તિઓ અપાર છે. વૃક્ષ ને જેમ પત્ર, ફૂલ, ફળ, શાખા એમ અનેક વિભાગ છે. પણ થડની દ્રષ્ટિએ જોઈએ તો એક જ વૃક્ષ છે. તેમ તમને થડ માનીએ છીએ. તમારી મૂર્તિના અનેક નામ છે. એક મૂર્તિમાંથી જ બધી મૂર્તિઓ જુદા જુદા નામે ભક્તના ભાવ પ્રમાણે દેખાય છે.

અક્ષરધામાધિપતિ પુરુષોત્તમ નારાયણ અખંડ અક્ષરધામમાં રહી ને જેવા ભક્તો હોય તેવા સુખ આપવા માટે જુદા જુદા ધામમાં જુદા જુદા રૂપે રહે છે. ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ તથા બદરિકાશ્રમમાં જેવા ભક્ત છે, તે જેવી તેમની ઈચ્છા છે તે પ્રમાણે રહે છે ને અખંડ સુખ આપે છે. અક્ષરધામમાં રહીને જ તે તે રૂપે દેખાય છે. અક્ષરધામની મૂર્તિથી બીજી મૂર્તિઓ જે દેખાડવામાં આવે છે તેને જુદા રૂપે વર્ણન કરે ત્યારે તે તે ભક્તને શાંતિ થાય છે. કારણ કે ભગવાનના ભક્ત અનંત છે. સૌની સમજણ એક હોતી નથી.

સ્વયં શ્રીજી મહારાજ પોતાના શબ્દોમાં કહે છે, ''દૂસરા અવતાર હૈ સો તો કાર્ય - કારણ અવતાર હુઆ હૈ, ઔર હમારા યહ અવતાર હૈ સો તો

જીવોકું બ્રહ્મરૂપ કરકે આત્યંતિક મુક્તિ દેને કે વાસ્તે અક્ષરાતીત પુરુષોત્તમ જો હમ, વહ મનુષ્ય જૈસે બને હૈ.''

પૂર્વે રામકૃષ્ણાદિક અવતારો થયા તે તો જે કાર્ય નિમિત્તે દેહનું ધારણ કર્યું હોય તે કાર્ય થઈ રહે એટલે આ પૃથ્વીમાંથી અંતરધ્યાન થઈ જાય છે. પૂર્વે અવતારો થઈ ગયા તેમણે અસુરોનો નાશ કર્યો, પણ સ્વામિનારાયણ ભગવાને તો અસુરોમાં રહેલાં આસુરભાવનો નાશ કરી નાંખ્યો. શ્રીજી મહારાજનો પ્રાદુર્ભાવ તો જીવોનું અનાદિ અજ્ઞાન ટાળી, કારણ શરીરની વાસના બાળી તેમનું આત્યંતિક કલ્યાણ કરવા માટે છે.

નંદ સંતો મહારાજની સ્તુતિ કરતા કહે છે. હે મહારાજ ! શંખાસુર, હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુ, રાવણ, જરાસંઘ, શિશુપાલ જેવા મોટા મોટા દાનવો કામ, ક્રોધ, લોભ, મોહ, અલંકાર પૈકી કોઈને કોઈ અંતઃશત્રુઓ થકી હાર પામીને આપના જુદાં જુદાં અવતારના હાથે હણાયા. તેમજ સ્વર્ગના દેવોના અધિપતિ ઈન્દ્ર જેવાને પણ કામ અંતઃશત્રુએ કંગાલ કરેલ છે. આમ સુક્ષ્મ દ્રષ્ટિએ જોઈએ તો સુર અસુર સર્વે મહાબળિયાને પણ કામ, ક્રોધ વગેરે અંતઃશત્રુઓએ ગળેલા હોવાથી સુર તથા અસુરો કરતાં પણ કામ, ક્રોધ, લોભ વગેરે અંતઃશત્રુઓ મહાબળવાન છે. આવા મહાબળવાન અંતઃશત્રુઓને હે મહારાજ ! આપે વિદારી મૂક્યા છે. હાર પમાડી છે. માટે આપ અવતારના અવતારી છો. આ સર્વવતારી પણાંની સાબિતીની વાત એવી છે કે નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે,

સૂક્ષ્મ દ્રષ્ટિવાળાને સુજે, સ્થુળ દ્રષ્ટિવાલાને ન બુજે ॥
માટે આજ છે વાત એલેખે, જાડી બુદ્ધિવાળા તે ન દેખે ॥૩૨॥

*(ભ.ચિ. પ્ર. ૧૦૫)*

વળી આપના આગળના જે જે અવતાર થયા. તેઓએ દૈવી જીવનો ઉદ્ધાર કર્યો. જ્યારે આપે તો દૈવી તેમજ આસુરી જીવને તથા સાત્વિક, રાજસી અને તામસી પ્રકૃતિના માણસોને પણ તાર્યા. અનંતજીવના અંતર ફેરવીને તમારા આશ્રિત બનાવી શરણે લીધા. હે મહારાજ ! તમારા આશ્રિતો વૈરાગ્ય, જ્ઞાન, સ્વધર્મ સહિત માહાત્મ્યયુક્ત આપની જે અનન્ય ભક્તિ કરે છે, એ આપના પ્રતાપે કરે છે. આગળ અવતારોએ જે જે ચરિત્રો કર્યા એ, હે



મહારાજ ! આપ અવતારી હોવાથી તે ચરિત્રો આપના જ છે. એ વાતમાં સંદેહ નથી.

આવી રીતે નંદ સંતોએ શ્રીજી મહારાજનું સર્વાવતારીપણું સિધ્ધ કર્યું છે. આ નંદ સંતો કંઈ જેમ તેમ નહોતા, ઘણીવાર જરૂર પડ્યે સ્વયં ભગવાન જેવી સામર્થી તેઓ શ્રીજી મહારાજના પ્રતાપથી જણાવતા. એક એક નંદ સંત ને ઓળખવા એક એક નંદ સંતનું જીવન વાંચવું પડે. આવા નંદ સંતો જ્યારે શ્રીજી મહારાજને સર્વોપરી સર્વાવતારી ભગવાન સિદ્ધ કરતા હોય છતાં જો આપણને એ વાત યથાર્થ ગળે ન ઉતરે તો એટલા આપણા દુર્ભાગ્ય ! ઘણાં લોકો સમયની ગણતરી મૂકતા હોય છે કે સ્વામિનારાયણ ભગવાન તો સવા બસો વર્ષ પહેલાંના ! તો એવા લોકોને જણાવવાનું કે એ ભગવાન સ્વામિનારાયણ તો સ્વયં પુરુષોત્તમ નારાયણ અનાદિ ભગવાન છે. આપણા બ્રહ્માંડના બ્રહ્માએ પોતાની આયુષ્યના ૫૦ વર્ષ સુધી જ્યારે એ પુરુષોત્તમ નારાયણને પ્રાર્થના કરી, ત્યારે એ ભગવાન જીવના આત્યંતિક કલ્યાણનો માર્ગ સ્થાપવા રાજી થઈ આપણા બ્રહ્માંડમાં પધારી સ્વામિનારાયણ નામ ધાર્યું છે. એ ભગવાનનો પ્રતાપ તો જુઓ કે આજની તારીખમાં પણ હજારોની સંખ્યામાં મનુષ્યો, સ્ત્રી, ધનના ત્યાગી બની સ્વામિનારાયણના સાધુ બની નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિઃસ્નેહી અને નિર્માની જેવા મહા કઠણ વર્તમાન પાળી રાત દિવસ ભગવાન ભજે છે. તથા સંપર્કમાં આવનાર અન્ય જીવને ભગવાન ભજાવે છે.તેમજ લાખો હરિભક્તો દારૂ, ચોરી, માંસ, વ્યભિચાર તથા જ્યાં વટલાઈ જવાનો ભય હોય તેવી જગ્યાએ ખાવા-પીવાનો ત્યાગ કરી તેમજ શિક્ષાપત્રી પ્રમાણ જીવન જીવી રાત દિવસ ભગવાનને સંભારી સત્યુગના માણસો જેવું જીવન જીવે છે ! શું આ ચમત્કાર નથી ? શું અહીં સ્વામિનારાયણ ભગવાનનું સર્વાવતારી પણું સિધ્ધ થતું નથી ?

''પુરુષોત્તમ પોતે પધારે, તેની રીત જુદી હોય ત્યારે,
નહિ ભક્ત અભક્ત પ્રમાણ, કરે સંકલ્પથી જ કલ્યાણ.
તેના સેવક સંકલ્પ કરે, એથી પણ બહુ જીવ ઉદ્ધરે,
અવતારને અવતારી, એની એટલી રીત છે ન્યારી.''

*(હરિલીલામૃત કળશ-૫).*

અક્ષરધામમાંથી શ્રીહરિને પધારવાના જે છ હેતુ હતાં તે પૈકી એક હેતુ એ હતો કે, 'પોતાના અવતારોને તથા અવતારોના ભક્તોને આ પૃથ્વી ઉપર મનુષ્યરૂપ ધરાવીને પોતાના સ્વરૂપનું જ્ઞાન તથા ઉપાસના સમજાવીને તે સર્વેને પોતાના અક્ષરધામમાં લઈ જવા' તે હતો. તે વિષે વિવેચન કરતાં અનાદિ મુક્ત સ.ગુ. ગોપાળાનંદ સ્વામી કહે છે :- ''બીજા અવતાર થાય છે તે જ્યાંથી આવે છે, ત્યાં પાછા જાય છે પણ અક્ષરધામને કોઈ પામતા નથી. એ તો જ્યારે પુરુષોત્તમ નારાયણ સ્વયં અક્ષર ધામમાંથી આવે ત્યારે તે ભેળા બીજા અવતાર તથા તેમના ભક્તો તેમજ અન્ય ઐશ્વર્યાર્થીઓ પણ દેહ ધરે છે - એ સર્વે પુરુષોત્તમ નારાયણના ભક્ત થાય છે ને પુરુષોત્તમ નારાયણની સર્વોપરી ઉપાસના દ્રઢ કરીને પોતાની ખોટ્ય ટાળીને અક્ષરધામમાં જાય છે.

અને કોઈ વખતે તો એમ બને છે કે એ અવતારો, સત્સંગમાં જન્મ ધરે ત્યારે ગૃહસ્થ સત્સંગી કે ત્યાગાશ્રમી થયા હોય પણ એમને પુરુષોત્તમ નારાયણના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન ન થયું હોય કે સર્વોપરિ ઉપાસના ન સમજાઈ હોય તેને લીધે એ બીજાને ઉપદેશ કરે ત્યારે પુરુષોત્તમ નારાયણમાં ન જોડાતાં પોતામાં જોડે - પછી તે તે મુમુક્ષુઓને પોતાના લોકમાં - ધામમાં લઈ જાય, પણ એ કોઈ અક્ષરધામને ન પામે.''

શ્રીજી મહારાજની જીવને જેવી ઓળખાણ થઈ હોય, તેવી તે જીવની ગતિ થાય છે. ગોપાળાનંદ સ્વામી કહે છે, ''ને જે અવતાર છે તે તો પોતાના જે દ્રઢ ભક્ત હોય તેને પણ અક્ષરધામનાં દર્શન ક્યારેક કરાવે છે ને અવતારી જે શ્રીજી મહારાજ તે તો જેવા તેવા હજારો પ્રાકૃત મનુષ્યને અક્ષરધામનાં દર્શન વારંવાર કરાવે છે ને અંતકાળે પોતાના ભક્તને તેડવા આવે છે ને વળી યવન, જૈનાદિકને પણ એમના ઈષ્ટદેવના દર્શન કરાવે છે, ને તે દેવ જે તે પોતપોતાના સેવકને વાર્તા કરે છે જે, પરમેશ્વર તો આ સ્વામિનારાયણ છે ને અમે સર્વે તો એમના સેવક છીએ.'' પુરુષોત્તમના જે ભક્ત છે તે તો સ્વતંત્ર છે ને તે જેવો તેવો હોય તો પણ ઈન્દ્ર કે બ્રહ્મા કે વૈરાટ પુરુષ કે પ્રધાન પુરુષ જેવો થાય છે. ને જેને ઉપાસના અતિશે દ્રઢ હોય તે મૂળપુરુષ જેવો થાય ને સત્પુરુષના સંગે કરીને ધર્મજ્ઞાનાદિકને અતિ પકવ કરે તો અક્ષર જેવો એકાંતિક ભક્ત થાય છે.



શ્રીજી મહારાજનો ચમત્કાર જોવો ને શ્રીકૃષ્ણ, રામચન્દ્રજી, ઋષભદેવ, કપિલ તથા દત્તાત્રેયની સામર્થી જોવી ને પછી પૂર્વાપર વિચારીને જુવે ત્યારે બીજા અવતાર કરતાં શ્રીકૃષ્ણ ભગવાનની સામર્થીમાં બહુ ફેર છે, તે જ્યારે તપાસીને જુવે ત્યારે ખબર પડે. કેમ જે શ્રીકૃષ્ણ ભગવાને પોતાને વિષે બીજા અવતારને પૃથક્ પૃથક્ દેખાડ્યા તે જોતાં એમ જણાય છે જે, બીજા અવતારના અવતારી શ્રીકૃષ્ણ ભગવાન છે. મહારાજ અને શ્રીકૃષ્ણની સામર્થી જોઈએ તો મહારાજે પોતાને વિષે ચોવીશેય અવતારને પૃથક્ પૃથક્ દેખાડ્યા ત્યારે શ્રીકૃષ્ણના અવતારી શ્રીજી મહારાજ છે, એમ પોતાની બુદ્ધિમાં તપાસ કરીને સર્વે અવતારના અવતારી શ્રીજી મહારાજ છે એમ જે જાણવું તેને 'કળવું' કહીએ.

શ્રીકૃષ્ણ ભગવાને પોતાની મૂર્તિનો સંબંધ જેને થયો ને જે સ્નેહ ભાવ તથા દ્વેષભાવ આદિકથી પોતાના સંબંધને પામ્યા તેનું કલ્યાણ કર્યું. જેમ પારસમણિને લોઢું અડે ત્યારે સોનું થાય તેમ આ કહ્યાં જે અવતાર તેના જોગમાં આવે ત્યારે તેનું કલ્યાણ થાય તથા વ્રજવાસીઓએ કહ્યું જે તમે ભગવાન છો માટે અમને તમારું ધામ દેખાડો. ત્યારે તેને એકવાર પોતાનું ધામ દેખાડ્યું. અને મહારાજે પોતાનું કીર્તન ગાયું તેનું તથા કોઈ સત્સંગીનો ગુણ લીધો તેનું તથા જે જે સંતના જોગમાં આવ્યા તે સર્વેનું કલ્યાણ કર્યું તો પોતાના સંબંધને પામ્યા તેના મોક્ષમાં શું કહેવું ? તથા સાધુ દ્વારે તથા સત્સંગી દ્વારે તથા સોટી અને લાકડી દ્વારે કરીને સમાધિ કરાવી તો પોતાને જોઈને સમાધિ થાય તેમાં શી મોટી વાત કહેવી ? પોતાના દર્શન માત્રે કરીને હજારું ને લાખું સત્સંગી તથા કુસંગી તે સર્વેને સમાધિ થઈ ને બ્રહ્મપુરાદિક ધામ દેખાડ્યાં. તે તો જેમ ચિંતામણિ હોય તેને વિષે જે ચિંતવે તે મળે. એવું સમર્થપણું તો પુરુષોત્તમ વિના બીજા અવતારમાં ન હોય. એમ જે બુદ્ધિવાળો હોય તે અવતાર અવતારીને કળે. સ્વયં મહારાજ પણ કહેતા કે, ''આ વાત એવી છે કે ઉઘાડી કહ્યાં વિના કોઈને સમજાતી નથી. અને જેવી છે તેવી વાત કરતા તો અમને પણ ડર લાગે છે.'' જેને હમણાં આ વાત માન્યામાં ન આવે તે હૈયામાં સંઘરી રાખે. જ્યારે સમજાય ત્યારે માન્યામાં આવશે.

આવા સર્વોપરિ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ ત્રણ ગૂઢ

સંકલ્પો કરે છે કે, પોતે આ પૃથ્વી ઉપરથી અંતર્ધ્યાન થાય ત્યાર પછી પણ પોતાના આશ્રિતોનું આત્યંતિક કલ્યાણ સદાયને માટે ચાલું રહે. ત્રણ ગૂંઢ સંકલ્પો નીચે મુજબ હતા.

(૧) ઉપાસનાના માર્ગ માટે મહામંદિરોનું નિર્માણ.

(૨) ભાગવતી વૈષ્ણવી દીક્ષા માટે પોતાના પિતા ધર્મદેવના કુળમાં આચાર્ય સ્થાપન.

(૩) ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યનું નિરૂપણ જેમાં હોય તેવા સત્શાસ્ત્રોની રચના કરાવવી.

ત્રણ ગૂંઢ સંકલ્પ પૈકી પ્રથમ આપણે શ્રીહરિએ સ્વહસ્તે નિર્માણ કરાવેલા ગુજરાતના નવ મહામંદિરો તથા તે મંદિરોમાં શ્રીહરિએ સ્વહસ્તે પ્રતિષ્ઠા કરેલા દેવોનો સંક્ષિપ્ત મહિમા જોઈએ.

## ૧૩. શ્રીહરિએ સ્વહસ્તે નિર્માણ કરાવેલા મહામંદિરો તથા તેનો મહિમા :

કળિયુગમાં મનુષ્યો હાલતા ચાલતા બોલતા ભગવાન હોય તેનો પણ અવગુણ લઈલે, અને પોતાના જીવનું કલ્યાણ બગાડી નાંખે, તેથી ભગવાન પાષાણ, ધાતુ, ચિત્ર એવી અષ્ટ પ્રકારની મૂર્તિમાં રહ્યા થકા ભક્તોને દર્શન આપે છે, તેઓની સેવા અંગીકાર કરે છે. મૂર્તિ મર્યાદા પ્રમાણે બોલે નહિ અને ભક્તોની સેવા, ભક્તોનો ભાવ સ્વીકારીને તેઓનું કલ્યાણ કરે છે. મૂર્તિ બોલે નહિ એટલે મનુષ્યોને તે મૂર્તિનો અવગુણ આવે નહિ અને મૂઢ મનુષ્યો પણ મૂર્તિમાં પ્રગટ પણાનો ભાવ રાખીને સેવા-પૂજા કર્યા કરે તેથી તેવા મૂઢ મનુષ્યોનું પણ ભગવાન મૂર્તિ દ્વારા કલ્યાણ કરે છે. વચનામૃતમાં શ્રીજી મહારાજે અષ્ટપ્રકારની ભગવાનની પ્રતિમાને માન્ય કરી છે. વન વિચરણ દરમિયાન શ્રી નીલકંઠ વર્ણી જગન્નાથપુરીમાં એક માસ પર્યંત રહેલાં ત્યારે શ્રી જગન્નાથજીની મૂર્તિમાં રહીને ત્યાંના પૂજારીનો ભક્તિ ભાવ તથા કપટને દેખતા. નીલકંઠવર્ણી જે શાલીગ્રામ ભગવાન રાખતા તે શાલીગ્રામ ભગવાનને



તરસ લાગવાથી, જ્યારે નીલકંઠવર્ણી શાલીગ્રામ ભગવાનને સ્નાન કરાવતા હતા, ત્યારે સ્નાન કરતા કરતા શાલીગ્રામ ભગવાન તે જળ પી જતા હતા. જેતલપુરમાં ગંગામાંએ પૂજેલા રાધા-કૃષ્ણદેવની મૂર્તિમાં રહીને શ્રીહરિ ગંગામાં એ ધરાવેલું દૂધ પી જતાં હતા. તેવી જ રીતે ગઢપુરમાં પણ લાડુબાની પૂજામાં રહેલાં લાલજી દૂધનો કટોરો પી જઈને, લાડુબાના પિતા એભલ ખાચરને પરચો જોઈતો હોય તેથી લાલજીની મૂર્તિએ દૂધનો ખાલી કટોરો એભલ ખાચરના પગમાં માર્યો.

મંદિરોમાં ભક્તોએ જે મૂર્તિનું દર્શન કર્યું હોય તે મૂર્તિનું પોતાના હૃદયમાં ધ્યાન કરી શકે છે. ભક્તોને ભગવાનની મૂર્તિનું હંમેશા અવલંબન રહે છે. મૂર્તિ દ્વારા સાકારપણાની ઉપાસના રહે છે. અને ભગવાન હંમેશા સાકાર મૂર્તિ છે. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે, અમને કોઈ નિરાકાર કહે તો તેને પંચમહાપાપ કરતા પણ વધારે પાપ લાગે છે. કારણ કે અમારે હાથ છે, પગ છે. આંખો વડે કરીને અમે ભક્તો સામે કરુણા દ્રષ્ટિથી જોઈએ છીએ. હાથ વડે કરીને અમે ભક્તોના કામ કરીએ છીએ.

મંદિરમાં એક દિવ્ય વાતાવરણ હોય છે. ત્યાં અખંડ ધૂન, કથા-વાર્તા આદિક ચાલુ હોય છે. મૂર્તિમાં સ્વયં ભગવાન બિરાજમાન હોય છે. હજારો ભક્તો આવતા હોય છે. જેથી મંદિરની પવિત્ર ભૂમિમાં કરેલ જપ, તપ, ધ્યાન, દાન આદિક સત્કર્મ અનંતગણું ફળ આપે છે. જીવનથી નિરાશ થયેલા મનુષ્યો પણ જો મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોમાં આવીને દેવનું દર્શન કરવાનો નિયમ રાખશે તો તેને જીવન જીવવાનું નવું બળ અવશ્ય પ્રાપ્ત થશે. જેમ ઘેર બેઠાં આલોકની કોઈ ઊંચી ડિગ્રી પ્રાપ્ત કરી શકાતી નથી. તેના માટે તો સ્કૂલ-કોલેજમાં જવું જ પડે છે, તેમ આત્યંતિક મોક્ષ રૂપી અક્ષરધામની પ્રાપ્તિ પણ ઘેર બેઠા થઈ શકતી નથી. તેના માટે તો દરરોજ મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોમાં દેવ દર્શન તથા કથાવાર્તા માટે જવું જ પડે છે !

### (૧) અમદાવાદ મંદિર અને શ્રી નરનારાયણદેવનો મહિમા :

ઈન્ગલેન્ડથી ભારત આવેલ અંગ્રેજ સલ્તનતનું ખૂબ વિશાળ રાજ્ય હતું. મુખ્ય અંગ્રેજ અમલદાર તેના હાથ નીચે જૂદ્દા જુદા ગર્વનરને જુદા જુદા પ્રાંતમાં નિમણુંક આપતા. ક્યારેક કોની પાસેથી કેવું કામ લેવું એ શ્રીહરિ

જાણતા જ હોય છે. જેથી એક સમયે શ્રીહરિએ અંગ્રેજ ગર્વનર સર ડનલોપને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવવા એક પરચો આપેલો. સર ડનલોપ જ્યારે આફ્રિકાના ભૂમિખંડમાં ગર્વનર હતા, ત્યારે તેને એક સમયે જંગલમાં જઈને સિંહનો શિકાર કરવાનો શોખ થયો. પોતે હાથમાં બંદૂક લઈને હાથી ઉપર બેસીને ઘોર જંગલમાં ગયા. સિંહને જોયો એટલે નિશાન લઈને બંદૂકમાંથી ગોળી છોડી. પરંતુ નિશાન ચૂકી ગયા. બંદૂકમાં ફક્ત એક જ ગોળી હતી. સિંહે સર ડનલોપને મારવા માટે મોટી તરાપ મારી. પરંતુ બરાબર એજ સમયે શ્રીહરિએ દિવ્ય સ્વરૂપે પોતાના કરકમળો દ્વારા સર ડનલોપને હાથી ઉપરથી અધ્ધર આકાશમાં ઊંચકી લીધા. સિંહ જંગલમાં ચાલ્યો અને ડનલોપ બચી ગયા. સર ડનલોપને શ્રીહરિના દિવ્ય કર કમળો યાદ રહી ગયા. આ બાજુ શ્રીહરિએ પોતાના સિધ્ધ હસ્ત ચિત્રકાર આધારાનંદ સ્વામી પાસે આ પ્રસંગનું ચિત્ર દોરાવેલું. શ્રીહરિના સંતો તથા ભક્તોના વર્તનથી અંગ્રેજ સરકાર ખૂબ પ્રભાવિત થયેલાં. તેથી સ્વામિનારાયણ ભગવાનનું દર્શન કરવા માટે તે સમયના અમદાવાદના અંગ્રેજ ગર્વનર સર એન્ડ્ર્યુ ડનલોપે સંત હરિભક્તો દ્વારા શ્રીહરિ ગઢપુરથી અમદાવાદ પધારે એવી વિનંતી કરી. શ્રીહરિ અમદાવાદ પધાર્યા. સરડનલોપે શ્રીહરિનું દર્શન કર્યું. એટલે તેને સ્મૃતિ થઈ આવી કે આ જ કરકમળોએ મને આફ્રિકાના જંગલમાં આકાશમાં અધ્ધર ઉંચકી લઈને સિંહના મુખમાંથી બચાવેલો. નિશ્ચે આ ભગવાન છે. તેનો નિશ્ચય પાકો કરાવવા શ્રીહરિએ આધારાનંદ સ્વામીકૃત ચિત્ર બતાવ્યું એટલે સર ડનલોપને ખૂબ જ આશ્ચર્ય થયું.

અમદાવાદના હરિભક્તો લાલદાસ ગોરા, બેચરદાસ, દામોદરભાઈ આદિક આગેવાન હરિભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી કે હે પ્રભુ ! અમદાવાદના પ્રેમી હરિભક્તો આપના દર્શન વિના રહી શકતા નથી. તેથી અમારા અમદાવાદમાં એક મંદિરનું નિર્માણ કરો કે જેથી અમદાવાદના હરિભક્તોને આપનું નિત્ય દર્શન થાય. સર ડનલોપે શ્રીહરિને કહ્યું, હવે આપ અમદાવાદમાં મંદિર કરો એ માટે આપના અમદાવાદમાં જ્યાં જોઈએ ત્યાં અને જેટલી જોઈએ તેટલી જમીન આપીએ. શ્રીહરિ કહે, અમે માંગતા નથી ! અંગ્રેજે વિચાર કર્યો કે ઈશ્વરનું આપેલું મારું આ રાજ્ય છે. તેમાં શ્રીહરિને



જમીન આપનાર વળી હું કોણ ! છેવટે બન્ને પક્ષે સમજણ કરીને માણકી ઘોડીને સવારથી સાંજ સુધી છૂટી મૂકવામાં આવી. જેટલું માણકી ઘોડી ફરે તેટલી જમીન શ્રીહરિને શ્રીકૃષ્ણાર્પણ કરવી એવું ઠરાવ્યું એ મુજબ શ્રીનગરની ખૂબ મોટી જમીન અંગ્રેજ ગવર્નરે શ્રીહરિને શ્રીકૃષ્ણાર્પણ કરેલી, પરંતુ આજે આપણા મંદિરની જેટલી જમીન છે તેટલી જમીનમાં મંદિરનો હક રહ્યો છે. શ્રીહરિના કહેવાથી તે અંગ્રેજ ગવર્નરે ઈંગલેન્ડથી મંજૂરી મેળવીને સૂર્ય ચન્દ્ર તપે ત્યાં સુધી તામ્રપત્ર ઉપર જમીનનો દસ્તાવેજી લેખ કરી આપ્યો છે.

શ્રીહરિએ પોતાના કૃપાપાત્ર અને વ્યવહારકુળશ આનંદાનંદ સ્વામીને અમદાવાદમાં મંદિર નિર્માણ કરવાની આજ્ઞા કરી. આ આનંદાનંદ સ્વામીનો પૂર્વનો ઈતિહાસ પણ રસપ્રદ હોવાથી અત્રે ટૂંકો ઉલ્લેખ કરું છું.

આનંદાનંદ સ્વામી પૂર્વે રાજસ્થાનના ભરતપુર સ્ટેટના રણમલસિંહજી નામના રાજા હતા. વૈરાગ્યથી રાજપાટ છોડીને સરયુગંગાના કિનારે અલફી પહેરીને એક સામાન્ય સાધુ તરીકે એક વૃક્ષની નીચે બેસીને પોતાના ઈષ્ટદેવ મર્યાદા પુરુષોત્તમ શ્રીરામના નામનો જપ કરવા લાગ્યા. અયોધ્યા મંદિરોની નગરી છે. ૭૦૦ થી વધારે ત્યાં મંદિરો છે. રામગલોલા સ્વામી એક મોટા મંદિરના મઠાધિશ મહંત હતાં અને તે સમયના અયોધ્યાના રાજાના ગુરૂ હતા. તેના હાથ નીચે ૬૦ શીખર બધ્ધ મંદિરો હતા. તે તમામ મંદિરોના મહંતોના તે વડા તરીકે ગુરુ સ્થાને હતા. તે રામગલોલા સ્વામીનો વૈકુંઠવાસ થવાથી તેમની જગ્યાએ કોને નીમવા તે પ્રશ્નની સભામાં ચર્ચા થવાથી કોઈ એક સાધુએ રાજાને સરયુગંગાના કિનારે રહેલાં આ સાધારણ સાધુનું નામ આપતા જણાવ્યું કે તે સાધુને કોઈ મોહમાયા નથી, સીધું ભગવાન સાથે જોડાણ છે અને તમારા જીવનું રૂડું કરે તેવા સાધુ છે. રાજાને આ વાત ઉચિત લાગી. સરયુગંગાને કિનારે આવીને સૌએ પૂર્વના રણમલસિંહજીને સમજાવ્યા. પ્રથમ તો આ સાધુ તૈયાર ન થયા કારણ કે તેમને પદ, સત્તાનો કોઈ મોહ ન હતો, સઘળું છોડીને આવ્યા હતા. પરંતુ સૌએ સમજાવ્યા કે અહીં તમારું એકનું કલ્યાણ થશે. ત્યાં રાજાનાગુરુ સ્થાને તમારા દ્વારા હજારો જીવાત્માનું કલ્યાણ થશે. ખૂદ રાજાનું કલ્યાણ થશે અને વળી તમે શ્રીરામની મૂર્તિની સેવા-પૂજા કરજો. શ્રીરામની મરજી જોઈને તેઓ માની ગયા. શ્રીરામની મૂર્તિની સેવા

કરવા લાગ્યા, પરંતુ મનમાં સતત એવો ભાવ રહ્યા કરતો હતો કે પ્રત્યક્ષ મનુષ્ય આકૃતિ ભગવાન શ્રીરામની મને સેવા કરવા મળે તો મારું જીવન સાર્થક માનું. તેનો આ ભાવ પૂરો કરવા માટે એક રાત્રે સ્વપ્નમાં ઈષ્ટદેવ શ્રીરામે તેને જગાડીને કહ્યું કે હાલમાં સ્વામિનારાયણ નામની મનુષ્ય આકૃતિ ધારણ કરીને અમે પ્રત્યક્ષ સૌરાષ્ટ્રમાં વિચરણ કરીએ છીએ. ત્યાં ગઢડામાં તમો જાઓ, તમારો ભાવ પરિપૂર્ણ થશે. બીજા દિવસે દ્વારકાની યાત્રાના મિષે ૬૦ મઠાધિશો પોતાના શિષ્યોને સાથે લઈને છડી, છત્ર, ચામર વગેરે રાજ ચિન્હ સાથે હાથી ઉપર બેસીને પોતે સૌરાષ્ટ્ર તરફ ચાલ્યા. સૌરાષ્ટ્રમાં એક ગામમાં હરિભક્તો દ્વારા 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન સાંભળી, સ્વામિનારાયણ નામમાં બહુ દૈવત જણાયું. હરિભક્તો દ્વારા ખાતરી કરીને પોતે ગઢપુર આવ્યા. શ્રીહરિ સભા ભરીને બેઠા છે. રામગલોલા નામ ધારણ કરેલા રણમલસિંહજી સભા તરફ આવ્યા એટલે તુરત જ શ્રીહરિએ આજાનબાહુ ધનુષ્યધારી શ્રીરામ સ્વરૂપે રામગલોલા સ્વામીને દર્શન આપ્યું. ફરી તુરત જ સ્વામિનરાયણ ભગવાન સ્વરૂપે દર્શન આપ્યું. રામગલોલા સ્વામી હાથી ઉપરથી નીચે ઉતરીને શ્રીહરિને સાષ્ટાંગ દંવડત્ કરવા લાગ્યા. શ્રીહરિને કહ્યું, મને આપની સેવામાં રાખો. શ્રીહરિએ તેને આનંદાનંદ સ્વામી નામ ધારણ કરાવીને પોતાની પાસે રાખ્યા. સાથે આવેલા શિષ્યોમાંથી જે ભગવાનના ખપ વાળા હતાં તે આનંદાનંદ સ્વામી સાથે રહ્યા અને બાકીના ધન અને પદના મોહવાળા જે હતાં તે પાછાં અયોધ્યા ચાલ્યા ગયા.

આનંદાનંદ સ્વામીએ અમદાવાદ નવાવાસમાં આવીને પોતાના શિષ્યો સાથે ઝોળીઓ ટીંગાડી. અંગ્રેજોએ આપેલી જમીન જોઈને વિચાર કરવા લાગ્યા કે શ્રીહરિએ આજ્ઞા તો કરી, પરંતુ કેવું મંદિર બનાવવું, નાનું કે મોટું કેવડુ મંદિર બનાવવું ? વેગેર કંઈ સ્પષ્ટતા કરી નથી. ચિંતા કરતા કરતા રાત્રે સૂઈ ગયા. સ્વપ્નમાં સોનાની સોટીં ધારણ કરેલા શ્રીહરિએ દર્શન આપીને સ્વામીને જગાડ્યા. સ્વામી ! ઉઠો, મંદિર બનાવવું છે અને સૂઈ કેમ રહ્યા છો ? આવો, મારી સાથે, આગળ શ્રીહરિ અને પાછળ આનંદાનંદ સ્વામી ! શ્રીહરિ સોનાની સોટીથી મંદિરની આકૃતિના લીટે લીટા કરતા જાય, આવી મંદિરની આકૃતિ, આવા થાંભલા, આવા શીખરો, આવો ઘુમ્મટ. સ્વામીને



થયું કે મંદિરના નકશાની ચિંતા તો દૂર થઈ ગઈ, પરંતુ મંદિર બનાવવા માટે પૈસાનું શું ? આવો જ્યાં વિચાર કરે છે ત્યાં શ્રીહરિ અને આનંદાનંદ સ્વામી આજે આપણે જ્યાં બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કરીએ છીએ ત્યાં આવીને ઉભા રહ્યા અને ત્યાં ઉભા રહીને શ્રીહરિએ સંકલ્પ કર્યો એટલે તુરત જ જમીનમાંથી જેમ બીજનો અંકુર ફૂટે, વાંસનો કોંટો ફૂટી નીકળે તેમ જમીનમાંથી ધીમે ધીમે કરતા આખું સોનાનું મંદિર બહાર આવ્યું. મંદિરમાંથી તેજ તેજ નિકળવા લાગ્યું. આનંદાનંદ સ્વામીને મનમાં થયું. અહો ! હું તો પથ્થરના મંદિરની ચિંતામાં હતો. ત્યાં તો શ્રીહરિએ સોનાનુ મંદિર ઉભું કરી દીધું. સ્વામી ખૂબ મેધાવી હતા. તેઓએ મંદિરની ચારે બાજુ ફરીને મંદિરના શિખર, ઘુંમટ થાંભલાનું નકશીકામ વગેરે જોઈને પોતાના હદયમાં ધારણ કરી લીધું. શ્રીહરિ અદ્રશ્ય થઈ ગયાં. સવારમા સ્વામી ઉઠ્યા ત્યારે ખૂબ આનંદમાં હતાં. હરિભક્તો આવ્યા ગામોગામથી પોતાના બળદગાડા લાવ્યા. સંતોએ માર્ગદર્શન આપ્યું. હરિભક્તો પોતાના બળદગાડામાં હિંમતનગર તથા ઈડર તેમજ સાબરકાંઠા અન સૌરાષ્ટ્ર ધ્રાંગધ્રા બાજુથી પથ્થરો લાવવા લાગ્યા. સ્વામીએ કામ ચાલુ કર્યું. સ્વામીએ પોતાના પગથી લીટો દોર્યો. પાયાની લાઈન દોરી આપી. ૧૦, ૦૦૦ કારીગરો - મજૂરો મંદિરનું કામ કરવા લાગ્યા. કેટલાક દેવતાઓ આવ્યા. નરનારાયણદેવને પ્રસન્ન કરવા વિશ્વકર્મા પોતાની ટીમ સાથે ઉતર્યા. જેમા કેટલાક મજૂર, કેટલાક કારીગરો,- કડીયા, સોમપુરા તો કેટલાક એન્જિનિયરો હતા. શિલ્પશાસ્ત્ર મૂજબ મંદિરનુ નિર્માણ કાર્ય થવા લાગ્યું. આનંદાનંદસ્વામી જ્યારે મંદિર કરવા નિકળ્યા, ત્યારે પ્રભુના ચરણ પાસે હરિભક્તોએ રૂપિયા ભેટ મૂક્યા હતા, તેમાથી મહારાજે મુઠી ભરી આનંદાનંદસ્વામીને આપ્યા હતા. મહારાજની મુઠીમાં અગીયાર રૂપિયા આવ્યા હતા. તે સ્વામીએ વસ્ત્રના કકડામાં બાંધીને તુંબડીમાં મૂક્યા હતા. નગરવાસીઓ તથા હરિભક્તો જોવા માટે આવ્યા. બધા વાતો કરે છે કે, પેલા અમદાવાદમાં સમાધી કરાવતા હતાં તે સ્વામિનારાયણ ભગવાનનું મંદિર થાય છે. બધાને એમ કે, સ્વામિનારાયણ ભગવાને સ્વામીને ખૂબ રૂપિયા આપીને મોકલ્યા લાગે છે. જેથી કડીયા-કારીગરો- મજુરો નો પગાર ચૂકવાય છે. હરિભક્તો પાસે સંતો પૈસા માંગતા

નથી. સંતોને એમ કે અમદાવાદના હરિભક્તો -શેઠિયાઓ ખૂબ સુખી છે. જેથી આપણે કંઇ કહેવું પડતું નથી. બારોબાર પગાર ચૂકવી દે છે. મહારાજને હરિભક્તોનું કલ્યાણ કરવુ હતું. જેથી હરિભક્તો પણ કોઇ પચ્ચીસ, પચાસ, સો, બસો કે પાંચસો રૂપિયા મંદિર નિર્માણ માટે લાવે તે પૈસા સ્વામી તુંબડીમાં નંખાવે અને જ્યાં જરૂર પડે ત્યાં તુંબડીમાંથી કઢાવીને નાણા ચૂકવી દે. કોઇ હિંસાબ નહિં. મંદિર પુરુ થયું. ત્યાં સુધી આ તુંબડી જાણે અક્ષયપાત્ર બની રહી. આનંદાનંદસ્વામીની આ પ્રસાદીની તુંબડી આજે પણ જેતલપુર મંદિરમાં છે.

સ્વયં સ્વામિનારાયણ ભગવાને નિર્માણ કરાવેલુ વિશ્વમાં આ સહુ પ્રથમ મંદિર હતું. તેથી આ મંદિરના મધ્યખંડમાં ભરતખંડના રાજાધિરાજ અને ભરતખંડના ઉપાસ્યદેવ અને પોતાનું સ્વરૂપ એવા શ્રીનરનારાયણદેવને પધરાવવાની શ્રીહરિની ઇચ્છા હતી. તેથી પાંચ સંતોને સ્વામીએ ડુંગરપુર મૂર્તિઓ માટે મોકલ્યા. નરનારાયણદેવનુ સિંહાસન જ્યા રાખવાનું હતું, ત્યાં નેવું હાથ સુધી જળ આવ્યું ત્યા સુધી ઉંડો કૂવો તૈયાર કરેલો છે. જળમાં વરૂણદેવની સ્થાપના કરી તેના ઉપર ભગવાનના કરછ (કાચબો) સ્વરૂપની પ્રતિષ્ઠા કરી છે. કરછ સ્વરૂપની પીઠ ઉપરથી કૂવામાંથી ઇંટોનો સ્તભં લીધેલો છે. અને તે પોલો છે. વચમા લગભગ નાની લોટી ચાલી જાય તેટલી જગ્યા છે. એ કમળનો નાળતંતુ કહેવાય છે. કમળ નાળ ઉપર કમલાસન અને તેના ઉપર નરનારાયણદેવનું સિંહાસન સ્થાપાયેલું છે. કારણ કે પરબ્રહમ પરમાત્મા સ્વયં મૂર્તિમાં પૃથ્વી ઉપર પધારે તો પૃથ્વી પરમાત્માનો ભાર ઝીલી શકે નહિં, એવી ભાવના સાથેનો આ પ્રતિષ્ઠાનો એક વેદવિધિ છે. ભગવાનના જમણા ચરણ કમળના અંગુઠામાથી નીકળેલી ગંગા નદીના પ્રવાહનો ભાર પણ પૃથ્વી ઝીલી શકે તેમ નહોતી, તેથી તો કૈલાસપતિ શંકરભગવાને ગંગાને પ્રથમ પોતાની જટામા ઝીલ્યા, ત્યાર બાદ પૃથ્વીમાં પધાર્યા. તો સ્વયં ભગવાનના ભારને પૃથ્વી ન ઝીલી શકે, તેના માટે ભગવાનના બીજા સ્વરૂપ કરછના પીઠની જરૂર પડે તે સ્વભાવિક છે.

આનંદાનંદસ્વામીએ સમાચાર મોકલ્યા . હે મહારાજ! આપ પ્રતિષ્ઠા કરવા પધારો ત્યાં સુધીમાં મૂર્તિઓ પણ તૈયાર થઇને આવી જશે. ધર્મ, ભક્તિ, હરિકૃષ્ણમહારાજની ધાતુની મૂર્તિઓ બનાવડાવવા માટે સંતો વડોદરા ગયેલા. લોયાના શાકોત્સવમાં વિક્રમ સંવત ૧૮૭૮ માં મહા સુદ સાતમને દિવસે શ્રીજીમહારાજને સમાચાર મળ્યા. સ્વયં શ્રી હરીએ નરનારાયણદેવની પ્રતિષ્ઠાનું ફાગણ સુદ ત્રીજનું મુહુર્ત કાઢીને સ્વામીને સમાચાર મોકલાવ્યા. એ સમયે દીનાનાથ ભટ્ટે ટીંપણું કાઢીને જોયુ તો ફાગણ સુદ ત્રીજના દિવસે બધા ગ્રહો અને નક્ષત્રો શુભ સ્થિતિ માં આવતા હતા. શ્રીહરિએ એવું શુભ મુહુર્ત પસંદ કર્યું છે કે આજ સુધી નરનારાયણદેવનુ સિંહાસન રંચમાત્ર ચલાયમાન થયું નથી.આટલા વર્ષો થી કયારેય ફાગણ સુદ તૃતિયા ક્ષય તિથિ કે વૃધ્ધિ તિથિ આવી નથી. લક્ષાવધી સંખ્યામા ભક્તો અમદાવાદમાં એકઠા થયા. સ્વામિનારાયણ ભગવાન પોતે પણ ગઢપુરથી સંતો, પાર્ષદો સાથે નીકળીને મહાવદી એકાદશીના દિવસે કાંકરીયાની પાળે આવી પહોચ્યાં. ભગવાનને ભક્તોની ભીડમાં રહેવું ગમતું હોવાથી ભગવાનની ઇચ્છાથી ભક્તો એ કાંકરીયા સરોવરથી સહેજ દૂર મહાપ્રભુ માટે સારો મંચ બનાવ્યો. ઉતારો નક્કી કર્યો. ભગવાને કાંકરિયા સરોવરમાં ઘોડાને પાણી પાયું. કાંકરિયાની પાળે શ્રીજી મહારાજ બિરાજ્યા મોટી સભા થઇ. શ્રીજી મહારાજ કહે છે કે, હે ભક્તો ! હે સંતો ! તમે અત્યારે ક્યાં બેઠા છો ! મહારાજ, કાંકરિયાની પાળે. નહિ, તમે અત્યારે કાંકરિયાની પાળે નથી બેઠા તમે તો અત્યારે માનસરોવરના કિનારે બેઠા છો. હે ભક્તો ! આ કાંકરિયા નથી . આ માનસરોવર છે. જેમ રણછોડરાય જ્યા હોય ત્યાં ગોમતી હોય , એજ પ્રમાણે નરનારાયણદેવ જ્યાં હોય ત્યાં માનસરોવર હોય તો બદરિકાશ્રમ નિવાસી નરનારાયણદેવ અહીંયા પધારવાના છે. એટલે એમનું પ્રિય સરોવર માનસરોવર આ કાંકરિયામાં આવીને નિવાસ કર્યો. આજથી આ કાંકરિયા એ માનસરોવર છે. અમદાવાદનું આ કાંકરિયા એ માનસરોવરનું એક રૂપાંતર છે. આ સરોવરમાં જે કોઇ સ્નાન કરશે એને માનસરોવરમાં સ્નાન કર્યા બરોબર ફળ મળશે. હે ભક્તજનો ! આ માનસરોવર કરતા અધિક છે. કારણ કે અમે અને સંતોએ આ કાંકરિયામાં અનેક વખત સ્નાન કર્યું છે.

સ્વામિનારાયણ ભગવાને શહેરમાં પ્રવેશ કર્યો. ભક્તોએ ખૂબ ધામધૂમથી સ્વાગત કર્યુ. કૃપાળુ શ્રીહરિ સીધાજ મંદિરે પધાર્યા. ત્રણ શિખરનું

સુરમ્ય મંદિર જોઇને મહારાજ બહુ રાજી થયા. આનંદસ્વામીનો હાથ પકડીને શ્રીજી મહારાજે પશ્ચિમ તરફના પગથિયાથી મંદિરમાં પ્રવેશ કર્યો. ઘુમ્મટમાં સુંદર કળા અને કારીગરીવાળા પૂતળાં જોઇને મહારાજ રાજી થયા. થાંભલા જોયા, તે સમયે આનંદાનંદ સ્વામીએ શ્રીજી મહારાજનું ધ્યાન દોર્યું. હે પ્રભુ ! આ થાંભલો બળદગાડામાં લઈને એક ખેડૂત હરિભક્ત સાંબરકાંઠા બાજુથી આવતા હતાં અંધારામાં ગાડુ પથ્થરવાળા ખાડામાં પડ્યું. એક બળદના આગળના બે પગને ઈજા થઈ. તે બળદને હવે ગાડે જોડી શકાય તેમ નહોતો. બળદને જંગલમાં ચરવા છૂટો મૂકી દીધો.અને બીજા સાજા બળદની સાથે ખેડૂત પોતે ગાડે જોડાઈને આ મોટો પથ્થર મંદિરે પહોચાડ્યો છે. ખેડૂતને ખભે કાંધ પડી ગયેલી, પરંતુ સેવા કર્યાનો મુખ પર ઉત્સાહ હતો. શ્રીજી મહારાજ કહે એ સત્સંગીનું તો કલ્યાણ થાય એમાં શંકા નહિ, એ બળદનું પણ કલ્યાણ થશે. આ મંદિરના પથ્થર લાવવામાં જે જે પ્રાણીઓએ સેવા કરી છે એ સૌનુ સીધુ કલ્યાણ થશે. પ્રતિષ્ઠા બાદ શ્રીજીમહરાજ આ થાંભલાને ભેટેલા અને ભક્તજનોને કહેલું કે આ થાંભલાને જે ભેટશે, સ્પર્શ કરશે, વંદન કરશે તેને અમે ભેટીને અમારા ધામમાં લઇ જઈશું. કારણ કે આ સ્તંભમાં એક ભક્તની સેવાની સુવાસ મહેકે છે.આજે પણ આ પ્રસાદીનો પથ્થરનો થાંભલો નરનારાયણદેવ અને રાધાકૃષ્ણદેવના દેરાની વચ્ચે જે ભાગમાંથી હરિભક્તો દર્શન કરે છે, તે ભાગમાં ઉભો છે.

વ્યાપકેશ મુનિએ અમદાવાદ મંદિરનું અદ્‌ભૂત વર્ણન કર્યું છે. આ મંદિરતો એવું બનશે.

विद्यदभिर्मुनिभिर्जुष्टं धृष्टं विद्यार्थीनां व्रजैः ।
पारावत शुकाद्यैश्च पक्षिभिरपिनादितम् ॥

સ્વામી વર્ણન કરે છે આ મંદિર વિદ્વદ્ આ મંદિરમાં કેટલાય વિદ્વાન સંતોનો નિવાસ છે. આ મંદિરમાં વિધાર્થીઓનો અખંડ વિદ્યા ભણવાનો અવાજ આવ્યા કરે છે. આ મંદિરમાં હજારોની સંખ્યામાં કબૂતરો અને પોપટ દાંણા ખાઈ અને અવાજ કર્યા જ કરશે. પણ એ અવાજ કેવો ! નાદિતં જાણે કે કોઇ વેદ-ધ્વની કરતા હોય, અરે પક્ષીઓ નરનારાયણદેવની દ્રષ્ટિ આગળ દાંણા ખાઈને જાણે કે સ્વામિનારાયણની ધુન્ય બોલતા હોય. સ્વામીએ કરેલું



વર્ણન આજે પણ એટલું બધું સાચું છે કે અમદાવાદ મંદિરના ચોકમાં આપણે જોઇએ છીએ કે પક્ષીઓ, કબૂતરો દાંણા ખાય છે. અને એ કબૂતરો મંદિરમા જ રહે છે. વિશાળ હવેલીમાં જાતજાતના લાકડાંને કળા કાષ્ટની કારીગરીમાં પોતાની જગ્યાઓ એમણે અનામત કરી લીધી છે.

શ્રીજીમહારાજ ઘુમ્મટનું નિરીક્ષણ કરીને પછી ગર્ભગૃહમાં પધાર્યા. જ્યા દેવ પધરાવવાના છે. એ ઓટલા, કહેતાં સિંહાસન ઉપર સ્વામિનારાયણ ભગવાન બિરાજ્યા અને દ્રષ્ટિ સાતત્ય મહારાજ મેળવે છે. ઘુમ્મટમાં ઉભેલા સંતો અને ભક્તો સામે મહારાજે જોયું. વરૂણસ્તંભનું નિરીક્ષણ કર્યું. પછી ભૂદેવો પાસે મહાપ્રભુ બિરાજ્યા. ચોકમાં યજ્ઞ-મંડપો તૈયાર કરેલા અગ્નિસ્થાપન માટે યજ્ઞ-કુંડો તૈયાર કરેલા. દેવને સ્થાપન માટે વેદિકાઓ તૈયાર થયેલી. આનંદાનંદ સ્વામીને ચિંતા થઈ, મૂર્તિપ્રતિષ્ઠાને એક જ દિવસની વાર છે. અને હજુ મૂર્તિઓ આવી નથી. સંતોના તો એવા સમાચાર હતાં કે અમે મૂર્તિઓ લઈને નીકળી ગયા છીએ. અને હજુ મૂર્તિઓ કેમ ન આવી ! ત્યા તો સ્વામીના આશ્ચર્ય વચ્ચે શણગારેલી ત્રણ ઉંટગાડીઓ આવી. એક ઉંટગાડીમાં નરનારાયણદેવ, બીજી ઉંટગાડીમાં રાધાકૃષ્ણદેવ અને ત્રીજી ઉંટગાડીમાં શિવ,પાર્વતિ, ગણેશજી, સૂર્યનારાયણ એ પંચ દેવોની મૂર્તિઓ હતી. બીજી બાજુ વડોદરાથી ધર્મ-ભક્તિ અને હરિકૃષ્ણ મહારાજની મૂર્તિઓ પણ આવી પહોચી. સંતોએ મૂર્તિઓ રથમાંથી નીચે ઉતારી. આનંદાનંદ સ્વામી કહે ઉંટગાડીના ચાલકોને ઉતારાની અને જમવાની તૈયારી કરો. પરંતુ તેટલી વારમાં ગાડીચાલકો તો અદ્રશ્ય થઈ ગયેલા. સ્વામીએ અમદાવાદમાં ઘોડેસવારોને ગાડીચાલકોની શોધ કરવા મોકલ્યા પરંતુ તેઓ ક્યાંય મળ્યા નહિ. સ્વામીને ખ્યાલ આવી ગયો કે આ શ્રીજી મહારાજનો પરચો છે. સ્વામીની જીજ્ઞાસાને સંતોસવા મહારાજ કહે, સ્વામી તમે શું વિચારો છો ! એ નરનારાયણદેવની મૂર્તિઓ આદિ સતયુગના વિશ્વકર્મા એ કંડારેલી છે. સ્વંય વાસુદેવનારાયણ અને સ્વર્ગના દેવતાઓએ એ મૂર્તિઓ પૂજેલી છે. કળિયુગની શરૂઆત થતાં પૂજા બંધ પડેલી એ હવેથી અમે શરૂ કરાવીશું. રાધાકૃષ્ણની મૂર્તિને પણ ગોલોક ધામના મુક્તો એ પૂજેલી છે. અને શિવજી તથા સૂર્યનારાયણની મૂર્તિઓને પુલ્હાશ્રમમાં સ્વંય

અમે પૂજેલી છે. મહારાજે બધી મૂર્તિઓ જોઇ. ભગવાને હાથથી સ્પર્શ કર્યો. ખૂબ રાજી થયા.

શ્રીજીમહારાજ યજ્ઞમાં સ્વંય બિરાજતા ફાગણ સુદ ત્રીજનો દિવસ ઉગ્યો. જાણે કે આખા જગત માટે સોનાનો દિવસ ઉગ્યો. બ્રાહ્મણોએ ગ્રહશાંતિ, સ્વસ્તિ વાચન એ આદિક વિધિઓ કરી. શ્રી નરનારાયણદેવ આદિ મૂર્તિઓનો અધિવાસન વિધિ કર્યો. બ્રાહમણોએ શ્રીહરિ પાસે તમામ મૂર્તિઓની પૂજા કરાવી. ન્યાસ કરાવ્યો. વેદના મંત્રો, ગીતો, વાજીંત્રો, અને સ્વામિનારાયણ મહામંત્રની ધૂનથી એ વખતે સર્વ દિશાઓ ગાજવા લાગી. બરાબર શુભ ચોઘડિયું શરૂ થયુ એટલે સ્વામિનારાયણ ભગવાન નારાયણ ભગવાનને બાથમાં લઇને મળ્યા, જાણે બે મિત્રો ગાઢ રીતે મળતા હોય એવું જણાયું અને સ્વામિનારાયણ ભગવાનને નારાયણ ભગવાનની મૂર્તિને સિંહાસનમાં લઇ જવા માટે ઉંચકવા નથી પડ્યા. પરંતુ નારાયણ ભગવાન શ્રીજી મહારાજની સાથે યજ્ઞમંડપથી સિંહાસન સુધી શ્રીજી મહારાજને ભેટીને ચાલ્યા એવું જણાયું. એવી જ રીતે શ્રીજી મહારાજ સાથે નર ભગવાનના દર્શન થયા. પછી એ વખતે શ્રીહરિએ સ્વહસ્તે નરનારાયણદેવને બાથમાં લઇને મધ્ય મંદિરમાં સ્થાપના કરી. એ જ રીતે નરનારાયણદેવની જમણી બાજુ ના મંદિરમાં રાધાજીની સાથે ગોલોકવિહારી શ્રીકૃષ્ણની સ્થાપના કરી. પછી શ્રીનરનારાયણદેવના ડાબી બાજુના મંદિરમાં ભક્તિધર્મની સાથે પોતાનું સ્વરૂપ હરિકૃષ્ણમહારાજની પ્રતિમાઓ પધરાવી. ન્યાસ આદિ સર્વ વિધિ સ્વામિનારાયણ ભગવાને પોતાના હાથે કર્યો. આકાશમાંથી દેવો પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. આકાશમાં દેવોના વિમાનો છાઇ ગયા, જે સમાધિવાળા સંતો અને ભક્તો જોઇ શકતા હતા. ઘંટનાદ થયો. ભૂદેવોએ જયજયકાર બોલાવ્યો. સ્વામિનારાયણ ભગવાને પ્રથમ નરનારાયણદેવની આરતી ઉતારી. પછી રાધાકૃષ્ણદેવ ધર્મભક્તિ હરિકૃષ્ણમહારાજની આરતી ઉતારી. ભક્તોએ જયજય કાર કર્યો. કળિયુગના મનુષ્યો આ મૂર્તિની સેવા કરીને પરમ સુખિયા થાય એ માટે આ સર્વ મૂર્તિઓમાં શ્રીહરિએ પોતાનું અલૌકિક તેજ અને પ્રભાવ ધારણ કર્યા. અટલે ત્રણે મંદિરના દેરામાંથી તેજ તેજ તેજ છુટ્યું. તમામ પ્રતિમાંઓમાંથી તેજના ફુવારા છુટવા લાગ્યા.એ તેજ



સમગ્ર મંદિરમાં વ્યાપીને શ્રીજીમહારાજની મૂર્તિમાં સમાયું. ફરી પાછું શ્રીજી મહારાજની મૂર્તિમાંથી તેજ નીકળીને ત્રણે દેરાની મૂર્તિઓમાં તેજ સમાઈ ગયું. એટલે મૂર્તિઓ બહુ તેજસ્વી જણાવા લાગી. દર્શન માટે પડાપડી થવા લાગી. તેજના પરચાની અમદાવાદમાં વાત ચાલી, એટલે એટલી ભીડ થઇ કે તે દિવસે રાત્રિના બાર વાગ્યા સુધી પડદા ખુલ્લા રાખવા પડ્યા. શ્રીજી મહારાજે નરનારાયણદેવના ઉંબરા ઉપર ઉભા રહીને ઉંચો હાથ કરીને સર્વ ભક્તજનોને કહ્યું કે, આ નરનારાયણદેવમાં અને અમારામાં રંચ માત્ર ફેર નથી.

મહારાજે યજ્ઞમંડપમાં પધારીને સમાપ્તિનું શ્રીફળ હોમ્યું. ભૂદેવોને જોઇએ તેટલી દક્ષિણાઓ આપી. ત્યાર પછી વિશાળ ભક્તજનોના સમુદાયમાં બિરાજી અને સર્વને કહેવા લાગ્યા : હે ભક્તજનો ! તમે સાવધાન થઈને અમારું વચન સાંભળો. પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સર્વના કલ્યાણ માટે આ પૃથ્વી પર પ્રગટ થયેલા છે. ધર્મ અને મૂર્તિએ અત્યંત તપ કર્યુ. તેના તપથી રાજી થઈને ભગવાન નર અને નારાયણ એ બે રૂપે પ્રગટ થયાં. અને પછી ભરતખંડના કલ્યાણ માટે બદરિકાશ્રમમાં અખંડ રહ્યા. અત્યારે પણ એ પ્રભુ ભક્તોના સુખ માટે બદરિકાશ્રમમાં તપ કરે છે. એ પરમાત્મા બ્રહ્મા, શિવ, ઈન્દ્ર આદિક દેવોએ પ્રાર્થના કરી ત્યારે આ પૃથ્વી પર યદુ અને કુરુના વંશમાં કૃષ્ણ અને અર્જુન રૂપે પ્રગટ થયા હતા. તે શ્રીનરનારાયણદેવને સૌના કલ્યાણ માટે અમે અમદાવાદમાં સ્થાપન કર્યા છે.

एतस्याराधनादिच्छा सर्वापूर्णा भविष्यति ।
निष्कामाः सेवनादस्य तरिष्यन्ति भवाम्बुधिम ॥

આ નરનારાયણદેવની પ્રેમથી જે સેવા કરશે, એમનું દર્શન કરશે એના મનની ઈચ્છાઓ પૂરી થશે અને જરૂર મોક્ષને પામશે. આ નરનારાયણદેવના પૂજનથી પુત્ર, ધન, વિદ્યા, આદિક જે કઈ શુભ મનોરથો હશે તે પૂરા થશે. અને અનંત ભવસાગર તરીને ભગવાનના ધામને પામશે. જે પંડિતો આ નરનારાયણદેવના મંદિરમાં ભાગવત, ગીતા, વાસુદેવમાહાત્મય કે ગાયત્રીમંત્ર,એના પાઠ, પુરશ્ચરણ કરશે તેને અખૂટ પુણ્ય મળશે. એની કોઈ ઈચ્છા અધુરી નહીં રહે.દૂર દેશોમાં રહેલાં ભક્તો પણ દર ફાગણ માસમાં

ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં આ નરનારાયણદેવના દર્શન કરવા ખાસ આવજો. અમારા સ્થાપેલા આ નરનારાયણદેવ આદિક સ્વરૂપો એમના દર્શન જે દરરોજ કરશે એના મોક્ષમાં કોઇ વિઘ્ન નથી. હે ભક્તો ! આ મંદિરમાં જે કોઇ જપ કરશે, તપ કરશે, પાઠ કરશે, પૂજા કરાવશે, પાટોત્સવ કરાવશે એમને અક્ષય ફળની પ્રાપ્તિ થશે. એના મનના મનોરથો પૂરા થશે. આ મંદિરમાં જે કોઇ દાન, ભેટ, ધર્માદો આપશે એમના મનવાંછિત સંકલ્પો મૂર્તિમાં રહીને અમે પૂરા કરીશું.

કૃપાળુ શ્રીહરિ ભક્તજનોની સભામાં કહે છે, હે ભક્તો ! તમને અત્યારે નહીં દેખાતું હોય પરંતુ આકાશમાં આવેલા તેત્રીસ કોટી દેવો અત્યારે અમને એમ કહે છે કે, હે પ્રભુ !

ईन्द्राद्यास्त्रिदशाः सर्वे नित्यमायान्ति च ।
दर्शनार्थं मंदिराणां चतुमुर्ख भवादयः ॥

તેત્રીસ કોટી દેવતાઓ, ઈન્દ્ર, બ્રહ્મા, ભવ આ બધા જ દેવો કહે છે, હે પ્રભુ ! અમે પણ આ મંદિરમાં દરરોજ દર્શન કરવા આવશું.

બહારગામ રહેતા ભક્તો માટે શ્રીજી મહારાજ કહે છે. દર મહિનાની પૂર્ણિમાં (પૂનમ) ના દિવસે અહીં આવીને દર્શન કરશે તો એને દરરોજ દર્શન કરવાનુ ફળ મળશે. બહુ દૂર રહેલાં હોય એવા ભક્તો પાટોત્સવના દિવસે આવીને જો દર્શન કરશે તો એમને પણ આખા વરસના દર્શનનું ફળ મળશે.

મહારાજે પ્રસાદીમાં આખો દિવસ સાકર વહેંચાવી. મધ્યરાત્રિએ જ્યારે દર્શનાર્થી માણસો ઓછા થયા પછી દ્વાર બંધ કરાવ્યાં. બીજા દિવસે સવારે મહારાજે આગેવાન હરિભક્તોને બોલાવ્યાં. હે ભક્તો ! શહેરમાં કેવી વાતો થાય છે.! હરિભક્તો કહે મહારાજ !માણસો એવી વાતો કરે છે, સ્વામિનારાયણ ભગવાન છે એમાં બે મત નથી. દેવોના દર્શન કરીએ છીએ, ત્યારે મનમાં શાંતિ થઇ જાય છે. જીવમાં સાત્વિક ભાવ જાગે છે. મૂર્તિઓમાં મન ખેંચાયેલું રહે છે. મૂર્તિમાં તેજ તેજ છુટે છે.જાણે હમણા આપણી સાથે બોલશે, આવી ચમત્કારી મૂર્તિઓ છે. સ્વામિનારાયણ ભગવાન છે. માટે એમનું આ કાર્ય બહુ અલૌકિક છે. બે ચાર સત્સંગી જરાક જુદી વાત લઇને આવ્યા. મહારાજ ! બ્રાહમણો એમ કહે છે, સ્વામિનારાયણ ભગવાને બધું



સારુ કર્યું. દક્ષિણાઓ ખૂબ આપી, સાકર ખૂબ વહેંચી, પરંતુ લાડવા ખવડાવ્યા નહિ, બ્રાહમણો ના જઠરાગ્નિમાં હોમ કર્યો નહિં.

મહારાજ કહે સાચી વાત છે. બ્રાહમણો તો ચારે વર્ણોમાં શ્રેષ્ઠ છે. આપણે બ્રાહમણોને તૃપ્ત કરવા જોઇએ. બોલાવો ભૂદેવોને , આગેવાનોને બોલાવો, સાભળો ભૂદેવો ! કાલ તો બહુ પ્રવૃત્તિ હતી. એટલે અમે પહોંચી ન વળીએ. પણ અમારી ઈચ્છા છે, અહીં બ્રાહમણોની ચોરાસી કરવી છે. ચોરાસી એટલે બ્રાહ્મણોના જ્ઞાતિ વિભાગ, પેટા વિભાગ મળીને ચોર્યાસી પ્રકારો છે. તે બધાયને જમાડવા એટલે ચોરાસી કરી કહેવાય. બોલો ભૂદેવો, તમે તૈયાર છો !ક્યારે પ્રભુ ! આવતી કાલે. અરે મહારાજ આવતી કાલે તમે તૈયારી કેવી રીતે કરશો ! અમને જમાડવા માટે છ મહીના સીધા સામગ્રીની તૈયારી કરવી પડશે. મહારાજ કહે તમારે હા પાડવાની. લાડુ જમાડવા એ અમારી જવાબદારી ! બ્રાહમણો કહે તો અમારે ક્યાં વાધો છે પ્રભુ !

ભૂદેવો તૈયાર થયા. થાળિઓ વગાડી વગાડી આખા શહેરમાં જાહેરાત કરી. રસોઇઆ ભૂદેવો કાંકરિયા પહોંચી ગયા. મહારાજે સીધા સામગ્રીની તમામ વ્યવસ્થા તત્કાળ કરાવી દીધી. રાત્રે તો લાડુના ગંજ ખડકાઇ ગયા. ફાગણ સુદ પાંચમના દિવસે આખો દિવસ ભૂદેવો લાડુ જમ્યા. બહાર ગામના ભક્તોને ત્યાં તેના ગામમાં પ્રસાદી વહેંચવા લાડુ આપ્યા. આનંદ સ્વામી કહે, મહારાજ લાડુ તો ખૂટતા જ નથી. મહારાજ કહે અમદાવાદના હરિભક્તો ને બોલાવો, શહેરમાં ઘરોઘર નરનારાયણદેવનો પ્રસાદ આપવા માંડો. આ ગાયોને પ્રસાદી આપો. આ બધા શ્વાનને પણ આપો. છતા લાડુ વધ્યા, પછી મહારાજે થોડા લાડુ કાંકરિયા સરોવરમાં માછલાં માટે નંખાવ્યા.

નિષ્કુળાનંદ સ્વામી પુરુષોતમ પ્રકાશમાં નરનારાયણદેવનું દર્શન કરનાર ને મોટા ભાગ્યવાળા કહે છે.

અમદાવાદમાં કરાવિ મંદિર રે, તિયા બેસારિયા બેઉ વીર રે ॥
નર નારાયણ સુખરાશી રે, પધરાવી કરાવી ચોરાસી રે ॥
જે જે દર્શન કરશે એના રે, મોટા ભાગ્ય માનવા જો તેના રે ॥

સ્વામિનારાયણ સંહિતામાં શ્રીજી મહારાજના શબ્દો છે, જે અમે સદા આ મૂર્તિને વિશે રહીશું અને આ દેવમાં અમો રહેતા થકા ભક્તજનના

મનોરથ પૂર્ણ કરશું. આ દેવોનો પ્રતાપ દિવસે દિવસે અધિક અધિક વધશે.

મહારાજના આ શબ્દો મુજબ નરનારાયણદેવના મંદિરમાં દિવસે દિવસે ભક્તજનોની અધિક અધિક ભીડ જોવામાં આવે છે. ભક્તજનો નિત્ય નવા પરચા અનુભવે છે.

**નરનારાયણદેવે આપેલાં પરચાઓનું આચમન :**

હવે પરચાઓના થોડા પ્રસંગો જોઈએ.

એક ભાઈની આર્થિક સ્થિત બહુ નબળી હતી. વહેલી સવારે શહેરમાં છાપા નાંખે. એમને નરનારાયણદેવના દર્શન કરવાનો પાકો નિયમ. એક વાર આ ભાઈએ સંતને પોતાનું દુખ જણાવ્યું. સંતને દયા આવી. સંતે આવકનો દશમો ભાગ શ્રીનરનારાયણદેવના ચરણે ધરવાનો નિયમ આપ્યો. સંતના વચનમાં વિશ્વાસ રાખીને તે સદ્ ગૃહસ્થ શ્રી નરનારાયણદેવના ચરણોમાં આવકનો દશાંસ ભાગ ધર્માદા રૂપે જમા કરાવવા લાગ્યાં. ચમત્કાર સર્જાયો. ભગવાનની કૃપા ભળી. સોનીની દુકાને નોકરી મળી. પ્રભુ કૃપાથી આવડત વધી. પોતાની સ્વતંત્ર દુકાન ખોલી. જોતજોતામાં કરોડપતિ બની ગયા.

આ મૂર્તિઓએ કેટલાયને ઉગાર્યા છે. શ્રધ્ધાથી જેનું હદય ધબકતું હોય એવા વિશ્વના કોઈ પણ જીવ માટે આ પ્રત્યક્ષ દેવ છે. એક મુમુક્ષુ જીવે એક ગાંઠડીમાં રૂપિયા બાંધેલા. એણે મનમાં સંકલ્પ કર્યો કે જે મંદિરમાં ઠાકોરજી આ રૂપિયા માગી લેશે એને આ અર્પણ કરવા છે. એ મુમુક્ષુ ભાઈ ઘણા મંદિરોમાં ફર્યા. ક્યાંય કોઈએ રૂપિયા માગ્યા નહિ. છેવટે થાકી ગયા. રાત્રે સ્વપ્નમાં નરનારાયણદેવે કહ્યુ કે તું દરેક જગ્યા એ ફર્યો પરંતું અમદાવાદમાં નરનારાયણ સ્વરૂપે અમે પ્રત્યક્ષ છીએ. તારા પૈસા અમે સ્વીકારીશું. બીજા દિવસે કાળુપુરમાં આપણું મંદિર શોધીને શ્રીનરનારાયણદેવના ચરણે આવ્યાં. સન્મુખ ઉભા રહ્યાં. શાંતિ વળી. ત્યાં અલૌકિક અવાજ આવ્યો. તારા રૂપિયા અહીયા મુકી દે. ઠાકોરજીએ પ્રેરણા કરી. આ ભાઈ ખૂશ થઈ ગયા. તરતજ રૂપિયા શ્રીનરનારાયણદેવના ચરણે અર્પણ કરી દીધા. તે ભાઈ સત્સંગી થયા.

એક સત્સંગી કુટુંબને એવું સાંસારિક દુઃખ હતું કે એમની પરંપરાથી એવું ચાલ્યું આવતું હતું કે બે દીકરાઓ હોય એમાંથી મોટા દીકરાને ત્યાં દીકરીઓ જ જન્મે. નાનાને ત્યાં દીકરા જન્મે. બન્ને ભાઈ નિયમિત મંદિરે



આવતા હતા. શાપિત પરંપરા પ્રમાણે મોટાને ત્યાં દીકરી જન્મી. એમના કુટુંબમાં-સમાજમાં બધા જ આ વાત જાણતા હતાં કે આને ત્યાં તો દીકરીઓ જ જન્મશે. એટલે એ મોટાભાઈના મનમાં અફસોસ રહ્યાં કરતો હતો. એણે સંતને વાત કરી પોતાનું દુઃખ જણાવ્યું. સંતે કહ્યું, દરરોજ મંગળા આરતી વખતે શ્રીનરનારાયણદેવનું મંદિર વાળજે. અને શ્રીનરનારાયણદેવના દર્શન કરીને પ્રાર્થના કરજે. ભગવાન સારૂ કરશે. એ ભાઈ પૂરી શ્રધ્ધાથી મંદિર વાળવા લાગ્યા. પ્રાર્થના કરવા લાગ્યા. દેવાએ વિધિના લેખ અને પરંપરાના શાપને મિથ્યા કર્યો. પરંપરાનો શિરસ્તો તુટ્યો. શ્રીનરનારાયણદેવના પ્રતાપે એમને ત્યાં પુત્રનો જન્મ થયો. એમના સગાઓ આશ્ચર્ય પામી ગયા.શ્રીનરનારાયણદેવે એક નહિ પણ સમયાંતરે એમને બે પુત્રો આપ્યા. શ્રીનરનારાયણદેવનું આ આશ્ચર્ય જગજાહેર છે.

બીજા એક બનાવમાં એક ભાઈને હૃદયરોગની તકલીફ હતી. બે હાર્ટએટેક તો આવી ગયેલા. મનમાં ચિંતા થતી હતી. હૃદય પહોળું થતું જતું હતું. એ ભાઈ દરરોજ મંગળા આરતીમાં મંદિરે જવા માંડ્યા. શ્રીનરનારાયણદેવનું મંદિર વાળીને શ્રધ્ધાથી સંતો અને ભક્તોની પવિત્ર રજ છાતીમાં લગાવવાનું શરૂ કર્યું. શ્રીનરનારાયણદેવનો પ્રતાપે એ ભાઈને ધીરે ધીરે સારું થવા માંડ્યું. હાર્ટનોર્મલનો રીપોર્ટ આવ્યો. હૃદયની સાઈજ પણ બરાબર છે. ! ડોકટરો પણ અચંબામાં પડી ગયા. ! જે વસ્તુ મેડીકલ સાયન્સ ન કરી શકે એ નરનારાયણદેવ કરે છે. !

બીજા એક મુમુક્ષુ જીવની વાત સત્સંગમાં ઘણી જાણીતી છે. એક ભક્ત દરરોજ લાલદરવાજા ભદ્રકાળીમાતાના મંદિરમાં દર્શન કરવા જાય. દર્શન કરતાં કરતાં પ્રાથના કરે હે માતાજી ! મારો મોક્ષ કરજે. આ એનું રોજનું નિયમ એકવાર એની ભક્તિથી પ્રસન્ન થયેલાં માતાજીએ સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું હે ભક્ત ! હું તો કેવળ સાંસારિક ઈચ્છાઓ પૂરી કરી શકું છું. પરંતું તારે જો મોક્ષ જોઈતો હોય તો શ્રીસ્વામિનારાયણ ભગવાને પધરાવેલા શ્રીનરનારાયણદેવના શરણે જા. માતાજીના વચનથી ખૂશ થઈ ગયેલાં એ ભક્ત શ્રી નરનારાયણદેવના શરણે આવ્યા. દર્શન કર્યા. અંતરમાં પરમ શાંતિ થઈ. ટાઢક વળી. એક સંત પાસેથી કંઠી પહેરીને સંપ્રદાયના સત્સંગી બન્યા.

અને શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરીને અંતે મોક્ષ પામ્યા. પ.પૂ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પોતાના શબ્દોમાં કહે છે કે, અમદાવાદના એક ઉદ્યોગપતિ છે. જેઓ સ્કુલના અભ્યાસમાં અમારી સાથે હતા. તેઓનો ટેલીફોન આવ્યો કે, મારા પુત્રના લગ્નની કંકોત્રી તમને આપવા માટે આવવું છે. અમે કહ્યું કે કંકોત્રી અમને આપતા પહેલાં અમારી એક વાત માનો. તમારી કંકોત્રી પ્રથમ નરનારાયણદેવના ઉંબરે મૂકી આવો. પોતે વૈષ્ણવ હતા, છતાં અમારી વાત માની. પુત્રને લઈને કંકોત્રી નરનારાયણદેવને ઉંબરે મૂકવા ગયા. પછી એમણે ફોન કર્યો. તમારો ખૂબ ખૂબ આભાર. દર્શન કરતા અમને એવી દિવ્ય અનુભૂતિ થઈ કે જે જીવનમાં ક્યારેય થઈ નથી. ૧૫-૨૦ મિનિટ નરનારાયણદેવ સમક્ષ ઉભો રહ્યો. પછી બે કલાક બોલી જ ન શક્યો. એ દિવ્ય અનુભૂતિ અવર્ણનિય છે. તેનું હું વર્ણન કરી શકતો નથી. જન્મો જન્મ મને આવી પ્રાપ્તિ થાઓ.

શ્રીનરનારાયણદેવનું પુસ્તક વાંચવાથી, મનન કરવાથી મહિમા સમજાય છે. પરંતું તેથી અધિક મહિમા નરનારાયણદેવના દર્શન કરવાથી થતી અનુભૂતિથી સમજાય છે.

પરમ ભાગવત્ કથાકાર શ્રી ડોંગરેજી મહારાજે પ્રથમ નરનારાયણદેવનું દર્શન કર્યું. ત્યારથી કથા પારાયણ પહેલાં અવશ્ય નરનારાયણદેવનું દર્શન કરવા પધારે, એવો નિયમ થઈ ગયેલો.

કેટલાક વિદેશના મોટા અધિકારી પુરુષો કાળુપુરમાં શ્રીનરનારાયણદેવનું દર્શન કરીને વિદેશ જાય, પછી નરનારાયણદેવની મૂર્તિ માનસ પટ પર સતત છવાયેલી રહે, જેથી કાળુપુર મંદિરે જાણ કરે કે અમોને એક નરનારાયણદેવની મૂર્તિ મોકલી આપો. એવા પણ દાખલા છે.

મારો પોતાનો એવો વ્યક્તિગત અનુભવ છે કે, હું કોઈકવાર મુમુક્ષુજનને કાળુપુર મંદિરે દર્શન કરવા લઈ જઉં, કંઠી પહેરવાની વાત કરતાં હિંમત ચાલે નહિ. પરંતું એવા ઘણાં મુમુક્ષુજનો છે જે ગણપતિ તરફના પગથીયે ચઢી, નરનારાણઆદિક દેવોના દર્શન કરી રાધાકૃષ્ણદેવ તરફના પગથીયા ઉતરતા હોય અને તેને કંઠીની વાત કરું. એટલે કંઠી પહેરવા માટે તેવા મુમુક્ષુ તુરત જ હા પાડી દે. એવી આ મૂર્તિઓની દિવ્યતા છે. સાક્ષાત્ અક્ષરધામ આવીને



અહીં વસ્યું છે. કારણ કે સાક્ષાત્ શ્રીસ્વામિનારાયણ ભગવાન અહીં શ્રી હરિકૃષ્ણ, નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ અને શ્રી ઘનશ્યામ મહારાજના નામથી બિરાજે છે. અમદાવાદ શહેરની વચ્ચોવચ, આધ્યાત્મિક શક્તિથી ખીચોખીચ ભરેલું આ કાળુપુર મંદિર અમદાવાદની શોભા છે. શ્રીનરનારાયણદેવના પ્રતાપે શહેર ખૂબ વિકાસ પામતું રહ્યું છે. આ પુસ્તકમાં જે કંઈ પરચા હું લખું છું એ શ્રીજી મહારાજની વર્તમાન કાળમાં લીલાઓ છે, એવું માની શકાય. આ મંદિર સત્સંગની ઉતર વિભાગની ગાદીનું સ્થળ હોવાથીં નરનારાયણદેવ પીઠસ્થાનની પરંપરાએ આચાર્ય શ્રી મંદિરે નિયમિત દર્શને પધારે છે. તેથી આ ભૂમિ વિશેષ મહિમા વાળી થાય છે.

**શ્રી સ્વામિનારાયણ ભગવાન અને શ્રી નરનારાયણદેવની એકાત્મતા :**

વૈરાગ્યમૂર્તિ શ્રી નિષ્કુળાનંદસ્વામી ભક્ત ચિંતામણિમાં લખે છે,

તમે વળી નારાયણ માંઇ, કહીએ અમે ફેર નથી કાય ॥
છો તો એક ને દિસો છો દોય, તેનો ભેદ જાણે જન કોય ॥

સ્વયં સ્વામિનારાયણ ભગવાન નર અને નારાયણ એમ બે સ્વરૂપે થયા છે. નરનારાયણદેવના માતા પિતા ધર્મ અને મૂર્તિ છે. એજ ધર્મદેવ અને મૂર્તિ દેવી જે ભક્તિદેવી તરીકે પ્રગટ થયા છે, તેઓ સ્વામિનારાયણ ભગવાનના પણ માતા પિતા છે.

સત્સંગની મા મુક્તાનંદસ્વામી આરતીના પદમાં લખે છે.

નારાયણ નર ભ્રાતા, દ્વિજકુળ તનું ધારી (૨)
પામર પતિત ઉદ્ધાર્યા (૨) અગણિત નરનારી ...... જય. ૩

નરનારાયણદેવે સ્વામિનારાયણ ભગવાન સ્વરૂપે પ્રગટ થઈને પામર અને પતિત એવા અસંખ્ય સ્ત્રી-પુરુષોનો ઉદ્ધાર કર્યો છે. બદરિકાશ્રમમાં નરનારાયણદેવની સભામાં દુર્વાસામુનિના થયેલા શાપના નિમિત્તની કથા પ્રચલીત છે. મુક્તાનંદ કાવ્યમાં મુક્તાનંદ સ્વામી બદરિકાશ્રમનું વર્ણન કરતા લખે છે.

आश्रम मध्य उंची घणी, बदरी विशाला नाम ।
हरि सेवा हित तरु थयुं, ए छे केवल अक्षरधाम ॥

दर्शने दुष्कृत टळे, स्परशे बळे महापाप ।
मुक्तानंद कहे विशालानो, एवो प्रबल प्रताप ॥

જેમ અક્ષરધામમાં દિવ્યસ્વરૂપે અક્ષરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ શ્રીસ્વામિનારાયણ ભગવાનની અખંડ સેવામાં રહે છે, એજ રીતે બદરિકાશ્રમમાં તે જ અક્ષરધામ વિશાળ બદ્રિ (બોરડી) ના વૃક્ષ સ્વરૂપે થઈને તપસ્વી વેશમાં રહેલાં શ્રીનરનારાયણ ભગવાનની સેવામાં અખંડ સ્વરૂપે રહે છે.

શ્રીહરિના છઠ્ઠા વંશજ પ.પૂ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ શ્રી ''વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ'' નામના પુસ્તકમાં લખે છે કે, શ્રીહરિએ સર્વપ્રથમ સ્વહસ્તે પધરાવેલ શ્રીનરનારાયણદેવ એ સ્વયં શ્રીહરિ પોતે જ છે. અને બન્નેમાં લેશમાત્ર પણ ભેદ નથી, જો આ વાત ન સમજાય તો આપણા કલ્યાણમાં કેટલી કાચપ રહે, તે શ્રીહરિના સ્વમુખે બોલાયેલ અને પાંચ નંદ સંતો દ્વારા સંપાદન કરાયેલ ૨૭૩ વચનામૃતો પૈકી જુદા તારવેલ વચનામૃતોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરવાથી પ્રતીતિ થશે. પછી પ.પૂ. મહારાજશ્રીએ આ પુસ્તિકામાં ગ.પ્ર.-૮, ગ.પ્ર.પ્ર.-૪૮, ગ.પ્ર.પ્ર.-૭૩, ગ.પ્ર.પ્ર.-૭૪, સા.-૧૬, ગ.મ.પ્ર.-૨૧, ગ.મ.પ્ર.-૨૨ અમ.-૪, અમ.૬, અમ.-૮, જેત.-૩, જેત.૪, જેત.-૫ એમ કુલ ૧૩ વચનામૃતોના કેટલાક અંશો લખ્યા છે. જેઓને આ વાત સમજવી હોય તેઓને પ.પૂ. મહારાજશ્રીની લખેલી આ પુસ્તિકાનું વાંચન મનન કરી લેવું. અને આ પુસ્તકમાં જેત.-૫ નો અંશ લખું છું.

........ સર્વે સાંભળો આજ તો અમારે જેમ છે તેમ વાત કરવી છે. જે ભગવાનન ભજવા એથી બીજી વાત મોટી નથી, કાં જે ભગવાનનું કર્યું સર્વે થાય છે. અને આ સમે તો આ સભાનું કર્યું પણ થાય છે, અને શ્રીનરનારાયણદેવ ના પ્રતાપે કરી અમારું કર્યું પણ થાય છે......... જેને ભગવાન ભજ્યામાં જેટલી કસર છે તેટલી એને સર્વે ક્રિયાને વિષે બરકત થતી નથી......... હું તો ભૂત ભવિષ્યને વર્તમાન એ ત્રણ કાળને વિષે સર્વ જાણું છું. અને આંહી બેઠા સતા પણ સર્વેને જાણીએ છીએ અને માતાના ઉદરને વિષે નહોતા આવ્યા તે દિવસ પણ જાણતા હતાં કેમ જે અમે તો ભગવાન જે શ્રી નરનારાયણ ઋષિ તે છીએ........ અમે વારે વારે શ્રી નરનારાયણદેવનું



મુખ્યપણુ લાવીએ છીએ તેનું તો એ જ હારદ છે શ્રી કૃષ્ણ પુરુષોત્તમ અક્ષરધામના ધામી જે શ્રી નરનારાયણ તેજ આ સભામાં નિત્ય વિરાજે છે તે સારૂં મુખ્યપણું લાવીએ છીએ અને તે સારૂં અમે અમારું રૂપ જાણીને લાખો રૂપિયાનું ખરચ કરીને શિખરબંધ મંદિર શ્રી અમદાવાદમાં કરાવીને શ્રી નરનારાયણની મૂર્તિયું પ્રથમ પધરાવી છે......... પ્રત્યક્ષ શ્રી નરનારાયણ તેને મેલીને આ ભરતખંડના મનુષ્ય બીજા દેવને ભજે છે તે તો જેમ વ્યભિચારિણી સ્ત્રીઓ હોય તે પોતાના ઘણીને મેલીને બીજા જારને ભજે તેમ છે........ અમે આ સંત સહિત જીવુંના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ. તે માટે તમે જો અમારું વચન માનશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં તમને સર્વેને તેડી જાશું. અને તમે પણ એમ જાણજો જે અમારું કલ્યાણ થઈ ચૂક્યું છે. અને વળી અમારો દ્રઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો તો તમને મહાકષ્ટ કોઇ આવી પડશે તેથી અથવા સાત દકાલી જેવુ પડશે તે થકી રક્ષા કરીશું, અને કોઈ ઉગર્યાનો આરો ન હોય એવું કષ્ટ આવી પડશે તોય પણ રક્ષા કરશું. જો અમારા સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો, ને સત્સંગ રાખશો તો, અને નહીં રાખો તો મહા દુઃખ પામશો તેમાં અમારે લેણદેણ નથી, ને અમે આ સમે કોઈ વાતનું કાચું રાખ્યું નથી............

એટલે જ પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી હરિભક્ત માત્રને પૂજામાં શ્રીનરનારાયણદેવને અચૂક રાખવા એ માટે કહે છે, થોડા વર્ષો પહેલાં વિદેશમાં એક દેશમાં જવાનું થયું. ત્યા એક સત્સંગીની ઓફિસમાં પધરામણી થઈ. પ્રવેશમાં જ એક બિહામણો, મઢેલો, હાર પહેરાવેલો, નાના છોકરા ડરી જાય, જોયો હોય તો રાત્રે ઉંઘ ન આવે તેવો એક ફોટો જોયો. પૂછવાથી ખ્યાલ આવ્યો કે એ ફોટો દેશના પ્રમુખનો હતો. ત્યાં એવો કાયદો છે. ફરમાન છે, સરકારનો ઓર્ડર છે કે, જો પ્રમુખનો ફોટો ન રાખે તો ૨૪ કલાકમાં દેશ છોડી દેવો પડે. ઓર્ડર આવી જાય. રાષ્ટ્રના વડાનું આવું સન્માન એ આનંદની વાત છે. એથી કોઇ મોટા હોય, જગતના રાજા, અનંત કોટીં બ્રહ્માંડના રાજાએ ઓર્ડર કર્યો હોય તો માનવો પડે કે નહીં ? એક સ્તસંગીની પૂજાપેટીમાં નરનારાયણદેવની મૂર્તિ નહોતી. ૨૭૩ વચનામૃતમાં ગ.પ્રથમના ૪૮ માં મહારાજે પૂજામાં નરનારાયણદેવની મૂર્તિ રાખવાનો ઓર્ડર કર્યો છે.

આધારાનંદ સ્વામીના ગ્રંથમાં નારાયણજીભાઈને નરનારાયણદેવની મૂર્તિ કરવાનો મહારાજે ઓર્ડર કરેલ.

મહારાજે પ્રથમના ૪૮ માં વચનામૃતમાં આજ્ઞા કરીકે કોઈ પણ દેશ હોય, જ્ઞાતિ હોય, નરનારાયણદેવની નિત્ય પૂજા કરવી. મહારાજ અને નરનારાયણદેવ ને સીધો સંબંધ છે. પવિત્ર થઈને પંચવર્તમાન પાળીને પૂજા કરવી અને ત્રણ વસ્તું માંગવી : (૧) અંતઃ શત્રુઓથી રક્ષા કરજો, (૨) નિત્ય સત્સંગના ભીડામાં રાખજો, (૩) ઉપાસનામાંથી પાડી દેનાર પરિબળોથી અમારી રક્ષા કરજો.

દેવનો દ્રોહ ન થાય એ ધ્યાનમાં રાખવું. પક્ષપાતે કરીને એક વડીલે નરનારાયણદેવની મૂર્તિ ફાડી નાખેલી. નામ નથી આપતો, જુની પેઢી જાણતી હશે. એમના હાથ સડી ગયેલા, રિબાઈ રિબાઈને દેહ છોડ્યો. આ સત્સંગમાં શું ખામી છે ! અહો ભાવ રાખવો. દિવ્ય ભાવ રાખવો ! જીવતો કોણ કહેવાય ? જે માણસને શિક્ષાપત્રીની આજ્ઞાઓ પાળવા ઉપર ખટકો રહેતો હોય, નરનારાયમદેવની વફાદારી હૃદયમાં હોય તે જીવતો છે.

તા.૧૩-૧૨-૯૯ ગાંધીનગરમાં અમે જ્યારે ગાંધીનગરના મંદિરમાં નરનારાયણદેવ પધરાવવાનો નિર્ણય કર્યો. તે વખતે અમારી પાસે બે-ત્રણ સત્સંગીઓ બેઠા હતાં તેઓએ અમોને કહ્યું કે, આ તો બહુ સારું થશે. નરનારાયણ દેવનો મહિમા વધશે. અમે કહ્યું કે, નરનારાયણદેવનો મહિમાં અનાદિ કાળથી છે. નરનારાયણદેવની પ્રતિષ્ઠાથી ગાંધીનગરનો મહિમાં વધશે. નરનારાયણદેવનો મહિમાં કંઈ વધતો નથી અને ઘટતો પણ નથી. ગાંધીનગરની ઉણપ આજે પૂરી થઈ છે. શ્રીહરિ અહીં બિરાજમાન થયા છે. નરનારાયણદેવ અને શ્રીજીમહારાજ એ કંઈ જુદી વ્યક્તિ નથી, એક જ છે. મહારાજે અમદાવાદના છઠ્ઠા વચનામૃતમાં કહ્યું છે કે, તે સારૂ અમે અમારું સ્વરૂપ જાણીને અતિ આગ્રહ કરીને સર્વેથી પ્રથમ નરનારાયણદેવને શ્રીનગરને વિષે પધરાવીએ છીએ. માટે આ શ્રીનરનારાયણદેવને વિષે ને અમારે વિષે લગારે પણ ભેદ સમજવો નહિં. શ્રીજીમહારાજે નરનારાયણદેવનો કહેલો યથાર્થ મહિમાં જો સમજવો હોય તો દરેકે અમદાવાદનું ૭ મું અને જેતલપુરનું પાંચમું વચનામૃત દિવસમાં અવશ્ય એકવાર વાંચવું અને જો ન વંચાય તો



મહિનામાં એકવાર વાંચવું. ક્યાય ફાંફા મારવાની જરૂર નથી. નરનારાયણદેવ સ્વરૂપે ચિંતામણિ આપણને પ્રાપ્ત થયો છે. નરનારાયણદેવમાં રહીને મહારાજ સત્સંગીની તમામ સેવા સ્વીકારે છે. શ્રીજીમહારાજ અને નરનારાયણદેવમાં લેશમાત્ર ફેર નથી. અમદાવાદ (કાળુપુર) મંદિર માટે પ.પૂ. મહારાજશ્રી કહે છે, મહારાજે એવું અલૌકિક મુહૂર્ત શોધીને શ્રીનરનારાયણદેવ પધરાવ્યા છે કે કળિયુગ અહીંપેસી શકતો જ નથી. કળિયુગમાં પણ અહીં સતયુગ રહેવાનો છે. શ્રીહરિના સંબંધને પામેલી પ્રસાદીની વસ્તુના એક કકડામાં પણ કેટલું ઐશ્વર્ય હોય છે ! એ આપણે સૌ જાણીએ છીએ. તો શ્રીહરિએ નરનારાયણ રૂપથી પોતાનું જ સ્વરૂપ પધરાવ્યુ છે. તેમાં કેટલું ઐશ્વર્ય હોય તેની કલ્પના કરવી રહી ! એવા સ્વરૂપની આપણને પ્રાપ્તિ થઈ છે.

**શ્રીહરિચરિત્રામૃત સાગરમાં શ્રીનરનારાયણનો મહિમા :**

અંત્ય ખગોળ ભૂગોળના વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે, ભરતખંડની પ્રજાના ઉપાસ્ય દેવ નરનારાયણદેવ અને મુખ્ય ભક્ત નારદજી છે. કળિયુગની શરૂઆત થયા પછી તે વાતનો ભરતખંડની પ્રજાને લાંબો ખ્યાલ નહોતો. આપણા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાને આ રહસ્ય સૌને સમજાવ્યું. સ્વયં પ્રતિષ્ઠા કરેલા નવા મહામંદિરો પૈકી અમદાવાદ અને ભુજ એમ બે મહામંદિરોમાં પોતાના નરનારાયણસ્વરૂપની પ્રતિષ્ઠા કરી.

શ્રીહરિએ ગૃહત્યાગ કર્યા પછી બદરિકાશ્રમમાં નરનારાયણદેવને મળ્યા. તે દિવ્ય મિલન શ્રી આધારાનંદમુનિએ અદ્‌ભૂત રીતે વર્ણવ્યું છે.

જોષીમઠના વર્ણીઓએ શ્રીહરિને વનવિચરણ દરમિયાન જોષીમઠમાં કાયમ રહેવા પ્રાથના કરી. ત્યારે વર્ણીએ કહ્યું - તમારો ઘણો ભાવ છે તો અમે ફરી આવીશું. હાલ હિમગિરિમાં નરનારાયણના આશ્રમની શોભા જોવાનીને તપ કરવાની ઈચ્છા છે. તમો રસ્તો બતાવો તે રસ્તે અમે જઈએ. બરફના પ્રદેશનો અમને ડર નથી. ત્યારે જોષીમઠના વર્ણીએ શ્રીહરિની પૂજા કરી અને ઠંડી ખાળે એવો એક ધાબળો આપ્યો. શ્રીહરિને કહ્યું કે તમે તો નિર્બંધ છો અને અમે તો બંધાયેલા છીએ. આ જગ્યા તમારી જાણી ફરી દર્શન દેજો. વારંવાર તમારી સેવા મળે એવો વર દેજો. તમે સમર્થ છો એટલે અમારાથી કંઈ કહેવાય નહીં. પણ તમે જે રસ્તે જાઓ છો ,તે મૃત્યુમાં ગતિ કરવા

બરાબર છે. વિચાર બંધ રાખો તો સારુ એમ વિનંતિ કરી, પણ શ્રીહરિ ચાલી નીકળ્યા. જોષીમઠના વાસી આશ્ચર્ય પામ્યા અને માનવા લાગ્યા કે આ વર્ણી કોઇ અવતાર રૂપ છે. અથવા મહાસિધ્ધ હશે. નહિ તો હિમગિરિમાં કોઇ જઇ શકે નહીં.

હવે શ્રીહરિ હિમગિરિમાં ચાલ્યા, ત્યારે નારાયણ ભગવાને નરને કહ્યું કે અક્ષરપતિ ભગવાન તપ કરવાને મિષે બાળસ્વરૂપે સૌને દર્શન દેવા અહીંયાં આવે છે. ઉઘાડે પગે એકલા આવે છે. માટે હિમગિરિને કહો કે મૂર્તિમાન સન્મુખ જાય. વર્ણી-શ્રીહરિને કોઇ દુઃખ ન થાય એવું જતન કરે. ત્યારે હિમગિરિને નરભગવાને નારાયણની આજ્ઞા કહીં સંભળાવી. જેથી હિમગિરિ દેવ જેવું રૂપ ધરી શ્રીહરિ સન્મુખ આવ્યા. અને કર જોડી સાષ્ટાંગ પ્રણામ કર્યા અને કહ્યું કે આપ અમને પાવન કરવા પધાર્યા તે બહુ કૃપા થઇ. તમે કહો તે વાહન લાવું. હું સાક્ષાત્ હિમગિરિ છું. નરનારાયણ ભગવાનની આજ્ઞાથી આપની સન્મુખ આવ્યો છું. અને દર્શનનો લાભ થયો. પાછળ નરઋષિ પણ ખબર સાંભળિને આવે છે. શ્રીહરિ કહે અમારે વાહનની ઇચ્છા નથી. પગે ચાલીને યાત્રા કરવાનું અનંત ફળ છે. તેથી ચાલવામાં અમને આનંદ છે. એટલામાં કેટલાક ઋષિઓને સાથે લઇ નર ઋષિ પણ સામા આવ્યા. પરસ્પર મળ્યા અને એક બીજાનો મહિમાં કહીં પગે લાગ્યા. કુશળ પૂછયું. નરના દર્શન કરીને શ્રીહરિને આનંદ થયો. વર્ણીના દર્શનથી નરઋષીને આનંદ થયો. મુનિઓએ ફળફૂલ અર્પણ કર્યા. મુનિવરો અને શ્રીહરિ સૌ સાથે અતિ શીતળ જળ આવતું હતું ત્યાં નાહ્યા. શ્રીહરિએ નિત્ય વિધિ કરી. ફળફૂલનું નૈવેદ્ય કરી નર આદિક ઋષિઓને પ્રસાદી આપી. પોતે પણ થોડું આનંદથી જમ્યા. દરરોજ પાંચ ગાઉ ચાલતા ત્રીશ દિવસે બદ્રિવનમાં પહોચ્યા. ત્યાંની મહાઅલૌકિક શોભા જોઇને પ્રસન્ન થયા. વિવિધ ભાતના પશુઓ, પક્ષીઓ તથા ઝરણાના મધુર શબ્દોથી તે વન પ્રીતિજનક હતું. ત્યાં અતિ ઠંડા જળવાળી એક નદી આવી તેમાં જે પડે તે ઠરી જાય એવી હતી. સિધ્ધમુક્તોની સહાયથી શ્રીહરિ નદી પાર ઉતર્યા. જેમ જેમ આગળ ચાલે તેમ તેમ અત્યંત આનંદ પામતા હતા. ભરતખંડનું સૌથી શ્રેષ્ઠ આ ધામ છે, કે જેમા નિષ્કામી ભક્તો અખંડ રહે છે. તેને પામીને શ્રીહરિ બહુ રાજી થયા.



નરનારાયણ જે આશ્રમમાં તપ કરતા હતા, તેની સમીપે શ્રીહરિ પહોંચ્યાં. ત્યારે નારાયણઋષિ સન્મુખ દોડીને આવ્યા. ભગવાનના બન્ને સ્વરૂપોનું મિલન અને પરસ્પર જે મનુષ્ય લીલાનું અનુકરણ કરે તેને જોવા માટે બ્રહ્માદિક અનેક દેવતાઓ વિમાનમાં બેસી દર્શન કરવા આવ્યા. અને પુષ્પની ઝડી વરસાવી. પ્રથમ નારાયણઋષિ શ્રીહરિને મળ્યા. તે અત્યંત પ્રેમને લીધે વારંવાર પાછા હટી વારંવાર ભેટવા લાગ્યા. અત્યંત હેત કરીને ગદ્ ગદ્ કંઠે સજળ નેત્ર બની ગયા. સાંજ પડવા આવી ત્યારે બીજા પણ તપસ્વી મુનિઓ તપમાંથી નિવૃત્ત થઈને શ્રીહરિ પાસે આવી ચરણમાં પડી સુગંધીમાન પુષ્પના હાર પહેરાવવા લાગ્યા. તેવી રીતે શ્રીહરિ પણ પ્રેમથી દોડીને નારાયણના ચરણમાં પડ્યાં. નારાયણઋષિ પણ મનુષ્ય ભાવ લાવીને વર્ણીને કુશળતા પૂછીને કહેવા લાગ્યા કે, તમારા ચરણના પ્રતાપથી આ આશ્રમ પવિત્ર થયો. અક્ષરધામની અધિકતા પણ આપના ચરણના પ્રતાપે થઇ છે. એમ કહીં શ્રીહરિના હાથ પકડી આશ્રમ ઉપર લઇ ગયા. કાર્તિક વદી આઠમની અંધારી રાત્રિ હોવાથી મુનિએ રાતના કાષ્ટની મશાલો કરી અજવાળુ કર્યું. બદરી તળે આસન કરી આપ્યુ. શ્રીહરિને બેસાડી પોતે નારાયણઋષિ પણ બેઠા અને આવી વિકટ ભૂમિ ઓળંગી ને આવવાનું કારણ પૂછવા લાગ્યા. વળી કહ્યું કે સિધ્ધ ગતિ પામેલા મુનિઓજ કેદારનાથ ભગવાનની સહાયથી અહીં આવી શકે. તમે આવ્યા તે બહુ કૃપા થઇ. અમારા જેવી સેવા હોય તે અમને કહો. અહિંયા સૌ તમારુ ચિંતવન કરે છે. તમે આજે પ્રગટ મળ્યા તેથી અમારા સૌના તપ ફળ્યા. અમે કૃતાર્થ થયા છીએ. આ આશ્રમના તથા બદરી તળેની જગ્યાના ધન્યભાગ્ય છે. આ તમારો જ આશ્રમ છે. એમ જાણી અહીંયા સુખેથી રહો. તપનું મિષ લઇને આપ અમને સૌને કૃતાર્થ કરવાં આવ્યા છો. છતાં આપનું સામર્થ્ય છુપાવીને ફરો છો. પરંતુ આપતો પૂર્ણ કામ અને સર્વથી પર છો. તમારી મોટપ જ બીજાની મોટપ છે. તમારા વચન જીવને મુક્તિ આપનારા છે. તેમાં એક વચન પણ જો કોઇ દ્રઢ કરીને પાળે તો જન્મમૃત્યુંથી મુક્ત થાય. પછી શ્રીહરિ બોલ્યા કે મોટા હોય તે બીજાને મોટા સમજે. તુરછ હોય તે બીજાને મોટા તુરછ માને. જેવડુ વાસણ હોય તેટલું પાણી માંય. તમે અગાધ સિંધુ જેવા છો તેથી બીજાને

તેવા સમજો છો. હવે અમે આવવાનું કારણ કહીએ છીએ કે જગતમાં ગુરુ, પ્રજા, રાજા, સૌ એક રુચિના થઈને માંસ, મદિરા, ચોરી, વ્યભિચારમાં પ્રવર્તે છે. યજ્ઞ-યાગાદિક નો નાશ કરે છે. ધર્મ કોઈને રૂચતો નથી. આ બધું જોઈને ઉદાસ થઈને અમે તમારી પાસે આવ્યા છીએ. તે ધર્મમાં બધાને રૂચિ થાય એવો કોઈ ઉપાય હોય તે કહો. અમે જોયું કે તમારા વિના બીજું કોઈ આ ભુવન ઉપર સહાય કરે તેમ નથી.

વર્ણી પ્રત્યે નારાયણઋષિ કહે છે, કે તમે તો મહાસમર્થ છો. મનુષ્ય ભાવે આવી સહાય માંગવાની વાત કરો છો. પણ તમારે સહાયની જરુર હોય નહિં. તમે કરો તે જ ધર્મ છે. તમે સંકલ્પ કરો તે દરેકને કરવું પડે. કળિયુગ અને અધર્મ તમારી આગળ શી વિસાતમાં છે ? અને ક્યા લેખામાં છે ? તપ તીર્થના ફળની તમારે ક્યાં જરુર છે ? તમે જ બધાયના ફળદાતા છો. તમારી મોટ્યપથી બધા નભે છે. અમને સૌને રાજી કરવા તમે આવ્યા છો. આમ બન્ને સ્વરૂપો પરસ્પર મનુષ્ય ભાવ લાવી વિનોદ કરે છે. આ વાત બ્રહ્માદિકના પણ કળ્યામાં આવે તેમ નથી. ત્રણ માસ પર્યંત વર્ણી ઘનશ્યામ એ આશ્રમમાં રહ્યાં અને ધ્યાન, સ્મરણ કરતા થકા અન્નનો ત્યાગ કરીને તપ કર્યું. સૌને આનંદ આપ્યો. બીજા ખંડના દેવો પણ વર્ણી શ્રીહરિ આવ્યા જાણીને ત્યાં આવતા અને પુષ્પાદિકથી પૂજા કરી સ્તુતિ કરતા. સૌ મુનિ પણ દરરોજ ભાવથી પૂજા કરવા આવતા હતા. શ્રીહરિ નારાયણઋષિને યુગ પ્રમાણે વર્ણાશ્રમ ધર્મ સંબંધી પ્રશ્ન પૂછતાં અને નારાયણઋષિ ઉત્તર આપતા. તેમણે કહ્યું કે પ્રાચીન ગ્રંથોમાં અનેક પ્રકારની ભિન્ન-ભિન્ન રૂચિના જનોને ઉદ્દેશીને લખાયેલી વાતો છે. તેમાથી બુધ્ધિમાન હોય તેને સાર વસ્તુ ગ્રહણ કરતા આવડે. સાર વસ્તુ નહિ સમજનારા પોતાની બુધ્ધિથી નિર્ણય કરી અવળે માર્ગે ચાલ્યા જાય તો જન્મ-મરણના દુઃખથી છુટે નહિ. તે સૌને ધર્મનું સ્વરૂપ સમજાવવા માટે તમે ધર્મકુળમાં અવતાર ધારણ કર્યો છે. તમારો જે સંગ કરશે તે ભવદુઃખથી મુક્ત થશે. તમે સમર્થ છો તે ચાહો તેમ કરી શકો. દુર્જન માણસોના પણ હિતને માટે તમો તેમના સંગમાં રહીને પણ નિર્બાધ રહી શકો તેમ છો. બીજા તો ભવ બ્રહ્મા અને નારદ જેવા હોય તો પણ વિચાર કર્યા વિના વર્તે તો કલંક લાગે, સૌ કલંકોમાં પણ નારીનું કલંક



અધિક છે. તે વિષયમાં તો ત્યાગીએ અધિક વિચાર રાખવો પડે.આપ તો આકાશની જેમ અખંડ નિર્લેપ છો.

નારાયણની વાત સાંભળીને શ્રીહરિએ તેનો સ્વીકાર કર્યો અને કહ્યું કે તમો તો ભરતખંડના ઈશ છો. અમે તમારા શિષ્ય થઈને રહ્યા છીએ. તપ કરવાની બહુ પ્રીતિ છે.છતા તમે કહો તે અમારે કરવાનું છે. તમે સાક્ષાત્ ઈશ્વર હોવા છતા જનના હિત માટે તપ કરો છો. તેથી અમારા હિતને તમો જાણો એવું બીજા ન જાણી શકે. શ્રીહરિના વચન સાંભળી નારાયણઋષિ બોલ્યા કે દુર્વાસાએ અહીં સૌને શાપ દીધો તે અમારી સૌની સહાય કરવા માટે તમે અવતારી પ્રગટ્યા છો. ઉધ્ધવજી પણ પ્રગટ થઈ ગયા છે તે ગિરનાર ની છાયામાં ઈશ્વર ઈચ્છાથી આવશે. તમો પણ બધા ધામ અને વનમાં દર્શન દેતાં દેતાં પશ્ચિમ દેશમાં જશો. ત્યાં તમને ઉધ્ધવજી મળશે. નારાયણની મરજી જાણી શ્રીહરિ તૈયાર થયાં. જુદા પડતા પ્રાણ ન રહે તેવું હેત દેખાડ્યું. એકબીજાની આજ્ઞામાં વર્તતા હોવાથી વિયોગ થતાં પણ પ્રાણ ટક્યા. સજળ નેત્રે ગદ્ ગદ્ થઈ એક બીજાને બોલ્યા વિના નમ્યા. શ્રીહરિ હિમગિરિને સાથે લઈને ચાલ્યા. શ્રીહરિ વિના તે આશ્રમ સૌને સુનો સુનો લાગ્યો. સૌ ઉદાસ થઈને શ્રીહરિને સંભારતા રહ્યા. શ્રીહરિ પણ હિમગિરિને નારાયણના ગુણનું વર્ણન કરીને કહેતા કે ક્યારે નારાયણઋષિના દર્શન થશે ? એમ સંભારતા ચાલ્યા તે માનસ સરોવર પહોચ્યાં. તેમાં શ્રીહરિ નાહીને આનંદ પામ્યા. હિમાચળ સ્વાદિષ્ટ ફળ લાવ્યા તે જમ્યા અને હિમાચળને પ્રસાદી આપી.

કાળુપુર મંદિરમાં નરનારાયણદેવના દર્શન યાત્રાનું ફળ શ્રીજી મહારાજે હિમગિરિમાં નરનારાયણદેવના દર્શન યાત્રાના ફળ સમકક્ષ કહ્યું છે. આધારાનંદ સ્વામી લખે છે, હિમાચલ પર્વતમાં જે બદરીવન છે, તેને બ્રહ્મા, શંકર, આદિ દેવો હંમેશા સેવે છે. ત્યાં રહેલાં પશુ-પક્ષીઓ પણ પોતાનું વૈર ત્યાગ કરીને સાથે રહે છે. આ વનમાં એક દિવ્ય બદરીતરુ છે તે ઈચ્છિત ફળને આપનારુ છે. તે તરુ નીચે નરનારાયણદેવ હંમેશા બિરાજમાન છે. જેના પારને વેદ પણ પામી શકતા નથી. વિશાલ ક્ષેત્ર, જે અલૌકિક છે, અને અક્ષરધામ રૂપ છે. મરીચિ, શુકમુનિ, ગર્ગ અને ગૌતમ વગેરે મુનિઓ જ્યારે બદરિકાશ્રમમાં આવેલાં ત્યારે તે મુનિઓએ નર ભગવાન પ્રત્યે ઉચ્ચારેલા

શબ્દો નોંધવા જેવા છે. મુનિઓ નર ભગવાન પ્રત્યે બોલ્યા કે, " આપ તો સમગ્ર બ્રહ્માંડના અધિપતિ છો. અને નારાયણના અપાર પ્રિય છો. નારાયણની અહર્નિશ સેવા કરો છો. તમારામાં અને નારાયણમાં અમે ફરક સમજતા નથી. એક છો છતાં બે રૂપે દેખાઓ છો. તમારા ચરણ સ્પર્શથી આ ભૂમિના અમિત ભાગ્ય છે.

તે મુનિઓએ કરેલું નારાયણ ભગવાનનું દર્શન જોઇએ. ત્યાં પર્ણકુટીમાંથી નારાયણઋષિ આવ્યા. ઉગ્ર તપે કરી અપાર તેજોમય તેમની કાંતિ હતી. કમળના પત્ર સમાન નેત્ર અને પૂર્ણચન્દ્ર સમાન મંદમંદ હસતું મુખ શોભતું હતું. ચરણમાં સોળ ચિન્હ હતા. મસ્તકે જટારૂપ મુગુટ શોભતો હતો. પીળા કેશ શોભતા હતા. ઉત્તમ વિશાળ ઉરઃસ્થળ હતું. દરેક અંગ સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે સુશોભિત હતા. ડાબા હાથમાં કમંડળ અને જમણા હાથમાં દંડ શોભતો હતો. શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા. સાથે ઉધ્ધવજી હતા. મુનિઓ પગે લાગ્યાં અને હાથ જોડીને બેઠા પછી તેમણે સ્તુતિ કરી કે, હે ભગવાન ! આ ત્રિલોકીને વિષે તમારો જ યશ છાઇ રહ્યો છે. તમને તમારી દયા સિવાય કોઇ કળી શકે નહિ. સમગ્ર બ્રહ્માંડોના તમે એક જ નિયંતા છો. અને સંત પુરૂષોને સુખના કરનારા છો. ધર્મભક્તિના પુત્ર મહાધીર છો. અંતઃશત્રુઓ જેના નામ માત્રથી ધ્રુજે છે અને સમીપે આવવા સમર્થ થતાં નથી એવા આપ જયકારી પ્રવર્તો.

નરનારાયણદેવના નિષ્કામીપણાની વાત કરીએ તો લખે છે. ભગવાનની કૃપાથી શિવજી અતિ નિષ્કામી છે. સતીને ખોળામાં લઇ નગ્ન અવસ્થામાં સભામાં બેસે છે. તે જોઇ શુક સનકાદિક જેવા પોતાની હાર કબુલી તેમના સામર્થ્યની પ્રંશંસા કરે છે. નરનારાયણદેવ તો તેમનાથી અતિ સમર્થ છે. તથા શંભુને સામર્થ્ય આપનાર પણ તે પોતે જ છે. એવા સમર્થ શિવજી હતા, તેમણે શ્રીહરિને મોહિની સ્વરૂપ બતાવવા વિનંતી કરી ત્યારે શ્રીહરિએ કહ્યું કે તમે સમર્થ છો પણ તે તમારે દેખવા યોગ્ય નથી. નરનારાયણદેવ વિના કોઇ પણ નિષ્કામી જનને મોહિનીનું રૂપ દેખીને મોહ થયા વિના રહે તેમ નથી. મોટા મોટા સિધ્ધો તમને નમે છે. તે પછી તમને કોઇ નહિ નમે. માટે અમારું કહેવું માનો. શ્રીહરિ કહે, નિષ્કામ વ્રત જેટલું જેનામાં રહેલું હોય, તેટલો તેનામાં



નરનારાયણદેવનો વાસ છે. વસંત પણ સદાય ત્યાં રહે છે. યશ અને નીતિરૂપ રંગ પણ ત્યાં રહે છે. ફૂલદોલનો ઉત્સવ એ નરનારાયણદેવનો જન્મ દિવસ છે. તેમને પ્રસન્ન કરવા લોકમાં અપાર રંગ ઉડાડી ઉત્સવ થાય છે. અમે પણ વર્ષો વર્ષ સંતોની સાથે રંગક્રિડા કરીએ છીએ. નિષ્કામ ધર્મની દ્રઢ સ્થાપના કરવા માટે નરનારાયણદેવ શોધ્યા છે. નિષ્કામ વ્રતમાં તે સર્વોપરી છે. એ જ્યાં વસે છે તે દેશના ધન્યભાગ્ય છે. જેને નિષ્કામ ધર્મ નહિ ગમતો હોય તે એ દેવ પ્રત્યે ધિક્કાર રાખશે.

બદરીપતિ નારાયણના અવતારમાં નર ભગવાન ભાગવત પુરુષ રૂપે રહેલાં છે. જૂનાગઢથી શ્રીહરિના દર્શન કરવા નારાયણજી સુથાર આવ્યા. શ્રીહરિએ તેમને મૂર્તિની છાપ કરવા રોક્યા. નરનારાયણ ભગવાન બદરિકાશ્રમમાં રૂષિરૂપે રહીને ધ્યાન કરે છે. તેમાં નરની મૂર્તિ ગૌર છે. અને પીળી જટા માથે છે. નારાયણની મૂર્તિ અતસીના ફૂલ જેવી શ્યામ છે. તેજથી બન્ને મૂર્તિ નખ શિખ ભરાયેલી છે. કનક સમાન જટા નારાયણના માથે વિના ભૂષણે ભૂષણરૂપ છે. તે નરનારાયણદેવ ભરતખંડના અચળ દેવ છે. ભરતખંડમાં શ્રીહરિ અપાર અવતાર ધારે છે.તે બધી મૂર્તિ એક જ રૂપ હોવા છતાં અનેક રૂપે દેખાય છે.

જનમાષ્ટિમીને દિવસે શ્રીહરિએ નરનારાયણની છાપેલી મૂર્તિ નિષ્કુળાનંદ મુનિ પાસે મંગાવી. આધારાનંદમુનિ છાપતા હતા. છાપની મૂર્તિ જોઇ શ્રીહરિ પ્રસન્ન થયા અને નારાયણજીને બોલાવી પહેરામણી કરી. નિષ્કુળાનંદમુનિ અને આધારાનંદમુનિને ફૂલના હાર આપી છાતીમાં ચરણારવિંદ આપ્યા. અને મૂર્તિ છાપવા માટે આધારાનંદમુનિને પાસે રાખ્યા. શ્રીહરિએ પ્રસન્ન થઇને દરેક સંત, વર્ણી, પાર્ષદ તથા હરિભક્તને પૂજવા નરનારાયણદેવની મૂર્તિઆપી. પછી આનંદમુનિને કહ્યું કે તમો અમદાવાદ જઈ આપણી જગ્યામાં શિખરબધ્ધ મંદિર કરો. આ બ્રહ્માંડ થયું તેમાં પ્રથમ નરનારાયણ ભગવાનનો અવતાર થયો. બ્રહ્માનો સવા પહોર દિવસ ચઢ્યો ત્યાં સુધી નરનારાયણદેવ હિમગિરીમાં અખંડ તપ કરી રહ્યા છે. કાળ પણ કંપે એવું તેમનું તપ છે. ત્યાર પછી તો આ ભરતખંડમાં ભગવાનના કેટલાય અવતાર પ્રગટ થયા છે. ને નવા નવા ચરિત્ર કર્યા છે અને અનંત જીવનો ઉદ્ધાર કર્યો છે.

શ્રીહરિ આનંદમુનિને કહે,અમદાવાદ મંદિર બનાવવામાં તમે મનુષ્ય અને ધનની સહાયતાની ચિંતા કરશો નહિં. નરનારાયણદેવના સંકલ્પમાં અષ્ટસિધ્ધિ અને નવ નિધિ રહેલાં છે. નરનારાયણદેવને કોઇ નરનારી જાણતા નથી કે તે કેવા છે. અમારે તેમને પ્રસિધ્ધ કરવા છે. ભરતખંડમાં તે મુખ્ય દેવ છે. છતા કોઇ જાણતુ નથી. તેમને અમારે ભરતખંડમાં સ્થાપવા છે. ભગવાનના મંદિર માટે જે જેવી સેવા કરશે તેને તેવું ફળ મળશે. આદર હોય ત્યાં દેવ નિવાસ કરે છે.

નારાયણજી સુતારે નરનારાયણદેવની બીજી છાપ બનાવી. તેમાં ઉધ્ધવ,નારદને સેવામાં બેસાડ્યા. અને નરનારાયણના ચરણની નીચે ગરૂડ કર્યા હતા. સૂર્ય,ચંન્દ્રના બિંબ પણ તેમાં હતા. શ્રીહરિ આ છાપ જોઇને રાજી થયા. છાપના બહુ વખાણ કર્યા. મુક્તમુનિને તે દેખાડી, મુક્તમુનિએ કહ્યું કે આ પ્રગટ નરનારાયણ હોય તેવી સુંદર છાપ છે. પછી બીજા મુનિઓએ પણ જોઈ. પછી સિધ્ધમુનિ (આધારાનંદમુનિ) પાસે કાગળમા મૂર્તિઓ છપાવી. તે જોઇ શ્રીહરિ તથા સહુ સંતો રાજી થયા. શ્રીહરિએ દરેકને એક એક મૂર્તિ આપી. શ્રીહરિએ મુક્તમુનિને મૂર્તિનો મર્મ સમજાવ્યો કે આ સત્સંગનું બીજ છે. પ્રથમ ધર્મદેવ અને મૂર્તિથી નર,નારાયણ હરિ અને કૃષ્ણ એ ચાર રૂપે પ્રગટ થયા. ચારેય મળીને એક સ્વરૂપ છે. ભક્તના મનોરથ પ્રમાણે રૂપ ધારે છે. એક હોવા છતાં અનેક રૂપે અને અનેક હોવા છતાં એક રૂપે પોતાની યોગકળાથી તે રહી શકે છે. તે વાત અક્ષર પર્યંત કોઇના કળ્યામાં આવે તેમ નથી. તેમના એક એક રોમમાં અનંત કોટી બ્રહ્માંડ રહેલાં છે. જીવની સમજણ કૂવાના દેડકા જેવી છે.

સં.૧૮૭૮માં અમદાવાદમાં મંદિરના પ્રતિષ્ઠા ઉત્સવમાં મૂર્તિઓ જોઇ. શ્રીહરિ વખાણ કરવા લાગ્યા અને બોલ્યા કે, સંત હરિભક્તોના પરમ હિતને માટે નરનારાયણ જે નૈષ્ઠિક વ્રતધારી છે તે પ્રગટ આવ્યા છે તેમ માનજો. સ્વામી ના ગુણ સેવકમાં આવે છે. માટે તેમની સેવાથી પોતાના વ્રતનું પોષણ થશે. તેમની વસ્ત્રાભૂષણ, વાહનભવન, ભૂમિ, ભોજન, ફળ, પુષ્પ વગેરેથી એકવાર પણ ભાવથી પૂજા કરશે તેને તેનું અનંત ફળ થશે. તે સમગ્ર પદાર્થના દાતા છે. તેમનું આ પ્રગટ રૂપ છે. પ્રગટ રૂપને (મનુષ્ય રૂપે વિચરતા



શ્રીહરિને) જે ન માનતા હોય એને પણ આનાથી પોષણ મળશે. પ્રતિષ્ઠામાં સંતો દર્શન કરી રહ્યા બાદ હરિભક્તોની કાંકરિયા સરોવરથી મંદિર સુધી એકતાર હાર થઇ. એક દ્વારે પેસે અને બીજે દ્વારે નીકળતા. જેથી ભીડ જણાતી નહિં. મૂર્તિની શોભા એવી હતીં કે દર્શન કરનાર કોઇને ખસવાનું મન થતું નહિં. (આજે પણ પાટોત્સવ જેવા ઉત્સવોમાં એજ સ્થિતિ થાય છે.) સૌ ભાવ પ્રમાણે ભેટ ધરતા. એમ નરનારાયણ ભગવાન ગુર્જર ખંડની મધ્યે આવીને વસ્યા, તેથી શ્રીનગર નામ સફળ થયું.

વડોદરાના રામચંન્દ્ર વૈદ્યને ડાકોરની પૂનમનો નિયમ હતો. પુત્ર ન હતો તેથી પૂનમનો નિયમ રાખ્યો હતો. તે શ્રી ગોડ વિપ્ર હતા. મોટા મોટા ઉમરાવ ને રાજદ્વાર સુધી રાજવૈધ તરીકે જાણીતા હતા. ગરીબની મફત દવા કરતા. ઉમરાવો નાડી જોયાના સો રૂપિયા આપતા. ડાકોરમાં વિપ્રની હવેલીમાં ઉતરતા. ડાકોરમાં રહે તેટલા દિવસ દરરોજ રણછોડજીના બે વખત દર્શન અચૂક કરતા. રણછોડજીની સમીપમાં બે કોટડી હતી. તેમાં અધર્મ ઘટિત કામ થતું જોવામાં આવ્યું. તેથી અભાવ આવ્યો. પરિક્રમા કરવાની તેમણે બંધ કરીને તાવ આવ્યો.તેથી મુકામ પર આવ્યા. મધરાતે તાવ ઉતર્યો. અગાસીમાં બેસી માળા ફેરવતા હતાં ત્યાં આકાશવાણી થઇ કે ભગવાનનો ખપ હોય તો સ્વામિનારાયણ પ્રગટ ભગવાન છે. શ્રીનગરમાં (અમદાવાદમાં) તેમના મંદિરમાં સંતો રહે છે. તે તમને તેમનું સ્થાન બતાવશે. તેમણે વિચાર્યું કે આ શું થયું ! રણછોડજી બોલ્યા કે શું ! એમ કહીં માળા ફેરવવા લાગ્યા. ત્યારે ફરી આકાશવાણી થઇ તેથી મનમાં સંશય થયો. અને વિચાર કર્યો કે શ્રીનગર અવશ્ય જવું. અહીંથી દૂર નથી. કેવા સંત ને કેવું મંદિર છે તે દેખે ખબર પડશે. સાથેના મનુષ્યોને રજા દઈને સવારમાં બે ત્રણ જણ ને સાથે લઇને ઘોડે બેસી શ્રીનગરના મંદિરમાં આવીને સંતના દર્શન કર્યા. દેવના દર્શન કર્યા. મંદિરમાં બહુ તેજ દેખવામાં આવ્યું અને કહ્યું કે લોકો જ્યાં ત્યાં દોડે છે પણ બધો લાભ અહીં છે. કામને રામ એક ઠેકાણે રહી શકે નહિં.

**સહસ્ત્રકુંચી રાક્ષસની રસપ્રદ કથા :**

એક ઉપપુરાણની કથા છે. સત્યુગમાં સહસ્ત્રકવચ નામે રાક્ષસ થઇ ગયો. એણે હિમાલયમાં ઉગ્ર તપ કર્યું. તપ કરવામાં મહિનાઓ વીતી ગયા.

બ્રહ્મા રાજી થયા. દર્શન આપીને કહ્યું કે વત્સ ! હું તારા તપથી રાજી છું. વરદાન માંગ. રાક્ષસ કહે,તમે જો મારા તપથી રાજી થયા હો તો મને એક હજાર કવચ આપો. જેથી યુધ્ધમાં મને કોઇ મારી શકે નહીં. હું અમર બની જાઉં. બ્રહ્માજી કહે જગતમાં કોઇ અમર નથી. એટલે એ શક્ય નથી. ફરીથી રાક્ષસે ક્હયું, તો પછી એવું વરદાન આપો કે જે મનુષ્ય એક હજાર વર્ષ બ્રહ્મચર્ય પાળી તપ કરે અને મારી સાથે એક હજાર વર્ષ સુધી લડાઇ કરે ત્યારે મારુ એક કવચ કપાય.તો કૃપા કરીને મને એવાં એક હજાર કવચ આપો. બ્રહ્માજીએ તથાસ્તું કહ્યું.

બ્રહ્માના વરદાનથી એક હજાર કવચ મેળવીને સહસ્ર કવચ અજેય બની ગયો. અને પછી તો દેવ, દાનવ, માનવ, ગંધર્વ સૌને રંજાડવા લાગ્યો. સૌને હેરાન કરવા લાગ્યો ખુદ ઈન્દ્ર એનાથી ડરી ગયો. એટલે બધા દેવો ભેગા થઈને બ્રહ્મા પાસે ગયા. દેવો સાથે બ્રહ્માજી ભગવાન નારાયણ પાસે આવ્યા. પ્રાર્થના કરીને કહ્યું કે હે પ્રભુ ! અમે તમારે શરણે છીએ. સહસ્ર કવચથી અમારી રક્ષા કરો. ત્યારે ધીર ગંભીર વાણીથી નારાયણ ભગવાને કહ્યું કે હે દેવો ! તમે ચિંતા ન કરશો. હું ધર્મ અને મૂર્તિથી પ્રગટ થઈને રાક્ષસનો નાસ કરીશ.

સમય જતાં નરનારાયણદેવ ધર્મ અને મૂર્તિથી પ્રગટ થયા અને બદરિકાશ્રમની ધરતી ઉપર તપ કરવા લાગ્યા. એ વખતે શક્તિના મદથી મદોન્મત બનેલો રાક્ષસ પણ ત્યાં આવ્યો. ભગવાન સાથે યુધ્ધ કરવા લાગ્યો. પ્રથમ નારાયણ ભગવાને એક હજાર વર્ષે એક કવચ કાપ્યું. પછી નર ભગવાને એક હજાર વર્ષે બીજું કવચ કાપ્યું. હજારો વર્ષ લડાઇ ચાલી. છેવટે નરનારાયણ ભગવાને એક પછી એક કરી ૯૯૯ કવચો કાપી નાખ્યાં. ત્યારે રાક્ષસને ખબર પડી કે ઓહોં ............. આતો ભગવાન નારાયણ છે. મેં મોંટી ભૂલ કરી. પસ્તાવો થયો. ચરણમાં પડ્યો. અને આજીજી કરવા લાગ્યો હે પ્રભુ ! મને મુક્તિ આપો. હવે એક જ કવચ બાકી છે. ત્યારે ભગવાન બોલ્યા, તારે મુક્તિ માટે હજુ માનવ જન્મ લેવો પડશે. જન્મ પછી તને ત્યાં કવચ કુંડળ મળશે. પછી તારે દ્વાપર યુગમાં નારાયણ રૂપ શ્રીકૃષ્ણ અને નર રૂપ અર્જુન સાથે લડાઇ થશે. એ લડાઈમાં તને મુક્તિ મળશે. ભગવાનના



વચન પ્રમાણે સૂર્યનારાયણના શરણથી કુંતામાતાની કુખે એ રાક્ષસ બીજા જન્મમાં કર્ણરૂપે જન્મ્યો. પૂર્વનો રાક્ષસ હોવાથી અર્ધમના પક્ષે કૌરવોને - દુર્યોધનને સાથ આપીને પાંડવો સામે મહાભારતના યુધ્ધમાં લડ્યો. કવચ-કુંડળ જન્મથી જ ધારણ કરેલા હતા,પરંતુ પોતે દાનવીર હોવાથી ભગવાનની જ પ્રેરણાથી એના કવચ અને કુંડળ ઈન્દ્રે માંગી લીધા અને તેમણે દાનમાં આપી દીધા પછી યુદ્ધમાં કર્ણને મરાવીને શ્રીકૃષ્ણે એને મોક્ષ ગતિ આપી.

આ કથામાં ભરતખંડની ઉપર શ્રીનરનારાયણદેવનો કેટલો અનુગ્રહ છે તેની પ્રતીતિ થાય છે. હજારો વર્ષની બ્રહ્મચર્ય શક્તિ ભગવાન નર-નારાયણ સિવાય કોનામાં હોય ? માટે જ શ્રીનરનારાયણદેવના દ્રઢબ્રહ્મચર્યની શ્રીજી મહારાજે પણ વચનામૃતમાં પ્રશંસા કરી છે. - ‘‘આ સંસારમાં દ્રઢ બ્રહ્મચર્ય વાળા તો એક નરનારાયણઋષિ છે.’’ (ગ.પ્ર. ૭૩) દેવ, દાનવ, મનુષ્ય વગેરે જીવ પ્રાણીમાત્રને ભગવાન નરનારાયણે અલૌકિક કાર્ય કરીને સુખિયા કર્યા છે. માટે ભરતખંડની પ્રજાએ પણ નરનારાયણદેવમાં શ્રધ્ધા, ભક્તિ, નિષ્ઠા અને વફાદારીનો ભાવ રાખવો જાઈએ.

આ સિવાય આપણા પુરાણોમાં,અર્જુન દ્વારા નરનારાયણની પ્રતિષ્ઠા, કેદારેશ્વરરૂપે નરનારાયણદેવ,મહાદેવજી નરનારાયણદેવના ભક્ત બન્યા,મહાભારતમાં એક માત્ર ઉપાસ્ય દેવ-નરનારાયણદેવ વગેરે અનેક શ્રીનરનારાયણ દેવના સર્વોપરી મહિમાની કથાઓ તથા નરનારાયણદેવે મહાદેવજીને બ્રહ્મહત્યાથી મુક્ત કર્યા, અમૃતમંથનમાં દેવોને ઉગાર્યા, ખાંડવવનમાં અગ્નિને સહાય કરી,મહાદેવજીને નીલકંઠ બનાવ્યા, પ્રહલાદજીની યુધ્ધમાં હાર અને છેવટે ભક્તિથી નરનારાયણદેવ જીતાયા એવી અનેક નરનારાયણદેવની ઐશ્વર્ય દર્શાવતી કથાઓ પ્રચલિત છે. પરંતુ પુસ્તક દળદાર ન બને તે હેતુથી હવે શ્રીનરનારાયણદેવના મહિમાની કથાને વિરામ આપું છું.

**(૨) મૂળી શ્રીરાધાકૃષ્ણદેવ ૧૮૭૯ મહા સુદ-૫ :**

સર્વાવતારી શ્રીહરિએ આ પૃથ્વી પર પધારી ગુજરાત રાજ્યની પાવન ધરા પર સ્વહસ્તે નવ મહામંદિરો બંધાવી, તે મંદિરોમાં સ્વહસ્તે પ્રાણપ્રતિષ્ઠા કરી છે. જેમાં અમદાવાદ, મૂળી, ભુજ, જેતલપુર અને ધોળકા એ પાંચ મંદિરોમાં અમદાવાદ દેશ (ઉતરદેશ) તથા વડતાલ, ધોલેરા, જૂનાગઢ અને

ગઢડા એ ચાર મંદિરો વડતાલ દેશ (દક્ષિણદેશ) માં આવે છે. અમદાવાદ દેશના પાંચ પૈકી મૂળી, જેતલપુર, ધોળકા એ ત્રણ મંદિરોમાં બિરાજમાન દેવોની પ્રતિષ્ઠાની વિગત આપણા જાણીતા શાસ્ત્રોમાં આલેખાયેલી જ છે.

સત્સંગિજીવન ગ્રંથમાં ચતુર્થ પ્રકરણના અ.૪૩ માં શતાનંદ સ્વામીએ મૂળી મંદિરમાં રાધાકૃષ્ણ આદિ દેવોની મહારાજે સ્વહસ્તે કરેલી પ્રતિષ્ઠાનું સવિસ્તર વર્ણન કર્યું છે, જે નીચે મુજબ છે.

મૂળીથી રામાભાઈ રાજાનો પત્ર લઈને સંતો ગઢપુર આવ્યા. નમસ્કાર કરીને પત્ર સોંપ્યો. પત્ર લઈ આવનાર સંતોનું પ્રભુએ સ્વાગત કર્યું અને પત્ર વાંચીને મુક્તાનંદ આદિ સંતોને ભગવાન કહેવા લાગ્યા કે મૂળીમાં જલ્દીથી મંદિર તૈયાર થઈ ગયું છે. હે સંતો ! રાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠા માટે રામાભાઈ રાજાએ અમને તથા સૌને બોલાવ્યા છે. એ વખતે રામાભાઈએ ભટ્ટને બોલાવી મુહૂર્ત જોવરાવ્યું મહાસુદ પાંચમના દિવસે પ્રતિષ્ઠા માટે સારું મુહૂર્ત આવ્યું. ભગવાન બીજાજ દિવસે ગઢપુરથી મૂળી જવા તૈયાર થયા. પરમાત્માની આજ્ઞા પ્રમાણે બ્રહ્માનંદ સ્વામી તથા રાજા-રામાભાઈએ રાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠાની આમંત્રણ પત્રિકાઓ ચારે દિશામાં મોકલી. અને બ્રહ્માનંદ સ્વામી ગઢપુરથી લાવેલી રાધાકૃષ્ણદેવની મૂર્તિઓને તૈયાર કરીને પ્રભુની રાહ જોવા લાગ્યા. એકાદશીના દિવસે સવારે શ્રીજી મહારાજ ગઢપુરથી નીકળી રસ્તામાં ભક્તોને સુખ આપતા મહાસુદ એકમના દિવસે મૂળી આવી પહોચ્યા. મૂળીના તમામ ભક્તો તથા રામાભાઈએ મહાપ્રભુનું સામૈયું કર્યું. અને ભગવાનને મૂળીમાં પધરાવ્યા. ભગવાન શ્રીહરિ વિશાળ મંદિર જોઈને બહુ રાજી થયા. બ્રહ્માનંદ સ્વામીને કહેવા લાગ્યા. અમારા મનમાં જેવી ઈચ્છા હતીં એવું જ ઉત્તમ મંદિર તમે કરાવ્યું છે. ભગવાને પોતાના કંઠમાંથી હાર કાઢીને બ્રહ્માંનંદ સ્વામીને પહેરાવ્યો એ વખતે કર્મકાંડમાં વિશારદ એવા હેમંતરામ, શિવરામજાની આદિ બ્રાહ્મણો આવી ગયા. યજ્ઞ શરૂ થયો. મહાપ્રભુએ સાથે બેસીને રાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠાનો વિધિ કરાવ્યો. પછી પ્રભુ રસોડું જોવા પધાર્યા. પ્રતિષ્ઠાના દિવસે વહેલી સવારે, રાત્રિના ત્રીજા પહોરના અંતે મહાપ્રભુ જાગી, સ્નાન આદિ કર્મથી પરવારી અને વેદી ઉપર આવીને બિરાજ્યા. બ્રાહ્મણો પણ આવી ગયા. એ વખતે ગણેશ અર્ચન પૂર્વક દેવ



પ્રતિષ્ઠા વિધિ બ્રાહ્મણો એ ભગવાન પાસે કરાવી. પ્રધાન દેવોની, અંગદેવોની પૂજા કરાવી. સંવત ૧૮૭૯ના માઘ સુદ પાંચમ-વસંત પંચમીના દિવસે પરમાત્માએ મધ્ય મંદિરમાં શ્રીરાધાકૃષ્ણદેવની સ્થાપના કરી અને સાથે હરિકૃષ્ણ નામે પોતાની પ્રતિમા પધરાવી અને ડાબી બાજુના મંદિરમાં રણછોડત્રિકમની સ્થાપના કરાવી. એ વખતે સર્વત્ર જય જયકાર થતો હતો. ભગવાન શ્રીહરિએ પોતે જ રાધાકૃષ્ણદેવની આરતી ઉતારી. એમૂર્તિઓ સામે થોડી વાર જોઈ રહ્યા. તે વખતે મૂર્તિઓમાં ખૂબ તેજ પ્રગટ થયું. હજારો ભક્તોને ખૂબ આશ્ચર્ય થયું. પછી મંદિરની બહાર આવીને યજ્ઞવિધિ પૂર્ણ કરી બ્રાહ્મણોને દક્ષિણા આપી અને સર્વ બ્રાહ્મણો, સંતો અને હજારો મનુષ્યોને મિષ્ટ ભોજનથી તૃપ્ત કર્યા. શ્રીજી મહારાજ મૂળીમાં અગિયાર દિવસ રોકાઈને પછી ત્યાંથી ગઢપુર પધાર્યા.

સત્સંગિભૂષણ અંશ - ૩ માં લખે છે, શ્રીજી મહારાજે જેવો પ્રાણ પ્રતિષ્ઠા યજ્ઞ અમદાવાદમાં કર્યો હતો એવો જ મૂળીમાં કર્યો. નજર નાંખી પહોંચે નહિ એટલા ભક્તો મૂળીમાં એકઠા થયા હતા. ૧૮૭૯ ના વસંતપંચમીના પવિત્ર દિવસે સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે રાધાકૃષ્ણદેવની સ્થાપના કરી. ઝાલાવાડના ભક્તજનોએ કહ્યું તમારા માટે આ અમે સુંદર ધામ બનાવ્યું છે. હે ભક્તો ! આ મૂળી અમને બહુ ગમે છે. શ્રીકૃષ્ણ ભગવાનને પણ આ મૂળી બહુ ગમતું જ્યારે દ્વારકાધીશ દ્વારિકા પધારતા હતાં ત્યારે છપ્પન કોટી યાદવો સાથે આ ધરતી ઉપર વિસામો લીધેલો. મૂળી એતો દ્વારિકાનું મૂળ છે. માટે એને મૂળી કહેવાય છે. અને હે ભકતો ! સાંભળજો આ મૂળીના દર્શનનો મહિમા. ચાર ધામની યાત્રા દશ વખત કરે અને જેટલું ફળ મળે એટલું ફળ વસંતપંચમીના દિવસે મૂળી જઈ અને રાધાકૃષ્ણદેવના દર્શન કરે છે એને મળે છે.

પછી ધર્મ અને ભક્તિની મૂર્તિઓ તૈયાર થઈ રહી ત્યારે શ્રીજી મહારાજ જ્યારે ભુજથી ગઢપુર પધારતા હતાં ત્યારે મૂળીમાં એ વખતે બાર દિવસ સુધી રોકાઈને વૈશાખ સુદ-૧૨ ના દિવસે રાધાકૃષ્ણદેવના જમણી બાજુના દેરામાં ધર્મ અને ભક્તિની સ્થાપના કરી. તેમજ ડાબી બાજુના દેરામાં નીલકંઠ મહાદેવની સ્થાપના કરી. સ.ગુ. પ્રસાદાનંદ સ્વામીની વાતોમાં

વિશ્રામ ૧૦૬ માં સ્વામી લખે છે, શ્રીજીએ વસંતપંચમી ના એક જ દિવસે બે સ્વરૂપો ધારણ કરીને ધોલેરામાં મદમોહનજીની પડખે પોતાનું હરિકૃષ્ણ સ્વરૂપ પધરાવેલું તથા મૂળીમાં રાધાકૃષ્ણદેવ પધરાવેલા. બ્રહ્માનંદ સ્વામીના શબ્દોમાં મૂળી પ્રતિષ્ઠાના સમૈયામાં ઘી અને સાકરમાં જ લાડુ વગેરે રસોઇ બનેલી. તેલ અને ગોળ રિસાઈને જતા રહેલા. સ.ગુ. પ્રસાદાનંદ સ્વામી લખે છે કે સવારે વહેલા સ્નાન કરીને મહારાજ યજ્ઞમંડપમાં પધાર્યાને મૂર્તિઓની પાસે ઉભા રહ્યા. પછી ગોપાળાનંદ સ્વામી કહે : રાધાકૃષ્ણ ને હરિકૃષ્ણની મૂર્તિઓને ઉપાડો. પછી સંવંત ૧૮૭૯ મહાસુદ-પાંચમના રોજ શ્રીરાધાકૃષ્ણદેવની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી તે સમયે અનેક પ્રકારના વાજા વાગવા માંડ્યા. ઝાલાવાડાના હરિભક્તોએ હજાર રૂપિયા આપીને ધજા અને કળશ ચડાવ્યા. તે સમયે મૂર્તિઓમાંથી અપાર તેજ નીકળવા લાગ્યું, તે મંદિર ભરાઇ ગયું. પછી મહારાજે મૂર્તિઓની આરતી ઉતારી. પુષ્પાંજલી અર્પણ કરી. પછી અયોધ્યાપ્રસાદજીએ પાઘડીને શેલા બ્રાહ્મણોને આપ્યા. તથા વરૂણીમાં વરાયેલા બ્રાહ્મણોને ખોબા ભરી ભરીને રૂપિયા આપ્યા. પછી બીજા બ્રાહ્મણોને પણ ચાર ચાર રૂપિયા આપ્યા. પછી મહારાજ કહે કોઇ જમ્યા સિવાય જાય નહિ તે સમયે જમીનના ખત કરીને દરબારોએ જમીન આપી. પછી મહારાજને પોશાક પહેરાવ્યો ને ભેટ મૂકીને પગે લાગ્યા.

સ.જી.ચ.પ્ર.અ.૪૫ માં શ્રીહરિએ સ્વમુખે મૂળીનો મહિમાં કહેલ છે. સુવ્રત મુનિ બોલ્યા : હે રાજા ! ભગવાન પ્રતિષ્ઠા બાદ સભામાં બિરાજ્યા. અને ભક્તજનોને કહેવા લાગ્યા કે, હે ભક્તો ! આ મૂળી અમને બહુ પ્રિય છે. શ્રીકૃષ્ણ ભગવાને મથુરાથી આવીને આ સ્થળે ત્રણ વર્ષ સુધી નિવાસ કરેલો અને ત્યાર પછી સમુદ્રની મધ્યમાં દ્વારિકાનું નિર્માણ કરાવ્યું. આ મૂળીમાં જે વાવ છે, તેમાં માધવ ભગવાને સ્નાન કરેલું છે. એટલે એ અલર્ક વાવ પણ બહુ પવિત્ર છે. આ મૂળી મંદિરમાં જે કોઈ દર્શન કરશે તથા એકાદશી કે દર મહિનાની પૂનમે નિયમ પૂર્વક અહીં આવીને જે દર્શન કરશે એના સર્વ મનોરથો પૂર્ણ થશે. તથા વૈશાખ સુદ બારસ અથવા તો કાર્તિકી પૂનમના દિવસે અવશ્ય અહીં દર્શન માટે આવવું. અને વસંત પંચમીના દિવસે આ રાધાકૃષ્ણદેવના દર્શન કરવા માટે જરૂર આવજો. મૂળીમાં આવીને



આ રાધાકૃષ્ણદેવના જે દર્શન કરશે એને દ્વારિકાની યાત્રાનું ફળ મળશે. કારણ કે રાધાકૃષ્ણદેવ અહીં બિરાજ્યા એટલે આ મૂળી દ્વારિકાસમું બની ગયું છે. એ વખતે શ્રીજી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને મૂળી મંદિરના મહંતપદે સ્થાપ્યા. ભગવાન મૂળીની સભામાં દરરોજ ધર્મભક્તિ, સાંખ્ય જ્ઞાન, અષ્ટાંગયોગ તો કોઈ સમયે વૈરાગ્યનો ખૂબ ખૂબ ઉપદેશ આપતા હતા. તેમજ સંતો અને હરિભક્તો સાથે મૂળીમાં રહેલાં ભક્તજનોને ઘેર પધરામણીએ જતા હતા.

મૂળીમાં અલર્ક વાવ બહુ જૂની છે. તે અલર્ક રાજાએ બંધાવેલી છે. શ્રીહરિએ તથા સંતોએ આ વાવમાં અનેકવાર સ્નાન કરેલ છે. તેથી તેનો અનેરો મહિમા છે. બ્રહ્માનંદ સ્વામી જ્યારે મંદિરનું બાંધકામ કરાવતા હતાં ત્યારે શ્રીહરિએ બ્રહ્માનંદસ્વામીને અનંત પરચા પૂરેલા છે. પાણી તથા પથ્થર બન્નેની તકલીફ નિવારણ કરી આપેલી.શ્રીહરિએ ભરવાડનું રૂપ લઇને હાથમાં સોટી લઇને બ્રહ્માંનંદસ્વામી ને જે જગ્યાએ ખોદવાનું કહેલું તે પથ્થરની ખીણમાં મોટા મોટા ઘડાયેલા પથ્થર તૈયાર નિકળતા હતા. મૂળીમાં માર્તંડરાયદેવ (સૂર્યનારાયણ)નું મંદિર બહુ પ્રસાદીનું છે. આ મંદિર સાથે સંકળાયેલી શ્રીહરિની એક લીલા અત્રે રજું કરું છું. સંવત ૧૮૫૯ ની સાલમાં પ્રભુ માંગરોળથી મૂળી પધાર્યા. શ્રી રામાભાઈના દરબારમાં ઉતર્યા. દરરોજ જમ્યા પછી સાંજે સભા થાય. ત્યારે અનેક પ્રકારની શ્રીહરિ જ્ઞાનવાર્તા કરે છે.

શરદ પૂનમે પ્રભુ માર્તંડરાયદેવના દર્શને પધાર્યા. ત્યારે બાઈઓ દર્શને આવેલી. બાઈઓ કહે, "હે મહારાજ ! અમારે ઓઝલ તેથી સભામાં અવાય નહિં. માટે અલર્ક વાડીમાં બંગલે આજે રાત્રિએ પધારી,દર્શન કથા વાર્તાનું સુખ આપો." શ્રીજી મહારાજ કહે, "આ સૂર્યદેવ કહે તો તમને કથાવાર્તા સંભળાવીએ." બાઈઓ કહે "સૂર્યદેવની મૂર્તિ બોલે ખરી ?" તે સમયે સૂર્યદેવે મૂર્તિમાંથી અવાજ આપ્યો. "હે નારાયણમુનિ,આજ બાઈઓને કથાવાર્તા કરો. તે બાઈઓ મારા ભક્ત છે. તમારા દર્શન કરીને હું પણ આજે કૃતાર્થ થયો છું. માટે બાઈઓનો મોક્ષ કરો." ત્યારે શ્રીજી કહે, "ભલે , આજે શરદ પૂનમ છે તો હે બાઈઓ, સર્વ થાળ લઈને રાત્રિએ અલર્ક વાડીએ બંગલે આવજો. સર્વના થાળ જમશું અને કથાવાર્તા કરીશું. દર્શન દઈશું." પ્રભુ

સાયંકાળે અલર્ક વાડીને બંગલે પધાર્યા. પરસ્પર ખબર પડવાથી પાંચસો બાઈઓ ભાતભાતના ભોજનથાળ અલર્ક વાડીને બંગલે લઈને આવ્યા. રાજુબા, મોટીબા, નાનીબા, કશળીબા, સૂરજબા આદિ બાઈઓ થાળ મૂકીને પગે લાગીને બેઠા. શ્રીજીએ પાંચસો રૂપ ધરીને સર્વે થાળ જમીને પ્રસાદી આપી. પ્રભુ કહે, ''મારા સામું જુઓ.'' ત્યારે સર્વેએ સામું જોયું. ત્યારે શ્રીજીની મૂર્તિમાંથી તેજનો સમૂહ નીકળતો જોયો. અને તે તેજમાંથી અનંત શ્રીકૃષ્ણ-ગોપીઓ પ્રગટ થયા અને રાસમંડળ રચ્યો. રાસ લઈને સર્વે શ્રીજીને વિષે લીન થયા. આથી સર્વે બાઈઓ આશ્ચર્યચકિત થયા. બાઈઓ કહે, ''તમો અમારી સાથે રાસમંડળ લ્યો. શ્રીજીએ પાંચસો સ્વરૂપે થઈ બાઈઓ સાથે રાસલીલા કરી. બાઈઓ થાક્યા. પ્રભુ સભામાં બિરાજમાન થયા. બાઈઓ કહે, ''હે મહારાજ, શ્રીકૃષ્ણ પ્રભુએ છ મહિનાની રાત્રિ શું કારણથી કરી તે કહો.'' શ્રીજી કહે હે બાઈઓ એક પતિવ્રતા સ્ત્રીનો પતિ પત રોગી અપંગ હતો. પતિવ્રતા પતિને ટોપલામાં લઈને સર્વ તીર્થ કરાવીને આવતાં વનમાં સૂર્યાસ્ત થયો.તે સમયે ઉંચા વૃક્ષ નીચે તાપ કરીને બન્ને બેઠા. તે વૃક્ષ ઉપર દૈવી પક્ષી રાત્રિએ આવીને માળામાં બેઠો. પક્ષીને દુર્ગંધી આવવાથી બોલ્યો, ''હે બાઈ તમે બન્ને બીજે જાઓ.'' બાઈ કહે, ''સૂર્યોદય પછી જઈશું. આ રાત્રિ રહેવા દો.'' મધ્યરાત્રિએ તે પક્ષી અકળાઈ બોલ્યો, ''હે બાઈ સૂર્યોદય પહેલાં ન જા તો તું બળી મર.'' તે સ્ત્રી બોલી, ''મને બળી મરવાનું તું કહે છે. પણ સૂર્યનારાયણ છ મહિના પહેલાં ઉગે નહીં. તેથી છ મહિના દુઃખ ભોગવ.'' પતિવ્રતાના વચનથી પ્રભુએ મધ્યરાત્રિએ વાંસળી વગાડી. ગોપીઓ પ્રગટ થઈ અને રાસક્રિડા કરીને છ માસની રાત્રિ કરી. આ રાસક્રિડા તો ફક્ત તે પતિવ્રતા, તેનો પતિ, પ્રભુ અને તે પક્ષી જ જાણે. બીજા સર્વને તો સાદી રાત્રિ જ જણાઈ. ''હે બાઈઓ, તમે સર્વે પતિવ્રતા છો.'' એમ કથાવાર્તા કરીને બ્રાહ્મમુહૂર્ત થતા શ્રીજીએ બાઈઓને ઘેર જવાની રજા આપી. બાઈઓ કહે, ''અમારા સર્વના ઘેર થાળ જમવાની કૃપા કરો તો અમે ઘેર જઈએ.'' શ્રીજી કહે, ''સર્વને ઘેર એક સાથે શી રીતે જમાય ?'' બાઈઓ કહે, ''રાત્રે પાંચસો રૂપ ધર્યા. જેટલી ગોપીઓ તેટલા રૂપ. સોળ હજાર એકસોને આઠ ઘેર જુદા જુદા રૂપે રહ્યા. જનકપુરમાં સંતો અને તમો બે રૂપે થઈને જનક



રાજા તથા શ્રુતદેવ બ્રાહ્મણના ઘેર પધાર્યા. તો આ શું અશક્ય છે ?'' શ્રીજી કહે, ''તમો સર્વે રસોઈ કરી થાળ કરજો. સૌને ઘેર સંતો સહિત જમીશું.'' બાઈઓ ઘેર ગયા. શ્રીજી અલર્ક વાવમાં સ્નાન કરીને દરબારમાં પધાર્યા. સંતો શ્રીજી પાસે આવ્યાં. સભા થઈ, જે જમવા તેડવા આવે તેની સાથે સંતો સહિત પધારે. એમ પાંચસો રૂપ ધરીને મૂળીમાં પાંચસો ઘેર એક દિવસે થાળ જમ્યા. પ્રભુ સાંજ સમયે માર્તંડરાયના મંદિરે દર્શને પધાર્યા. અને સૂર્યદેવના દર્શન કરીને કહ્યું , હે દેવ ''તમારે પાંચસો પરમાર સેવકો છે. અમારે પાંચસો પરમહંસ કરવા તે સર્વજીવની જમપુરી થકી રક્ષા કરે.'' એમ કહીં નમસ્કાર કરીને સંતો, પાર્ષદો, સત્સંગીઓ સર્વેની મોટી સભા તે મધ્યે શ્રીજીએ બિરાજમાન થઈ, સૂર્યદેવ ભગવાનની આજ્ઞામાં વર્તે છે તે સબંધી ઘણીક વિસ્તારથી વાત કરી સૂર્યદેવ પર પોતાનો ખૂબ રાજીપો દર્શાવ્યો.

એક સમયે ઉત્તરાયણના દિવસે સવારમાં ગામથી ઉત્તર દિશામાં અલર્ક રાજાની કરાવેલી વાવ છે, તેમાં સંતો સહિત સ્નાન કરીને શ્રીજી મહારાજ વાવ ઉપર બિરાજમાન થયા. તે સમયે સંતો, પાર્ષદો તથા સત્સંગી બાઈઓ-ભાઈઓ પાંચ હજાર માણસોની સભા થઈ. તેમાં શ્રીજી મહારાજે વાત કરી. ''અલર્ક રાજા બહુ દાનેશ્વરી થયા. તે રાજાની પાસે એક અંધ બ્રાહ્મણે આવીને યાચના કરી જે તમારા નેત્ર મને આપો અને મારા તમે લીયો પછી રાજાએ તેમ કર્યું. તેથી દત્તાત્રેય પ્રભુ પ્રસન્ન થયા. અલર્ક રાજા દત્તાત્રેયના ભક્ત હતા. દત્તાત્રેય ભગવાને કહ્યું , આ વાવ ઉપર પૃથ્વી રહે ત્યાં સુધી તારું નામ અવિચળ રહે. આવું દાન કોઈએ કર્યું નથી. જેની જગતમાં કીર્તિ તે સદા જીવતો છે. અહીં ભગવાન કાયમ નિવાસ કરીને રહેશે. પછી શ્રીકૃષ્ણપ્રભુ પણ ત્રણ વર્ષ અહીં અલર્ક વાવે રહીને વિશ્વકર્મા પાસે દ્વારકાપુરી વસાવી તથા સુધરાવી છે. દ્વારકાનું મૂળ માટે આ ગામનું નામ મૂળી છે. અહીં રહેનારા જીવોના પાપના મૂળ ઉખડી જાય છે. અને આ વાવનું એક બિંદુ જળ પીવે તે મોક્ષ પામે.'' મકર સંક્રાંતિ પુણ્ય કાળ હોય શ્રીજી મહારાજે સોનું, રૂપુ, ઘોડા, ગાયો, અન્ન, વસ્ત્ર, ફળ, ફૂલ વિગેરેના બહુ બહુ દાન કર્યા. તે સમયે સનકાદિકો નવ યોગેશ્વરોએ આવીને પોતાનો આત્યંતિક મોક્ષ માગ્યો. પ્રભુ પ્રસન્ન થયા. આત્યંતિક મોક્ષરૂપ અમૂલ્ય દાન તેઓને કર્યુ. બાઈઓ ભાઈઓને પણ હજારો

રૂપિયાના દાન કર્યા. તે સમયે શ્રીજી મહારાજે રામાભાઈ રાજાને કહ્યુ કે, ''આ લોકમાં ત્રણ દાન ઉતમ છે. ૧. ગાય. ૨. પૃથ્વી. ૩. સરસ્વતી-વિદ્યા. માંગરોલમાં અમારે મંદિર હતું. માટે શ્રીકૃષ્ણ પ્રભુનું મંદિર આંહી કરવું છે. કેમ કે આ કૃષ્ણપ્રભુનું જુનું સ્થાન છે.'' રામાભાઈ રાજા રાજી થઈને બોલ્યા, ''હે મહારાજ આપ જેટલી કહો તેટલી પૃથ્વી આપુ. આજે ઉત્તરાયણ વળી આપ પ્રભુ,ઉત્તમ સમય અને ઉત્તમ પાત્ર મને મળ્યા છો.'' ચિત્ત, વિત્ત અને પાત્ર એ ત્રણેય મળવા મુશ્કેલ. મને સર્વ બાબત મળેલ છે. દાન કરવાનો સંકલ્પ પણ મને બળવાન છે. આ વાવ ઉપર જ ભૂમિદાન સંકલ્પ આપ જે જગ્યા-પૃથ્વી પસંદ કરો, તેનું ભરત કરીને લેખ જ કરી આપું. ત્યાર પછી જ જમવું. શ્રીજી કહે, લાવો જળ, કરો સંકલ્પ. ઘેલાજોશીએ વાવમાંથી જળ ભરી લાવીને રાજાને આપ્યું. રાજા જમણા હાથમાં ઝારી લઈને અવતારી પ્રભુના જમણા હાથમાં જળ આપવાને તૈયાર થયા. તે સમયે ઘેલાજોશીએ સંકલ્પ કરાવ્યો. સનકાદિકો, નવયોગેશ્વરો, બ્રહ્માદિ દેવોએ પણ વેદ મંત્રના ધ્વનીથી આકાશ ગજવી મૂક્યુ. સર્વેએ ધન્ય ધન્ય એમ હર્ષનાદ કર્યો. રાજા બહાદુર આવું તો બળિરાજાને પણ બન્યું નહોતું. કારણ કે બળિરાજાના ગોર શુક્રાચાર્ય જ અવળા હતા. આવી રીતે મૂળી મંદિરની જમીન રામાભાઈ રાજાએ દાન કરેલી. રામાભાઈ તથા સભાજનોએ પ્રભુને પ્રાર્થના કરી માગ્યું, ''હે મહારાજ, તમો અખંડ આંહી રહો.'' પ્રભુ કહે, ''બ્રહ્મમુનિ, અહીં મૂળીમાં મંદિર કરીને,પ્રથમ અમારી મૂર્તિ પધરાવાશે તેમાં અમો વાસ કરીને સૂર્ય-ચન્દ્ર તપે ત્યાં સુધી અખંડ રહીશું.'' આ રીતે શ્રીહરિ મૂળી મંદિરમાં વચનથી અખંડ વાસ કરીને પોતાના આશ્રિતજનોનું આત્યંતિક શ્રેય કરે છે.

**(૩) ભુજ શ્રી નરનારાયણદેવ ૧૮૭૯ વૈશાખ સુદ-૫ :**

વૈરાગ્ય મૂર્તિ સ.ગુ.શ્રીનિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમ પ્રકાશમાં લખે છે. સ્વયં શ્રીહરિ સંતોને આજ્ઞા કરતા કહે છે -

ત્યારે નાથ કહે છે સુણો સંત રે, આજ તારવા જીવ અનંત રે ।
માટે જેમ જેમ જીવ તરે રે, એમ કરવું છે સહુને સરેરે ॥
માટે દેશો દેશમાં દેવળે રે, માંડો સારી મૂર્તિઓ સઘળે રે ।
એહ મૂર્તિના દર્શન કરશે રે, તે તો અપાર પ્રાણી ઉધ્ધરશે રે ॥



જેનો એહ ઉપાય છે ભારી રે, સહુ જુવો મનમાં વિચારી રે ।
માટે કચ્છમાં મંદિર કરવું રે, થાય પ્રાણી ને પાર ઉતરવું રે ॥
એવું સુણી સંત સજ્જ થઈ રે, કર્યું ભુજમાં મંદિર જઈ રે ।
માંહી બેસાર્યા નરનારાયણ રે, કચ્છ દેશ તારવા કારણ રે ॥

શ્રીહરિએ ભુજમાં બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય વૈષ્ણાવાનંદ સ્વામીને મંદિર કરવા માટે મોકલ્યા હતા. વૈષ્ણાવાનંદ સ્વામીએ કચ્છ દેશનું ધામ ભુજમાં મંદિર કરાવ્યું. શિખર તૈયાર થયા. ઘુંમટનું કામ બાકી, કોઈ કચ્છના ભક્તો ગઢપુર જતા હતા. સ્વામીએ પત્ર લખ્યો કે મહારાજ ! શિખર તૈયાર થઈ ગયા છે. ઘુંમટ થયો નથી. અહીંના સંજોગો અત્યારે વિપરીત છે. અહિંનો રાજા પણ મંદિર બને એનાથી વિરુધ્ધમાં છે. છતાં તમારી કૃપાથી પ્રભુ આટલું કામ થઈ ગયું છે. તો હે મહારાજ ! હવે દેવ પ્રતિષ્ઠા માટે પધારો. શ્રીજી મહરાજે કચ્છના હરિભક્તો જોડે સંદેશો મોકલાવ્યો કે વૈષ્ણાવાનંદ સ્વામીને કહેજો કે વૈશાખ સુદ પાંચમનો દિવસ બહુ સારો છે. યજ્ઞની તૈયારીઓ કરે. ભલે ઘુંમટ તૈયાર ન થયો હોય, તો કાંઈ નહિ. પણ અમે આવીને નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરશું. અને મૂર્તિઓ અહીંથી લેતા આવીશું. નરનારાયણદેવની મૂર્તિઓ સ્વચ્છ કરી યજ્ઞમાં ગોઠવી ૧૮૭૯ ની સાલમાં વૈશાખ સુદ પાંચમના દિવસે શ્રીજી મહારાજે સ્વહસ્તે સૂર્યનારાયણ આકાશમાં એક પ્રહર ઉંચા ચડ્યા, ત્યારે ઉદય પછી ત્રણ કલાકે મહાપ્રભુએ નરનારાયણદેવ પધરાવ્યા. જયજયકાર થયો. કચ્છના સમગ્ર સત્સંગીઓ ત્યાં આવેલા. મહાપ્રભુએ એમને ઉપદેશ આપ્યો. મંદિરના દર્શનનો મહિમાં કહ્યો, હે ભક્તો ! તમે બધા અહીં આવજો. ઉત્સવ સમૈયામાં આ મૂર્તિના ખાસ દર્શન કરજો. આ મૂર્તિ એટલે અમે પોતે જ છીએ એમ તમે માનજો. અહીં આગળ જે કઈ જપ, તપ કરશો, ભજન કરશો, ભક્તિ કરશો, દાન કરશો, તે અમે સ્વીકારીશું અને મનની શુભ ઈચ્છાઓ અમે પૂરી કરશું.

૨૬ મી જાન્યુઆરી, ૨૦૦૧ ની સાલમાં ગુજરાત રાજ્યમાં ખાસ કરીને કચ્છ દેશમાં મહાભયંકર ભૂકંપ થયો. એ સમયે કચ્છ દેશના ગામોના ગામ તબાહ થઈ ગયેલા. ભુજ મંદિર પણ ઘણું ક્ષતિયુક્ત થયેલું. પરંતું એવા કપરા કાળમાં પણ કાળના વેગે ભુજ મંદિરમાં શ્રીનરનારાયણદેવની મર્યાદા

અને મહિમાં જાળવેલો. એક કાંકરી સુધ્ધા શ્રીનરનારાયણદેવની મૂર્તિઓને સ્પર્શ કરી શકી નહોતી. જે એક ચમત્કાર હતો. ભુજ મંદિરમાં બિરાજમાન નરનારાયણદેવનો એક બીજો ચમત્કાર પ્રસિધ્ધ છે. એક સમયે વિદેશથી એક ભાઈ અઢળક નાણા કમાઈને કચ્છ દેશમાં પોતાના ગામ જઈ રહ્યા હતા. રસ્તામાં પોતાની નજીકની એક બહેનના ઘેર વિસામો લેવા રાત્રિ નિવાસ કર્યો. પોતાના ભાઈનું ધન હડપ કરવા બહેનની વૃત્તિ રાત્રે બદલાણી. મનમાં થયું કે ભાઈનું જો ખૂન કરી નાખું તો બધા ડોલર ધન સંપતી મને મળી જાય. આવા દુષ્ટ વિચારથી પોતાના પતિને સાધીને રાત્રે પોતાના ભાઈનું ખૂન કરી નાખ્યું. અને ભાઈનો મૃતદેહ પોતાના જ ઘરમાં ઉંડો ખાડો કરને દાટી દીધો. પાપનો પસ્તાવો થવા લાગ્યો. એટલે મનમાં થયું કે ભુજમાં નરનારાયણદેવ પ્રત્યક્ષ અને મહાપ્રતાપી છે. તે દેવને થાળ કરીને પોતાના પાપનું પ્રાયશ્ચિત કરી લઉં. એટલે કોઠારમાં થાળની રકમ જમા કરાવી. બ્રહ્મચારી થાળ તૈયાર કરીને જ્યાં નરનારાયણદેવને ધરાવવા લઈ જતા હતાં ત્યાં હાથમાંથી થાળ નીચે પડી ગયો. બ્રહ્મચારીએ ફરી નાહીં ધોઈ થાળ તૈયાર કર્યો. ફરી હાથમાંથી થાળ પડી ગયો. બ્રહ્મચારી પોતાની ભૂલ કંઈ સમજી શકતા નહોતા. ત્રીજી વાર થાળ લઈ જતાં હતાં એટલે આકાશવાણી દ્વારા નરનારાયણદેવ બોલ્યા કે,હે બ્રહ્મચારી ! થાળ બનાવવામાં તમારો કંઈ દોષ નથી. પરંતુ જે બહેનનો આજે થાળ છે, તે બહેને તેના કુટુંબી ભાઈનું ખૂન કરીને તેના પૈસા હડપ કરી ને તે પાપના પૈસામાંથી મારો થાળ કરાવ્યો છે. તેથી તે થાળ જમી શકીએ નહિ.તે બહેને તેના ભાઈનો મૃતદેહ તેના પોતાના ઘરમાં જ દાટી રાખ્યો છે. આ બાજુ પોલીસ પણ તે ભાઈના ખૂનીને શોધવામાં કામે લાગેલી. પરંતું કાંઈ ચોક્કસ દિશા મળતી નહોતી. છેવટે આ આકાશવાણીથી પ્રસિધ્ધ થયેલી વાતથી જ પોલીસ પણ આસાનીથી ગુનેગારને પકડી શકી અને ગુનાનો ભેદ ઉકેલાઈ ગયો. આવા મહાપ્રતાપી નરનારાયણદેવ આપણા ભુજ મંદિરમાં બિરાજમાન થકા દર્શનાર્થીઓનું શ્રેય કરી રહ્યા છે.

**(૪) વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ ૧૮૮૧ કારતક સુદ-૧૨ :**

વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું મહાન તીર્થ સ્થાન છે.સત્સંગમાં દક્ષિણ વિભાગનું તે લક્ષ્મીનારાયણદેવ પીઠસ્થાન છે. ભગવાન



શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુએ આ સ્થાનમાં અનેક પ્રકારની દિવ્ય માનુષી લીલાઓ કરી છે. પોતાના અવતારના મહત્ત્વના આયોજનો પણ આ સ્થાનમાં કરેલા છે. સર્વજીવ હિતાવહ સંદેશો આપતી 'શિક્ષાપત્રી ' શ્રીહરિએ વડતાલમાં રહીને સ્વહસ્તે લખી છે. સંપ્રદાયના સર્વધર્મના રક્ષણના હેતુથી ધર્મવંશી આચાર્યોની સ્થાપના પણ આ સંસ્થાનમાં રહીને કરી છે. બ્રહ્માનંદ સ્વામી પાસે અહીં એક મંદિર પ્રસ્થાપિત કરાવી તેમાં પોતાના સર્વાવતારી ધ્યેય સ્વરૂપની પ્રતિષ્ઠા કરી છે. અને આજે પણ તેમાં દિવ્યરૂપે પ્રગટ શ્રીહરિકૃષ્ણમહારાજ બિરાજ્યા છે.

વડતાલમાં હાલ મધ્યમંદિરમાં જ્યાં શ્રીલક્ષ્મીનારાયણદેવ બિરાજે છે. ત્યાં પૂર્વે એક બોરડીનું વૃક્ષ હતું. તે વૃક્ષની નીચે બેસીને લક્ષ્મીજીએ ઘણા વર્ષો સુધી ભગવાનને પ્રસન્ન કરવા માટે તપ કરેલું. ભગવાન પ્રસન્ન થયા ત્યારે લક્ષ્મીજીને વર માંગવાનો કહ્યો. લક્ષ્મીજીએ માંગ્યું હે પ્રભુ ! આ સ્થળે તમો કાયમ મારી સાથે નિવાસ કરીને રહો. શ્રીનારાયણ ભગવાને કહ્યું કે , જ્યારે અમે 'સ્વામિનારાયણ 'નામથી આ પૃથ્વી પર પ્રગટ થઈશું ત્યારે અહીં લક્ષ્મીનારાયણની મૂર્તિ પધરાવીશું. જેમાં લક્ષ્મીજીની મૂર્તિમાં તમોને નિવાસ આપીને નારાયણની મૂર્તિમાં અમે તમારી સાથે અખંડ નિવાસ કરીને રહીશું. એ વચન મુજબ શ્રીજી સ્થાપીત લક્ષ્મી નારાયણદેવની મૂર્તિમાં શ્રીહરિ લક્ષ્મીનારાયણદેવ સ્વરૂપે પ્રત્યક્ષ અખંડ રહેલાં છે. શ્રીહરિ નીલકંઠવર્ણી સ્વરૂપે પ્રથમ જ્યારે વડતાલમાં પધાર્યા ત્યારે જોબનપગીને ઘેલા હનુમાનજીના ઓટલે દર્શન આપેલું. તેમના ઘેર પધરામણી પણ કરેલી. પછી જોબનપગીએ પોતાના પાપનું પ્રાયશ્ચિત માંગ્યું ત્યારે શ્રીહરિએ કહેલું કે જ્યારે પાપનો બહુ તાપ લાગે ત્યારે ગામના મુખીના ખેતરમાં જે બોરડીનું વૃક્ષ છે, તેની નીચે જઈને બેસજો, અને આ મૂર્તિનું ધ્યાન ધરજો. જોબનપગી જ્યારે તે બોરડીના વૃક્ષની નીચે બેસતા ત્યારે પરમ શાંતિનો અનુભવ થતો. એવો એ ભૂમિનો પ્રભાવ છે.

શ્રીહરિએ અમદાવાદ અને વડતાલ એ બે મહાધામ સંપ્રદાયના પાટનગર તરીકે નિર્માણ કરેલા છે. એક પાટનગરમાં નરનારાયણદેવ મુખ્ય અને બીજા પાટનગરમાં લક્ષ્મીનારાયદેવ મુખ્ય છે. અમદાવાદનું નામ

પુરાણમાં શ્રીનગર છે. અમદાવાદમાં શ્રી એટલે લક્ષ્મીના અવતાર ભદ્રકાળી વસે છે. લક્ષ્મીજીએ ભદ્રકાળી સ્વરૂપ લઈ અને અમદાવાદમાં આવી પોતાનું આસન જમાવ્યું અને કહ્યું કે એક સમયે અહીં સાક્ષાત્ પુરુષોતમ નારાયણ પધારશે અને એ રીતે લક્ષ્મીની પ્રેરણાથી આ નગર વસ્યું માટે શ્રીનગર એંવુ નામ પડ્યું. વડતાલને સંસ્કૃતમાં વૃત્તાલય કહેવાય છે. વૃત એટલે તપ,વૃત એટલે નિયમ,એકાદશી વગેરે વ્રત ઉપવાસ. અહીંની પ્રજા ખૂબ ધાર્મિક હતીં અને એકાદશી વગેરે વ્રત નિયમ ખૂબ આદર થકી કરતી. વૃત્તાલય એટલે લક્ષ્મીજીના તપનું સ્થાન, ધાર્મિક પ્રજાના તપનું સ્થાન. અમદાવાદ લક્ષ્મીનું સ્થાન અને વડતાલ તપનું સ્થાન. તેમજ તેનાથી વિરુધ્ધ અમદાવાદ તપનું સ્થાન તો વડતાલ લક્ષ્મીજીનું સ્થાન. અમદાવાદમાં નરનારાયણદેવની તપસ્વી મૂર્તિ માટે તપનું સ્થાન. સ્વામિનારાયણ ભગવાને પ્રતિમાઓ સ્થાપી. જ્યાં લક્ષ્મી હોય ત્યાં તપ જોડે રાખવું જોઈએ. અને જ્યાં તપ હોય ત્યાં લક્ષ્મી આપોઆપ આવે છે. આ સમન્વય કર્યો, તપ અને સંપત્તિનો. વૃત્તાલયમાં લક્ષ્મી અને શ્રીનગરમાં નરનારાયણદેવ એટલે તપ. લક્ષ્મી આવે ને જો તપ ભૂલાય તો પણ નિષ્ફળતા.

વડતાલના કુબેરભાઈ આદિ ભક્તો શ્રીહરિને પ્રાર્થના કરે છે. હે મહારાજ ! હે ભક્તવત્સલ ! અમારા ગામમાં તમે સુંદર મંદિર બનાવો એવી અમારી સૌની ઈચ્છા છે. મંદિર બનાવવા માટે જમીન જોઈએ એટલી અમે તમને આપીશું. ઉપરાતં ધન ધાન્ય આદિથી સેવાકરીશું. પરમાત્મા કહે છે, હે ભક્તો ! ઘણું સારૂ. પ્રભુએ બ્રહ્માનંદ સ્વામીને તથા સાથે અક્ષરાનંદ સ્વામીને બોલાવીને આજ્ઞા કરી. હે મુનિરાજ ! તમે તમારા મંડળ સાથે અત્યારે આ હરિભક્તો સાથે વડતાલ જાઓ. ચરોતર નામનો એ દેશ વૃન્દાવનની જેમ અમને પ્રિય છે. એ ચરોતરમાં આવેલા વડતાલમાં સુંદર મંદિર તૈયાર કરાવો. અને એ મંદિરમાં હું લક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓ પધરાવીશ. બ્રહ્માનંદ સ્વામી વડતાલ ગયાં ને મંદિરનું કારખાનં ચલાવ્યું. મહાનુભાવાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીનો કાગળ શ્રીહરિને આપ્યો અને કહ્યું કે સ્વામી તો બહુ મોટું મંદિર કરે છે. બ્રહ્માનંદ સ્વામીનો કાગળ શ્રીહરિએ વંચાવ્યો. ત્રણ શિખરોનો પાયો કર્યો છે. અને દોઢ લાખ ઈંટો પાયામાં સમાણી ત્યારે મહારાજ કહે :



અમે એવું કરવાનું ક્યાં કહ્યું હતું ? માટે પત્ર લખાવ્યો તેમાં લખ્યું કે, અપની પહોંચ વિચાર કે કરીએ તેતી દોડ, તેતા પાવ પસારિયે જેસી લંબી સોડ; તથા કરતા હોય સો કીજીએ ઓર ન કીજે કામ, માથું રહે સેવાળમાં ને ઉંચા રહે બે પગ. તેવો કાગળ લખાવીને આપ્યો. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પણ શીઘ્ર શ્રીહરિ ઉપર એવી સાંખી લખીને મોકલી હતી કે, સાહિબ સરીખા શેઠિયા બસે નગર કે માંય, તાકે ધનકી ક્યાં કમી જીસકી હૂંડી ચલે નવ ખંડ માંય. ............. શ્રીહરિ ખૂબ રાજી થયા.

શ્રીહરિ જ્યારે વડતાલ પધારતા હતાં ત્યારે મંદિર નિર્માણમાં શ્રીહરિએ પોતાની પાઘ પર ઈંટો લીધેલી છે, તેવો શાસ્ત્રમાં ઉલ્લેખ છે. જોતજોતામાં સવા વર્ષમાં બ્રહ્માનંદ સ્વામીએ મંદિર પુરુ કર્યું. શ્રીહરિ જ્યારે વડતાલમાં પધાર્યા ત્યારે સ્વામી બોલ્યા કે હે મહારાજ, મેં તો લીલા ઝાડ કપાવ્યા છે ને ચૂનાની ભઠ્ઠીઓ કરવી છે. ત્યારે મહારજ કહે, તે વૃક્ષોના તો સત્સંગમાં જન્મ થશે. સ્વામી કહે, મારો મત પણ એજ છે. શ્રીહરિ બ્રહ્માનંદ સ્વામીનો હાથ ઝાલીને મંદિર માથે ચઢ્યા.

મંદિરમાં જે લક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓ છે તેનો પણ એક ખૂબ રસપ્રદ ઈતિહાસ છે. આ મૂર્તિઓ વડોદરામાં એક વૈષ્ણવના ઘેર હતી. શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી આદિક મોટેરા સંતોને મૂર્તિઓ લેવા વડોદરા મોકલ્યા. વડોદરામાં બીજા વૈષ્ણોવોએ જેના ઘેર મૂર્તિઓ હતીં તે વૈષ્ણવ વણિકને ભંભેર્યો કે મૂર્તિઓ આપીશ નહિ. સંતોએ કહ્યું કે સ્વામિનારાયણ ભગવાનને વડતાલમાં પધરાવવા આ મૂર્તિઓ જોઈએ છે. સ્વામિનારાયણ ભગવાનનું નામ પડતા પેલો વણિક માની ગયો. સવારમાં ગાડામાં ઘાસ પાથરી મૂર્તિઓ પધરાવી વડતાલના રસ્તે ગાડું પ્રયાણ કરાવ્યું. ત્યારે સંતોના મનમાં વિચાર આવ્યો કે આવી મનોહર મર્તિઓ ગઢડે હોય તો ઠીક ! તેથી ગાડું ગઢડાના માર્ગે વાળ્યું. ત્યાતો શ્રીહરિની ઈચ્છાથી ધોધમાર વરસાદ વરસવા લાગ્યો. અને કાદવ પાણીમાં ગાડું ખૂંતી ગયું. બળદો બળ કરે પણ ગાડું બહાર નિસરે નહિં. મુક્તાનંદ સ્વામી કહે, આપણે શ્રીહરિની આજ્ઞા લોપી માટે સંકટ આવ્યું. આપણને મહારાજે મૂર્તિઓ વડતાલ લઈ જવાની આજ્ઞા કરી છે. પશ્ચાતાપ કર્યો અને મનોમન શ્રીહરિની માફી માંગી. એટલે

તુરતજ વરસાદ બંધ થયો અને ગાડું બહાર નીકળ્યું. વડતાલ આવ્યા. શ્રીહરિએ સામેથી જ સંતોને રસ્તામાં શું બન્યું હતું તે કહીં સંભળાવ્યું. અને કહ્યું કે ગઢપુરમાં અમારે કઇ મૂર્તિઓ પધરાવવી છે, એ અમે નક્કી કરી જ રાખ્યું છે ! લક્ષ્મીનારાયણદેવ તો વડતાલમાં જ રહેશે.

બ્રહ્મમુનિએ જેટલું મંદિર કર્યુ હતું તે પ્રથમ જોયું. ઘુંમટ વાળી દીધો હતો. ત્રણ શિખર હતા. અંદરને બહાર મંદિર જોયું. પછી લક્ષ્મીનારાયણને જઇને નીરખ્યા. તેમનું રૂપ દેખી શ્રીહરિ પ્રસન્ન થયાને કહ્યું કે આવી મૂર્તિ ક્યાંય નથી. વૈકુંઠમાં મૂર્તિ છે તેવી આ મૂર્તિ છે. બ્રહ્મચર્ય રાખી સો વર્ષ સુધી ચાર ધામમાં ફરે, તેનાથી એકવાર અહીં દર્શન કરે તેને અધિક ફળ મળે એવું દૈવત મૂર્તિમાં છે. ભાવ વિના દર્શન કરશે તે ફરી મનુષ્ય તન પામશે અને સત્સંગ કરી અવિનાશી સુખ મેળવશે. નિત્ય કોટી વિપ્રને જમાડે અને કરોડ યજ્ઞ કરે, હાથી, ઘોડા, ભેંશ, મેના, પાલખી, રથ વગેરે ભૂમી પર જેટલા કહેવાય તે બધાનું દાન નિત્ય કરે પણ અવિનાશી સુખ મળે એવું જ્યાં સુધી કરતો નથી, ત્યાં સુધી તુચ્છ મતિ છે એમ મહિમાની શ્રીહરિએ વાત કરી.

ઉમરેઠના વેદિયા વ્રિપ હરિભાઇ, વિષ્ણુદાસ, લક્ષ્મીરામ વગેરે હરિ ભક્તોએ કાર્તિક સુદિ દ્વાદશીને દિવસે લક્ષ્મીનારાયણની સ્થાપના માટે વિધિનો આરંભ કર્યો. શ્રીહરિ કહે, તમે વેદિયા વિપ્રો પ્રગટનો ભાવ મૂર્તિમાં લાવીને દેશકાળ અનુસારે જે જે કામ કરો છો તે અમને પ્રિય લાગે છે. શ્રીહરિના કહેવા પ્રમાણે વિપ્રોએ એકાદશીના દિવસે બધો વિધિ કરી લીધો. ને સં ૧૮૮૧ માં કાર્તિક સુદ દ્વાદશીના દિવસે શુભ મુહૂર્તમાં શ્રીહરિએ પોતાના હાથે મૂર્તિ પધરાવી. જયાનંદવર્ણીએ લક્ષ્મીનારાયણને વસ્ત્રાભૂષણ પહેરાવ્યા. શ્રીહરિએ મધ્યમંદિરથી ઉત્તર બાજુના મંદિરમાં ધર્મભક્તિ સાથે પોતાની મૂર્તિ પધરાવી. ત્યાર પછી દક્ષિણ બાજુના મંદિરમાં રાધાકૃષ્ણની સાથે હરિકૃષ્ણ નામની પોતાની મૂર્તિની પ્રતિષ્ઠા કરી, અને સ્વહસ્તે તે મૂર્તિઓનું પૂજન કર્યુ. એ વખતે કીર્તનો, વાજિંત્રો, અને બ્રાહ્મણોના મુખેથી બોલાતા વેદના પાઠોનો અવાજ ચારે દિશાઓમાં વ્યાપી ગયો. પ્રતિષ્ઠાની આરતી કરીને ભગવાન તે મૂર્તિઓ સામે સ્થિર નેત્રથી બે ઘડી જોઇ રહ્યા. એ વખતે તમામ મૂર્તિઓ તેજસ્વી બની ગઇ. તેજ તેજથી શોભતી એ પ્રતિમાના



દર્શન કરીને હજારો ભક્તોને પરમ આશ્ચર્ય થયું. યજ્ઞની પૂર્ણાહુતિ કરાવીને બ્રાહ્મણોને દક્ષિણા આપી, સંતોષ પમાડ્યો. અને પ્રભુ સર્વ ભક્તોને કહેવા લાગ્યા : હે ભક્તો ! અમે સ્થાપેલા આ લક્ષ્મીનારાયણદેવ પોતે દ્વારકાધીશ છે. આ દક્ષિણ મંદિરમાં અમારા પધરાવેલા દેવ સાથે અમારી મૂર્તિ છે. ઉત્તર દિશાના મંદિરમાં ધર્મભક્તિની સાથે અમારી મૂર્તિ છે. જે મનુષ્યો આ સ્વરૂપોનાં દર્શન કરશે, એ સંસાર તરી જશે. દર મહિનાની પૂનમના દિવસે અહીં આવીને જે શ્રધ્ધાપૂર્વક દર્શન કરશે એના શુભ મનોરથ પૂર્ણ થશે. જે ભક્તો દૂર રહેતા હોય તો એવા ભક્તોએ કારતક સુદ બારસના દિવસે વડતાલમાં આવી લક્ષ્મીનારાયણદેવના દર્શન કરવા. આખા વરસના દર્શનનું ફળ મળી જશે. અને તેનું આપેલું બધું જ અમે સ્વીકારીશું. તેની સર્વ ઈચ્છાઓ પુરી થશે. દ્વારકાધીશ શ્રીકૃષ્ણ એ જ આ લક્ષ્મીનારાયણ પોતે છે. એમાં કાંઇ પણ શંકા ન રાખશો.

શ્રીહરિ કહે, અમોએ બે સમૈયા નિર્ધારિત કર્યા છે. એક કાર્તિક સુદ એકાદશી અને બીજો ચૈત્ર સુદ નવમી. આ બે સમૈયા અમો વડતાલ કરીએ તો વડતાલ આવજો અને શ્રીનગર અમદાવાદ કરીએ તો ત્યાં આવજો. કારણ કે નરનારાયણદેવ અને લક્ષ્મીનારાયણદેવ આ બે દેવ મુખ્ય કર્યા છે. એમ અમારી આજ્ઞા છે. સંતોએ સ્તુતી કરી કહ્યું કે ચરોતરનાં જેવો કોઇ દેશ નથી. આ દેશના મનુષ્યો, અન્ન, ધન, વસ્ત્રે કરીને દુઃખી ન થાય. દૈહિક દુઃખે કરીને જનોને ઉત્સાહ રહેતો નથી. તમે અન્ન, ધન, વસ્ત્રો , આપોછો છતાં તમને નહિ જાણે તે કુમતિ કહેવાય. તમને જેવા જાણશે તેવું ફળ પામશે. એમ સ્તુતિ કરી. પછી શ્રીહરિએ હરિભક્તોને કહ્યું કે જેને જેવી સંપત્તિ હોય તે પ્રમાણે દેવની સેવા કરવી. તમે દેવની સેવા કરશો તે પ્રમાણે સુખ મળશે. તમારા અગણિત સુખને માટે અમે મંદિર કર્યા છે. ભગવાનની સેવામાં જેટલી કસર હશે, તેટલું દુઃખ દેખાશે. એમ શ્રીહરિએ વાત કરી.

લક્ષ્મીનારાયણદેવ પધરાવ્યા ત્યારે ચરોતરના જે વ્રિપ્રો આવ્યા હતાં તેમને ખૂબ ઘી નાખીને લાડુ કરી જમાડ્યા. મધરાત સુધી લોકોને જમવાનું ચાલ્યું. દાન દક્ષિણા ઘટે તેમ અપાવી. સંત હરિભક્તો તથા વડતાલ ગામના હરિભક્તોને પણ જમાડ્યા.

### લક્ષ્મીજીની મૂર્તિ ચાલી તે અદ્‌ભૂત પ્રસંગ :

પ્રતિષ્ઠા બાદ પ્રભુ થોડો સમય વડતાલમાં રોકાયા. મહાપ્રભુએ જાણીજોઈને લક્ષ્મીજીની મૂર્તિ જમણી બાજુ પધરાવેલી. શોભારામ શાસ્ત્રી મહામોટા પંડિત હતા. શિવજીના ઉપાસક હતા. સ્વામિનારાયણ ભગવાનને ભગવાન તરીકે માનતા નહિ. તેને નિશ્ચય કરાવવાનો હેતુ શ્રીહરિની આ લીલામાં રહેલો હતો. પ્રતિષ્ઠા તથા મૂર્તિઓના અદ્‌ભૂત દર્શનની વાત વડોદરામાં ચાલી. વડોદરા વિસ્તારમાં શોભારામ શાસ્ત્રીની ખૂબ નામના, શોભારામ જે નિર્ણય આપે, તે સર્વને સ્વીકાર્ય હોય. એમને એમ થયું કે ચાલો ત્યારે જોઈએ. વડતાલમાં કેવા દર્શન થાય છે ? શોભારામ શાસ્ત્રી વડતાલ આવ્યા. મંદિરના પગથિયા ચડ્યા. લક્ષ્મીનારાયણદેવના દર્શન કર્યા અને શાસ્ત્રીજી તરત જ ચમક્યા. સ્વામિનારાયણ ભગવાને શાસ્ત્ર વિરુધ્ધ દેવોની સ્થાપના કરી છે. આ લક્ષ્મીનારાયણદેવની સ્થાપનામાં સ્વામિનારાયણ ભગવાને ભૂલ કરી છે. લક્ષ્મીજી નારાયણની ડાબી બાજુએ હોવા જોઈએ. તો આ તો જમણી બાજુ છે. શિષ્ય હોય એ ગુરુની ડાબી બાજુએ બેસે, પુત્ર હોય એ પિતાની ડાબી બાજુએ બેસે, સેવક હોય એ સ્વામીની ડાબી બાજુ બેસે, રાધાજી કૃષ્ણની ડાબી બાજુએ બેસે, નર નારાયણની ડાબી બાજુએ બેસે એમ લક્ષ્મીજી નારાયણની ડાબી બાજુએ બેસે. આટલું બધું જગજાહેર છે. અને સ્વામિનારાયણ ભગવાન છે, તેમ છતાં આવી ગંભીર ભૂલ ? લક્ષ્મીજી નારાયણની જમણી બાજુ ? કોણ કહે સ્વામિનારાયણ ભગવાન છે. શું ભગવાનને આટલું પણ જ્ઞાન નથી ! સ્વામિનારાયણ ભગવાન પધાર્યા. શોભારામ શાસ્ત્રીને કહે છે, શાસ્ત્રીજી ! અમે કદાચ ભૂલ કરીએ પણ લક્ષ્મી પોતે આવડી ભૂલ શા માટે ચલાવી લે છે ! શું લક્ષ્મીજીને એટલી પણ ખબર નથી કે મારે કઈ બાજુ ઉભા રહેવું જોઈએ ? અને બધાને દેખતા લક્ષ્મીજી જમણી બાજુથી સ્વયં ચાલીને નારાયણની ડાબી બાજુ ગોઠવાઈ ગયા. શાસ્ત્રીજીનું શાસ્ત્રનું જ્ઞાન ઓગળી ગયું. સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં પડ્યા. પ્રભુ ! આપ સાક્ષાત્ ભગવાન છો. આવું મંદિર, આવા દેવ, આવી સ્થાપના , આવા ચમત્કાર મેં ક્યાંય જોયા નથી. મને માફ કરો. અને શોભારામ શાસ્ત્રી ત્યારથી સત્સંગી બન્યા.



### દ્વારકાથી દ્વારકાધીશ વડતાલ પધાર્યા તે અદ્‌ભૂત પ્રસંગ :

ગઢપુરની સભામાં શ્રીહરિએ નંદરામ તથા ગોપાલજીને દ્વારકાની યાત્રા કરવાની આજ્ઞા કરી. શ્રીહરિ કહે, પ્રથમ તમે અયોધ્યા વાસી દ્વારકા તીર્થ કરી આવો, ગોમતીમાં નાહીને છાપ લેજો.તીર્થમાં મોટા મોટા સંતો તથા ભગવાનની મૂર્તિઓ ના દર્શન થાય છે. બધા તીર્થમાં દ્વારકા મુખ્ય છે. તમે અયોધ્યાવાસી દૂર રહેનારા હોવાથી જરૂર જવું જોઈએ. જે દિવસે યાદવ કુળનો નાશ થયો તે દિવસે સમુદ્રે ભગવાનના ભવન વિના બીજી બધી દ્વારકાને બોળી દીધી. તે ભવનમાં શ્રીકૃષ્ણ પોતે નિવાસ કરીને રહેલાં છે. માટે મોટું તીર્થ છે. તેથી સૌ ત્યાગી ગૃહીએ ત્યાં જવું. વિધિયુક્ત ગોમતીમાં નાહી સત્પરૂષની પૂજા કરવી. પછી કૌશલવાસીને જવાની આજ્ઞા કરી. નંદરામ, મંછારામ અને ગોપાળજી સફાળા જવા તૈયાર થયા. શ્રહરિએ કહ્યું કે આપણા સંપ્રદાયના ભક્તોને દ્વારકા જવાનો બાધ નથી. ગોમતીમાં નહાવું, પિતૃતર્પણ કરવું, છાપથી શરીર અંકાવવું. ત્યારે સંબંધિઓ બોલ્યા કે તમારી આજ્ઞામાં અમે ઉધ્ધાર માન્યો છે. તમે કહો તે દિવસ ચાલીએ.

અયોધ્યાવાસી શ્રીહરિને કહે કે, અમારે માર્ગ બતાવનાર કોઈ ભોમીયો જોઈએ. ત્યારે શ્રીહરિએ સભા સન્મુખ જોયું. ત્યારે સમાધિનિષ્ઠ સચ્ચિદાનંદ મુનિને નજરમાં જોયા. શ્રીહરિએ તેમને ધર્મકુળની સાથે જવાની આજ્ઞા કરી. અને કહ્યું કે તમે આમની સાથે રણછોડજીના દર્શન કરી આવો. ટીમણ વગેરે લઈ લો. સચ્ચિદાનંદ મુનિએ કહ્યું કે અમે સુખેથી જાત્રા કરી આવીશું. શ્રીહરિને મનમાં ધારીને સૌ ચાલ્યા. માઘ વદી એકમને દિવસે ગોમતીમાં જઈને નાહ્યાં. પરદેશી દેખીને ગુગળી દોડી આવ્યાં. ધર્મવંશીએ તેમને દામ દઈ પ્રસન્ન કર્યા. ને ત્યાગીને નહાવાની છૂટ હોય તેમ સમજીને મુનિની ચિંતા રાખી નહિં. મુનિ નહાવા ગયા ત્યારે તેમને રોક્યા. તે લોકોએ મુનિને પૂછયું. તમે ક્યાં રહો છો ? કેટલાક જનો ત્યાગીના વેષ લઈને આવે છે. માટે ચોકસાઈ કર્યા વિના અમે નહાવા દેતા નથી. ત્યારે મુનિ કહે હું સ્વામિનારાયણનો સાધુ છું. અમે છાપ લઈને જઈશું.પછી સ્વામિનારાયણ પોતે સંત સહિત અહિં પધારશે. ગૃહસ્થ પણ આવશે. અમારા સાધુ ધન રાખતા નથી. માટે તેમની પાસેથી ધન લેવું ઘટે નહિં. ત્યારે તે લોકો મુનિને

કહે કે, દામ દીધા વિના અહિયા કોટી ઉપાયે નહાવાનું ફળ નથી ત્યારે મુનિ કહે, દામ રાખે તે દામ દે, તે રીત કહેવાય, ન રાખે તે ક્યાંથી દે, ગોમતી નહાવા દેનારાએ સાચા સંતને ઓળખ્યા નહિં. તે જેને લીધે ગોમતી પવિત્ર થાય તેવા આ સંત છે. સંતની જેને પીછાણ ન હોય તેને સંતની ગમ ક્યાંથી હોય ! તેમના અપમાનથી ભગવાન દુ:ખાય છે, તેની પણ તેમને ગમ ન હતી. દામમાં બધું ફળ માનતા. અધિકારને લીધે સંતનું અપમાન થતા જય-વિજય ભગવાનના ધામમાંથી પડી ગયા. તેનું તેમને ભાન ન હતું. અધિકાર મળવો સહેલો છે. પણ તેનાથી માથું ન ફરી જાય તે કઠણ છે. સંતનો અનાદર થતા ભગવાનનો કોપ થાય છે. અપમાન સહન કરવું તે સંતનું ભૂષણ છે પણ અપમાન કરનારનું તેથી બહુ ભૂંડું થાય છે. સત્સંગના સંત જાણીને અધિકારીઓએ નહાવા દીધા નહિં. તોય મુનિને ક્ષોભ થયો નહિં.

ભગવાનનું અંતરમાં મનન કરી રહેલાં મુનિને શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ અંતરમાં સ્ફુરાયમાણ થઈ તેથી સમાધિવશ થઇ ગયા. શરીરનું ભાન ભૂલી ગોમતીના તીર ઉપર પડ્યા. ધર્મવંશી ત્યાં દોડી આવ્યા. અને મુનિને જગાડવા પોકાર કરવા લાગ્યા. ત્યારે ગોપાળજી બીજા સંબંધિઓને કહેવા લાગ્યા કે, આમને સાથે શી રીતે લેવાશે. પાંચ દશ દિવસે તે જાગે છે. ત્યાં સુધી રોકાઈએ તો બહુ દિવસ થઈ જાય. માટે એમની ચિંતા કરવી નહિ. ભગવાન તેમની સહાયમાં છે. માટે બેટમાં ચાલો. જઈને છાપ લઈએ. એમ કહીં ચાલ્યા ત્યારે આરંભડે જઈને છાપો લીધી. છાપ લેવાના પૈસા આપ્યા. પછી વહાણમાં બેસી બેટમાં ગયા. દામ દઈને દર્શન કર્યા. તીર્થનો વિધિ કરાવ્યો. પાંચ દિવસે પાછા આવીને મુનિને શોધવા લાગ્યા ને ગોમતી ઉપર જનોને પૂછવા લાગ્યા. પણ કોઈએ સમાચાર આપ્યા નહિં. હવે મુનિનું શું થયું તે કહીએ. મુનિ ત્રણ દિવસ જમ્યા ન હતા. તે સમાધિમાંથી જાગીને આરંભડે ગયા. લાંઘણ ચોરે ઉતર્યા. જ્યાં અન્ન વિના તીર્થવાસી બકોર કરતા હતા. દયા વિનાના તીર્થવાસીઓ બહુ દિવસ વિનવતા, પણ કોઈને દયા આવતી નહિ. તે લોકો અનેક પ્રકારે દયા કરીને છાપ આપવાને કગરતા હતા. અને કહેતા હતાં કે અન્ન વિના અમે મરી જઈશું. તમે છાપ આપો તો જાણે અમને પ્રાણ આપ્યો એમ માનીશું. ત્યારે ત્યાંનો ચારણ બોલ્યો કે તમે મરી જાઓ તેની



અમારે મહેર નથી. પણ ધન વિના છાપ મળશે નહિં. તમારું અમે સાંભળવાના નથી, ઘેર જાઓ. અહીંયા ભૂખે શાં માટે મરો છો ? દામ વિના અમને દયા આવવાની નથી. દામમાં દયાનો નિવાસ છે. આવી આરંભડાની દશા દેખી મુનિ 'ત્રાહી' 'ત્રાહી' કરવા લાગ્યા અને ગોમતીના અધિકારીઓ ક્રુર છે એમ માનવા લાગ્યા. જાણે જમપુરીથી આવ્યા હોય તેવા નિર્દય તે લોકોને મુનિ કહે, તમે તો સાક્ષાત્ ભગવાનના ભક્ત છો. તમને સંતો પ્રિય લાગે છે. ભગવાનના ધામમાં તમે વસેલાછો. માટે દયા કરીને છાપ આપો. છાપ આપો તો હું બેટમાં જઈને દર્શન કરું. ત્યારે ચારણ બોલ્યો કે, તું તો પશુ જેવો દેખાય છે. તારા જેવા બહુ ધુતારા ધન વિનાના છાપ લેવા અહીં આવે છે. જેનો પાર નથી. ગરજ હોય તે ધન આપે છે. બીજા ચાલ્યા જાય છે. જેને દામ જેટલો પણ છાપનો ભાવ ન હોય તેને ઠગ જાણવા. ઠગને ઓળખવા માટે જ આ ભગવાનના આયુધની છાપો અપાય છે. ત્યારે મુનિ કહે અમે ધન સ્ત્રીના ત્યાગી છીએ. તમે સાધુ અસાધુને સરખા ગણો છો. ભગવાનના સાધુ તમે ક્યારેય દીઠા નથી. ત્યારે ચારણ બોલ્યો કેટલાય ત્યાગી કંથા કૌપીનમાં ધન રાખે છે. તમે કહો છો તેવા ત્યાગી કોઈ હોય નહિ. ત્યારે મુનિએ કંથા કૌપીન બતાવી. તેમાં ધન નીકળ્યું નહિ. ત્યારે ચારણ કહે, કેટલાક જટામાં રાખે છે. પણ ધન વિનાના કોઈ અમે જોયા નથી. ત્યારે મુનિ કહે, અમે તો સ્વામિનારાયણના સાધુ છીએ. ત્યારે ચારણ બોલ્યા કે ત્યારે તો અમે વધારે ધન લેશું. સ્વામિનારાયણ મોટા યજ્ઞ કરે છે ને અગણિત વિપ્રો જમાડે છે. ચારણ કહે છાપ લેવી હોય તો ધન લાવો. એમ વાત કરે છે ત્યાં એક ખાખી આવ્યો. શરીરે ભષ્મ ચોળેલી હતી. લોઢાનો ચિપીયો લીધો હતો. મોટી જટા હતી. કેફથી નેત્ર લાલ હતા. છાતી કાઢી મરડાતો ચાલતો હતો. ઘોઘરે કંઠે વાણી બોલતો હતો. તે આવીને બોલ્યો કે મને છાપ આપો. અમે ત્યાગી હોવાથી ધન આપી શકીએ નહી. એમ અડબંગાઈમાં કહીને ગાળ બોલ્યો. ત્યારે ચારણે ઉઠીને તેની દાઢી પકડી ને જટા ચૂંથી ત્યારે ચાર પાંચ મહોર નિકળી, તે લઈને તેને છાપો આપી. પછી મુનિને કહ્યું કે જુઓ અહીંની રીત. અમારે તો ધન સાથે પ્રિત છે. તમે બળ દેખાડશો તો તમારા પણ આ હાલ છે. મુનિ કહે મારે જટા નથી. અમે સ્વામિનારાયણના સાધુ દમડી રાખતા

નથી. સ્ત્રીઓનો પણ અષ્ટપ્રકારે ત્યાગ છે. નિયમ વિના નિષ્કામ વ્રત ટકે નહિં. પછી ચારણ હસીને કહે કે, તારા બાપનો બાપ આવે તો પણ ધન વિના છાપ મળવાની નથી. પછી મુનિ ઉદાસ થઇ ગયા. ત્યાંથી હોડીમાં બેસી બેટમાં ગયા. ચાર ઉપવાસ થયા હતા. ક્ષુધાને લીધે પેટ ચોંટી ગયું લાગતું હતું. દર્શન કરવા દ્વારમાં ધસ્યા ત્યાં છાપ વિનાના મુનિને દરવાણીએ રોક્યા અને કહ્યું કે ક્યાં જાઓ છો ? તમારા જેવા તો કેટલાય ઠગ અમને ઠગવા આવે છે ને પૂછયા વિના જવા પ્રયત્ન કરે છે. એમ કહીને ધક્કો મારી છાપ ઉગામી એથી મુનિ હસતા હસતા સમીપમાં દુકાન હતીં ત્યા બેઠા. ત્યારે કોઇ ગુગળી વિપ્ર તેમની પાસે ગયો. મુનિએ કહ્યું કે તમે મને દર્શન કરાવો. ત્યારે વિપ્ર કહે અહીંયા તો પૈસા જોડે જ પ્રિત છે. તમારી પાસે ધન હોય તો લાવો તમે સુખી થાશો. ધન વિના કાંઇ ઠેકાણું પડશે નહિં. ત્યારે મુનિ કહે અમે સ્વામિનારાયણના સાધુ દામ અને વામથી દૂર રહીએ છીએ. ત્યારે વિપ્ર કહે તમારા ગુરૂ પાસે તો ઘણું ધન છે ને પોતે પ્રભુ કહેવાય છે. તેનો ત્યાગ કરીને એવા કયા પાપે આવ્યો છું ? એમ કહીને વિપ્ર ચાલ્યો ગયો. છતાં મુનિને કોઇ જાતનો ક્ષોભ થયો નહિ. બીજા ઘણા પુર વાસીઓ તે નિર્ધનને દેખીને હાંસી કરતા. કોઈ આંખો દેખાડીને ડરાવતા. પછી મુનિએ વિચાર્યું કે બીજા મુનિઓ અહીં આવશે તેને શી ગતી થશે ? હું તો એક પળ અહીં ન રહેતા ગઢપુર ચાલવા માંડું. પણ છાપ અને દર્શન વિના પાછું ન આવવાનું શ્રીહરિનું વચન ખટકે છે. છાપ અને દર્શન વિનાનો જાઉ તો ગુરુનો ગુનેગાર ગણાઉ, પણ અહીંતો દામ વિના દર્શન થાય તેમ નથી. પછી મુનિએ અંતરમાં વિર્ચાર્યું કે અંતર્યામી ભગવાન જરૂર દર્શન દેશે. એમ વિશ્વાસ રાખી દ્રઢ આસન વાળી ધ્યાન લગાવીને અખંડ ભજન કરવા લાગ્યા. પોતે સમાધિનિષ્ઠ હતા. છતાં ગુરુનું વચન સત્ય કરવા ઈચ્છતાં હતા, તેથી બે હાથ જોડીને દર્શન માટે વારે વારે સ્તવન કરવા લાગ્યા. દ્વારકાપતિ ભગવાનના ભક્તની રક્ષા માટે અને કષ્ટમાં સહાયરૂપ થવા માટે જે જે ચરિત્ર હતાં તે સર્વ સંભારીને ગદ્ ગદ્ ભાવે સ્તુતિ કરી. અને દર્શન દેવા માટે પ્રાર્થના કરી. મુનિની પ્રાર્થના સાંભળી ભગવાને દ્વારકાધીશ રૂપે પ્રસન્ન થઈને મુનિના અંતરમાં મહાવદિ એકાદશીને દિવસે દર્શન દીધાં. સાથે રુકિમણી, સત્યભામા તથા ઉધ્ધવ, સાત્યિક અને



અર્જુન છત્ર ચામર ઝાલીને ઉભેલા હતા. એવું નૌતમ રૂપ દેખીને મુનિનું મન તેમાં જાડાઇ ગયું.

સચ્ચિદાનંદ મુનિને દ્વારકાધીશ ભગવાનના શ્યામ શરીરના દર્શન થયા. ભગવાને મુનિને કહ્યું કે તમારા પર હું પ્રસન્ન છું. તમારી ઈચ્છા હોય તે વરદાન માંગો. એમ કહીને એક દમ અંતર્ધાન થઇ ગયા. જેથી મુનિ ધ્યાનમાંથી જાગી ગયા અને બહાર જોયું તો જેવા અંતરમાં દીઠા હતા, તેવા જ બહાર દર્શન થયા. દિવ્ય આભૂષણ, મસ્તક ઉપર મણિમય મુગટ, મોતીના હાર , બાજુંબંધ, નંગ જડિત કુંડળ, નૂપુર, હાથમાં ચાર દિવ્ય આયુધ સાથે મનોહર રૂપથી શોભતા હતા. મુનિ તેમને જોઇને પ્રેમાતુર થઇ ગયા. દર્શન માટે બહુ કષ્ટ સહન કર્યા તેથી અલબેલો અઢળક મુનિને ઉરમાં લઈને મળ્યા અને મનોવાંછિત વર માંગવાનું કહ્યું. મુનિએ કહ્યું કે અમારા ગુરૂએ ત્યાગી ગૃહીને દ્વારકાની યાત્રા કરવાનું કહ્યું છે. પણ અહિંયા ધન વિના દર્શન થતા નથી. તેથી ત્યાગી શી રીતે દર્શન કરશે ? તમે તો મૌન વ્રત લીધું છે. તેથી ત્યાગીની શી ગતિ થાય ? એમ કહીં પોતાને જે જે સહન કરવું પડ્યું તથા અગિયાર ઉપવાસ થયા તે કહીં સંભળાવ્યા અને કહ્યું કે, બધાય તીર્થ કરી શકે એવી કોઈ વ્યવસ્થા કરો. ત્યારે દ્વારકાનાથ કહે તમારી વાત સત્ય છે. તમારી ઈચ્છા હું પુરી કરીશ. અહીં રહેનારા વિપ્રો લોભી અને નિર્દય છે.અમારા માટે જનો અતિકષ્ટ સહન કરે છે. તમને તેમણે દુઃખ દીધું છે. તેથી મેં તમારી સાથે ચાલવાનું નક્કી કર્યું છે. તમે કહોં ત્યાં હું નિવાસ કરીશ. ધર્મ મને રૂચે છે. જ્યાં ધર્મ અને દયા હોય ત્યાં હું નિવાસ કરુ છું. ત્યારે મુનિ કહે ચરોતર દેશ બહુ સુંદર છે ને વૃંદાવનથી પણ અધિક છે. ત્યાં અમારા ગુરુશ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા થાય એટલે વડતાલપુરમાં નિવાસ કરો. ત્યાંના લોકો ધર્મિષ્ઠ છે. અધર્મીને માનતા નથી. રાત દિવસ ભગવાનની મૂર્તિ અને ચરિત્રનું મનન કરે છે. ત્યાં લક્ષ્મીનારાયણદેવ નિવાસ કરીને રહ્યા છે. ત્યાં તમે આવીને નિવાસ કરો. સાથે છાપો પણ લાવો.

મુનિ કહે સાથે ગોમતી પણ લેતા આવો. રુકિમણી આદિક પટરાણી વૃત્તપુરમાં સાથે રહે જેથી અહીંયા દ્વારકા તો નામ માત્ર જ રહે.યદુપતિએ મુનિની ઈચ્છા પ્રમાણે કરવાનું કહ્યું અને બોલ્યા કે મેં પ્રથમથી જ આવવાની

ઈચ્છા કરી હતી. તેથી તમારા ગુરૂએ તમને અહીંયા મોકલ્યા છે. અમારી અને તમારા ગુરૂની વાત એક જ છે. અનંતરૂપે હોવા છતાં અમે એક જ છીએ. મૂઢમતિ પોતાની બુધ્ધિ પ્રમાણે તર્ક કરે છે. પણ બ્રહ્માથી આરંભીને અક્ષર પર્યંત સૌ અમારી વાતમાં બાળક બુધ્ધિ છે. હવે તમે ગોમતી ઉપર ચાલો. તમારા સંઘાથી તમારી રાહ જુએ છે. એમ કહીં પ્રભુ અંતર્ધાન થઈ ગયા. અને મુનિ પણ આનંદમગ્ન થઈ ગયા. તે અયોધ્યાવાસીને મળ્યા. મુનિને દેખીને ધર્મવંશીના અંગ પ્રફુલ્લિત થયા. પરસ્પર કુશળ પૂછયું. દ્વાદશીનો દિવસ હતો. સવારમાં પારણા કરીને દ્વારકાધીશને સંભારતા ચાલ્યા. જ્યારે સૂઈ જતા ત્યારે સૌ સ્વપ્નમાં દ્વારકાધીશને આવતા જોતા હતા. એમ કરતા ગઢપુરમાં આવી શ્રીહરિના દર્શન કરીને દંડવત્ કર્યા. શ્રીહરિએ તેમને બોલાવ્યા ત્યારે તેમણે કહ્યું કે અમે ભલે દ્વારકા જઈ આવ્યા બાકી ત્યાંનું દુઃખ કહ્યું, જોયું જાય એવું નથી. તે ત્યાગી સૌ ઉદાસ થયા. પછી ભગવાને જે વર આપ્યો હતો તે વાત કરી ત્યારે સૌ ત્યાગી પ્રસન્ન થયા. શ્રીહરિએ મુનિની ભારે પ્રશંસા કરી અને મુનિએ કહ્યું કે એ બધો પ્રતાપ આપનો છે. હવે વૃત્તપુર જલદી ચાલીએ. ત્યારે શ્રીહરિ કહે કે, આપણે વૃત્તપુર નિશ્ચય જાવું છે. ફાગણ સુદિ પૂનમે ત્યાં ઉત્સવ કરવો છે. એમ કહીને ત્યાગી ગૃહી બાઈ ભાઈને પત્રો લખીને તેડાવ્યા. તે રાતે સૂઈ ગયાં ત્યારે સ્વપ્નમાં રમા સહિત રણછોડજીના દર્શન થયા. સવારમાં પરસ્પર સ્વપ્નની વાત કરી. શ્રીહરિને પણ કહીં ત્યારે શ્રીહરિ કહે તમારા સ્વપ્નની વાત સત્ય છે. એમ કહીં શ્રીહરિ સાતમને દિવસે ગઢપુરથી ધર્મવંશીને સાથે લઈને ચાલ્યા તે સંઘ સહિત કુંડળ, ખસતા, બોરૂ, સિંજીવાડા થઈને એકાદશીને દિવસ વડતાલ આવ્યા.

તે દિવસે દ્વારકાનાથ પણ લક્ષ્મીનારાયણના રૂપમાં આવીને વસ્યા. હરિભક્તોને તેવા રૂપે દર્શન થયા. તેથી આનંદનો પાર રહ્યો નહિં. ફૂલ દોળનો અદ્‌ભૂત ઉત્સવ કર્યો. શ્રીહરિએ દ્વારકાધીશની પૂજા કરી. હરિભક્તોએ પણ પ્રેમથી પૂજા કરી. સમગ્ર દેવને તથા તીર્થને લઈને દ્વારકાથી પ્રભુ વડતાલ આવ્યા. વડતાલથી ઉતર બાજું જે ધારુ નામે તળાવ છે. ત્યાં ગોમતીને તથા બીજા તીર્થને પણ વડતાલની ચારે બાજુ વસાવ્યા. ધારુ તળાવ ગોમતી નિવાસ માટે શ્રીહરિએ ઉંડું કરાવ્યું. દિવસે સંતો-



હરિભક્તો તળાવ ખોદે જ્યારે રાત્રે દેવો આવીને કાંપ કાઢવાની સેવા કરી જતા. અઠવાડિયામાં તળાવ ઉંડું કરીને જ્યાં શ્રીહરિએ ગોમતીને આહવાન કર્યું ત્યાં તળાવ મધ્ય ઓટા પર બિરાજમાન શ્રીહરિના મસ્તક પર સૌ પ્રથમ ગોમતીએ અભિષેક કર્યો. તળાવ જોતજોતામાં ભરાવા લાગ્યું. શ્રીહરિ અને સંતો સ્નાન કરીને બહાર નીકળી ગયા. દ્વારકાનાથે સ્વપ્નમાં શ્રીહરિને કહ્યું કે મારા ચાર આયુધોની ચારે છાપો કરાવીને સૌ સંત હરિભક્તોને અંકિત કરજો. જેથી શ્રીહરિએ નારાયણજી સુથાર પાસે છાપો કરાવી. તેમણે લાવીને શ્રીહરિ આગળ બાર છાપો મૂકી. પ્રથમ શ્રીહરિએ ગોપીચંદનની છાપ લીધી. છાપને પ્રસાદીની કરી બ્રહ્માનંદ મુનિને તેમણે આપી. પછી મુક્તમુનિ, બ્રહ્મમુનિ, ગોપાળમુનિ, શુકમુનિ, અને આનંદમુનિ, એ બધાએ શ્રીહરિની સમીપ બેસી તેમની આજ્ઞાથી છાપો તપાવીને નારાયણજી સુથારને હાથે લીધી. શ્રીહરિએ તે જોઈ, અતિ સુંદર લાગવાથી પ્રસન્ન થયા અને જમીને છાપ લેનારા સંતોને પ્રસાદી આપી. શ્રીહરિએ કહ્યું કે સૌ પ્રથમ સંત વર્ણી છાપ લઈ લે. ત્યાર પછી હરિભક્તોએ છાપ લેવી. શ્રીહરિના કહેવા પ્રમાણે સૌએ છાપ લીધીને શ્રીહરિની આજ્ઞાથી સુથારે પણ લીધી. મંદિરમાં ને ગોમતી ઉપર આધારાનંદ છાપ દેતા હતાં. બ્રહ્મમુનિ પાસેથી છાપ મંગાવીને શ્રીહરિએ આધારાનંદમુનિને અપાવી. ગોમતી ઉપર તે આપવા લાગ્યા. શ્રીહરિ ત્યારે પાસે બેઠા હતા.

આજે પણ વડતાલ અને અમદાવાદ બન્ને ધામોમાં તપ્તમુદ્રા (બાહુ પર શંખ, ચક્ર, ગદા અને પદ્મની છાપ) લેવાનો મહિમાં છે. વડતાલમાં પ્રથમ ગોમતીમાં સ્નાન કરી, બાહું પર ભગવાનના આયુધોની તપ્ત છાપ લઈ ફરી ગોમતીમાં સ્નાન કરીએ એટલે છાપ કોઈને પાકતી નથી એવું પ્રસિધ્ધ છે. ગોમતીનું જળ એટલું પવિત્ર છે કે ભૂત પ્રેતાદિક વળગાડ વાળા આજે પણ જો ગોમતીમાં સ્નાન કરે છે, તો તેના શરીરમાં રહેલાં ભૂતપ્રેતાદિક બળીને રડવા લાગે છે એવું કહેવાય છે.

શ્રીહરિના દિવ્ય આયુધોની છાપ લેનારો ભક્ત અંતકાળે ભગવાનના ધામને પામે છે. સત્સંગીનું તો એ એક ચિન્હ છે. છાપ લેનાર ભક્ત સામો મળે તો તેને જોઈને નમસ્કાર કરવો જોઈએ. એવું શાસ્ત્રનું વિધાન છે.

### રામપ્રતાપભાઇ સાથે મૂર્તિ સ્વરૂપે રહેલાં હરિકૃષ્ણ મહારાજ પ્રત્યક્ષ વાતો કરતા :

વડતાલમાં મધ્યમંદિર લક્ષ્મીનારાયણદેવથી દક્ષિણ બાજુના મંદિરમાં શ્રીહરિએ રાધાકૃષ્ણ સાથે પોતાનું હરિકૃષ્ણ નામનું સ્વરૂપ પધરાવ્યું છે. આ હરિકૃષ્ણ નામથી શ્રીહરિ વડતાલમાં સાક્ષાત્ બિરાજમાન છે. શ્રીહરિ જ્યારે ધામમાં જવાની તૈયારી કરે છે, ત્યારે શ્રીહરિના મોટા ભાઇ રામપ્રતાપભાઇ શ્રીહરિને કહેવા લાગ્યા અમને પણ સાથે લેતા જાવ. કારણ કે તમારો વિરહ અમારાથી સહન નહિ થાય. ત્યારે શ્રીહરિએ રામપ્રતાપભાઇને વચન આપ્યું કે જ્યારે તમને અમારો બહુ વિરહ થાય ત્યારે વડતાલ આવજો અને અમારી હરિકૃષ્ણ નામની મૂર્તિ સામે ઉભા રહેજો, તમારો વિરહ દૂર કરશું. રામપ્રતાપભાઇને જ્યારે શ્રીહરિનો ખૂબ વિરહ થતો ત્યારે તેઓ વડતાલ જઇને હરિકૃષ્ણ મહારાજનું દર્શન કરવા જતા. તો સહુને સંભળાય તેમ હરિકૃષ્ણ મહારાજ મૂર્તિ સ્વરૂપમાં રહીને બોલતા, કેમ મોટા ભાઇ કુશળ તો છો ને ! જાઓ ઉતારા પાણી કરી આવો. પછી શાંતિથી મળિએ. હાલમાં પણ વડતાલ મંદિરની બાજુમાં જ રામપ્રતાપભાઇનો બંગલો છે. રામપ્રતાપભાઇ ફરી હરિકૃષ્ણ સમક્ષ પધારે ત્યારે શ્રીહરિ મૂર્તિ સ્વરૂપે પોતાના મોટાભાઇ રામપ્રતાપભાઇ સાથે વાતો કરતા જે હાજર રહેલાં સંત હરિભક્તો સાંભળતા. જ્યા સુધી રામપ્રતાપભાઇ પૃથ્વી પર રહ્યા ત્યાં સુધી આ ચમત્કાર રહેલો.

### ગોપાળાનંદ સ્વામી સૂર્યનારાયણ ને વડોદરાથી વડતાલ લાવ્યા :

વડતાલમાં મુખ્ય ત્રણ મંદિરની સામે નિજ મંદિરમાં કચ્છ, વરાહ, નૃસિંહ, મત્સ્ય, સૂર્યનારાયણ, શેષશાયી વિષ્ણુ આદિક મૂર્તિઓ પધરાવેલી છે. જેમાં સૂર્યનારાયણ નો ઇતિહાસ રસપ્રદ છે. જે અત્રે રજૂ કર્યો છે. ગોપાળાનંદ સ્વામી એવા સમર્થ હતાં કે તેઓ મૂર્તિ સ્વરૂપમાં રહેલાં શિવજી, ગણપતિ, સૂર્યનારાયણ, હનુમાનજી આદિકની સાથે પ્રત્યક્ષ વાતો કરતા. એક સમયે વડોદરામાં ગોપાળાનંદ સ્વામી એક બ્રાહ્મણ હરિ ભક્તના ઘેર જમવા પધાર્યા. શ્રીહરિને નિવેદન કરલો પ્રસાદી થાળ સૂર્યનારાયણના મંદિરમાં સૂર્યનારાયણને ધરાવા લઇ ગયા. ગોપાળાનંદ



સ્વામી સૂર્યનારાયણને કહે, કેમ કુશળ તો છો ને ! પૂજારી થાળ જળની સંભાવના બરાબર કરે છે ને ! ત્યારે સૂર્યનારાયણ કહે, પૂજારી જળ થાળ ધરાવે તો છે, પરંતું ગાળ્યા વિનાનું જળ લાવે છે. જેથી અમારે એ જળ ખપતું નથી. તરસ લાગે ત્યારે સ્વર્ગમાં ઇન્દ્ર પાસે જઈને અમૃત પી લઉં છું. એવી રીતે આ મૂર્તિમાં પ્રતિષ્ઠા કરી હોવાથી રહેવું પડે છે. ત્યારે ગોપાળાનંદસ્વામી કહે, તમારે એવી જગ્યાએ આવવું છે કે જ્યાં પવિત્ર પણે બનાવેલો થાળ અને પવિત્ર જળ, લક્ષ્મીનારાયણદેવની પ્રસાદીનું જળ પીવા મળે તથા પ્રસાદી થાળ જમવા મળે ! ત્યારે સૂર્યનારાયણ કહે તો તો મારા મોટા ભાગ્ય ! ગોપાળાનંદસ્વામી કહે, કાલે સવારે અમે વડતાલ જઇશું, ત્યાં અમારી સાથે આવવા માટે તૈયાર થઇ જશો. બીજા દિવસે ગોપાળાનંદ સ્વામી જે ગાડામાં બેઠા તે ગાડામાં સૂર્યનારાયણ પણ બ્રાહ્મણના સ્વરૂપે ગોપાળાનંદ સ્વામીની બાજુમાં બેસી ગયા. બન્ને જૂના મિત્રો હોય તેમ રસ્તામાં સત્સંગની વાતો કરતા જાય છે. સાથે રહેલાં સંત હરિભક્તો બધું સાંભળે છે. વડતાલ આવ્યું એટલે શ્રીહરિ કહે, સૂર્યનારાયણ ભલે પધાર્યા ! તેમની મૂર્તિ તૈયાર થઈ ગયેલી છે. પછી શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામીની સાથે આવેલ સૂર્યનારાયણને સૂર્યનારાયણની મૂર્તિમાં નિવાસ કરાવ્યો. એટલે તે બ્રાહ્મણનું સ્વરૂપ અદ્રશ્ય થઇ ગયું. સહુ આશ્ચર્ય પામ્યા. આવી રીતે વડતાલમાં સૂર્યનારાયણ મૂર્તિ સ્વરૂપે પ્રત્યક્ષ દર્શન આપે છે.

### વડતાલનો વિશેષ મહિમાં :

શ્રીહરિ કહે, હવે આ ધારતલાવડી એજ ગોમતી છે. તેમા સ્નાન કરીને સૌએ તપ્તમુદ્રા ધારણ કરવી. અને લક્ષ્મીનારાયણદેવના દર્શન કરવા, એ પ્રમાણે વડતાલમાં આવીને જે વિધિ કરે એને દ્વારકાની યાત્રા પૂરી થાય છે. જેમ રાજા કોઇ સ્થળે વાસ કરે તો એ રાજાના સેવકો પણ ત્યાં જ વાસ કરે એમ આજથી આ વડતાલને દ્વારિકા સમજજો. આ તળાવમાં જે સ્નાન કરશે તેને ગોમતી સ્નાનનું ફળ મળશે. અહીં આગળ કોઇ શ્રાધ્ધ કરે કે બ્રહ્મભોજન કરાવે, પિતૃતર્પણ કરશે એનું કલ્યાણ થશે. ચાતુર્માસમાં અહીં રહીને કોઇ નિયમ પૂર્વક સ્નાન, તપ, પાઠ વગેરે કરશે એને તત્કાળ ફળની સિધ્ધિ થશે. આ મંદિરમાં જે કોઇ ભાગવત, ગીતા આદિ શાસ્ત્રોનું પુરશ્ચરણ કરાવશે

એની ઈચ્છાઓ પૂરી થશે. આ લક્ષ્મીનારાયણની જે મહાપૂજા કરશે એ ભગવાનના ધામને પામશે. અહિં આગળ સંત, બ્રાહ્મણને ભોજન કરાવશે એ પરમ સુખને પામશે. પરમાત્મા એ ભક્તજનોની સભામાં આ ઉપદેશ આપ્યો.

વૈરાગ્યમૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પણ કાવ્ય પંક્તિઓમાં વડતાલનો ખૂબ મહિમાં વર્ણવ્યો છે.

પછી એમ બોલ્યા અવિનાશી, સુણો સત્સંગી મુનિ સંન્યાસી ॥
જુવો રાધાકૃષ્ણની મૂરતિ, અમારી પણ શોભે અતિ ॥
તેમ નારાયણલક્ષ્મીપતિ, સારા શોભે છે ધર્મભગતિ ॥
થયો જેદીથી એહનો સ્થાપ, થયા તેદીથી સહુ નિષ્પાપ ॥

*(ભ.ચિ.પ્ર ॥ ૯૪ ॥)*

શ્રીહરિ એક સમયે સવારમાં મંગળા આરતીનું નગારુ સાંભળીને લક્ષ્મીનારાયણદેવના દર્શન કરવા પધાર્યા ત્યારે દર્શન કરીને બોલ્યા, કે જેવો ચરોતર દેશ છે, તેવું જ આ મંદિર છે. અને તેવા જ આ લક્ષ્મીનારાયણદેવ છે. જે જનોના જીવને ખેંચે છે. ગાયકવાડ રાજાનું મન પણ કેટલીક વાર ખેંચ્યું છે, એવા પ્રતાપી છે. ભગવાનના ભક્ત હોય તે ભગવાન સમાન બીજા કોઈને જાણી શકે નહિ અને તેમાં ક્યારેય દોષ દેખે નહિ, એનો સત્સંગ સાચો છે. આ લક્ષ્મીનારાયણદેવ જ્યારે વરસાદ કરે છે, ત્યારે સૌને અન્ન મળે છે. આ લક્ષ્મીનારાયણદેવની જોળી કામધેનું રૂપ છે . જે ઈચ્છે એ બધી વસ્તુ પૂરી પાડે. સરિતાના વિરડાની જેમ ક્યારેય ખૂટે નહિ તેવી છે. વડતાલમાં અનંત પ્રસાદીના સ્થળો છે. વૈકુંઠધામ તુલ્ય વડતાલનો મહિમાં છે. રઘુવીર વાડીમાં ગોપાળાનંદ સ્વામીએ બ્રાહ્મી ભાજી ઉગાડી છે. અને ગોપાળાનંદ સ્વામીનું વરદાન છે કે, જે મંદિરના કોઠારમાં પહોંચ ફડાવીને મગજના તકલીફવાળા રોગી, માનસીક રોગી હોય તેવા મનુષ્યો માળી પાસેથી આ ભાજી ઘેર લઈ જશે અને તેનું સેવન કરશે તેને મગજની તકલીફમાંથી આરામ મળશે. આજે પણ લોકો કોઠારમાં પહોંચ ફડાવીને તે ભાજી ઘેર લઈ જઈને તેનું ઘીના થેપલા કે એવી કોઇ ઘીની આઇટમમાં મેળવીને સેવન કરે છે. અને તેવા દર્દીઓને સારું થતું જોવામાં આવે છે. પૈસા ભર્યા વિના ચોરીને કોઇ ભાજી



લઈ જાય તો તેને ફળ મળતું નથી.

### (૫) જેતલપુર રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજ ફાગણ વદ-૮ ૧૮૮૨ :

જેતલપુર ધામમાં સ્વયં શ્રીજીમહારાજે જ શ્રીરેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા છે. જેનો શાસ્ત્રોક્ત ઈતિહાસ અત્રે નિરૂપણ કરું છું.

સત્સંગિભૂષણ ગ્રંથમાં વ્યાયકેશ મુનિ જયેષ્ઠજીત રાજાને કથા સંભળાવતા કહે છે. શ્રીજી મહારાજ જેતલપુર પધાર્યા. ત્રણ દિવસનો પ્રતિષ્ઠાયાગ થયો. અને ફાગણ વદ આઠમને દિવસે

कृष्णं रामं च रेवत्या सह तत्र ततो हरिः ।
अष्टम्यां ब्राह्मणैरुकते मुहूर्तेऽस्थापयत स्वयम् ॥

સ્વયં સ્વામિનારાયણ ભગવાને રેવતી બળદેવજીની સ્થાપના કરી. બાજુના દેરામાં રાધાકૃષ્ણદેવ પધરાવ્યા. જેતલપુરમાં રાધાકૃષ્ણદેવની અન્ય એક મૂર્તિ જે ગંગાબા પૂજતા તે બહુ પ્રાચીન છે. શ્રીજી મહારાજે ગંગાબાને કહેલું, અમે જેતલપુરમાં ન હોઈએ બહાર ગામ હોઈએ ત્યારે તમારે આ મૂર્તિને દૂધ પાવું, થાળ ધરાવવો અને ગંગાબા દૂધનો કટોરો ધરતા ત્યારે એ પ્રતિમા દૂધ પી જાય, થાળ જમી જાય એવી આ ચમત્કારી શ્યામ રાધાકૃષ્ણદેવની પ્રતિમાના ઘણા સમય સુધી મંદિરના સભામંડપમાં દર્શન થતા હતા, ત્યાંથી પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સભા મંડપમાંથી ઉત્થાપન કરી વેદોક્ત વિધિ અનુસાર નિજ મંદિરની પાછળના મંદિરમાં ઘનશ્યામ મહારાજની બાજુમાં પધરાવ્યા છે. જેથી હાલમાં આ દિવ્ય પ્રસાદીભૂત મૂર્તિનું બાઈઓ ભાઈઓ સર્વે સુખેથી દર્શન કરીશકે છે.

પ્રતિષ્ઠાની સભામાં સ્વામિનારાયણ ભગવાન કહે છે. હે ભક્તો ! સાવધાન થઈને સાંભળો. સંસારમાં રહેલાં તમારા મનની અંદર કોઈ ઈચ્છા અપૂર્ણ રહી જતી હોય તો એવા ભક્તોએ અહીં રેવતી બળદેવજી પાસે પ્રત્યેક પૂનમે આવી ને પોતાની ઈચ્છા રજુ કરવી. તમારી ઈચ્છા, તમારા મનોરથો સફળ થશે. આજે મહારાજના આ વચનથી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ સર્વે સત્સંગી બિનસત્સંગી લોકોના શુભ મનોરથ પૂર્ણ કરે છે. જેથી પ્રત્યેક પૂનમે જેતલપુરમાં સકામ, નિષ્કામ હજારો લોકો દર્શને આવે છે. દિન

પ્રતિદિન દર્શનાર્થીઓની ભીડ વધતી જાય છે. પૂનમિયાદાસ ભક્તો પોતાને થયેલાં પરચાઓની વાતો કરતા જોવા મળે છે.

સત્સંગિજીવન ગ્રંથમાં સુવ્રતમુનિ કહે છે - જેતલપુરના ભક્તોને તથા ત્યાં આવેલા અમદાવાદના ભક્તોને એકાદશીની રાત્રે જાગરણમાં શ્રીહરિની ઈચ્છાથી આકાશમાં આવેલા તેજના મોટા ગોળામાંથી તેના ત્રણ ભાગ થઈને તે તેજ શ્રીહરિ પાસે અદ્રશ્ય થયું. તે ચમત્કાર પૂછવાથી શ્રીહરિએ રહસ્યની વાત કરી. ભગવાન કહે છે હે સંતો ! અતિ રહસ્યની વાત છે. આ બ્રહ્માંડના અધિપતિ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કાયમ અમારા દર્શને આવે છે. આજે અમારી ઈચ્છાથી તમને તેના દર્શન થયા. જેતલપુરના ભક્તો એ વખતે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા, હે નારાયણ, હે દયાળું ! તમે અમારા માટે કલ્પવૃક્ષ સમાન છો. માટે કૃપા કરીને અમારી ઈચ્છા પુરી કરો. ભગવાન કહે છે, માંગો, માંગો. ત્યારે ભક્તો કહેવા લાગ્યા હે પ્રભુ ! તમારા દર્શન વિના એક દિવસ પણ પસાર થઈ શકે તેમ નથી. અમારું જીવન તમે જ છો. માટે દયા કરીને ગમે ત્યાં જઈને પછી અહીં જેતલપુરમાં જ નિવાસ કરો. ભક્તોની પ્રાર્થના સાંભળીને ભગવાન કહેવા લાગ્યા. તમારો આ શુભ મનોરથ જરૂર પૂરો થશે. હવે આ જેતલપુરમાં કોઈ સ્થળે પ્રત્યક્ષ રહીશ. ક્યાંક પ્રતિમારૂપે રહીશ. અને કોઈ સ્થળે અદ્રશ્યપણે રહીશ. આ જેતલપુરમાં પ્રતિમારૂપે રહેલાં અમારી કોઈ આરાધના કરશે એના સર્વ સંકલ્પો સિધ્ધ થશે. માટે જેતલપુરમાં મંદિર બનાવો. હરિભક્તોનો ઉત્સાહ જોઈને ભગવાને આનંદ સ્વામીને મંદિર બનાવવાનું કાર્ય સોપ્યું. સ્વામીએ આ કાર્ય પ્રેમપૂર્વક સ્વીકારી લીધું. અમદાવાદમાં ફાગણ વદી પાંચમના દિવસે ભોજન પછી આનંદ સ્વામી ભગવાનને કહેવા લાગ્યા હે ભગવાન ! જેતલપુરમાં મંદિર તૈયાર થઈ રહ્યું છે. માટે કૃપા કરીને તમે મૂર્તિ પધરાવવા આવો. આનંદ સ્વામીની વાત સાંભળી પ્રભુ રાજી થયા. છઠના દિવસે સવારના અમદાવાદથી નીકળીને સર્વ ભક્તો અને સંતો સાથે પ્રભુ જેતલપુર પધાર્યા. જેતલપુરનું મંદિર જોઈને પ્રભુ બહુ સંતોષ પામ્યા, તેમજ આનંદ સ્વામીની ખૂબ પ્રશંસા કરી. સને ૧૮૮૨ ના ફાગણ વદી આઠમના દિવસે પરમાત્માએ રેવતી બળદેવજી અને હરિકૃષ્ણ મહારાજની સ્થાપના સ્વહસ્તે કરી. અમદાવાદમાં નરનારાયણદેવની



પ્રતિષ્ઠા વખતે જેવો મહોત્સવ કર્યો હતો તેવો જ મહોત્સવ જેતલપુરમાં કર્યો. મિષ્ટાન્નથી બ્રાહ્મણોને તૃપ્ત કર્યા અને તમામ સંતો, ભિક્ષુકોને જમાડ્યા. જેતલપુરમાં નિવાસ દરમિયાન પરમાત્મા દરરોજ સંતો, હરિભક્તો સાથે દેવ સરોવરમાં સ્નાન કરતા અને દરરોજ સભામાં કથા વાર્તા થતી. ચૈત્ર વદ-૧ સુધી પરમાત્મા જેતલપુરમાં રોકાઈને બીજના દિવસે પ્રભુ ત્યાંથી પંચાળ દેશ તરફ જવા તૈયાર થયા.

સ.ગુ. પ્રસાદાનંદ સ્વામીની વાતો વિશ્રામ ૧૦૪ :- જેતલપુરથી સામૈયું આવ્યું ને વાજતે ગાજતે મહારાજ મંદિરમાં ઘોડીએથી ઉતર્યા. ઢોલિયે બિરાજ્યા ને મંદિર જોઈને રાજી થયા. પછી ગંગામા તથા ગામના માણસો કહે : મહારાજ સામાન તૈયાર છે ને મૂર્તિ પધરાવો. પછી મહારાજ કહે, વેદિયા બ્રાહ્મણ જોઈએ તે આવશે અને ગોપાળાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને બોલાવો. પછી તે બન્ને આવ્યા. ને મહારાજ કહે, બાકીનું મંદિર ધીરે ધીરે પૂરુ થાશે. અને હાલ મૂર્તિ પધરાવી દઈએ. પછી વેદિકા કરાવીને આડા વાંસ બાધ્યા. સવંત ૧૮૮૨ ફા.વદ -૮ ના રોજ રેવતી બળદેવજીની સ્થાપના કરી. તે સમયે ચાર વેદો બ્રાહ્મણોનું રૂપ લઈને આવ્યા હતા. ગોપાળાનંદ સ્વામીને પણ પગે લાગ્યા. પછી તેમને કામે વળગાડ્યા. મહારાજે આશારામ અને મુળજી બ્રહ્મચારીને બોલાવીને કહ્યું જે ગામ પરગામના કોઈ અન્નાર્થી જમ્યા વિનાના રહે નહિ. મહારાજે સભામાં સર્વેજનોને આજ્ઞા કરી કે તમો સર્વે દરેક પૂનમે આ દેવના દર્શન કરશો તો તમારા મનોરથ સિધ્ધ થશે.

નિષ્કુળાનંદ સ્વામી ભ.ચિ.પ્ર.૧૩૮ માં લખે છે.

ધન્ય ધન્ય જેતલપુર ગામ, વાલે જેને કર્યું નિજધામ ॥<br>
તેમાં મરે પાપી નરનાર, તે પણ ન જાય જમને દ્વાર ॥<br>
તેમાં પરચા આપ્યા વાલે બહુ, જાણે છે જન ગામના સહુ ॥<br>
મોટા મોટા કર્યા જ્યાં જગન, ખુચ્યા નહિ ઘૃત ગોળ અન્ન ॥<br>
એમાં પરચા આપ્યા પળે પળે, તેતો કેમ લખાય કાગળે ॥

જેતલપુર ગામ તથા સીમાડામાં જે કોઈ પાપી જીવનું પણ મૃત્યું થાય તો તેને પણ જમ તેડવા આવતા નથી. એવું શ્રીહરિનું વચન છે. જેતલપુરનો મહિમાં વૃન્દાવનથી અધિક કહ્યો છે. આ જેતલપુર ખૂબ જ પવિત્ર તીર્થ છે.

રેવતી બળદેવજી જ્યારે દ્વારિકાથી ગોકુળ જતાં હતાં ત્યારે આ જેતલપુરમાં આવ્યા હતાં અને આ વાડીમાં નિવાસ કરેલો. આ સરોવરમાં તેમણે સ્નાન કરેલું. એ વખતે ઈન્દ્રાદિક દેવતાઓ પણ બળદેવજીના દર્શને આવેલા. એ સમયથી આ જેતલપુર મોટું તીર્થ કહેવાય છે. જેતલપુરમાં અનેક પ્રસાદીના સ્થાનો તથા પ્રસાદીની વસ્તુઓ છે. શ્રીહરિ જ્યારે જેતલપુર પધારતા ત્યારે દેવ સરોવરમાં નિત્ય સંતો સહિત શ્રીહરિ સ્નાન કરતા. તેમાં શ્રીહરિએ બહુ જળક્રિડા કરેલી છે. તેને ફરતા અનેક સ્થાનોમાં વૃક્ષ નીચે શ્રીહરિ બેઠા હતા. હિંડોળે ઝૂલ્યા હતા. આ પાવનકારી દેવ સરોવરમાં સ્નાન કરવાનો મોટો મહિમાં છે. તેની શ્રીહરિએ સંતો સહિત પરિક્રમા કરેલી છે.

જેતલપુર ગામની બધી ભૂમિ શ્રીહરિ ચરણાંક્તિ થયેલી છે. હરિભક્તોના ઘેરો ઘેર શ્રીહરિ પધારેલા છે. શ્રીહરિના અપર સ્વરૂપ આચાર્યવર્યોથી તથા સંતોના પદારવિંદથી ભૂમિ પવિત્ર બનેલી છે. જેતલપુરના પાંચમાં વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું છે કે, જુવોને આ જેતલપુર ગામમાં અમે કેટલાય યજ્ઞ કર્યા., કેટલાક વરસ થયા આંહી રહીએ છીએ આ તળાવને વિષે અમે સર્વે સંતો સહિત હજાર વાર નાહ્યા છીએ. અને આ જેતલપુર ગામમાં અમે ઘેર ઘેર સો સો વાર ફર્યા છીએ. અને ઘેર ઘેર ભોજન કર્યા છે. આ ગામ અને સીમને વૃંદાવન કરતાં વિશેષ રમણ સ્થળ કર્યું છે. એટલે સર્વે ભૂમિ પવિત્ર છે.

હાલમાં ત્રણ શિખરનું ભવ્ય ગગનચુંબી ઉગમણા બારનું મંદિર છે. ત્યાં ગંગામાનું ઘર હતું. ગંગામાએ પૂર્વે ભગવાનને રાજી કરવા માટે ખૂબ તપ કર્યું હતું. ભગવાન રાજી થયા ત્યારે ગંગામાએ ભગવાન પોતાને પુત્ર જેવું સુખ આપે એવું વરદાન માંગ્યું હતું. તેથી શ્રીહરિ ગંગામાને પુત્ર તરીકેનું સુખ આપતા હતા. ગંગામા શ્રીહરિને દીકરા કહીને બોલાવે ત્યારે શ્રીહરિ ગંગાબાનો થાળ જમતા અને ગંગામા પોતાના મસ્તક પર સગડી ધારણ કરીને શ્રીહરિને ગરમ ગરમ રસોઈ, થાળ જમાડવાના ભાવ વાળા હતા. ગંગામાના ઘરના એક ભાગમાં શ્રીરામાનંદ સ્વામીનું મંદિર હતું. જે અક્ષર ઓરડાના નામથી પ્રસિધ્ધ હતું તે સંતોનું મંદિર પણ કહેવાતું. તે ગંગાબાના કબજામાં હતું. શ્રીરામાનંદ સ્વામીનું ત્યાં સદાવ્રત ચાલતું તે પાડીને આ શિખરબંધ મંદિર



કરેલ છે. જેતલપુર મંદિરની બહાર પૂર્વ દિશાના દરવાજા બહાર સામે ગંગાબાનું પ્રસાદીનું ઘર છે. જૂનું ગંગામાનું ઘર મંદિર માટે તોડી નાખ્યાં પછી તેઓ આ ઘર વાપરતા. તેમાં કોઠલો છે, જેમાં બેસીને શ્રીહરિ રોટલો અને માખણ લઈ જમતા. એક કોઠી છે, જેમાં શ્રીહરિ સંતાઈ ગયેલા અને બ્રહ્મમુનિએ આવીને માતાજી યશોદારે' તે કીર્તન બોલી તેમને છતા કર્યા હતા. આશજીભાઈનું ઘર, બેનીબાનું ઘર, અંબાજી માતાનું મંદિર, ગઢી, વાવ, ઝંડીયો કૂવો, મહોલ વગેરે પ્રસાદીના સ્થાનકોની દરેકની અલગ અલગ મહિમા ધરાવતી વાતો મોજુદ છે.

પ્રસાદીનો મહોલ બહુ જૂનો છે. તે દેવ સરોવરને અડીને આવેલો છે. તેમાં શ્રીહરિનો ઉતારો રહેતો હતો. શ્રીહરિએ અહીં ભગવદ વાર્તા કરેલી છે, જે જેતલપુરના ચોથા વચનામૃતમાં છે. તેની દક્ષિણ દિશે આસોપાલવના વૃક્ષ નીચે બેસીને જે ભગવદ વાર્તા કરેલી તે જેતલપુરના પહેલાં વચનામૃતમાં છે. શ્રીહરિ મહોલમાં બિરાજતા હતાં ત્યારે એક તેજનો ગોળો અને પછી તેના ત્રણ વિભાગ થયા. તે બ્રહ્મા, વિષ્ણુ, અને શિવજી દર્શને આવેલા હતાં તેનો હતો. તેની અગાસીમાં ઊંચી છત્રી નીચે બેઠક છે. ત્યાં બેસીને જીવણ ભક્તનો મઠનો રોટલો જમ્યા હતા. અહીં ચોકમા બેસીને જેતલપુરના પાંચમાં વચનામૃત મુજબ વાર્તા કરી હતી, ત્યાં બેસીને દેશ વિભાગ કર્યા હતા. આ મહોલ બાદશાહના સાળાનો હતો. તે સમયે ફક્ત એક રૂપિયામાં આનંદસ્વામીએ વેચાતો લીધો હતો ! મહોલમાં મહાદેવજીના મંદિરમાં શ્રીહરિએ દર્શન પૂજન કરેલું છું. મહોલની દક્ષિણે રસ્તાને અડીને પ્રસાદીનો કૂવો છે. ફૂલવાડીના દરવાજા સામે દેવસરોવરની પાળ ઉપર જીર્ણાવસ્થામાં એક ગંગામાનો કૂવો છે. ફૂલવાડી બહુ પ્રસાદીની છે. શ્રીહરિને પાટીદારોએ આ વાડી અર્પણ કરી ત્યારે શ્રીહરિએ કહેલું કે '' અમને પ્રથમ જમીનદાર બનાવ્યા ''. અહીં ભણનાર સંતો પણ પર્ણ કુટીઓ બાંધીને રહેતા. હાલમાં આ વાડીમાં કાળુપુર મંદિર તરફથી સંતો અને બ્રાહ્મણ વિધાર્થીઓ માટે નિઃશુલ્ક સંસ્કૃત પાઠશાળા ચાલે છે. બોરસડીનાં વૃક્ષ નીચે બેસી સંતો કથા -વાર્તા, ધ્યાન, ભજન, માળા, જપ કરતા. માંદા સંતો માટે આ ફૂલવાડી શ્રીહરિએ રાખેલી. ફૂલવાડીમાં પેસતા જમણા હાથે એક ઓટો છે. ત્યાં એક

જાંબુડાનું વૃક્ષ હતું. તેની નીચે બેસીને શ્રીહરિએ મહુધાના ઈશ્વર બ્રાહ્મણને વળગેલ બ્રહ્મ રાક્ષસ કાઢ્યો હતો. ફૂલવાડીમાં પેસતા દક્ષિણાદો એક ઓટો છે. તે સ્થળે રાયણના વૃક્ષ નીચે બેસી શ્રીહરિ એક વિપ્રે આપેલ કાકડીઓ જમ્યાં હતા. વાડીમાં પ્રવેશતા ડાબી બાજુ મંદિરના નિર્માણ કરતા આનંદ સ્વામીનો ઓટો છે. અહીં આનંદ સ્વામીનો અગ્નિ સંસ્કાર કરેલો. શ્રીહરિ સ્થાપિત મંદિરો તથા તે ધામોનો મહિમા યથા યોગ્ય લખવો અશક્ય છે. પરંતુ દરેક સ્થળે કંઈક દિશા સૂચન મળી રહે એવા ભાવથી કળિયુગના આપણે સૌ મનુષ્યોની સમય મર્યાદાને ધ્યાનમાં લઈને ખૂબ ટૂંકમાં નિરૂપણ કરવા પ્રયત્ન કરી રહ્યો છું.

**(૬) ધોલેરા શ્રીમદનમોહનજી મહારાજ ૧૮૮૨ વૈશાખ સુદ-૧૩ :**

ભાલ વિસ્તારનું નયન રમ્ય ધોલેરાનું મંદિર વૈરાગ્યમૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ બનાવેલું છે. નિષ્કુળાનંદ સ્વામી કેવા હતાં તેનો એક દાખલો છે. કવિ દલપતરામ નિષ્કુળાનંદ સ્વામીને મળવા ગયા. ધોલેરામાં સ્વામી સાવરણો લઈને ચોક વાળતા હતા. ટૂંકી પોતડી સ્વામીએ પહેરેલી. ખભા ખૂલ્લા, ધૂળ ઉડે, આખા શરીરે ધૂળ. ''ત્યાગ ના ટકે રે વૈરાગ્ય વિના'' એ જગ પ્રસિધ્ધ કીર્તનના રચયિતા. જેવું વૈરાગ્યનું સાહિત્યમાં લખ્યું એવું જ સ્વામીનું વર્તન હતું. કવિરાજ ત્યાં પહોચ્યા.

જય સ્વામિનારાયણ, સ્વામી ! જય સ્વામિનારાયણ. મારે નિષ્કુળાનંદ સ્વામી ને મળવું છે. ક્યાં મળશે ? સભામાં બેસો, હમણા મળશે. એ કહેતા નથી કે મારું નામ છે. પછી હાથપગ ધોઇ, ખેસીયું ઓઢી, સ્વામી જ્યાં બેઠા ત્યારે આ કવિરાજને થયું ઓહો ! આ તમે પોતે છો !

આવા નિષ્કુળાનંદ સ્વામીએ ધોલેરા મંદિર તૈયાર કર્યું. આવા મહાન સંતો તથા ધોલેરાના પૂંજાજી દરબાર જેવા સદ્‌ગૃહસ્થ હરિભક્તોની સમર્પણની ભાવના આ મંદિરના પાયામાં પડેલી છે. આપણા મંદિરોના પથ્થર, તેની એક એક કાંકરી સ્વામિનારાયણનો મંત્ર અખંડ જપ્યા કરે છે. આ મંદિરોની છાયામાં આવનારના તન અને મન પવિત્ર બની જાય છે.

ચૈત્ર વદ એકમના દિવસે શ્રીહરિ કમિયાળાથી ગઢપુર જવાની તૈયારી કરવા લાગ્યા. એ વખતે ધોલેરાથી પૂંજાજી દરબાર ભગવાનને કહેવા લાગ્યા.



હે પ્રભુ! ધોલેરાનું મંદિર લગભગ તૈયાર થઈ જવા આવ્યું છે. તો કૃપા કરીને પ્રતિષ્ઠા કરતા જાઓ. મંદિરનું બાકી રહેલું કામ અમે પૂરું કરીશું. પૂંજાજીની પ્રાર્થનાથી પરમાત્મા ધોલેરા પધાર્યા. પૂંજાજીના દરબારમાં ભગવાન અને સંતોએ નિવાસ કર્યો. થોડું બાકી રહેલું મંદિરનું કાર્ય જોઇને મહારાજે જોષી ભૂદેવોને બોલવી મુહૂર્ત જોવરાવ્યું. જોષી કહે છે, હે મહારાજ ! વૈશાખ સુદ તેરશના દિવસે શુભ મુહૂર્ત છે. સ્વામિનારાયણ ભગવાન ભાલ દેશના અન્ય ગામડાઓમાં વિચરણ કરી અને પાછા ફર્યા. અને વૈશાખ સુદ-૧૩ના દિવસે મહાપ્રભુએ સ્વહસ્તે ધોલેરા મંદિરમાં મદનમોહનદેવની સ્થાપના કરી. મદનમોહન ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ છે. સ્વામિનારાયણ ભગવાન કહે, કોઇ દૂર ન જતા. અમે પોતે જ આ સ્વરૂપે દર્શન આપીએ છીએ. પ્રતિષ્ઠા સમયે સર્વત્ર જય જયકાર થયો. મહારાજે સર્વ બ્રાહ્મણોને જમાડીને પુષ્કળ દક્ષિણા આપી હતી. મદનમોહનજીની મૂર્તિ કામદેવના ગર્વને લજ્જા પમાડે તેવી નયન રમ્ય છે. શ્રીહરિએ ભાલ દેશના ભક્તજનોને કહ્યું, હે ભક્તો ! અહીં થાળ, ભેટ, સેવા, પાઠ, પૂજા, જપ, તપ, યજ્ઞયાગ કરશો તમારા મનના સંકલ્પો પૂર્ણ થશે. અક્ષયફળની પ્રાપ્તિ થશે. અને અમારા ધામને પામશો. ભાલ પ્રદેશ સૂકો દેશ હોવાથી અહીં મંદિરમાં દેવ સેવા તથા સંત સેવા કરનાર પર શ્રીહરિ વિશેષ રાજી થાય છે. પુરુષોત્તમ પ્રકાશ મધ્યે નિષ્કુળાનંદ સ્વામીની કલમે જ ધોલેરા મંદિરનો મહિમાં અહીં લખું એટલે એ મંદિરનો યથાયોગ્ય મહિમા સમજવામાં સુગમતા રહેશે.

વળી શ્રીહરિ કે' સંત સાંભળો, મોટા કરાવિયા મંદિર ॥
તેમાં બેસારી મૂરતિયો, અતિ સારી સુંદિર ॥૧॥
જે જે દેશે મંદિર કર્યા , તે તે દેશને આવ્યા કામ ॥
હવે સરવે દેશને અરથે, એક બંધાવિએ સારૂં ધામ ॥૨॥
દેશી પ્રદેશી દર્શન કરે, તેના પ્રજાળવા વળી તાપ ॥
એવું મંદિર એક કરવું, એમ બોલ્યા શ્રીહરિ આપ ॥૩॥
ભાગ્ય જગાડવા ભાલના, ધોલેરે બાંધિએ ધામ ॥
તેમાં બેસારિયે મૂરતિ, અતિ શોભિત સુંદર શ્યામ ॥૪॥
એહ બંદર સુંદર સારું રે, જીયા આવે છે લોક હજારૂ રે ॥

તિયાં મંદિર કરવું એક રે, સારૂં સહુથી વળી વશેક રે ॥૫॥
એમ નાથે કરી નિરધાર રે, પૂછયું પૂંજાભાઇને તે વાર રે ॥
સુણો પુણ્યવાન પૂંજાભાઇ રે, કરીએ મંદિર ધોલેરા માંઇ રે ॥૬॥
વળી સત્સંગીને કહે શ્યામ રે, કો' તો ધોલેરે બાંધિયે ધામ રે ॥
સહુ બોલો શુધ્ધ ભાવે કરી રે, એમ હરીજનને કહે હરિ રે ॥૭॥

હરિભક્તો હાથ જોડીને કહે છે. મહારાજ ! તો તો અમે ધન્ય ધન્ય થઈ જઈશું ! અહીં મંદિર કરો તો અમારું મોટુ ભાગ્ય જાગી જાય, મંદિરના જોગથી અહીં સંતોનો સમાજ કાયમ રહેશે. હરતા ફરતા અમારે સંતોના દર્શન થશે. અમારા માટે એ મોટો લાભ છે. એમાં અમારું ઘણું રૂડું છે. એનાથી વિશેષ અમારા માટે કોઇ પ્રાપ્તિ નથી. આવું સાંભળી શ્રીહરિ ખૂબ રાજી થયા. અને હરિભક્તોની છાતીમાં પોતાના ભવભય હરણ નિર્ભય ચરણ કમળ આપ્યા. શ્રીહરિએ હરિભક્તોની છાતીમાં પોતાના ચરણાવિંદ છાપી તે હરિભક્તોને બ્રહ્મ મહોલના નિવાસી કર્યા. પછી શ્રીહરિ કહે, તમે સૌ બાઈ-ભાઈ મંદિરની સેવામો રહેજો. પૂંજાભાઇ જે અતિપવિત્ર છે, અતિ ડાહ્યા છે અને સહુના મિત્ર છે, તેને સાથે રાખજો. પૂંજાભાઇએ પણ મંદિર માટે પોતાની સંપતિ શ્રીહરિને અર્પણ કરી. પૂંજાભાઇએ પોતાનું અન્ન, ધન, અને આયુષ્ય હરિપરાયણ કરીને રાખ્યું હતુ. જેને જગતનું સુખ ઝેર સમાન હતું. અને પંચ વિષયો સાથે હંમેશ વેર રાખ્યું હતું. તેમના પત્ની પણ એવા ઉદાર હતા. ભાઈઓ કરતા પણ અધિક ભક્તિ બાઇઓની હતી. આવા શ્રધ્ધા વાળા મનુષ્યો જોઇ ભગવાન બહુ રાજી થયા. હરિભક્તો પાસે ધન સંપતિ નહોતી, પરંતું સેવા શ્રધ્ધા બળવાન હતી. તેથી શ્રીહરિ કહે,
તમારી સૌની સેવાથી અહીં મંદિર થશે. અને એ મોટો પરમાર્થ છે. કારણ કે,

યાથી ઉધ્ધરશે લાખુ કોડી રે, એતો નથી કમાણી કાંઇ થોડી રે ॥૧૭॥
બીજા કોટિ કોટિ કરે દાન રે, ના'વે જીવ ઉધ્ધાર્યા સમાન રે ॥
જેથી જનમ મરણ દુઃખ જાય રે, પામે અભય પદ સુખી થાય રે ॥૧૮॥
એતો પરમારથ મોટો ભારી રે, સહુ જૂવો મનમાં વિચારી રે ॥
એમ પોતે બોલ્યા પરબ્રહ્મ રે, પૂર્ણકામ જે પુરુષોતમ રે ॥૧૯॥
*(પ્રકાર : ॥૩૪॥)*



શ્રીહરિએ આ રીતે મંદિર કરવા માટે આજ્ઞા કરી. શ્રીહરિ કહે, અમે આ જગ્યાએ જ્યાં પાટ ઢાળીને બેઠા છીએ, તે ભૂમિ અતિ ઉતમ અને મોટા ભાગ્યવાળી છે. અહીં બેસી અમે જમ્યા છીએ. અહીં ઢોલિયો ઢાળી અમે બેઠા છીએ. આ ભૂમિને તુલ્ય કોઇ આવી શકે નહિં. માટે અંતરમાં અતિ આનંદ લાવીને આ જગ્યાએ મંદિરનો આરંભ કરો. અહીં સહુથી સુંદર મંદિર થાશે. ખાત મુહૂર્ત કરી તત્કાળ અતિ ઉતાવળું મંદિરનું કામ ચાલવા લાગ્યું. હરિભક્તોએ સ્નેહ કરીને રાત દિવસ કામ ઉપાડી લીધું. મંદિર તૈયાર થતા વાર ન લાગી. શ્રીહરિ પધાર્યા.

જોઈ મંદિર મગન થયા રે, સારું સારું કર્યું કે' છે રહ્યાં રે ॥
હવે બેસારિયે જો મૂરતિ રે, રાધાકૃષ્ણની સારી શોભતિ રે ॥૭॥
પછી સમે સિંહાસન માથે રે, મદન મોહન પધરાવ્યા હાથે રે ॥
કરી પૂજા આરતી ઉતારી રે, થયો જય જય શબ્દ ભારી રે ॥૮॥
મદન મોહનની જે મૂરતિ રે, તે તો સુંદર શોભે અતિ રે ॥
જે જે નિરખે નયણા ભરી રે, તેનું મન ચિત લિયે હરિ રે ॥૯॥
એવી મૂરતિયો છે અતિ સારી રે, પ્રતિપક્ષીને પણ લાગે પ્યારી રે ॥
મદનનું★ પણ મોહે મન રે, ત્યારે બીજા ન મોહે કેમ જન રે ॥૧૦॥
શોભાસાગર સુખની ખાણી રે, છબી જાતી નથી જો વખાણી રે ॥
જોઈ જોઈ જન મન લોભે રે, એવા મદનમોહન શોભે રે ॥૧૧॥
મહામનોહર જે મૂરતિ રે, તે તો બેસારી કરી હેત અતિ રે ॥
કર્યો મોટો ઉત્સવ એહ દન રે, સહુને કરાવ્યા ભોજન રે ॥૧૨॥

પ્રેમી ભક્તોને ખૂબ પ્યારો લાગે એવો મહારાજે પ્રતિષ્ઠાનો સુંદર સમૈયો કરાવ્યો. સહુ સંતો રૂડી રીતે રમ્યા, જમ્યા. સહુ પરિપૂર્ણ થયા. શ્રીહરિને હાથે સૌ સંત હરિભક્તો જમ્યા. ઉત્સવ ઉપર જે કોઇ આવ્યા, તે જમ્યા વિનાના ન રહ્યા. ઉત્સવનું જે અન્ન જમ્યા, તે સહુને શ્રીહરિએ મોક્ષભાગી કર્યા.

વળી કર્યા જેણે દરશન રે, તેતો થયા પરમ પાવન રે ॥
એવો કર્યો મોટો ઉપકાર રે, જગજીવ તારવા આ વાર રે ॥૧૬॥
મૂરતિ બેસારી સારી સુંદર રે, અતિ શોભિત મહામનોહર રે ॥

★ કામદેવનું

નિજ ભક્તની પૂરવા આશ રે, મૂર્તિ બેસારી ધોલેરા વાસ રે ॥૧૭॥
કરવા અનેક જીવનું કલ્યાણ રે, આપે ઉઘાડી મોક્ષની ખાણ રે ॥
આવે દેશી પરદેશી દર્શને રે, નિરખે હરખિ હરખિ મને રે ॥૧૮॥
જેણે જેણે જોયા નયણે નાથ રે, વળી પાયે લાગ્યા જોડી હાથ રે ॥
તેનાં સરી ગયાં સર્વે કામ રે, વળી પામશે પરમ ધામ રે ॥૧૯॥
એમ ઈચ્છા કરી છે હરિ આપ રે, જીવ તારવા આપ પ્રતાપ રે ॥
બહુ જનની કરવી છે સાર રે, એવો કરી આવ્યા છે નિરધાર રે ॥૨૦॥

*(પ્રકાર : ॥૩૫॥)*

શ્રીહરિ કહે, સહુ સાંભળો ! અનેક જીવ ઉદ્ધારવા, અમે બહુ મંદિર બનાવ્યા. એવું અમે અચળ કામ કર્યું છે. એમ કહીં શ્રીહરિ વળી ધોલેરાનો મહિમા કહેવા લાગ્યા,

સુંદર મંદિર સારા થયાં, સ્થાપી મૂરતિયો મનોહર ॥
પણ મદનમોહન મારા મનમાં, અતિ સારા લાગે છે સુંદર ॥૨॥
નાનો દેશ નિરસ અતિ, દેહાભિમાનીને દુઃખ રૂપ ॥
તિયાં ત્યાગી હોય તે ટકે, બીજાને સંકટ રૂપ ॥૩॥
માટે મારે એ મંદિર પર, ઘણું ઘણું રહે છે હેત ॥
ધન્ય ધન્ય એહ સંતને, જે ઈયાં રહે છે કરી પ્રિત ॥૪॥
મારે વચને જે ઈયા રહે છે રે, સુખ દુઃખ શરીરે સહે છે રે ॥
એક મને કરવાને રાજી રે, નથી રાખી શરીરશું સાજી રે ॥૫॥
એહ સંત બીજા સંત જેહ રે, બરોબર માનું કેમ તેહ રે ॥
હોય બરોબર બેઉ જ્યારે રે, ત્યારે ★તમ ઘણું ઘેર મારે રે ॥૬॥
પણ એમ જાણશોમાં કોય રે, જેહ ત્યાગ વા'લો મુને નોય રે ॥
માટે સેજે સેજે તપ થાય રે, એવું છે જો એ મંદિર માંય રે ॥૭॥
એહ સંતને જમાડશે જેહ રે, મોટા સુખને પામશે તેહ રે ॥
બીજા જકતના જમાડે ક્રોડ્ય રે, તોયે આવે નહિ એની જોડ્ય રે ॥૮॥
એને પૂજી ઓઢાડે અંબર રે, વળી પાયે લાગે જોડી કર રે ॥
તે તો જન જાયે બ્રહ્મમોલ રે, સત્ય માનજો છે મારો કોલ રે ॥૯॥

★તમ -અંધારું



શ્રીહરિ કહે, જે જેનો મારા રાજીપામાં રહીને હાથ જોડીને સામા ઉભા રહેતા હોય, મારી આજ્ઞામાં વર્તતા હોય એવા સંતો મને બહુ વ્હાલા લાગે છે. એથી અધિક કોણ સારા છે ? જે કોઈ ભક્તિથી ભાગતા ફરે, તેવા દેહાભિમાની તો મને દિઠા પણ ગમતા નથી. નિષ્કુળાનંદ સ્વામી કહે, શ્રીહરિના શ્રી મુખની વાણી સાભળીને મેં આ સત્ય લખ્યું છે, એમ માનજો. સ્વામી આગળ લખે છે.

જેવો સંતનો કર્યો સતકાર રે, તેવો મૂરતિમાં ચમત્કાર રે ॥
જેહ દિનથી બેઠી એ મૂરતિ રે, તેહ દિનથી થયું સુખ અતિ રે ॥૧૨॥
શે'રમાં પણ થયો સમાસ રે, દેશી પ્રદેશી વસ્યા કરી વાસ રે ॥
જીયાં હતાં વાંસડાના ઘર રે, તિયાં થઈ હવેલીયો સુંદર રે ॥૧૩॥
તે તો મદનમોહન પ્રતાપ રે, સહુ સુખિયાં થયા છે આપ રે ॥
તે તો જાણે છે પોતાના જન રે, બીજાને તો મનાયે નહિ મન રે ॥૧૪॥
પણ જાણે અજાણે જે જન રે, કરશે મદનમોહનના દર્શન રે ॥
તે તો આલોક પરલોક માંઈ રે, મોટા સુખને પામે સદાઈ રે ॥૧૫॥
જાણે અજાણે લેશે જે નામ રે, તે તો જન છે પૂરણ કામ રે ॥
ભાવ સહિત કરશે ભજન રે, તેનું બ્રહ્મમો'લે છે સદન રે ॥૧૬॥
તેહ સારૂ છે ધોલેરા ધામ રે, બહુ જીવનું કરવા કામ રે ॥
દેશી પ્રદેશી આવી ત્યાં બહુ રે, કરે હરિના દર્શન સહુ રે ॥૧૭॥
પૂર્વ પશ્ચિમ ઉતર દક્ષિણ રે, આવે ત્યાંથી તણાઈ તતક્ષણ રે ॥
સો સો જોજનથી આવે જન રે, કરે મદનમોહન દર્શન રે ॥૧૮॥
તે તો અવિચળ ધામમાં આપે રે, જાશે પ્રગટ પ્રભુ પ્રતાપે રે ॥
તેમાં સંશય કરશોમાં કોય રે, હરિ ધારે તે શું શું ન હોય રે ॥૧૯॥
માટે એ મૂરતિ દ્વારે કરી રે, જાશે બહુ જીવ ભવ તરી રે ॥
તેહ સારૂં કર્યું મહારાજે રે, અમૃતપદ પમાડવા કાજે રે ॥૨૦॥

*(પુ.પ્ર.ષટત્રિંશ : પ્રકાર ॥૩૬॥)*

**(૭) ધોળકા શ્રીમોરલી મનોહર દેવ ૧૮૮૩ વૈશાખ વદ-૫ :**

સત્સંગિભૂષણ અંશ-૩ માં વાસુદેવાનંદ બ્રહ્મચારી લખે છે, કૃપાળુ શ્રીહરિ વડતાલમાં જય જય કાર કરી અને ગઢપુર જવાનો વિચાર કરે છે.

ત્યાં ધોળકાના રેવાશંકરભાઇ સ્વામિનારાયણ ભગવાનને કહે છે. મહારાજ ! મારી પણ ઇચ્છા છે મારુ ઘર છે ત્યાં જ મૂર્તિઓ પધરાવો. મારું ઘર મંદિર બની જાય. શ્રીજી મહારાજ એ જ વખતે મૂર્તિઓ આપે છે. લ્યો, આ રાધાકૃષ્ણદેવ. આમનું નામ આજથી મોરલીમનોહર અને અમે જ્યારે ધોળકા આવીશું ત્યારે આ મૂર્તિઓ ત્યાં પધરાવીશું.

સિંહાસન, જાળી, દ્વાર વગેરે સંપૂર્ણ થઇ ગયા બાદ રેવાશંકરભાઇની પ્રાર્થનાથી મહારાજ વડતાલથી સંતો-ભક્તો સાથે ધોળકા પધાર્યા. એક સમયનું એ વિરાટનગર હતું. રેવાશંકરભાઇને ત્યાં સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે મોરલીમનોહર દેવની સ્થાપના કરી. આરતી ઉતારી. ધોળકામાં જે ભૂદેવો હતા, એ બધાને ત્યાં બોલાવેલા. પ્રતિષ્ઠાયાગ વિધિવત થયો. શ્રીજી મહારાજે ભૂદેવોને જમાડ્યા. દક્ષિણા આપી. અને શ્રીહરિએ કહ્યું કે આ મોરલી મનોહરદેવ અત્યંત પ્રતાપી થશે. રેવાશંકરભાઇ, અહીં તો મોટું મંદિર પણ થશે. અને આ મોરલીમનોહર દેવ સૌના મનોરથો પૂરા કરશે.

સત્સંગિજીવન ચતુર્થ પ્રકરણમાં અ. ૪૭ માં પણ શતાનંદ સ્વામીએ મહારાજે ધોળકામાં સ્વહસ્તે મોરલીમનોહરદેવ પધરાવ્યા તેનું સુંદર વર્ણન કર્યું છે. ધોળકાથી રેવાશંકર નામના બ્રાહ્મણે આવી શ્રીહરિને નમસ્કાર કર્યા, પ્રાર્થના કરી, હે પ્રભુ ! તમારી આજ્ઞાથી અમારા ધવલપુર (ધોળકા ) માં મંદિર તૈયાર થઇ ગયું છે. કૃપા કરીને આપ પધારો અને મૂર્તિપ્રતિષ્ઠા કરો. મહારાજે વડતાલમાં લક્ષ્મીનારાયણદેવની પ્રતિષ્ઠા વખતે જેવો ઉત્સવ કર્યો હતો એવો જ મોટો પ્રતિષ્ઠા ઉત્સવ ધોળકામાં પણ કર્યો.

સ.ગુ. પ્રસાદાનંદ સ્વામીની વાતોમાં વિશ્રામ ૯૧ માં સ્વામી લખે છે. રેવાશંકરભાઇના આમંત્રણથી મહારાજ અમદાવાદમાં રામનવમીનો સમૈયો કરી, જેતલપુર થઇ ધોળકા પધાર્યા. પછી ઘોડીએથી ઉતરીને મંદિરમાં સિંહાસન પાસે જઇને ઉભા અને ઘોડા નાગેસર મોકલ્યા. પછી ગોપાળાનંદ સ્વામી પાસે વેદિકા કરાવી. પછી બીજા દિવસે વેદિયા બ્રાહ્મણો પાસે વેદ મંત્રોથી, સ્વહસ્તે વિક્રમ સંવત ૧૮૮૩ ના વૈશાખ વદ- ૫ ને તા .૧૫-૫-૧૮૨૭ ને બુધવારના રોજ મહારાજે મોરલી મનોહર દેવ તથા રાધાજીને પધરાવીને આરતી ઉતારી. હજારો બ્રાહ્મણોની ચોરાશી કરીને જમાડ્યા અને



દક્ષિણા આપી. પછી નિર્મળાનંદ સ્વામીને મંદિરના મહંત સ્થાપી આજ્ઞા કરી કે તમારે અયોધ્યાપ્રસાદજીને પૂછીને મંદિરનું કામકાજ કરવું.

નિષ્કુળાનંદ સ્વામી પુ.પ્ર. મધ્યે ત્રેત્રીશમાં પ્રકરણમાં લખે છે.

વળી ધોળકે મંદિર કરાવી રે, તેમાં મૂર્તિ સારી પધરાવી રે ॥
એવો કરીયો એહ ઉપાય રે, જેણે કરી જન સુખી થાય રે ॥૯॥
(મોરલીમનોહર હરિકૃષ્ણ રે, પોતે શ્રીજી થઇ અતિ પ્રશન રે ॥
જીવ અનંત ઉધ્ધારવા કાજે રે, આવ્યા ત્યાં ઘણી વાર લઇ સમાજ રે॥)
કરાવિયું એ કાજ સંત રાજે રે, બહુ જીવને તારવા કાજે રે ॥૧૦॥

શ્રીહરિ સ્થાપિત નવ મહામંદિરો પૈકી ધોળકા મંદિર અમદાવાદ દેશના તાબાનું જ એક મહામંદિર છે.

## (૮) જૂનાગઢ શ્રીરાધારમણદેવ ૧૮૮૪ વૈશાખ વદ-૨ :

જૂનાગઢનું વિશાળ અને ભવ્ય મંદિર બ્રહ્માનંદ સ્વામીએ બંધાવેલું છે. જે જવાહર ચોકમાં આવેલું છે. સોરઠના ભક્તોનું આપણા સંપ્રદાયમાં એક આગવું નામ છે. જેમાં જીણાભાઇનો ખૂબ મહિમા છે. જીણાભાઇના ભાઇ ગગાભાઇ પણ સારા ભક્ત હતા. જીણાભાઇને જગત માટે ખર્ચ કરવામાં ઉત્સાહ રહેતો નહિ અને સંત, હરિભક્તો માટે ખર્ચ કરવામાં પાછો પગ ધરતા નહી. એકથી ચાલતું હોય ત્યાં દશનો ખર્ચ કરતા અને સત્સંગને અર્થે વપરાય તેને ધન્ય ભાગ્ય સમજતા. રાત દિવસ શ્રીહરિની મૂર્તિ વિસરતા નહીં. સોરઠમાં એવા ઘણા હરિભક્તો હતા. પર્વતભાઇ, રાજાભાઇ, ભીમભાઇ, જેઠોમેર, ગોરધન, હિરાભાઇ ઠક્કર વગેરે તેવા ભક્તો હતા. માણાવદરમાં જે જે કણબી હરિભક્તો હતાં તે સત્સંગની મૂર્તિ જેવા હતા. સત્સંગને મુખ્ય રાખીને સંસારનું કામ કરતા. સોરઠના જેટલા સત્સંગી બાઇ ભાઇઓ તે સૌ સત્સંગના સ્તંભ જેવા હતા, પણ કોઇના કળ્યામાં આવતા નહિ. શ્રીહરિના વચન પ્રમાણે સૌ વર્તતા. સંસારમાં હાણ- વૃધ્ધિ થાય તેનો હર્ષશોક રાખતા નહિ. પણ ઘરમાં મહેમાન થઇને રહેતા જેથી કોઇનું મરણ થતા વિયોગનું દુઃખ થતું નહિ, અને ધ્યાન ધારણાનો અભ્યાસ રાખતા જેથી ગૃહસ્થાશ્રમી હોવા છતાં જોગી જેવા હતા. કોઇ મારે કે ગાળ દે તો પણ મોઢેથી વચન બોલતા નહિ તથા કોઇની સાથે વિરોધ કે વેર થાય તેવી ક્રિયા કરતા નહિ. ખાવા પીવા માટે પણ ક્લેશ કરતા નહિ. સત્સંગને માટે તન, મન,ધન

કોઇ પણ કામ ન લાગે તેને કુસંગ સમજતા. પશુ, વાહન, ખેતી, આ બધું સત્સંગના કામમાં ન આવે તો તેને ભોગવતા નહિ. વસ્ત્ર, ભોજન, આભૂષણ, આદિ પણ સત્સંગમાં કામ ન લાગે તો વાપરતા નહિ. એવા હરિભક્તોના દર્શન કરવા શ્રીહરિએ બીજા દેશના હરિભક્તોને ત્યાં તેડાવેલા. દરેક દેશના હરિભક્તોને વર્ષમાં એક વખત શ્રીહરિ ભેગા કરતા, જેથી સત્સંગની પરસ્પર સમવૃધ્ધિ થતી. અને પોતપોતાની ન્યૂનતા ઓળખીને ચઢતો રંગ રાખતા.

સોરઠના ઘણા હરિભક્તો અત્યંત હેતવાળા અને સમાધિનિષ્ઠ હતા. શ્રીહરિની મૂર્તિ નખ શિખ ઉરમાં ધારી અપાર સુખનો અનુભવ કરતા. શ્રીહરિ દેહમાં રાખે તો પણ ધ્યાનમાં દોડી જતા. શ્રીહરિને હરિભક્તોએ ઘેર ઘેર પધરાવ્યા છે.

શ્રીહરિની પૂજા સેવા કરાવવા માટે મયારામ ભટ્ટ શ્રીહરિની પાસે રહેતા. તે હરિભક્તને પૂજા કરવાની રીત બતાવતા. ભાયાવદરના એક નાગર હરિભક્ત, જાળીયાના હીરા ઠક્કર, જૂનાગઢના દાદાભાઈ નાગર તથા દેવરામ સુથાર, ગોકુળભાટીયા, માળિયાના લુવાણા, પાટણના બારોટ માનસિંહ, પોરબંદરના સુથાર ભગવાનજી, અને માંગરોળના હરિભક્ત તે જાણતા. માણાવદરના ભક્ત, પંચાળાના જીણાભાઈ, અગત્રાઇના પર્વતભાઇ એ બધા સોરઠના હરિભક્તો સમાધિનિષ્ઠ હતા. મૂર્તિમાં રહીને ઘરનું કામકાજ કરતા. સંતો પોતાને ગામ આવે તે કહ્યાં વિના દેખતા. શ્રીહરિ કોઇને અંતકાળે તેડવા જાય તે પણ દેખતા. એમ શ્રીહરિના પ્રતાપે એવા અગણિત ભક્તો હતા. શ્રીહરિએ ગઢપુરમાં ઉતમ રાજાના ભવનમાં સોરઠના ભક્તોના નિર્મળ મન, વિશ્વાસીપણું, સત્સંગમાં દ્રઢતા, ડહાપણ વગેરે ગુણોની પ્રંશંસા કરી હતી.

જૂનાગઢના નવાબની પણ શ્રીહરિ પ્રત્યે ઉંચી સમજણ હતી. નવાબ કહેતાઃ- કાઠી, કોળી વગેરે લોકો બધી પ્રજાને લૂંટે છે. તે બધાય ને તેમણે વશ કર્યા છે. અને અંત સમયે હરિભક્તને વિમાન લઇ તેડવા આવે છે. સત્સંગમાં ઠેકાણે ઠેકાણે એવું સંભળાય છે. મદ્ય, માંસ, ચોરી અને જારી જેવા મુખ્ય પાપ તેમને માનનારા લોકો કરતા નથી, એ પણ તેમનો મોટો પ્રતાપ છે. પાપ તજે નહિ અને ગમે તેવી સિધ્ધિઓ દેખાડે તો પણ તેને પેગંબર કહેવાય નહિં.



સ્વામિનારાયણ કરામત ન દેખાડે તો પણ તેમનામાં બધી કરામત રહી છે. એમ હું માનું છું. આખી ભૂમિનું રાજ તેમને કોઈ દે તો પણ તે લેવાનો લોભ કરે નહિ. ચૌદ લોકોના સુખને પણ વિષ સમાન દેખે છે. સ્ત્રી સાથે કોઈ પ્રકારનો સંબંધ રાખતા નથી. વસન ભૂષણમાં તેને પ્રીતિ નથી. ઉપરથી દુનિયાની રીત રાખે છે. આ પ્રમાણ નવાબે કહેલું. જૂનાગઢમાં શ્રીહરિ પધારેલા તે સમયે નાગરો એ નવાબને ઘણી કાન ભંભેરણી કરી હતી, પરંતુ નવાબ તેમાં લેવાયા નહિ. શ્રીહરિ જૂનાગઢ પધાર્યા ત્યારે પાખંડ રૂચિના જે સિધ્ધો હતો તે સૌ ગિરનારમાં ભાગી ગયા. નિર્દંભી સિધ્ધો હતા, તેમણે માન્યું કે અનંત જન્મના તપ ફળ્યા ત્યારે શ્રીહરિ દર્શન દેવા આવ્યા છે. નવાબે પોતાના નાગર દીવાન વતી શ્રીહરિની પૂજા કરાવેલી. કેટલાક નાગરો પણ શ્રીહરિ ના ઉતમ ભક્તો હતા. શ્રીહરિ ને કહેતા કે મહારાજ ! અમારો આપે હાથ ગ્રહ્યો છે. તે છોડશો નહિ. અમારી જ્ઞાતી ખળમાં ખળ છે. તેને તમે સત્સંગ કરાવ્યો. નરસિંહ મહેતા ભક્ત થયા તેને પણ અમારા લોકોએ નિંદા કરી જ્ઞાતિ બહાર મૂક્યા. કોઈ પણ ભક્ત નાગરમાં થાય તેને સૌ ભેગા થઈને ડરાવે છે. જેથી કોઈ સત્સંગ કરતું નથી. અને હરિથી વિમુખ રહીને મરે છે. શિવની ભક્તિ સૌ કરે છે અને ભગવાનનું નામ લેતા નથી. શિવને જ બ્રહ્મરૂપ માને છે. તેથી પર કોઇને માનતા નથી. શિવની પ્રસાદિની ભાંગ પણ પીવે છે. કેટલાક શક્તિમાર્ગને માનનારા છે. જે ભગવાનના સેવકો છે, તે તો દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર ત્યજીને પવિત્રમાં પવિત્ર વસ્તુથી ભગવાનની પૂજા કરે છે. તથા ધૂપ, દીપ અને નૈવેદ ઉત્તમ પ્રકારના રાખીને તુલસી, ફૂલ, ચંદન, આદિકથી ભગવાનને પૂજીને તેમના ચરણમાં પ્રેમ કરી નામ જપ કરે છે. જેથી અનંત જન્મના પાપ અને ચોરાસીના ફેરાથી મુક્ત થાય છે. જ્ઞાની ભક્તો નામ અને નામીને એક સમજીને ભગવાનનું નામ લે છે.

જૂનાગઢ શહેરમાં જ્યારે સ્વામિનારાયણ ભગવાન પધાર્યા ત્યારે દ્વેષી લોકોએ જૂનાગઢના મુસ્લિમ નવાબને ઘણી ઉશ્કેરણી કરેલી. પરંતુ ઉશ્કેરણી સદંતર નિષ્ફળ ગઇ. પ્રસંગ એવો બન્યો કે પ્રભુના દર્શન કરવા જૂનાગઢ શહેરમાંથી માણસો ઉમટ્યા. નાના, મોટા, વૃધ્ધો, બાળકો સૌ કોઈ પોતપોતાનું ઘર છોડી રસ્તા પર આવી ગયા છે. ત્યાં કોઈ કાકડીનું ગાડું વેચવા માટે

પસાર થયું. એક નાના બાળકને તેના પિતાએ કાકડી લાવી દીધી. આ બાળકના હાથમાં કાકડી હતી, અને નજર સ્વામિનારાયણ ભગવાનની સામે હતી. સ્વામિનારાયણ ભગવાનની સામે આ છોકરો જોયા કરે છે. કેટલાય ભક્તો હાર પહેરાવે છે, ભેટો અર્પણ કરે છે. ફળ આપે છે, પુષ્પ આપે છે. આ છોકરાને અંદરથી ઉર્મિ જાગી. આ બધા આપે છે તો આ મારી કાકડી હું ભગવાનને આપુ તો ! નાનો બાળક માથું મારી ભીડની અંદર પ્રવેશી ગયો. ભગવાન તો માણકી ઉપર અસવાર હતા. હાથ તો પહોંચે નહિ. માણકીની બાજુ બાજુમાં ચાલે છે ને હાથ ઉંચો કર્યો. ભગવાન ભક્ત વત્સલ છે. પ્રભુ ભાવનાના ભૂખ્યા છે. બાળકના હાથમાંથી કાકડી લઇ લીધી. પ્રભુએ હાથમાં કાકડી રાખી, છોકરો હજુ ખસતો નથી, જોડે જોડે ચાલે છે. એને બીક છે કે આ બધા ભક્તો ભેટો આપે છે અને ભગવાન બીજાને આપી દે છે. તેમ મારી કાકડી હમણાં જ કોઈક ને આપી દેશે. પ્રભુ એના મનના સંકલ્પ જાણીને ભરી અસ્વારીએ, હજારો માણસો જ્યાં દર્શન કરતા હોય, ગુલાલ ઉડતો હોય, વાજીંત્રો વાગતા હોય, જય જયકાર થતો હોય અને એક બાળકના મનને રાજી કરવા સ્વામિનારાયણ ભગવાન કાકડી આરોગવા લાગ્યા. પરમાત્મા કોઈની દરકાર કર્યા વગર, કોઈની ચિંતા કર્યા વગર, બાળકનું ભક્તિ રસથી ભરેલું મન પ્રસન્ન કરવા ભગવાને કાકડી મુખે લગાડી અને ઈર્ષ્યાળું વ્યક્તિઓએ નવાબને કહ્યું, નવાબ જુઓ, જુઓ તમે કહો છો સ્વામિનારાયણ ખુદા છે. આટલા બધા માણસો વચ્ચે કાકડી જમ્યા કરે છે. તુચ્છ વસ્તુ, કાકડી, કોઈની દરકાર કર્યા વગર આરોગે છે. અને તમે કહો છો ખુદા છે !

નવાબે પોતાના રાજ્ય મહેલના રવેશમાંથી જોયું કે પ્રભુ કાકડી આરોગે છે. નવાબ કહે મારે નીચે ઉતરવું છે. સ્વામિનારાયણના ચરણમાં જઈને મારે વંદન કરવા છે. કારણ કે મને ખાત્રી થઈ કે સ્વામિનારાયણ સાક્ષાત્ ખુદા છે. આટલા માણસો જેનો જય જયકાર કરે, ભરી અસ્વારીમાં નગર વચ્ચેથી પસાર થઈ રહ્યા છે. આ બધાની વચ્ચે બેસીને કોણ ખાઈ શકે ! કાં તો કોઈ ગાંડો માણસ હોય તો ખાય, કા ખુદા ખાઈ શકે, બાકી કોઈ આરોગી ન શકે. ખુદાને કોઈની પડી ન હોય, અને નવાબે જઈને પ્રભુને નમસ્કાર કર્યા.

જીણાભાઈના રાજમહેલમાં પ્રભુએ નિવાસ રાખ્યો. મહાપ્રભુ હાટકેશ્વર



મહાદેવજીના દર્શને પધાર્યા. ત્યાં અનેક નાગરોને ઘણી ઘણી દક્ષિણાઓ આપી. શ્રીજી મહારાજ જીણાભાઈને ત્યાં આવીને કહે છે જીણાભાઈ ! હવે તો તમે ખુશ થયા ને ? મહારાજ ! મારા મનનો એક સંકલ્પ બાકી રહી જાય છે. અમદાવાદ, ભુજ, મૂળી, વડતાલમાં જે તમે મંદિરો કર્યા છે એ પ્રમાણે મહારાજ, મારા મનની ઈચ્છા છે. આ જૂનાગઢમાં પણ એક સુંદર મંદિર તૈયાર કરાવો. મારો આ દરબારગઢ આખો સમર્પી દઉં. તથાસ્તુ ! સ્વામિનારાયણ ભગવાને હા પાડી બ્રહ્માનંદ સ્વામીને કહ્યું, સ્વામી આ કામ તમારે ઝડપી લેવાનુ ંછે. સ્વામીએ હા પાડી. કવિરાજ બ્રહ્માનંદ સ્વામી પ્રભુની આજ્ઞાથી જૂનાગઢ રોકાયા. બ્રહ્માનંદ સ્વામીએ જૂનાગઢમાં પોતાની ઝોળી ભરાવી. સોરઠના હરિભક્ત સત્સંગીઓને એકઠા કરી જૂનાગઢ મંદિરનું કામ ચાલું કર્યું. નવાબ સરકારને સ્વામી અવારનવાર મળવા જતા.

એકવાર નવાબે સ્વામીની આગળ કહ્યું કે મે સાંભળ્યું છે કે તમારી કોઈ કવિતા અજબની હોય છે. અને બ્રહ્માનંદ સ્વામીએ, 'રાજ ભયો કહાં કાજ સર્યો' સવૈયો સંભળાવ્યો. સ્વામી કહે છે રાજા થયા એટલે કંઈ કામ થયું નથી, કામ તો ભક્તિ કરો પછી પુરું થાય. નવાબ કવિતાનો ચાહક હતો. વાહ, બ્રહ્માનંદ વાહ ! સુંદર કાવ્ય સંભળાવ્યું ! બ્રહ્માનંદજી મારા નામની એક કવિતા જો કરી આપો તો સ્વામિનારાયણ ભગવાનનું મંદિર આખું મારી તીજોરીમાંથી કરાવી દઉં. બ્રહ્માનંદ સ્વામીએ સચોટ જવાબ આપ્યો કે નવાબ, આ મુખ છે એ સાકર ચાવવા માટે છે. કોલસા ચાવવા માટે નથી. આ જીભ છે એ ઈશ્વરના ગુણ ગાવા માટે છે. રાજા મહારાજાઓના ગુણ ગાવા માટે નથી. જેને મોક્ષ જોઈતો હોય, એણે કોઈ દહાડો માણસની સ્તુતિ ન કરવી. સ્તુતિ પ્રાર્થના પરમાત્માની કરવી. માણસની સ્તુતિ કોલસા ચાવવા બરોબર છે. નવાબ જોઈ રહ્યો. મારી સામે આવો સડસડતો જવાબ આપનાર કોણ હોય ! બ્રહ્માનંદ તો સાચો ઓલીયો છે. ઓલિયો એટલે મહાપુરુષ. સંસારમાં બેઠેલા કોઈ જીવડાઓ મારી સામે આવો જવાબ ન આપી શકે, છતાં નવાબે કહ્યું, તમે કહેશો એ હું જૂનાગઢ મંદિરમાં સેવા કરીશ. બ્રહ્માનંદ સ્વામી કહે, તમારે લાયક સેવા હશે તો હું બતાવીશ. બાકી રાજ્યની તીજોરીના પૈસા અમારે નથી જોઈતા. અમારા મંદિરો જે બન્યા છે અને હવે જે બનશે,એ બધા

જ મંદિરો સત્સંગીઓના પ્રેમથી જે કંઇ સમર્પણ મળે એનાથી બનશે. બાકી સત્તાધારીઓની સંપતિ અમારે જોઇતી નથી. ભગવાન ગઢપુરમાં બિરાજતા હતા, ત્યાં જૂનાગઢથી બ્રહ્માનંદ સ્વામીનો પત્ર આવ્યો હે દયાળુ ! આપ જૂનાગઢ પધારો અને દેવપ્રતિષ્ઠા કરો. આપની આજ્ઞા પ્રમાણે અહીં રાધારમણદેવની મૂર્તિઓ બહુ સુંદર તૈયાર કરાવી છે.શ્રીજી મહારાજે મુહૂર્ત જોવરાવ્યું. ૧૮૮૪ વૈશાખ વદ બીજના દિવસે શ્રીજી મહારાજે હજારો ભક્તો અને સંતોના મહામોટા સમુદાય વચ્ચે જૂનાગઢમાં સ્વહસ્તે રાધારમણદેવની સ્થાપના કરી. સિધ્ધેશ્વર મહાદેવજીની સ્થાપના કરી. આરતી ઉતારી. રાધારમણદેવનો મહિમાં કહ્યો. સોરઠના સત્સંગીઓને કહ્યું કે, હે ભક્તજનો ! તમે અહીં આવજો રાધારમણદેવના દર્શન કરજો. ધર્માદો, થાળ, ભેટ અહીં અર્પણ કરજો. અમે અહીં આ સ્વરૂપે અખંડ બિરાજીશું.

ગોપાળાનંદ સ્વામીનું પણ વરદાન છે કે, જૂનાગઢમાં સિધ્ધેશ્વર મહાદેવની સમક્ષ જે મહાપૂજા કરે - કરાવે છે તેના મનના શુભમનોરથો પરિપૂર્ણ થાય છે. તે સમયે ગોપાળાનંદ સ્વામીએ મહાપૂજાના ફક્ત બે રૂપિયા ઠરાવ્યા હતા. હાલમાં મોંઘવારી પ્રમાણે મહાપૂજાના સમયોચિત પંદર રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. જેનો અનેક ભક્તજનો લાભ લે છે.

**દામોદર કુંડ :-** જૂનાગઢ મહિમા અંતર્ગત દામોદર કુંડની લીલા તથા મહિમા અત્રે નિરૂપણ કરું છું. શ્રીહરિ સંઘ સાથે દામોદર કુંડે નહાવા પધાર્યા. મહારાજ દામોદર કુંડે પધારી, એક ખેસ પહેરી, સ્નાન કરવા લાગ્યા અને પછી સંતોએ સ્નાન કર્યું. શહેરમાં મરે તેને અહીં સુધી અગ્નિ સંસ્કાર કરવા લાવતા. શ્રીહરિએ ત્યાં સ્નાન કર્યું તેથી તે તીર્થ સ્થાન બન્યું. ત્યાં જેને બાળતા તેની શુદ્ધ ગતિ થતી. શ્રીહરિ સ્નાન કરીને નીકળ્યા ત્યારે દામોદર ભગવાનના પૂજારીએ આવીને મહારાજને ચાંદલો કર્યો. ત્યારે મહારાજ બોલ્યા જે માગો તે આપું. ત્યારે પૂજારી બોલ્યા કે હે મહારાજ ! દામોદર ભગવાનની મૂર્તિ ઉપર જળ પડે છે તે સમું કરાવવું છે. ત્યારે મહારાજ બોલ્યા જે માયારામ ભટ્ટ ! પૂજારીને સાતસો મહોર આપો. પછી ભટ્ટ કહે ઠીક મહારાજ, ત્યારે તે પૂજારીએ ફરીથી વેદમંત્ર બોલીને ચાંદલો કર્યો. ત્યારે મહારાજે જરિયાની વસ્ત્રો ઉતારીને તે પૂજારીને આપ્યા. પછી મહારાજે



હરિભક્તોને નહાવાની આજ્ઞા કરીને બોલ્યા જે બ્રાહ્મણોને દક્ષિણા આપો. પછી સત્સંગી હરિભક્તો મહારાજની પૂજા કરીને અનેક ઘરેણા તથા વસ્ત્રો ધારણ કરાવ્યા. તથા ભેટો મૂકી. અને પરમહંસો સન્યાસીઓ વગેરેએ પણ મહારાજ ને ફૂલના હાર ધારણ કરાવ્યા.

દામોદર ભગવાન પ્રસન્ન થઇને બ્રાહ્મણોને મુખે બોલ્યા કે, હરિભક્તો વિનાના જે જનો અહીંયા આવે છે તે ઉત્પાત અને ફેલ ફરે છે. તેમને ભાવ પ્રમાણે ફળ મળે છે. શિવરાત્રિ ઉપર અપાર લોકો આવે છે. તે મર્યાદા છોડીને પુરુષો સ્ત્રીઓને, સ્ત્રીઓ પુરુષોને ઉદ્દેશીને લાજ ત્યજીને નાગું બોલે છે. પરસ્પર ધક્કામુક્કિ કરે છે. અને એક બીજાના મુખ જુવે છે. બધા તીર્થોમાં લોકો નીડર થઇને આ પ્રમાણે કરે છે. તમારા સંત હરિભક્તોના પ્રતાપ અમે જાણીએ છીએ. તમારો તે પ્રતાપ છે. જે વાતો સાંભળે છે, તે છળ કે કપટ, ફેલ કેફનો ત્યાગ કરે છે. એમ વિપ્રે વાત કરી. શ્રીહરિએ તેને બહુ દાન આપ્યું પછી પુરમાં આવી ત્રણ દિવસ રહ્યાં.

વૈરાગ્ય મૂર્તિ સ.ગુ.નિષ્કુળાનંદ સ્વામી લખે છે. શ્રીહરિએ સોરઠ દેશના ભકતો માટે જૂનાગઢમાં મંદિર કરવા યોગ્ય જમીન જોઇ. અને નક્કી કર્યું કે, આ સ્થળે જો મંદિર થાય તો તેનો મહિમા ખૂબ વધે કારણ કે,

મોટું શહેર તીરથ વળી મોટું રે, જીયાં આવે મનુષ્ય કોટાનકોટુ રે ॥૭॥
તેહ સહુને થાયે દરશન રે, તેણે કરી તરે બહુ જન રે ॥

વળી ભક્તો બધા રામાનંદ સ્વામીના શિષ્યો છે. ભગવાનનું પ્રેમથી ભજન કરે છે. ખૂબ નિષ્પાપી અને સમાધિનિષ્ઠ છે. અમે પણ વર્ણીવેશે આ દેશમાં રહી ગયા છીએ. પવિત્ર દેશ જોઇને, અનેક જીવને ઉધ્ધારવા અમે લોજ ગામમાં રહ્યા હતા. અમે ખૂબ વાર્તાઓ કરીને અમારો પ્રતાપ જણાવતા અને ભક્તો ખૂબ પૂર્ણ કામ થઇ જતા. અમારા પ્રતાપથી સમાધિને વિશે કોઇ ભક્તો દેવલોકનું તો કોઇ સત્ય લોકનું, કોઇ કૈલાસનું, કોઇ બદ્રિવનનું, કોઇ શ્વેતદ્વીપનું, કોઇ પાતાળ તો કોઇ સ્વર્ગ કે પૃથ્વી લોકનું તો કોઇ વળી ગોલોક કે અક્ષરધામનું પણ દર્શન કરતા. એક બીજાનું મન, એક બીજાના સંકલ્પ જાણતા. આવા સોરઠના ભક્તો હવે અમારા વિના ઉદાસ ન રહે. માટે જૂનાગઢમાં એક સારું મંદિર કરાવું, જેથી અમારું ઘણું ગમતું થાય. પછી

શ્રીજી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને આજ્ઞા કરી એટલે સ્વામીએ થોડા દિવસોમાં અતિ સુંદર અને વિશાળ મંદિર તૈયાર કરી દીધું. શ્રીહરિ મૂર્તિ પ્રતિષ્ઠા કરવા પધાર્યા. શ્રીહરિ સંતોને કહે છે, મારે હાથે હું મૂર્તિઓ પધરાવું છું જેથી પાછળથી એ મૂર્તિઓનો મહિમા અવર્ણનીય બને.

પછી મંદિરમાંહી મૂરતિયો, પધરાવી કરી બહુ પ્રિત ॥
સુખકારી તે મૂરતિ, અતિ સારી સુંદર શોભિત ॥૧॥
મધ્યના મંદિરમાં મનોહર, જોયા જેવી છે જોડ ॥
પ્રેમે કરી પધરાવિયા, ત્રિકમરાય રણછોડ ॥૨॥
પૂર્વ દે'રે પધરાવિયા, રાધા રમણ કૃષ્ણકૃપાળ ॥
આવી બેઠા ગરૂડાસન, અતિ દયા કરીને દયાળ ॥૩॥
પશ્ચિમ દેરે પધરાવિયા. શિવ પારવતી સુખ રૂપ ॥
ગણપતિ વૃષભ વળી, મળી શોભે છે અતિ અનુપ ॥૪॥
સુંદર મૂરતિયો સરખી સારી રે, તે તો મદિરમાંય બેસારી રે ॥
જોયા જેવી મૂર્તિ જૂનાગઢ રે, જે જે જુવે તેને લાગે રઢ રે ॥૫॥
એવી પોતે મૂર્તિ પધરાવી રે, ગઢડેથી જૂનેગઢ આવી રે ॥
કરવા અનેક જીવનું કલ્યાણ રે, કર્યુ કામ શ્યામ સુજાણ રે ॥૬॥
કર્યો ઉત્સવ અતિ ત્યાં ભારી રે, આવ્યા દર્શને સૌ નરનારી રે ॥
તેને ભોજન કરાવ્યા ભાવતા રે, પછી નાહીં નાથ જમ્યા હતાં રે ॥૭॥

શ્રીહરિએ પોતે જમીને સૌને ભાવથી પીરસીને જમાડ્યા. વારંવાર પંક્તિમાં લાડુ ફેરવ્યા. કોઇ એક લાડુ માગે તો બે લાડુ પીરસે. એમ પ્રિતથી અતિ હેત દેખાડીને હરિભક્તોને જમાડ્યા. પછી સંતોને મળી શ્રીહરિ ગિરનાર પર્વત પર ચડ્યા. નિષ્કુળાનંદ સ્વામી આગળ લખે છે,

મંદિર કરાવ્યું જે મહારાજે રે, સહુ જીવના કલ્યાણ કાજે રે ॥
કોઈ આવી દર્શન કરશે રે, તે તો અપાર સંસાર તરશે રે ॥૧૧॥
એહ મોટો કર્યો ઉપકાર રે, બહુ જીવ તારવા આ વાર રે ॥
પશ્ચિમ દેશ કરવા પુનિત રે, કર્યું મંદિર સારું શોભિત રે ॥૧૨॥
વળી સંતને આપી આગજ્ઞા રે, રે'વું નહિ આંહી આવ્યા વિના રે ॥
વરષોવરષ એક માસ રે, કરવો આ મંદિર માંહી વાસ રે ॥૧૩॥



એવી આગજ્ઞા આપી દયાળે રે, તે તો માની લિધિ છે મરાળે રે ॥
વળી કરી છે હેતની વાત રે, તેણે સહુ થયાં રળિયાત રે ॥૧૪॥

ફરી શ્રીહરિ સોરઠ દેશ તથા રામાનંદ સ્વામી નો મહિમા કહીને આગળ કહે છે.

જે જે જપે છે અમારું નામ રે, તે તો પામશે પરમ ધામ રે ॥
વળી આ મૂરતિ જે બેસારી રે, તે નિરખશે જે નરનારી રે ॥૧૮॥
તેને શિદ રાખી જોઇએ શંકા રે, જાશે બ્રહ્મમો'લે દઈ ડંકા રે ॥
એમ ધારીને આવ્યા છીએ અમે રે, સત્ય માનજ્યો સૌ જન તમે રે ॥૧૯॥
આ વાર નો જે અવતાર રે, એવો ન થાય વારમ વાર રે ॥
નથી આવ્યા ને આવશું ક્યાંથી રે, જન જાણજ્યો સૌ મનમાંથી રે ॥૨૦॥

*(પુ.પ્ર.પ્રકાર : ॥૩૨॥)*

### (૯) ગઢપુર શ્રી ગોપીનાથજી મહારાજ ૧૮૮૫ આસો સુદ-૧૨ :

ગઢપુરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન, ગોપીનાથજી મહારાજ તથા હરિકૃષ્ણ મહારાજ સ્વરૂપે હરહંમેશ પ્રત્યક્ષ રહેલાં છે. અને ભક્તજનોના મનોરથો પૂરા કરે છે. ગઢપુરનું મંદિર ભક્તરાજ દાદા ખાચર તથા તેના પરિવારની શ્રીહરિ પ્રત્યેની શ્રધ્ધા, ભાવના, સ્નેહ, ભક્તિ અને નિષ્ઠાને આભારી છે. દાદા ખાચરે પોતાનું સર્વસ્વ શ્રીહરિને અર્પણ કરીને રાખ્યું હતું. શ્રીહરિની જેમ જીભ વળે, તેમ દાદા ખાચરનો દેહ વળતો. જેમ શ્રીકૃષ્ણ-અર્જુનની જોડ છે તેમ શ્રીસ્વામિનારાયણ ભગવાન અને દાદા ખાચરની જોડ છે. તેથી જ તો જેમ મહાભારતના યુધ્ધમાં શ્રીકૃષ્ણે અર્જુનનો રથ ચલાવ્યો. તેમ દાદા ખાચરના લગ્ન સમયે સ્વયં શ્રીહરિએ દાદા ખાચરનો રથ ચલાવ્યો. નિષ્કુળાનંદ સ્વામી લખે છે.

ધન્ય ધન્ય ઉત્તમ દરબાર રે, જીયા પોતે રહ્યા કરી પ્યાર રે ॥
રમ્યા ભમ્યા જમ્યા જીયાં નાથ રે, જમ્યો મહામુક્તનો જ્યાં સાથ રે ॥૫॥
ધન્ય ઓરડા ધન્ય ઓસરી રે, જીયાં હરિ બેઠા સભા કરી રે ॥
દિયે દર્શન પોતે પરબ્રહ્મ રે, જેને નેતિ નેતિ નેતિ કે ' નિગમ રે ॥૬॥
એહ ભૂમિકાના મોટા ભાગ્ય રે, નથી જાણજો એ કહ્યાં લાગ્ય રે ॥
ફળી ચોક વળી શું વખાણું રે, શ્વેત વૈકુંઠ સમ સહુ જાણું રે ॥૭॥

ચરણરજે ભર્યા ભરપૂર રે, સ્પરશે રજ કરે દુઃખ દૂર રે ॥
તિયાં પાપી તજે કોઈ પ્રાણ રે, તે પણ પામે પદ નિર્વાણ રે ॥૮॥
સોય અગ્ર સમાન અવનિ રે, નથી પણ સ્પરશ્યે પાવની રે ॥
ધન્ય શેરી બજાર ને હાટ રે, ધન્ય ઉન્મત ગંગાનો ઘાટ રે ॥૯॥
ધન્ય ગઢપુરના ઘર ફળી રે, ચર્ણ અંકિત ભૂમિ છે સઘળી રે ॥
ધન્ય વાડી વૃક્ષને છાંય રે, હરિ સ્પર્શ વિના નથી કાંઈ રે ॥૧૦॥
ધન્ય ધન્ય નારાયણ હ્રદરે, સહુ પ્રાણધારી સુખપ્રદ રે ॥
ધન્ય સીમ ક્ષેત્ર વાવ્ય ખળાં રે, કર્યા હરિએ પવિત્ર સઘળા રે ॥૧૧॥
ધન્ય ઘેલા નદીના ઘાટ રે, કર્યા પંચ પવિત્ર ના'વા માટ રે ॥
તિયાં જે જે જન આવી ના'શે રે, તે તો અંતર બાહ્ય શુધ્ધ થાશે રે ॥૧૨॥
ના'શે નિરમળ જળ જેહ રે, પરમ ધામને પામશે તેહ રે ॥
જીયાં ના'યા જગજીવન રે, એથી નથી નીર કાઈ પાવન રે ॥૧૩॥
માટે જીયાં જીયાં હરિ રહ્યા રે, જે જે સ્થાનકે પોતે હરિ ગયા રે ॥
તે તો સ્થાનક કલ્યાણ કારી રે, જે જે જોયાં તે રાખવા સંભારી રે ॥૧૮॥
એ છે દોયલા દનની દોલત્ય રે, સહુ માની લેજો વાત સત્ય રે ॥
હરિને આગ્રહ છે આજ અતિ રે, કરાવવા પોતાની પ્રાપ્તિ રે ॥૧૯॥

*(પુ.પ્ર.પ્ર ॥૨૯॥)*

વળતું વાલમે વિચારિયું, આંહિ મંદિર કરીએ એક ॥
માંહી બેસારિયે મૂરતિ, અતિ સારી સહુથી વિશેક ॥૧॥
ગઢડે મહારાજ ઘણું રહ્યા, એમ જાણે છે સહુ જન ॥
માટે મંદિર કરાવિયે, મર આવી કરે દરશન ॥૨॥
મૂરતિ દ્વારે મનુષ્યનું, થાશે કોટિનું કલ્યાણ ॥
એહ ઉત્તમ ઉપાય છે, એમ બોલિયા શ્યામ સુજાણ ॥૩॥
સુણી સંત રાજી થયા, રાજી થયા સહુ હરિજન ॥
પછી મોટું મંદિર કરાવવા, અતિ ઉતાવળું ભગવન ॥૪॥
કર્યું ખાત મુહૂર્ત હરિ હાથે રે, તિયાં હૂં પણ[1] હતો સંગાથે રે ॥
નાખી નાથે પાયો નકિ કર્યું રે, એમ આપે મંદિર આદર્યું રે ॥૫॥

૧. નિષ્કુળાનંદ



હાં હાં કરતા થયું તૈયાર રે, વળી ઘણી લાગી નહિ વાર રે ॥
મોટું મંદિર બે માળ રે, કરાવિયું હેતે શું દયાળ રે ॥૬॥
થયું મંદિર પૂરૂ જે વાર રે, માંહિ મૂરતિ પધરાવી તે વાર રે ॥
ગુણ સાગર જે ગોપીનાથ રે, તે તો પધરાવ્યા પોતાને હાથે રે ॥૭॥
રાધા સહિત શોભે અતિ સારા રે, જે જુવે તેને લાગે છે પ્યારા રે ॥
એ તો વાસુદેવ ભગવાન રે, જે જુવે તે થાયે ગુલતાન રે ॥૮॥
એ જે ગોપીનાથની મૂરતિ રે, એ તો સુંદર શોભે છે અતિ રે ॥
એવી મૂરતિ અમે પધરાવી રે, સુંદર મંદિર સારૂં બનાવી રે ॥૯॥
બાંધ્યું ધામ શ્યામે સહુ કાજ રે, મે'ર કરીને પોતે મહારાજ રે ॥
કંક[1] દેશનું કરવા કલ્યાણ રે, કર્યું કામ એ શ્યામ સુજાણ રે ॥૧૦॥
જે જે જન કરે દર્શન રે, મૂરતિ જોઈ થાયે મગન રે ॥
કરે દંડવત પ્રણામ રે, તે તો પો'ત્યા છે પરમ ધામ રે ॥૧૧॥
વળી મન કર્મને વચને રે, નિરખ્યા ગોપીનાથ જે જને રે ॥
તે તો પામશે અક્ષરધામ રે, થાશે જન તે પૂરણ કામ રે ॥૧૨॥
એમ દયા કરીને દયાળ રે, કર્યા કલ્યાણ બહુના આ કાળ રે ॥
કોઈ ભાવે અભાવે આજ ભજે રે, આવે હરિ તેડવા તન તજે રે ॥૧૩॥
કર્યું કામ એ મોટું મહારાજે રે, સહુ જીવના કલ્યાણ કાજે રે ॥
એમ બહુ બહુ કર્યા ઉપાય રે, જીવ લઈ જાવા ધામ માંય રે ॥૧૭॥
તેનો આગ્રહ છે આઠું જામ રે, નથી પામતા પલ વિશરામ રે ॥
જાણે બાંધી ધામ ઘણાં ઘણાં રે, કરૂં બાર અપાર મોક્ષતણાં રે ॥૧૮॥
ચાર વર્ણને આશ્રમ ચાર રે, સહુ પામે ભવજળ પાર રે ॥
મારો આવવાનો અર્થ શિયો રે, જ્યારે જીવને સંકટ રિયો રે ॥૧૯॥
ગઢપુર મંદિરથી અપાર રે, કૈંક જીવનો કર્યો ઉદ્ધાર રે ॥
ખાયે પીયે રહે ખૂશી રમે રે, આવે નાથ તેડવા અંત સમે રે ॥૨૦॥

*(પુ.પ્ર.પ્ર. ॥૩૦॥)*

ગણ્યો ન જાય ગઢપુરનો, માનો માહાત્મ્ય ને મહિમાય ॥
જીયાં સંત હરિજન સહુ મળી, વળી નિરખે નાથ સદાય ॥૧॥

૧. કાઠીયાવાડ.

સતસંગી બાઈ ભાઈને, થયાં દર્શન ગઢડે ગામ ॥
દર્શન વિના કોય દેશનાં, નથી રહ્યા પુરૂષને વામ ॥૨॥
અઢળક ઢળ્યા મળ્યા જીયાં, વળી આપ્યાં છાતીમાં ચર્ણ ॥
તે ચરણ ચિત્તે ચિંતવતા, જાણો જાયે જન્મ ને મર્ણ ॥૩॥

*(પુ.પ્ર.પ્ર. ॥૩૧॥)*

નવ મંદિરોમાંથી આઠ મંદિરોમાં સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે પ્રતિષ્ઠાઓ કરી. પરંતુ ગઢપુર મંદિરનું ખાતમુહૂર્ત પણ શ્રીજી મહારાજે કર્યું. મહારાજ ત્યાં નિવાસ કરીને રહ્યા હતા. પોતાના હાથે જ, પોતાની દેખરેખ નીચે જ પાયા તૈયાર કરાવ્યા અને શ્રીહરિએ પ્રથમ સ્વહસ્તે ગઢપુર મંદિરનો શિલાન્યાસ કર્યો. શ્રીહરિએ મજબૂત ઊંડા વિશાળ પાયા ખોદાવરાવ્યા. કેમ જલદી આ કામ પૂરુ થાય, શ્રીજી મહારાજને એક લગની લાગી.

મહાપ્રભુએ એક દિવસે ઓચિંતી આજ્ઞા કરી હે સંતો ! અને ભક્તો ! આજથી એક નવી આજ્ઞા છે. જે કોઈ સંત કે હરિભક્ત ઘેલા નદીએ સ્નાન કરાવ જાય તે એક પથ્થર લેતા આવે, જેવડો પથ્થર ઉપડે એવડો. નાનો પથ્થર ઉપડે તો નાનો લાવજો. પણ ખાલી હાથે નહિ આવવાનું. ઘેલાકાંઠેથી એક પથ્થર લેતા આવવાનું. શ્રીજી મહારાજ પોતે પણ ઘેલા કાંઠે સ્નાન કરવા પધારે એટલે સ્નાન કરીને પથ્થર ઊંચકે. નિષ્કુળાનંદ સ્વામીને આ દ્રશ્ય એવું સુંદર લાગ્યું, સ્વામીએ ભક્ત ચિંતામણિમાં વર્ણન કરતા કહ્યું, ઘેલાથી લઈને દાદાના દરબાર સુધી લાંબી લાઈન લાગી. સંતો અને ભક્તો, બધાના માથે પથ્થર હતા. સ્વામી ઉપમા આપે છે, જાણે સેતુબંધ બંધાવા લાગ્યો. ધોળકાના એક વિદ્વાન સંસ્કૃતના જ્ઞાતા કાશીરામ બ્રાહ્મણ આપઘાત કરીને બ્રહ્મરાક્ષસ થયેલા, જેની સાથે તેના મકાનમાં બીજા પાંચસો વિદ્યાર્થી વગેરે ભૂત બનીને જોડાયેલા. ગોપાળાનંદ સ્વામીની પ્રેરણાથી આ પાંચસો ભૂતોની સેના પણ ગઢડા મંદિરના પાતાળ સુધીના ઊંડા પાયા પૂરવામાં કામે લાગેલા અને તેની સેવાની કદરરૂપે શ્રીહરિએ તે ભૂતોને ભૂત યોનિમાંથી છોડાવી સત્સંગમાં જન્મ ધારણ કરાવી મોક્ષ કર્યો હતો. સ્વામીની વાત એટલી બધી સાચી હતી, આ મંદિર એક સેતુબંધ છે. ધરતી ઉપરથી ઉપલા માળે જવું હોય તો સીડી જોઈએ. એમ અક્ષરધામમાં જવા માટેનો સેતું એટલે આ બધા મંદિરો છે. આ



મદિરમાં આવશે, દર્શન કરશે, સેવા કરશે એમના માટે અક્ષરધામમાં પહોંચવા માટેનો આ સેતુ છે.

કૃપાળુ શ્રીહરિ ગઢપુર મંદિરમાં જાતે દેખરેખ રાખીને કામ કરાવે છે. શ્રીહરિ એ જાહેરાત કરી. જે કોઈ ભક્ત, કોઈ માણસ આ પાયામાં એક એક પથ્થર નાંખશે એનું પણ અમે કલ્યાણ કરીશું. કોઈ જમાદાર ત્યાંથી નીકળ્યો. આ વાત સાંભળીને રસ્તામાંથી એક પથ્થર ઉપાડ્યો અને પાયામાં નાંખીને કહ્યું. દેખલો સ્વામિનારાયણ ભગવાન, મેં ભી પથ્થર ડાલતા હું. જમાદાર, તુમ્હારા કલ્યાણ હોગા. અને શ્રીહરિએ એ જમાદારને અંતકાળે દર્શન આપીને પોતાનું વચન નિભાવ્યું હતું. શ્રીજી મહારાજે વિરકતાનંદ સ્વામીને મંદિરનું કામ સોંપ્યુ હતું.

સવારના એક સંત માળા ફેરવતા હતા. દરરોજ બસો માળા ફેરવવાનું નિયમ હતું. બધા જ સંતો પૂજાપાઠથી પરવારીને સેવામાં જોડાઈ ગયા છે. અને આ એક સંત માળા ફેરવતા હતા. પ્રભુ કહે, સાધુરામ ! શું કરો છો ? મહારાજ ! માળા ફેરવું છું. એમ લાકડાં ફેરવે કંઈ નહિ વળે. ગોપીનાથજીની સેવામાં જોડાઈ જાઓ. ચાલો જલદી, જ્યારે સેવા ચાલતી હોત ત્યારે ભજન નહિ, પહેલી સેવા, પછી ભજન. અહીં માળાની નિંદા નથી. પરંતુ સેવાનો મહિમા દર્શાવ્યો છે. માળા એ તો મન ના ચાળા મીટાવવાનું સાધનછે. પરંતુ પહેલું પ્રાધાન્ય સેવાને. સેવાથી ત્વરિત મુક્તિ મળે છે. લીંબતરુ નીચે મહારાજ અનેક લીલાઓ કરતા. મંદિરમાં પધરાવેલા સિંહોને પણ ગર્જના કરાવેલી છે. શિલ્પ સ્થાપત્યના પૂતળાઓને પણ નાચતા કર્યા હતા.

ગોપીનાથજી મહારાજની મૂર્તિ માટે પ્રથમ જે કાળો આરસ લાવ્યા હતા. તેમાં સફેદ ભાગ હતો.મહારાજની તે પથ્થરમાંથી મૂર્તિ બને તેવી ઈચ્છા નહોતી. પરંતુ નારાયણજીભાઈ શિલ્પી મહારજની ઈચ્છાને સમજી શક્યા નહિ. મૂર્તિ કંડારી, સફેદ ભાગ મૂર્તિની છાતીમાં દેખાયો. મહારાજ કહે, અમારે કૃષ્ણ સ્વરૂપમાં છાતી પર આવો સફેદ પટ્ટો ક્યાંય નહોતો. મૂર્તિનાં અંગૂઠાને નારાયણજીભાઈ કંડારવા ગયા. મહારાજની ઈચ્છાથી અંગૂઠો ખંડિત થઈ ગયો. મહારાજ કહે, સેવા પૂજામાં ખંડિત મૂર્તિ ન ચાલે. મૂર્તિનું વિસર્જન કરી નાંખો. અમે અમારા ધામમાંથી આરસ મંગાવીશું, તે મૂર્તિનું

વિસર્જન કરીને શિવનું બાણ બનાવ્યું. તેમજ મહારાજના ચરણાર્વિંદ બનાવ્યા. બાકીના અવશેષો એક તાંબાકુંડીમાં ભર્યા. ચરણાર્વિંદ અને આ અવશેષો મહારાજના અગ્નિ સંસ્કારના સ્થાને સ્મૃતિ મંદિરમાં લક્ષ્મીવાડીમાં પધરાવેલા છે. દેવો આવીને રાત્રે મહારાજને કહીં ગયા, પથ્થર આવી ગયો છે. ઘેલા નદીમાંથી મંગાવી લેવા વિનંતી. હરિભક્તો ગાડું લઈને ગયા. પરંતુ કોઈથી તે પથ્થર ઉંચો થયો નહિ. મહારાજ સ્વયં ઘેલા નદીમાં પધાર્યા. પથ્થરને પોતાના કરકમળથી સ્પર્શ કરીને પ્રસાદીનો કર્યો. તુરત જ હરિભક્તો દ્વારા પથ્થર ઉંચકાયો અને ગાડામાં ગોઠવીને વાજતે ગાજતે દાદાખાચરના દરબારગઢમાં લાવવામાં આવ્યો.

નારાયણજીભાઈ ફરી કામે લાગ્યા. શ્રીજી મહારાજ દાદા ખાચરના દરબારગઢમાં લીંબુતરું નીચે બિરાજમાન હોય, હિંડોળે હિંચકતા હોય ત્યારે નારાયણજીભાઈ શ્રીજી મહારાજના દિવ્ય શરીરનું માપ લઈ લઈને મૂર્તિ કંડારતા જાય. સાડા ત્રણ મહિનાનો સમય લીધો. બરાબર શ્રીજી મહારાજના માપ પ્રમાણે આજાન બાહુ, વિશાળ ઉપડતી છાતી અને ઉંડી નાભી વાળી ચોસઠ તસુ ઉંચી મૂર્તિ તૈયાર થઈ ગઈ. આમ સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપ અને શ્રીકૃષ્ણનું પગને આંટી મારેલું સ્વરૂપ, વાંસળી વગાડતું ગોપીનાથ સ્વરૂપ, કાળા પથ્થરમાંથી તૈયાર કર્યું. રાધાજીની મૂર્તિનો શ્વેત આરસ પણ પૃથ્વી પરનો નથી. તે પણ ધામમાંથી મંગાવવામાં આવ્યો હતો.

પછી ગઢપુરમાં શ્રીહરિએ ગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠા કરવા મંડપ તથા હોમ કરવા બ્રાહ્મણો પાસે કુંડ કરાવીને બ્રાહ્મણોને વરુણીમાં વરાવ્યા. તે સમયે ચાર વેદ તે પણ બ્રાહ્મણના વેષે વરુણીમાં વરાવ્યા અને પુરુષ સુક્તના મંત્રોનો ઘોષ કરવા લાગ્યા. પછી મહારાજ પણ મૂર્તિઓ પાસે આવીને ઉભા. તે સમયે અનેક વાજિંત્રો, ઢોલ, ત્રાંસા, શરણાઈઓ વાગવા લાગી. તે સમયે વેદના અંગ જે ગાયત્રી, છંદ, ઝટા, ક્રમ વગેરે વિદ્યાર્થી થઈને આવ્યા હતા. તે ઉપનિષદના મંત્રોના પાઠ કરવા લાગ્યા. હોમ કરવાના સમયે મૂર્તિમાન અગ્નિ પ્રગટ થયા. પછી ગોપીનાથજી આદિક મૂર્તિઓ પધરાવવાના સમયે દાદા ખાચર શ્રીફળનો હોમ કરવા ઉભા હતાં તે અગ્નિ તેમને વીંટળાઈ વળ્યો એટલે મહારાજે આજ્ઞા કરી જે શ્રીફળને હોમી દો પછી તે



પ્રમાણે શ્રીફળ હોમવાથી જવાળાઓ શાંત થવા લાગી. પછી દાદાખાચરે રૂપિયા ત્રણ હજાર આપીને ધજા તથા કળશ ચઢાવ્યા. પછી ૧૮૮૫ આસો સુદ-૧૨ ના રોજ શ્રીહરિએ સ્વહસ્તે ગોપીનાથજી અને રાધાજીની મૂર્તિઓ મધ્ય મંદિરમાં પધરાવી. ઉગમણા મંદિરમાં શ્રીકૃષ્ણ રેવતી બળદેવજી સૂર્યનારાયણ પધરાવ્યા ને આથમણા મંદિરમાં ધર્મ ભક્તિ સાથે વાસુદેવ નારાયણ પધરાવ્યા. એવી રીતે ત્રણે મંદિરોમાં પ્રતિષ્ઠા કરીને શ્રીહરિએ પોતે જ આરતી ઉતારી. અને મૂર્તિઓમાંથી તેજ નીકળવા લાગ્યું તે આખું મંદિર તેજથી ભરાઈ ગયું. ભક્તોના હૃદયમાં પરમાનંદ વ્યાપી ગયો સૌના મુખે ગોપીનાથજી મહારાજનો જય જયકાર થવા લાગ્યો. એક બાજુ ભૂદેવોના મુખે વેદ ધ્વનિ, એક બાજુ ભક્તોના મુખે જય જયકાર. શ્રીહરિએ આરતી ઉતારી અને દેવ સમક્ષ જ્યાં દ્રષ્ટિ સ્થિર કરી એટલે જેમ અમદાવાદમાં પ્રતિષ્ઠા સમયે પ્રકાશ પૂંજ દેખાયો હતો તે રીતે ગઢપુરમાં પણ પ્રકાશ પ્રકાશ દેખાયો. શ્રીહરિએ બ્રાહ્મણોને ખોબા ભરી ભરીને રૂપિયાની દક્ષિણા આપી અને પાઘડીઓ તથા શેલા આપ્યાં તથા બીજા બ્રાહ્મણોને ચાર ચાર રૂપિયા આપ્યા અને હજારો બ્રાહ્મણો તથા સંઘના હરિભક્તો તથા સંતો, બ્રહ્મચારીઓ તથા સંન્યાસીઓ વગેરેને જમાડ્યા. મહારાજ કહે ગઢડું ધુમાડાબંધ જમાડો. તે જ પ્રમાણે શ્રીમંતથી લઈને ગરીબજનોને પણ મહારાજે જમાડ્યા.

સ્વામિનારાયણ ભગવાને ગઢપુરમાં પણ દેવનો મહિમા કહ્યો. શ્રીજી મહારાજે સભામાં કહ્યું કે હે ભક્તો ! હવે અમે આ સ્વરૂપે અખંડ બિરાજીશું. જેનો શ્રીહરિ ધામમાં પધાર્યા પછી પ્રત્યક્ષ પુરાવો પણ આપેલ છે. મહારાજ ધામમાં પધાર્યા પછી બ્રહ્માનંદ સ્વામીને વિરહ સહન ન થયો. ગોપાળાનંદ સ્વામીની પ્રેરણાથી બ્રહ્માનંદ સ્વામી ગોપીનાથજી મહારાજનું દર્શન કરવા પધાર્યા. ત્યાં તો વિયોગના દુઃખથી વિહવળ સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીને શ્રીહરિએ શ્રી ગોપીનાથજી મહારાજના સ્વરૂપમાંથી પ્રગટ થઈને હાર પહેરાવ્યો. તેવી જ રીતે મહારાજની અંતર્ધાન લીલા સમય બાદ દાદા ખાચરને વિરહ સહન ન થતા ગોપાળાનંદ સ્વામીએ કહ્યું તમે લક્ષ્મીવાડીમાં મહારાજની બેઠકે જ્યાં પ્રથમ વિમાન રાખવામાં આવ્યું હતું ત્યાં જાઓ. દાદા ખાચર બેઠકે

આવ્યા તો તે જગ્યાએ શ્રીહરિ દિવ્ય સભા ભરીને બેઠા છે અને કહે છે, દાદા ! આટલી વારમાં ભૂલી ગયા ! અમે કહ્યું હતું ને કે આ સત્સંગ છોડીને અમે ક્યાંય જવાના નથી ! આ સત્સંગમાં અમે પ્રત્યક્ષ રહ્યા છીએ. તમારા દરબારગઢમાં ગોપીનાથજી સ્વરૂપે અમે પ્રત્યક્ષ રહ્યા છીએ ત્યારે દાદા ખાચરનો વિરહ હળવો થયો.

મહારાજ ધામમાં પધાર્યા બાદ હરિભક્તો વડતાલ ગાદીના આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને પ્રાર્થના કરે છે. હે મહારાજ ! અમને ગોપીનાથજી મહારાજના સ્વરૂપમાં રહેલાં અમારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કરવામાં જોઈએ તેવું સુખ આવતું નથી. ત્યારે રઘુવીરજી મહારાજે ૨૭ મણ ધાતુની હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ તૈયાર કરાવી. પ્રતિષ્ઠા સમયે હરિભક્તોએ સંશય કર્યો કે આવડી ભારે મૂર્તિ ગોપીનાથજી મહારાજની બાજુમાં ઉભી કરવા જતા ગોપીનાથજી મહારાજની મૂર્તિ ખંડિત થઈ જાય તો ! હવે તો શ્રીહરિ ધામમાં પધારી ગયા છે. હે મહારાજ ! આપ ભગવાનના પુત્ર છો અને તેમની જગ્યાએ છો. તો કંઈક રસ્તો કાઢો. ત્યારે રઘુવીરજી મહારાજે હરિભક્તોની આ મૂંઝવણ શ્રીહરિ સમક્ષ નિવેદન કરી. ત્યારે મહાપ્રતાપી આપણાં ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને રઘુવીરજી મહારાજશ્રીની પ્રાર્થનાથી પ્રસન્ન થઈને શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાં પ્રવેશ કર્યો. અને તેથી હરિકૃષ્ણ મહારાજની ધાતુની મૂર્તિ મંદિરમાં સાત આઠ પગથિયા ચઢી ચાલીને પોતાની મેળે ગોપીનાથજી મહારાજની મૂર્તિની બાજુમાં ગોઠવાય ગઈ. જગ જાહેર હાજર સૌએ પરચો અનુભવ્યો તથા સૌ ધન્ય ધન્ય કહેવા લાગ્યા.

ગોપીનાથજી મહારાજના સ્વરૂપનો પ્રત્યક્ષપણાનો અવિસ્મરણીય લેખકનો અનુભવ અત્રે નોંધવા જેવો હોઈ રજુ કર્યો છે. એક સમયે હું એક દિવસમાં ગોપીનાથજી મહારાજની પાંચસો પ્રદક્ષિણા ફર્યો અને આખા દિવસની પાંચે આરતીના દર્શન કર્યા. પ્રદક્ષિણા ફરતી સમયે દિવસ દરમિયાન ભક્તોનું એક મંડળ ગોપીનાથજી મહારાજનું દર્શન કરવા માટે આવ્યું હતું. તે મંડળે મંદિરના ચોગાનમાં ઉભા રહીને વાજિંત્ર - સંગીત સાથે ભાવથી 'અમી ભરેલી નજરું રાખો, નારાયણ મુનિ દેવ રે..... એ કીર્તન ગાયું. મેં પ્રદક્ષિણા ફરતા



ફરતા તે કીર્તન ભાવથી સાંભળ્યું. રાત્રે સૂતો, સ્વપ્નમાં ગોપીનાથજી મહારાજે એવું દર્શન આપ્યું કે, પેલા ભક્તોનું મંડળ કીર્તન ગાઈ રહ્યું છે. ગોપીનાથજી મહારાજ બેઠા બેઠા પોતાનો જમણો પગ ધીમે ધીમે હલાવતા હલાવતા કીર્તન સાંભળી રહ્યાં છે. આ દર્શન કેવું હતું ! તો કાલુપુર મંદિરમાં ધનુર્માસમાં વહેલી સવારે ભક્તો ભાવથી ધૂન કરતા હોય અને આપણા પ.પૂ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સભા મંડપની પાટ પર બિરાજમાન થકા પોતાનો જમણો પગ તેનો અંગુઠો ધીમે ધીમે હલાવતા થકા ધૂન સાંભળતા હોય !

અમારા સ્ટાફના એક શક્તિપંથી ભાઈ જે મુખેથી ક્યારેય જય સ્વામિનારાયણ ન બોલે. તેઓ એક વાર યાત્રાના નિમિષથી ગઢપુર દર્શન કરવા ગયા. આવીને મને કહે, અહોહો ! ગઢપુરના તમારા મંદિરમાં તો શું એ મૂર્તિ છે ! જાણે હમણાં બોલશે અને મારી સાથે વાત કરશે એવું મને લાગતું હતું ! આપણા મંદિરોમાં શ્રીજી મહારાજે આવું કાર્ય કર્યું છે. ગમે તેવો પણ થોડો દૈવી જીવાત્મા હોય અને દર્શન કરે એટલે કંઈક જૂદી જ અનુભૂતિ થાય !

શ્રીહરિ કહે ગઢડું મારું ને હું ગઢડાનો, તે તો કદી નથી મટવાનો. શ્રીહરિ આંખ મીંચીને કહેતા કે અમને ગઢડા નથી દેખાતું, પરંતુ ગઢડા અક્ષરધામ સ્વરૂપે દેખાય છે. શ્રીહરિ પોતાની ૪૯ વર્ષની આયુષ્યમાં સતત ૨૯ વર્ષ સુધી ગઢડામાં દાદા ખાચરના દરબારગઢને પોતાનું ઘર માનીને રહ્યા. આજે પણે આપણે એ અક્ષર ઓરડીનું દર્શન કરી રહ્યા છીએ. જ્યાં શ્રીહરિ રહેતા. સત્સંગ અર્થે રાત્રિ દિવસ વિચરણ કરતા, પરંતુ છેવટે ગઢપુર પધારતા. લક્ષ્મીવાડીનો મહિમા પણ વૃન્દાવનથી અધિક કર્યો. દિલ્હીના એક મુસ્લિમ બહાદુર બાદશાહને છ મહિનાથી ઉંઘ નહોતી આવતી એવો રોગ થયેલો. તે જૂનાગઢથી પાછો ફરીને દિલ્હી જતો હતો. રસ્તામાં ગઢડામાં ભક્તિ બાગમાં વિસામો લીધો. નમાઝનો સમય થયો. નમાઝ પઢવા જ્યાં ભક્તિ બાગની જમીનની રજ બાદશાહના કપાળે અડી એટલે ત્યાંને ત્યાં ઉંઘ આવી ગઈ. શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ખુદા તરીકે નિશ્ચય કર્યો.

પધરાવ્યા પોતે ગોપીનાથ રે, કહ્યું આમાં રહેશું સુણો ગાથ રે ॥
કર્યો ઉત્સવ મોટો એ દન રે, વળતા તિયાં જ રહ્યા જીવન રે ॥૬૨॥

*(ભ.ચિં.પ્ર.૧૦૦)*

આ રીતે શ્રીજીમહારાજે જે સમયમાં મંદિરમાં વપરાતો માલસામાન પથ્થર, ચૂનો, ઈંટ, રેતી, લાકડું, લાવવા માટે ઝડપી વાહનો નહોતા, ઝડપી દૂર સંચારના સાધનો નહોતા અને નાંણાકીય છત નહોતી એવાં સમયમાં ૧૮૭૮ થી શરૂ કરી ૧૮૮૫ સુધીના ફક્ત ૭ વર્ષના ખૂબજ ટૂંકા સમય ગાળામાં ગુજરાતમાં નવ ગગનચુંબી મહામદિરોનું નિર્માણ કરાવી તે મંદિરોમાં પોતાના જ સ્વરૂપો મહાપ્રતાપી પ્રત્ક્ષ દેવોની સ્વહસ્તે પ્રતિષ્ઠા કરી. વનવિચરણ દરમ્યાન ભારત ભૂમિના અસંખ્ય તીર્થોમાં, મંદિરોમાં બિરાજમાન દેવોને પોતાની દ્રષ્ટિથી તથા સ્પર્શથી પ્રસાદીના કર્યા. પોતે સ્થાપેલ ધર્મવંશી આચાર્ય પરંપરામાં મૂર્તિ પ્રતિષ્ઠા કરવાનો અધિકાર સુપ્રત કરીને તે દ્વારા આજે વિશ્વકક્ષાએ મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના અસંખ્ય મંદિરોની ધર્મધજાઓ આકાશમાં ઉંચે લહેરાય છે ને જગતના મનુષ્યોને કહીં રહી છે કે, જેને કલ્યાણનો ખપ હોય તે આવો ! આ મંદિરોમાં પરમાત્મા પ્રત્યક્ષ બિરાજમાન છે ! તેમનું દર્શન કરીને પાવન થાઓ !

શ્રીજી મહારાજે અક્ષરધામમાં જવાનો રસ્તો સરળ બનાવી દીધો. મહારાજે આત્યંતિક કલ્યાણના સદાવ્રતો સ્થાપ્યા. શ્રીજી મહારાજે અક્ષરધામમાં જવા માટેની આ વીઝા ઓફિસો સ્થાપી છે.

●

## ૧૪. શ્રીજી મહારાજે પધરાવેલા દેવોનું પ્રત્યક્ષપણું :

શ્રીજી મહારાજે નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ગોપીનથજી મહારાજ આદિ નામોથી પોતાના સ્વરૂપો પધરાવ્યાં પછી અનેક ભક્તજનો પરમાત્માની પાસે આવીને અનેક પ્રકારની વાતો કરતા. ભક્તો બોલતા કે હે ભગવાન ! તમે સ્થાપેલા નરનારાયણદેવ, લક્ષ્મીનારાયણ તથા ગોપીનાથજી મહારાજ આદિ પ્રતિમાઓ ક્યાંક ક્યાંક ભક્તજનો સાથે વાતો કરે છે. ક્યાંક ક્યાંક કોઈના થાળ જમે છે. કોઈ ભક્તોની પૂજા પ્રત્યક્ષ સ્વીકારે છે. કોઈ ભક્તના પ્રેમને વશ થઈને એ પ્રતિમાઓ પ્રત્યક્ષપણે દૂધ પીએ છે. કોઈને પ્રત્યક્ષ દર્શન



આપીને દુ:ખમાંથી રક્ષા કરે છે. કોઈને સ્વપ્નમાં કે પ્રત્યક્ષ ધન આપે છે, કોઈકને એ મૂર્તિઓ તેજોમય જણાય છે. પરમાત્માની પાસે ગામે ગામના હરિભક્તો આવી વાતો કરતા હતાં અને સૌ જાણતા હતાં કે આ બધો પ્રતાપ શ્રીહરિનો છે. વૃતાંત સાંભળ્યા પછી ભગવાન કહેતા કે :-

साक्षात्कृष्णो भगवान् नरनारायणादिषु ।
तन्मूर्तिषु च नास्त्येव भेद इत्यवधार्यताम् ॥

હે ભક્તો ! અમે પધરાવેલી એ સર્વ પ્રતિમાઓમાં અને અમારામાં કોઈ ભેદ ન જાણશો. પ્રગટ મૂર્તિઓની સેવામાં જે બ્રહ્મચારીજી રહેતા હોય છે તેઓને પણ ઘણા આશ્ચર્યકારી વિશેષ અનુભવો થતા હોય છે. ગઢડામાં ગોપીનાથજી મહારાજની સેવામાં એક બેઠી દડીના નીચા બ્રહ્મચારી સેવામાં રહ્યા. ગોપીનાથજી મહારાજની મૂર્તિ ૬૪ તસુ ઉંચી એટલે બ્રહ્મચારી ગોપીનાથજી મહારાજને મસ્તક પર મુગટ કે પાઘ ધારણ કરાવે તેટલો સમય ભક્તાધીન ગોપીનાથજી મહારાજની મૂર્તિ નીચે થઈ જાય અને બ્રહ્મચારી સુખેથી સેવા કરી લે એટલે પોતાના મૂળ સ્વરૂપે ભક્તોને દર્શન આપે !

એક સમયે રામપ્રતાપભાઈ ગોપીનાથજીના દર્શન કરવા પધાર્યાને પડદો નાખ્યો હતો ત્યારે બોલ્યા જે હમારા ભાઈ હમકું હાથો હાથ હાર દેવેંગે. ત્યાં તો તુરત જ તે મૂર્તિનાં ગળામાંથી હાર ઉછળીને રામપ્રતાપભાઈના ગળામાં પહેરાઈ ગયો. ગઢડામાં જીવુબાઈ દૂધને સાકર કટોરામાં ધરાવે તે મહારાજ મૂર્તિ દ્વારા હાથથી લઈને પીજતા. વડતાલમાં શ્રી રાધાકૃષ્ણદેવ મોરલી વગાડતા હતા. તે હજારો માણસો સાંભળે ને બોલે જે અલૌકિક શબ્દ છે, અને કોણ વગાડે છે ? ગામ દિયોદરમાં લવજી દવે સત્સંગી હતા. તેમને રાત્રિએ મહારાજે દર્શન દીધા ત્યારે કહે : હે મહારાજ ગઢડાના ગોપીનાથજી તરીકે દર્શન આપો. પછી મહારાજ ગોપીનાથ રૂપે આગળ આવીને ઊભા પછી લવજી દવે કહે, સહજાનંદ રૂપે દર્શન આપો. પછી ગોપીનાથ રૂપ બદલીને સહજાનંદ રૂપે દર્શન આપ્યા.

એક સમયે જૂનાગઢ મંદિરના વચલા શિખરનો ધ્વજ દંડ તેના ઉપર પાટલી મૂકતા નમ્યો, ને પાલખનો દોર તૂટવા લાગ્યો. પાલખ નમીને ધ્વજને પાટલી નમી, તે સમયે મહારાજે આવીને ધ્વજ તેમજ પાટલી ઉપાડીને શિખરને અડાડીને મૂકી. એ સમયે જો મહારાજ ન પધારે તો નીચે પચાસ

સાઈઠ માણસો, પાળાને કડિયા દબાઈ મરી જાત. મહારાજને પ્રત્યક્ષ રક્ષા કરવા આવેલા હાજર સૌએ દર્શન કર્યા.

શ્રીહરિ કહે છે, મોટાં મોટા મંદિરો કરાવીને તેમાં અમે શ્રી નરનારાયણદેવ આદિ પ્રતિમાઓ પધરાવી છે. જેથી જ્યાં સુધી આ ધરતી રહેશે ત્યાં સુધી જીવનો મોક્ષ થતો રહેશે. અંતર્ધ્યાન લીલામાં મહારાજ કહે છે, હું આ ધરતી ઉપર પ્રત્યક્ષપણે રહેલો છું. અમદાવાદમાં શ્રી નરનારાયણદેવ સ્વરૂપે તથા ભક્તિધર્મની સાથે હરિકૃષ્ણ સ્વરૂપે હું પ્રત્યક્ષ બિરાજું છું. વડતાલમાં લક્ષ્મીનારાયણ સ્વરૂપે તથા ભક્તિ ધર્મની સાથે હું નિવાસ કરી રહ્યોછું. ગઢપુરમાં ગોપીનાથ સ્વરૂપે હું પ્રત્યક્ષ બિરાજું છું. મારામાં અને એ સ્વરૂપોમાં જરા પણ ભેદ નથી. નરનારાયણ આદિ સ્વરૂપે હું પોતે જ બિરાજું છુ એમ માનજો.

नरनारायणाद्याहि स्वजनानां हिताय च ॥
भक्तिधर्मयुतं मां वै वित्तवृत्तालये स्थितम् ।
स्थितः श्रीनगरे नित्यं नरनारायणात्मना ॥
गोपीनाथात्मना चात्र स्थितं मां वित सर्वदा ।

આ ત્રણ સ્થળોએ, આ ત્રણ મંદિરોમાં મારો અખંડ વાસ છે. આ વરદાન છે. આ ખાત્રી છે. હે ભક્તો ! જ્યારે પણ તમને કંઈ ઉદ્વેગ થાય, ત્યારે આ મંદિરોમાં જઈ ને પ્રાર્થના કરજો, ભજન કરજો, કીર્તન કરજો, તમારી પ્રાર્થના અમે સાંભળીશું. જે કોઈ ભક્તજનો એમ માનશે કે આ દેવ મોટા છે. તે દેવ નાના છે. આવા કોઈ ભેદો ઉભા કરશે, એ અમારા સિદ્ધાંતથી, અમારા વચનથી વિરુદ્ધ છે. એવા ભેદો ઉભા કરનારા नरकगामी भविश्यति, એ તો નરકમાં જશે. અમારા ધામને નહિ પામે. આ મંદિરો, એમાં અમે પધરાવેલી મૂર્તિઓ અમે પોતે જ છીએ. સમગ્ર એવા મારા આશ્રિતજનોએ અમારા આ વચનો સત્ય માનવા. એ મૂર્તિઓને થાળ, ભેટ કોઈ આપશે તો હું જ સ્વીકારીશ. અમારા સ્થાપેલા આ દેવો એમની જે સેવા કરશે, તો એ સેવા મૂર્તિ દ્વારા અક્ષરધામમાં રહ્યા થકા અમે સ્વીકારીશું. અમારા સ્થાપેલા આ સ્વરૂપોનાં જે દર્શન કરશે તો એને મારા પ્રત્યક્ષ દર્શનનું પુણ્ય મળશે. એટલું જ નહિ, અત્યારથી પણ જુઓ છો અમારા સ્થાપેલાં એ સ્વરૂપો પ્રત્યક્ષ જ છે અને પ્રત્યક્ષની જેમ જ વર્તે છે. કેટલાય ભક્તોની સાથે



વાતો કરે છે. કેટલાય ભક્તોને દર્શન દે છે. કેટલાય ભક્તોને એવા ચમત્કારો બતાવે છે, કોઈના ઘરમાં ક્યાંય આગ લાગી હોય તો નરનારાયણાદિ સ્વરૂપે એ મૂર્તિઓ જાણે એને ઘેર જઈને જગાડે છે. કેટલાય ભક્તોની પાસેથી મૂર્તિઓ થાળ માંગીને જમે છે. આપણી શ્રદ્ધા-ભાવના પ્રમાણે શ્રીજી સ્થાપિત મૂર્તિઓમાં આપણે પ્રત્યક્ષપણું અનુભવી શકીએ છીએ. મહારાજના વચન મુજબ મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોની મૂર્તિઓમાં મહારાજ અખંડ નિવાસ કરીને રહ્યા હોવાથી જે કોઈ મનુષ્ય મૂર્તિ સમક્ષ આવીને ઉભો રહે એટલે દર્શન કરનાર ભક્તના હૃદયમાં તુરત જ એવું થાય છે કે અહો ! કેવું મૂર્તિઓનું તેજ છે ! મૂર્તિમાં કેટલી દિવ્યતા છે ! દર્શનાર્થીના સંકલ્પ-વિકલ્પ બંધ થઈને હૃદયમાં અપાર શાંતિ થાય છે. તથા મૂર્તિમાં ચિત વૃત્તિ ખેંચાય જાય છે. ઘણા બિન સત્સંગી પરંતુ ધાર્મિક જનો એવું બોલતા હોય છે કે, "અમે યાત્રાએ ગયા હતા, દરેકે દરેક જગ્યાએ તમારા મંદિરો બહુમોટા ! બહુ સરસ છે ! શ્રીહરિ સ્થાપિત મંદિરો પૃથ્વી પર અક્ષરધામ રૂપે રહેલાં છે.

•

## ૧૫. શ્રીહરિની જન્મભૂમિ છપૈયાધામ મહિમા :

શ્રીહરિ સ્થાપિત નવધામનો મહિમા લખતા લખતા પરમાનંદ થયો. પરંતુ લખતા લખતા સતત એમ થતું હતું કે છપૈયા ધામનો મહિમા ક્યારે લખું અને ક્યારે પૂર્ણાકામ થાઉં. કાળુપુર મંદિરના એક સંતને પ્રશ્ન હતો કે શ્રીજી સ્થાપિત અમદાવાદ, વડતાલ અને ગઢડા આદિક ધામનો મહિમા વધારે કે શ્રીહરિની જન્મભૂમિ છપૈયાનો મહિમા વધારે ? તે સંત એક સમયે છપૈયા પધાર્યા. ઘનશ્યામ મહારાજે તે સંતના પ્રશ્નનું નિરાકરણ કરવા માટે તે સંતને છપૈયામાં દિવ્ય સભા ભરીને બેઠા છે તેવું ઘનશ્યામ મહારાજે દર્શન આપ્યું. સભામાં પ.પૂ.ધ.ધુ. બન્ને આચાર્ય મહારાજશ્રી તથા નંદ સંતો ઘનશ્યામ મહારાજની સાનિધ્યમાં સભામાં બિરાજમાન છે. કાળુપુર મંદિરના સંત પણ સભામાં જઈને બેઠા. ઘનશ્યામ મહારાજે સભામાં પ્રશ્ન કર્યો. અમે સ્થાપન કરેલા અમદાવાદ, વડતાલ, ગઢડા આદિક ધામોનો મહિમા વધારે

કે અમારી જન્મભૂમિ છપૈયાનો મહિમા વધારે ? સભામાં એક નંદ સંતે યથાર્થ ઉત્તર કર્યો. ઘનશ્યામ મહારાજે તે જવાબને અનુમોદન આપતા કહ્યું કે, અમદાવાદ, વડતાલ, ગઢડા વગેરે ધામોમાં અમે ચાખડીઓ પહેરીને ફર્યા છીએ. જ્યારે છપૈયાની ભૂમિમાં અમે ચાખડીઓ વિના ફર્યા છીએ. તે ભૂમિને અમારા ચરણાર્વિંદનો સીધો જ સ્પર્શ થયો છે. માટે બીજા ધામો કરતાં પણ છપૈયાની ભૂમિ અધિક ભાગ્યવાળી છે. છપૈયાની સમગ્ર ભૂમિ અમારા ચરણાર્વિંદથી અંકિત થયેલી છે. માટે અધિક મહિમા વાળી છે. ત્યાર પછી સભામાં શ્રીજી મહારાજની આરતી થઈ અને સભા વિસર્જન થઈ અદ્રશ્ય થઈ ગઈ. કાળુપુરના સંતે જ્યાં ઘનશ્યામ મહારાજ બિરાજમાન થયેલા ત્યાં નિશાની કરી લીધી. જન્મ સ્થાનકે હાલમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ બિરાજમાન છે.

ધર્મદેવ ઘનશ્યામ મહારાજને કહે છે, હે ઘનશ્યામભાઈ ! હે હરે ! હે નીલકંઠ ! હે અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ! આ છપૈયાપુર અને આ જે નારાયણ સરોવર આદિક જે સરોવર તથા વિશ્વામિત્રી નદી, તેનો મહિમા જેમ છે તેમ કૃપા કરીને કહો. એવું સાંભળીને અતિ પ્રસન્ન થઈ ધર્મદેવ પ્રત્યે બોલ્યા જે, હે પિતા ! ધર્મદાદા ! આ છપૈયાપુર અને આ નારાયણ સરોવર આદિકનો મહિમા શેષ શારદાદિક કોટી કલ્પ સુધી કહે તો પણ પાર પામે નહિ. પરંતુ તમોએ પૂછયું માટે સંક્ષેપથી કહું તે સાંભળો, જે મનુષ્ય આ પુરની ચારે બાજુ અષ્ટાદશ યોજન પર્યંત દિવસ રાત્રિમાં છપૈયાપુર એવું જીભે કરીને નામ ઉચ્ચારણ કરશે, તથા શ્રવણે સાંભળશે, તેનાં સર્વ પાપો બળીને ભસ્મ થઈ જશે. અને વળી આ પુરની રજ અજાણે જેના માથે ઉડીને પડશે, તે મનુષ્ય સર્વ પાપોથી મૂકાઈને સ્વર્ગને પામશે. અને આ સરોવરના જળનું જે આચમન કરશે તે વૈકુંઠધામને પામશે. અને જે મનુષ્ય આ સરોવરમાં સ્નાન કરશે તે જીવ ગોલોક ધામને પામશે. અને વળી અમારી સ્મૃતિએ સહિત મહિમા પૂર્વક આ સરોવરમાં સ્નાન કરશે, તે જન આત્યંતિક જે અક્ષરધામ તેને પામશે. અને વળી જે મનુષ્ય આ સરોવરમાંથી મુઠી ભરીને ધૂળ બહાર કાઢીને પાળ ઉપર નાખશે, તે જીવ બદરિકાશ્રમધામને પામશે. અને જે મનુષ્ય મૃત્યુ પામેલો તેના અસ્થિનો તલ જેવડો કટકો આ



વિશ્વામિત્રી નદીના ગૌઘાટમાં નાખશે તે જીવ સાત પેઢીએ સહિત સ્વર્ગલોકને પામશે. અને જે મનુષ્ય આ સરોવરના કિનારે તથા ગૌઘાટના આરે તથા મીન સાગરનાકિનારે તથા ખાંપા તળાવડીના કાંઠે શ્રાદ્ધાદિક ક્રિયા કરશે તે પણ ભગવાનના અક્ષરધામને પામશે અને વળી હે ધર્મદેવ ! આ સરોવરમાં આજ દિવસથી આરંભીને ગંગા આદિક અડસઠ તીર્થ નિવાસ કરી રહ્યા છે એમ તમે જાણો અને જે જે ભગવાનના અવતાર છે તથા બ્રહ્માંડાધિપતિ જેજે દેવતા છે તથા સનકાદિ અઠ્યાસી હજાર ઋષિઓ છે તથા નવલખા પર્વત ઉપર નવલાખ સિદ્ધો છે, એ આદિક જેજે ભગવાનના આશ્રિત મુનિઓ તથા દેવ એ સર્વે બ્રહ્માંડના વાસી અનુક્રમે કરીને અમારા દર્શન તથા પૂજા પરિક્રમા, સાષ્ટાંગ નમસ્કાર કરીને પોતપોતાના સ્થાન પ્રત્યે જાય છે.

અને વળી આ બ્રહ્માંડમાં એવું કોઈ તીર્થ સ્થાનક નથી જે આ છપૈયાપુરને તથા નારાયણ સરોવરને તથા આ ધર્મ તળાવ તથા ખાંપા તળાવડી તથા આ જે વિશ્વામિત્રી નદી તથા ભૂતિયો કૂવો તથા છપૈયાપુરની ભૂમિકા અને આ જે અમારું જન્મસ્થાનક તથા આ જે કૂવો તેની ઉપમા બીજા કોઈને આપીએ તેવું કોઈ સ્થાનક નથી. માટે અમારા સંબંધને પામ્યા એવા જે જીવ કીડી, મકોડી, કીટ, પતંગ, વૃક્ષ, વેલી, પશુ, પક્ષી, સ્થાવર, જંગમ, મનુષ્ય, પર્વત જે જે અમારા સંબંધને પામ્યા તથા અમારા આશ્રિતના સંબંધને પામશે તે સર્વે મોક્ષને પામશે. આવી રીતનો અપાર મહિમા છે. તેના કોટીમાં ભાગની બરોબર ચાર ધામ અને સાત પુરીઓ અને બીજા જે જે તીર્થ તે પણ થાય એમ નથી. એમ, હે પિતા ધર્મદેવ ! તમે જાણો. અને વળી નિયમે યુક્ત અને ભગવાનના ભક્ત એવા જે સાધુ, બ્રાહ્મણ તેઓને જમાડીને વસ્ત્ર દક્ષિણા આપશે તથા ગાય આદિકના દાન આપશે અને વળી ભગવાનની પ્રતિમાને થાળ કરીને જમાડશે અને વસ્ત્ર ઘરેણા આદિક કરાવશે તથા ભગવાનના મંદિર આદિક બીજી જગ્યાઓ કરાવશે, તે મનુષ્ય દેહ મૂકીને વિમાન ઉપર બેસીને અક્ષરધામમાં ભગવાનના સાધર્મ્યપણાને પામશે. અને વળી જે કોઈ મંદિર કરાવીને તે મદિરમાં મૂર્તિઓ પધરાવીને વાંસે પૂજા પ્રવાહ ચલાવશે તે ઘણી દેહ મૂકીને અક્ષરધામમાં ભગવાનના સાધર્મ્યપણાને પામીને હજુર સેવામાં રહેશે અને વળી નારાયણ સરોવરના કિનારે કીડી

આદિક જીવજંતુને અન્નનો કણકો નાંખશે તે મનુષ્ય દેહ મૂકીને સ્વર્ગ પામશે. અને આ સરોવર ઉપર થઈને જે કોઈ પક્ષી ઉડીને જશે તે સ્વર્ગને પામશે.

જન્મ સ્થાન અને દેહોત્સર્ગ સ્થાન બંને ભગવાનના સ્થાન શ્રેષ્ઠ ગણાય છે. અને મુક્તિ આપનારા હોય છે. તેમજ પવિત્ર ગણાય છે. બંનેનો મહિમા મહાન છે. તો પણ જન્મ સ્થાન અધિક સુખદ અને મુક્તિ આપે છે. કારણ કે જન્મ સ્થાનમાં ભગવાનની બાલક્રીડા વગેરેનું જ્ઞાન થાય છે. તેથી ભક્તિ વિજય પામે છે. જન્મ સ્થાન શ્રેષ્ઠ છે ? કે દેહોત્સર્ગ સ્થાન શ્રેષ્ઠ છે ? એ પ્રશ્નના જવાબમાં નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે જન્મ સ્થાન શ્રેષ્ઠ ગણાય છે. કારણ કે ભગવાન અજન્મા છે તોપણ ભક્તને દર્શન આપવા જન્મ ધારણ કર્યો છે. જ્યાં શ્રીજી મહારાજનો જન્મ તે સ્થાન જન્મસ્થાન કહેવાય છે. તેમના દર્શનથી જ મોક્ષ મળે છે. ઉત્તર ભારતમાં અયોધ્યા પાસે ગોન્ડા જીલ્લામાં છપૈયા કરીને નાનકડું, રૂપકડું ગામ આવેલ છે. ગામની ફરતે ઘટાદાર આંબા તથા આંબલી, જાંબુડા, ફણસ તથા વડ તેમજ પિપળા વગેરે વૃક્ષોથી સુશોભિત છે. ચારે બાજુ જાંબુડાના પુષ્કળ વૃક્ષો હોવાથી આખો દિવસ કોયલ, મેના, પોપટ, દેવચકલી વગેરે પક્ષીઓનો કલરવ તેમજ સુંદર એવા મોરના ટહુકા સંભળાય છે. એવા પવિત્ર અક્ષરધામ તુલ્ય છપૈયા ધામમાં પ.પૂ.ધ.ધુ. આદિ આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સ. ૧૯૦૭ માં ત્રણ શિખરનું ભવ્ય મંદિરનું નિર્માણ કરાવીને શ્રી ધર્મદેવ ભક્તિમાતા, શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી વાસુદેવ નારાયણ આદિક દેવોની પ્રતિષ્ઠા કરેલ. સન ૧૯૯૪ માં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો જ્યારે રજત સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવાયો, તેના ફળ સ્વરૂપે સત્સંગી હરિભક્તોએ ગુરુઋણ અદા કરવાની શુભ ભાવનાથી રજત-સુવર્ણ તુલા વિધિમાં ભારોભાર સોનું, ચાંદી પ.પૂ. મહારાજશ્રીના ચરણોમાં અર્પણ કરેલ. અતિ ઉદાર અને શ્રીહરિ સાથે એકતા ધરાવતા પ.પૂ. મહારાજશ્રીએ તે જ સમયે બ્રાહ્મણોની હાજરીમાં હાથમાં જળ લઈ આ સોનું ચાંદી છપૈયા મંદિરને, સંપ્રદાયમાં સૌ પ્રથમ આરસનું મંદિર બને તે ભાવનાથી શ્રીકૃષ્ણાર્પણ કર્યું. જેના ફળ સ્વરૂપે સને ૨૦૦૨ માં મૂર્તિઓ યથાવત રાખી મંદિરનો જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો. આશરે રૂપિયા



પાંચ કરોડના ખર્ચે સંપ્રદાયમાં સૌ પ્રથમ સંપૂર્ણ આરસનું બે માળનું ભવ્ય મંદિર નિર્માણ કરવામાં આવ્યું. તે ભવ્ય અને દિવ્ય નૂતન મંદિરના આજે આપણે સૌ દર્શન કરી રહ્યા છીએ.

સર્વ અવતારના અવતારી અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણે આ બ્રહ્માંડમાં મનુષ્ય શરીર ધારણ કરવાનો સંકલ્પ કર્યો. ત્યારે સૌ પ્રથમ કેવી પૃથ્વી ઉપર અવતરવું તેનો વિચાર કરતાં, પ્રાચીન કાળમાં પણ પ્રસિધ્ધ પોતાના દિવ્ય બાલ સ્વરૂપનું પ્રગટ દર્શન જ્યાં મહામુનિ માર્કન્ડેયને આપ્યું હતું તે જ પૃથ્વીને પસંદ કરી. આત્યંતિક પ્રલયમાં ચિરંજીવી મહામુનિ માર્કન્ડેયજી દસ હજાર વર્ષ પર્યંત સર્વત્ર જળ બંબાકારમાં આશ્રય શોધતા હતા. ત્યાં તેમને વટ પત્ર શાયી બાલમુકુન્દના દર્શન થયા જે પુરાણોમાં આ રીતે વર્ણવેલ છે.

<u>करारविन्देन पदार विन्दम्, मुखारविन्दे विनिवेशयन्तम्</u>

<u>वटस्यपत्रस्य पुटे शयानं बालंमुकुन्दं मनसा स्मरामि</u>

આ પુરાણ પ્રસિદ્ધ બાલમુકુન્દ ભગવાનનો વાસ જે ભૂમિ ઉપર થયો હતો તે જ આ છપૈયા છે. ઘનશ્યામ મહારાજે છપૈયાની પાવન કારી ભૂમિને અગિયાર વર્ષ પર્યંત પોતાના સોળ ચિન્હ વાળા દિવ્ય ચરણોથી પાવન કરી આપી. જગતના જીવને આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્તિ આપનાર છપૈયાની પવિત્ર ભૂમિમાં મહાન મોટા તીર્થ સ્થળો પરમાત્માના ચરણ સ્પર્શથી પાવનકારી થયા. સંપ્રદાયના આદિ આચાર્ય અને ભગવાન સ્વામિનારાયણના પુત્ર આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ નારાયણ સરોવરના પવિત્ર કિનારે ઘનશ્યામ પ્રભુએ કરેલી દિવ્ય બાળલીલાનું સર્વ મુમુક્ષુઓને રસપાન કરાવ્યું હતું. છપૈયાનું મંદિર એક ઐતિહાસિક મંદિર બન્યું છે.

એક વખત મૂળી મંદિરના મહંત સ.ગુ. સ્વામી હરિનારાયણદાસજી છપૈયામાં દર્શન કરતા હતાં તે સમયે સ્વામીના મનમાં સંકલ્પ થયો કે અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણનું જન્મસ્થાન કઈ જગ્યાએ હશે ? તે વખતે શ્રીજી મહારાજે સ્વામીને દર્શન આપી અને હાથ પકડીને બતાવ્યું કે આ અમારું જન્મ સ્થાન છે. હાલમાં જ્યાં બાલસ્વરૂપ

ઘનશ્યામ મહારાજ બિરાજે છે એ જ જન્મભૂમિ શ્રીજી મહારાજે પ્રત્યક્ષ બતાવેલ છે. ત્યાં અક્ષરભુવન કરાવી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીએ બાલસ્વરૂપ મહારાજની મૂર્તિ પધરાવી છે. શ્રીજી મહારાજના બાલ સ્વરૂપના સાક્ષાત્ દર્શન થાય છે. આ ભૂમિનો મહિમા અપરંપાર છે. છપૈયા એક મહાન તીર્થધામ છે. ઘનશ્યામ મહાપ્રભુએ આ ભૂમિ ઉપર એટલી અદ્‌ભૂત લીલાઓ કરી છે, જે લીલાઓનું વર્ણન કરવા દેવતાઓ પણ સમર્થ નથી.

બાલ સ્વરૂપ અવસ્થામાં શ્રીજી મહારાજને આંબલીનો જે ખાંપો વાગ્યો એનું ચિન્હ કાયમ રહ્યું છે. જેનો મહારાજે વચનામૃતમાં પણ ઉલ્લેખ કર્યો છે. તે તલાવડીનું નામ પણ કાયમ માટે ખાંપા તલાવડી પાડ્યું. ''जननी जन्मभूमिश्च'' જે જન્મભૂમિ છે, તે જનની કરતા મહાનછે. જે સદાને માટે ભગવાને યાદ રાખી છે. રામાયણમાં રામપ્રભુને ચૌદ વર્ષનો વનવાસ મળ્યો અને વનમાં જવા માટે તૈયાર થયા ત્યારે અયોધ્યાની ભૂમિની માટી પોતાની સાથે લીધી હતી. અને વનમાં વિચરણ દરમ્યાન સ્વયં રામચંદ્ર ભગવાન તે માટીના દર્શન કરતા હતા. અને કહેતા હતાં કે આ જન્મભૂમિનો કેટલો મહિમા હશે ? જે બ્રહ્માજીએ પણ જેને આ લોકમાં અવતાર કાર્ય કરવા માટે પોતાની અર્ધ આયુષ્ય સુધી તપ કર્યું હોય અને પછી અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ જે પોતે છપૈયાની ભૂમિ ઉપર પ્રગટ થયા હોય તે ભૂમિની મહાનતા, ગરીમાનું ગાન કોણ કરી શકે ? સર્વાવતારી શ્રીહરિના પ્રગટ સ્થાન છપૈયાધામમાં જન્મ સ્થાનના દર્શન કરીને સત્સંગી કે પછી ધર્મપ્રેમી ભક્તો અંતરમાં ખૂબ જ આનંદ અનુભવે છે અને વ્રજ કરતા વિશેષ ભાવથી અહીંની માટીને માથે ચડાવી મુખમાં મૂકીને મુક્તિ પામે છે.

ચરિત્ર વિના શાંતિ નહિ, એ ન્યાયે એક ચમત્કારિક ધટનાનું અત્રે આલેખન કરું છું. અમદાવાદ ગાદીના આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી દાદા આ ઘટનાનું વર્ણન કરતા કહે છે. હે રામ શરણજી ! એક સમયે જનકપુરીને વિષે એક વણિક મહાધનપતિ હતો. તે પોતાના ગામથી સંઘ કાઢી અયોધ્યાપુરીની યાત્રા કરવા માટે પોતાના ગામથી ચાલ્યો. તે વચ્ચે છપૈયાપુરમાં આવીને નારાયણ સરોવરમાં સ્નાન કરીને સમીપે આંબાના બગીચામાં ઉતારો કર્યો. પછી તે સંઘના



કેટલાક માણસો મંદિર સારું દેખીને દર્શન કરવા માટે તે મંદિરમાં આવ્યા. ત્યારે તે દિવસે શ્રીઠાકોરજીને ભારે વસ્ત્ર ઘરેણા પહેરાવીને ખુરશીઓ ઉપર બેસાડ્યા હતા. તેવાં અલૌકિક દર્શન કરીને તે સર્વેજને પોતાના ઉતારા ઉપર જઈને શેઠને કહ્યું જે, હે દાદા ! આ મંદિર બહુ સારું છે તે આપને દર્શન કરવા યોગ્ય છે અને અંદર ધર્મદેવ, ભક્તિમાતા અને ઘનશ્યામ મહારાજ આદિક દશ મૂર્તિઓ પધરાવેલી છે. તે મૂર્તિઓને ભારે વસ્ત્ર ઘરેણાં સહિત શણગાર ધારણ કરાવ્યા છે. તે સાંભળીને તત્કાળ તે વણિક મંદિરમાં આવીને શ્રી ઠાકોરજીના દર્શન કરીને પાંચ પાંચ રૂપિયા ત્રણ મંદિરમાં ભેટ મૂકીને અંતરમાં શાંતિ પામતો હતો. પછી વળી શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ આગળ એક પગે ઉભો રહીને પ્રેમ મગ્ન થકો, પ્રાર્થના સ્તુતિ કરીને શણગારે સહિત પોતાના અંતઃકરણમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ ઉતારી, ત્યાર પછી પૂજારીએ પાનબીડીઓ (પાનના બીડા) મૂકીને પતાસાનો થાળ ભરીને આપ્યો. તે લઈને પોતાના ઉતારે જઈને તે પ્રસાદીના પતાસા સર્વેને વહેંચી આપતો હતો. ત્યાર પછી ત્યાં થકી ચાલ્યો તે બીજે દિવસે અયોધ્યાપુરીને વિષે જતો હતો, અને ત્યાં શ્રીરામચંદ્રજીના જન્મ સ્થાનકે તથા કનક ભુવન તેમજ હનુમાનગઢી આદિક કેટલાક મંદિરે દર્શન કરીને ગોકુળ, મથુરા જતો હતો અને ત્યાં પંદર દિવસ રહીને સર્વે મંદિરોમાં દર્શન કરતો થકો પોતાના મનમાં એવો સંકલ્પ થતો હતો જે હું દેશાન્તરમાં ફર્યો અને અહીં પણ ગોકુલ, મથુરા, વૃન્દાવનમાં સર્વ સ્થળે દર્શન કર્યા પરંતુ તે છપૈયાપુરના મંદિરમાં જેવુ મૂર્તિઓનું તેજ અને શણગાર છે તેવા મેં કોઈ ઠેકાણે દીઠા નહી. એમ સર્વેને કહેતો હતો. પછી વળી એમ સંકલ્પ કર્યો જે હું મારા ગામમાં જઈને પાંચ લાખ રૂપિયાનું ખર્ચ કરીને છપૈયાપુર જેવું મંદિર કરાવીને એવી દસ મૂર્તિઓ માંહી પધરાવું. અને તેની પાછળ આજીવિકા બાંધુ અને તેવું તળાવ પણ સમીપે બંધાવું. એવો સંકલ્પ કરતાં કરતાં ઉતારા ઉપર આવીને રસોઈ જમીને સૂઈ ગયો કે તુરત તેને જવર આવ્યો. અને અડધી રાત્રિ વીત્યા પછી તેનો દેહ પડ્યો. ત્યારે તે સમયે તેના અંતઃકરણમાં ઘનશ્યામ મહારાજનું સ્મરણ રહેવાથી ઘનશ્યામ મહારાજ ખુરશી ઉપર બેઠેલા અને મહાશોભાએ યુક્ત મોર મુકુટ ધારણ કરેલા અને ચતુર્ભુજ એવા થકા શ્રીકૃષ્ણરૂપે આવીને દર્શન દઈને બોલ્યા જે, અમો સર્વ અવતારના અવતારી અક્ષરાધિપતિ પૂર્ણ

પુરુષોત્તમ છીએ. તે છપૈયાપુરને વિષે ધર્મ ભક્તિ અમારા માતા-પિતા છે. તેમના ઘેર અમોએ અવતાર ધારણ કર્યો છે. એમ કહીં તેને તેડી ગયા. તે સમયે કેટલાક માણસોને ખુરસીએ સહિત ઘનશ્યામ મહારાજના તેજોમય દર્શન થતા હતા. ત્યાર પછી તે વણિકનો પુત્ર સંઘ સહિત ત્યાં થકી ચાલ્યો તે છપૈયાપુરને વિષે આવીને તે પ્રતાપની વાર્તા સર્વેને કહેતો હતો અને શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કરીને પોતાના ઘેર જનકપુરીને વિષે જતો હતો.

બીજું પણ છપૈયાનુ એક દ્રષ્ટાંત-સત્ય ઘટના બહુ ચમત્કારી છે. એક સમયે ગ્વાલીયર પરગણે મગરોલી ગામના હરિભક્તો સંઘ લઈને છપૈયા પુરમાં શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કરવા માટે આવતા હતા. ત્યારે તેમાં એક બાઈ અતિ વૃદ્ધ અને આંખે પણ થોડું દેખાય એવી થકી મંડપમાં આવીને બહારની જાળીથી છેટે બેસીને શ્રી ઠાકોરજીના દર્શન કર્યા. પરતુ સિંહાસન ઉપર બરાબર મૂર્તિ દેખવામાં આવી નહીં. ત્યારે પોતાના મનમાં એવો સંકલ્પ થયો જે પ્રયાગરાજ તથા કાશીપુર તથા અયોધ્યાપુરીએ સર્વે પરોક્ષના મંદિરમાં તો સમીપે જઈને દર્શન કર્યા. તે ઠાકોરજીની મૂર્તિઓ મારા જોવામાં આવતી હતી. અને મારા ગામમાં પણ ઠાકોરજીની મૂર્તિઓને મેં ઘણી નીરખીને દર્શન કર્યા છે. પણ હે બાળસ્વરૂપ ! આ તમારા જન્મ સ્થાનકને વિષે હું ભાવે કરીને આટલે છેટેથી દર્શન કરવા આવી પરંતુ મને તો તમારા થોડા આભાસ માત્ર દર્શન થાય છે. પણ બરાબર જેવો તમારા બાળસ્વરૂપનો આકાર છે અને જેવા વસ્ત્ર ઘરેણાં તમોએ ધારણ કર્યા છે, તેની બરાબર મને કંઈ ઓળખાણ પડી નહીં અને તમો તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છો. માટે મારા પ્રેમના દર્શન માની લેજો અને હવે તો કૃપા કરીને વહેલા તેડવા આવજો. એવી રીતે પ્રાર્થના કરવા લાગી. તેને કેટલીક વાર થઈ એટલે તે સર્વે સંઘના માણસોને ઉતારા ઉપર જવા દઈને પોતે અતિ હેતે સહિત વિનંતીપૂર્વક દર્શન કરતી સતી રૂદન કરવા લાગી કે તુરત ત્રણે મંદિરોમાં સૂર્યનારાયણના જેવો પ્રકાશ થઈ ગયો. તે જોઈને તે બાઈ આનંદ પામતી સતી દશે મૂર્તિઓના દર્શન કરતી હતી. અને વસ્ત્ર ઘરેણાં પોતાના અંતરમાં ઉતારીને પગે લાગીને બોલી જે, હે દયાળુ ! કૃપા તો બહુ કરી પરંતુ આમાં બાળસ્વરૂપ ભક્તિધર્મના પુત્ર ઘનશ્યામ મહારાજની મૂર્તિ કઈ હશે ? અને આ તો દશે મૂર્તિઓ એક



સરખી ભાસે છે. અને વળી આ સર્વે મૂર્તિઓના નામ શા હશે ? એમ કહ્યું કે તુરત પોતાના પ્રેમી ભક્તનો મનોરથ પૂર્ણ કરવા માટે ઘનશ્યામ મહારાજ નાના બાળ સ્વરૂપે વસ્ત્ર ઘરેણા સહિત પોતાના સિંહાસન ઉપરથી મૂર્તિ દ્વારા ઉતરી આવી પોતાના સહિત દશ મૂર્તિઓના નામ લઈ ઓળખાવીને પાછા સિંહાસન ઉપર જઈને પોતાની મૂર્તિમાં લીન થઈ ગયા. એવું મહાઅદ્ભૂત ઐશ્વર્ય જોઈને તે બાઈ આનંદ પામતી થકી પોતાના ઉતારા ઉપર આવીને સર્વેને વાત કરતી હતી.

●

## ૧૬. સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગુરુપરંપરા :

સંપ્રદાયમાં ઈષ્ટદેવે માન્ય કરેલી ગુરુ પરંપરા અને તેઓએ જ સ્વહસ્તે સ્થાપન કરેલી ધર્મવંશી આચાર્ય પરંપરા એજ સાચી ગુરુપરંપરા છે. પોતાના ઈષ્ટદેવમાં પ્રીતિ ધરાવતા આશ્રિતોએ પોતાના ઈષ્ટદેવે સ્થાપન કરેલી, પ્રવર્તાવેલી ગુરુપરંપરામાં પણ એટલી જ નિષ્ઠા હોવી જોઈએ. તો જ એ સંપ્રદાયનો સાચો આશ્રિત ગણાય.

આપણા ઈષ્ટદેવ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન વડતાલના અઢારમાં વચનામૃતમાં પ્રશ્ન કરે છે જે, સત્સંગી હોય તેને અવશ્યપણે શી શી વાર્તા જાણી જોઈએ ? આ પ્રશ્નનું વિવેચન કરીને પોતે જ ઉત્તર આપતા કહે છે. એક તો આપણો ઉદ્ધવ સંપ્રદાય છે તેની રીત જાણવી જોઈએ.તથા બીજી ગુરુ પરંપરા જાણવી જોઈએ, તે કેવી રીતે તો ઉદ્ધવ તે રામાનંદ સ્વામી રૂપે હતા. ને તે રામાનંદ સ્વામી શ્રી રંગક્ષેત્રને વિષે સ્વપ્નમાં સાક્ષાત્ રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા. માટે રામાનંદ સ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે. ને તે રામાનંદ સ્વામીના શિષ્ય અમે છીએ. એવી રીતે ગુરુપરંપરા જાણવી, અને અમારા ધર્મકુળનું સ્થાપન કર્યું છે તેની રીત જાણવી.

સ્વામિનારાયણ સંપ્રદાયના શાસ્ત્રોના આધારે નીચે મુજબ ગુરુ પરંપરા ચાલી છે. ગુરુ પરંપરા એટલે પરંપરાના જે ગુરુઓ થયા, કે જેમના દ્વારા દીક્ષા પામીને તથા ભગવાનનું સ્વરૂપ ઓળખીને અનંત જીવ ધર્મ-ભક્તિના માર્ગે ભગવાન સાથે જોડાયને ભગવાનના ધામને પામ્યા. અનંત જીવનો

જન્મ મરણમાંથી છૂટકારો થયો. શ્રીકૃષ્ણ ભગવાને અસુરોનો નાશ કરીને પૃથ્વીનો ભાર ઉતાર્યો. પૃથ્વી પરથી અંતર્ધાન થતા પહેલાં મોક્ષ સંબંધી જ્ઞાન ઉદ્ધવજીને આપીને બદ્રિકાશ્રમમાં શ્રી નરનારાયણદેવની સમીપે રહેવાની આજ્ઞા કરી. તેથી ઉદ્ધવજી નિત્ય શ્રીહરિના ગુણ ગાઈને અનંત જીવને તારતા હતા. તે દરમિયાન મોક્ષ જ્ઞાનનો અધિકારી એવો એક પવિત્ર દ્વિજ તેમને મળ્યો. તેનું નામ સોમ શર્મા હતું. આ સોમ શર્મા દક્ષિણ દેશમાં વિષ્ણુપુરી ગામમાં કૃષ્ણ શર્મા નામના એક પવિત્ર બ્રાહ્મણનો પુત્ર હતો. સોમશર્માએ પ્રથમ બ્રહ્મવિદ્યા ભણવા માટે નાસિકમાં નીલકંઠ નામના વેદ શાસ્ત્રના પારંગત અને સુશીલ બ્રાહ્મણને ગુરુ કરીને મોક્ષ સંબંધી જ્ઞાન મેળવવા સદ્‌ગુરુના લક્ષણો જાણી તેવા જ્ઞાની ગુરુ મેળવવા નીલકંઠ બ્રાહ્મણને પગે લાગી ચાલી નીકળ્યો. તીર્થોમાં ફરતો તે બદરીવનમાં આવ્યો. વિશાલાના દર્શન કર્યા. મેરુ તીર્થમાં ઉદ્ધવજીનો ભેટો થયો.

શુકદેવજી પણ સાથે હતા. ઉધ્ધવજીના ચરણમાં વિપ્ર પડ્યો. મને અજ્ઞાન સિંધુ તથા કાળ, માયા, કર્મ, યમદૂતથી બચાવો. એમ પ્રાર્થના કરી. ત્યારે ઉધ્ધવજીએ વૃતાંત પૂછી, જ્ઞાનનો બોધ કરી ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય જેમાં મુખ્ય છે એવી ભાગવતી દીક્ષા આપી. ભાગવત ધર્મનો ઉપદેશ કરી ધામ અને મોક્ષની રીત કહીં, ઉધ્ધવજીએ આપેલા અષ્ટાક્ષર મંત્રનો જપ કરવાથી સોમશર્માને ભ્રાંતિ મટી અને દિલમાં શાંતિ થઈ. ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વિપ, બ્રહ્મપુર આદિ ધામના દર્શન કરતો ધામમાં પરબ્રહ્મના દર્શન કરી મગ્ન રહેતો. અને નિર્મળ આત્મસ્વરૂપને ધારીને જગત વિસારી મૂક્યું. તેથી આત્માનંદ નામ પાડ્યું. પછી ઉદ્ધવજીએ ભગવાનને વધારે પ્રસન્ન કરવા માટે આત્માનંદને આજ્ઞા કરતા કહ્યું : મથુરા, વૃન્દાવન, દ્વારકા, અયોધ્યા, જગન્નાથપુરી વગેરે પુણ્ય ક્ષેત્રોમાં ફરી ભાગવત ધર્મનો પ્રચાર કરજે. ભૂતળ ઉપર ધર્મભક્તિ પ્રગટાવી મોક્ષની પ્રેરણા કરજે. મારે લીધે જેવી તમારા કામની સિધ્ધિ થઈ તેવી જ તમારાથી તમારા શિષ્યને થશે. એમ શુભ પરંપરા ચાલશે. એવી મારી આશિષ છે. તમારી પરંપરાનો જે દ્વેષ કરશે તે રાજા કે પ્રજા નિર્વંશ થશે. તમારા દ્રોહીનો નાશ કરે તેવો એક રાજા થશે. ઉદ્ધવની આજ્ઞા માથે ચડાવી તે વિપ્ર મથુરા થઈ અનેક આશ્રિતજનોને બ્રહ્મરૂપ કરી,



દ્વારકા આવી સિંધુ તિરે ગોપેશ્વરનું મંદિર છે ત્યાં રહ્યો.

આ આત્માનંદ મુનિના શિષ્ય ગોવિંદમુનિ સમાધિનિષ્ઠ થયા. ગોવિંદ મુનિના શિષ્ય આનંદમુનિ પણ તેવા જ પ્રતાપી થયા. આનંદમુનિના શિષ્ય ગોપાળ મુનિ થયા. ઉદ્ધવે કહ્યું હતું તે પ્રમાણે તે બધાય નિયત સમયે થયા. ગોપાળમુનિના શિષ્ય બીજા આત્માનંદમુનિ સમાધિનિષ્ઠ થયા. તે ધ્યાનમાં અપાર નિરાકાર તેજ દેખતા. અને તેમાં જ અપાર સુખ માનતા.

બીજા આત્માનંદ સ્વામીનું ટૂંકમાં વૃતાંત જોઈએ તો ચતુર્વેદી મોઢ વિપ્ર ગોપી ભટ્ટ કે જેમનું શ્રીજી મહારાજે ગઢપુરમાં ઉત્તમ રાજા દ્વારા સન્માન કરાવેલું. તે ગોપીભટ્ટના પિતા વિશ્વંભર ભટ્ટ બહુ સમર્થ હતા. તે મનમાં ધારે તે તરત થઈ જતું. ઈશ્વર જેવા તેમનામાં ગુણ હતા. સોરઠ દેશમાં નવા નગર પાસે કુંભાવન નામના ગામમાં ૧૭૩૦ માં વિજયા દશમીના દિવસે શ્રવણ નક્ષત્રમાં સાયંકાળે તેમનો જન્મ થયેલો. છ વર્ષની ઉંમરે પિતાનું અવસાન થવાથી પોતાની માતા સાથે ગારીયાધાર આવીને રહ્યા. ૧૨ વર્ષ સમુદ્રને તીરે ગોપનાથ મહાદેવમાં ગોપાળાનંદ બ્રહ્મચારી પાસે વેદ ભણ્યા. ગારીયાધાર આવી ગૃહસ્થ બન્યા. વૃન્દાવનમાં બ્રહ્મવેત્તા તૈલંગી વિપ્ર ગોપેશ્વરને ગુરૂ કર્યા. ગુરુને રાજી કરી તેમની આજ્ઞાથી ગારીયાધાર છોડી આસોદર ગામે આવીને વસ્યા. પોતે કૃષ્ણ ભક્તિ કરતા અને અગણિત ગૃહસ્થોને ભગવાનની ભક્તિ કરાવીને ભવપાર કરતા. ૬૦ વર્ષની ઉંમરે ઘર તજ્યું. દ્વારકા આવી માધવાનંદ નામના એક ધર્મિષ્ઠ ત્યાગીના યોગથી પોતે પૂર્ણાનંદ નામના સન્યાસી બન્યા. ત્યાંથી ગોપનાથ મહાદેવ આવી ગોપાળાનંદ બ્રહ્મચારીને ગુરુ કર્યા. સર્વ શાસ્ત્રનું ગુરુમુખથી શ્રવણ કર્યું. ગુરુ પ્રતાપથી સમાધિનિષ્ઠ થયા. ગુરુએ શિષ્યને પરમહંસ દીક્ષા ગ્રહણ કરાવી આત્માનંદ સ્વામી નામ પાડ્યું. જે આગળ કહેલી પરંપરાના બીજા આત્માનંદ મુનિ. આ આત્માનંદ મુનિ ભૂત, ભવિષ્યની વાત જાણતા. અંતરના સંકલ્પ પણ જાણતા. પોતાની ઈચ્છાએ સોળસો વર્ષ દેહ રાખ્યો.

હવે ઉદ્ધવજીનો અવતાર એવા રામાનંદ સ્વામીનો જન્મ ૧૭૯૫ માં શ્રાવણ વદિ આઠમના દિવસે અયોધ્યામાં થયેલો. જેમના પિતા અજય નામે વિપ્ર કાશ્યપ ગોત્રી ઋગવેદી અશ્વલાપન શાખાના અધ્યેતા સરવરિયા વિપ્ર

હતા. પિતાએ દેહ મૂક્યાં પછી માતાની રજા લઈને તીર્થ કરતા કરતા ઉપર કહેલ બીજા આત્માનંદ સ્વામીનો યોગ થયો. ગુરુ કર્યા. ગુરુએ યોગ સાધના કરાવી. સમાધિમાં બ્રહ્મ તેજનું દર્શન થયું. પરંતુ એ તેજમાં પરમાત્માનું દર્શન ગુરુ ન કરાવી શક્યા. નિરાકાર તેજ એજ કૃષ્ણ છે એમ કહીં ગુરુએ પરમાત્માના દિવ્ય આકારનું ખંડન કર્યું. તેથી તે ગુરુનો ત્યાગ કરી રામાનંદ સ્વામી સાકાર ઉપાસક ગુરુની શોધમાં ફરતા ફરતા દક્ષિણ ભારતમાં શ્રીરંગ નામના તીર્થમાં આવ્યા. ત્યાં ત્રણ માસની સાધના બાદ ચૈત્ર શુક્લ પાંચમની વહેલી પ્રભાતે સ્વપ્નમાં રામાનુજાચાર્યનું દર્શન રામાનંદ સ્વામીને થયું. પૂર્વના ઉદ્ધવ જાણી રામાનુજાચાર્યે રામાનંદ સ્વામીને વૈષ્ણવી દીક્ષા આપી. સત્સંગની શુદ્ધ રીત દેખાડી કહ્યું કે તમારા શિષ્યો તમારા વચનથી ભવસાગર તરશે. પાત્ર જોઈને શ્રીકૃષ્ણ ભગવાનનો મંત્ર દેજો. તમને શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન થશે. પછી વૃન્દાવનમાં પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણ ભગવાને રામાનંદ સ્વામીને સમાધિમાં તેજપુંજ મધ્યે રાધિકા સહિત પોતાનું દર્શન આપ્યું. પછી ભગવાનની આજ્ઞાથી સત્શાસ્ત્રોમાં પ્રમાણરૂપ પોતાના નામથી પ્રસિદ્ધ ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી. મુમુક્ષુઓને દીક્ષા આપવા લાગ્યા. આશ્રિતોને ધર્મ સહિત ભક્તિ કરવાનો ઉપદેશ કરવા લાગ્યા. પછી પ્રયાગમાં ધર્મ ભક્તિને પણ શરણ દીક્ષા આપીને ઉપદેશ આપ્યો. અને ધર્મદેવને મુમુક્ષુજનોને મંત્રોપદેશ કરી કૃષ્ણ ભક્તિનો પ્રચાર કરવાની આજ્ઞા કરી. ધર્મદેવ પોતાના પત્ની ભક્તિ દેવી દ્વારા સ્ત્રીઓમાં મંત્ર ઉપદેશ અપાવતા. ત્યાગી સંતો અને ગૃહસ્થ ભક્તો તમામ રામાનંદ સ્વામીને ગુરુ માનતા.

દુર્વાસાના શાપને સત્ય કરવા, એકાંતિક ધર્મનું સ્થાપન કરવા, શરણે આવેલા જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા ધર્મ ભક્તિને ઘેર છપૈયામાં વિ.સં. ૧૮૩૭ ચૈત્ર સુદ-૯ના દિવસે અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ સર્વાવતારી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા. તે ભગવાન ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી, ૭ વર્ષ વનવિચરણ કરી લોજ પધાર્યા. પીપલાણામાં રામાનંદ સ્વામીનું મિલન થયું. વિ.સ. ૧૮૫૭ ના કાર્તિક સુદ-૧૧ ના દિવસે નીલકંઠવર્ણીને વિધિ પૂર્વક મહાદીક્ષા આપી જમણા કાનમાં અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ આપ્યો. પછી જેતપુરમાં મોટો ઉત્સવ કરી રામાનંદ સ્વામીએ



નારાયણમુનિને પોતાની ગાદી પર બેસાડી સૌને તેમની આજ્ઞામાં રહેવા અનુરોધ કર્યો. ઉદ્ધવ સંપ્રદાય સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે પ્રસિદ્ધિ પામ્યો. કારણ કે સ્વામિનારાયણ ભગવાને આ સંપ્રદાયનું ખૂબ પ્રવર્તન કર્યું અને આત્યંતિક શ્રેય સિદ્ધ કરવા માટે ચોક્કસ સનાતન સ્વરૂપનું એક બંધારણ નિશ્ચિત કર્યું.

રામાનુજાચાર્ય

રામાનંદ સ્વામી (ઉધ્ધવજી)

સહજાનંદ સ્વામી (સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન)

| **અમદાવાદ દેશ** | **વડતાલ દેશ** |
|---|---|
| અયોધ્યાપ્રસાદજી | રઘુવીરજી |
| કેશવપ્રસાદજી | ભગવતપ્રસાદજી |
| પુરુષોત્તમપ્રસાદજી | વિહારીલાલજી |
| વાસુદેવપ્રસાદજી | લક્ષ્મીપ્રસાદજી |
| દેવેન્દ્રપ્રસાદજી | શ્રીપતિપ્રસાદજી |
| તેજેન્દ્રપ્રસાદજી | આનંદપ્રસાદજી |
| કોશલેન્દ્રપ્રસાદજી | નરેન્દ્રપ્રસાદજી |
| | અજેન્દ્રપ્રસાદજી |
| | રાકેશપ્રસાદજી |

આત્માનંદ સ્વામીએ શુભ દેશ રૂપી ભૂમિ તપાસીને સત્સંગરૂપી બી વાવ્યું. રામાનંદ સ્વામીએ તેને સીંચ્યું અને સહજાનંદ સ્વામીએ તે સત્સંગરૂપી કલ્પવૃક્ષને નિયમ રૂપી દ્રઢ વાડ કરી. આજે પણ આ વાડને જે આશ્રિત સત્સંગી જેટલી તોડે છે તેટલી તેની મોટાઈ ઘટી જાય છે અને એ વાડની જે સંત હરિભક્તો રક્ષા કરે છે તે દિવેસ દિવસે વૃદ્ધિ પામે છે. અને મોક્ષરૂપી ફળ પ્રાપ્ત કરે છે. છપૈયામાં જ્યારે ઘનશ્યામ મહારાજ બાળ લીલા કરતા ત્યારે એક સમયે નારદમુનિ ત્યાં આવીને ઘનશ્યમ મહારાજના સખાઓની

મધ્યે વેણું નામનું વાજિંત્ર વગાડતા અને ભગવાનના ગુણનું વર્ણન કરતા ઘનશ્યામ મહારાજના પ્રાકટ્યથી આંરભીને અંતર્ધ્યાન પર્યંતની સમગ્ર લીલાઓનું વર્ણન અગાઉથી જ કરતા કહેતા હતાં કે હે પ્રભુ ! તમો અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી એ બે તમારા ભત્રીજાને દત્તકપુત્ર કરીને આચાર્ય પદ આપશો.

નારદ મુનિના આ વચનને સત્ય કરવા સત્સંગની સ્થાપના કર્યા બાદ સ્વામિનારાયણ ભગવાને વડતાલ ગામની જાહેર સભામાં કલકત્તાથી દ્વારકા લીટી કલ્પી વહીવટી સરળતા માટે સત્સંગનું ઉત્તર અને દક્ષિણ એમ બે દેશમાં વિભાજન કરી ઉત્તર અમદાવાદ અને દક્ષિણ વડતાલ એમ બે ગાદીનું સ્થાપન કર્યું. પોતાના મોટા ભાઈ રામપ્રપાતભાઈના પુત્ર અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા નાનાભાઈ ઈચ્છારામભાઈના પુત્ર રઘુવીરજી મહારાજને વેદોક્ત વિધિ અનુસાર દત્તપુત્ર તરીકે સ્વીકારીને અયોધ્યાપ્રસાજી મહારાજને અમદાવાદ ગાદીના આચાર્ય તથા રઘુવીરજી મહારાજને વડતાલ ગાદીના આચાર્ય તરીકે સમગ્ર ત્યાગી ગૃહીના ગુરુ તરીકે પોતાની જગ્યાએ બેસાડી સ્વંય શ્રીહરિએ આરતી ઉતારી. પોતપોતાના વિભાગના આચાર્યશ્રીને ગુરુ તરીકે પૂજવા તથા તેઓશ્રીની પાસેથી ગુરુમંત્ર લેવા આજ્ઞા કરી. કળિયુગમાં પુરુષના ગુરુ પુરુષ તથા સ્ત્રીના ગુરુ સ્ત્રી બને તે હેતુથી તેઓને પવિત્ર નિયમો સાથેનું ગૃહસ્થ જીવન આપી આચાર્યશ્રીના પત્ની સ્ત્રીઓને ગુરુ મંત્રનો ઉપદેશ કરે એવી અલૌકિક રીત પ્રવર્તાવી. આચાર્યશ્રીની આજ્ઞામાં રહેવા સર્વેને ભલામણ કરી. ધર્મવંશી આચાર્યમાં રહી પોતે જ આશ્રિતજનોની સેવા પૂજા અંગીકાર કરશે અને ધર્મવંશી આચાર્યશ્રી દ્વારા આ રીતે લાંબાકાળ સુધી અસંખ્ય જીવાત્માનું કલ્યાણ થતું રહેશે એવું વચન આપ્યું. આચાર્ય પરંપરાના નિયમો તથા આચાર્યશ્રીએ પાળવાના નિયમો કહ્યા. આ છે સ્વામિનારાયણ સંપ્રદાયની ગુરુપરંપરા ! સંપ્રદાયમાં એક સમયે માત્ર બે જ ધર્મગુરુ હોય છે. ત્રીજા, ચોથા, પાંચમાં.... એમ આગળ જેટલાને પણ ધર્મગુરુ થવું હોય તે બધા પોતે પોતાની મેળે ધર્મગુરુ થાય છે. શાસ્ત્રમાં તેનો મહિમા ગવાતો નથી. શાસ્ત્રોમાં માત્ર પરંપરાના ધર્મવંશી આચાર્યશ્રીનો મહિમા ગવાય છે. સંપ્રદાયના આશ્રિતે શ્રીહરિનું બંધારણ માનવું જ પડે !



અને જો ન માને તો સંપ્રદાયની એકસૂત્રતા બંધારણ તોડીને તેવા ભક્તજનો ઈષ્ટદેવનો નિશ્ચે દ્રોહ કરે છે. શ્રીહરિનો દ્રોહ ન થઈ જાય પરંતુ શ્રીહરિ રાજી થાય એવો સૂક્ષ્મબુદ્ધિથી વિચાર કરી ગુરુપરંપરા સમજીને એ પ્રમાણે અનુસરવું એમાં જ જીવનું કલ્યાણ છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગુરુ શોધવાના હોતા નથી. ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને જ પોતાના આશ્રિતજનો માટે ધર્મવંશી આચાર્ય પરંપરા સ્થાપીને સર્વેના ગુરુ શોધી આપ્યા છે.

## ૧૭. ધર્મવંશી આચાર્ય પદ સ્થાપન :

શ્રીહરિએ પોતાના આશ્રિતના આત્યંતિક કલ્યાણ માટે જે ત્રણ ગૂઢ સંકલ્પ કરેલા, તે પૈકી બીજો ગૂઢ સંકલ્પ ધર્મવંશી આચાર્ય પદ સ્થાપનનો છે. શ્રીહરિ વિચાર કરે છે, ભક્તિમાર્ગમાં મંત્રદીક્ષા ખૂબ જરૂરી છે. એટલે પવિત્ર ધર્મવંશમાં આચાર્ય પદની સ્થાપના કરું. જેથી દીક્ષા રીતિની સુગમતા થાય. ભગવાન શ્રી સ્વામિનારાયણનો મોક્ષ સિધ્ધાન્ત એકદમ સરળ સહજ અને સ્વાભાવિક રીતે જ સૌના માટે માન્ય થાય તેવો શિક્ષાપત્રીમાં સ્વયં પોતે જ કહ્યો છે. ''कृष्ण सेवामुक्तिश्च गम्यताम्'' પરમેશ્વરના ચરણ કમળની સેવા મળે એજ મુક્તિને સ્થાપિત કરે છે. એવી સેવા એટલે સાકાર પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપની ઉપાસના ભક્તિ દ્વારા પ્રાપ્તિ કરવાનો માર્ગ જગતને ઓળખાવ્યો છે. જે શ્રીહરિએ સ્વહસ્તે સ્થાપિત દેવ આચાર્યના બે મહાન પાટા ઉપર ચાલી રહેલ છે. શ્રીહરિએ ધર્મકુળના બન્ને ભાઈઓના શ્રેષ્ઠ પુત્રોમાં આચાર્ય પદનું પ્રતિપાદન કરી તે દ્વારે ધર્મકુળની ગાદી તળેથી મોક્ષદાયીની ભાગીરથી વહેતી રાખી છે. શ્રીહરિએ આ જીવના કલ્યાણ અર્થે તેના અવલંબન સારું પોતાનું પ્રત્યક્ષપણું આ જીવને અનુભવાય તે સારુ, આચાર્ય પદનું સ્થાપન કરેલું છે.

શ્રીજી મહારાજે આચાર્ય સ્થાપનનો સંકલ્પ ત્રણ તબક્કે અમલમાં મૂકેલ છે. અસલાલીમાં વિચારણા કરી, જેતલપુરમાં અમલ કર્યો અને

વડતાલમાં એને કાયમી (દસ્તાવેજી) સ્વરૂપ આપ્યું. શ્રીહરિ અમદાવાદથી અસલાલી પધાર્યા. અસલાલીમાં ગામની ભાગોળે શ્રીહરિએ સભા કરી. આ વખતે શ્રીજી મહારાજની સાથે અયોધ્યાવાસી પણ સર્વે હતા. શ્રીહરિએ પોતાના બંને ભાઈઓને કહ્યું, અમારી ઈચ્છા છે, તમે બંને ભાઈઓ એક એક પુત્ર અમને આપો. મહારાજ ! અમારા આ પુત્રોમાંથી તમને યોગ્ય લાગે એનો સ્વીકાર કરો.મોટાભાઈ રામપ્રતાપભાઈના પુત્ર અયોધ્યાપ્રસાદજી અને નાના ભાઈ ઈચ્છારામજીના પુત્ર રઘુવીરજી, આ બંનેનો મહારાજે સ્વીકાર કર્યો અને કહ્યું આજથી આ બે પુત્રો એ અમારા પુત્રો છે. બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી આદિ સર્વે સંતોને શ્રીજીમહારાજે કહ્યું. જુઓ હવે અમારા આ બે પુત્રો છે. આજથી આપણા સંપ્રદાયના બે વિભાગ કરીએ. ઉત્તર વિભાગ એટલે નરનારાયણનો દેવનો વિભાગ સમજવો. દક્ષિણ વિભાગ એટલે લક્ષ્મીનારાયણદેવનો વિભાગ માનવો. મહારાજે અસલાલીની ભાગોળે બે વિભાગ કેવા લાગે છે એ બધાને બતાવવા ઉત્તર તરફ અયોધ્યાપ્રસાદજી મહારાજને બેસાર્યા. દક્ષિણ તરફ રઘુવીરજી મહારાજને બેસાર્યા. અડધા અડધા સંતોને બે વિભાગમાં બેસાર્યા. હે ભક્તો ! હવે આ સભા કેવી લાગે છે ? સંતો,ભક્તો એ કહ્યું મહારાજ ! બહુ સુંદર લાગે છે. અસલાલીની ભાગોળે જે જગ્યાએ શ્રીજી મહારાજે બે સભાઓ જુદી કરી, ત્યાં એ પ્રસાદીના સ્થળે છત્રી કરેલી છે. પછી પ્રભુ ત્યાંથી જેતલપુર પધાર્યા.

શ્રીહરિએ જેતલપુરમાં આવીને વળી પાછી એ જ વાત ઉચ્ચારી,જુઓ સંતો ! આ કામ આપણે બહુ વ્યવસ્થિત રીતે કરવુ છે. જેતલપુરમાં શ્રીહરિએ દેશવિભાગનો બધો વિધિ સ્વમુખે બધા હરિભક્તોને કહ્યો. જે ગામો લક્ષ્મીનારાયણદેવના દેશમાં આવતા હોય એમના આચાર્ય રઘુવીરજી મહારાજ અને જે ભક્તોના ગામો નરનારાયણદેવના દેશમાં આવતા હોય એમના આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ. કૃપાળુ શ્રીહરિએ ઉત્તર વિભાગ અને દક્ષિણ વિભાગ; બે વિભાગો નક્કી કર્યા. હે ભક્તો ! પોતપોતાના આચાર્ય પાસેથી મંત્ર દીક્ષા લેજો. પોતાના આચાર્યને માનજો. કયો દેશ કોનો, એના માટે શ્રીહરિ કહે, પોતાના પરિવાર સાથે જે જ્યાં રહેતો હોય એ દેશ એમનો ગણાય. એટલે નામ ધર્માદો એ દેશમાં આપવાનો. કોઈ કાયમ માટે



એવું નહિ લખી રાખવાનું કે અમે મૂળ વડતાલ દેશના કે અમે મૂળ અમદાવાદ દેશના, જ્યાં કુટુંબ પરિવાર સાથે રહેતા હો, જ્યાં તમારો નોકરી, ધંધો, ઉદ્યમ, આજીવિકા ચાલતા હોય એ દેશ તમારો.

સ્વામિનારાયણ ભગવાન આટલો વિધિ જેતલપુરમાં કરી અને પછી વડતાલ પધાર્યા. વડતાલમાં પણ મહાપ્રભુએ બે પાટ ગોઠવી બન્ને આચાર્ય ને જુદી જુદી પાટ ઉપર બેસાર્યા. અને ત્યાં લખાણ કર્યું. આ સમયે શ્રીહરિએ વડતાલમાં સંપ્રદાયના ત્યાગી, ગૃહસ્થ, સર્વે આશ્રિતોની એક વિરાટ સભા ભરી અને તેમાં ભાવી આચાર્યની પસંદગી નિયુક્તિનો પ્રશ્ન રજુ કર્યો. ત્યારે સંપ્રદાયમા 'મા' નું બિરુદ પામેલા મુક્તાનંદ સ્વામીએ સભામાં હાથ જોડીને સર્વે આશ્રિતો વતી જવાબ આપતા કહ્યું , "આ પ્રશ્નનો નિર્ણય વર્ષો પહેલાં રામાનંદ સ્વામીએ પોતેજ કરેલો છે. પ્રયાગક્ષેત્રમાં રામાનંદ સ્વામીએ શ્રીધર્મ દેવને કે જે ગૃહાસ્થાશ્રમી હતા, તેમને પોતાના સર્વે શિષ્યોમાં મુખ્યપદે સ્થાપિત કર્યા હતા. અને મુમુક્ષુઓને દીક્ષા આપીને શિષ્ય બનાવવાનો અને ઉપદેશ આપવાનો પોતાનો અધિકાર આપ્યો હતો. એ પછી આપ સંપ્રદાયમાં આવ્યા, ત્યાં સુધી બીજા કોઈને મુખ્ય શિષ્યના પદે સ્થાપેલ નથી, કે દીક્ષા આપવાનો અધિકાર આપેલ નથી. આપ સંપ્રદાયમાં આવ્યા ત્યારે, રામાનંદ સ્વામીએ આપને સર્વે શિષ્યોમાં મુખ્ય પદે સ્થાપેલા છે. અને એ અધિકાર આપેલો છે. આ પ્રમાણે રામાનંદ સ્વામીએ પોતે જ સંપ્રદાયની ધર્મધુરા ધર્મવંશના પુરુષવંશના પુરુષવંશજમાં પરંપરાના ધોરણે પ્રસ્થાપિત કરેલી હોવાને કારણે હવે એ અંગે બીજો વિચાર કરવાનો પ્રસંગ ઉપસ્થિત થતો નથી.'' મુક્તાનંદ સ્વામીએ ત્યાગી શિષ્યો વતી વધુ સ્પષ્ટતા કરતા કહ્યું કે, "જગતમાં કેટલાક સંપ્રદાયોમાં ત્યાગાશ્રમીઓ આચાર્ય પદે અને ગુરૂપદે બિરાજે છે. એ પણ ખરૂ છે કે, મુમુક્ષુઓને જ્ઞાનોપદેશ કરવાનો અધિકાર એક માત્ર ત્યાગાશ્રમીઓને જ પહોંચે છે, તેવું જગતમાં કેટલાક લોકો માને છે. પણ આ સંપ્રદાયના ત્યાગાશ્રમીઓ તો બાહ્ય દ્રષ્ટિએ અને અંતર દ્રષ્ટિએ સ્ત્રી, દ્રવ્ય, રસાસ્વાદ, અને માનના સંપૂર્ણ ત્યાગી છે. આપની કૃપાથી અમને એ ત્યાગના પરિણામે અપૂર્વ આનંદનો અનુભવ અહોનિશ થાય છે. એથી અમે નિશ્ચિત માનીએ છીએ કે, જીવનમાં જે પ્રસંગોમાં સ્ત્રી, દ્રવ્ય, રસાસ્વાદ

અને માનનો યોગ એક યા બીજી રીતે થતો હોય, યા થાય તેમ હોય, તો તેવા પ્રસંગોમાં ત્યાગાશ્રમીઓએ સમજીને સો ગાઉ દૂર રહેવું જોઈએ. લોકસંગ્રહ લોકકલ્યાણ કે જ્ઞાનયોગ અને ભક્તિની પરાકાષ્ટા સિધ્ધ કર્યાની મોહક માન્યતાને કારણે પણ ત્યાગાશ્રમીએ ચાર બાબતોનો યોગ થાય એવું કંઈ જ ન કરવું જોઈએ. એ વિરુધ્ધ જીવનમાં જે વર્ત્યા છે, વર્તે છે, તેમનું અંતે પતન થયું છે, થાય છે. એના અનેક દાખલાઓ ઈતિહાસ અને પુરાણને પાને નોંધાયેલા છે. સંપ્રદાયના આચાર્ય પદે બિરાજેલી વ્યક્તિને આ ચાર બાબતોનો યોગ, એક યા બીજી રીતે થાય છે જ. એટલે જ સંપ્રદાયના માટે કોઈ ત્યાગાશ્રમીને પસંદ કરવાનો અને નિયુક્ત કરવાનો પ્રશ્ન જ મૂળભૂત રીતે અસ્થાને છે.

મુક્તાનંદ સ્વામીએ વળી સ્પષ્ટતા કરતા કહ્યું કે, 'સામાન્યત : ત્યાગાશ્રમી પોતાને ગૃહસ્થાશ્રમી કરતા શ્રેષ્ઠ માને છે. વળી એ માને છે કે ગૃહસ્થાશ્રમી સંસાર સાગરમાં ડૂબેલો છે. એ જાતે એમાંથી બહાર નીકળી શકે તેમ નથી. તેથી એને એમાંથી બહાર કાઢીને ભગવાનના ચરણમાં મૂકવાનું કામ ત્યાગાશ્રમીએ જ કરવાનું હોય છે. આ પ્રકારની માન્યતાઓને કારણે ત્યાગાશ્રમી ગૃહસ્થાશ્રમીની તરફ આદર અને પૂજ્ય ભાવની દ્રષ્ટિએ જોતો હોતો નથી. જગતમાં સર્વ સામાન્ય ગણાતી આ પ્રકારની માન્યતાઓ આપની કૃપાથી આ સંપ્રદાયના ત્યાગાશ્રમીઓ સામાન્યપણે ધરાવતા નથી. પણ માણસ સ્વભાવે કંઈક અવળચંડો હોય છે. એટલે આ પ્રકારની માન્યતાઓ કોઈ ત્યાગાશ્રમી ધરાવતો હોય એ શક્ય છે. પણ જે પદાર્થ, તત્ત્વ યા વિષય સાથે આપનો પ્રત્યક્ષ યોગ થયો હોય એવી બાબત, પછી તે જડ હોય કે ચેતન, પણ એ સર્વ બાબતોને આપના યોગને કારણે સંપ્રદાયનો ત્યાગાશ્રમી નિર્ગુણ અને પૂજ્ય ગણીને શિરસાવંદ્ય માને છે. એટલે શ્રી ધર્મદેવનું કુળ જે આપના પ્રત્યક્ષ યોગથી નિર્ગુણ બનેલું છે. તેનો દરેક ગૃહસ્થાશ્રમી પુરુષ, ત્યાગાશ્રમી માટે સદા પૂજનીય અને આદરણીય રહે છે. તેમાં પણ આપ જેને આચાર્યપદ માટે પસંદ કરો અને નિયુક્ત કરો, એ તો અમારા માટે વિશેષ આદરણીય અને પૂજનીય બને છે. એ ખરુ છે કે, આ ગૃહસ્થાશ્રમી છે પણ આપના યોગના ફળ સ્વરૂપે એ ગૃહસ્થાશ્રમી હોવા છતાં સર્વ ત્યાગાશ્રમી



માટે સદા આદર અને પૂજાના અધિકારી બને છે. માટે સંપ્રદાયના સર્વ ત્યાગી અને ગૃહસ્થો વતી આપને મારી નમ્ર વિનંતી છે કે, સંપ્રદાયના આચાર્ય પદે ધર્મવંશના કોઈ સુપાત્ર ગૃહસ્થાશ્રમી પુરુષની પરંપરાના ધોરણે આપ પસંદગી કરો અને નિયુક્તિ કરો એ અમો સર્વેના હિતની વાત છે. આની વિગતથી વાત શ્રી રઘુવીરજી મહારાજશ્રી કૃત ગ્રંથ હરિલીલા કલ્પતરૂ સ્કંધ ૧૦ માં કરેલી છે.

બાળપણમાં જ્યારે શ્રી ઘનશ્યામ મહારાજ, રામાનંદ સ્વામીને મળ્યા ન હતાં ત્યારે પણ, પોતાના પિતા ધર્મદેવ કે જેમને રામાનંદ સ્વામીએ પોતાના મુખ્ય શિષ્ય તરીકે સ્થાપ્યા હતાં અને તેમને મુમુક્ષુઓને ગુરૂમંત્ર આપવાની આજ્ઞા કરી હતી. તે જ ધર્મદેવને પોતાના ગુરૂ બનાવી અષ્ટાક્ષર મંત્ર પોતાના પિતા-ગુરૂ પાસેથી જ લીધો હતો. તે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી ભ.ચિ.પ્ર. ૨૩ માં લખે છે કે :

''સુણો મંત્ર હું થી મહામતિ રે, અષ્ટાક્ષરનો શુભ અતિ રે,
વળી ત્રણ પ્રકારનો જેહ રે, કહ્યો પિતાએ કરી સનેહ રે,
કહ્યું એ મંત્ર વહાલો છે મને રે, અતિ હેત કરી કહ્યો તેને રે,
કરો જપ પૂજા તેનો નિત્ય રે, પાળજ્યો સ્વધર્મ રૂડી રીત્ય રે,
એવી તાતે શિખામણ દીધી રે, માંડ્યુ વર્તવા હરિએ વિધિ રે.''

વળી ધર્મદેવે વિ.સ. ૧૮૪૮ ના જેઠ માસમાં જ્યારે ધામમાં જવાની તૈયારી કરી હતી, ત્યારે પોતાના પુત્રોને અંતિમ શિખામણો આપતાં ખાસ ભલામણ કરી હતીં કે, આ ઘનશ્યામ છે તે જ અક્ષરધામાધિપતિ શ્રીપુરુષોત્તમ નારાયણ છે એમાં કાંઈ સંશય રાખશો નહિ. અને વળી પોતે જણાવ્યું છે :

''નિજ આચારજ પદ જેહ, સ્થાપશે તમારે કુળે તેહ,
એમ કરી મોટાં મોટાં કામ, પછી પધારશે નિજધામ.''

આમ આ સંપ્રદાયનું ગુરુપદ રામાનંદ સ્વામીએ ધર્મદેવને જ આપેલું અને ધર્મદેવે આ પદ પોતાનાકુળમાં રહેશે તેવી ભવિષ્ય વાણી તે વખતે ઉચ્ચારેલી અને પોતે જ શ્રીહરિને ગૃહસ્થાશ્રમમાં પણ મંત્રોપદેશ રામાનંદ સ્વામીની આજ્ઞાથી કરેલો. આ ઉપરાંત બીજા સર્વેનો ત્યાગી, ગૃહીની શક્યતાઓનો સંપૂર્ણ વિચાર કર્યા બાદ શ્રીહરિ સ્વમુખે કહે છે કે, : જેવું

અમારું કુળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમથાશે રે. આમ શ્રીહરિએ યથાયોગ્ય પુષ્ટ વિચાર પછી જ હરિભક્તોના શ્રેયને અર્થે, ધર્મના રક્ષણને અર્થે, રામાનંદ સ્વામીની આજ્ઞાનુસાર જ આચાર્યપદની સ્થાપના ધર્મકુળમાં કરી છે.

ધર્મવંશી આચાર્યપદ સ્થાપન સમયની સભામાં મયારામભટ્ટ, સોમલો ખાચર, સુરો ખાચર, દાદો ખાચર, વડોદરાના નારુપંત નાના તથા અમદાવાદના ભાઈચંદ તથા હરિવલ્લભ ને લાધો ઠક્કર ને વડતાલના પટેલ રણછોડદાસ આદિક હરિભક્તો હાથ જોડીને બોલ્યા જે જેમ સ્વામીએ કહ્યું તેમ અમારો પણ એ મત છે. જે ધર્મવંશી બ્રાહ્મણ તમારી ગાદીએ શોભે, પણ બીજો જોઈએ નહીં ને તે ધર્મવંશીમાં સનાતન ધર્મ રહેશે ને મંદિરની સેવા કરાવશે. ત્યાગી અને ગૃહસ્થ જે બાઈ ભાઈ તેમને ધર્મમાં રખાવશે અને પોતે ધર્મમાં રહેશે માટે એજ લાયક છે. ત્યારે મહારાજ કહે : બહુ સારું. એ વખતે સભામાં પરમાત્મા પોતાના બન્ને ભાઈઓને કહેવા લાગ્યા આજે તમો મારી હિતકારી વાણી સાંભળો. રામાનંદ સ્વામીએ મને ઉદ્ધવ સંપ્રદાયનું ગુરુપદ આપ્યું હતું. મારી ઈચ્છા ન હતી છતાં પણ ગુરુની આજ્ઞા પાળવી જોઈએ એટલે આજ સુધી એ ધર્મધુરા મેં ધારણ કરી અને પૃથ્વી ઉપર ધર્મ અને ભક્તિની પ્રવૃત્તિ કરી. પંચમ સ્કંધનું વારંવાર શ્રવણ કરવાથી ભરતજીની જેમ મને વૈરાગ્યભાવ ઉત્પન્ન થયો છે. એટલે હવે નિવૃત્તિ લેવાની મારી ઈચ્છા છે. તો આ ધર્મધુરા ધર્મવંશમાં સ્થાપન કરવા માટે તમે બંને ભાઈઓએ પોતાનો એક એક પુત્ર મને સોંપવો.

પરમાત્માની વાણી સાંભળીને મોટા ભાઈ રામપ્રતાપજીએ કહ્યું : હે પ્રભુ ! મારા ત્રણ પુત્રો છે. એમાંથી તમને ગમે તેનો સ્વીકાર કરો. ઈચ્છારામ બોલ્યા : અમારે પાંચ પુત્રો છે. એમાંથી આપની મરજી હોય તેને ગ્રહણ કરો. બંને ભાઈઓના વચન સાંભળીને ભગવાને કહ્યું : હે મોટા ભાઈ ! આ તમારા પુત્ર અયોધ્યાપ્રસાદજી મને સોંપો અને ઈચ્છારામજીને કહ્યું કે તમે રઘુવીરજીને મને સોંપો. બન્ને ભાઈઓ તૈયાર થયા. એટલે બ્રાહ્મણો પાસે ધર્મશાસ્ત્રમાં કહેલાં વિધિ પ્રમાણે દત્તકવિધિ કરાવ્યો. પછી અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને દત્તપુત્રો તરીકે સ્વીકાર્યા અને બંને જણાને પોતાની ગાદી



ઉપર બેસાડી કીમતી વસ્ત્રો, અલંકારો વડે સન્માન કરાવ્યું તથા પૂજન કર્યું તેમજ બાઈઓ પાસે તેમની પત્નીઓની પૂજા કરાવી. આચાર્યશ્રીના પત્ની પોતાના પતિના વચને કરીને સ્ત્રીઓને મંત્રોપદેશ કરશે એવો પ્રબંધ કરાવ્યો. ત્યારે બાઈઓ સર્વે રાજી થયા. શ્રીહરિએ બન્ને દત્તપુત્રોને કહ્યું : પરમાત્મા શ્રીકૃષ્ણ આપણા ઈષ્ટદેવ છે. એમના મેં જે મંદિરો બનાવ્યા છે તેની આજીવિકા દશાંસ અને વીશાંસથી બાંધેલી છે. તે બધા મંદિરોમાં બે મંદિરો મુખ્ય છે. એક અમદાવાદમાં નરનારાયણદેવનું અને બીજું અહીં વડતાલમાં લક્ષ્મીનારાયણદેવનું. આ ભારત દેશના મેં નરનારાયણ અને લક્ષ્મીનારાયણના નામથી બે વિભાગ કરેલા છે. એટલે કે એક વિભાગનું નામ લક્ષ્મીનારાયણદેશ અને બીજા વિભાગનું નામ નરનારાયણદેશ. આ દક્ષિણ વિભાગમાં જે જનો ધન, ધાન્ય, વસ્ત્ર, ગાય, ઘોડા, ખેતર જે કાંઈ ધર્માદારૂપે આપે તે લક્ષ્મીનારાયણનું છે અને ઉત્તર વિભાગમાં જે કાંઈ આપે તે નરનારાયણનું છે. એ રીતે મેં વ્યવસ્થા નક્કી કરી છે. એક એક દેશમાં ધર્મની રક્ષા માટે મેં તમને પૃથક પૃથક ગુરૂપદ આપ્યું છે. પછી શુકાનંદ સ્વામી પાસે સ્પષ્ટ બે પત્રિકાઓ લખાવી. એકમાં નરનારાયણનું નામ લખ્યું, બીજીમાં લક્ષ્મીનારાયણનું નામ લખ્યું અને તે બે પત્રિકાઓ પોતાના હાથમાં ધારણ કરી, બંને બાઈઓને કહ્યું કે આવો, એમાંથી એક એક પત્રિકા તમે ઉપાડો. બંને પુત્રોએ એક એક પત્રિકા પ્રભુની અંજલિમાંથી ઉપાડી અને ખોલીને વાંચી. રઘુવીરજીને લક્ષ્મીનારાયણદેશની અને અયોધ્યાપ્રસાદજીને નરનારાયણદેશની પત્રિકા મળી. પછી પ્રભુ સભામાં બોલ્યા : આજથી આરંભીને આ અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને તમારા આચાર્યરૂપે અમે સ્થાપ્યા છે. નરનારાયણદેશના જે અમારા આશ્રિતો હોય તે અયોધ્યાપ્રસાદજીના શિષ્યો છે. અને લક્ષ્મીનારાયણદેશના જે અમારા આશ્રિતો હોય તે રઘુવીરજીના શિષ્યો છે, એમ જાણજો. ઉત્તર અને દક્ષિણ વિભાગમાં રહેલી સ્ત્રીઓએ બંને આચાર્યોની પત્નીઓને પોતપોતાના ગુરૂ તરીકે સ્વીકારવી. ધર્મવંશમાં જન્મેલા આ બંને આચાર્યોને તમારે માનવા, પૂજવા અને સામર્થ્ય પ્રમાણે તેમની સેવા કરવી, નરનારાયણદેશના જે હરિભક્ત હોય તેમણે અયોધ્યાપ્રસાદજીની પૂજા કરજો અને લક્ષ્મીનારાયણદેશના

હરિભક્તો હોય તે રઘુવીરજીની પૂજા કરજો. ને ત્યાગી જે સાધુ, પાળા અને બ્રહ્મચારી તે તો જેની ખુશી હોય ત્યાં રહેજો અને નિત્યાનંદ સ્વામી તો રઘુવીરજીની કોરે રહેશે તેમજ બ્રહ્માનંદ સ્વામી તે અયોધ્યાપ્રસાદજીની કોરે રહેશે. ગોપાળાનંદ સ્વામી તો મધ્યસ્થ રહેશે. જેની કોરે એમનું કામ પડશે, ત્યાં બે માસ રહીને કામ કરશે. અને કોઈ વાતનો વાંધો સીમાડાંના ગામ વગેરે હોય તેમાં ત્યાગી ને ભેળવવા નહીં. કેમ જે વ્યવહારમાં ત્યાગી તો અમાંગલિક છે. માટે ધર્મવાળા જે ગૃહસ્થ હોય તેમને ભેળવવા તો કામ સિધ્ધ થશે અને મંદિરમાં જેને મોટેરા કરો તે તમારી આજ્ઞાએ કરીને કામ કરશે.

મહારાજે બન્ને આચાર્યોને જમણે હાથે ઝાલીને પાટ ઉપર બેસાર્યા. સુવર્ણમય સુરવાળને ડગલી પહેરાવતા હતા. ને ભારે રેટો માથે બંધાવ્યો. પછી બધી જાતના ઘરેણા પહેરાવ્યા. મોતીની માળાઓ તથા મોતીના તોડા ધારણ કરાવ્યા. પછી મહારાજે બેઉ આચાર્યોની આરતી ઉતારીને હજાર હજાર રૂપિયા મૂક્યા. મહારાજે પોતાનું તેજ બન્ને આચાર્યશ્રીમાં ધારણ કર્યું. મહારાજ કહે, બન્ને આચાર્યોની જે સેવા કરશે એ અંતે ભગવાનના ધામને પામશે. સભામાં ભક્તજનોને એ રીતે કહીને પછી પ્રભુ બન્ને પુત્રોને જરૂરી નિયમો કહે છે : જરૂરી નિયમો કહીને કહે છે, તમારા બન્નેની સ્ત્રીઓમાં પૈસા આદિનો વિવાદ થાય તો પરણેલી સધવા બે બે સ્ત્રીઓ રાખવી, પરંતુ વિધવાને તેમાં જોડવી નહીં. તમારા બંને જણાએ અમે માનેલા આઠ શાસ્ત્રોના આધારે વર્તવું અને બીજાને વર્તાવવા. આ મંદિરો જે તમને સોંપ્યા છે એ અમે પોતે મેળવેલા છે. એમાં રામપ્રતાપજી કે ઈચ્છારામભાઈ એનો કોઈ અધિકાર નથી. અમે તો અમારા ધામમાંથી આવ્યા છીએ. અને ધામમાં જવાના છીએ. મારી ઈચ્છા પ્રમાણે મેં તમને સોંપ્યું છે, આમાં કોઈને બાધ નથી. તમારે બહુ પુત્રો હોય તો આચાર્યપદ ઉપર તેની સ્થાપના કરવી કે જે ગુણવાન હોય, ધર્મમાં રહેતો હોય, અને આશ્રિતોને ધર્મમાં રાખી શકે તેવો હોય, એમાં મોટા પુત્રને જ ગાદી આપવી એવો નિયમ નથી. કોઈ ધર્મયુક્ત પુત્ર ન હોય તો ધર્મવંશમાં થયેલા કોઈપણ બાળકને દત્તવિધિથી ગ્રહણ કરવો અને પછી એને આ ધર્મની ગાદી ઉપર બેસાડવો. એ રીતે ભગવાને બંને પુત્રોને ઉપદેશ આપ્યો અને એમ પણ કહ્યું કે સૌએ મારી આજ્ઞા પ્રમાણે વર્તવું



અને જે કોઈ મારી આજ્ઞા પ્રમાણે નહીં વર્તે તે વિમુખ છે તેમ સમજજો. પ્રભુની વાણી સાંભળીને બંને આચાર્યો કહેવા લાગ્યા : હે ભગવન્ ! તમે તો સાક્ષાત્ પરમાત્મા છો. સ્વતંત્ર મૂર્તિ છો. અમને તમારા સ્વરૂપમાં કોઈ સંશય નથી. હે પ્રભુ ! અમે તમારી આજ્ઞા પાળીશું. અમારા ધર્મમાં ક્યારેય વિઘ્ન ન આવે, દેહમાં કોઈ અહમ પેદા ન થાય, સગામાં મમતા ન થાય, તમારા ચરણમાં અખંડ અમારું મન રહે એ માંગીએ છીએ. ભગવાને બંને આચાર્યોને ખૂબ આશીર્વાદ આપ્યા. બીજા દિવસની સભામાં રામપ્રતાપજી કહે : રઘુવીર કું સબ દીયા. અચ્છા દેશ દીયા અને અયોધ્યાપ્રસાદ કું સુકા દેશ દીયા. ત્યારે મહારાજ કહે, અમે બે લેખ લખ્યા હતાં તે બે ભાઈને આપ્યા અને બોલ્યા જે અમારે તો બેય બરોબર છે અને અમે અયોધ્યાપ્રસાદજીની તરફ છીએ. પછી બ્રહ્માનંદ સ્વામી કહે : હવે કોઈએ બોલવું નહીં.

ઘણા અજ્ઞાનીઓ એવું માને મનાવે છે કે શ્રીજી મહારાજને બે ભાઈઓ હતા. માટે તેણે બે ગાદીની યોજના કરેલી છે આ કથન કપોળ કલ્પિત અને તથ્યહીન છે. જ્યારે બે ગાદીની રચના કરવામાં આવેલી ત્યારે સંપ્રદાયનો વિસ્તાર ગુજરાતમાં ખૂબ જ વધેલો. દેશના અન્ય ભાગોમાં પણ એનો પ્રસાર થયેલો. સંપ્રદાયમાં ઈ.સ. ૧૮૩૦ માં ૧૮૦૦ ત્યાગી આશ્રિતો તથા પચીસ લાખ ગૃહસ્થ આશ્રિતો હતા. આટલો મોટો વિસ્તાર અને જન સંખ્યા ધરાવતા સંપ્રદાયમાં ધર્મપ્રચાર અને વહીવટની સુગમતા માટે યોગ્ય વિભાગોની રચના કરવામાં આવે તેમાં કંઈ જ અયોગ્ય ન કહેવાય. શ્રીરામપ્રતાપને ત્રણ અને શ્રીઈચ્છારામભાઈને પાંચ પુત્રો હતા. એટલે જો ધર્મકુળના સભ્યોને આર્થિક લાભ કરી આપવાનો જ હેતુ હોત તો, અન્ય સંપ્રદાયોની પ્રણાલિકા મુજબ શ્રીજી મહારાજે સંપ્રદાયમાં આઠ વિભાગો કર્યા હોત અને ત્યાં આઠ પુત્રોની આચાર્ય તરીકે પ્રતિષ્ઠા કરી હોત. પણ શ્રીહરિએ એવું કંઈ જ કર્યું નથી. એમણે તો ઓછામાં ઓછી જરૂરીયાતો નો વિચાર કરીને માત્ર બે જ ગાદીની સ્થાપના કરેલી છે. આનો અર્થ જ સ્પષ્ટ છે કે ધર્મદેવના કુળના સભ્યોને આર્થિક લાભ કરવાનો કોઈ જ આશય ન હતો.

સંપ્રદાયના બે ભાગ એ ખરેખર ભાગ કે દેશ નથી. પણ સંપ્રદાયના અર્થ વહીવટના વિભાગ છે. અર્થની પ્રાપ્તિ અને તેનો વહિવટ કરવો તે

સંપ્રદાયનું ધ્યેય નથી. એટલે એ વિભાગ અર્થપૂરતા બાહ્ય અને સ્થુળ જ ગણાય. અર્થાત્ સંપ્રદાય એક જ દેશ છે. સંપ્રદાય એક વિશાળ કુટુંબ છે. બધા સત્સંગીઓના ઈષ્ટદેવ એક જ છે. શાસ્ત્રો એક જ છે. કથા-વાર્તા સંકીર્તન એક જ છે. વ્રત ઉત્સવના નિર્ણયો એક છે. અંતિમ ધ્યેયરૂપી મુક્તિ એક જ છે. આમ વિવિધ સત્સંગીઓમાં પણ એકતા જ છે. સત્સંગ અને સત્સંગીઓ વચ્ચે કજીયો કલેશ કરાવનારને દેશ વિભાગના લેખમાં ચાંડાળતુલ્ય કહેલો છે. ધર્મવંશી આચાર્યપદ સ્થાપનમાં શ્રીહરિની આજ્ઞા એજ સર્વોપરી છે. સ્વયં શ્રીહરિ કહે છે. ત્રણ ગૂઢ સંકલ્પો દ્વારા હું પ્રત્યક્ષપણે સત્સંગમાં વિચરીશ. ત્રણેય સંકલ્પોમાં આચાર્યપદના સ્થાપનનો સંકલ્પ વિશિષ્ટ છે. કેમ કે મૂર્તિમાં શ્રીહરિ છે જ પણ આપણામાં દૈવત હોય તો જ તે આપણી સાથે વાતચીત કરીને આપણને સમાસ કરે. શાસ્ત્રમાં પણ શ્રીહરિ છેજ, પણ તેનો સાચો અર્થ સમજાવનાર અથવા સમજનાર હોય તો જ આપણને સમાસ થાય. પરંતુ આચાર્ય પદ ધારણ કરી રહેલાં આચાર્ય સ્વયંથી જ આ જીવને સમાસ થાય છે. આમ આ કળિકાળમાં ત્રણેય સંકલ્પોમાં પણ આ અનન્ય છે. આચાર્યશ્રીના ધર્મો તથા આચાર્યશ્રીની પત્નીઓના ધર્મો શ્રીહરિએ શિક્ષાપત્રીમાં લખેલા છે જ અત્રે લખવાની જરૂર રહેતી નથી.

•

## ૧૮. ગૃહસ્થાશ્રમી ધર્મવંશી આચાર્યપદ :

તમારા ગુરુ ગૃહસ્થ છે ! હા, અમારા ગુરુ ગૃહસ્થ છે. સર્વોપરિ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને અમારા ગુરુ ધર્મવંશી આચાર્યશ્રીને ગૃહસ્થાશ્રમની આજ્ઞા કરેલી છે. એ પણ આગળ લખ્યું તેમ મુક્તાનંદ સ્વામી જેવા મોટેરા સંતો તથા મોટેરા હરિભક્તોનો જાહેર સભામાં અભિપ્રાય મેળવી શ્રીહરિએ ગૃહસ્થાશ્રમી ધર્મવંશી આચાર્યપદની સ્વહસ્તે સ્થાપના કરેલી છે. ભગવાનથી કોઈ મનુષ્ય કે દેવ કે કોઈ સંતની બુદ્ધિ અધિક હોય નહિ, એ ન્યાયે મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું વચન સર્વોપરી માનવામાં આવે છે. શુક સનકાદિક મોટા ત્યાગી થયા. તેમણે



વ્યવહાર ક્યા સંભાળ્યો નથી ! બ્રહ્મા વિપ્ર અને ગૃહસ્થ છે, છતાં તે બધા ત્યાગીના પિતા છે, એમ પ્રસિદ્ધ વાત છે. બધા ત્યાગી તેમને પૂજે છે. તેમાં કોઈ સંશય કરતું નથી. કારણ કે વિપ્ર બધાયના ગુરુ કહેવાય. તેમને ધર્મ તથા ભગવાન પ્રત્યે પ્રેમ હોય છે. વર્ણાશ્રમના ધર્મો તથા ભગવાનના અવતારના નિમિત્ત ને તે શાસ્ત્ર દ્વારા જાણે છે. શાસ્ત્રરૂપી દ્રવ્ય તે સર્વોપરિ છે. તેથી મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ત્યાગી વર્ણ પણ ગૃહસ્થ એવા ધર્મવંશી આચાર્યશ્રીને ધર્મગુરૂ તરીકે પૂજે છે. ધર્મવંશી આચાર્યશ્રી સંપ્રદાયના સમસ્ત ત્યાગી-ગૃહીના ગુરૂ સ્થાને છે. ત્યાગી શુકદેવજીના ગુરૂ જનકરાજા ગૃહસ્થ હતા. મર્યાદા પુરુષોત્તમ શ્રીરામના ગુરુ વશિષ્ઠ મુનિ ગૃહસ્થાશ્રમી હતા. શ્રીકૃષ્ણ ભગવાનના ગુરુ સાંદિપની ઋષિ ગૃહસ્થ હતા. આમ કલ્યાણના માર્ગમાં ત્યાગી ગૃહસ્થનો કોઈ મેળ નથી. ગ.પ્ર. ૧૪ માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, ગૃહસ્થના ધર્મો તો ઘણા કઠણ છે. કા. ૭ માં વચનામૃતમાં આ ગૃહસ્થાશ્રમીઓની અખંડ વૃત્તિ ભગવાનમાં કેમ રહે તેનો ઉપાય પણ શ્રીહરિએ પોતે જ બતાવ્યો છે. આવો ગૃહસ્થાશ્રમી એ સવાસનિક ત્યાગી કરતા શ્રેષ્ઠ છે તેમ શ્રીહરિ કહે છે. ત્યાગી કે ગૃહી બંનેનું કલ્યાણ તો શ્રીહરિના વચનને અનુસારે તેમની આજ્ઞા પાલનને જ આધારીત છે. વળી અન્ય વર્ગના ત્યાગી કરતા પણ મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના ગૃહસ્થ ધર્મવંશી આચાર્યશ્રીના ધર્મો તો અતિ કઠિન છે. અને આવા કળિયુગમાં પણ આવા કઠિન ધર્મો પણ તેઓશ્રી ખૂબ જ સહજતાથી અને પ્રેમથી પાળે છે. તેઓશ્રીની પત્નીઓ પણ અન્ય કોઈ સ્ત્રી ન પાળી શકે તેવા શ્રીહરિએ બતાવેલા કઠિન ધર્મો પણ ખૂબ સહજતાથી અને પ્રેમથી પાળે છે. શ્રીહરિએ ધર્મવંશી આચાર્યોને સંપ્રદાયના મંદિરો આદિકનું માલિકીપણું આપ્યું છે. મંદિરોના વહીવટ કાર્યોમાં ધનનો યોગ થાય જ અને સંપ્રદાયનો ત્યાગી વર્ગ તેથી સંપૂર્ણ અલિપ્ત રહી શકે, કળિયુગમાં પુરુષના ગુરુ પુરુષ બને, સ્ત્રીના ગુરુ સ્ત્રી બને અર્થાત્ સંપ્રદાયની આશ્રિત મહિલાનાગુરુ તરીકે ગૃહસ્થાશ્રમી ધર્મવંશી આચાર્યશ્રીના પત્ની કે જે સંપ્રદાયમાં અ.સૌ.લ.સ્વ. શ્રી ગાદીવાળા તરીકે ઓળખાય છે તે મહિલા જ હોય શકે તેવા શુભાશયની સાથે શ્રીહરિએ આ આચાર્યપદ ગૃહસ્થાશ્રમમાં વેષ્ટિત કરેલું છે. ધર્મ રાખવો હોય તો બાઈ-

ભાઈનો પ્રસંગ સંપૂર્ણ પણે વર્જ્ય છે અને તેથી જ તો આ આચાર્યશ્રી પોતે શ્રીજી આજ્ઞાનુસારે બાઈઓને મંત્રોપદેશ કરતા નથી. બાઈઓના ગુરૂ તરીકે આચાર્ય પત્ની જ આ કાર્ય આચાર્યશ્રીની આજ્ઞાથી કરે છે. મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયે પ્રવર્તાવેલી આ અદ્‌ભૂત પ્રણાલિકાનો જોટો નથી ! આ ધર્મવંશી આચાર્યપદ ગૃહસ્થાશ્રમમાં વેષ્ટિત ન કર્યું હોત તો મહિલાઓના ગુરૂ કોણ થાત ? પુરુષ વર્ગ (ત્યાગી અથવા ગૃહસ્થાશ્રમી) થાત ! અને ઘૃત તથા અગ્નિનો યોગ થાય ત્યારે ઘૃત પિગળ્યા વગર રહે જ નહિ. તેમ બાઈ ભાઈના યોગે કરીને ધર્મ રહે જ નહિ.

શ્રીજી મહારાજ કહે છે તેમ 'મન ચંગા તો કથરોટમાં ગંગા' એ વાર્તા ખોટી છે. ગ.પ્ર. ૧૮ માં વચનામૃતમાં ....... ''અનંત મુક્ત થઈ ગયા અને અનંત થશે તેમાં ઉપાધિમાં રહીને નિર્લેપ રહે એવો કોઈ થયો નથી ને થશે પણ નહિ. અને હમણાં પણ કોઈ નથી અને કોટી કલ્પ સુધી સાધને કરીને પણ એવો થવાને કોઈ સમર્થ નથી. માટે અમે કહ્યું છે તે પ્રમાણે રહેશો તો રુડું થશે.'' આ કૃપા વચનો ખૂબ અગત્યના છે. વળી ગ.પ્ર.પ્ર. ૭૩ માં શ્રીહરિ કહે છે .... ''માટે આ સંસારમાં દ્રઢ બ્રહ્મચર્યવાળા તો એક નરનારાયણઋષિ છે, અને તે નરનારાયણનો આપણે આશ્રય છે. તેના પ્રતાપ થકી ધીરે ધીરે તે નરનારાયણનું ભજન કરીને, આપણે પણ એ સરખા જ નિષ્કામી થઈશું.''

ધર્મદેવને પણ જ્યારે રામાનંદ સ્વામીએ મુમુક્ષુજનને ગુરૂમંત્ર આપવાની આજ્ઞા કરી ત્યારે તેઓએ પણ માત્ર પુરુષ વર્ગને જ મંત્ર ઉપદેશ કરેલો હતો અને મહિલાઓને ભક્તિદેવીએ મંત્રોપદેશ કર્યો હતો.

એવું જોઈને યુવતી જન રે, ઈચ્છે ગુરૂ કરવાને મન રે ॥
પછી વિચારીને ધર્મ તેને રે, નથી કરતા શિષ્ય પોતે એને રે ॥
કહે આજ કાઢું રીત એહ રે, ચાલે આગે પરંપરા તેહ રે ॥
તેનો આજ તો નથી વિચાર રે, પણ પછી બગાડ અપાર રે ॥
માટે કહ્યું સર્વે યુવતીને રે, તમે સૌ કરો ગુરૂ ભક્તિને રે ॥
ઉદ્ધવ સંપ્રદાયની એ રીત રે, તેને પાળવી બહુ કરી પ્રીત રે ॥

*(ભ.ચિં.પ્ર. ૨૧)*



મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં આચાર્ય પત્ની મહિલાઓને મંત્રોપદેશ તથા ધર્મોપદેશ કરે છે અને સાંખ્યયોગી તથા કર્મયોગી મહિલામાત્રના ગુરૂપદે તેઓને શ્રીહરિએ સ્થાપેલ છે. આ વ્યવસ્થાથી મહિલા અને પુરુષ ઉભયના ધર્મનું રક્ષણ થાય છે. અને તે હેતુથી આચાર્યપદ ગૃહસ્થાશ્રમમાં વેષ્ટિત કર્યું છે. શ્રીહરિએ પોતાનું દૈવત્ત્વ આચાર્યપદમાં પ્રત્યક્ષ મુક્યું છે. પોતાના આશ્રિતોના માયાના બંધન કાપવા આચાર્યપદનું સ્થાપન કર્યું છે. શાસ્ત્રોક્ત વિધિથી કરેલુ દારાગ્રહણ, ગૃહસ્થાશ્રમ સર્વ જીવો માટે મંગલકારી ને કલ્યાણકારી છે. ધર્મવંશી આચાર્યનો ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ એ વિષયના ઉપભોગને અર્થે નથી પરંતુ અનેક જીવોને કલ્યાણને માર્ગે ચલાવવાને અર્થે શ્રીજી આજ્ઞાને અનુસારે કલ્યાણની કેડી ઉપરનું એક કદમ છે. ગૃહસ્થાશ્રમની જવાબદારી તેઓ પોતાના માટે જ નહિ, પરંતુ સર્વ અનુયાયી માત્રના ધર્મરક્ષણને અર્થે વહન કરે છે.

એક સામાન્ય વ્યક્તિ તરીકે આપણે ગમે ત્યાં હરી ફરી શકીએ. ગમે તેની સાથે બોલી શકીએ, પરંતુ ગૃહસ્થાશ્રમી એવા આચાર્ય સમીપ સંબંધ વિનાની સ્ત્રી સાથે બોલી પણ શકતા નથી ! તેથી વિશેષ આચાર્ય પત્ની તો સમીપ સંબંધ વિનાના પુરુષને પોતાનું મુખ પણ ન દેખાડી શકે, વાતચીતનો તો પ્રસંગ જ ક્યાંથી હોય ! શિક્ષાપત્રી શ્લોક ૧૩૪ ની આ આજ્ઞા જ તપની પરાકાષ્ઠા છે. આજના આ વિજ્ઞાનયુગમાં આ સંકુચિતતા નહિ પણ સંયમ-મર્યાદાની ચરમસીમા છે. આ સંપ્રદાયની મર્યાદા શું છે તેનો ખ્યાલ આ શ્રીજી વચનો ઉપરથી જ આવશે અને આ વચનોનું પાલન કરનાર ગૃહસ્થાશ્રમી આચાર્ય તેથી જ સર્વે ત્યાગી, ગૃહીના ગુરૂપદે છે. જે સંપ્રદાયનું ગૌરવ અને શોભા છે. આચાર્ય પત્ની માટે શ્રીહરિએ કરેલી આજ્ઞાઓ પતિવ્રતાધર્મની પરાકાષ્ઠા છે. અને આવો પતિવ્રતાનો ધર્મ પાળનાર સ્ત્રીના ચરણોમાં પૃથ્વીના તમામ તીર્થો વાસ કરીને રહે છે. આવી પતિવ્રતા સ્ત્રી મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયની આશ્રિત સ્ત્રીના ગુરૂ બને છે. અને તેથી જ તો આશ્રિત સ્ત્રીઓ પણ કળિયુગમાં ઉત્તમ પતિવ્રતા ધર્મ પાળી શકે છે. આમ ધર્મવંશી આચાર્યનો ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ એ અનુયાયી માત્રના ધર્મ-સંરક્ષણને અર્થે જ છે.

●

## ૧૯. ધર્મવંશી આચાર્યશ્રીના અબાધિત હકો :

સ્વામિનારાયણ સંપ્રદાયમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરવી અને ત્યાગી-ગૃહીને દીક્ષા આપવી એ બે હકો શ્રીહરિએ માત્ર અને માત્ર ધર્મવંશી આચાર્યશ્રીને જ આપેલા છે. અને કોઈ ત્યાગી-ગૃહસ્થ આ કામ કરે તો તેને શ્રીહરિ માન્ય કરતા નથી, અર્થાત્ શાસ્ત્ર માન્ય નથી.

"અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય, તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય, તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી." (શિ. શ્લોક ૬૨)

આ શ્લોક મુજબ ધર્મવંશી આચાર્યશ્રી જ્યારે મંદિરમાં શ્રીકૃષ્ણ સ્વરૂપની પ્રાણ પ્રતિષ્ઠા કરે અર્થાત્ પોતાના કરકમળ દ્વારા સ્પર્શ કરીને આપણને પૂજાનું સ્વરૂપ કે ઘરે સિંહાસનમાં રાખવાનું સ્વરૂપ આપે ત્યારે જ શ્રીહરિ તે સ્વરૂપમાં પ્રત્યક્ષ બિરાજમાન થાય છે. તેથી તે સેવવા યોગ્ય બને છે. અન્યથા ભગવાનનું સ્વરૂપ હોવાથી ફક્ત મર્યાદા માટે વંદન કરવા યોગ્ય બને છે, પરંતુ સેવવા યોગ્ય બનતું નથી. ઘણા એવું કહેતા હોય છે કે અમૂક જગ્યાએ અમૂક સંતે દેવની પ્રતિષ્ઠા કરેલી છે, તો તેનો જવાબ એવો છે કે પહેલાના જમાનામાં હાલના જેવા ઝડપી ગતિવાળા વાહનો ન હતા. આચાર્યશ્રી હાથી પર બેસીને એક ગામથી બીજા ગામ પધારતા. એવા સમયે દૂર કચ્છ જેવા દેશમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરવી હોય, આચાર્યશ્રી અમદાવાદમાં હોય, રસ્તામાં ઘણો સમય જાય તેમ હોય તો તેવા સમયે આચાર્યશ્રી દૂર દેશમાં રહેતા અમૂક મોટા સંતને પોતાના વતી આ કાર્ય કરવાની સમય સંજોગ મર્યાદિત આજ્ઞા કરી દેતા. તેવા સમયે આચાર્યશ્રીની આજ્ઞાથી કોઈ સંતે કરેલું કાર્ય એ આચાર્યશ્રીએજ કરેલું ગણાય. જેમ શ્રીહરિ કહે, આ મુક્તાનંદ સ્વામીને પૂજો એટલે હું પૂજાયો એમ અમૂક સમયે, સમય મર્યાદિત આજ્ઞાઓ થતી હોય તે સમયે આજ્ઞાની મહત્તા હોય છે. હાલમાં વાહનનો ઝડપી યુગ છે. આકાશમાં ઝડપી વિમાનો ઉડે છે. આચાર્યશ્રી આખી પૃથ્વી પર ઝડપી



વિચરણ કરી શકે છે. વિદેશમાં વર્ષમાં બે, પાંચ વાર પ્રતિષ્ઠા કરવા સ્વયં પધારી શકે છે. તેથી હાલમાં છેલ્લા કેટલાય સમયથી આચાર્યશ્રી મૂર્તિ પ્રતિષ્ઠા કરવાની કોઈપણ સંતને આજ્ઞા કરતા નથી. તે કામ તેઓશ્રી સ્વયં કરે છે. આવા સંજોગોમાં મૂળ સંપ્રદાય કે તેથી બહાર આભાસી સ્વામિનારાયણ સંપ્રદાયમાં કોઈ ત્યાગી કે ગૃહસ્થ વર્ગ મૂર્તિ પ્રતિષ્ઠા કરતા હોય તો તે શ્રીહરિની આજ્ઞા બહાર હોવાથી તે મૂર્તિમાં શ્રીહરિનો પ્રત્યક્ષ વાસ થતો નથી. જેથી તે મૂર્તિ સેવવા યોગ્ય થતી નથી.

"અને ધર્મવંશી ગુરુ થકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી-તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી......." (શિ. શ્લોક નં. ૪૧)

"અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે, અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે મુમુક્ષુજનોને દીક્ષા આપવી." (શિ. શ્લોક નં. ૧૨૮)

આ શ્લોકમાં શ્રીહરિએ મુમુક્ષુજનને દીક્ષા આપવાનો સ્પષ્ટ રીતે અધિકાર પોતે સ્થાપેલા ધર્મવંશી આચાર્યશ્રીને આપેલો જણાય છે.

"અને હવે એ અયોધ્યાપ્રસાદજી અને રઘુવીર એ બેની જે પત્નીઓ, તેમણે પોત-પોતાના પતિની આજ્ઞાએ કરીને, સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણનો મંત્ર ઉપદેશ કરવો, પણ પુરુષને ન કરવો." (શિ. શ્લોક નં. ૧૩૩)

આ શ્લોક મુજબ કોઈપણ સ્ત્રીએ સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત થવું હોય તો તેણીએ પ્રથમ ધર્મવંશી આચાર્યશ્રીના પત્ની પ.પૂ. ગાદીવાળાશ્રી થકી ગુરુમંત્ર (શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર) લેવો અનિવાર્ય છે.

મુમુક્ષુજનને જ્યારે દીક્ષા આપવામા આવે છે ત્યારે તેને આધ્યાત્મિક રીતે બીજો જન્મ પ્રાપ્ત થાય છે અને તેથી તેને દ્વિજ કહેવાય છે. આ લોકમાં પણ મનુષ્યને જન્મ ગૃહસ્થાશ્રમી હોય તે જ આપે છે. આધ્યાત્મિક માર્ગમાં પણ શ્રીહરિએ આ જીવને બીજો જન્મ દેવા માટે ગૃહસ્થાશ્રમી ધર્મવંશી આચાર્યશ્રી પાસેથી જ દીક્ષા લેવામાટેની જોગવાઈ કરી છે.

દીક્ષા બે પ્રકારની ગણાય છે. સામાન્ય દીક્ષા અને મહાદીક્ષા. આ દીક્ષાઓ માટે દરેક મુમુક્ષુએ સંપ્રદાયની પરિભાષામાં જેને વર્તમાન ધારણ

કરવું કહે છે તે પ્રક્રિયામાંથી પ્રથમ પસાર થવું પડે છે. એણે દારૂ, માંસ, ચોરી, અવેરી (વ્યભિચાર) અને વટલવું, વટલાવવું એ પાંચ બાબતોનો ત્યાગ કરવા રૂપી વ્રતનું પાલન કરવાની પ્રતિજ્ઞા લેવી પડે છે. સંપ્રદાયના ધર્મવંશી આચાર્ય થકી દીક્ષા પામેલા એકાંતિક કક્ષાના કોઈપણ ત્યાગી અથવા ગૃહસ્થ હરિભક્ત પોતાની રૂબરૂ આ પાંચ વ્રતનું પાલન કરવાની પ્રતિજ્ઞા હાથમાં જળ ધરાવીને મુમુક્ષુને લેવડાવી શકે છે. પ્રતિજ્ઞા લેવાનું આ કાર્ય ગમે ત્યારે ને ગમે ત્યાં થઈ શકે છે. જે કોઈ આ પાંચ વ્રત ધારણ કરે અને તેનું પાલન કરે તે જ સંપ્રદાયનો આશ્રિત થયો કહેવાય. પંચવર્તમાન ધરાવનાર વ્યક્તિ પછી આવા આશ્રિત મુમુક્ષુને આચાર્યશ્રી પાસે લઈ જાય છે. આશ્રિત મુમુક્ષુની પાત્રતા જોઈને આચાર્યશ્રી તેને ભગવત શરણમાં લેવા માટે સામાન્ય દીક્ષા આપે છે. આ દીક્ષા આપવા માટે મુહૂર્ત જોવાનું હોતું નથી. તે ગમે તે સ્થળે, ગમે ત્યારે આપી શકાય છે. પણ દીક્ષા લેનારે સ્નાનાદિકથી પવિત્ર થઈને જ આચાર્યશ્રી પાસે જવું જોઈએ. અને ગુરૂમંત્ર હંમેશા ભૂખ્યા પેટે લેવો જોઈએ. આચાર્યશ્રી તેના હાથમાં જળ ધરાવીને **कालमाया पापकर्म यमदूतभयादहम् । श्रीकृष्णदेवं शरणं प्रपन्नोऽस्मि स पातु माम् ॥** આ શરણમંત્ર તેની પાસે બોલાવે છે. આ મંત્ર દ્વારા આશ્રિત મુમુક્ષુ ભગવાનનું શરણ યાચે છે. તે પછી એને ભગવત્ શરણ લીધાના બાહ્ય પ્રતિક રૂપે આચાર્યશ્રી તેનાં કંઠમાં તુલસી કાષ્ટમાંથી બનાવેલી બેવડી કંઠી તથા લલાટ, હૃદય ને બન્ને બાહુ એ ચાર અંગો ઉપર ઉર્ધ્વપુંડ્રતિલક અને ચાંદલો કરાવે છે. અને પછી એના જમણા કાનમાં **श्रीकृष्ण त्वं गतिर्मम ।** નામનો અષ્ટાક્ષર મંત્ર અને તે સાથે સ્વામિનારાયણ નામનો ષડક્ષર મંત્રનો ઉપદેશ આપે છે. આ કારણે સામાન્ય દીક્ષાને મંત્રોપદેશ પણ કહેવામાં આવે છે. સંપ્રદાયની પરંપરા-પ્રણાલિકા મુજબ ધર્મવંશી આચાર્ય થકી દીક્ષા પામેલા સંતો ગૃહસ્થ મુમુક્ષુને પંચવર્તમાન ધરાવી, શરણમંત્ર બોલાવી, શ્રીહરિના આશરાની પ્રતિક સમી બેવડી કંઠી પહેરાવી શકે છે. પરંતુ શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર જેને ગુરુમંત્ર કહેવામાં આવે છે, તે તો માત્ર અને માત્ર ધર્મવંશી આચાર્યશ્રી જ આપે છે. કોઈ ત્યાગી ગૃહસ્થ આશ્રિતને ગુરુમંત્ર રૂપી સામાન્ય દીક્ષા આપી શકતા નથી. ત્યાગી એ ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞાથી ગૃહસ્થ મુમુક્ષુને કંઠી પહેરાવે છે. પરંતુ



ગુરુમંત્ર આપવા માટે આચાર્યશ્રી ક્યારેય ત્યાગીને આજ્ઞા કરતા નથી. જેમ કોઈ સંસ્થાના વડાએ કોઈ વ્યક્તિને પ્રમાણપત્ર આપવું હોય તો પોતાના વતી પ્રમાણપત્રમાં લખાણ વગેરે કાર્ય પોતાના અંગત સેક્રેટરી વગેરે પાસે કરાવીને પ્રમાણપત્રમાં પોતાની સહી તો પોતે જાતે જ કરે છે. તેવી રીતે આચાર્યશ્રી 'કંઠી ધારણ કરાવવી' વગેરે વિધિ પોતા થકી દીક્ષા પામેલા એકાંતિક સંત પાસે કરાવીને 'ગુરુમંત્ર' આપવાનું કાર્ય આચાર્યશ્રી હંમેશ પોતે જ કરે છે. સંતો મુમુક્ષુજનો માટે 'મા'નું કાર્ય કરે છે. જ્યારે આચાર્યશ્રી મુમુક્ષજનો માટે પિતાનું કાર્ય કરે છે. જેમ દીકરાનું નામ તેના પિતા સાથે જોડાય છે. તેમ સત્સંગીનું નામ સ્વામિનારાયણ સંપ્રદાયના વડા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે જોડાય છે. અને તેમાં જ સત્સંગીનું ગૌરવ છે. એ પછી આચાર્યશ્રી આશ્રિત મુમુક્ષુને ભગવાન શ્રી સ્વામિનારાયણે જાતે તૈયાર કરાવેલી નવ પ્રકારની મૂર્તિઓમાંથી એક મૂર્તિ અને શિક્ષાપત્રી પેટીમાં નિયમ પૂજા અને પાઠ માટે આપે છે. મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં પૂજાની પેટીમાં પરંપરાના ધોરણે એક સ્વામિનારાયણ ભગવાનનું જમતું સ્વરૂપ, એક સભાનું સ્વરૂપ, એક નરનારાયણદેવની મૂર્તિ, એક શિક્ષાપત્રી અને શ્રીહરિના ચરણારવિંદ એમ કુલ પાંચ બાબત પૂજવા માટે હોય છે. મુમુક્ષુ આશ્રિત એ પછી આચાર્યશ્રીના ચરણમાં યથાશક્તિ ભેટ દક્ષિણા મૂકે છે. આ વિધિ થાય એટલે એ શ્રીહરિનો આશ્રિત સત્સંગી થયો કહેવાય.

સામાન્ય દીક્ષા પછી યોગ્ય સમય બાદ મહાદીક્ષા આપી શકાય. એમાં આશ્રમની સ્થિતિના કારણે ચાર પ્રકાર ગણાયેલા છે. (૧) ગૃહસ્થાશ્રમી માટે (૨) અનાશ્રમી માટે (૩) બ્રહ્મચારી માટે (૪) સાધુ માટે. ગણતરીની દ્રષ્ટિએ ચાર ભેદ છે . છતાં ચારેયમાં મંત્રોપદેશ **ब्रह्माहं कृष्णदासोऽस्मि** એક સરખો જ હોય છે. સામાન્ય દીક્ષા પછી જેણે ત્યાગશ્રમમાં દાખલ થવું હોય, તેને પહેલાં પ્રકારની દીક્ષાઆપી શકાય છે. પણ આજે આ પ્રકારની દીક્ષા સામાન્યતઃ અપાતી હોય એમ જણાતું નથી. બીજા પ્રકારની દીક્ષા અનાશ્રમીઓ માટેની છે. સંપ્રદાયમાં પાર્ષદોને આ વર્ગમાં ગણેલા છે. એમની દીક્ષા વિધિ સં.જી.પ્ર.૪, અ.૪૯ માં જણાવવામાં આવેલી છે. તેમના સર્વવસ્ત્રો શ્વેતરંગના હોય છે. સંપ્રદાયમાં તે 'ભગત' સંજ્ઞાથી ઓળખાય છે. સંપ્રદાયના બ્રહ્મચારી

અને સાધુ વર્ગના ત્યાગી માટે સ્ત્રી અને ધનનો સંપર્ક સંપૂર્ણ સર્વથા ત્યાજ્ય ગણેલો છે. જ્યારે પાર્ષદ વર્ગના સભ્ય માટે પોતાના અંગત નહિ, પણ સંપ્રદાયના વહીવટ વ્યવહાર પૂરતી બીજાની હાજરીમાં દ્રવ્યનો સ્પર્શ કરવાની મર્યાદિત છૂટ આપવામાં આવેલી છે. સંપ્રદાયના રક્ષણ માટે પાર્ષદોને કામ પૂરતા, શસ્ત્ર ધારણ કરવાની છૂટ આપેલી છે.

ત્રીજા અને ચોથા પ્રકારની દીક્ષા બ્રહ્મચારી અને સાધુ વર્ગ માટેનીછે. સામાન્ય દીક્ષા લીધેલી હોય તેવો આશ્રિત સત્સંગી, ઉગ્ર વૈરાગ્યના કારણે ઘરમાં રહેવા ઈચ્છતો ન હોય અને ઘર કુટુંબ અને વ્યવહારનો સમૂળ ત્યાગ કરીને મંદિરમાં રહેવા ઈચ્છતો હોય તો તેને સંપ્રદાયના ત્યાગી વર્ગની મહાદીક્ષા આપી શકાય છે. ત્યાગાશ્રમની દીક્ષા લેતા પહેલા, જે જાતિએ બ્રાહ્મણ હોય તેને બ્રહ્મચારી વર્ગની અને બ્રાહ્મણેતર ક્ષત્રિય, વૈશ્ય હોય તેને સાધુ વર્ગની મહાદીક્ષા આપવામાં આવે છે. મંદિરમાં દેવની પૂજા ને નૈવેદ્યની વ્યવસ્થા બ્રાહ્મણ વર્ગના પૂજારી હસ્તક રખાય છે. ત્યાગાશ્રમના બ્રહ્મચારી અને સાધુ વર્ગના સભ્યો વચ્ચે પણ વર્ણાશ્રમના ધર્મોનું નિયમન સાચવવાનું ફરજિયાત ગણેલું છે. આ દીક્ષાવિધિ સ.જી.પ્ર.૪, અ. ૫૦ અને ૫૧ માં વિસ્તારથી જણાવવામાં આવેલી છે. બંને વર્ગના સભ્યો તેના નામ અને વેશભૂષા ઉપરથી તરત જ ઓળખી શકાય છે. અહીં લખવાનું પ્રયોજન એટલું જ છે કે આ બન્ને વર્ગના સભ્યોને મહાદીક્ષા પણ ધર્મવંશી આચાર્યશ્રી જ આપે છે. પાત્રતાની યોગ્ય ખાતરી થયા બાદ જ શુભ મુહૂર્તના દિવસે અને સમયે ઈષ્ટદેવ, સૂર્ય, અગ્નિ અને વેદવિદ્ બ્રાહ્મણની હાજરીમાં આચાર્યશ્રી, ઉપવાસાદિકથી પવિત્ર થયેલા એ આશ્રિત સત્સંગીને ત્યાગાશ્રમની મહાદીક્ષા આપે છે. આચાર્યશ્રી ગૃહસ્થાશ્રમી હોવા છતા શ્રીહરિના વચનથી, શ્રીહરિએ તેઓને આપેલા અધિકારથી તેઓ ત્યાગાશ્રમની દીક્ષા આપી શકે છે તે આ દીક્ષા વિધિનું આગવું લક્ષણ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ત્રણ પ્રવરવાળા સામવેદી સરયુપારી બ્રાહ્મણકુળમાં જન્મધારણ કરેલો હોવાથી એ ત્રણ પ્રકારના પ્રતીકરૂપે, સંપ્રદાયના ત્યાગી, ત્રણ ગ્રંથી વાળી જનોઈ પહેરે છે એને વિષ્ણુગાયત્રી મંત્રનો પણ ઉપદેશ કરવામાં આવે છે. જે બ્રહ્મચારી ત્યાગી હોય તેણે નિત્ય



વૈશ્વદેવ પણ કરવાનો હોય છે. જે ત્યાગી થાય તેનું નામ કુળ, વેશ વગેરે બધું જ જીવન બદલાઈ જાય છે. નવા ત્યાગીને નવી વેશભૂષામાં ભગવું વસ્ત્ર અને બ્રહ્મચારી થાય તેને લાલ બનાતની ટોપી, મંત્ર દીક્ષા આપનાર આચાર્યશ્રી આપતા નથી, પણ જેની પાસે ત્યાગી થતાં પહેલાં એ રહ્યો હોય અને જેની મારફતે દીક્ષા માટે આચાર્યશ્રી પાસે રજુ થયો હોય તે ત્યાગી આપે છે. ત્યાગીના નવા નામની પાછળ ગુરુ તરીકે મંત્રદીક્ષા આપનાર આચાર્યશ્રીનું નામ લખાતું નથી. પણ જેની પાસે એ રહ્યો હોય અને જેની મારફતે આચાર્યશ્રી મારફતે દીક્ષા માટે રજુ થયો હોય તે ત્યાગીનું નામ લખાય છે. આ એક વ્યવસ્થા છે. અંતમાં દરેકના ગુરુ ધર્મગુરુ તરીકે આચાર્ય મહારાજશ્રીને માનવામાં આવે છે. સંપ્રદાયમાં સ્ત્રીવર્ગના આશ્રિતોને પણ મહાદીક્ષા પ.પૂ. ગાદીવાળાશ્રી આપે છે. એવી દીક્ષા લેનાર સ્ત્રી, સાંખ્યયોગી બાઈ તરીકે ઓળખાય છે.

ભગવાનના ધામની પ્રાપ્તિને અર્થે આશ્રિત માત્રે ધર્મવંશી આચાર્ય થકી દીક્ષિત થવું અનિવાર્ય છે. દીક્ષિત એટલે સામાન્ય દીક્ષા કે મહાદીક્ષા 'આશ્રિત-દીક્ષિત' અર્થાત્ 'સત્સંગી'ના કલ્યાણની જવાબદારી શ્રીહરિએ પોતે સ્વીકારેલી છે. તેથી મુમુક્ષુએ આચાર્યશ્રી પાસેથી મંત્રદીક્ષા અચૂકપણે લેવી જ જોઈએ.

●

## ૨૦. ધર્મવંશી આચાર્યશ્રીનો મહિમા :

સ્વામિનારાયણ ભગવાનનો મહિમા કહીં શકવાને જેમ કોઈ સમર્થ થતુ નથી. તેમ સ્વામિનારાયણ ભગવનના અપર સ્વરૂપે બિરાજમાન શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ અને શ્રીલક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ એવા બન્ને ધર્મવંશી આચાર્યશ્રીનો મહિમા યથાર્થ કહીં શકવાને કોઈ સમર્થ થતું નથી. શ્રીજી મહારાજે સ્થાપેલા દેવ અને આચાર્યમાં જુદા પણું નથી. દેવને આચાર્ય અત્યંત વહાલા છે, અને આચાર્યને દેવ અત્યંત વહાલા છે. દેવ શ્રીજી મહારાજનું અચલ સ્વરૂપ છે. જ્યારે આચાર્ય શ્રીજી મહારાજનું હાલતું

ચાલતું, ભક્તજનો સાથે વાતો કરતું ચલ સ્વરૂપ છે. ફર્ક એટલો છે કે દેવનું હૃદયમાં ધ્યાન થઈ શકે છે, જ્યારે આચાર્યશ્રીનું હૃદયમાં ધ્યાન થતું નથી. દેવની મૂર્તિ પ્રતિષ્ઠા થાય છે. આચાર્યની મૂર્તિ પ્રતિષ્ઠા થતી નથી. બાકી ભક્તજનોએ દેવની કરેલી સેવા જેમ દેવમાં રહીને શ્રીજી મહારાજ સ્વીકારે છે, તેમ આચાર્યશ્રીની ભક્તજનોએ કરેલી સેવા પણ આચાર્યમાં રહીને સ્વયં શ્રીજી મહારાજ સ્વીકારે છે. સંપ્રદાયમાં દેવપક્ષ અને આચાર્ય પક્ષ શબ્દો મૂળથી ખોટા છે. આચાર્યશ્રીની આજ્ઞામાં રહીને આશ્રિત માત્રે સંપ્રદાયની સેવા કરવી જોઈએ.

સર્વાવતારી સર્વોપરિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત ઉદ્ધવ સંપ્રદાય (સ્વામિનરાયણ સંપ્રદાય)ના સર્વોચ્ચ વડા ધર્મગુરુ સ્થાનને આચાર્યપદ કહેવામાં આવે છે. જે સ્થાન સાક્ષાત્ ભગવાન સ્વામિનારાયણનું છે. તેમના સ્થાને પોતાના જ અપર સ્વરૂપે વિરાજમાન થઈને જગતના અનંત જીવોને આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ થાય તેવી અતિ કરુણા કરીને એકના બદલે બે બે સ્વરૂપે વિરાજમાન થઈને સૌ ભક્તોને દર્શન સુખ આપે છે. ધર્મવંશી આચાર્ય આ પદ ઉપર આવવા માટે કોઈ સાધન કે સાધના જપ, તપ, ઉપાસના વગેરે કામ આવતા નથી. કોઈ કહે ઉંધા માથે સોપારી ઉપર પંચાગ્નિ તપ કર્યું હોય તો પણ આ પદની પ્રાપ્તિ થતી નથી. જો એમ જ હોય તો પછી આ પદ પ્રાપ્ત કરવા માટે અસંખ્ય ઈચ્છુકોની લાઈન થઈ જાય અને પછી તેમાંથી કોનો વારો પ્રથમ આવે અને કોણ સર્વશ્રેષ્ઠ થાય તેની ઘણી લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે. કારણ કે આ તો સાક્ષાત્ ભગવાનના અપર સ્વરૂપે વિરાજમાન થવાની વાત છે. જો આવી રીતે જપ, તપ કે કોઈ પણ કઠોરમાં કઠોર સાધના કરી લેવાથી આવું સર્વોચ્ચ પદ મળી જાય તો એવી કઠોર અને ઉગ્ર તપશ્ચર્યા કરનાર હિરણ્યકશ્યપું જેવા જો આ પદે બિરાજમાન થઈ જાય તો કોણ જાણે અક્ષરધામમાં કેવા કેવા જીવોને મોકલી આપે અને કેવી વ્યવસ્થા ઉભી કરીને મોક્ષનો માર્ગ પ્રવર્તાવે તેની તો કલ્પના જ કરવાની રહી ! એટલા માટે જ તો એવી કોઈ શક્યતા નથી. આ પદ ઉપર વિરાજમાન થવાનો કોઈ માર્ગ, જીવ કે અક્ષરમુક્ત સુધી કોઈનાય માટે દેખાતો નથી. પરંતુ આ પદ તો સ્વયં સર્વાવતારી સર્વોપરિ અનંત કોટી



બ્રહ્માંડના અધિપતિ પરમેશ્વર ભગવાન સ્વામિનારાયણનું જ છે અને તેથી જ આ પદ ઉપર સ્વયં પરમાત્મા જ વિવિધ સ્વરૂપ ધારણ કરીને વિરાજમાન થાય છે. પણ કોઈ માનવ (જીવ) આ પદ ઉપર આવી શકે નહી. તે શાસ્ત્ર સિધ્ધાંત નિશ્ચિત છે.

પંચરાત્ર આગમમાં કહ્યું છે કે : ગુરુ સ્થાને બિરાજમાન મનુષ્ય છે કે કોઈ જીવ છે એવી બુદ્ધિ થાય તે પણ અપરાધ છે. પોતાની જાતે ગુરુ થઈ બેઠા હોય કે આપણે જાતે માની લીધા હોય તેવા ગુરુ મનુષ્ય જ હોય પણ આ તો સ્વયં આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને આપણા સૌના એટલે કે ત્યાગી અને ગૃહી (ચારેય વર્ણના ગૃહસ્થાશ્રમી)ના ગુરુ સ્થાને જેમને વિરાજમાન કર્યા છે, તે શ્રીજી મહારાજે સ્વયં શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે.

**''मदाश्रितानां सर्वेषां धर्मरक्षण हेतवे । गुरु त्वे स्थापिताभ्यां च ताभ्यां दिक्षयामुमुक्षवे** (શિ.પ. શ્લોક ૧૨૮)

જ્યારે સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ જ પોતાના વાંગમય સ્વરૂપ જેવા મહાગ્રન્થમાં આજ્ઞા કરતા હોય કે તમારા સર્વના ગુરુ સ્થાને આ આચાર્ય છે. તો તે શાસ્ત્ર આજ્ઞા અને તેની મર્યાદાને ધ્યાનમાં રાખીને જ કરી હોય તેમાં પણ કોઈ શંકાને સ્થાન ન હોય. આ પ્રકારના વચનોનો વિચાર કરતા ફલીત થાય છે કે ગીતા ભાગવતાદિ શાસ્ત્રોમાં કહ્યાં પ્રમાણે અનંત રૂપને ધારણ કરવા વાળા એવા અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વયં જ આ પૃથ્વી ઉપર મનુષ્ય શરીર ધારણ કરીને પોતાનું અલૌકિક ઐશ્વર્ય સામર્થ્ય છુપાવીને આપણા સૌના મોક્ષના ગુરુ સ્થાને વિરાજમાન થયા છે. કોઈ મનુષ્યજીવ કે દેવ બિરાજમાન થતા નથી. જેમ નવલખા પર્વતના નવલાખ યોગીઓને સુખ આપવા તેટલા જ રૂપ ધરનારા શ્રી નીલકંઠવર્ણી યોગીઓ માટે આટલા સ્વરૂપ ધારણ કરે તેવા કરૂણાદ્ર હોય તો શું ? આપણા માટે જેના આપણે શ્રધ્ધા ભક્તિથી દર્શન કરીએ છીએ અને તેમના ચરણોમાં સમર્પિત થઈએ છીએ તો એટલી તો આપણા ઉપર અવશ્ય કરુણા કરીને પોતે જ સ્વયં મનુષ્ય સ્વરૂપો ધારણ કરીને આપણા મોક્ષ માટે આ આચાર્યપદ ઉપર વિરાજમાન થાય છે. પરંતુ તેમનું પોતાનું ઐશ્વર્ય છુપાવીને જગતના જીવનું કેમ કરીને આત્યંતિક કલ્યાણ થાય તેવા દર્શન

આપે છે. માટે ભુલથી પણ આ પદમાં મનુષ્યભાવની કલ્પના કરવી નહી. એજ આપણું કર્તવ્ય છે.

એવા શ્રીજી મહારાજના અપર સ્વરૂપ આચાર્ય મહારાજશ્રી તેજ જે અમદાવાદ ગાદી અને વડતાલ ગાદી સ્થાને વર્તમાન સમયમાં વિરાજમાન હોય તેમની પાસેથી આપણે મોક્ષની ઈચ્છા હોય તો ભાગવતી દીક્ષા લેવી, ગુરુમંત્ર લેવો અને તેમણે પ્રતિષ્ઠા કરેલ જ ભગવાનના સ્વરૂપની ઉપાસના ભક્તિ કરવી તેમ શ્રીહરિની સ્પષ્ટ આજ્ઞા શિક્ષાપત્રી શ્લોક ૬૨માં છે. વિશેષમાં પંચરાત્ર આગમમાં એવું કહેલ છે કે ''विष्णु भक्तिरतीन्साधून्दीक्षये द्विधिनागुरुः ॥'' વિધિપૂર્વક વૈષ્ણવ ભક્તને ભાગવતી મહાદીક્ષા ગુરુએ આપવી. વિધિ એટલે વેદ-વિધિ જે યજ્ઞ હોમાત્મક છે. તે વિધિ કરવાનો માત્રને માત્ર અધિકાર ગૃહસ્થાશ્રમી ને જ છે. ગૃહસ્થાશ્રમી સિવાય વૈદિક વિધિ યજ્ઞ હોમ કરવાનો કોઈનેય અધિકાર નથી. નૈષ્ઠિક બ્રહ્મચારી, સાધુ, ત્યાગી, સન્યાસી, અપરણીત, વિધુર અને ત્યક્તને હોમ હવનમાં શાસ્ત્રોએ અધિકાર આપેલ નથી. દીક્ષા એ દ્વિજન્મ છે. બીજી વખતનો જન્મ અર્થાત્ આધ્યાત્મિક જન્મ. આવા દિવ્ય આધ્યાત્મિક જન્મ અર્થાત્ દીક્ષામાટે જ જીવમાત્ર એ ''आचार्येणैव दत्तं'' નો આશ્રય અવશ્ય લેવો જ પડે.

વૈરાગ્ય મુર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત પુરુષોત્તમ પ્રકાશમાં ધર્મવંશી આચાર્યશ્રીનો મહિમા અદ્‌ભૂત લખેલો છે. જે અત્રે પ્રથમ લખું છું.

સ્થાપ્યા દત્તપુત્ર પોતે સ્થિર રે, અવધ પ્રસાદ ને રઘુવીર રે ॥
તેને આપે કર્યા આચારજ રે, કરવા બહુ જીવનાં કારજ રે ॥
આપ્યાં વેંચી મંદિરને દેશ રે, જેમાં કોઈને ન થાય કલેશ રે ॥
સાધુ સત્સંગીના ગુરૂ કીધા રે, દેશ ઉત્તર દક્ષિણ વેંચી દીધા રે ॥
કહે સહુ સહુને દેશે રે'જો રે, સારો સહુને ઉપદેશ દેજો રે ॥
તમને માનશે પૂજશે જેહ રે, મોટા સુખને પામશે તેહ રે ॥
અન્ન ધન આપશે અંબર રે, પશુ વાહન ને વળી ઘર રે ॥
ફળ ફૂલ દલ જળ દેશે રે, તે તો અખંડ ધામને લેશે રે ॥
એહ આદિ જે આપશે વસ્ત રે, એવા ઘરધારી જે ગૃહસ્થ રે ॥



વળી પધરાવશે પોતાને ઘેર રે, કરશે સેવાવળી સારી પેર રે ॥
વળી કરશે સનમાન એનું રે, મારે કરવું છે કલ્યાણ તેનું રે ॥
એમ આચારજ થી કલ્યાણ રે, થાશે સહુ જીવનું સુજાણ રે ॥
માનો મોક્ષનો છેલ્લો ઉપાય રે, એહ ઉપરાંત નથી કાંય રે ॥
મૂર્તિ આચારજ ધર્મ પાળ રે, રેશે કલ્યાણ તે બહુ કાળ રે ॥
જે જે એને કોઈ આસરશે રે, તે તો જરૂર ભવજળ તરશે રે ॥
કરશે દર્શનને ગુણ લેશે રે, વળી પોં'ચ્ય પ્રમાણે કાંઈ દેશે રે ॥
શ્રધ્ધા સહિત સેવા કરે સોઈ રે, વળી રાજી થાશે તે જોઈ રે ॥
એવા જન જે જે જગમાંય રે, તેની કરવી મારે સહાય રે ॥
મારી ઈચ્છા છે હમણાં એવી રે, પરમ પ્રાપ્તિ સહુને દેવી રે ॥
માટે મોક્ષનું મોટું દ્વાર રે, અમે ઉઘાડીયું છે આ વાર રે ॥
આચારજથી બહુ ઉદ્ધારશે રે, જાણો બ્રહ્મનગર વાસ કરશે રે ॥
એમ શ્રીમુખે કહ્યું શ્રીજીયે રે, જન સૌ સત્ય માની લિજીયે રે ॥

*(પુ.પ્ર.પ્રકાર ૩૭)*

એમ મોટપ આચારજની, ઘણી ઘણી કહીં ઘનશ્યામ ॥
એહ દ્વારે અનેક ને, આપવું છે આજ નિજ ધામ ॥
ધામ ધણિયે[1] એમ ધારિયું, જન ઉધ્ધારવા છે અપાર ॥
પાર પમાડવા પ્રાણીને, એહ કર્યા આપે ઉપકાર ॥
આચારજથી અનેક જનનો, અવશ્ય સરશે અર્થ ॥
એમ આપે આ સમે, વાવરી અતિ સામર્થ ॥
ધર્મકુળને જે અનુસરે, ત્યાગી ગૃહી નર કોઈ નાર ॥
પરિશ્રમ વિના તે પામશે, અપાર ભવનો પાર ॥

હવે આગળ શ્રીહરિ આચાર્યશ્રીના ધર્મોની વાત કહે છે. પછી શ્રીહરિ કહે છે.

એવા શુભ ગુણ જે અપાર રે, આપ્યો એવાને અમે અધિકાર રે ॥
સહુના ગુરુ કરી સોંપી ગાદી રે, રીત રાખશે એ રાયજાદી રે ॥
ધર્મવંશી ધર્મ સ્થાપશે રે, સારો ઉપદેશ સૌને આપશે રે ॥
એ તો કર્યુ છે કલ્યાણ સારૂ રે, એમાં બહુ ગમતું છે અમારું રે ॥

૧. અક્ષરધામના અધિપતિ

કાંજે કરવું છે બહુનું કારજ રે, નથી રાખવો ફેર એક રજ રે ॥
એહ આચારજથી અપાર રે, બહુ જીવનો થાશે ઉદ્ધાર રે ॥
એમાં નહિ પડે કાંઈ ફેર રે, શીદ કે'વરાવો વેર વેર રે ॥

*(પુ. પ્ર. પ્રકાર : ॥૩૮॥)*

મારા ધામમાં આવવા સહુ રે, એવા કર્યા ઉપાય મેં બહુ રે ॥
સર્વે ઉપાય કિધા છે સારા રે, તેમાં તરશે જીવ અપારા રે ॥
પણ છેલો છે આ જે ઉપાય રે, બહુ જીવ તરશે આ માંય રે ॥
ધર્મવંશી આચાર જ ધાર્યા રે, ગુરૂ કરી ગાદીએ બેસાર્યા રે ॥
કામ કર્યું છે એહ સારૂં રે, મન માન્યું છે બહુ અમારું રે ॥
કાંજે એ છે ધર્મનું કુળ રે, માટે એ વાતનું ઉંડુ મૂળ રે ॥
જેવું અમારું કુળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે ॥
માટે વિચારીને વાત કીધી રે, ઘણું સમજીને ગાદી દીધી રે ॥
ધર્મવંશી તે ધર્મમાં રે'શે રે, અધર્મ વાતમાં પગ ન દેશે રે ॥
ધર્મ પાળશે ને પળાવશે રે, અધર્મની રીત ટળાવશે રે ॥

આગળ શ્રીહરિ ધર્મનો મહિમા કહે છે અને ધર્મની ગાદી ઉપર બેઠેલા ધર્મવંશી ઉપર ધર્મની અનાદિ રીત ચલાવવા માટે વિશ્વાસ મૂકે છે અને કહે છે કે, ધર્મવાળાનું આપેલું અન્ન જળ અમને બહુ સ્વાદિષ્ટ લાગે છે. ધર્મવાનનું ફળ, ફુલ, પાન અમૂલ્ય લાગે છે. ધર્મવાળાની કરેલી ભક્તિ મને અતિ ગમે છે. ધર્મકુળમાં એવો ધર્મ જોઈને પછી શ્રીહરિ કહે છે.

માટે ધર્મવાળા જીવ જોઈ રે, કર્યા છે મેં આચારજ દોઈ રે ॥
એહ અધર્મ નહિ આચરશે રે, ઘણું અધર્મ સર્ગથી ડરશે રે ॥
ધર્મવંશીની ગાદિયે બેશી રે, વળી કા'વશે ધર્મ ઉપદેશી રે ॥
માટે એથી તરશે અપાર રે, નિશ્ચે જાણજો એ નિરધાર રે ॥
બહુ કાળ લગી કલ્યાણ રે, થાશે નિશ્ચે જાણો નિરવાણ રે ॥
એવી ઈચ્છા છે જો અમારી રે, એવું ધામથી આવ્યા અમે ધારી રે ॥

*(પુ. પ્ર. પ્રકાર : ॥૩૯॥)*

માટે સહુ ધર્મકુળ માનજો, સહુ કરજો એની સેવ ॥
અન્ય જન જેવા એહ નહિ, એ છે જાણજો મોટા દેવ ॥
એક બ્રાહ્મણ ને જાણો ભક્ત અતિ, વળી કા'વે અમારું કુળ ॥



એને સેવતાં સૌ જન તમો, પામશો સુખ અતુલ ॥
મનવાંછિત વાત મળશે, વળી સેવતાં એનાં ચરણ ॥
એ છે અમારી આગન્યા, સર્વે કાળમાં સુખ કરણ ॥
મન કર્મ વચને માનજો, એમાં નથી સંશય લગાર ॥
એહ દ્વારે મારે અનેકનો, આજ કરવો છે ઉદ્ધાર ॥

પછી શ્રીહરિ કહે છે, માટે સહુ ત્યાગી ગૃહી તમામ એક મનથી તેઓશ્રીના વચનમાં તથા તેઓના ગમતામાં રહેશો. મનને જે ગમે તેમ કોઈ વર્તશો નહિ. એ કહે તેમ સહુ કરજો. તેમને પૂછ્યા વિના પગલું ન ભરતા. પોતાનું ડહાપણ દૂર કરીને હાથ જોડીને હજુર થઈને રહેજો. વિદ્યા, ગુણ, બુદ્ધિના બળ વડે કરીને કોઈપણ સમયે એમને દબાવવા નહિ. ત્યાગી, રાગી કે કવિ હોય તો પણ એમને સહું કોઈ માનજો. એમની સાથે વાદ વિવાદ કરી કોઈ દિવસ બોલવું નહિ. તેઓની વાત ઉપર કદી વાત ન લાવવી. તેઓને હરાવીને પોતાની સરસાઈ ન કરવી. પોતાને હોંશિયાર માનીને તેઓને ગુણ વિનાના ન સમજવા. તેઓ જેમ વાળે તેમ વળજો અને એના કામકાજમાં ભળજો. એની આજ્ઞા સૌ માનજો. કોઈ તેઓના વચન વિના વર્તશો નહિ.

એને રાજી રાખશો જો તમે રે, તો તમ પર રાજી છીએ અમે રે ॥
એને રાજી રાખશે જે જન રે, તેણે અમને કર્યા પરસન રે ॥
કાં જે અમારે ઠેકાણે એ છે રે, તે તો પ્રવીણ હોય તે પ્રીછે રે ॥
બીજા જન એ મર્મ ન લહે રે, ભોળા મનુષ્યને ભોળાઈ રહે રે ॥
પણ સમઝવી વાત સુધી રે, અતિ મતિ ન રાખવી ઉંધી રે ॥
વચન દ્વારે વસ્યા અમે એમાં રે, તમે ફેર જાણશોમાં તેમાં રે ॥
અમે એમાં એ છે અમ માંઈ રે, એમ સમઝો સહુ બાઈ ભાઈ રે ॥
એથી અમે અળગા ન રૈ'યે રે, એમાં રહિને દર્શન દૈયે રે ॥
જે જે જનને થાય સમાસ રે, તે તો અમે કરી રહ્યા વાસ રે ॥
શે'ર પાટણે સનમાન જડે રે, તે તો અમારી સામર્થી વડે રે ॥
દેશ પરદેશે પૂજાયે આપ રે, તે તો જાણો અમારો પ્રતાપ રે ॥
જીયાં જાય તિયાં જય જીત રે, તે તો અમે રહ્યા રૂડી રીત રે ॥
એમ સમજો સહુ સુજાણ રે, અમ વિના ન હોય કલ્યાણ રે ॥

ધર્મવંશી આચારજ માંય રે, સદા રહ્યો છું મારી ઈચ્છાય રે ॥
અતિ ધર્મવાળા જોઈ જન રે, રે'વા માની ગયું મારૂં મન રે ॥
માટે એને પૂજે હું પૂજાણો રે, તે તો જરૂર જન મન જાણો રે ॥
એનું જેણે કર્યું સનમાન રે, તેણે મારૂં કર્યું છે નિદાન રે ॥
એમ જાણી લેજો સહુ જન રે, એમ બોલિયા શ્રી ભગવન રે ॥

શ્રીજી મહારાજ કહે છે, જે હોંશિયાર હોય તે જાણે છે કે, ધર્મવંશી આચાર્ય શ્રીજી મહારાજની જગ્યાએ છે. બીજા લોકોને એના મર્મની ખબર નથી પડતી. ભોળા મનુષ્યને ભોળાઈ રહે છે. અહીં ભોળાઈ રાખવાનું કામ નથી. અહીં બુદ્ધિ ઉંધી રાખે તો તેનું કામ થતું નથી. અહીં તો શ્રીહરિના વચનો સીધી રીતે સમજી જવા પડે. વચન દ્વારે શ્રીહરિ આચાર્યશ્રીમાં વસ્યા છે. શ્રીહરિ કહે છે કે, અમે આચાર્યમાં રહ્યા છીએ અને આચાર્ય અમારામાં રહ્યા છે. એથી અમે જુદા રહેતા નથી. એમાં રહીને અમે તમને દર્શન આપીએ છીએ. હાલમાં આપણે એ નજરે જોઈ શકીએ છીએ કે શ્રીહરિના પ્રતાપથી આચાર્યશ્રી દેશ વિદેશમાં જ્યાં પધારે ત્યાં પૂજાય છે. તેઓશ્રીનું સન્માન થાય છે. શ્રીહરિ છેલ્લે બહુ પાયાની વાત કરે છે. શ્રીહરિ કહે છે કે, અમારા વિના કોઈનું કલ્યાણ નથી એટલે તેનો સીધો અર્થ એવો થયો કે, અમે કલ્યાણના દાતા છીએ. અને મારી ઈચ્છાથી હું ધર્મવંશી આચાર્યમાં સદા રહ્યો છું. તેનું કારણ પણ એ છે કે, તેઓશ્રી અતિ ધર્મવાળા હોવાથી, તેમાં રહેવા માટે અમારું મન માની ગયું છે. આમ ધર્મવંશી આચાર્યને પૂજવાથી સ્વયં શ્રીહરિ પૂજાય છે.

એમ આચારજનું અધિકપણું, શ્રીમુખે કહ્યું ઘનશ્યામ ॥
એહ દ્વારથી અનેક ને, કરવા છે પૂરણ કામ ॥
ઘણા જીવ એહ ગૃહસ્થ થી, ઉધ્ધારવા છે આ વાર ॥
નરનારી જે જગતમાં, તે સહુના એ તારનાર ॥
મુક્તાનંદ કાવ્યમાં મુક્તાનંદ સ્વામી લખે છે.

धर्मवंश जश अति सुखकारी, सुनत पुनित होत नरनारी ॥
धर्मवंशी के शरण जो आवे, सो निज कुटुंब सहित तरि जावे ॥

મુક્તાનંદ કાવ્ય વાંચીને ઘણાં એવું કહે છે કે, તેમાં કંઈ સમજણ પડતી નથી. તો મુક્તાનંદ કાવ્યમાં ધર્મકુળનો જે મહિમા આપ્યો છે તેનો ગુજરાતી ભાષામાં અત્રે સાર લખું છું.



મુક્તાનંદ સ્વામી લખે છે. ધર્મવંશીનો જશ સાંભળવાથી પણ મનુષ્યો પાવન થઈ જાય છે. ધર્મવંશીના શરણે જે જીવ આવે તે પોતાના કુટુંબ સહિત તરી જાય છે. શ્રીકૃષ્ણ પુરુષોત્તમ એવા સ્વામિનારાયણ ભગવાન તે જીવ પર પ્રસન્ન થાય છે. ધર્મ વંશના જે બ્રાહ્મણ છે તે કોઈ પ્રાકૃત મનુષ્ય જેવા નથી. ધર્મની વૃદ્ધિ કરવા માટે મોટા દેવ બ્રાહ્મણ બનીને ભગવાનની સેવા કરે છે. ધર્મવંશના જે સ્ત્રી પુરુષ છે, તેઓ અતિ ઉદાર છે અને દરેકને શ્રીહરિના ચરણમાં અપાર પ્રેમ છે. તેઓ કદી અધર્મસર્ગમાં પગ ધરતા નથી. સત્સંગમાં જે બધા મંદિરો છે તે મંદિરો શ્રીહરિએ ધર્મવંશી આચાર્યશ્રીને આપેલા છે. શ્રીહરિના વચનથી આચાર્યશ્રી પોતાના કુટુંબ વિનાની અન્ય પરસ્ત્રી સાથે વાત પણ કરતા નથી. પાપ માત્રને હરનાર એવા શ્રીહરિએ આવી શુભ રીત પ્રવર્તાવી છે. ધર્મવંશી આચાર્યના શરણે જે જીવ આવે છે તે પાપી જીવ હોય તો પણ પાવન થઈ જાય છે. પછી આગળ સત્સંગી બનવા માટેની રીત બતાવી છે. એ રીતથી શ્રીહરિનો આશ્રિત સત્સંગિ વૈષ્ણવ બને છે. ધર્મવંશીના પ્રબળ પ્રતાપથી, તેઓના ઉપદેશથી શરણાગતના પાપ ધોવાઈ જાય છે. જ્યારે મનુષ્ય આ રીતે શરણાગત થાય છે, ત્યારે ધર્મવંશી આચાર્યશ્રી તે જીવનો ભગવાન સાથે મેળાપ કરાવી આપે છે. એવી જ રીતે ધર્મવંશી આચાર્યશ્રીના પત્ની પણ પોતાના કુટુંબના સંબંધિ પુરુષ સિવાય અન્ય કોઈપણ પુરુષ સાથે વાત કરતા નથી. સ્પર્શ કરતા નથી. એટલું જ નહિ પરંતુ શિક્ષાપત્રી પ્રમાણે પોતાનું મુખ પણ દેખાડતા નથી. જે સ્ત્રી આચાર્યશ્રીના પત્ની દ્વારા સત્સંગી થાય છે તે સ્ત્રી શ્રીહરિને રમા સરખી પ્રિય થાય છે.

સત્સંગીજીવન ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિ કહે છે, ધર્મવંશમાં જન્મેલા આ બન્ને આચાર્યોને તમારે માનવા, પૂજવા તથા સામર્થ્ય પ્રમાણે તેમની સેવા કરવી. બન્ને આચાર્યોની જે સેવા કરશે એ અંતે ભગવાનના ધામને પામશે. જન્મ-મરણથી ભય પામેલા શ્રધ્ધાવાળા શિષ્યોએ ધર્મવંશી ગુરુનો આશ્રય કરવો. ફળ ગુરુના ચરણમાં નિવેદન કરીને બે હાથ જોડીને કહેવું કે હે દયાળુ ! જન્મ-મરણથી ભય પામેલો હું તમારા શરણે આવ્યો છું. મારી રક્ષા કરો. પછી શરણે આવેલા શિષ્યને અભયદાન આપીને ગુરુએ સામાન્ય દીક્ષા આપવી. તેવી જ રીતે આત્મનિવેદી ભક્ત શિષ્યએ દીક્ષા લીધા બાદ ગુરૂની

આજ્ઞા માથે ચડાવી વસ્ત્ર, દ્રવ્ય આદિક ગુરુને અર્પણ કરવા. સુખનું મૂળ રૂપ જ્ઞાન હમેશા ગુરુ પાસેથી મળે છે. માટે ગુરુની સેવા કરવી.

ધર્મવંશી આચાર્યોની પત્નીઓનો આશ્રય કરીને સ્ત્રીઓએ તેની પાસેથી દીક્ષા લેવી. અને ભગવાનની ભક્તિ કરવી. જે સ્ત્રી પોતાનું કલ્યાણ ઈચ્છતી હોય, શ્રધ્ધાવાળી હોય, મુમુક્ષુ હોય, તેણે આચાર્ય પત્નીના શરણમાં જવું અને શરણે આવેલી મુમુક્ષુ સ્ત્રીને ગુરૂપત્નીએ દીક્ષા આપવી. દીક્ષા રીતિની સુગમતા માટે શ્રીજી મહારાજે આચાર્યો સ્થાપ્યા છે.

શ્રી વાસુદેવ માહાત્મ્યમાં શ્રી નારાયણ ભગવાન નારદજીને કહે છે, જેઓ વૈષ્ણવી દીક્ષાને પામ્યા હોય એવા ચારેય વર્ણો તથા ચારેય આશ્રમો તથા ચારેય વર્ણની સ્ત્રીઓ, આ સર્વેને પૂજા વિધિમાં અધિકારી કહ્યાં છે. પૂજાવિધિમાં અધિકારી થવા માટે પ્રથમ તો સર્વજનોએ સદ્‌ગુરુ થકી વૈષ્ણવી દીક્ષા લેવી. કેવા સદ્‌ગુરુ ? સદાય એકાંતિક ધર્મમાં સ્થિતિવાળા અને બ્રાહ્મણ જાતિના અને દયાનિધિ હોવા જોઈએ. ધર્મવંશી આચાર્ય એવા આપણા ગુરુ બ્રાહ્મણ છે, ભગવાનના અતિ મોટા ભક્ત છે અને વળી ભગવાનનું કુળ છે. તેઓની ઉદારતા અને દયાનું કોઈ માપ કાઢી શકતું નથી. આચાર્ય પરંપરા સ્વયં ભગવાનને સ્થાપેલી છે. આટલી બધી ભેગી લાયકાતો આ બ્રહ્માંડમાં કોઈના ગુરુની ન હોય !

ગુરુનું વાક્ય પરમ આદર થકી સ્વીકારી લેવું એમ બ્રહ્માજીનું વચન છે. ગુરુનું વાક્ય જે પાળે એને ઈશ્વરનું વાક્ય પાળ્યા બરોબર પુણ્ય મળે છે. ગુરુની અવજ્ઞા કરે, ગુરૂનો અનાદર કરે અને શાસ્ત્રની નિંદા કરે તો સનત્કુમાર કહે છે કે, એવા પુરુષોનો નરકમાં વાસ થાય છે. ગુરૂનું અપમાન કરનારની સંપતિનો નાશ થાય છે. આ લોકમાં અનેક રીતે દુઃખી થાય છે. તમામ જનોએ પોતાના ગુરુની આજ્ઞાનું પાલન કરવું. ગુરુનો આદર રાખવો. ગુરુની પૂજા કરવી. અન્ન, ધન, વસ્ત્ર, ગાય આદિ આપવું. કારણ કે ગુરુ સર્વ દેવમય છે. માટે જ દેવની જેમ ગુરુની પૂજા કરવી.

‘‘અમારા જે આશ્રિત જન, તેમણે પોતાના આચાર્યને આવતા સાંભળીને, આદર થકી તત્કાળ સન્મુખ જવું અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું.’’ (શિ.શ્લોક ૭૨)



શિક્ષાપત્રી ભાષ્ય વિવેચનમાં કહે છે, પોતાના ગુરુની સામે જાય એને તમામ યાત્રાનું ફળ મળે છે. અને ગુરુ જ્યારે વિદાય થાય, ત્યારે ગામની ભાગોળ સુધી વાળાવવા જાય, ત્યારે એના બધા દોષ અને પાપ ધોવાઈ જાય છે.

સ.ગુ. પ્રસાદાનંદ સ્વામી પોતાની વાતોમાં શ્રીજી મહારાજના શબ્દો લખે છે. ‘‘અમે જ્યાં જ્યાં મૂર્તિઓ પધરાવી છે ને હવેથી આચાર્યશ્રી જ્યાં મૂર્તિઓ પધરાવશે તેમાં અમે કાયમ નિવાસ કરીને રહીશું... જેવી રીતે તમો મારી પૂજા કરો છો તેવી જ રીતે મારા પુત્રો જે આચાર્ય તેમની સેવા કરજો અને પૂજજો અને પોતાના ગામના મંદિરમાં આચાર્યશ્રી પાસે મૂર્તિ પધરાવજો અને આચાર્યની તમે મારી જેમ પધરામણી કરજો. કારણ કે બે આચાર્યો મારા ઠેકાણે છે અને તેમનામાં હું રહીને સેવા અંગીકાર કરીશ. આચાર્યને અમારી ગાદીપર બેસાર્યા છે. અમારા પુત્રને દત્તક વિધિથી સ્વીકારીને બે ગાદીની સ્થાપના કરી આચાર્યો બનાવ્યા છે. બેયને દેશ વિભાગ કરીને મંદિરો વહેંચી આપ્યા છે. માટે આચાર્યોને અમારું સ્વરૂપ માનીને ઘેર ઘેર પધરામણી કરીને પૂજજો એમ અમારી છેલ્લી આજ્ઞા છે.’’

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ‘‘ધર્મકુળનો આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે અને જ્યારે દેહને મૂકીને ભગવાનના ધામ પ્રત્યે જાય છે. ત્યારે કોઈક તો ગરુડ ઉપર બેસીને જાય છે. અને કોઈક તો રથ ઉપર બેસીને..... ભગવાનના ધામમાં જાય છે. તેને યોગ સમાધિવાળા છે તે પ્રત્યક્ષ દેખે છે.’’ (વ.ગ.પ્ર.પ્ર.૧)

સ્વામિનારાયણ સંહિતાં ગ્રંથમાં શ્રીજી મહારાજના વચનો છે કે, ‘‘આ આચાર્યની સેવા સંત હરિભક્તો સર્વે કરજો, અને આચાર્યોની સેવા કરશો તેથી અમારી સેવા થાશે. આજથી અમો બે સ્વરૂપે થયા અને આચાર્યનો જે દ્રોહ કરશે તેણે અમારો દ્રોહ કર્યો. જેવી અમારી પૂજા કરો છો તેવી જ રીતે આ બે આચાર્યની પૂજા કરવી અને તે બે આચાર્યોની આજ્ઞા કોઈએ લોપવી નહી.’’

મુક્તાનંદ સ્વામી લખે છે, જેને ધર્મકુળમાં હેત હોય, અને જે ધર્મમાં રહી ભગવાનનું ભજન કરે છે,તેને શ્રીહરિ રીઝે છે અને તેવી વ્યક્તિ પોતાના

કુટુંબ સહિત ભવસાગર તરીજાય છે. ધર્મકુળના જે કોઈ આશ્રિત થાય તેને ભગવાન અતિ વિકટ જમત્રાસથી મૂકાવે છે. અંત સમયે શ્રીહરિ તેને દર્શન આપીને જન્મમરણમાંથી છોડાવી પોતાના ધામમાં તેડી જશે. ‘‘ધર્મવંશી વિપ્ર સત્સંગમાં જ્યારથી આવ્યા ત્યારથી મુક્ત મુનિ તેમને સત્સંગનું મૂળ સમજી સંતની પહેલાં હરિભક્તો પાસે પૂજાવતા. હરિભક્તોને તો શ્રીહરિની પૂજા પછી સંતની પૂજા કરવાનો ભાવ રહેતો. મુક્તમુનિ તેમને સમજાવતા ધર્મવંશીના પિતા ધર્મ છે. સત્સંગનું તે મૂળ છે. એમ સમજાવી પ્રથમ પૂજાવતા.’’ ધર્મવંશી સમાન બીજા કોઈ કહેવાય નહિ.

ગુરૂ અને સંતોનો દોષ લે તે ઘટી જાય. ગુરૂ અને સંતનો દોષ ન જુવે તેનામાં ભગવાન વસે છે. ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી મંદિર અને હરિભક્તોના રખવાળા છે. ધર્મધુરા વહન કરે છે. શ્રીહરિએ પોતાનો પ્રતાપ બન્ને દત્તપુત્ર આચાર્યોમાં ધારણ કર્યો છે. મુક્તમુનિને દેહનો કાળ જ્યારે સમીપમાં હતો ત્યારે નિત્યાનંદ મુનિને ભલામણ કરેલી કે,ઉદ્ધવ સંપ્રદાયના બન્ને આચાર્ય જગતમાં સર્વોપરિ થાય તેમ કરજો. તમારો મને પૂર્ણ ભરોંસો છે. શ્રીહરિના પ્રતાપથી બ્રહ્મા પણ તમને જીતી શકે તેમ નથી, માટે કોઈ આચાર્યને લોપવા માટે આવે તો ધર્મ અને નીતિથી તેમના મૂળ ઉખેડી નાંખવા. ધર્મ અને નીતિવાળા સંતોને સાથે લઈ ને જવું અને ધર્મકુળનું સ્થાપન કરવું. શ્રીહરિ જેવો અવતાર બીજો થયો નથી. પણ જેનાં દારુણ પાપ હોય એવા જડમતિને તે જણાય નહિ. શ્રીહરિએ પોતે પોતાની હયાતી દરમિયાન જ ધર્મવંશી આચાર્યોનું ઘણુંક માહાત્મ્ય જણાવ્યું છે.

દેશ વિભાગના લેખમાં શ્રીહરિએ લખાવ્યું છે કે, ‘‘શ્રીધર્મવંશના બેય ગાદીવાળા આચાર્ય વિના અન્ય મત વાળા હરકોઈ મનુષ્ય શાસ્ત્રે તથા જોગે તથા તપે તથા વૈરાગ્યાદિક ગુણે વિશેષ હોય ને તેથી ધર્મવંશના બે ગાદીવાળા આચાર્ય ન્યુનપણે જાણ્યામાં આવે તો પણ, સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા સમસ્ત તથા સત્સંગી સમસ્તને અમારી એમ આજ્ઞા છે જે તમારા જીવના કલ્યાણને અર્થે શ્રી ધર્મવંશના બે ગાદીવાળા આચાર્યને સદાકાળ નિરંતર માનજ્યો ને મન-કર્મ-વચને તેમની આજ્ઞામાં રહેજ્યો. ને તેમાં ફેર પાડી અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને આ લોકમાં તથા



પરલોકમાં, કોઈ કાળે સુખ થાશે નહિ, ને અતિ કષ્ટને પામશે.’’

શ્રીજી મહારાજ કહે છે, તમારે આ આચાર્યપદમાં સ્થાપેલા ધર્મવંશી બન્ને મારા પુત્રો ધર્મદેવની પેઠે માનવા અને યથાશક્તિ અન્ન વસ્ત્ર આભૂષણ વિત્ત વગેરે વડે સારી રીતે સેવવા, જે જનો આ બન્ને આચાર્યો તથા તેમના વંશમાં થનારા આચાર્યોનો આશ્રય કરશે તેમને ભગવાન શ્રીકૃષ્ણ દેહાવસાન સમયે પોતાના ધામ પ્રતિ તેડી જશે.

શ્રીહરિલાલીમૃત ગ્રંથમાં આચાર્યશ્રી વિહારીલાલજીમહારાજ લખે છે.

बेय पुत्रमां श्री बळवंते, मूक्युं तेज पोतानुं अत्यंते ।

બન્ને આચાર્ય સૂર્ય-ચન્દ્રની જોડ, રામ-લક્ષ્મણની જોડ કે પ્રદ્યુમ્ન-અનિરુદ્ધની જોડ જેવા શોભવા લાગ્યા.

पूजा श्रीजिये बेयनी कीधी, पछि आरती हाथमां लीधी ॥
आरती बेयनी त्यां उतारी, जे जे कार वदे नरनारी ॥

આવી રીતે સ્વયં શ્રીહરિએ પોતાનું તેજ બન્ને આચાર્યશ્રીમાં મૂકીને પૂજા કરી આરતી ઉતારેલી છે. એ પરંપરા મુજબ આપણે આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરીને આરતી કરીએ છીએ.

सत्संगि सर्वे सुणजो अमारा, आचार्य आ एज गुरु तमारा ।
ते पालशे धर्म पलावि जाणे, कल्याणदाता कहि सौ वरवाणे ॥

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે ....... અને વળી આ સમયમાં તો અયોધ્યાવાસી બાઈ-ભાઈ સર્વે જેવા અમારા ગમતામાં વર્તે છે, તેવા તો પરમહંસ તથા સાંખ્યયોગીને કર્મયોગી સત્સંગી તે પણ અમારા ગમતામાં નથી વર્તતા. કેમ જે, અયોધ્યાવાસીઓએ તો અતિશે જ સત્સંગ પરાયણ પોતાનું જીવિતવ્ય કર્યું છે. માટે અયોધ્યાવાસીઓની પેઠે ભગવાનને રાજી કરતા કોઈને આવડતું નથી. અને એ અયોધ્યાવાસી તો બહુ વિશ્વાસી છે. માટે કોઈક કપટી હશે તો એમને છેતરી જશે, તે સારું એમને કોઈક કાર્યનો આદર કરવો હોય ત્યારે મોટેરા પરમહંસ તથા મોટેરા સત્સંગી ગૃહસ્થ તેમને પૂછીને તે કામ કરવા દેવું, પણ કોઈ એક જણાને કહ્યે કરવા દેવું નહિ, એવી રીતે ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગીને અયોધ્યાવાસીની ખબર રાખવી એમ અમારી આજ્ઞા છે. (વ.અમદાવાદ-૩)

શ્રીહરિ આચાર્યશ્રીને ઉદ્દેશીને કહે છે, જે સાધુઓ બ્રહ્મચારીઓ અને પાળાઓ છે તે તો તમારે બન્નેને શિષ્ય ભાવમાં સરખા છે. તે આ સાધુ ત્યાગીઓ પક્ષપાત વિના તમારી બંનેની સેવા કરવાને યોગ્ય છે. જેઓ પક્ષપાત કરશે તેઓ તો સ્વધર્મ થકી ભ્રષ્ટ થશેને સંસૃતિરૂપ અધોગતિને પામશે.

શ્રી અચિંત્યાનંદ વર્ણી શ્રીહરિ સંભવ મહા કાવ્યમાં લખે છે, ભાવાર્થ- જેમ માછલીઓ પાણી વિના રહી શકતી નથી તેમ આ શ્રેષ્ઠ ધર્મવંશ મારાથી જુદુ રહી શકતું નથી અને જેમ શબ્દ તેના અર્થથી દૂર રહી શકતો નથી તેમ હું ક્ષણમાત્ર આ ધર્મવંશથી દૂર રહી શકતો નથી. મહાન પાપોનો નાશ કરવામાં સમર્થ દ્રષ્ટિવાળા આ ધર્મવંશ, મારા આશ્રિત સાધુઓ તથા ગૃહસ્થો બંને દ્વારા યથોચિત માન્ય અને પૂજનીય છે. તેમના યથા શક્તિ પૂજનથી લોકો પહેલેથી જ આ સંસાર સાગર પાર ઉતરી જશે. આ ભૂમંડળમાં જનોની મુક્તિને માટે બ્રાહ્મણ સ્વરૂપમાં આ ધર્મવંશ ઉત્પન્ન થયું છે. આ વંશમાં જ્ઞાન વૈરાગ્યાદિક રૂપમાં પવિત્ર વંશ સહિત, ભક્તિ અને ધર્મ નિરંતર રહે છે. આ ધર્મવંશમાં, ક્ષીર સમુદ્રમાં ચંદ્રમાની જેમ, ધર્મજ્ઞાન આદિ ગુણોથી સંપૂર્ણ એવા બ્રાહ્મણ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી બ્રાહ્મણોમાં મુખ્ય, તે બ્રાહ્મણમાં ધર્મ અને ભક્તિ નિરંતર રહેશે. ધર્મકુળમાં ઉત્પન્ન થયેલ જે બ્રાહ્મણમાં ભક્તિ અને ધર્મ તેમના વંશની સાથે નિરંતર નિવાસ કરીને રહે છે તેમાં સર્વ નિયંતા કૃષ્ણ રહે છે. તેથી આ ધર્મવંશ, ધર્મની જેમ જ વંદનીય છે. જેમણે અહંકાર છોડી દીધો છે તેવા તમે સર્વે દ્વારા પૂજનીય છો. કલ્પતરૂ અને વિષ વૃક્ષની જેમ ધર્મવંશ અને અન્ય વંશમાં ફેર છે. જે જનો તે બંનેને એક સરખા સમજે છે તે કુત્સિત બુધ્ધિવાળા છે અને મારા આશ્રિત જનોએ તેમને વાસુદેવથી વિમુખ જાણવા. મારા દ્વારા એ ગુરુપદ પર નિયુક્તિ કરાયેલા અને સર્વેજનોએ માન્ય એવા આ ધર્મકુળની જે જનો પુષ્પ, ચંદન, વસ્ત્ર અલંકાર વડે આ લોકમાં પૂજા કરશે તેઓ, નાવિકવાળી હોડી દ્વારા જેમ સમુદ્ર પાર થઈ શકે છે તેમ આ ભવ સાગરને પાર કરશે.

આ ધર્મકુળને આશ્રિત જે મનુષ્ય ધર્મકુળની પૂજા કરશે તે કૃષ્ણની પૂજાનું ફળ પામશે અને આ અત્યંત પવિત્ર વંશ, તેને સૂર્યના પુત્ર



યમરાજના ભયથી મુક્ત કરાવશે.

અનુપમ પ્રતાપવાળા વાસુદેવ આ શરીરના અંત સમયે ધર્મકુળના આશ્રિતોને તેમનું દર્શન નિશ્ચય આપશે જ અને તે ધર્મકુળના આશ્રિતોને સંસારથી મુક્ત કરીને તેમના પદ (અક્ષરધામ)ને પમાડશે.

શ્રીવાસુદેવાનંદ વર્ણી લખે છે. શ્રીહરિ કહે : તેથી સંત, વર્ણી, પાર્ષદો અને બીજા સર્વ ભક્તજનોએ તે બન્ને આચાર્યોની આજ્ઞા મારી આજ્ઞાની માફક જ સર્વ પ્રકારે પ્રયત્નપૂર્વક પાલન કરવી. જો જે કોઈ મારો આશ્રિતજન તે આચાર્યની આજ્ઞાને ઉલ્લંઘન કરશે તો તે જન જરૂર અધોગતિને પામશે. અને દ્રઢ ભક્તિથી મારી પૂજા નિત્ય જેમ કરો છો તેમ મારા આશ્રિત એવા તમો સર્વેએ પ્રીતિથી તે બન્નેની પૂજા કરવી. તેથી મારી પૂજાથી જેમ કલ્યાણ થાય તેમ જ તે બંને આચાર્યોના પણ પૂજનથી જરૂર કલ્યાણ થાય તેમા જરા પણ સંદેહ નથી. અને આ બન્ને આચાર્યના વંશજોનો આશ્રય જે જન કરશે તેને હું મારા અક્ષરધામમાં જરૂર લઈ જઈશ.

શ્રીહરિ લીલાપ્રદીપ ગ્રંથ કે જે, આચાર્યશ્રી ભગવત્પ્રસાદજીએ લખેલો છે. તેમાં અદ્‌ભૂતાનંદ સ્વામી બોલ્યા, હે રાજન, એક સમયે શ્રીહરિએ પોતાની સમીપમાં ચાર સદ્‌ગુરુ સંતોને બોલાવ્યા અને પોતાના સ્થાનના અધિકારી માટે વિચારીને કહેવા જણાવ્યું. ત્યારે તે મુનિઓ કહે છે. સર્વદા ઉપશમ સ્થિતિમાં રહેનારા મોટા ત્યાગીઓને પણ આ ગુરુપદ યોગ્ય નથી. એમ અમોને ભાસે છે. હે પ્રભો, જ્યારે તમો કોઈ ગૃહસ્થને પોતાનું ગુરુપદ આપો ત્યારે ત્યાગીજનો ગૃહસ્થને સર્વપ્રકારે માને નહિ. હે સત્પતે ! તેથી સર્વ પ્રકારે ધર્મવંશનો માણસ આ ગુરુપદમાં તમારા આશ્રિતજનોને અતિશય યોગ્ય જણાય છે. તેથી હે સ્વામિન્ અમો તમારા આશ્રિત સમગ્ર ત્યાગી તથા ગૃહસ્થોને ધર્મવંશીમાં ઘણી જ પ્રસન્નતા છે. તમારા સ્થાનમાં રહેવા માટે ધર્મવંશમાં ઉત્પન્ન થયેલા પુરુષ યોગ્ય છે જેમાં સર્વ કારણના કારણ આપ પ્રાદુર્ભાવ પામેલા છો. જેમ સિંહણનું દૂધ સુવર્ણપાત્રમાં જ રહે છે તેવી રીતે તમારું પદ ધર્મવંશમાં જ યોગ્ય છે. હે ધર્મનંદન, બીજો કોઈપણ ધર્મવંશીય સમાન થાય નહિ. તમારી ધર્મધુરાને

વહન કરવામાં ધર્મવંશમાં ઉત્પન્ન માણસ જ શક્તિમાન છે. બીજો યોગ્ય નથી. હે સ્વામિન્ આ લોકમાં આ નિશ્ચયથી જીવોને અલૌકિક મોક્ષમાર્ગની રીતિ નિર્વિઘ્ન લાંબા કાળ સુધી રહેશે.

શ્રીહરિ કહે, પોતાના ધર્મમાં રહેલાં જનો આચાર્યોનો આશ્રય કરીને મને ભજશે તે નિશ્ચે તત્કાળ ઈચ્છિત આ લોકમાં ભોગવૈભવ તથા મુક્તિ પામશે. અહીંયા જે જનો બન્નેની ધાન્ય-વસ્ત્ર-ધનાદિથી સેવા કરશે તથા વિવિધ પ્રકારની પૂજાના ઉપચારોથી એ બન્નેની પૂજા કરશે, તે ભક્તિ ધર્માદિની સેવાનું તથા મારી સેવાનું ફળ પામશે.તેના ઉપર હું નિશ્ચે અત્યંત પ્રસન્ન થઈશ. જેમણે આ બન્નેની પ્રીતિથી સેવા કરી છે, તેમણે નિશ્ચે મારી સેવા કરી છે. તથા હે ભક્તો, તેમને ભોજન કરાવવાથી, હું ભોજન કરાયેલો છું. તેમના સત્કારથી હું સન્માનિત છું. જે એ બન્ને આચાર્યોની અનુવૃત્તિથી આજ્ઞાનું આદરપૂર્વક સર્વદા પાલન કરશે તેમણે મારી આજ્ઞા પાલન કરી છે એમ હું માનીશ. તપસ્વીઓએ પણ દુર્લભ એવા અક્ષરધામમાં તેઓને અનુપમ દિવ્ય પરમ સુખ આપીશ. હે ભક્તો, બન્ને ઉત્તમ આચાર્યો જેમની ઉપર અતિ પ્રસન્ન થશે નિશ્ચે તેમની ઉપર મારી અત્યંત પ્રીતિ થશે. આ લોકમાં જે, તે બન્ને આચાર્યોનો દ્રોહ કરશે તેમણે મારો જ દ્રોહ કરેલોછે. એમના દર્શનથી મારા દર્શનનું ફળ જનો પામશે. શાસ્ત્રમાં કહેલાં આચાર્યના લક્ષણોથી યુક્ત શુદ્ધ બુદ્ધિવાળા આ આચાર્યોની સમાન બીજા આચાર્યો નથી. ક્યારેય પણ બન્ને આચાર્યોની આગળ યોગ, વિદ્યાદિના સદ્‌ગુણોથી મારા આશ્રિત ત્યાગી તથા ગૃહસ્થોએ ઉદ્ધતપણું ન કરવું. ચાડીચુગલી તથા કુટિલ યુક્તિથી અથવા ક્યારેક વિપરીતપણાની ભાવનાથી તે બન્નેને સમજાવીને જે વિગ્રહ (તકરાર) કરાવશે તથા આ મારી આજ્ઞાનું જે ઉલ્લંઘન કરશે તે મારા વચનદ્રોહી છે. સંપ્રદાયથી બહિષ્કૃત છે.

મુક્તાનંદ સ્વામી મુક્તાનંદ કાવ્યમાં આચાર્યશ્રીના વાહન પણ પૂજવા જેવા જણાવે છે, તેથી તેઓશ્રીની કોઈપણ વસ્તુ પોતાના ઉપયોગ અર્થે માંગી લાવવી નહિ. તેમ તે બન્ને મંદિર રૂપી નિવાસ સ્થાનેથી કરજ કાઢવું નહિ. તો જ ગુરુ ભક્તિ રહેશે. ગુરુ કે શ્રીહરિના તમામ પદાર્થ



પૂજવા યોગ્ય કહેવાય છે તે જો પોતાને અર્થે લાવીએ તો અપરાધ થાય છે. સેવક ભાવ લાવીને આચાર્યશ્રીની ઈશ્વર ભાવે સેવા કરવી. શ્રીહરિ કે ગુરુ સાથે લેણદેણ વ્યવહાર કરવાથી શિષ્યને અવગુણ આવે છે અને તેથી લોકો અપરાધી થાય છે અને તેથી ભવપાર થવામાં વિઘ્ન ઉભું થાય છે

અવિનાશાનંદ સ્વામી લખે છે :-

સત્સંગી આપો સૌ નામનું, નામનું નામનું નામનું રે.....
સત્સંગી આપો સૌ નામનું, ભાતું એ અક્ષરધામનું રે.....
હેતે કરી જે આપે હરિજન રે, ધામ પામે સુખધામનું રે.....
નામ લખાવીને જે જન આપે રે, થાશે કલ્યાણ તમામનું રે.....
એવો જાણીને જે નહિ આપે રે, દ્રવ્ય તેનું હરામનું રે.....

નામનું એટલે ‘નામવેરો’ નામ ધર્માદાની પહોંચમાં જે નામનું કોલમ હોય છે તેની વાત છે. નામ ભેટમાં આપણે વ્યક્તિ દિઠ જે પાંચ રૂપિયાની ભેટ લખાવીએ છીએ તે આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની ભેટ ગણાય છે. તેની સામે આપણને જે કંઠી આપવામાં આવે છે, તે કંઠી આપણને આપણા ધર્મવંશી ગુરુ તરફથી મળી ગણાય છે. અહીં સ્વામી કહે છે, નામવેરો એ અક્ષરધામનું ભાતું છે.

પ્રેમાનંદ સ્વામી લખે છે :-

ચાલો ચાલો રે ધર્મવંશીને દ્વાર, સાહેલી માગીએ મોક્ષને,
આજ એ વિના મોક્ષ બીજે નથી, એ છે કળીમાં રે મુક્તિના દેનાર સાહેલી.
સખી થઈએ ધર્મકુળ આશરે, નહીંતો મારશે રે જમ બાંધીને માર,
ધર્મવંશી વિના આ સંસારમાં, બીજો નથી રે છોડાવણ હાર.
બીજા પંથને મત બહુ ખોળીયા, દેવ દેવી રે પૂજ્યાં કરી પ્રીત,
ધર્મવંશી વિના ત્રણ લોકમાં, ક્યાંયે ન મળે રે કલ્યાણની રીત.
એમ જાણી મોટા સંત ભૂપતિ, સેવે પ્રીતે રે ધર્મવંશીના ચરણ,
હું તો સર્વ તીર્થ નાહીં પ્રેમસું, મેં તો પૂજ્યા રે સાધુ દ્વિજરાજ.
હું તો થઈ રહીં ધર્મકુળ આશરે, મારા સરીયાં રે બેની સર્વે કાજ,
ધર્મવંશી ક્યાંથી મારે બારણે, જેને પૂજે રે શિવ બ્રહ્મ શેષ.
પ્રેમાનંદનો સ્વામી જેના કુળમાં પ્રગટ રે શ્રીકૃષ્ણ દીનેશ...

બ્રહ્માનંદ સ્વામી લખે છે :-

હરિના સંબંધી તે હરિની જ પેરે, પૂજવા યોગ્ય સદાઈ રે,
દેહધારી સરખા દીઠામાં, એની વાતુ અતિ આઘી રે,
ધર્મદેવના વંશનો મહિમા, મુખથી કહ્યો નવ જાય રે,
મન મોહનજીના કુટુંબના માણસ, થોડે પુણ્યે નથવાય રે,
માયાના જીવ તે મર્મ ન સમજે, સૌ સરખા એને જાણે રે,
હરિના સંબંધી હોય તેને હરખે,વિધિ વિધિ વેદ વખાણે રે,
પૂરણ પુણ્ય હોય તે પ્રાણી, સ્નેહ કરે એની સાથે રે,
સર્વેથી અધિક કરીને રે સેવ્યા, નિશ દિન દીનાનાથ રે,
ધન્ય ભાગ્ય જે ધર્મવંશમાં, અવતરિયા નરનારી રે,
સરજણહારે સગાં જેને માન્યાં, મહિમા તે વાધ્યો ભારી રે.
દર્શન એનાં અતિશય દુર્લભ, સ્પરસે તે પાતક જાવે રે,
પૂરણ પુણ્ય હો જે પ્રાણી, તે ઘરમાં પધરાવે રે.
મહામંત્ર દઈ પરમ બતાવે, મેહેર કરે જેને માથે રે,
દેહ છતે તે મુક્ત કહેવાયે, સબંધ થાય હરિ સાથે રે.
એનું શરણ લિયે જે પ્રાણી, ભવ દુઃખથી તે છૂટે રે,
અક્ષરધામનો થાય નિવાસી, અવિનાશી સુખ લૂંટે રે.
કરુણા નિધિના થયા રે કુટુંબી, તે મોટા પુણ્યવાળા રે,
સર્વે તે પૂજવા જોગ સદાઈ, બુઢા તરુણા બાળા રે.
બહુનામી જેના બાળકડાંને, રાજી થઈને રમાડે રે,
બ્રહ્માનંદ કહે ભાભિયું હરિને, દહીંવડા જમાડે રે.

● ● ●

જેને જોઈએ તે આવો મોક્ષ માંગવા રે લોલ,
આજ ધર્મવંશીને દ્વાર નરનારી.

ધર્મકુળનો સચોટ મહિમા દર્શાવતું, આ કીર્તન પણ સંપ્રદાયમાં બહુ પ્રસિધ્ધ છે.

શ્રીહરિ પોતાના પિતા ધર્મદેવને કહે છે કે, આ ભૌતિક દેહ તજીને દિવ્ય દેહધારી સદા મારી પાસે રહો. તમારું આખું કુળ જે મારા સંબંધને



પામ્યું છે. તેમાં જન્મેલા સૌ નિષ્પાપ થયાં છે અને મારો જન્મ આ કુળમાં થવાથી તે કોઈને ફરીથી જન્મવું પડશે નહિ. વૈરાગ્ય, વિવેક વગેરે અનંત ઉત્તમ ગુણો તમારા કુળમાં નિવાસ કરીને રહેશે. ધર્મકુળ વિના બીજે મોક્ષ નથી. કારણકે બીજાએ ધર્મ છોડી દીધો છે.

આધારાનંદ સ્વામી લખે છે : આજના અવતારમાં સર્વ અવતારનું સામર્થ્ય રહેલું છે. તે જેને સત્સંગ થાય તેને સમજાય. જે તે પ્રકારે પણ જે સત્સંગના સંબંધમાં આવ્યા છે, તે ભવપાર થયા છે.સામર્થ્ય દેખીને પણ જે સત્સંગમાં પ્રીત કરતા નથી તે અભાગી છે.આ બ્રહ્માંડ રહેશે ત્યાં લગીમાં જે સત્સંગ કરશે, અને ધર્મ નિયમ પાળી સ્વામિનારાયણનું નામ રટશે, તથા ધર્મવંશીના આશ્રિત જે સંત વર્ણી તેની સેવા કરશે, અને ધર્મકુળના આશ્રિત જે ચારે વર્ણના લોકો તે સૌ ધર્મકુળની સેવા કરશે, તે ભવસાગર તરશે.

શ્રીહરિ હરિલીલામૃતમાં કહે છે :-

સત્સંગ છે મુજ અંગ, ભલા ભાવથી ભાળો અભંગ,
બે આચાર્ય નેત્ર પ્રમાણો,સંત, સત્સંગી અવયવ જાણો.

ધર્મવંશી આચાર્યનો શાસ્ત્ર પ્રમાણ મહિમા ખૂબ ખૂબ લખ્યોછે. શ્રીહરિએ અહીં સગાવાદ નથી ચલાવ્યો. અનંત કોટી બ્રહ્માંડના તેઓ નિયામક છે. શ્રીહરિને ધર્મ વહાલો છે. તેથી ધર્મવંશી પણ જ્યાં સુધી ધર્મમાં રહે ત્યાં સુધી શ્રીહરિનો તેઓમાં નિવાસ થાય છે. ત્યાં સુધી જ તેઓ આશ્રિતનું કલ્યાણ કરી શકે છે. શ્રીહરિને કોઈ પારકું કે પોતાનું નથી. ધર્મકુળમાંથી યોગ્ય વ્યક્તિને શ્રીહરિ પસંદ કરી ધર્મધુરા સંભાળવા માટે પોતાની સ્થાપેલી સત્સંગની ગાદી પર બેસાડે છે. તેવી વ્યક્તિ જો ધર્મધુરા વહન કરવામાં પ્રમાદ સેવે, શ્રીહરિએ સ્થાપેલી મર્યાદાની બહાર વર્તે તો તે ધર્મવંશી હોય તો પણ શ્રીહરિની દ્રષ્ટિમાંથી ખસી જાય છે અને શ્રીહરિ ધર્મકુળમાંથી અન્ય લાયક વ્યક્તિને તે પદ આપી દે છે. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું એક વાક્ય છે, ''અમે હોઈએ, સંતો હોય કે હરિભક્ત હોય, શ્રીજી મહારાજની સ્થાપેલી મર્યાદાથી બહાર કોઈ વર્તે તો તે પડે છે.'' માટે ધર્મવંશી માટે પણ ધર્મની મહત્તા કેટલી છે તે શાસ્ત્ર પ્રમાણે જોઈએ તો અસ્થાને નહિ ગણાય.

શ્રીહરિચરિત્રામૃત સાગરમાં મુક્ત મુનિ અયોધ્યાપ્રસાદજી મહારાજને કહે છે. તમારા ઘરમાં શ્રીહરિ પ્રગટ્યા તેનું તમને જ્ઞાન થયુ. તમને પ્રગટ મળ્યા અને શ્રીહરિની મોક્ષની ગાદી જે સંત હરિજનને પૂજ્ય છે તે તમને સોંપી. સૌ મોક્ષ ભાગી જનો તે ગાદીને નમે છે અને જન્મ મરણનું દુઃખ ખુવે છે. શ્રીહરિએ એક ગાદીને બદલે બે ગાદી જીવના હિતને માટે જ કરી છે અને ધર્મ નિયમ એક પ્રકારના રાખ્યા અને ગાદીવાળા આચાર્યની રીત બાધી. તે રીતમાં ચાલે તેને માનજો એમ કહ્યું. ઉન્મત થઈને રીતનો લોપ કરીને ચાલે ત્યારે બેય દેશના સંતો જે ધર્મમાં કુશળ હોય તે, તથા વર્ણી, હરિભક્તો ધર્મવાળા હોય તેમણે ભેગા થઈને એકાંતમાં ધર્મની રીત વિચાર કરીને કહેવી. અને તે રીત પ્રમાણે વર્તાવવા.

શ્રીહરિ કહે, મને પ્રસન્ન કરવાનું જેને તાન હોય તે ધર્મ લોપે નહિ. ધર્મમાં જ બધા અર્થ રહેલાં છે. જ્યાં સુધી તે જતન કરી રાખે ત્યાં સુધી મોટા મોટા ભૂપો કરતાં પણ શ્રેષ્ઠ છે. ધર્મે કરીને મેડી, મંદિર, ગામ, ખેતીવાડી, અન્ન, ધન, હાથી, ઘોડા,પાલખી, રથ વગેરે વિચિત્ર સંપત્તિ જે જે ચિંતવે તે બધું અપાર પ્રાપ્ત થાય છે. રૂપિયા અને સોનું ચરણમાં આવી પડશે. ભૂમિ પરનાં જેટલાં યોગ્ય પદાર્થ છે તે બધાય ધર્મ દેખશે ત્યાં આવશે. માટે ધર્મવંશી બાઈ-ભાઈ સર્વેએ ધર્મ રાખવો. ધર્મ પ્રમાણે ખાવું, પીવું, પહેરવું, ગાવું, પણ ક્યારેય ધર્મને વિસારવો નહિ. ધર્મનો પરિવાર જે શાસ્ત્રમાં ગણાવ્યો છે તે બધાય ગુણ રાખવા. ધર્મની બાર સ્ત્રીઓ છે તેમના નામ શીખી, તેમના ગુણ છે તે ધર્મવંશી ગાદીવાળી બાઈઓએ શીખવા. જેમાં જેવો ગુણ હશે તે પ્રમાણે તે કહેશે. ધર્મ રાખશે તેને ધર્મી કહેશે. નહિ તો અધર્મી કહેશે. ધર્મ રાખતાં સાધારણ સંપતિ હશે તો પણ શોભશે.

શાસ્ત્રરૂપી દ્રવ્ય તે સર્વોપરી છે. શાસ્ત્રમાં પ્રીતિ ન હોય તે ધર્મની ગાદીને યોગ્ય નથી. દ્રવ્યમાં ચિંતા હોય તથા ખેતી વાડીમાં ચિત્ત હોય એવા ગુરૂનો ભાર પડે નહિ. સત્સંગમાં જે ધર્મ વર્તે છે તે પ્રમાણે જે રહે અને પ્રગટ હરિના નિશ્ચયમાં કસર ન હોય તે ગાદીને યોગ્ય કહેવાય.

શ્રીહરિ કહે, સત્સંગની ગાદી ઉપર બેસે તેણે સત્સંગના સિધ્ધાંતને સારી રીતે સમજીને પ્રમાદથી રહિત રહેવું. ગાદી ઉપર બેસી પ્રમાદ રાખે તેને



ગાદીએથી ઉઠાડી મૂકવો. જેટલું ધન હોય તેટલો પ્રમાદ વસે છે ને કહેવા માત્ર ગાદી રહે છે. જે ધર્મકુળની ગાદી ઉપર બેસશે તેને તમે જેમ અમને માનો છો તેમ માનવા. ગાદી પર બેસીને અમે કહેલાં ધર્મમાં જ્યાં સુધી વર્તે ત્યાં સુધી માનવા જોગ છે. અમારા ધર્મકુળની આ રીત છે તે ધર્મ હોય ત્યાં સુધી પ્રીત રાખવી. ધર્મ વિનાનાને માનવા તે સત્સંગની રીત નથી તે કુસંગની રીત છે.

જેટલું નિર્દોષ વર્તન તેટલા ધર્મવંશી કહેવાય, એજ ધર્મવંશીની રીત છે. સત્સંગમાં ધર્મકુળ જ્યાં સુધી ધર્મમાં વર્તે ત્યાં સુધી શ્રીહરિએ પૂજ્ય કર્યા. શ્રીહરિએ સત્સંગ સિવાય બીજા કોઈનો પ્રતાપ કહ્યો નથી.

''धर्मकुल तेहि सत्य कर जानो, सत्संग जाके करत प्रमानो ।
सत्संग प्रमान करत जिनके, सत्संग कि रीत चलत तिनके ।''

સત્સંગ જેનું પ્રમાણ કરે તે જ ધર્મકુળ સત્ય જાણવું. સત્સંગની રીતે ચાલે તેને જ સત્સંગ પ્રમાણ કરે છે. નહિ તો ધર્મવંશી થયા તેથી કરીને શું થયું !

શ્રી હરિલીલામૃત ગ્રંથમાં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજની કલમે શ્રીહરિએ બે ગાદી સ્થાપન કરી તેની પાછળનું એક કારણ એવું પણ છે કે,

''कदि एकज गादि स्थपाय, अने आचार्य उन्मत थाय ।
तेह धर्म विषे नव रहे, शिष्यो क्यां जइने दुःख कहे ॥
माटे आचार्य स्थापवा बेय, अन्योअन्यने दाबे रहेय ।

શ્રીહરિ કહે,

''जे धर्म पाळे जन ते अमारो, पापीथी हुं दूर सदा थनारो ।
सगो अमारे नहि कोई काले, सगो गणुं जे शुभ धर्म पाळे ॥
छे धर्म पोतेज पिता अमारा, तेनाज शत्रु जन जे थनारा ।
ते साथ हुं केम करुंज प्रीत, प्रीति करे तेह स्त्रपुत्र रीत ॥

આવી રીતે શ્રીહરિએ અત્યંત મહિમા કહીંને લાલ લાઈટ પણ કરેલી જ છે કે, જે શુભ ધર્મ પાળે તેને જ અમે અમારા સગા ગણીએ છીએ. બીજા, કોઈ કાળે અમારા સગા નથી. પાપી વ્યક્તિથી હું સદાય દૂર થઈ જઉં છું.

## ૨૧. ધર્મકુળ મહિમા

રામદાસભાઈ કે જેઓ રામાનંદ સ્વામીના મોટા શિષ્ય હતાં તેઓ શ્રીહરિને કહે, ધર્મકુળનો પરિવાર હું આ સત્સંગમાં દિવ્ય રૂપે જોઉ છું. શ્રીનગરમાં એક વખત મને સ્વપ્ન થયું. તેમાં એવું જણાયું જે ચરોતરના એક ગામમાં ભારે ઉત્સવ થઈ રહ્યો છે. અનંત હરિજનો હાજર છે. તમારુ બે ભાઈ પરિવાર લઈને આવ્યા છે. તેમણે તમને થાળ કરી જમાડ્યા અને મને પ્રસાદ આપ્યો. તે મેં અને મુક્તમુનિએ વહેંચી ખાધો. એવી રીતે ધર્મકુળે મને પ્રસાદી આપી તે વાત સાંભળી સૌ રાજી થયા. અને કહે જે તમારુ સ્વપ્ન સત્ય થાઓ અને ધર્મકુળ આવે એવી સૌને ઈચ્છા છે. તેમના દર્શન થાય એવું અમારું મહ્દ ભાગ્ય ક્યાંથી હોય ? શ્રીહરિનું કુટુંબ બહુ દૂર છે પણ પ્રભુ કૃપાથી શું ન થાય ? શ્રીજી કહે અમને તેનો ઘાટ નથી. તમારો સંકલ્પ સત્ય કરવા કોઈ વખત આવશે. હે સંતો ! તમારે અમારામાં બધુ માની લેવું. શ્રીહરિનો થાળ વર્ણી સદા સાથે રહીને બનાવતા. વર્ણી જ્યારે સાથે ન હોય ત્યારે પોતે રસોઈ કરતા. ધર્મવંશી જ્યારથી આવ્યા ત્યારથી તેમની પાસે રસોઈ કરાવતા. શ્રીહરિના બે ભાઈનો પરિવાર ધર્મવંશી કહેવાય. તેમાં પણ ધર્મવંશીના જેવા ધર્મ રાખે તે ધર્મવંશી કહેવાય. ધર્મથી જ સત્સંગનો નાતો છે.

શ્રીહરિ કહે, રામાનંદ સ્વામીએ અમને નિર્લોભી તથા નિષ્કામાદિક ગુણોએ યુક્ત જોઈને ગાદીએ બેસાડ્યા છે. તેમણે કહ્યું હતું કે, તમારા ગુણોથી તમારી શોભા વધશે અને તમારા સંબંધના વિપ્ર કદાચ આવે અને યોગ્ય નિર્લોભ, નિષ્કામાદિક ગુણે યુક્ત હોય તો તેમને ગાદી દેજો. મારા મનમાં સંપ્રદાયને દ્રઢ કરવાની જે ઈચ્છા છે તે તમે જાણો છો. તમે ઈશ્વર પ્રગટ થયા છો. તમારા જેવા કોઈ થનારા નથી. શ્રીહરિના નાના ભાઈ ઈચ્છારામભાઈ પ્રથમ શ્રીહરિને મળ્યા ત્યારે ઈચ્છારામભાઈનો શ્રીહરિ પ્રત્યે અતિ ભાવ જોઈને શ્રીહરિ તેમને છાતીએ લગાવી મળ્યા અને કહ્યું કે તમે આવ્યા તે બહુ સારું થયું. હવે આ સત્સંગની રીત તમે પ્રેમથી રાખો. સૌ સંત



હરિભક્તો ભાઈ બાઈ તમને અને તમારા પરિવારને માનશે. અમારા સંબંધે કરીને તમારું ભરણ પોષણ ખૂબ ભાવથી કરશે. સત્સંગમાં આ લોકને પરલોક બન્નેના સુખ રહેલાં છે. સત્સંગ સન્મુખ જ્યારથી તમે ચાલ્યા ત્યારથી તમારા ભાગ્ય ઉદય થયા છે. સંત ને જે રીતે માનશો તે રીતે સુખી થશો. સત્સંગની વૃદ્ધિનું કારણ સંત છે.

ઈચ્છારામભાઈ શ્રીહરિને કહે કે, તમે પોતે ભગવાન છો. એ વાત અમે જાણીએ છીએ. અમારો પરિવાર છે તે પણ તમારી વાત સાંભળીને બહુ આનંદ પામ્યો છે. બધાનો જીવ અહીં રહ્યો છે. શરીરમાત્રથી ત્યાં રહ્યા છે. એકવાર સૌને તમારા દર્શન થાય તેવું ઈચ્છે છે, બીજું કાંઈ માંગતા નથી. તમે ભગવાન છો. ચોરાસી જાતના જીવ તથા દેવોનું ભરણપોષણ કરનારા તમે છો. તમારી મૂર્તિ અને તમારા સંતો તેનાથી કોઈ અધિક નથી એમ અમે જાણીએ છીએ. ત્યારે શ્રીહરિએ કહ્યું કે તમે ધર્મ અને ભક્તિના સાચા પુત્રો છો એમ અમે જાણ્યું. ઈચ્છારામ કહે આપ તો ધર્મને ધર્મ સર્ગના પોષણ માટે ધર્મને ઘેર પ્રગટ થયા છો. તમારા પ્રતાપથી અધર્મવંશ ક્યાંય ભાગી જાય છે.

ઈચ્છારામભાઈ, રામપ્રતાપભાઈ તથા માયાજિતમુનિ સાથે ઘેરથી નીકળેલા. પછી શ્રીહરિને રસ્તાની બધી વાત કરીને આગળ કહે છે અમે ગ્વાલિયરથી ઉજ્જૈન આવ્યા. રામપ્રતાપભાઈ ત્યાં રહ્યા. તેમને દરેક તીર્થમાં પાંચ પાંચ દિવસ રોકાવાનો ઠરાવ છે. તેથી રહેતા રહેતા આવે છે. તીર્થમાંથી ઝટ નીકળતા નથી. અમે તો તમારા ચરણમાં બધા તીર્થ માન્યા છે. એથી તેમને અને અમારે કેમ બને ? મોટા ભાઈ જાણીને ઉજ્જૈન સુધી મર્યાદા રાખી. પછી અમારા જીવમાં ધીરજ રહી નહિ. તેથી રજા લઈને ત્યાંથી ચાલ્યા. પછી ફરી રસ્તાના ગામોની વાત કરીને કહ્યું કે, અહીંયા લોયા આવ્યા ત્યાં આપ મળ્યા. અમારા ધન્ય ભાગ્ય છે કે, અમારે ઘેર તમો ભગવાન પ્રગટ થયા. આવા સંત ને હરિભક્તો ભગવાન હોય ત્યાં જ હોય. ભાગ્ય વિના આમનો જોગ મળે નહિ. હવે અમને ક્યારેય વિયોગ થવા દેશો નહિ.

ઈચ્છારામજી આવ્યા પછી પાંચમે દિવસે પહોર દિવસ બાકી હતો ત્યારે શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપજી આવ્યા. શ્રીહરિની આજ્ઞાથી સંત હરિભક્તો મોટાભાઈની સન્મુખ ગયા. સુરાખાચર વગેરે દરબાર સવારો અર્ધા ગાઉ સુધી

સામા ગયા. ત્યારે મોટાભાઈ આવ્યા. માયાજિત મુનિએ ઓળખાવ્યા. સુરાખાચર વગેરે સવારોએ એક એક રૂપિયો ભેટ મૂકી. સંત વર્ણી આવ્યાં તેમને પરમ હેતથી ભાઈ મળ્યાને હરિભક્તો ભાઈને હેતથી પગે લાગ્યા ને શ્રીફળ મૂક્યા. ગામ સુધી સંત હરિભક્તોની કતાર થઈ. એક ગાઉથી ભાઈ પગે ચાલીને આવ્યા. કારણ કે સંત વર્ણીને ચાલવાનો ભાવ હતો. આગળ ચાલતાં મુક્તમુનિ, બ્રહ્મમુનિ વગેરે મોટા સંતો પણ સામાં આવીને મળ્યા. મુક્તમુનિ હાથ જોડીને રામપ્રતાપને કહે કે, તમે ઘોડા પર બેસો. ત્યારે ભાઈ કહે તમે સંતો ચાલો છો ને અમે બેસીએ તે ઘટે નહિ. અમે તો સંતના દાસ કહેવાઈએ. ભગવાનને વહાલા સંતો પૂજવા યોગ્ય છે. અમારા ધન્ય ભાગ્ય છે કે ભગવાનના પ્રિય સંતો આજે મળ્યા. પછી મુક્તમુનિ ભાઈનો હાથ ઝાલીને પુરમાં લાવ્યા. પછી સૌ સંત હરિભક્તો આનંદથી કીર્તન ગાતાં બજારમાં ચાલતા હતાં. દૂરથી ભાઈને દેખીને શ્રીહરિ મંચ ઉપરથી તરત ઊતર્યા. ને સો પગલાં સામા આવીને મોટાભાઈને પગે લાગ્યાં. પછી પરસ્પર મળ્યાં. મોટાભાઈ તો શ્રીહરિને છોડે જ નહિ. નેત્રમાંથી આંસુની ધારા ચાલવા લાગી. હૃદય ભરાઈ ગયું. મળીને તૃપ્ત થયા ત્યારે કંઠ છોડ્યો. ને પ્રેમથી બોલ્યાં કે સંબંધનું હેત તમે લગારેય રાખ્યું નહિ. અમને ખારાં જાણીને તમે ત્યજી દીધાં. આ માયાજિત મુનિ મળ્યા ત્યારે આજે નવો જન્મ પામ્યા. હવે બીજો કરવો નથી. શ્રીહરિ ભાઈને કરગ્રહી લઈ ચાલ્યાં ને મંચ ઉપર બેસાડ્યા. પોતે પણ સાથે બેઠાં. પોતાનો તકિયો તેમનાં તરફ મૂક્યો. બેઉ ભાઈ એક તકિયે પીઠ લગાવી બેઠા. શોભાનો પાર રહ્યો નહિ. ભાઈએ સંબંધીઓની શ્રીહરિના દર્શન કરવાની તાલાવેલીની ઘણીક વાતો કરીને પછી પોતાના પુત્ર નંદરામ, ઠાકોરરામ તથા અયોધ્યાપ્રસાદએ ત્રણ પુત્રોના ગુણ તથા સ્વભાવની વાતો કરી. ત્રણે પુત્રોના ઉત્તમ ગુણોનું વર્ણન કર્યું.

એક દિવસે સભામાં રામપ્રતાપભાઈ પ્રાસંગિક વાત કરતા કહે છે, અમારા દેશમાં દ્વારકાનું બહુ માહાત્મ્ય છે. ત્યારે શ્રીહરિ કહે તમે બન્ને ભાઈઓ દ્વારકા જાઓ. ખર્ચી જોઈએ તે અમે અપાવીશું. શ્રીહરિની વાત સાંભળીને મોટાભાઈ પ્રસન્ન થયા, ત્યારે ઈચ્છારામજી બોલ્યા કે કરોડ દ્વારકા અહીં રહી છે. પ્રગટ ભગવાન હોય ત્યાં બધા તીર્થ રહે એમ અમને જણાય



છે. ભવ બ્રહ્માદિક દેવો પણ તેમના દર્શનને ઈચ્છે છે. અંધ હોય તેને તે વાત ન મનાય. જેને ઘેર સૌ અન્ન જમે તે બીજે ઘેર જમવા ફરે તેની જેટલી કીર્તિ થાય એટલી આપણી થાય. એવી કીર્તિ જેને પસંદ હોય તે ઘેર ઘેર ફરે અને જમે. ગંગાજળનો ત્યાગ કરીને કૂવો ખોદીને પાણી પીવે તે સમર્થનું કામ છે. અમે તો પ્રગટ નીરના ભોગી છીએ. આ સત્સંગ વિના બીજે અમારું મનદોડતું નથી. બીજે દોડે તો અમૃત તજીને ઝેરમાં અમૃતમાન્યા બરાબર છે. જ્યાં કામ, ક્રોધ, અને લોભાદિક હોય ત્યાં અધર્મવંશનો વાસ હોય, કામને રામ સાથે રહે નહિ. સત્સંગમાં જ સાચો ધર્મવંશ છે. સમગ્ર બ્રહ્માંડમાં ઈચ્છારામને સત્સંગ જેવું કાંઈ દેખાતું નહિ.

સમગ્ર ધર્મકુળને શ્રીહરિ કારીયાણીથી એક ગાઉ સુધી સામા આવીને સૌ પ્રથમ મળ્યા હતા. તે પહેલાં દાદા ખાચર અશ્વ ઉપર બેસી અયોધ્યાવાસીની સન્મુખ ચાલીને પોલારપુર ગામમાં ભેગા થયા હતા. શ્રીહરિની સાથે સંત હરિભક્તો પણ હતા. બંને ગામની વચ્ચે અયોધ્યાવાસીને શ્રીહરિ ભાવથી મળ્યા. બહુ દિવસનો વિયોગ હોવાથી સૌ સંભારવા લાગ્યા. રામપ્રતાપભાઈના પત્ની સુવાસિની બાઈએ અગિયાર વર્ષ સુધી શ્રીહરિની ઘણીક સેવા કરી હતીં ને રાજી રાખ્યા હતા. છતાં શ્રીહરિએ વિસારી દીધા હતા. તે શ્રીહરિને મળીને બહુ રડવા લાગ્યા ને કહેતા કે અમારો કાંઈ દોષ હશે ત્યારે જ અમને તજ્યા હશે. ઈચ્છારામના પત્ની વરીયાળીબાઈ પણ શ્રીહરિના ચરણમાં મસ્તક મૂકી રડવા લાગ્યા. શ્રીહરિની આજ્ઞાથી નંદરામે સુવાસિની તથા ગોપાળજીએ વરીયાળીબાઈને રડતા બંધ રાખ્યાં. જીવુબાઈ વગેરેને સુવાસિની તથા વરીયાળી મળ્યાં, ભગવાનના સંબંધે કરીને પરસ્પર પ્રેમથી ભેટ્યાં. મંછારામ, નંદરામ, ગોપાળજી, સુફળ, સીતારામજી, બદ્રિનાથ વગેરે અન્ય સૌ શ્રીહરિને પ્રેમથી મળ્યા, પગે લાગ્યા. સૌ રથ તથા ગાડામાં બેસીને વસ્તાખાચરના દરબારમાં આવીને ઉતર્યા.

ગઢપુર જવાને માટે શ્રીહરિ તત્પર થઈને ચાલ્યા. ઝીંઝાવદર આવ્યાં ત્યાં અલૈયાખાચર આવીને શ્રીહરિને પગે લાગ્યા ને હાથ જોડીને બોલ્યા કે આપનો વંશ જે અતિ ઉત્તમ વિપ્ર છે. જે અયોધ્યાપુરી પાસે રહે છે, તે આવ્યાં એ ઘણું સારું થયું. આપ વિપ્રકુળમાં પ્રગટ થયા છો તે હવે કુટુંબીઓ આવવા

થી જાહેર થયું છે. સુવાસિની અને વરીયાળી તે બન્ને બાઈઓને સત્સંગી બાઈઓ ધર્મકુળ માનીને મેવા, મીઠાઈ, વસ્ત્ર, ધન ને પાકા સીધાં વગેરે અર્પણ કરી પૂજતી હતી. ઘી, ખાંડ, લોટ વગેરે સીધું તથા બીજી અપાર ચીજો આપતી હતી. સુવાસિની તથા વરીયાળી શ્રીહરિ માટે નિત્ય મનોવાંછિત થાળ કરતી. અને શ્રીહરિને જમાડવામાં અલૌકિક ભાવ રાખતી. દરરોજ વારાફરતી પાંચ પાંચ સંતોને પણ જમાડતા અને પોતાના પુત્ર દ્વારા કોઈ દેહે કરીને દુઃખિયા સંતો હોય તેની સાંજ સવાર ખબર રાખતા. પુત્રથી પણ સંત ઉપર અધિક સ્નેહ રાખતા. સંતનું મૂળ ભગવાન છે ને હરિભક્તનું મૂળ સંત છે, એમ અયોધ્યાવાસી સંતને માનતા. તેમનો આવો શુદ્ધ ભાવ ને ગુણ જોઈ શ્રીહરિ તેમના ઉપર પ્રસન્ન થતાં. શ્રીહરિ ગુણને આધીન સદાય રહે છે.

મુક્તમુનિ કહે, આ અયોધ્યાવાસી આવ્યા તેથી સૌ સંત હરિભક્તો રાજી થયા છે અને આસુરી લોકો ફાવે તેમ બોલતા હતા, તે ખોટા પડવાથી તેમનાં મુખ કાળાં થયા છે. હવે તો આ ધર્મકુળ સત્સંગમાં રહે તો અમને બધાને ગમતું છે. વડતાલમાં સભામાં હરિભક્તો અપાર હાર ને મેવામીઠાઈ લાવતા. શ્રીહરિ વારે વારે અયોધ્યાપ્રસાદ, રઘુવીર, સીતારામ તથા બદરિનાથને આપીને એમને પ્રસન્ન રાખતા, અશ્વ, વસ્ત્ર, ભૂષણ, ધન વગેરેથી શ્રીહરિ વારેવારે તેમનું પોષણ કરાવતા, કારણ કે તે ધર્મકુળના છે એમ માનતા હતા.

રામપ્રતાપભાઈ રસોઈ તૈયાર કરીને શ્રીહરિને ભાવથી જમાડતા. જેટલા દિવસ મોટા ભાઈ શ્રીહરિ પાસે રહ્યાં તેટલા દિવસ ભાવથી શ્રીહરિ માટે રસોઈ કરતા. શ્રીહરિ ભાવ જોઈને જમતા. અંતરને બહારના ભાવ શ્રીહરિથી અજાણ્યા હોતા નથી. રામપ્રતાપભાઈ સંતોને પણ જમાડતા. તેઓ સંતોને અલૌકિક દેખતા ને બહુ માનતા. પોતે જાતે રસોઈ કરતા. બીજા વિપ્રના હાથની રસોઈ જમતા નહિ અને નિત્ય બે ત્રણ સંતોને જમાડ્યા વિના જમતા નહિ, એવી જીવતા સુધી ટેક હતી. કોઈ અભ્યાગત આવીને માગે તો તેના ઉપર પણ દ્વેષ રાખતા નહિ. અભ્યાગતનો દ્વેષ કરે તો સુકૃત અભ્યાગતની પાછળ જાય છે, એમ ગ્રંથોમાં લખ્યું છે. તેથી વિનય સહિત તેને પણ આપતા.

રામપ્રતાપભાઈ બહુ સમર્થ હતા. પોતે સંકર્ષણ સ્વરૂપ શેષ નારાયણનો સાક્ષાત્ અવતાર હતા. શ્રીકૃષ્ણ અવતારમાં જેઓ શ્રીકૃષ્ણના મોટાભાઈ



બળદેવજી નામથી હતાં, તેજ સ્વામિનારાયણ ભગવાનના મોટાભાઈ રામપ્રતાપભાઈ નામથી હતા. જેતલપુરમાં જે બળદેવજી મહારાજની મૂર્તિ છે તે રામપ્રતાપભાઈની મૂર્તિ જ કહીં શકાય. તેઓ ખૂબ ઐશ્વર્ય બળવાળા અને અતિદયાળુ હતા. તેઓના પરાક્રમો, પરચાઓનું સાહિત્ય ખૂબ વિપુલ છે. પરંતુ અહીં એકાદ બે પ્રસંગો લખીને સંતોષ માનવો રહ્યો.

એક સમયે રામપ્રતાપભાઈ, બ્રહ્મચારી અને પાળાની સાથે સિધ્ધપુર ગયા હતા. હરિભક્તોએ સામૈયું કર્યું અને જ્યાં મહારાજ ઉતર્યા હતા, ત્યાં ઉતર્યા. હરિભક્તો કહે : મોટાભાઈ સરસ્વતી નદીમાં પાણી નથી. તે પાવડો લઈને ખોદીએ ત્યારે થાય. તે સાંભળી ભાઈ બોલ્યા જે બ્રહ્માકી લડકી હમકું નવરાવવા આવેગી, પછી અરધી રાતે સમાચાર આવ્યા કે નદીમાં પાણી આવ્યું છે. પછી રામપ્રતાપજી સવારે વહેલા માધુપાવડીએ સ્નાન કરી આવ્યા. પછી ભાઈ બોલ્યા જે બ્રહ્માકી લડકી હમકું સ્નાન કરાને કું આઈ હૈ. જાઓ સબ સ્નાન કરો. પછી ભાઈને બ્રાહ્મણોએ ચાંદલો કર્યો. પછી ભાઈ કહે : હમારા ભાઈ સ્વામિનારાયણે દેગ કરાવીને આપી છે તેવી દેગ કરાવીને આપીશું.

ગઢડામાં રામપ્રતાપભાઈએ એક લાલો પાળ્યો હતો. તેને કાંઈ આંખ રોહ પડ્યો એટલે રામપ્રતાપભાઈ નિત્યે એ લાલાને કહે કે, અહીંથી ભાગ. પણ એ લાલો મહારાજનો હજુરી સેવક તે કાંઈ ગણે નહિ. પછીએ લાલાએ મુક્તાનંદ સ્વામીને પૂછયું કે, રામપ્રતાપભાઈ મને ભાગી જવાનું કહે છે તે હું કેમ કરું ? મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ભાઈને કાંઈ દુઃખવાશે ? એ તો મહા સમર્થ છે. માટે હમણાં મહિનો પંદર દિવસ બીજા મંદિરમાં જાઓ. એમ કહેવા છતાં લાલો ગયો નહિ અને મહારાજને તેણે કહ્યું કે, રામપ્રતાપભાઈ મારા ઉપર રીસ રાખે છે, મારે શું કરવું ?

એ વખતે મહારાજે તેને સમાધિ કરાવી. મહારાજની મૂર્તિ આગળ અને લાલો પાછળ એમ એને પાતાળમાં લઈ ગયા. ત્યાં એ લાલાએ એક મોટો મણિ મંડપ જોયો. અને તેમાં એક વેંત લાંબો સાપ જોયો. એ જોઈ લાલાએ મહારાજને પૂછયું કે આવી સુંદર જગ્યામાં આ સાપ કોણ હશે ? મહારાજે એ સાપને સોટી અડાડી એટલે એ સાપ મોટો મંડપ ભરાય એવડો

થઈ ગયો અને સહસ્ત્ર ફેણો થઈ. લાલાએ પૂછયું મહારાજ, આ કોણ છે ? મહારાજ કહે આ શેષજી તે રામપ્રતાપભાઈ છે માટે તેમના ઉપર તું રીસ કેમ રાખે છે ? પછી સમાધિમાંથી ઉઠીને લાલો રામપ્રતાપભાઈ પાસે ગયો અને લાંબો થઈને પગે લાગી ઘણાં ઘણાં દંડવત કર્યા. રામપ્રતાપભાઈએ એને ઉપાડી લીધો અને ભેટી રાજી થયા. પછી રીસ મૂકી દીધી.

રામપ્રતાપભાઈ એક વખત અમદાવાદથી મૂળી જતા હતા. ગામ દેદાદરે આવ્યા. ત્યાં હભરામ નામે રજપૂત હતો. તેણે રામપ્રતાપભાઈની બહુ ચાકરી કરી. તેથી ભાઈ બહુ રાજી થયા અને તેના વખાણ કરવા માંડ્યા. એટલે બીજા માણસોએ ભાઈને કહ્યું કે મહારાજ, હભરામને દીકરો નથી એ દુઃખ છે. રામપ્રતાપભાઈ બોલ્યા કે, 'ઈન્કુ દો દીકરા હોગે' એ સ્ત્રી-પુરુષ બન્ને આધેડ અવસ્થાના હતાં અને પ્રજા થતી નહોતી પણ રામપ્રતાપભાઈના વચને બે પુત્ર થયા.

●

## ૨૨. અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના આચાર્યો :

### (૧) ધ.ધુ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ :

અમદાવાદ શ્રી નરનારાયણદેવની ગાદી પર આદિ આચાર્ય તરીકે સંવત ૧૮૮૨ના કારતક સુદી એકાદશીના રોજ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનો સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાને ગાદિ પટ્ટાભિષેક કર્યો. તે આદિ આચાર્ય મહારાજનો જન્મ સુવાસિની બાના કુખે સંવત ૧૮૬૫ના જેઠ સુદી એકાદશીના શુભ દિને છપૈયા ગામે થયો હતો. તેમનું જીવન સાધુ જેવું સાદુ હતું. છતાં નાનપણથી જ ખૂબ નિપૂણ હતા. કોઈના દબાયા દબાય નહિ પણ દબાવવા આવે તેને દબાવે તેવા સમર્થ હતા. સામર્થીમાં તેઓના પિતા સમાન હતા. પોતાનો દેહ સત્સંગના ઉત્કર્ષને માટે કરી રાખ્યો હતો. શ્રીહરિના સાંનિધ્યમાં રહેવાથી તેઓશ્રીમાં ઉત્તમ ગુણોએ સદાને માટે



નિવાસ કર્યો હતો. તેમની દ્રષ્ટિ નિરાવરણ બની હતીં અને ત્રણે અવસ્થામાં પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિને સાક્ષાત્ દેખતા. તેઓશ્રીની આત્મનિષ્ઠા પરાકાષ્ઠાને પામી હતી.

એક વખત સંતોએ સહિત આચાર્ય મહારાજ, જેતલપુર પાસેના ગામડી ગામે પધારેલા ત્યારે ગામના સત્સંગીઓમાં અનુપમ આનંદ છવાઈ રહ્યો હતો. આ પ્રેમની વિહ્વળતા, આનંદના અતિરેકમાં રસોઈ કરનાર બ્રાહ્મણે સંભ્રમમાં દૂધ-પાકમાં સાકરને બદલે મીઠું નાખ્યું. ઠાકોરજીને થાળ થયો. આચાર્યશ્રી જમવા બેઠા, શ્રીહરિમાં અખંડવૃતિ રાખી દુધપાક જમી ગયા. પીરસનાર જેમ આગ્રહ કરે તેમ જમતા જાય. તેમને મન ભગવાનની પ્રસાદીની વસ્તુ તરીકે સાકર અને સબરસ બન્ને સરખા હતાં. મુખ પર લગાર પણ ગ્લાની અથવા વિરૂપતા આવવા દીધી નહીં ! જ્યારે બીજા જમ્યા ત્યારે દુધપાક ખારો થયો છે, એવી ખબર પડી. સત્સંગીઓને દુઃખ થયું. અને આચાર્યશ્રીની માફી માગી. આચાર્યશ્રી પ્રસન્ન વદને કહેવા લાગ્યા કે ભક્તો ! દુઃખી થશો નહિ. આ દેહને ભાડું જ આપવાનું હતું ને ! વળી ભગવાનની પ્રસાદીમાં સ્વાદની ભાવના રાખવી નહિ. જે પ્રસાદી તરીકે આપે તે જમી લેવું. આ હતું ઉત્તમ નિઃસ્વાદી વર્તમાન અને આત્મનિષ્ઠા. પોતે પાળી અને બીજાને બોધ આપ્યો.

એક વખત આચાર્યશ્રી અવધભુવનમાં માનસી પૂજા કરવા બેઠા હતા. એક ખેડૂત ભક્તે અર્પણ કરેલી શાલ ઓઢી હતી. શ્રીહરિને વિષે તદાકાર વૃત્તિ બની હતીં અને દેહ ભાવનું વિસ્મરણ થયું હતું. તેવામાં તે શાલમાં પહેલેથી જ ચોંટેલો વીંછી બરડા ઉપર ચઢ્યો અને પોતાના સ્વભાવ પ્રમાણે વીંછીએ ડંશ દીધા, તેનાં લાલ ચાઠાં પડેલાં ! છતાં એક કલાક સુધી માનસી પૂજામાં રહ્યાં ! પણ દેહનો ભાવ આવવા દીધો નહિ ! કલાક પછી પાર્ષદોને કહ્યું કે જુઓ કંઈ કરડ્યું જણાય છે. ત્યારે સેવકોએ જોયું તો મોટો વીંછી મળી આવ્યો. આખો બરડો ડંશ થી લાલ રંગનો સુજી ગયેલો જોયો ! સર્વેને અતિ આશ્ચર્ય અને દુઃખ થયું. મહારાજશ્રીએ જણાવ્યું કે દરેક પ્રાણીમાત્ર પોતાની પ્રકૃતિ પ્રમાણે આચરણ કરે છે. તો તે પ્રાણી સ્વભાવને અનુસર્યુ, આપણી પ્રકૃતિ દૈવી ગણાય તે મુજબ વર્તન સ્વાભાવિક

થાય. સૌ કોઈ પોતાની પ્રકૃતિ અને સ્વભાવ કેમ મૂકે ? આ હતીં તેઓની ઉત્તમ આત્મનિષ્ઠા.

તેઓશ્રી વિદ્વાન હતાં અને વિદ્યા તરફ સહાનુભૂતિ દર્શાવતા, તેઓ કવિ પણ હતા. તેમનાં રચેલાં ઘણાં કીર્તનો સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. મહારાજશ્રી જેમ કહે તેમ થતું. શ્રી મૂળીમાં અધોધ્યાપ્રસાદજી મહારાજ કહે કે, આ હઠીભાઈનો મેળો થાય છે તેમાં કોગળિયું આવશે અને હજારો માણસો મરી જશે એવો મહાકેર થશે. વઢવાણનો કારભારી લાધા ઠક્કર સત્સંગનો દ્વેષ કરે છે. તે આજથી પંદર દિવસમાં તેનો કારભાર જશે અને એને એવો રોગ થશે કે ઉઠવા બેસવા વગેરેની દેહની ક્રિયા બીજા માણસ પાસે કરાવશે પણ એનાથી નહિ થાય. વળી એના સર્વે અંગમાં જીવડા પડશે ને મહાદુઃખ ભોગવીને એનો દેહ પડશે. પછી બધું આવી રીતે જ થયું હતું.

કોઈ એક સમયે અયોધ્યાપ્રસાદજી મહારાજે મૂળીમાં વૃંદાવનદાસજી અને સ.ગુ. નિર્ગુણદાસજી સ્વામી પાસે એવી વાત કરી કે, મે વાલ્મીકિ રામાયણ વંચાવીને સાંભળી છે. એટલે હું શ્રીજી મહારાજનું ધ્યાન કરું છું ત્યારે મને રામ-લક્ષ્મણ દેખાય છે. પછી ઘણા દિવસ વિચાર કરીને એમને વિસારી મૂક્યા ત્યારે મહારાજ દેખાવા લાગ્યા. મહારાજશ્રી અંતરદ્રષ્ટિ કરતા એટલે હૃદયને વિષે તેજમાં અતિ તેજોમય મૂર્તિ શ્રીજી મહારાજ દેખાતા અને બહાર પણ દેખાતા.

અમદાવાદની ઐતિહાસિક કલાકૃતિથી બેનમૂન અદ્‌ભૂત હવેલીનું વિશાળ મકાન આ આચાર્યશ્રીએ બંધાવેલું છે ડુંગરપુર, ઈડર, સિધ્ધપુર, માંડવી (કચ્છ) અને છપૈયા વિગેર સ્થળોએ મંદિરો કરાવરાવી પ્રતિષ્ઠાઓ કરેલી છે. અને શિક્ષાપત્રીમાં શ્રીહરિની આજ્ઞા થતા તરત જ અમદાવાદમાં શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા શરૂ કરી અને વિદ્વાન શાસ્ત્રી રાખીને વિદ્યાની પ્રવૃત્તિ કરાવી, તે પાઠ શાળામાંથી હજારો સાધુ અને બ્રાહ્મણો વિદ્વાન થઈ ગુજરાતમાં પ્રસિધ્ધ થયેલાં છે.

એક વખત સદ્‌ગુરૂ મોટા ભૂમાનંદ સ્વામી મહારાજશ્રીના દર્શન કરવા ગયા અને તેમને કહ્યું કે, હવે તો શ્રીજી મહારાજ તેડી જાય તો ઘણું સારું. મહારાજશ્રી બોલ્યા કે, એમ થાય ! જ્યારે જઈશું ત્યારે સંગાથે



જઈશું. ભૂમાનંદ સ્વામી ગામ માણસા ગયા. ત્યાં શ્રીજી મહારાજે દર્શન દઈને કહ્યું કે, આજથી ત્રીજે દિવસે તમને તેડવા આવીશું. પછી ત્રીજે દિવસે બે વાગતાં શ્રીજી મહારાજ મુક્તોના મંડળ સહિત વિમાનમાં બેસીને તેડવા પધાર્યા અને દર્શન દીધાં. ત્યારે ભૂમાનંદ સ્વામી બોલ્યા કે મને અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું છે કે, જઈશું ત્યારે સંગાથે જઈશું. શ્રીજી મહારાજે કહ્યું કે, એમને તો પંદર દિવસની વાર છે. માટે તમે ચાલો, આ વિમાન લાવ્યા છીએ. તેમાં બેસો એમ કહીંને તેડી ગયા. તે ગામના ઘણા હરિજનને શ્રીજી મહારાજના દર્શન થયા.

ત્યાર પછી સાત દિવસ વિત્યા બાદ શ્રીજી મહારાજે આચાર્ય મહારાજશ્રીને દર્શન દઈને કહ્યું કે આજથી સાતમાં દિવસે તમને તેડવા આવીશું. એમ કહીને ગયા, અને સાતમો દિવસ થયો ત્યારે પોતાના પુત્ર શ્રી કેશવપ્રસાદજી આદિ પોતાના સંબંધીને બોલાવીને કહ્યું કે, તમે અમારા દર્શન કરીલો. ગવૈયાને કહ્યું કે, તમે કીર્તન ગાઓ. આજ રાતના અગિયાર વાગે અમારે દેહ મૂકવો છે. દસ વાગ્યા એટલે કહ્યું કે, આ શ્રીજી મહારાજ અનંત મુક્ત રથ તથા શ્વેત હાથી લઈને તેડવા પધાર્યા છે. તેમના તમે દર્શન કરો અને ચોકો દો. હું મહારાજ સાથે અક્ષરધામમાં જાઉં છું. એમ કહીંને પોતે સંવત ૧૯૨૭ ના ફાગણ સુદી સાતમને રોજ ભૌતિક દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં પધાર્યા. તે વખતે સંતો સહિત ઘણા હરિજનને શ્રીજી મહારાજના દર્શન થયા. આવી રીતે આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે ૪૨ વર્ષ શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાન પર રહી અને સત્સંગનું ઉત્કર્ષપણું કર્યું અને ઘણી જ સત્સંગની સેવા કરી છે.

**(૨) ધ.ધુ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજ :**

તેઓશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના ઔરસ પુત્ર હતા. તેમનો જન્મ સંવત ૧૮૮૮ માં અમદાવાદમાં થયો હતો. ધર્મકુળના સંસ્કારો તેમને વારસામાં મળ્યા હતાં અને સત્સંગ યૌવન અવસ્થામાં હતો. પિતાના માર્ગે ચાલી ધર્મનો ઉત્કર્ષ કરવાની ધુરા તેમણે સંભાળી.

માયાળું સ્વભાવ અજોડ હતો. સાધુ, બ્રહ્મચારી તથા હરિભક્તો વિષે બહુ જ માયાળું સ્વભાવ રાખતા. સત્સંગ પ્રચાર માટે ગામોગામ જાય ત્યારે

વિદ્વાન સાધુ, બ્રહ્મચારીને સાથે રાખતા ને આદર કરાવતા. ''સત્સંગિભૂષણ'' ગ્રંથની ગૂઢ ભાવાર્થ પ્રદીપિકા નામની સંસ્કૃતમાં ટીકા રચાવી. ૧૯૪૨ મા હરિવાક્યસુધા સિન્ધુ નામના મહાન ગ્રંથ ઉપર સત્સંગીઓની સરળતાર્થે સંસ્કૃતમાં અન્વય દીપિકા નામની ટીકા કરી. પોતે સત્સંગમાં વિચરણ કરી સૌરાષ્ટ્રના તેમજ કચ્છના મોટા ભાગના રાજવીઓમાં જેવા કે ધ્રાંગધ્રા, મોરબી, વાંકાનેર, લીંબડી, વઢવાણ, માળીઆ અને કચ્છ ભુજ વિગેરે રાજ્યોમાં સત્સંગ કરાવ્યો અને સંપ્રદાયનું રહસ્ય સમજાવ્યું. અદ્યાપિ તેઓના વંશજોમાં શ્રી સ્વામિનારાયણ ધર્મ પળાય છે અને સદાચારી જીવન જીવે છે. કરાંચી, પ્રાંતિજ, માણસા, ડભાણ, ચરાડવા, વિસનગર વિગેરે સ્થાનોમાં મોટા મંદિરો કરાવી તે ગામોમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી. તેમજ અમદાવાદ, મૂળી, ધોળકા અને જેતલપુર મંદિરમાં કાષ્ટકલાના અદ્‌ભૂત બેનમૂન કલાકૃતિથી શોભાયમાન સભામંડપનું નિર્માણ કરાવ્યું. તેઓશ્રી સત્સંગરૂપી વાટિકાના ઉત્તમ માળી તરીકે સંવત ૧૯૨૪ થી ૧૯૪૬ સુધી વિહાર કર્યો અને સત્સંગ વાટિકાને નવપલ્લવિત મનોહારી અને દિવ્ય બનાવી સતત ૨૨ વર્ષ સુધી શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાન પર રહી સંવત ૧૯૪૬ના ચૈત્ર વદી ચોથના રોજ ભૌતિક દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં શ્રીહરિની સેવામાં હાજર રહ્યા.

### (૩) ધ.ધુ. આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ :

આ ધર્મકુળની ત્રીજી પેઢી હતી. તેઓશ્રીનો જન્મ સં. ૧૯૨૬ ના માગશર વદી બીજના રોજ થયો હતો. સત્સંગની પ્રણાલિકા ખૂબ જળવાઈ રહી હતી. તેઓશ્રી સ્વભાવે માયાળુ અને મળતાવડા હતા. સત્સંગનું ગૌણપણું સહન કરી શકતા નહિ. પ્રતિવાદીઓ સામે છાપ પાડવાનું ભૂલતા નહિ. દેરા તંબુ, પાયદળ વિગેરે સાથે ઠાઠથી ગામડે ગામડે ફરતા, સભાઓ ભરતા, સત્સંગને અનેરો ઉત્સાહ થાય તેવું વાતાવરણ ઉપજાવતા અને તદ્‌નુકુળ ઉપદેશ આપતા, અને કારતક માસથી જેઠ માસ પર્યંત સતત આઠ મહિના ગામડે ગામડે ફરીને ઉપદેશ આપતા સત્સંગનો વધારો કરતા. તેઓશ્રીએ સાહિત્યને ઉત્તેજન સારી પેઠે આપેલું છે. તેઓશ્રીએ અમદાવાદ મંદિરના કાષ્ટ કલાથી શોભાયમાન ઐતિહાસિક દરવાજાનું નિર્માણ કરાવ્યું. સાબરમતીના તટે નારાયણઘાટ બંધાવ્યો, છપૈયામાં નારાયણ સરોવરને પથ્થરથી બંધાવ્યું. સાદરા વિગેરે ગામોમાં મંદિર કરાવી દેવોની સ્થાપના કરેલી છે.



પોતે અપુત્ર હોવાથી કાશીપ્રસાદજી પાન્ડેના પુત્ર શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજને દત્તક વિધિથી પોતાના ઉત્તરાધિકારી બનાવ્યા અને સંવત ૧૯૫૮ ના કારતક વદી અમાવસ્યાના રોજ ભૌતિક દેહનો ત્યાગ કરી અક્ષરનિવાસી થયા. તેઓશ્રી ૧૨ વર્ષ શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાન પર રહ્યાં અને સત્સંગ વૃદ્ધિ પમાડ્યો.

### (૪) ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ :

તેઓશ્રીનો જન્મ છપૈયા ગામમાં શ્રીહરિના મોટા ભાઈ રામપ્રતાપજી પાન્ડેના વંશમા શ્રીયુત કાશીપ્રસાદજી હરિસહાયજી પાન્ડેના ઘેર સં. ૧૯૫૫ ના અષાઢ સુદી નવમીના રોજ થયો હતો. શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજને સં. ૧૯૫૮ ના કારતક વદ અમાવાસ્યાના રોજ અમદાવાદ ગાદીના ચોથા આચાર્ય તરીકે વેદવિધિપુરઃસર મોટી ધામધુમથી ગાદી ઉપર આરૂઢ કરવામાં આવ્યા. આ આચાર્યશ્રી ગાદી ઉપર આવ્યા ત્યારે તેઓ સગીર હોવાના કારણે સંસ્થાનો વહીવટ તેઓ તરફથી ટ્રસ્ટીઓ સંભાળતા. પુખ્ત ઉંમરે પહોંચ્યા પછી સંસ્થાનો વહીવટ દક્ષતાપૂર્વક પોતે સંભાળવા લાગ્યા.

આ આચાર્યશ્રીએ સંસ્કૃત, પ્રાકૃત ગ્રંથોનું સારું શિક્ષણ પ્રાપ્ત કરેલું, અંગ્રેજીનું જ્ઞાન સારું ધરાવતા, માણસ પારખવાની શક્તિ અજાયબ હતી, સત્સંગના ઉત્કર્ષના કાર્યોમાં ઊંડો રસ ધરાવતા. તેઓશ્રીએ વાલી, અયોધ્યા, પેથાપુર, બામરોલી, છપૈયા ખાતે જન્મ સ્થાનમાં બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજની, એમ વેદવિધિપુરઃસર તે તે ગામોના શિખરબંધ મંદિરોમાં તે તે દેવોની સ્થાપનાઓ કરેલી છે. તેઓશ્રીએ અમદાવાદ, મૂળી, ભુજ, ધોળકા વિગેરે શહેરોમાં મંદિરોમાં શ્રીજી મહારાજે સ્વહસ્તે પધરાવેલા દેવોના શતવાર્ષિક પાટોત્સવ વેદ વિધિપુરઃસર મોટી ધામધુમથી ઉજવી ઉજવાવી સત્સંગમાં ઉત્સાહ પ્રેર્યો હતો. સં. ૧૯૮૨ માં શિક્ષાપત્રીને સો વરસ પૂરાં થતાં હોઈ તે પ્રસંગનો અમદાવાદ મંદિરમાં મોટો શિક્ષાપત્રી શતાબ્દી મહોત્સવ ઉજવ્યો હતો. તે દિવસથી આરંભી સંપ્રદાયમાં શિક્ષાપત્રી જયંતિ દર વર્ષે ઉજવાય છે.

આ આચાર્યશ્રીએ "અખિલ સનાતન વર્ણાશ્રમ સ્વરાજ્ય સંઘ"ને અમદાવાદ મંદિરમાં અધિવેશન રાખવા આમંત્રણ આપી શ્રી નરનારાયણદેવની છત્ર છાયા નીચે વૈષ્ણવાચાર્યો, શંકરાચાર્યો, મંડલેશ્વરો, ભારતના તમામ રાજ્યોના નામાંકિત પંડિતો, અમદાવાદના મીલ માલિકો તેમજ ભારત ભરના ધર્મપ્રેમી અગ્રગણ્ય જનોને સભાના રૂપમાં એકત્રીત કર્યા હતા. ઉપરોક્ત મહાનુભાવોને શિક્ષાપત્રીના આદેશ મુજબ યથાયોગ્ય મોભાસરની સુંદર બેઠકોમાં વ્યવસ્થાપૂર્વક સન્માન સાથે પધરાવી તેઓના મનજીતી લઈ સત્સંગની પ્રતિષ્ઠામાં વધારો કર્યો હતો. અધિવેશનમાં આ આચાર્યશ્રી એ "स्नातं चन्दन चर्चितम्" એ શ્લોકથી મંગલા ચરણ કરી સુંદર શૈલીમાં પ્રેરણાત્મક પ્રવચન આપ્યું હતું. મંદિરમાં અધિવેશન ભરાયા પછી ઉત્તરોત્તર વૈષ્ણવો, સ્માર્તો વગેરે દેવ દર્શનનો વધુ લાભ મેળવતા થયા. આ આચાર્યશ્રીએ વિદ્વાન સંતો અને ગવૈયા સંતોને સાથે લઈ ઉત્તર વિભાગના સત્સંગીઓના નાના-મોટા તમામ ગામોનો પ્રવાસ કરી શ્રીહરિનો સર્વોપરિ મહિમા સમજાવી કથા, વાર્તાનું અલૌકિક સુખ આપીને સત્સંગીઓને ખૂબ રાજી કર્યા હતા. તેઓશ્રીની કારકીર્દિ સંપ્રદાયના ઈતિહાસમાં અમર રહેશે.

### (૫) ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ :

આ આચાર્યશ્રીનો જન્મ અમદાવાદ ખાતે સં. ૧૯૭૮ના આસો સુદી પૂર્ણિમાના દિવસે થયેલો. શરદ પૂર્ણિમાના દિવસે જન્મ થવાથી શીતલતા, અમૃતત્વ, આહ્‌લાદકત્વ વગેરે મહાન ગુણોના આવિર્ભાવો તેઓશ્રીના જન્મની સાથે જ તેઓમાં દેખાવા લાગ્યા અને ચન્દ્રના ઉદયથી જેમ અઢારભાર વનસ્પતિઓને પોષણ મળે છે, તેમ આ આચાર્યશ્રીનો જન્મ શરદપૂર્ણિમાના દિવસે થયો હોવાથી સમગ્ર સત્સંગનો સર્વાંગી વિકાસ સધાયો અને ચન્દ્રમાની કલાઓ જેમ પૂનમ સુધી ઉત્તરોત્તર વધે છે તે પ્રકારે આ આચાર્યશ્રીના તે તે ગુણો એક પછી એક મૂર્ત સ્વરૂપે વિકસવા લાગ્યા. આ આચાર્યશ્રીએ પોતાના પિતાશ્રીની હયાતીમાં નાની વયે સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ કરેલો અને સંગીતનું જ્ઞાન તો આ આચાર્યશ્રીને સ્વયંભૂ જ હતું. શરીર સ્થૂલ હોવા છતાં ગમે તેવા તોફાની ઘોડાની લગામ તેઓ પકડે એટલે ઘોડો સ્વયં શાંત બની જતો, એવો તેઓશ્રીનો પ્રભાવ હતો.



સં. ૧૯૯૩ના કારતક વદી એકમના રોજ ગાદી ઉપર આરૂઢ થયા. તે વખતે તેઓ ચૌદ વર્ષના હતા. પુખ્ત ઉંમરે પહોંચતા ટ્રસ્ટી મંડળના હસ્તકનો કાર્યભાર સ્વયં ચલાવવા લાગ્યા. તે પછી સત્સંગે ખૂબ સંતોષ અનુભવ્યો અને સત્સંગનો સર્વાંગી વિકાસ પણ સધાયો. પોતાના પિતાશ્રીની ત્રયોદશા નિમિત્તે અમદાવાદ શહેરમાં ચોરાસી કરી. હજારો બ્રાહ્મણો, સંતો, સન્યાસીઓ, વૈરાગીઓ, હરિભક્તો અને હરકોઈ અન્નાર્થીને જમાડીને તૃપ્ત કર્યા હતા.

આચાર્યશ્રીએ યાત્રાળુ સત્સંગીઓને ઉતરવા માટે સુગમતા રહે, એવી અદ્યતન સગવડ વાળી સંત હરિભક્ત મારફત મંદિરમાં જ બે આલિશાન ધર્મશાળાઓ તૈયાર કરાવડાવી યાત્રાળુ સત્સંગીઓને સંતોષ આપ્યો. આ આચાર્યશ્રીએ જેતલપુર, ઈડર, છપૈયા, માંડવી અને સિધ્ધપુર વિગેરે શિખરબંધ મંદિરોમાં પધરાવેલા તે તે દેવોના શતવાર્ષિક પાટોત્સવો ઉજવી, ઉજવાવી અખિલ સત્સંગને પ્રફુલ્લિત કર્યો. ટોરડામાં શ્રી ગોપાળલાલજી હરિકૃષ્ણ મહારાજની, દેત્રોજ, અંજાર (કચ્છ), વડનગર તથા સાપાવાડામાં ઘનશ્યામ મહારાજની વેદવિધિપુરઃસર પ્રતિષ્ઠાઓ કરી. આચાર્યશ્રીએ અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના મંદિર પાસે આલિશાન એક ઘુંમટવાળું અક્ષરભુવન બનાવડાવી તેમાં બાળસ્વરૂપ ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરી અને શ્રીહરિની પ્રસાદીની વસ્તુઓના દર્શનનો લાભ સૌ કોઈ સરળતાથી મેળવી શકે તે રીતે પોતાના વારસામાં મળેલ અપ્રાપ્ય પ્રસાદીની વસ્તુઓ આપી અને તે તે વસ્તુઓ સુવ્યવસ્થિત યથાયોગ્ય યથાક્રમ પધારવીને ત્યાગનું એક ઉમદા દ્રષ્ટાંત પુરૂં પાડેલ છે. આ આચાર્યશ્રીનો રજય જયંતિ મહોત્સવ સં. ૨૦૧૮ માં સમસ્ત સત્સંગ સમાજે ભવ્ય સમારોહથી ઉજવ્યો હતો. અને તેમાં થયેલ આર્થિક ફંડમાંથી આપણા મંદિર દ્વારા પ.પૂ. દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આપણા સંપ્રદાયમાં સૌ પ્રથમ શિક્ષણનું એક નવું સોપાન શ્રી સહજાનંદ આર્ટસ કોમર્સ કોલેજનું નિર્માણ કરાવડાવી સંપ્રદાયને અર્પણ કર્યું. જે આજે મોટું વટ વૃક્ષ બનીને શિક્ષણની અમૂલ્ય સેવા કરે છે. તેઓશ્રીના અક્ષરનિવાસ પછી તેમના ઔરસપુત્ર શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમના ઉત્તરાધિકારી તરીકે ગાદી ઉપર આવ્યા.

**(૬) ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ :**

તેઓશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના જ્યેષ્ઠ પુત્ર છે. તેઓશ્રીનો જન્મ સં. ૨૦૦૦ના ચૈત્ર વદી ત્રીજના રોજ થયો છે. ધર્મકુળના પરંપરાગત ધાર્મિક સંસ્કારો તેઓશ્રીએ પ્રાપ્ત કર્યા છે. વર્તમાન યુગમાં અંગ્રેજીનું શિક્ષણ આવશ્યક હોવાથી કોલેજમાં તેઓએ ઉચ્ચ શિક્ષણ લીધું છે. પોતાના પિતાશ્રીના માર્ગદર્શન અને પ્રોત્હાસનથી તેઓએ ખૂબ નાની ઉંમરમાં પોતે જ્યારે લાલજી સ્વરૂપે હતાં ત્યારથી જ સત્સંગની ખૂબ સેવા શરૂ કરી દીધેલી. ચૌદ વર્ષની ઉંમરે તેઓ પિતાશ્રીની આજ્ઞાથી ધર્મના વિસ્તાર અને પોષણ અર્થે સમુદ્ર ઓળંગી અંધકારમય ખંડ જે આફ્રિકા તેને સત્સંગરૂપી સૂર્યથી પ્રકાશિત કરવા ત્યાં પધાર્યા હતા. અને તા. ૨૬-૧૨-૧૯૫૭ના મંગળ દિવસે નાઈરોબી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા વેદ વિધિસર તેઓશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થઈ. નામ પ્રમાણે ત્યારના બાલસ્વરૂપ પ.પૂ. શ્રી લાલજી મહારાજે પોતાની તેજસ્વીતાના દર્શન સૌને કરાવીને પ્રેરણાત્મક આશીર્વચનો દ્વારા સત્સંગને યોગ્ય માર્ગદર્શન આપ્યું ને આપતા રહ્યાં. તેઓશ્રી સંવત ૨૦૨૫ ના આસો સુદ-૨ તા. ૧૩-૧૦-૧૯૬૯ ના રોજ શ્રી નરનારાયણદેવની ગાદી પર પદારૂઢ થયા. ટૂંકા ગાળામાં તેઓશ્રીએ સંપ્રદાયનાં અનેક કાર્ય કર્યા કરાવ્યા છે તે નોંધપાત્ર છે.

વ્યક્તિત્વમાં તેઓશ્રી સ્વયં શ્રીજી મહારાજ જેવા જ ગુણો ધરાવે છે. નામ પ્રમાણે જ મુખ પર તેજ, શ્રીજી મહારાજ જેવી ચાલ, ધીર ગંભીર મધુર વાણી, આંખોમાં કરુણાદ્રષ્ટિ, દયા, મૈત્રી, ક્ષમા, સરળતા, ઉદારતા વગેરે અનંત શુભ ગુણો તેઓમાં સહજ રહ્યાં છે. જેમ શ્રીજી મહારાજનું દર્શન કરવા માત્રથી અસંખ્ય જીવ સત્સંગી થયેલાં તેમ પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું પણ ફક્ત દર્શન કરવા માત્રથી અસંખ્ય જીવ સત્સંગી થયા છે. ઘણાં મુમુક્ષુજનો જીંદગીમાં આ મહારાજશ્રીનું પ્રથમ વખત દર્શન કરે ત્યારે મુખમાંથી ઉદ્ગારો સરી પડે. અહો ! ભગવાનના અવતાર જેવા છે ! ખૂબ જ મિતભાષી, પરંતુ પોતાનું આચરણ એ જ ઉપદેશ એવો સદાય જીવન મંત્ર બની રહ્યો. તેઓશ્રીએ પોતાના શરીરની કે કુટુંબની ચિંતા કર્યા વગર સતત સત્સંગની ચિંતા સેવી છે. સત્સંગીને પોતાના કુટુંબીમાને છે. પ્રખર તાપ હોય



કે કાતીલ ઠંડી હોય કે ભારે વર્ષા હોય અથવા દિવસ હોય કે રાત પરંતુ સત્સંગ અને સત્સંગીઓના હિતાર્થે તેઓનું વિચરણ સતત ને સતત ચાલતું જ રહ્યું છે. ૧૪ વર્ષની કોમળ વયથી તેઓશ્રીએ ચાલુ કરેલી સત્સંગ યાત્રા આજે પણ અવિરત ચાલતી જ રહી છે. ગરીબ-તવંગર કે નાના-મોટાના ભેદોને ભૂલીને તેઓશ્રીએ સૌની વિનંતી સ્વીકારીને લાખો ભક્તોનાં ઘર પધરામણીથી પાવન કર્યા છે. અનેક પારાયણો અને પાટોત્સવોમાં તેઓશ્રીની હાજરી અનિવાર્ય બની રહી છે. તેઓશ્રીએ આચાર્યપદ શોભાવ્યા પછી દેશમાં ઘણાં નવાં મહામંદિરો અને સેંકડો હરિમંદિરો અસ્તિત્વમાં આવ્યાં. મથુરા, સાપાવાડા, હિંમતનગર, નારણપુરા, ગાંધીનગર, ખાણ, લીમડી, કાંકરીયા, ઉનાવા, બાવળા, દિલ્હી, બદ્રિનારાયણ વગેરે સ્થળે શિખરબંધ મંદિરો અને જેતલપુર, ચરાડવા, છપૈયા આદિ મંદિરમાં ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરી. અગણિત મંદિરોના જીર્ણોધ્ધાર થયાં. અનેક પદયાત્રાઓનું આયોજન કરીને સેંકડો ભક્તોની સાથે સ્વયં ચાલીને તીર્થોનો મહિમા વધાર્યો છે. સંપ્રદાયની, સત્સંગની, ધર્મની સીમાઓ ભારત ભૂમિના પરિમાણમાં અંકાતી હતીં તે હવે તેઓશ્રીએ વિશ્વના ઘણા દેશોમાં વિસ્તારી છે. તેના ફળ સ્વરૂપે આફ્રિકા, ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા, અખાતી દેશો સિસલ્સ, ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ, મોરેશ્યસ આદિ ઘણા દેશોમાં સત્સંગ વૃદ્ધિ પામ્યો. અનુયાયીઓના અંતરમાં શ્રીહરિની ભક્તિની દ્રઢતા થઈ. અને તે તે દેશોમાં નવ્ય ભવ્ય મંદિરો સાકાર બન્યા. વિદેશોમાં સત્સંગ સંસ્કારના પ્રહરી સમી સંસ્થાનું નિર્માણ કર્યું. ધર્મપ્રચાર અને સંપ્રદાયની પુષ્ટિમાટે સત્સંગ સાહિત્ય અતિ મહત્ત્વની બાબત ગણાય છે. સમયનો સાદ પારખીને તેઓશ્રી આ બાબતમાં ખૂબ સજાગ બન્યા. પરિણામે દેશ અને વિદેશમાં વચનામૃત, શિક્ષાપત્રીભાષ્ય, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, હરિવાક્ય સુધા સિન્ધુ જેવા સર્વોપરિ મોક્ષ શાસ્ત્રો લાખો ભક્તો અને મુમુક્ષુઓના હાથમાં પહોંચી શક્યા. સાહિત્યનું ઘણું અંગ્રેજી અને હિન્દી ભાષામાં પણ પ્રકાશન થયું. સંપ્રદાયના ઘણા અપ્રાપ્ય ગ્રંથો પ્રકાશીત કરાવીને સાહિત્યની પ્રવૃત્તિને વેગવંતી બનાવી. તદુપરાંત વાસ્તુકલા, ચિત્રકલાને લગતા પ્રકાશનો તેમજ ''શ્રી સ્વામિનારાયણ'' માસિક વગેરેના પ્રકાશન દ્વારા સાહિત્ય યજ્ઞ વિસ્તરતો જ રહ્યો છે.

સ્વામિનરાયણ સંસ્કૃત મહાવિદ્યાલય તથા દેવેન્દ્ર સંગીત શિક્ષાભવન આદિક દેવ વિદ્યા ભણાવતી સંસ્થાઓ હતીં જ તદુપરાંત સમય અને સંસ્કારોની સમતુલા જળવાય એવા ગુરૂકુળો અસારવા - અમદાવાદ, જેતલપુર કોટેશ્વર, ઝીલવાણા, ચિલોડા, કલોલ, બાયડ, સિધ્ધપુર, સોકલી, માઉન્ટ આબુ, હાથીજણ, જયદેવપુરા, આબુરોડ, સાયલા, વડનગર, વિસનગર, વાંસવાડા, ધ્રાંગધ્રા, ઉંઝા, ચરાડવા, કણભા, ઉપલેટા, ભુજ, માંડવી, ગાંધીધામ, રામપર, કણભા, ચોટીલા, નરસીપરા, મહાદેવનગર વગેરે સ્થળોએ નિર્માણ પામીને શિક્ષણ સાથે સંપ્રદાયની સુંદર પ્રવૃત્તિ વિસ્તાર પામી. તેઓશ્રીની આજ્ઞા અને પ્રેરણાથી ચાલતાં ગુરૂકુળો પ્રાચીન કાળની ઋષિ પરંપરાનું આધુનિક સ્વરૂપ બની રહ્યાં છે. વળી સમાજને આધુનિક શિક્ષણની સુવિધા સરળતાથી મળી રહે તે માટે ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંચાલિત શ્રી સહજાનંદ આર્ટસ-કોમર્સ કોલેજની સફળતા બાદ તેને વધુ વિસ્તારીને સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, સહજાનંદ બાલમંદિરથી માધ્યમિક સુધીનું સહજાનંદ સ્કુલ કેમ્પસમાં આધુનિક ઉચ્ચ શિક્ષણ આપવાનું ભગીરથ શિક્ષણ કાર્ય થઈ રહ્યું છે. નારણપુરામાં અંગ્રેજી શિક્ષાનું નવું સોપાન          નો પ્રારંભ કરાવીને નારણપુરા અને આસપાસના વિસ્તારને ઉચ્ચ અંગ્રેજી શિક્ષણ સાથે અત્યંત આધુનિક યુગના કોમ્પ્યુટરના નોલેજ સાથે સંસ્કારના ઉત્તમ સદ્‌ગુણોનું જ્ઞાન આપણી આ સંસ્થા આપે છે.

સમાજની અન્ય સેવા ક્યાંય અતિવૃષ્ટિ હોય, અનાવૃષ્ટિ હોય, આગ, ધરતીકંપ, જળપ્રલય જેવી હોનારતો હોય ત્યાં તેઓશ્રીની કરૂણાભરી સેવા-સહકાર તુરત જ પહોંચી જાય છે. કેટલાંય ઔષધાલયો, અન્નક્ષેત્રો ગરીબોની કાયમી સેવા કરી રહ્યાં છે. એ રીતે સત્સંગ માટે જીવન સમર્પીને તેઓશ્રીએ ભવિષ્યની આચાર્ય પરંપરા માટે પ્રેરણાદાયી પવિત્ર સુવર્ણ ઈતિહાસ રચ્યો છે. તેઓશ્રીનું શુદ્ધ, પવિત્ર, નિર્મળ અને ખૂબ જ લાગણીશીલ અને દયાવૃત્તિ વાળું જીવન સમગ્ર સત્સંગ માટે ધર્મજગત માટે ગૌરવ છે. તેઓશ્રીએ સંપ્રદાયના આચાર્ય પદે રહીને સત્સંગની સેવા-સાધનાના પચીસ વર્ષ-રજત જયંતી અને જીવનયાત્રાના પચાસ વર્ષ સુવર્ણ જયંતી રૂપે ભવ્યાતિભવ્ય રજત સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવ્યો તેના સંકલ્પરૂપે છપૈયા ધામ મંદિર સંપૂર્ણ



આરસ પહાણથી નવપલ્લિત અને દેદિપ્યમાન બન્યું જે સૌને વિદિત છે. ત્યારબાદ ૬ દાયકા પૂર્ણ કરીને ૬૦ વર્ષે પહોંચ્યા ત્યારે સત્સંગ સમાજે સાથે મળીને ''ષષ્ઠિપૂર્તિ મહોત્સવ'' ઉજવીને તેઓશ્રીના દર્શન, સ્પર્શ અને પ્રભુ પ્રાપ્તિનો અનુભવ સારાયે જગતના મુમુક્ષુ જીવાત્માઓએ લીધો. આ મહોત્સવ ઉજવવા માટે પણ શરત મૂકી અને પોતાનો દિવ્ય સંકલ્પ સર્વોપરિ શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓનું મ્યુઝિયમ બનાવી તેમાં દરેક પ્રસાદીની વસ્તુને અદ્યતન ઢબે લાંબા કાળ સુધી સાચવી શકાય તે માટેનું શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ સાકાર કરવા માટે હાલમાં પણ તેઓ અતિ પરિશ્રમ કરી રહ્યાં છે. ૬૦ માં વર્ષે ત્યાગીની પરાકાષ્ટા સ્વરૂપે પોતાને સફળ જીવનના કીર્તિસ્તંભે પહોંચાડનાર ''આચાર્યપદ''નો સ્વેચ્છાએ ત્યાગ કરી પોતાના ઔરસ પુત્ર લાલજી મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને વિ.સં. ૨૦૬૦ આસો સુદી-૨ ને શુભ દિને પોતાના વરદ્ હસ્તે પટ્ટાભિષેક કરી શ્રી નરનારાયણદેવ દેશ પીઠસ્થાનના સાતમાં આચાર્યપદે સ્થાપના કરી. એ વખતનો અદ્વિતિય મહોત્સવ પણ યાદગાર બની રહ્યો.

પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું શ્રીજી મહારાજ સાથે કેટલું નિકટપણું તથા કેટલું એકત્વ છે. તે નીચેના પ્રસંગો, ઘટનાઓ પરથી અનુમાન થઈ શકશે.

અમેરિકામાં લૉસ એંજલસ શહેરમાં હરિભક્તોએ ખૂબ સંઘર્ષ કરીને જામીનગીરીઓ આપીને, દેવું કરીને પણ ખૂબ ટૂંકા સમય ગાળામાં નવ્ય ભવ્ય મંદિર તૈયાર કર્યું. પ.પૂ. મહારાજશ્રી પ્રતિષ્ઠા કરવા પધાર્યા. તા. ૧૦-૧૨-૨૦૦૦ નો એ દિવસ હતો. સવારના ૯-૩૦ કલાકે પ.પૂ. મહારાજશ્રીએ શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા શ્રી રાધાકૃષણદેવની મૂર્તિ પ્રતિષ્ઠા કરી ત્યારે એક અદ્‌ભૂત ઘટના બની. શ્રીહરિએ મૂર્તિ સ્વરૂપે જ એક અદ્‌ભૂત ચરિત્ર કર્યું. વેદમંત્રો અને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પ.પૂ. મહારાજશ્રીએ દેવોની મૂર્તિઓનો પ્રતિષ્ઠા વિધિ આદર્યો. અને ગદ્‌ગદ્ કંઠે, અતિ ભાવ વિભોર થઈને પોતાના દાદા અને જગતના સર્વેશ્વર ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરી કે, હે મહારાજ ! અહીં બિરાજમાન થાઓ અને સર્વે હરિભક્તોના મનોરથ પૂર્ણ કરીને જીવ, પ્રાણીમાત્રનું શ્રેય કરજો. તે સમયે

ત્યાં હજારો માણસોની ભીડ હતી. સૌ કોઈ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો જયજયકાર કરતા હતા. સંતો કીર્તનોની ઝડીઓ વરસાવતા હતા. ભૂદેવો વેદમંત્રોચ્ચાર કરી રહ્યાં હતા. વીડીઓગ્રાફરો અને કેમેરામેનો પ્રતિક્ષણને કચકડામાં મઢી રહ્યાં હતા. સર્વેના નયનો મૂર્તિમા અને શ્રીજીના અપર સ્વરૂપ આચાર્યશ્રીમાં પરોવાયેલા હતા. બસ ત્યાં જ એક અલૌકિક આશ્ચર્ય થયું ! હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ ઉપર પ્રતિષ્ઠા વિધિના અંગભૂત અભિષેકની જળધારાઓ વરસાવીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રાધાકૃષ્ણદેવની મૂર્તિની બાજુએ ખસવા માટે જ્યાં ડગ ભર્યા, ત્યાં તો હરિકૃષ્ણ મહારાજે મૂર્તિ સ્વરૂપે પોતાના જમણા હાથે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પીતાંબર પકડ્યું ! આખી સભા વિસ્મય બનીને નિહાળી રહી. આ ચમત્કાર તે વખતે હાજર રહેલાં હજારો ઉપરાંત ભાઈ બહેનોએ જોયો અને વિડીયો તથા કેમેરામાં પણ તે દ્રશ્ય ઝડપાઈ ગયું. જેનો ફોટો તે સમયે જાન્યુઆરી ૨૦૦૧ ના 'શ્રી સ્વામિનારાયણ' માસિકના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલો. ત્યાં ઉપસ્થિત સૌને બન્ને સ્વરૂપમાં એકરૂપતાના દર્શન થયા. ધન્ય ધન્ય થઈ રહ્યું ! સર્વાવતારી શ્રીહરિ સાક્ષાત્ મૂર્તિ સ્વરૂપે બિરાજ્યા તેનું થોડીક સમજણવાળાને પણ ભાન થયું. પછી તો શ્રીહરિના જ એ બંને સ્વરૂપોએ એક બીજા સાથે, અરસ પરસ દિવ્ય ભાવે વાતચીત કરી. નયનોના ઈશારાઓ દ્વારા અંતરની લાગણીઓનું આદાન-પ્રદાન થયું. કદાચ પ.પૂ. મહારાજશ્રી હરિકૃષ્ણ મહારાજને એવું કહેતા હશે, "અરે મહારાજ ! આ પીતાંબર છોડો ! આ બધા હરિભક્તો આપને મૂર્તિ સ્વરૂપે જુએ છે અને આપ તો આલોકની મૂર્તિ સ્વરૂપની મર્યાદાને એક બાજુએ રાખીને પ્રત્યક્ષ સ્વરૂપે લીલા કરો છો ! હે મહારાજ !" અને બંને છૂટા પડ્યા.

પછી દયાળુ મહારાજશ્રીએ, શ્રીહરિની મરજી પારખીને જે પીતાંબર સ્વયં શ્રીહરિએ પકડ્યું હતું તે મંદિરના વહીવટ કર્તાઓને સોંપ્યું. તેમણે તેમની જાહેરમાં ઉછામણી બોલાવી અને તેની સૌથી વધુ રકમ ૧૩૧૦૦૦ ડોલર એટલે કે લગભગ રૂા. ૬૦ લાખ આપનાર વ્યક્તિ પ.ભ. શ્રી જયંતિભાઈ પટેલ ગુણભાવથી પ્રેરાઈ ને આવું અમૂલ્ય પીતાંબર લઈ ગયા. માયિક સંપતિનો ઉપયોગ કરીને અમાયિક દિવ્ય સંપત્તિ પ્રાપ્ત કરી. અને



સત્સંગના રંગથી રંગાયા અને ત્યાર પછી સાધુતાની મૂર્તિ સમા આચાર્ય મહારાજશ્રીએ પણ તે આવેલી રકમમાંથી એક પાઈપણ પોતાની પાસે ન રાખતા, સર્વે રકમ તેજ મંદિરમાં અર્પણ કરી દીધી. આવું વિશાળ હૃદય ભગવાનના અપર સ્વરૂપ સિવાય જોવા ન મળે ! તે સૌ કોઈ જાણી શક્યા. મંદિર નિર્માણમાં જેટલી કસોટીઓ થઈ તેટલા જ પ્રમાણમાં અહીં શ્રીહરિએ પરચા પણ પૂર્યા.

બીજો એક પ્રસંગ કે જેમાં લેખકે પ.પૂ. મહારાજશ્રીમાં શ્રીજી મહારાજના 'સત્તાવાહી અવાજ'ની જે અનુભૂતિ કરેલી તે અવિસ્મરણીય પરચો મારી ભાષામાં લખું છું.

ઈ.સ. ૨૦૦૨ ની સાલ ને ભાદરવા મહિનાનો સમય હતો. મારું શરીર સ્વસ્થ હતું. તેમાં એક રાત્રિએ વહેલી સવારે મારા ધર્મ પત્નીને સ્વપ્ન આવ્યું. હું ધામમાં ગયો. તેણીએ એ સ્વપ્નની વાત કરી એટલે મને એવું લાગ્યું કે હાલમાં તો શરીરને કંઈ તકલીફ નથી. પરંતુ સ્વપ્નમાં શ્રીજી મહારાજનો જો સંકેત હશે તો બે-ત્રણ દિવસમાં શરીરને કંઈક તકલીફ થશે. બે-ત્રણ દિવસ સુધી સ્વપ્નમાં મને પ.પૂ. મહારાજશ્રીનું તથા મારા પત્નીને પ.પૂ. ગાદીવાળાશ્રી સાથે પ.પૂ. મહારાજશ્રીનું દર્શન થયું. પછી એકાએક મને ઉધરસ-તાવ શરૂ થયો. એકસ-રે પડાવતા ગંભીર માંદગીનું નિદાન થયું. સારવાર શરૂ કરતા શરીર એકાએક બિલકુલ અશક્ત થઈ ગયું. બોલી શકવાની શક્તિ પણ ચાલી ગઈ. એવું અનુભવાયું કે જાણે માંદગી આયુષ્યનું નિમિત્ત બનીને આવી છે. સ્વપ્ન સાચું પડવાની ઘડી નજીક આવી. એટલે મેં મારા ભાઈ અને એક અંગત મિત્ર સમક્ષ કાળુપુર મંદિરે જઈ શ્રી નરનારાયણદેવ અને પ.પૂ. મહારાજશ્રીનું દર્શન કરવાની ઈચ્છા જણાવી. અંતરમાં ઉંડે ઉંડે એવું ખરું કે પ.પૂ. મહારાજશ્રીના કંઈક વિશેષ આશીર્વાદ મળશે ! નરનારાણદેવના દર્શન કરીને પ.પૂ. મહારાજશ્રીની બેઠકે દર્શન કરવા ગયા. પ.પૂ. મહારાજશ્રીને થોડી વાત કરી એટલે આખી વાત પામી ગયા અને પોતાનો ડાબો હાથ ઉંચો કરી આશીર્વાદાત્મક મુદ્રામાં સત્તાવાહી અવાજમાં બોલ્યા, "તમારું આયુષ્ય લંબાઈ ગયું !" જાણે શ્રીજી મહારાજ બોલ્યા ને શું !! મેં કહ્યું, બાપજી ! એ તો શ્રીજી મહારાજનો કાયદો..... હું

તો પાછળનાને ધૈર્ય મળે એવા કંઈક આશીર્વાદની આશાએ આવ્યો હતો. ત્યારે પ.પૂ. મહારાજશ્રી ફરી બોલ્યા, ''ફરી કહીએ કે તમારું આયુષ્ય લંબાઈ ગયું, હવે ફરી આવું ન બોલશો, તમારી પાસેથી સત્સંગનું ઘણું કામ લેવાનું બાકી છે. સારવાર કરજો. તમારી તબિયતના સમાચાર થોડા થોડા અંતરે જણાવતા રહેશો.'' ઘેર આવ્યા. તબિયત સ્વસ્થ થઈ ગઈ. થોડા દિવસ પછી ફરી તાવ ચડ્યો. સતત ૧૨ દિવસ શરીર તોડી નાંખે તેવો તાવ ચાલું રહ્યો. પ.પૂ. મહારાજશ્રીનું છેલ્લું વાક્ય યાદ કરીને ફરી મંદિરે જઈને પૂ. મહારાજશ્રીને તાવ અંગેની વાત કરી. તેઓશ્રીએ ડોકટર, પ્રસાદીનું જળ વગેરે અંગે પૃચ્છા કરીને મૌન સેવ્યું. હું ઘેર આવ્યો કે તુરત જ તાવ કાયમને માટે ઉતરી ગયો. બે મહિનામાં એકસરે નોર્મલ આવી ગયો. બાપજી ! સ્વસ્થ થઈ ગયો છું. આપ કહેતા હતાં કે, તમારી પાસેથી સત્સંગનું ઘણું કામ લેવાનું બાકી છે. ફરમાવો. પૂ. મહારાજશ્રી બોલ્યા, ''બહુ આનંદ થયો. તમે સ્વામિનારાયણ માસિકમાં જે લેખો લખો છો એજ તમારી સેવા છે. એમાં શરીરને બહુ પરિશ્રમ ન પડે, બેઠા બેઠા લખાય.''

પ.પૂ. મહારાજશ્રીના અનંત ભક્તોને અનંત પરચા થયેલા છે. જે મારાથી કે કોઈનાથી લખી શકાય તેમ નથી. પરંતુ છેલ્લો ત્રીજો એક પ્રસંગ ટાંકીને સમાપન કરી સંતોષ માનું છું. શા. સ્વામી નારાયણપ્રસાદદાસજી (મૂળી મંદિર સાયલા ગુરુકુળ) આ પ્રસંગ વર્ણવતા લખે છે. પ.પૂ. મહારાજશ્રીતે સમયે લાલજી સ્વરૂપે સત્સંગમાં વિચરતા હતા. સં. ૨૦૨૪ની સાલમાં વઢવાણ તાલુકાના મૂળી દેશના ટીંબા ગામે મૂર્તિ પ્રતિષ્ઠા કરીને બાજુના ગામ કે, જે ભગવાન સ્વામિનારાયણે તે ગામની માટીથી સંતોને પોતાના કપડાં રંગવાની આજ્ઞા કરેલ. પ્રસાદીભૂત ગામ રામપુરાના ભક્તોનો પ્રેમ અને આગ્રહને વશ થઈને ભક્તોના દિલ અને આંગણા પાવન કરવા માટે પૂ. મહારાજશ્રી પધારેલ. એ વખતે પૂ. મહારાજશ્રીનું સામૈયું કરવા માટે આખાયે ગામનાં ભક્તજનોનો સમૂહ ગામની ભાગોળે એકત્ર થયેલો. ભક્તજનો ધૂન કીર્તનની રમઝટ બોલાવતાં હતા. તે સમયે પૂજ્યપાદ મહારાજશ્રી પધાર્યા. તેમના સ્વાગત માટે ભક્તોએ બંદૂકોના અવાજ કર્યા. એજ સમયે ભરવાડવાસમાં ભરવાડણ બાઈ પોતાના નાના બાળકને પિત્તળની



કથરોટમાં સ્નાન કરાવતી હતી. બંદૂકના અવાજ થયા એ જ સમયે આ બાઈનાં ફળિયામાં તેજનો પ્રકાશ ફેલાઈ ગયો ! અને બાઈ અચંબામાં પડી ગઈ ! થોડી ક્ષણો પછી તેના બાળકને કથરોટમાંથી બહાર લીધો અને જોયું તો કથરોટમાં નાનાં નાનાં બે ચરણાર્વિંદની છાપો દેખાઈ ! આ જોઈને બાઈ એકદમ વિમાસણમાં પડી ગઈ ! આ શું ? તે કથરોટ લઈને ગામનાં મિસ્ત્રી પાસે ગઈ અને ઉપરની હકીકતો કહીં સંભળાવી. આ વાત સાંભળીને મિસ્ત્રીને થયું કે આ બધું થઈ રહ્યું છે તેની તપાસ કરવી જોઈએ. અને મિસ્ત્રીએ લોખંડનો અથડો લઈને કથરોટમાં રહેલાં ચરણાર્વિંદ તેને ઘસવાનું શરૂ કર્યું. જેવું શરૂ કર્યું તેવું જ મિસ્ત્રીનું શરીર કથળ્યું ! ઝાડા, ઉલ્ટી શરૂ થયા ! ડૉક્ટર પાસે જઈને દવા કરાવી. છતાં પણ કોઈ પરિણામ ન મળ્યું. છેવટે ગામના ભક્તોને આ વાતની જાણ થઈ. ભક્તોએ આવીને કહ્યું, ''તારે આમાંથી બહાર આવવું હોય તો શ્રી સ્વામિનારાયણ ભગવાનના અપર સ્વરૂપ પૂજ્યપાદ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના ચરણોમાં માફી માંગ અને તેઓશ્રીનો રાજીપો મેળવ.'' અને જ્યારે આ મિસ્ત્રી મહારાજશ્રી પાસે જઈને ચરણોમાં ઢળી પડ્યો એ જ ક્ષણે તેનામાં સ્ફૂર્તિનો સંચાર થયો. શરીર સ્વસ્થ થયું.

## (૭) ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ :

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું ધર્મકુળ ગંગોત્રીમાં સં. ૧૯૨૮ ના વિજયા દશમીના મંગળ દિવસે પ્રાકટ્ય થયું. બાળપણથી જ તેજસ્વી જણાતા, નેતૃત્વ અને કુશળતાના ગુણ વાળા, અત્યંત દિર્ઘદ્રષ્ટિવાળા આચાર્યશ્રી સેંટ ઝેવિયર્સ ઉપરાંત સહજાનંદ કોલેજમાં અંગ્રેજી માધ્યમનો અભ્યાસ કરી તૈયાર થયા. સત્સંગમાં નાનપણથી જ પિતાશ્રીની સાથે ખૂબ વિચરણ કરીને સત્સંગનો સ્નેહ પ્રાપ્ત કર્યો. યુવા અવસ્થાએ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની પ્રવૃત્તિ દ્વારા હજારો-લાખો યુવાનોને સત્સંગ અને સેવાના રંગથી રંગી નાંખ્યા. આ યુવક મંડળ દેશ-વિદેશમાં ગામોગામ સત્સંગની પ્રવૃત્તિ કરે છે. લાખો યુવાનોનો નિર્વ્યસની તથા સદાચારી અને સત્સંગ પરાયણ જીવન જીવવાનો યશ પૂ.મહારાજશ્રીને ફાળે જાય છે. તેઓશ્રીએ લાલજી અવસ્થામાં જ ખૂબ સભાઓ અને

પદયાત્રાઓ કરીને યુવાનોમાં સત્સંગની જાગૃતિ લાવ્યા છે. સંવત ૨૦૬૦ આસો સુદ-૨ તા. ૧૫-૧૦-૨૦૦૪ને દિવસે ગાદી પર બિરાજ્યા. પોતાના પિતાના જીવનમાંથી તમામ સદ્‌ગુણો પોતાના જીવનમાં ઉતારીને પોતાનો એક એક શ્વાસ સ્વામિનારાયણ ભગવાન અને સત્સંગ માટે રહેશે એવી પ્રતિજ્ઞા કરીને આજે તેઓશ્રી સત્સંગનો વધારે ને વધારે ઉત્કર્ષ કરવા માટે રાત્રિ દિવસ દેશ વિદેશમાં વિચરણ કરી રહ્યાં છે.

આવી જ રીતે શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠ સ્થાનની પરંપરામાં વડતાલ ગાદી પર બિરાજેલા દરેક પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ દક્ષિણ દેશમાં સત્સંગનો ખૂબ ઉત્કર્ષ કરેલ છે. અનેક શિખરબંધ મંદિરો તથા હરિ મંદિરોનું નિર્માણ પ્રતિષ્ઠા કરેલ છે. વિદેશમાં પણ ઘણો ધર્મપ્રચાર કરેલ છે. ધાર્મિક તેમજ શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે અનેક કાર્યો કરેલ છે. સાહિત્ય ક્ષેત્રે ખૂબ સેવા કરેલ છે. મોટા મોટા ઉત્સવ-સમૈયા દ્વારા સત્સંગને હંમેશ નવપલ્લવિત કરેલ છે.

## ૨૩. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની અમૃતવાણી-આચમન :

પ.પૂ. મહારાજશ્રીએ પોતાની અમૃતવાણીમાં સુંદર દ્રષ્ટાંતો સાથે આશીર્વચનો જાહેર સત્સંગ સભાઓમાં પ્રસંગે પ્રસંગે કહેલ છે. દ્રષ્ટાંતો લખું તો બહુવિસ્તરણ થાય તેથી સારરૂપે અત્રે અમૃતવાણી લખું છું. તેઓશ્રીને પ્રત્યક્ષ સાંભળવા એ એક જીવનનો લ્હાવો છે, જે જે હરિભક્તોને આવો પ્રત્યક્ષ લાભ મળ્યો છે તે સર્વે ધન્ય ભાગી છે.

જેતલપુરના ચોથા વચનામૃતમાં મહારાજ લખે છે કે, તમે તો સર્વે ઉત્તમ ભક્ત છો. ધર્મ નિયમે યુક્ત એવા જે તમ જેવા સાધુ તેમને કોઈ ભાવે કરીને જમાડશે તેને કોટિ યજ્ઞનું પૂણ્ય થાશે. ને તે અંતે મોક્ષને પામશે, ને તમને ભાવે કરીને વસ્ત્ર ઓઢાડશે તેનું પણ પરમ કલ્યાણ થાશે ને તમે જે જે નદી તળાવને વિષે પગ બોળો છો તે તે સર્વે તીર્થરૂપ થાય છે. અને તમે જે



જે વૃક્ષ તળે બેઠા હો ને જે જે વૃક્ષનું ફળ જમ્યા હો તે તે સર્વેનું રૂડું થાય છે. ને તમારા કોઈક ભાવે કરીને દર્શન કરે છે, કોઈક તમને ભાવે કરીને નમસ્કાર કરે છે તેના સર્વે પાપનો ક્ષય થાય છે. ને વળી તમે જેને ભગવાનની વાત કરો છો અને કોઈકને ધર્મ સંબંધી નિયમ ધરાવો છો તેનો મોક્ષ થાય છે. આપણને એમ થાય કે મહારાજે આ વચનામૃતમાં સંતનો કેમ આટલો બધો મહિમા કીધો હશે ? તેનો ઉત્તર મહારાજ આપે છે કે, ઇત્યાદિક ધર્મ નિયમવાળા તમ જેવા સંતની સર્વે ક્રિયા કલ્યાણરૂપ છે. કેમ જે, જે પ્રત્યક્ષ શ્રી નરનારાયણ ઋષિનો તમારે દ્રઢ આશરો છે, ને તે શ્રી નરનારાણઋષિ તમારી સભામાં નિરંતર બિરાજે છે. નરનારાયણદેવની છત્રછાયા એ મહત્ત્વની બાબત છે. રહેવું તો એક જ છત્ર નીચે રહેવું, નરનારાયણદેવની છત્રછાયા નીચે રહેવું. જેતલપુર, અમદાવાદ વગેરે ઘણા વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે અમારામાં અને નરનારાયણદેવમાં લેશમાત્ર ફેર નથી. સત્સંગમાં મહારાજની આજ્ઞા પાળતા પાળતા સત્સંગીની ડિગ્રી મળે છે. ડિગ્રી મળ્યા પછી પણ આજ્ઞા પાળવાનું સતત ચાલુ રાખવું પડે. જો આજ્ઞા પાળવાનું બંધ કરે તો શ્રીજી મહારાજ એક ક્ષણ માત્રમાં સત્સંગીની ડિગ્રી પાછી લઈલે છે. સત્સંગીની ડિગ્રી અપાવવા સંતોએ પણ પુરુષાર્થ કરવો પડે છે. શ્રીજી મહારાજની આજ્ઞા જ છે કે, સંતોએ કથા-વાર્તા દ્વારા સત્સંગીના સત્સંગને પોષવો. નરનારાયણદેવની છત્રછાયામાં દેશ વિદેશમાં સંસ્થાઓ દ્વારા અસંખ્ય વિદ્યાર્થીઓને સાચા અર્થમાં 'સત્સંગી'ની ડિગ્રી પ્રાપ્ત થાય તેવું શિક્ષણ સંતોએ આપવાનું છે.

શ્રીજી મહારાજે ભજન અને ભોજન હંમેશા સાથે રાખ્યું છે. ભોજન વિના ભજન નથી થતું તથા ભજન વિના ભોજન તૈયાર થતું નથી. ભજન થાય તો વરસાદ આવે. વરસાદ આવે તો અન્ન પાકે, પાક સારો થાય તો ભોજન મળે. જેઓને સત્સંગનો નિયમિત યોગ મળે છે, તેને સત્સંગનો મહિમા નથી હોતો. જેને મહિમા છે તેને આવો યોગ નથી મળતો. સત્સંગીના ઘેર જન્મ થવો અને સત્સંગનો આવો યોગ મળવો એ બહુ દુર્લભ છે. સદાચારરૂપી ધર્મ જે ખૂબ પાળે તેને દેહ છોડ્યાં બાદ જે સ્વર્ગાદિક સુખની પ્રાપ્તિ થાય તેથી અધિક સુખની પ્રાપ્તિ આપણને હાલમાં થઈ રહી છે. આપણે

વિચારવું કે આપણે શા માટે આવ્યા છીએ ? શુ કરવાનું છે ? અને શું કરી રહ્યાં છીએ ? આત્માના કલ્યાણમાં બુદ્ધિનો ઉપયોગ કરવો તેને જ શ્રીજી મહારાજે કુશાગ્ર બુદ્ધિવાળો કહ્યો છે.

નરનારાયણદેવની પુસ્તિકા દરેકે વાંચવા જેવી છે. એ પુસ્તિકા વાંચવા થી મનન કરવાથી મહિમા સમજાય છે. પરંતુ તેથી અધિક મહિમા નરનારાયણદેવના દર્શન કરવાથી થતી અનુભૂતિથી સમજાય છે.

એકાદશી આવે ત્યારે ભક્તોની કસોટી થાય છે કે, સત્સંગી સાચા છે કે દેખાવના છે ! જો એકાદશી ગમતી હોય તો સાચા અને એકાદશી ક્યાંથી આવી એવું મનમાં થતું હોય તો કાચપ માનવી. દશ ઈન્દ્રિયો અને અગિયારમું મન તેનો સંયમ કરીને મહારાજ સાથે જોડીને સાચી રીતે એકાદશી કરીએ. મન વશ કરવાથી કામ થઈ જાય છે. મન વશમાં ન રહે તો જીવની અધોગતિ થાય છે. અને મન અંકુશમાં રાખવાથી ઉર્ધ્વગતી થાય છે. તેથી મનને વશમાં રાખી મહારાજના ચરિત્રોમાં ભજન-ભક્તિમાં ગુંથી રાખવું, પરોવી રાખવું. જન્મ મરણના ભયનો જો સતત ખ્યાલ રહે તો મન સત્સંગમાં આપો આપ પરોવાયેલું રહે છે. જન્મ-મરણના ભયની સતત અનુભૂતિ રહે તો જીવનની ગાડી ફેરવી શકાય છે. માયાથી પર થઈ મોક્ષ મેળવી શકાય છે. મહારાજની હાજરી પ્રત્યક્ષ-પ્રગટ છે. આપણાં ઉપર સતત દ્રષ્ટિ રાખે છે. મહારાજ કહેતા કે, હું કોઈના કહેવાથી કોઈના ઉપર રાજી કે કુરાજી થતો નથી. સતત ધ્યાન રાખ્યા પછી કોઈના ઉપર રાજી કે કુરાજી થાય છે. મહારાજના પ્રત્યક્ષપણાની અનુભૂતિ રહે તો વ્યસનો, કુટેવો વગેરે નીકળી જાય ! મહારાજ આપણાં ઉપર દ્રષ્ટિ રાખે છે, એવું માની સત્સંગ નિયમિત કરીએ. સત્સંગ નિયમતિ કરો તો લીલો રહે. મંદિરે જવું, સત્સંગ કરવો એ નિયમિત કરવું. કળિયુગ આગળ વધતો જાય છે તેમ સત્સંગની પણ ખૂબ જરૂર રહે છે.

જૂના વૃદ્ધ સંતો કહેતા, હજાર વર્ષ ઉંધે માથે સોપારી પર માથું ટેકવી તપ કર્યું હોય ત્યારે આ પદ (આચાર્યપદ)ની પ્રાપ્તિ થાય છે. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં એક સરસ વાત છે કે ગુરુ સો આની પાળે ત્યારે શિષ્ય બે આની પાળે. માટે શિષ્યને બે આની પળાવવા માટે અમારે સો આની પાળવું પડે. ગુરુપદે બેઠેલા દરેક ગુરુએ આ સમજવા જેવી વાત છે. પોતાના ઘરમાં વડીલને પણ આ વાત લાગુ પડે છે. સભામાં મોટેરા, આગેવાનો, ટ્રસ્ટીઓ, કમિટી મેમ્બરો વગેરેને પણ આ વાત લાગુ પડે છે. મોટાનું કપાળ જો તિલક ચાંદલા વિનાનું હશે તો બાળકો મોટા થશે ત્યારે નહીં પૂછે કે, આ મોટા કેમ તિલક ચાંદલો કરતા નથી ? નાના બાળકોને આચરણમાં લાવવા માટે આપણે સૌએ કંઠી, તિલક-ચાંદલો કરવો જ પડે તે ચોખ્ખી વાત છે. જ્યારે સત્સંગીઓ ને વ્યસન કરતાં જોઈએ છીએ, ત્યારે હૃદયમાં બહુ દુઃખ થાય છે.



કથામાં જેટલો ટાઈમ બેસીએ એટલો ટાઈમ મહારાજ આપણું આયુષ્ય લંબાવી આપતા હોય છે, કારણ કે મહારાજને કથા ખૂબ ગમે છે. એટલે કાયમ કથા વંચાવતા, સાંભળતા, સાંભળાવતા. એમાં પણ ખાસ ભાગવત કથા મહારાજને અત્યંત પ્રિય છે. આધ્યાત્મિક ચર્ચામાં મહારાજ કહેતા કે વ્યાસજીનું વચન કહો તો અમને પ્રતીતિ થાય. અધિક માસ એ તો ભગવાનના ભક્ત માટે સીઝન ગણાય. ખેડૂત માટે ચોમાસામાં અમૂક મહિના જેમ સીઝન આવતી હોય તેમ આપણે આ પુરુષોત્તમ માસમાં જેટલું સત્કર્મ, ભજન, ભક્તિ, કથાઓનું આયોજન કરીશું તેનાથી આપણને અધિક પ્રાપ્તિ થવાની છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્વામિનારાયણ ભગવાને કલ્યાણનું હંમેશા સાગમટે આમંત્રણ આપ્યું છે. અમારા સત્સંગીના પશુ-પક્ષી હોય, અમારે તો બધાનું કલ્યાણ કરવું છે. જીવ પ્રાણીમાત્રનો મોક્ષ-કલ્યાણ થાય એવો આ સંપ્રદાય દાખડો કરે છે. શ્રીજી મહારાજ વખતે કથા ચાલતી હોય ત્યારે નંદ સંતો કથા શ્રવણ કરવા આવનારને પૂછતા કેમ ઘેડ બેઠી ? ઘેડ બેસવી એટલે શું ? બે વચનામૃત વાંચો, ચિંતવન કરો, કથા સાંભળો, એ કથા બીજાના મનમાં ઉતારી શકો, તેને ઘેડ બેઠી કહેવાય. સંતો દ્વારા કથા સાંભળીએ, અનંત જીવનું કલ્યાણ થાય તે સારું બીજાને સત્સંગ તરફ વાળીએ ત્યારે આપણે પાકા સત્સંગી કહેવાઈએ. લીલા ચરિત્રો મનની શાંતિ માટે છે. મુક્તાનંદ સ્વામીના પ્રશ્નમાં પણ મહારાજે પોતાના લીલા ચરિત્રો સાંભળવા, મનન કરવું, નિદિધ્યાસ કરવો એ જ ઉપાય દેખાડેલો. શ્રીજી મહારાજે આપણને આજ્ઞા કરી કે પોતાનું અંગ ઓળખવું. આપણને કેવા પ્રકારની ભક્તિમાં રૂચિછે. તે જાતે તપાસ કરી, અંગ ઓળખીને ભક્તિ

કરીએ તો સફળતા જલ્દી મળે. નવધા ભક્તિમાંથી જેમાં આપણી રૂચી હોય એ ભક્તિનું આપણા જીવનમાં પ્રધાનપણું રાખવું. શ્રવણ ભક્તિ સહેલી ભક્તિ છે. આ સહેલી ભક્તિનું પ્રધાનપણું લાવીએ તો બીજી આઠ ભક્તિનો ઉદય થાય છે. નિષ્ઠા પાકી કરવી. નંદસંતો કથામાં કહેતા કે માઈકમાં સાંભળીએ તો સંભળાય કે ન સંભળાય. પણ જો કોઈ કાનમાં કહે તો એ વાત પાકી અંતઃકરણમાં ઉતરી જાય. મહારાજે આપણને આજ્ઞા-ઉપાસના વગેરે બાબત કાનમાં કહીં છે. કંઈ કાચું રાખ્યું નથી. છતાં ન સમજાય તો દુર્ભાગ્ય. શ્રીજી મહારાજના આશ્રિતોએ અહોભાવ રાખવો. મહારાજ શેમાં રાજી છે તેનો સતત અનુયાયી માત્રએ અનુભવ સાથે રાખવો. મહારાજને તો મનવારો ભરી ભરીને કલ્યાણ કરવું છે. એમાં આપણો નંબર છે કે નહિ ? તે જોવું.

મહારાજે મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરેલી કે તમારે આજીવન અમારા લીલા ચરિત્રો લખવા. મુક્તાનંદ સ્વામીએ મહારાજની આ આજ્ઞા શિરોમાન્ય કરી અંતીમ શ્વાસ સુધી મહારાજના લીલા ચરિત્રો લખ્યા છે. પોતાનું શરીર જ્યારે વૃદ્ધાવસ્થાવાળુ અને રોગગ્રસ્ત થયું ત્યારે મુક્તાનંદ સ્વામીએ આધારાનંદ સ્વામીને સેક્રેટરી બનાવેલા. એ સમયે મુક્તાનંદ સ્વામી મહારાજના લીલા ચરિત્રો બોલતા અને આધારાનંદ સ્વામી લખતા. મુક્તાનંદ સ્વામી ને મહારાજના મનુષ્યચરિત્ર બહુ ગમતા. મનુષ્ય ચરિત્રની પણ તેઓ નોંધ લેતા. રાષ્ટ્રપતિ ક્યારેક સાયકલ ઉપર ફરવા નીકળે તો એ જોવા બધા બહાર નીકળે. તેમ મહારાજ જ્યારે મનુષ્ય ચરિત્ર કરતા ત્યારે મુક્તાનંદ સ્વામીને પણ વિશેષ આનંદ આવતો અને તેની નોંધ રાખતા. માળા લઈને બેસવું તો મુક્તાનંદ સ્વામીની જેવી માળા ફેરવવી. મુક્તાનંદ સ્વામીની માળા મહારાજે એટલા માટે વખાણી છે કે સ્વામી ૫૦ માળા એવી કરતા કે મહારાજના અંગનું ધ્યાન કરતાં કરતાં એક મણકો મુકતા, માળા કરતા જો બીજો વિચાર આવે તો એ માળા કેન્સલ ગણતા. આપણે કથા પણ સાંભળીએ અને માળા પણ ફેરવવીએ તેનો એક લાભ એ થતો હશે કે આપણી માળા બંધ પડે એટલે બાજુમાં બેઠેલાને ખ્યાલ આવે કે આપણને ઉંઘ આવી. એટલે એ આપણને ઉઠાડે. આપણા શાસ્ત્રોમાં મહારાજના ચરિત્રોમાં વેદ કરતાં પણ અધિક રસ આવે છે.

સૌ અંતઃશત્રુઓ રૂપી કાળા નાગથી વીંટાયેલા છીએ. અંતઃશત્રુઓનું ઝેર ઉતારવું કઠિન છે. પહેલેથી આ ચાલ્યું આવે છે. મોટા મોટા પણ હેરાન થયા છે. મહારાજ વખતે મુક્તાનંદ સ્વામી વડોદરાની સભા જીતીને આવ્યા ત્યારે મહારાજ બહુ રાજી થયા. સાકર વહેંચાવી. ત્યારે એક સીનીયર સંતને મનમાં સંકલ્પ થયો એમાં શું મોટી ઘાડ મારી ? અમે ગયાં હોત તો અમે પણ સભા જીતીને આવત. શ્રીહરિ આ સંકલ્પ જાણી ગયા. અને તે સંતને ઠપકો આપ્યો. મુક્તાનંદ સ્વામીને માન મળ્યું તે આ સંતથી સહન ન થયુ. કામ, ક્રોધ, ઈર્ષ્યા, અદેખાઈ વગેરે અંતઃશત્રુઓરૂપી વીંટાયેલા નાગથી આપણને મુક્તિ મળે તે માટે મહારાજને પ્રાર્થના કરવાની છે. આપણે સત્સંગમાં જેટલા ઉંડાઈએ પહોંચીએ તેટલી દ્રઢતા વધે. આ સત્સંગરૂપી વન છે. તેમાં નિયમરૂપી કોટ છે અને વૃક્ષ રૂપી સત્સંગી છે. ઘણા માણસો મહારાજને કહેતા કે તમે શા માટે આટલું બધુ વિચરણ કરો છો ? મહારાજ કહેતા કે સત્સંગમાં જેના મૂળ ઉંડા ગયા છે તેની અમારે ચિંતા નથી. પરંતુ જેના મૂળ ઊંડા ગયા નથી તેના માટે અમે રાત દિવસ ફરીએ છીએ. આપણા મૂળની આપણને એકલાને જ ખબર પડે.



મહારાજનું નામ સ્મરણ જાદુઈ અસર ધરાવે છે. ધૂન ભજનનો દિવ્ય મહિમા છે. આપણો દેશ આઝાદ થયો ત્યારે ઘણાં કહેતા કે ગાંધીજીના મનોબળે દેશને આઝાદ કર્યો. ઘણા કહેતા કે સત્યાગ્રહે આઝાદી અપાવી. અમે એવું કહીએ છીએ કે, ગાંધીજીની રામધૂને દેશને આઝાદ કર્યો. નિષ્કુળાનંદ સ્વામીએ પદમાં ગાયું છે કે,

હવે મારા વહાલાને નહિ રે વિસારુ રે, શ્વાસોચ્છવાસે તે નિત્ય સંભારુ રે.......

આપણે મહારાજ આગળ માંગીએ કે જન્મો જન્મ આપનો યોગ રહે. જો કે સત્સંગીને બીજો જન્મ લેવાનો હોતો નથી. પરંતુ મહારાજ હર હમેંશ આપણને પોતાની પાસે રાખે એવું માંગીએ. મંદિર ખારા સમુદ્રમાં મીઠી વીરડી સમાન ગણાય.

સાચા યુવાન સત્સંગીની વાતમાં, ચાલવામાં, આચરણમાં, વિચાર, વર્તન, વાણી, આહાર એમ દરેકે દરેક બાબતમાં સત્સંગ છલકાતો હોય છે. વિચાર કરતા અમને એક વ્યાખ્યા જડી. આ જગતમાં સૌથી અભાગિયો

કોણ? અમારી દ્રષ્ટિએ એ વ્યાખ્યા એવીછે કે, સત્સંગ મળ્યો છતાં પોતાનું કલ્યાણ ન કરી શક્યો. સૌથી ભાગ્યશાળી કોણ ? બંગલા, ગાડી જગતના તમામ સુખો હોવા છતાં, કુસંગમાં રહેતો હોવા છતાં કુસંગ લાગે નહિ, કલ્યાણ બગડે નહિ એ સૌથી ભાગ્યશાળી. કંઠી, ચાંદલાને અનુરૂપ આચાર, વ્યવહાર હોવો જોઈએ બાકી જીવન તો અત્યારે પશુ જેવું થઈ ગયું છે. બાહ્ય દ્રષ્ટિએ ભય, આહાર, મૈથુન અને નિંદ્રા પશુ અને માણસમાં સમાન છે. સાર અને અસારનો વિવેક માણસમાં ઓછો હોય છે. પશુમાં નથી હોતો. આપણે સંસ્કારનો વારસો જાળવવાનો છે. બીજાને સત્સંગી કરવાના છે. યુવાનને સત્સંગી બનાવવા યુવાનની જરૂર પડે છે. યુવાનોની ફરજ નરનારાયણદેવના અણિશુદ્ધ આશ્રિત બનીને એ સુખનો ચેપ અન્યને લગાડવાનો છે. ઉત્સવ-સમૈયા એટલા માટે જ હોય છે કે આ જીવાત્મા મહારાજની સન્મુખ કેમ થાય ! જ્યારે જ્યારે શાકોત્સવ કરીએ છીએ ત્યારે ત્યારે મહારાજને વિનંતી કરીએ છીએ કે, હે મહારાજ ! આ શાકોત્સવ તમારે જ કરવાનો છે. શાકમાં સ્વાદ તમારે જ મુકવાનો છે. કહેવત છે કે સુખનો સમય જલ્દી વહી જાય છે. દુઃખના દાડા જતા વાર લાગે છે. ભજન ભક્તિનું આવું સુખ ચૌદલોકના બ્રહ્માંડમાં ક્યાંય નથી. જેને ભજન કરવું છે તેને કંઈ અશક્ય નથી. અમેરિકા ન્યુજર્સીમાં તાપમાન -૮.૦° સે. હતું. બરફ પડતો હતો. ગાડીનું હીટર ગરમ ન થાય, તો પણ ત્યાનાં સવારના ૫-૩૦ વાગ્યે હરિભક્તો કથા, ધૂન કરવા આવતા હતા. ભજનાનંદીને કોઈ અવરોધ રોકી શકતા નથી.

લીફ્ટમાં બે પ્રકારના માણસો આવ-જા કરે છે. કોઈ છોકરાઓની જેમ ખાલી લીફટ નો આનંદ માણે છે. તો કોઈ ચોક્કસ માળે પહોંચવા આવે છે. આ સંસાર લીફટ જેવો છે, કોઈ ઉપર નીચે જવામાં જ આનંદ માણે છે. પણ લીફટ તો સાધન છે. સાધ્ય નથી. સંસારનો ઉપયોગ માધ્યમ તરીકે મહારાજને પામવા માટે કરવાનો છે. ધામનો અને ગામનો રસ્તો જરૂર જૂદો છે. આપણે તો છેલ્લા ફેરામાં ઘર છોડવાની પણ જરૂર નથી. આપણે તો ગામમાં રહીને પણ ધામમાં જવાય છે. આપણને તો સત્સંગીના ઘેર જન્મ મળ્યો છે. કાંઈ કરવાનું બાકી નથી. બીજા અનેક જીવાત્માને આ માર્ગે વાળવાના છે. જગતના સુખોમાં આસક્ત થયા વિના નિર્વાસનિક થવું. દેહે કરીને તો ઘણા



નિર્વાસનિક થાય છે, પણ મને કરીને નિર્વાસનિક થવું. આ છેલ્લા ફેરામાં આ કરવાનું છે.

આપણને શ્રીજી મહારાજ મળ્યા છે, એ પ્રાપ્તિ આપણી પ્રેરણાથી અન્ય વંચિત જીવાત્માઓને પણ થાય તો શ્રીજી મહારાજ આપણાં ઉપર ખૂબ રાજી થાય છે. મહારાજે આપણને સમય બહુ ઓછો આપ્યો છે. વાસ્તવિક રીતે આયુષ્યમાં વાસ્તવિક સમય બહુ ઓછો રહ્યો છે. ગાદીની ગરિમા જાળવવી એ તમારી અને અમારી સંયુક્ત ફરજ છે. બન્નેના હાથમાં છે. મહારાજે ધર્મકુળને તેડાવ્યું. કાંડું ઝાલીને ગાદીએ બેસાડ્યા, મહારાજે અમને દેહના સંબંધીની ઓળખાણ ઓછી કરીને જીવના સંબંધીની ઓળખાણ વધારે કરાવી છે. જ્યાં સુધી નીતિમાં રહીને, આજ્ઞામાં રહીને પુરુષાર્થ કરીએ ત્યાં સુધી મહારાજ આપણી સાથે રહે છે. મહારાજના ગમતામાં રહીએ તો ગાદીની ગરિમા જળવાય. આ વિશાળ સત્સંગમાં પરસ્પર સંપ રહે તો શાંતિ રહે અને શાંતિ હોય ત્યારે જ સત્સંગમાં મોટાં મોટાં કાર્યો થતાં રહ્યાંછે. ઈતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે. શ્રીજી મહારાજની ઈચ્છા, નરનારાયણદેવની ઈચ્છા મુજબ સત્સંગ વધે કે ઘટે, પરંતુ આ સત્સંગ દેશ વિદેશમાં ખૂબ પ્રસરી રહ્યો છે. એમાં શ્રીજી મહારાજની અલૌકિક દિવ્ય ઈચ્છા જણાય છે. આ સંપ્રદાયની રચના સ્વયં શ્રીજી મહારાજે કરેલી છે. એ સત્સંગની ઉન્નતિ થાય એ સારું શ્રીજી મહારાજે નરનારાયણદેવને બાથમાં લઈને પધરાવ્યા છે.

જે મંદિરનું નિર્માણ તત્કાળ પ્રચાર કરીને પૂર્ણ કરી દેવામાં આવે તે મંદિરમાં ભજન ભક્તિનો આનંદ આવતો નથી. પરિશ્રમ કરીને ખેંચ વેઠીને જે મંદિર બને છે, તેમાં ભજન ભક્તિનો વિશેષ આનંદ આવે છે. શ્રીજી મહારાજ કહેતા કે અમે સંકલ્પ કરીએ તો સુવર્ણનું મંદિર ઉભું કરી દઈએ. પરંતુ અમારે તો ઈંટ પથ્થરના મંદિર બનાવીને નાનામાં નાના હરિભક્તની સેવા લઈને તે દ્વારા અનંત જીવનું કલ્યાણ કરવું છે. સત્સંગને અર્થે શું ન થાય ? આપણને શ્રીજી મહારાજે આજ્ઞા કરી છે. ૨૦૦ વર્ષ પહેલાંની વાત. ભુજના લાધીબા આજ્ઞા શિર સાટે પાળતા. વિધવા છતાં સધવાનો વેષ લઈ ભર બજારમાં નિકળ્યા. તેમને અંતઃકરણ પૂર્વકની મહારાજની આજ્ઞા પાળવાની

તમન્ના હતી. એક કુસંગી ગામમાં બાવો રહેતો હતો. ગામમાં બાવાને સૌ ગાંડો ગણે. પરંતુ સૌ બાવાને 'રામ' 'રામ' કહે. બાવો કહે, ભલે મને સૌ ગાંડો કહે પરંતુ આખું ગામ રામ રામ કહે છે, એજ મોટી વાત છે. ભજન ભક્તિમાં જે બલિદાન આપવું પડે તે સાર્થક છે.

આપણે સત્સંગમાં માન જેવા દોષોને ટાળવા માટે આવીએ છીએ. તક્તિથી માન જેવા દોષોને પોષણ મળે છે. માનની આશા વિનાનું દાનએ જ સાચી સેવા છે. નરનારાયણદેવના પાટોત્સવનો દિવસ એ શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા જોવાનો દિવસ છે. ઘેરથી નીકળ્યા બાદ રસ્તામાં અન્ય મંદિરોમાં ક્યાંય આરતી થતી હોય અને ત્યાં દર્શન કરવા માટે આરતીમાં ભળી જતા હોઈએ તો એ નિષ્ઠામાં કાચ્યપ છે. ગાડી સીધી નરનારાયણદેવનાં પ્રાંગણમાં ઉભી રહેવી જોઈએ. એકવાર શ્રીજી મહારાજ માનકુવા ગામે એક હરિભક્તના ઘેર પધરામણીએ પધાર્યા, તો તેમના ઘેર અન્ય ઘણાં પૂતળા જોઈને શ્રીજી મહારાજ પાછા વળી ગયા. પૂછતાં શ્રીજી મહારાજે કહ્યું કે તમારે પૂતળાનું કામ છે. અમારું ક્યાં કામ છે ? પ્રથમ પૂતળાને પાણીમાં પધરાવો, પછી અમે તમારે ત્યાં આવીએ. નરનારાયણદેવ એ શ્રીજી મહારાજ પોતે જ છે. વચનામૃતમાં મહારાજ પાને પાને નરનારાયણદેવનું પ્રધાનપણું લાવ્યા છે. અમે જ્યારે ઘેરથી બહાર પધારીએ છીએ ત્યારે શ્રીજી મહારાજે આપેલ આ લાલ પાઘને વંદન કરીને મસ્તક પર ધારણ કરીએ છીએ. લાલ પાઘ અમે મસ્તકની શોભા માટે નથી પહેરતા. પરંતુ પદની ગરિમા સાચવવા પહેરીએ છીએ. શ્રીજી મહારાજે સ્થાપેલા સત્સંગમાં ચારેબાજુથી સુખ અને માત્ર સુખ જ છે. પરંતુ નંદ સંતો કહેતા એ મુજબ ઘણા જીવ એવા હોય છે કે સત્સંગમાં રહીને પણ ખોતરીને દુઃખ ઉભું કરે છે. આપણે સૌએ એવું જીવન જીવવું જોઈએ કે દેહ છોડ્યા બાદ એ અક્ષરધામની દિવ્ય સભામાં સ્વયં શ્રીજી મહારાજ આપણને સ્ટેજ પર બોલાવીને આપણું સન્માન કરે ! આવું થાય તે માટે આપણે સૌને સત્સંગનો અતિખપ હોવો જોઈએ. સત્સંગમાં આપણું કોઈ સન્માન કરે, અપમાન કરે, પરંતુ તે બધુ ગૌણ કરી સત્સંગ દ્રઢ રાખે, સત્સંગનો ખપ રાખે તો જીવ ઉર્ધ્વગતિ પામે છે, કલ્યાણના માર્ગે ચડતી કળા થાય છે.



પોતાની માતૃભૂમિ છોડી શ્રીજી મહારાજે સત્સંગ અર્થે કચ્છ, કાઠીયાવાડ, ગુજરાતમાં અવરિત વિચરણ કર્યું છે. એક હરિભક્તે મહારાજના ચરણમાંથી સત્તર તો કાંટા કાઢ્યા હતાં. તેની સામે આપણે કંઈ કરવાનું નથી. શ્રીજી મહારાજે આપણને સર્વોપરી દેવ, સંત, શાસ્ત્રો આપ્યા છે, આપણે ફક્ત તેનો ઉપયોગ કરવાનો છે. વિદ્યાર્થી પરીક્ષા આપવા બેસે, બાજુમાં ચોપડી રાખીને વાંચી વાંચીને જવાબો લખવાના હોય તો પણ નાપાસ થાય તેમાં કોનો દોષ કાઢવો ? તેમ આપણને બધું મળ્યું હોવા છતાં પણ કલ્યાણમાંથી પડી જવાય તો કોનો દોષ ? વિજ્ઞાને શોધેલ યંત્રની મદદથી કોઈ માણસ બહુમાળી મકાનની સીડીમાં પહેલે પગથિયે ઉભો રહે તો આપોઆપ અલ્પ સમયમાં છેલ્લા પગથિયે પહોંચી જાય છે, તેમ આપણે સત્સંગની સીડીમાં ફક્ત પહેલે પગથિયે ઉભા રહેવાનું છે. તો આપોઆપ અક્ષરધામ રૂપી છેલ્લે પગથિયે પહોંચી જઈશું. અંત્યના વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે, આ જીવે જુદાં જુદાં શરીરો ધારણ કરીને સમુદ્રમાં જેટલું જળ ભર્યું છે તેટલું તેની માતાનું દૂધ પીધું છે, ત્યારે તેને દુર્લભ મનુષ્યદેહ મળ્યો છે. પરંતુ દરેક સમયે મનનું ધાર્યું કર્યું હોવાથી કલ્યાણથી વંચિત રહ્યો છે. આ દેહે મનગમતું મુકીને શ્રીજી મહારાજનું ધાર્યું કરવાનું છે.

ઘણાં અસ્થિર મગજ વાળા પોતાને સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ ગણાવે છે. દુનિયામાં ઘણાના મગજ વત્તા ઓછા પ્રમાણમાં અસ્થિર હોય છે. માનસિક રોગોના ડૉક્ટર તેની ટકાવારી કાઢી આપે. મનોચિકિત્સકો કોઈને સંપૂર્ણ સ્વસ્થનું પ્રમાણપત્ર આપતા નથી. શ્રીજી મહારાજ એક એવા ડૉક્ટર છે કે જેમણે સંપૂર્ણ સ્વસ્થ એવા માણસોને કહ્યાં છે કે, જેમને આત્માના કલ્યાણનો નિર્ણય છે. બાકીના તો દુનિયામાં ગમે તેટલા ડાહ્યા કહેવાતા હોય, પરંતુ મહારાજની દ્રષ્ટિએ તો ગાંડા છે. મહારાજ દીનાનાથ ભટ્ટને પણ પૂછતા કે તમને ભાગવતના તમામ શ્લોક મોઢે છે. પરંતુ તે શ્લોકમાંથી તમારા કલ્યાણ માટેના શ્લોક ક્યા તે નક્કી કર્યું છે ? મહારાજનું દર્શન, ભક્તિ, સત્સંગ કરવો તે સ્નેહથી કરવું. યંત્રવત્ ન કરવું, ડરીને ન કરવું. જેમણે યમદંડ વાંચ્યો હશે તે બીકથી થોડો ટાઈમ ભક્તિ કરશે, પરંતુ તેવી ભક્તિ ટકશે નહી. પોલીસની બીકથી કોઈ ચોર કદાચ થોડો ટાઈમ ચોરી ન કરે,

પરંતુ બીકથી તે ચોર મટતો નથી. તેમ સ્નેહ વિનાની ભક્તિ લાંબો ટાઈમ ટકતી નથી. મહારાજના દર્શને મંદિરે જતાં હોઈએ ત્યારે ખૂબ જ નિકટથી વ્યક્તિને મળવા જતા હોઈએ અને જેવો આનંદ થાય તેથી પણ અધિક આનંદ થવો જોઈએ. કારણ કે મહારાજ મોક્ષના-કલ્યાણના દાતા છે. મહારાજની મૂર્તિ તો ચિંતામણી તુલ્ય છે. તમે જેટલો લાભ લેશો તેટલો લાભ મળશે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભૂદેવોનો ખૂબ જ મહિમા કહેલ છે. વચનામૃતમાં મહારાજ કહે છે, ચાર જણનો તો અમને પણ બહુ ડર લાગે છે. ભગવાન, ભગવાનના ભક્ત, બ્રાહ્મણ અને અતિગરીબ. બીજાનું પ્રાયશ્ચિત થાય, પરંતુ આ ચારમાંથી કોઈનો દ્રોહ થઈ જાય તો જીવ નાશ પામી જાય. આ ચારેયને એક જ સ્ટેજ ઉપર મૂક્યા છે. વચનામૃત મુજબ ઉત્સવનો ઉદ્દેશ યાદ રાખીએ. ઉત્સવના યોગે કરીને અંતકાળે કોઈપણ જીવાત્માને સંતો કે કથા એવું પણ કંઈ સાંભરી આવે તો એ જીવાત્માનો અંતકાળ સુધરી જાય. વચનામૃતમાં જીવને સૌથી અધિક પ્રાપ્તિ ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન રહે એ કહ્યું છે. પરંતુ આવી પ્રાપ્તિ, આવી સ્થિતિવાળાએ પણ ઉત્સવ સમૈયા યાદ રાખવા તો જીવનું ખૂબ રૂડું થાય છે.

ગોપાળાનંદ સ્વામીની વાતો અમને ખૂબ ગમે છે. મહારાજ જેવા છે તેવા ઓળખવા. મહારાજનો મહિમા યથાર્થ સમજવા, અન્યને સમજાવવા ગોપાળાનંદ સ્વામીની વાતોનું પારાયણ, મનન, વાંચન દરેકે અવશ્ય કરવું જોઈએ. ગોપાળાનંદ સ્વામીની શક્તિ જે છે એનું રહસ્ય એક જ છે કે એમની સ્વરૂપ નિષ્ઠા અતિ બળવાન હતી. એમની વાતો, ઉપદેશ વાંચીએ તો ખ્યાલ આવે કે તેઓએ વાક્યે વાક્યે સ્વરૂપનિષ્ઠાની વાત કરી છે. શ્રીજી મહારાજે પોતાના સ્વરૂપનું રહસ્ય ગોપાળાનંદ સ્વામીને કહ્યું, સ્વામી, આપણે શા માટે આવ્યા છીએ ? અમારું સ્વરૂપ ઓળખાવી સૌને અક્ષરધામમાં લઈ જવા છે. મહારાજે ગોપાળાનંદ સ્વામીને એકાંતમાં આ વાત કહેલી. સ્વરૂપનિષ્ઠામાં કાચપ રહી જાય તો મોક્ષમાં વિઘ્ન થાય. મહારાજ જેવા છે તેવા ઓળખજો અને અન્યને ઓળખાવજો. જે જે હરિભક્તો અહીં (ટોરડા) આવ્યા છે તે સર્વે દ્રઢ સંકલ્પ કરજો કે વર્ષમાં એકવાર ટોરડા દર્શને આવીશું. દુષ્કાળ પડે કે



અતિવૃષ્ટિ થાય તો પણ સમુદ્રના પાણીનું લેવલ ઘટતું વધતું નથી. તેમ મહારાજના મંદિરોના સ્થાનનો મિહમા એ જ છે, પરંતુ દર્શનથી તમારો મહિમા વધી જશે. માટે વર્ષમાં એકવાર આવવું.

વ્યસનથી શું થાય છે એ કહું તો ખૂદ ભગવાન (શ્રીકૃષ્ણ)નું કુળ વ્યસનથી નાશ પામ્યું. તો માણસના કુળની શી વાત કરવી ! ચા-કોફીની તો સંતો જ વ્યવસ્થા કરે છે, એટલે એ વ્યસન કહેવાય કે ન કહેવાય, પરંતુ એથી આગળ કંઈ વ્યસન હોય તો મૂકીને જજો. આવો અવસર ફરી નહીં મળે.

શ્રીજી મહારાજની સંબંધ પામેલી વસ્તુઓનો મહિમા છે. સ્વરૂપાનંદ સ્વામીને આત્મનિષ્ઠા હતી. તેઓને મંદવાડ આવ્યો ત્યારે આત્મનિષ્ઠા કામમાં ન આવી. મહારાજ જોવા પધાર્યા ત્યારે મહારાજે કહ્યું, તમે અમારા સંબંધ વાળી વસ્તુઓ યાદ કરો. આ પ્રસાદીનો લીંબડો, દરબારગઢ, લીલા ચરિત્રો વગેરે યાદ કરો, તો રોગથી, પીડાથી મુક્ત થશો, અને થયું પણ એમ જ. વચનામૃતમાં પણ મહારાજે મોક્ષમાર્ગમાં ધર્મમાં રહેવું, નામસ્મરણ, લીલાચરિત્રો ગાવા, સાંભળવા તથા ઉપાસના દ્રઢ રાખવી તેને મુખ્ય કહ્યું છે. આત્મનિષ્ઠા તો સમુદ્રમાં તુંબડું મુકીને સાગર પાર કરવા જઈએ તેના જેવું સાધન છે.

સુદર્શન ચક્ર, કલ્પવૃક્ષ, ચિંતામણિ બધું મહારાજે આ સત્સંગમાં મુક્યું છે. સુંદરજીભાઈ સુથારે એકવાર મહારાજને પૂછેલું. શ્રીકૃષ્ણ ભગવાને ભક્તોની રક્ષા કાજે એક સુદર્શન ચક્ર રાખ્યું હતું. તમે કેમ કંઈ રાખ્યું નથી ? ત્યારે મહારાજે એમ કહ્યું કે, અમે તો સુદર્શન ચક્ર દ્વારા અમારા ભક્તોની ૨૪ કલાક રક્ષા કરીએ છીએ. અમે આપેલ શિક્ષાપત્રી રૂપી સુદર્શન ચક્રના ૨૧૨ શ્લોક રૂપે ૨૧૨ દાંતા છે. તે પ્રમાણે વર્તશે તેનું અમે મૂર્તિમાં રહીને રક્ષણ કરીશું. મહારાજે બ્રહ્મચારીને સભામાં ઉભા થઈને બોલવાનો આગ્રહ કર્યો. બ્રહ્મચારીએ કહ્યું કે એક જ ભગવાન છે અને સ્વામિનારાયણ સિવાય કોઈ ભગવાન નથી. તેમની આજ્ઞા પાળવામાં સુખ છે. અને આજ્ઞા લોપવામાં દુઃખ છે. બ્રહ્મચારી આટલું બોલીને બેસી ગયા. હકીકતમાં બ્રહ્મચારીએ આટલામાં બધી વાત કહીં દીધી. આટલી વાત ઉપર પારાયણ થઈ શકે. એક સભામાં એક હરિભક્તને બોલવા ઉભા કર્યા. તે હરિભક્તનું એક વાક્ય

અમને બહુ ગમ્યું કે, 'ભલા થઈને બધા હખણાં રહેજો, તો કંઈ વાંધો નહીં આવે. હખણાં રહેવાનું શિક્ષાપત્રી શીખવાડે છે.'

રાજા ક્યાં રહે ? કોઈ પૂછે, આપણે કહીંએ કે રાજા રાજમહેલમાં રહે. મહેલ ક્યાં હોય ? શહેરમાં હોય, જંગલમાં ન હોય ! જે રાજધાનીનું શહેર હોય ત્યાં રાજા રહેછે. ભરતખંડના રાજા કોણ ? નરનારાયણદેવ ! ભરતખંડના રાજાની રાજધાની અમદાવાદ શહેર અને મહેલ કાલુપુર મંદિર. જ્યાં રાજધાની હોય ત્યાં બધા પ્રકારની કચેરીઓ હોય ! મહારાજને એક રાજા મળ્યા. મહારાજને કહે, અમે શામ, દામ, દંડ અને ભેદની નીતિથી રાજ્ય વહીવટ ચલાવીએ છીએ. તમે સત્સંગ કેવી રીતે ચલાવો છો ? મહારાજ કહે, અમે પણ શામ, દામ, દંડ અને ભેદની નીતિથી જ સત્સંગ ચલાવીએછીએ. રાજા કહે એ કઈ રીતે ? મહારાજ કહે જુઓ, સાંભળો. શામથી અમે લોકોમાં ભગવાનની વાતો કરીએ છીએ. ભગવાનના બળ વાળી વાતો કરીએ છીએ. દામને ઠેકાણે ભગવાનની મૂર્તિનો મહિમા કહીએ છીએ. ભેદ ! તો કહીંએ છીએ કે આ જગત ખોટી વસ્તુઓનું બનેલું નાશવંત સ્વપ્ન તુલ્ય છે. જગત એ ખુલ્લી આંખનું સ્વપ્ન છે. સાચું તો એકમાત્ર ભગવાનની શરણાગતિ છે અને દંડ ! તો અમે નિષ્કુળાનંદ સ્વામી પાસે યમદંડ લખાવ્યો છે. મર્યાદામાં ન વર્તે, આજ્ઞા ન પાળે તો તેને દંડ થાય છે. જે સ્થળે જે વાત કરવી ઘટે તે કરીને સત્સંગ ચલાવીએ છીએ.

કોઈ આપણા મંદિરે આવીને મનોમન વખાણ કરે કે કેટલું સુંદર મંદિર છે ! તો પણ તેનું રૂડું થાય છે. મંદિરમાં અંગત મતભેદો પગથિયે મૂકીને દાખલ થવું જોઈએ. પગના જોડા તેનું પ્રતિક છે. જોડા આપણે મંદિરના પગથિયે ઉતારીને મંદિરમાં પગ મૂકીએ છીએ. રાગદ્વેષ જોડાની સાથે બહાર છોડીને મંદિરમાં આવવું જોઈએ.

જે હરિભક્ત જે દેવના દેશમાં રહેતા હોય તે દેવના કોઠારમાં જ ધર્માદો જમા થાય. જેમ કે ગઢડા દેશમાં ગોપીનાથજી મહારાજના કોઠારમાં, અમદાવાદ દેશમાં નરનારાયણદેવના કોઠારમાં જ ધમાર્દો જમા થાય. મહારાજે બે ગાદી કરીછે. જો કોઈ ત્રીજી ગાદી કરે, નરનારાયણદેવનો દ્રોહ કરે તો આચાર્ય હોય, ત્યાગી હોય કે ભક્ત હોય તેનું કલ્યાણ ન થાય, અવગતિ થાય. દેવનો દ્રોહ થાય



એ તો મહારાજની જીભ ઉપગ પગ મૂકવાનો છે. આચાર્ય, સંત, ભક્ત, મહારાજનું કહ્યું પાળશે તો એ મહારાજના, ન પાળે તો મહારાજ કહે છે એ અમારા નથી. મન, કર્મ, વચને કરીને દેવનો દ્રોહ ન થાય એ ધ્યાન રાખવું. દિવ્ય સત્સંગ મળ્યો છે તો છેલ્લો જન્મ કરી લેવાનો છે.

યાદ રાખો ! વજન વધવા ન દેવું અને ભજન ઘટવા ન દેવું. નિત્ય સત્સંગ કરવો, ભજન કરવું. વચનામૃતમાં મહારાજ કહે છે કે, ભગવાનના ભજન આગળ ૧૪ લોકનું સુખ નર્ક સમાનછે. મહારાજ કહે, બે જ વસ્તુનો અમને આગ્રહ છે. ભજનનો અને ભક્તનો સત્સંગ રાખ્યાનો. કથા વાર્તા, ભજનની ક્યારેય તૃપ્તિ થતી નથી. ધૂનમાં એવી શક્તિ છે કે મહારાજને પોતાનો પ્રોગ્રામ ફેરવી નાંખવો પડે છે. કારણ કે મહારાજ ભક્ત અને ભક્તિના વશમાં છે. ધૂન એ શ્રેષ્ઠ સાધન છે. ધૂનમાં ધૂની થવું પડે. આગ્રહી થવું પડે, ગરજુ થવું પડે. ગરજુ થાય તેનો પાયો મજબુત થાય છે. જે નેતાઓ એ.સી.ની બહાર પગ ન મૂકે, તે ચૂંટણી ટાણે ગલીએ ગલીએ વોટ માટે ફરે છે. કારણ કે તેમને ખુરશીની, સત્તાની ગરજ હોય છે. આપણે મહારાજની અક્ષરધામની ખુરશીની ગરજ હોવી જોઈએ. મહારાજે આપણા કલ્યાણ માટે રસ્તો બહુ સરળ બનાવી દીધોછે. મહારાજે કલ્યાણનો સેલ ખોલ્યો છે. મહારાજે સત્સંગીને પણ એવી શક્તિ આપી છે કે સત્સંગીના પ્રસંગમાં આવશે એનું પણ કલ્યાણ થાશે. નંદસંતોમાં અવતાર જેટલું સામર્થ્ય હતું તો પણ મહારાજની પાછળ પાછળ ફરતા. આનંદાનંદ સ્વામી રાજપાટ છોડીને સાધુ બનેલા. કડુના કલ્યાણ પટેલ લગ્નનો મીંઢળ છોડીને અદ્‌ભૂતાનંદ સ્વામી બનેલા. આ બધાને મોક્ષનો ખપ હતો. ખપ ગરજુ બહુ મોટી વસ્તુછે. સત્સંગમાં ઘી, કેળા છે. સુખ, સુખને સુખ જ છે. નંદસંતો એમ કહેતા કે તપ-ઉપવાસ કરીને શરીરને ગાળી નાખે છતાં કલ્યાણ નથાય અને આ સત્સંગમાં હીંડોળામાં સુતા સુતા જલેબી ખાતા ખાતા કલ્યાણ થાય. જો આશ્રયની દ્રઢતા અને ઉપાસનાની શુદ્ધિ હોય તો ! લોકો કંકોત્રી લખે તેમાં તો શ્રીમાન્-શ્રીમતી એક શબ્દ ઉપર લીટી મારે, ૧ વ્યક્તિ લખે અથવા સામગટે લખે, તો પણ એમાં ઢોર-ઢાંખરનો સમાવેશ ન થાય. પરંતુ શ્રીજી મહારાજના આશ્રયનું બળ હોય તો મહારાજે તમારા કુટુંબ સહિત, તમારા પશુઓ, સ્નેહીઓ,

મિત્રો સર્વેના કલ્યાણનું સાગમટે નોંતરુ છે. આપણે ફક્ત શ્રીજીએ ચીંધેલા રાહ પર ચાલવાનું છે.

હનુમાનજી અમારા કુળદેવતા છે. હનુમાનજીમાં શક્તિ અને ભક્તિનો સમન્વય છે. શૂરવીરતા વિનાની ભક્તિ લાંબો સમય ટકી શકતી નથી. ભક્તિ વિનાની શક્તિ શોભતી નથી. અમારી પધરામણી બે પ્રકારની હોય છે. પહેલાં પ્રકારની પધરામણી સત્સંગીના ઘેર હોય છે. સત્સંગીને અમે કંઈ જ પૂછતા નથી. સત્સંગી સાથે આત્મબુદ્ધિ છે. સત્સંગી જ્યાં બેસાડે ત્યાં બેસવું બહુ ગળ્યું લાગે છે. કારણ કે એ પોતાનું છે. બીજા પ્રકારની પધરામણીમાં ઘણા લોકો પોતાના કુટુંબની, ધંધાની કીર્તિ વધારવા અમારી પધરામણી કરાવે છે. ત્યાં અમે અમારા પદની રૂએ જઈએ છીએ પરંતુ સંતોને પૂછીને જઈએ છીએ કે બેઠક વગેરે વ્યવસ્થા બરાબર છે ને ?

અયોધ્યાપ્રસાદજી મહારાજ વખતે જ્યારે આજના જેવી વાહનોની સગવડતા ન હોતી ત્યારે તેઓ હાથી, ઘોડા વગેરે રસાલા સાથે ૨ થી ૩ મહિને અયોધ્યા-છપૈયા પહોંચતા. એકવાર ચંબલખીણના બામરોલી ગામે વિસામો લીધો. અયોધ્યાપ્રસાદજી દાદા બહુ રાજી થયા. ગામમાં સુંદર મંદિર બન્યું. હરિભક્તોએ દાદા પાસે કલ્યાણનું વરદાન માંગ્યું. આજે પણ ગામમાં કોઈ દેહ છોડે છે ત્યારે અયોધ્યાપ્રસાદજી દાદા, મહારાજ સાથે હરિભક્તને તેડવા આવે છે.

જ્યારથી અમે સત્સંગની આ ગાદી ઉપર પદારૂઢ થયા છીએ ત્યારથી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન અને શ્રી નરનારાયણદેવનો જેવો મહિમા અમે સમજ્યા છીએ એવો મહિમા તમને બધાને સમજાવવા પ્રયત્ન કર્યો છે. પૂજન કે પ્રશંસા એ અમારું વ્યક્તિગત નથી, પરંતુ એ આચાર્ય પદનું પૂજન છે. અમે ભલે મહારાજની સ્થાપેલી આ ગાદી ઉપર બેઠા હોઈએ, પરંતુ મનથી તો તમારી બધાની વચ્ચે બેઠાં છીએ. પૂજન, ગૌરવ કે મહિમા એ શ્રીજી મહારાજે સ્થાપેલા આ પદનું છે. પરંતુ અમારું નથી એ વાતનું હંમેશા અમે ધ્યાન રાખીએ છીએ. હાલના કળિયુગના કલુષિત વાતાવરણમાં સાચા ગુરુ શોધવા મુશ્કેલ છે. કારણ કે હાલમાં ગુરુઓ વધી ગયા છે અને શિષ્યો ઘટી ગયા છે. ભગવાનનો મહિમા કહે, ભગવાન સાથે સંબંધ કરાવે



એ સાચા ગુરુ. પોતાનો મહિમા કહે એ સાચા ગુરુ ન કહેવાય.

અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ સર્વાવતારી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને આપણાં માટે કેટલો દાખડો કર્યો છે ! બધી સ્પષ્ટ વાત કરી દીધી છે. દેવ, આચાર્ય, સંત, શાસ્ત્રો કંઈ બાકી નથી રાખ્યું. આપણે ફક્ત આજ્ઞા પાળવાની છે. વચનનો ખટકો રાખવાનો છે. સત્સંગમાં શિસ્તની બહુ જરૂર છે. મહારાજે મુકુંદાનંદ બ્રહ્મચારી પાસે પાણી માંગ્યું. મુકુંદાનંદ બ્રહ્મચારી ઝડપથી વંડી કૂંદીને પાણી લેવા ગયા. વિચાર ન કર્યો કે મને વાગશે ! સત્સંગમાં એવી શિસ્ત ઝનુનની જરૂર પડે છે. ઝનુન વિવાદો માટે નહિ. પરંતુ આજ્ઞા પાળવા માટેનું ઝનુન જોઈએ ! સંતો, હરિભક્તોના આચાર્ય ભલે ગુરુ રહ્યાં પરંતુ મહારાજે અમને એ પણ આજ્ઞા કરી છે કે સંતોને આદર થકી માનજો. તમને સૌને અમારા પ્રત્યે આદર સ્નેહ છે, તેના કરતાં અનેક ઘણો પ્રેમ અમને તમારા પ્રત્યે છે. મહારાજે સત્સંગના નીતિ, નિયમો બંધારણ બધું જ વ્યવસ્થિત કર્યું છે.

ઘણાના કપાળ કોરા હોય છે. તિલક ચાંદલો પણ નથી કરતા. પછી વફાદારી નિષ્ઠાની વાતો ક્યાં કરવી ! બહુ વિચારવા જેવી વાત છે ! વિચારજો. આપણે તો ચાંદલો કરવો છે ને બીજાને કરતા કરવાના છે. મહારાજના સમયે દાહાખાચર દ્રઢ નિષ્ઠા અને નિશ્ચય વાળા ભક્ત હતા. તે સમયે પરોક્ષનો એક બાવો શિષ્યો વધારવાની ટેવ વાળો હતો. પેલો બાવો ફરતો ફરતો દાહાખાચર પાસે આવીને દાહાખાચરને કહે તમને કંઠી બાંધવી છે. દાહાખાચરે પગ લાંબો કર્યો. કહે તારી કંઠી મારા પગમાં બાંધી દે. મારા કંઠમાં તો સ્વામિનારાયણની કંઠી છે. ઝનુન વગરનો સત્સંગ કાચો પડે છે. ''આપણે તો સ્વામિનારાયણનું નામ લે એ બધા સરખાં.'' એવું ન ચાલે. દુનિયામાં મુસ્લિમ દેશો ઘણાંછે. ભારતને કોઈની સામે વાંધો નથી. પાકિસ્તાન સામે કેમ વાંધો છે ? ભૂતકાળમાં ભારતનો જ ભાગ હતો, ભારતથી છૂટુ પડ્યું છે એટલે ! એમ આપણને બીજા કોઈની સાથે વાંધો નથી. પરંતુ આપણાંથી જે જે જુદાં થયા છે તેની સાથે ગમે તેમ કરીએ તો પણ મેળ પડે નહીં. આપણા લોકો ત્યાં જાય અને જો ભૂલે ચૂકે ત્યાં પ્રસાદી લે, કોઈનું અન્ન પેટમાં જાય, કોઈનો દાણો પેટમાં પડે, તેનો બહુ પ્રભાવ હોય છે. એટલે એની

વાતો કરવા લાગે, ગુણગાવા લાગે. પ્રસાદ લેવામાં પણ બહુ ધ્યાન રાખવું જોઈએ. અમારે ત્યાં એવા ઘણા વિમુખો અન્નકૂટ વગેરેની પ્રસાદી આપવા આવે. અમે તેને દરવાજાની બહાર નંખાવી દઈએ. ઝનુન-કટ્ટરતા વાળાનો સત્સંગ શોભે છે. વચનામૃતમાં મહારાજે કહ્યું કે કોઈની છાયામાં દબાય ન જવું. સમદ્રષ્ટિ રાખવી એ માત્ર કહેવાની વાતો હોય છે. એ લોકો આપણા માટે ધાતક છે. માટે તેઓને ઓળખી રાખી તેનાથી ચેતતા રહેવું.

જો સુખી થવું હોય તો ફ્રીજ અને ઠાકોરજીનું સિંહાસન ચોખ્ખું રાખજો. જે ભક્તો નરનારાયણદેવ અને શ્રીજી મહારાજને જુદા જાણે છે એમણે શ્રીજી મહારાજને હજુ ઓળખ્યા જ નથી. ઘણા પરોક્ષના મહાન ધાર્મિક વ્યક્તિઓ તેમજ રાજપુરુષો પણ આવીને અમને કહે છે કે, આ નરનારાયણદેવનું એકવાર દર્શન થાય પછી એ મૂર્તિ હૃદયમાંથી નીકળતી નથી. તમોને જ્યારે ભય જેવું જણાય ત્યારે આ પ્રત્યક્ષ શ્રી નરનારાયણદેવને સંભારજો. કામ, ક્રોધ, લોભ વગેરે અંતઃશત્રુઓથી અંતઃકરણને જીર્ણ ન થવા દેતા. પાંચ વાર મુખેથી શ્રી સ્વામિનારાયણ બોલનારનું પણ કલ્યાણ થાય છે. શ્રીજી મહારાજને પોતાનું સર્વોપરીપણું, સર્વાવતારીપણું બતાવવું કે મંદિરમાં મધ્યમાં બિરાજમાન થવું બહુ રૂચતું નથી. તેમ છતાં આપણા આત્યંતિક કલ્યાણ માટે મહારાજ વચનામૃતમાં પણ ક્યાંક ક્યાંક પોતાનું સર્વોપરીપણું લાવ્યા છે. જેમ કે અમદાવાદનું સાતમું વચનામૃત, તેમ આ નારાયણઘાટના મંદિરમાં ઘનશ્યામ મહારાજ મધ્ય ઓરડામાં બિરાજમાન થયા છે. તેવી જ રીતે તમે સૌ પણ તમારા હૃદયમાં મહારાજને મધ્યમાં કેન્દ્ર સ્થાને જ બિરાજમાન રાખજો. ઘણાં લોકો અમોને પૂછે છે કે, તમારે કોઈ કુળ દેવી નથી ? અમે તેમને જવાબ આપીએ છીએ કે ભક્તિમાતા અમારા કુળદેવી છે. સારા ભક્ત બનવા માટે શ્રીજી મહારાજ પર દરેક વાતમાં સંપૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ જોઈએ.

વિદેશ ધર્મ પ્રચારાર્થે એક સમયે માર્ગમાં એક વિમાની મથકે સવારમાં એક અલાયદા હોલમાં એક કલાક સુધી સંતો સાથે નિત્ય પૂજા પાઠનો કાર્યક્રમ પૂરો કર્યો, ત્યાં સુધી તે હોલમાં અન્ય કોઈ વ્યક્તિ ફરકી જ નહિ. હોલની બહાર નીકળતા સાઈડમાં એક હોટલ પર દ્રષ્ટિ કરતા જણાયું કે લોકોની ભીડ બધી અહીંયા જ છે, ત્યારે વિચાર આવ્યો કે જગતમાં શા માટે



દુઃખ છે ! શરીરનું વજન અને મહારાજનું ભજન રોજ કરવું. વજન એટલા માટે કે શરીર સ્વાસ્થ્ય સારું હોય તો ભજન નિયમિત થઈ શકે. તેના માટે મહારાજે કેટલીક ચાવીઓ પણ આપી છે. જેમ કે વહેલા ઉઠવું. અમે જ્યારથી સત્સંગની ગાદી ઉપર બેઠા છીએ ત્યારથી આજ સુધી વજન એક સરખું જાળવી રાખ્યું છે. સાયકલ ચલાવતા સાઈકલના બે વ્હીલમાંથી એક વ્હીલમાં જો ખરાબી થાય તો સાઈકલ આગળ ચાલતી અટકી જાય. તેમ અક્ષરધામમાં પહોંચવા માટે આજ્ઞા અને ઉપાસના રૂપી બે પાંખો છે. જો એક પાંખ કપાય તો અક્ષરધામમાં પહોંચાય નહિ માટે મહારાજની આજ્ઞા ને ઉપાસના સર્વે દ્રઢ કરી રાખજો. કેવળ વર્ણાશ્રમ ધર્મથી જ કોઈનું કલ્યાણ થતું નથી. આપણા સવર્ણ લોકોને આપણે લારી, ગલ્લા, હોટલમાં જમવા જતાં રોકી શકતા ન હોઈએ, જ્ઞાતિએ અતિ શુદ્ર જો પંચવર્તમાન પાળવા તૈયાર હોય તો તેમને કલ્યાણમાંથી પાછો પાડવાનો આપણને ક્યો અધિકાર છે ? નરનારાયણદેવના દરબારમાં લાખો લોકો દર્શને આવે છે. આપણે ક્યાં કોઈને જ્ઞાતિ પૂછવા જઈએ છીએ. સત્સંગીની કોઈ નાત નથી. સત્સંગીએ જ હરિભક્તોની નાત છે.

અમારી દ્રષ્ટિએ સદ્‌બુદ્ધિ એજ આશીર્વાદ છે. શ્રીજી મહારાજ આપણને સૌને સદ્‌બુદ્ધિ આપે એ જ મોટા આશીર્વાદ છે. કુબુદ્ધિ એ મોટો શાપ છે ! આ શ્રી નરનારાયણદેવને ક્યારેય મુકશો નહિ. શ્રીજી મહારાજે સ્વયં બાથમાં લઈ આપણા સૌના કલ્યાણ માટે આ નરનારાયણદેવ પધરાવ્યા છે. અમારું સૂચન, આશીર્વાદ, આજ્ઞા કે અનુભવ જે ગણો તે આ નરનારાયણદેવને છોડીને ક્યાંય જવું નહિ. પરોક્ષના એક પુસ્તકમાં વાંચેલું કે પરોક્ષના ત્યાગી ગુરુઓએ પાળવાના નિયમો કરતા પણ સ્વામિનારાયણ સંપ્રદાયના ગૃહસ્થ આચાર્યના નિયમો અઘરા છે. એ નિયમો અમે પાળીએ તો જ પળાવી શકાય. આ પદ શ્રીજી મહારાજે અમને આપીને આપણી ઓળખાણ, આપણો સંબંધ શ્રીજી મહારાજે જોડી આપ્યો છે. આ સંબંધ કાયમનો છે. મહારાજે પોતાના કુટુંબને અહીં તેડાવીને, અમારું વતન, જન્મ સ્થળ છોડાવીને, દેહના સંબંધીને ગૌણ કરીને અમને સત્સંગમાં તમારી સૌની વચ્ચે મુકયાં છે. મહારાજે કહ્યું કે તમારે અમારું ધ્યાન રાખવું, આપણો સંબંધ અલૌકિક છે અને એ

અનંતકાળ સુધી જળવાઈ રહે એમાં જ શ્રીજી મહારાજનો રાજીપો રહેશે. મહારાજે સ્થાપેલી પરંપરાથી વિખુટા પડ્યાં અને ખોટા ગુરુને કર્યા, તો ક્યાંય પતો નહીં લાગે ! ૮૪ લાખ યોનીમાં ખોવાઈ જવાશે ! માટે જાગૃત રહેવું, ખટકો રાખવો. મહારાજે સ્થાપેલી પરંપરા, પ્રણાલિકા જેણે જેણે તોડી છે તે ખોવાઈ ગયા છે. શ્રીજી મહારાજના કોમ્પ્યુટરમાંથી એના નામ નીકળી ગયા છે. આપણે શ્રીજીમહારાજની માળાના મણકા બનવાનું છે. આજ્ઞા પાળવાનો ખટકો રાખીને શ્રીનરનારાયણદેવના થઈને કાયમ રહેવાનું છે.

અમે દ્રઢપણે માનીએ છીએ કે સત્સંગનું પ્લાનીંગ મહારાજ સ્વયં કરતા હોય છે. મૂળી મંદિરના પ્લાનીંગમાં મહારાજે રાત્રે બ્રહ્માનંદ સ્વામીને જગાડ્યા. હાથમાં સોનાની સોટી લઈને મંદિર નિર્માણની જગ્યા બતાવી આ પ્રમાણે પ્લાનીંગ કરો. પછી બ્રહ્માનંદ સ્વામીએ પાયો ફેરવ્યો. અમારું આ સ્થાન, અમારું આ પદ મહારાજે પોતે નિમેલું છે. તેથી આ પદ પર પોતાના સ્થાને નિયુક્તિ પણ પોતે કરે છે, એવું અમારું દ્રઢ પણે માનવું છે. અને જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય, તે મનુષ્યને તેવા કાર્યને વિશે પ્રેરવો. શિક્ષાપત્રીના આ શ્લોકનો અમલ પ્રથમ શ્રીજી મહારાજ જાતે કરે છે. જ્યારે જેની પાસેથી જેવું કામ લેવાની ઈચ્છા હોય ત્યારે મહારાજ તેને જે તે જગ્યાએ ગોઠવીને કામ લે છે અને તે પદ પર સખણા ન રહીએ તો મહારાજ બદલી પણ કરી નાખે છે.

નરનારાયણદેવના પાટોત્સવના દિવસે વિચારવાનું એ છે કે, નરનારાયણદેવ આપણાં અંતરમાં કેટલા ઉતર્યા ? નિષ્ઠામાં કેટલી કચાશ છે ? રાજા કેદીઓને છોડી મૂકે, પરંતુ દર વર્ષે ના છોડી મૂકે ! આપણે કેટલી જગ્યાએ ચોખા મુકીએ છીએ, માથા મુકીએ છીએ, બીજે એક દંડવત કરીએ એટલે નરનારાયણદેવ આગળ કરેલા ૧૦૦૦ દંડવત શૂન્ય થઈ જાય ! નિશ્ચયની પરિપક્વતાની ગાંઠ વાળીને નરનારાયણદેવની નિષ્ઠા, આત્મ સર્મપણની ભાવનાનો દ્રઢ સંકલ્પ કરવો અતિ જરૂરી છે. શ્રીજી મહારાજે કેટલા પ્રેમથી બધાને સાંભળ્યા છે ! મહારાજે બે વસ્તુ સાથે રાખી છે. એક ઉદારતા અને બીજું હિસાબીપણું. નરનારાયણદેવની નિષ્ઠા વધશે, તેટલો



સત્સંગમાં આપણો મહિમા વધી જશે.

મહારાજના દરેક ચરિત્રોનું ઉંડું હાર્દ હોય છે. મહારાજ છપૈયામાં પસાર થતા એટલે મલ્લો મહારાજની ઈર્ષ્યા કરતા. મહારાજે તેઓનું કંઈ બગાડ્યું ન હોય, છતાં નડવા આવતા. એટલે મહારાજ પછી એવા આસુરી તત્ત્વોને ઠેકાણે પાડતા. એમ આજે પણ અમે કોઈને નડતા ન હોઈએ, તે છતાં જેઓ ઈર્ષ્યા કરીને આપણને નડવા આવે છે, અવરોધ રૂપ થાય છે. ત્યારે મહારાજ એવો સંકેત આપે છે કે, એને અમે સંભાળી લઈશું. કચ્છમાં નંદ સંતો વિચરણ કરતા હતાં. એક નાના બાળકે સંતોની ખૂબ સારી સેવા કરી. સંતો રાજી થયા. સંતો બાળકને કહે, કંઈક માંગ ! બાળક ખૂબ હોશિયાર ! તેણે માગ્યું કે, ''તમને વહાલામાં વહાલી જે વસ્તુ હોય તે અમને આપો. સંતોને વહાલામાં વહાલા ભગવાન હોય. એટલે બાળકને ભગવાન આપ્યા. નિરાવરણ દ્રષ્ટિ આપી. ઘેર બેઠા મહારાજની લીલાઓને નિહાળી શકે. તે જ બાળક મોટો થયો અને સ.ગુ. અચ્યુતદાસ સ્વામી તરીકે સંત દીક્ષા લઈ સંપ્રદાયના વિરલ સંત બન્યા. અમારે પણ તમને સૌને કંઈક આપવું છે. અમારે એ આપવું છે કે, આજ સુધી અમે જેવા શ્રી નરનારાયણદેવને ઓળખ્યા છે એવા તમને સૌને ઓળખાવવા છે એ માટે અમે ઘેર ઘણાં કલાકો સમય કાઢીને મહારાજે શ્રી નરનારાયણદેવનો ક્યા વચનામૃતમાં કઈ રીતે ઉલ્લેખ કર્યો છે તે પેરેગ્રાફ અમે અમારા હસ્તાક્ષરમાં લખ્યા છે.

'વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ' એ નામની નાની પુસ્તિકા તૈયાર કરી છે. દરરોજ વાંચશો તો શ્રી નરનારાયણદેવનું દર્શન કરવાનો વિશેષ આનંદ આવશે. પ્રથમના ૪૮માં વચનામૃતમાં સત્સંગી માત્રને મહારાજે શ્રી નરનારાયણદેવને પૂજામાં રાખવાની આજ્ઞા કરી છે. એમાં દેશ વિભાગનું વિભાજન લાગું પડતું નથી. શ્રીજી મહારાજે શાસ્ત્રોના સાર રૂપ જેમ એક ગુટકો તૈયાર કરેલો તેમ અમે આ એક ગુટકો તૈયાર કરીને તમને સૌને ભેટ આપીએ છીએ. એ પુસ્તક સૌ વસાવજો, વાંચજો અને મનન કરજો.

મહારાજ કહે છે કે, અમે આ વખતે કંઈ કાચું રાખ્યું નથી. મહારાજની મરજી વિરૂદ્ધ ફોટા મુકતા હોય, સંપ્રદાયની આરતી, શાસ્ત્રો, ઉપાસનામાં ફેરફાર કરતા હોય, એ મહારાજ સાંખી લેવાના નથી. કલ્યાણ તો છેટું રહ્યું,

ઉલ્ટા મહારાજને કુરાજી કરેછે. એક યા બીજી રીતે તેઓ પર આપણે મહારાજનો કુરાજીપો જોઈએ છીએ. માટે આધ્યાત્મિક કેન્દ્ર ચોખ્ખું રાખવું, મહારાજે સો ટકા શુદ્ધ ઉપાસના માર્ગ આપ્યો છે. એ પ્રમાણે ચાલીશું તો આ જન્મે અને પછી પણ દિવ્ય સુખની પ્રાપ્તિ થશે. જ્યારે અમારી પ્રશંસા થતી હોય ત્યારે દેહે કરીને અમે અહીં બેઠા હોઈએ છીએ, પરંતુ મને કરીને સભામાં તમારી સૌની વચ્ચે ક્યાંક એક ખૂણામાં બેઠો હોઉં છું અને બેસીને આચાર્યપદની પ્રશંસા નિહાળું છું.''

પ.પૂ.મહારાજશ્રીના જન્મોત્સવની કે એવા અનુરૂપ પ્રસંગોની સભા હોય ત્યારે ત્યારે પૂ. મહારાજશ્રીએ સભાના આશીર્વાદ માંગેલા, એ તેઓશ્રીની મહાનતા દર્શાવે છે.

●

## ૨૪. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની અમૃતવાણી-આચમન :

પ.પૂ. મહારાજશ્રીના આશીર્વચનોમાં દ્રષ્ટાંત વાર્તાઓ ખૂબ જ ઉચ્ચ પ્રકારની હોય છે, જે કાયમ માટે યાદ રહી જાય તેવા પ્રકારની હોય છે. જેમાં ખૂબ ઉપદેશ સમાયેલો હોય છે, પરંતુ અહીં અમૃતવાણી ફક્ત સારરૂપે લખી હોવાથી તે દ્રષ્ટાંત વાર્તાઓ લખી નથી, તેમજ પૂ. મહારાજશ્રી જ્યારે પૂ. લાલજી મહારાજશ્રી તરીકે સત્સંગમાં વિચરણ કરતા તે સમયની અમૃતવાણીનો સાર પણ અત્રે પ્રસ્તુત છે.

હરિદ્વારથી ઋષિકેશ જતાં હતાં. ગંગા કિનારે ગંગા નદીમાં સ્નાન કરવાનું મન થયું. ઘાટ પર બહું ભીડ હોવાથી આગળ વધી બીજો ઘાટ શોધ્યો. ત્યાં પાંચ-સાત બાવા સ્નાન કરતા હતાં. થયું કે બાવા ભેગું વાંધો નહિ, ફાવશે. અમે સંતોની સાથે સ્નાન કર્યું. પછી અમે સંતોને કહ્યું. જુઓ, આ બાવાઓ ત્યાગી થયા. ઘર છોડ્યું. શા માટે ? ભગવાન મેળવવા. પરંતુ આ બાવાઓમાંથી કોઈ બાવો અત્યારે બીડી પીતો હતો. કોઈ ચરસનો વ્યસની હતો તો કોઈ ચલમ ફૂંકતો હતો. કોઈ પાણીમાં કમર ડૂબે તેમ ઉભો



રહી તપ કરતો હતો. પરંતુ કોઈને હજુ સુધી ભગવાન મળ્યા નથી અથવા ભગવાન મેળવવાનો માર્ગ સુદ્ધા પણ હજુ સુધી પ્રાપ્ત થયો નથી. જ્યારે આપણા ઉપર ભગવાને કેટલી કરુણા કરી કે સાંજ પડ્યે લાડવા ખાઈને સૂઈ જઈશું છતાં સવારે ઉઠીને નિત્ય ભગવાનનું દર્શન ! નિત્ય ભગવાન સમક્ષ ઉભા રહેવાનું ! પરોક્ષના મંદિરોમાં ઘણીવાર ખૂબ અભ્યાસ કરવા જેવો હોય છે. મુખ્ય દેરામાં જતાં જતાં વચ્ચે કેટલાક દેવ દેવીઓના ગોખલા આવે. દરેક જગ્યાએ પૂજારી બેઠો હોય, કહે કે, આ દેવ દેવીનો ખૂબ મહિમા છે. અહીં કંઈક મૂકો. બિચારા દર્શનાર્થીઓ પણ મુંઝાઈ જાય કે આમાં ક્યા દેવ મોટા ? જ્યારે આપણા મંદિરોમાં વચ્ચે કોઈ દેવ દેવી નહિ ! કોઈ ગોખલા નહિં ! સીધા જ ભગવાન સમક્ષ ઉભા રહો ! વચ્ચે કોઈ વચેટીયા નહિ !

અમરવેલ વડને વીંટળાય, એ વેલને મૂળીયા નથી હોતા, છતાં કાયમ લીલી ને લીલી જ રહે છે. કારણ કે એ વડને વીંટળાયેલી છે. તેમ ઘણાં લોકો સ્વામિનારાયણ નામથી ચરી ખાઈને કાયમ લીલા ને લીલા જ દેખાય. એક આવે ને બીજો જાય ! ભગવાન થવું કોને ન ગમે ! દરેક ખોટાનો દશકો વીસકો હોય ! અમરવેલની જેમ આ લોકોને મૂળયા નથી હોતા, મહારાજે સ્થાપેલા દેવ કે મહારાજે સ્થાપેલા આચાર્ય કે આચાર્ય થકી દીક્ષિત સંતો, આચાર્યશ્રીએ પ્રમાણિત કરેલા શાસ્ત્રો એમાનું કંઈ એમની પાસે છે ? અમરવેલના આધારે હીંચકો બાંધીને કોઈ હીંચકવા જાય તો ગોથાં ખાઈ જાય. ત્યારે વડની ડાળીએ હીંચકો બાંધીને મુક્ત મને હીંચકી શકાય !

મહારાજે કલ્યાણની વાત વહેતી કરી, ''વહેતી કીધી અક્ષરવાટ, પુરુષોત્તમ પ્રગટી રે........ '' આ રસ્તે ઉભા રહીએ એટલીવાર. મહારાજે બહુ સુવિધા કરી આપી. મહારાજે કરેલા બંધારણની અંદર જીવ રહે તો કંઈ કરવું પડે તેમ નથી. ગાંડા માણસ હોય, જગત જેને ગાંડા કહે, તેનું પણ અહીં કલ્યાણ થાય છે. સંસ્કૃત ભણ્યા ન હોય, શાસ્ત્રની વાત સાંભળી ન હોય તે પણ ભગવાનને ભગવાન જાણીને રહે તો તેને ભગવાન મળે છે. આપણે બહુ મોટા ભાગ્યસાળી છીએ. ભગવાને ત્રણ ગૂઢ સંકલ્પ કર્યા. તેમાં મંદિર કરી દેવ પધરાવવાની શરૂઆત મહારાજે અહીંથી કરી છે. સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવ પધરાવ્યા. એ આપણા ભાગે આવ્યું છે. એ

નરનારાયણદેવની સાનિધ્યમાં ત્યાર પછી હજારો, લાખો, અનંત મંદિરો થયા. તે મહારાજે આ મૂર્તિમાં રહીને કર્યાં. આપણને જે મળ્યું છે તે જગતમાં કોઈને નથી મળ્યું. ચર્મ ચક્ષુની ઉપર જો દિવ્ય ચક્ષુ હોય તો જોઈ શકાય કે આપણને જે પ્રાપ્ત થયું છે તે ભવ બ્રહ્માદિક દેવોને પણ થયું નથી. વ્રત, જપ, તપ, હોમ, હવન કરીને રાફડા થઈ જાય તો પણ ભગવાન મળે કે ન મળે ! આપણને તેનું અભિમાન-ગર્વ હોવું જોઈએ. કોઈ વ્યક્તિને કોઈ મોટા રાજકીય અધિકારી સાથે ઓળખાણ હોય તો તે પણ કોલર ઉંચો રાખીને ચાલતો હોય છે. તો આપણને તો અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ મળ્યા છે. જેના રોમ સુછિદ્રમાં અણુંસમા બ્રહ્માંડ કોટી ફરે.... આ બધી વાતો માત્ર નથી. લખાઈ ગયું છે. પૈસા આપવાથી પણ કોઈ ન લખે. નંદ સંતોએ અનુભવીને લખ્યું છે.

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ ...... કેટલા વિશેષણો ! નિર્વિકલ્પ, ઉત્તમ અને વળી અતિ. આ તો નિત્ય નિયમ બોલવામાં હરિભક્તો બહુ વધારે એટલે બધું ભુલી જવાય છે. કેવો નિશ્ચય તો જેનો કોઈ વિકલ્પ નથી. ઉત્તમ અતિ જેના પછી આગળ કંઈ નથી. આ નિશ્ચય ફક્ત શ્રવણ કરવા કે બોલવા માટે નથી. પરંતુ એ નિશ્ચય અંતરમાં દ્રઢપણે ઉતાર્યે જ છૂટકો થવાનો છે. નિશ્ચય પરીપકવ કરીને જ દેહ મૂકવો છે. જો કાચો હોય તો એટલી ખોડખાપણ કહેવાય. એટલી માંદગી ગણાય. પછી તેવી વ્યક્તિ ને ઈન્જેકશન આપવા પડે, બાટલા ચડાવવાની જરૂર પડે !

આવી દ્રઢતા હોય તો પણ આ બધુ કરતા જ રહેવાનું છે. નિત્ય નવી શ્રદ્ધા રાખવાની. વિશેષ દ્રઢતા થઈ કે નહિ તેનું પાટોત્સવના દિવસે સરવૈયું કાઢવાનું. હજારો મંદિરો છે. પાટોત્સવમાં ૩૬૫ દિવસ પૂરા થઈ જાય. પાટોત્સવમાં કોઈને જોયા વિના અંતર્દ્રષ્ટિ કરવાની કે ગઈકાલે સંતોમાં જે પ્રીતિ હતી, ભગવાન અને ભક્તોમાં જે પ્રેમ હતો તેમાં વધારો થયો છે કે નહિ ? આસ્થા, શ્રધ્ધા, પ્રીતિ પ્રથમ કરતા ઘટ્યું હોય તો પાના ફાડવા પડે, તેને હજુ ઈન્જેકશન ગોળીઓની જરૂર છે. દેવ અને આચાર્યના થઈને રહેવુંએ પ્રણાલિકા છે. નોખા કોણ પાડે છે ? તમો જો દેવના થઈને રહેશો તો આચાર્ય તમારા થઈને રહેશે. તમો જો દેવના થઈને રહેશો તો અમે તમારા



છીએ, ગરીબમાં ગરીબ હરિભક્ત હોય, ઝૂંપડી હોય તોપણ અમે હા પાડીશું. દેવનો ન હોય તો અમારી જવાબદારી નહિ.

જીવન પર્યંત ધર્માદો દસમો વીસમો ભાગ ક્ષમતા પ્રમાણે દેવના કોઠારમાં જમા કરાવવો. આવક પડોશી પાસે છૂપાવી શકાય છે. મહારાજ પાસે છૂપાવી શકાતી નથી. ધર્માદો દેવને જ આપવો. તે અધિકાર માત્ર દેવનો જ છે. મોટી કંપનીના શેરમાં પૈસાની ફાળવણી કરી હોય તો વિશેષ લાભ થાય. ભગવાન માટે ધર્માદો કાઢીએ તો પછી તેની પ્રાપ્તિ માટે શું કહેવાનું હોય ? દેવની સાક્ષીએ કહું છું કે સુખી થવું હોય તો દેશ વિભાગ પ્રમાણે ધર્માદો માત્ર નરનારાયણદેવના કોઠારમાં તથા લક્ષ્મીનારાયણદેવના કોઠારમાં જ જમા કરાવવો, ત્રીજી જગ્યાએ નહિ.

નટ દોરડા ઉપર ચાલે છે. જગતની દ્રષ્ટિ નટ ઉપર હોય છે. પરંતુ નટની દ્રષ્ટિ જગત ઉપર નથી હોતી. લોકો નટને જુએ છે. તાળીઓ પાડે છે. પરંતુ નટ શેને જુએ છે ? નટ તો માત્ર રાંઢવું જુએ છે. રાંઢવા ઉપરથી તેની દ્રષ્ટિ ખસે તો પડે. જગતની અંદર જેને ભગવાન મળ્યા છે તેની દ્રષ્ટિ ભગવાન સિવાય ક્યાંય જતી નથી. ભગવાનનો ભક્ત દુનિયામાં રહે છે. પણ ભગવાનનું સુખ સતત લેતો રહે છે. ભગવાન મળ્યા છે તેનું સતત ધ્યાન પણું રાખવું. જગતના વાયરામાં ભગવાનને ભૂલી ન જઈએ. ભગવાન ન મળ્યા હોત તો જીવની શી દશા હોત ? ભગવાન મળ્યા તો ચાલતા, બેસતા, ઉઠતા, બોલતા, સાંભળતા, દેખતા, જમતા વગેરે શીખવાડ્યું. આ વાત બહુ સામાન્ય લાગે પરંતુ સાચા અર્થમાં ક્યાં બેસવું ? શું જોવું ? શું બોલવું ? શું સાંભળવું ? કેવી રીતે જમવું ? તેની દ્રષ્ટિ, તેની શિસ્ત, તેની સમજણ સ્વામિનારાયણ ભગવાને આપી છે એ અગત્યનું છે. જગતના વાયરામાં મન સતત વિક્ષેપ અનુભવે છે. મનની આ સામાન્ય સહજ સ્થિતિ છે. એટલે મહારાજે કહ્યું, સતત જાગ્રત અવસ્થા, જાણપણું લાવવું. ભગવાનનો મહિમા, ભગવાનની મોટપ સતત આપતા રહેવું પડે છે તો જ ભગવાનનો મહિમા યથાર્થ સમજાય.

બધું મળ્યું, પણ ભગવાન ભૂલાય તો ? સંસ્કાર ચાલ્યા જાય. નદીની પેલે પાર બહુ મોટા બંગલા છે. બંગલા એના એજ રહે છે. પરંતુ તેમાં રહેનાર ફરતા રહે છે. એકાદ બે પેઢી ચાલે. પછી માલિક બદલાઈ જાય છે. કારણ

કે તેઓએ ભગવાન રાખ્યા નથી. જો ભગવાન રાખ્યા હોત તો બધુ સુરક્ષિત રહેત. આડુ-અવળુ કરીને અનીતિથી પૈસા ભેગા કર્યા હોય તો એ પૈસા સુખ આપતા નથી. મહારાજની આજ્ઞામાં રહીએ, આશરો રાખીએ. પ્રયત્ન કરીને ટાઈમ કાઢીને દિવસે ગમે ત્યારે દર્શન કરીએ.દીકારા-દીકરીમાં પણ દર્શન કરવાના સંસ્કાર પડશે તો કુટુંબ સુખી રહેશે. બીજાને પણ મંદિર લાવીએ. તેનાથી તે જીવનું પણ કલ્યાણ થશે અને મહારાજ તમારા ઉપર રાજી થશે. આ સત્સંગ આપણો છે. મંદિરોમાં પોતાપણાની ભાવના રાખવી. સત્સંગીની કેવળ માળા ફેરવવાથી જ ફરજ પુરી થઈ જતી નથી. પરંતુ જે વિસ્તાર સત્સંગના સુખથી રહિત છે. ત્યાં ૫૦-૫૦ હરિભક્તોએ ભેગા થઈને જવું જોઈએ અને મુમુક્ષુ આત્માઓને સત્સંગ તરફ વાળવા જોઈએ. સત્સંગ કરાવવો એ અમારી અને સંતોની ફરજ ઉપરાંત હરિભક્તોની પણ ફરજ છે.

શાસ્ત્રોની અંદર હનુમાનજી મહારાજને **बुद्धिमताम् वरिष्टम्** એવી રીતે સંબોધન કરેલું છે. જગતમાં કહેવાતી બુદ્ધિ ઘણા પાસે હોય છે. પરંતુ જો ભગવાનને અર્થે ન વપરાય તો એ બુદ્ધિ કામ લાગતી નથી. એ જ બુદ્ધિ, એ જ જીવન શ્રેષ્ઠ છે જે ભગવાનને અર્થે કામ લાગે છે. ભગવાનમાં જેટલી પ્રીતિ થાય એટલા ભગવાન રહેશે. ભગવાનને લાવવા મહેનત ન કરવી પડે. ભગવાન પોતે આવે છે. હનુમાનજી મહારાજ જો અખંડ ભગવાનને ધારીને સેવામાં રહે છે, તો ભગવાનને આવવું પડ્યું છે. આપણું ભજન, ભક્તિ, સેવા યથાર્થ હોય, કોઈ કોમ્પલીકેશન ન હોય તો મહારાજને આવવું પડે છે. મહારાજમાં જેટલો પ્રેમ, જેટલી પ્રીતિ, જેટલી ઓળખ, એ જ જીવનની સાર્થકતા છે. એ જ આપણું ધન, સંપત્તિ છે. વચનામૃતમાં મોટા યોગાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યુ કે, હે મહારાજ ! બેસીએ છીએ તો આપની સામે, ભગવાનને વિશે નિષ્ઠા છે, પ્રીતિ છે છતાં સાંભળવામાં મન લાગતું નથી. તેનું શું કારણ છે ? મહારાજ કહે, ભગવાન જેવા છે તેવી ઓળખાણ નથી. માટે મન ચોટતું નથી. જગતના પદાર્થમાં મન ચોંટી જાય છે. ભગવાનની ઓળખાણ થઈ હોય તો જગતના પદાર્થ આડા ન આવે. હનુમાનજીએ કાયમી ભગવાનની સેવા કરી છે. જેટલા અવતારો થયાં, તે બધાની સેવા કરી છે. હનુમાનજી સેવક છે. ભગવાનની સેવામાં કાયમ તત્પર



છે. માટે બેસતા નથી. સેવાની રાહ જુએ છે. આપણે શીખવાનું એ છે કે, મન કર્મ, વચને મહારાજના થઈએ. ભગવાનની સેવા, પ્રસન્નતા કઈ રીતે પ્રાપ્ત થાય એ શીખવાનું છે. એ જ મૂડી છે. સંપત્તિછે. ધન છે, બેંક બેલન્સ છે. એ જ આપણા લોકરો છે. જેટલું ભગવાનને  અર્થે થાય, સાચી નિષ્ઠાથી થશે, એટલું કામ આગળ વધશે. ભગવાનની ભજન ભક્તિ આગળ રાખજો. જેટલું પૂજન, અર્ચન સેવા વગેરે મહારાજનું થશે. એટલું મહારાજ આપણું ધ્યાન રાખશે. જગતમાં ટોપલો બાંધીને કોઈ ઉપર લઈ નથી ગયું. બધા ભાગદોડ કરે છે. ટ્રાવેલીંગમાં એકવાર એરપોર્ટ પર બેઠા. ત્રણ-ચાર કલાક કાઢવાના હતા. ત્યારે જોયું તો કોઈને શાંતિ નથી. આ કોઈનું નથી ! ધર્મશાળા છે !! કોઈ નથી ટકતા. સત્તાનો કાયમ અંત આવે છે. ભગવાન કાયમ છે. આટલું જ સત્ય છે. પોટલા બાંધીને મહેનત કરીને મરી જાય તો પણ કંઈ નહીં વળે ! ભગવાન મળ્યા, સત્સંગ મળ્યો. એ મૂડી જાળવી રાખવી. સત્સંગથી સદ્‌વિચાર, સંસ્કાર આવે છે. માટે સત્સંગ વધારવો. કુટુંબ, સમાજ, દીકરા, દીકરીઓની અંદર સત્સંગ રેડવો તો બધા સુખી રહે છે. ભગવાનની ઓળખાણથી જ સુખી થવાય છે.

મહારાજે વચનામૃતની શરૂઆત કરી, એમાં મહારાજે કહ્યું કે, અઘરામાં અઘરી વસ્તુ કઈ ? ભગવાનની મૂર્તિનું અંતરમાં સતત સ્મરણ રાખવું, ભગવાનની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી. તેનાથી કોઈ મોટું કઠણ સાધન નથી. અને તેનાથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી. બીજું બધું થાય છે. બાપા, દીકરા, દીકરી, બહેન, ફોઈ, માસા, મામા વગેરે વગેરે. પરંતુ ભગવાન સાથે જીવ જોડાતો નથી. મનુષ્ય જન્મ મળ્યો છે. તો આ જન્મે જ દેહનું ભાન ભૂલીને જીવનું કલ્યાણ થાય એવું કરજો. આપણા મોટા ભાગ્ય છે. સત્સંગની અંદર આંખ ઉઘાડીને રહે તો છતાં દેહે ભગવાનનું સુખ, ભગવાનના ધામના સુખની પ્રતીતિ થશે. મહારાજની મૂર્તિ ચિંતામણી તુલ્ય છે. જે જે ચિંતવે તેવી પ્રાપ્તિ થાય છે. કેવું ચિંતવન કરવું એ આપણા હાથમાં છે. ઈન્દ્રિય, અંતઃકરણ, મન એ સીધે સીધા સારા સંકલ્પ નથી કરતું. આ દિવ્ય સત્સંગમાં જે જેવો ભાવ લઈને આવે છે તેને તેવું સારું નરસું ફળ પ્રાપ્ત થાય છે. સારો સંકલ્પ અનહદ સુખ આપે છે. ખરાબ સંકલ્પ કરવાવાળો દુઃખી થાય છે. કોઈને એમ

થાય કે આ સત્સંગમાં તો આવું છે ને તેવું છે, પડવા જેવું નથી. તો તેને એવું રહે છે. ભગવાન સુધી પહોંચવા સત્સંગ કરવો. ભક્તિ કરવી એ વ્યક્તિગત છે. સત્સંગના ભીડામાં રહેવાથી નબળું અંગ મજબૂત થાય છે. કોઈને માળા કરતા જોઈએ, ભજન કરતા જોઈએ, સેવા કરતા જોઈએ, એટલે આપણને પણ તેવી સેવા ભક્તિ કરવાનું મન વધે છે. મહારાજે શાસ્ત્રો આપ્યા, નરનારાયણદેવ આપ્યા, મંદિરો આપ્યા, આવો સત્સંગ આપ્યો છતાં હવે આપણે નબળા રહીએ તો ઉણપ આપણી છે. મહારાજની નથી. બાપ છોકરાનું પ્રથમ ધ્યાન રાખે, પછી મોટા થાય એટલે છૂટો મૂકી દે. પછી દીકરાએ બાપનું ધ્યાન રાખવાનું હોય છે. એમ મહારાજે આપણું ધ્યાન રાખવામાં કંઈ બાકી નથી રાખ્યું. દાતણ કેમ કરવું એવું પણ શીખવાડ્યું. હવે આપણે મહારાજનું ધ્યાન રાખવાનું છે. હવે જવાબદારી આપણી થાય છે. હર હમેશ ભગવાન પ્રત્યે ધ્યાન રાખવું. અહોપણું દિવ્યપણું રાખવું. આ મૂર્તિ (મંદિરની મૂર્તિ) અને ધામની મૂર્તિમાં ફેર જાણે તેને સતસંગ થયો જ નથી. મંદિરની મૂર્તિમાં ઓછપ જણાય, ફેર જણાય, જૂદાપણું જણાય તેને સત્સંગ ઉગતો નથી. હિણપ રહ્યાં કરે છે. મૂર્તિ એ ધામનું સ્વરૂપ છે. એમાં કાંઈ ફેર નથી. એવું જાણીને દર્શન વગેરે કરે તો તેનું જીવન સાર્થક છે. દેહ જ્યારે જાગૃત થાય ત્યારે તેમાં રહેલો જીવ પણ જાગૃત થાય છે. દેહને જેમ ભોજનની જરૂર પડે છે. તેમ જીવને પણ ભજનની જરૂર પડે છે. ભજન જીવનો ખોરાક છે. દેહ સાથે આત્માને જગાડી લક્ષ સાધવું. દેહ તથા જીવને પોતપોતાનો ખોરાક ન મળે તો બન્ને દુર્બળ થાય છે. તીરથ કરવું, ટપકા કરવા કે નાચવું તે માત્ર જો શરીરથી જ થાય તો આડંબર બને છે, દંભ બને છે. ષષ્ઠીપૂર્તિ હોય કે શતામૃત મહોત્સવ હોય, રજત-સુવર્ણ જયંતી હોય કે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ હોય એ ઉત્સવો કરવાની માણસની તાકાત નથી. સંશોધન કરો, કોણ કરે છે આ ઉત્સવો ? મહારાજ આવા ઉત્સવોમાં સાક્ષાત્ હાજર રહી આપણને માર્ગદર્શન પુરુ પાડે છે. મહારાજ પોતે પોતાના ઉત્સવોનું તથા હરિભક્તોનું ધ્યાન રાખવા સાક્ષાત્ હાજર રહેતા હોય તો મૂર્તિમાં કેમ ન હોય !! માટે ભજન, ભક્તિ, સ્મરણ કરીને મહારાજને રાજી કરી લેવા. મહેનત કરીએ તો મહારાજ પ્રસન્ન થાય. લાખ વર્ષે કે કરોડ જન્મે પણ આવી



સમજણ કેળવ્યા વિના છૂટકો નથી. તો હવે શું કરવા ગોથા ખાવા ? હરહંમેશ નરનારાયણદેવના આશ્રયમાં રહી જીવનું કલ્યાણ કરીએ.

સંતોની વાતોમાં આ વાત આવે છે. લૂંટફાટ, મારફાટ વગેરે જેનો ધંધો હતો. તે એકવાર તલવારની ધાર કઢાવવા ગયો. ધાર કઢાવવા ચાર આના આપ્યા. મનમાં થયું કે લાવ તપાસ કરી લઉં કે ધાર બરાબર છે કે નહિ. બહાર નીકળ્યો. અમુક કોમના લોકો સામા મળ્યા. ચાર-પાંચ માણસોના ગળા ફટાફટ કાપી નાખ્યા ! ફક્ત તલવારની ધાર ચેક કરવા ! આવો માણસ મહારાજના જોગમાં આવ્યો. દર્શન કર્યા. સત્સંગી થયો. નામ એનું વીરા ભગત. પછી એક સમયે મહારાજે વીરા ભગતને કહ્યું, દાતણ કરવા કોઈના ખેતરમાંથી બાવળનું દાતણ લઈ આવો. વીરા ભગતે દાતણ કાપી ધોઈ સાફ કરી મહારાજને અર્પણ કર્યું. મહારાજે કહ્યું ભગત ! દાતણ ક્યાંથી લાવ્યા ? ખેતરમાંથી સારું કુણુ જોઈ આપના માટે લાવ્યો છું. ખેતરમાં વાડ હશે ને ? તેના માલિકને પૂછયું ? આખી જીંદગી પૂછ્યા વિના જ મારી લાવ્યા હોય પછી પૂછવાનું ક્યાં રહ્યું ? જાવ પૂછી આવો, ભગત ગામમાં ગયા. ખેતર માલિકને શોધી હાથ જોડીને કહ્યું. તમારા ખેતરમાંથી બાવળનું દાતણ કાપીને લઈ ગયો છું. ખેતર માલિક કહે, તમે કોણ છો ? આ તો કિંમત વિનાની વાત છે. આવા કામમાં શું પૂછવાનું હોય ? ભગતે નામ દીધું. ખેતર માલિક ધ્રુજવા માંડ્યો ! કારણ કે એનું નામ હતું ! ધાક હતીં ! ખેતર જોઈએ તો લઈ જાવ પણ મારો જીવ છોડો. ભગતે તો દંડવત કર્યા. માફી માંગી કહે આ ભૂલ થઈ ગઈ. હું તો માફી માંગવા આવ્યો છું. જે બે-ચાર કે આઠ આના માટે લોકોના ગળા કાપતો ! કેવો ભયંકર સ્વભાવ હતો. કેવી કરુણા કરી મહારાજે, કે આવો સ્વભાવ પરિવર્તિત કરી દીધો ! એ માણસનો જીવ બળિયો કહેવાય ! મહારાજ તો ચમત્કાર કરે એ બહુ મોટી વાત નથી, કારણ કે એ તો ભગવાન કહેવાય ! અનેક જગતની ઉત્પત્તિ, સ્થિતિ, લય કરે ! મોટો ચમત્કાર તો ભગતનો કહેવાય કે ભગવાનના બળે કરીને સ્વભાવ પરિવર્તિત કરવાની આવી ક્ષમતા આવી. સ્વભાવને પરિવર્તિત કરવા અઘરા છે. કોણ કરી શકે ? જે સાચો શૂરવીર હોય, મર્દાનગી હોય, તાકાત હોય, સત્સંગ માટે ઘસાવાની, ટુક ટુક થઈ જવાની તૈયારી હોય તેને સાચો ભગત કહેવાય.

એ તો હવે ક્રેડિટ થઈ છે. કંઠી, તિલક ચાંદલો જોઈને તમને કોઈ ઉધાર આપવા તૈયાર થઈ જાય. બાકી પહેલાં તો આપણે જેના ગાણા ગાઈએ છીએ તે સંતોને ગામની બહાર કાઢી મૂકતા. ગાળો બોલતા, ઢેખાળા મારતા, બાવાઓ આપણા સંતોના નાક કાન કાપવા તૈયાર થયેલા. છતાં નંદસંતોએ સહન કર્યું. પરિશ્રમ કર્યો છે. ત્યારે આટલી ક્રેડિટ થઈ છે. ત્યારે આપણે અત્યારે સુખી છીએ. આવું ધ્યાન રાખવું. જાણપણું રાખવાનું છે. તો જ આનંદ આવે. મોકો મળ્યો છે ! આવા ઉત્સવ મળ્યા છે. એનો ગર્વ હોય, સભાનાવસ્થા હોય ત્યારે અતિશય ભાવ થાય છે. શાકોત્સવ હોય કે ધનુર્માસ, આવા ઉત્સવોમાં વિશેષ કરીને સત્સંગની સેવા થાય. કેવળ ધનથી નહિ. માળા કરીએ કે ભજન કરીએ એ કેવળ પોતાના કલ્યાણ માટે કરીએ છીએ. એમાં આપણે કોઈના ઉપર ઉપકાર કરી દેતા નથી. ધનુર્માસની વહેલી સવારે ધૂન કરીએ, કોના માટે ? ભગવાન માટે ? સંતો માટે ? અમારા માટે ? કુટુંબના સભ્યો માટે ? ના, એ તો ફક્ત આપણી પોતાની મૂડી છે. જીવના કલ્યાણની વાત છે, ખપ છે, ધામમાં જવું છે તો આટલું કરવું જ પડે. શરીર તથા કુટુંબના નિર્વાહ માટે સાંજ સુધી કુટાવું જ પડે છે. બુદ્ધિ અને અંતઃકરણ પવિત્ર રાખવા માટે ભજન કરવું જ પડે. નહીં તો બધુ ભ્રષ્ટ થઈ જાય. ભગવાનની અનેક જીવોને ઓળખાણ કરાવવી એ માત્ર અમારી અને સંતોની ફરજ નથી, બધાની એ ફરજ છે. અનેક જીવોને સત્સંગ કરાવવાનો ખટકો રાખીએ. મહારાજને તો મનવારુ ભરી ભરીને જીવોને ધામમાં લઈ જવા છે. સુરાખાચરને કેટલી ધગશ હતી ! કાઠીયાવાડી જોડા પહેરેલા. ડોસી છાણા થાપતી હતી. તેને કહ્યું ડોસી સ્વામિનારાયણ બોલ ! પણ ડોસી સ્વામિનારાયણ બોલે તેમ નહોતી ! સુરાખાચરે આગળના દિવસના થાપેલા છાણા પર પગ મૂકીને છાણા બધા ભાંગી નાંખ્યા. ડોસી ખીજાણી કહે, મુઆ તારા સ્વામિનારાયણ ! મારા રોયા ! મારા છાણાં ભાંગતા શરમ ન આવી ? સુરાખાચર કહે, બસ મારું કામ થઈ ગયું. તું મુખેથી સ્વામિનારાયણ બોલીને ! મહારાજ કહે, સુરાખાચર ! ડોસીનું કલ્યાણ આ સંતોની સાથે કરીશું જાવ ! સુરાખાચર તો કૂદવા લાગ્યા.



આપણે શાકોત્સવ કરીએ છીએ. તેમાં ફક્ત સત્સંગીઓ જમવા નથી આવતા. બિન સત્સંગીઓ પણ ઘણાં પ્રસાદી લેવા આવે છે. તેને થોડો પણ સત્સંગનો ગુણ આવે તેના માટે જ ઉત્સવો હોય છે. શાકોત્સવની પ્રસાદી પેટમાં પડે તો કોઈ દિવસ એ બોલશે કે સ્વામિનારાયણ મંદિરના શાકોત્સવમાં રીંગણાનું શાક બહુ સ્વાદિષ્ટ હતું, કે કઢી બહુ સારી હતી, કે રોટલો અથવા છાશ બહુ સારી હતી. કોઈક દહાડો બોલશે. પછી મહારાજ યાદ આવે. મૂર્તિ યાદ આવે તો ધામમાં જવાય. બધું યાદ આવે પણ ભગવાન યાદ ન આવે, અંતકાળે મકાન, દુકાન પેઢી જમા ઉધાર યાદ આવે તો તકલીફ પડે. માટે આપણે આવા ઉત્સવો વારંવાર કરીએ છીએ, તે ભગવાનને યાદ કરવા કરીએ છીએ. પછી તકલીફ ન પડે. સૌ સત્સંગમાં દિવ્ય ભાવ લાવી, અહર્નિશ સમજણ પૂર્વક રહીએ.

અડધો ગ્લાસ પાણીનો ભરેલો હોય તો ગુણગ્રાહી દ્રષ્ટિવાળાને અડધો ભરેલો દેખાય જ્યારે એજ ગ્લાસ બીજાને અડધો ખાલી જણાય. સભામાં લીલા ચરિત્રો સાંભળીએ, સંતો વાત કરતા હોય, આપણને સાંભળવાની ટેવ પડી ગઈ છે. બહુ ઝીણવટથી ભગવાનની વાત ઉતારીએ તો એક જ વાતમાં જીવનનું રહસ્ય, નિચોડ આવી જાય છે. વચનામૃતનું એક વાક્ય પણ જો જીવનમાં ઉતરી જાય તો ડાફોળિયા મારવાનું બંધ થઈ જાય. વાતને ઝીણવટથી સાંભળી હોય તો ! વાંચી નાંખવાની ટેવથી વાંચી લઈએ તો વાંચવાનું પુરું થઈ જાય, પણ તેનો અર્થ સરતો નથી. સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાત જ્યારે જીવનમાં ઉતરે ત્યારે આગળ અધ્યાત્મ કે ફિલોસોફીની વાતની બહુ જરૂર રહેતી નથી. નિર્માનીપણાનું પણ માન ના રાખવું. બહુ વિચારવા જેવી વાત છે. સીધો કે ફેરવીને કાન ન પકડવો. આપણને સત્સંગમાં જીવન જીવવા માટે મહારાજે શું નથી આપ્યું ? મહારાજે કોઈ વસ્તુ બાકી નથી રાખી ! એવું કંઈ નથી જે મહારાજે આપણને નથી આપ્યું ! એક એક શ્વાસ, એક એક રક્તનો કણ નરનારાયણદેવને આભારી છે ! એ છે તો આપણું કલ્યાણ છે ! એ મૂર્તિ નથી. સાક્ષાત્ મહારાજ છે ! તેમાં રહીને મહારાજ જીવનું શ્રેય કરે છે. મોક્ષ કરે છે. અદ્‌ભૂત આપણને આ પ્રાપ્તિ મળી છે ! જેને ભગવાનનો અનુભવ થયો છે તેની મસ્તી અનેરી હોય છે. આપણને જે મળ્યું

છે તેનો ક્યારેક ક્યારેક સ્વાદ લઈ લેવો. સમય મળે ત્યારે ભગવાનનું ભજન, ભક્તિ, કંઈ ન આવડે તો બે ઘડી ભગવાનની સામે બેસી દર્શનનું સુખ લઈ લેવું. કારણ આ તો પૂર્વે ક્યારેય આવ્યા નથી અને હવે ક્યારેય આવવાના નથી ! હરિદ્વારમાં એક લાખ મનુષ્યો યોગાસન કરતા હતા. આપણે અહીં ભલે બહુ નથી, પરંતુ જેટલા હોય તેટલા સાચા ભક્ત બનવાનો પ્રયત્ન કરવાનો છે. એકટર લાવીને, વાંજિત્ર કરીને, શો કરીને, માણસો ભેગા થઈ શકે. ઘણા કહેવા આવે છે. કંઈ સેવા હોય તો, કંઈ પ્રોગ્રામ કરવો હોય તો કહેજો. શું કામ ? અહીં તો ભગવાનનું સુખ માણવાની દુકાન છે. પૈસાની કિંમત નથી. ભગવાનનું નામ લો અને બીજાને આપવાનું પણ એ જ છે. ગમે તેવા ત્રિવિધ અંદર બહારના તાપ હોય, બહારનો તાપ તો વધુમાં વધુ ૪૭° સે. સુધી જાય. પંરતુ અંદરના તાપે તો થર્મોમીટર પણ ઉડી જાય ! બહારનો તાપ ચામડી બાળે, અંદરનો તાપ હૈયા બાળે ! ટાઢક પહોંચાડનાર માત્ર મહારાજ છે. નરનારાયણદેવ મહારાજે આપ્યા છે. નરનારાયણદેવની સામે હાથ જોડી ઉભા રહો ! કોઈની તાકાત નથી કે અનુભૂતિ ન થઈ એમ બોલે ! નરનારાયણદેવ હરહંમેશ તપ કરીને પોતાના આશ્રિતોને આપે છે. આપણા ભાગ્ય છે. તમો અને હું સુખિયા થઈએ તેના માટે નરનારાયણદેવ આટલું કષ્ટ વેઠે છે. આપણે મહારાજના, નરનારાયણદેવના થઈને રહીએ. વંટોળિયા બહુ આવે છે. વાતાવરણ હંમેશા એક સરખું નથી રહેતું. આપણી સ્થિતિ બદલાય નહીં એ જોવાનું ! મહારાજે કહેલું કે ભલા થઈને અમારો દાખડો સફળ કરજો. મહારાજને ખબર છે કે મનુષ્યનું મન જે દેખાડીએ તેના કરતા હંમેશા ઉંધી દિશામાં દોડે છે ''અહીં પેશાબ કરવાની મનાઈ છે.'' એવું લખ્યું હોય, છતાં લોકો ત્યાં જ પેશાબ કરે. માણસનું મન જે દેખાડીએ તેના કરતા વિપરીત ક્રિયા કરે. ઉત્તર દેખાડો તો દક્ષિણ જાય. કુટુંબના સભ્યોએ ભેગા મળી પૂજા, આરાધના, ભજન માટે સમય કાઢવો જોઈએ. જ્યાં સુધી પોતે નહીં કરીએ ત્યાં સુધી આગળ નહીં થાય. આપણા ઘરની અંદર મહારાજની મૂર્તિ સમક્ષ આરતી, સ્તુતિ કરીએ ત્યાંથી શરૂઆત થાય. એ વાતાવરણ જોઈ અન્યને પ્રેરણા મળે. આપણો સંપ્રદાય એ આચરણનો સંપ્રદાય છે. નિત નવી શ્રધ્ધા



રાખજો. પર્વતભાઈ, સુરોખાચર વગેરે હરિભક્તો પણ મહારાજ વખતે અન્યને સત્સંગ કરાવતા. વ્યવહાર કરો, પણ ભગવાન ભૂલશો નહિ. મહારાજનો આશ્રિત દુઃખી થવાનો તો છે જ નહિ. પરંતું સાથે ભગવાન ભજવા-ભજાવવા એ જ જીવનનો મંત્ર હોવો જોઈએ.

દરેક માણસને સુખી થવું છે. પરંતુ સુખ છે ક્યાં ? જગતના લોકોએ જેટલું સુખ માન્યુ છે, તેની પાછળ દુઃખનો પડછાયો છે. દરેક સુખ માટે વલખા મારે છે. પરંતુ માણસને તેનો સાચો રાહ મળતો નથી. અને જીંદગી ખર્ચી નાખે છે. દુઃખને ભગાડવા માટે કોઈ અંધારામાં દંડો મારે. પથ્થર મારે અને કહે કે, તું જતું રહે તેના જેવી વાત છે. અંધારું થયું હોય તેને ભગાડવા કોઈ અંધારાને લાકડી મારે, તલવાર, ભાલા મારે, બંદુક ફોડે, તોપનો અવાજ કરે. એમ કંઈ અંધારું જાય ! દીવો પ્રગટાવે તો અંધારુ જતું રહે ! બહુ સાદી વાત છે. સુખી થવું હોય તો ભગવાનનું સુખ લેતા શીખી જાવ. બીજી વાત આપોઆપ થઈ જશે. ભગવાનના થઈને રહીએ, ભગવાનનો દ્રઢ આશરો રાખીએ તો ભગવાનની પાછળ લક્ષ્મીજી, રિધ્ધિ, સિધ્ધિ, સુખ, સંપત્તિ, નામના સઘળું આપોઆપ આવે છે. વળી એ બહુ સાત્વિક આવે છે. અને એ સાત્વિક સંપત્તિ સાચું સુખ આપે છે. સ્મરણ, ભક્તિ, સત્સંગ થાય તો બીજું બધું આપો આપ થઈ જાય છે. મહારાજે વચનામૃતમાં પણ કહ્યું છે કે ભક્તમાં રૂડા ગુણ કથા વાર્તાના જોગે કરીને જ આવે છે. સંસ્કાર, સદ્ગુણો ક્લાસ કે કોલેજોમાંથી નથી આવતા. કથાવાર્તાના અંગથી રૂડા ગુણ આવે છે.

જગતનો જીવ રાજી થાય, મા-બાપ, દીકરા, મિત્ર સગા સંબંધી વગેરે રાજી થાય તો શું આપે ? વખાણ કરે. મારા મા-બાપ, મિત્ર, સગા સંબંધી બહુ સારા એમ વખાણ કરે. બહુ રાજી થાય તો કંઈક વસ્તુ પદાર્થ ભેટ આપે. ભગવાન રાજી થાય તો શું આપે ? જગતના સંબંધનું ઠેકાણું નહિ ! સહેજપણ અણબનાવ બને એટલે એ જ સગા બીજી રીતે બોલવાનું શરૂ કરે. જગતના સંબંધો બહુ ટૂંકા છે. એક ભણેલા મનોચિકિત્સકનું વાક્ય છે. દુશ્મન બનાવતા પહેલાં તેને મિત્ર બનાવવો અનિવાર્ય છે. પ્રથમ જે મિત્ર હશે એ પછી દુશ્મન થાય છે. જગતમાં સંબંધો જોડાય છે અને તોડાય છે. શાશ્વત માત્ર ભગવાન સાથેનો સંબંધ છે. ભગવાનનું સુખ આવે તો જગતના બીજા

સુખ નાના લાગે. નંદ સંતોએ ગાયું છે કે ''વ્હાલા એ રસના ચાણખહાર, છાસ તે નવ પીવે રે લોલ.'' જગતના સુખ નાશવંત છે. એ આવે અને જાય.

વાત એ હતીં કે ભગવાન રાજી થાય તો શું દે ? સારા વિચારો આપે, કલ્યાણના વિચારો આપે. અનંત વિચારો આવતા હોય છે. સંત-હરિભક્તોની સભામાં એકવાર મહારાજે પૂછયું, સંતો ! તમને વિચારના વાવાઝોડા આવે છે ? ઘણાં ને એમ હોય કે આજે બે લાડુ વધારે જમવા છે. મંદિરે નથી જવું. ઘણા પ્રકારના વિચારો આવતા હોય ! મહારાજ સામે વિરાજમાન હોય એટલે મહારાજને કેમ કહેવાય ! એટલે બધા કહે, ના મહારાજ ! તમે મળ્યા પછી અમારે બીજા વિચારો શું આવે ! બીજા કંઈ વિચારો આવતા જ નથી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ મુઠી ધૂળ ઉપાડી અને મુઠી છૂટી મુકી. પછી મુક્તાનંદ સ્વામી મહારાજને કહે, મહારાજ ! આ ધૂળના રજકણોથી પણ વધારે વિચારોની અવરજવર થાય છે. મહારાજ કહે, મુક્તાનંદ સ્વામી સાચું બોલે છે ! અનેક વિચારોનું બોમ્બ બાર્ડિંગ થતું હોય, એ ભેગો સારો વિચાર આવે, એક વિચાર એવો થાય કે મંદિરે જવું છે. એક માળા ફેરવવી છે. સો નહિ. એક જ માળા ! ક્યારેક ક્યારેક સારા વિચારો આવે. પરંતુ સંગ જો નબળો હોય તો એ સારા વિચાર ભાગી જાય. રહી ન શકે. સંગ જો સારો હોય તો સારા વિચાર બળવાન બને. પાંચ મિનિટ મહારાજ સામે જોયા કરીએ, પાંચ મિનિટ મહારાજનું નામ બોલીએ, બે ઘડી મંદિરમાં કથાવાર્તામાં બેસીએ. જેવા સંગની તાકાત વધારે તેવા વિચારની અસર વધારે. જગત સારા વિચારને તાણી જાય. પરંતુ એ સારા વિચારોનો ભાર વધે તો સમજવું કે મહારાજ રાજી છે. ધર્મ સંબંધી કાર્ય તત્કાળ કરવું. એનો અર્થ એવો નહિ કે માત્ર દાન વગેરે જ તત્કાળ કરવું. ભગવાન સાથે જોડાવાની વાત આવે, વિચાર આવે, ત્યારે વાટાઘાટો ન કરવી, તાત્કાલિક અમલ કરવો તો જીવ ભગવાન સાથે જોડાઈ જાય. નિત્ય થોડું થોડું અનુસંધાન રાખવું પડે. મકાન, દુકાન, વ્યવહાર એમ બધે છેડા જોડાયેલા હોય, પરંતુ

ભગવાન સાથે સંબંધ જોડવા બાકી રાખવો. મેઈન પ્લગ ભગવાન સાથે જોડાય પછી જગત નિરર્થક લાગે તો શું થાય ? હિમાલયમાં જતા રહેવાની વાત નથી. જગતમાં જ રહેવું. પરંતુ ભગવાનું અનુસંધાન ન છોડવું. જેટલું



ભગવાનનું ભજન વધે એટલું બેલેન્સ વધે. આપણું આ બેંક બેલેન્સ કાયમ રાખવા માટે સતત ટાઈમ મળ્યે ભગવાન સાથે જોડાઈને રહેવાનું છે. એટલા માટે જ મંદિર અને સત્સંગ મળ્યો છે. મંદિર અને સત્સંગ બહુ દુર્લભ છે. ભગવાન તથા શાસ્ત્રમાં જીવ પરોવીને રાખવો. બે ઘડી ભગવાન સામે બેસી અંતઃદ્રષ્ટિ કરવી એ અનુભવની વસ્તુ છે. મંદિર છે એ હરહંમેશ ભજન ભક્તિનું કેન્દ્ર સ્થાન છે. માટે મંદિરે જજો. સુખ દુઃખ આવે, મહારાજ સામે રોઈ લેવાનું, થાકો ત્યારે બેસવાનું. ફાઈલો લઈને પણ જવાય ! કારણ કે મહારાજ આપણા મા-બાપ છે ને ! કાલુપુર મંદિરે ઘણા ફાઈલો લઈને આવે છે. ક્યારેક ફાઈલ વિના બેસવું. એમ કરીને મહારાજ સાથે સંબંધ ગાઢ કરવો. શાસ્ત્રની વાતો જેટલી સમજાય, જેટલો સત્સંગ દ્રઢ હોય, જેટલા સારા સંસ્કારો હશે તેટલી તેની મોટ્યપ છે. તે કરોડપતિ અબજોપતિ છે. પૈસાનું બેલેન્સ લાંબુ ચાલશે નહિ. બે-પાંચ રૂપિયા ઓછા કમાવાય તો ચિંતા નહિ. ભગવાન, મંદિર, શાસ્ત્રમાં જોડાઈ ને રહેવું, સત્સંગ રાખવો એ જ આપણું સુખ, એ જ આપણી સમૃદ્ધિ છે. ભગવાન કર્તા-હર્તા છે.

મુસલમાનની સ્ત્રીનો મહારાજને એક દાતણ આપવાથી મોક્ષ થયો. કલ્યાણ થયું. નંદસંતો કહેતા કે ખાલી આંખ ઉઘાડવાની જરૂર છે. કોઈ કાળે દુઃખ આવે તેવું નથી. શિક્ષાપત્રીમાં મહારાજે લખ્યું,

ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् ।
सदाचारान् सदा तेऽत्र परत्र च महा सुखाः ॥

શ્રીમદ્ ભાગવત પુરાણ આદિક જે સત્ શાસ્ત્ર - તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આદિક સદાચાર તેમને, જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય જે તે આલોકને વિષેને પરલોક વિષે મહાસુખિયા થાય છે. શિક્ષાપત્રીમાં મહારાજે પ્રથમ માણસ બનવાનું કહ્યું, સીધો તિલક ચાંદલો આવી જતો નથી. પ્રથમ હિંસા ન કરવી, આત્મઘાત ન કરવો, માંસ ન ખાવું, દારૂ ન પીવો, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, વ્યસનનો ત્યાગ કરવો, લાંચ ન લેવી આદિક સદાચાર રૂપી ધર્મ શીખવાડ્યો. દુરાચારનો ત્યાગ કરવાના શ્લોકો પ્રથમ લખ્યા. આ બધી કલમોનું પાલન કરીને પ્રૌઢ થવાય. ત્યાર પછી કંઠી ધારણ કરવી, ગુરૂમંત્ર લેવો, પૂજા કરવી વગેરે લખ્યું,

પછી ઉપાસનાની સુંદર વાત કરી. શિક્ષાપત્રીમાં આ બધું સીધી ને સરળ રીતે મળી જાય છે. જેવા તેવાને આ પ્રાપ્તિ થતી નથી.

રે બ્રહ્માથી કીટ લગી જોયું, જુઠું સુખ જાણીને વગોવ્યું,
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું....... રે શ્યામ તમે સાચું નાણું.

મહારાજ સિવાય કલ્યાણ નથી. જે મળ્યા છે તેની કિંમત જાણવાની છે. વચનામૃતમાં મહારાજ કહે છે નિત્ય નવી શ્રધ્ધા રાખવી, સત્સંગમાં આવ્યા ત્યારે પહેલાં દિવસે કેવો ઉત્સાહ હતો ! પ્રતિષ્ઠાના દિવસે જેવા ઘનશ્યામ મહારાજના દર્શન કર્યા હતાં તેવા નિત્ય નવી શ્રધ્ધાથી યુક્ત દર્શન કરવા. પ્રથમ અમદાવાદમાં આવ્યા ત્યારે નરનારાયણદેવના કેવી શ્રધ્ધાથી યુક્ત દર્શન કર્યા હતાં !! એકાદશી પૂનમે કે જ્યારે જ્યારે પણ નરનારાયણદેવનું દર્શન કરો છો ત્યારે મનને પૂછવું કે પ્રથમ જેવું અહોપણું વર્તાય છે ? એક વર્ષ પછી કે ૨૫ વર્ષ પછી શ્રધ્ધામાં દર્શનના સુખમાં પ્રથમ કરતા વધારો થયો કે નહિ ? તે પોતાની જાત સાથે જ વાત કરવી. આપણે પૂર્ણ કામપણું માની લઈએ છીએ. દર્શનમાં નિત નવી શ્રધ્ધા તથા દિવ્યપણું કાયમ રાખવું. મહારાજે દયા કરીને આપણને શાસ્ત્રો આપ્યા. તેમાં ભગવાનની વાતો હોવાથી જેટલા વિચારો કરીએ તેટલું જીવન રૂડું થાય. સ્વભાવ પ્રકૃતિ બધું ટળી જાય. મહારાજે મોક્ષની વાટ વહેતી કરી છે. અત્યારે આ જન્મે જ આપણે ઘણું સુખ લઈ શકીએ છીએ. આ ભવે જ અક્ષરધામ છે. ભગવાનની પ્રાપ્તિ છે. ભગવાન બહુ દયાળુ છે. મહારાજે કહ્યું, ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થશે. ગમે ત્યાં જાવ આ ચારની બહારની કોઈ વસ્તુ નથી. જગતની જંજાળ પુરી થવાની નથી. રાંઢવું ટૂંકુ જ પડે. એનો કોઈ ઉપાય જ નથી. મહેલ બનાવો. ગાડી લાવો. બધું કરો, પણ ભગવાનને ભૂલીને કંઈ વસ્તુ નહિ કરવાની. કાયમ ભગવાનની સાથે આપણો નાતો પાકો કરવો.

ગમે ત્યાં ફસાઈ ગયા હો, જીવનની ગાડી ખોટવાઈ ગઈ હોય. તો ઘણીવાર ગાંડો માણસ પણ જાણે છે કે, નરનારાયણદેવ પાસે ઉભા રહેવાથી જીવનની ગાડી ચાલે છે. ઘણીવાર સત્સંગી નહીં હોય એને પણ આશ્રય દ્રઢતામાં એટલું બળ હોય છે કે, આ નરનારાયણદેવના ચરણમાં જ કલ્યાણ છે. નરનારાયણદેવની આંખ સામે આંખ મીલાવીને ઉભા રહો. કારણ



શરીરમાં નિશ્ચય થઈ જાય. ફક્ત કંઠી કે તિલક ચાંદલાનું કોઈ મહત્ત્વ નથી. એક જન્મે કે લાખ જન્મે, આજે કે હજાર વર્ષ પછી પણ આ નિશ્ચય દ્રઢ કરવો પડશે. ઉત્સવો નિમિત્ત છે. હકીકતમાં ઉત્સવ આપણા જીવનમાં દરરોજ છે. કારણ કે આપણને નરનારાયણદેવ મળેલા છે.

આપણા ભગવાન બહુ કૃપાળુ છે. સારા છે. રૂપાળા છે. આંખને ગમે એવા છે. હું ફલાણાનો બાપ છુ, કાકો છું, દીકરો છું કે સમાજમાં ખૂબ મોટો છું વગેરે માયિક ભાવકાઢીને એ ભગવાન સામે ઉભા રહો. પછી જુઓ કેવી દિવ્ય અનુભૂતિ થાય છે. આ નરનારાયણદેવ તપની મૂર્તિ છે. સત્સંગીના સુખને અર્થે તપ કરે છે. તમે ને હું સુખી થઈએ તેના માટે તપ કરે છે. આવા ભગવાન ક્યાં શોધવા ? આજકાલ તો બાપ-દીકરામાં પણ તકલીફ થઈ જાય. બીજાને સુખી દેખી ન શકાય. જ્યારે સ્વામિનારાયણ ભગવાને રામાનંદ સ્વામી પાસે મારા અને તમારા માટે અન્ન, વસ્ત્ર અને આબરુ માંગ્યા. શિષ્યોના સુખે ભગવાન સુખી. જગતમાં ઘણા અમને કહે છે કે, તમારા સત્સંગીઓ તિલક ચાંદલા કંઠીવાળા સુખી બહુ હોય છે. અમે કહીએ છીએ કે અમારી આ જ ઓફિસ છે. બીજી એકેય દુકાન નથી. મહારાજે જે દુકાન ખોલી છે તે બહુ અદ્‌ભૂત છે. મારી તકલીફો, મારો સ્વભાવ, મારા અંતઃશત્રુઓ ઉભા ન રહે એ માટે હું સત્સંગમાં ઉભો છું. સ્થિર મન કરી, શરણાગત બની, પોતાનું ગમતું, નગમતું એનો વિચાર કર્યા વિના મહારાજનું ગમતું કરીએ. આપણી પીડા, આપણી ટેવ એવી છે કે આપણો સ્વભાવ ન સંતોષાય, હાર પહેરાવવા ન મળે કે માઈક ન મળે તો ? મસાલા, ગુટકાથી કદાચ નીકળી શકાય. ગલ્લે ઉભા રહીને બીડી પીવામાંથી નીકળી શકાય. ૬૦ વર્ષના કાકાએ બીડી બંધ કરી છે. પણ કોઈ માણસ ૧૦ વર્ષથી માઈકમાં બોલતો હોય, પછી માઈક ન મળે તો સત્સંગમાંથી જતો રહે ! મહારાજ વખતે નિર્વિકલ્પાનંદ સ્વામી જેવા નંદ સંત તથા મોટા મોટા હરિભક્તો જતાં રહ્યાં હતા. આજે પણ એ જ તકલીફ છે. સ્વભાવને પોષણ આપવાથી તેના દાસ થઈ જવાય છે. સ્વભાવ એક નાની બીડી માટે માણસને ઉભો કરી સભાની બહાર લઈ જાય છે. સ્વભાવ બે મિનિટમાં માણસ ને પડીકીનો દાસ કરી દે છે ! માણસને થાય છે કે પડીકી મેં ખરીદી છે. પરંતુ

બે પૈસાની વસ્તુ તમને આટલી જ સેંકડમાં ખરીદી લે છે ! એ પડીકી ફટ દઈને ઉભા કરી તમને ખૂણામાં લઈ જાય છે. આટલું દાસત્વ ભગવાનમાં રાખવામાં આવે તો ? ભગવાન હેલીકોપ્ટર લઈને તાત્કાલિક નીચે ઉતરે, કે મારો ભક્ત મારા માટે આટલો તલપાપડ છે !

આંખ ખુલ્લી રાખીને ભગવાન સામું જોઈએ. આ ભગવાનના ગુણ, રૂપ, ઐશ્વર્ય અન્ય ક્યાંય નથી. માળા, ટીલા, કંઠી એ બધું સિહાસનમાં જે બેઠો છે, તે જેવો છે તેવો ઓળખવા માટે છે. સ્વભાવ દોષ નિર્બળ થતા રહે, સત્સંગ નિષ્ઠા દ્રઢ થતી રહે, પછી મંદિરે જવાની મઝા આવે. ગૃહસ્થને તો બીજું શું જોઈએ. બાઝવાનું ઓછું થાય. ઘરમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ રહે, બાળ બચ્ચા સુખી થાય. બધું જ સુખ ભગવાનને રાખવાથી પ્રાપ્ત થાય છે. નવા નવા અબજોપતિ ખૂણામાંથી ઉભા થાય છે ! અને ૧૦ વર્ષબાદ ફરી પાછા ખૂણામાં જતા રહે છે. ૨૦-૨૫ ગાડીઓ હોય ! ૧૦ વર્ષ પછી છમ થઈ જાય ! ખોવાઈ જાય ! કારણ કે સત્સંગ નહોતો એટલે સુખ જીરવી ન શક્યા. આપણો બાપ અબજોપતિ છે અને અતિ દયાળુ છે પછી આપણે શીદ ને રહીએ કંગાળ ? આપણને મળ્યા જે ભગવાન એ દ્રષ્ટિ માત્રથી મચ્છર જેવા જીવને ધામમાં મૂકે છે. મચ્છરને કાનમાં નાંખીને મરેલી ઘોડી ઉભી કરે એવા તો આપણા નંદ સંતો છે.

મહારાજે વચનામૃતમાં કહ્યું ને કે જેમ પાણીનો ઘડો ભરીને એક ઠેકાણે ઢોળી આવીએ. પછી વળી બીજે દિવસે અથવા ત્રીજા દિવસે તે ઠેકાણે પાણીનો ઘડો ઢોળીએ, તેણે કરીને ત્યાં પાણીનો ધરો ભરાય નહિ. કાં જે આગલા દિવસનું જળ આગલે દિવસે સૂકાઈ જાય ને પાછલા દિવસનું પાછલે દિવસે સૂકાઈ જાય. અને જો આંગળી જેવી નાની જ પાણીની સેર્ય અખંડ વહેતી હોય તો મોટો પાણીનો ધરો ભરાય જાય. તેમ સત્સંગ નિયમિત કરવો એ જ સુખની ચાવી છે. ભગવાનનો આશરો એજ સુખની ચાવીછે. વ્યવહાર આરામથી કરો. બે-પાંચ ભૂલ થઈ ગઈ તો ચિંતા નહી. કારણ કે કર્મ કરતા કરુણા મોટી છે. કરુણા પ્રધાન ભગવાન છે. કરુણાના સાગર છે. પ્રસાદીના જળાશય ઉપરથી પક્ષી ઉડે અને એનું કલ્યાણ થાય તેમ પ્રસાદીની વસ્તુઓના સંગ્રહસ્થાનનું કોઈ જીવાત્મા દર્શન કરે, પછી તેનો સત્સંગમાં જન્મ થાય એવું



મ્યુઝીયમ આપણે બનાવવું છે. ભગવાનને રાજી કરવાના સાધન-કર્મ કરતા રહીએ. ભગવાનની ઈચ્છા થશે એ દિવસે છમ કરીને ધામમાં તેડી જશે.

મારી સમજણ છે, વિશ્વાસ છે ત્યાં સુધી જેને પણ સુખ જોઈતું હોય તેને એક તો નરનારાયણદેવ સ્વામિનારાયણ ભગવાન પ્રત્યેની શુદ્ધ ઉપાસના, બીજું નરનારાયણદેવની વફાદારી અને ત્રીજું પ.પૂ. મહારાજશ્રીનો રાજીપો જોઈશે. મહારાજશ્રી મારા પિતા છે. એટલે નથી કહેતો, પરંતુ ગાદી ઉપર બિરાજમાનછે એટલે કહું છું ઉપાસનામાં ડામાડોળ ન હોય, નરનારાયણ દેવની વફાદારીમાં સહેજ પણ કચાશ ન હોય, મહારાજશ્રીનો રાજીપો - પહેલાં શિક્ષાપત્રી નહોતી, પરંતુ નંદસંતો અને દાદા ખાચર, સુરા ખાચર, પર્વતભાઈ વગેરે મોટા ભક્તોને મહારાજની આંખ જોઈને ખબર પડી જતી. નરનારાયણદેવના દર્શન, મહારાજશ્રીના દર્શન કરવા જઈએ ત્યારે તેઓની આંખ પારખતા ન આવડે તો ગમે તેવો મોટો હોય કે પૈસાવાળો હોય તો તેના પૈસા કામ નથી આવતા.

પાટોત્સવ એ મહારાજની પ્રતિષ્ઠા બાદ મહારાજ પ્રત્યે આપણને શ્રધ્ધા ભક્તિ, પ્રેમનો કેટલો વધારો થયો એ જોવાનો દિવસ છે. પ્રથમ હતો તેટલો જ પ્રેમ હોય તો પણ એ વર્ષ વ્યર્થ ગણાય. મહોત્સવો, ઉત્સવ સમૈયાનું પણ એ જ હાર્દ છે કે આપણે માહરાજ સાથે એવા જોડાઈએ કે અંતકાળે પણ મહારાજની મૂર્તિ સાંભરી આવે. અંતકાળે મૂર્તિ સાંભરી આવે એ એટલું સહજ નથી. ઘણાં ગળામાં કંઠી રાખતા હોય, સત્સંગી હોય તો પણ અંતકાળે મહારાજની મૂર્તિમાં વૃત્તિ રહેતી નથી. અને દુકાન, ઓફિસ, ઘર સાંભરે છે. પીડા મુખ્ય બને છે. કારણ કે આવા મહોત્સવોમાં જોડાયા હોઈએ, પરંતુ શરીર અહીં અને મન દુકાન, ઓફિસમાં રહેતું હોય તો આવું બને છે. સેવા એ અસદ્‌ઘાટ સંકલ્પ ટાળવાનો ઉપાય છે. ધર્મ, ભક્તિ સાથે સેવાના અંગની પણ મહારાજે ખૂબ પ્રશંસા કરી છે. પોતાના જીવનમાં પણ દાખડો બેસાડવા મહારાજે બિમાર સેવકરામ નામના સાધુની સેવા કરીને તેને રોગ મુક્ત કર્યો હતો. કૃતઘ્ની જાણીને પાછળથી મહારાજે તેને છોડી દીધો એ અલગ વસ્તુ છે. પરંતુ આ રીતે સેવાના અંગ પર મહારાજે ભાર મૂક્યો છે. વૃદ્ધ, રોગી વ્યક્તિ વગેરે હર કોઈ મનુષ્યની સર્વજીવ હિતાવહ સેવા કરવી જોઈએ.

ઘણી વખત સાજા માણસને ન સૂઝે એવું ઘેલા માણસને સૂઝે. મહારાજે વ્યાખ્યા કરી છે, સાજો કોણ અને ગાંડો કોણ ? બહુ સમજણ પડતી ન હોય તો કંઈ નહિ ! પરંતુ દેવને વળગીને રહે તેને કોઈ ચિંતા નથી. નિષ્ઠા સિવાય આવી વૃત્તિ રહેતી નથી. એક માનકુવાનો નાથા ભક્ત મહારાજની પાછળ પડ્યો હતો. મહારાજને કહે, તમે ભગવાન છો. બોલો છો કે નહિ ! મહારાજ કહે અમે ભગવાન નથી. પેલો માણસ કહે, તમે ભગવાન છો. મહારાજ કહે, નથી. એટલે પેલા ભક્તે લાકડી ઉપાડી. મહારાજ ને કહે, તમે ભગવાન છો એવું કહો. મહારાજ કહે છીએ. મહારાજ કહે, આ પાકો ભગત છે. ભગવાનની ભક્તિ કરવામાં શૂરવીરતા જોઈએ. મહારાજના લીલા ચરિત્રો સાંભળવાથી સત્સંગમાં બીમાર પડેલો માણસ પણ સાજો થઈ જાય છે. કોઈ માણસ બીમાર પડે પછી દવાની દુકાને જઈને ઉભો રહે. ત્યાં ઘણી બધી દવા હોય. ગમે તે શીશી કે ગોળીઓ માંગી લે, ખાઈ લે, બધી દવા કામ ન આવે. મહારાજે ત્યાં સુધી કહ્યું કે અજાણ્યા વૈદ્યે આપેલી દવા ન લેવી. ભણ્યા વિનાના ડૉકટરો ઉંટ વૈદ્યું કરે. માંદો વધારે માંદો પડી જાય કે ઘણીવાર ઉકલી પણ જાય. કાંઈ ઠેકાણું નહીં. નિષ્ણાત ડૉક્ટર બનવું હોય તેને ૨૫-૩૦ વર્ષ સુધી ભણવું પડે છે. તો માણસની અંદર રહેલાં અહંકાર, માન, ઈર્ષ્યા આદિક અંતઃશત્રુઓની દવા કરીને તે જીવને મહારાજના અક્ષરધામ સુધી લઈ જવા માટે કેટલો દાખડો કરવો પડે ! તે માટે સંતોને નિષ્ણાત બનવું પડે છે. ગમે તે સંતોને લાવીને કથા કરવા બેસાડી દઈએ તો જીવનો સાંધેલો સત્સંગ તોડી નાંખે. કલ્યાણ અઘરું છે. પણ જો મહારાજની આજ્ઞા, અનુવૃત્તિમાં કે મહારાજની રૂચિ કે ગમતામાં રહેતા આવડી જાય તો કામ સરળ થઈ જાય છે. જીવ સહજતાથી વગર મહેનતે ધામમાં પહોંચે છે. સુંદરજી સુથારે મનગમતું મુકીને એક મહારાજને રીઝવ્યા. મહારાજ રાજી થયા. મહારાજ રાજી થાય એજ સંતોષ અને એ જ આનંદ છે. મન ગમે ત્યાં આંટા મારતું હોય તેને વશ કરીને ભગવાનના મૂળભૂત સિદ્ધાંતોને વળગીને મહારાજને રાજી કરવાનો મોકો મળ્યો છે. દરેક એરિયાની અંદર દૂર દૂર સુધી કથા થાય છે. ભગવાનનું દર્શન થાય તે માટે મંદિરની સુવિધા થઈ છે. કોઈ સત્સંગ વિનાનો રહી જાય તેવું નથી. મનગમતું કરવામાં એક ક્ષણ સુખ આવે.



મહારાજની અનુવૃત્તિ, આજ્ઞામાં જ કામય સુખ છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારે જીવને પીડ્યા છે. મહારાજ કહે, અમારી આજ્ઞામાં રહે, તેને મહાસુખ આપીશું. મહાસુખ એટલે ગાડી બંગલા નહી. જગતના સુખ તો ગુંડાઓને પણ મળે છે. એવા નાશવંત સુખની પાછળ દુઃખનો પડછાયો છે. બંગલાવાળાઓને ઉંઘ માટે કેટલી ગોળીઓ ગળવી પડે છે. જ્યારે ફૂટપાથ ઉપર સૂતેલો મોઝથી ઉંઘતો હોય છે. મોટા વ્યવસાયના સંકલ્પમાંય દુઃખ રહેલુંછે. બે હરિભક્તોને મોટો વ્યવસાય કરવાની ચર્ચામાં સવાર પડી ગઈ. ભગવાન ભૂલાઈ ગયા. મહારાજે આપણને આપ્યું છે, વિશેષ આપશે. પણ ભગવાનને ભૂલીને કોઈ કામ કરીએ એ આપણું કામ નથી.

નરનારાયણદેવનો રાજીપો હરહંમેશ રહે એ જ લક્ષ છે. મહારાજની ઉપાસના, નિષ્ઠા, પક્ષ વગેરેની દ્રઢતાની જે વાત કરીછે તે હરહંમેશ દ્રઢ રહે. અમને સત્સંગના કાર્ય કરવાની શક્તિ મળે એવી સૌ પ્રાર્થના કરજો. હંમેશા સત્સંગ માટે જીવન કાઢવાનું છે. ઘણાંને ખોટું લાગે પરંતુ જ્યાં સ્વામિનારાયણ ભગવાન અને નરનારાયણદેવની વાત આવે ત્યાં કોઈ કોમ્પ્રોમાઈઝ કરવા માંગતો નથી. આ પાઘ એવી કોઈ પાઘ નથી કે જેનાથી લોકો ઉપર અનુશાસન કરી શકાય. પરંતુ પ્રેમે કરીને મહારાજે આપેલી આ પાઘથી સત્સંગની સેવા થઈ શકે છે. આ સંપ્રદાયમાં બીજા ચમત્કારો તો ઠીક છે. પરંતુ મહારાજે એક મોટો ચમત્કાર એ કર્યો છે કે અહીં માણસ સાચા અર્થમાં માણસ બનતો જોવામાં આવે છે. માર્ગ ભૂલેલાને જીવન જીવવાનો સાચો રાહ મળે છે. નહીં તો સામાન્ય રીતે માણસ માણસ તરીકે જન્મે છે. પરંતુ માણસ તરીકે મરતો નથી. આ પદથી અમારી જવાબદારી ખૂબ જ વધેછે. કારણ કે સત્સંગનો પ્રેમ તથા સત્સંગનું વજન આ પાઘમાં છે. શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોક એ વેદ, ઉપનિષદ તથા જગતના તમામ શાસ્ત્રોનો નિચોડ કરીને મહારાજે જે કહ્યું છે તે અમૃત સમાનછે. એ પાળવાથી મહારાજ તમને ખૂબ સુખી કરશે. પૂ. બાપુજીએ પોતાના સમગ્ર જીવનની તમામ ક્ષણના અનુભવનો નિચોડ લઈને આ પાઘ મને સોંપી છે. અમે આગળ બેઠેલાને તો દેખીએ છીએ. પરંતુ પાછળ બેઠેલાને પણ એટલા જ દેખીએ છીએ. પાછળ રહીને જેઓ

સેવા કરે છે, તેવા હરિભક્તોની માળાના પ્રતાપે આ સત્સંગ ચાલે છે. અમારો એક એક શ્વાસ, લોહીનું એક એક બુંદ સ્વામિનારાયણ ભગવાન માટે તથા આ સત્સંગ માટે છે. એના માટે જ આ સ્થાન પર જન્મ મળ્યો છે. સંતો-હરિભક્તોને રાજી કરવા છે. નરનારાયણદેવ અને પિતાશ્રીને રાજી કરવા છે.

આપણે શ્રી નરનારાયણદેવના આશ્રમમાં રહીને રંગે રમીએ છીએ. આપણી રીત દુનિયા કરતા નિરાળી છે. નરનારાયણદેવની જન્મ જયંતી એ હકીકતમાં વિજય જયંતી છે. આ દિવસે આપણે દિવ્ય ચેતનાના રંગે રંગાયેલા છીએ. નરનારાયણદેવ આપણા માટે અખંડ તપ કરે છે. તેનાથી આપણે હર્યા ભર્યા છીએ. સાંજ પડ્યે ફુટી કોડી ન મળતી હોય તોય શ્રી નરનારાયણદેવના આશ્રયે કરીને લખપતિ થશે. અને શ્રી નરનારાયણદેવનો આશરો છોડી ને કોઈ બીજે જશે તે લખપતિ હશે તો પણ કંગાળ થઈ જશે. આશ્રયની દ્રઢતા હોવી જોઈએ. સત્સંગ માટે શું ન થાય ? મરી છૂટવાની તૈયાર હોવી જોઈએ. મહારાજે કીધું છે, દેહ અને સગા માટે આ જીવાત્મા કેટલું કરે છે ? એટલું જ જો ભગવાન અને ભગવાનના ભક્ત માટે કરે તો તેને ભગવાન મેળવવા સહેલું થઈ જાય. જેટલી પ્રીતિ સગા માટે છે. એટલી પ્રીતિ ભગવાન માટે રાખે તો કામ સરળ થઈ જાય ! તમારા ઘેર ૧૦-૧૨ કિ.મી. ચાલીને કોઈ સગા આવ્યા હોય, તમે માટલામાંથી પ્યાલો ભરીને પીવા જતા હો, સગા આવે એટલે એ જ પ્યાલો તમે તેને ધરી દો છો. કારણ કે તમારા સગા છે, ચાલીને આવ્યા છે. તેની સાથે તમને બહુ પોતાપણું રહે છે. પૂરા ઓળખતા હોય કે ન ઓળખતા હોય તો પણ તેના લગ્નાદિક પ્રસંગોમાં ઘણાં નાચવા જતાં હોય છે. માણસ આટલું બધું કરે છે. જ્યાં ઓળખાણ ન હોય ત્યાં પણ ઘસાય. આ એક માનસિકતા છે. પણ અંદર બેઠેલો ભગવાન શું કરે છે, એની ચિંતા રાખતા નથી ! આવી જ પ્રીતિ જ્યારે ભગવાનમાં થાય ત્યારે આપણા જીવનું રૂડું થાય. દેહના સગા માટે જો થઈ શકતું હોય તો મહારાજ માટે કેમ ન થાય ? મહારાજની સાથે આપણાં જીવનું સાચું જોડાણ છે. કંઠી આપણું મંગલસૂત્ર છે. તિલક ચાંદલો આપણો પક્ષ છે. પ્રેમ છે. સાચા સગા સંબંધી એ ભગવાનના ભક્ત છે. આ દુનિયાના પોતાના સ્ત્રી, પુત્ર વગેરે સત્સંગ



રાખે કે ન રાખે. આ સભામાં કોઈ કચ્છી, કાઠિયાવાડી, ગુજરાતી, પટેલ, ચૌધરી, વાઘરી કે બ્રાહ્મણ હશે એ બધું આપણે કર્યું છે. મોટામાં મોટી જાત એ સત્સંગીની જાત છે. તિલક-ચાંદલો એજ ચિન્હ છે. એજ ભાગ્ય છે. સંપ-એકતા રાખવી, સેવા કરવી એજ લાભ મળ્યો છે. નાની નાની સેવા ભગવાનને ખૂબ ગમે છે. સોનાથી, લાખ રૂપિયાથી, પૈસાથી ભગવાન જેવા રાજી થતાં નથી, તેવા રાજી ભાવના અને સ્નેહથી થાય છે. આપણને ગર્વ છે કે અનંત કોટિ બ્રહ્માંડનો અધિપતિ આપણો બાપ છે. આપણને જે મળ્યું છે એ કોઈને મળ્યું નથી.

સત્સંગમાં દિવ્ય ભાવવાળાને હરહંમેશ સુખ મળે છે. દ્વેષ ભાવનાથી આવનારને સુખ નથી મળતું. અહોપણું લઈને આવે તેને દેવ, આચાર્ય, સંતનો દરેકનો ગુણ આવે છે. જીવનમાં ભગવાન મળ્યા એનો કેફ વર્તે ત્યારે આનંદ આવે. શરીર તો આવે છે અને જાય છે. ૫૦ શાકોત્સવ થાય કે ૫૦ પારાયણમાં જાય તો પણ ઉગતું નથી. અર્જુનને એક ટકોરમાં ઉતરી ગયું ! તેમણે કેટલી પારાયણ સાંભળી હતીં ? વચનામૃત, સત્સંગિજીવન આદિક સત્શાસ્ત્રોનો એક શબ્દ જો જીવમાં ઉતરી જાય તો પણ કામ થઈ જાય છે. કલ્યાણ નામથી નથી થતું. એ નામ જીવમાં અંતર સુધી ઉતરે તેનું કલ્યાણ થાય છે. શાકોત્સવમાં રીંગણા રોટલાનો મહિમા નથી. પ્રસાદનો મહિમા છે. ભગવાનને ધરાવેલી વસ્તુનો ઓડકાર જૂદો હોય છે અને હોટલના ભોજનનો ઓડકાર જૂદો હોય છે. હોટલનું ખાય ને પછી એ માણસ ગલ્લે ઉભો રહે છે. પ્રસાદથી અંતઃકરણ શુદ્ધ થાય છે.

●

## ૨૫. ઉત્કૃષ્ટ ગુરુ ભક્તિ :

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ શ્રી સ્વામિનારાયણ ભગવાને જેમને 'સત્સંગની મા'નું બિરુદ આપ્યું છે. એવા મુક્તાનંદ સ્વામી રચિત 'મુક્તાનંદ કાવ્ય' નામના ગ્રંથમાં ''સત્સંગ શિરોમણિઃ'' પ્રકરણમાં આપોદધૌમ્ય નામના મુનિવરના ત્રણ શિષ્યોની ઉત્કૃષ્ટ ગુરુભક્તિની વાત કાવ્યાત્મક લખી છે. જે

સત્સંગી માત્ર માટે બહુ સમજવા જેવી અને જીવનમાં ઉતારવા જેવી છે. અત્રે ગદ્યમાં રૂપાંતર કરીને લખું છું.

સ્વામિનારાયણ ભગવાન મુકુંદ બ્રહ્મચારીને કહે છે, ગુરુ અને સંત ને જે દેવ જાણી સેવતો નથી, તેઓમાં દેહ બુદ્ધિ લાવીને અવગુણ લે છે, પોતાને વ્યવહારમાં ખૂબ ગુણ વાળો માને છે. તેવો ખળ પુરુષ વધારે અભિમાન વાળો થઈને સત્સંગમાં ખૂબ ઘટી જાય છે. રોગી પંચામૃત પીવે તો પણ તેને લાભ ને બદલે હાનિ થાય છે. જે વ્યક્તિ મુનિવરને બ્રહ્મ કરીને જાણે છે, તેમનામાં ક્યારેય દોષ બુદ્ધિ લાવતો નથી તે વ્યક્તિ આરૂણિ અને ઉપમન્યુની જેમ ભગવાન અને પોતાના ગુરુનો અતિ કૃપાપાત્ર થાય છે. પ્રભુના આવા વચન સાંભળીને મુકુંદવર્ણી ઉત્સાહ લાવીને પ્રભુના ચરણોમાં મસ્તક નમાવીને પૂછે છે. હે મહારાજ ! આરૂણિ અને ઉપમન્યુ એ કેવી રીતે ગુરુ ભક્તિ કરી ? તેઓના ઉપર તેઓના ગુરુ શા માટે - કેવી રીતે રાજી થયા ? મને દીન જાણી આ બધી કથા ક્રમથી કહો.

મુકુંદવર્ણીના આવા વિનય સાથેના વચનોથી શ્રીહરિ રાજી થઈને પાપ હરણીની આ કથા કહે છે. આપોદધૌમ્ય નામના મુનિને ત્રણ શિષ્યો હતા. આરૂણિ, ઉપમન્યુ અને વેદ. ત્રણે શિષ્યોની ગ્રંથમાં અનુક્રમથી ગુરુ ભક્તિ નિરૂપણ કરેલી છે. પરંતુ અહીં હું ફક્ત એક ઉપમન્યુ શિષ્યના દ્રષ્ટાંતની વાર્તા લખુંછું. જેમાં ત્રણે શિષ્યોના ગુણોનું અનુમાન આવી જશે.

દરેક પ્રકારે સાર અસારને જાણનારો અને અતિ નિર્મળ બુદ્ધિવાળા એવા પોતાના ઉપમન્યુ નામના શિષ્યને તેના ગુરુએ આજ્ઞા કરી કે તારે ગાયોની સંભાળ લેવી. શિષ્યે પોતાના ગુરુનું વચન દેવ વાક્ય તુલ્ય માન્યું. ગાયોની સેવા કરવા લાગ્યો. દિવસે ગાયો ચારવા જાય અને સાંજે પાછો આવીને પોતાના ગુરુના ચરણોમાં શીશ નમાવે. શિષ્યનું શરીર હુષ્ટપુષ્ટ જોઈને ગુરુ પૂછે છે. હે ઉપમન્યુ ! તું તારા શરીરનું પોષણ કેવી રીતે કરે છે ?

શિષ્ય : "ભિક્ષાવ્રત રાખીને મારો જીવ નિર્વાહ કરું છું. હે ગુરુ ! તમારા વચનમાં મને ઘણો સ્નેહ છે."

ગુરુ : "મને આપ્યા વિનાનું ભિક્ષાન્ન તારે ગ્રહણ કરવા યોગ્ય નથી." શિષ્યે ગુરુ આજ્ઞાને મસ્તક પર ચડાવી. ભિક્ષા માગીને ગુરુને



સમર્પણ કરવા લાગ્યો. ગુરુ ભિક્ષા અન્ન બધું લઈ લે. પરંતુ તેમાંથી સહેજ પણ શિષ્યને ન આપે ! તો પણ શિષ્ય ગુરુનો અવગુણ ન લે. આખો દિવસ જંગલમાં ગાયો ચારે અને સાંજ પડે એટલે દીન થઈને અનન્ય ગુરુ ભક્તિથી પોતાના ગુરુના ચરણોમાં વંદન કરે. ફરી ગુરુએ શિષ્યનું પુષ્ટ શરીર જોઈને પૂછયું.

ગુરુ : "તારી પાસેથી હું બધુ ભિક્ષાન્ન લઈ લઉં છું. છતાં તારા શરીરનું પોષણ તું કેવી રીતે કરે છે ?"

શિષ્ય : "હે ગુરુદેવ ! પ્રથમવાર જે ભિક્ષામાં આવે છે તે તત્કાળ તમોને અર્પણ કરી દઉં છું. ફરીથી બીજીવાર જે ભિક્ષા માંગી લાવું છું તે મારા શરીર અર્થે ઉપયોગમાં લઉં છું. તેવી રીતે મારા શરીરનો નિર્વાહ થાય છે."

ગુરુ : "તારા માટે આ યોગ્ય ન કહેવાય ! લોભથી તું બે વાર ભિક્ષા માંગીને અન્ય ભિક્ષુકની નિર્વાહવૃત્તિ તોડે છે." પ્રેમથી ગુરુ વચન ગ્રહણ કરીને પ્રથમની જેમ શિષ્ય ગાયો ચરાવવા લાગ્યો. ગાયો ચરાવીને ગુરુના ચરણોમાં વંદન કરીને પાસે બેસે ત્યારે ફરી ગુરુએ શિષ્યનું શરીર પુષ્ટ જોઈને પૂછયું.

ગુરુ : "હે ઉપમન્યુ ! તું પ્રેમથી જે ભિક્ષા માંગી લાવે છે. તે સઘળી ભિક્ષા હું તારી પાસેથી લઈ લઉં છું. ફરી વાર તને ભિક્ષા માંગવા જવા દેતો નથી. છતાં ક્યાં કારણથી તારું શરીર પુષ્ટ છે ?"

શિષ્ય : હાથ જોડીને, "ગાયના દૂધથી શરીરનું પોષણ કરું છું."

ગુરુ : "દૂધ તારે પીવા યોગ્ય નથી. મેં તને એવી આજ્ઞા નથી કરી !" પોતાના ગુરુનું વચન મસ્તક પર ચડાવી શિષ્ય મગ્ન થઈને ગાયો ચરાવે છે. સાંજના સમયે પોતાના ગુરુના નિવાસ સ્થાને આવી ચરણમાં શીશ નમાવી પાસે બેસે છે. ત્યારે ગુરુએ શિષ્યનું ફરી અધિક પુષ્ટ શરીર જોઈને શિષ્યને અમૃત સમાન વાણી કહે છે.

ગુરુ : "મારા ઉપદેશથી તે જેમ ભિક્ષાન્ન છોડ્યું તેમ દૂધનું પાન કરવાનું પણ છોડી દીધું છે. હવે તારા જીવન નિર્વાહની વૃત્તિ કેવી રીતે છે ? તે મને કહે."

શિષ્ય : ''ગાયના વાછરડા જ્યારે ગાયનું દૂધ પીવે છે. ત્યારે દૂધનું જે ફીણ ઉડાડે છે. તે નીચે પડતા ફીણથી મારો નિર્વાહ કરું છું. બીજું કંઈ મારું પોષણ નથી.''

ગુરુ : ''વાછરડા ભારે કૃપાળુ કહેવાય, તારા અરથે બહુ ફીણ ઉડાડે છે. પરંતુ તે તો વાછરડાની વૃત્તિનો અવરોધ થાય છે. ફીણ તારા માટે યોગ્ય ન કહેવાય.'' ત્યારે શિષ્યે ફીણનું પાન પણ તજી દીધું અને ખૂબ પ્રવીણ તેમજ ધીરજવાળો તે શિષ્ય દરરોજ ગાયો ચરાવવા લાગ્યો. પોતાના ગુરુનો અવગુણ ન આવ્યો. જ્યારે ભૂખથી ખૂબ પીડાવા લાગ્યો ત્યારે વનમાં આંકડાના પાનનું ભક્ષણ કરી લીધું. તીક્ષ્ણ ક્ષાર યુક્ત આંકડાના ઝેરથી જઠરમાં આગ લાગી. દુઃખ દાયક પીડા થઈ. તત્કાલ તે શિષ્ય આંધળો થઈ ગયો. આંધળો થઈને પણ ગાયો ચરાવવા લાગ્યો. તેથી તે મુનિ (શિષ્ય) કૂવામાં પડી ગયો.

સૂર્યાસ્ત થયો છતાં ઉપમન્યુ વનમાંથી પાછો ન ફર્યો. ત્યારે ગુરુ પોતાના બીજા શિષ્યને શુભ વાણી કહેવા લાગ્યા. શુભ બુદ્ધિ વાળો ઉપમન્યુ ક્યા કારણથી હજુ આવ્યો નથી ? મને એવું જણાય છે કે, તેની તમામ જીવન નિર્વાહની વૃત્તિ મેં તોડી તેથી તે કોપાયમાન થયો લાગે છે ! તેની જરૂર મારે શોધ કરવી જોઈએ. એમ કહીં ગુરુ બીજા શિષ્ય સાથે ચાલ્યા. વનમાં આવીને ગુરુએ પોકાર કર્યો. ''મારો પુત્ર ઉપમન્યુ તું ક્યાં છે ?'' ગુરુ વચન સાંભળીને હર્ષ લાવીને ઉંચે સ્વરે શિષ્ય કહે છે ''હે ગુરુદેવ ! હું કૂવામાં પડ્યો છું. હે કૃપાળુ ! મને દર્શન આપો !'' ત્યારે ગુરુ કૂવાની નજીક જઈને કહે છે, ''હે જ્ઞાની મુનિ ! તું કેમ કૂવામાં પડ્યો ?''

શિષ્ય : ''મેં આંકડાના પાન ખાધા તેથી હે મુનિરાય ! હું આંધળો થયો છું અને કૂવામાં પડી ગયો છું.'' ત્યારે ગુરુએ કૂવામાંથી બહાર કાઢીને શિષ્યને સુખદ ઉપાય બતાવ્યો.

ગુરુ : ''દેવોના વૈદ્ય અશ્વિનીકુમારોની તું સ્તુતિ કર. તેઓ તારો નેત્રરોગ હરીને પહેલાંના જેવી આંખો કરી દેશે.'' ગુરુનું વચન સાંભળીને શિષ્યે અશ્વિની કુમારોનું સ્તવન કર્યું. ત્યારે તે બન્ને અશ્વિની કુમારો એ દર્શન આપીને કહ્યું. આ અમોએ લાવેલા અમૃતનું તું પાન કરી લે. ત્યારે ઉપમન્યુ



કહેવા લાગ્યો. ગુરુને અર્પણ કર્યા વિના હું એ ન જમું ! ત્યારે બન્ને દેવો કહે છે : હે નિર્માની વિપ્ર શ્રેષ્ઠ સાંભળ ! તારા ગુરુએ જ્યારે પહેલાં સ્તવન કર્યું હતું ત્યારે અમે આ અમૃત તેમને આપ્યું હતું. ત્યારે તેમણે તેમના ગુરુને આપ્યા વિના ખાધું હતું. હે તાત ! તું પણ તેમ જ કર. આ શ્રેષ્ટ ઔષધ રૂપી અમૃતને પ્રેમથી ગ્રહણ કર !

ઉપમન્યુ : ''હે દેવો ! ગુરુને અર્પણ કર્યા વિનાનું તમારું ઔષધ રૂપી એ અમૃત મને તો ઝેર જેવું ભાસે છે.''

અશ્વિની કુમારો : તારી અજોડ ગુરુભક્તિથી અમે તારા પર પ્રસન્ન થયા છીએ. ગુરુની સાથે તારું પણ સઘળું કાર્ય સિધ્ધ થયું છે. તમે ગુરૂ શિષ્ય બન્ને વજના દાંતવાળા થાઓ. તમારા બન્નેનું પરમ શ્રેય થાઓ ! તમે ગુરુ ભક્ત તરીકે ખૂબ પ્રખ્યાત થાઓ. તમને તુરત જ ચક્ષુલાભ પ્રાપ્ત થાઓ.

અશ્વિનીકુમારો પાસેથી વરદાન મેળવીને ઉપમન્યુ પોતાના ગુરુના નિવાસ સ્થાને તુરત જ ચાલી આવ્યો અને બહુ પ્રકારે ગુરુવંદના કરી. ત્યારે ગુરુએ પણ પ્રેમ સાથે શિષ્યને વરદાન આપ્યું. અશ્વિનીકુમારોના વરદાન મુજબ તારું પરમ શ્રેય થયું છે. સૂર્યના પ્રકાશની જેમ તારા હૃદયમાં ધર્મ શાસ્ત્રો અને વેદોનો પ્રકાશ રહે ! ગુરુ ભક્તિથી ઉપમન્યુ પરમસિદ્ધ થયો. ભગવાન અને પોતાના ગુરુની કૃપાને પામ્યો. બાકીના બંને શિષ્યો પણ ગુરુની આજ્ઞા પાળીને ગુરુનો રાજીપો મેળવીને ગુરુથકી પરમ શ્રેયના વરદાન પામીને ગુરુ ભક્તિમાં વિખ્યાત થઈ સત્સંગ શિરોમણીનું બિરુદ પામી ભગવાનની કૃપાને પણ પામ્યા હતા.

જેઓના ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન છે તેવા હરકોઈ ત્યાગી ગૃહીના ગુરુ સ્થાને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી છે. જે સ્વામિનારાયણ ભગવાને જ શોધી આપેલા છે. સત્સંગ બહુ વિશાળ છે. શિષ્યો લાખોની સંખ્યામાંછે. ગુરુ માત્ર બે જ છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, શ્રીજી મહારાજનું 'અપર સ્વરૂપ' છે. 'અપર' એટલે 'પર' નહિ તેવું અર્થાત્ પ્રત્યક્ષ ! આપણા ગુરુ આપણને ગાયો ચરાવવા મોકલતા નથી. ખેતીકામ કરવાનું કહેતા નથી. તેઓની વ્યક્તિગત સેવા ક્યારેય કહેતા નથી. ફક્ત એટલું જ કહે છે. શિક્ષાપત્રીની મર્યાદામાં રહીને શ્રીજી મહારાજનું ભજન-ભક્તિ કરો. સત્સંગ

કરો અને અન્ય મુમુક્ષુ જનને સત્સંગ કરાવો. આપણે લાખોની સંખ્યામાં હોવાથી આપણા ગુરુ આપણને કોઈપણ વ્યક્તિગત આજ્ઞા કરે એ અશક્ય છે. પરંતુ જાહેર સભાઓમાં તેઓશ્રીના મુખેથી નીકળતા બોલ આપણે ઝીલી લેવા જોઈએ. એ આજ્ઞા પાળીએ એટલે મહારાજશ્રી રાજી થાય અને આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન પણ રાજી થાય ! પોતાના ગુરુ અને ભગવાન રાજી થાય પછી જીવને કરવાનું શું બાકી રહ્યું ? જેના માટે મનુષ્યદેહ મળ્યો હતો એ સાર્થક થઈ ગયું ! જેમ સત્સંગીમાત્રને સ્વામિનારાયણ ભગવાનમાં ઈષ્ટબુદ્ધિ છે, તેમ સત્સંગી માત્રને જો ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીમાં આરૂણિ, ઉપમન્યુ અને વેદના જેવી ઉત્કૃષ્ટ ગુરુ ભક્તિ અને દિવ્ય ભાવ આવે, સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલી બે ગાદી પ્રત્યે વફાદારી અને નિષ્ઠા આવે તો સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલા આ દિવ્ય અને સર્વોપરી સત્સંગમાં એક સૂત્રતા આવી જાય. અને શ્રીજી મહારાજને રાજી કર્યાનું મોટામાં મોટું સાધન પણ એ જ છે. જગતના લોકો ગુરુ શોધી રહ્યાં છે. જ્યારે આપણને આપણા ઈષ્ટદેવે શોધી આપેલા ગુરુનો પુરો મહિમા સમજાતો નથી. ગુરૂમંત્ર પ્રદાન કરવાનો જેમને અધિકાર હોય તે જ આપણા ગુરૂ. શિક્ષાપત્રીમાં પણ ઘણા શ્લોકોમાં મહારાજે ધર્મવંશી આચાર્યશ્રીને સત્સંગીમાત્રના ગુરૂ તરીકે નિરૂપ્યા છે. વ્યક્તિગત શિક્ષા ગુરુ તરીકે ગમે તે ત્યાગી સંતમાં ભાવ હોય, પરંતું જગતની કોઈ વ્યક્તિ પૂછે, તમારા ગુરુ કોણ ? તો તુરત પોત પોતાના દેશના ગાદી પર વિરાજમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું નામ જીભ પર આવવું જોઈએ. આપણા ગુરુએ આપણાં કાનમાં શ્રી કૃષ્ણ અષ્ટાક્ષર મંત્ર (ગુરુમંત્ર)નોઉપદેશ કર્યો ત્યારે તો આપણને ભગવાન ભજવાનો અધિકાર મળ્યો છે ! ત્યારે તો આપણને 'સત્સંગી'ની સંજ્ઞા મળી છે. આપણા ગુરુ પોતાનો મહિમા પોતાના મુખેથી ન કહીં શકે, તેઓ ફક્ત મહારાજ, મહારાજે સ્થાપેલા દેવ, સંતો તથા શાસ્ત્રોનો મહિમા કહીં શકે. પરંતુ સંતો તથા હરિભક્તોની ફરજ છે કે મહારાજનો મહિમા કહેતા કહેતા સાથે સાથે ધર્મવંશી આચાર્યશ્રીનો 'ગુરૂ' તરીકેનો મહિમા કહેવો.

●



## ૨૬. ગુરુની અનિવાર્યતા તથા સાચા ગુરુ :

દરેકે દરેક મનુષ્યે ગુરુ કરવા પડે છે. ગુરુ વિના શિષ્યને મોક્ષ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. ગુરુથકી ભાગવતી દીક્ષા લીધા સિવાય મનુષ્યને ભગવાન ભજવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. જ્યારે જ્યારે ભગવાનના અવતારો થાય છે, ત્યારે ત્યારે મનુષ્યોના ઉપદેશ માટે તે તે અવતાર પણ એક ગુરુ ધારે છે. રામચન્દ્ર ભગવાને વસિષ્ઠ ઋષિને ગુરુ કર્યા. શ્રીકૃષ્ણ ભગવાને સાંદિપની ઋષિને ગુરુ કર્યા તો સ્વામિનારાયણ ભગવાને ઉદ્ધવ અવતાર રામાનંદ સ્વામીને ગુરુ કર્યા. રામાનંદ સ્વામીએ શ્રીહરિને દીક્ષા આપી.

"ગુરૂ બિન જ્ઞાન નહિ, ગુરુ બિન ધ્યાન નહિ,
ગુરૂ બિન આતમ વિચાર કહીં પાવ હિ."

ગુરૂ વિના જ્ઞાન નથી, ધ્યાન નથી, આત્મ વિચાર પણ ગુરૂ વિના નથી. ભૌતિક વિદ્યાઓ ગુરૂ વિના સિધ્ધ થતી નથી. ગુરૂ વિના કોઈ એન્જીનીયર કે ડૉકટર થઈ શકતો નથી. તો જ્ઞાની તો ક્યાંથી થાય ? ગુરૂ પાસેથી વિધિસર મેળવેલું જ્ઞાન પરમાત્માના દર્શન કરાવે છે. ગુરૂમાં શ્રધ્ધા હોવી જોઈએ. જીવન નૌકાના કર્ણધાર ગુરૂ છે. એવા ગુરુ પ્રત્યે વફાદારી અને દ્રઢ વિશ્વાસ જોઈએ.

"બ્રહ્માનંદ કહે રે હરિજન પણ જોઈએ શૂરા,
તન કરી નાંખે રે, ગુરૂ વચને ચૂરે ચૂરા."

ગુરૂ વચને શરીરના ટૂકડા કરી નાંખે. આવી તન્મયતા, આવી ન્યોછાવરી જેનામાં હોય તેનો બેડો પાર થઈ જાય છે. ગુરૂના પૂતળામાં શ્રધ્ધા રાખે તો પણ કામ થઈ જાય છે. એકલવ્યે શ્રધ્ધા રાખી તો ગુરૂ દ્રોણના માટીના પૂતળા દ્વારા પણ વિદ્યા મેળવી શક્યો. શિષ્યે ગુરૂ પાસેથી વૈશ્નવી દીક્ષા લેવી. તત્કાળ વિજ્ઞાનને પ્રકાશ કરે અને મોહનો નાશ કરે તેનું નામ સત્પુરુષે દીક્ષા કહેલી છે. જે દીક્ષામાં બેવડી કંઠી, જપમાળા તથા ઉર્ધ્વપુંડ્ર તિલક હોય એ શુભ દીક્ષા માનેલી છે.

નારદમુનિ દ્વારકા પ્રભુને દર્શને આવે ને દર્શન કરે. બેસે, પછી જાય. ત્યારે જે ઠેકાણે નારદ બેઠા હોય ત્યાંથી પ્રભુ સવા હાથ પૃથ્વી ખોદાવી નાખે

છે. નારદ ને કોઈકે કહ્યું, ''તમે દર્શને જાઓ છો. પણ પ્રભુ એ પૃથ્વી ખોદાવી નાખે છે.'' નારદે આ બાબત તપાસ કરી તો તે વાત સાચી ઠરી. ત્યારે નારદ કહે, ''પ્રભુ ! હું બેસું છું તે જમીન તમે કેમ ખોદાવી નાખો છો ?'' ત્યારે પ્રભુ કહે, ''તમો નગુરા છો. ગુરુ કર્યા નથી. તેથી ખોદાવીએ છીએ.''

अदीक्षितस्य मूर्खस्य निष्कृतिर्नास्ति निश्चितम् ।
सर्व कर्म स्वन हस्य नरके तत्पशोः स्थितिः ॥

દીક્ષાને નહિ પામેલા પુરુષનું પ્રાયશ્ચિત નથી, સર્વ કર્મને વિષે અયોગ્ય એવો જે પશુ જેવો પુરુષ તેની નરકમાં સ્થિતિ થાય છે. નારદમુનિ કહે, તમો ગુરૂ થાઓ. પછી શ્રીકૃષ્ણ પ્રભુ કહે, ''દ્વારકાનો દરવાજો ઉઘડતા જે પુરુષ પહેલો બહાર નીકળે તેને ગુરૂ કરજો. મારું વચન છે.'' ત્યારે નારદજી વહેલા આવીને દરવાજા બહાર બેઠા. તે સમે દરવાજો ઉઘડતા જ મચ્છીમાર જાળ લઈને નીકળ્યો. તેને ગુરૂ કર્યો નહિ. પછી નારદજી પ્રભુ પાસે ગયા. ત્યારે પ્રભુએ પૂછયું જે ગુરૂ કર્યા ? ત્યારે નારદ કહે, ''મહાપાપી જાળ લઈને જતો હતો તેથી ગુરૂ ન કર્યો.'' પછી પ્રભુ કહે, ''ગુરૂ કર્યા નહિ અને સામી ગુરૂની નિંદા કરી તો ગુરૂ નિંદકનું મોઢું જોવામાં પાપ લાગે છે. માટે હવેથી મને મોઢું ન બતાવશો.'' પ્રભુએ આવવાની બંધી કરી. ત્યારે નારદ બહુ અકળાયા. પ્રભુના દર્શન થાય નહિ. પછી નારદ શંકર પાસે ગયા અને વાત કરી. શંકર કહે, પ્રભુ પાસે કાગળમાં લખાવીને તે કાગળ ઉપર આળોટજો તેથી પ્રાયશ્ચિત પુરું થશે. પ્રભુ પાસે આવીને કહેવરાવ્યું જે, તમે કહો તેમ કરું. ત્યારે પ્રભુ કહે તે ઢીમરને પ્રથમ ગુરૂ કરો. અને ગુરુનિંદાનું પાપ ટાળવા માટે ભરતખંડના સર્વ તીર્થો કરો તો પાપ સર્વ નાશ થાય. પછી ઢીમરને ગુરૂ કર્યો અને નારદ કહે ભરતખંડના તીર્થો મેં દેખ્યા નથી. માટે મોટા કાગળમાં સર્વ તીર્થો તમો લખી આપો. પ્રભુએ કાગળમાં તીર્થો લખી આપ્યા. પછી તે કાગળ ઉપર નારદ આળોટ્યા તેથી પ્રાયશ્ચિત પુરું થયું. પ્રભુ કહે, ''કેમ એમ કર્યું ?'' ત્યારે નારદ કહે, ''તમારા ચરણમાં સર્વ તીર્થો રહ્યાં છે. તો હાથમાં હોય તેમાં શું નવાઈ ?'' પ્રાયશ્ચિત પુરું થયું. પ્રભુ રાજી થયા. આ તમને શંકરે બતાવ્યું હશે. પ્રભુના દર્શન થયા. નિંદકનું મોઢું જોવામાં પાપ લાગે. ગુરૂની નિંદા કરનારની શુદ્ધિ કદિ યમદૂતોથી પણ થતી નથી. ગુરૂનું અપમાન કરે, વેદ શાસ્ત્ર, પુરાણ આદિની નિંદા કરે, પ્રભુના નામને વિષે



ખોટાપણાની કલ્પના કરે, પ્રભુના નામના બળથી પાપને વિષે જેની બુદ્ધિ પ્રવર્તે તે ચાર જણાની શુદ્ધિ યમરાજાના દૂતોથી પણ થતી નથી. કેમ કે દૂતો પણ મારી મારીને થાકી જાય તો પણ તે ચાર જણ શુદ્ધ થતા નથી.

એવા ગુરૂ દેવ રે, ગોવિંદ સમ જાણીએ રે,
જેને સંગે પામીએ ભવજળ પાર રે...... સદ્‌ગુરૂ સાચા રે,
સેવો શુદ્ધ ભાવ શું રે.
ગુરૂ વિના જ્ઞાન રે, ન પામે મનમુખી રે,
કહે છે એ મહાશ્રુતિ વેદ પુરાણ રે,
એવું તે વિચારી રે, સદ્‌ગુરૂ સેવજો રે,
જેથી હરિ પામીએ પ્રગટ પ્રમાણ રે.... સદ્‌ગુરૂ.
ગુરૂજીના વચન રે, વિચારી ઉર ધારજો રે,
ટાળો તમે મોહ મમતા અભિમાન રે,
મુક્તાનંદ કહે છે રે, એવી રીતે વર્તતા રે,
તેને ઉર વાસ કરે ભગવાન રે.... સદ્‌ગુરૂ.

શિષ્યને ગુરુ પ્રત્યે નિઃસ્વાર્થ ભાવના હોય, ઈશ્વર બુદ્ધિ હોય તો એના કાર્યો સફળ થાય છે. ગુરૂની સેવા કર્યા વગર જ્ઞાન માટેની પાત્રતા આવતી નથી. ગુરૂની સેવાથી જ્ઞાન મેળવી શકાય છે. સેવા કરવાથી પ્રસન્ન થયેલા ગુરૂ ઉપદેશ ન આપે છતાં શિષ્યમાં જ્ઞાનનો આવિર્ભાવ થાય છે.

હવે ગુરૂ કેવા હોવા જોઈએ ? ગુરૂ જ્ઞાની, સંયમી, સદા જાગરૂક હોવા જોઈએ. ગુરૂ ભક્તિવાળા તથા પરમાત્મા પ્રત્યે દ્રઢ નિષ્ઠાવાળા હોવા જોઈએ. ગુરૂ નિઃસ્વાર્થી હોવા જોઈએ. ગુરૂ ગુણ ગ્રાહી હોવા જોઈએ. જેના જીવનમાં આવા ગુરૂ નથી એના જીવનમાં અંધકાર છે. જીવનમાં ગુરૂની સાથેનું જોડાણ એક મશીન છે, એ વેગ આપે છે. ભક્તિમાર્ગમાં, મોક્ષમાર્ગમાં તે આત્માને ઝડપથી આગળ લઈ જાય છે.

બ્રહ્મવિદ્યા વિનાના ગુરુ નિર્બીજ છે. તેમના શિષ્યો પણ તેમની દેશી શીખે. ગુરૂ લોભી હોય તો તે પણ લોભી થાય. ક્રોધી, કામી હોય તો તેવા ગુણો શિષ્યોમાં આવે. બેય મોક્ષનો માર્ગ ભૂલ્યા છે. આ સત્સંગમાં જેવા ગુરૂ છે તેવા ચૌદે ભુવનમાં નથી. જેનાં ભાગ્ય ઉદય થયાં હોય તેને તે ગુરૂ મળે.

ભૂપ અને ગુરુઓ જેટલા નીતિમાં દ્રઢ રહે તેટલા જ તે વૃદ્ધિ પામે, નહિ તો સ્થાન ભ્રષ્ટ થઈ જાય. શ્રીહરિ ભક્તોને કહે કે, વ્યાસ સમાન કોઈ આચાર્ય નથી. વ્યાસના મતનો આશ્રય લઈને સૌ પોતપોતાના સંપ્રદાય ચલાવેછે. તેમના વચનને ન અનુસરે તો તે સંપ્રદાય કલ્પિત કહેવાય. જેમ ભૂમિ સર્વેનો આધાર છે એમ વ્યાસના વચન આધાર રૂપ છે. વ્યાસાવતાર ન હોય તો કોઈને મોક્ષનું જ્ઞાન ન થાય. વ્યાસનાં વચન ચિંતામણિરૂપ છે. જગતમાં એક રીતના ગુરુ હોતા નથી. જેવા હોય તેવા અંતે દેખાય છે. કેટલાંક ગુરૂ પોતાના મોક્ષને માટે ધર્મ રાખે. બીજા ધર્મ રાખે કે ન રાખે તેનો દ્વેષ કરે નહીં. કેટલાક સૌ જનનું કલ્યાણ ઈચ્છે છે. પોતાનું કોઈ બુરું કરે તેનું પણ હિત ઈચ્છે. તેવા જનો હરિને પ્રિય લાગે છે. શ્રીહરિ તેમની પાસે જ રહે છે. કુટિલતા, ઈર્ષ્યા, મત્સર આદિથી રહિત તથા નિષ્કપટ, નિર્દંભ, નિષ્કામ, નિર્લોભ આદિ ગુણે યુક્ત હોય તે જ પરમ ગુરૂ ગણાય. તેનાથી જીવોનું કલ્યાણ થાય. તેવાને ભગવાન સમીપમાં દેખાય કે ન દેખાય તો પણ તે તો ભગવાન પોતાની પાસે છે એમ માને છે. જેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિનો લેશ હોય નહિ તેમજ વ્યસન અને કેફી ચીજો સેવતા હોય તેને મિથ્યા ગુરૂ સમજી મોક્ષના ખપવાળા હોય તે ત્યાગ કરે છે. ગુરૂમાં ગુણ હોય તેવા શિષ્યમાં આવે, સુમતિ આપે તે સાચા ગુરૂ છે. ગુરૂ થઈને ધન વિષયમાં આસક્ત હોય તે પથ્થરના નાવ જેવા છે. પોતે જ ન તરે તો બીજાને શું તારે ? ગુરૂ એવું નામ ધારવાથી સાચા ગુરૂ ગણાતા નથી. ગુરૂમાં ધર્મ હોય તેનો દસમો ભાગ શિષ્યોમાં દેખાય છે.

વ્યાધિ છે એ જીવનો ગુરૂ છે. વ્યાધિની એવી રીત છે કે ન ખાવા જેવી વસ્તુ હોય તેને નિઃશંક થઈને ખવડાવે છે. વ્યાધિમાં જેવા ગુરૂ મળે તેવી રૂચિ કરાવે છે. ભગવાનમાં રૂચિ રહે તેવા ગુરૂ મળે ત્યારે મોક્ષના માર્ગમાં રૂચિ કરાવે છે. ને વાતે કરીને વ્યાધિને હરતા રહે છે. જે ફરી ક્યારેય થાય નહિ. ઔષધિથી વ્યાધિ જાય નહિ છતાં તેની અરૂચિ થતી નથી. તેવી રૂચિ ભગવાનમાં થાય તો વ્યાધિ માત્ર નાશ પામે. આ તન ને બ્રહ્માંડ વ્યાધિમય છે. તેમાં જ્યાં સુધી સુખ મનાયું છે ત્યાં સુધી વ્યાધિ મટવાની નથી. ભગવાનની વાતમાં રૂચિ રહે તો વ્યાધિરૂપ સમુદ્રને તરી જાય છે.

●



## ૨૭. શાસ્ત્ર મહત્તા :

શ્રીહરિએ સત્સંગના ત્રણ ગૂઢ સંકલ્પ કર્યા, એ પૈકી ત્રીજો ગૂઢ સંકલ્પ શાસ્ત્ર રચનાનો કરેલ. શ્રીહરિએ એવો સંકલ્પ કર્યો કે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એના બોધ માટે શતાનંદ મુનિને હું પ્રેરણા કરીશ એટલે તે સત્સંગિજીવન નામે શાસ્ત્રની રચના કરશે. એ શાસ્ત્ર દ્વારા અમારા આશ્રિતો સર્વે સિદ્ધાંતો જાણી શકશે. એ પ્રમાણે વિચાર કરીને પરમાત્મા લેખકો પાસે અનેક પ્રકારના શાસ્ત્રો લખાવવા લાગ્યા. સ્વયં શ્રીહરિએ સર્વજીવ હિતાવહ ‘‘શિક્ષાપત્રી’’ની રચના કરી, જેમાં શ્રીહરિએ જગતના તમામ સત્‌શાસ્ત્રોનો સાર મૂક્યો છે. જેમાં ભગવાન અને ભગવાનના અવતારોનું નિરૂપણ હોય, નારદ, ઉધ્ધવ, પ્રહલાદ આદિક એકાંતિક સંતોનું પ્રતિપાદન હોય એને શાસ્ત્ર કહેવાય છે. શિક્ષાપત્રીમાં શ્રીહરિએ કહ્યું કે, ‘‘ચાર વેદ, વ્યાસસૂત્ર, શ્રીમદ્ ભાગવત નામે પુરાણ તથા મહાભારતને વિષે તો શ્રીવિષ્ણુ સહસ્ત્રનામ, શ્રીભગવદ્‌ગીતા, વિદુર નીતિ, સ્કંદપુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રીવાસુદેવ માહાત્મ્ય તથા ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્કય ઋષિની સ્મૃતિ એ જે આઠ સત્શાસ્ત્ર તે અમને ઈષ્ટ છે. અને પોતાના હિતને ઈચ્છતા એવા જે અમારા સર્વે શિષ્ય તેમણે આ આઠ સત્શાસ્ત્ર, જે તે સાંભળવા અને અમારા આશ્રિત, જે દ્વિજ તેમણે એ સચ્છાસ્ત્ર જે તે ભણવા તથા ભણાવવા તથા એમની કથા કરવી.’’ સ્વયં શ્રીહરિએ અહીં સત્શાસ્ત્રોની મહત્તા દર્શાવી છે. શ્રીહરિના સમયમાં જ સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, વચનામૃત, ભક્તચિંતામણિ, ધર્મામૃત નિષ્કામશુધ્ધિ આદિક અનેક સાંપ્રદાયિક સત્શાસ્ત્રોની રચના થઈ, જેમાં ઉપરોક્ત આઠ સત્શાસ્ત્રોનો પણ સાર આવી જાય છે. વળી શ્રીહરિ જેવા છે તેવા ઓળખાય છે. શ્રીહરિની સ્વરૂપ નિષ્ઠા દ્રઢ થાય છે. શ્રીહરિની ઉપાસના દ્રઢ થાય છે. ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યની પ્રાપ્તિ થાય છે. સ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરિ મહિમા સમજાય છે. શિક્ષાપત્રી, સત્સંગિજીવન, વચનામૃત આદિક શાસ્ત્રોથી, તે શાસ્ત્રો જીવનમાં ઉતારવાથી કળિયુગના માણસો ઘણું સરળતાથી પોતાના જીવનું કલ્યાણ કરી

શકે તેમ છે.

'પુરુષોત્તમ પ્રકાશ'માં નિષ્કુળાનંદ સ્વામીની કલમે શ્રીહરિ કહે છે.

વળી એક કહું ઉપાય ને, તમે સાંભળજો સહુ જન ॥
કર્યો કલ્યાણને કારણે, અતિ અમે થઈ પ્રસન્ન ॥
જેહ ઉપાય આ જીવને, સર્વે પ્રકારે શ્રેય થાય ॥
મોટા સુખને ભોગવે, આ લોક પરલોક માંય ॥
લાજ ન જાયે આ લોકમાં, પરલોકે પરમ આનંદ ॥
કર્યો ઉપાય એવો અમે, સહુ જાણજો જનવૃંદ ॥
સત્‌શાસ્ત્ર સારાં કર્યા, ભર્યા અર્થે અતિ અનુપ ॥
તેમાં બાંધી રૂડી રીતને, ત્યાગી ગૃહીને સુખરૂપ ॥
ત્યાગી ગૃહીને તારવા અર્થે રે, બાંધ્યા ઘણા સુખદાયી ગ્રંથ રે ॥
તેમાં બહુ પ્રકારની વાત રે, સૂચવિ છે અમે સાક્ષાત્ રે ॥
કહ્યાં ત્યાગી ગૃહીના વળી ધર્મ રે, સહુને પાળવા સારૂ પર્મ રે ॥
રીત જુજવી કહીં જણાવી રે, વર્ણાશ્રમ ધર્મની કહીં સંભળાવી રે ॥
સહુ સહુના ધર્મમાં રે'વા રે, અમે ગ્રંથ કર્યા કહું એવા રે ॥
દ્વિજ ક્ષત્રિય વૈશ્યને શૂદ્ર રે, તેને તરવા સંસાર સમુદ્ર રે ॥
તેહ શાસ્ત્રના સાંભળો નામ રે, સહુને સુણતા છે સુખ ધામ રે ॥
ધર્મામૃત નિષ્કામ શુદ્ધિ રે, વળી શિક્ષાપત્રી લખી દિધિ રે ॥
એહ વિના બીજા છે જે ગ્રંથ રે, કર્યા અમે કલ્યાણને અર્થ રે ॥
એમ કહ્યું શ્રીજીયે શ્રીમુખે રે, સહુ જનને તારવા સુખે રે ॥
જે જે અમે કરાવિયા ગ્રંથ રે, નર નારીને તારવા અર્થ રે ॥
વળી પદ છંદ કીરતન રે, અષ્ટકને સ્તુતિ જે પાવન રે ॥
તેને શીખે સુણે ભણે ગાય રે, તે તો અક્ષરધામમાં જાય રે ॥
કાં જે અંકિત અમારે નામે રે, માટે પો'ચાડે એ પરમ ધામે રે ॥
જેમાં સ્વામિનારાયણ નામ રે, એવી કથા સુણે નર વામ રે ॥
એવી કીર્તિ સાંભળવા જન રે, થાય અતિ પરમ પાવન રે ॥
વળી જે પદ જે નામે અંકિત રે, તેને ગાયે સુણે કરી પ્રીત રે ॥
જેમાં સહજાનંદ સ્વામી નામ રે, આવે જે કાવ્યમાં ઠામો ઠામ રે ॥



એવા કાવ્ય કે'તાં ને સાંભળતા રે, વાર ન લાગે મહાસુખ મળતા રે ॥
મહામંત્ર રૂપ એહ કા'વે રે, તેને તુલ્ય બીજું કેમ આવે રે ॥

આમ અહીં સ્વયં શ્રીહરિએ પોતાના શબ્દોમાં પોતે રચાવેલા સત્‌શાસ્ત્રોની મહત્તા કહીં છે, વળી શ્રીહરિએ સ્વયં લખેલી શિક્ષાપત્રી એ તો સ્વયં શ્રીહરિનું સ્વરૂપ જ છે.

છેલિ વાત એ છે માની લેજો રે, શિક્ષાપત્રી પ્રમાણે સહુ રે'જ્યો રે ॥
શિક્ષાપત્રી માંહિ અમે રે'શું રે, રહી એમાં સહુને સુખ દેશું રે ॥

જેમ 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા' શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ છે. તેમ 'શિક્ષાપત્રી' સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપ છે. 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા' શ્રીકૃષ્ણ ભગવાનના મુખેથી બોલાયેલીછે. જ્યારે 'શિક્ષાપત્રી' સ્વામિનારાયણ ભગવાનના કરકમળથી લખાયેલી છે. શિક્ષાપત્રીમાં જ શ્રીહરિ આજ્ઞા કરે છે કે, અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્ય પ્રત્યે પાઠ કરવો, અને જેને ભણતાં આવડતું ન હોય, તેમણે તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું. અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય, ત્યારે તો નિત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી. અને આ જે અમારી વાણી, તે અમારું સ્વરૂપ છે. એ રીતે પરમ આદર થકી માનવી.

શ્રીહરિએ કળિમાં જેટલા ઘટિત હોય તેટલા વર્ણાશ્રમનાં ધર્મનું શિક્ષાપત્રી લખીને પ્રતિપાદન કર્યુંછે. વેદમાં ધર્મ દૂધ રૂપેછે. સ્મૃતિમાં દહીં રૂપે છે. પુરાણમાં નવનીત રૂપે છે. તે પુરાણ મથીને શિક્ષાપત્રીમાં ઘી રૂપે વર્ણવ્યો છે, બસોને બાર શ્લોક તેમાંછે. ઉદ્ધવ આશ્રિતજનો માટે તો તેમાં ધર્મ લખ્યાં જ છે, પરંતુ મનુષ્ય માત્રના સામાન્ય ધર્મ પણ તેમાં લખેલાછે. બીજા કોઈ મતને બાધ આવવા દીધો નથી. આ લોક ને પરલોકમાં સુખી થાય તે કહ્યું છે. ધર્મવંશીની રીત પણ તેમાં લખીછે. અને તેમાં બે આચાર્ય ગુરુ કરી સ્થાપ્યાછે. મંદિરો કરી મૂર્તિ પધરાવી છે. અને દેશ વિભાગ કરી દીધો છે. તેવી શિક્ષાપત્રીની વાત છે.

અને સર્વે જે સચ્છાસ્ત્ર તેનો જે સાર, તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારી ને, આ શિક્ષાપત્રી, જે તે લખી છે. તે કેવી છે, તો સર્વ મનુષ્યમાત્રને મનવાંછિત ફળની દેનારી છે. (શિ. ૨૦૪) ............ અને આ શિક્ષાપત્રી,

જે અમે લખી છે, તે સર્વના જીવને હિતની કરનારી છે ॥૭॥ અને શ્રીમદ્ ભાગવત પુરાણ આદિક જે સત્‌શાસ્ત્ર તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આદિક સદાચાર તેમને, જે મનુષ્ય પાળે છે, તે મનુષ્ય જે તે, આ લોકને વિષે ને પરલોક વિષે મહાસુખિયા થાય છે ॥૮॥ અને સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે, તે તો કુબુદ્ધિ વાળા છે અને તે આ લોક અને પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે ॥૯॥ અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ, તે જે તે, આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે ॥૨૦૬॥

શિક્ષાપત્રીમાં દર્શાવેલા સદાચારોનું આ પૃથ્વીના મનુષ્યો જો પાલન કરે તો પૃથ્વી પર નાની મોટી હિંસા બંધ થઈ જાય, મનુષ્યને મનુષ્યનો ભય ન રહે, તેમજ પશુ-પક્ષીઓને પણ મનુષ્ય જાતિનો ભય ટળી જાય. કોઈ મનુષ્ય આત્મઘાત ન કરે, માંસાહાર બંધ થઈ જાય, દારૂ પીવાતો બંધ થઈ જાય. નાની મોટી ચોરી બંધ થઈ જાય, વ્યભિચાર બંધ થઈ જાય, જુગાર આદિક વ્યસન તથા ભાંગ્ય, મફર, માજમ, ગાંજો, તમાકુ આદિક કેફ કરનારી વસ્તુઓનું સેવન બંધ થઈ જાય, ખાવા-પીવામાં વર્ણાશ્રમ ધર્મની મર્યાદા આવી જાય, મિથ્યા અપવાદ આરોપણ બંધ થઈ જાય, ગાળો બોલાતી બંધ થઈ જાય, નિંદારૂપી મહાપાપ બંધ થઈ જાય, ભગવાનને પ્રિય એવા મોટા દેવો પ્રત્યે આદર થાય, પાખંડ ધર્મ તથા કલ્પિત ધર્મના મૂળ ઉખડી જાય, દરેક માણસ સત્ય બોલતો થઈ જાય, લાંચ લેવાતી બંધ થઈ જાય અને ત્યાર પછી દરેક મનુષ્ય ભગવાનનો ભક્ત પણ બને.

આવા મનુષ્ય માત્રના સામાન્ય ધર્મોનું જો દરેક મનુષ્ય પાલન કરે તો કોઈના ઘેર તાળા મારવા ન પડે, પોલીસની તથા ન્યાયતંત્રની કોઈને જરૂર ન રહે. ભ્રષ્ટાચાર બંધ થઈ જાય. કળિયુગમાં સત્‌યુગ આવે. માંગ્યા મેહ વરસે, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, ધરતીકંપ વગેરે કુદરતી ઉત્પાતો ઓછા થઈ જાય, દેશ-દેશ વચ્ચેના યુદ્ધો બંધ થઈ જાય. આતંકવાદ તથા ત્રાસવાદ તથા ધર્મ ધર્મ વચ્ચે કટ્ટરતાવાદ ચાલ્યો જાય. શિક્ષાપત્રીમાં શ્રીહરિએ આહાર શુદ્ધિ તથા જળ, દૂધ વગેરે રસ ગાળીને લેવાની આજ્ઞા કરી છે જેથી મનુષ્યોમાં



આહાર વિહાર જન્ય રોગો તથા પાણી જન્ય રોગોનું પ્રમાણ ઘટી જાય. માતા, પિતાની સેવા કરવાનું લખ્યું છે જેનાથી ઘરડા ઘરો બંધ થઈ જાય. વ્યભિચાર આદિક બંધ થવાથી તેને આનુસંગિક એઈડઝ જેવા ઘાતક ગંભીર રોગો ઓછા થઈ જાય. ટૂંકમાં મનુષ્ય આલોક અને પરલોકમાં સુખી થાય એવી શિક્ષાપત્રીની મહત્તા છે. શિક્ષાપત્રી પાલનથી રાજકીય મહાનુભાવો સાચા અર્થમાં લોક સેવક બને, સાધુ સાચા અર્થમાં સાધુ બને, ગૃહસ્થ સાચા અર્થમાં સદ્‌ગૃહસ્થ બને તેમજ ધર્માચાર્ય આદર્શ ધર્માચાર્ય બને.

શિક્ષાપત્રી શ્રી સ્વામિનારાયણ ભગવાને વડતાલમાં 'નારાયણ મહોલ'માં લખ્યા પછી, વડતાલમાં 'હરિમંડપ' માં બેસી પોતે શોધેલી. તે પછી સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી તથા અન્ય વિદ્વાનોને પોતાની સમીપે બોલાવી શ્રીહરિએ જણાવ્યું : ''આ શિક્ષાપત્રીમાં જે એક પણ ભૂલ કાઢે તેને થાળની પ્રસાદી આપું.'' તે બધાએ વારે વારે તપાસી જોયું, પણ એકેય ભૂલ ન જડી એટલે તેમણે વિનય વચન કહ્યાં : ''આપ તો સર્વજ્ઞ પરમાત્માછો. આપની કૃતિમાં ક્ષતિ હોય શાની ?'' આ પ્રસંગ હરિલીલામૃત ગ્રંથમાં વર્ણવ્યો છે.

''વિરાજી હરિમંડપમાંય, શિક્ષાપત્રી શોધી પછી ત્યાંય,
નિત્યાનંદ આદિક વિદ્વાન, કહે સૌ પ્રત્યે શ્રી ભગવાન,
આમાં ભૂલ જે કાઢે એકાદી, તેને આપું હું થાળ પ્રસાદી,
પછી સર્વેએ પત્રી તપાસી, પણ ભૂલ કશી નહિ ભાસી,
ત્યારે સર્વે બોલ્યા શિર નામી, આપ સર્વજ્ઞ અંતરજામી,
વાણી આપની તે વેદ વાણી, એમાં ભૂલ કશી નવ જાણી.''

શ્રીહરિ કહે, વળી આ પૃથ્વી ઉપર હું અંતર્ધાન થાઉં તે પછીથી પણ મારા સમાશ્રિતોને સ્પષ્ટ અર્થવાળા વાક્યો જેમાંછે તે શિક્ષાપત્રી સર્વેને આલંબનરૂપ થાશે. મહારાજ કહે, અમારા આશ્રિતે શિક્ષાપત્રીનો પાઠ, શ્રવણ કે પૂજા એ ત્રણમાંથી જેને ફેર પડે તેણે એક ઉપવાસ કરવો, એમ અમારી આજ્ઞા છે.

સાચો ભક્ત તો એમ જાણે કે, 'જેમ, ભગવાન તે ભગવાન. એને વિષે ભાગ ત્યાગ કર્યાનો માગ નથી, તેમ શિક્ષાપત્રી તે શિક્ષાપત્રી. એમાં ભાગ ત્યાગ કરવાનો અવકાશ નથી. પ્રગટ પ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની

ઉપમા જેમ કોઈ પણ મુક્તોને, અવતારોને, વિભૂતિ સ્વરૂપોને કે ઈશ્વરાદિકને આપી શકાય નહિ, તેમ શિક્ષાપત્રીની ઉપમા કોઈપણ ગ્રંથને દેવાય નહિ. શિક્ષાપત્રીની સરખામણી બાઈબલ, કુરાન કે અવેસ્તા સાથે થઈ શકે નહિ. એની તોલે વેદ, વેદાંત, શ્રીમદ્ ભગવદ્ગીતા, શ્રીમદ્ ભાગવત વગેરે સચ્છાસ્ત્રો પણ આવી શકે નહિ. વેદની વાણી જેમ 'અપૌરુષેય' છે, દિવ્ય છે, તેમ શિક્ષાપત્રીની વાણી છે; પરંતુ વેદ તો વિરાટ નારાયણના મુખમાંથી બહાર આવ્યા છે, જ્યારે શિક્ષાપત્રી તો વિરાટનારાયણ, મહાપુરુષ, અક્ષરબ્રહ્મ તથા મુક્તોના પણ કારણ ને આધાર એવા શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે લખેલ હોઈ વેદથી પણ વિશેષ 'અપૌરુષેય'ને દિવ્ય છે.

શ્રીહરિએ સિધ્ધ મુક્ત શતાનંદ મુનિ પાસે શિક્ષાપત્રીનો સંસ્કૃતમાં અનુવાદ કરાવ્યો. જેને શ્રીમદ્ સત્સંગિજીવનના ચતુર્થ પ્રકરણ ના ૪૪ માં અધ્યાયમાં સમાવી લેવામાં આવ્યો છે. ત્યારબાદ શતાનંદ મુનિએ શિક્ષાપત્રી ઉપર અર્થદીપિકા નામની ટીકા રચી. શ્રીહરિ તે અનુવાદ અને ટીકા જોઈ ઘણા પ્રસન્ન થયા ને સભામાં શતાનંદ મુનિની પ્રશંસા કરતાં બોલ્યા : મારો હૃદગત અભિપ્રાય જેવો હતો તેવો જ સંપૂર્ણ પણે આ શતાનંદ મુનિએ આ સટીક શિક્ષાપત્રીના અનુવાદમાં આણેલો છે. શ્રીહરિએ પોતાના ગળામાંથી ગુલાબનો હાર કાઢી તે શતાનંદ મુનિને પ્રેમપૂર્વક પહેરાવ્યો અને તેમના મસ્તક ઉપર પોતાના બે હાથ સ્થાપન કર્યા.

શ્રી સ્વામિનારાયણ ભગવાને શતાનંદ મુનિને સત્સંગિજીવન ગ્રંથ રચવાની આજ્ઞા કરી. તે ગ્રંથ લખવાનો આરંભ કર્યો ત્યારથી જ એક એક પ્રકરણ લખાતું જાય તેમ તેમ શતાનંદ મુનિ શ્રીહરિને વાંચી સંભળાવતા જાય. એવી રીતે શતાનંદ મુનિએ તે ગ્રંથ ગઢડામાં રહીને લખ્યો. તે ગ્રંથ જોઈ શ્રી સ્વામિનારાયણ ભગવાન ઘણા રાજી થયા અને ગઢડામાં ગંગાજળિયા કૂવા પાસે જાહેર સભા રાખી તેમાં શતાનંદ સ્વામીનું યથાયોગ્ય સન્માન કર્યું. શ્રીહરિએ પ્રથમ સત્સંગિજીવન ગ્રંથની આરતી ઉતારી અને તે પછી ગ્રંથકર્તા શતાનંદમુનિનું પણ પૂજન કર્યું. એ દિવ્ય ગ્રંથ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના મસ્તક ઉપર ધારણ કરી વાજતે ગાજતે સંત હરિભક્તો સાથે લક્ષ્મીવાડીમાં જઈ મહોત્સવ ઉજવ્યો ને ખુશાલીમાં સાકર વહેંચી. આ



પ્રસંગનો ઉલ્લેખ શ્રીહરિલીલામૃત ગ્રંથમાં નીચે મુજબ કરેલો છે.

"તહાં શતાનંદ કવીંદ્ર આવ્યા, સત્સંગીનું જીવન ગ્રંથ લાવ્યા;
તેણે કહ્યું ત્યાં જુગ જોડી હાથ, 'ભવિષ્ય સુધ્ધાં લખી વાત નાથ' !
વા'લો સુણીને વિચર્યા હુલાસે, જૈ કૂપ ગંગા જળિયાની પાસે.
સભા ભરીને સનમાન કીધું, તે ગ્રંથનું પૂજન ત્યાં જ કીધું;
તે ગ્રંથની આરતી તો ઉતારી, પૂજ્યા કવિને પણ પ્રીત ધારી.
શ્રીમંત કે જે સરદાર રાય, સૌએ ધરાવી શુભ ભેટ ત્યાંય;
વસ્ત્રો તથા ભૂષણ દ્રવ્ય લૈને, મૂકે જનો પુસ્તક પાસ જૈને.
શ્રીજી કહે, પુસ્તક એહ જાણો, સત્સંગીનું જીવન છે તે પ્રમાણો;
તેની કથા વાચન થાય જ્યાંય, પ્રત્યક્ષ હું આવી વસીશ ત્યાંય.
પછી તહાં વાદ્ય વિશેષ લાવ્યા, સત્સંગી સૌ સંત મળી સિધાવ્યા;
શ્યામે ધર્યું પુસ્તક શીશ ભાગ, પૂજા કરી જૈ વળી લક્ષ્મી બાગ.
કર્યો ભલો ઉત્સવ એહ કાળ, રાજી થયા દીન તણા દયાળ;
પ્રસાદીની સાકર વહેંચી દૈને, બિરાજિયા મંદિરમાંહી જૈને."

વચનામૃત પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શાસ્ત્રોમાં ગૌરવભર્યું સ્થાન ભોગવે છે. ગુજરાતી ગદ્યની વિકાસના ઈતિહાસમાં આ ગ્રંથ સીમાસૂચક ગણાય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને અનેક સ્થળોએ ને અનેક પ્રસંગોએ જે જે જ્ઞાન વાર્તાઓ કરી હતી, તેની નોંધ ઉપરથી આ સંગ્રહ સંપાદિત કરવામાં આવ્યો છે. અનાદિમુક્ત સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી એ પાંચ મહાનુભાવ સંતોએ આ દિવ્ય વચનોનો સંગ્રહ કરેલો છે. ઉદાર બુદ્ધિવાળા એ પાંચે મુનિઓએ મળી પોતાની બુદ્ધિ અનુસાર તેમજ પોતે જેમ શ્રવણ કરી વચનો ધાર્યા હતાં તે મુજબ વચનામૃતો લખ્યા છે તથા શોધ્યા છે. વિ.સં. ૧૮૭૬ ના માગસર સુદ-૪ થી કરેલો લગભગ બાર મહિનાના વચનામૃતોનો આવો સંગ્રહ, સ.ગુ. નિત્યાનંદ સ્વામી શ્રીહરિને વિ.સં. ૧૮૭૭ ના માગસર સુદ-૩ ના દિવસે આપે છે. જે જોઈ પોતે ઘણા રાજી થાય છે. તેનો ઉલ્લેખ લોયાના સાતમાં વચનામૃતમાં છે. શ્રીહરિની આજ્ઞાને સ્મૃતિમાં લાવીને સિધ્ધ મુક્ત શતાનંદ મુનિએ શ્રીહરિ અંતર્ધાન થયા પછી વચનામૃતનું સમગ્ર પુસ્તક

સંસ્કૃતમાં પદ્યરૂપે ગૂંથ્યું અને તેનું નામ ''શ્રીહરિવાક્યસુધા સિંધુ'' રાખ્યું. આ પ્રમાણે શ્રીહરિએ સિધ્ધ મુક્ત શતાનંદ મુનિ પાસે શ્રી સત્સંગિજીવન તથા અન્ય ગ્રંથો રચાવી પોતાનો ત્રીજો ગૂઢ સંકલ્પ પરિપૂર્ણ કર્યો. શ્રીહરિ પોતાના ત્રણે ગૂઢ સંકલ્પોને મૂર્ત સ્વરૂપ આપ્યા પછી જ આ પૃથ્વી ઉપરથી અંતર્ધાન થયા.

શ્રીમદ્ ભાગવત ગ્રંથ જેમ શ્રીકૃષ્ણ પરમાત્માના લીલા ચરિત્રોથી ભરપુર છે. તેમ શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથ પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનના લીલાચરિત્રોથી ભરપૂર છે. વ્યાસ નારાયણે જ્યારે શ્રીમદ્ ભાગવતની રચના કરી ત્યારે જ પરમ શાંતિ થઈ. તેવી રીતે મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન શાંતિનો ઉપાય શું ? તેના જવાબમાં મહારાજે સ્વમુખે પોતાનાં લીલા ચરિત્રો સ્વામીને સંભળાવ્યા. એ રીતે ભક્તજન સુખાય શ્રીહરિએ અનંત અપાર લીલા ચરિત્રોનો વિસ્તાર કર્યો છે. જ્યાં સુધી આ બ્રહ્માંડ રહે ત્યાં સુધી એ દિવ્ય લીલામૃતનો અખંડ આસ્વાદ પોતાના ભક્તજનોને મલતો રહે તે માટે અપ્રતિમ વિદ્વાન મહામુક્તરાજ નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રી વાસુદેવાનંદજીને પ્રભુએ આજ્ઞા કરી કે પરમ કલ્યાણકારી એવા અમારા દિવ્ય ચરિત્રોનું શાસ્ત્ર રચો. પ્રભુ આજ્ઞા શિરે ધારી બ્રહ્મચારીએ સત્સંગિભૂષણ ભક્તિ શાસ્ત્રની રચના કરી. આ શાસ્ત્ર વાંચવાથી, સાંભળવાથી ત્રિવિધ તાપ દગ્ધ જીવોને પરમશાંતિ મળે છે અને તે મોક્ષભાગી બને છે. સર્વાવતારી, સર્વોપરી સદા પ્રત્યક્ષ અક્ષરધામાધિપતિ સ્વામિનારાયણ ભગવાનને વિશે સર્વોપરી ઉપાસના અને એકાંતિક ભક્તિને સ્થિર કરતું આ શાસ્ત્ર ખરેખર સત્સંગીમાત્રનું અનોખું આભૂષણ છે. માટે જ બ્ર. વાસુદેવાનંદજીએ શાસ્ત્રનું નામ સત્સંગિભૂષણ રાખ્યું છે. શ્રીહરિ વચનામૃત મ. ૫૮ માં કહે છે. ''પોતાના ઈષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મૂકવા પર્યન્ત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે. તે શાસ્ત્ર સંસ્કૃત હોય અથવા ભાષા હોય પણ તેજ ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ કરે.'' ઈષ્ટદેવ શ્રીહરિના આ વચનોથી શ્રીહરિના સ્વરૂપમાં સર્વોપરી ઉપાસનાની દ્રઢતા માટે ભક્તિ શાસ્ત્ર સત્સંગિભૂષણનું આગવું મહત્ત્વ છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના એક એક શાસ્ત્ર અદ્ભૂત છે. શાસ્ત્રો જેમણે વાંચ્યા છે, સાંભળ્યા છે તેને પછી જગતનું અન્ય સાહિત્ય ફીકું લાગે છે. આવું જ એક શાસ્ત્ર છે 'ભક્તચિંતામણિ'. આ શાસ્ત્ર ત્યાગમૂર્તિ, તપોમૂર્તિ, વૈરાગ્યમૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામી વિરચિત છે. જે સંત માટે મહારાજે વચનામૃતમાં શબ્દ વાપર્યા કે, ''જેમ મયારામ ભટ્ટ છે તથા મુળજી બ્રહ્મચારી છે તથા નિષ્કુળાનંદ સ્વામી છે એવી જાતના જે હોય તેને સ્ત્રી-ધનાદિક પદાર્થનો યોગ થાય તો પણ એ ડગે નહિ.'' આવા સંતના હાથે લખાયેલું આ શાસ્ત્ર ભક્તચિંતામણિ યથાનામા તથા ગુણા છે. એટલે કે પ્રગટના ભક્તો માટે ખરેખર ચિંતામણિ તુલ્ય છે. આજે પણ સાળંગપુર કષ્ટભંજન દેવ હનુમાનજી સમક્ષ પૂજારી ભક્ત ચિંતામણિ મધ્યે શ્રીજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને પરચાં પૂર્યા એ નામે ૧૪૨ માં પ્રકરણનો પાઠ કરે છે, એટલે તુરત જ જે વ્યક્તિના શરીરમાં ભૂત પ્રેતાદિકનો વળગાડ હોય તે ભક્તમાં રહેલાં ભૂત પ્રેતાદિક હનુમાનજી મહારાજના પ્રતાપથી ત્રાસ પામીને રડવા લાગે છે. મનુષ્ય માત્રને શાસ્ત્રો વાંચવા-સાંભળવાથી જ પોતાના ધર્મ સમજાય છે. આત્મા-પરમાત્મા સંબંધી જ્ઞાન થાય છે. મનુષ્ય જન્મની દુર્લભતા સમજાય છે. પરમાત્મા પ્રત્યે ભક્તિ ઉદય થાય છે. નાશવંત પદાર્થોમાં વૈરાગ્ય ઉપજે છે તથા મોક્ષ ધર્મની પ્રાપ્તિ થાય છે. વ્યવહાર તથા જીવન જીવવાની કલા પણ શાસ્ત્રો જ શીખવાડે છે. સત્શાસ્ત્રના વચનમાં વર્તવું એ જ દરેક મનુષ્ય માટે હિતકારી અને શ્રેયષ્કર છે.



## ૨૮. સંત મહિમા :

જીવને આધિ, વ્યાધિ ઉપાધિમાંથી મુક્ત કરીને ભગવાન સાથે જોડે તેને સંત કહીએ. સંત પાસે બેસવાથી જ શાંતિ મળે છે. કારણ કે સંતના હૃદયમાં અખંડ ભગવાનનો વાસ હોય છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં માત્ર ભગવા વસ્ત્રો ધારણ કરી લેવાથી સંત થઈ જવાતું નથી. પરંતુ સ્વામિનારાયણ ભગવાને કરેલાં બંધારણ મુજબ જેને ઉત્કૃષ્ટ વૈરાગ્ય હોય, સંસારમાં રહેવાની ઈચ્છા ન હોય, તેમણે ધર્મવંશી આચાર્ય થકી ત્યાગી સાધુની દીક્ષા લેવી

ફરજિયાત છે. ત્યારે જ તેનું નામ 'સંત' પડે છે. સંતની સંજ્ઞા મેળવ્યા પછી પણ શ્રીજી મહારાજે સ્થાપન કરેલી બે ગાદીની છત્રછાયામાં રહીને, જે તે દેશના આચાર્યશ્રીની આજ્ઞામાં રહીને, સત્સંગના કાર્યો કરે તો જ તેનો સાચો ત્યાગ ગણવામાં આવે છે. શ્રીજી મહારાજે સ્થાપેલા દેવ અને આચાર્ય સાથેનું જોડાણ કટ કરી દઈને કોઈ ત્યાગી સંત જૂદી સંસ્થાઓ ઉભી કરે તો સત્સંગમાં આવીને પાછી ફરી માયા ઉભી કરવા જેવું થાય છે.

ભક્તિમાતા જગતના ઉપદેશ માટે પોતાના પુત્ર શ્રી ઘનશ્યામ મહારાજને પૂછે છે, હે પ્રભુ ! અહંતા ને મમતા દૂર થાય, તમારી માયાના બંધનો છૂટે એવો મને ઉપદેશ આપો. માતાજીનું વાક્ય સાંભળીને ઘનશ્યામ મહારાજ કહે છે, હે મા ! મારી માયા તરવી બહુ કઠીન છે. સંતનો સમાગમ કરીને મારી ભક્તિ કરે છે એ જ મારી માયાને તરે છે. જે ભક્તજન સંતનો સત્સંગ કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યની સાથે જે ભક્તિ કરે છે એ જ માયાને તરી જાય છે. હે મા ! એ સિવાય માયા તરવી બહુ કઠિન છે. ભક્તિમાતા કહે છે, હે ભગવાન ! તમે જે સંત સમાગમની વાત કરી, એ માટે તમારી પાસેથી જાણવું છે કે, કેવા સંતોના પ્રસંગથી માયા તરી શકાય તે કૃપા કરીને મને કહો. શ્રીરિ કહે છે, હે મા ! એવા સંતો કે જે અત્યંત દયાળુ હોય, સહનશીલ સ્વભાવવાળા હોય, સૌના મિત્ર હોય, નિર્માની હોય, કામ, ક્રોધ, ઈર્ષ્યા આદિક અંતઃશત્રુઓને જીતીને રહેતા હોય, જેનામાં દેહાભિમાન ન હોય, કોઈપણ જાતનો અહંકાર ન હોય, સર્વ જીવોને પરમાત્માનો ઉપદેશ આપવામાં કુશળ હોય, શાસ્ત્રોના અભ્યાસી હોય, પરમાત્માની વાત કરવામાં જેને અત્યંત પ્રેમ હોય અને પ્રભુમાં ધ્યાન પરાયણ હોય, હે નિષ્પાપ માતા ! આવા લક્ષણવાળા મહાત્માઓ તેના પ્રસંગથી ભગવાનને વિશે પ્રીતિ થાય છે. પ્રભુનો મહિમા સમજાય છે. ભગવાનના લોકનું જ્ઞાન થાય છે. તીર્થોનું માહાત્મ્ય પણ આવા સંતોના પ્રસંગથી જ સમજાય છે. આવા સંતોનો કોઈ સ્પર્શ કરે, કોઈ દર્શન કરે, કોઈ નમસ્કાર કરે, કોઈ પૂજન કરે કે કોઈ ભોજન કરાવે તો એના જન્મોજન્મના પાપ મૂળ સહિત નાશ પામી જાય છે. કારણ કે આવા સંતો એ ભગવાનનું હૃદય છે. આવા સંતોના ચરણમાં તમામ તીર્થો રહેલાં છે.



આવા સંતોનો જેને ભેટો થયો એમના માટે મોક્ષનું દ્વાર ઉઘડી જાય છે. શિક્ષાપત્રીમાં શ્રીહરિએ સાધુને સ્ત્રી, ધનનો સંપૂર્ણ ત્યાગ રાખવાનું કહ્યું છે. ઉપરાંત અંતઃશત્રુ જે કામ, ક્રોધ, લોભ અને માન આદિક તેમને જીતવા, સર્વે જે ઈન્દ્રીઓ તે જીતવી અને રસના ઈન્દ્રિયને તો વિશેષે કરીને જીતવી, નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમવો, ગ્રામ્યવાર્તા કરવી નહિ, જાણીને સાંભળવી નહિ, ક્ષમા રાખવી, કોઈનું દૂતપણું, ચડિયાપણું ન કરવું, દેહને વિષે અહંબુદ્ધિ ન કરવી, સ્વજનાદિક ને વિષે મમતા ન કરવી વગેરે વિશેષ ધર્મો કહ્યાં છે. આવા સંતોથી સ્વામિનારાયણ સંપ્રદાય ઉજળો છે. પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી બ્રહ્મચારીઓ, સંતો મોટા મંદિરમાં બિરાજમાન દેવોને ટાઈમે આરતી, થાળ તથા તમામ પ્રકારની સેવા કરે છે. સંપ્રદાયમાં રહીને હરિભક્તોને સત્સંગ કથા-વાર્તા દ્વારા પોષણ આપે છે. સમય આવ્યે સામાજિક તથા શૈક્ષણિક સેવામાં પણ જોડાય છે. વહેમ, કુરિવાજો, અંધશ્રદ્ધા, વ્યસનો વગેરેથી સમાજને છોડાવે છે. મંદિરોનું નિર્માણ કાર્ય કરાવે છે. મુમુક્ષુજીવને પરમાત્માનો સંબંધ કરાવી જન્મ મરણરૂપી સંસૃતિ તથા યમયાતના તેમજ ગર્ભાવસ્થાના દારૂણ દુઃખમાંથી છોડાવે છે. માટે જ શ્રીહરિએ શિક્ષાપત્રીમાં પોતાના આશ્રિતને નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવાની આજ્ઞા કરી છે.

શ્રીહરિચરિત્રામૃતસાગરમાં આધારાનંદ સ્વામી લખે છે, સંતના વચન અનેક ભવની પીડા મટાડે એવા નિર્મળ હોય છે. સંતો નટના ખેલની પેઠે શ્રીહરિના વચનરૂપી દોર ઉપર ચાલે છે. શૂરા અને સતીથી પણ અધિકપણે મરણ હાથમાં લઈને વર્તે છે. સંતની તુચ્છતા કહેનારો તે નીચમાં નીચ છે. સંતના દાસ થઈને જ વર્તવું. સનકાદિકને વૈકુંઠમાં જય વિજ્યે રોક્યાં તો શાપ આપ્યો અને તેમને વૈકુંઠનાથે કંઠે લગાવ્યા. જય વિજય સેવક હતા. અને તેમણે બહું વિનય કર્યો તો પણ સાંભળ્યું નહિ. ભગવાને તેમને કહ્યું કે હું સંતને આધીન છું. સંતનો અપરાધ પળ માત્ર સહન કરું નહિ. સંતનો દ્રોહ કરે છે તે મારો કંઠ છેદે છે. કોટિ કલ્પ સુધી પણ હું તેનું મુખ જોવા ઈચ્છતો નથી. મારો હાથ અપરાધ કરે તો તેને પણ કાપી નાંખુ. લક્ષ્મીથી પણ અધિક મને સંત પ્રિય છે. સંતનો થોડો દ્રોહ થાય તો પણ અમને કરોડ ઘણો ડર લાગે

છે. સંતનો મુખ્ય ગુણ એ છે કે, મારા વિના તેમને બીજે ક્યાંય સ્નેહ નથી. તેવા સંતની ચરણરજ હું તથા લક્ષ્મીજી માથે ધારણ કરીએ છીએ. ભગવાનના આવાં વચન સાંભળી જય વિજય સનકાદિકને પગે લાગ્યા. અને તેમની પાસે નિર્માની થઈને રક્ષણ માંગ્યું. ત્યારે દયાળુ સનકાદિકે તેમનો ઉદ્ધાર કરવા ભગવાનને વિનંતી કરી, ભગવાને કહ્યું કે, તમને તેમણે માથું નમાવ્યું, તેથી ત્રણ જન્મ અસુરના લઈને વૈકુંઠમાં આવશે. તમારા અનુગ્રહ વિના તે પાપથી છૂટે એમ નથી. શ્રીહરિ કહે, નાના સંત હોય તો પણ તેના દાસ થઈને રહેવું, સંત સાથે અભિમાન ન રાખવું. થોડો અગ્નિ પણ બ્રહ્માંડનો નાશ કરી નાંખે છે. દૈત્યો, રાક્ષસો, ભવ બ્રહ્માદિક દેવો, રાજાઓ અને શ્રીમંતો પણ સંતને નમે છે, કારણ કે સંત સરળ સ્વભાવના હોય છે.

સંતો શ્રીહરિની પૂજા કરી રહ્યાં ત્યારે મહારાજ સંતોને કહેવા લાગ્યા કે હવે અમે તમારી પૂજા કરીએ. તમારે જેવો ભાવ છે તેવો પૂજા કરવાનો અમારે ભાવ છે. અમારે માન મોટપ લવલેશ નથી. જે જે મોટપથી હાનિ થાય તે તે મોટપ અમે રાખતા નથી. રામચન્દ્ર અને શ્રીકૃષ્ણ જેવા સર્વોપરિ અવતારો થયા તે અનંત બ્રહ્માંડોના પૂજ્ય છે. તેઓ પણ મુનિઓને વારે વારે પૂજતા હતા. એમ ગ્રંથોમાં લખ્યું છે. ઈશ્વર થઈને સંતને ન પૂજે એવું શાસ્ત્રમાં અમે ક્યાંય સાંભળ્યું નથી. સંતને પૂજે નહિ તેને ઈશ્વર કોઈ કહે નહિ. સંતને પૂજે તે જ સાચા ઈશ્વર છે. કાચા કુંભ સમાન કાંઈ કામમાં આવે નહિ તેવા ઈશ્વર અમે નથી, એમ દ્રઢ તમે જાણો. ઈશ્વરના ગુણો આવવાનું દ્વાર અમે સંતને માનીએ છીએ. સંતને પૂજવામાં જ અમે મોટપ માની છે. એમ કહીંને શ્રીહરિ પૂજા કરવા લાગ્યા. પ્રથમ રામદાસજીની, પછી મુક્તમુનિની એમ સૌ સંતની પૂજા કરીને સંતોને ભેટ્યા. તેમના શરીરનું ચંદન પોતાના અંગે અડ્યું તેથી પોતે આનંદ પામ્યા. શ્રીહરિ સંત ઉપર બહુ ભાવ રાખતા. સંતની સેવાનો અપાર મહિમા કહેતા. સર્વ સાધનનું ફળ, ધર્મ રાખી સંતની સેવા કરવી એટલું જ છે. સંતોને પીરસવામાં શ્રીહરિને સદાય ઉમંગ વર્તતો.

સંતની સેવા કરીને માયિક પદાર્થ ઈચ્છે તે પામર કહેવાય. તે જન્મ મરણથી છૂટે નહિ. અંધને પારસમણિ મળે અને કૂપમાં નાંખી દે, તેમ સંતની



સેવા કરીને સંતના ગુણ ન શીખે તેને પણ પશુ જેવો જાણવો. કોટિ વર્ષ સત્સંગ કરે પણ શીખ્યા વિના સંતના ગુણ આવે નહિ. માટે પશુની જાતમાંથી છૂટવા સંતની સેવા કરવી. મહારાજના પદાતિઓ પણ સંતની મર્યાદા રાખતા અને બોલ્યા ચાલ્યામાં ઘણો જોગ હોવા છતાં એવી કોઈપણ ક્રિયા કરતાં નહિ કે જેથી સંતો દુભાય. સાચા સંત કે સાચા ભગવાનની જે સેવા પૂજા કરે દર્શન કરે તે જ સદાય નિર્ભય એવી દિવ્ય ગતિને પામે છે. જીવનાં ખાતા જ્યારે તપાસે છે ત્યારે એવો હિસાબ મળે છે કે સંતની જ્યારે સેવા કરે તે જીવનો શ્રીહરિ તરત ઉધ્ધાર કરે છે. ભક્ત તો શ્રીહરિ જ્યાં રાખે ત્યાં જ અક્ષરથી અધિક સુખ માને અને દુઃખ આવે કે સુખ આવે તો પણ સંતની સેવા કરે છે, તેને તો અણચિંતવ્યા અપાર સુખ આવીને મળે છે. સંત-હરિજનને મોક્ષદાતા જાણે તેવો જન નિર્વિઘ્ન બને છે. સંત-હરિભક્તનો જે દોષ જુએ તેને જમ પકડીને જમપુરીમાં લઈ જાય છે. સાચા સંત અને હરિનો યોગ થાય ત્યારે જ ભવદુઃખનો રોગ જાય.

શ્રીહરિ કહે, "હાલ જે ગરીબ અને ધનવાન હરિભક્તો સત્સંગમાં સંતોને જમાડે છે તેના જેટલા કણ હોય છે, તેટલા યજ્ઞનું ફળ મળે છે. કારણ કે જમીને સંતો ભજન કરે છે." સત્સંગના સંતને દેખીને રાજાઓ પણ ચકિત થઈ જતાં. શ્રીહરિ સંતોને કહેતા કે એક એક સંત દ્વારા અનંત જીવો ઉદ્ધારવા છે. તમને હાથ જોડે, ભાવથી દર્શન કરે, ચરણમાં માથું નમાવે, અન્ન, જળ, ફળ, ફૂલ આપે તે બધા બ્રહ્માને પણ દુર્લભ એવા સુખને પામશે. શ્રીહરિ કહે, સંતની સેવા કરવા માટે તો અમે ઘર છોડ્યું છે. તન, ધન જો સંતને અર્થે ન આવે તો અમે નિષ્ફળ સમજીએ છીએ. સંતનો અપરાધ કરે તો જન્મોજન્મ દુઃખી થાય છે. અને ફરી મનુષ્યનો જન્મ પામતો નથી. વાઘ, વરુમાં જન્મ પામે છે. ભગવાનનું ધામ જે સર્વથી શ્રેષ્ઠ છે, અને જે યજ્ઞ, જપ, તપ, તીર્થ, વ્રત વગેરે સાધનોથી પામી શકાય એમ નથી, તે સંત સેવાથી પ્રાપ્ત થાય છે. બીજા સાધન કરે તો દેવલોક પામે, કાંતો ધનાઢ્ય થાય, કાં તો પવિત્ર બ્રાહ્મણ થાય, તેથી સંતની સેવા દેવ, બ્રાહ્મણ અને રાજાઓ પણ મોક્ષને માટે કરે છે. સંતો સહુંથી મોટા અને પૂજ્ય છે. શ્રીહરિની સેવા કરીને તેઓ જીવનાં પાપ હરે છે. સંતોને માટે તો વારંવાર ભગવાન અવતાર ધરે છે. સાચા સંતો ધન

અને સ્ત્રીને નરકનાં દ્વાર સમજે છે. એવા સંતો જગતના નાવરૂપ છે અને દેવ, મનુષ્યથી પણ અધિક છે. કેફ, વ્યસન અને ફેલને તેઓ દૂરથી તજે છે. એમ સંતના લક્ષણે કરીને સંત ઓળખાય છે. વર્તન ઉપરથી સંતપણું ઓળખાય છે. અપમાન સહન કરવું એ સંતનો મુખ્ય ગુણ છે. માંદા સંતો ભાવે તેવું ખાય તેના ઉપર ઈર્ષા કરે તે અસુરમાં પણ અસુર છે. સંત જે ક્રિયા કરે છે તે ભગવાનની મૂર્તિને અંતરમાં રાખીને કરે છે. એવા સંતને માટે અમે વારેવારે યજ્ઞ કરીએ છીએ.

સંતની સેવા કરે તેને શ્રીહરિ અતિ ભાગ્યવાન કહેતા. રોગી સંતની સેવા કરે તેને કરોડ મહાપાપ લાગ્યાં હોય તો પણ નાશ પામે. એમ કહીં કોઈપણ પદાર્થની લાલચ વિના જેઓ સેવાની ભાવનાથી જ સેવા કરે તે ભગવાનના ધામમાં જાય છે એમ કહેતાં. લાલચથી સેવા કરે તે ધામને પામે નહિ. દુઃખી સંતની સેવા કરે તે ધ્યાનમાં મૂર્તિનો સાક્ષાત્કાર કરે તેના કરતાં પણ અધિક છે. અને દુઃખી સંતને દેખી તેની ઉપેક્ષા કરે તે ચંડાળથી પણ નીચ છે અને ફાવે તેવો જ્ઞાની હોય તો પણ તે અંતે દુઃખી થાય છે. સંત હરિભક્તો ઉપર વેર રાખે તે ગમે તેવા સંત કે ભક્ત હોય તેને પણ અમે સહાય કરતા નથી. દયા વિના મોટાઈ શોભે નહિ, એમ શ્રીહરિ ક્યારેક વાત કરતા.

સંતના ભાવથી દર્શન કરશે તો તે સત્સંગી નહિ હોય તો સત્સંગમાં દેહ ધરશે. જે સંતના મુખથી કથાવાર્તા, કીર્તન, ધૂન સાંભળશે તેનું ભવ ભટકણ મટશે. અભયરાજા શ્રીહરિને કહે, ''તમારા સંત હરિભક્તોનો ક્યારેય સંગ ન કરે અથવા એકવાર પણ તમારા સંતોને જમાડે નહિ અને પૂજે નહિ તે રાજ્ય પામ્યા હોય કે ધન સંપત્તિ પામ્યા હોય તે ન પામ્યા બરાબર છે. મનુષ્ય તન પણ ન પામ્યા બરાબર છે.'' ભગવાનની પેઠે સંતના ગુણ ગાય તે જીભ અમૃત જેવી અને પૂજવા યોગ્ય છે. જે સંત ઉપર હેત હોય તેના દોષને ગુણરૂપે બોલે ને જેના પર હેત ન હોય તેના ગુણને દોષરૂપે બોલે તે જીભ ઝેર જેવી કહેવાય. જ્યાં ભગવાન, સંત તથા હરિભક્તો અધિક વિચરણ કરે તે મોટા તીર્થ ગણાય છે. જે તીર્થોમાં ધર્મપરાયણ સંત તથા શ્રીહરિનું વિચરણ ન હોય તે નામ માત્ર તીર્થ છે. કામી, ક્રોધી, લોભીજનો પોતાના દોષ દેખાડીને સંત હરિભક્તનાં ગુણ ગાય છે તે કોઈક દિવસ



સત્સંગ કરશે તો પણ સંતનો ગુણ લેવાથી તેનાં પાપ બળી જાય છે. પાપ છૂટવા માટે સંત હરિભક્તને એકવાર માથું નમાવી હાથ જોડે ને ભાવથી અન્નજળ આપે તે સત્સંગ થવાનું બીજ છે. સંતોની જાણે અજાણે જે સેવા કરશે તે પરમ મોક્ષને પામશે એમાં સંદેહ નથી.

સંસારમાં કેટલાય દુઃખ આવે છે કે, જેનો વિચાર કરતા ત્રાસ ઉપજે છે. છતાં જેને દુઃખ દેખાતું નથી તેને ગાઢ પાપ વળગેલા છે. જેનો નાશ ભગવાન કે ભગવાનના સંતની કૃપા વિના થાય નહિ. સિંહ જેવો બળવાન હોય પણ લોઢાના પાંજરામાં પડ્યો હોય તો ફાવે તેટલા ઉપાય કરવા છતાં પોતાના બળે છૂટી શકે નહિ. તેમ પાપથી છૂટવા માટે સંત વિના બીજો ઉપાય જ નથી. કૃપાળુ સંત દયા લાવી જીવને બોધ કરે છે. સંતના યોગ વિના ફાવે તેવા ગ્રંથ ભણે પણ ઉપદેશ લાગે નહિ. અજ્ઞાન જીવને સંસારમાં ભટકાવે છે. માયાનું સૌથી વધારે મોટું ઝેર તો તે અજ્ઞાન છે, અને તેનો વિનાશ સંત સમાગમથી થાય છે. સંત દ્વારા સત્સંગની વૃદ્ધિ થાય તેવી બીજા દ્વારે થાય નહિ. સત્સંગ કરાવવો સંતના હાથમાં છે અને મોક્ષ કરવો શ્રીહરિના હાથમાં છે. સાચા સંત વિના ઉદ્ધાર થાય નહિ.સંત અને અસંતમાં રાત્રિ અને દિવસ જેટલો તફાવત છે. જે સંતો હરિ વિના બીજું કાંઈ જ નથી ઈચ્છતા તેવા સંતો પૃથ્વી ઉપર ઘણા દુર્લભ છે. સંતો શ્રીહરિની મરજી પ્રમાણે ચાલે છે. અને સમાધિનિષ્ઠ કરતાએ તે અધિક છે. શ્રીહરિ સંતમાં અપાર માહાત્મ્ય, આદર અને શ્રધ્ધા ધરાવતા. શ્રીહરિએ શિક્ષાપત્રીમાં ધર્મવંશી આચાર્યશ્રીને પણ સાધુને આદર થકી માનવા એવી આજ્ઞા કરેલી છે. શ્રીહરિ સંતોને પોતાનો આત્મા માનતા.

સંતો વાર્તાએ કરીને ભગવાન ભજવામાં અલભ્ય લાભ દેખાડે છે. જેથી ભક્તોમાં ઉત્તમ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને તે જ પ્રમાણે ભક્તોને સત્સંગનું મમત્ત્વ રહે છે. શ્રીહરિ પણ સંત અને હરિભક્તથી બીજું અધિક માનતા નહિ. તેમની સેવા થાય એજ અલભ્ય લાભ સમજતા. શ્રીહરિ કહે, સંતની રીત સમાન કોઈ પવિત્ર નથી. મોટા મોટા દેવ અને ઋષિઓ પણ સંતને પૂજે છે. સંતોના વર્તન ભગવાનને પ્રસન્ન કરવા માટે છે. અલ્પ વાતને માટે તે વર્તનમાં ફેર પડવા દેતા નથી અને ફેર પડે તે તેમના દેખ્યામાં આવે

છે. વાનરોએ રામચન્દ્ર ભગવાનનો પક્ષ રાખ્યો એટલા માત્રથી સર્વ લોકમાં પૂજ્ય થઈ ગયા. એમ સંતનો પક્ષ રાખે તે સંત સમાન ફળ પામે છે. જેને મોક્ષનો ખપ નથી તેનું મનુષ્ય તન વ્યર્થ થાય છે અને દુઃખનો પાર આવતો નથી. સંત વિના દુઃખ કોણ ઓળખાવે ?

સંતની સેવા સમાન બીજું ફળ નથી. શ્રીહરિ કહે, સંત સમાન કાંઈ નથી. શ્રીકૃષ્ણ ભગવાન હતાં તોપણ નારદજી પોતાને ત્યાં આવે ત્યારે તેમનાં ચરણ ધોઈને તે જળ પોતાના ભવનમાં તથા માથા ઉપર છાંટતા. દુર્વાસાને રથમાં બેસાડી તે રથ પોતે ખેંચ્યો. પાંડવના યજ્ઞમાં ભક્ત કે અભક્ત જે કોઈ ઋષિ આપ્યા તેમના પગ ધોયા, છતાં તેમની કીર્તિ અધિક ને અધિક રહી. મોટા થઈને બીજાને નમે છે તેની મોટાઈ વધે છે. સંતને સેવીને શક્તિમાન થાય તેટલી મોટાઈ અમે તેને આપીએ છીએ. સાચા સંત મળે ત્યારે મોક્ષનો માર્ગ દેખાડે છે. સાર રૂપ ગ્રંથો અને સાચા સંતો ભગવાન વિનાની બીજી વાતને અસાર કહે છે. ખુશાલ વિપ્ર જન્મ સિધ્ધ યોગી અને સમર્થ હતા, છતાં સત્સંગમાં પોતે દાસના દાસ થઈને સરળ સ્વભાવે વર્તી સંતની સેવા કરતા. જેથી સંતના ગુણ આવતાં અંતરમાં પ્રકાશ થયો અને વચન સિધ્ધ બન્યા. શ્રીહરિ જેને પ્રતાપ આપે છે તેના સામર્થ્યનો પાર રહેતો નથી. શ્રીહરિ તથા સંતનો પ્રતાપ જ્યાં સુધી જેનાં ઉરમાં છે ત્યાં સુધી તેનો પ્રતાપ રહે છે. એવી સત્સંગની રીત છે.

શ્રીહરિ મુક્તમુનિને કહે, તમારા જેવા સંતને જેવા ભાવથી સેવે છે તેવું થાય છે. તમને એક વાર વસ્ત્ર ઓઢાડે તે કોઈ જન્મે વસ્ત્ર વિનાનો રહે નહિ. તેમ વાહન, અન્ન વગેરે જેનું તમારા ઉપયોગમાં આવે છે તેને તે વસ્તુનો ક્યારેય અભાવ રહેતો નથી. તમારા જેવા સંતો ઘેર ઘેર ઝોળી માંગવા ફરે તેમાં પણ કેટલીક વાતનો મર્મ રહેલો છે, તમને તે યથાર્થ દેખાય નહિ. તે અમને વાત કરતા સંકોચ કરવા છતાં પણ સમજાવવા માટે હેતથી કહીએ છીએ કે, જગતમાં જનો જીવના મોક્ષમાં સમજતા નથી અને જેવા ગુરુ મળ્યા તેમાં બંધાઈ ગયા છે. પણ ગુરુના વચનની તેમને ગમ હોતી નથી. સાચી વાત કહે તો માનવા પણ તૈયાર થતા નથી. તેવા જીવનું સારું કરવા ઝોળી ફેરવવાનું રાખ્યું છે. ગમે તે મતના હોય તે પણ ઝોળીમાં લોટ દે છે. બીજી



રીતે સંતની સન્મુખ ન ચાલે પણ ઝોળીમાં આપવા નિમિત્તે ચાલે છે. સંત સન્મુખ મૂકેલાં પગલે પગલે યજ્ઞનું ફળ થાય છે. જે મિથ્યા ગુરુના સંસર્ગથી ક્યારેય પણ થાય તેમ નથી. જેને ઘેર એકવાર "નારાયણ હરે" નો ઉચ્ચાર થાય ત્યાં બધાય તીર્થો આવે છે ને પાપ બળવા લાગે છે. તમારા જેવા સંતોના ચરણોમાં તીર્થો રહેલાછે. એ પગલાં પોતાને ઘેર પડે તો મોટાં ભાગ્ય છે. પણ મહિમા જાણ્યા વિના કાંઈ આશ્ચર્ય લાગતું નથી. સાચા સંતની કોઈ પ્રસંગે કરીને અજાણે સેવા થાય તેટલી તેને સહાય મળે છે. જે જે મોટા સંતો થઈ ગયા તેઓ પણ સંત સેવાની વાતો કરતા. શ્રીહરિ પણ બધા જ સાધનોમાં સંત સેવાને અધિક ગણતા. નારદ પણ સંતની સેવાથી ભગવાનનું મન બન્યા. સંતના દ્રોહનું પાપ પણ અપાર છે. શ્રીહરિમાં પ્રીતિ રાખી ગૃહસ્થાશ્રમમાં રહીં સંતની સોબત રાખે છે તે સત્સંગી કહેવાય છે.

શ્રીહરિ કહેતા કે, અમને ફરી જન્મ લઈ સંતમાં રહેવાનું બહુ ગમે છે તથા ભગવાનના ધામથી પણ સંત સમાગમને અધિક માનીએ છીએ. અમે સંતનો મહિમા સમજીએ છીએ, તે જ બીજાને કહીએ છીએ. જીવને ભગવાન અને સંત હરિભક્ત વિનાનો બધો કુસંગ છે. ભગવાન ને ભગવાનના સંતને માટે બુદ્ધિમાન પુરુષો જે કંઈ કહે છે તેનું જ અનંતગણું ફળ થાય છે. જે હરિભક્ત કે સંત સત્સંગના નિયમમાં રહીને ધર્મ ભક્તિના પુત્ર પ્રગટ હરિમાં એક તાન રાખે છે, તે વિના, ફાવે તેવા મોટાને વિષે તેવું તાન રાખતો નથી તે સંત હરિક્ત શ્રેષ્ઠ છે. તેવા સંતને જે દંભી કહે છે તેથી અધિક કોઈ પાપ નથી. શ્રીહરિ કહે, સંતના ગુણ સર્વોપરી છે. પણ જેને તુચ્છ મતિ છે, તેને સંતના ગુણ શીખવા કઠણ છે. સંતના ગુણ તો અમાયિક છે, તે માયિક ગુણથી દૂર રહે છે. નિષ્કપટ અને નિર્મત્સર, નિર્દંભ, વર્તનમાં રહે છે એવા સંતો ભવસાગરમાં નાવરૂપ છે.

શ્રીહરિમાં પ્રેમ કરાવનારા સંતો છે. સંતની વાતથી સત્સંગનો રંગ ચઢે છે. સંત સમાગમ વિના સત્સંગનો રંગ ઘટી જાય છે. મન, કર્મ, વચને સત્પુરુષનો સંગ કરવાથી મોક્ષના અંકુર ઉદય પામે છે. નાવના યોગ વિના સમુદ્ર પાર ઉતરાય નહિ. સંત પુરુષના સંગથી જ્ઞાન સમાધિ થાય ત્યારે યથાર્થ વાત દેખ્યામાં આવે છે, અને ભગવાનમાં પ્રેમ થાય છે. સત્સંગમાં

જેઓ સંતોની પૂજા સેવા કરે છે તેને ભાવ પ્રમાણે ફળ મળે છે. સંતો પણ તેમનો ભાવ જોઈને વાત કરે છે. માહાત્મ્ય વગર ભાવ ગમે તેટલો હોય તો પણ કણ સમાન છે.

જેમ અન્ન જળ વિના ચાલતું નથી તેમ સંત હરિભક્ત વિના ચાલે નહિ એમ જે માને તે જ મોક્ષનો અધિકારી થાય છે. જો સૂર્યની હાજરીમાં અંધારુ થાય, જળ વિના અન્ન થાય, રાજા વિનાની પ્રજા સુખી થાય તો સંત હરિભક્ત વિના મોક્ષ થાય. જે સંત હરિભક્તને તજીને મોક્ષ ઈચ્છે તે ભૂમિનો ત્યાગ કરીને કોઈ ચાલવાને ઈચ્છે તેના જેવો જ મૂર્ખ છે. એમ શ્રીહરિ વિવિધ પ્રકૃતિના જનો ને અધિકારી જોઈને વિવિધ વાર્તાઓ કરતા. ભગવાનની કૃપા જેના પર થાય તેને જ ભગવાનનો ખપ ઉદય થાય છે. કૃપા થાય તો પણ સત્પુરુષના સમાગમ વિના સમજાતી નથી. કારણ કે પોતાની બુદ્ધિનું માન સૌને રહેલું હોય છે. સંતની અલૌકિક વર્તનની રીત, કથા, કીર્તન અને વાર્તા, એ બધું અનંત જીવના ઉદ્ધાર માટે છે. તેમને પોતાના સ્વાર્થ ઉપર તાન હોતું નથી. પોતે નિર્માની પણે વર્તીને બીજાને યથા યોગ્ય માનતા રહે છે. પોતાના ગુણનો તેમને ક્યારેય ગર્વ હોતો નથી. સત્સંગમાં રહેલાં સંતોમાં કેટલાક અક્ષરધામમાંથી, કેટલાક ગોલોક તથા વૈકુંઠ ધામમાંથી આવ્યા છે. એવી રીતે દરેક ધામમાંથી સંતો મૃત્યુલોકનાં જનોના હિતને માટે ભૂમિ ઉપર પધાર્યા છે. પોતાના દોષ દેખે નહિ ને સંત હરિભક્તોથી મન જૂદાં પડે તો ફાવે તેવો મોટાઈ પામેલો હોય તો પણ વિમુખ થઈ જાય. સંતના સંબંધથી સત્સંગ થાય તેટલો હરિભક્તના સંબંધથી થાય નહિ. સંતની વાતથી વિપરીત મતિનો નાશ થાય છે. અને સત્સંગનો સમાસ થાય છે. બધા ભક્તો સરખાં પાત્ર હોતા નથી. પાત્ર પ્રમાણે સંત વાત કહે છે. ભગવાનનું જ્ઞાન આપનારા સંતો જ છે.

સાધુનો માર્ગ સહન કરવાનો છે. તેથી તેમને મોટા બંકા પણ નમે છે. ભગવાન પણ સાધુને નમે છે. નથી નમતા તે ભારે બોજો ઉઠાવનારા છે. શ્રીહરિના સંતો લોભ રહિત છે અને ખાંડાની ધાર ઉપર વર્તે તેમ તન મનનાં સુખને તજીને વર્તે છે. એમની દેશી કોઈથી કઢાય તેમ નથી. સંત હરિભક્તમાં દિવ્ય ભાવ રાખી તેની સેવામાં જેનું મન ચોરાશે નહિ તથા પોતાનો દોષ જોતો રહેશે તેનો ઉદ્ધાર થશે. પોતાને સંત હરિભક્તના ચરણની રજ સમજે



ને નિષ્કપટ વર્તે તેનો સહેજે મોક્ષ થાય છે. સત્સંગની વૃદ્ધિનું કારણ સંત છે. મોટા બુદ્ધિમાન રાજાઓ પણ સંતને માને છે. રામપ્રતાપભાઈ સત્સંગમાં પ્રથમ પધાર્યા ત્યારે સંતો તેમને સામે ચાલીને મળેલા. સંત વર્ણી આવ્યાં તેમને પરમ હેતથી ભાઈ મળ્યા. મુક્ત મુનિ હાથ જોડીને રામપ્રતાપને કહે કે, તમે ઘોડા પર બેસો. ત્યારે ભાઈ કહે તમે સંતો ચાલો છો ને અમે બેસીએ તે ઘટે નહિ. અમો તો સંતના દાસ કહેવાઈએ. ભગવાનને વહાલા સંતો પૂજવા યોગ્ય છે. અમારા ધન્ય ભાગ્ય છે કે ભગવાનના પ્રિય સંતો આજે મળ્યા. શ્રીહરિ કહે, આ સંતના દર્શનમાં મુક્તિ રહી છે. આ સંત હરિભક્ત ચિંતામણિ સમાન છે.

સત્સંગની વૃદ્ધિ માટે સંતનું વિચરણ છે. મુક્તમુનિ કહે કે, ''સત્સંગમાં ત્યાગી છે તેવા કોઈ બ્રહ્માંડમાં નથી. બ્રહ્માંડના ભૂષણ રૂપ છે. ભૂષણમાં ભૂષણ સત્સંગ છે, તેનું ભૂષણ સંત છે ને સંતનું ભૂષણ ભગવાન છે. માટે ભગવાનનું વચન સર્વોપરિ કહેવાય.'' સંત સમાગમ અને સત્સંગથી સત્યા-સત્યનો વિવેક સમજાય છે. અને તેનાથી જ અંતર શુદ્ધ થાય છે. સંતની રીતમાં ચાલે તે સંત કહેવાય. સંત સમાન કોઈ નિધિ નથી. શ્રીહરિ કહે, સંત-નિધિ સિવાયની બીજી નિધિ ને અમે શ્રેષ્ઠ માનતા નથી. સંત સિવાયની નિધિમાં જન્મ-મરણનું અપાર દુઃખ રહેલું છે, તે ભગવાનથી દૂર કરાવે છે. મુક્તમુનિ ખુદ એવું માનતા કે દેહ પડે તેનું તો દુઃખ નથી, પણ સંતનું વચન ન માનવું તે દુઃખરૂપ છે. સંત અને વિપ્રો ભગવાનનું જ્ઞાન આપીને અજ્ઞાન દેખાડે છે ત્યારે સત્સંગ થાય છે. ધર્મ રાખે ને જ્ઞાની સંત મળે ત્યારે ભગવાનનું જ્ઞાન થાય. જગતના ને ભગવાનના સંતોમાં બહુ ફેર છે. પણ જ્ઞાન વિના તે વાત સમજાતી નથી. શ્રીહરિની આજ્ઞામાં જ બધા રસ સંતો માનતા હતા. શ્રીહરિ કહે, શ્રીનગરમાં નરનારાયણના શિખરબંધ મંદિરમાં અમે આનંદમુનિને અધિકારી કરી રાખ્યા હતા. તે રાખ્યા ત્યાં સુધી રહ્યાં અને ન રાખ્યા ત્યારે ખસી ગયા. એમ જ્યાં રાખીએ ત્યાં રહે તે પૂરા સંત કહેવાય. અથવા કોઈ કહે કે, આ સંતે મૂળ જમાવ્યા છે તો મૂળનો અંકુર દેખવામાં આવે કે તરત છેદતા રહે. તો સંતને સુખ વર્તે, બંધાય તેટુલં દુઃખ થાય. મંદિર ને સંતની સેવા કરે તે ક્યારેય દુઃખી રહે નહિ. તેમાં જેટલો નિરુત્સાહ રહે

એટલો આ લોક પરલોકમાં સુખનો સંકોચ રહે છે.

સુવાસિનીબાઈ તથા વરીયાળીબાઈ શ્રીહરિ માટે નિત્ય મનોવાંછિત થાળ કરતી અને શ્રીહરિને જમાડવામાં અલૌકિક ભાવ રાખતી. દરરોજ વારાફરતી પાંચ પાંચ સંતોને પણ જમાડતા અને પોતાના પુત્ર દ્વારા કોઈ દેહે કરીને દુઃખિયા સંતો હોય તેની સાંજ સવાર ખબર રાખતા. પુત્રથી પણ સંત ઉપર અધિક સ્નેહ રાખતા. સંતનું મૂળ ભગવાન છે ને હરિભક્તનું મૂળ સંત છે. એમ અયોધ્યાવાસી સંતને માનતા. તેમનો આવો શુદ્ધ ભાવ ને ગુણ જોઈ શ્રીહરિ તેમના ઉપર પ્રસન્ન થતા. સત્સંગના સંતોને ધર્મ ઉપર તાન હોય છે. અને ભગવાન તથા શાસ્ત્ર જેમાં દોષ દેખાડે છે તે તજાવે છે. સાચા સંત હરિભક્તો નિર્દંભ વર્તનમાં જ અવિનાશી સુખ માને છે. અને તેના મૂળ ઉંડા હોય છે. સંતના અપમાનથી ભગવાન દુઃખાય છે. સંતનો અનાદર થતા ભગવાનનો કોપ થાય છે. અપમાન સહન કરવું તે સંતનું ભૂષણ છે પણ અપમાન કરનારનું તેથી બહુ ભૂંડું થાય છે. શ્રીહરિ કહે, ''સદ્‌ગુરૂ જમ્યા તે અમે જમ્યા સમજજો. જેને સાધુ ઉપર ભાવ હોય તેને અમારા ઉપર ભાવ થાય છે. સાધુઓ પ્રથમ ભાવનું દ્વાર છે. અમારો નિશ્ચય સંત દ્વારા જ થાય છે. સંતના દર્શનનો અપાર લાભ છે. તે લાભ તત્કાળ દેખાતો નથી. પણ સત્પુરુષો અવિનાશી સુખને આપનારા છે. જેમાં કાંઈ પણ દુઃખનો લેશ નથી. એમને પ્રગટ ભગવાનનો યોગ છે. આવા સંત ને સેવે તેનો સંસારરૂપી રોગ નાશ પામે છે. નારદ, શુક, સનકાદિક વગેરે સંતોનો સંગ કરીને ઘણાજ જીવો અવિનાશી સુખને પામ્યા છે. તે વાત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.''

અજામિલ વિપ્ર યવન જાતિની વેશ્યાનું ચરિત્ર દેખીને તેમાં આસક્ત થઈ બંધાયો, પણ અજાણે સાચા સંતનો સંગ થયો. તો તેની સેવાથી ઉદ્ધાર થયો. યવન, ગીધ, કંક, વાનર વગેરેનો પણ ભગવાન ને સત્પુરુષના યોગથી ઉદ્ધાર થયો. એવા યોગ વિના કેવળ વેદ ભણે તેથી શું થાય. જેમ કાષ્ઠને પથ્થરમાં અગ્નિ રહેલો છે પણ પ્રગટ અગ્નિ વિના કોઈ કામ થાય નહીં. સત્ય માર્ગે ચાલે તેથી સત્પુરુષ ઓળખાય છે. સત્પુરુષની બધી વાતો સત્ય હોય છે ને તે પોતાના દોષને ઓળખે છે. ને બીજાને પણ તેનાં દોષ ઓળખાવી તજાવે છે. સત્પુરુષના જોગ વિના કલ્પેય મોક્ષ થાય નહિ. મોટા મનુષ્ય



કહેવાતા હોય અને તે અતિ ભાવથી જો સત્પુરુષનો પક્ષ ન રાખે તો તેનાં બધા કરેલા કોટિ સાધન પણ પરલોકમાં સહાય કરતાં નથી, એમ સમજે તે બુદ્ધિશાળી છે. સંસારની વાતમાં જેવો ભાવ છે તેવો ભાવ ભગવાનને વિષે સત્પુરુષનો યોગ થયા વિના થતો નથી. હરિભક્તો સાચા સગા શ્રીહરિ તથા સંતોને માને છે. જે હરિ તથા સંતમાં જોડે તેને જ સાચા માતા, પિતા, બંધુ, પુત્ર, કુટુંબી, સંબંધી કહેવાય. બુદ્ધિ પણ સાચી તેને જ કહેવાય. રાત દિવસ સંતો સત્સંગની વાત રૂપી જળથી કુસંગ રૂપી મેલને ધોયા કરે છે, પણ સંતના ગુણ જે ગ્રહણ કરે ત્યારે જ તેનો કુસંગ ટળે છે.

''નિષ્કુળાનંદ કાવ્ય'ના પુરુષોત્તમ પ્રકાશ વિભાગમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે. મહારાજ સંતોને કહે છે,

વળી અન્ન જળ તમને જે દેશે રે, આપી અંબર અક્ષર ઘર લેશે રે ॥
જેહ ધામના અમે રે'નાર રે, લઈ જાશુ તે ધામ મોઝાર રે ॥

ઉપરોક્ત ગદ્યમાં સંતોનો જે મહિમા લખ્યો છે, તે જ મહિમા નિષ્કુળાનંદ સ્વામીએ કાવ્ય પંક્તિઓમાં લખ્યો છે. જે ફરીવાર ન લખતા કાવ્ય પંક્તિઓમાં જે વિશેષ મહિમા આલેખાયેલો છે તે લખું છું.

વળી સંતને કોઈ સંતાપે રે, નિરમાની જાણિ દુઃખ આપે રે ॥
તેની ભિડ્ય માંહિ પોતે ભળી રે, કરે સંત તણિ સા'ય વળી રે ॥
એવી રક્ષાના કરનાર રે, એવા જન ઉધ્ધાર્યા અપાર રે ॥
વળી સંત જાણિ શીલવંત રે, નાખે માથે આળ અત્યંત રે ॥
ખોટા કલંક ધરે સંત શિર રે, પાપી આળ ચડાવિ અચિર રે ॥
તેનો પક્ષ લઈ પોતા માથે રે, કરે લડાઈ લબાડ સાથે રે ॥
એહ પક્ષના જે લેનાર રે, જાય તે જન ધામ મોઝાર રે ॥
વળી ખાતા પીતા સંત જોઈ રે, લિધો ગુણ કે' આવા ન કોઈ રે ॥
જોઈ વર્તવું ને વળી વેશ રે, સુણી સારો લાગ્યો ઉપદેશ રે ॥
જેને વા'લિ લાગિ સંત વાત રે, રાખ્યાં નિમ થઈ રળીયાત રે ॥
તેને તન છૂટે તતકાળ રે, આવે તેડવા દીન દયાળ રે ॥

ધર્મકુળનો મહિમા કહીને શ્રીહરિ તુરત જ નીચે મુજબ સંતનો મહિમા કહે છે,

ધર્મકુળમાં કરી રહ્યાં ધામ રે, તેમ સંતમાં છઉં કહે શ્યામ રે ॥
સર્વે રીતે સંતમાં રહું છું રે, એમાં રહી ઉપદેશ દઉં છું રે ॥
સંત બોલે તે ભેળો હું બોલું રે, સંત ન ભૂલે હુંયે ન ભૂલું રે ॥
સંત વાત ભેળી કરૂં વાત રે, એમ સંતમાં છઉં સાક્ષાત્ રે ॥
સંત જુવે તે ભેળો હું જોઉં રે, સંત સુતા પછી હું સોઉં રે ॥
સંત જાગે તે ભેળો હું જાગું રે, સંત જોઈ અતિ અનુરાગું રે ॥
સંત જમે તે ભેળો હું જમું રે, સંત ભમે તે કેડ્યે હું ભમું રે ॥
સંત દુઃખાણે હું દુઃખાણો રે, એહ વાત સત્ય જન જાણો રે ॥
સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે ॥
સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે ॥
અંતરજામી પણે રહું એમાં રે, માટે નથી બંધાતા એ કેમાં રે ॥
સંકલ્પ સ્વપન ઉપવાસ રે, તે તો કરે છે જાણી મુને પાસ રે ॥
માટે અખંડ એમાં રહું છું રે, સારી સત્ય સુબુદ્ધિ દઉં છું રે ॥
વળી જે જે મેં નિયમ રખાવ્યા રે, તેમાં રહી એણે તન તાવ્યાં રે ॥
માટે સંત વા'લા મુને બહું રે, ઘણિ ઘણિ વાત શું કહું રે ॥
એને અન્ન જળ અંબર આપે રે, તે તો તપશે નહિ ત્રય તાપે રે ॥
લાગી પાયે ને જોડિયા હાથ રે, તે તો સહુ થાય છે સનાથ રે ॥
જોઈ રીત ને રાજી જે થાશે રે, વળી ગુણ તે સંતના ગાશે રે ॥
કે'શે સંત તો એ બહુ સારા રે, ખરા કલ્યાણના કરનારા રે ॥
એટલો જ ગુણ કોઈ ગ્રેશે રે, તે તો બ્રહ્મ મો'લે વાસ લેશે રે ॥
એવા સંતની કરે પ્રશંસા રે, નિર્ખિ હર્ખિ હૈયામાં હુલસ્યા રે ॥
વળી વિનતિ વારમ વાર રે, કરે સ્તુતિ તેહ અપાર રે ॥
તે તો પામશે પરમ ધામ રે, વળી થાશે તે પૂરણ કામ રે ॥
કાં જે એ સંતમાં અમે છીએ રે, સાચા સંતથી દૂર ન રહીએ રે ॥
માટે સંત એ કલ્યાણકારી રે, યાંથી બહુને લેવા છે ઉદ્ધારી રે ॥
મોટો માર્ગ જે મોક્ષ તણો રે, આજ કર્યો છે ચાલતો ઘણો રે ॥
સંત દેશ પરદેશ ફરે છે રે, સહુ જીવનાં અઘ હરે છે રે ॥
એનાં દર્શન સ્પર્શ જે કરશે રે, તે તો ભવજળ પાર ઉતરશે રે ॥



વળી કહું કોએ સંતને, સેવશે શ્રદ્ધાવાન ॥
તેના અંતરથી ઊંચલી, વળી જાશે જાણો અજ્ઞાન ॥
સંત સેવ્યાથી સુખ મળે, વળી ટળે તન મન તાપ ॥
પરમ ધામને પામિયે, તે પણ સંત પ્રતાપ ॥

પછી શ્રીહરિ સંતના લક્ષણો કહે છે, સાચા સંતો સહુના સ્નેહી છે, બીજા પર ઉપકાર કરનારા છે. ખૂબ ઉદાર મન વાળા છે, જેઓને શત્રુ કે મિત્ર સમાન છે. જેઓ પોતાના અર્થે ઉદ્યમ નથી કરતા, જેઓ સુખ-દુઃખ, હાણ-વૃદ્ધિ, હાર-જીત, માન-અપમાન વગેરે દ્વંદ્વમાં સમાન ચિત્ત વાળા રહે છે, હર્ષ-શોક પામતા નથી. અહંતા-મમતા, મારું-તારું વગેરે જેઓને ગમતું નથી, જેઓમાં જગતના દોષો નથી. એવા સંતો ને હું મારા સાચા સંતો માનું છું.

એમાં રહું છું હું રાત્ય દિન રે, સત્ય માનજો મારું વચન રે ॥
અતિ પવિત્ર અંતર પેખિ રે, સદા રહ્યો છું શુદ્ધ લેખિ રે ॥
એવા સંતને હૃદિયે રઈ રે, કરુ જીવનાં કલ્યાણ કંઈ રે ॥
એહ સંત મળે જે જનને રે, કરે પળ માંહિ પાવન તેને રે ॥
એવા સંત છે સગા સહુના રે, સુખદાયક જન બહુના રે ॥
જેવી એ સંત કરે છે સા'ય રે, તેવી કોઈ થકી કેમ થાય રે ॥
માત તાત ને સગાં સંબંધિ રે, કરે હિત એહ બહુ વિધિ રે ॥
એનું હિત રહે યાંનું યાંહિ રે, ના'વે કલ્યાણના કામ માંહિ રે ॥
દેવ ગુરૂ કુળને કુટુંબ રે, એહ નહિ સાચા સંત સમ રે ॥
સાચા સંત તેમાં અમે રૈ'યે રે, મળી જીવને અભયદાન દૈયે રે ॥
અભયદાન તો એવું કે'વાય રે, કાળમાયાથી નાશ ન થાય રે ॥
એવું કોઈ વિઘન ન કા'વે રે, જે કોઈ નિર્ભયને ભય ઉપજાવે રે ॥
એવું નિર્ભય પદ નિર્વાણ રે, તેના દેનારા સંત સુજાણ રે ॥
એવા સંતનો જેને આશરો રે, તે તો સંશે પરો પર હરો રે ॥

''સારસિદ્ધિઃ'' માં નિષ્કુળાનંદ સ્વામી લખે છે,

શુભ બુધ્ધિવાળા સંત જેહ, તેહ સહુના સુખદાય છે ।
તેથી દુઃખ ન ઉપજે, સુરતરૂ[1] સમ કે'વાય છે ॥

૧. કલ્પવૃક્ષ

જેમ વિટપ[1] બહુ પરમારથી, પરમારથી પાથ[2] ને પૃથ્વી ।
ઘન પવન પરમારથી, તેમ પરમારથી રાકેશ[3] રવિ ॥
જેમ તરૂ સુખદાયિ તેહ થી, ફૂલ ફળ દળ શાખા મળે ।
વળી શીતળ કરે છાયા વડે, તેમ સર્વે સંકટ સંતથી ટળે ॥
જેમ જળ મળ હરે જનના, વળી પાન કર્યે હરે પ્યાસ ।
તેમ સંત સુખ સહુને કરે, વળી હરે તન મન ત્રાસ ॥
જેમ ભૂમિ પરમારથી ભણિયે, ઠામ ધામ ધાતુ આવે કામ ।
તેમ સંત પરમારથી સમઝો, સર્વે પ્રાણીના છે સુખધામ ॥
જેમ મેઘ જીવાડે છે મેદિની[4], જેમ અર્ક કરે છે ઉજાસ ।
જેમ શશિ કરે છે શીતળતા, તેમ સંત સહુના સુખનિવાસ ॥
જેમ પંચભૂતના પદાર્થથી, સર્વે સુખી રહે છે સંસાર ।
તેમ સંત અલૌકિક સુખના, જાણી લિયો જરૂર આપનાર ॥
સાચા સંતથી સરિ ગયા, કૈક જીવોનાં કાજ ।
એવા સંતને સેવવા, અવસર આવિયો છે આજ ॥
જો મનાય તો મન માનજો, છે અતિ અર્થની વાત ।
નિષ્કુલાનંદ નકી કહે, સુખ થાવાની એ સાક્ષાત ॥

આગળ સ્વામી મહારાજને મળેલા સંતોનો ઘણો ઘમો મહિમા લખે છે, હાલમાં ઘણાંને વાંચીને એવું થાય છે કે, એતો મહારાજને મળેલા નંદ સંતોનો મહિમા છે. હાલમાં એવા સંતો નથી, હાલના સંતો ક્યાં મહારાજને મળેલાછે ? અરે ભાઈ ! હાલમાં મહારાજ ક્યાં સત્સંગની બહાર રહે છે ! સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં તો હંમેશ પ્રગટ રહ્યાં છે ! મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં મહારાજના સ્વરૂપોની મૂર્તિઓમાં મહારાજ હરહંમેશ અખંડ પ્રત્યક્ષ રહ્યાં છે અને એ મૂર્તિઓની હાલના આપણા બ્રહ્મચારી-સંતો સેવા પૂજા કરે છે, પાટોત્સવમાં અભિષેક સ્નાન પણ કરાવે છે. તો હાલના સંતો પણ મહારાજને મળેલા ગણાય કે નહિ ! શ્રધ્ધા અને મહિમા હોય તો પહેલાના જેવી પ્રાપ્તિ અને સુખ હાલમાં પણ મેળવી શકાય છે !

'ચોસઠ પદી'માં નિષ્કુળાનંદ સ્વામી સાચા સંતના લક્ષણો લખીને

૧. વૃક્ષ, ૨. જળ, ૩. ચન્દ્ર, ૪. પૃથિવી



પછી સાચા સંતનો મહિમા લખે છે,

સાચા સંત સેવ્યે સેવ્યા નાથ, સેવ્યા સુર સહુ ને ।
સેવ્યા મુક્ત મુનિ ઋષિ સાથ, બીજા સેવ્યા બહુને ॥
એવા સંત જમ્યે જમ્યા શ્યામ, જમ્યા સહુ દેવતા ।
જમ્યા સર્વે લોક સર્વે ધામ, સહુ થયા તૃપ્તતા ॥
એવા સંતને પૂજીને પટ, પ્રીત્યશું પહેરાવિયાં ।
તેણે ઢાંક્યાં સહુનાં ઘર, ભલાં મન ભાવિયાં ॥
એવા સંત મળ્યે મળ્યા સ્વામી, ખામી કોયે ન રહી ।
કહે નિષ્કુલાનંદ શિશ નામી, સાચી સહુને કહીં ॥

વચનામૃત ગ.પ્ર.પ્ર. ૧ માં કહે છે ..... પછી વળી કોઈકે શ્રીજી મહારાજને પૂછયું જે "કેટલાક તો ઘણા દિવસ સુધી સત્સંગ કરે છે, તો પણ તેને જેવી પોતાના દેહ અને દેહના સંબંધીને વિષે ગાઢ પ્રીતિ છે તેવી સત્સંગમાં ગાઢ પ્રીતિ નથી થાતી તેનું શું કારણ છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "એને ભગવાનનું માહાત્મય પરિપૂર્ણ જાણ્યામાં આવ્યું નથી. અને જે સાધુને સંગે કરીને ભગવાનનું માહાત્મ્ય પરિપૂર્ણ જાણ્યામાં આવે છે, તે સાધુ જ્યારે પોતાના સ્વભાવ ઉપર વાત કરે ત્યારે તે સ્વભાવને મૂકી શકતો નથી. અને તે વાતના કરનારા જે સાધુ તેનો અવગુણ લે છે. તે પાપે કરીને સત્સંગમાં ગાઢ પ્રીતિ થાતી નથી, કાં જે 'અન્ય સ્થળને વિષે જે પાપ કર્યા હોય તે સંતને સંગે કરીને જાય અને સંતને વિષે જે પાપ કરે છે, તે પાપ તો એક સંતના અનુગ્રહ વિના બીજા કોઈ સાધને કરીને ટળતા નથી. તે શાસ્ત્રમાં કહ્યું છે જે "अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति । तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ॥" તે માટે સંતનો અવગુણ જો ન લે તો એને સત્સંગમાં દ્રઢ પ્રીતિ થાય.

વચનામૃત ગ.પ્ર.પ્ર. ૮ માં કહે છે .......... અને સાધુનો સંગ રાખવો અને કુસંગનો ત્યાગ કરવો. અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે, ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને દેહના સંબંધીને વિષે જે મમત્ત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે. અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે.

......... અને ભગવાન ને સાધુ પોતાના હિતને અર્થે કઠણ વચન કહે છે તેને પોતાના હિતકારી માને છે, અને દુઃખ નથી લગાડતો. તે તો દિવસે દિવસે સત્સંગને વિષે મોટ્યપને પામે છે ......... (ગ.પ્ર.પ્ર. ૬)

......... અને અનંત પ્રકારના સુખ-દુઃખ આવી પડે ત્યારે સંતની સેવામાંથી અને ધર્મમાંથી મન ને આડું અવળું ડોલવા દે નહિ અને એમ સમજે જે 'સંતનો સમાગમ મળ્યો છે તે તો મને પરમ ચિંતામણી અને કલ્પવૃક્ષ મળ્યો છે અને ધન, દોલત, દીકરા, દીકરી એ તો સર્વે સ્વપ્નતુલ્ય છે અને સાચો લાભ તે સંતનો સમાગમ મળ્યો એ જ છે.' એમ સમજે અને ગમે તેવું ભારે દુઃખ આવી પડે પણ તેણે કરીને પાછો પડે નહિ. એવો જે ગૃહસ્થ એ અતિ શ્રેષ્ઠ છે . ......... (ગ.પ્ર.પ્ર. ૧૪)

......... એવી રીતે જેમ ભૂંડાને યોગે કરીને જીવની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે તેમ જ પરમેશ્વરના અથવા પરમેશ્વરના સંત તેને યોગે કરીને જીવની બુદ્ધિ સારી થાય છે. અને જીવની બુદ્ધિ ભ્રષ્ટ હોય તો પણ ભગવાન અને સંતના શબ્દને સાંભળવે કરીને ઉત્તમ થાય છે, તેમજ એમને સ્પર્શે કરીને પણ મતિ ઉત્તમ થાય છે...... અને તેમ જ મોટા સંતને દર્શને કરીને પણ પવિત્ર થાય...... તેમજ તે મોટાની પ્રસાદી છે તેને જમવે કરીને પણ પવિત્ર થાય છે ............ તેમ તે મોટા પુરુષને ચઢ્યું એવું જે પુષ્પ, ચંદન તેની સુગંધી લીધે પણ બુદ્ધિ નિર્મળ થાય છે . ......... (ગ.પ્ર.પ્ર. ૧૮)

......... અને ભગવાને તો શ્રીમુખે એમ કહ્યું છે જે, 'મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહુંછું. ......... (ગ.પ્ર.પ્ર. ૬૮)

......... રાજા યુધિષ્ઠિરનું હજારો ગાઉમાં રાજ્ય હતું, તોય પણ સાધુતા રાખી હતી, અને ડારા દેનારા તો ભીમસેન જેવા હજારો હોય તે વારીએ તોય પણ કર્યા વિનાનું રહેવાય નહિ. માટે તીખા સ્વભાવવાળાની તો કાંઈ ખોટ નથી. એવા તો ઘણાય હોય પણ સાધુ થવું એજ ઘણું દુર્લભ છે. ......... (ગ.પ્ર.પ્ર. ૬૯)

......... "પંચવર્તમાન સંબંધી પોતામાં કાચ્યપ હોય ને પોતાથી વિચારે કરીને ટળતી ન હોય તો તે કાચ્યપ જેમાં ન હોય એવા જે સંત તેને



આગળ કહેવું અને કોઈક સંતનો અવગુણ પોતાને આવ્યો હોય તો તે કહેવો તથા ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો હોય તે પણ કહેવો, ત્યારે તે નિષ્કપટ કહેવાય. અને એ માંહીલો સંકલ્પ થયો હોય ને તેને સંતની આગળ ન કહે તેને કપટી જાણવો ......... એવી રીતે સંતમાં જેને ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દ્રઢ પાયો થાય છે. અને જેને સંતમાં ગુણ લીધાનો સ્વભાવ ન હોય તે સત્સંગમાં રહ્યો છે તો પણ એનો દ્રઢ પાયો નથી." અને સંતથી એમ શીખવું જે, જે રીતે સંત ઈન્દ્રિયોને જીત્યાની યુક્તિ બતાવે જે ......... ઈત્યાદિક જે યુક્તિ તે સંતથી શીખવી. ......... (લો. ૫)

......... માટે સત્પુરુષને વિષે દ્રઢ પ્રીતિ એ જ આત્મ દર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે, અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એજ સાધન છે. ......... (વ. ૧૧)

......... ધર્મ શાસ્ત્રને વિષે જે વર્ણાશ્રમના ધર્મ કહ્યાં છે તે થકી જે બાહ્ય વર્તતો હોય તેને સર્વે લોક એમ જાણે જે, 'આ કુપાત્ર માણસ છે.' અને તે કુપાત્રને ભગવાન કે ભગવાનના સંતનો જો હૈયામાં ગુણ આવે તો એને એ મોટું પુણ્ય થાય છે. અને વર્ણાશ્રમના ધર્મ લોપ્યા હતાં તેનું જે પાપ લાગ્યું હતું તે સર્વે નાશ થઈ જાય છે, અને તે જીવ અતિશે પવિત્ર થઈ જાય છે. માટે એને ભગવાનના સ્વરૂપમાં ચિત્ત ચોંટે છે ત્યારે સમાધિ થઈ જાય છે......... અને સત્પુરુષનો દ્રોહી હોય ને તે ગમે તેવો ધર્મવાળો જણાતો હોય તો પણ મહાપાપી છે ને તેને કોઈકાળે ભગવાનના દર્શન હૃદયને વિષે થાય જ નહિ. ......... (વ. ૧૪)

...... તેમ શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ,નિર્લોભ, નિર્માન, નિઃસ્નેહ ઈત્યાદિક સંતના લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય. માટે એવા સંતના વચને કરીને નિશ્ચય કરવો ને તેના વચનમાં દ્રઢ વિશ્વાસ કરવો તેને નિશ્ચય કહીએ. ......... (ગ.અંત્ય૨૭)

આ સિવાય ઘણા વચનામૃતમાં મહારાજે સત્પુરુષ અને સાધુ શબ્દથી સંતનો મહિમા કહ્યો છે. પરંતુ અહી ફક્ત દિશા સુચન અર્થે આટલા વાક્યો લખ્યા છે.

ધર્મની રક્ષા માટે તો સંતોનો સમાગમ જ મુખ્ય સાધન છે. દૈવી સંપતિથી યુક્ત એવા પુરુષોના સમાગમથી ધર્મ અને ઉપાસનાનું બળ વૃધ્ધિ પામે છે. સત્સંગી જીવન પ્ર.૨,અ ૩૦ માં શ્રીહરિ કહે છે કે, હે ભક્તો ! સાવધાન થઈને સાંભળો. તમારે દરરોજ સંત સમાગમ કરવો અને સંસારમાં જે જે મુક્ત થયા છે તે સંતોના સમાગમથી જ થયા છે. સંતો ભગવાનનું મહાત્મ્ય જાણે છે.સાધુ પુરુષો અજ્ઞાનથી અંધ બનેલાને જ્ઞાનચક્ષુ આપે છે. ધર્મ અને અર્ધમનું સ્વરૂપ સંતોથી જ જાણી શકાય છે. શાસ્ત્રોના રહસ્યોને પણ સંતો જાણે છે. બીજા કોઈ નહી. સંસાર સાગરમાં ડુબકા ખાતા અને કામ, ક્રોધ,લોભ રૂપ જળચરથી ઘેરાયેલા પામર જીવોનો ઉધ્ધાર સંતો જ કરે છે. અર્ધમી ગુરુરૂપ કાળાનાગના ઉપદેશ રૂપી ઝેર અને તેનાથી મરતા એવા મનુષ્યો ને સંતો સાચા વૈધરૂપે બચાવી લે છે. આત્મા અને પરમાત્માનું જ્ઞાન સંતો પાસેથી સાચી રીતે જાણવા મળે છે. એવા સંતોનો સમાગમ તમારે કરવો. પછી સાચા સંતના લક્ષણો કહીને શ્રીહરિ કહે છે. એવા સંતોને ઓળખીને તેમનો ઉપદેશ સાંભળવો, હૃદયમાં ધારણ કરવો. આ સંસારમાં જીવના હિતકારી સંતો છે. માટે એવા સંતોનો હંમેશા વિશ્વાસ કરવો, એમની પૂજા કરવી, સેવા કરવી, કારણ કે સંતો ભગવાનનું હૃદય છે. આ ઘોર કળિયુગમાં સંસારના બંધનોથી મુકાવવા સંતો સમર્થ છે. તે સંતોને લક્ષણથી ઓળખવા અને સંતનું જ સેવન કરવું. અને જે દંભ રાખીને લોકોને છેતરતા હોય, કેવળ વેશધારી હોય એવા સાધુઓનો દૂરથી ત્યાગ કરવો. એવા સાધુના સમાગમથી મુમુક્ષુ પણું નાશ પામે છે અને નરકની પ્રાપ્તિ થાય છે.

સંત સમાગમથી બુધ્ધિ વધે છે. સત્ અસત્નો વિવેક આવે છે. અસત્યનો ત્યાગ કરી સારે માર્ગે ચલાય છે. ખરાખોટાની પરીક્ષા થાય છે. રાજનીતિ ભણવાની જે નિશાળો હોય છે તેમ જ આ જીવને કલ્યાણની રાજનીતિ ભણવાની નિશાળ સત્ શાસ્ત્ર પ્રમાણે ચાલતા હોય એવા સત્પુરુષો જ્યાં રહેતા હોય ત્યાં જાણવી ને તેવા સત્પુરુષ થકી કલ્યાણની રાજનીતિ ભણવી તો આ જીવને સુખશાંતિ મળે અને ભગવાન સન્મુખ થવાય. સાધુ પુરુષો માટે એવું કહેવાયું છે કે, સાધુને પોતાની પાસે પોતાનું પુણ્ય કે પાપ રહેતું નથી. કેવી રીતે ! તો કહે છે કે, સાધુની નિંદા કરે એ



સાધુનું પાપ લઈ જાય અને સાધુને જે નમસ્કાર કરે, સેવા કરે એ સાધુનું પુણ્ય લઈ જાય છે. માણસ નમસ્કાર કરતો હોય, સેવા કરતો હોય, એના પાપ ધોવાય છે. પુણ્યમાં વૃધ્ધિ થાય છે. સંત સમાગમ સંસાર રૂપી સર્પના ઝેરને ઉતારે છે. કુસંગરૂપી કાળા નાગનું ઝેર સત્સંગથી નાબુદ થઈ જાય છે. શ્રીમદ્ ભાગવતનો શ્લોક છે કે, જેને દેહમાં આત્મ બુધ્ધિ છે, સંતમાં નથી, જેને સગામાં મમત્ત્વ બુધ્ધિ છે, સંતમાં નથી; જેને ફક્ત ભગવાનની મૂર્તિઓમાં જ પૂજ્ય બુધ્ધિ છે અને સંતમાં નથી તો એ ગોખર જ છે. ગો એટલે બળદ અને ખર એટલે ગધેડો. ભગવાનના ભક્ત અને સંતપુરુષોની જે પૂજા ન કરે અને ફક્ત મૂર્તિઓની જ પૂજા કરે એ પ્રાકૃત ભક્ત કહેવાય છે, તે ઉત્તમ ભક્ત ગણાતો નથી.

શાંતિનો ઉત્તમ શ્રોત સંતોના સત્સંગમાં છે. સત્સંગમાં બેસનાર મુમુક્ષુ તૃષ્ણાને ઓળખી શકે છે. અસંતોષને જીતી શકે છે અને સાચી શાંતિને પામી શકે છે. મહારાજ કહે, રાજ મળે, ધન મળે, અનેક પ્રકારના વૈભવ મળે, પણ કલ્યાણની મૂર્તિ એવા આ સંત મળવા દુર્લભ છે. તે અત્યંત સુકૃત કર્યા હોય ત્યારે એવાનો સમાગમ મળે. ને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે. ને લખચોરાસીના ફેરા મટે છે. અને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય પણ થાય છે. ભગવાન એકલા આવીને કહે જે અમો ભગવાન છીએ તો જીવને મનાય નહીં, પરંતુ સંત કહે તો તુરત જ પાકો નિશ્ચય થાય છે. બ્રહ્માનંદ સ્વામી વડતાલનું મંદિર કરતા હતાં ત્યારે એક રાણનું વૃક્ષ લેવા ગયા ત્યારે ઈજારાવાળે ના પાડી. પછી રાત્રિએ તે રાણ કાતું લઈને ઈજારા વાળાની છાતી પર બેસીને બોલી જે હું લક્ષ્મીનારાયણદેવના મંદિરના ઉપયોગમાં આવતી હતી અને મારો મોક્ષ થતો હતો ને તું આડો ફર્યો તે તને જીવતો નહીં મૂકું. કાલે જઈને આપી આવજે. શ્રીહરિ કહે છેઃ સંતનો મહિમા ઝાડ એવાં વૃક્ષો પણ સમજે છે. ઘનશ્યામ મહારાજ છપૈયામાં જ્યારે બાળ લીલા કરતા ત્યારે પણ એક સમયે પોતાના મોટાભાઈ રામપ્રતાપભાઈને કહેલું કે હે ભાઈ ! અમારે તો બ્રહ્મચારી થઈને સનકાદિક જેવા સાધુનો સમાગમ કરવો છે. સ્વામિનારાણ ભગવાનને એકાંતમાં વાસ અતિ પ્રિય હોવા છતાં સાધુઓના મંડળોમાં જ

રહેવાની અતિ રુચિ હોવાથી સત્સંગમાં જ પ્રગટ રહ્યાં છે શ્રીહરિ ને સંતો પ્રિય છે અને સંતોને શ્રીહરિ પ્રિય છે.

'ભક્ત ચિંતામણિ' ગ્રંથમાં નિષ્કુળાનંદ સ્વામી લખે છે.

સર્વે સંત સુજાણ ને, હું પ્રથમ લાગી પાય ॥
આદરૂ આ ગ્રંથને, જેમાં વિઘન કોઈ ન થાય ॥
સંત કૃપાએ સુખ ઉપજે, સંત કૃપાથી સરે કામ ॥
સંત કૃપાએ પામીએ, પૂરણપુરુષોત્તમ ધામ ॥
સંત કૃપાએ સદમતિ જાગે, સંત કૃપાથી સદ્‌ગુણ ॥
સંત કૃપા વિના સાધુતા, કહોને પામ્યા કુણ ॥
સંત સેવ્યા તેણે સર્વ સેવ્યા, સેવ્યા શ્રીહરિ ભગવન ॥
ઋષિ મુનિ સેવ્યા દેવતા, જેણે સંત કર્યા રાજી મન ॥
જપ તપ તીર્થ વ્રત વળી, તેણે કર્યા યોગ યગન ॥
સર્વે કારજ સારિયું, જેણે સંત કર્યા પ્રસન્ન ॥
એવા સંત શિરોમણી, ઘણી ઘણીશું કહું વાત ॥
તેવું નથી ત્રિલોકમાં, સંત સમ તુલ્ય સાક્ષાત ॥
કામદુધા કલ્પતરૂ, પારસ ચિંતામણિ ચાર ॥
સંત સમાન એ એકે નહિ,મેં મનમાં કર્યો વિચાર ॥
અલ્પ સુખ એમાં રહ્યું, મળી ટળી જાય છે એહ ॥
સંત સેવે સુખ ઉપજે, રહે અખંડ અટળ તેહ ॥

સ્વામિનારાયણ ભગવાનના સાચા સંતોનો અહીં મહિમા નિરૂપ્યો છે. ભેખધારીનો મહિમા કહ્યો નથી, આગળ એક પ્રસંગમાં નિષ્કુળાનંદ સ્વામી લખે છે.

દિયે દર્શન પ્રસન્ન કરે, નિજ દાસ તણા દુઃખ હરે ॥
બેઠા ઉચ્ચે આસન અવિનાશ, સામું જોઈ રહ્યાં સહુ દાસ ॥
એવે સમે અત્તર એક લાવ્યો, અલબેલાને ચર્ચવા આવ્યો ॥
તે તો લઈ લીધું હરિ હાથે, ચર્ચિ સંતની નાસિકા નાથે ॥
ચર્ચિ નાસિકા ને બોલ્યા નાથ, તમે સાંભળજ્યો સહુ સાથ ॥
બીજા ભેખ થાશે ધુડ્ય ધાણી, રહેશ તમારા મુખનું પાણી ॥



ગોપાળાનંદ સ્વામી લખે છે, અને સંત જે સ્વભાવને ટાળવા સારુ લાગતા વેણ દુઃખવીને કહે તો પણ હિતકારી માનવું ને સંત ભેગા ભળવું, પણ સ્વભાવ ભેળા તો ભળવું જ નહિ. શ્રીહરિ ના એકાંતિક સાધુ છે તેમનો મહિમા સમજવો. ને જીવ સુખીયો તો, તો થાય જો સત્પુરૂષનો પ્રસંગ કરીને શુધ્ધ સત્તારૂપે રહીને શ્રીજી મહારાજનું ભજન કરે. સત્પુરુષના સંગે કરીને સાચો થઈને જો સ્વભાવને ટાળે તો અલ્પ કાળમાં ટળી જાય છે. શ્રીજીમહારાજની આજ્ઞાએ કરીને જે સંત પોતે ધર્મને વિષે યથાર્થ વર્તતા હોય ને બીજા બહુ મનુષ્ય ને પણ વર્તાવતા હોય એવા સંતનો વિશ્વાસ કરવો ને એવાનો સંગ કરીને નિર્વાસનિક થાવું ને એવા સત્પુરુષને મન સોંપ્યા વિના તો બ્રહ્મા તથા વિરાટ તથા સંકર્ષણ જેવાને પણ કસર રહી જાય છે. અને એ સમર્થ તો બહુ છે પણ વાસના ટાળ્યા વિના સકામ ભક્ત કહેવાય છે. સત્શાસ્ત્રને વિષે જે જીવને શુધ્ધ કહ્યાં છે તેવા તો મહત્પુરુષની સેવાએ કરીને થાય છે. સત્પુરુષનાં વચનને વિષે વિશ્વાસ રાખવો એ જ મોક્ષ બુધ્ધિ છે. પોતાને મનને જાણે ભક્તિ કરે છે તે તો સકામ થઈ જાય છે ને ભાગવત ધર્મમાં નવધા ભક્તિ સત્પુરુષ પાસેથી શીખ્યાનું કહ્યું છે. તેનાથી ત્રણ અંગે સહિત ભક્તિ વૃધ્ધિ પામે છે. જે પુરુષોતમ ભગવાન કે મોટા સાધુની અનુવૃત્તિમાં વર્તે છે તે અક્ષર જેવા થાય છે. દેશકાળાદિક આઠ છે તેમાં સર્વ કરતા સંગનું બળ અધિક છે. કેમ જે સત્પુરુષનો સંગ હોય તો દેશકાળાદિક સારા જ થાય છે. અને અસત્પુરુષનો સંગ થાય તો દેશકાળાદિક અસત્ થાય છે. ને પુરુષ પણ જો રૂડા સત્પુરુષ નો નિરંતર સંગ કરે તો જ એ સારોને સારો જ રહે છે. ને જો દેહાભિમાની એવા અસત્પુરુષનો સંગ કરે તે તો બગડી જાય છે. જેને શાસ્ત્રમાં બુધ્ધિ પહોંચતી હોય તથા મોટા સાધુનો જેને વિશ્વાસ હોય તેને સત્સંગ સંબંધી, મંદિર સંબંધી ક્રિયા તથા જ્ઞાન, ધ્યાન, તપ, વ્રતાદિક જે જે રૂડી ક્રિયા કરવી તે ભેળું દેહાભિમાન ન આવે, નહિ તો રૂડી ક્રિયા કરે તે ભેળું દેહભિમાન પણ વધતું જાય એવો જીવનો સ્વભાવ છે. પોતાને મેળે તો જીવ બહું કરે છે પણ તે લેખે આવતું નથી ને જો મોટા પુરૂષની આજ્ઞા અને મરજી પ્રમાણે વર્તે તો અલ્પ કરે તો પણ બહુ થાય છે.

જેમ રસે યુક્ત અન્ન અલ્પ જમે તો પણ તૃપ્તી થાય છે. ને ભાજી બે શેર જમે તથા છાશ બે પતર પીએ તો પણ તેવો સંતોષ ન થાય.

બ્રહ્માનંદ સ્વામીએ, સંત સમાગમ કીજે હો, નિશદિન ............. અને સંત પરમ હિતકારી, જગતમાંહી ............. એ બન્ને પદમાં સંતનો મહિમા ખૂબ ગાયો છે. ભવસાગરમાં, શરણ અચળ અવિનાશી સાચા સંતનું ............. એ પદમાં બ્રહ્માનંદ સ્વામી સંતનો મહિમા ગાઈને છેલ્લી પક્તિમાં લખે છે,

શ્રીમુખે કહ્યું માહાત્મ્ય સંત તણું, અશ્વમેઘ યજ્ઞથી અનંતગણું;
કહે બ્રહ્માનંદ શું કહું ઘણું ............. ભવસાગરમાં.

મુક્તાનંદ સ્વામીએ સંત મહિમાના ઘણા પદો બનાવ્યા છે, જે પૈકી ફક્ત બે પદો દ્રષ્ટાત સ્વરૂપે અહીયા લખું છું.

રાગ : ધોળ- પદ - ૧

સુખ દાયક રે (૨) સાચા સંતનો સંગ ...... સંત સમાગમ કીજીએ;
જીરે સંત સમાગમથી ટળે, આશા તૃષ્ણા રે (૨) ઈર્ષા અભિમાન;
મોહ મત્સર મમતા બળે, પ્રગટે ઉરમા રે (૨) પ્રભુનું દ્રઢ જ્ઞાન ....... સંત ૧
જીરે સંત સમાગમથી થયાં, મુનિ નારદ રે (૨) હરિનું મન આપ;
અનેક પતિત ઉધ્ધારિયા, જેના જશનો રે (૨) મોટો પરતાપ ......... સંત ૨
જીરે સિધ્ધ થયાં સત્સંગથી, શુક આદિક રે (૨) મુનિરૂપ સુખરૂપ;
ચિત્ત ચોટ્યું હરિ ચરણમાં, જાણ્યો સંતથી રે (૨) મોટો મર્મ અનુપ ..... સંત ૩
જીરે મહિમા મોટો છે મહંતનો, જેને સેવે રે (૨) છૂટે માયાનું જાળ;
પ્રીતિ વધે પરબ્રહ્મમાં, મુક્તાનંદ કહે રે, (૨) તજી આળ પંપાળ ....... સંત ૪

પદ - ૨

બડભાગી રે (૨) પામે સંતનો સંગ ....... સંતથી મહા સુખ પામીએ;
જીરે સંત બડા પરમારથી, ટાળી ઉરથી રે (૨) અવિદ્યા અભિમાન;
જનમ સુફળ કરે જંતનો, આપે અનુભવી રે (૨) પ્રભુ પ્રગટનું જ્ઞાન ....... સંતથીઃ
જીરે પ્રભુ સંગ પ્રીતિ વધારવા, ફરે જગમાં રે (૨) સાચા સંત સુજાણ;
પરમાત્મા પ્રિછાડવા, પરમારથી રે, (૨) આપે પદ નિરવાણ ....... સંતથીઃ



જીરે સંતના જશ શ્રીમુખે કહ્યાં, ગીતા મધ્યે રે (૨) ગોવિંદ સુખધામ;
અનુભવી મારો આત્મા, જેના મનથી રે, (૨) ટળ્યા ક્રોધને કામ ....... સંતથીઃ

ત્રીજા પદની છેલ્લી પંક્તિમાં સ્વામી લખે છે,

હરિ સમ હરિજન જાણવા, મુક્તાનંદ કહે રે, (૨) તે તરે તતખેવ .......
સમજીને સત્સંગ કીજીએ.

ચોથા પદની છેલ્લી પંક્તિમાં લખે છે,

મનુષ્ય ભાવ મનથી તજો, મુક્તાનંદ કહે રે (૨) સાચા સંત છે દેવ .......
દુર્લભ દર્શન સંતના.

એક દિવસ જેતલપુરમાં મહારાજને કોઈ એક ખેડૂતે પૂછયું હે મહારાજ ! તમારા સંતો તો રાત્રિ દિવસ તમારામાં મન પરોવીને રહે છે. તેથી સંતો તો ભવસાગર તરેલા છે. પરંતુ તમારા હરિભક્તો તો સંસારમાં ઓતપ્રોત રહે છે. તેઓ સંસારસાગર કેવી રીતે તરે ? ત્યારે મહારાજે તે ખેડૂત પાસેથી લોખંડની આર (ખીલી) વાળી લાકડી (પરોણો) માંગીને પાણીમાં નાખી અને ખેડૂતને કહ્યું કે લોખંડ પાણીમાં ડૂબવું જોઈએ. પરંતુ અહી લોખંડની આર લાકડી સાથે જોડેલી છે, તેથી લાકડીની સાથે તે પણ પાણીમાં તરે છે, તેમ અમારા હરિભક્તો સંસારમાં રહેવા છતાં તેઓના મન રાત્રિ દિવસ અમારા સંતો સાથે જોડાયેલા હોય છે, તેથી સંતો ભેળા તેઓ પણ સંસાર સાગર તરી જાય છે.

સ્વામિનારાયણ સંહિતામાં લખે છે,

'માત મીલે પુનિ તાત મીલે, સુત ભ્રાત મીલે જુવતિ સુખદાઈ
રાજ્ય મીલે, ગજબાજ મીલે, સબસાજ મીલે મનવાંછિત ખોઈ,
લોક મીલે પરલોક મીલે, વિધિ લોક મીલે વૈકુન્ઠહી જાઈ,
સુન્દિર ઓર મીલેસુખ, સંત સમાગમ દુર્લભ ભાઈ.'

હનુમાન, નારદ, પ્રહલાદ એ જે મોટા મોટા ભગવાનના ભક્ત, તેમણે પણ ભગવાન પાસે એમ જ માંગ્યું છે જે અહંમમત્ત્વરૂપ માયા થકી રક્ષા કરજો ; તમારા વિષે પ્રીતિ થજો. એ માયાને તર્યા હોય, તમારા વિષે પ્રીતિ હોય, એવા જે સાધુ તેનો સંગ થજો. તેવા સાધુને વિષે હેત અને મમત્ત્વ થજો. તેથી જીવનું કલ્યાણ થાય છે. પ્રભુ, સંત અને ભક્તો નો અનાદર કરવાથી મહાકષ્ટ થાય છે. મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં હનુમાનજી મહારાજ

પ્રગટ શ્રીહરિની મૂર્તિઓનું દર્શન કરવા, સંતોનો સમાગમ કરવા તથા હરિભક્તોના કાર્યો કરવા હર હંમેશ મૂર્તિઓમાં પ્રત્યક્ષ રહ્યાં છે. સાળંગપુર ધામને હનુમાનજી મહારાજની ગાદી કહીં શકાય. શ્રીહરિ કહે, જે મારા દર્શન ઇચ્છે છે તે પ્રેમથી મારા સંતના દર્શન કરે છે, તે દર્શન માં હું છું. અંત સમયે સંતના દર્શન થાય તો જમદૂતો આવ્યા હોય તો પણ મૂકીને ભાગી જાય છે. શ્રીકૃષ્ણ પરમાત્માની સોળ હજાર અને એકસો સ્ત્રીઓ પૈકી સાત હજાર સ્ત્રીઓ ગોપી તલાવડીમાં સમાઇ ગઇ. તે સ્થળે ધોળી ધૂળ હોવાથી સુંગધીમાન ગોપી ચંદન થયું. પ્રભુની અન્ય સાત હજાર અને એકસો સ્ત્રીઓ હસ્તિનાપુર જતા રસ્તામાં વાંકાનેર મૈકુંગારીયું તેની ઝાડીમાં કાબાએ બે હજાર સ્ત્રીઓને લૂંટ્યા બાદ ચોરના ભયથી તળાવમાં સમાઇ ગઈ. ત્યાં લાલ ધૂળ હોવાથી સુંગધીદાર ગેરૂ થયો. આ ગુપ્તતીર્થ છે અને સ્ત્રીઓનું રૂધીર આ સ્થળે પડ્યું તેથી આ તળાવનું નામ લાલાખાડીયું કહેવાય છે. અંત સમયે ગોપીતળાવના ગોપીચંદનનો ચાંદલો કરે તો પણ જમદૂતો ન આવે. શ્રીહરિ કહે, અમારા અંગભૂત સ્ત્રીઓનું બનેલું જે ગોપીચંદન અને આ મૃતિકા તે અમને અતિ પ્રિય છે. અને ગોપીતલાવડી કરતાં પણ આ તળાવ અમને અતિ પ્રિય છે. આજથી સર્વ સંતોએ આ ધૂળથી લુગડાં રંગીને પહેરવાં કેમ કે આ ધૂળથી રંગેલા કપડાંના જે દર્શન કરશે તેનું પણ કલ્યાણ થશે. અને આ તળાવમાં સર્વે સ્નાન કરવા, દર્શન કરવા નહિ આવી શકે માટે તમો આ ધુળથી કપડાં રંગીને પહેરશો અને દેશાંતરમાં ફરશો તેથી તમારા જે દર્શન કરશે, તમારો વાયરો જેને અડશે તેનું પણ કલ્યાણ થશે.

ગંગાજી મનુષ્યના પાપ હરે છે, ચન્દ્રમાં તાપ હરે છે, કલ્પવૃક્ષ દીનપણું હરે છે. એમ ગંગા, ચન્દ્ર અને કલ્પવૃક્ષ ફક્ત એકેક કામ કરે છે અને સંત સમાગમ ત્રણે સાથે કરે છે. એટલે સંત સમાગમ મનુષ્યના પાપ, તાપ અને દીનપણું એ ત્રણેય દોષ હરે છે. જળમય તીર્થો તે આ જીવને ઘણે કાળે કરીને પવિત્ર કરે અને મૃતિકા તથા પથ્થરમય દેવો પણ ઘણા કાળે કરીને પવિત્ર કરે અને સંત પુરુષો તો દર્શન માત્રથી જીવને પવિત્ર કરે છે. કુબેરસિંહજી અહીં પ્રશ્ન કરે છે, ''મૃતિકા તથા પથ્થર મય મૂર્તિઓ ક્યા દેવની જાણવી ? પ્રભુની કે બીજા દેવની ?'' ત્યારે શ્રીહરિ કહે, ''પ્રભુની મૂર્તિઓ નહિ, તે બીજા દેવની



જાણવી. બીજા દેવ ક્યા ? તે કહું તે સાંભળો. અગ્નિ દેવ, સૂર્યદેવ, ચંન્દ્રમા, તારાઓ, પૃથ્વી, જળ, વરૂણદેવ, વાયુદેવ, આકાશ, વાણી, મન તે દેવો ઘણા કાળ ઉપાસના કરે તો પવિત્ર કરે અને સંતપુરુષો એક મુહૂર્તમાં પવિત્ર કરે, તે દેવો જાણવા અને પ્રભુની મૂર્તિ તો એક વખત અંતરમાં સંભારે તો પણ મોક્ષને આપે છે.

સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામી લખે છે, સર્વે સાધુના મંડળ બાંધવા તથા તેમને ફરવા મોકલવા વગેરેનું કામ આનંદ સ્વામી કરતા હતા. તેમાં કેટલાક હિન્દુસ્તાની તથા કેટલાક પંજાબી સાધુ આનંદ સ્વામીની આજ્ઞામાં વર્તતા નહોતા, ત્યારે આનંદ સ્વામીએ મહારાજને કહ્યું કે, સાધુ તો બહોત અડબંગ હે, ને આજ્ઞામાં વર્તતા નહિ હે. ત્યારે મહારાજે કહ્યું કે, એમાંના કેટલાક તો અક્ષર, ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમ વગેરે ધામના મુક્ત છે. અને કેટલાક ભગવાનના અવતાર છે. તથા કેટલાક મોટા ઋષિ છે. તમારી આજ્ઞામાં કેમ વર્તે ? માટે વર્તે તેટલું વર્તાવો. એમનું સામર્થ્ય તો રોકી રાખ્યું છે એટલે જણાતું નથી. બાકી એ તો ઘણા સમર્થ છે. શુકમુનિએ એવી વાત કહીં કે, ભગવાનના પરમ એકાંતિક સાધુ હોય તે અતિ મલિન જીવ ઉપર પણ કૃપા દ્રષ્ટિ કરે તો તે અતિ શુધ્ધ અને ધર્માદિક રૂડા ગુણે યુકત થઈને મોક્ષ પામી જાય છે. જેમ દત્તાત્રેયની કૃપા દ્રષ્ટિથી પિંગલા વેશ્યા શુદ્ધ થઈ ગઈ તેમ, અને એવા પરમ એકાંતિક સાધુની જેના ઉપર કુદ્રષ્ટિ થાય તેનું અંતઃકરણ અતિશય મલિન અને દોષયુક્ત થઇ જાય તથા મોક્ષમાર્ગથી પડી જાય. એવા પરમ એકાંતિક ને કોઇ મલિનનો સંગદોષ લાગે નહિ. એવાને તો વડવાનળ અગ્નિ તુલ્ય કહ્યાં છે. સાધનદશાવાળાને મલિનનો સંગદોષ લાગે છે.

સ્વામિનારાયણ ભગવાનના સંતોનો દ્રોહ કરવાથી અનેક મનુષ્યો મહાદુઃખ પામ્યા હોય તેવી શાસ્ત્રોમાં ઘણી વાતો લખાયેલી છે, જે પૈકી ફક્ત એક વાત લખુ છું. ધ્રાંગધ્રા પાસે ગામ બાવલીમાં સદાનંદ સ્વામી આવ્યા. તે ગામમાં ભાણદાસ નામે વૈરાગી રહેતો હતો. તેણે ગામમાંથી સાધુ ને ભૂખ્યા કાઢી મુકયા અને તેમને લાકડીએ લાકડીએ માર્યા. એના સપાટા સાંભળીને માણસો ખળામાંથી દોડી આવ્યાં અને સાધુને મુકાવ્યા.

બાવાને ઠપકો આપ્યો. પછી લોકોએ સ્વામી ને પૂછયું કે તમને કેવુંક વાગ્યું ? સ્વામી બોલ્યા કે, આ મેરા દેહકુ લગા હૈ, તે દેહ તો કુછ કામ કી નહીં હૈ પણ મેરે ગુરુભાઈ કી સીસમકી અચ્છી લકડી ભાંગ ગઈ. પછી સાધુ ત્યાંથી ચાલી નીકળ્યા અને બાવાના ઘરમાં નવ માણસો હતા તેનો ત્રણ મહિનામાં નાશ થયો અને બાવો મહા દુઃખ પામ્યો. ભયંકર રોગનો ભોગ બની આ બાવો પણ કમોતે મુવો.

સંત સતાવે જાત હૈ, રાજ, ધન, અરુવંશ,
તુલસી તીનો નવ રહે, રાવણ, કૌરવ, કંશ,

**સ્વામિનારાયણ ભગવાનના સાધુને બે રોટલા જમાડ્યાનું ફળ :**

કોઈ એક દિવસ મહારાજના સાધુ કચ્છ દેશમાંથી ગુજરાતમાં જતા હતાં. તે રણ ઉતરીને રતના ભક્તના ભાણેજની વાડીએ ઉતર્યા. એટલે તેણે પોતાના મામાના સાધુ જાણીને બે રોટલા આપ્યા. તે જમીને સાધુ તો ગયા. પછી કોઈક દિવસે તેનો અંત સમો આવ્યો ત્યારે યમ તેને તેડવા આવ્યા અને યમપુરીમાં લઈ ગયા. એટલે યમરાજાએ તેના પાપ પુણ્યની તપાસ કરીને કહ્યું કે, તારુ પાપ તો ઘણું છે અને પુણ્ય તો સાધુને બે રોટલા આપ્યા એટલું જ છે. તેથી દેવલોકમાં થોડા દિવસ તું દેવ થાય એમ છે. બોલ, તારે પ્રથમ દેવ થવું છે કે પાપ ભોગવવું છે ? એટલે તે બોલ્યો કે પ્રથમ મારે દેવ થવું છે. જેથી તે દેવ થયો અને વિમાને ચડીને ફરવા લાગ્યો.

એટલામાં મહારાજના સાધુ કોઈક હરિજનને તેડીને દેવલોક સોંસરા થઈને ભગવાનના ધામમાં જતા હતાં. એટલે એણે તેમને ઓળખાવ્યા અને પૂછયું. તમે ક્યાં જાઓ છો ? સાધુ બોલ્યા કે, અમે તો મહારાજના ધામમાં જઈએ છીએ. પેલા દેવ થયેલાએ પૂછયું કે, આના કરતા વળી બીજું ધામ કેવું છે ? સાધુ બોલ્યા કે, ભગવાનના ધામની આગળ આતો નરક જેવું છે. ભગવાનનું ધામ તો બહુ સારુ છે. પેલો દેવ બનેલો કહે કે, મને ત્યાં લઈ જાઓ. સાધુએ કહ્યું કે, હજુ મહારાજનો આશ્રિત થયો નથી અને વર્તમાન પણ ધાર્યા નથી, એટલે વર્તમાન ધારીને મહારાજનો આશ્રિત થઈશ ત્યારે તને ત્યાં લઈ જઈશું.



દેવે કહ્યું કે, તમે મને વર્તમાન ધરાવો. સાધુએ કહ્યું કે, ધોલેરામાં તારા મામા છે તેને કહેજે વર્તમાન ધરાવે. એટલે તે દેવ વિમાનમાં બેસીને આકાશમાં અધર રહીને રતના કહીંને બોલાવવા લાગ્યો. પણ તે સાધુ શી રીતે બોલે ? એટલે તે નિત્ય સાદ પાડી જતો રહે. પછી ગોપાળાનંદ સ્વામીએ દિવ્યરૂપે કહ્યું કે તમને જે બોલાવે છે તે તો તમારો ભાણો છે. તેને તમે વર્તમાન ધરાવીને મહારાજના આશ્રિત કરજો. એટલે વિજ્ઞાનદાસજીએ તેને વર્તમાન ધરાવીને મહારાજની વાર્તાઓ કહીં અને મહારાજના આશ્રિત કરીને ધામમાં મોકલ્યા.

બ્રહ્માનંદ સ્વામી તથા તેમની સાથેના સંતોને ભૂખ લાગેલી. એક છોકરાએ સંતોને પોંક જમાડ્યો. સંતો રાજી થયા. કંઠી બાંધી, છોકરાને 'સ્વામિનારાયણ' બોલતાં પણ આવડે નહિ. બ્રહ્માનંદ સ્વામી કહે, અંતકાળે મારી આ ફાંદ યાદ કરજે. અંતકાળે છોકરાએ બ્રહ્માનંદ સ્વામીની ફાંદ યાદ કરી. તો બ્રહ્માનંદ સ્વામી શ્રીજી મહારાજની સાથે આવીને તે છોકરાને ધામમાં તેડી ગયા.

નંદ સંતોમાં શ્રીજી મહારાજના પ્રતાપથી અપાર સામર્થી હતી. ઘણીવાર તો જેવું કામ શ્રીજીમહારાજ કરે, તેવું કામ નંદ સંતો કરી શકતા. એક સંત એમ કહે કે, વરસાદ વરસો તો વરસાદ વરસવાનું શરૂ થાય ! કોઈ સંત એમ કહે કે, વરસાદ વરસવાનો બંધ રહો, તો વરસાદ વરસતો બંધ થાય! કોઈ સંતના સંકલ્પથી મરેલું પશુ કે માણસ જીવતું થાય! કોઈ સંતની કૃપાથી માણસ નિષ્કામ થઈ જાય! કોઈ સંતના સંકલ્પથી ગ્રહણની ગતિ બદલાઈ જાય ! નિઃસંતાન દંપતીને ત્યાં મોટી ઉંમરે પણ દીકરાનો જન્મ થાય! હિંસક મનુષ્યો તો ઠીક, પરંતું વાઘ જેવા હિંસક પશુઓ પણ અહિંસક બની જાય ! પાપના પહાડ જેવા મનુષ્યો ભક્તરાજ બની જાય ! આજે પણ સાચા સંતોમાં વચન સિધ્ધિ જેવા ઘણા ગુણો જોવામાં આવે છે.

એક ઘડી આધી ઘડી આધી મે પુની આધ,
તુલસી સોબત સંતકી કટે કોટી અપરાધ.

जीवकुं अनंत जन्ममही भारी, वनितादिक के संगदुःख कारी ॥
विषय के संग से दृढ लगे, ऐसे दोष अपार ।
सोई अघ साधु टारिके, करहि सद्य भवपार ॥

●

## ૨૯. હરિભક્ત માહાત્મય નિરૂપણ :

આ લોકમાં પાંચ નંગ છે. ૧. હીરા, ૨. માણેક, ૩. મોતી, ૪. પોખરાજ, ૫. ચુની. અને ઉપર લોકમાં પાંચ મણિ છે : ૧. ચન્દ્રકાંતમણિ ૨. સૂર્યકાન્તમણિ. ૩. પારસમણિ .૪. ચિન્તામણિ. ૫. કૌસ્તુભમણિ. તેમ શ્રીજીમહારાજે સત્સંગમાં પાંચ રત્ન સ્થાપન કર્યા છે : ૧. દેવ (પ્રભુ), ૨. શાસ્ત્ર, ૩. આચાર્ય, ૪. સંતો, ૫. સત્સંગીઓ. એ પાંચ રત્ન પ્રભુએ ભેગા ગૂંથેલા છે. તેમાંથી એકેયને કાઢે તો ચાલે તેમ નથી. સત્સંગ શોભે નહિ. અને જીવનું સારું પણ થાય નહિ. આ પાંચ અંગમાં મંદિર ઉમેરીયે એટલે ષડંગી અથવા છ અંગ વાળો સ્વામિનારાયણ સંપ્રદાય કહેવાય. આ છ અંગમાંથી એક પણ અંગ ઓછું હોય તો એ સ્વામિનારાયણ સંપ્રદાય નથી. મહારાજે આચાર્ય, સંતો અને હરિભક્તોની ત્રિપુટી બનાવી છે. તેથી હવે હરિભક્તોનો મહિમા પણ લખવો જરૂરી છે.

ગૃહસ્થ જ્યારે ધર્મવંશી આચાર્ય થકી દીક્ષા પામે ત્યારે તેને 'સત્સંગી' અથવા 'હરિભક્ત'ની સંજ્ઞા પ્રાપ્ત થાય છે. પોતાની મેળે કંઠી પહેરી લેવાથી કે તિલક ચાંદલો કરવા માત્રથી હરિભક્ત બની જવાતું નથી. શિક્ષાપત્રી પ્રમાણે જીવન જીવવાથી સાચા અર્થમાં સત્સંગી થવાય છે. અહીં જે મહિમા લખ્યો છે તે સાચા હરિભક્તોનો મહિમા સમજવો. પ્રગટ હરિનો નિશ્ચય હોય અને ધર્મ હોય તો સત્સંગી કહેવાય. મહારાજની આજ્ઞા મુજબ પંચવર્તમાનનું પાલન કરતો હોય તેવા કોઈ પણ હરિભક્તનો અવગુણ ન લેવો. પંચવર્તમાનનું પાલન કરીને શ્રીજી મહારાજની શરણાગતિની કંઠી પહેરી રાખે તો એવા ભક્તને પણ અંત કાળે યમદૂતોનું દર્શન થતું નથી. તેવા જીવને મહારાજ ફરી સત્સંગમાં જન્મધારણ કરાવી સત્સંગ કરાવીને પોતાના ધામમાં તેડી જાય છે. હરિભક્તોના દ્રવ્યથી સંપ્રદાયના બાકીના પાંચેય અંગોની સેવા થાય છે. તેથી હરિભક્તોનો પણ સંપ્રદાયમાં ઓછો મહિમા ન આંકી શકાય. કલ્યાણના માર્ગમાં ત્યાગી કે ગૃહીનો મેળ નથી. પોતપોતાના ધર્મમાં રહી શ્રીજી મહારાજની ઉપાસના, ભજન-ભક્તિ કરે તે દરેકનું કલ્યાણ થાય છે.



શ્રીહરિચરિતામૃત સાગરમાં આધારાનંદ સ્વામી લખે છે, ભક્ત બે પ્રકારના છે. સકામ અને નિષ્કામ. સકામ ભક્તો જે લૌકિક પદાર્થની કામનાથી રહિત છે તેઓ દેહ મુકીને ભગવાનના ગોલોક આદિ ધામમાં ત્યાના અવિનાશી મનોવાંછિત ભોગ ભોગવે છે. નિષ્કામ ભક્ત સેવા વિના બીજી કોઈ પણ પ્રકારની સાલોકયાદી મુક્તિ તથા અણિમાદિક સિધ્ધિ તેને ઈચ્છતો નથી. ભક્તવત્સલ ભગવાન ભક્ત ઉપર પ્રસન્ન થઈ તેને મોટું ઐશ્વર્ય પમાડે છે, છતાં તેને સેવામાં વિઘ્નરૂપ છે એમ સમજી ગ્રહણ કરવાનો સંકલ્પ પણ નિષ્કામ ભક્ત કરતો નથી. એવા પ્રકારના ભક્તો ઉતમ છે અને પૂર્ણકામ છે. ભગવાનના હૃદય સમાન છે. તેમનો પ્રેમ દિન દિન પ્રત્યે વૃધ્ધિ પામે છે. ગંગાના પ્રવાહની પેઠે કોઈ અંતરાયનો રોક્યો રોકાતો નથી. દેશકાળાદિ વિઘ્નથી તેનો પ્રેમ ઘટતો નથી. નિષ્કામ ભક્તની ઈન્દ્રિયો અને અંતઃકરણની વૃત્તિઓ સહેજે ભગવાનમાં જ વર્તે છે. બીજે તેમને આસક્તિ થતી નથી. જગતના અતિરમણીય પદાર્થોને તે અતિ દુઃખ દાયી સમજે છે. બધા ભોગો જે ભગવાનના સંબંધ રહીત હોય તે તેમને દુઃખરૂપ થઈ પડે છે. અંદર ને બહાર તે ભક્તને એક ભગવાનની જ સ્મૃતિ રહે છે. પછી શ્રીહરિ પ્રેમી ભક્તોના લક્ષણો કહીને કહે છે કે, એવા ભક્ત પોતાના ચરણની રજથી જગતને પવિત્ર કરે છે. એવા પ્રેમી ભક્તોના પ્રાણનો નિરોધ શ્રીહરિની મૂર્તિમાં સહેજે થઈ જાય છે. એવાં ભક્ત નરનારીઓ પ્રારબ્ધને અંતે દેહ ત્યાગ કરી નિર્ગુણ થઈ ભગવાનના દિવ્ય ધામમાં દિવ્ય વિમાનમાં બેસીને જાય છે. અને ત્યાં દિવ્યરૂપે ભગવાનની સેવાનો આનંદ લે છે. એવા પ્રેમી ભક્તને અક્ષરાદિ ધામમાં રહેલાં મુક્તો પણ નમસ્કાર કરે છે. ભગવાન તેને અપાર દિવ્ય સુખ આપે છે.

સત્સંગ વિનાનું ગમે તેવું સુખ હોય તેને નકારું માને. સત્સંગથી વિમુખ કરાવે એવી રિધ્ધિ- સિધ્ધિનો ત્યાગ કરે. સત્સંગ થતા પુત્ર કે ધનનો નાશ થાય કે માતા પિતા દ્રેષ કરે, ઘર બળી જાય, કુળ કુટુંબ રૂઠે, તો પણ સત્સંગ મોળો ન પડે, પણ સત્સંગમાં વિરોધ કરનારાઓને તૃણ સમાન ગણે. સત્સંગ કરતા ગુરુ કોપે, દીર્ઘ રોગ થાય, મૃત્યું થાય કે ગમે તેવું વિઘ્ન આવે તો પણ સત્સંગ દ્રઢતા ઘટે નહિ તે હરિભક્ત સત્સંગ શિરોમણી અને શૂરવીર

છે. તેની વાત સાંભળીને પણ બીજા ભક્તો શૂરવીર બને છે. વિપત્તિમાં પણ પાકો સત્સંગ રાખે તે ભક્ત હરિશ્ચન્દ્ર અને પ્રહલાદની પેઠે વિખ્યાત થાય છે. સત્સંગને માટે દુઃખ સહે તેને શ્રીહરિ સર્વોપરી સુખ આપે છે.

હરિભક્ત અને સંતનું વર્તન તે અધર્મના મૂળ કાપનારું છે.ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય સાથે પ્રગટ હરિનો જેને નિશ્ચય હોય અને હરિ વિના બીજામાં અનુરાગ ન હોય તેને સાચો સત્સંગી કહેવાય. જેને સત્સંગ થયો છે, તે તો અક્ષરધામનો અધિકારી છે. શ્રીહરિ કહે, જે નક્કી નિયમ રાખતા હોય અને સત્સંગની પ્રથા પ્રમાણે નક્કી વાત કરતા હોય તથા અમારો જે પ્રતાપ જોયા સાંભળ્યામાં આવ્યો હોય તેવી વાત કરતા હોય, તેથી સત્સંગ વધે તેને જ સાચા સત્સંગી કહેવાય. જે શ્રીહરિને શરણે થયા છે તેને માયા લાગતી નથી અને બીજાનો તો તે પરાભવ કરે છે. કારણ કે સત્સંગીઓ તો કોઇ પ્રકારે અનીતિમાં ચાલતાં નથી. તેને મન શું કરનારું છે ? કાળ, કર્મ. માયા, જમદૂત તે પણ તેને સ્પર્શ કરી શકતા નથી. તેને તો ઈશ્વર એ જ સર્વસ્વ છે. સંત અને હરિભક્તો અલૌકિક છે. તેમનો દૈહિક દોષ દેખીને અભાવ ન લેવો. અભાવ લે છે તેને તેટલું ફળ ભોગવવું પડે છે. તે તો બ્રહ્મઅગ્નિ જેવા છે. લીલું, સૂકું જે તેનો સ્પર્શ કરે, તે બળી જાય એવો તેમનો સહજ સ્વભાવ છે. સત્સંગના પાંચે નિયમ દ્રઢ કરીને રાખે તેને સંત-હરિભક્ત જાણવા. મનુષ્ય મોહ કરીને દુઃખ અને ક્લેશમાં સુખ માની લે છે. એ મોહને જ્યારે ઓળખશે ત્યારે હરિ, હરિજનમાં પ્રીતિ થશે. જેને સંત હરિભક્તોમાં પ્રીતિ નથી તે દર્પણ વિના પોતાનું મુખ કેમ જોઇ શકશે ? કારણ કે સંત હરિભક્તો તો દર્પણ છે. અને હરિની મૂર્તિ તે પોતાનું મુખ છે. હરિભક્તોમાં ભાવ ન હોય તો સંતોમાં પણ ક્યાંથી થાય અને ભગવાનમાં તો થાય જ ક્યાંથી ? પાકા હરિભક્તો પોતે તરે છે અને બીજાને તારે છે. ભાગવતમાં ઠેર ઠેર કહ્યું છે કે વિમુખ વિપ્ર કરતા અંત્યજ હરિભક્ત મોટા છે. કારણ કે તેને ભવભટકણ મટી જાય છે. ભગવાનના સંબંધ વિનાનો વિદ્વાન વિપ્ર કર્મકાંડમાં કુશળ હોય, જપ, તપ, વ્રત, તીર્થ વગેરે કરતો હોય, તો પણ મોક્ષનો અધિકારી નથી. એમ વેદ પુરાણનો સિધ્ધાંત છે. કાષ્ટ, પથ્થર, લોખંડ, રૂપું, સોનું વગેરેના ઘાટ કારીગર વિના બને નહિ. સૌના કસબ જુદા



જુદા છે. તેમ મોક્ષ કરનારા પણ ચાર પ્રકારના ગુરૂ છે. એક શ્રીહરિ, બીજા આચાર્ય, ત્રીજા સંત અને ચોથા હરિભક્ત, એટલાના યોગથી સત્સંગ થાય. અને માયિક ભાવમાં જે ઉમંગ હોય તે ટળી જાય. દેશ દેશમાં સત્સંગરૂપી શ્રીહરિનો બાગ છે. તેમાં હરિભક્તો રૂપી કલ્પવૃક્ષ હેતરૂપી ફળ ધરી રહ્યાં છે. જેમ કહે તેમ હરિભક્તો વચનમાં વર્તે તથા ગામ, ગરાસ, અન્ન, ધન કોઈ વિપ્રને આપી દે તો પણ સંશય ન થાય એવા હરિભક્તો હોય તેના ભવનમાં શ્રીહરિ પોતાનું ભવન માનીને જાય છે.

રાજ્યવાળાં અને ધનવાળાં તો અનંત હોય પણ સત્સંગના નિયમમાં કસર નહીં રાખી દેહનાં ને સંસારના સુખદુઃખ નહિ માની હરિવચનમાં સુખ માનનારા હરિભક્તો દુર્લભ છે, એમ શુભ કર્મવાળા સમજે છે. રાતને દિવસમાં જેમ ફેર છે તેમ વિમુખ અને હરિભક્તમાં ફેર છે. આ વખતે જે હરિભક્તો થયા છે તેમના ભાગ્યનો પાર નથી. તે વિનાના બીજા મનુષ્યો અપાર ધનને પામીને પણ દુઃખીના દુઃખી જ રહે છે. જે ભક્તોને સમાધિ થતી તે જે જે ધામમાં જાય ત્યાં ત્યાં અહીંની સભાના તથા આજ શ્રીહરિના દર્શન કરતા. શ્રીહરિની મરજીથી ભક્તજનોને દેહની અંદર અને બહાર જે જે મોટા મોટા દેવોના સ્થાન છે તેના દર્શન થતાં. અને કોઇકને વિષે હેત હોય તેથી કરીને દુર્ગતિ પામ્યો હોય તેને દુઃખથી છોડાવવા ઈચ્છા કરે ત્યારે શ્રીહરિને વિનવતા. અમુક ભક્ત વિમુખના જેવી ગતી પામ્યો છે, તેથી તેને દુઃખ થાય છે માટે તે છુટવો જોઇએ. ત્યારે શ્રીહરિ કહેતા કે જે સંબંધી આપણને તજીને જાય તેને સંબંધી ન કહેવાય. દેહાદિકના જે સંબંધી છે તેને સંતો સંબંધી કહેતા જ નથી. હરિભક્ત અને જગતની સમજણ જુદી જુદી છે. માટે જીવતો હોય ત્યારે સંબંધીને સત્સંગ કરાવવો. મૂઆ પછી તો મનુષ્ય શરીર પામ્યા સિવાય મોક્ષ થાય નહિ. કેટલાક સંબંધીઓ જમનો માર ખાય છે. કેટલાક ભૂત, પ્રેત, સર્પ, પશુ, પંખી, તરુ, લતા વગેરે જન્મને પામ્યા છે, તે દિવ્ય દ્રષ્ટિવાળા જોઈ શકે છે. અને ત્યાં તેને દર્શન આપો, જેથી તમારામાં હેત હશે તો તમે ઉચ્ચારણ કરેલું અમારું સ્વામિનારાયણ નામ સાંભળીને વિકટ યોનિમાંથી છૂટી જશે. સત્સંગીમાં હેત થયા વિના દુઃખમાંથી છૂટાય નહિ. દિલમાં જેને જેટલો અમારો પ્રતાપ હશે તેટલો તે મોક્ષ કરશે. એમ કહીં ધ્યાનમાં બેસાડી

પ્રાણ લીન કર્યા. તેવા સંબંધી પાસે જઈને સ્વામિનારાયણ નામનો ઉચ્ચાર કરી તે તે યોનિથી તેઓએ જનોને છોડાવ્યા. નરકકુંડમાંથી પણ છોડાવ્યા. જમદૂતો હાથ જોડીને હરિભક્તોને ધર્મરાજા પાસે લઈ જતા. ધર્મરાજાએ શ્રીહરિના દાસને જોઈને વિનય સહિત બોલાવ્યા. જે જે ભક્ત આવે તેને ધર્મરાજા આદર દેતા ને વિનય વચન બોલતા. અને હરિભક્તોના સંબંધીઓ કે જેઓ પોતે હરિભક્ત ન હતાં તેમણે તેમને હરિભક્તોના સંબંધી જાણી છોડી દીધા. એવું અપાર સામર્થ્ય શ્રીહરિ દેખાડતા. શ્રીહરિને લીધે હરિભક્તોના મહિમાનો પાર નથી.

સંત અને હરિભક્તોનો જેને અભાવ હોય તે ધામમાં પણ ટકી શકતા નથી. સાધને યુક્ત અને અભાવવાળા જે હરિભક્તો છે તેને શ્રીહરિ ધામમાં ભાવ કરવા માટે જ રાખે છે. તે જન્મ ધારવામાં નિમિત્તરૂપ બને છે. કારણ કે એક દિવસ પણ જેણે સત્સંગ કર્યો તે ચોરાશીમાં જતો નથી. હરિભક્ત નામ પડ્યું તેને જમપુરીનું દુઃખ રહેતું નથી. સંત તથા હરિભક્તને વિના અપરાધે મારે તેને અનેક બ્રહ્માંડ ભાંગ્યાનું પાપ લાગે છે. હરિભક્ત થઈને સંત કે હરિભક્તનો મહિમાં ન સમજે તે ફળ, ફૂલ, રસ, અને છાયા વિનાના વૃક્ષ જેવો છે. શ્રીહરિ કહે “ આ વખતે હરિભક્તને જે લાભ થયો છે તેવો કોઈ ફેર થયો નથી. હરિભક્ત થયા વિના ગમે તેટલું ધન મળે તો પણ તેમાંથી નરકનું સાધન બને છે. હરિભક્તની શી વાત કહેવાય! એતો કલ્પતરુ જેવા કહેવાય. સંતને માટે ને અમારે માટે સેવા કરવામાં તેમને અતિશય ઉત્સાહ રહે છે.” હરિભક્તોનો અભાવ આવે તે અધર્મને પ્રવેશવાનું દ્વાર છે. હરિભક્તનો અભાવ આવે ત્યારે દ્રોહબુધ્ધિ થાય છે. પછી તે દ્રોહ કરનાર સત્સંગમાં ટકતો નથી. હરિભક્તની સાથે વેર બુધ્ધિ રાખનારને કુલક્ષણી જાણવો. વિના વિચારે કોઈ હરિભક્તનું ઘસાતું બોલવું તે પણ કોટી મહાપાપ જેવું છે.

ભગવાનને પોતાના ભક્ત ઉપર એવો પ્રેમ છે કે, જેવો લક્ષ્મી, રાધા, બ્રહ્મા અને શેષ ઉપર પણ નથી. પોતાનું શરીર પણ ભક્ત કરતાં વહાલું નથી. પૂર્વ જન્મોમાં જેણે યજ્ઞ, તપ, પુણ્ય કર્યા હોય તેને જ ઉત્તમ ભક્તિની પ્રાપ્તિ થાય છે. પ્રેમી ભક્તને પરમાત્માના સ્મરણ વિના એક ક્ષણ યુગ જેવી પસાર



થાય છે. જે પુરુષ સ્ત્રીઓની દ્રષ્ટિથી વીંધાયો નથી, ક્રોધરૂપી અંધકારમાં જાગતો રહે છે, મોહના બંધનમાં જે બંધાયેલો નથી એવો ભક્ત ભગવાનને અત્યંત પ્રિય છે. ભક્તના હૃદયમાં ભગવાન રહેલાં હોય છે. તેથી તેના અપરાધ કરનારાઓનું સારૂં થતું નથી. કુસંગી દેહ મુકવાનો હોય ને પાસે સત્સંગી હોય તો કુસંગીને જમ લઈ શકે નહીં એવો સત્સંગીનો મહિમા છે તથા એવો સત્સંગનો પ્રતાપ છે. હરિભક્તના સંકલ્પમાં પણ મહારાજ કેટલી શક્તિ મુકે છે તે વશરામ સુથારનો પ્રસંગ બહુ જાણીતો છે. એક વખત ભાદરાના વશરામ સુથાર ખેતરમાં કડબનો ભોર ભરવા ગયા હતાં. ત્યાં જમીનમાંથી હજારો કીડીઓ ઉભરાઈ ત્યારે તેમને સંકલ્પ થયો જે આ કીડીઓનો મોક્ષ ક્યારે થશે ? પછી તેજ સમયે કીડીઓ ચતુર્ભુજ થઈને વિમાનમા બેસીને સ્વર્ગમાં ગઈ. પછી તે વાત મહારાજને કરી. જે હે મહારાજ ! તે મુક્ત હશે ! ત્યારે મહારાજ કહે : મુક્ત નહોતી પણ તમારા સંકલ્પે કરીને મોક્ષ પામી.

ગ.પ્ર.પ્ર. ૭૫ ના વચનામૃતમાં સુરાખાચરના ૭૧ કુળનો ઉધ્ધાર એ બાબતના પ્રશ્નના જવાબમાં મહારાજ કહે છે : ....... જેના કુળમાં ભક્ત થયો હોય અને તેના કુટુંબી સર્વે એમ માને જે, આપણું મોટું ભાગ્ય છે જે, આપણા કુળમાં ભગવાનનો ભક્ત થયો છે ! એવી રીતે ભક્તનું માહાત્મ્ય સમજીને હેત રાખે તો તે સર્વે કુટુંબીનું કલ્યાણ થાય,અને મરીને પિત્રિ જે સ્વર્ગમાં ગયા હોય તે પણ જો એમ જાણે જે, ‘આપણા કુળમાં ભગવાનનો ભક્ત થયો છે તે આપણું મોટું ભાગ્ય છે. એમ સમજીને ભગવાનના ભક્તમાં હેત રાખે તો તે પિત્રિનું પણ કલ્યાણ થાય અને જે ભગવાનના ભક્ત સંગાથે વૈર બુધ્ધિ રાખે તેનું તો કલ્યાણ ન થાય, અને જેમ જેમ વૈર કરતો જાય તેમ તેમ તેની બુધ્ધિ ભ્રષ્ટ થતી જાય. અને દેહ મુકે ત્યારે પંચમહાપાપના કરનાર જે નરકના કુંડમાં પડે તે પણ તેજ કુંડમાં પડે છે. તે માટે ભગવાનના ભક્તમાં જેને હેત હોય, સંબંધી હોય અથવા બીજો કોઈ હોય તે સર્વેનું કલ્યાણ થાય છે. ......... (ગ.પ્ર.૭૫)

શ્રીહરિ વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીના પ્રશ્નના જવાબમાં કહે છે કે : ........... જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય ને ભગવાનનો મહિમા

જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અવગુણ આવે નહિ અને ભગવાનના ભક્ત ઉપર રીસની આંટી બંધાય જ નહિ. જેમ ઉધ્વજી જો ભગવાનના મહિમાને સમજતા હતાં તો એમ વર માંગ્યો જે, આ ગોપીઓની ચરણરજના અધિકારી એવાં જે વૃંદાવનને વિષે લતા તથા તૃણ તથા ગુચ્છ તેને વિષે હું પણ કાંઈક થાઉં.' અને શ્રીકૃષ્ણ ભગવાને વૃંદાવનને વિષે વૃક્ષને તથા પક્ષીને તથા મૃગલાને બળદેવજી આગળ અતિ મોટા ભાગ્ય વાળા કહ્યાં છે. અને બ્રહ્માએ પણ શ્રીકૃષ્ણ ભગવાન પાસે એમ વર માંગ્યો છે જે, 'હે પ્રભો ! આ જન્મને વિષે અથવા પશુ, પક્ષીના જન્મને વિષે હું જે તે તમારા દાસને વિષે રહીને તમારા ચરણારવિંદને સેવું એવું મારુ મોટું ભાગ્ય થાઓ.' માટે એવો જ્યારે ભગવાનના ભક્તનો મહિમા સમજે ત્યારે તેને ભગવાનના ભક્ત ઉપર કોઈ દિસસ અવગુણની ગાંઠ ન બંધાય. અને પોતાના ઈષ્ટ જે પ્રત્યક્ષ ભગવાન તેનો જે ભક્ત તેને વિષે જે કાંઇક અલ્પ દોષ હોય તે મહિમાના સમજનારાની દ્રષ્ટિમાં આવે જ નહિ. અને જે ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામ્યા એવા જે પશુ, પક્ષી તથા વૃક્ષ, વેલી આદિક તેને પણ દેવ તુલ્ય જાણે. તો જે મનુષ્ય હોય ને ભગવાનની ભક્તિ કરતા હોય તથા વર્તમાન પાળતા હોય તથા ભગવાનનું નામ સ્મરણ કરતા હોય ને તેને દેવતુલ્ય જાણે ને અવગુણ ન લે તેમાં શું કહેવું ? માટે ભગવાનનો મહિમા સમજે તેને ભગવાનના ભક્ત સંગાથે વૈર ન બંધાય અને જે માહાત્મ્ય ન સમજે તેને તો ભગવાનના ભક્ત સંગાથે વૈર બંધાય ખરૂ. માટે જે ભગવાનનું તથા ભગવાનના ભક્તનું માહાત્મ્ય ન જાણે તે સત્સંગી છે તો પણ તેને અર્ધો વિમુખ જાણવો. અને ભગવાનનો ને ભગવાનના ભક્તનો જે મહિમા સમજે તેને જ પુરો સત્સંગી જાણવો. (કા.૯)

.......... શ્રીજી મહારાજ એમ બોલ્યા જે, ''હું તો દત્તાત્રેય, જડભરત, નારદ અને શુકજી તે સરખો દયાવાળો છું. ......... તો પણ અમે લીલી ભાજી ન તોડી, એવો અમારો દયાવાળો સ્વભાવ છે તો પણ કોઈક ભગવાનના ભક્તને ક્રુર દ્રષ્ટિએ કરીને જોતો હોય ને તે જો પોતાનો સગો વહાલો હોય પણ જાણીએ જે, 'તેની આંખ્ય ફોડી નાખીએ, અને હાથે કરીને જો ભગવાનના ભક્તને દુઃખવે તો તે હાથને કાપી નાખીએ,' એવો તેનો અભાવ આવે છે, પણ ત્યાં દયા નથી રહેતી . અને એવો જેને ભગવાનનો ને ભગવાનના ભક્તનો પક્ષ હોય તેને જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય.'' (ગ.મ.૬૦)



.......... અને ભગવાનનો ભક્ત હોય તે ભગવાનનું નામ સ્મરણ કરતો થકો દેહ મુકે અથવા બાધિતાનુંવૃત્તિને યોગે કરીને બેશુધ્ધ થઈને દેહ મુકે, તો પણ એ ભગવાનનો ભક્ત ભગવાનના ચરણારવિંદને જ પામે છે. ........... (ગ.અંત્ય ૪)

........... ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''બીજા સર્વે અપરાધ ભગવાન માફ કરે છે, પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ નથી કરતા. માટે ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહિ. ........... (ગ.પ્ર..પ્ર.૭૧ )

સ્વામિનારાયણ સંહિતામાં કહે છે, જે શુદ્રો ભગવાનના ભક્તો છે તે ભક્તોને ભાગવત બ્રાહ્મણ કહ્યાં છે. સર્વે વર્ણને વિષે તે શુદ્ર જે જનાર્દન ભગવાનના ભક્ત ન હોય તેને શુદ્ર કહેલાં છે. પ્રહલાદે પણ કહ્યું છે : 'બાર ગુણે યુક્ત એવો બ્રાહ્મણ હોય પણ ભગવાનથી વિમુખ હોય તો તે કરતાં ભગવાનનો ભક્ત શ્વપચ-ચાંડાલ તેને હું શ્રેષ્ઠ માનું છું. ભગવાનને અર્પણ કર્યા છે, વચન અને કર્મ જેણે એવો શ્વપચ કુળે સહિત પોતાના જીવાત્માને પવિત્ર કરે છે. ઘણુંક છે માન જેને એવો જે બ્રાહ્મણ તે પોતોના કુળને તથા આત્માને પવિત્ર કરતો નથી. સુત પુરાણીના મા બ્રાહ્મણી છે અને પિતા ક્ષત્રિય છે. તો પણ તે ભગવાનના ભક્ત ભગવાનની કથા કાયમ કરે છે. તેમના મુખથી અઠયાસી હજાર ઋષિઓ કથા સાંભળે છે. તે પુરાણોમાં પ્રસિધ્ધ છે. ભગાવનનો જે ભક્ત તેનું જે અપમાન કરે છે તે રૌરવ નામના નર્કમાં પડે છે. પ્રભુ કહે, મારો ભક્ત ચાંડાળ હોય તોય તેનું અપમાન ન કરવું. શુદ્ર હોય તથા ભીલ હોય તથા શ્વપચ હોય ને ભગવાનનો ભક્ત હોય તેને વિષે જાતિપણું કલ્પે તો તે કલ્પનારો નરકમાં પડે છે.

પ્રભુનું ભજન કરે છે તેવા ભક્તોની પ્રભુ હરહંમેશ રક્ષા કરે છે, સહાય કર છે. પ્રભુએ પાંડવોની વનમાં દુર્વાસાના શાપ થકી રક્ષા કરી. હોલા-હોલીની નીચે પારધી તથા ઉપર શકરો બાજ પક્ષી એમ બન્ને બાજુથી

રક્ષા કરી, હાથીને ઝુંડના મુખમાથી છોડાવ્યો. દ્રૌપદીને નવસો નવાણું ચીર પુરી લાજ રાખી. પ્રહલાદની રક્ષા કરી. પરીક્ષિતની ગર્ભમાં બ્રહ્માસ્ત્રથી રક્ષા કરી. ગોપ ગાયોની ઝેરથી તથા વરસાદથી રક્ષા કરી. સુધન્વાની ગરમ ઉકળતા તેલના કડા ઠંડા કરી રક્ષા કરી, બિલાડીના બચ્ચાને બળતા નીભાડામાંથી બચાવી લીધા. એ જ રીતે સ્વામિનારાયણ ભગવાને પોતાના અસંખ્ય ભક્તોની જૂદા જૂદા સંકટોથી રક્ષા કરી છે. જેનો લખતા પાર ન આવે.

મુક્તાનંદ સ્વામી લખે છે,

मुक्त कहे हरिभक्त की, प्रभु टारत सब घात ।
शूरि लिखि ललाट में, कांटे से मिट जात ॥

શ્રીહરિ પોતાના ભક્તનું શૂળીનું દુઃખ , કાંટે કરીને કાઢે છે.

**શ્રેષ્ઠ હરિભક્તોના સંક્ષિપ્ત લક્ષણો :** શ્રીહરિના ચરિત્રો અને મૂર્તિમાં રાગ કરવો અને સંસારના રાગને તજવો એ જ ભક્તનું કર્તવ્ય છે. હરિભક્તો પરસ્પર ઈર્ષા નહિ રાખીને એક બીજાને ધર્મ પાળતા જોઈને આનંદ પામે છે. અને એક બીજાના વખાણ કરે છે. તથા પરસ્પર વિશ્વાસ રાખે છે. પરસ્પર અંતરમાં કોઈ ઘાત રાખતા નથી. સત્સંગ નિમિત્તે દુઃખ થાય તેમાં હરિભક્ત હોય તે સુખ માને છે. તેના ઉપર હરિની કૃપા થાય છે. સુગમ હોય ત્યારે ગામોગામ સત્સંગ કરે છે. પણ દુઃખ થવા છતાં સત્સંગ રાખે તે પરિપક્વ સત્સંગ ગણાય. સમજણવાળા સંત હરિભક્તોને હરિના સ્વરૂપ વિનાના અનંતકોટી બ્રહ્માંડના સુખ તો દુઃખરૂપ જણાય છે. જે સંત હરિભક્તો હરિના વચનમાં વર્તે અને પોતાનામાં અક્ષર જેવા ગુણ આવે તો પણ હરિ અને હરિજનના દાસ થઈને રહે છે, તેવા હરિભક્તો શ્રીહરિને ગમે છે. હરિભક્ત રૂપી ચકોર શ્રીહરિની મૂર્તિરૂપી ચન્દ્રમાં વૃત્તિ રાખે છે. હરિભક્તો શ્રીહરિના દર્શનરૂપી સુધાનું પાન કરે છે તેથી અગ્નિરૂપી સંસારથી ક્લેશ પામતા નથી. છળકપટ તજીને શ્રીહરિને તન મન અર્પે ત્યારે જ તે બડભાગી ગણાય. શ્રીહરિને પ્રગટ પ્રમાણ અંતર્યામી જાણે તેજ હરિભક્ત સુજાણ કહેવાય. શ્રીહરિને જે પાસે દેખે છે તેના નિયમ ધર્મ ભગવાનના પ્રતાપથી નાશ પામતા નથી. બીજાના નાશ પામે છે. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન અનંત જન્મના સુકૃતથી પ્રાપ્ત થાય છે. તેને પામીને



પણ જે દુર્બળ સંત હરિભક્ત હોય તેને અનેક રીતે દબાવે તેના ઉપર શ્રીહરિની કૃપા થાય નહિ. બ્રહ્માંડ જેટલું ધન મળે તથા ભૂમિ પર જેટલી વસ્તુ છે તે સર્વે મળે પણ ભગવાનના ઉપયોગમાં ન આવે તો તે વ્યર્થ છે. એવી જેને સમજણ ન હોય તે હરિભક્ત કસરવાળા કહેવાય. ભગવાનથી અધિક કોઈ સુખને માને નહીં. સ્વપ્નમાં પણ તેમ ન સમજાય ત્યારે યર્થાથ જ્ઞાન કહેવાય. ક્યારેક ચિંત્તભંગ થાય તથા દીર્ઘરોગ થાય અને પ્રારબ્ધ વશ થઈને દેહનો નિર્ધાર ન રહે ત્યારે પણ જે જ્ઞાન જાય નહિ અને શ્રીહરિને જીવ સાથે જડ્યા હોય, સંત હરિભક્તોનો દાસ થઈને વર્તતો હોય, વિના વાંકે અપમાન કરે તો પણ ધીરજ રહેતી હોય, તે પાકો સત્સંગી છે.

હરિભક્ત બધાયનું હિત ઈચ્છે છે. જે હરિભક્તો પોતાના સ્વાર્થ માટે બીજા હરિભક્તની સાથે વેર કરે તેને પૂરો હરિભક્ત ન જાણવો. હરિભક્ત થઈને મનમાં બીજાનું ખરાબ ઈચ્છે છે તેના જીવમાં કુસંગ રહે છે. ભગવાન ભજવામાં વિઘ્ન કરે તેવાં પદાર્થ માત્ર તથા સંબંધી તથા દેહ ઈન્દ્રિયોને તેમજ અંતઃકરણને શત્રુ માને છે. અને શ્રીહરિ સાથે જ સંબંધ રાખ છે, તે હરિભક્ત કહેવાય. ભગવાનના ભક્તોની સમજણ એવી છે કે, ભગવાન ભજવામાં જે અંતરાય કરે તેને ત્યજી દે. ભગવાનના સુખ આગળ કોટી બ્રહ્માંડના સુખ તુરછ જુએ છે. ભગવાનના ભક્તથી બીજાને અધિક માનતા નથી. જે શ્રીહરિને પ્રસન્ન કરવા માટે જ કોઈ પણ સેવા પૂજા કરે, સંત હરિભક્તોના દાસ થઈને વર્તે, માન મળે કે ન મળે તો પણ કોઈનો દોષ લે નહિ, તે હરિભક્ત શ્રેષ્ઠ છે. દોષ લેતો હોય તે મોટો ગણાતો હોય તો પણ મલિન છે. સાચા નિયમ ધર્મ હોય તેને શ્રીહરિ સાચો ભક્ત માને છે. દેખાડવા માટે ધર્મ નિયમ પાળે તેવો કપટી હરિભક્ત હોય તેની શ્રીહરિ સહાય કરતા નથી. લોક વિરુધ્ધ અપવાદો જેને માથે ન હોય તે સાચો હરિભક્ત કહેવાય છે. શ્રીહરિમાં પ્રીતિ રાખી ગૃહસ્થાશ્રમમાં રહી સંતની સોબત રાખે છે તે સત્સંગી કહેવાય છે. તેઓ અસંતનો સંગ કરતા નથી. ને દેહ ઈન્દ્રિયને મનમાં કુસંગને ઓળખી ત્યાગ કરે છે. સાચા હરિભક્તો સંત, ગુરુને મંદિરની કોઈ પણ વસ્તુ ભોગવવાનું મનમાં રાખતા નથી, પણ જેટલો બને તેટલો ઉપકાર અને સેવા કરવામાં સમજે છે.સેવાથી પ્રસન્ન થઈને ગુરુ કે સંત જે કાંઈ પ્રસાદ આપે તે

આદરથી લે છે. પરસ્પર મોટાઇ સમજે છે. જે હરિભક્ત કપટ દંભ માન મત્સરથી રહિત થઈને વર્તતો હોય અને સંત હરિભક્તને દિવ્ય માનતો હોય તેનો જ સંગ રાખવો. જેટલો હરિભક્તમાં મનમેળ રહે તેટલો સત્સંગ છે. અને મન ચોરાય તેટલો કુસંગ પ્રવેશ કરે છે. શ્રીહરિ કહેતા કે શૂરવીર હરિભક્ત સત્સંગને માટે દુઃખ માગે છે.

સત્સંગ, શ્રીહરિ અને સંત તો ચિંતામણિ અને કલ્પવૃક્ષ કરતા કોટીગણા અધિક છે. સત્સંગ અને શ્રીહરિ સાથે જેટલો નિષ્કપટ સંબંધ અને વિશ્વાસ રાખ છે તેટલો જ હરિભક્ત કહેવાય છે. પ્રગટ ભગવાનનો સંબંધ થવા છતાં મહિમા અને સત્સંગના ખપના તારતમ્યથી સત્સંગમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ભક્તો હતા. જે હરિભક્ત કે સંત સત્સંગના નિયમમાં રહીને ધર્મભક્તિના પુત્ર પ્રગટ હરિમાં એક તાન રાખે છે તે વિના ફાવે તેવા મોટાને વિષે તેવું તાન રાખતો નથી તે સંત, હરિભક્ત શ્રેષ્ઠ છે.જેને આગળ પાછળ કોઇ હોય નહિ અને ઉદ્યમ વિના ખાવા પીવાનું સંકટ પડતું હોય તેને અન્ન, વસ્ત્ર, ધને કરીને જે તે દેશના સુખી સંપન્ન હરિભક્તો મદદ કરે તેથી શ્રીહરિ પ્રસન્ન થાય છે. એટલી વાત ન હોય ત્યાં સુધી કોટી વાત શીખે અને મોટા સંતનો સમાગમ કોટી વર્ષ સુધી એકાંતમાં કરે, સંતને વારે વારે પકવાન્નની રસોઇ જમાડી વસ્ત્ર ઓઢાડે પણ તે સાચો હરિભક્ત નથી. જગતમાં અજ્ઞાની લોકો જે સંપત્તિવાળા છે તે પણ એક,બે, ત્રણ અભ્યાગતને જમાડે છે અને સદાવ્રત પણ અપાવે છે. ગરીબ હરિભક્તની જેટલી સંભાવના રાખે તેટલા મોટા હરિભક્ત કહેવાય. હરિભક્તોનો ધર્મ જે જીવતા સુધી દ્રઢ રાખે અને રખાવે તે સર્વોપરિ હરિભક્ત છે. કોઇ હરિભક્તને સત્સંગ નિમિત્તે દુઃખ આવ્યું હોય તો બીજા હરિભક્તે તેનું કષ્ટ નિવારણ થાય તેવો ઉપાય કરવો. હરિભક્તોમાં જેવો સંપ હોય તેવો સત્સંગ રહે છે. ભગવાનમાં અપાર સુખ રહ્યું છે. તેને સમજે તેજ હરિભક્ત છે. જગતમાં સુખ દેખે ત્યાં સુધી પાકૃત જન છે. કપટ રહિત હરિભક્તોનો ઉધ્ધાર થાય છે. જેને જેટલું કપટ તેટલો તે કુસંગી છે. સત્સંગમાં કપટ રાખે તેટલો તે પોતે ઠગાય છે. બ્રહ્માંડનું રાજ્ય મેળવવું દુર્લભ નથી પણ શ્રીહરિ મળવા દુર્લભ છે, એમ મહારાજ વખતે સૌ



હરિભક્તો જાણતા હતા. સત્સંગની મર્યાદા જે રાખે અને રખાવે તે સંત હરિભક્તો સત્સંગના સ્તંભ સમાન છે.

હરિભક્તને દુઃખમાં સહાય કરે તે એકાંતિક ભક્ત કહેવાય. સાધનથી પણ તે વાત અધિક છે. જ્ઞાન,ધ્યાન,સમાધિ કરે પણ હરિભક્તના દુઃખમાં સહાયરૂપ થાય નહિ તેને તે વૃથા છે. અનંત કોટી બ્રહ્માંડના પદાર્થ મળવા સુગમ છે પણ સત્સંગ મળવો દુર્લભ છે. એવો મહિમા સમજે તેનું નામ સત્સંગી કહેવાય. પોતામાં દોષ દેખે અને હરિભક્તના ગુણ બોલે તે શ્રેષ્ઠ હરિભક્ત છે. વચન ઉપરથી હરિભક્તના ગુણ ઓળખાય છે. વર્તન ઉપરથી પણ ગુણ દોષ દેખાય છે. હરિભક્તને શરીર સંબંધી કે જગત સંબંધી ફાવે તેવું દુઃખ આવે તો પણ સત્સંગના સુખે કરીને પોતાને દુઃખી માનતો નથી. હરિભક્તે હરિભક્તમાં વિક્ષેપ કરવો નહિ. હરિભક્તમાં મન મળે તે જ સાચો ભક્ત છે. પાંચ હરિભક્તો સાથે મન મળે નહીં તે બુધ્ધિશાળી હોય તો પણ માની ભક્ત કહેવાય. મંદિરમાં નિત્ય આવે, કથા, કીર્તનનો નિયમ રાખે, હરિભક્તોને ભાવથી નમે અને નિષ્કપટ ભાવે હરિભક્તને પોતાનાથી શ્રેષ્ઠ માને તે હરિભકતની સાચી રીત છે. શ્રીહરિ કહે, અમારા આશ્રિત ગૃહસ્થને હરિભક્ત, હરિજન અથવા સત્સંગી કહેવાય છે. તે કુટુંબના સંબંધ કરતા પણ સત્સંગના સંબંધને અધિક માને છે ને અંતર બહાર નિષ્કપટ ભાવે એક રીતે વર્તે છે. શ્રીહરિથી બીજું અધિક કાંઇ ન માને તે સાચા ભકતનું લક્ષણ છે. હરિભક્તો સાચા સગા શ્રીહરિ તથા સંતોને માને છે. હરિભક્તોના દુઃખ દેખીને જે હરિભક્ત અંતરમાં ન દુઃખાય તેટલી તેમાં કસર છે. સંતની વાત ન માને તે હરિભક્ત કહેવાય નહિ. હરિભક્તમાં કુસંગ પેસે તે સંતને દેખ્યામાં આવે છે ને તેને ટાળવા માટે તે વાત કરે છે. બુધ્ધિવાળા હરિભક્તો શ્રીહરિ અને સંતની સેવામાં દ્રવ્ય વપરાય તેટલું જ સાચું માની બીજું પાપરૂપ દેખે છે. ભગવાન નિમિત્તે જે કાંઇ થાય છે તેને કરોડગણું ભગવાન આપે છે, એમ તેઓ સમજે છે.

ઈન્દ્રિયો, અંતઃકરણના આહાર અને વ્યાપાર જુદા જુદા છે, તેમાં હરિભક્ત હોય તે ઈન્દ્રિય, અંતઃકરણને યોગ્ય વાતાવરણમાં પ્રવર્તવા દે છે ને કુસંગી લોકો યોગ્ય, અયોગ્ય વાતો ગ્રહણ કરે છે. તેથી હરિભક્તો સાથે

બનતું આવે નહિ ને સત્સંગી નિર્દોષ હોવા છતાં તેને નાત બહાર મૂકે છે, પણ નિર્દોષ હરિભક્ત બધું સહન કરીને નિઃશંકપણે વર્તે છે, તે શ્રેષ્ઠ હરિભક્તનું લક્ષણ છે. હરિભક્તો તો દોષમાં મહાન પાપ સમજે છે. હરિભક્ત ભગવાનથી ડરીને ચાલે છે, પણ કુસંગી ભગવાનથી ડરતા નથી. તેથી હરિભક્તોનો દ્રોહ કરે છે, પણ અંતે તો તેથી કોટી ગણાં દુઃખ ભોગવવાં પડે છે. ભગવાનના ભક્ત અસત્ વાતને ત્યજી દે છે. ભગવાનને પ્રસન્ન કરવા ત્રિલોકીના રાજ્યનો પણ ત્યાગ કરે છે. ભગવાનને ભગવાનના ભક્ત, ભગવાનનું ધામ ને સત્સંગ એ વિના બ્રહ્માંડના અપાર વૈભવ હોય તે બધા વિઘ્ન કર્તા છે, ને મૃત્યુથી નાશ પામનારા છે, એમ જાણીને સત્સંગ કરે તેને સત્સંગી કહેવાય, નામ માત્ર સત્સંગથી માયિક સુખ પામે છે. સત્સંગના મૂળરૂપ બાઈ ભાઈ હરિભક્તો, સંતો ને મંદિર છે, તેની જે ભાવથી સહાય કરે તે હરિના ધામમાં જાય છે. અને તેનું જે ઉચ્છેદન કરે તેનો વંશોચ્છેદ થાય છે. સત્સંગ ન થાય ત્યાં સુધી અપાર ગ્રંથ ભણે તો પણ ન ભણ્યા બરાબર છે. જે હરિભક્તના અણુ સમાન ગુણને પણ મેરું સમાન દેખે છે, તે હરિભક્ત મુખ્ય છે. ભગવાન અને સત્સંગમાં ચોંટાડે તે ભગવાનને પ્રિય લાગે છે અને ફાવે તેટલા દૂર રહ્યાં હોય તો પણ તે ભગવાનને સમીપ છે. ભગવાન ને સત્સંગમાં ચોંટે નહિ ત્યાં સુધી બ્રહ્માંડ ભરાય તેટલાં સાધન કરે તો પણ તે વ્યર્થ છે. એવી પાકા હરિભક્તની સમજણ હોય છે. બીજા હરિભક્તો બાળ બુધ્ધિમાં ખપે છે.

........... "જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય અને પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય તે એકાંતિક ભક્ત કહેવાય." ( ગ.પ્ર.પ્ર.૧૧)

શ્રીહરિ કહે, આત્માનિષ્ઠા, પ્રેમે સહિત નવ પ્રકારની ભક્તિ, સ્વધર્મ તથા દ્રઢ વૈરાગ્ય એ ચારે ગુણને એક બીજાની અપેક્ષા છે. ........ તે માટે ભગવાનના એકાંતિક ભક્તનો સમાગમ કરીને જે ભક્તને એ ચારે ગુણ અતિશય દ્રઢ પણે વર્તે છે, તે ભક્તને સર્વે સાધન સંપૂર્ણ થયા અને એને જ એકાંતિક ભક્ત જાણવો, તે માટે જે ભક્તને ચારે ગુણમાંથી જે ગુણની ન્યૂનતા હોય તો ભગવાનના એકાંતિક ભક્તની સેવા સમાગમે કરીને તે ન્યૂનતાને ટાળવી." ( ગ.પ્ર.પ્ર. ૧૯)



......... જેમ અર્જુને ભારતની લડાઈ કરી ત્યારે તેને વિષે કેટલીક જાતના અધર્મરૂપી મોટા મોટા ભય આવ્યા પણ તે ભય થકી જે અર્જુનની રક્ષા થઈ તે ભગવત્સ્વરૂપના બળને પ્રતાપે થઈ. માટે જેને સર્વથી ભગવત્સ્વરૂપનું બળ અધિક હોય એ જ એકાંતિક ભક્ત કહેવાય અને તેજ પાકો સત્સંગી કહેવાય. ........ (ગ.મ.૯)

.......... "જેમાં ત્રણ વાના હોય તે પાકો સત્સંગી કહેવાય. તે ત્રણ વાના તે ક્યા ? એક તો પોતાના ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યા હોય તે પોતાના શિર સાટે દ્રઢ કરીને પાળે ...... અને બીજો ભગવાનના સ્વરુપનો જે નિશ્ચય તે અતિશે દ્રઢ પણે હોય ..... અને ત્રીજો પોતાના ઈષ્ટદેવને ભજતા હોય એવા જે સત્સંગી વૈષ્ણવ તેનો પક્ષ રાખવો. એ ત્રણ વાનાં જેમાં પરિપૂર્ણ હોય તે પાકો સત્સંગી કહેવાય. .......... મોટેરાની તો એમ પરીક્ષા છે જે, ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાનને ભગવાનના ભક્ત ને અર્થે કરી રાખે. અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે. અને જે ઘડીએ પાતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે, 'તું પરમહંસ થા' તો તે તત્કાળ પરમહંસ થાય. એવાં જેના લક્ષણ હોય, તે હરિભક્તની સભાને આગળ બેસે અથવા વાંસે બેસે પણ તેને જ સર્વે હરિભક્તોમાં મોટેરો જાણવો. (ગ.મ.૬૧)

........ અને જેના હૃદયમાં જગતના સુખની વાસના હોય તે સંગાથે તો અમે હેત કરીએ તો પણ થાય નહિ. માટે જે નિર્વાસનિક ભગવાનના ભક્ત હોય તેજ અમને વહાલા છે. એ અમારા અંતરનું રહસ્ય છે તે કહ્યું." એવી રીતે શ્રીજી મહારાજે પોતાના ભક્તજનની શિક્ષાને સર્વે વાર્તા કરી. (ગ.મ.૫૦)

ગોપાળાનંદ સ્વામી લખે છે કે, જ્યાં સુધી તે એકાંતિક ભક્ત ન થયો હોય ત્યાં સુધી તેને ઈન્દ્રિયો, અંતઃકરણ રૂપ માયા જેતે પીડે છે ને એકાંતિક ભક્તને તો માયા સહાય કરે છે. અને એક દિવસ સ્વામીએ વાત કરી જે એકાંતિક ભક્ત હોય તે પોતાને એમ માને જે માન થાઓ કે અપમાન થાઓ ને રામપાત્ર લઈને ઘેર ઘેર માગી ખાઓ કે હાથીએ બેસો ને સુખ થાઓ કે દુઃખ થાઓ ને શરીર રોગી રહો કે નિરોગી રહો પણ આવા પુરુષોત્તમ ભગવાનની ને મોટા પુરુષની પ્રાપ્તિ થઈ છે માટે મારા મોટા ભાગ્ય છે. એમ

માનીને અલમસ્ત થકો શ્રીજી મહારાજને ભજ્યા કરે પણ એ કોઈમાં લેવાય નહિ તે અકાંતિક ભક્ત કહેવાય. અને ધર્મજ્ઞાનાદિકની પકવતાએ કરીને પંચ વિષયને વિષે બંધાય નહિ ત્યારે એકાંતિક થાય. એકાંતિક ભક્તના પ્રસંગ વિના એકાંતિક થવાય નહિ. સત્પુરુષના સમાગમે કરીને ધર્માદિક ચાર સાધનને પક્વ કરે તો વાસના જીતાય ને શુધ્ધ ભક્ત થવાય. જેને એકાંતિક થવું હોય તે પોતે ભગવાન સંભારે ને બીજાને સંભારવા દીએ એવા પુરુષનો સંગ કરવો. જેને કોઈ રીતે ભગવાનમાં મનુષ્ય ભાવ ન આવતો હોય તે ભક્ત તો અતિશે બળિયો છે.

●

## ૩૦. ષડંગી સ્વામિનારાયણ સંપ્રદાયમાં મંદિરો શા માટે ? :

આગળ થોડું મંદિર મહાત્મ્ય લખેલું છે. તેથી શિર્ષકમાં થોડો ફેરફાર કરીને અહીં વિશેષ મંદિર મહાત્મય જ લખવું છે. જેથી ષડંગી સંપ્રદાયના છયે અંગો ને પૂરતો ન્યાય મળશે. ઘણા લોકો એવું માનતા-કહેતા હોય છે, કે આટલા બધા મંદિરોની કંઇ જરૂર નથી. મંદિરો બહુ થયા મંદિર નિર્માણમાં વપરાતું ધન ગરીબ માણસોને વહેંચી દેવું જોઇએ. આવું જે કહેતા, માનતા હોય તેની વિચાર સરણી ટૂંકી છે. તેઓ લાંબુ વિચારી શકતા નથી. ધન આપવાથી કોઇ ગરીબ માણસ કાયમ ગરીબ મટી જતો નથી. ધન કાયમ માટે ટકી રહેતું નથી. ટૂંક સમયમાં વપરાઈ જાય છે. વળી દાન કરેલું ધન કોઇ ગરીબ માણસને સંસ્કારો આપી શકતું નથી. ગરીબ માણસ પણ જો વ્યસનોથી યુક્ત હોય તો દાનમાં આવેલું ધન પણ વ્યસનોમાં વેડફી નાખે છે. આગળ લખ્યું તેમ મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં મૂર્તિઓમાં અખંડ પરમાત્માનો વાસ છે. કારણ કે શ્રીહરિનું એવું વચન છે. ભવ્ય મંદિરો જોઇને જો કોઇ ગરીબ માણસ પણ તે મંદિરના પગથિયા ચડે તો પરમાત્માની તે જીવ પર કૃપા દ્રષ્ટિ પડે છે. તે કૃપાદ્રષ્ટિના બીજબળથી તે જીવાત્મા જતે દહાડે કોઇ કાળે સત્સંગી બને છે. તેથી તેના આલોક અને પરલોક બન્ને સુધરી જાય



છે. સત્સંગી બનવાથી તે જ ગરીબ વ્યક્તિ આલોકમાં શ્રીહરિના વચનથી અન્નવસ્ત્રે સુખી થાય છે. અને અંતે જન્મ મરણથી રહિત થઈ ભગવાનના ધામને પામે છે. ગરીબને ધનનું દાન કરવાથી તેનું જન્મ મરણરૂપી સંસૃતિનું કાયમી દુઃખ જતું નથી. તેમ છતાં ગરીબ વ્યક્તિની ધનથી સેવા ન કરવી એવું અત્રે તાત્પર્ય નથી. સમાજ સેવા પણ મંદિરો દ્વારા થાય છે. મંદિરોના માધ્યમથી અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, ધરતીકંપ, પૂરહોનારત જેવી કુદરતી આપત્તિઓમાં તેમજ કારગીલ જેવી માનવ સર્જિત વિપત્તિઓમાં સમાજસેવા થાય છે. જરુરિયાતમંદોને વ્યક્તિગત સહાય પણ થાય છે. રક્તદાન, નિઃશુલ્ક રોગ નિદાન કેમ્પ જેવી ઉમદા પ્રવૃત્તિઓથી દર્દીઓની સેવા પણ થાય છે. શાળાઓ, કોલેજો તથા ગુરુકુળોના નિર્માણ દ્વારા શિક્ષણ સેવા પણ થાય છે. પરંતું મંદિરો કેન્દ્ર સ્થાને એટલા માટે છે કે, તેમાં મનુષ્યોના સુખની દીર્ધદ્રષ્ટી રહેલી છે. વળી મંદિરોના નિર્માણમા તન, મન, ધનથી જે કોઈ જીવાત્મા સેવા કરે તે દરેકના જીવનું રૂડું થાય છે. મંદિરથી ભગવાનની ઉપાસના અખંડ રહે છે.

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે ......... અને વળી અમે વિચારીને જોયું જે, અતિશે ત્યાગ રાખે અથવા દયા રાખે તેથી ભગવાનની ભક્તિ થાય નહિ, ત્યારે ઉપાસનાનો ભંગ થાય છે. અને પૂર્વે જે જે અતિશે ત્યાગી થયા છે તેના માર્ગમાં ઉપાસનાનો નાશ થઈ ગયો છે. માટે અમે એમ વિચારીને પરમેશ્વરની ઉપાસના રહેવા સારુ ત્યાગનો પક્ષ મોળો કરીને ભગવાનના મંદિર કરાવ્યા છે. તેમાં જો થોડો ત્યાગ રહેશે તો પણ ઉપાસના રહેશે, તો તેણે કરીને ઘણાક જીવના કલ્યાણ થશે. અને જેને ભગવાનની ભક્તિ કરવી તેને તો ઢુંઢીયાની પેઠે દયા રાખ્યે પણ કેમ ઠીક પડે ? એને તો પરમેશ્વર વાસ્તે પુષ્પ લાવ્યા જોઈએ, તુલસી લાવ્યા જોઈએ, ભાજી તરકારી લાવી જોઈએ, ઠાકોરજીને વાસ્તે બાગ બગીચા કરાવ્યા જોઈએ, મંદિર કરાવ્યા જોઈએ માટે જે અતિશે ત્યાગ રાખીને, અતિશે દયા રાખીને, મૂઠી વાળીને બેસી રહે, તેણે ભગવાનની ભક્તિ થતી નથી. અને જ્યારે ભક્તિએ રહિત થાય ત્યારે ભગવાનની ઉપાસનાનો નાશ થઈ જાય. એટલે પછવાડેથી અંધપરંપરા ચાલે. તે સારુ અમે મંદિર કરાવ્યાં છે, તે અખંડ ભગવાનની

ઉપાસના રાખ્યા સારુ કરાવ્યાં છે. અને જે ઉપાસક હોય તે પોતાના ધર્મમાંથી ભ્રષ્ટ થાય જ નહિ. માટે પોતપોતાના ધર્મમાં રહીને ભગવાનની ઉપાસના કરવી એ અમારો સિધ્ધાંત છે.'' ( ગ.મ.૨૭)

કોઈને એમ થાય કે ઉપાસનાની શી જરુર ? તો તેનો જવાબ પણ શ્રીજી મહારાજ વચનામૃતમાં આપતા કહે છે. ......... ''જેમ નદી તરવી હોય ત્યાં જેને તરતા આવડતું હોય તે તરી જાય ને જેને તરતા ન આવડતું હોય તે તો ઉભો થઈ રહે. પણ જ્યારે સમુદ્ર તરવો હોય ત્યારે તો તે બેયને વહાણનું કામ પડે છે : તેમ, ટાઢ, તડકો, ભૂખ, તરસ, માન, અપમાન, સુખ, દુઃખ તે રૂપી જે નદી તેને તો આત્માનિષ્ઠાવાળો હોય તે તરી જાય, પણ મૃત્યુ સમય તો સમુદ્ર જેવો છે. માટે ત્યાં તો આત્મનિષ્ઠાવાળો હોય તથા વગર આત્મનિષ્ઠાવાળો હોય એ બેયને ભગવાનની ઉપાસના રૂપી વહાણનું કામ પડે છે. માટે અંતકાળે તો ભગવાનનો દ્રઢ આશરો હોય તે જ કામમાં આવે છે. પણ અંતસમે આત્મનિષ્ઠા[1] કાંઇ કામમાં આવતી નથી. તે સારુ ભગવાનની ઉપાસનાને દ્રઢ કરીને રાખવી. .......'' (ગ.પ્ર.પ્ર.૬૧)

હકીકતમાં આ પૃથ્વી પર ભગવાનને રહેવા માટે મંદિર, કે જમવા માટે થાળ કે, પહેરવા માટે વસ્ત્ર-અલંકારોની કંઇ જરુર પડતી નથી. ભગવાનના ધામમાં ભગવાન માટે બધું દિવ્યરૂપે રહેલું જ છે. આ પૃથ્વી પરના તમામ પદાર્થો પણ ભગવાનના જ આપેલા છે. પરંતુ પૃથ્વી પરના મનુષ્યના જીવના કલ્યાણ માટનો આ એક પ્રવૃત્તિ માર્ગ સ્વયં ભગવાને પ્રવર્તાવ્યો છે. મનુષ્ય ભગવાન અર્થે જે કંઇ કરે છે, તે મંદિર દ્વારા કે પદાર્થના માધ્યમથી જીવનો તેમાં રહેલો ભક્તિભાવ પરમાત્મા સ્વીકાર કરે છે. અને બદલામાં તે જીવનું કલ્યાણ કરે છે. પરમાત્માનું આપેલું ,મનુષ્ય પરમાત્માને અર્પણ કરીને પોતાના જીવનું શ્રેય કરે છે. મનુષ્યને રહેવા માટે ઘર જોઇએ તો પરમાત્માને રહેવા માટે મંદિર કેમ ન હોય ! આવો જે મનુષ્યભાવ છે તેનો પરમાત્મા સ્વીકાર કરે છે. તે ભાવ પરિપૂર્ણ કરવા પરમાત્મા જેમ પોતાના દિવ્ય ધામમાં રહ્યાં હોય તેમ મંદિરોમાં બિરાજમાન મૂર્તિઓમાં પણ અખંડ રહીને ભક્તોની તમામ પ્રકારની સેવા-પૂજા ભક્તિભાવ અંગીકાર કરે છે.

૧. એકલી આત્મનિષ્ઠા



તેના બદલામાં પરમાત્મા તે જીવ પર રાજી થઇને તેને આલોક પરલોકમાં સુખી કરે છે. અંતકાળે પોતાના ધામમાં તેડી જાય છે.

મંદિર ઈશ્વરનું સ્મરણ કરવા માટે છે. મંદિર આપણા આત્માની બુઝાઇ ગયેલી જ્યોતને પ્રગટાવવા માટેનું સ્થાન છે. મંદિર આપણા જ્ઞાનની બેટરીને રીચાર્જ કરવા માટે છે. મંદિરમાં ભજન- ભક્તિ, કથા-વાર્તા, સત્સંગ, ધ્યાન અખંડ થતું હોય છે. તેથી તેવા મંદિરોમાં ભગવાન પણ અખંડ નિવાસ કરીને રહે છે. શ્રી હરિ કહેતા, અમારા ઐશ્વર્યથી જો મંદિર અમારે કરવા હોય તો આખા સોનાના મંદિર ચપટીમાં થઇ જાય. જેમ એક રાતમાં સોનાની દ્વારિકા ઉભી થઈ હતી, એ રીતે અમે સંકલ્પ માત્રથી સોનાનું મંદિર આખું સર્જી દઈએ. એના કરતા સત્સંગીઓની સેવા, સદ્‌ભાવ, પ્રેમ એ અમારે જોઇએ છીએ. પ્રેમ, સદ્‌ભાવ અને સમર્પણથી થયેલા મંદિરો અમને બહુ પ્રિય છે. અને અમને અત્યંત ગમે છે. અને એવા મંદિરોમાં અર્ચા સ્વરૂપે બિરાજવું અમને બહું મીઠું લાગે છે. એટલે અમે ઇંટ, ચુનો, પથ્થરના હરિભક્તો ના પ્રેમ, સદ્‌ભાવ, સેવા અને સમર્પણથી બનેલા મંદિરો નિર્માણ કરાવીએ છીએ. મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોના ગગનચુંબી શિખરો ઉપર ધજાઓ ઉડે છે. પવનથી ફર ફરે છે. ધજાઓના છેડા જાણે કે જગત ભરના મુમુક્ષુઓને બોલાવે છે. આવો તમારે મોક્ષ જોઇતો હોય તો આવો, અહીં આવો. પગે લાગો. કલ્યાણનો સિક્કો વાગી જશે.

મંદિરોમાં જવાથી પરમાત્માનું દર્શન થાય છે. સંતો, મહાત્માઓનું દર્શન, ચરણ સ્પર્શ તથા સમાગમ થાય છે. બીજા ભક્તોને જોઇને ભક્તિ કરવાનું બળ વધે છે. એકાંતિક ભક્તો નો પ્રસંગ થાય છે. સંસારથી અળગા થઇને અખંડ પરમાત્માનું સ્મરણ રહે છે. શ્રીહરિ કહે, હરિભક્તોના હિતને માટે અમે જે જે દેશમાં વિચરીએ છીએ ત્યાં મંદિર વિના વેદ પુરાણના બાંધેલા ધર્મ, પરંપરા પર્યંત સચવાયા નહિ.

'સત્સંગિજીવન' પંચમ પ્રકરણ અધ્યાય ૧૨ માં શ્રીહરિ કહે છે. શક્તિશાળી ગૃહસ્થઓએ પોતાના વૈભવ પ્રમાણે ભગવાનનું મંદિર બનાવવું. મંદિરની આગળ ગરૂડજીનો મંડપ કરાવવો, મંદિરને ફરતી ધર્મશાળા કરાવવી, તેમાં ફૂલઝાડ તથા બગીચો કરાવવો, એક જળાશય બંધાવવું.

મંદિરની વચ્ચે વિષ્ણુની સ્થાપના કરવી. અગ્નિકોણમાં દુર્ગા દેવી, નૈઋત્યકોણમાં સૂર્ય, વાયુ કોણમાં બ્રહ્મા અને ઈશાન કોણમાં ગણપતિ તથા શિવજી ને સ્થાપવા. જે ગૃહસ્થ મંદિર અને ધર્મશાળા બંધાવે છે તેની સાત પેઢીનો ઉધ્ધાર થાય છે. મંદિરના કાર્યમાં જેટલી ઈંટો વપરાઈ હોય એટલા હજાર વર્ષ તે ગૃહસ્થ સ્વર્ગમાં વસે છે. નિષ્કામ ભાવે મંદિર બનાવનારો ભગવાનના ધામમાં જાય છે. ધનવાને ઉત્તમ મંદિર બનાવવું અને થોડા પૈસાવાળાએ નાનું મંદિર બંધાવવું, એ બંનેને સરખું ફળ મળે છે. મંદિરમાં પ્રતિષ્ઠા કરાવનારને સાર્વ ભોમ રાજ્ય મળે છે. પૂજા કરનારને બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે. મંદિર બંધાવીને પોતે જ પ્રતિષ્ઠા કરાવીને પોતે જ પૂજા કરાવે તો એ પુરૂષ ભગવાનની સમાન થાય છે. કોઈ પણ પ્રકારના દંભ વગર જે પરમાત્માનું મંદિર બનાવરાવે એનાં સો કુળ નો ઉધ્ધાર થાય છે. દેવ મંદિર કે ધર્મશાળા જીર્ણોધ્ધાર કરાવે તેને અપાર પુણ્ય થાય છે. મંદિરને વાળે, લીંપે, તેમાં દીવો કરે એ વિષ્ણુલોકને પામે છે. ઘરમાં અને મંદિરમાં કેટલો તફાવત છે તે લખે છે, ઘરમાં જપ માળા ફેરવે એ સમાન ફળ આપે, ગૌશાળામાં દશ ગણું ફળ મળે છે, બગીચામાં સો ગણું ફળ મળે છે, વનમાં હજાર ગણું ફળ મળે છે, નદી કિનારે લાખ ગણું ફળ મળે છે, દેવ મંદિરમાં કરોડગણું ફળ મળે છે, અને પોતાના ઈષ્ટદેવની આગળ બેસીને કરેલા જપનું ફળ અનંતગણું મળે છે.

●

## ૩૧. ધર્મભક્તિ માહાત્મય નિરૂપણ વર્ણન :

ધર્મ અને ભક્તિ સ્વામિનારાયણ ભગવાનના માતા પિતા છે. જ્યાં ધર્મ અને ભક્તિનો વાસ છે, ત્યાં હરિકૃષ્ણ યા ઘનશ્યામ યા સ્વામિનારાયણ ભગવાનનો વાસ છે. જ્યાં સ્વામિનારાયણ ભગવાન હોય છે ત્યાં દિવ્ય દેહે ધર્મ અને ભક્તિ સદાય સાથે જ હોય છે. ભક્તિમાતા પતિવ્રતા સ્ત્રી છે તેથી જ્યાં ધર્મ હોય ત્યાં જ ભક્તિ રહે છે. 'શ્રી વાસુદેવમાહાત્મ્ય' ગ્રંથમાં લખે છે, દ્વિજાતિ શબ્દ વાચ્ય ત્રૈવર્ણિકો, આશ્રમિઓ અને સ્ત્રીશૂદ્રાદી સર્વ કોઈએ પણ



પોતપોતાના વર્ણાશ્રમ વિહિત ધર્મોએ સહિત ભક્તિ વડે આ શ્રી કૃષ્ણ જ સર્વથા સંતોષણીય છે. જે જન ભક્તિને ત્યજીને કેવળ સ્વધર્મ વડે જ ભગવાનને પ્રસન્ન કરવા ઈચ્છે છે, તે તો કટિમાં તુંબડી બાંધીને સાગર તરવા ઈચ્છે છે એવો જાણવો. તેમજ જે જન સ્વધર્મને પણ ત્યજીને ભક્તિથી જ ભગવાનને પ્રસન્ન કરવા ઈચ્છે છે તે પણ મસ્તકે પાષાણ મુકીને સમુદ્રને તરવા ઈચ્છે એવો જાણવો. માટે ધર્મ ભક્તિનું સાહિત્યજ કહેવા ઈચ્છયું છે. તેથી સ્વધર્મમાત્રથી કે કેવળ ભક્તિથી પ્રસન્ન કરવા યોગ્ય નથી. કિંતુ સ્વધર્મ સમેત ભક્તિથી જ ભગવાન પ્રસન્ન કરવા યોગ્ય છે. ધર્મ વિનાની ભક્તિ તે વિધવા ભક્તિ છે. સૂકું વૃક્ષ ફળ આપે તો વિધવા ભકિતથી ફળ થાય.

સ.જી.પ્ર.૨માં. શ્રીહરિ કહે છે, બુધ્ધિમાન પુરુષે હંમેશા ધર્મનું આચરણ કરવું. મોટા પુરુષો જે કર્મની પ્રશંસા કરે છે તે ધર્મ છે અને જે ક્રિયાની નિંદા કરે તે અધર્મ છે. હે સજ્જનો ! વિદ્યા, ધન, આરોગ્ય આ બધું જ ધર્મનું ફળ છે. આ લોકના અને પરલોકના સુખ ધર્મ પાળવાથી જ પ્રાપ્ત થાય છે. ધર્મનું સ્મરણ કરતા મૃત્યું થાય તો તે પણ સ્વર્ગને પામે છે. ધન આદિકની ઈચ્છાથી ધર્મનો ત્યાગ કરવો નહિ. ધર્મ પાળનાર પુરુષોને હંમેશા આનંદ, સુખ અને શાંતિ મળે છે. ધર્મ પાળનારને ત્યાં પવિત્ર સંતાન તેમજ સારા મનોરથોની પૂર્તિ થાય છે. તેમ જ ધર્મ પાળવાથી સંપતિની પ્રાપ્તિ થાય છે. જળાશયમાં જેમ દેડકા, માછલાં આપોઆપ આવે છે, એમ ધાર્મિક પુરુષોને ત્યાં સંપત્તિ આપોઆપ આવે છે. ધર્મ જીવનો મિત્ર છે. ધર્મ માતા છે,ધર્મપિતા છે. ધર્મ એ ભાઈ છે. હે ભક્તજનો ! કોઈ પણ પ્રકારના ભયથી, ઉદ્યેગથી પણ ધર્મનો ત્યાગ કરવો નહિ, ગમે તેવા દુઃખમાં પણ ધર્મને છોડવો નહીં. ડાહ્યા માણસોએ વિદ્યા ભણવી હોય ત્યારે ધૈર્ય રાખવું પરંતું ધર્મનું આચરણ કરવું હોય ત્યારે તત્કાળ કરવું. પ્રભુ સભામાં કહે છે, હે ભક્તોજનો ! તે ધર્મ છ પ્રકારનો છે. વર્ણધર્મ, આશ્રમધર્મ, વર્ણાશ્રમધર્મ, ગૌણધર્મ, નિમિત્તધર્મ અને સાધારણ ધર્મ. દરેક આશ્રિતોએ પોતપોતાના નિયમ પ્રમાણે ધર્મનું પાલન કરવું. શ્રધ્ધા વાળો માણસ જ ધર્મ પ્રાપ્ત કરી શકે છે. ધર્મનું સૂક્ષ્મ સ્વરૂપ શ્રધ્ધા છે. શ્રધ્ધા અને નિયમમાં રહીને ધર્મનું પાલન કરવું જોઈએ.

જ્યાં જ્યાં સત્સંગ છે તે બધા શ્રીહરિના જ ઘર છે અને શ્રહરિના ઘર છે તે સંતના ઘર છે. તે સર્વને ધર્મમાં રાખવાની ચાડ શ્રીહરિ રાખતા. જે વધારે ધર્મ રાખે તેમના ઉપર શ્રીહરિ વધુ પ્રેમ રાખતા. ધર્મ વિના જ્ઞાન, વૈરાગ્ય અને ત્યાગ તથા નિશ્ચય હોય તથા ભક્તિ હોય કે રાત દિવસ ધ્યાન કરતા હોય તો, પણ શ્રીહરિ પ્રસન્ન થતા નહિ. ધર્મ વિના ભક્તિ, તીર્થ કે વ્રત વગેરે કરે તે ફળીભૂત થતું નથી. ધર્મ લૌકિક અને અલૌકિક એમ બે પ્રકારનો છે. તેમાં વર્ણાશ્રમ ધર્મ લૌકિક ધર્મ છે, અને તેનાથી દેવલોકની પ્રાપ્તિ થાય છે. તીર્થ, વ્રત, જપ, તપ વગેરે તથા કૂવા, વાવ, સદાવ્રત, ધર્મશાળા, સડક, પુલ કરાવવા વગેરે લૌકિક ધર્મ છે. તેનાથી બ્રહ્મલોક સુધીના સુખ પ્રાપ્ત થાય છે. અને ભાગવત ધર્મ છે તે અલૌકિક ધર્મ છે. તેણે કરીને ભગવાનનું ધામ પમાય છે. પ્રથમ લૌકિક ધર્મમાં નિષ્ઠા થાય તેના ફળરૂપે અંતે ભાગવત ધર્મમાં નિષ્ઠા પ્રાપ્ત થાય છે. ધર્મમાં જેને શ્રધ્ધા ન હોય તે અલૌકિક ધર્મ ન પાળે, એવું શાસ્ત્રનું રહસ્ય છે. ધર્મની જેટલી બરદાસ કરે તેટલુ દુઃખ નાશ થાય છે. ધર્મ સૌનો હિતકારી છે. અગ્નિથી જીવને ઉગારી લે છે. તે જેની સહાય કરે છે તેને સાપ કરડે તો પણ મરતો નથી. તથા સમુદ્રમાં નાવ ડૂબે તો પણ મરતો નથી. સંકટમાં જે સુખ થાય તે ધર્મનું ફળ છે. અધર્મનું ફળ સંકટ છે.

શ્રીહરિને પ્રસન્ન કરવાનું જેને તાન હોય તે ધર્મ લોપે નહિ. ધર્મમાં બધા અર્થ રહેલાં છે. ધર્મી માણસો દેખવામાં દુઃખી જણાતા હોય અને ખાનપાન ઉત્તમ ન હોય તો પણ જેને ધર્મ અને હરિમાં સ્નેહ છે તે ઉત્તમ છે. ધર્મ રહિત થઈને ભગવાનની મૂર્તિ પૂજવાનું કોઈ પુણ્ય થતું નથી. માણસોને ધર્મ પાળવાથી યશ મળે છે. મૃત્યુ પછી ઉત્તમ સુખ મળે છે. પરલોકમાં ધર્મ સિવાય કોઈ સહાય કરતું નથી. મૃત્યુ પામેલા શરીરને બાળી નાખીને સગાં સંબંધીઓ ચાલ્યા જાય છે. ત્યારે આત્માની સાથે એકલો ધર્મ જ જાય છે. માટે જ ધર્મનું પાલન કરવું. સર્વ ભક્તોએ મૃત્યુ સુધી ધર્મનું રક્ષણ કરવું. દધીચિ જેવા મહર્ષિઓએ તથા અનેક રાજાઓએ આ દેહના ભોગે ધર્મની રક્ષા કરી છે. ભગવાન ધર્મથી જ પ્રસન્ન થાય છે. ધર્મના કારણે જ આ જગત ટકી રહ્યું છે. મોટા મહાત્માઓ ધર્મબળથી જ સંસાર તરી ગયા છે. ધર્મવાળા માણસોની આ લોકમાં કીર્તિ ગવાય છે, દેવતાઓ પણ ધર્મના કારણે જ પૂજાય છે.



ધર્મ બે પ્રકારના છે. એક પ્રવૃત્તિ ધર્મ અને બીજો નિવૃત્તિ ધર્મ. તે બન્ને જો ભગવાનના સંબંધવાળા હોય તો તેને એકાંતિક ધર્મ કહેવાય. એવા ધર્મને જે પાળે તે એકાતિંક ભક્ત કહેવાય. એવા એકાંતિકના પ્રસંગથી જ એકાંતિક ધર્મની પ્રાપ્તિ થાય છે. જ્યાં એકાંતિક ધર્મ હોય ત્યાં સતયુગ હોય છે. જે જે મોક્ષ પામ્યા છે તે એકાંતિક ધર્મથી જ પામ્યા છે.

સ.ગુ નિષ્કુળાનંદ સ્વામીએ પણ ધર્મનો કાવ્યાત્મક ખૂબ મહિમા લખ્યો છે.

સુખ દુઃખના સમૂહ માંહી, મુંઝાઈ ધર્મ મૂકવો નહિ ।<br>
નિષ્કુળાનંદ કહે નિશ્ચે કરી, ધાર્યો ધર્મ તે ચૂકવો નહિ ॥<br>
ધર્મ ગયે જો તન રહે, તો તનને પણ ત્યાગવું ।<br>
જીવવાનું જાતું કરીને, હરિ પાસે મરવાનું માંગવું ॥<br>
ધર્મ ગયે સર્વે ગયું, નીર વળી નાક તણું ।<br>
માટે મૂકી નિજ ધર્મને, ન કરવું મુખ લજામણું ॥<br>
ધર્મ વિના સુર અસુરનરનાં, સર્વેના શાહી સમ મુખ થયા ।<br>
ધર્મ વિના ધરા અંબરમાહી, મોટપ માન કેના રહ્યાં ? ॥<br>
ધર્મ વિનાનું ધિક જીવવું, જન જાણજો જગ માંઈ ।<br>
દેવ ઈચ્છિત દેહ આવીયો, પણ કામ ન આવિયો કાંઈ ॥<br>
ધર્મવાળા પર ધર્મના સુત, રે' છે રાજી રળિયાત ।<br>
નિષ્કુલાનંદ ધર્મ વાનની, શું કહિએ વર્ણવી વાત ॥<br>
પરમ ધર્મ કહિયે સારમાં સારજી, સંત સરાયે જેને વારમવારજી ।<br>
નથી કોઈ આવતું ધર્મની હારજી, ધર્મ તે ધારી કહું નિરધારજી ॥

નિષ્કુળાનંદ સ્વામીએ ધર્મની વ્યાખ્યા બહુ સુંદર કરી છે, લખે છે,

ધર્મ ધર્મ સહુ કોઈ કહે, પણ ધર્મમાં બહુ મર્મ છે ।<br>
પ્રગટ પ્રભુના વચન પાળે, એથી મોટો કોઈ ધર્મ છે ? ॥

કહેવાનું તાત્પર્ય કે, સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા પાળવી, એજ મોટો ધર્મ છે.

ધર્મ તે ધર્મસુતના વચન, તેહ પાળવા પ્રીતે કરી ।<br>
જેને જેમ કરી આગન્યા, તે ફેરવવી નહિ ફરી ॥

ધર્મ સુત એટલે ધર્મના પુત્ર શ્રીહરિના વચન તે સહુએ પ્રેમથી પાળવા.

આગન્યાથી અધિક બીજો, નથી આવતો ધાર્યામાય ધર્મ ।
તોળી તપાસી જોયું તને મને, એ જ ધર્મ છે વળી પર્મ ॥
અવિનાશિની જે આગન્યા, તે સમજવું શુધ્ધ ધર્મને ।
ધારી વિચારી રાખવી હૃદયે, તો પામિયે સુખ પરમને ॥
મોટો ધર્મ મને માનવો, જે કહ્યો ધર્મને બાળ ।
નિષ્કુળાનંદ મુખોમુખના વચન, ન ઉલ્લંઘવા કોઈ કાળ ॥
જેમ કહે તે જગદીશ જીભે, તેમ કરે તે કર ભામીને ।
કેડે ન રહ્યું તેને કરવું, બેઠા પરમ ધર્મ પામીને ॥
જેણે વચનમાં રે'વાનું દ્રઢ કર્યું, તેણે ધર્મ ધાર્યા છે સઘળા ।
તેહ વિના બીજા ધર્મ તે તો', પાપની પ્રજળી પળા ॥
શુધ્ધ ધર્મ શ્રીમુખની વાણી, કહીં છે જેણે કરુણા કરી ।
એવી રીતે રૈયે તૈયે જાણો, શુધ્ધ ધર્મ રહ્યાં ધરી ॥

શિક્ષાપત્રીની આજ્ઞાઓ એ શ્રીહરિના મુખની વાણી છે. શ્રીહરિના વચન છે. તે આજ્ઞાઓ પ્રેમથી પાળવી એ જ પરમ ધર્મ છે. વળી શિક્ષાપત્રીના અંતમાં મહારાજે લખ્યું કે, આ ધર્મનો વિસ્તાર અમારા સંપ્રદાયના ગ્રંથ થકી જાણવો. કોઈપણ સમાજ બદલાય, યુગના યુગ ચાલ્યા જાય છતાં શિક્ષાપત્રીની આજ્ઞાઓ ભક્તજનોને, માનવમાત્રને હિતકારી, સુખકારી, અને દુઃખહારી બની રહે છે. ધર્મ વિનાની ભક્તિ એ ભક્તિ નથી, પરંતું ભક્તિનો આડંબર છે. પરમાત્મા એવી ભક્તિનો સ્વીકાર કરતાં નથી. શ્રીધર સ્વામી કહે છે કે, ધર્મ લોપીને ભગવાનની ભક્તિ કરે છે એ ભક્ત ગણાતો નથી. એનો મોક્ષ પણ થતો નથી. મંદિરમાં કે ઉત્સવ સમૈયામાં કે કોઈ પણ તબક્કામાં ધર્મને ભૂલી જઈએ તો ભક્તિની સિધ્ધિ થતી નથી. ભક્તિની સિધ્ધિ ધર્મથી થાય છે. ગૃહસ્થો માટે ધર્મ પૂર્વક આવેલું ધન ઉતમ અને શાંતિકારક છે. ધર્મનો ત્યાગ કરીને ભેળું કરેલું ધન દુઃખકારક છે, એ સુખ આપી શકતું નથી.

........ અને વળી ભગવાનની મૂર્તિની ઉપાસના ને ભગવાનના ચરિત્ર ને ભગવાનનું નામ સ્મરણ એ ત્રણ વાના વિના કેવળ ધર્મે કરીને કલ્યાણ થવું તે તુંબડા બાંધીને સમુદ્ર તરવો તેવું કઠણ છે. અને ભગવાનની



મૂર્તિનો આશ્રય હોય ને ભગવાનના ચરિત્રને ગાતો સાંભળતો હોય ને ભગવાનનું નામ સ્મરણ કરતો હોય ને જો તેમાં ધર્મ ન હોય તો તે માથે પાણો લઈને સમુદ્રને તરવાને ઈચ્છે એવો જાણવો. ને તેને ચંડાળ જેવો જાણવો. માટે એ ચાર વાનાંએ કરીને જ જીવનું કલ્યાણ થાય છે, એ વિના બીજું કોઈ એવું સાધન નથી જે જેણે કરીને કલ્યાણ થાય........... (ગ.મ.૩૫)

પરમાત્મા જ્યારે પ્રત્યક્ષ ધરતી ઉપર વિચરતા હોય ત્યારે એમની આજ્ઞા એ જ ધર્મ છે અને જ્યારે પરમાત્મા અર્ચા સ્વરૂપે હોય ત્યારે એમના વચનો એ જ ધર્મ છે.

........ અને આજથી જે કોઈ પંચવર્તમાનરૂપ જે ધર્મ તેને મૂકીને જ્ઞાનનું કે ભક્તિનું બળ લેશે તે ગુરુદ્રોહી, વચનદ્રોહી છે, અને એવી ધર્મ ભંગ વાત જે કોઈ કરતો હોય તેને વિમુખ કહેવો અને એમ કહેવું જે, ' તમે તો અસુરનો પક્ષ લીધો છે તે અમે નહિ માનીએ.' એમ કહિને તે અર્ધમની વાતને ખોટી કરી નાખવી. ''....... (ગ.પ્ર.પ્ર. ૭૭)

શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યય જ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે 'ભક્તિ' કહેવાય છે. ભગવાનના સ્વરૂપને જાણીને પ્રેમથી સેવા કરવી એ પણ સ્નેહનું લક્ષણ હોવાથી 'ભક્તિ' કહેવાય છે. વિષ્ણુ જેનું નામ છે એવા શ્રીકૃષ્ણ ભગવાનની કથાનું શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણસેવા, પૂજન, વંદન, દાસપણું, સખાપણું અને આત્મનિવેદન, તેને નવધા ભક્તિ કહેવાય છે. ભક્તિમાતા કહે છે કે, ધર્મ પ્રમાણે વર્તનાર પાસે હું રહું છું. શિક્ષાપત્રીમાં પણ શ્રીજી મહારાજ લખે છે, અને શ્રીકૃષ્ણ ભગવાનની જે ભક્તિ, તે ધર્મે રહિત એવી કોઈ પ્રકારે ન કરવી. અને એવા જેતે શ્રીકૃષ્ણ ભગવાન, તેની જે ભક્તિ તે જે તે પૃથ્વીને વિષે સર્વ મનુષ્ય તેમણે કરવી અને તે ભક્તિ થકી, બીજું કલ્યાણકારી સાધન કાંઈ નથી, એમ જાણવું (શિ.શ્લોક ૧૧૩) અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ તેમના ગુણવાન પણાનું એ જ પરમ ફળ જાણવું, કયું તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી ને સત્સંગ કરવો; અને એમ ભક્તિને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય, તે પણ અધોગતિને પામે છે. (શિ.શ્લોક ૧૧૪)

ઉપરોક્ત બન્ને શ્લોકમાં શ્રીજી મહારાજે જીવના કલ્યાણ અર્થેના

સાધનમાં ભકિત તથા સત્સંગનું ઉત્કૃષ્ટપણું, પ્રધાનપણું દેખાડ્યું છે. જ્ઞાન, વૈરાગ્યની સાથે ભગવાનની ભક્તિ કરે તેને ઉત્તમ ભક્ત કહ્યાં છે. અને જગતમાં ભટકતા પુરુષોનું પણ સત્સંગથી જ કલ્યાણ થાય છે. વિદ્યાવાન હોય કે મુર્ખ હોય, બ્રાહ્મણ હોય કે શુદ્ર હોય, જો ભગવાનની ભક્તિ કરે તો ભગવાનને મન એ બધા સરખા છે. ભક્તિની એક વિશેષતા છે કે, કુસંગના યોગે કરીને કોઇ ભક્તિમાંથી પડી જાય તો જેટલો સમય એણે ભક્તિ કરી હોય એનું ફળ ગમે ત્યારે મળે છે. ભગવાનની ભક્તિ વિના અનેક સદ્‌ગુણો હોય તો કંઇ કામના નથી. આજે કે હજાર જન્મે પણ ભગવાનની ભક્તિ વિના મોક્ષ થતો નથી.

સત્સંગિજીવન તૃતિય પ્રકરણમાં લાડુબા આદિક ભક્ત બાઇઓ શ્રીહરિને પૂછે છે : હે નારાયણમુનિ ! હે સ્વામિન ! હે ભક્તવત્સલ ! હે સંતોના પતિ ! તમને રાજી કરવા માટે શાસ્ત્રમાં દાન, યજ્ઞ. તપ, યોગ, વેદાભ્યાસ, વ્રત આદિ બહુ ઉપાય બતાવેલા છે. એ બધા ઉપાયોમાં એવો મુખ્ય ઉપાય કયો છે કે, જેનું આચરણ કરવાથી તમે ખૂબ જ પ્રસન્ન થાઓ અને બીજા સર્વે ગુણો એ એકમાં જ સમાઈ જાય ? અને જો એક ઉપાય ન કરીએ તો બીજા સર્વ સદ્‌ગુણો નકામા બની જાય ? તો કૃપા કરીને તમને રાજી કરવા માટેનો મુખ્ય ઉપાય કયો છે તે કહો. ભગવાન કહે છે હે ભક્તો! સ્નેહ પૂર્વક કરેલી ભક્તિથી હું ખૂબ પ્રસન્ન થાઉં છું. સારી રીતે કરેલા દાન, યજ્ઞ, તપ, યોગ, જપ, વ્રતએ આદિ વડે હું પ્રસન્ન થાઉં છું. પરંતુ જેવો ભક્તિ વડે પ્રસત્ર થાઉં છું એવો તો નહિ જ. તેથી મને પ્રસન્ન કરવા માટે ભક્તિ જ સર્વોત્તમ ઉપાય છે. બ્રાહ્મણપણું કે દેવત્ત્વ, ઉંચા કુળમાં જન્મ એ કાંઇ મારી પ્રસન્નતાનું કારણ નથી. હું તો ભક્તિથી જ રાજી થાઉં છું. મહાવ્રત વાળી એવી હે સ્ત્રીઓ ! મહાત્મજ્ઞાન પૂર્વક પ્રેમ સાથે પરમાત્માની સેવા એનું જ નામ ભકિત છે. સર્વ ઐશ્વર્ય સંપન્ન અક્ષર થકી પર દિવ્યમૂર્તિ પરમાત્મા ભક્ત સુખ માટે નરાકૃતિ ધારણ કરે છે. એવું મહાત્મય સમજીને જ્યારે ભગવાનની ભક્તિ કરાય છે ત્યારે બીજા સર્વ ગુણો એમાં આવે છે અને જેમનામાં ભક્તિ ન હોય તેમનામાં કોઇ ગુણ આવતા નથી. અને તે ભક્તિ પણ માહાત્મય જ્ઞાનની સાથે જોઇએ. મહાત્મય જ્ઞાન વિનાની ભક્તિ આરંભકાળમાં સારી



દેખાતી હોય પરંતુ તરત જ એનો નાશ થઇ જાય છે. માહાત્મયજ્ઞાન યુક્ત ભક્તિ હોય તો દાવાનળની જેમ એ ભક્તિ વૃધ્ધિ પામે છે. પછી શ્રીહરિએ ભગવાનના માહાત્મયજ્ઞાનની દ્રઢતા માટેનો ઉપાય કહીં બતાવ્યો.

જીવુબા અને લાડુબાએ કરેલા અન્નકૂટ ઉત્સવ અને પ્રબોધિનીના ઉત્સવથી તેમજ રમાબા આદિક અન્ય ભક્ત સ્ત્રીઓએ કરલી ભક્તિ તથા સેવાથી પ્રસન્ન થયેલા ભક્તિદેવીએ સર્વે સ્ત્રીઓને ગઢપુરમાં પોતાનું દિવ્ય દર્શન આપ્યું. સ્ત્રીઓ ભક્તિમાતાને ઓળખી નહિ શકવાથી તેઓએ પૂછેલાં પ્રશ્નોના જવાબમાં ભક્તિમાતા કહે છે : હે સર્વ બાઇઓ ! સાંભળો. હું ભક્તિમાતા છું. ધર્મદેવ મારા પતિ છે. અમે બંને દિવ્યરૂપે ભગવાનની સાથે જ રહીએ છીએ. એટલે બધા અમને જોઇ શકતા નથી. મારા આવા દિવ્ય દર્શન યોગીઓને પણ દુર્લભ છે. પછી ભક્તિમાતાએ તે સ્ત્રીઓને પોતાની પ્રસન્નતાનું કારણ કહીં વરદાન માંગવા કહ્યું. સ્ત્રીઓએ ભકિતમાતા પાસે અમો સર્વેના હૃદયમાં નિવાસ કરો એવું માંગ્યું અને પૂછયું હે, માતા ! અમારું ચિત્ત ખેંચાય છે, એવું મનોહર તમે શું ગાઓ છો ? ભક્તિમાતા કહે છે : જ્યાં મારા પતિ ધર્મનો વાસ હોય ત્યાં જ હું રહું છું. જ્યાંથી ધર્મ ચાલ્યા જાય એટલે ત્યાંથી હું પણ ચાલી જાઉ છું. આ મારી પ્રતિજ્ઞા છે. ક્યારે પણ હું ધર્મનો ત્યાગ કરતી નથી અને ધર્મ મારો ત્યાગ કરતા નથી. એવા ધર્મદેવને તમે વ્રત, તપ કરીને વશ કર્યા છે એટલે હું પણ તમને વશ છું અને ધર્મની સાથે તમારા હૃદયમાં નિવાસ કરીશ. બીજું, અહીં તમારા દરબારમાં સ્વામિનારાયણ ભગવાન બિરાજે છે. એ બ્રહ્મપુર નિવાસી સાક્ષાત્ પરમાત્મા છે. એમના ચરિત્રો તથા ભાગવત આદિમાં ગવાયેલા શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્રો હું નિત્ય ગાઉ છું. એટલું કહીને ભકિતમાતા અદ્રસ્ય થઇ ગયા. તે સ્ત્રીઓને ભક્તિના દર્શન થયા એ ભગવાનની કૃપાનું ફળ માન્યું. શ્રીહરિ નિત્ય ગઢપુરમાં કથા વાર્તાથી સંત હરિભક્તોને આનંદ પમાડતા હતા. સંતોના પ્રત્યે એક દિવસ કહેવા લાગ્યા કે ધર્મને ભક્તિ એ ભગવાનના અવતારનું મૂળ છે. તેને જગતમાં કોઇ જાણતું નથી કે મોક્ષનું મૂળ તે છે. માટે ધર્મભક્તિની મૂર્તિઓ, તે જે કોઈ ઠેકાણે નથી, ત્યાં કે જેણે કરીને જીવ ભવસાગર તરી શકે છે ને મનોવાંછિત ફળને પામે છે ત્યાં પધરાવવા યોગ્ય છે. શુદ્ર દેવ દેવીઓની મૂર્તિઓ જગતમાં અપાર છે.

શ્રીહરિએ એક દિવસ આધારાનંદમુનિને કહ્યું કે, વડોદરામાં જઈને તમે ધર્મભક્તિ તથા મુરલીધર શ્રીકૃષ્ણ ને રાધિકાની ધાતુની મૂર્તિઓ કરાવો અને પાષાણની ચતુર્ભૂજ મૂર્તિ ફથાજી સલાટ પાસે કરાવો.

'વાસુદેવમાહાત્મ્ય' ગ્રંથમાં નારદજી કહે છે. હે ભગવન્ ! મુમુક્ષુજનોને તમારી ભક્તિથી જેવી અંતઃકરણ શદ્ધિ અને તે દ્વારા આત્યંતિક શ્રેયઃ સિધ્ધિ થાય છે તેથી તપ, દાન, યજ્ઞાદિક અન્ય સાધનાઓએ કરીને થતી નથી. તમારી ભક્તિનો જ ભારે ઉત્કર્ષ છે. શ્રીકૃષ્ણ ભગવાન પણ નારદજીને કહે છે. હે મહામુને ! તમને મારું જે દર્શન થયું તે તો મારે વિષે તમારે આત્યંતિકી એકાંતિકી ભક્તિ છે અને તે ભક્તિ પણ નિર્દંભ છે માટે મારી ઈચ્છાથી થયું છે. જેને એકાંતિકી, આત્યંતિકી, નિર્દંભ ભક્તિ હોય તેને જ મારું દર્શન થાય છે. અતિ દુર્લભ એવા પણ પોતાના દર્શનની પ્રાપ્તિમાં અધિકાર સંપતિને શ્રીભગવાન આગળ અન્ય ત્રણ શ્લોકથી કહે છે. આજ ગ્રંથમાં ભકિતના સ્વરૂપને નિરૂપે છે. વાસુદેવ ભગવાન થકી બીજા જે દેવો છે તે કાળમાયાએ વશ કરી લીધા છે એમ સમઝીને તે દેવોમાંથી પ્રીતિ તોડીને તે એક શ્રીવાસુદેવની જ નિરંતર ગાઢ સ્નેહથી જે સેવા કરવી એજ ભક્તિ કહેલી છે. એકાંતિક ધર્મનું લક્ષણ કહે છે. સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય આ ત્રણ અંગોએ યુક્ત એવી જે શ્રવણાદિ નવધા ભક્તિ તે જ એકાંતિક ધર્મ કહ્યો છે. એને જ ભાગવત ધર્મ કહે છે. ભગવાન શ્રધ્ધા તથા નિષ્કામ ભક્તિથી અર્પણ કરેલા જળથી પણ પ્રસન્ન થઈને સંતોષ પામે છે.

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી ભક્તિનો મહિમા કાવ્યાત્મક વર્ણવે છે.

ભક્તિએ કરી હરિ રિઝવે, રિઝે સુખદ મહારાજ ।
ત્યારે ખામી રતિ પણ નવ રહે, પામે સુખનો સમાજ ॥
ભાવે ભરી કરે ભગતિ, અતિ આનંદ આણી ઉર ।
નિષ્કુલાનંદ તેની ઉપરે, હરિ રાજી થાયે જરૂર ॥
મોટે ભાગ્યે ભેટે ભગતિ, પ્રગટ પ્રભુ પરમાણની ।
તેહ વિનાની જે ભગતિ, તે તો મત મતના તાણની ॥
કરિએ તો કરિએ સમઝી, પ્રગટ પ્રભુજીની ભગતિ ।
નિષ્કુળાનંદ કહે તે વિના, નથી નરને કોઈ પ્રાપ્તિ ॥



અહીં સ્વામીએ પ્રગટ પ્રભુ સ્વામિનારાયણ ભગવાનની ભક્તિનો મહિમા ગાયો છે. લખે છે કે, પ્રગટ પ્રભુની ભક્તિ મોટા ભાગ્યે મળે છે. સમજી વિચારીને પ્રગટ પ્રભુ શ્રીહરિની ભક્તિ કરીએ. જેનાથી સર્વોપરી પ્રાપ્તિ થાય છે. ભકિત પણ સમો અને તક વિચારીને કરવી. અને જે ભક્તિ કહીં છે તે પ્રગટ પ્રભુની કહીં છે. પરોક્ષની નથી કહીં.

દઉં શી એને ઉપમાં, ભકિત બરોબર બીજું નથી ।
તે ભક્તિ પ્રભુ પ્રગટની, કહીં નથી પરોક્ષની કથી ॥
નિર વિઘન છે નાથની ભક્તિજી, જેમાં વિઘન નથી એક રતિજી ।
સમઝીને કરવી સદાય શુભ મતિજી, તો આવે સુખ અલૌકિક અતિજી ॥
પ્રસન્ન કરવા ઘણું ઘનશ્યામજી, કરો હરિભક્તિ અતિ હૈયે કરી હામજી ।
જે ભક્તિ અતિ કા'વે નિષ્કામજી, ધર્મ સહિત છે સુખનું ધામજી ॥
ધામ સર્વે સુધર્મે સોતી, ભક્તિ અતિ ભક્ત કરે ।
તેને તોલે ત્રિલોક માંહી, સમઝી જુઓ નહિ નિસરે ॥
નિષ્કપટ નાથની ભગતિ, સમઝો સુખ ભંડાર છે ।
એની બરોબરી નોય કોઈ બિજું એ તો સર્વે સારનું સાર છે ॥
સાચી ભક્તિ ભગવાનની, સર્વે શિર પર મોડ છે ।
બીજા સાધન બહુ કરે, પણ જુઓ એની કોઈ જોડ છે ? ॥
જેમ ગળપણમાં શર્કરા ગળી, વળી રસમાં સરસ તુપ ।
જેમ અંબરે સરસ જરકસી, તેમ ભક્તિ અતિ અનુપ ॥
એવી અનુપમ ભક્તિ, ભાવી ગઈ જેને ભીંતરે ।
નિષ્કુળાનંદ કે' સર્વે સાધન, એની સમતા કોણ કરે ॥
ભક્તિ સમાન નથી ભવમાં કાયજી, સમજુ સમજો સહુ મન માંયજી ।
પ્રભુ પ્રસન્ન કરવા છે અનુપ ઉપાયજી, તેને તુલ્ય બીજુ કેમ કે'વાયજી ॥
જેમ મંદારમાં[૧] સાર બહુ બાવના ચંદન, પાષાણમાં સાર પારસ ।
સપ્ત ધાતુમાં સરસ સુર્વણ, તેમ ભક્તિ સાધનમાં સરસ ॥

પછી આગળ દ્રષ્ટાંતો આપે છે, પંખીઓમાં ગરૂડ, પર્વતોમાં મેરૂ પર્વત, તેજોમય શરીરમાં સૂર્ય, શીતળ શરીરમાં ચંન્દ્ર, પાત્રમાં અક્ષયપાત્ર,

૧. વૃક્ષ

નાણામાં સુર્વણ મહોર, પંચભૂતમાં આકાશ, દેવોમાં ઈન્દ્ર, કુંપમાં રસનો કુંપ, રાજાઓમાં પ્રિયવ્રત, અને રૂપમાં કામદેવ જેમ સરસ અર્થાત્ શ્રેષ્ઠ છે તેમ સર્વે સાધનમાં ભક્તિ અતિ શ્રેષ્ઠ છે.

કર્તવ્ય કરીને કાંઈક પામે, તે વામે કોઈ કાળે કરી ।
ભક્તિ એ ગતિ નિર્ભય અતિ, એમ શ્રીમુખે કહે છે શ્રીહરિ ॥
એમ ભક્તિ ભગવાનની, વર્ણવી સહુથી સરસ ।
નિષ્કુળાનંદ કે'તે વિના બીજા, નિશ્ચે દેખાડ્યા નરસ ॥
અમૃત વેલી અલ્પ ભલી, વધું તોય ભુંડી વિષવેલ ।
તેમ ભક્તિ થોડી તોય ભલી, છે સર્વે સુખની ભરેલ ॥
પંચ્યાણ આપે પાંચ રોકડા, લપોડ શંખ કહે લેને લાખ ।
પણ ગણીને ગાંઠ્યે બાંધ્યા તણી, વળી કોઈ ન પુરે સાખ ॥
તેમ હરિભક્તિથી સુખ મળે, તેવું સુખ બીજાથી ન થાય ।
નિષ્કુળાનંદ કહે તે નરને, જાણી લેવું એવું મનમાંય ॥
આ ભવમાં ભૂલવણી છે ભારે, તેમાં ભૂલ્યા નરનારી ।
જિયાં તિયાં આ જનમ જાણજો, હરિભકિત વિના બેઠા હારીરે ॥
ભક્તિ વિના ભવપાર ન આવે, સમઝો એ વાત છે સારી ॥
નિષ્કુળાનંદ કહે નિર્ભય થાવા, ભક્તિનિધિ અતિ ભારી રે ।
પ્રગટ પ્રભુની ભક્તિ અતિ સાચીજી, જેહ ભક્તિને મોટે જાચીજી ॥
તેહ વિના બીજી છે સર્વે કાચીજી, તેહમાં ન રે'વું કેદિયે રાચીજી ।
પ્રગટ પ્રભુની ભક્તિ અતિ ભલીજી, કરી દીયે કામ એજ એકલીજી ॥
એહ વિના બીજી છે ભૂલવાની ગલીજી, જગમાં જે જે કે'વાય જેટલીજી ।

આગળ લખ્યું તેમ સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં દેવ, આચાર્ય, સંત અને શાસ્ત્ર રૂપે પ્રગટ રહ્યાં છે, જેથી હાલમાં પણ પ્રગટથી ઓળખાય છે. સ્વામિનારાયણ ભગવાનના રામ, કૃષ્ણ આદિક અવતારોને હાલમાં 'પરોક્ષ'થી ઓળખવામાં આવે છે. કારણ કે તેઓ પૃથ્વી પર હતાં ત્યારે પ્રત્યક્ષ પ્રગટ તરીકે હતા. પરંતું અંતર્ધ્યાન થતાં પહેલાં તેઓએ પોતાનું પ્રગટરૂપ ક્યાંય કહ્યું નથી.



જેટલી ભક્તિ જન કરે છે, પરહરિ પ્રભુ પ્રગટ ને ।
તેને ભક્ત કે'વો તે ભૂપની ખોટે , જેમ પાટે બેસાર્યો મર્કટને ॥
તેણે ફાળ ભરી ફળ જોઈને , કોઈને ન પૂછી વાત ।
એમ પરોક્ષ ભક્તિ બહુ પેરની, લાખો લેખે ખાય છે લાત ॥
માટે પ્રગટ થી જેવી પ્રાપ્તિ છે, તેવી નથી પરોક્ષની માંય ।
એમ ભકિતમાં બહુ ભેદ છે, સમઝુ સમજો સદાય ॥
વાંચી કાગળ કોઈ કંથનો, જેમ નાર અપાર રાજી થઈ ।
પણ પ્રગટ સુખ પિયુતણું, અણું જેટલું આવ્યું નઈ ॥
માટે પ્રગટ ભક્તિ વિના પ્રાપ્તિ, નથી નર અમર ને નિરધાર ।
નિષ્કુળાનંદ કહે જુવો નિહાળી, ઉંડું અંતર મોઝાર ॥
ભવજળ તરવા હરિભક્તિ કરોજી, તેહ વિના અન્ય તજો આગરોજી ।
શુધ્ધ મન ચિત્તે ભક્તિ આદરોજી, તેમાં તનમન મમત પરહરોજી ॥
ભક્તિ કરીને કંઈ સુખ પામ્યા,નર અમર અપાર ।
સુર નર મુનિજન સૌ કોઈ મનમાં, સમજ્યા ભક્તિમાં સાર રે સંતો ॥
ઋષિ તપસી વનવાસી ઉદાસી, ભાળે ભક્તિમાં ભાર ।
જાણે સેવા કેમ મળે હરિની, અંતરે એવો વિચાર રે સંતો ॥
હુંડી છે હરિની ભગતિ, ભવજળ તરવા કાજ ।
અપાર સંસાર સમુદ્રમાં, જબર જાણો એ ઝાજ ॥
સો સો ઉપાય સિંધુ તરવા, કરી જુએ જગે જન કોય ।
વહાણ વિનાના વિલખા. સમઝી લેવાં જન સોય ॥
તેમ ભક્તિ વિના ભવ દુઃખનો, આવે નહિ કેદિયે અંત ।
માટે ભકિત ભજાવવી. સમઝી વિચારીને સંત ॥
ભકિત વિના ભારે ભાગ્ય ન જાગે, જાણી લેજો સહુ જન ।
ભક્તિ વિના ભવ દુઃખ ન ભાગે, એ પણ માનવું મન રે; સંતો ॥
ભકિત વિના ભટકણ ન ટળે, મર કરે કોટિક જતન ।
ભક્તિ વિના નિર્ભય નર નહિ, કરે સો સો જો સાધન રે; સંતો ॥
ભક્તિથી નર અમર, અસુર પણ ઉધ્ધર્યા કંઈ એ ।
સદા સુખ થાવાનું ઘર, ભક્તિ વિના ભાવ્યું નઈ એ ॥

ભક્તિ વશ્ય ભગવાન, આવે છે અક્ષર ધામથી એ ।
નકી એ વાત નિદાન, જૂઠી જરાય ભાર નથી એ ॥
જે જે ધર્યા અવતાર, તે ભક્તની ભક્તિ જોઇને ।
નથી થાતો નિરધાર, જે આવે જાણ્યા બીજા કોઇથી એ ॥
જોઇ લીધું છે જરૂર, અવિનાશીનું આંહી આવવું એ ।
ભક્તિ ભાળી ભરપૂર, ભક્તનું દુઃખ નસાડવું એ ॥
તે વિના કર્યો તપાસ, અલબેલો આંહી આવે નહિ એ ।
ભક્તિ વાળા ભક્ત પાસ,રે'વા ભાવે બીજે ભાવે નહિ એ ॥
સર્વે સાધનમાંહિ સાર, ભક્તિ કળશ કંચનનો એ ।
રાખવો એનો આધાર, વિશ્વાસ વા'લાના વચનનો એ ॥

પરમાત્માની ભક્તિ કરવાથી આ જગતમાં સુખી થવાય છે. તથા કળિયુગની કોઇ અસર આપણા ઉપર થતી નથી. શ્રીમદ્ ભાગવત જેવાં શાસ્ત્રોમાં ભક્તિનો અપરંપાર મહિમા ગાયો છે. પ્રહલાદજી કહ છે કે : ઉંમરનો વિચાર કર્યા વગર બચપણથી જ ભક્તિ કરવી કારણ કે મનુષ્ય દેહ ક્ષણ ભંગુર છે. દેવ દુર્લભ માનવ અવતાર મેળવીને જે પ્રભુભક્તિ નથી કરતો તે આત્મઘાતી છે. શાસ્ત્રો કહે છે કે , જેને ભગવાનની ભકિત કરવાનું સૂઝતું નથી, તે ભાગ્યથી હણાઇ ગયેલો છે.

વચનામૃત લો. ૧૯ માં મહારાજે ભક્તિને સર્વ સાધનમાં મોટું સાધન કહ્યું છે, ........ એવી રીતે અનંત પ્રકારના માહાત્મયે સહિત એવી જે ભગવાનની ભક્તિ તે જેને હોય તેના દોષ માત્ર ટળી જાય છે. અને તેને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ એ ન હોય તો પણ એ સર્વે આવે છે. માટે એ સાધન સર્વેમાં મોટું છે. ......... વ.૩. મુજબ આ ભક્તિ સાધારણ નહિ પરંતું અસાધારણ ભક્તિ જોઇએ. વ.૧૭ માં ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું એને પણ શ્રીજી મહારાજે ભક્તિ કહીં છે.

......... શ્રીજી મહારાજ બોલ્યા જે, ''દુષ્ટ વાસના ટાળવાના તો એ ઉપાય છે જે, જ્યારે અમે બાંધી એવી જે ધર્મમર્યાદા તેથી બહાર સંકલ્પ થાય તથા કોઇ હરિજનના તથા સંતના અભાવનો સંકલ્પ થાય ત્યારે નરનારાયણ સ્વામિનારાયણ એમ વારંવાર ઊંચે સ્વરે કરીને નામ ઉચ્ચારણ કરવું. અને



બીજું મહાત્મ્યે સહિત ને ધર્મે સહિત ભગવાનની નવ પ્રકારની ભક્તિ કરે, ત્યાર ભગવાન તેના હૃદયમાં નિવાસ કરીને દુર્વાસના ને નાશ પમાડે છે. જેમ ગજને ગ્રાહના મુખ થકી ભગવાને છોડાવ્યો, એ પ્રકારે દુષ્ટ વાસના ટાળવાનો ઉપાય કહ્યો ....... (જે.૩)

મુક્તાનંદ સ્વામી લખે છે.

फल ईच्छा बीन करत हे, नवधा भक्ति जोय ।
मुक्त कहे तेही अति अचल, प्रभुसंग प्रीति होय ॥
मुक्त कहे मोहन विषे, जाही लगि द्रढ प्रीत ।
ताही न कुछ करनो रह्यो, सहज लियो जग जीत ॥

અમદાવાદમાં 'નવાવાસ'માં વ્રિપોએ પૂછેલા પ્રશ્નના જવાબમાં શ્રીહરિ કહે છે કે : " હે વિપ્રો, તમે ધન્ય છો. તમારું શાસ્ત્રાધ્યયન સફળ થયું છે, કેમ કે તમને પ્રગટ ભગવાનની ભક્તિમાં શ્રધ્ધા ઉદય થઇ. સર્વ શાસ્ત્રોનો કોઇ અભ્યાસ કરે પણ પ્રગટ ભગવાનની ભક્તિથી જો વિમુખ રહે તો તેણે અધ્યયન કરેલા શાસ્ત્રો તેને ભારરૂપ જ થાય છે. પરંતું તમે તો શાસ્ત્રોના અભ્યાસથી જે જાણવાનું હતું તે આજે જાણ્યું છે. અને જે પ્રાપ્ત કરવાનું હતું તે તમને પ્રાપ્ત થઇ ગયું છે, પરંતુ તમે જે વૈદિક કર્મોનો ત્યાગ કરવાનું કહ્યું તે અમને માન્ય નથી.''પછી આગળ શ્રીહરિ એ બાબતનો સિધ્ધાંત જણાવે છે.

●

## ૩૨. સ્વામિનારાયણ ભગવાનનું પ્રગટપણું તથા સંક્ષિપ્ત મહિમા :

સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલા દેવ, આચાર્ય, શાસ્ત્ર તથા સંતોનો મહિમા લખ્યો, તેનાથી એ વાત તો નિશ્ચિત થઇ ગઇ હશે કે, આ સર્વેમાં સ્વામિનારાયણ ભગવાન પ્રગટ બિરાજે છે. જેથી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્વામિનારાયણ ભગવાનને 'પ્રકટ', 'પ્રગટ' કે 'પ્રત્યક્ષ' શબ્દથી કહેવામાં આવે છે. સ્વામિનારાયણ ભગવાન જ્યારે આ પૃથ્વી પર મનુષ્ય સ્વરૂપે વિચરતા હતાં ત્યારે તેમને મળેલા અનંત જીવો તરી ગયા, અંતર્ધાન થતાં

પહેલાં આ પૃથ્વી પરના મુમુક્ષુ જીવાત્માઓ કે જેઓ સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થાય તેઓનું આત્યંતિક શ્રેય ચાલું રહે તે માટે પોતે કરેલા ત્રણ ગૂઢ સંકલ્પો-દેવ, આચાર્ય અને શાસ્ત્રને સાકાર સ્વરૂપ આપ્યું અને તેમાં હર હંમેશ પોતે પ્રગટ રહેવાનું વચન આપ્યું. સ્વામિનારાયણ ભગવાનના રામ, કૃષ્ણાદિક અવતારો જ્યારે આ પૃથ્વી પર પ્રત્યક્ષ મનુષ્ય સ્વરૂપે વિચરતા હતાં ત્યારે જટાયુ, ગીધ, વાનર આદિક પશુ-પંખી, ગોપ-ગોવાળ આદિક મનુષ્યો તથા ભક્તો જેઓને પણ એ પ્રગટ સ્વરૂપમાં સ્નેહ થયો તથા સેવામાં આવ્યા તે સઘળા તરી ગયા, પરંતું તે તે અવતારોએ અંતર્ધાન થયા બાદ પોતાનું પ્રગટપણું સ્થાપ્યું નહીં હોવાથી 'પરોક્ષ' શબ્દથી ઓળખાય છે. પરોક્ષને ભજવાથી બીજબળ થાય, સંસ્કાર થાય, સત્સંગમાં જન્મ મળે પરંતું આને આ જન્મે જીવનું આત્યંતિક કલ્યાણ થાય નહિ. જ્યારે પ્રગટની ઉપાસનાથી જીવનું આત્યંતિક શ્રેય થાય છે એ શાસ્ત્રોનો સિધ્ધાત છે. એટલે જે કોઇને ગમે કે ન ગમે પરંતું લખું છું કે ભગવાનના રામ, કૃષ્ણાદિક અવતારો આ પૃથ્વી પર પ્રગટ થયા તેને હજારો વર્ષો થઈ ગયા, પરંતું અંતર્ધાન થયા બાદ તે અવતારો પોતાના ભક્તોને અંતકાળે દર્શન આપીને વિમાનમાં કે રથમાં બેસાડીને પોતાના ધામમાં તેડી જતા હોય એવું કોઈ શાસ્ત્રોમાં વાંચ્યું નથી કે સાંભળ્યું નથી, જ્યારે સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પર પ્રગટ થયા તેને ફક્ત ૨૨૫ વર્ષ થયા, પરંતું તે અંતર્ધાન થયા બાદ આજ સુધીમાં પોતાના હજારો ભક્તોને અંતકાળે સંતો સાથે દર્શન આપીને વિમાનમાં કે રથમાં બેસાડીને પોતાના અક્ષરધામમાં તેડી જાય છે.

"મારા જનને અંતકાળે મારે જરૂર તેડવા આવવું,
બિરુદ મારું એ ન બદલે સર્વે જનને સંભળાવવું."

એ મુજબ પરચા સાથે કે પરચા વગર પ્રગટ પ્રમાણ ધામમાં તેડી જાય છે. અને પોતે પૃથ્વી પર મનુષ્ય સ્વરૂપે હતાં ત્યારે પણ દિવ્ય સ્વરૂપે પોતાના ભક્તોને અંતકાળે દર્શન આપીને અચુક તેડવા આવતા, જેનું એક અલગ પુસ્તક લખી શકાય. નંદસંતોએ પ્રગટની ભક્તિ-ઉપાસનાનો મહિમા કહ્યો છે.

ભિન્ન ભિન્ન રુચિવાળા મનુષ્યોનુ હિત થાય એવી રીતે પરમાત્મા,



મહાપુરૂષો અને સચ્છાસ્ત્રો અધિકાર ભેદથી પાત્રતા પ્રમાણે ઉપદેશ આપે છે. પરંતું પરોક્ષવાદ અને પ્રત્યક્ષવાદનો ભેદ ખૂબ સુક્ષ્મ હોવાથી ભગવાનના એકાંતિક ભક્તો તથા પ્રગટ ઉપાસી સંતોના સમાગમથી આ વાત સમજાય છે. મોક્ષ તો પ્રગટપ્રભુના આશ્રયથી જ છે. પ્રગટ સૂર્યથી અજવાળું થાય, પ્રગટ જળથી મળ ધોવાય ને પ્રગટ ચિંતામણિથી દ્રવ્યની ભૂખ જાય; તેમજ, પ્રગટ ભગવાનથી મોક્ષ થાય.

પ્રગટનો મહિમા સમજવામાં મુક્તાનંદ સ્વામી રચિત એક પ્રભાતિયું બહુ ઉપયોગી અને બળવાળું છે. જે અત્રે લખ્યું છે.

રાગ : ભૈરવી પ્રભાતી

સ્વામિનારાયણનું સ્મરણ કરતાં, અગમ વાત ઓળખાણી રે;
નિગમ નિરંતર નેતી કહીં ગાવે, પ્રગટ ને પ્રમાણી રે; ...ટેક
મંગળરૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે,
તપ તીરથ કરે દેવ દેરાં, મન ન ટળે મસાણી રે, સ્વામિ ...૦૧
કથા ને કીર્તન કહેતા ફરે છે, કર્મ તણી જેમ કહાણી રે;
શ્રોતાને વક્તા બેઉ સમજ્યા વિનાના, પેટને અર્થે પુરાણી રે , સ્વામિ ...૦૨
કાશી કેદાર કે દ્રારકા દોડે, જોગની જુક્તિ ન જાણી રે;
ફેરા ફરીને પાછો ઘરનો ઘરમાં, ગોધો જોડાણો જેમ ઘાણી રે, સ્વામિ ...૦૩
પીધા વિના પ્યાસ ન ભાંગે, મર પંડ ઉપર ઢોળે પાણી રે;
મુક્તાનંદ મોહન સંગ મળતા, મોજ અમુલખ માણી રે, સ્વામિ ...૦૪

કોઈ પણ માર્ગે જ્ઞાન મેળવવા, એ લાઈનના અનુભવી અને નિષ્ણાતને પૂછીએ તો સાચું જ્ઞાન પ્રાપ્ત થાય. મુક્તાનંદ સ્વામી જેવા નંદ સંતો આધ્યાત્મિક માર્ગના અનુભવી ભોમીયા-નિષ્ણાતો છે. તેઓના શબ્દોમાં વિશ્વાસ આવે તો આ વાત સમજાય, તેઓને આ વાત લખવામાં ક્યાં કાઈ સ્વાર્થ છે ? ભવિષ્યમાં થનાર ભક્તોને પોતે જે અનુભવ્યું તેવું સુખ પ્રાપ્ત થાય તે હેતુથી આ લખ્યું છે. પહેલી પંક્તિમાં લખે છે, કે સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરવાથી, તેમની કૃપાથી આ અગમ વાત ઓળખાણી છે. છેલ્લી પંક્તિમાં લખે છે, તરસ લાગી હોય અને પાણી શરીર ઉપર ઢોળવામાં આવે તો તેથી તરસ બુઝાતી નથી, તેના માટે પાણી પીવું પડે. તેમ પ્રગટનો આશરો, પ્રગટનો સંગ થાય

તો અમૂલખ મોઝ માણવા મળે, જીવની આધ્યાત્મિક માર્ગે તૃપ્તિ થાય,જીવ આ જન્મે જ ભગવાનનું સુખ માણીને, અંતકાળે પણ ભગવાનના ધામમાં જાય. આજે પણ દેવ-આચાર્યની નિષ્ઠાવાળા મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગી આશ્રિત પ્રગટ પરમાત્માનું સુખ માણી રહ્યાં છે.

પરોક્ષવાદ (સામાન્ય સિધ્ધાંત) એ શાસ્ત્રીય માર્ગ છે. પરંતુ એ દૂધને સ્થાને છે. જ્યારે પ્રત્યક્ષવાદ (મુખ્ય સિધ્ધાંત) એ એકાંતિકનો માર્ગ છે. એ ધૃતને સ્થાને છે. નંદ સંતોની વાતો-કીર્તનોનું મનન કરીએ તો જ સુખ આવે. પ્રેમાનંદ સ્વામી લખે છે.

"હમ તો એક સહજાનંદ સહજાનંદ ગાવે,
હમારે મન સ્વામિનારાયણ દૂસરો ન ભાવે. હમ. ટેક
તપ-તીરથ- સાધન સ્વપ્ન નહીં જાવે,
જૈસે કોઉ ઘૃત છોડ છાછકો ન ખાવે. હમ.૧
અણિમાદિક અષ્ટ સિધ્ધિ મુક્તિકું ન ચા'વે ;
સબકો ફલ સહજાનંદ - ચરન ચિત્ત લાવે. હમ. ૨
સહજાનંદ જાપસે ત્રિય તાપકો બુઝાવે
ઈનહિકે પ્રતાપ સે અપાર ગતિ પાવે. હમ. ૩
અગમ નિગમ કઠિન રહસ્ય હમેં ન સમજાવે,
પ્રેમાનંદ સાર સુગમ સહજાનંદ આવે. હમ. ૪

પ્રગટ ભગવાનને સત્સંગથી યથાર્થ ઓળખી એક જ પ્રણામ કરે તો પણ એ જીવનો મોક્ષ થાય છે. સ.ગુ.ગુણાતીતાનંદ સ્વામી કહે છે, પ્રગટ ભગવાનની પ્રાપ્તિ ને ઓળખાણ સિવાય કરોડ નિયમ પાળે પણ કલ્યાણ ન થાય, પણ પ્રગટ ભગવાન કે તેમના એકાંતિક સંતની આજ્ઞાથી એક જ નિયમ રાખે તો પણ કલ્યાણ થાય. પ્રગટ પ્રભુ શ્રીસ્વામિનારાયણ ભગવાનને વિષે નિષ્ઠા (માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય) સિધ્ધ કર્યા સિવાય આત્મા-અનાત્માનો વિવેક થાય નહિ તેમજ વૈરાગ્યની સિધ્ધિ પણ થતી નથી. પ્રગટ પ્રભુને વિષે નિષ્ઠા થવાથી તો બ્રહ્મહત્યાદિક પાપ પણ નાશ પામી જાય છે. નારદજીના સમાગમથી ઈન્દ્રને પોતાના ભાઈ વામનજી ભગવાનનો નિશ્ચય થયો. મહિમા સમજાયો ને તેમણે વામનજીનો આશ્રય કર્યો તો તેમની ચાર બ્રહ્મહત્યા પણ નાશ પામી ગઈ. પ્રગટના ઉપાસકનો-નિષ્ઠાવાળાનો તો ફૉર જ જુદો હોય છે. સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી લખે છે કે, "કોટી કલ્પે પ્રગટ ભગવાનને પ્રગટ ભગવાનના એકાંતિક ભક્તાનો આશ્રય કર્યા વિના આત્યાંતિક કલ્યાણ થવાનું નથી. આજ તો શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ છે ; તેમના મુક્તો પ્રગટ છે ને સત્સંગમાં જે જે વાતો થાય છે તે પણ 'પ્રગટ વાતું' છે. અને બીજા તો ચિત્રામણના સૂરજ જેવા છે. સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરી સર્વ અવતારના કારણ અવતારી જે જાણશે ને એમની પ્રસન્નતા માટે આજ્ઞામાં દ્રઢ વર્તશે તેને તો શ્રીજીમહારાજ માખણમાંથી મોવાળો ખેંચીને કાઢે તેમ દેહથી જુદો પાડી, સો સદ્ગુરૂનુ જ્ઞાન આપી બ્રહ્મરૂપ કરી પોતાના દિવ્ય અક્ષરધામમાં લઈ જશે." પ્રગટ પ્રભુને વિષે નિષ્ઠાવાળો જે હોય તે ધર્મમાંથી ક્યારેય ભ્રષ્ટ થતો નથી. પ્રત્યક્ષ ભગવાન કે પ્રત્યક્ષ ભગવાનના એકાંતિક સંતના પ્રસંગથી - તેમને વિષે આત્મબુધ્ધિ કરવાથી મુમુક્ષુ માટે આત્યાંતિક કલ્યાણનું દ્રાર ખુલ્લું થાય છે. નિષ્કુળાનંદ સ્વામી કલ્યાણ નિર્ણયમાં લખે છે.

"મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાં તો તેના મળેલે કલ્યાણ રે;
તેહ વિના તો કોટી ઉપાય રે, આત્યંતિક કલ્યાણ ન થાય રે"

કલ્યાણ તો લોકો બહુ પ્રકારના માને છે. કોઈને આ પૃથ્વી પર - આલોકમાં રાજ્ય, ધન-સંપતિ, ઉત્તમ પુત્ર-પત્ની, નિરોગી શરીર મળે, કોઈને સ્વર્ગ મળે, કોઈને શિવજીનું કૈલાસ કે બ્રહ્માની પુરી મળે, કોઈને ચંન્દ્રલોક મળે એમ વિવિધ દેવલોક મળે તેને પણ લોકો કલ્યાણ માને છે. પરંતુ તે બધા લોક પણ ચાર પ્રકારના પ્રલયમાં નાશવંત છે. કાળ - માયાનું ચવાણું છે. વળી પુણ્યાત્માના પુણ્ય ખલાસ થતા તે જીવ પણ પાછો તે લોકમાંથી પછડાય છે. એવા કલ્યાણમાં મોટું વિઘ્ન છે. માટે,

જેને ફરી ન પડે ફરવું રે, તેને આત્યાંતિક શ્રેય કરવું રે;
તેહ વિના તો કલ્યાણ કાચું રે, પામી પડવું પડે છે પાછું રે

સર્વોપરી પરમાત્માનું સર્વોપરી અક્ષરધામ જેને પ્રાપ્ત થાય તેને આત્યાંતિક શ્રેય કહેવામાં આવે છે. જ્યાંથી ફરી પૃથ્વીપર પાછું આવવું પડતું નથી. આત્યાંતિક પ્રલયમાં ફક્ત ભગવાન, ભગવાનનું અક્ષરધામ અને અક્ષર ધામના મુક્તો રહે છે. બાકી બધું નાશ પામે છે. જેમ સ્વામિનારાયણ ભગવાનને ઘણી જગ્યાએ કૃષ્ણ નામથી કહેવામાં આવ્યા છે. તેમ અક્ષરધામને

પણ ઘણી જગ્યાએ ગોલોકધામથી કહેવામાં આવ્યું છે. ગોલોકધામની મધ્યે અક્ષરધામ છે. વૈકુંઠ, શ્વેતદ્વિપ, બદ્રિકાશ્રમ વગેરે ધામોમાં પણ શ્રીહરિ જુદાં જુદાં સ્વરૂપોએ દર્શન આપે છે. જે સ્વરૂપમાં જે ભક્તને રૂચિ હોય તે તે સ્વરૂપે શ્રીહરિ તેને દર્શન આપે છે. સ્વામિનારાયણ ભગવાનને જે ભક્ત જેવા ઓળખે તે ભક્તની અંતકાળે તેવી ગતિ થાય છે. શ્રીકૃષ્ણ જેવા જાણે તો ગોલોકધામ સુધી ગતિ થાય છે. સર્વોપરી સર્વાવતારી જાણે તો અક્ષરધામમાં પહોંચે છે. સ્વામિનારાયણ ભગવાન એ સર્વ અવતારના અવતારી અને સર્વ અવતારના ધારણ કર્તા અક્ષરધામમાં રહેલાં પુરુષોતમ નારાયણ - આદિનારાયણ છે. અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ છે. સ્વતંત્ર ભગવાન એક માત્ર સહજાનંદ સ્વામી છે. અન્ય રામ, કૃષ્ણ આદિક અવતાર સ્વામિનારાયણ ભગવાનના અવતાર હોવાથી ભગવાન કહેવાય છે. શિવ, બ્રહ્મા જેવા મોટા દેવો પણ પુરુષોતમ નારાયણની ઉપાસનાથી ભગવાન કહેવાય છે. ભગવાન માત્ર એક હોય છે. જો બે કે વધારે ભગવાન હોય તો આ સૃષ્ટીનો વહીવટ ચાલી શકે નહિ. સર્વોપરી અને સર્વાવતારી પુરુષોત્તમ નારાયણ એવા શ્રીસ્વામિનારાયણ ભગવાન જેવા છે એવા ઓળખવા માટે દરેક મુમુક્ષુજને કાળુપુર સ્વામિનારાયણ મંદિરમાં ગણપતિ - હનુમાનજી તરફના પગથિયા ચડીને જમણી બાજુની ગણપતિની પાછળ પ્રદક્ષિણામાં અક્ષરધામનો તકતો સમજવો બહુ આવશ્યક છે. આ તક્તો કોઈ કાલ્પનિક નથી. પરંતું સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવાના ઈશક વાળા આચાર્ય મહારાજશ્રીના પાર્ષદ શ્રી કેસર ભગતને સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી અક્ષરધામના સમગ્ર તક્તાનું પ્રત્યક્ષ દર્શન થયેલું, શ્રીજી મહારાજની આજ્ઞાથી તેમણે આ ચિત્રની રચના કરી, અને તે સમયના પૂ. આચાર્ય મહારાજશ્રીએ આ અક્ષરધામના તક્તાની પ્રતિષ્ઠા કરેલી છે.

એક જ અનાદિ ભગવાનના શાસ્ત્રોમાં અનંત નામો તથા અનંત સ્વરૂપો કહ્યાં છે. જેમાં કેટલાંક પુરાણપ્રસિધ્ધ નામો અર્થ સાથે નીચે આપેલા છે.

વાસુદેવ : સમસ્ત વિશ્વને પોતા વિષે વાસે છે અને તે પોતે સર્જેલા વિશ્વમાં સર્વાન્તર્યામિ પણે વસે છે માટે વાસુ અને સૃષ્ટિ, સ્થિતિ, લય વડે વિહાર કરે છે માટે દેવ મળીને વાસુદેવ સાર્થક નામથી વર્ણવ્યા છે. તેમજ



વસુદેવના પુત્ર હોવાથી વાસુદેવ નામથી કહ્યાં છે.

પરંબ્રહ્મ : અક્ષરબ્રહ્માદિક સર્વની અપેક્ષાએ નિરવધી કલ્યાણતમ સ્વરૂપ, ગુણ, વિભૂતિ આદિક વડે મોટાઈરૂપ ગુણ યોગને લીધે પરાત્પરપણે પ્રતિપાદન કરેલા હોવાથી સાર્થક પરંબ્રહ્મ નામથી કહ્યાં છે.

પુરુષોત્તમ : બધ્ધ, મુક્ત આદિ સર્વ પુરૂષોની અપેક્ષાએ નિરતિશય ઉત્કૃષ્ટતારૂપ ગુણ યોગને લીધે અર્થાત્ ક્ષર, અક્ષર, પુરૂષ તે થકી સ્વરૂપ સ્વભાવ આદિક વડે ઉત્તમ ગુણયોગ યોગને લીધે પુરુષોત્તમ નામથી કહ્યાં છે.

શ્રીકૃષ્ણ : શ્રી - રાધા કે લક્ષ્મીજીએ યુક્ત હોઈ અનવધિ આનંદ ગુણયોગને લીધે અન્વર્થ શ્રીકૃષ્ણ નામથી કહ્યાં છે.

પુરૂષ : માયિક ત્રિગુણ થકી વ્યતિરિક્ત, પૂર્વ સિધ્ધ ગુણયોગને લીધે અથવા ભક્તકામોને પુરવારૂપ અને ભક્ત વિરોધીને હણવારૂપ ગુણયોગને લીધે અથવા પુરુષાકાર યોગને લીધે પુરૂષ શબ્દથી કહ્યાં છે.

મહાપુરૂષ : વારાહ સંહિતામાં કહેલાં બત્રીસ મહાપુરુષના દિવ્ય લક્ષણોએ યુક્ત હોવાથી અથવા ક્ષર, અક્ષર, પુરૂષ થકી મહાન હોવાથી મહાપુરુષ નામથી વર્ણવ્યા છે.

પ્રભુ : સર્વના પ્રભુ-નિરૂપાધિ સ્વામી નિયામક હોવાથી પ્રભુ શબ્દથી નિરૂપણ કર્યા છે.

નારાયણ : સર્વાન્તર્યામિત્ત્વરૂપ ગુણયોગને લીધે અસાધારણ મંગળ નારાયણ નામથી કહ્યાં છે.

ઋષિ : જે સર્વાર્થના સાક્ષાત્ જોવારૂપ ગુણયોગને લીધે ઋષિ નામથી વર્ણવ્યા છે.

વિષ્ણુ : વિભૂતિ ભૂત સર્વ વિશ્વમાં અનુપ્રવેશરૂપ ગુણયોગને લીધે અન્વર્થ વિષ્ણુ નામથી વર્ણવ્યા છે.

કૃષ્ણ : નિરતિશય આનંદરૂપ ગુણયોગને લીધે અથવા અતિ રમણીય મેઘશ્યામ અપ્રાકૃત દિવ્ય કૃષ્ણવર્ણરૂપ ગુણયોગને લીધે સાર્થક કૃષ્ણ નામથી વર્ણવ્યા છે.

ભગવાનઃ ભગ શબ્દ વાચ્ય જ્ઞાન, શક્તિ આદિક છ ગુણોના યોગને લીધે સાર્થક ભગવાન શબ્દથી વર્ણાવ્યા છે.

ઈશ્વર : સર્વ અવસ્થામાં સ્વપર સમસ્ત વસ્તુઓની વ્યવસ્થાપન

કરવાના સ્વભાવ વાળા હોવાથી સર્વના ઈશ પણે નિરૂપણ કરેલા છે.

નારાયણ શબ્દના અન્ય અર્થ એવા આપવામાં આવ્યા છે કે, नारं अयनं यस्य सः नारायण, નાર શબ્દ વાચ્ય જળનો આશ્રય કરીને રહેવારૂપ ગુણયોગને લીધે અથવા પ્રત્યેક શાખામાં પરવસ્તુના અન્ય ભવ, બહ્માદિક થકી વ્યાવૃત્તિ કરનારા અસાધારણ સાર્થક નારાયણ નામથી તેમજ નાર શબ્દ વાચ્ય ચેતનાચેતનાત્મક સમસ્ત જગતમાં અંદર બહાર વ્યાપી રહેવારૂપ ગુણયોગને લીધે નારાયણ નામથી કહ્યાં છે.

આવા દિવ્ય મંગળ નામોથી કહેલાં જે એક દેવ છે. તે સકામ નિષ્કામ સર્વકોઈ નરોએ તથા બ્રહ્મભાવાપન્ન મુક્તોએ પણ સદા ઉપાસ્ય છે. આ બધા જ નામોને સ્વામિનારાયણ ભગવાનના નામો પણ જાણવા. ગોપાળાનંદ સ્વામી કહે છે, શતાનંદ સ્વામી કૃત સ્વામિનારાયણ ભગવાનના ૧૦૮ નામો જેમા છે તેવી 'જનમંગલનામાવલી' નો એક પાઠ કરવાથી વિષ્ણુ સહસ્રનામનો એક પાઠ કર્યા બરાબર ફળ થાય છે. વિષ્ણુ સહસ્ત્રનામમાં ભગવાન ના ૧૦૦૮ નામો છે. સ્વામિનારાયણ ભગવાનનો એકાંતિક ભક્ત જ્યારે શ્રીમદ્ ભાગવત ના શ્રીકૃષ્ણ ચરિત્રો કે રામાયણના શ્રીરામના ચરિત્રોનું શ્રવણ કરતો હોય ત્યારે એવી ભાવના સાથે સાંભળે છે કે, આ બધા ચરિત્રો જે તે સમયે મારા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રીકૃષ્ણ રૂપે ને શ્રીરામ રૂપે થઈને કરેલા છે. એટલે આ બધા ચરિત્રો મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ મહાપ્રભુના જ છે. મંદિરમાં જ્યારે શ્રીકૃષ્ણ કે રામ અથવા નરનારાયણ, લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણદેવ કે વાસુદેવ નારાયણ આદિક મૂર્તિઓનું દર્શન કરે ત્યારે એવી ભાવના કરે છે કે મારા ઈષ્ટદેવ હરિકૃષ્ણ મહારાજ મને આ સ્વરૂપમાં દર્શન આપી રહ્યાં છે. ગોલોકવિહારી રાધાકૃષ્ણદેવ પણ આજે મૂળ સ્વામિનારાણ સંપ્રદાયમાં રાધાકૃષ્ણદેવની મૂર્તિમાં રહિને પ્રત્યક્ષ દર્શન આપી રહ્યાં છે અર્થાત્ મૂર્તિમાં પ્રત્યક્ષ બિરાજમાન છે. સત્સંગમાં બધા જ ધામના સ્વરૂપો પ્રત્યક્ષ બિરાજે છે. નિષ્કુળાનંદ સ્વામી લખે છે,

દિન માંહી હીંડે મારગ મળે, રાતમાંય ઘણું રડવડિયે;
તેમ પ્રગટ મૂકી પરોક્ષ ભજતાં, કહે પાર એમાં કાંઈ પડીએ ?
જેમ કોઈ ફૂલવાડીના ફૂલ મેલી, આકાશફૂલની આશા કરે;



પાર વિના પરિશ્રમ પડે, સાર થોડું જ મળે સરે.
તેમ પ્રગટ પ્રભુને પર હરી, પરોક્ષમાં કરે પ્રતીત;
તે તો પીયૂષનું તરું પરહરી, કરી છાશ પીવા ચાહે ચિત્ત.
સર્વે સિધ્ધાંતનો સિધ્ધાંત એહ જ, 'રે'વું પ્રગટ પ્રભુ પરાયણ;
મન વચન કર્મે કરી ભજવા સ્વામિનારાયણ.

'ભક્તચિંતામણી' ગ્રથમાં એક સુંદર પ્રસંગ છે. એક અબુજ વણિક બાઈને સંત અસંતની કંઈ સુજ નહોતી. તેને એક ગાફલ ગમાર ગુરુ મળ્યા, જેનો અંતરમાં કંઈક ભાર પડવાથી ૨૦ વર્ષ સુધી વૈષ્ણવમાં રહીને જીવના કલ્યાણ અર્થે બધું કાર્ય કર્યું, ભક્તિ કરી, પરંતું અંતરમાં લેશમાત્ર સુખ આવ્યું નહિ. શાંતિ મળી નહિ કે કલ્યાણની દાઝ ટળી નહિ. પછી સત્સંગમાં સમાધિ નિષ્ઠ સત્સંગી મથુરાબાઈ પાસે તે વણિક બાઈ આવ્યા અને પોતાની સઘળી વાત કરી. મથુરાબાઈ કહે, કાલે વહેલી સવારે તું અહીં આવજે.

પછી આવી બીજે દન, તેને બેસારી કરવા ભજન ॥
થઈ ધારણા ને દીઠું ધામ, જેનું ગોલોક કહેવાય નામ ॥
દીઠા ગોપ ગોપી ગાયો ઘણી, દીઠી શોભા વિરજા વનતણી ॥
દીઠા કૃષ્ણ રાધાવહુ રાણી, તેની સખીયો તે ન જાય ગણી ॥
એહ આદિ જોયું સર્વે ધામ, જોઈ પોતી છે હયાની હામ ॥
પછી આવી કહીં વાત એહ, સુણી સર્વે જને મળી તેહ ॥
કહે થઈ કૃતારથ આજ, કરી મહેર મને શ્રીમહારાજ ॥
હું તો પામી છું પરચો મોટો, સત્ય સ્વામી બીજો મત ખોટો ॥

પરોક્ષ ભગવાનની શુધ્ધ ભાવે ઉપાસના, ભક્તિ કે સેવન કરવાથી જન્માન્તરે તેનું ફળ પ્રાપ્ત થાય અને તે પણ જ્યારે આ પૃથ્વી પર પરમાત્મા પ્રગટ હોય ત્યારે જ એણે કરેલી ભક્તિ સબીજ થઈ એનું આત્યંતિક કલ્યાણ કરે. જે નિષ્કુળાનંદ સ્વામીએ કાવ્યાત્મક લખ્યું છે.

"શુધ્ધ મને જો પરોક્ષ સેવશે રે, તેનું કોઈ કાળે ફળ લે શે રે;
તે પણ જ્યારે પ્રગટ હશે હરિ રે, એની ભક્તિ માનશે સાચી કરી રે;
તે દિ' પામશે પદ નિરવાણ રે, એ પણ સમજી લે શે સુજાણ રે."

આત્યંતિક કલ્યાણ કરવું હોય તો પ્રગટ ભગવાનની પ્રાપ્તિ થવી જ

જોઈએ.

પ્રગટ વિના છે પાંપળાં, ભક્ત ફરે છે ભવમાંય,
ખરા ખાંડતા કુસકા, કણ નહિ નીસરે તે માંય.
દન્તી ગયા દાંત રહ્યાં, કેમ ભાંગે કોટ-કમાંડ ?
નિષ્કળાનંદ પરોક્ષ ભક્તિ, પ્રીછજો એહ પાડ.

''ભક્ત ચિંતામણિ ગ્રંથ કહ્યો, સત્સંગીને સુખરૂપ;
જેમાં ચરિત્ર પ્રગટનાં, અતિ પરમ પાવન અનૂપ.
બીજા ગ્રંથ બહુ જ છે, સંસ્કૃત - પાકૃત સોય;
પણ પ્રગટ ઉપાસી જનને, આ જેવો નથી બીજો કોય.
જેમાં ચરિત્ર મહારાજનાં, વળી વર્ણવ્યા વારંવાર;
વણ સંભારે સાંભરે, હરિમૂર્તિ હૈયા મોઝાર.
હરિને હરિજનના, આ ગ્રંથમાં ગુણ અપાર;
શુધ્ધ ભાવે જે સાંભળે, તે ઉતરે ભવપાર.''

એવો ગ્રંથ અનુપમ અતિ રે, જેમાં પ્રગટ પ્રભુની પ્રાપતિ રે;
પ્રગટ કલ્યાણ પ્રગટ ભજન રે, પ્રગટ આજ્ઞા પ્રગટ દર્શન રે.
પ્રગટ વાતો પ્રગટ વર્તમાન રે, પ્રગટ ભક્ત પ્રગટ ભગવાન રે;
નથી ઉધારાની એકે વાત રે, જે જે જોઈએ તે તે સાક્ષાત્ રે.
માટે પ્રગટ જોઈએ ભગવંત રે, એવું સર્વે ગ્રંથનું સિધ્ધાંત રે;
જેમ પ્રગટ રવિ હોય જ્યારે રે, જાય તમ બ્રહ્માંડનું ત્યારે રે.
તેમ પ્રગટ મળે ભગવાન રે, ત્યારે જનનું કલ્યાણ નિદાન રે;
માટે પ્રગટ ચરિત્ર સાંભળવું રે, હોય પ્રગટ ત્યાં આવી મળવું રે.
જ્યાં હોય પ્રભુ પ્રગટ પ્રમાણ રે, તિયાં જનનું સહેજે કલ્યાણ રે;
કાન પવિત્ર થાય તે વારે રે, સુણે પ્રગટના જશ ત્યારે રે.
માટે પ્રગટ પ્રભુ જો ન હોય રે, ન થાય એ નિષ્પાપ કોય રે;
જાણો પ્રગટ મૂર્તિ ભવપાજ રે, સહેજે ઉતરવાનો સમાજ રે.
જેમ સાગર તરવા નાવ રે, તે વિના નથી બીજો ઉપાય રે;
માટે કહેવા પ્રગટનાં ચરિત્ર રે, તેહ વિના ન થાય પવિત્ર રે.



સ્વયં શ્રીજીમહારાજ ગઢડા મધ્યે પ્રત્યક્ષનો મહિમા વર્ણવતા કહે છે. .......... જેવી શ્વેત દ્વિપમાં સભા છે ને જેવી ગોલોક, વૈકુંઠ લોકને વિષે સભા છે, ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું, અને સર્વ હરિભક્ત ને અતિશે પ્રકાશે યુક્ત દેખું છું. એમાં જો લગાર પણ મિથ્યા કહેતા જોઈએ, તો આ સંત સભાના સમ છે. તે સમ શા સારું ખાવા પડે છે જે, સર્વને એવું અલૌકિક પણું સમજાતું નથી અને દેખવામાં પણ આવતું નથી, તે સારું સમ ખાવા પડે છે. અને બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે જે.'જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે દ્રઢ પણે પ્રતીતિ થતી નથી.' તે શ્રુતિમાં કહ્યુ છે જે, જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યાં છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે. અને જ્યારે આવો સંત સમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મુકીને જેને પામવા હતાં તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ, તેને છતે દેહેજ પામ્યો છે. ........... (ગ.અંત્ય.૨)

મુક્તાનંદ સ્વામીએ કાફી રાગના 'પ્રગટ' મહિમા ના ચાર પદ બનાવ્યા છે. જે પૈકી એક પદ અત્રે લખું છું.

પ્રગટ કે ગુન હમ ગાવે, પ્રગટ દરશકું પાવે ...... ટેક.
પ્રગટ વિના જે ભૂત ભવિષ્ય હે, સો સુપનેમેં ન ભાવે .......... પ્રગટ.૧
જોગી જંગમ તપસી સન્યાસી, પ્રોક્ષ હી મોક્ષ બતાવે;
પ્રગટ પ્રિછ વિના પછિ હારે, કુક સકુટી ઉડાવે ......... પ્રગટ.૨
પ્રગટ ભક્તિ અરૂ પ્રગટ પ્રાપ્તિ, પ્રગટ વિના મન નાવે;
પ્રગટ મોક્ષકા પંથ બતાવે, પ્રગટ ભાવ ઉર લાવે ............ પ્રગટ.૩
પ્રગટ નવલ પ્રભુ પ્રગટ પ્રેમરસ, પ્રગટ સો ભરભર પાવે;
પ્રગટ પ્રમાણ પ્રાણજીવન પર, દાસ મુકુંદ બલજાવે ........ પ્રગટ.૪

ગોંડલ શહેરમાં ગોંડળી નદી ને કાંઠે શ્રીહરિ સભા ભરીને બિરાજ્યા હતા. ત્યાંના રાજા જાડેજા ક્ષત્રિય હઠીભાઈ તેઓ સભામાં સત્સંગનો લાભ લેવા આવ્યા, ત્યારે શ્રીહરિએ સંતો પાસે વાજિંત્રો સાથે કીર્તન ગવડાવ્યા.

ત્યારે મુક્તાનંદમુનિ અને દેવાનંદમુનિ સરોદો વગાડવા લાગ્યા. પ્રેમાનંદમનિ દુકડ, જ્ઞાનાનંદમુનિ સિતાર વગાડવા લાગ્યા. મુક્તમુનિએ ''નયન ભર કબ દેખું'' એ કલ્યાણ રાગના પાંચ પદ ગાયા. શ્રીહરિ રાજી થયા. પછી કાફી રાગના ''લગન લગી હૈ મૂર્તિ માધુરિસે'' એ પદ ગાયા અને બીજા ચાર પ્રગટનો મહિમા દર્શાવતા પદો ગાયા. જેમાનું એક પદ અત્રે લખ્યું. જેનો ભાવ એવો છે કે, અમે તો પ્રગટનાં જ ગુણ ગાઈએ અને દર્શન કરીએ. તે વિના બીજું સ્વપ્નમાં પણ ભાવતું નથી, જોગી, તપસ્વી, પરોક્ષ ભગવાન બતાવે છે. પણ પ્રગટની ઓળખાણ વિના કુશકા ખાંડવા બરોબર છે. પ્રગટ જળ વિના તરસ બુઝાય નહીં અને પ્રગટ સૂર્ય વિના ચિતરેલા કરોડો સૂર્યથી પણ રાત્રિનો અંધકાર નાશ પામે નહીં. સ્વપ્નમાં પંચામૃત ભોજન જમે અને રાજી થાય પણ જાગે ત્યારે ભૂખ્યો જ હોય, તેમ પ્રભુ વિના સાધકનું ચિત્ત પરોક્ષમાં ક્યાંય ઠરે નહી. સાચા સદગુરુ વિના સત્ય વાતની રાહ જડે નહીં. આવા અર્થના પદો સાંભળીને રાજા આશ્ચર્ય પામ્યા. શ્રીહરિને પ્રગટ પ્રભુ માની બોલ્યા કે હવે મારા મનમાં ફાવે તેવા વિઘ્નો આવે તો પણ શ્રીહરિરુપી ચિંતામણિ મૂકીને બીજાનો ક્યારેય ખપ રાખીશ નહિ. તમે મળતાં હવે મારે કાંઈ બાકી રહ્યું નથી. તમે કહો તેમ કરું ત્યારે શ્રીહરિએ કહ્યું કે, મુક્તમુનિએ કહેલી વાત યાદ રાખજો. સંતના ને અમારા જે દર્શન થયા છે તે સંભારજો એટલું જ મોક્ષનું મૂળ છે. પછી શ્રીહરિએ આગળ થોડી સત્સંગ લક્ષી મહિમાની વાત કરી. અમદાવાદ ગાદીના આદિઆચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજના બનાવેલા કીર્તનના ચાર પદ પૈકી પ્રગટનો મહિમા વર્ણવતું એક પદ અત્રે લખું છું.

● ● ●

નરનારાયણ સ્વમિનારાયણ, ભજમન પ્રગટ બિરાજે હરિ, ... ટેક.
અક્ષર પર પુરુષોત્તમ સ્વામી, મનુષ્ય દેહ ધરિ આયે હરિ ;
જે હિ જન આઈ લે હે ઈનશરનો, તિન કે પાપ સબજાત જરિ ... નર.૧
કોટી કોટી ભવ ભટકત બિતે, નરક ચોરાસી નાહીં ટરી;
પ્રગટ નીર બીનું પ્યાસ ન જાવે, તેંસે પ્રોક્ષજીય ભજન કરી ... નર.૨
જનમ મરન કો ત્રાસ હૈ ભારી, પ્રગટ વિના કહો કૈસે તરી;
ફૂટી આંખ્ય અંધ ગુરુ કરિ કે, ભવ ભટકત જીવ જાત મરી ... નર.૩



પ્રગટ પ્રતાપ ભયો અવની પર, આંખ્ય અસુનના ઉઘરી;
અવધ પ્રસાદ પરમ પદ પાવે, સહજાનંદ પદ કમલ પરી ... નર.૪

શ્રીજીમહારાજ પોતાના ભક્તને ધ્યાન, ભજન, ઉપાસના તથા સેવા-પૂજા માટે મૂર્તિસ્વરૂપે પ્રગટ છે. મુમુક્ષુને દીક્ષા માટે, ધર્મ રક્ષણ માટે તથા શુધ્ધિ માટે આચાર્ય સ્વરૂપે પ્રગટ છે, ઉપદેશ દેવા માટે સત્પુરુષ- સંત રૂપે પ્રગટ છે. આશ્રિતના આચરણ માટે શિક્ષાપત્રી વાણી સ્વરૂપે તથા સત્સંગિ જીવન, વચનામૃત આદિક સચ્છાસ્ત્ર સ્વરૂપે કાયમ માટે પોતાના વચન દ્વારે પ્રગટ છે. એ ચારેય સ્વરૂપનો સંયુક્ત રીતે સમ્યક પ્રકારે આશ્રય કરે તેનું આત્યંતિક કલ્યાણ થાય એવી પોતે યોજના કરી છે. સ.ગુ.બ્રહ્માનંદ સ્વામી કહે છે કે. ''આ ભવપાર ઉતારે હરિ કે હરિના દાસ'' વચનામૃત વ.૧૯માં સ્વામિનારાયણ ભગવાન કહે છે કે, ''આ જીવને જ્યારે ભરતખંડમાં મનુષ્ય જન્મ આવે છે ત્યારે ભગવાન કે ભગવાનના સંત જરુર વિચરતા હોય છે. તેની જો સત્સંગે કરીને ઓળખાણ થાય તો એ જીવ ભક્ત થાય છે. ને માયાને તરી જાય છે.'' એટલે આ ભરતખંડની ભૂમિ સબીજ છે. ત્યાં પ્રગટ ભગવાન કે ભગવાનના મુક્તો જરુર વિચરતા હોય છે. એમનું ધ્યેય નિષ્કારણ દયાથી જીવમાત્રને અભયદાન આપવાનું હોય છે. આ ઉપરથી ફલીત થાય છે કે જીવોના આત્યંતિક કલ્યાણ માટે પ્રગટ ભગવાન કે સંતની જરુર પડે છે. પરોક્ષથી કાર્યસિધ્ધિ થતી નથી. સ.ગુ. મુક્તાનંદ સ્વામી કહે છે કે :

''પરોક્ષથી ભવતણો પાર આવે નહીં વેદ વેદાંત કહે સત્ય વાણી'' વળી,
''પ્રગટને ભજી ભજી પાર પામ્યાં ઘણાં ગીધ ગુણીકા કપિવૃંદ કોટી
વૃજ તણી નાર વ્યભિચાર ભાવે તરિ પ્રગટ ઉપાસના સૌથી મોટી.''

કેવળ પાકશાસ્ત્ર પારાયણથી કોઈની ભૂખ ભાંગે નહીં, પણ થોડું પ્રગટ અન્ન આરોગે તો ભૂખ જાય. તેમ આત્યાંતિક મોક્ષ માટે અનિવાર્ય રીતે પ્રગટ પરમાત્મા કે એનાં મુક્ત પુરૂષોની હાજરીની જરૂર પડે છે. પ્રગટ પરમાત્માને ઓળખ્યા સિવાય કરેલા સાધનો સંપૂર્ણ રીતે આત્યંતિક મોક્ષપ્રદ બનતા નથી. શ્રીજીમહારાજે અંતિમ સંદેશામાં પોતાનું પ્રગટ પણું સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે જે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ભ.ચિ.ગ્રંથ. પ્ર.૧૬૦ માં લખ્યું છે.

હું રહીશ વડતાલ ત્યાંઇ રે, ભક્તિ ધર્મ શ્રીહરિકૃષ્ણમાંહિ રે ॥

વળી અમદાવાદમાં વાસે રે, રહીશ નરનારાયણ પાસે રે ॥
ગોપીનાથ ગઢડામાં આંહિ રે, હું સદા રહીશ તે માંહિ રે ॥
બીજા મંદિર મૂર્તિમાં રે રે, તેમાં રહીશ હું સર્વ પ્રકારે રે ॥
તેહ મૂર્તિને મુજમાંઈ રે, તમે ભેદ જાણશોમાં કાંઇ રે ॥
એમ જાણીને સેવા કરજ્યો રે, પૂજા કરીને થાળ ધરજ્યો રે ॥
વળી ધર્મવંશી દ્વિજ દ્વારે રે, અવધ પ્રસાદને ને રઘુવીર રે ॥
એહ દત્ત પુત્ર છે અમારા રે, તેને કર્યા છે ગુરુ તમારા રે ॥
તેને માનજ્યો સુજાણ રે, રહેજ્યો શિક્ષાપત્રીને પ્રમાણ રે ॥

શુભ આચરણ કરતો હોય પણ પ્રગટ હરિનો નિશ્ચય ન હોય તો તે શુભ યોનીને પામે પણ જન્મ મરણથી છૂટે નહિ, માટે પ્રગટ હરિનો નિશ્ચય તે મુખ્ય શુભ માર્ગ છે. જ્યારે જે રૂપે હરિ પ્રગટ હોય તેને પ્રગટ હરિ જાણવા. ફરીથી ભગવાન પ્રગટ થાય ત્યાં સુધી તે પ્રગટ કહેવાય છે. ને આચાર્ય, સંત, હરિભક્ત દ્વારા જગતનો ઉધ્ધાર કરવા સમર્થ છે. એમ વાત કરતા શ્રીહરિ સત્સંગમાં ફરતા. સ.ગુ.નિર્ગુણદાસજી સ્વામી એ પ્રગટના મહિમાની ઘણી વાતો લખી છે. એ પૈકી એક વાત લખું છું. રાણા રાજગર ના પિતા જગન્નાથથી દંડવત કરતા દ્વારિકા આવ્યા. રાણાને તેના ગામ જઈને રામાનંદ સ્વામી એ કહ્યું કે પ્રગટ ભગવાન મળ્યા વિના કલ્યાણ થાય નહિ. તે કહે કે, આજે કળિયુગમાં પ્રગટ ક્યાથી હોય ? સ્વામીએ કહ્યું, તમે અમને નથી માનતા પણ તમારા પુત્ર અમારા ભક્ત છે તે તમારું કલ્યાણ કરશે, તેના ચારે પુત્ર ભક્ત થયા.

જ્યારે રાઘવને તેની માતા સાધુ થવાથી રજા નહોતી આપતી ત્યારે રાણે કહ્યું કે રાઘવને તું સાધુ થવા દે અને હું તારી સેવા કરીશ. એટલે તે રાઘવાનંદ સ્વામી નામે સાધુ થયા. પછી રાણા દેહ મૂકવા તૈયાર થયા ત્યારે ડોશી બોલ્યા કે રાણા તમે કહેતા હતાં કે હું તારી ખબર રાખીશ અને તમે તો દેહત્યાગ કરવા તૈયાર થયા છો ? ત્યારે રાણાએ કહ્યું કે, મારા બારમાને દિવસે હું તને લઈ જઈશ. મારા બારમાને દિવસે નાત જમે ત્યારે ઉભી થઈને તું કહેજે કે, આજ અરધી રાત્રિએ દેહ મૂકીશ ને રાણો મને તેડી જશે. માટે રાણાના બારમા સાથે મારું પણ બારમુ જાણજો. એમ કહેજે. અને હું આજ



અરધી રાત્રિએ દેહ મૂકીશ. પછી અરધી રાત્રિએ રાણો બોલ્યો કે ,જેને ધામમાં આવવું હોય તેને લઈ જઉ. હું મહારાજ સાથે જાઉ છું. પણ કોઇ ગયું નહિ. રાણો ભત્રીજાને તેડી ગયો. પછી રાણાના બારમાના દિવસે નાત જમવા બેઠી. ત્યારે ડોશી બોલી, પણ તે સાંભળી ખલ પુરુષો બોલ્યા કે અલ્યા, ડોશી તો ભીષ્મપિતામહ જેવી છે. ને કહે છે કે, હું અરધી રાત્રિએ દેહ મૂકીશ. પણ એ વાત સત્ય થઈ.

મુક્તાનંદ સ્વામી પ્રગટના શરણનો ખૂબ મહિમા લખીને છેલ્લી પંક્તિમાં લખે છે.

प्रगटरूप परब्रह्म हे, वासुदेव सुखधाम ।
मुक्त कहे ताकुं भजे, तब ही सरे सब काम ॥
मुक्त प्रगट के शरण बिन, घरघर भेख अपार ।
साधन कर कर मरत हे, लहत न भवजळ पार ॥
मुक्त प्रगट के शरण बिन, ज्ञानी बनत गमार ।
श्रुति पुराण सद्ग्रंथकी, तोरत पाज लबार ॥

મુક્તાનંદ સ્વામી કહે છે કે, સુખના નિધિ એવા પરબ્રહ્મ વાસુદેવ અર્થાત્ શ્રીસ્વામિનારાયણ પ્રગટ છે. તેમને ભજવાથી બધું કામ સરે છે. તેમની શરણાગતિ વિનાના ઘેરોઘેર અપાર ભેખધારી સાધન કરી કરીને મરી જાય છે, પરંતું ભવજળનો પાર પામતા નથી. પ્રગટ મંગળ રૂપ શ્રીહરિની શરણાગતિ વિના જ્ઞાની ગમાર બનીને શ્રુતિ પુરાણ સદગ્રંથોની પાળ અર્થાત્ મર્યાદા તોડે છે જેઓને સ્વામીએ લબાડ કહ્યાં છે.

શ્રીજી મહારાજને એક જ ધ્યેય હતું કે આ સમયે અનંત જીવને પોતાને શરણે લઈ તેને તારવા છે. માટે મહારાજે સામર્થી જણાવીને પર સ્ત્રી ગમન કરનારા, દારૂ-માંસનું ભક્ષણ કરનારા, ચોરી કરનારા, બીજાના પ્રાણ હરનારા, લોભ, લંપટી, કામી એવા પાપી જે કોઇ સ્ત્રી કે પુરુષોને પંચવર્તમાન ધરાવી પોતાના શરણે લઇ ભવજળ પાર પમાડી દીધા. અનેક જીવાત્માઓને સ્વર્ગ, કૈલાસ, વૈકુંઠ, શ્વેતદ્વિપ, ગોલોક, અક્ષર આદિક ધામમાં સમાધિ કરાવીને મોકલ્યા. આવા જીવાત્માઓ શ્રીહરિની ઈચ્છાથી સમાધિમાથી પાછા પોતાના દેહમાં આવી તે લોકમાં કેવું સુખ છે તેનું વર્ણન કરતા કહેતા કે, દરેક લોકના

અધિપતિ પ્રગટ શ્રીસ્વામિનારાયણ ભગવાન અક્ષરાધિપતિ ની સ્તુતિ પ્રાર્થના કરે છે. આવા પુણ્યશાળી મનુષ્યો અનેક ધામનું દર્શન કરીને પોતાને પૂર્ણ કામ માનતા. તથા પ્રગટ શ્રીસહજાનંદ મહાપ્રભુનું ભજન કરતા. શ્રીહરિની ઈચ્છાથી ઘણાં મનુષ્યો સમગ્ર બ્રહ્માંડ દેખતા, પારકું તથા પોતાનું શરીર, મન, બુધ્ધિ, ચિત્ત, અહંકાર, પ્રાણ તથા ઈન્દ્રિયોના સમૂહને દેખતા. પારકા તથા પોતાના શુભ-અશુભ ઘાટ-સંકલ્પ જાણી જતા. શ્રીહરિ પોતાના શરણે આવેલા મનુષ્યોને આવી રીતે સમાધિ તથા નિરાવરણ દ્રષ્ટિ વગેરેનું દુર્લભ સુખ આપતા. જ્યારે કોઇ મનુષ્ય શ્રીહરિના પ્રતાપથી સમાધિમાં જાય ત્યારે તેની કસોટી કરવાવાળા લોકો તેના શરીર પર અંગારા મૂકે કે શરીરને કાપે-ઈજા પહોંચાડે તો પણ સમાધિમાં ગયેલા કોઇને પીડા થતી નહિ. શ્રીહરિની ઈચ્છા મુજબ જેને જેટલો સમય શ્રીહરિ સમાધિમાં રાખે તેટલો સમય ભક્તો સમાધિમાં રહેતા. જેનાથી તેવા મનુષ્યોને પાકો નિશ્ચય થતો કે પરાત્પર જે પૂરણ બ્રહ્મ છે, જેને નિગમ નેતિ નેતિ કહે છે, સર્વ કારણના કારણ છે. સર્વ અવતારના અવતારી છે. સર્વ ધામના ધામી છે. તેમણે આજે મનુષ્ય શરીર ધારણ કર્યું છે. અને તે જ આ સહજાનંદ સુખકારી છે કે જેની ચન્દ્ર, સૂર્ય, બ્રહ્મા, ઈન્દ્ર, શેષ, મહેશ, ગણેશ, પૃથ્વી, વરુણ, અગ્નિ, પવન, દિગ્પાલ, કાળ, માયા વગેરે અનેક મોટા મોટાઓ એક પણ આજ્ઞા લોપતા નથી. આવા પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણ ભગવાનના મહિમા તથા ઐશ્વર્ય, પ્રતાપની વાતો દેશો દેશમાં થવા લાગી. ઘરોઘર ભગવાનના અનુભવ સિધ્ધગુણો ગવાવા લાગ્યા. શ્રીહરિની અર્ચા, પૂજા, આરતી, સ્તવન, પ્રાર્થના થવા લાગી. શ્રીહરિની મોર મુગટ, પુષ્પની માળા, છત્ર, ચમર, વગેરે ઉપચારોથી પૂજા થવા લાગી. કોઇ પરોક્ષ વાત નહીં, બધુ પ્રગટ પ્રમાણ.

પૂજા પ્રગટ, પ્રગટ ભજન, કરે નરનારી બહુ ભજન ।
નિઃસંશય થઇ નરનાર, ભજે પ્રગટ પ્રમાણ આધાર ॥

આવું ભજન કરનારનું દીનબંધુ, સુખસિંધુ, દયાળુ, કૃપાળુ સહજાનંદ મહાપ્રભુ તમામ પ્રકારનું દુઃખ હરવા લાગ્યા. કામ, ક્રોધ, લોભ, મોહ જેવા મહાબળવાન અંતઃશત્રુઓ કે જે જીવને અનાદિ કાળથી નડે છે, તેમાથી પોતાના આશ્રિતોને મુકત કરી પોતાના ચરણમાં દ્રઢ પ્રીતિ કરાવી અનંત



જીવનો ઉધ્ધાર કર્યો. ભવસાગર પાર ઉતાર્યા. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, સ્ત્રી કે પુરુષ શરણે આવેલા હર કોઈને અંતઃકાળે ભગવાન તેડવા આવે, તેમને સુખરૂપ એવા પોતાના અક્ષરધામમાં લઇ જાય. કોઇ વાયદાની વાત ન રહી. શ્રીહરિનું દર્શન કરીને સહું કહેવા લાગ્યા કે, ''મને ભગવાન સાક્ષાત્ મળ્યા''. બીજા મતપંથમાં જે મુમુક્ષુ જીવ હતાં તે પણ પ્રગટ પ્રભુ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુને શોધતા તેમના શરણે આવવા લાગ્યા. શ્રીસ્વામિનારાયણ ભગવાનનું બળસૌએ એવું અનભવ્યું કે પછી કોઇ આશ્રિતને ક્ષુદ્ર દેવ, ભૈરવ, પીર, વૈતાળ, વીર, મંત્ર, જંત્ર, મુઠ, ચોટ, કામણ, ભૂત, પ્રેત, પિતૃગણ કોઈની બીક ન રહી. પ્રગટ પ્રભુ મળ્યા એટલે બધી શંકા શમી ગઇ. અંતરમાં અન્ય કોઈનો ભાર ન રહ્યો. હરિભક્તોએ કાળ, માયા પર ડંકા દીધા. સમગ્ર ગુજરાતમાં વાત પ્રસરી ગઇ. અપાર પરચા થવા લાગ્યા. કોણ અવો ગમાર હોય કે પ્રત્યક્ષ પરચા ન માને ? જ્યારે સત્સંગી દેહ મુકે ત્યારે શ્રીહરિ તેડવા આવે છે. જ્યારે વિમુખ મરે ત્યારે 'હાય-હાય' કરતા મુઆ પછી જમપુરી (નર્ક) માં જાય છે. આવી જીવાત્માની બે પ્રકારની ગતિ જોઇને સહુ મુમુક્ષુજનો સુખનિધિ સહજાનંદ સ્વામીનું ભજન કરે છે અને કહે છે કે, પ્રગટ પ્રભુ વિના અંધારું છે.

ભગવાને અનંત જીવનું કલ્યાણ કરીને પછી અંતરમાં વિચાર્યું કે હું જ્યારે આ પૃથ્વી પર નહિ હોઉ ત્યારે મારા આશ્રિતજનો નિશ્ચે આલંબન વિનાના થઇ જશે. માટ તેઓનું આલંબન કરવા તથા હવે પછી જે ભવિષ્યમાં મુમુક્ષુજનો થશે તેનું કલ્યાણ કરવા મંદિરો કરી તેમાં મૂર્તિઓ બેસારું તથા મારું ગુરુપણું ધર્મકુળમાં સ્થાપું. પછી આપણે સૌ જાણીએ છીએ તેમ મહારાજે મંદિરોમાં મૂર્તિઓ બેસારી તેમજ આચાર્ય સ્થાપ્યા. મૂર્તિ દ્વારે ઐશ્વર્ય જણાવ્યું. સમાધિ કરાવી પરચા પૂર્યા. શ્રીહરિની અનંત લીલા છે. ચરિત્રો, સામર્થી, પ્રતાપ, પરચા, મહિમા, મોટપ્ય, ગુણ બધું અપાર છે. પંખી આકાશના પારને પામતા નથી. તેમ શ્રીજીમહારાજના ચરિત્રો અપાર હોવાથી કોઇ કવિથી લખી શકાય તેમ નથી. આટલું લખ્યા પછી દરેકને મહારાજનું પ્રગટપણું ક્યાં છે તે નિશ્ચિત થઇ ગયું. તો હવે ડુપ્લીકેટ - આભાસી વિમુખ પરંપરામાં ક્યાંય પ્રગટપણું શોધવું નહીં.નહિ તો પસ્તાવુ પડશે. એવી પરંપરાને શાસ્ત્રોનો ક્યાંય

આધાર નથી. અહીં તો શ્રીહરિનું વચન છે. પૂર્વના પાપ નડતા હોય તેવા જીવાત્માઓ આખી જીંદગી ફાંફા મારે તો પણ સાચી રીતે, પરંપરા શ્રીહરિની આજ્ઞાની કંઇ ગતાગમ પડતી નથી. ઉપાસના પણ કેટલી ગોબરી ! સ્વામિનારાયણીય સાધુઓના કપડાંમાં ફરતા વિમુખોને સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણની સાથે બેસાડીને તે બધાને માને છે, પૂજે છે. સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવેલી ઉપાસના, આજ્ઞા, પરંપરા આ બધી ખૂબ અગત્યની સાચી રીત સમજવી હોય તો મૂળ સંપ્રદાયના મંદિરોમાંથી મળતા શાસ્ત્રોનો અભ્યાસ કરવો પડે. ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની સહી- સિક્કા- આજ્ઞા વિનાનું, ગમે તે વિમુખ સંસ્થાનું સાહિત્ય લઇને વાંચીએ તો જીવને અવળી સમજણ થવાથી કલ્યાણનો સાચો માર્ગ ન પકડી શકે.

શ્રીહરિ પાર્ષદોને કહે, અમે નાની ઉંમરમાં સાત-આઠ વર્ષ સુધી વનમાં ગજ અને સિંહો ભેગા ફરતા પણ ક્યારેય ડર લાગ્યો નથી. ત્યારે જોબનપગી બોલ્યા કે તમે તો ભગવાન છો તેથી શાનો ડર લાગે ? અનંત કોટી બ્રહ્માંડના પ્રાણિમાત્ર, દેવ, અદેવ, ભૂત, મનુષ્ય, પશુ, પંખી, જીવ, જંતુ સૌ તમારે વશ છે.

સ.ગુ.આધારાનંદ સ્વામી લખે છે, શ્રીહરિનું બંધન મોક્ષરૂપ છે, કર્મનું બંધન ઝેરરૂપ છે. જ્યાં સુધી શ્રીહરિનું શરણું ન લે ત્યાં સુધી કર્મ બંધન ટળે નહિ. જળ, વસ્ત્ર, ભૂમિ, તે શ્રીહરિએ જ આપેલું છે. શ્વાસ પણ તેજ વહન કરાવે છે. નેત્રમાં મટકું મરાવનારા પણ તેજ છે. હાથ-પગ પણ તેજ ચલાવે છે. પ્રત્યક્ષ શ્રીહરિનું જ્ઞાન છે તે લાખ અનુભવ સમાન છે. તેના પ્રતાપથી જનોનું અજ્ઞાન ટળે છે. પ્રત્યક્ષ શ્રીહરિના વચન અમૃત અને સંજીવની વિદ્યા છે. તેને જે ધારણ કરે તેનું અસાધ્ય અજ્ઞાન ટળે છે. જીવને અસાધ્ય એવો કામનો રોગ છે તે શ્રીહરિ ભજ્યામાં વિઘ્ન કરે છે. અને શ્રીહરિમાં સ્નેહ થવા દેતો નથી, તેમ સમજી જ્ઞાનરૂપી ખડગથી શ્રીહરિએ તેને માર્યો. પાતાળથી પુરુષ પ્રકૃતિ પર્યંત જીવોને કામે વિફળ કર્યા છે. દેવ અને ઋષિઓ પણ ક્યારેક વિફળ થયા છે. તેમનો મહિમા રાખીને શ્રીહરિએ કામનું એવું અપમાન કર્યું કે જેવું ક્યારેય થયું ન હતું. જ્યાં જ્યાં સ્થાવર જંગમમાં જીવ સંબંધ બાંધે છે, ત્યાં સર્વત્ર કામનું બીજ હોય છે. તે કામનું જોર આ વખતે તોડી નાખ્યું અને નિયમરૂપી કોટમાં રાખી સંત હરિભક્તોની શ્રીહરિએ કામથી રક્ષા કરી. નિયમમાં વર્તતા ત્યાગી



ગૃહિને કામ ક્યારેય પરાભવ કરી શકતો નથી. બાકીના જે વર્ણ અને આશ્રમના મનુષ્યોને તો કામે જીતી લીધા છે. કોટ અને રખેવાળ બન્ને હોય તો ફૂલવાડી થાય અને ફળ આપે. એમ નિયમરૂપી કોટ અને શ્રીહરિ રખેવાળ બંને હોય તો સત્સંગરૂપી ફૂલવાડીમાં મોક્ષ ફળ થાય છે.

ભાગવતમાં ઠેર ઠેર કહ્યું છે કે, વિમુખ વિપ્ર કરતા અત્યંજ હરિભક્ત મોટો છે, કારણ કે તેને ભવભટકણ મટી જાય છે. પશુ, પંખી, તરુ, તૃણ, સરોવર, સરિતા, લતા, જળજંતુ, એ બધા ભગવાનને સંબંધે કરીને ધન્યભાગ્ય ગણાયા છે. પણ ભગવાનના સંબંધ વિનાનો વિદ્વાન વિપ્ર કર્મકાંડમાં કુશળ હોય, જપ, તપ, વ્રત, તીર્થ વગેરે કરતો હોય તો પણ મોક્ષનો અધિકાર નથી, એમ વેદપુરાણનો સિધ્ધાંત છે. ભગવાનનો સંબંધ રાખીને જે સાધન થાય તેજ મોક્ષ આપી શકે છે. પ્રગટના સંબંધનો મહિમા વારંવાર ભારે લખ્યો છે. અઢાર ભાર વનસ્પતિ છે તેના કોઇ પાંદડાં ગણે, કોઇ વરસાદના ટીપાં ગણે, કોઇ પૃથ્વીના રજકણો ગણે, પણ ભગવાનના ચરિત્રોનું વર્ણન થઇ શકે નહિ. જીવમાં જે અનંત પ્રકારના અવ્યક્ત બીજ રહ્યાં છે તે પણ શ્રીહરિના માયિક જેવા ચરિત્રને પણ દિવ્ય સમજે અને શ્રીહરિને અગ્નિ તથા બ્રહ્મ સમાન જાણે તો નષ્ટ થાય તે વિના બને નહિ, સત્સંગ એ શ્રીહરિનો દેહ છે. શ્રીહરિના સંબંધમાં આવેલા સંત, હરિભક્ત, પ્રતિમા, ધામ, તીર્થ, તરુ, પશુ, પાષાણ, પંખી, વસ્ત્ર, આભૂષણ, કેસર, ચંદન, ભોજન, પત્ર, પુષ્પ, મૂળ, કંદ ઈત્યાદિ બધી જ વસ્તુઓ અમાયિક થાય છે. શ્રીહરિની સેવામાં જે એકવાર આવ્યા તથા જેમણે દર્શન કર્યા એવા અગણિત જનાને વસ્ત્ર, હાર, પોશાક, વગેરે પ્રસાદી પ્રાપ્ત થઇ, તેની સ્મૃતિ અંતકાળે થાય તો પાપ બળી જાય. શ્રીહરિના પ્રતાપનું માપ નથી. તેના પ્રતાપને જે કવિ માપે તે મૂર્ખ કહેવાય. માયિક જનોને નિર્ભય કરવા શ્રીહરિ માયિક વસ્તુ ગ્રહણ કરે છે, કારણ કે પોતે નિર્ગુણ અને અમાયિક હોવાથી પોતાના સંબંધને પામેલી વસ્તુઓ પણ તેવી થઇ જાય છે. પશું, પંખી, સ્થાવર, જંગમ, વન, પર્વત, ભગવાનના સંબંધથી નિર્ગુણ થાય છે.

ગમે તેટલા પાપ હોય પણ ભગવાનનું શરણ લે તો પળમાં નાશ પામી જાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીહરિની શરણાગતિની

વિધિસર બેવડી કંઠી ધારણ કરવી એ શ્રીહરિની શરણા ગતિનું પ્રતિક છે. ભગવાનને શરણે જઈને જે જાણીને પાપ કરે તે છુટતો નથી. તેનું તો અધિક પ્રાયશ્ચિત કરવું પડે છે. ભગવાન ભક્તનું સુખ દેખીને અવતાર ધરતા નથી પણ દુઃખ દેખીને ધરે છે. સમગ્ર બ્રહ્માંડ કાળનું ચવાણું છે. નિરન્ન મુક્તો અખંડ ભગવાનનું ધ્યાન કરે છે. તેથી કાળ તેમનાથી ડરે છે, કારણ કે કાળ ભગવાનને આધીન છે. કાળ, માયા, પુરુષ, શિવ, બ્રહ્મા, વિષ્ણું, યમરાજ વગેરે ભગવાનને આધીન છે ને તેમની કળારૂપ છે. ભગવાનની આજ્ઞા પ્રમાણે પોતપોતાનું કામ કરે છે. ભગવાનની તે સહાયની અપેક્ષા રાખે છે. જાણે અજાણે પાપ થાય તે શ્રીહરિના સંબંધે કરીને નષ્ટ થાય છે. કર્મનું બંધન વજ્રથી પણ અધિક દ્રઢ છે. મનમુખી માણસ ફાવે તેટલા કઠણ સાધન કરે, અન્ન જળનો ત્યાગ કરે, કોટિ યજ્ઞ અને ગૌદાન કરે, આખી પૃથ્વીનું દાન દે, તો પણ ભગવાનના સંબંધ વિના કર્મ બંધનથી છૂટી શકતો નથી. શ્રીહરિના સંબંધે કરીને જે કરે છે તેનું ફળ અનંતગણું મળે છે. જેને પ્રગટ શ્રીહરિનો જેટલો નિશ્ચય હોત તેટલો તે વચનમાં વર્તી શકે. ભગવાન ચિંતામણિ સમાન છે. તેથી તેમના પ્રત્યે જેવો ભાવ રાખે તેવું ફળ મળે છે.

શ્રીહરિએ અમદાવાદની ચોરાશી કરી, ત્યારે સન્મતિ વાળા વિપ્રો શ્રીહરિને કહે, આપ તો ભગવાન છો તે આ ચોરાશી કરી તે પરથી અમે જાણ્યું. શ્રીનગરની ચોરાશી કરવાની કોઈ હામ ભીડતું નથી. તમે તો એક પહોરમાં સામાન ભેગો કરી દીધો. તમે ધન તો રાખતા રખાવતા નથી. કરોડપતિ શાહુકારોએ ચોરાશી કરી નથી, પણ લોભના માર્યા ભેગું કર્યા કરે છે. ચોરાશી કર્યા વિના ચોરાશીમાં ભટકે છે. તમે તો ચોરાશી મટાડનારા છો, છતાંય ઘણી ચોરાશી અને યજ્ઞ કર્યા. કેટલાય વ્રિપોને કન્યાદાન તથા ઉપવીત દેવડાવ્યા. કેટલાયને અન્ન વસ્ત્ર વાહનના દાન આપ્યા છે. તમારા સમાન કોઈ ત્યાગી નથી. અપાર ધન વાહન મળે છે છતાં નિર્લેપ રહો છો. ઘણાને એવું જણાય છે, એવું બોલે છે કે, સ્વામિનારાયણ ભગવાન તો શ્રીકૃષ્ણના ભક્ત છે. આ વાત સાચી નથી. ઘણીવાર શાસ્ત્રો પોતાની મેળે સમજાતા નથી. શાસ્ત્રોના રહસ્યને યથાર્થ રીતે સમજવા માટે સદ્‌ગુરુની આવશ્યકતા રહે છે. ભગવાન જ્યારે પ્રગટ



થાય છે ત્યારે તે પરોક્ષપણે પોતાનો મહિમા કહે છે. પ્રત્યક્ષ પોતાનો મહિમા કહેતા નથી. ઘણીવાર પોતામાં ભક્તપણું દેખાડે છે, એમ બોલવાની મોટાની રીત છે. નીચ હોય તેજ પોતાના મુખે પોતાના વખાણ કરે છે. ભૂવા ધુણે છે ત્યારે હું દેવી છું એમ કહે છે. મૂર્ખ લોકો તેને સાચી દેવી માને છે. તેમ હું ભગવાન છું એમ કહેનારા કેટલાક લોકોને મૂર્ખ લોકો ભગવાન માને છે. ભગવાનના પ્રતાપનો તથા ગુણનો પાર નથી. તે તો તેમના ગુણ અને પ્રતાપથી જ ઓળખાય છે. સાચા સંતોના સમાગમથી પણ તેમની ઓળખાણ થાય છે.

શ્રીહરિ કહે જે અદેવ છે તે ભગવાનની મૂર્તિને નમતા નથી. અને બીજા દેવોમાં નિષ્ઠા બાંધીને તેનો અપાર મહિમા સમજી તેને માટે ઘણુંક ધન ખર્ચે છે, પણ એકડા વિનાના મીંડા જેવું તથા લવણ વિનાના વ્યંજન જેવું તે બધું થાય છે. બધાય રસમાત્ર અને સુખમાત્ર ભગવાનની મૂર્તિમાં જ રહેલાં છે. તેને તજીને બીજે સુખ માનનારા અમૃત તજીને ઝેર ખાય છે. ભગવાનના સંબંધ વિનાના ત્યાગ, વૈરાગ્ય આદિ ગુણ પણ આત્યંતિક સુખનું કારણ થતા નથી. ગમે તેવો ત્યાગ, વૈરાગ્ય રાખતો હોય તથા અન્નજળનો ત્યાગ રાખતો હોય પણ મનુષ્ય ભગવાનની વિમુખ થઈને જો મુખ્યપણે વર્તતો હોય તો તે નરકને પામે છે. જેમાં ભગવાનનું મુખ્યપણું છે, એવી ઉપાસના સુખદાયી છે. જે સંત-હરિભક્તોને પ્રગટ ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેઓ વૈષ્ણવોથી અધિક છે. હરિભક્તની ભક્તિ ધર્મસહિત છે. તેમાંથી અક્ષરધામરૂપી ફળ મળે છે. ભગવાન હોય ત્યાં ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય રહેલાં છે. શ્રીહરિની વાત વિના બીજી કોઈ પણ વાત ફાવે તેવી હોય તો પણ કાંઈ નથી. નિત્ય દસ કરોડ સોના મહોર મળે એવી વાત કોઈ હોય તો પણ તેથી ભવબંધન છુટે નહિ. ભગવાન પ્રગટ થઈને ચરિત્ર કરે છે તે ચરિત્રો પણ ભગવાનના સમાન છે. ચરિત્ર ક્યારેય પરોક્ષ થતા નથી. ચરિત્રને પરોક્ષ જાણે તેનો મોક્ષ થાય નહિ. ભગવાનના ચરિત્રોને જેવા જાણે છે તેવો થાય છે. દિવ્ય જાણે તો દિવ્ય થાય છે. શ્રીહરિની વાતમાં બધા શાસ્ત્ર રહેલાં છે. શુભ વાતો બધી શ્રીહરિમાં રહેલી છે. પ્રગટ શ્રીહરિની વાત મોક્ષના દ્વારરૂપ છે એમ જાણે તેનું હિત થાય છે.

પિંગલા નામે વેશ્યા, યવન, ગીધ, કંક, વાનર વગેરેનો ભગવાન ને સત્પુરુષના યોગથી ઉધ્ધાર થયો. સૂર્ય ઉદય થાય ત્યારે ઓળખાવવાની જરૂર નથી, પણ ઉલૂકને સૂર્યના પ્રતાપની ખબર પડે નહિ. તેમ શ્રીહરિનો પ્રતાપ ન જાણે એવા બુધ્ધિમાન પણ બુધ્ધિ વિનાનામાં ખપે. શ્રીહરિની વાતમાં જ્યાં સુધી ખપ નથી ત્યાં સુધી ફાવે તેટલા મોટા હોય પણ વારંવાર જન્મ-મરણ તેને માથે રહેલું છે. બધા ગ્રંથોનું એજ રહસ્ય છે. શ્રીહરિને હાથ જોડી માથું નમાવે તેના ભાગ્યનો પાર નથી. અનંત જન્મના તેના પાપ નાશ પામે છે. ભગવાન ને સત્સંગ વિના બીજું કોઈ શ્રેષ્ઠ નથી. શ્રીહરિ ભક્તાધિન છે. અંતસમયે પોતાના ભક્તજનોને તેડવા આવે છે, ને પરમ હિતકારી છે. ભગવાન સંતનું ભૂષણ છે. જેમ ભગવાન સર્વોપરિ છે તેમ ભગવાનનું વચન સર્વોપરિ કહેવાય છે. અંત સમયે ભગવાન વિનાનું બીજું કોઈ પદાર્થ કામ લાગતું નથી. મરણ વખતે કોઈની સહાય કામ લાગતી નથી. માટે જીવતા સુધી જેનું ભરણપોષણ કરે છે અને જેને માટે આખું આયુષ્ય વ્યર્થ ગુમાવે છે એવું હેત રાખે છે તે બધું એવું છે કે વાવે ત્યાં ઉગે નહિ અને ઉગે ત્યાં વાવે નહિ. તોય ડાહ્યા થઈને ફરે છે. પણ મનુષ્ય તન પામીને જે ભગવાન ભજે છે તે મનુષ્ય જગત જીતી ગયા છે. ભગવાન વિનાના મત આંધળા છે. આંધળા હોય તે તેમાં બંધાય. ભગવાન વિના બીજાને અધિક કહે તે એકડા વિનાના શૂન્યને આધિક સમજે એવા બુધ્ધિવાળા છે. નિષ્કપટ હરિભક્તો જે સત્સંગમાં હોય તેમને જ્યારે દુઃખ આવે છે, ત્યારે બીજા નિષ્કપટ સંત હરિભક્તો, તે ટળે એમ ધારી ભગવાનની પ્રાર્થના કરે છે. તેવાની નિષ્કામ પ્રાર્થનાથી શ્રીહરિ જરુર સહાય કરે છે, પણ કપટીની કરતા નથી.

શ્રીહરિ કહે, અમારા વચનમાં જે બંધાય છે તેટલા સૌ નિર્બંધ છે. સાચા ભક્તો શ્રીહરિના સંકલ્પ વિના જેટલા સંકલ્પ થાય તેને દોષરૂપ દેખે છે. ભગવાન વિનાનો મમત્ત્વ એજ કુબુધ્ધિ છે. ભગવાનના સંબંધ વિનાનું જે જ્ઞાન છે તે એકડા વિનાના મીંડા જેવું છે. શબને અલંકાર પહેરાવે તેની પેઠે તે શોભતું નથી. ઔષધિથી વ્યાધિ જાય નહિ છતાં તેની અરુચી થતી નથી. તેવી રુચી ભગવાનમાં થાય તો વ્યાધિમાત્ર નાશ પામે છે. આ તન ને બ્રહ્માંડ વ્યાધિમય છે. તેમાં જ્યાં સુધી સુખ મનાયું છે ત્યાં સુધી વ્યાધિ મટવાની નથી.



ભગવાનની વાતમાં રુચી રહે તો વ્યાધિરૂપ સમુદ્રને તરી જાય છે. જેને જેને ભગવાનનો જાણે અજાણે યોગ થયો તે ફાવે તેવી જાતિ કુજાતિનો હોય તો પણ તેનો મોક્ષ થયો છે. માટે ભગવાનના સંબંધ જેવી વાત બીજી કોઈ નથી. આગળ જે આચાર્ય, સંત, હરિભક્ત એમ સર્વેનો મહિમા કહ્યો તે સર્વે પ્રગટ શ્રીહરિના સંબંધને પામ્યા હોવાથી જ સર્વેનો મહિમા છે, તેથી પરોક્ષ રીતે એ મહિમા શ્રીહરિનો મહિમા કહેવાય. કોઈ પણ મિષે કરીને પણ રાત્રિ દિવસ ભગવાનને સંભારવા. જેટલી ઘડી ભગવાન સાંભરે છે તેટલી ઘડીને કાળ નાશ કરી શકતો નથી એવું સંભારવાનું ફળ છે, ભગવાને જીવ પોતાનો આશ્રય કરે એ હેતુથી જ રોગાદિક દુઃખ તથા મૃત્યુ કર્યા છે, તોય જીવ ભગવાનને ભાવથી સંભારતો નથી. ભગવાનના સત્સંગમાં ચોંટે (બેસે) નહિ ત્યાં સુધી બ્રહ્માંડ ભરાય તેટલાં સાધન કરે તો પણ તે વ્યર્થ છે. જગત પરોક્ષ ભક્તિ કરે છે તેના કરતાં શ્રીહરિની પ્રગટ કૃપા એ શિઘ્ર મોક્ષદાયિની થાય છે.

જીવોના કલ્યાણ માટે કરુણાસાગર ભગવાન આ પૃથ્વી ઉપર નરનારાયણ, દત્તાત્રેય, કપિલ, વરાહ, રામ, કૃષ્ણ આદિ અનેક અવતારો ધારણ કરે છે. તે વખતે ધર્મ, સંતો અને દેવનો દ્રોહ કરનાર દુષ્ટોને મારીને ભાગવત્ ધર્મની પ્રવૃત્તિ કરે છે. માટે ભગવાનને ભગવાનના અવતારો ઉપાસના કરવા યોગ્ય છે. બ્રહ્માના એક દિવસમાં ચૌદ ઈન્દ્રો નાશ પામે છે, પાકૃત પ્રલયમાં બ્રહ્મા પણ નાશ પામે છે, પ્રકૃતિ અને પુરુષથી જે ઉત્પન્ન થયું છે તે સર્વ કાળનું ભક્ષ્ય છે. માટે સર્વ જગતને નાશવંત અને દુઃખરૂપ જાણવું તે વૈરાગ્ય કહેવાય છે. ગોલોક આદિ ધામોમાં જે ઐશ્વર્ય છે, પાર્ષદો છે, તે દિવ્ય છે. ભગવાન સર્વ ઐશ્વર્યોના સ્વામી છે. આ રીતે સમજવું તે માહાત્મયજ્ઞાન કહેવાય છે. જેમ સમુદ્ર અપાર છે, તેમાં કીડી, મકોડી, ચકલાથી લઈને હાથી પર્યંત પાણી પીવે અને જળમાં રહેનાર જીવ પોરાથી લઈને તે તીમીંગીલ અને એવા મોટા મગર મચ્છ હજાર હજાર ગાઉના લાંબા જનાવરો સમુદ્રમાં રહે છે, પણ તે સમુદ્રના પારને પામતા નથી. વળી આકાશને વિષે મચ્છરથી લઈને ગરૂડ સુધી એ સર્વે આકાશમાં ઉડે છે પણ તે આકાશનો પાર પામતા નથી. તેમ ભગવાન અપાર છે. એના મહિમાનો

પાર કોઈનાથી પમાતો નથી. ''જેને શેષ સહસ્ર મુખ ગાય, નિગમ નેતી કહે રે લોલ,'' જેવા ભગવાન છે તેવા પૂરેપૂરા સમજાતા નથી. એટલે આ જીવની એ પરમેશ્વરના વચનમાં પ્રતીતિ આવતી નથી.

બ્રહ્માનંદ સ્વામી સંધ્યા આરતીમાં લખે છે,

સનકાદિક નારદ ત્રિપુરારી,
વિમળ નામ રટે વારંવારી ....... આરતી.
અનંત કોટિ ભુવનેશ ભવાની,
સબ વિધિ મહિમા શકત નહિ જાની ....... આરતી.
ધરત ધ્યાન દ્રઢ યોગી મુનિશ્વર,
શેષ સહસ્ત્રમુખ રટત નિરંતર ....... આરતી.
નરનાટક ક્ષર અક્ષર ન્યારા
પુરુષોત્તમ પૂરણ જન પ્યારા ....... આરતી.

મુક્તાનંદ સ્વામી પણ આરતીમાં એવો જ મહિમા લખે છે. જેની ફકત એક પંક્તિ લખું છું.

પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે (૨)
કાળ કરમથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે....... જય દેવ.

શ્રીહરિનો મહિમા સમજીએ અને આરતીના શબ્દો સમજીએ તો અપાર આનંદ આવે. મુક્તાનંદ સ્વામીના હૃદયમાં શ્રીહરિનો જેવો મહિમા છે, તેવો જ મહિમા આપણા હૃદયમાં હોય તો આ આરતીના શબ્દો આપણા માટે પણ સાચા છે. બહુ મહિમાથી ધર્મનિયમમાં શિથિલતા આવે છે, એ વાત ખોટી છે. હકીકતમાં જેના હૃદયમાં શ્રીહરિનો મહિમા છે, તેજ શ્રીહરિની આજ્ઞાઓ - ધર્મનિયમો યથાર્થ પાળી શકે છે. કારણ કે મહિમા વાળાને નિરંતર એવું વર્તે છે કે, હું જો શ્રીહરિની આજ્ઞા નો ભંગ કરીશ, તો શ્રીહરિનો મારા ઉપર રાજીપો ઓછો થશે, મહિમા વાળાને તો નિત્ય શ્રીહરિ પોતાના ઉપર રાજી રહે એવું તાન હોય છે.

ભગવાન ક્યારેય પણ પોતાના દ્વાર કોઈ પણ ભક્ત માટે બંધ કરતા નથી, પછી ચાહે અજામિલ હોય કે ગજેન્દ્ર હોય, ચાહે નાજા જોગીયા હોય. અડધી રાતે નાજા જોગિયાએ પ્રાર્થના કરી તો પણ સ્વામિનારાયણ ભગવાન



દોડ્યા. નાના બાળકો હોય, ધ્રુવ કે પ્રહલાદ તો તેની વાત પ્રભુ સાંભળે છે. અંબરિષ રાજા જેવો રાજવી હોય, એની વાત પણ એજ રીત સાંભળે છે. ભગવાનને જે અંતર્યામી જાણે, હું જે કંઈ કરુ છું એ મારા હદયમાં વિરાજતા અંતર્યામી પ્રભુ જુએ છે, એવી નિષ્ઠાવાળા ભક્તની પ્રાર્થના ભગવાન તરત સાંભળે છે. અંતર્યામી જાણીને ભગવાનની આજ્ઞા પાળે, અન્યાય, અનીતિ, અધર્મથી ડરીને ચાલે તો ભગવાન એની પ્રાર્થના સાંભળે છે. કારણ કે ભગવાન હાજરાહજૂર એના હૈયામાં જ હોય છે.

પ્રસાદાનંદ સ્વામી લખે છે, જેને જોઈને પાત્ર - કુપાત્રને સમાધિ થઈ જાય અને લક્ષાવધિ મનુષ્ય મૂર્તિમાં તણાઈ જાય તે ભગવાન જાણવા. રામાનંદ સ્મામી કહેતા જે અમે તો પડવાળી છીએ અને રમતલ તો હવે આવશે અને તેના ઘોડાના ડાબલે કરીને ભેખમાત્ર અને મતપંથ દબાઈને ક્યાંય ઉડી જશે અન વાયુએ કરીને આંકડાનું ફૂલ ઉડી જાય તેમ ઉડી જશે. તે સર્વે વાતને શ્રીહરિએ સત્ય કરી. શ્રીહરિ શિવ ઉપાસનાવાળાને કૈલાસમાં પ્રથમ ગણો સાથે શિવજીના અને રામના ઉપાસકોને વૈકુંઠમાં રામ સીતા લક્ષ્મણનાં અને વૈષ્ણવોને ગોલોક પતિ શ્રીકૃષ્ણ વગેરે એમ પોતપોતાના ઈષ્ટદેવના દર્શન કરાવતા હતા. મહારાજ સમાધિ કરાવે ત્યારે ઘણાં માણસોને સમાધિમાં બેસારતા અને કોઈને પાંચ દિવસે, કોઈને દસ દિવસે, મહિને, બે મહિને, છ માસે સમાધિમાંથી જગાડતા હતા. શ્રીહરિએ જેવી બ્રહ્માંડોની કળ ચડાવી છે તેમજ સત્સંગની પણ તેવી જ કળ ચડાવી છે. તે ક્યાંક મંદિર થાય છે ને ક્યાંક તો મંદિર પડાય છે. વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે.

............ અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે તેને તેથી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહીં નથી, કાં જે ભગવાનની મૂર્તિ છે તે તો ચિંતામણિ તુલ્ય છે. જેમ ચિંતામણિ કોઈક પુરૂષના હાથમાં હોય તે પુરૂષ જે જે પદાર્થને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે. તેમ ભગવાનની મૂર્તિને વિષે જેના મનની અખંડ વૃત્તિ રહે છે તે જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ એમના સ્વરૂપને જો જોવાને ઈચ્છે તો તત્કાળ દેખે છે. માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી અને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી. ........... (ગ.પ્ર.પ્ર.૧)

અને ભગવાનને અલૌકિક આકાર તો છે ખરો. જો ભગવાનને નેત્ર છે તો નેત્રે કરીને પુરૂષ દ્વારે માયા સામું જુવે છે. ત્યારે તે માયામાથી અનંત કોટી બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે. તે બ્રહ્માંડોને વિષે બ્રહ્માદિક દેવ અનંત કોટી ઉત્પન્ન થાય છે અને તે બ્રહ્માંડમાં સરજ્યા એવા જે સ્થાવર, જંગમ જીવ, એ સર્વે ઉત્પન્ન થાય છે. માટે ભગવાનને નેત્ર પણ છે. અને જે દહાડે સ્થાવર, જંગમ સૃષ્ટિ સર્વેનો નાશ થાય છે, ને મહાપ્રલય થાય છે, ત્યારે એક જ પુરુષોત્તમ રહે છે. તે દહાડે વેદ આવીને ભગવાનની સ્તુતિ કરે છે. તે સ્તુતિ સાંભળીને ભગવાન વિશ્વને સરજે છે. તો ભગવાનને કાન પણ છે. એવી રીતે ચૌદે ઈન્દ્રિયો છે પણ અલૌકિક છે. અને મન વાણીથી પર છે, અને રામ કૃષ્ણાદિકરૂપે કરીને જીવના કલ્યાણને અર્થે પ્રવર્તે છે. ........... (ગ.પ્ર.પ્ર.૮)

............ અને જે પ્રત્યક્ષ ભગવાનને વિષે દ્રઢ નિષ્ઠા રાખે છે અને તેને દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ માને છે અને બીજું કાંઇ નથી ઈચ્છતો તેને તો ભગવાન પોતે બલાત્કારે પોતાના ધામના વિષે જે પોતાના ઐશ્વર્ય છે અને પોતાની મૂર્તિઓ છે તેને દેખાડે છે. .......... (ગ.પ્ર.પ્ર.૯)

............ ભગવાન ને ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય, ને તેની સેવાને વિષે અતિશય શ્રધ્ધા હોય, ને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય, તેના જીવને તો તત્કાળ અતિશે બળ આવે છે. .......... (ગ.મ.૬૩)

.......... અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજ્યને વિષે પણ નથી. .......... અને ભગવાનના ભજનના સુખ આગળ ચૌદ લોકનું જે સુખ તે નરક જેવું કહ્યું છે.માટે જે ભગવાનને સુખે સુખિયો થયો હોય તેને તો બ્રહ્માંડને વિષે જે વિષયનું સુખ છે તે નરક તુલ્ય ભાસે છે. (વ. ૧૬)

............ તે સારું જે ભગવાનનો ભક્ત હોય તેને તો ચૌદે લોકનાં જે ભોગ સુખ છે તેને કાક વિષ્ટા તુલ્ય જાણવા જોઈએ, અને મન, કર્મ, વચને કરીને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે જ દ્રઢ પ્રીતિ કરી જોઈએ. અને એમ સમજ્યું જોઈએ જે 'જે ભગવાનનો ભક્ત હોયને તેને જો કદાચિત



ભગવાન વિના બીજી વાસના રહી ગઈ હોય, તો તે પણ ઈન્દ્ર પદવીને પામે, કા બ્રહ્મલોકને પામે, પણ પાકૃત જીવની પેઠે નરક ચોરાશીમાં તો જાય જ નહિ. ત્યારે જે યથાર્થ ભગવાનનો ભક્ત હોય તેનો જે મહિમાને તેનું જે સુખ તે તો વર્ણવ્યામાં જ કેમ આવે ?' માટે ભગવનનો ભક્ત હોય તેને તો ભગવાનમાં જ દ્રઢ પ્રીતિ રાખવી. (વ.૧૯)

............. ભગવાનને ભજવા એથી બીજી વાત મોટી નથી, કાં જે ભગવાનનું કર્યું સર્વે થાય છે. અને આ સમે તો આ સભાનું કર્યું પણ થાય છે, અને શ્રીનરનારાયણને પ્રતાપે કરીને અમારું કર્યું પણ થાય છે. તે લ્યો, કહીએ જે, જેવો અમે મનમાં ઘાટ કરીએ છીએ તેવો આ જગતને વિષે પ્રવર્તે છે. અને જેમ ધારીએ છીએ તેમ પણ થાય છે ખરું, જે આને રાજ આવો તો તેને રાજ આવે છે, અને આનું રાજ જાઓ તો તેનું જાય છે, અને ધારીએ જે આ પળે આટલો વરસાદ આંહી થાઓ તો ત્યાં જરૂર થાય છે. અને અહીં ન થાઓ તો ત્યાં નથી થાતો, અને વળી ધારીએ જે આને ધન પ્રાપ્ત થાઓ તો તે થાય છે, અને આને ન થાઓ તો તેને થાતું જ નથી. ........... જે શૂળીનું દુઃખ હશે તે ભગવાન પોતાના આશ્રિત જનનું કાંટે કરીને ટાળતા હશે, અને અમે તો એમ જાણીએ છીએ જે, સત્સંગીને તો એક વીંછીની પીડા થાતી હોય તો અમને હજાર ગણી થાઓ પણ તે પીડાથી તે હરિભક્ત રહિત થાઓ અને સુખિયા રહો..... ત્યારે મહારાજે કહ્યું જે, ''બ્રહ્મા, વિષ્ણું, શિવ એ ત્રણે દેવ નિત્ય આ સંતની સભાના ને અમારા દર્શન કરવા આવે છે, પણ આજ તો વિમાને સહિત હરિ ઈચ્છાએ કરીને તમને દેખાણા''. (જે. ૫)

........... ''શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ પંચવિષય સંબંધી જે સુખ તે દિવ્યમૂર્તિ એવા જે ભગવાન પુરુષોત્તમ તેની જે સુખમય મૂર્તિ તે રૂપ જે એક સ્થળ તેને વિષે રહ્યું છે; તે જો ભગવાનની મૂર્તિના દર્શન કરતા હોઈએ તો રૂપનું સુખ પ્રાપ્ત થાય ને બીજા સ્પર્શ આદિક ચાર વિષય તેનું સુખ પણ પ્રાપ્ત થાય, તે એક જ સમયને વિષે થાય છે. ........ (ગ.અંત્ય ૨૭)

......... ભગવાનની મૂર્તિની જે ઉપાસના ને ધ્યાન તે વિના જે આત્માને દેખવો ને બ્રહ્મને દેખવું તે તો થાય જ નહિ, ને ઉપાસનાએ કરીને જ આત્મા દેખાય, બ્રહ્મ દેખાય, પણ તે વિના તો દેખાય જ નહિ. .......... (ગ.અંત્ય ૩૬)

............. ભગવાનનો જે આકાર છે તેવો આકાર બીજા દેવ મનુષ્યાદિક જે પ્રકૃતિમાંથી આકાર થયા છે તે કોઇનો નથી, અને ભગવાન વિના બીજા સર્વેને કાળ ભક્ષણ કરી જાય છે ને ભગવાનના સ્વરૂપમાં કાળનું સામર્થ્ય પણ નથી ચાલતું, એવા ભગવાન છે. ને ભગવાનના જેવા તો એક ભગવાન જ છે, પણ બીજો કોઇ નથી. અને ભગવાન સાધર્મ્યપણાને પામ્યા એવા જે ભગવાનના ધામમાં ભક્ત છે તેનો આકાર પણ ભગવાન જેવો છે, તોપણ તે પુરુષ છે, ને ભગવાન પુરુષોત્તમ છે, ને તે સર્વેમાં શ્રેષ્ઠ છે, ને એમને ઉપાસ્ય છે, ને સર્વેના સ્વામી છે, ને એ ભગવાનના મહિમાનો કોઇ પાર પામતા નથી. એવા દિવ્ય મૂર્તિ જે ભગવાન તે નિર્ગુણ છે, ને ધ્યેય છે, અને એનું જે ધ્યાન કરે છે તે નિર્ગુણ થઇ જાય છે. ............. (ગ.અંત્ય ૩૭)

.............. ભગવાન છે તે અનેક બ્રહ્માંડના રાજાધિરાજ છે અને જે બ્રહ્માંડના એ રાજા છે તે બ્રહ્માંડની પણ ગણતી નથી. .............. અને તે એક એક બ્રહ્માંડમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ હોય તથા સાત દ્વિપ, સાત સમુદ્ર, મેરુ, લોકાલોક આદિક પર્વત, તેણે યુક્ત પૃથ્વીની રચના હોય તથા ચૌદ લોકની રચના હોય , તથા અષ્ટ આવરણની રચના હોય ઇત્યાદિક સામગ્રી સહિત જે અનેક બ્રહ્માંડ તેના રાજા ભગવાન છે. ........... અને તે બ્રહ્માંડને વિષે આ જીવ છે તે ભગવાનની આગળ શા લેખામાં છે ? કાંઇ નથી, અતિ તુચ્છ છે. ........... અને જે ભગવાન છે તે તો સર્વે સુખ માત્રના રાશિ છે, ને ભગવાન સંબંધી જે સુખ છે તે અવિનાશી છે ને મહા અલૌકિક છે. અને જેમ કોઇક ભારે ધનાઢ્ય ગૃહસ્થ હોય તે પોતાના ઘરમાં અનેક પ્રકારના ભોજન જમતો હોય ને તે જમીને ઉચ્છિષ્ટ કાંઇક બટકું રોટલો વધે તે કૂતરાને નાખે ત્યારે તે અતિશય તુચ્છ કહેવાય, ને પોતે જમતો હોય તે મહાસુખ કહેવાય. તેમ ભગવાને બ્રહ્માંડને વિષે અનેક જીવોને પંચ વિષય સંબંધી સુખ આપ્યું છે, તે તો કૂતરાને નાખ્યો જે બટકુ રોટલો તેની પેઠે અતિ તુચ્છ છે, ને પોતાને વિષે જે સુખ છે, તે તો મહામોટું છે. ............ અને વળી એ ભગવાનના ચરણકમળની રજને બ્રહ્મા, શિવ, લક્ષ્મીજી, રાધાજી, નારદ, શુક, સનકાદિક, નવ યોગેશ્વર, એવા મોટા મોટા છે તે પણ પોતાના મસ્તક



ઉપર ચઢાવે છે ને માનને મૂકીને એ ભગવાનની નિરંતર ભક્તિ કર્યા કરે છે. અને વળી એ ભગવાને જગતમાં વિચિત્ર સૃષ્ટિ કેવી કરી છે, ને તેમાં કેવું ડહાપણ કર્યું છે ? તે જુવોને, 'માણસમાંથી માણસ થાય છે, પશુમાંથી પશુ થાય છે. ઝાડમાંથી ઝાડ થાય છે કીડામાંથી કીડો થાય છે અને માણસના અંગમાંથી કોઇક અંગનો ભંગ થઇ ગઇ ગયો હોય ને ગમે તેવો ડાહ્યો હોય તો પણ તે અંગને તેવું ને તેવું કરવાને સમર્થ કોઇ રીતે ન જ થાય,' ઇત્યાદિક અનેક કળા ભગવાનમાં રહી છે. ............. સત્યરૂપ એવા જે પોતાનો આત્મા તથા સત્યરૂપ એવા જે ભગવાન તેનો જેને આવી રીતે સંગ થયો તેને સત્સંગી કહીએ ......... અને વળી જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે. અને ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા તો પણ તે ભગવાન જેવા તો થતા જ નથી, ને જો ભગવાન જેવા જ થાય તો તો ભગવાન ઘણાક થાય ત્યારે તો જગતની સ્થિતિ એક જાતની જ ન રહે. કેમ જે, એક ભગવાન કહેશે જે, હું જગતની ઉત્પત્તિ કરીશ, ને બીજો કહેશે હું જગતનો પ્રલય કરીશ; અને વળી એક ભગવાન કહેશે હું વરસાદ કરીશ ને બીજો કહેશે હું નહિ કરું ........... એવી રીતે સ્થિતિ ન રહે, અને આતો જુવોને જગતમાં કેવી રીતે બરોબર અદલ પ્રમાણે સર્વ ક્રિયાની પ્રવૃત્તિ થાય છે પણ તલભાર ફેર પડતો નથી. માટે સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા ને સર્વના સ્વામી એક જ ભગવાન છે તથા ભગવાન સંગાથે બીજાને દાવ બંધાય એમ પણ જણાતું નથી. માટે ભગવાન તે એક જ છે પણ બીજો એ જેવો થતો નથી ............... એવી રીતે શ્રીજી મહારાજે કૃપા કરીને બીજાને સમજાવવા સારું પોતાનું વર્તન લઇને વાર્તા કરી, ને પાતે તો સાક્ષાત્ શ્રીપુરુષોત્તમ નારાયણ છે. (ગ.અંત્ય ૩૯)

સ્વામિનારાયણ એ ભગવાન છે અને ભગવાન એ સ્વામિનારાયણ છે. બ્રહ્માનંદ સ્વામી કહે છે."જેના ચરણનું ચિંતન કરવાથી, જેના ચરિત્રોનું શ્રવણ કરવાથી શાંતિ મળે, એવા મહાપ્રતાપી, સ્વામિનારાયણ ભગવાન અત્યારે કળિકાળમાં પ્રગટ પ્રમાણ છે. જેના પ્રતાપથી ગમે એવા મૂર્ખ, પંડિત બની જાય છે. જેની કૃપાથી પાંગળો પર્વત ચડી જાય છે. જેની દયાથી દુઃખી જીવાત્મા પરમ સુખિયા બની જાય છે." જીવને પ્રારબ્ધ વશ થઇને માતાના

ઉદરમાં પ્રવેશ કરવો પડે છે. પરમાત્મા પોતાની ઈચ્છાથી માતાના ઉદરમાં પધારે છે. પરમાત્મા ધર્મનું સ્થાપન કરવા તથા પોતાના ભક્તોના મનોરથો પૂરા કરવા પૃથ્વી પર પધારે છે. સર્વે ક્રિયાને કરતા થકા પણ ભગવાન અકર્તા છે ને તેની સર્વે ક્રિયા કલ્યાણરૂપ છે ને દિવ્ય છે.

સ.ગુ.ગોપાળાનંદ સ્વામી લખે છે. પુરુષોત્તમ ભગવાનનો મહિમા તો એમ સમજવો જે જેની બીકે કરીને સમુદ્ર ચોસઠ ગાઉ ઉંચે જળને ધરી રહ્યો છે. ને જેની બીકે કરીને વાયુ પણ નિરંતર વાય છે ને ભગવાન જળના બિંદુમાંથી આવી કાયા કરી આપે છે. એવી જાતનો મહિમા અપાર રહ્યો છે. સર્વે જે અક્ષરના મુક્ત તે સર્વનું તેજ ભેળું કરીએ તે અક્ષરના એક રોમના કોટીમાં ભાગમાં લીન થઈ જાય છે અને એવા અનંતકોટિ અક્ષરનું તેજ ભેળું કરીએ તે પુરુષોત્તમ નારાયણના એક રોમના કોટિમાં ભાગમાં લીન થઈ જાય છે. તે પુરુષોત્તમ નારાયણ તે ભક્તિધર્મના પુત્ર શ્રીહરિકૃષ્ણમહારાજ આ પ્રગટ પ્રમાણ છે એમ જાણવું. શ્રીહરિના નિયમ ચેષ્ટાના પદો કોઈ માણસ બોલે તો તેને બધા શાસ્ત્રો, પુરાણો, વેદ, ઈતિહાસ વાંચ્યાનું ફળ મળે છે.

જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણુસમા બ્રહ્માંડકોટી ફરે;
માયા કાળ રવિ શશી સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષરધામના અધિપતિ શ્રી સ્વામિનારાયણ.

•

## 33. શ્રીહરિના ચરણારવિંદના સોળ ચિન્હોનું ધ્યાન અને તેનું ફળ :

શ્રીજી મહારાજની મૂર્તિમાં બાવન ચિન્હ તથા ત્રેસઠ તિલ છે. જુગલ ચરણમાં સોળ ચિન્હ છે, જે પૈકી જમણા પગના ચરણમાં નવ અને ડાબા પગના ચરણમાં સાત ચિન્હ છે. જેને શુધ્ધ મને સંભારવાથી, ધ્યાન કરવાથી મનુષ્યનો મહાબળવાન અંતઃશત્રુ કામ નાશ પામી જાય છે. પ્રેમાનંદ સ્વામી કાવ્ય પંક્તિઓમાં લખે છે.



જુગલ ચરણમાં કહું મનોહર, ચિન્હ તેના નામ વહાલા;
શુધ્ધ મને કરી સંભારતા, નાશ પામે કામ વહાલા ...........
અષ્ટ કોણ ને ઉર્ધ્વરેખા, સ્વસ્તિક, જાંબુ ને જવ વહાલા;
વજ, અંકુશ, કેતુને, પદ્મ, જમણે પગે નવ વહાલા ..........
ત્રિકોણ, કળશ ને ગોપદ સુંદર, ધનુષ્યને મીન વહાલા;
અર્ધ ચન્દ્રને વ્યોમ સાત છે, ડાબે પગે ચિન્હ વહાલા ..........
જમણા પગના અંગુઠાના, નખમાંહી ચિન્હ વહાલા;
તે તો નિરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વહાલા .............
એ જ અંગુઠાની પાસે, તિલ એક નૌતમ ધારું વહાલા;
પ્રેમાનંદ કહે નિરખું પ્રીતે, પ્રાણ લઈ વારું વહાલા ..........

શ્રીહરિના બન્ને ચરણારવિંદના તળા અતિ કોમળ અને રક્ત છે. તે જાણીએ અળતેથી રંગેલા હોય ને શું ? એવા છે. તેનું આપણા હૃદયને વિષે ચિંતવન કરવું અને તે બે ચરણ અતિ શોભાયમાન અને ધ્યેય છે. અને તે બે ચરણની પાનીયું ગોળ, રક્ત અને કોમળ છે. તે ચરણના બે ગુલ્ફ રક્ત અને શોભાયમાન છે. હવે તે શ્રીહરિના ચરણારવિંદના તળામાં ચિન્હ તથા તિલ છે તેનું ધ્યાન કરવાથી થતા ફળનું વર્ણન કરું છું

(૧) જવઃ- અંગુઠાના થડમાં ઉર્ધ્વ રેખાને મળતું એક જવનું ચિન્હ છે. ધ્યાન કરનારના સર્વે પાપ નાશ પામી જાય છે અને તેને આત્મા તથા પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન ઉદય થાય છે.

(૨) વજ : પાપરૂપી પર્વતને ભેદી નાંખે છે. અને મનરૂપી પક્ષીની પાંખને છેદે છે.

(૩) જાંબુ : તેનું મન માયિક વિષય રસમાં ક્યાંય બંધાય નહીં. અને ભગવાનની મૂર્તિમાં સ્થિર થાય છે.

(૪) ઉર્ધ્વરેખા : ઉર્ધ્વગતિ જે અવતારી પુરુષોત્તમ શ્રીભક્તિધર્મના પુત્ર ઘનશ્યામ મહારાજ જ્યાં રહ્યાં છે, એવું જે પોતાનું અક્ષરધામ તેને પામે છે.

(૫) ધ્વજ : ભક્તજન કામરૂપી શત્રુને જીતીને માયિક સુખ માત્રની વાસનાને ટાળે છે.

(૬) કમળ : પદ્મ કહેતા કમળના જેવા ગુણને પામે છે તે કમળ જળમાં રહે છે, તો પણ તે જળમાં પરાભવ નથી પામતું, તેમ તે ભક્તજન પણ સંસારરૂપી જળમાં ડૂબે નહિ.

(૭) અંકુશ : ધીરજથી અંકુશરૂપી ચિન્હનું ધ્યાન કરવાથી તે ભક્તજન મનરૂપી હાથીને જીતીને વશ કરે છે.

(૮) અષ્ટકોણ : અષ્ટાંગયોગનું ફળ પામે છે અને તે અષ્ટઆવરણને ભેદીને સુખરૂપ એવું જે શ્રીહરિનું અક્ષરધામ તેને પામે છે.

(૯) સ્વસ્તિક : તે અતિ શોભાયમાન છે અને મંગલનું મૂળ છે. સર્વે પાપ નાશ પામી જાય છે અને આત્યંતિક મોક્ષને પામે છે.
તે બે ચરણારવિંદની આંગળીઓના નખ રક્ત અને અતિ તેજસ્વી અને ઉપડતા છે અને તે બે ચરણની આંગળીઓના ઉપર ઝીણાં ઝીણાં રોમના ચિન્હ છે અને જમણા અંગુઠાના નખ મધ્યે રક્ત રેખાનું એક ચિન્હ છે.

(૧૦) કળશ : જેમ કળશ શિખર ઉપર ચઢે છે તેમ સર્વોપરી જે શ્રીજીમહારાજનું અક્ષરધામ તેને પામે છે. અંગુઠા પાસેની જે આંગળી તેની બન્ને બાજુથી નીકળી એવી જે ઉર્ધ્વરેખા તે પાનીની બે બાજુ નીકળી છે.

(૧૧) વ્યોમ : અલૌકિક ભગવાનની પ્રસન્નતાના કારણ જે નિષ્કામાદિક ગુણ તેને પામીને આકાશની પેઠે નિર્લેપ થઈને ભગવાનના અક્ષરધામને પામે છે.

(૧૨) અર્ધચન્દ્ર : ભક્તના અંતરમાં અતિશય પ્રકાશ થાય છે. અને ચન્દ્રને દેખીને જેમ કુમુદ પ્રફુલ્લિત થાય છે તેમ તે ભક્તનું મન અતિશે આનંદને પામે છે.

(૧૩) ગોપદ : ગોપદ તુલ્ય પરિશ્રમ વિના સંસારરૂપી સમુદ્રને તરી જાય છે.

(૧૪) ધનુષ્ય : કામાદિક શત્રુ હારે છે અને કોઈ પ્રકારે તે શત્રુ નડતા નથી.

(૧૫) ત્રિકોણ : ત્રિવિધિના તાપને ટાળીને સ્થુલાદિ ત્રણ દેહનો ત્યાગ કરીને બ્રહ્મમય દેહને પામીને અક્ષરધામને વિષે ઘનશ્યામ મહારાજની સેવામાં રહે છે.



(૧૬) મત્સ્ય : ભક્તજનને એવો ગુણ પ્રાપ્ત થાય છે જે સંસારમાં રહે તો પણ સંસારરૂપી જળમાં પરાભવ પામે નહિ.

શ્રીહરિના નખ ઉપડતા- તેજસ્વી છે, ઘુંટી ગોળ છે. પીંડી પાતળી છે. સાથળ કેળના સ્તંભ જેવા છે, કેડ સિંહની કેડ સમાન છે. ઉદર પિપળના પાન સરખું છે. નાભિ ગોળ ગંભીર ઉંડી કૂવા સમાન છે. છાતી ઉપડતી છે. બે સ્તન તારાની સમાન શોભે છે. શ્યામ છે બે હાથ હાથીની સૂંઢ જેવા લાંબા છે. કાંડા કઠણ - બળવાન છે. કોણી શ્યામ છે. કંઠ શંખ જેવો છે. દાંત દાડમની કળી જેવા છે. જીભ કમળના પાન જેવી છે. હોઠ લાલ છે. કાન જલેબીના ગૂંચળા જેવા છે. નાસિકા પોપટની ચાંચ જેવી છે. નેત્રો કમળ જેવા વિશાળ લીંબુની ફાડ જેવા અણીયાળા છે. ભ્રકુટી કામની કબાન બાણ જેવી ભમરા જેવી કાળી છે. ભાલ મહા વિશાળ ઉપડતું છે. મુખારવિંદ ચન્દ્રમાં જેવું છે. વાણી ધીર ગંભીર અને મધુર છે. હથેળી રક્ત છે. રેખાઓ શ્યામ છે. પીઠનો ભાગ ગરુડની સમાન છે. શરીર મેઘ શ્યામ છે. કેશ (વાળ) ભૂરા છે.

ઘનશ્યામ મહારાજના સર્વે અંગ તથા તિલે સહિત ચિન્હ નું ધ્યાન કરવું અને ચરણારવિંદના તળાથી આરંભીને શિખા પર્યંત એક એક અંગ તથા એક એક ચિન્હ તથા એક એક તિલ તેને સારી પેઠે મન સ્થિર કરીને શાંતિથી નિરખવા, એવી રીતે જે કોઈ ભક્તજન ધ્યાન કરે છે તો તેને શ્રીજીમહારાજની મૂર્તિને વિષે હેત થાય છે. અને કામાદિક શત્રુ સમુદ્ર જેવા છે પરંતુ ધ્યાન કરનાર ભક્તને ગોપદની પેઠે ઉતરવામાં સુગમ થાય છે.

સ.ગુ.મુક્તાનંદ સ્વામી પ્રભાતિયામાં લખે છે,

ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું, જે થકી સર્વ સંતાપ નાસે ;
કોટિ રવિ ચન્દ્રની કાંતિ ઝાખી કરે, એવા તારા ઉર વિષે નાથ ભાસે ...... ધ્યાન.
રાત રહે પાછલી ચાર ઘટિકા તૈયે, સંતને શયન તજી ભજન કરવું;
સ્વામિનારાયણ નામ ઉચ્ચારવું, પ્રગટ પરબ્રહ્મનું ધ્યાન ધરવું ......રાત.
તે સમે આળ પંપાળ બકવું નહિ, ચિત્ત હરિચરણમાં પ્રોઈ દેવું;
ગૃહસ્થને જગત જંજાળને પરહરિ, કૃષ્ણ ગોવિંદ ગોપાળ કહેવું ......રાત.
ભજન કર ભાવ શું પ્રગટ પરબ્રહ્મનું , રાખ હરિ રૂપમાં મન તારું;
પ્રગટના ભજનથી પરમ સુખ પામીએ, ઉર થકી નાશ પામે અંધારું ......ભજન.

નખ શિખ નાથની મૂર્તિ સોહામણી, ચરણના ચિન્હ સંતાપ ટાળે;
પ્રેમ શું ચિત્તવે ચરણ શ્રીહરિ તણાં, ગ્રંથી ગાળે કામ સર્વે બાળે ...... ભજન.

●

## ૩૪. સત્સંગ મહિમા :

જગતના અસંખ્ય લોકો મંદિરોમાં ભગવત્ સ્વરૂપોના દર્શન કરે છે, સંત મહાત્માઓના મુખેથી કતાવાર્તા સાંભળે છે, શાસ્ત્રો વાંચે છે, કંઈક અંશે ધર્મનું પણ આચરણ કરે છે અને ભક્તિ પણ કરે છે. પરંતુ બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ ત્યારથી લઈને છેક સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના થઈ ત્યાં સુધી કોઈ ભક્તો ‘સત્સંગી’ તરીકે ન ઓળખાયા. પરંતુ સ્વામિનારાયણ ભગવાને પ્રગટ થઈને એવો જાદુ કર્યો કે આ સંપ્રદાયમાં મુમુક્ષુ વિધિસર પ્રવેશ કરે અને સ્વામિનારાયણ ભગવાનની રચેલી શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પાલન કરવા લાગે એટલે જગતમાં તે વ્યક્તિ ‘સત્સંગી’ તરીકે ઓળખાવા લાગે. એટલું જ નહિ પરંતું સ્વયં સ્વામિનારાયણ ભગવાન પણ પોતાના આશ્રિત સત્સંગીનું કલ્યાણ કરવાની ગેરંટી આપે. આજ સુધી નો’તિ દીઠી, નો’તિ સુણી, નો’તિ જાણી એવી રીત મહારાજે પ્રવર્તાવી. સત્સંગનો મહિમા વાંચતાં પહેલાં દેવ, આચાર્ય, સંત અને શાસ્ત્રની વ્યાખ્યા સ્વયં મહારાજે શ્રીમદ્ સ્તસંગિજીવન આદિક સત્શાસ્ત્રોમાં કરેલી છે, અને આ પુસ્તકમાં પણ જે આગળ લખેલી છે, તે દરેક વાંચકે અવશ્ય પણે જાણવી જોઈએ. કારણ કે સત્સંગ એટલે સાચાનો સંગ, સત્સંગ એટલે સત્યનો સંગ, જાણ્યા વિના ‘આભાસી’ નો સંગ કરવા લાગી પડે તો સંગ કરનારને એમ લાગે કે હું સત્સંગ કરું છું. પરંતુ ડુપ્લીકેટનો અથવા વિમુખનો સંગ કરવાથી ચક્ર ઉધું ફરવા લાગે. જે સુકૃત હોય તે પણ નાશ પામી જાય. સત્સંગ એટલે સત્ એવા પરમાત્મા, સત્પુરુષો, સત્શાસ્ત્રો અને સદ્ધર્મનો સંગ , પરમાત્માનું દર્શન, સેવા, પૂજા, ધ્યાન કરવું, ભક્તિ કરવી, સત્પુરુષ નો ચરણ સ્પર્શ કરવો, વંદન, નમસ્કાર કરવા, સેવા કરવી, તેઓના મુખેથી કથાવાર્તા સાંભળવી. સત્શાસ્ત્રો વાંચવા તથા સાંભળવા, સદ્ધર્મ-ભાગવત્ ધર્મનું આચરણ કરવું એનું નામ સત્સંગ.



જીવના કલ્યાણ માટે સત્સંગ જેવું બીજું કોઈ સાધન નથી. માટે જ શ્રીજીમહારાજે સભાઓમાં , સત્શાસ્ત્રોમાં આ ચારેયનો ખૂબ મહિમા કહ્યો છે. આપણા દરેક શાસ્ત્રોમાં સત્સંગનો અનંત મહિમા કહ્યો છે. આ પુસ્તકમાં સત્સંગના ચારેય અંગનો પૃથક પૃથક મહિમા લખ્યો, હવે તે દરેક અંગનો સયુક્ત પણે એટલે કે ‘સત્સંગ’નો મહિમા લખું છું. મહિમાની દરેક વાતનું મૂળ અથવા કેન્દ્ર સ્વામિનારાયણ ‘સત્સંગ’ પરત્વે રહેલું છે.

સ.ગુ. આધારાનંદ સ્વામી લખે છે. તન, ધનાદિક તો અનંત મળ્યા છે અને મળશે, પણ આવો સત્સંગ ક્યારેય મળ્યો નથી. અનંત કલ્પ ગયા, તેમાં એકવાર પણ જો સત્સંગ મળ્યો હોત તો જન્મ મરણ રહ્યું ન હોત. કોટિ સૂર્ય સમાન સત્સંગ શોભે છે. તેમાં અર્ધમરૂપી ઉલુકને કાંઈ દેખાતું નથી. કોટિ વાર મસ્તક જાય અને આખા બહ્માંડનું રાજ્ય જતું હોય, છતા પણ સત્સંગ આગળ તે સોંઘુ છે. ભવસાગર બહુ કાળથી ફરતાં ફરતાં અનેક દુઃખ સહન કર્યા. તેમાં જે સત્સંગ પ્રાપ્ત થયો તે કાંઠે આવ્યા સમાન છે. તેમાં સાવધાન પણે રહેવું. તીર્થ, જપ, તપ કરે તો પણ ભવથી છુટાય નહિ. છુટવાનું એક જ દ્વાર છે સત્સંગ. તે વિના કોટિ ઉપાયે પણ બ્રહ્મલોક સુધી પહોચેં તો પણ ભવનો રોગ મટે તેમ નથી. સર્વત્ર કાળનું જોર છે. સત્સંગ કરતા જ સંસારના પ્રીતિરૂપી અંધ તમ નાશ પામે છે. અને ત્યારે જ સત્સંગ વિનાનો બધો ભવસાગર ખારો લાગે છે.

સત્સંગનો પ્રતાપ જોઈ બ્રહ્માદિક દેવો પણ આશ્ચર્ય પામે છે. અગ્રેજો પણ કહેતા કે ‘‘સત્સંગ સમાન કોઈ નથી. અમને સત્સંગ બહુ ગમે છે, એટલો જ અમારો સત્સંગ છે. જેણે સત્સંગ કર્યો તેને અમે મનુષ્ય સમજીએ છીએ. અને સત્સંગ વિનાના જનોને ગમાર અને ડુક્કર જેવા જાણીએ છીએ.’’ સત્સંગમાં જે જનો રહ્યાં છે તે શુધ્ધ વર્તનના ભાનવાળા છે. સત્સંગ નેત્ર સમાન છે. તે પોતાને અહિતરૂપ હોય તેને સમાવી શકતો નથી. નેત્ર, કાન, નાક, વગેરે સર્વ અંગોના આભૂષણ તરીકે સત્સંગને હરિભક્તોએ માન્યો છે. સત્સંગ વિના તીર્થ, વ્રતાદિક અનેક ઉપાય કરે, વેદ, પુરાણ આદિક ગ્રંથો ભણે, જગતનું જેટલું ચાતુર્ય કહેવાય તેટલું શીખે તો પણ સત્સંગ વિના તે ન કર્યા જેવું છે. સત્સંગ થયા વિના શ્રીહરિના અલૌકિક

સુખની વાત જાણ્યામાં આવે નહિ. શ્રીહરિ કહે : કુટુંબ અને દેહમાં જેવી પ્રીતિ છે તેવી સત્સંગમાં કરવી. જેને આવી પ્રીત સત્સંગમાં થઇ છે તે જગત જીતી ગયા છે. કુટુંબ દેહને મિથ્યા જાણે તો સત્સંગમાં વિઘ્ન ન થાય. સંતો અને હરિભક્તો હંસની જાતિ કહેવાય અને સત્સંગ તે માનસરોવર છે. તેમાં હરિચરિત્ર રૂપી મોતી છે. તેનો રાત દિવસ ચારો કરવો એમ શ્રીહરિ વાત કરતા. બ્રહ્માંડમાં સત્સંગ સમાન સાર ક્યાંય ન મનાય એવા વિચાર કરવા. જગતમાં સુંદરમાં સુંદર વિષયો પણ સત્સંગમાં ઉપયોગી ન બને તો તે વિઘ્નરૂપ છે. સત્સંગના જે નિયમ છે તે મોક્ષને આપનારા છે. નિયમરૂપે થઇને શ્રીહરિ સૌને વિષે રહ્યાં છે. જેને સત્સંગ થયો છે તે આત્મા વિનાના બીજા સુખને દુઃખરૂપે માને છે. સત્સંગ કર્યામાં લેશ પણ દુઃખ નથી. જગતના કષ્ટ વિચારે તો સત્સંગ થતા વાર ન લાગે.

લાભ અને અલાભ જે જાણે નહિ તેને સત્સંગ થાય નહિ. સત્સંગ કરતા ધન, તન, કુટુંબ નાશ થાય કે દેહમાં રોગ થાય તો પણ સત્સંગ દુર્લભ છે. સાચા સત્સંગી બાઇ ભાઇ સત્સંગની રીત વિનાના જે સંકલ્પ થાય છે તે ઝેર સમાન માને છે. હરિ સંબંધિ સંકલ્પ બ્રહ્મવિધા સમાન માને છે. આ વખતે જેણે સત્સંગ કર્યો છે તેને અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે. સત્સંગ વિનાના ચતુર જનો હોય, તો પણ એકડા વિનાના મિંડા જેવા છે. ચાતુરી તો વિઘ્નકર્તા છે. ચાર પ્રકારના પ્રલય પર્યંત વિઘ્ન છે, તે સત્સંગ વિના છૂટતા નથી. ચાર પ્રકારના પ્રલયમાં રાત દિવસ દુઃખ સહન કરે છે. સત્સંગ કરીને શુધ્ધ થાય ત્યારે એના અંતરપટ ખુલી જાય છે. મહારાજ કહે, ‘‘સત્સંગની સેવા તે જ મોક્ષપદ છે. સત્સંગમાં સેવા કરે તેને ધામમાં જ દેખીએ છીએ. અમારા અક્ષરાદિ ધામ છે, તેનું સુખ અમે સંભારીએ તો અમારું દિલ અહીંયા ટકે નહીં, પણ મોટા મોટા ભક્તો સત્સંગમાં છે, તેમના હેતથી અમારો જીવ બંધાયો છે. તેથી વારંવાર ઉદાસી થવા છતાં સત્સંગ મૂકી જવાતું નથી. સત્સંગમાં મારો નિવાસ છે.'' સત્સંગ કલ્પવૃક્ષ સમાન છે. તેથી જેવું ચિંતવે તેવું સુખ દુઃખ આપે છે. જેની જેવી બુધ્ધિ હોય તે સત્સંગને તેવો દેખે છે. જે સત્સંગને મોક્ષરૂપ જુએ છે તેનો મોક્ષ અવશ્ય થાય છે. સત્સંગનું એ જ ફળ છે કે સંત હરિભક્તોનો ભાવ રહે અને તે નિત્ય નિત્ય વધતો રહે.



સત્સંગ કર્યા વિના અજ્ઞાન ટળવું અશક્ય છે. અને અજ્ઞાન એ જ માનનું મૂળ છે. સત્સંગ કરે તો જ તે છેદાય. જે દાસ થઇને સત્સંગ કરે તેને માન આવે નહિ. બિલોરી કાચ જેવો નિર્મળ સત્સંગ છે. જેથી જેવું રૂપ હોય તેવું તેને પ્રત્યક્ષ દેખાય છે. સત્સંગનો અભ્યાસ કરે તો તે દ્રઢ થાય અને જન્મમરણનો વ્યાધિ મટે, તે વ્યાધિ મટાડવા માટે ભગવાને મનુષ્ય તન આપ્યું છે. વિવેક માત્ર સત્સંગથી પ્રાપ્ત થાય છે. વિવેક વિના મોહ ક્યારેય પણ ટળે નહિ. મોહ ટળ્યા વિના કુસંગ મટે નહિ.કુસંગ હોય ત્યાં કામ, ક્રોધાદિક અર્ધમનું કુટુંબ રહેલું હોય છે.

જ્યારે જગતમાં શ્રીહરિ અવતાર ધરે ત્યારે સત્સંગરૂપી બાગ રચે છે. તેમાં મુમુક્ષુ રૂપી વિવિધ વૃક્ષો છે. અને સત્સંગરૂપી માળી છે. તે તેમની રૂચી અનુસાર જળ પાઇને પોષણ આપે છે. વેશ્યા નામ લેતા દોષ લાગે તો પણ પિંગળા નામની વેશ્યા મંગળ કારી થઇ ગઇ. અજામિલનો પણ ઉધ્ધાર થયો. આવી સત્સંગની અગમ વાત છે. તે સત્સંગ વિના સમજ્યામાં આવે નહિ. સત્સંગ વિનાના બીજા મત મલિન થઇ ગયા છે. સત્સંગમાં શ્રીહરિએ પોતાના સામર્થ્યથી નિયમરૂપી વજ્રના કોટ બનાવી અધર્મના દ્વાર બંધ કરી નિષ્કામ ધર્મને દ્રઢ કર્યો છે. સત્સંગ નિમિત્તે જેને દુઃખ આવે તેના ઉપર શ્રીહરિની કૃપા થાય છે. દુઃખ થવા છતાં સત્સંગ રાખે તે પરિપક્વ સત્સંગ ગણાય.

શ્રીહરિ કહે : પ્રવૃત્તિ ગમતી નથી, પરંતુ જ્યારે શિવના વચન સાંભળીએ છીએ ત્યારે સત્સંગ છોડી શકાતો નથી. સત્સંગની સેવા તે ધ્યાન અને તપ તે કરતા અધિક છે. કોટિ વરસના તપ અને ધ્યાનથી જે ફળ થાય તે એક દિવસની સત્સંગ સેવામાં સમાઇ જાય છે. તેવો વિચાર કરીએ છીએ ત્યારે સત્સંગ વિના બધું ખારું લાગે છે. રામાનંદ સ્વામી અમને વચનરૂપી દોરીએ બાંધી ગયા છે. અને બધા સાધનો કરતા સત્સંગ અધિક દેખાડ્યો છે. તે સિવાય રસને છોડીને કૂચા ખાવા જેવું છે. સત્સંગથી મનોવાંછિત સુખ મનાય છે. પણ ધીરજ તજી દે તે દુઃખી થાય છે. સત્સંગને અમે કુટુંબ પરિવાર માન્યો છે. સત્સંગથી બીજું કાંઇ અધિક જાણતા નથી. સત્સંગથી ભગવાનનો અપરિમિત મહિમા સમજાય છે. આજે સત્સંગ કરે છે તે બડભાગી છે. પુરુષ પ્રકૃતિ સુધી સત્સંગ સમાન બીજું કંઇ નથી. મોટા મોટા યજ્ઞ કરે, તપ કરે કે

કરોડો તીર્થ કરે, પણ સત્સંગ મળવો દુર્લભ છે. શિવ, બ્રહ્મા જેવા સત્સંગને ઈચ્છે છે, માટે કઠણ દેશ કાળમાં પણ સત્સંગ તજવો નહિ. અનેકવાર ઈન્દ્ર, બ્રહ્માના દેહ મળ્યા હશે, પણ સત્સંગ મળ્યો નથી. જેવો સત્સંગ હોય તેવા જ ભક્તિ ધર્માદિ ગુણો રહે છે. જગતના અધિક સુખ દેખીને દીનપણું આવવા દેવું નહિ, કારણ કે સત્સંગમાં બધુંય રહેલું છે. ઈન્દ્રિયો અને વિષયોનો સંબંધ જ્ઞાનદ્રષ્ટિએ કરીને છોડી દઈ કેવળ પરમાત્મા તથા પરમાત્માના ભક્તને વિષે બાંધવો અને ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યના ગુણો સંપાદન કરવા તેનું નામ સત્સંગ છે. એ બધા ગુણો સત્ કહેવાય છે. ભગવાન અને તેમના ચરિત્રો પણ સત્ય છે. શ્રીહરિના સંબંધે કરીને થયેલા તીર્થ સત્ય છે. તેનો સંગ રાખવો તેનું નામ સત્સંગ કહેવાય.

સત્સંગના યોગ વિના મોહરૂપી અજ્ઞાન નાશ પામે તેમ નથી. સત્સંગના મહિમાનો પાર નથી. અમાયિક પદાર્થ માત્ર સત્સંગમાં રહ્યાં છે. જે મોક્ષ કરનારા છે. પણ માયિક સમજણ વાળાને તે દેખાતા નથી. ચિંતામણિ સમાન સત્સંગ છે તે જેવી સમજણ હોય તે પ્રમાણે ફળ આપે છે. સત્સંગરૂપી પુરમાં ભગવાનના અવતાર થાય છે. ભગવાનના ચરિત્ર, તીર્થ, વ્રત વગેરે ઉત્તમ વસ્તુ સત્સંગમાં રહેલી છે. સત્સંગરૂપી નાવમાં બેસી ભવસાગર તરાય છે. પરલોકમાં કોઈ સહાય કરી શકે તેમ નથી. સત્સંગ જ એક ત્યાં સહાયરૂપ થાય છે. તેમાં જેટલી કસર રહે છે. તેટલું પાછળથી પસ્તાવું પડે છે. સત્સંગમાં જ્યાં સુધી રસ જણાય નહિ, ત્યાં સુધી નામમાત્ર સત્સંગ કહેવાય. સત્સંગમાં બાળક હશે તેને માથેથી પણ જન્મ મરણને જમપુરી ટળી જશે. કાળ અને માયા તેનું નામ લઈ શકશે નહિ. સત્સંગ વિના મોક્ષરૂપી ગુણ પ્રાપ્ત થતો જ નથી. સત્સંગ ન કર્યો તો અપાર સમૃદ્ધિ મળે તો પણ રંકનો રંક જ રહે છે. સત્સંગ કરે તેને કાળ બચાવે છે. અને બીજાને કાળ ચાવી જાય છે. અપાર સાધન કરે પણ સત્સંગનો યોગ ન થાય ત્યાં સુધી પશુબુદ્ધિ મટતી નથી. નિષ્કપટ થઈને તન, મન, ધનથી સત્સંગ કરે નહિ ત્યાં સુધી ગીંગાની ગોળી રૂપે કુસંગ રહ્યાં કરે છે. યવન જેવા જીવો નખ શિખ સુધી પાપમાં ડૂબેલા હોય પણ તે જો સત્સંગ ને માર્ગે ચાલે તો બ્રાહ્મણ ને દેવથી પણ શુદ્ધ થઈ જાય છે. સત્સંગના યોગે કરીને પશુ, પંખી અને વૃક્ષ પણ દેવતાઓને પૂજ્ય બને છે.



સત્સંગ અને ભગવાન ત્રણ ગુણથી પર છે ને બ્રહ્માંડના સુખ માત્ર ત્રણ ગુણમય છે ને નાશવંત છે. પ્રહલાદ અને પ્રિયવ્રત જેવા રાજાઓએ સત્સંગ સંપાદન કર્યો છે, જેથી જન્મ મરણથી છૂટ્યા છે. સત્સંગ ન થાય તો વિઘ્નોનો પાર નથી. હરિભક્તોના વિઘ્નો બળી જાય છે. હનુમાનજી વાનર હોવા છતાં સત્સંગથી એવા મોટા થયા કે તેમનું નામ સાંભળી વિઘ્ન નાશ પામે છે. પદાર્થ માટે સત્સંગમાં રહે તેને પદાર્થ મળે છે. કારણ કે સત્સંગ કલ્પવૃક્ષ સમાન છે. સત્સંગ કર્યા વિના ક્યારેય ઉદ્ધાર થતો નથી. બધા સાધન સત્સંગમાં આવી જાય છે. સત્સંગનો દ્રોહ કરવાથી સુકૃત નાશ પામે છે. સત્સંગના દ્રોહથી વૃક્ષ, ઘાસ કે પથ્થરનો દેહ આવે છે. સારમાં સાર સત્સંગ છે. સત્સંગથી કાંઈ અધિક નથી. સંત હરિભક્તની સત્સંગના સંબંધે કરીને અપાર મોટપ છે. તે માયિક જનને દેખાય નહિ. સંત ને સત્શાસ્ત્રના અભ્યાસથી સત્સંગનો નાશ થતો નથી. સંતની સભામાં બેસીને તેનો અભ્યાસ કરે તેને સત્સંગના મૂળ ઊંડા જાય છે. યજ્ઞ દાનાદિક કરી ઈન્દ્ર કે વિધિ ના લોકને પામે છે. પણ જ્યાં સુધી સત્સંગ નથી ત્યાં સુધી કાંઈ મેળવ્યું નથી, સત્સંગની એવી મોટપ છે. બધાય સાધનોનું ફળ સત્સંગ કરવો એ જ છે. સત્સંગ કરવામાં હિત છે અને કુસંગ કરવામાં અહિત રહેલું છે. નીતિમાન લોકો સત્સંગ કરીને સુખી થાય છે. સત્સંગ કરી જેવું વર્તે છે તેવું ફળ પામે છે. સત્સંગના યોગથી જેને જ્ઞાન થાય છે તે ચોરાશીના બંધનથી છૂટે છે. પુત્ર પરિવાર અને મન માન્યા વિષયો બધું સુગમ છે પણ સત્સંગ અને ભગવાન દુર્લભ છે. જેને આ વાત સમજાય તેના પુણ્યનો પાર નથી અને એ ન સમજાય ત્યાં સુધી કોટિ કોટિ સંપત્તિ હોય તો પણ અભાગી છે.

સત્સંગ, શ્રીહરિ અને સંત તો ચિંતામણિ અને કલ્પવૃક્ષ કરતા કોટિગણા અધિક છે. તેમનો મહિમા અપાર છે. સત્સંગ અને શ્રીહરિ સાથે જેટલો નિષ્કપટ સંબંધ અને વિશ્વાસ રાખે છે તેટલો જ તે હરિભક્ત કહેવાય છે. શાસ્ત્ર અને વિદ્વાન સત્પુરુષ તે બન્ને સત્સંગના દ્વાર છે. સત્સંગ અને ભગવાનની એક રીત છે. સત્સંગની પુષ્ટિથી ભગવાનની પુષ્ટિ છે. સત્સંગનું મન, કર્મ, વચને સેવન કરે નહિ ત્યાં સુધી સત્સંગના ગુણ આવે નહિ. સત્સંગમાં મોક્ષ પ્રગટ રહ્યો છે. પાપી હોવા છતાં સત્સંગમાં ભાવ હોય તેટલું

તેને સુખ થાય છે. પ્રાકૃત જનોને સત્સંગ કરવામાં શરમ આવે છે. પણ બીજા કાર્યમાં લાજ આવતી નથી, કે જેનાથી પોતાનું કામ બગડે છે. ફાવે તેવો બુધ્ધિમાન હોય પણ સત્સંગથી દૂર રહે તો ભવ ભટકણનું અપાર દુઃખ તેને મટતું નથી. બુધ્ધિનું ફળ સત્સંગ મેળવવો એ જ છે. સત્સંગ કરીને જેની બુધ્ધિ ફરી જાય છે તેને સત્સંગ કરવામાં ફેર છે. દિવસે દિવસે ચઢતો રંગ રહે એનું નામ સત્સંગ કર્યો કહેવાય. કેવળ સત્સંગ કરીને જ સાચું જ્ઞાન થાય છે અને જગતના સુખમાં દુઃખ મનાય છે. અને ભગવાનના સુખમાં નજર પહોંચે છે. અનંત કોટી બ્રહ્માંડના પદાર્થ મળવા સુગમ છે પણ સત્સંગ મળવો દુર્લભ છે. સત્સંગનું જ્ઞાન જ્યારે યથાર્થ સમજાય છે ત્યારે માયિક વસ્તુઓ મળ સમાન લાગે છે. નરનારીઓ ઠગ તથા સિધ્ધલોકોની માયાજાળમાં ફસાઈ જાય છે, જ્યારે તેને સત્સંગ થાય છે ત્યારે તેઓને માનતા નથી. સત્સંગરૂપ ચિંતામણિનો મહિમા ન સમજાય તો બાળબુધ્ધિ કહેવાય. મનુષ્યનું તન ચિંતામણિ સમાન છે, છતાં સત્સંગ વિના વ્યર્થ નષ્ટ થઈ જાય છે. બ્રહ્મા, શિવ જેટલી મોટપ પામે પણ સત્સંગથી અધિક કાંઈ નથી. જેને સત્સંગનો ગુણ આવે છે તેના ધન્ય ભાગ્ય છે.

શ્રીહરિ કહે, કલ્યાણના પ્રવાહ માટે નિયમની એક સડક બનાવી, બધા શાસ્ત્રોના સારરૂપ મોક્ષ પરાયણ વચન તેમાં અમે જડી દીધા છે અને તેમાં વિઘ્નરૂપ કુમાર્ગ પણ દેખાડી દીધો છે. સત્સંગરૂપ સડક અમે બાંધી છે તેથી બ્રહ્માંડ રહે ત્યાં સુધી કલ્યાણનો પ્રવાહ ચાલશે. મહારાજ કહે, સત્સંગમાં અમે આવ્યા તેમાં પહેલા ચાર વર્ષ સોરઠમાં રહ્યાં. તેમાં દશ માસ લોજમાં મુક્તમુનિ પાસે રહ્યાં ને તેમની મન, કર્મે, વચને સેવા કરી. પછી બીજા તીર્થોમાં વિચર્યા. અમને બધા તીર્થોના ફળ રૂપે સત્સંગ પ્રાપ્ત થયો. સત્સંગને અમે ચિંતામણિ સમાન માન્યો. અમારે જેવો ભાવ હતો તેવો જ સત્સંગ મળી ગયો.

સત્સંગ વિના ચોરાસીના ફેરા મટવાના નથી. જન્મ મરણનું દુઃખ મટતું નથી. સત્સંગમાં આલોક અને પરલોક બન્નેના સુખ રહેલા છે. સંતને માનવાથી સુખી થવાય છે. સત્સંગની વૃધ્ધિનું કારણ સંત છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગની ગુપ્ત શરૂઆત આત્માનંદ સ્વામીએ કરી. તેમનાથી



રામાનંદ સ્વામીએ સત્સંગનું મૂળ જમાવી પોષણ કર્યું. સહજાનંદ સ્વામીએ તેના પાયા અચળ કર્યા ને સત્સંગરૂપી અલૌકિક પુર રચ્યું. ને ધર્મ નિયમ રૂપી કોટ કર્યા. તેમાં શ્રીહરિની વાતરૂપી ધનનો ઘણો ખર્ચ થયો. ને મોક્ષના ખપ રૂપી દ્વાર મૂક્યાં. સત્સંગમાં સુખમાત્ર રહ્યાં છે. બીજે બધે દુઃખ છે. સત્સંગ કરે છે તેનો દોષ ભગવાન માફ કરે છે. ચક્રવર્તીનું રાજ્ય મળે તો પણ દુઃખનો અંત આવે તેમ નથી. બ્રહ્માંડના રાજ્ય કરતા સત્સંગમાં કોટિગણું સુખ છે.

મુક્તમનિ કહે, ‘‘સત્સંગમાં ત્યાગી છે તેવા કોઈ બ્રહ્માંડમાં નથી. બ્રહ્માંડના ભૂષણરૂપ છે. ભૂષણમાં ભૂષણ સત્સંગ છે. તેનું ભૂષણ સંત છે. ને સંતનું ભૂષણ ભગવાન છે. માટે ભગવાનનું વચન સર્વોપરી કહેવાય. મનમુખી વર્તે તેને દુઃખ થાય. સત્સંગની રીતે ન ચલાય તો ત્યાગી થયા તે ન થયા જેવું છે. ભગવાન મળે પણ રીતમાં ન ચાલે તો દુઃખ મટે નહિ. પોતાનો દોષ દેખાય ત્યારે દુઃખ ટળે અને સત્સંગમાં નભાય.’’ સંત સમાગમ અને સત્સંગથી સત્યાસત્યનો વિવેક સમજાય છે. અને તેનાથી અંતર શુધ્ધ થાય છે. સત્સંગ સાચો છે છતાં કુસંગમાં ગુણ મનાય છે, ત્યાં સુધી સત્સંગનો લાભ થતો નથી. જોબનપગીને સત્સંગ થયા બાદ તેમણે અન્ય કેટલાક ચોરોની ચોરી છોડાવી હતી, ને સત્સંગ થતાં અન્ન વસ્ત્રનો પાર રહ્યો નહિ. અન્ન, વસ્ત્ર અને આબરુંનું સત્સંગીને મહારાજે વચન આપેલું છે. સત્સંગનો યોગ અને ભગવાનના નિશ્ચય વિના ફાવે તેવા નિયમ રાખે પણ કુસંગમાં ગણાય. નિષ્કપટ સત્સંગ જેણે કર્યો એવા વ્રિપોથી આરંભીને શ્વપચ પર્યંત ભક્તોને અંત સમયે ભગવાન દર્શન દે છે. તેને કેટલાક પ્રત્યક્ષ દખે છે. પોતે કુકર્મી હોય પણ સત્સંગનો તથા ભગવાન અને સંતનો પક્ષ રાખી અન્ન, ધન કે વસ્ત્રથી સહાય કરે છે તો તેની પણ વિકટ સમયે રક્ષા થાય છે. સત્સંગ કરીને સત્સંગથી જે કાંઈ બીજુ હોય તેને અધિક ન માને તેને પુરો સત્સંગ થયો કહેવાય. સુંદરીયાણાના વણિક હેમરાજ શાહ સત્સંગી થયેલા. સત્સંગ થયા પહેલાં તેઓ સમર્પણી વૈષ્ણવ હતાં ને ધધુંકાના વૈષ્ણવ સમાજના અગ્રેસર હતા. વૈષ્ણવની રીત કરતાં સત્સંગની રીત કોટીગણી સારી તેમણે દીઠી. સત્સંગ સર્વોપરી છે. સત્સંગ વિનાના જનો મનમાં પોતાને ફાવે તેટલું અધિક માનતાં હોય પણ તેથી અધિક થઈ જતા નથી. તો બીજા જીવનું શું લેખું!

જેમાં જેવો ગુણ દેખાય છે ત્યાં તે પ્રમાણે માણસો ખેંચાય છે અને જ્યાં ત્યાં દોડે છે. પણ સત્સંગમાં તેવી રીતે દોડતા નથી. મોક્ષમાર્ગીજનો તો સત્સંગમાં જ દોડે છે. સત્સંગ કરે તેની કોઇ જગતમાં પ્રશંસા કરતું નથી. કારણ કે વ્યસનમાં ડૂબેલા લોકોને સત્સંગ ગમતો નથી. પણ સત્સંગ કર્યા વિનો ફાવે તેવા ગુણવાન હોય તો પણ મોક્ષ થવો કઠણ છે. સત્સંગરૂપી ધીનું કારણ યથાર્થ જ્ઞાન છે. સુખમાત્રનું મૂળ ભગવાન છે. સત્સંગની વાત છે તે મોક્ષભાગી જનો માટે છે. સ્વાર્થને માટે નથી. સત્સંગ કર્યા વિના આખા બ્રહ્માંડનું રાજ, ધન કે સુખ પામે તો પણ કાંઇ નથી. સત્સંગ કરતા રોકે તે બ્રહ્મા જેવો હોય તો પણ અસુર જેવો કહેવાય. દર્પણમાં જેમ મુખ દેખાય છે તેમ સત્સંગથી પોતાનું અંતર ઓળખાય છે. સત્સંગના સંતની આગળ બીજા સંતોમાં રાત ને દિવસના જેટલો ફેર છે, સત્સંગના સંતોને ધર્મ ઉપર તાન હોય છે. જેના ભાગ્ય ઉદય થયા હોય તેનાથી જ સત્સંગને માટે કાંઈક કરવાનું બની શકે. આવો અવતાર, આવા ભક્તો ને આવા સંતો ક્યારેય થયા નથી. જેણે એવા સંત્સંગનો લાભ લીધો નહિ તેના જેવો કોઇ દુર્ભાગી નથી. સત્સંગમાં સત્ શાસ્ત્રના વચનનું પ્રતિપાદન કર્યુ છે. બ્રહ્માંડમાં સત્સંગ સમાન બીજું કોઇ નથી એમ શાસ્ત્રની દ્રષ્ટિએ કરીને દેખાય છે. વિવેક વિનાની બધીજ વાતો વ્યર્થ છે. વિવેકનું ફળ એ જ છે કે તેને સત્સંગ સિવાય અન્યમાં ભાવ રહેતો નથી. જે સંપ્રદાય તથા મતપંથીઓ ધન અને નારીમાં જ અપાર સુખ માને છે તેઓ 'ભવભટકણ કરાવનાર છે.' એમ સત્સંગથી દેખ્યામાં આવે છે. સત્સંગથી જ સત્ અસત્ વાતનો વિવેક ઉત્પન્ન થાય છે. સત્સંગ કરે તેને તો જમદૂતો પણ સહાય કરે છે. કાળ, માયા, કર્મ, યમદૂત જે મહા ભયંકર છે તે અનંત બ્રહ્માંડનો નાશ કરનારા છે, એમ સત્સંગ થયો હોય તે જન જાણી શકે છે. સત્સંગ વિનાના જનોને તે વાત સમજાતી નથી. હરિભક્તને શરીર સંબંધી કે જગત સંબંધી ફાવે તેવું દુઃખ આવે તો પણ સત્સંગના સુખે કરીને પોતાને દુઃખી માનતો નથી. શ્રીહરિએ પ્રગટ થઈને સત્સંગની જેટલી મોટપ છે તેટલી પ્રગટ કરી છે ને બધી નિર્દોષ વાતોનો સંગ્રહ કર્યો છે.

સત્સંગનું ફળ ભગવાનનું ધામ છે. સત્સંગમાં ચોરી, પરસ્ત્રી, દારૂ, માંસ, અફીણ, હુક્કા વગેર દુઃખ દાયી વસ્તુનો ત્યાગ કરી ભગવાનમાં પ્રેમ



કરવાનું કહ્યું છે. ભગવાનના કથા કીર્તનનું વ્યસન રાખવાનું પ્રતિપાદન છે. અને બૂરા માર્ગ માત્રનો ત્યાગ કરવાનું કહ્યું છે. સત્સંગમાં ધર્મનો સંબંધ છે. ધર્મનો ત્યાગ કરે તો સંબંધ કોઇ રાખે નહિ. નારી ધનાદિકમાં સુખ મનાય છે, ત્યાં સુધી દુઃખનો અંત આવતો નથી. સત્સંગ વિના એવી સમજણ આવવી બ્રહ્મા જેવાને પણ કઠણ છે. જળમાં રહીને કોરા રહેવું તે નાવ વિના બને નહીં. સત્સંગની વાત તે નાવરૂપ છે. સત્સંગની વાત વિષયમાં દુઃખ દેખાડે છે, ને ભગવાનમાં સુખ દેખાડે છે. અનંત શરીર ધારીને વિષયમાં જીવ વળગી રહ્યો છે, સત્સંગ વિના તેની અરૂચિ થતી નથી. જેને સત્સંગ ઉપર ભાવ થાય તેને તેટલો ખપ ગણાય. ખપ વિનાનાને સદાય વિઘ્ન રહે છે, અને તેનો સત્સંગ રહેતો નથી. કોટિવાર મસ્તક જાય તો પણ સત્સંગ તજવો નહિ. સત્સંગ નિમિત્તે ફાવે તેવું દુઃખ આવે પણ સત્સંગને દુઃખથી દુર્લભ ગણવો. સત્સંગ વિના વેદપુરાણ ભણે તો પણ તેની બુધ્ધિ વ્યર્થ છે. જે સત્સંગ કરે છે તે વેદપુરાણ ભણી રહ્યો છે અને બધા સાધન તેને પુરા થયા છે. સત્સંગ કરી નિયમ રાખે છે તે જમપુરીને ચોરાસીથી છૂટી ભગવાનના દિવ્ય ધામમાં જાય છે. ત્યાની સમૃધ્ધિ અને સુખનું વર્ણન થઇ શકે નહિ. એ તો અનંત અને દિવ્ય છે. આ સત્સંગ દિવ્ય છે. તેની દરેક વાત ચમત્કારિક છે. સત્સંગ વિનાના બીજા મતમાં વ્યભિચાર રહેલો છે. ઉપરથી વૈષ્ણવતા બતાવે પણ નારી જોઇને ચલિત થઇ જાય છે. સત્સંગની પ્રથા જેવી પ્રથા ક્યાંય નથી. સત્સંગમાં મળતી આવે એટલી વાત ને રીત સત્ય છે. સત્સંગનો દ્રોહ કરે તેને તરત અહીંયા ફળ મળી રહે છે. સત્સંગનો દ્રોહ કરતો રહે તે ફાવે તેવો મોટો હોય તો તેનો પણ વંશોચ્છેદ થાય છે. જેટલો સત્સંગનો સત્કાર થાય છે તેટલું સુખ થાય છે. સત્સંગ વિના જીવનો ઉધ્ધાર કોઇ રીતે થાય નહિ અને કુસંગ પણ ઓળખાય નહિ. સત્સંગના પ્રતાપનો પાર નથી. આ સત્સંગરૂપી ભાગવત ધર્મ સૌથી શ્રેષ્ઠ છે. જેમાં ભગવાનની પ્રસન્નતા ઈચ્છવામાં આવે છે. જેને લીધે અંતરમાં ભગવાન અખંડ નિવાસ કરે છે. જાણે અજાણે સત્સંગ કરે કે સંત હરિભક્તોનો ભાવ આવશે કે એકવાર માથું નમાવશે તો કોટિ કલ્પના યજ્ઞથી પણ વિશેષ ફળ મળશે. જેને સત્સંગનો જોગ થયો છે તેના ભાગ્યનો પાર નથી.

ઉધ્ધવજી ભગવાનનો મહિમા સમજતા તેનાથી પણ અપાર મહિમા ભગવાન અને સત્સંગનો છે. સત્સંગની બધી જ વાર્તાઓ તથા ક્રિયાઓ જન્મ મરણથી મુકાવનારી છે. શ્રીહરિમાં જ ચિત્ત ચોટાડવું તે સત્સંગનો મુખ્ય સિધ્ધાંત છે. જેને સત્સંગ પર રૂચિ થાય છે તેના અનંત જન્મના પાપ નાશ પામી જાય છે. મૃત્યુ મટે તેવી રીતે ચાલ્યા વિના મૃત્યુ મટતું નથી. મૃત્યુ મટાડવાનો ઉપાય એક સત્સંગ જ છે, અપાર જન્મનું તથા મત્યુનું બીજ સત્સંગ વિના બીજાથી બળતું નથી. ભગવાન ને ભગવાનના ભક્ત, ભગવાનનું ધામ ને સત્સંગ એ વિના બ્રહ્માંડના અપાર વૈભવ હોય તે બધા વિઘ્નકર્તા છે ને મૃત્યુથી નાશ પામનારા છે, એમ જાણીને સત્સંગ કરે તેને સત્સંગી કહેવાય. નામ માત્ર સત્સંગથી માયિક સુખ પામે છે. સત્સંગના મૂળરૂપ બાઈ-ભાઈ હરિભક્તો, સંતો ને મંદિર છે, તેની જે ભાવથી સહાય કરે તે હરિના ધામમાં જાય છે. સત્સંગ ઉપર જેટલો ભાવ હોય તેટલું શ્રીહરિ અંતરમાં સુખ આપે છે. સત્સંગ મહિમાના મોટા ભાગના વાક્યો શ્રીજી મહારાજના છે. સત્સંગમાં શ્રીજીમહારાજ પ્રગટપણે રહેલાં છે. તેથી આપણો સત્સંગ પણ પ્રગટ છે. સત્સંગનો મહિમા પણ પ્રત્યક્ષ છે. ઉધારાની વાત નથી. પામર જેવો સત્સંગમાં હોય તેનુએ કલ્યાણ થાય છે. જે સત્સંગી જેમ જેમ વધુ વધુ સત્સંગ કરે છે તેમ તેમ વધુ સમાસ થતો જાય અને અતિશે મોટપને પામી જાય છે. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે,

.............. અને જે ગુણને પ્રધાનપણે પોતામાં ઘાટ થતા હોય તે સામી દ્રષ્ટિ રાખે અને સત્સંગમાં જે ભગવાનની વાર્તા થાય તેને ધાર્યા વિચાર્યા કરે તો આ સત્સંગનો પ્રતાપ એવો છે જે, જે ગુણના ઘાટ થતા હોય તે ઘાટની તેને નિવૃત્તિ થઈ જાય છે અને નિરૂત્થાન થઈને અખંડ પરમેશ્વરના સ્વરૂપનું ચિંતવન થાય છે અને સત્સંગ વિના તો બીજા કોટિ સાધન કરે પણ તેને ઘાટની તથા રજોગુણ આદિક ગુણની નિવૃત્તિ થાય નહિ અને જો નિષ્કપટપણે કરીને સત્સંગ કરે ને પરમેશ્વરની વાર્તાને ધારે વિચારે તો એ મલિન ઘાટનો નાશ થાય છે. માટે સત્સંગનો પ્રતાપ તો અતિ મોટો છે અને બીજા સાધન છે તે કોઈ સત્સંગ તુલ્ય થાય નહિ. કાં જે, કોઈ સાધનને કરીને જે ઘાટની નિવૃત્તિ નથી થતી તેની નિવૃત્તિ સત્સંગમાં થાય છે. તે કારણપણા



માટે જેને રજોગુણ સંબંધિ મલિન ઘાટ ટાળવા હોય ............ (ગ.પ્ર.પ્ર.૩૦)

............. એમ અતિશે દુઃખ થવાનું હોય તો તેમાંથી પરમેશ્વરનો આશરો કરીએ તો થોડુંક ઓછું થાય ખરું, પણ એ જીવને એમ સમજાતું નથી. અને જો શૂળી લખી હોય તો કાંટેથી ટળી જાય એટલો તો ફેર પડે છે. ત્યાં એક વાર્તા છે જે, ......

............. એમ સત્સંગ કરે છે તેને શૂળી જેટલું દુઃખ હોય તો કાંટે મટે છે, કાં જે અમે રામાનંદ સ્વામી પાસે માગી લીધું છે જે, 'તમારા સત્સંગી હોય તેને એક વીછીંનું દુઃખ હોય તો તે મને એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુખ થાઓ. પણ તમારા સત્સંગીને થાઓ નહિ. અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય, તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન વસ્ત્રે કરીને દુઃખી ન થાય, એ બે વર મને આપો.' એમ રામાનંદ સ્વામી પાસે માગ્યું ત્યારે મને રામાનંદ સ્વામીએ રાજી થઈને એ વર આપ્યા છે. માટે જે કોઈ સત્સંગ કરે છે તેને વ્યવહારે દુઃખ થવાનું લખ્યું હોય તે થાય નહિ, તોય પણ પદાર્થ નાશવંત છે માટે એ પદાર્થની ઈચ્છાએ સત્સંગ કરે તો એને નિશ્ચયમાં સંશય થયા વિના રહે જ નહિ. માટે સત્સંગ કરવો તે તો એકલો નિષ્કામપણે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો તો અડગ નિશ્ચય થાય.'' .......... (ગ.પ્ર.પ્ર.૭૦)

......... અને સર્વે સાધનના ફળરૂપ તો આ સત્સંગ છે. તે શ્રીકૃષ્ણ ભગવાને ઉધ્ધવ પ્રત્યે એકાદશ સ્કંધમાં કહ્યું છે જે, 'અષ્ટાંગયોગ તથા સાંખ્ય વિચાર તથા શાસ્ત્ર પઠન તથા તપ, ત્યાગ, યોગ, યજન, અને વ્રતાદિકે કરીને હું જેવો વશ થતો નથી તેવો સત્સંગે કરીને વશ થાઉ છું.' માટે અમને તો એમ ભાસે છે જે, પૂર્વ જન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરુષને યોગે કરીને થયો હશે, અને આજ પણ જેને સંસ્કાર થાય છે તે સત્પુરૂષને યોગે કરીને જ થાય છે. .......... (ગ.અંત્ય. ૨)

........... આ સત્સંગ છે તે તો અલૌકિક છે, અને જેવા શ્વેતદ્વિપ , વૈકુંઠ, ગોલોક તેને વિષે ભગવાનના પાર્ષદ છે તે જેવા જ આ સર્વે સત્સંગી છે. .......... તેમ જેનો દ્રઢ સત્સંગ હોય તેને ગમે તેવા દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે સત્સંગમાંથી મન

પાછું હઠે નહિ, એવા જે દ્રઢ સત્સંગી વૈષ્ણવ છે, તે જ અમારે તો સગાવ્હાલા છે, ને તે જ અમારી નાત છે. ને આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે, ને શ્રીકૃષ્ણ ભગવાનના ધામમાં પણ વૈષ્ણવ ભેળું જ રહેવું છે, એમ અમારો નિશ્ચય છે. ........ (ગ.અંત્ય. ૨૧)

............. અને આ સમયમાં જેવી સત્સંગમાં વાર્તા થાય છે તેને જો નારદ, સનકાદિક ને બ્રહ્માદિક દેવતા સાંભળે તો સાંભળીને એમ કહે જે, 'આવી વાર્તા કોઈ કાળે સાંભળી પણ નથી અને સાંભળશું પણ નહિ. આ વાર્તા તો 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી છે. અને અતિશે ઝીણી વાર્તા થાય છે તો પણ અતિશે સ્થુળ બુધ્ધિવાળા હોય તેને પણ સમજાય છે, એવી મૂર્તિમાન વાર્તા થાય છે. માટે 'આ સમે જેને સત્સંગમાં પ્રતીતિ આવી છે, તેના પુન્યનો પાર આવે તેમ નથી,' એવું જાણીને સત્સંગી હોય તેને પોતાને વિષે કૃતાર્થપણું માન્યું જોઈએ. .......... (ગ.મ.૯)

માટે જેને સત્સંગનો પક્ષ હોય તેના માન, મદ, મત્સર, ઈર્ષ્યા આદિક સર્વ શત્રુનો નાશ થઈ જાય છે. ........... (ગ.પ્ર.પ્ર.૭૮)

વાસુદેવ માહાત્મ્ય ગ્રથમાં સત્સંગ અને શરણાગતિનો મહિમા સમજાવતા ભગવાન નારદમુનિ પ્રત્યે કહે છે, હે દેવર્ષે, સંસાર પાશ થકી મુકાવા ઈચ્છતા જનોને સત્સમાગમે કરીને જ ભૂમિમાં મારી પ્રાપ્તિ થાય. આ થકી અન્ય ઉપાયે કરીને ન જ થાય. મારી પ્રાપ્તિનું અસાધારણ સાધન સત્સંગ જ છે. આ હું તમને સત્ય જ કહું છું અને તમો તેને નિશ્ચયથી જ સત્ય સમજો. જો જે મનુષ્યો મારા જ શરણને પામે, તો જ તે મનુષ્યો જીવોને બંધન કરનારી ગુણમયી માયા થકી મુક્ત થાય છે. મારી પ્રાપ્તિનું આ જ અસાધારણ ફળ છે. જે કોઈ પણ ભાવથી મારા શરણને પામેલો પુરૂષ તો યથેષ્ટ સુખને પામે છે. પણ બીજા દેવના ઉપાસકની પેઠે જન્મમરણરૂપ સંસૃતિને નથી જ પામતો .

નિષ્કુળાનંદ કાવ્ય માં શ્રીજી મહારાજ કહે છે,

શિક્ષાપત્રી માંહિ અમે રે શું રે, રહી એમાં સહુને સુખ દેશું રે ॥
રે'શું સતસંગ માંહિ સદાય રે, હરવા સતસંગની આપદા રે ॥

નિષ્કુળાનંદ કાવ્યના વચનવિધિ પ્રકરણમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી લખે છે,



મહા મોટું સુખ માની મનમાં, મોટા મોટા મુકી ચાલ્યા રાજ રે ।
તે તો સુખ મળે છે સે'જમાં, સતસંગ માંહી રે'તા આજ રે ।

વિશ્વામિત્ર મહર્ષિ વશિષ્ઠ મુનિની પાસે આવે ત્યારે વશિષ્ઠ મુનિ એને કહે કે, - 'આવો રાજર્ષિ એમ કહે એટલે વિશ્વામિત્રને રીસ ચડે તે રીસમાં ને રીસમાં તેમણે વશિષ્ઠ મુનિના સો પુત્ર મારી નાખ્યા જ્યારે વિશ્વામિત્ર આવે ત્યારે ઢાલ, તલવાર ધનુષ્યબાણ ધારણ કરીને આવે તે રજોગુણી કહેવાય માટે વશિષ્ઠ મુનિરાજ વિશ્વામિત્રને ''આવો રાજર્ષિ'' કહીને બોલાવતા. એમ ને એમ જ્યારે આવે ત્યારે બોલાવતા. એમ કરતા કોઈક સમે તે વિશ્વામિત્ર વશિષ્ઠને મારવા સારું ઝુપડી કેડે સંતાઈને બેઠા હતા. તે સમયે વશિષ્ઠમુનિએ પોતાની ઝુંપડીમાંથી બહાર નીકળીને એમ બોલવા માંડ્યું કે વાહ, વાહ, આ પૂનમની રાત્રિ કેવી શોભે છે ? જાણે વિશ્વામિત્રનું તપ ખીલ્યું હોય ને શું ! એમ રાત્રિ શોભે છે. તે સાંભળીને વિશ્વામિત્રના મનમાં એમ થયું કે હું તો તેને મારવાને માટે આવ્યો છું, ને આ તો મારા વખાણ કરે છે. માટે મને ધિક્કાર છે. ને એ વશિષ્ઠમુનિ ને ધન્ય છે એમ પોતાના મનમાં પરિતાપ કરીને હથિયારો ફેંકી દઈને વશિષ્ઠમુનિના પગમાં પડ્યાં.

એટલે વશિષ્ઠમુનિ બોલ્યા કે, ''આવો બ્રહ્મર્ષિ''. ત્યારે વિશ્વામિત્ર બોલ્યા કે, તમે મને પહેલાં બ્રહ્મર્ષિ કરીને બોલાવ્યા હોત તો તમારા સો પુત્રને મેં માર્યા ન હોત. ત્યારે વશિષ્ઠમુનિ કહે છે કે, જ્યારે નિર્માની થઈને બ્રહ્મરૂપ થયા ત્યારે મેં બ્રહ્મર્ષિ કહીંને બોલાવ્યા. ને જ્યારે રજોગુણમાં વર્તતા હતા ત્યારે રાજર્ષિ કહેતો હતો. ઉપરોક્ત વચન સાંભળીને તે મહર્ષિ રાજી થયા. ને વશિષ્ઠ મુનિને કહ્યું કે, મેં સાઠ હજાર વર્ષનું તપ તમને આપ્યું. એમ કહીને પાણીની અંજલી મુકી. ત્યારે વશિષ્ઠમુનિ રાજી થઈને વિશ્વામિત્ર ને કહે છે કે, જાઓ, મેં તમને લવ સત્સંગનું ફળ આપ્યું. એટલે વિશ્વામિત્ર કોપાયમાન થયા ને કહ્યું કે, મેં સાઈઠ હજાર વર્ષનું તપ આપ્યું ને તમે લવ સત્સંગ આપવાનું કહ્યું તે મારી મશ્કરી કરી.

ત્યારે વશિષ્ઠમુનિ કહે છે કે, તમારી મશ્કરી નથી કરી. આપણે બન્ને જણ જઈને ન્યાય કરાવીએ. એમ કહીને તે મહર્ષિને શાંતિ પમાડીને પછી તે બન્ને ચાલ્યા તે બ્રહ્મા, વિષ્ણુ, શિવ એ ત્રણેય પાસે જઈ વળ્યા. પણ કોઈએ

ન્યાય ન કર્યો. ત્યારે શેષજી પાસે તે બન્ને જણ ગયા. ને શેષનારાયણ ને કહ્યું કે, લવ સત્સંગનું ફળ મોટું કે સાઈઠ હજાર વર્ષના તપનું ફળ મોટું એ બે નો ન્યાય કરો. ત્યારે શેષનારાયણ બોલ્યા કે મારે માથે ચૌદ લોકનો ભાર છે. તે ઉંચો થાય તો તમારો ન્યાય કરું. ત્યારે તેણે કહ્યું કે શી રીતે ઉંચો થાય ? ત્યારે શેષજી કહે કે, - તમે એમ કહો કે સાઈઠ હજાર વર્ષનું તપ અધિક હોય તો શેષજીના માથેથી બ્રહ્માંડ ઉંચું થજો. ત્યારે વિશ્વામિત્રે તેમ કહ્યું પણ તે ઉંચું ન થયું. પછી વિશ્વામિત્રે કહ્યું કે, લવ સત્સંગ સાઈઠ હજાર વર્ષના તપથી વધારે હોય તો શેષજીના માથેથી પૃથ્વી ઉંચી થજો. એટલે પૃથ્વી ઉંચી થઈ. પછી શેષજીએ કહ્યું કે,આ તમારો ન્યાય બારોબાર થયો કારણ કે લવ સત્સંગના પુણ્યે પૃથ્વી ઉંચી થઈને સાઈઠ હજાર વર્ષને તપે ઉંચી ન થઈ. માટે લવ સત્સંગનું ફળ અધિક છે. એટલે વિશ્વામિત્રે વાત સાચી માની. આમ સર્વે સાધન કરતા સત્સંગ કરવો એ અધિક જણાય છે.

ખાધા વિના જેમ શરીરમાં બળ ન આવે તેમ સત્સંગની વાતો જીવનમાં ઉતાર્યા વિના જીવમાં બળ ન આવે. સત્સંગ છે તે તો બ્રહ્મરૂપ છે ને મહાવિષ્ણુરૂપ છે. પરમાત્માના વાક્યનું વિવરણ શતાનંદ સ્વામી કરે છે કે સત્સંગ કેવો પ્રબળ છે -

क्षणमपि सज्जन सङ्गतिरेका भवति भवार्णव तरणे नौका ।

એક ક્ષણ પણ, થોડી વાર પણ જો કોઈ સંતનો સમાગમ હોય તો સંસારથી તરી જવાય છે. સત્સંગ મહિમાની શાસ્ત્રોમાં ઘણી દ્રષ્ટાંત વાર્તાઓ, સત્ય વાર્તાઓ લખાયેલી છે. તે વાર્તાઓ અત્રે નહીં લખતા તેનો સાર જ લખી રહ્યો છું. ધોળકામાં કાશીરામ નામના કોઈ મહાપંડિત બ્રહ્મરાક્ષસ થયેલા. એને છ શાસ્ત્રો, ચાર વેદ ને ચૌદ વિદ્યા મોઢે હતી. છતાં એનો મોક્ષ થયો નહીં. કારણ કે ભક્તિ અને સત્સંગ એ બે ખૂટતા હતા. છેવટે ગોપાળાનંદ સ્વામીના યોગથી તે બ્રહ્મરાક્ષસને મોક્ષનો માર્ગ મળ્યો. સત્સંગની પ્રાપ્તિ થઈ છે એ આપણા ઉપર પ્રભુની મહામોટી કૃપા છે એમ સમજવું. મહાત્મા તુલસીદાસજી કહે છે કે,

''બિનું સત્સંગ વિવેક ન હોઈ, રામકૃપા બિના સુલભ ન સોઈ.''

ભગવાનની કૃપા થાય તો જ સત્સંગ ઓળખાય. ભગવાનની કૃપાથી



આપણને સત્સંગ ઓળખાયો છે. સત્સંગમાં સ્નેહ થયો છે. એનું આપણને ગૌરવ હોવું જોઈએ.

ધ્યાનમાં બેસવું તથા વનમાં રહેવું તે સતજુગનો ધર્મ છે. યજ્ઞો કરવા તે ત્રેતા યુગનો ધર્મ છે. ભગવાનના મંદિર કરાવવા અને મૂર્તિઓ પધરાવવી તે દ્વાપરયુગનો ધર્મ છે અને ભગવાનની કથા-કીર્તન કરવા તે કલિયુગનો ધર્મ છે. એ ચારે યુગના ધર્મ શ્રીજીમહારાજે સત્સંગમાં પ્રવર્તાવ્યા છે. બળદ આદિક જે પશુઓ સત્સંગની સેવામાં આવ્યા છે તેનું પણ શ્રીજીમહારાજે કલ્યાણ કર્યું છે. શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત થાવું એ સત્સંગ કર્યાનું ફળ છે. બહુ બુધ્ધિવાન સંતના સંગે કરીને એકાંતિક ભક્ત થવાય છે. સારા થવાનું કારણ સત્સંગ છે તથા નરસા થવાનું કારણ કુસંગ છે. અને શ્રીજીમહારાજે કહ્યું જે, ''જેવો હું સત્સંગે કરીને વશ થાઉ છું તેવો તપ, દાન, તીર્થ, યજ્ઞ તથા અષ્ટાંગયોગ તેણે કરીને નથી થાતો.'' એવો જ સત્સંગ તે તો મોટા સંતના સમાગમ થકી સમજાય છે. એ હેતુ માટે મન, કર્મ, વચને કરીને તેનો સંગ કરવો. બ્રહ્માનંદ સ્વામી લખે છે.

સત્સંગ વિના, જન્મ મરણ ભ્રમ જાળ મટે નહિ જંતને,
મન માન તજી, તે માટે શરણે જઈ રૈયે સંતને

સ્વામિનારાયણનો સત્સંગી ક્યાંય છેતરાય નહિ, કારણ કે તે બહુ ચતુર હોય છે. ચાતુર્યપણાના લક્ષણો ક્યાંથી આવે છે ? ૧. દેશાટન, ૨. પંડિત સાથે મિત્રતા, ૩. સત્પુરુષનો સમાગમ, ૪.રાજસભા - સત્સંગસભા પ્રવેશ, ૫. અનેક શાસ્ત્રાભ્યાસ. સત્સંગ સર્વથી શ્રેષ્ઠ છે. સત્સંગથી બુધ્ધિ વધે છે. સત્સંગથી સત્યવાણી થાય છે. સત્સંગથી ચિત્ત પ્રસન્ન રહે છે તથા સત્સંગથી કીર્તિ વધે છે.

સત્સંગ આત્યંતિક કલ્યાણ માટેના સર્વ સાધનોના ફળરૂપ છે અને આત્યંતિક કલ્યાણની સદ્ય પ્રાપ્તિ કરાવનાર છે. એ સત્સંગ પ્રત્યક્ષ પરમાત્માને વશ કરવાનું અમોઘ સાધન છે. શ્રીકૃષ્ણ ચંન્દ્ર કહે છે કે, દૈત્યો, રાક્ષસો, પશુ - પક્ષીઓ, ગંધર્વો, અપ્સરાઓ, નાગ લોકો, સિધ્ધ લોકો, ચારણો, યક્ષો, વિદ્યાધરો, મનુષ્યોમાં પણ વૈશ્યો, શૂદ્રો, સ્ત્રીઓ તથા ચાંડાલો તે સર્વે, તે તે યુગમાં, હે ઉધ્ધવ, સત્સંગથી જ મને પામ્યા છે. વળી વૃત્રાસુર, પ્રહલાદ,

વૃષપર્વા, બળિરાજા, બાણાસુર, મયદાનવ, વિભીષણ, સુગ્રીવ, હનુમાન, જાંબુવાન, ગજેન્દ્ર, જટાયુપક્ષી, તુલાધાર વાણિયો, ધર્મવ્યાધ, કુબજા, વ્રજની ગોપીઓ, યજ્ઞ કરનારા ઋષિઓની પત્નીઓ તથા તેવા બીજા પણ ઘણા સત્સંગથી મને પામ્યા છે. આ લોકો વેદ ભણ્યાં ન હતાં, તેમણે મહાત્માઓની તે ભણવા સારુ ઉપાસના પણ કરી ન હતી તેમજ વ્રત કે તપ પણ કર્યા ન હતા; તો પણ સત્સંથી મને પામ્યા હતા. યોગથી, તત્ત્વવિચારથી, દાનથી, વ્રતથી, યજ્ઞથી, વ્યાખ્યાનથી, વેદાધ્યયનથી તથા સંન્યાસ લેવાથી પણ મનુષ્ય, અનંત સાધનો રૂપ પ્રયત્નો કર્યા છતાં પણ જે મને પામતો નથી, તે ગોપીઓ, ગાયો, વૃક્ષો, મૃગો, નાગો તથા બીજા પણ મૂઢ બુધ્ધિવાળા જનો સત્સંગથી ઉત્પન્ન થયેલી એક ભક્તિ વડે પરિશ્રમ વગર મને પ્રાપ્ત થયેલાં છે.

સત્સંગની અગાઉ જે વ્યાખ્યા કરી તે ઉપરાંત દેશ, કાળ, ક્રિયા, ધ્યાન, શાસ્ત્ર, દીક્ષા તથા મંત્ર એ સાત 'સત્' શબ્દથી કહ્યાં હોય તેનો જે સંગ, તે પણ શ્રેષ્ઠ મુનિઓએ 'સત્સંગ' માનેલો છે. વિશેષમાં શ્રીહરિ કહે છે, સત્ય સ્વરૂપ એવો જે પોતાનો આત્મા તથા સત્યસ્વરૂપ એવા જે પરમાત્મા તેનો સંગ તે પણ સત્સંગ છે. ધર્મરક્ષણમાં શાસ્ત્ર સંમત મુખ્ય સાધન સત્સંગ છે. ધર્મ અને ઉપાસનાનું બળ દૈવી સંપદવાળા સંતોના સંગથી વૃધ્ધિ પામે છે. દૈત્યપુત્ર પ્રહલાદે નારદજીના સત્સંગથી દૈવી સંપદ મેળવીને વિષ્ણુ ભગવાનની પરાભક્તિ કરી. પ્રહલાદજીના સત્સંગથી તેમના પૌત્ર બળિરાજાએ આસુર ભાવનાઓ ત્યાગ કરી ભગવાનને વશ કર્યા. કંદર્પ ને પિંગલા આદિ દત્તાત્રેય ભગવાનના સત્સંગથી આસુરી સંપદનો ત્યાગ કરી દેવોની માફક પૂજવા યોગ્ય થયા.

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે, ''એકાંતિક ભક્ત તો તે ખરો, જે પોતાને બ્રહ્મરૂપ માનીને સ્વધર્માદિ અંગે સહિત જે ભક્તિ તેણે યુક્ત થકો પરબ્રહ્મ એવા જે પુરુષોત્તમ તેનું ધ્યાન, સ્મરણ ને ઉપાસના તેને કર્યા કરે અને પરમેશ્વરે જેટલા વર્તમાન કહ્યાં હોય તેમાં દેહે કરીને ફેર પડવા દે નહિ. ને એવા એકાંતિક તો સત્સંગ વિના બીજે નથી. બીજે તો કોઈ મતમાં ઉપાસના છે તો આત્મજ્ઞાન ને ત્યાગ નથી; કોઈ મતમાં આત્મજ્ઞાન છે તો ત્યાગ ને ઉપાસના નથી; કોઈ મતમાં ત્યાગ છે તો આત્મજ્ઞાન ને ઉપાસના નથી. અને



આ સમામાં સત્સંગમાં તો સર્વે અંગે સપૂર્ણ એકાંતિક ભક્ત ઘણાં છે.

આપણા ઈષ્ટદેવ સ્વામિનરાયણ ભગવાન સર્વોપરી છે. સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલા સ્વસ્વરૂપ નરનારાયણ, લક્ષ્મીનારાયણ આદિક દેવો, બે ગાદીના ધર્મવંશી આચાર્યશ્રી તથા મૂળ સંપ્રદાયના સંતો અને શાસ્ત્રો સર્વોપરી છે. આપણો ભાગવત્ ધર્મ સર્વોપરી છે. તેથી જ આપણો સત્સંગ સર્વોપરી છે. આ બધો યોગ આપણને મળ્યો છે. તેથી જ આપણને મૃત્યુલોકના માનવીઓ તથા સ્વર્ગલોકના દેવતાઓ પણ 'સત્સંગી' તરીકે ઓળખે છે. સત્સંગી હોવાને નાતે સત્સંગ કરીએ અને અન્યને કરાવીએ જેથી મહારાજ અને પ.પૂ મહારાજશ્રી આપણા ઉપર નિત્ય નિત્ય નવીન પણે રાજી થતા રહે.

●

## ૩૫. 'સ્વામિનારાયણ' નામ મંત્ર મહિમા :-

જેમ સ્વામિનારાયણ ભગવાનના મહિમાનો કોઈ પાર પામી શકે નહિ, તેમ સ્વામિનારાયણ નામના મહિમાનો પણ કોઈ પાર પામી શકે નહિ. કારણ કે 'નામ' ની પાછળ 'નામી' રહેલો છે. સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિને યાદ કરી જો નામ લેવામાં આવે તો નામના મહિમાની અનુભૂતિ કરી શકાય છે. કારણ કે નામી વિના નામ તો જેમ ફળ વિનાનું પુષ્પ, પુત્ર વિનાની વાંઝણી સ્ત્રી તેમ નામી વિના નામ છે. 'સ્વામિનારાયણ' નામથી સત્સંગી અને બિન સત્સંગી એવા દરેક મનુષ્યનું આ કળિયુગમાં કામ થઈ જાય છે. આ મંત્રનું સ્મરણ કરવાથી, ધૂન કરવાથી માણસ આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી મુક્ત થઈને સુખીઓ થઈ જાય છે. 'સ્વામિનારાયણ' મહામંત્રનો જપ કરવાથી મનુષ્યોના શુભ મનોરથો પૂરા થાય છે. જેમ સ્વામિનારાયણ ભગવાનથી બીજા કોઈ મોટા ભગવાન નથી, તેમ 'સ્વામિનારાયણ' મહામંત્રથી બીજો કોઈ બળિયો મંત્ર નથી. આ મંત્રનો જપ કરવાથી, ધૂન કરવાથી કાળા નાગનું ઝેર પણ ઉતરી જાય છે, તો પછી મચ્છરના ઝેરની શી વિસાત્ ! જે મનુષ્ય નિયમિત આ મહામત્રની ધૂનમાં બેસે છે તેને મેલેરીયા, વાયરલ ફ્લ્યુ કે વાત, પિત્ત કે કફના દોષથી થતો તાવ વગેરે ઘણા પ્રકારના તાવમાંથી

કાયમ માટે મુક્તિ મળે છે. આ મહામંત્રમાં મનુષ્યને જેટલી શ્રધ્ધા અને હૃદયમાં જેટલો મહિમા હોય તેટલી પ્રત્યક્ષ અનુભૂતિ થાય છે. હરિલીલામૃત ગ્રંથમાં 'સ્વામિનારાયણ' મહામંત્રનો અપાર અને અદ્ભૂત મહિમા લખાયેલો છે. રામાનંદ સ્વામીના ચૌદમાના દિવસે શ્રીજી મહારાજ સભા ભરીને બેઠા છે. તે સભામાં શીતળદાસ કે જે દીક્ષા લીધા બાદ વ્યાપકાનંદ સ્વામી તરીકે પ્રખ્યાત થયા. તેમને સમાધિ કરાવીને શ્રીહરિએ પોતાનો સર્વાવતારી સર્વોપરિપણાનો નિશ્ચય કરાવ્યો, ત્યાર પછી રામાનંદ સ્વામીના અન્ય શિષ્યોના સંશયનું પણ નિવારણ કરવા માટે તે સૌ પાસે શ્રીહરિએ સભામાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરાવી અને સૌને સમાધિ કરાવી પોતાના સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો, પછી શ્રીજી મહારાજે સ્વયં પોતાના નામ સ્વામિનારાયણનો મહિમા સભામાં કહ્યો જે ગ્રંથમાં કાવ્યાત્મક - પદ્યમાં લખાયેલો છે, પરંતુ અત્રે ગદ્યમાં રૂપાંતરિત કરીને લખું છું.

જે સ્વામિનારાયણ નામ લેશે, તેના બધા પાપો બળી જશે. મારા શ્રુતિમાં અનેક નામ છે, પરંતુ આજે આ નામ સર્વોપરિ ગણાય છે. એકવાર સ્વામિનારાયણ નામ રટવાથી, બીજા હજાર નામ રટ્યા બરાબર થાય છે. અર્થાત્ એક વાર મુખેથી સ્વામિનારાયણ બોલો અને એક હજાર વાર 'રામ' કે 'કૃષ્ણ' કહો તે બન્નેનું ફળ સરખું થાય છે. જે સ્વામિનારાયણ નામ એકવાર રટે, બીજા નામ રટ્યા હજાર. આ નામ રટવાથી જે ફળ થાય છે તેનું વર્ણન કોઈ કરી શકે તેમ નથી. આ છ અક્ષરના સમર્થ મંત્રથી, ભક્તોના સઘળા મનોરથો સિધ્ધ થશે. આ મંત્ર મનુષ્યનું સર્વ સંકટ કાપી, આ લોકમાં સુખી કરી અંતે અક્ષરધામ આપે છે. આ મંત્ર ગાયત્રી મંત્રથી લાખ ગણો વિશેષ છે. જેનો મહિમા શિવજી જાણે છે. અર્થાત્ એક લાખ વાર કોઈ ગાયત્રી મંત્ર જપે અને એક વાર મુખેથી સ્વામિનારાયણ કહે તો લાખ ગાયત્રી મંત્રના ફળથી પણ એક જ વાર આ ષડ્ક્ષરી મહામંત્ર ઉચ્ચારવાનું ફળ વધી જાય છે. આ સમયે જ્યાં જ્યાં ભગવાનના મુક્તો રહે છે, ત્યાં ત્યાં આ મંત્રનો જપ થાય છે. પાપી મનુષ્ય પણ જો અંતકાળે આ મંત્ર સાંભળે તો તે પણ મોક્ષ પામી જાય છે. આ મંત્રથી ભૂત પિશાચ ત્રાસ પામીને ભાગે છે. અને તે મંત્ર જપવાથી મનુષ્યમાં સદ્બુધ્ધિ જાગે છે. આ મંત્રથી તેમજ જેના મુખથી આ



મંત્રનો જપ થાય છે, તેનાથી યમના દૂતો પણ ભાગી જાય છે. 'શ્રીસ્વામિનારાયણ' એવું ભાવે - કુભાવે પણ જે મનુષ્યો કહેશે તે મુક્તિ પામે છે. છ અક્ષરનો આ મંત્ર ષડ્શાસ્ત્રનો સાર હોવાથી ભવસાગર પાર ઉતારે છે. માટે છ ઋતુમાં દિવસે તથા રાત્રે, સર્વ ક્રિયામાં, પવિત્ર કે અપવિત્ર દેહે પણ આ નામનું નિત્ય પ્રેમથી સ્મરણ કરવું. જેમ જળે કરીને શરીરનો મેલ જાય છે. તેમ આ મંત્રથી અંતર શુધ્ધ થાય છે. જેણે અનંત મહાપાપ કર્યા હોય, બ્રાહ્મણ, ગાય તથા સંતોને પીડ્યા હોય એવા લોકો આ નામ બોલતા લાજી મરે છે. શ્રીસ્વામિનારાયણ નામ પાપને પ્રજળાવનારું હોવાથી, જેનું અંતર ઘણું પાપી હોય તેનું અંતર આ નામથી બળ્યા વિના રહેતું નથી.

સ્વયં ભગવાને જ્યારે આ નામનો મહિમા સભામાં કહ્યો, ત્યારે સર્વ સંત, હરિભક્તોએ એ મહિમા હદયમાં ધારી લીધો. અચિંત્યાનંદવર્ણી અભયસિંહ રાજાને હરિલીલામૃત ગ્રંથની કથા સંભળાવતા કહે છે, હે રાજા! ત્યારથી આ નામનું ભજન શરૂ થયું છે. એ પહેલાં સૌ સ્ત્રી પુરુષો રામ, કૃષ્ણ ગોવિંદ, નારાયણ વગેરે નામથી ભજન કરતા. ચૌદમાંથી શ્રીહરિએ કરેલી આ નવી રીત સૌના હદયમાં ઉતરી. મનને વિષે અનેક પ્રકારના ખરાબ ઘાટ, સંકલ્પ થાય ત્યારે આ મહામંત્રનું ભજન કરવાથી સર્વે ઘાટ, સંકલ્પ ટળી જાય છે, એમ લોયાના છઠ્ઠા વચનામૃતમાં શ્રીજી મહારાજે પોતે કહ્યું છે.

સ.ગુ.ગુણાતીતાનંદ સ્વામી લખે છે. આ મંત્ર જપવાથી વિષય વાસનાથી રહિત થવાય છે. એ મંત્રનો જપ કરવાથી બ્રહ્મરૂપ થવાય છે. અને કાળ કર્મ તથા માયાનું બંધન છૂટી જાય છે એવો બહુ બળીયો એ મંત્ર છે, માટે નિરંતર ભજન કરવું. નામને નામી (ભગવાન) આધીન થાય છે. જે જે ભક્તો અતિ પ્રેમથી મહિમા પૂર્વક નામ સ્મરણ કર્યા કરે છે, તો પરમાત્મા તેઓને વશ થઈ જાય છે. સ્વામિનારાયણ મંત્રના ભજને કરીને કાળા નાગનું ઝેર પણ ઉતરી જાય છે. તે વાક્યને સત્ય કરતાં સંપ્રદાયમાં અનેક પ્રસંગો પ્રસિધ્ધ છે અને હાલમાં પણ બની રહ્યાં છે પરંતુ તે પૈકી અત્રે ફક્ત એક પ્રસંગ જોઈએ.

કચ્છ પ્રાંતમાં દહીંસરા નામનું એક ગામ આવેલું છે. તે ગામમાં કેસરભાઈ નામે હરિભક્ત હતા. તેઓ ખેતીનો ધંધો કરતા હતા. વાડીએ કૂવામાં પાણી હતું. તેથી ગામના લોકો પણ કપડાં ધોવા આવતા હતા. તે

વાડીમાં એક મોટો કાળો નાગ રહેતો હતો. એટલે ગામના લોકો કહેતા કે, 'તમો આ નાગને મારી નાખો; નહીંતર તમોને અથવા કપડાં ધોવા આવનાર સ્ત્રીઓને ક્યારેક કરડશે. ત્યારે કેસરભાઈએ કહ્યું, 'હું હરિભક્ત છું, મારા ઈષ્ટદેવે કોઈ પણ જીવની હિંસા કરવાની ના કહીં છે ; માટે હું નહિ મારું અને મારવા પણ નહિ દઉં. તેવા સમયમાં એક વાદી એટલે (મદારી) આવ્યો. લોકોએ કહ્યું. 'આ મદારી નાગને પકડવા આવ્યો છે. માટે તેને પકડવા દો. ત્યારે કેસરભાઈએ કહ્યું, 'તે નાગને પકડીને લઈ જાય, પછી તેને પુરો ખોરાક ન આપે તેનો દોષ મને પણ લાગે, માટે હું વાદીને નાગ પકડવા નહિ દઉં.' આવું સાંભળી વાદી જતો રહ્યો.

પછી એક દિવસ કેસરભાઈ વહેલી સવારે વાડીએ ગયા અને પાણી કાઢવા માટે કોસ જોડવા ગયા ત્યારે અંધારામાં કંઈ દેખાયું નહિ. તેથી કોસની અંદર હાથ નાખ્યો; ત્યાં તો હાથમાં કાળોતરો આવ્યો અને એકદમ કરડ્યો. ડંખ વાગતાની સાથે કેસરભાઈએ સ્વામિનારાયણ નામનું ભજન શરૂ કરી દીધું અને મંદિરે આવ્યા. ઘરના લોકોને તથા ગામના લોકોને ખબર પડી. તુરંત સર્વે આવ્યા અને કેસરભાઈને કહેવા લાગ્યા. જલ્દી ચાલો ફલાણા ગામે જઈને નાગનું ઝેર ઉતારી આવીએ ત્યાં એક ભુવો (માતાજીનો ઉપાસક) ઝેર ઉતારીને દોરો બાંધે છે. ત્યારે તમામ લોકોને કેસરભાઈએ કહ્યું, 'મારે ક્યાંય જવું નથી, અને કોઈનો પણ દોરો બાંધવો નથી. સ્વામિનારાયણ ભગવાનને મને જીવતો રાખવો હશે તો ઝેર ઉતરી જશે અને ધામમાં લઈ જવો હશે તો ઝેર નહિ ઉતરે. માટે તમો સૌ મારી સાથે ધૂન બોલવા લાગો.' એમ કહીને તેઓ ભજનમાં બેસી ગયા અને હરિભક્તો પણ ઉંચા સ્વરથી સ્વામિનારાયણ નામની ધૂન બોલવા લાગ્યા. જેમ જેમ ધૂન બોલાતી ગઈ તેમ તેમ નાગનું ઝેર ઉતરતું ગયું અને અંતે સારું થઈ ગયું.

આવી રીતે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એ મહામંત્રની ધૂન કરવાથી કાળા નાગનું ઝેર પણ જલ્દીથી ઉતરી જાય છે. સ્વદેજ, ઉદ્‌ભિજ, અંડજ અને જરાયુઝ એ ચાર પ્રકારના જીવથી થતા ભય સમયે જો મનુષ્ય સ્વામિનારાયણ નામનો ઉચ્ચાર કરે તો તે જીવની ગતિ તથા બળ નાશ પામીને ભક્તની રક્ષા થાય છે. દા.ત કોઈ મનુષ્યને કૂતરું કરડવા દોડતું હોય



એવા સમયે તે મનુષ્ય સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિને યાદ કરીને સ્વામિનારાયણ મહામંત્રનો ઉચ્ચ સ્વરે ઉચ્ચાર કરવા લાગી જાય તો સત્વરે તે કૂતરાની ગતિ અટકી જાય છે. ગમે તેટલું સંકટ કે દુઃખ આવ્યું હશે ત્યારે આ મહામંત્રનો જપ કરતા સર્વે દુઃખ માત્રનો વિરામ થશે, વળી ગમે તેવા ભૂત, પ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે આ મંત્રથી આસુરી તત્ત્વો બળીને ભષ્મીભૂત થશે. આ મંત્ર જપનારને જમનું તેડું નહિ આવે એટલું જ નહિ પણ સર્વ પાપ માત્રનો પ્રલય કરનાર આ મહામંત્ર છે. સંસારથી ઉદ્ધારનાર આ મહામંત્રને સ્વામિનારાયણ ભગાવને સ્વમુખે પ્રકાશિત કર્યો છે. વચનામૃતમાં મહારાજ કહે છે,

'ગમે તેવો પાપી જીવ હોય ને અંત સમે જો તેને 'સ્વામિનારાયણ' એવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મ મહોલને વિષે નિવાસ કરે એવો ભગવાનનો પ્રતાપ મોટો છે. માટે ભગવાનનું બળ રાખવું.' (ગ.પ્ર.પ્ર. ૫૬) આધારાનંદ સ્વામી લખે છે, સવારમાં સ્વામિનારાયણ નામનો શબ્દ જેના કાને પડે તેના રાત્રિના અમંગળ નાશ પામે છે. ભગવાનનાં અનંત નામ એક એકથી સરસ છે. જેવો સમય તેવું નામ શ્રીહરિ પ્રગટ કરે છે.

''स्वामिनारायण नाम विख्याता, जामें रहे सब नाम अब आता ।
एक नाम ते हि जपत हि वारा, कोउ नाम नहि रहेवत बारा ।
ऐसो प्रताप जानत जन जेहा, स्वामिनारायण उचरत तेहा ।
ओर नाम में प्रताप हि ताके, सब के प्रताप न आवत वाके ।''

સ્વામિનારાયણ નામમાં બધાય નામ આવી જાય છે. તેનો જપ કરતાં બીજા કોઈ નામ બાકી રહેતાં નથી, એમ પ્રતાપ સમજીને જનો તે નામથી ધૂન કરતા. ભગવાનનો જોગ થાય નહિ, ત્યાં સુધી કર્મનો રોગ મટે તેમ નથી. સ્વામિનારાયણનું નામ છે તે કર્મ બાળવામાં અગ્નિરૂપ છે.

हरिजन संत सो दिव्य कहावे, स्वामिनारायण मुख जो गावे ।

સ્વામિનારાયણનું નામ ભજે તે સર્વ સંત હરિભક્ત દિવ્ય છે. બધા અવતારનું સામર્થ્ય એમાં રાખ્યું છે એમ સમજે, કોઈ ને સ્વામિનારાયણથી જુદા સમજે નહિ. અવતારનો દ્રોહ ન થાય તેમ પ્રગટમાં તાન તોડે તેની

સમજણ સર્વોપરિ છે. રામાનંદ સ્વામીએ શ્રીહરિના 'સહજાનંદ સ્વામી' અને 'નારાયણમુનિ' એવા બે મોક્ષપ્રદ નામ પાડેલાં. શ્રીહરિએ પોતે પોતાનું નામ 'સ્વામિનારાયણ' જાહેર કર્યું, એ નામથી શ્રીહરિના સર્વે આશ્રિતો ભજન કરે છે. સંધ્યા આરતી બાદ થતી નારાયણ ધૂન થયા પછી એક સમયે શ્રીહરિએ નારાયણ નામનો મહિમા કહ્યો કે અજામિલ જેવા મહા પાપી પણ નારાયણનું એક નામ લઈને અનેક જન્મના પાપથી છૂટ્યા છે. માટે ખાતા, પીતા, બેસતા, ઉઠતા સંત હરિભક્તોએ નારાયણનું નામ લેતા રહેવું. મનુષ્ય તન પામી નારાયણ નામ લેતા નથી અને બીજી વાતો રાત દિવસ કરીને ધરાતા નથી, તે સમાન બીજો કોઈ અધમ નથી. મરીને તેવા માણસો અનંત દુઃખ પામે છે. માયિક મતિ હોય તેને નારાયણ નામનું ફળ દેખ્યામાં આવે નહિ. અલૌકિક મતિ હોય તેને સમજાય.

''गोलोक ताके मध्य हि, अक्षरधाम रहेउ ।
प्रवेश करावत ताहि मे, सहज श्रीहरि तेउ.
स्वामिनारायण नाम के, आग्रह नामिजुत ।
रखत भक्तजन तिनकु, सुख मिलत हि अद्भूत ।''

ભક્તો દેહને પૃથક સમજી પોતે બ્રહ્મરૂપ થઈને સ્વામિ સેવક ભાવે ભગવાનની ઉપાસના કરે છે ને તે ભગવાનું સ્વામિનારાયણ નામ અખંડ દરેક ક્રિયામાં જપે છે. શ્વાસોચ્છ્વાસે બીજા માણસ સાંભળે તેમ બોલે છે. તાળીનો નિયમ સંધ્યા કાળે હોય છે, તે વિના અખંડ નામ જપ કરે છે. સૂતાં સૂતાં પણ નામ ઉચ્ચારણ કરી મિથ્યા સંકલ્પનો ત્યાગ કરે છે. એવા નામના આગ્રહવાળાને પ્રગટ ભગવાન સુષુમ્ણા નાડીમાં પ્રવેશ કરાવી ષટચક્ર ભેદી વૈકુંઠ તથા તેથી પર ગોલોક અને તેની મધ્યે રહેલું અક્ષરધામ તેના દર્શન કરાવે છે. શ્રીહરિ કહે નારાયણનું નામ નામી સહિત લે તો તેને તેવું ફળ મળે છે. અતિ ભાવથી નામ લે તો દેહ છતે ભગવાનનાં ધામને દેખે છે. થોડાં નામ લે તે મરતી વખતે દેખે છે. હરિભક્તે નામીએ સહિત નામ લેવું.નામીએ યુક્ત નામનું પ્રતિપાદન ન કરે તેને અમે દેહાભિમાની અને ગુરુદ્રોહી તથા સંતદ્રોહી માનીએ છીએ. નામીએ સહિત નામ લે તેને આત્મદર્શી, ગુરુ ભક્ત અને સંત ભક્ત માનીએ છીએ ને અક્ષરધામમાં તે રહે છે.



એક સમયે શ્રી સ્વામિનારાયણ ભગવાન સૌરાષ્ટ્રમાં આવેલા કાલવાણી ગામની જાહેર સભામાં વિરાજમાન હતાં ત્યારે ભીમ ભાઈ નામના એક ભક્તે તેમને પ્રાર્થના કરતાં કહ્યું, 'હે મહારાજ, ચક્રવર્તી રાજા ગાદી નશીન થાય ત્યારે બંદીવાનોને છોડી મૂકે છે, તો આપનો પટ્ટાભિષેક થયો છતાં નરકના કુંડમાં નારકી જીવો પીડાયા કરે છે માટે તે સર્વને બંધન મુક્ત કરો. આપ તો સર્વ અવતારના અવતારી છો. ચક્રવર્તી પદે છો માટે કૃપા કરી આ સંતોમાંથી કોઈક ને જમપુરીમાં મોકલી નારકી જીવોને છોડી મૂકો. ભક્તની આવી પ્રાર્થના સાંભળી શ્રી સ્વામિનારાયણ ભગવાને સંતોની સભામાંથી એક સિધ્ધમુક્ત સ્વરૂપાનંદ સ્વામીને યમપુરીમાં જઈ નારકી જીવોને મુક્તિ આપવાનો આદેશ કર્યો. એ સમાધિનિષ્ઠ સ્વરૂપાનંદ સ્વામી સમાધિમાં યમપુરી ગયા. ત્યાં નારકી જીવોની પીડાથી પીગળી જતાં, દયા આવતા - 'સ્વામિનારાયણ'નું નામ ઉચાર્યું તથા નારકી જીવો પાસે સ્વામિનારાયણ નામની ધૂન કરાવી કે તરત જ તે સર્વે નારકી જીવોનાં ચતુર્ભુજ સ્વરૂપ થઈ ગયાં ને સ્વરૂપાનંદ સ્વામીએ તેમને ભૂમા પુરુષના ધામમાં મોકલાવી આપ્યા. આ કથાનકને સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ પદ્યરૂપે ગૂંથી લીધેલ છે, તે ગાયું છે :-

પોતે પરબ્રહ્મ રે સ્વામી સહજાનંદ નારાયણ પ્રબળ પ્રતાપ છે - ટેક૦
સ્વામિનારાયણ મુખે ઉચ્ચરે, તેને જન્મ-મરણ જમનો ભય જાય. નારાયણ૦૧
સરવે નરકના કુંડ ખાલી થયા, ભૂખ્યા જમગણ રે કર ઘસી પસ્તાય. નારાયણ૦૨
પામ્યા અનંત જીવ હરિધામને, તેની ગણના રે કે'તાં શેષ લજાય. નારાયણ૦૩
મુક્તાનંદ કહે મહિમા અતિ ઘણો, તેને એક મુખે રે કવિ કેટલોક ગાય? નારાયણ૦૪

નિષ્કુળાનંદ સ્વામી લખે છે,

જેમાં સ્વામિનારાયણ નામ રે, એવી કથા સુણે નરવામ રે,
એવી કીર્તિ સાંભળતા જન રે, થાય અતિ પરમ પાવન રે.
વળી પદ જે નામે અંકિત રે, તેને ગાયે સુણે કરી પ્રીત રે,
જેમાં સહજાનંદ સ્વામી નામ રે, આવે જે કાવ્યમાં ઠામો ઠામ રે.
એવાં કાવ્ય કે'તા ને સાંભળતા રે, વાર ન લાગે મહાસુખ મળતાં રે,
મહામંત્ર રૂપ એહ કા'વે રે, તેને તુલ્ય બીજું કેમ આવે રે ?

નામ પ્રભુનાં અનંત અપાર રે, સહુ ભાવે ભજે નર-નાર રે,
પણ સ્વામિનારાયણ કે'તાં રે, નથી વાર ભવ પાર લેતાં રે.
આજ એ નામનો છે અમલ રે, તે ન વિસારવું એક પલ રે,
લેતાં નામ નારાયણ સ્વામી રે, જાણો તે બેઠા ધામને પામી રે.
જેહ મુખે એનો ઉચ્ચાર રે, તે તો જાણો પામ્યા ભવપાર રે,
માટે એ નામનું કાવ્ય કા'વે રે, તેને શીખવું સુણવું ભાવે રે.
વળી આ સમે ધરિયું જે નામ રે, તેને જપતા જાયે અક્ષરધામ રે,
નીલકંઠ નામ ઘનશ્યામ રે, સદા સર્વ સુખનું ધામ રે.
જેહ નામે પામે સુખ સહુ રે, એવું નામ અનુપમ કહું રે,
સહજાનંદ આનંદ સુખકારી રે, એહ નામ જપે છે નરનારી રે.
સ્વામિનારાયણ નારાયણ રે, ભજી કૈ થયા ધામ પરાયણ રે,
લેતાં નારાયણ મુનિ નામ રે, પામ્યા કંઈ સુખ વિશ્રામ રે.
હરિ હરિકૃષ્ણ કૃષ્ણ કે'તાં રે, તર્યા અપાર એ નામ લેતાં રે,
એવા નામના નામી જે સ્વામી રે, તે છે અક્ષરધામના ધામિ રે.

અહીં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ સ્વામિનારાયણ ભગવાનના ઘનશ્યામ, નીલકંઠ, સહજાનંદ, નારાયણ, નારાયણમુનિ, હરિ, હરિકૃષ્ણ, કૃષ્ણ વગેરે અન્ય નામો લખીને શ્રીહરિના નામોનો અપાર મહિમા દર્શાવ્યો છે.

એવું નામ જપે જન જેહ રે, પામે પૂરણ સુખને તેહ રે ॥
હાલે હૂકમ એ નામ તણો રે, આજ અમલ એહનો ઘણો રે ॥
શક્કો સર્વે પ્રકારે છે એનો રે, આજ નથી અમલ બીજા કેનો રે ॥
પાર ઉતાર્યા પરિશ્રમ વિના, બેશિ નામ રૂપિયે નાવ ॥
જે જને જપ્યા જીભથી, તે તરી ગયા ભવદરિયાવ ॥
એવો નામનો છે પરતાપ રે, ધન્ય જે જન જપે આપ રે ॥
પૂર્ણ પુરુષોત્તમ સુખ ધામ રે, તેણે ધર્યું સહજાનંદ નામ રે ॥
સહજાનંદ સહજાનંદ ગાય રે, તે તો અક્ષરધામમાં જાય રે ॥
સહજાનંદ નામ જેને મુખે રે, તે તો બ્રહ્મપુર જાશે સુખે રે ॥
જેહ મુખે એ નામ ઉચ્ચાર રે, તે તો પામિ ગયા ભવ પાર રે ॥



સહજાનંદ નામ સમરતાં રે, નથી પરિશ્રમ પાર ઉતરતાં રે ॥
સહજાનંદ નામ જે વ[1]દને રે, તે તો પહોચ્યાં બ્રહ્મ સદને રે ॥
સહજાનંદ સહજાનંદ ગાતાં રે, નથી કઠણ એને ધામ જાતાં રે ॥
સહજાનંદ સહજાનંદ કહિયે રે, જાણે તેથી પરમ પદ લહિયે રે ॥
જેને અખંડ એ છે રટન રે, તેને ન રહે ભવ [2]અટન રે ॥
સ્વામિનારાયણ શબદે રે, પ્રાણિ વાસ કરે છે બે હદે રે ॥
સહજાનંદ નામ સુણ્યું કાને રે, તેને આવ્યું છે એ ધામ પાને રે ॥
સહજાનંદ એ નામ સાંભળી રે, જાયે પાપ પૂરવના બળી રે ॥
સુણિ સ્વામિનારાયણ નામ રે, સર્યા કંઈક જીવના કામ રે ॥
કાને એ નામની ભણક પડિ રે, તેને અક્ષરપોળ ઉઘડિ રે ॥
સ્વામિનારાયણ નામ પદ રે, સાંભળતા આવે સુખ સદ રે ॥
સાખિ શબ્દ સ્વામિ નામે જેહ રે, સર્વે કલ્યાણ કારી છે તેહ રે ॥
શ્વાસ ઉશ્વાસે સમરે સ્વામી રે, તેની વ્યાધિ જાયે સર્વે વામી રે ॥
રહે [3]રસનાએ [4]રવ એનો રે, ધારા અખંડ ઉચ્ચાર તેનો રે ॥
તે તો પામે છે પરમ પ્રાપતિ રે, નથી ફેર તેમાં એક રતિ રે ॥
એવો નામ તણો પરતાપ રે, કહ્યો સહુથી અધિક અમાપ રે ॥
જાણે અજાણે જપશે જેહ રે, પરમ ધામને પામશે તેહ રે ॥
સકાર કે'તાં સર્વે દુઃખ વામે રે, હ કાર કે'તાં હરિધામ પામે રે ॥
જ કાર કે'તાં જય જય જાણો રે, ન કાર કે'તાં નિર્ભય પ્રમાણો રે ॥
દ કાર કે'તાં દદામાં દઈને રે, પામે ધામ સહજાનંદ કહિને રે ॥
સ્વામિનારાયણ નામ સાર રે, જેથી જીવ તર્યા છે અપાર રે ॥
લેતાં સ્વામિનારાયણ નામ રે, થાય શુદ્ધ સહુ નર વામ રે ॥
સ્વામિનારાયણ નામ જેવું રે, નથી બીજું નામ કોઈ એવું રે ॥
માટે જે જપશે એ નામ રે, તે તો પામશે અક્ષરધામ રે ॥
એવો એ નામનો પરતાપ રે, પ્રગટાવ્યો પૃથ્વી પર આપ રે ॥
સ્વામિનારાયણ નામનો રે, શક્કો બેસારિયો આપ, પુરુષોત્તમ પ્રગટી રે ॥
એ નામને જે આશર્યા રે, તેના તે ટાળિયા તાપ, પુરુષોત્તમ પ્રગટી રે ॥

૧. મુખે, ૨. ફેરો, ૩. જીભે, ૪. શબ્દ

સ્વામિનારાયણ ભગવાનના નારાયણ નામનો મહિમા વર્ણવતા સ્વામી લખે છે.

પતિત પાવન પુરણ કામજી, અધમ ઉદ્ધારણ નિર્ભય નામજી ।।
નામ નિર્ભય કહે, જે સમરતાં સંકટ ટળે ।
દુષ્કૃત જેહ દેહ ધારીના, તેહ પાપના પુંજ ટળે ।।
પુરુષોત્તમ પ્રગટનું, નામ નિર્ભય નિસાણ ।
જે જન જીભે ઉચ્ચરે, તે પામે પદ નિર્વાણ ।।
એ નામે પામી ગુણકા ગતિ, થયો અજામિલનો ઉદ્ધાર ।
અગણિત એહ નામથી, પતિત પામ્યા ભવપાર ।।
[1]કરી ખરી દીનતા કરી, કરી આતરશું અરદાસ ।
અર્ધો શબ્દ ઉચ્ચારતાં, આવ્યા વા'રે અવિનાશ ।।
કામુકિની કરણી કશી, અજામિલ નહિ [2]અઘહીણ ।
નારાયણના નામથી, થયા પાર પ્રિછો પ્રવીણ ।।
ત્રિલોકમાં તપાસતા નાવે નારાયણ નામ તુલ્ય ।।
પતિતને પાવન કરવા, એ છે નિધિ અમૂલ્ય ।।
જપ તપ તીર્થ જોગ જગન, વ્રત વિધિ દિયે વળી દાન ।
નિષ્કુલાનંદ નારાયણનાં, નાવે નામ સમાન ।।
નારાયણ નામનો મોટો મહિમાયજી, સુણ્યું મેં સર્વે શાસ્ત્ર માંયજી ।
જીવ હેત અર્થે એવું નહિ કાંયજી, સમઝું સમઝી સમરે સદાયજી ।।
શેષજી માહાત્મ્ય સમજી, કરે અખંડ નામ ઉચ્ચાર ।
સહસ્ત્ર મુખમાં જુગલ જીભે, રટે છે એક તાર ।।
[3]પૃથુ મહિમા પ્રિછીને, માગ્યા દશ હજાર કાન ।
નારાયણના નામ સુણવા, અતિશય ઉરમાં તાન ।।
હિરણ્યકશિપુ શ્રવણે સાંભળ્યો, નારાયણ નામનો નાદ ।
તપ તજી ત્રિય ભજી, તેના થયા ભકત પ્રહલાદ ।।
પ્રહલાદ પ્રગટી પ્રીતશું, ભાવે ભજયા શ્રી ભગવાન ।
અભકત કુળમાં ભકત થયા, નામ પ્રતાપે નિદાન ।।

૧. ગજેન્દ્ર, ૨. પાપ વગરનો, ૩. પૃથુરાજા



અસુર કુળને અઘે ભર્યા, તર્યા એવા જીવ અનંત ।
નિષ્કુલાનંદ નારાયણ નામનો, મહિમા મોટો અત્યંત ।।
ભવજળ તરવા ઘનશ્યામ નામ નાવજી, આવી બેસે એમાં કોક રંક કે રાવજી ।
પામે ભવપાર સે'જ સ્વભાવજી, તેહ વિના તરવા અન્ય ન ઉપાવજી ।।
ઉપાવ નથી આ જીવને, ભવજળ તરવા કાજ ।
નારાયણના નામ રૂપી, જાણો અજર એ ઝાજ ।।

શેષનારાયણ, વૈરાટનારાયણ, સત્યનારાયણ, સૂર્યનારાયણ એમ નારાયણ તો ઘણા છે પણ સ્વામિનારાયણ કેવા છે ? ''**स्वयंनिरतिसयं ऐश्वर्य अस्यास्तीति स्वामी**'' સર્વથી જેને સર્વોપરિ ઐશ્વર્ય હોય તે સ્વામિ કહેવાય. આ તો સ્વામિનારાયણ એટલે સર્વેના ઉપરી એવા નારાયણ તે સ્વામિનારાયણ એક જ છે. આંહી સ્વામિ સેવક ભાવ આ નામમાં નથી, 'સ્વામિ' શબ્દ વિશેષણ છે. સ્વામિનારાયણ એક અખંડ શબ્દ, અખંડ નામ છે. સ્વામિનારાયણ સંહિતામાં લખે છે. જે પુરુષ એક વખત નારાયણ એવું નામ કહીને ગંગાદિ સર્વ તીર્થોને વિષે સ્નાન કરે તો ત્રણસો કલ્પ સુધી સ્નાન કર્યું તેવો નિશ્ચય થાય છે. નારાયણ નામ એક જ વખત લેવાથી અજામિલના સર્વ પાપ બળી ગયા, તો સ્વામિનારાયણ નામ લે તો ક્રોડ કલ્પ સુધી સર્વ તીર્થમાં નહાયો, તે સર્વે વેદ ભણ્યો, તેણે સર્વ તપ કર્યું. તેના સર્વ પાપ નાશ પામી ગયા. સ્વામિનારાયણ સર્વથી મહાનમંત્ર છે.

રામાનંદ સ્વામીના ચૌદમાને દિવસે વિશાળ સભામાં શ્રીહરિ કહે, તમે સર્વે મારા શિષ્ય છો માટે હું તમોને સત્ય કહું છું. હવે આજ દિવસથી સ્વામિનારાયણનું ભજન તમારે સર્વેને કરવું અને માળા ફેરવતા અને કામકાજ કરતા સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામ લેવું. અને અમારું નામ સ્વામિનારાયણ છે તે વેદમાં છે પણ કોઈ જાણતું નથી. તે અમોએ આજે પ્રગટ કર્યું છે. અને તમો કોઈ શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ કહો છો અને કોઈ શ્રીરામ શ્રીરામ કહો છો અને કોઈ નારાયણ નારાયણ કહો છો. અને કોઈ હરિૐ હરિૐ કહો છો અને કોઈ રામાનંદ રામાનંદ કહો છો. અને કોઈ જય અંબે જય અંબે કહો છો અને કોઈ નમઃ શિવાય, નમઃ શિવાય કહો છો તે સર્વ દેવોની સેવા પૂજા કરવી પણ ભજન તો આ અવતારી પ્રગટ સ્વામિનારાયણનું કરવું. અને પરસ્પર એક બીજાને નમસ્કાર કરવો ત્યારે પણ જય

સ્વામિનારાયણ કહેવું. અમારુંનામ માર્કંડેય મુનિએ પાડતી વખતે ચાર નામો પાડ્યા છે. ૧. નીલકંઠ, ૨. હરિ, ૩. કૃષ્ણ, ૪ હરિકૃષ્ણ અને અયોધ્યામાં અમારું નામ સરયૂદાસ પાડ્યું છે. રામાનંદ સ્વામીએ બે નામ પાડ્યા છે. ૧. સહજાનંદ, ૨. નારાયણ મુનિ. પર્વતભાઈએ અમારું નામ ન્યાલકરણ પાડ્યું છે. નવમું નામ સ્વામિનારાયણ છે તે કહેવું, તેનું ભજન કરવું. જય એટલે શું, તેનો અર્થ ભવિષ્ય પુરાણમાં છે. વેદ, શાસ્ત્ર, પુરાણ, ભારત, રામાયણ, ધર્મશાસ્ત્રાદિ સર્વ ગ્રંથોનું નામ જય એ પ્રકારે મોટા પુરુષો કહે છે. માટે હવેથી જય સ્વામિનારાયણ કહેજો. આ અમારી પહેલી આજ્ઞા છે.

પુત્રના કે પદાર્થના યોગે ભગવાનનું નામ લેવાઈ જાય. છીંક, બગાસું કે લથડિયું આવતાં અજાણ્યથી પ્રભુનું નામ લેવાય તો પણ સર્વ પાપ બળી ભસ્મ થાય. અંત સમયે છ વખત સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ..... સ્વામિનારાયણ એ પ્રમાણે કહેવાથી પંચજ્ઞાનેદ્રિયો તથા છઠ્ઠું મન તેથી મુક્ત થઈને પ્રભુપદને પામે છે. અથવા પોતે નામ લઈ શકે તેમ ન હોય તો બીજો માણસ કાનમાં છ વખત સ્વામિનારાયણ, સ્વામિનારાયણ .... સ્વામિનારાયણ કહે તો પણ ગમે તેવો પાપી હોય તો પણ અક્ષરધામને પામે છે. અથવા અંત સમયે ૐ नमस्तुभ्यम् स्वामिनारायणाय એમ કહેવું અને સર્વમાંથી ચિત્તવૃત્તિ ખેંચી લઈને એક પ્રભુ સંભારતા દેહ ત્યાગ કરવો.

મુક્તાનંદ સ્વામી કહે છે, પરમાત્માનું હૃદયમાં ધ્યાન કરતાં કરતાં જે સ્મરણ કરે છે એને ફળ મળે છે, બાકી મનુષ્ય સંસારિક પદાર્થોમાં આસક્ત થઈને ભગવાનનું નામ લીધા કરે એથી મોક્ષ થતો નથી, ફક્ત પુણ્ય થાય છે. નામ સ્મરણથી પાપનો નાશ થાય છે, પણ જન્મમરણથી જીવ મુકાતો નથી. નામ સ્મરણમાત્રથી અજામિલ જમના પાસથી મુકાઈ ગયો હતો, પરંતું મોક્ષ પામ્યો ન હતો. અજામિલનો મોક્ષ તો જ્યારે હરિદ્વારમાં જઈને તેણે યોગાભ્યાસપૂર્વક ભગવાનની ઉપાસના કરી પછી જ થયો એમ શ્રીમદ્ ભાગવતમાં લખેલું છે.

મુક્તાનંદ કાવ્યં અંતર્ગત श्रीकपिलगीता માં લખે છે.

प्रभु तव नाम सकलं श्रुतिसारा, ज ताको नित्य करत उच्चारा ॥
सो नर जदपि श्वपच कुलमांही, तदपि सो अति श्रेष्ठ कहां हि ॥



जो तव नामकुं जपत प्रवीना, तिन सब भाति सबहि तप कीना ॥
त्युं तब नाम जपत हे जेही, सब विधि यज्ञ कीए हे तेही ॥
त्युं तव नाम जपत हे जोउ, सब तीरथमें स्नान कियो सोउ ॥
त्युंहि तव नाम उच्चारत जेहू, सबहि वेद पढत भए तेहू ॥
अधिक पूज्य अतिशे बडे, सोई सब शुभ गुन धाम ॥
जो नर अतिशे प्रेम जुत, जपत तुमारो नाम ॥

માંગરોળમાં ગોવર્ધન શેઠના ફઈ પૂતળીબાઈ પોતાના ગુરુ પાસે આવેલું ધર્માદાનું સોનું સંતાડવાના પાપે અને ગુરુ રામાનંદ સ્વામીના શાપે નરકમાં સબડતા હતાં. તેને પણ ગોવર્ધન શેઠે શ્રી નીલકંઠ વર્ણીના પ્રતાપે સમાધિમાં નરકમાં જઈને શ્રીનીલકંઠવર્ણીના શીખવ્યા મુજબ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ .......... નામનો ઉચ્ચાર કરીને પોતાના ફઈ પૂતળીબાઈને નરકના કુંડમાંથી છોડાવ્યા હતાં. અને તેની સાથે બીજા કેટલાયે પાપી આત્માઓ નરકકુંડમાંથી છૂટી ગયા હતાં. આમ, હકીકતમાં સૌ પ્રથમ 'સ્વામિનારાયણ' મહામંત્ર શ્રીહરિએ વનવિચરણ દરમિયાન માંગરોળમાં ગોવર્ધન શેઠને આપ્યો હતો.

........... માટે એવાં જે અમારા એ સર્વે ચરિત્ર, ક્રિયા તથા નામસ્મરણ તે કલ્યાણકારી છે ...... (ગ.મ.૩૫)

મૂર્તિ સંભારિને 'સ્વામિનારાયણ' નામ સ્મરણ સાથે કોઈ માણસ ભોજન કરે તો તે ભોજન કર્યા છતાં ઉપવાસી છે. 'સ્વામિનારાયણ' નામ સ્મરણ સાથે કોઈ રસોઈ બનાવે તો તે રસોઈ જમનારનું અંતઃકરણ પણ પવિત્ર બની જાય છે.

ભજો ભાવ શું અખંડ જપમાળા રે, માળા ટાળે છે મન કેરા ચાળા રે .... ભજો.
હરિનું એક એક અંગ ઉર ધારો રે, સ્વામિનારાયણ નામ ઉચ્ચારો રે ... ભજો.

●

સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહો રે મન મેરા;
એહી હૈ મહામંત્રસાર મીટે ભવ ફેરા ........ સ્વામિ. ટેક.
રટો નામ અષ્ટજામ ટળે તાપ તેરા,
માયા મોહ આદિ મીટે નાવે જમડેરા .......... સ્વામિ. ૧

શ્રીમુખેથી શ્રીહરિ આપ એહી જાય જપેર્યા,

મુક્તાનંદ મંત્રજાપ મેટત અંધેરા......... સ્વામિ. ૩

આદિ આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ લખે છે,

શ્રી ઘનશ્યામ કો નામ, જપો જન શ્રીઘનશ્યામ કો નામ .......... ટેક.

જાહી જપી મુનિ સહસ્ર અઠ્યાસી, અંતર ભયે નિષ્કામ ......... જપો. ૧

સ્વામિનારાયણ મહામંત્રના મહિમાનો પાર પામી શકાય તેમ નથી. સ્વામિનારાયણ મહામંત્ર મહિમાની અસંખ્ય અદ્ભૂત ઘટનાઓ છે. પરંતુ તે સર્વે ઘટનાઓ અત્રે લખવી તે મારા માટે દુષ્કર જણાય છે. જેમ શ્રીજીમહારાજના ચરિત્રો વાંચવા, સાંભળવાથી મનને અપાર શાંતિ મળે છે તેમ સ્વામિનારાયણ નામ - સ્મરણ તથા ધૂન કરવા-સાંભળવાથી પણ મનમાં શાંતિ અનુભવાય છે.

સ્વામિનારાયણ કહેતાં રે, કેમ તું લાજે છે ?

તારા શિર પર વેરી રે, જમરા ગાજે છે ........... ૧

એવું સમજી વિચારી રે, શ્રીજીને ભજ જે;

મુક્તાનંદ સત્ય કહે છે રે, સરવે કુ કરમ તજ જે ............ ૫

●

ભરતખંડ મધ્યે જનમ દિયો હૈ, જહાં પ્રભુ પ્રગટ બસેરા;

નરનારાયણ નામ રટણ કરી, પાર કરો ભવ ફેરા ........ સમજનર હરિ બિન કોઈ ન તેરા.

નરનારાયણ સ્વામિનારાયણ નરનારાયણ સ્વામિનારાયણ .............

●

## ૩૯. શ્રીહરિએ સ્નાન કરેલ નદી, સરોવર તીર્થ મહિમા :-

ભગવાન અને ભગવાનના સાચા સંતો જે જળાશયમાં સ્નાન કરે, જે સ્થળે વિચરણ કરે તે બધું તીર્થરૂપ થઈ જાય છે. શ્રીહરિએ આ ભારત ભૂમિમાં ખૂબ વિચરણ કરીને તે તે જળાશયોને પાવન કર્યા છે, તીર્થરૂપ કર્યા છે. ભારતમાં પણ ગુજરાતની ભૂમિના જળાશયોમાં શ્રીહરિએ પોતાના



સંતોએ સહિત અનેક વાર સ્નાન કર્યું છે. તેવા જળાશયોનો આપણા શાસ્ત્રોમાં અઢળક મહિમા લખ્યો છે. તેનો મહિમા સમજીને તેવા જળાશયોમાં કોઈ સ્નાન કરે, જળનું આચમન કરે કે જળ માથે ચડાવે તો તેને બહુ મોટી પ્રાપ્તિ થાય છે.

પ્રથમ આવું મહિમા નિરૂપણ કરતું છપૈયામાં શ્રીઘનશ્યામ મહારાજનું એક ચરિત્ર જોઈએ. એક સમયે ઘનશ્યામ મહારાજ છપૈયામાં પોતાના સખાઓને સાથે લઈને ગૌઘાટે વિશ્વામિત્રી નદીએ જઈને સ્નાન કરી કિનારા ઉપર આવીને વસ્ત્ર પહેરતા હતા, તે વખતે એક મોટો મત્સ્ય જ્યાં ઘનશ્યામ મહારાજ નહાયા હતાં ત્યાં આવ્યો, તેટલામાં તો ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી આકાશમાં અનેક વિમાનો આવ્યા. અને સર્વેને દેખતે સતે તે મત્સ્ય પોતે ચતુર્ભુજ સ્વરૂપ થઈને ધર્મકુંવરના ચરણાર્વિંદમાં મસ્તક નમાવી વિમાનમાં બેસીને સત્યલોકમાં જતો હતો. આવું મહા અદ્ભૂત ચરિત્ર જોઈ વેણીરામે પૂછયું જે હે ઘનશ્યામભાઈ ! આ શું થયું ? મત્સ્ય મરી ગયો, અને તે કોણ આવ્યા હતાં તે વાત અમોને કહો. ત્યારે બોલ્યા જે, અમો અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ છીએ અને તમો સર્વે સખા અમારા પરમ ભક્ત છો. અને આપણે સર્વે આ સ્થાનકમાં નહાયા તે જગ્યાએ તે મત્સ્ય મરી ગયો તેથી અમોને પ્રસન્ન કરવા માટે તથા તે મત્સ્ય મહા ભાગ્યશાળી તેથી બ્રહ્મા પોતાના સત્યલોકમાં તેને લઈ ગયા. તેવું સાંભળીને સર્વે ઘનશ્યામ મહારાજને પગે લાગતા હતા.

તે મત્સ્ય ઘનશ્યામ મહારાજના સંબંધે કરી ચતુર્ભુજ થઈને વિમાનમાં બેસી બ્રહ્માના લોકને પામ્યો. એવું આ સ્થાનક છે તો જે માણસ એ વિશ્વામિત્રી નદીના ઘાટે જઈને નદીનું પાણી પીશે અથવા પોતાના માતાપિતાનું શ્રાધ્ધકર્મ કરશે અથવા મૃતદેહના અસ્થિ લાવીને તે જળમાં નાખશે તે સર્વે જન મોક્ષને પામશે.

શ્રીહરિ કહે છે, ભગવાનના ભક્તોએ ગંગા, યમુના જેવા તીર્થો અવશ્ય કરવાં. તીર્થમાં શક્તિ પ્રમાણે સ્નાન અને દાન, પૂજન વગેરે કરવું. ગુજરાતમાં ગઢપુરની ઉન્મત ગંગા તથા શ્રીનગર (અમદાવાદ) ની સાબરગંગા - નારાયણઘાટનો મહિમા વિચારીએ તો ગંગા અને યમુના કરતા તેનો

મહિમા સહેજ પણ ઓછો નથી.

એક સમયે શ્રીજી સંતો, પાર્ષદો, હરિભક્તો સહિત સાબરગંગામાં સ્નાન કરતા હતા. તે જળક્રિડા જોઇ દિવ્યરૂપે સાબરગંગા આવ્યા અને પ્રાથના કરી કે હે હરિ ! આપે કૃપા કરી સંતો સહિત સ્નાન કરી મને પવિત્ર કરી. જ્યારે જ્યારે અહીં પધારો ત્યારે મને અવશ્ય કૃતાર્થ કરજો. શ્રીજી કહે તમે ઉન્મત ગંગા જેવાં જ મને પ્રિય છો. આ જગ્યાએ જે સ્નાન, દાન, વ્રત વગેરે કરશે તેનું અનંતગણું ફળ થશે. જેનું અહીં શ્રાધ્ધ થશે કે જેના ફૂલ અહિયા પડશે, એ નરકમાં ગયો હશે તો પણ તેનો ઉધ્ધાર થશે. તમારું ગૌરવ મારા સંબંધથી સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ અને ઉત્તમ થશે. એમ શ્રીજીએ સાબરગંગાનો ઘણો જ મહિમા કહ્યો છે. શ્રીહરિએ સ્નાન કર્યું તેથી આ ઘાટનું નામ નારાયણઘાટ નામ પડ્યું અને ત્યારથી આરંભી તે ઘાટનો મહિમા ખૂબ થયો છે. અમદાવાદમાં એક સમયે શ્રીહરિ પુષ્પદોલોત્સવ કરી સંતો અને ભક્તો સાથે નારાયણઘાટ પધારે છે, એ સમાચાર સાંભળીને આ ભારતભરમાં જેટલી પવિત્ર નદીઓ હતી, તેટલી નદીઓ ત્યાં સાબરના જળમાં હાજર થઈ જાય છે.

તદા गंगादय सर्वा महा नदः समागमन् ।
तदा रंगमय सर्व नदानीर नृपाभवत् ॥

ગંગા આદિ સર્વ નદી સાબરમતીના જળમાં અદ્રશ્યપણે આવે છે. કારણ કે પુરુષોત્તમ નારાયણની સેવા કરવી છે. સાબરમતીનો અપાર મહિમા છે. ભક્તો અન ભગવાન એક સાથે જ્યાં નદીના જળમાં પ્રવેશ કરી અને સ્નાન કરવા લાગ્યા. નદીના પાણી પણ રંગમિશ્રિત લાલ થઈને વહેવા લાગ્યા.

''રંગ ભરેલા લાલજી, જળમાં ઝીલે બલવીર,
રાતાં થઈને વહેવાં લાગીયાં, સાબરમતીના નીર.''

શ્રીહરિની સંતો સાથેની અલૌકિક જળક્રિડા જોઇને ઈન્દ્ર આદિક દેવો પણ સંતોનું રૂપ ધારણ કરીને જળલીલાનો આસ્વાદ માણવા લાગ્યા. સાબરગંગા જ્યારે મૂર્તિમાન પ્રગટ થઈને શ્રીહરિનું દર્શન કરવા લાગ્યા ત્યારે શ્રીહરિને પ્રાથના કરી - 'હે ભગવાન ! મારા જળમાં કેટલાક પાપી જીવો ન્હાય છે, એટલે હું દૂષિત થઈ જાઉં છું, તો મારા ઉપર કૃપા કરો.' શ્રીહરિ



કહે, હે સાબરગંગા ! તું મને ઘેલા નદીથી પણ વધુ પ્રિય છે. કારણ કે ઘેલાને તો આ અવતારમાં પાવન કરી છે. પણ તને તો સતયુગથી પાવન બનાવી છે. જ્યારે પરમાત્મા સાબરમતી નદીને કિનારે ચાર સ્વરૂપે પ્રગટ થયા નરનારાયણ, હરિ અને કૃષ્ણ એ ચાર સ્વરૂપે દેવો અને ઋષીઓ સાથે સાબરગંગામાં ખૂબ સ્નાન કર્યું. એ વખતે પાવન થયેલી સાબરગંગાને આ વખતે અમે સંતો સહિત સ્નાન કરીને વધુ પાવન બનાવી છે. હવે તમારામાં ગમે તે પાપી જીવ સ્નાન કરે છતાં એનો પાશ તમને નહિ લાગે. એટલું જ નહિ, સાબરમતીમાં સ્નાન કરનારનો ઉધ્ધાર થશે. કોઇપણ પશુ, પક્ષી, જીવ, જંતુ, મનુષ્ય કે જીવ પ્રાણીમાત્ર આ નદીનું જળ પીશે તો એ દેવ જેવો બની જશે.

સંતો સાથે શ્રીહરિએ સેંકડો વખત સાબરગંગામાં સ્નાન કર્યું છે. વાસુદેવાનંદવર્ણી લખે છે કે, ગંગા જેમ સ્વર્ગને પવિત્ર કર છે. તેવી જ રીતે સાબરમતી આ પૃથ્વીને પવિત્ર કરે છે. પ્રાતઃ કાળે આ નદીના તટનું અથવા તેના નિર્મળ જળનું જો કોઇ પ્રાણી સો યોજન દૂરથી પણ સ્મરણ કરે તો તે મોક્ષને પામે છે.મૃત્યું પામેલા કોઇ જીવનું એક હાડકું પણ જો આ નદીમાં પડે તો તે જીવ ભગવદ્ ધામને પામી જાય છે. અક્ષય પુણ્ય આ નદીમાં સ્નાન કરવાથી થાય છે. પાપિષ્ઠ જીવ પણ આ નદીને કિનારે દેહ ત્યાગ કરે તો ભગવત્ ધામને પામે છે. ગંગા નદીને તો શિવજીનો સ્પર્શ છે. પણ આ બધા તીર્થોને સાક્ષાત્ પુરુષોતમ નારાયણનો સ્પર્શ છે. તેથી તે સર્વોત્તમ તીર્થ ગણાય છે. સાક્ષાત્ ગંગાજીએ વાદળામાં આવીને આ નદીના જળમાં પ્રવેશ કરલો. સા-અભ્ર- મતિ એટલે સાભ્રમતિ, કળિયુગમાં કલૌ સાભ્રમતિ ગંગા. કળિયુગમાં તો આ સાભ્રમતિ એ જ ગંગા છે. આમાં જે કોઇ સ્નાન કરશે એના ગંગા સ્નાનની જેમ જ, અનંત પાપો ધોવાઈ જશે. અને વિશેષમાં સ્વામિનારાયણ ભગવાનનો યોગ થયો છે માટે આ નદીમાં સ્નાન કરનારનું કલ્યાણ થશે.

આ સાબરમતીને કિનારે ત્રેપન જેટલા પ્રાચીન તીર્થો આવેલા છે. જેમાં નારાયણઘાટ અને દૂધેશ્વર તીર્થ મુખ્ય છે. આ બન્ને તીર્થો અમદાવાદમાં જ આવેલા છે. નારાયણઘાટ ક્ષેત્રમાં શ્રાધ્ધ વગેરે કરવાથી ગયા ક્ષેત્રમાં શ્રાધ્ધ

કરાવવાનું ફળ પ્રાપ્ત થાય છે, તેના પિત્રિઓ તૃપ્ત થાય છે અને તેઓ નિશ્ચે મોક્ષને પામશે. આ ક્ષેત્રમાં સર્વે તીર્થો નિવાસ કરીને રહે છે. અને તેથી અન્ય ક્ષેત્રો કરતાં, કોટીઘણું પુણ્ય આ ક્ષેત્રનું સેવન કરવાથી થાય છે. આ તીર્થના જળમાં જે કોઈ જળચર જંતુઓ મૃત્યુ પામે તેઓ પણ મોક્ષને પામે છે. આ તીર્થ ક્ષેત્રની આજુબાજુની એક યોજન જેટલી ભૂમિમાં પણ જન દેહત્યાગ કરે તો તેને પણ મોક્ષની પ્રાપ્તિ થાય. શાસ્ત્રકારો કહે છે કે, આ ઘાટ ઉપરથી જો કોઈ પક્ષી મૃત્યુ પામેલા જીવનું હાડકું લઈને પણ પસાર થાય, તો તે પક્ષીનો તો મોક્ષ થાય જ એટલું જ નહિ પણ જે તે મૃત્યુ પામેલા જીવનો પણ મોક્ષ થાય આટલો આ તીર્થનો પ્રભાવ છે. અહીં કરાવેલી જરૂરી વિધિઓથી ભૂત, પ્રેતાદિકનો નાશ થાય છે.

પદ્મપુરાણમાં પણ મહાદેવજીએ દેવી પાર્વતીને સાબરમતીનો મહિમા ખૂબ કહ્યો છે. જેના કેટલાક અંશો અત્રે લખું છું.

પ્લક્ષાવતરણ ક્ષેત્રમાં, સરસ્વતીમાં અને કેદારમાં કે કુરુક્ષેત્રમાં સ્નાન કરવાથી જેટલું ફળ મળે છે એટલું ફળ સાબરમતીમાં સ્નાન કરવાથી મળે છે. એમાં કોઈ જાતની શંકા નથી. કારણ કે, આ ભગવાન વેદવ્યાસનું વચન છે. આ સાબરમતી સર્વ લોકમાં પવિત્ર અને પાપનાશક છે. મોટા મોટા ઋષીઓ સાબરમતીમાં સ્નાન કરીને ભગવાન વિષ્ણુની ભક્તિ કરે છે. પિતૃઓની પ્રિય વારાણસી તથા વિમલેશ્વર નામનું તીર્થ, પ્રયાગરાજ, સપ્તધારા, કેદાર, ગંગાસાગર, બ્રહ્મસર વગેરે તીર્થો સાબરમતીના જળમાં નિવાસ કરે છે. ક્ષિપ્રા નદી, હરિદ્રાર, નર્મદા, ગંગા વગેરે નદીઓમાં પિંડ આપવાથી જે ફળ મળે છે એની સમાન ફળ સાબરમતીમાં પિંડ આપવાથી મળે છે. આ નદીના દર્શન માત્રથી મનુષ્ય પાપ મુક્ત બને છે, જેવી ગંગા નદી છે એવી જ આ સાબરમતી છે. હે દેવી ! સાબરમતીના ગુણને તો હું યથાર્થ કેમ વર્ણવી શકું ! કળિયુગમાં આ સાબરમતી બહુ કાળ સુધી ફળ આપે છે. આ નદીના એટલા બધા ગુણો છે કે, જો મારા મુખમાં સેંકડો જીભ હોય તો પણ એના ગુણોને હું વર્ણવી શકું એમ નથી.

હવે ગઢપુરમા ઉન્મત ગંગા - ઘેલા નદીનો મહિમા જોઈએ. જ્યારે શ્રીહરિ ગઢપુરમાં હોય ત્યારે નિત્ય ઉન્મતગંગામાં સ્નાન કરતા અને જળ



ક્રિડા કરતા. શ્રીમદ્ સત્સંગિજીવનમાં શતાનંદ સ્વામી ઉન્મતગંગાના મહિમાનું વર્ણન કરતા લખે છે, સ્વર્ગગંગાનું અભિમાન ઉતારતી, શિવજી આદિક સર્વ દેવોએ વંદન કરવા યોગ્ય, દર્શન માત્રથી અનંત જન્મના પાપને નાશ કરતી એવી ઉન્મતગંગા આ પૃથ્વી ઉપર જયકારી પ્રવર્તે છે. ઉન્મતગંગામાં સ્નાન કરતી વખતે સ્ત્રીપુરુષોના મુખોથી સ્વામિનારાયણ ભગવાનના નામનો ઘોષ નદીના જળપ્રવાહના અવાજની સાથે ભળીને યમદૂતોને કર્ણશૂળની માફક પીડા પમાડે છે અને મોટા પ્રાયશ્ચિતોથી અને વ્રતોથી પણ નાશ ન પામતા પાપોનો દર્શનમાત્રથી જ નાશ કરી નાખે છે. આ ઉન્મત ગંગાના પાણીમા રહેતા જળચર જીવો દેહત્યાગ કરતાંની સાથે જ સ્વર્ગમાં પહોંચે છે અને એમના માટે અપ્સરાઓ પરસ્પર ઝઘડે છે. જે ગંગાના કિનારે વ્રત, જપ, તપ, શ્રાધ્ધ, દાન વગેરે કરવાથી અવિનાશી પુણ્યની પ્રાપ્તિ થાય છે. ઉન્મત ગંગામાં સ્નાન માત્રથી યજ્ઞનું ફળ થાય છે. શ્રીહરિની સ્નાન ક્રિડાને જોવા માટે દેવો વિમાન દ્વારા આકાશમાં આવીને ઉભા રહેતા. શ્રીજીમહારાજ ઉન્મતગંગાના જળપ્રવાહની મધ્યે ઉભા રહેતા. ત્યારે પ્રભુના ચરણને સ્પર્શીને આવતાં જળનો મહિમા સમજીને હરિભક્તો તે પી જતા હતાં.

શ્રીહરિચરિત્રામૃત સાગર ગ્રંથમાં સ.ગુ.આધારાનંદ સ્વામી લખે છે, સંત હરિભક્તો સાથે લઈને શ્રીહરિ કેસર ચંદન ભર્યા ઉન્મતગંગામાં નહાતા તેથી ગંગાનું જળ રંગાઈ જતું અને બધો રંગ સમુદ્રમાં જતો. ગંગા આદિ બધી નદીઓ ઉન્મતગંગાના ભાગ્યની પ્રશંસા અને સન્માન કરતી હતી, સિંધુનદ પણ તેને માન આપતો. પોતાના પાપે કરીને કોઈ મનુષ્ય નરકમાં પડ્યો હોય અને તે અતિપાપી હોય પણ તેના ફૂલ કોઈ ઉન્મતગંગામાં ભાવથી નાખે તો તેનો ઉધ્ધાર થાય છે. બ્રહ્મહત્યા, ગૌ હત્યા, સ્ત્રીહત્યા, બાળ હત્યા તથા બહુ પ્રકારના મહાપાપ ઉન્મતગંગામાં નહાવાથી નાશ પામે છે, તેવો તેનો મહિમા છે. ઉન્મતગંગામાં નાહીને શ્રાધ્ધ કરાવે તો બ્રહ્મરાક્ષસ અને પિશાચની અશુભ ગતિને પામ્યો હોય તો પણ તરત શુભ ગતિને પામે છે. પુરુષોત્તમ માસમાં જે નહાય અને પુરુષોત્તમની પૂજા કરે, એકવાર ભોજન કરે, દરરોજ એક એક નવા વિપ્રને જમાડે તો મનોવાંછિત ફળને પામે છે. સંતને જમાડે તો મોક્ષ થાય. બ્રહ્માંડ રહે ત્યાં સુધી ઉન્મતગંગાનું માહાત્મ્ય શ્રીહરિએ સ્થાપન કર્યુ છે.

સ.ગુ.પ્રસાદાનંદસ્વામી લખે છે, ઘેલામાં શ્રીહરિ નાહવા જાય ત્યારે સંતોને સાથે લઈ જતા અને ખળખળીએ તો હંમેશા નાહવા જતા ને ખીજડા આરો કહેવાય છે, ત્યાં પણ નાહવા જતા અને ઉન્મતગંગા તો ઉછળી ઉછળીને શ્રીહરિના ચરણનો સ્પર્શ કરતી. તેણે ગંગાજીને કહ્યું કે તારા જળમાં તો શ્રીવામનજીએ એક અંગુઠો જ બોળ્યો હતો અને મારા જળમાં તો પુરુષોત્તમ નારાયણે કાયમ સ્નાન કરીને બડભાગી બનાવી છે. માટે મારા બરોબર તું ક્યાંથી જ થાય ? કારણ કે તારા જળમાં જે સ્નાન કરે તેના એક જન્મના પાપ બળે અને મારા જળમાં સ્નાન કરતા શ્રીહરિનું સ્મરણ કરે તો પરમ ગતિ મોક્ષને મેળવે. મારા જળમાં જે સ્નાન કરીને સ્વર્ગમાં જાય છે ત્યારે ત્યાં અપ્સરાઓમાં ઝઘડો થાય છે અને આ તો મેં પસંદ કર્યો છે તેં નહીં. એમ કહીને એક બીજાના ઝટિયાં ખેંચે છે. એવો મારા જળમાં નાહવાનો પ્રતાપ છે. પરંતુ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણનો મહિમા ધારી, નિયમધારીને સત્સંગી થઈને મારા જળમાં સ્નાન કરે છે તેનો મહિમા તો મારાથી પણ વર્ણન કરી શકાતો નથી. અને જ્યારે જ્યારે મારામાં મહારાજ નાહવા પધારે તે દિવસે વરસાદ અવશ્ય થાય. તેથી હરિભક્તોમાં પણ પ્રસિધ્ધિ થઈ કે મહારાજ ઘેલામાં નાહવા પધારે છે કે નહિ. જો ના પધારે તો વરસાદ નહીં થાય એમ માનતા હતાં.

શ્રીહરિ ઘેલા ગંગામાં નાહવા ગયા ત્યાં ગંગાજી તેજોમય સ્વરૂપે આવ્યા. પછી તે બાબતે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન કર્યો ત્યારે મહારાજે કહ્યું કે ગંગાજીએ દર્શને આવીને પ્રાર્થના કરી કે તમારા ચરણે નિવાસ આપો. પછી અમે આજ્ઞા આપી કે એકરૂપે કરી ને તમો ઉન્મત ગંગામાં રહો અને એકરૂપે કરીને અમદાવાદ સાબરમતીમાં રહો અને તેમાં અમે અને સંતો ઘણીવાર નાહ્યાં છીએ. ને હમણાં ત્યાં નરનારાયણનું મંદિર થાય છે અને અમો મૂર્તિ પધરાવીશું. પછી હુતાશનીનો સમૈયો કરી રંગ રમીને સંત મંડળ સાથે આવીને ત્યાં નાહીશું અને તે તીર્થ નારાયણઘાટ નામે પ્રસિધ્ધ થશે. માટે ત્યાં જઈને તમો રહો. એવી રીતે ગંગાજીને વર આપ્યો. જે મનુષ્ય ત્યાં મહારાજ નાહ્યાં છે ત્યાં નાહશે તેના ઈકોતેર પરિવારનો ઉદ્ધાર થાશે અને અક્ષરધામને પામશે.



ગઢપુરમાં મહારાજે દક્ષિણા બારના ઓરડા બનાવ્યા. મહારાજ સભામાં બિરાજમાન થયા. પછી ઉન્મતગંગાએ પોતની સખીઓ સાથે મહારાજની પૂજા કરી. પછી મહારાજે રજા આપી, અંતર્ધાન થઈ, ખળખળિયે જઈને દિવ્ય સિંહાસન ઉપર બેઠા. ત્યારપછી ઉન્મતગંગાએ વાયુને આજ્ઞા કરી તેથી સાતદ્વીપને નવખંડની નદીઓ આવી. જ્યારે સાબરમતી આવ્યા ત્યારે ઉન્મતગંગા સભામાંથી ઉઠીને સાબરમતીને સામા લેવા ગયા. સન્માન કરી ને પોતાની જોડે સિંહાસનમાં બેસાર્યા. આ જોઈને બીજી નદીઓને સંશય થયો જે આપણા કરતાં પણ અધિકપણે સાબરમતીનું સન્માન કેમ કર્યું ? ત્યારે ઉન્મતગંગા બોલ્યા જે અમારામાં તો અક્ષરધામના પતિ એવા સહજાનંદ સ્વામીએ તથા સંતોએ અનેકવાર સ્નાન કર્યું છે અને સાબરમતીમાં તો મહારાજે અનેકવાર સ્નાન કર્યું છે. અને તમારા જળમાં તો મહારાજ જ્યારે તીર્થ કરતા હતાં ત્યારે એકજ વાર સ્નાન કર્યું છે. અને સાબર ગંગામાં તો મહારાજે વિજાપુર, મોટેરા, વૌઠા વગેરે ગામોમાં નાહ્યાં છે. તેમજ શ્રીનગરમાં નારાયણઘાટના આરે તો વારંવાર નાહ્યાં છે તેથી તમારા કરતાં પણ અધિક છે, તેમ જ્યારે બોલ્યા ત્યારે ગંગા, કાવેરી વગેરે નદીઓનો સંશય દૂર થયો અને મારા જળમાં તથા સાબરમતીના જળમાં ઉત્પન્ન થયેલાં માછલાં વગેરે જ્યારે મરીને સ્વર્ગે જાય છે ત્યારે અપ્સરાઓ ઝઘડો કરે છે જે આ મારો પતિ થાય. માટે મારા બરાબર સાબરગંગાને તમો સમજો. અને એકાદશી આદિ વ્રતના દિવસે જે અમારા જળમાં સ્નાન કરે છે તે ભગવાનના અક્ષરધામમાં જાય છે.

પછી શ્રીહરિને દેશ દેશાન્તરમાંથી આવેલ ભક્તજનોએ હાર તથા પોશાક અને ઘરેણા પહેરાવીને મહારાજની પૂજા કરી. પછી સાબર ગંગા ચાલવા તૈયાર થયા. ત્યારે ઉન્મતગંગા બોલ્યા જે તમો હમણાં રહો અને મહારાજ જ્યારે વડતાલ જાય ત્યારે તમો સાથે જજો. ગંગા, યમુના, કાવેરી વગેરે બીજી નદીઓ રજા માગીને ચાલવા લાગી.

જેતલપુર દેવ સરોવર, અમદાવાદ કાંકરીયા (માનસરોવર), વડતાલ ગોમતીજી, છપૈયા નારાયણ સરોવર વગેરે તીર્થ જળાશયોનો મહિમા આગળ લખેલ છે. હવે અડાલજની વાવનો મહિમા જોઈએ.

શ્રીહરિ અમદાવાદથી અડાલજ પધાર્યા. અડાલજમાં એક જ ભક્ત હતા. એમને ત્યાં જઈ થાળ જમી અને શ્રીજી મહારાજ ભાગોળે આવ્યા. અડાલજ એટલે ઉત્તર ગુજરાતનું એ નાનકડું ગામ. ભાગોળમાં કળા કોતરણીથી અત્યંત શોભતી, પહોળા-મોટા પગથિયા વાળી એક સુંદર વાવ હતી. ભગવાને એ વાવમાં પાંચસો પરમહંસો સાથે સ્નાન કર્યું. જળપાન કર્યું. વાવનો લેખ નિષ્કુળાનંદ સ્વામી પાસે વંચાવ્યો. તે લેખમાં એવું લખેલું જે આ વાવના પથરા ખેંચી લાવવાના ગાડાના પૈડા ઉંઝામણના એરંડીયાના ખર્ચના જ એક લાખ રૂપિયા થયા છે. તો પછી બીજું ખર્ચ લખવા જરૂર નથી. પ્રસિદ્ધ કરવાથી પુણ્ય નાશ થાય છે. પણ આ લેખમાં આટલું શા માટે લખવું જે ભગવાન કે ભગવાનના ભક્તો વાવમાં સ્નાન કરે, પાણી પીએ તો મારો મોક્ષ થાય અને તે માટે જ મેં આ વાવ કરાવી છે. શ્રીજી મહારાજ સભા કરીને બોલ્યા, ‘‘આ વાવ કરાવનાર રૂડબાઈનો મોક્ષ થયો. પણ આ વાવમાં જેણે પૈસા લઈને પણ મજૂરી કામ કર્યું હશે, તે સર્વેનું કલ્યાણ થશે. વળી ગાડાં તળે જીવડા કચડાઈ મુવાં હશે.તેમજ કારખાનામાં જીવતા મર્યા હશે, ગાડાના બળદો વિગેરે સર્વેનું કલ્યાણ થાશે. આ વાવનું પાણી પીશે, તેમાં સ્નાન કરશે, તથા સવારમાં સંભારશે તે સર્વે મોક્ષને પામશે.

છપૈયાની બાજુમાં તીનવા ગામ છે. ત્યાં એક કૂવામાં ભૂતોનો વાસ હતો. એક દિવસ ભક્તિમાતા તે કૂવામાંથી પાણી સીંચતા હતા. તે સમયે ભક્તિ માતાનો પાણીનો ઘડો ભૂતોએ કૂવામાં ખેંચી લીધો. ઘનશ્યામ મહારાજને આ વાતની ખબર પડી એટલે તેઓ પોતાના મામીને ત્યાં તીનવા ગામે પધાર્યા. ભૂતિયા કૂવામાં કોઈ મલિન આત્માઓ ત્યાં લડાઈ કરીને મૃત્યુ પામેલા. તીવ્ર વાસનાને કારણે એ બધાને ભૂતયોનિ મળેલી. ઘનશ્યામ મહારાજ એ ભૂતિયા કૂવા પાસે પધાર્યા. પ્રભુએ ભૂતિયા કૂવામાં કૂદકો માર્યો. પરમાત્માના સ્વરૂપના સ્પર્શથી પવિત્ર બનેલા પાણીના છાંટા ઉડ્યા. ભૂતોને એ પાણીનો સ્પર્શ થયો. એ બધાના દિવ્ય સ્વરૂપ સર્જાયા અને ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. પ્રભુ કહે છે અત્યારે તમે બદરિકાશ્રમમાં જાઓ. ત્યાં તપ કરો, અને પછી પવિત્ર બનીને અમારા ધામને પામશો. ઘનશ્યામ મહારાજે ત્યાં એક વરદાન આપ્યું. જેને ભૂત પ્રેતનો ઉપદ્રવ હોય અને એ અહીં ભૂતિયા



કૂવા પાસે આવી અમારા ચરિત્રનું ચિંતન કરે અને આ કૂવાના જળ વડે સ્નાન કરે કે શરીર ઉપર જળ છાંટે તો ભૂતપ્રેતની ઉપાધિથી એ જીવ તરત જ મુક્ત થઈ જાય છે. આવો આ ભૂતિયા કૂવાનો મહિમા છે.

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી લખે છે,

ના'તાં નદી નદ ને તલાવે રે, કુંડ કૂવા ને સાગર વાવ્યે રે ॥
તે તો થયા સરવે તીરથ રે, જેમાં ના'યા શ્રીહરિ સમરથ રે ॥

આવી રીતે શ્રીહરિએ, જે જે નદી, સરોવર, તળાવ, સાગર, કુંડ, કૂવા અને વાવમાં સ્નાન કર્યું તે સર્વે જળાશયો પરમ પવિત્ર તીર્થ રૂપ થયા છે.

●

## ૩૭. સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીની વસ્તુઓનો મહિમા :

આખા જગતમાં એક માત્ર સ્વામિનારાયણ સંપ્રદાય એવો છે કે જ્યાં ભગવાનની પ્રસાદીની વસ્તુઓ સચવાઈ રહેલી છે. પ્રસાદીની વસ્તુ એટલે એવી વસ્તુ કે, જે વસ્તુને સ્વયં ભગવાને સ્પર્શ કર્યો હોય, પોતે તે વસ્તુને ઉયોગમાં લીધી હોય, કોઈ સંત કે ભક્તને પોતે રાજી થઈને તે વસ્તુ રાજીપા તરીકે આપી હોય. આવી વસ્તુઓમાં વસ્ત્ર, અલંકાર, વાહન, વાસણ, મુગટ, માળા, બેરખા, પથ્થર, કાગળ, શાસ્ત્ર, ચરણારવિંદ, મૂર્તિ વગેરે અનેક વિધ વસ્તુઓનો સમાવેશ થાય છે. અને એ પણ એટલું જ સત્ય છે કે આવી પ્રસાદીની વસ્તુઓ માત્ર અને માત્ર મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ છે. પ્રસાદીની વસ્તુઓ પુરુષોત્તમ નારાયણ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને સંબંધ પામી હોવાથી દેવોને પણ પૂજવા યોગ્ય બની છે. તેનો મહિમા અપરંપાર છે. ભગવાનને સ્પર્શ પામેલી વસ્તુઓ પ્રાકૃત નહિ પણ દિવ્ય બની જાય છે. આવી વસ્તુઓ માયિક નહિ પણ અમાયકિ બની જાય છે. પૃથ્વી પર હોવા છતાં પ્રસાદીની વસ્તુઓ અક્ષરધામમાં રહેલી વસ્તુઓની જેમ જ દિવ્ય, મંગળકારી અને કલ્યાણકારી છે. પ્રસાદીની વસ્તુઓમાં કેટલો ચમત્કાર અને આશ્ચર્ય રહેલું છે તેના પ્રસંગો જોઈએ.

(૧) યાત્રાધામ જેતલપુરમાં બેની બહેનના ઘેર ચૂડેલનો ઉપદ્રવ થયેલો. આ ચૂડેલ રોજ રાતે બેની બહેનના પાડું ને બેની બહેનના મેડા પર ચડાવી દે. સવારના ગામ લોકો બેનીબાના ફળિયામાં ભેગા થઈ પાડું મેડા પરથી નીચે ઉતારે. દરરોજ રાત્રે ચૂડેલનો આ ક્રમ ચાલે. ચૂડેલનો ઉપદ્રવ કોઈ રીતે બંધ થાય નહિ. બેનીબાએ જેતલપુરના ભક્ત શિરોમણી ગંગામાને આ વાત કરી. એટલે ગંગામાએ આશજીભાઈને ત્યાંથી શ્રીહરિ જે પથ્થર ઉપર બેસી નાહ્યા હતા તે પ્રસાદીનો પથ્થર બેનીબાને ઘેર લાવીને મૂક્યો ને ચૂડેલની ઉપાધિ ટળી ગઈ. આ ઘર અને તેમાં દિવાલ પર ચોંટાડેલો આ પથ્થર ગામમાં તેમના વંશમાં પાટીદાર વાસમાં આજે પણ મોજૂદ છે.

(૨) સ.ગુ. સ્વરૂપાનંદ સ્વામીને આત્મનિષ્ઠાનું અંગ હોવાને કારણે કોઈને શરીરે દુઃખ થતું હોય તો કહેતા કે આપણે તો આત્મારામ છીએ. શરીર સાથે આપણે શો સંબંધ ? આકાશને ઉંદરો કાતરી શકે ખરા કે ? પણ મહારાજને એ ન ગમ્યું. અને પોતાની ઈચ્છાથી સ્વરૂપાનંદ સ્વામીના શરીરમાં મંદવાડ મોકલ્યો. અતિ મંદવાડના દુઃખે ચીસો પડાઈ જાય. મહારાજ જોવા પધાર્યા. કેમ સ્વામી ! આકાશને ઉંદરડા કાપે છે ? મહારાજ ! ખૂબ પીડા થાય છે. તો એમ કરો દાદા ખાચરના ઓરડા, ઓસરી, નળીયાં, લીંબડો એનું ધ્યાન કરો. પછી એ ધ્યાન કરાવીને પીડા મટાડી. પોતાના સંબંધ વાળી વસ્તુઓ મોક્ષ માટે આત્મનિષ્ઠા કરતા પણ વધુ અધિક છે તે જણાવ્યું.

(૩) સાળંગપુર હનુમાનજીના શરણે જ્યારે અતિ મલિન ભૂતપ્રેતાદિકના ઉપદ્રવ વાળા દર્દીઓ આવે ત્યારે ઘણીવાર પૂજારી તેને હરિમંદિરમાં રહેલાં ઉપર ટીંગાડેલા પ્રસાદીના ઢોલિયા અને ગાડા નીચે બેસાડે છે, તેનો સ્પર્શ કરાવે છે. પ્રસાદીની વસ્તુનો તાપ ભૂતપ્રેતાદિકથી સહન થતો નથી. જેથી તે દર્દીને જે તે મલિન ભૂતપ્રેતાદિકના વળગાડમાંથી છોડાવવા હનુમાનજી મહારાજને પણ ઓછી મહેનત કરવી પડે છે.

સ.ગુ.નિષ્કુળાનંદ સ્વામી લખે છે,

પુરુષોત્તમ સ્પર્શની જે વસ્તુરે, ન મળે જ્યાં લગિ ઉદેને અસ્તુરે ॥
અશન વશન ભૂષન, વાહન વાસન જેહ ॥



પુરુષોત્તમને સ્પર્શતા, થયાં શુધ્ધ સહુએ તેહ ॥
માયિક તે અમાયિક થયાં, થયાં ગુણમય ગુણાતીત ॥
સ્પર્શતા પરબ્રહ્મને, સહુ થયા પરમ પુનિત ॥
વળી કલ્યાણકારી જે વસ્તરે, તે પણ પૃથ્વી પર છે સમસ્ત રે ॥
બહુ તે વડે થાશે કલ્યાણ રે, સ્પર્શિ પામશે પદ નિરવાણ રે ॥
પણ અવતારના જે અવતારી રે, વાત તેની તો જાણ જો ન્યારી રે ॥
જાણો પુરુષોત્તમ સ્પર્શ રે, તે તો સહુ થકી છે જો સરસ રે ॥
અમારા અંગ સંગની વસ્તુ, રાખી જીવના કલ્યાણ કાજ ॥
ફરી ફરી ફેરો પડે, એવું કરવું નથી આ વાર ॥
સહુ જીવનો સામટો, આજ કરવો છે ઉધ્ધાર ॥
તેહ સારૂ છાપી દીધાં ચરણ રે, જે છે સુખના કરણ રે ॥

જેમ પુરુષોત્તમ નારાયણની સ્પર્શ પામેલી મૂર્તિઓ અને અન્ય મૂર્તિઓમાં ઘણો ફેર છે. તેમ ભગવાનને સ્પર્શ પામેલા પદાર્થો અને જગતના અન્ય પદાર્થોમાં પણ જમીન આસમાનનો ફેર છે.

વળી અમારા અંગનું અંબર રે, બહુ સ્પરશેલ સારું સુંદર રે, ॥
એહ પ્રસાદીનું જેહ પટ રે, મળે ટળે સર્વે સંકટ રે ॥
એહ વસ્ત્ર અનુપમ અતિ રે, થાય પૂજતા પરમ પ્રાપ્તિ રે ॥
અતિ મહાત્મ્ય એનું અતુલ્યે રે, કહો ક્યાથી મળે એહ મુલ્યે રે ॥
જે જે અમારા સંબંધની વસ્તુ રે, ન મળે ગોતતાં ઉદેને અસ્ત રે ॥
જણસ અમ સંબંધિની જે જે રે, છે એ કલ્યાણકારી માની લીજે રે ॥
તે તો રાખી છે અમે અપાર રે, સહુ જન અરથે આ વાર રે ॥
નખશિખા લગી નિરધાર રે, રાખી સ્પરશી વસ્તુ કરી પ્યાર રે ॥
સ્પરશી ચીજ જે બહુ પરકાર રે, અડી જે અંગે અમારે રે ॥
તે તો સર્વે છે કલ્યાણકારી રે, માટે રાખી છે અમે વિચારી રે ॥

સ્વયં ભગવાને પોતાને સંબંધ પામેલી વસ્તુઓનો શ્રીમુખે આ રીતે અપાર મહિમા કહ્યો છે. પૃથ્વીની ઉત્પત્તિથી પ્રલય સુધી આવી વસ્તુઓ શોધવા જતાં મળે તેમ નથી. કોઈ બહુ દ્રવ્યનો ખર્ચ કરે તો પણ તે મળે તેમ

નથી. શ્રીહરિ કહે છે કે, આ વસ્તુઓ અમે સહુ જન અર્થે એટલે કે બધા લોકો માટે સર્વ જીવ હિતાવહની ભાવનાથી રાખી છે.

સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીની દિવ્ય વસ્તુઓનું એક અદ્વિતિય અને વિશિષ્ટ સંગ્રહસ્થાન એટલે કે 'શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમ' જે અમદાવાદના નારાયણપુરા વિસ્તારમાં ટર્ફ સ્કુલની સામે આવેલું છે. આ મ્યુઝિયમ શ્રીહરિના છઠ્ઠા વંશજ પ.પૂ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંકલ્પથી તેમજ તેઓશ્રીની સંપૂર્ણ દેખરેખ નીચે બનેલું છે. અને અમદાવાદ મંદિર શ્રીનરનારાયણદેવને અર્પણ થયેલું છે. આ મ્યુઝિયમ દેશવિદેશમાં વસતા દરેક મુમુક્ષુજનને દર્શન કરવા યોગ્ય છે.

## ૩૮. એકાદશી મહિમા :

એકાદશી, રામનવમી (હરિજયંતિ), જનમાષ્ટમી, શિવરાત્રી, વામનદ્વાદશી તથા નૃસિંહ ચૌદશ એ તિથિઓને ભગવાનનો સંબંધ થયો હોવાથી તે તિથિઓનો અપાર મહિમા થયો છે. તેમાં પણ એકાદશી તમામ વ્રતોનો રાજા કહેવાય છે. શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં લખે છે, "અને સર્વે જે એકાદશી તેમનું વ્રત તે આદર થકી કરવું. તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે જન્માષ્ટમી આદિક જન્મ દિવસ, તેમનું વ્રત જે તે આદર થકી કરવું, તથા શિવરાત્રીનું વ્રત જે તે આદરથકી કરવું અને તે વ્રતના દિવસે મોટા ઉત્સવ કરવા.

શિક્ષાપત્રીભાષ્ય વિવેચનમાં લખે છે, એકાદશી વ્રત બહુ પુણ્યદાયી છે. એકાદશી વ્રત કરો પછી રામ નવમી, જન્માષ્ટમી, શિવરાત્રી, નરસિંહ ચૌદશ અને વામન દ્વાદશી આ પંચ જયંતી વ્રત કરો. પછી કોઈ વ્રત કરવાની જરૂર નથી. સમાજમાં તો ડગલે ને પગલે વ્રત કરે છે. કોઈ પીપળાને પાણી રેડીને ત્રણ દહાડા ન ખાય, કોઈ પૂનમનો ઉપવાસ કરશે ને કોઈ કાંઈ કરશે. એ કોઈ શાસ્ત્ર વ્રત નથી. શાસ્ત્રવ્રત આટલાં જ છે : ચોવીસ એકાદશીઓ અને પાંચ જયંતી વ્રતો કુલ આંકડો ઓગણત્રીસ થાય. વૈષ્ણવ કોને કહવાય ? વીસ અને નવ વ્રત કરે એનું નામ વૈષ્ણવ. ઓગણત્રીસ વ્રત જેના જીવનમાં હોય એનું નામ વૈષ્ણવ. વશ નવ જેને હોય, નવે ઈન્દ્રિયો જેને વશ હોય એનું નામ વૈષ્ણવ. શાસ્ત્રઆજ્ઞા બહાર બાકીના મન ફાવે એવા મનકલ્પિત વ્રતો કરવા જઈએ તો એનો કોઈ અંત જ નથી. શાસ્ત્રઆજ્ઞા પાળવાથી સુખી થવાય છે. બાકી બધાયની આજ્ઞા પાળવા જઈએ તો ઉપવાસનો કોઈ અંત ન આવે, ભૂખે મરાય અને તેનું કોઈ પુણ્ય થતું નથી.



ઘણાં શાસ્ત્રોમાં એકાદશી મહિમા નિરૂપણ કરેલું છે. પરંતું તે મધ્યે શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથમાં ખૂબ વિસ્તારથી મહિમા લખ્યો છે. શતાનંદ સ્વામી લખે છે, કારતક સુદ દશમના દિવસે સંધ્યા આરતી પછી સભામાં બિરાજેલ પ્રસન્ન મુખારવિંદ વાળા સહજાનંદ સ્વામી પોતાના સર્વ ભક્તોજનોને કહેવા લાગ્યા : હે ભક્તો ! સર્વે સાવધાન થઈને સાંભળો. આવતી કાલે પ્રબોધિની એકાદશી છે. એકાદશીનું વ્રત એ પરમાત્માનું વ્રત છે. માટે અમારા સર્વે આશ્રિતોએ એકાદશીનું વ્રત ખાસ કરવું. જે મુર્ખ માણસ એકાદશી નથી કરતા તે રૌરવ નરકમાં પડે છે. બ્રહ્મહત્યા જેવા મહાપાપો એકાદશીના દિવસે અનાજમાં વસે છે. એટલે એ દિવસે જે અન્ન ખાય તેને બધા પાપો વળગે છે. એકાદશીના નહીં કરનારો માતૃઘાતી, પિતૃઘાતી અને ગુરુઘાતી છે. એકાદશીના દિવસે જે અનાજ ખાય છે તે પૃથ્વી ઉપરના પાપને ખાય છે. બ્રહ્મહત્યા જેવા પાપનું પ્રાયશ્ચિત કહ્યું છે. પરંતું એકાદશીના વ્રતભંગનું કોઈ પ્રાયશ્ચિત જ નથી. દારૂ પીનારો પોતે જ નરકમાં પડે છે. પરંતું એકાદશીના દિવસે અન્ન ખાનારો પિતૃઓ સહિત નરકમાં પડે છે. માટે મારા આશ્રિત સર્વ સ્ત્રી પુરુષોએ એકાદશીનું વ્રત કરવું. શુક્લપક્ષની અને કૃષ્ણપક્ષની બંને એકાદશીઓ સમાન છે, એમાં ભેદ જાણવો નહીં. આઠ વર્ષથી ઉપર અને એંશી વર્ષ સુધીનાં મનુષ્યે એકાદશીનું વ્રત કરવું. ચાર આશ્રમી, ચાર વર્ણવાળા પુરુષો અને સ્ત્રીઓએ આ વ્રત જરૂર કરવું. વિધવા સ્ત્રી એકાદશીના દિવસે ભોજન કરે તો પુણ્યમાત્રનો નાશ થઈ જાય અને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે.

સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલા માંધાતા નામના રાજાએ ગુરૂ વશિષ્ઠને પૂછયું: હે ગુરૂદેવ ! નાનાંમોટા તમામ પાપને બાળી નાખે એવો કયો અગ્નિ છે ? વશિષ્ઠજી બોલ્યા : હે રાજા ! જે પુરુષ એકાદશીના દિવસે ઉપવાસ

કરીને ભગવાની પૂજા કરે અને પ્રભુ કીર્તન સાથે જાગરણ કરે તો તેનાં સેંકડો જન્મોના પાપ બળીને ભષ્મ થઈ જાય છે. હે રાજા ! માણસ જ્યાં સુધી એકાદશીનું વ્રત કરતો નથી ત્યાં સુધી જ એનાં શરીરમાં પાપ વસે છે. ચંદ્ર અને સૂર્યના ગ્રહણ વખતે કુરુક્ષેત્રમાં ગોદાનથી જે પુણ્ય થાય તે પુણ્ય એકાદશીનો ઉપવાસ કરવાથી થાય છે. જે પુરૂષને ઘેર એક લાખ તપસ્વીઓ રોજ જમે અને જે પુણ્ય થાય તે એક એકાદશીનો ઉપવાસ કરવાથી જ થાય છે. હજાર અશ્વમેઘ, હજાર રાજસૂય યજ્ઞ એકાદશીના ઉપવાસની સોળમાં ભાગની તુલ્ય પણ આવતા નથી.

एकादशेन्द्रियः पापं यत्कृतं पूर्वजन्मसु ।
एकादश्युपवासेन तत्सर्व विलयं व्रजेत ॥

અગિયારેય ઈન્દ્રિયોએ કરેલું પાપ એકાદશીના ઉપવાસથી નાશ પામી જાય છે. અન્ય બહાનાથી પણ એકાદશીનું વ્રત કર્યું હોય તો પણ જીવ જમપુરીમાં જતો નથી. એકાદશી સ્વર્ગ અને મોક્ષને આપનારી છે. આરોગ્ય, ઉત્તમ પત્ની, ધન, રાજ્ય, પુત્ર આપે છે. એકાદશીનું વ્રત કરનાર પોતાની સાથે માતાના કુળના દશ, પિતાના કુળના દશ અને પોતાની પત્નીના પક્ષના દશ એમ ત્રીસ પેઢીનો ઉધ્ધાર કરે છે. એકાદશી કલ્પવૃક્ષ અને ચિંતામણિ સમાન સર્વ મનોરથો પૂર્ણ કરે છે. એકાદશીનું વ્રત કરનાર ચતુર્ભુજ બનીને પીતામ્બર, વૈજયંતી માળા ધારીને, ગરૂડ ઉપર બેસીને ભગવાનના ધામમાં જાય છે.

પુરાણમાં એવી કથા છે કોઈ સાસુ - વહુને ઝઘડો થયો. સાસુએ રસોડામાં ખાવા બોલાવી નહીં. વહુ રિસાઈ ગઈ. ખાવા આવી જ નહીં. જોગાનુજોગ એ દિવસ એકાદશીનો હતો. આખો દિવસ અને રાત્રિ ચાલી ગઈ. બીજે દિવસે સવારે કુબેરભંડારીના બે દેવોનું વિમાન આકાશમાંથી જતું હતું. આપણા વિમાનો જેમ પ્રેટ્રોલથી ચાલે છે એમ દેવોના વિમાનો પુણ્યથી ચાલે છે. જેનું પુણ્ય ઝાઝું એના વિમાનો બહુ ગતિ કરે છે. જેનું પુણ્ય ખૂટી પડે એટલે તરત વિમાન હેઠું પડે. તે બે દેવોનું વિમાન એ જ ગામની ભાગોળે પૃથ્વી પર પડ્યું. દેવોએ કુબેર ભંડારી દ્વારા જાણ્યું કે તમારા પુણ્ય ખલાસ થઈ ગયા હોવાથી એ વિમાન ઉડશે નહિ. તાત્કાલિક કોઈનું પુણ્ય મળે, 



એમાંય જો એકાદશીનું પુણ્ય મળે તો એ વિમાન આકાશમાં ગતિ કરશે એ સિવાય નહિ. દેવોએ ગામમાં પૂછયું. ભાઈ, અહીં કોઈ એકાદશી કરો છો ? ગામના લોકો તો એકાદશીની બાબતમાં સમજતા જ નહોતા એટલે જવાબ આપ્યો કે અમે કાંઈ કરતા નથી. દેવોએ સમજાવ્યું કે ગઈકાલે એકાદશી હતી. કાલે કોઈએ ઉપવાસ કર્યો હોય, ખાધું ન હોય એવો કોઈ માણસ મળે આ ગામમાં ? જોગાનુજોગ પેલીબાઈના પાડોશીએ જ કહ્યું : હા અમારી બાજુમાં એક ભાઈના પત્ની રિસાયા છે, તે કાલનું આખો દિવસને આખી રાત ખાધું નથી. દેવતાઓ એની પાસે ગયા. જઈને પોતાનું વિમાન પડી ગયાની સઘળી વાત કરીને ગઈકાલના ઉપવાસનું પુણ્ય માંગ્યું. પેલી બાઈએ મૂઢભાવે હા પાડી, તરત જ બ્રાહ્મણને બોલાવ્યો. તુલસીનું પાંદડું લીધુ અને સંકલ્પ મુકાવ્યો. ગઈકાલે મેં ખાધું ન હતું એમાંથી જે પુણ્ય થયું હોય એ આ દેવતાઓને તુલસીના પાંદડે અર્પણ કરું છું. જ્યાં આટલું બોલ્યા ત્યાં વિમાનના ચક્રો ગતિમાન થયા. દેવતાઓ વિમાનમાં બેઠા એટલે વિમાન ઉપડી ગયું. રિસાઈને ઉપવાસ કર્યો હોય તો પણ આટલું ફળ મળે છે તો સમજીને ઉપવાસ કરવાથી કેટલું પુણ્ય થાય !!!

પ્રસાદીના માહાત્મ્યે કરીને પણ એકાદશીનો ભંગ ન કરવો. પુષ્ટિમાર્ગના આદિ આચાર્ય વલ્લભાચાર્યજી જગન્નાથપુરી પધાર્યા. સાંજે મંદિરમાં દર્શન કરવા ગયા. એકાદશીનો દિવસ. પૂજારીએ એકદમ ભાતનો પડિયો હાથમાં મૂકી દીધો. મહાપ્રભુજી તો ધર્મના સ્થાપક અને સંરક્ષક આચાર્ય, તેમજ મહાજ્ઞાની પુરુષ. એણે વિચાર કર્યો. જો આ પ્રસાદી ખાઈ લઉ તો વ્રતનો ભંગ થાય છે. જો આ પ્રસાદી મૂકી દઉં તો જગન્નાથજીના પ્રસાદનો અનાદર થયા છે. એમણે પડિયો હાથમાં લીધો. ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી આજે પરમાત્મા જગન્નાથજીનો આ પ્રસાદ મળ્યો. એમ પ્રસાદીના માહાત્મ્યના નવા નવા પ્રશસ્તિ શ્લોકો રચાતા ગયા. એ રીતે પ્રસાદના ગુણગાન ગાતાં આખી રાત્રિ વીતી ગઈ. પ્રસાદનો પડિયો હાથમાં ને હાથમાં જ રાખ્યો. એકાદશી પુરી થઈ. સવારે પ્રસાદ લીધો. પ્રસાદીના માહાત્મ્યથી પણ અનાજ મુખમાં મુકાય નહીં.

એક સમયે ઘનશ્યામ મહારાજ અયોધ્યામાં હનુમાનગઢીમાં કથા

સાંભળવા બેઠા. રામાયણની કથા ચાલતી હતી. એકાદશી ઉપવાસના મહિમાની વાત આવી. ઘનશ્યામ મહારાજે અંતર્યામી પણે જાણ્યું કે કથાકાર પુરાણી મુખેથી એકદાશીનો મહિમા સંભળાવે છે. પરંતુ પોતે તે દિવસે અનાજ ખાઈ લે છે. ઘનશ્યામ મહારાજે વિચાર કર્યો કે જો આ વક્તા એકાદશી ન કરે તો એનો ઉપદેશ શ્રોતાને લાગે નહિ. વક્તા જો વ્રત ન કરતો હોય તો એની લુખી વાણી શ્રોતાના હૃદય સુધી ઉતરે નહિ. ચાલો આજે તો અહીં આવ્યા છીએ એટલે એમને પણ એકાદશી કરવાનું નિયમ આપીએ.

કથામાં ઘનશ્યામ મહારાજે કથાકારને પૂછયું. આ રામાયણમાં એકાદશીની વાત આવી. પરંતુ ઘણા ભક્તો, ભાવિકો એકાદશી કરતા નથી. એનું શું કારણ ? પુરાણીજીએ કહ્યું હે બાલક ! એ તને ખબર ન પડે. એકાદશીનો મહિમા સાચો, પણ સતયુગમાં. કળિયુગમાં તો અન્નસમા પ્રાણ એટલે એકાદશીને જગન્નાથપુરીમાં થાંભલે બાંધી દીધી છે. ઘનશ્યામ મહારાજે કહ્યું કે આવી વાત રામાયણમાં છે ? ભાગવત કે કોઈ પુરાણમાં છે ? વક્તા પાસે કોઈ જવાબ નહોતો. ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી પુરાણીજીને સમાધિ થઈ. સમાધિમાં જમપુરી દેખાઈ. જમના દૂતોએ કહ્યું તારી સામે જે બાળસ્વરૂપે દેખાય છે એ બાળક નથી, સાક્ષાત્ પરમાત્મા છે. આજે તેં એ પ્રભુનું અપમાન કર્યું છે. માટે આજથી તું નિયમ લે, પ્રભુની માફી માંગ અને એકાદશીનું વ્રત કર, તો જ અમારી શિક્ષામાંથી તું છૂટી શકીશ. પુરાણીજી સમાધિમાંથી જાગ્યા. એકદમ પાટથી નીચે ઉતરી ઘનશ્યામ મહારાજના ચરણ પકડી લીધા. માફ કરો મારા રામ, ક્ષમા કરો. સભામાં કહે છે, હે શ્રોતાજનો ! આ બેઠા છે એ બાળક નથી. પરંતુ સાક્ષાત્ પરમાત્મા છે. મારા ઈષ્ટદેવ રામચન્દ્ર ભગવાન છે. એમને વંદન કરો. એમનો આશ્રય કરો અને આજથી નિયમ લો, એકાદશીનું વ્રત કોઈ ચૂકતા નહીં. જન્મ જન્માંતરના પાપનો નાશ કરી નાંખે એવી શક્તિ એકાદશીના વ્રતમાં છે. પુરાણીજી એકાદશી કરતા થયા અને અન્યને એકાદશીનું નિયમ આપતા થયા તેથી ઘનશ્યામ મહાપ્રભુ રાજી થયા.

એક ગામમાં જમદૂતો લુહારને બદલે બીજાને લઈ ગયા, કેમ કે ધર્મ કહે, ''આ લુહારને હજુ આયુષ્ય છે તેને પાછો મૂકો.'' જમદૂતોએ લુહારને



કહ્યું, ''તારા પાડોશમાં બ્રાહ્મણ રહે છે. તે ઘણો પાપી છે. તેના માટે નવાં હથિયાર ઘડવા પડે છે. તે બ્રાહ્મણ પંદર દિવસે એકાદશી કરે છે. તે પુણ્યથી હથિયાર પાણી થઈ જાય છે. અને અમારે મહેનત પડે છે. માટે તે બ્રાહ્મણને કહેજે કે એકાદશી ન કરે અથવા તો અધર્મ કરવો મૂકી દે. તો અમારે મહેનત ન પડે.'' લુહારે બ્રાહ્મણને કીધું. પછી બ્રાહ્મણે અધર્મ મૂકી દીધો. તેથી પ્રભુના ધામને પામ્યો.

શ્રીકૃષ્ણ મહાપ્રભુએ પાંડવોને ઉપદેશ આપ્યો. તમારે સૌએ અમારા ધામમાં આવવા માટે એકાદશી તો કરવી જ પડે. સૌ પાંડવો એકાદશી કરતા પણ ભીમને ખાવા બહુ જોઈએ તેથી શ્રીકૃષ્ણએ વિકલ્પ તરીકે ચાતુર્માસની આઠ એકાદશી, પછી ત્રણ એકાદશી ૧. દેવપોઢી, ૨. જલઝીલણી, ૩. કાર્તિક સુદ એકાદશી એમ મહિમા સમજાવીને છેલ્લે જેઠ સુદ એકાદશી ફળાહાર અને જળપાન કર્યા વિના કરવાનું કહ્યું. ભીમ સવાસો મણ લોટનો લાડુ અને બાર કળશીની ખીચડી ખાતો. તેણે પણ શ્રીકૃષ્ણના કહેવાથી જેઠ સુદ એકાદશી નિર્જળા કરી તેથી આ ભીમ એકાદશી કહેવાય છે.

છપૈયામાં ધર્મદેવ એક દિવસ આંગણામાં આંબલીના વૃક્ષ નીચે ચોતરા ઉપર પદ્મપુરાણની કથા કરવા લાગ્યા. કથામાં એકાદશીનું માહાત્મ્ય આવ્યું. એકાદશીનો મહિમા સાંભળતા થકા ઘનશ્યામ મહારાજ પોતાના પિતાના મુખ સામું જોઈ રહ્યા. તેનો મહિમા સાંભળીને વશરામ તરવાડીના મનમાં એવો સંકલ્પ થયો જે આવોરૂડો એકાદશીનો મહિમા છે અને હું તો કોઈ દિવસ એકાદશી કરતો નથી. હવે નિયમે સહિત સર્વે એકાદશીઓ કરીશ તેથી મારા ઉપર પુરુષોત્તમ ભગવાન રાજી થશે. એવી રીતે પોતાના મનમાં કોઈ ન જાણે તેમ નિયમ રાખ્યો. ત્યારે તે સંકલ્પને ઘનશ્યામ મહારાજ અંતર્યામી સ્વરૂપે જાણીને બોલ્યા જે, હે મામા ! તમોએ જે નિયમ રાખ્યું તે નિયમે કરીને જે સંકલ્પ કરશો તે સર્વે સિધ્ધ થશે અને આત્યંતિક મોક્ષ પણ થશે. એમ કહીને અક્ષરધામના મધ્યમાં દિવ્ય સિંહાસન ઉપર કિશોર વય વાળા અને વસ્ત્ર-ઘરેણા તથા પુષ્પના હાર સહિત અનંત મુક્તોથી વીંટાયેલા એવા ઘનશ્યામને જોયા. આવું ઐશ્વર્ય જોઈને વશરામ તરવાડી આશ્ચર્યચકિત બન્યા.

બધી એકાદશીને દિવસે ફળાહાર ન કરવો સારો છે. પણ દેવ પોઢી,

દેવ ઉઠી અને જલઝિલણી એ ત્રણે એકાદશીએ તો ન જ કરવો અને આખી રાત્રિ જાગરણ કરવું અને આનંદથી કથા કીર્તન કરવા જેથી મહાપાતક નાશ પામે છે. કોટીયજ્ઞ જેટલું એક એકાદશીના વ્રતનું ફળ કહ્યું છે. એકાદશીના દિવસે અન્ન ખાય તેને માંસ તુલ્ય કહ્યું છે. જે રોગે કરીને પરવશ હોય તેણે એક વખત અન્ન ખાવું અને અશક્ત હોય તેને ત્રણ એકાદશી સિવાય ફળાહાર કરવો. ત્રણ એકાદશીમાં તો કાંઇ પણ ફળાહાર કરવું નહિ. શ્રીજી કહે, આ દિવસે ફળ, મૂળ ખાય તે મારા હદયમાં બાણ મારે એમ લાગે છે. રોગી બાળક, વૃધ્ધ, આતુર તેઓએ અન્ન ખાવાનો દોષ નથી અને સમર્થ હોય તેનાથી ફળાહાર થાય નહિ.

મયારામ ભટ્ટ આદિક હરિભક્તો શ્રીહરિને કહે, વર્ષમાં ચોવીશ એકાદશીઓ આવે છે. તેની ઉત્પત્તિ કેવી રીતે થઇ ? એકના ચોવીશરૂપ કેવી રીતે બન્યાં તથા એમના જુદાં જુદાં નામ ક્યા છે તે અમે જાણતા નથી. તે દરેકના દેવ અને તે તે એકાદશીનું ફળ અમને સંભળાવો. તેથી શ્રીહરિ બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહેલી એકાદશીની રીત કહેવા લાગ્યા. શ્રીહરિ કહે સત્સગમાં આદિ આચાર્ય શ્રીરામાનંદ સ્વામી શ્રીકૃષ્ણના સખા ઉધ્ધવજી હતા. તે શ્રીકૃષ્ણને પ્રસન્ન કરવા માટે એકાદશી કરતા. તે અમારા ગુરુ છે. શાસ્ત્રમાં કહેલાં અપાર સાધનના બધા ફળ એકાદશીમાં રહેલાં છે. વર્ષની બધી એકાદશીઓ જે કરે તે ભગવાનના ધામમાં જાય છે. કોટિયજ્ઞ કરાવે તથા કરોડો ગાયોનું નિત્ય દાન કરે, નિત્ય એકભાર સુર્વણનું દાન કરે તેના કરતાં પણ એકાદશીનું વ્રત અધિક છે. કોટિકલ્પ સુધી તપ કચ્છ્રાદિક વ્રત કરે તો પણ તેની બરોબર થાય નહિ. વિધિ સહિત કરેલાં તીર્થ માત્રનું ફળ એકાદશીમાં આવી જાય છે. હે ભક્તો ! ભગવાનના સંબંધથી એકાદશી સર્વથી અધિક છે. કારણ કે એકાદશી ભગવાનના શરીરમાંથી ઉત્પન્ન થયેલી છે.

પૂર્વે ચંદ્રાવતી પુરમાં નાડીજંઘનો દીકરો મૂરદાનવ થયો. તેણે તપથી બ્રહ્માની આરાધના કરી. દેવ દાનવોથી અવધ્ય થવાનો વર મેળવી ઈન્દ્રાસન લીધું. તેથી દેવતાઓએ બ્રહ્માને શરણે જઇને દીન થઇ પોતાના કષ્ટ સંભળાવ્યાં તથા શિવને પણ સંભળાવ્યા. તે બન્ને દેવતાઓ બીજા સૌ દેવતાઓ સાથે



ગોલોકમાં ગયા અને રાધારમાપતિ શ્રીકૃષ્ણને પગે લાગ્યા. ભગવાને કુશળ પૂછ્યા ત્યારે તેમણે દૈત્યનું દુઃખ કહીં સંભળાવ્યું. ભગવાને તેમને અભય આપીને દૈત્યને મારાવાનો મનમાં વિચાર કર્યો. તેઓની સાથે ચંદ્રાવતિમાં આવી પંચજન્ય શંખ વગાડ્યો અન કાળો નાગ જગાડ્યો. મૂરદાનવ ભગવાનને ગોવાળીયો જાણીને તૃણની પેઠે ગણી દેવતાઓની સાથે યુધ્ધ કરવા લાગ્યો. પરસ્પર ભારે યુધ્ધ થયું. ઈન્દ્રાદિક દેવો ભાગ્યા. ત્યારે ભગવાને સુદર્શન ચક્ર લઈને તેની સાથે એક હજાર વર્ષ સુધી દારુણ યુધ્ધ કર્યું, છતાં તેનો વધ થઇ શક્યો નહિ. ભગવાન ધારે તો તેને મારતા વાર નથી. બ્રહ્માના વરદાનને માન આપે છે. તેથી બ્રહ્માના વરને હાનિ ન થાય અને તેનો વધ થાય તેનો માર્ગ વિચારવા લાગ્યા. પછી ભગવાન યુધ્ધ કરતા આળસીને બદરિકાશ્રમમાં સિંહવતી ગુફામાં આવ્યા. ગુફાનો વિસ્તાર બાર યોજન હતો. તેને એક બારણું હતું. તેમાં મૂરદાનવના ભયથી આવીને રાગ દ્રેષ દૂર કરીને દશ ઈન્દ્રિયો તથા મનને લીન કરી ગુફામાં પોઢી ગયા. એક ક્ષણ માત્ર યોગ નિદ્રા સ્વીકારી પણ દૈત્ય પાછળ આવી પહોચ્યો. દૈત્યને દેખીને શ્રીહરિએ ક્રોધ કર્યો, ત્યારે તેમની એકાદશ ઈન્દ્રિયોના તેજમાંથી એક સ્ત્રી ઉત્પન્ન થઇ, તેનું નામ એકાદશી હતું. દિવ્ય વસ્ત્રાભૂષણ ધાર્યા હતા. કોટિ કામને લજાવે તેવી અને સૂર્યચંન્દ્રથી અધિક તેજસ્વી હતી. હાથમાં વિકરાળ શસ્ત્ર ધાર્યું હતું. તેને જોઇને આતુર થઇને અસુર બોલ્યો, તું અહીંયા ક્યાંથી આવી છો ? મનમાં તેં શું ધાર્યું છે ? શરમ છોડીને મને બધી વાત કહે અને મારી સાથે તું વરવા યોગ્ય છો. તું કહે તેમ કરવા તૈયાર છું. એમ નારીનું રૂપ દેખીને મોહરૂપી દોરીથી બંધાયો અને આંધળો થયો. કન્યા બોલી કે જે મને યુધ્ધમાં જીતે તેવા શૂરવીર સાથે વરવાની મારી ઈચ્છા છે. ત્યારે અભિમાની અસુર બોલ્યા કે હું તને જીતું, થા તૈયાર. પછી પરસ્પર યધ્ધ કર્યું અને કન્યાએ તેનું મસ્તક કાપી નાખ્યું. દેવતાઓએ જય જયકાર કર્યો. ભગવાન પણ શસ્ત્ર, અસ્ત્ર ધારણ કરેલી અને શોભાના ધામરૂપ, તરુણી નારી હાથ જોડીને પોતાની સામે ઉભી રહેલી હતીં તેને જોઇને પ્રસન્ન થયા. પૃથ્વીના ભારરૂપ અસુરનું મૃત્યું થયું જાણીને પ્રસન્ન થયેલા ભગવાને તેને કહ્યું કે તું કોણ છે ? ક્યાંથી આવી અને તારા માતા પિતા કોણ છે ? આ અસુરને કોણે માર્યો? વગેરે પ્રશ્નો અજાણ્યા થઇને પૂછવા લાગ્યા. ત્યારે બે હાથ જોડીને નારી બોલી કે,

હે અંતરજામી પ્રભુ ? હું તમારી દાસી છું. તમારે શરણે આવેલી છું. તમારી એકાદશ ઈન્દ્રિયોથી પ્રગટ થઈ છું. મારું નામ એકાદશી છે. આ દૈત્ય તેના પાપે મુવો છે. તે પ્રતાપ તમારો છે. છતાં તમે અજાણ્યા થઈને પૂછો છો. એવાં એના વચન સાંભળી ભગવાને તેને પ્રસન્ન થઈને ઈચ્છિત વર માંગવાનું કહ્યું. ત્યારે એકાદશીએ કહ્યું કે તમારા ચરણની દાસી જાણીને હું વર માંગું તે કૃપા કરી આપો. તમારા અંગ છે તે ધામથી પણ દુર્લભ છે. તેમાથી કોઈ પણ અંગમાં નિવાસ આપી પાસે રાખો અને મારે ચોવીસ રૂપ અને નામ છે તે પ્રમાણે તમે પણ ચોવીસ રૂપ અને નામ ધરી મને વરો, અને મારા વ્રત ઉત્સવને જગતમાં વિસ્તારો. ત્યારે શ્રીહરિ કહે તને ક્યા અંગમાં નિવાસ આપું ? વક્ષ સ્થલમાં કમળા, ચરણમાં તુલસી અને હાથમાં આયુધ વસીને રહ્યાં છે. એમ કહીને નેત્રમાં નિવાસ આપ્યો, અને કહયું કે ચોવીસ રૂપ ધારીને તને વરીશ. અને વિધિ પ્રમાણે તારા વ્રતનો વિસ્તાર ત્રિભુવનમાં કરીશ. એમ કહીને ભગવાન ધામમાં પધાર્યા. માગશર સુદ એકાદશીને દિવસે આ એકાદશી પ્રગટી. ભવ બ્રહ્માએ તેની પૂજા કરી. તેનું નામ મોક્ષદા પડ્યું. અને શ્રીકૃષ્ણ ભગવાન તેને કેશવ નામે વર્યા. અને દેવ, મનુષ્યોએ વ્રત ઉત્સવ કરી વિધિ પ્રમાણે પૂજા કરી. એકાદશીનું વ્રત પરમાત્માનું વ્રત છે. માટે ચોવીસે એકાદશીઓ ત્યાગી, ગૃહી સ્ત્રીઓ, પુરુષો તેમણે અવશ્ય કરવી. ઉપવાસ કરવા માટે જે યોગ્ય હોય અને ઉપવાસ ન કરે તો બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. જેનાથી ઉપવાસ ન થઈ શકે તેમણે ફળાહાર કરવો કે એકવાર ભોજન કરવું. પરંતું ગૌણપક્ષથી વ્રત તો કરવું જ . સર્વ એકાદશીના ઉપવાસ ન કરી શકે તેઓએ ચાતુર્માસની એકાદશીના ઉપવાસ કરવા. ચાતુર્માસમાં ઉપવાસ કરવાને અશક્ત હોય એવા ભક્તોએ દેવશયની, પરિવર્તીની અને પ્રબોધિની આ ત્રણ ઉપવાસ અવશ્ય કરવાજ. એ ત્રણમાં પણ પ્રબોધિની સર્વશ્રેષ્ઠ છે. પ્રબોધિની એકાદશીના ઉપવાસથી ચોવીસે એકાદશીઓના ઉપવાસનું ફળ મળે છે. અને જે ધનવાન હરિભક્ત હોય તેમણે એકાદશીના દિવસે મહાપૂજા, મહાઅભિષેક, મહાનૈવેધ વગેર કરવું. મહાપૂજા કાયમ ન કરી શકે તેણે ચાતુર્માસમાં મહાપૂજા કરવી. અને ચાતુર્માસમાં ન કરી શકે તેણે પ્રબોધિના દિવસે જરુર મહાપૂજા કરવી. શ્રીહરિ કહે, જે પુરુષો એકાદશીનું વ્રત ન કરે એ અમારા ઉધ્ધવ સંપ્રદાયથી બહાર છે.



દશમીના વેધવાળી એકાદશી ન કરવી. અને શુધ્ધ એકાદશીએ જ વ્રત કરવું. સૂર્યોદયથી પહેલાં બે મુર્હૂત એકાદશી વ્યાપતી હોય તો શુધ્ધ કહેવાય છે. એકાદશી અથવા બારશ અધિક હોય તો પૂર્વ દિવસને છોડીને બારસના દિવસે વ્રત કરવું. એકાદશી તિથિનો ક્ષય હોય તો બારસનું જ વ્રત કરવું. કોઈક કારણસર એકાદશી ભૂલી જવાય તો પણ બારસનો ઉપવાસ કરવો. ઉપવાસની સાથે અગિયારે ઈન્દ્રિયોને પોતપોતાના વિષયમાંથી પાછી વાળીને ભગવાનમાં જોડવી. એકાદશી વ્રતનું એ ખરું લક્ષણ છે. પાપથી નિવૃત્ત બનીને જપ, ધ્યાન કરવું, કથા સાંભળવી, પૂજા કરવી, નામ સ્મરણ કરવું તથા ક્ષમા, સત્ય, દયા, શૌચ, દાન, ઈન્દ્રિયનિગ્રહ, દેવપૂજા, અગ્નિ હોમ, સંતોષ, અસ્તેય, બ્રહ્મચર્ય, અહિંસા અને રસાસ્વાદનો ત્યાગ એ તેર વાના વ્રત કરનારા પુરુષોએ પાળવા.

......... ત્યારે કન્યાએ મુરદાનવનું મસ્તક ખડગે કરીને કાપી નાખ્યું. પછી ભગવાને પ્રસન્ન થઈને તે કન્યાને કહ્યું જે 'તું વર માગ્ય'. ત્યારે તે કન્યાએ વર માગ્યો જે, 'મારા વ્રતને દિવસે કાઈ અન્ન ન ખાય અને હું તમારી એકાદશ ઈન્દ્રિયોના તેજમાંથી પ્રગટ થઈ માટે મારું નામ એકાદશી છે. અને હું તપસ્વિની છું. માટે મારા વ્રતને દિવસ મન આદિક જે અગિયાર ઈન્દ્રિયો તેનો જે આહાર તે કોઈ કરે નહિ.' એવું એકાદશીનું વચન સાંભળીને ભગવાને તે વર આપ્યો. એવી રીતે પુરાણની કથા છે અને ધર્મશાસ્ત્રમાં પણ એમ કહ્યું છે જે, 'એકાદશીનું વ્રત કરવું, તે દિવસ કામ, ક્રોધ લોભાદિક સંબંધી ભૂંડા ઘાટ મનમાં થવા દેવા નહિ, અને દેહે કરીને ભૂંડુ આચરણ કરવું નહિ' એમ શાસ્ત્રમાં વચન છે. અને તે શાસ્ત્ર પ્રમાણે જ અમે પણ કહીએ છીએ જે, 'એકાદશીને દિવસે ઢોર લાંઘણ[1] કરવી નહિ. અને એકાદશ ઈન્દ્રિયોના આહારનો ત્યાગ કરે ત્યારે તે એકાદશી સાચી ને તે વિના તો ઢોર લાંઘણ કહેવાય.' અને જેમ પ્રાણને અન્નનો આહાર છે તેમજ શ્રોત્રને શબ્દનો આહાર છે. અને ત્વચાને સ્પર્શનો આહાર છે; ને નેત્રને રૂપનો આહાર છે, જિહ્વાને રસનો આહાર છે, ને નાસિકાને ગંધનો આહાર છે, ને મનને સંકલ્પ-વિકલ્પનો આહાર છે. એવી રીતે અગિયારે ઈન્દ્રિયોના જુદા જુદા આહાર છે, તે સર્વે આહારનો ત્યાગ કરે તેનું નામ

૧. અન્ય નિયમોને નહિ પાળીને કેવળ ઉપવાસ માત્ર કરવો તે.

એકાદશી વ્રત કહેવાય. પણ અગિયારે ઈન્દ્રિયો કુમાર્ગે દોડે અને પોતપોતાના અન્નને ખાય તે એકાદશીનું વ્રત શાસ્ત્ર પ્રમાણે ન કહેવાય. માટે એકાદશીનું વ્રત કરવું ત્યારે તો અગિયારે ઈન્દ્રિયોને આહાર કરવા દેવા નહિ. એવું વ્રત પંદર દિવસમાં એકવાર આવે તે ખબડદાર થઈને કરવું. તો તેની ઉપર ભગવાન પ્રસન્ન થાય છે, પણ તે વિના જે ઢોર લાંઘણ તેણે કરીને ભગવાન પ્રસન્ન થતા નથી. અને શ્વેતદ્વીપમાં જે નિરન્નમુક્ત કહેવાય છે તે સદાય એ વ્રત રાખે છે. ક્યારેય પણ એ વ્રતનો ભંગ થવા દેતા નથી. માટે નિરન્ન કહેવાય છે. અને આપણે ઈચ્છા તો એમ રાખવી જે, 'જેવા શ્વેતદ્વીપમાં નિરન્ન મુક્ત છે. તેવું જ થવું છે.' પણ એ વાતમાં હિમ્મત હારવી નહિ. એવી રીતે જે હિમ્મત રાખીને જેવું મોરે કહ્યું તેવું એકાદશીનું વ્રત કરે અને ભગવાનની કથા કીર્તનાદિક કરે ને સાંભળે ને રાત્રિએ જાગરણ કરે, તો તે વ્રત સાચું છે, અને શાસ્ત્રમાં એનું જ નામ એકાદશી કહીં છે.......... (ગ.મ.૮)

એકાદશીના દિવસે અનાજનું સ્મરણ ન કરવું અને સામે પણ જોવું નહિ. અનાજની સુગંધ પણ ન લેવી, સ્વાદ ન લેવો, એની પ્રશંસા ન કરવી. વ્રતના દિવસે પાપી, નાસ્તિક, વેદનિંદક આદિ પુરુષો જોડે વાત ન કરવી, એનો સ્પર્શ ન કરવો, એકાદશીના દિવસે વારંવાર પાણી પણ ન પીવું. એકાદશીના દિવસે શરીરે તેલમર્દન, માથા પર તેલમર્દન, તાંબૂલ ભક્ષણ, ચંદનની અર્ચા અને ખાટલામાં શયન એનો ત્યાગ કરવો. એકાદશીના દિવસે પોતાની સ્ત્રીનો પણ ત્યાગ કરવો, દિવસે ઉંઘવાથી તેમજ મૈથુન કર્મથી મનુષ્યના ઉપવાસનો નાશ થઈ જાય છે. આંખમાં આંસુ પાડવાથી તથા ઝઘડો કરવાથી પણ વ્રતનો નાશ થાય છે. એકાદશીના દિવસે ખોટું બોલાઈ જાય કે દિવસે ઉંઘ આવી જાય કે વારંવાર જળપાન કરાઈ જાય તો એક માળા પ્રાયશ્ચિત તરીકે ફેરવવી. ચોર, પાખંડી, હિંસક અને પાપી પુરુષોનો સ્પર્શ થઈ જાય કે એમની સાથે વાત થાય તો સ્નાન કરીને ઉત્તર મુખે બેસીને ત્રણસો જપ કરવા. અજ્ઞાનથી પણ પાન ખવાઈ જાય, મદ્યમાંસનું ભક્ષણ થઈ જાય, કે મૈથુન થઈ જાય, કોઈને ગાળો દેવાઈ જાય, કોઈને તાડન કર્યું હોય કે જુગાર રમે તો એકાદશીના વ્રતનો નાશ તઈ જાય છે. તેના માટે તો કોઈ પ્રાયશ્ચિત નથી. જળ, મૂળ, કંદ, દૂધ, હવિષ્યાન્ન, બ્રાહ્મણની આજ્ઞા અને



ગુરુનું વચન - આ આઠ વસ્તુથી વ્રત ભંગ થતો નથી. રોગાદિ આપત્કાળમાં વ્રત ભંગ થાય તો તેનો કોઈ દોષ લાગતો નથી. વ્રત કરવાનો સંકલ્પ કરીને પછી જે વ્રત ન કરે એ ચાંડાળ જેવો જાણવો અને મર્યા પછી તે કૂતરો થાય છે. ક્યારેક ક્રોધથી, પ્રમાદથી, લોભથી વ્રત ભંગ થાય તો ત્રણ ઉપવાસ કરવાથી એની શુદ્ધિ થાય છે. જન્મ કે મરણના સૂતકમાં એકાદશીનું વ્રત તો કરવું જ. દાન અને ભગવાનની પૂજા ન કરવી, એ બીજા પાસે કરાવવાં. સ્ત્રી જો વ્રત ઉપવાસ દરમ્યાન રજસ્વલા થાય તો પણ ઉપવાસ તો કરે જ. દેવાર્ચન વિધિ બીજા પાસે કરાવે. એકાદશીના દિવસે આવતું શ્રાધ્ધ બારશના દિવસે કરવું. કારણ કે, પિતૃઓ પણ વૈષ્ણવો હોવાથી એકાદશીનું શ્રાધ્ધ સ્વીકારતા નથી. હવે ગર્ભવતી, રોગિણી અને પ્રસવ થયેલી, આપત્તિમાં આવેલી એવી સ્ત્રીઓ ઉપવાસ આદિક વ્રત પોતાને બદલે પોતાના પતિ પાસે કરાવે અથવા પુત્રાદિ પાસે કરાવે. એવો કોઈ સંબંધી ન હોય તો બ્રાહ્મણ પાસે વ્રત કરાવે. જે પુરુષ પિતા, માતા, પતિ, ભાઈ અને ગુરૂજનો એમના માટે ઉપવાસ કરે તો સો ઉપવાસ જેટલું ફળ એને મળે છે. ઉપવાસમાં અસમર્થ પુરુષ કોઈની પાસે ઉપવાસ ન કરાવી શક્યો હોય તો બારશના દિવસે એક બ્રાહ્મણને સારી રીતે મિષ્ટાન્ન જમાડે અને એમ કરવામાં અનુકૂળતા ન હોય તો એ બ્રાહ્મણ જમે એનાથી બે ગણું દાન આપે. જેની શક્તિ ન હોય તેણે બ્રાહ્મણ જમે એટલું દાન આપવું. રોગી માણસ હોય, આવું કશું ન કરી શકે તો એક હજાર વિષ્ણુ ગાયત્રીના જપ કરે. એ પણ ન કરી શકે તો ફક્ત બાર પ્રાણાયામ કરે તો પણ તેને વ્રતનું ફળ મળે છે.

ભગવાનના ભક્તોએ દશમના દિવસે કાંસાના પાત્રમાં ભોજન, અડદનું ભક્ષણ, મસૂરની દાળ, ચળા, કોદરા, દસ પ્રકારનું શાક, પારકાનું અન્ન, બે વખત ભોજન, મૈથુન, મિથ્યા ભાષણ, કલહ, સુગંધ, તાંબૂલ, તેલ મર્દન એ આદિકનો દશમના દિવસથી જ ત્યાગ કરે. દશમીની રાત્રે ભૂમિ ઉપર શયન કરે, દશમીની રાત્રે ભગવાનનું પૂજન કરીને વ્રત કરવાનો સંકલ્પ કરે. હે ભગવાન ! એકાદશીનો ઉપવાસ કરીને બારશના દિવસે હું ભોજન કરીશ. તમે મને મદદરૂપ થજો. એકાદશીના દિવસે દાતણ ન કરવું. બાર કોગળા કરીને મુખ શુદ્ધિ કરવી. એકાદશીના દિવસે પત્નીઓ સાથે પરમાત્માના

સ્વરૂપોની પૂજા કરવી. દરેક એકાદશીનો પૂજા વિધિ અત્રે લખતો નથી જે પૂજાવિધિ સંપ્રદાયના શાસ્ત્રો થકી જાણવો.

શ્રીહરિ કહે છે, અમારા આશ્રિતોએ એકાદશીના દિવસે વ્યાવહારિક કાર્ય ન કરવું. ખેડૂતોએ ખેતી ન કરવી. વૈશ્યોએ નાણાંની લેવડ દેવડ કે વસ્તુનો વેપાર ન કરવો. સ્ત્રીઓએ શોક નિમિત્તે રડવું, સુતર કાંતવું નહિ, વૃથા ભાષણ કરવું નહીં, આખો દિવસ ભક્તિ ભજનથી જ પસાર કરવો. રાત્રે જાગરણ કરનારને અશ્વમેઘયજ્ઞનું ફળ થાય છે. કુસંગના યોગે કરીને જે એકાદશી ન કરે તો એણે ચાંદ્રાયણ વ્રત કરવું પડે છે. ગૌણવ્રતમાં રાત્રિ ભોજન કરતાં હવિષ્યાન્ન ઉત્તમ માનેલું છે. એના કરતાં કેળા આદિકનું ભક્ષણ ઉત્તમ છે, અને ઉપવાસ સર્વથી ઉત્તમ છે. બારશના દિવસે સવારે પરમાત્માને વ્રત સમર્પણ કરવું. હે ભગવાન ! એકાદશી વ્રત વડે તમે મારા ઉપર પ્રસન્ન થઈને મારા સન્મુખ બનો. પછી યથાશક્તિ દાન આપીને સંતોને, બ્રાહ્મણોને, ભક્તોને જમાડીને પછી પારણાં કરવા. બારશના દિવસે પણ દિવસની નિંદ્રા, પારકું ભોજન આદિક વસ્તુઓનો ત્યાગ રાખે. બારશ જો લાંબા કાળ સુધી રહેતી હોય તો બારશની પંદર ઘડી સુધી હરિવાસર કહેવાય છે. તે હરિ વાસર પછી જ પારણાં કરવા. અષાઢ સુદ બારશે અનુરાધા નક્ષત્ર હોય તો પારણાં ન કરવા, બે ઉપવાસ કરવા, જો પારણાં કરે તો બાર એકાદશી વ્રતના ફળનો નાશ થાય છે. ઉંડાણમાં ન જવું હોય તો આપણા મંદિરોના બોર્ડ પર લખાયેલો નિર્ણય વાંચી લેવો.

ઉદ્યાપન સિવાય એકાદશી આદિ વ્રતો યથાર્થ ફળ આપતા નથી. માટે પોતાની શક્તિ પ્રમાણે એકાદશી વ્રતનું ઉદ્યાપન કરાવવું. ઉદ્યાપનમાં મહાપૂજા, બ્રાહ્મણ ભોજન, સુવર્ણનું દાન, ગાયનું દાન આ સામાન્ય ઉદ્યાપન કહેવાય છે. વિશેષ ઉદ્યાપન વિધિ સત્સંગિજીવન ગ્રંથ થકી જાણવો. ઉદ્યાપન વિધિ કરવાથી એકાદશી વ્રત સર્વોત્તમ ફળ આપે છે.

અજ્ઞાની અને આસુરી લોકો જન્માષ્ટમી તથા ભીમ અગિયારસ જેવા પવિત્ર પર્વના દિવસોએ જુગાર રમે છે. સારા સારા મિષ્ટાન્ન બનાવીને ભોજન કરે છે. તેથી વિશેષ પાપ લાગે છે. જેમ એકાદશીનું કરવું એ જ પ્રમાણે જન્માષ્ટમી, રામનવમી (હરિજયંતી) એ ભગવાનના પ્રાદુર્ભાવના દિવસ છે. તે દિવસોએ



ભગવાનના ભક્તો ધામધૂમથી ઉપવાસ પૂર્વક ઉત્સવ કરે છે. તેથી ભગવાન વિશેષ રાજી થાય છે. શિવરાત્રિના દિવસે પણ શિવજીની વિધિપૂર્વક પૂજા કરવી અને ઉપવાસ કરવો. જેઓ એકાદશીનું વ્રત-ઉપવાસ નથી કરતા તેઓ જો મુમુક્ષુ હોય તો એકાદશી આદિક વ્રતોનો મહિમા સમજાવીને તે દિવસે ઉપવાસ કરતા કરીએ તો શ્રીહરિ આપણાં ઉપર વિશેષ રાજી થશે.

●

## ૩૯. સર્વોપરી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય :

સમગ્ર વિશ્વમાં આજે સ્વામિનારાયણ સંપ્રદાય સર્વોપરી, સર્વશ્રેષ્ઠ છે. કારણ કે આ સંપ્રદાયના પ્રવર્તક, પોષક શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વોપરિ અને સર્વાવતારી છે. અક્ષર પર્યંત સર્વેના સ્વામી તથા નિયંતા છે. મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયનો આશ્રિત આલોકમાં અન્ન, વસ્ત્ર તથા આબરૂનું સુખ ભોગવીને દેહ છોડ્યા બાદ પણ નિશ્ચે ભગવાનના ધામને પામે છે. તેમાં કોઈ ઉધારાની કે વાયદાની વાત નથી. સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયાં તેના ફક્ત ૨૨૫ વર્ષના ટૂંકા સમય ગાળામાં પતંગિયા જેમ અગ્નિ દેખીને આકર્ષાય તેમ જગતભરના જે શુધ્ધ મુમુક્ષુ હતાં તે આ સંપ્રદાય પ્રત્યે આકર્ષાઈને સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા છે. સત્સંગી થયા છે. દિનપ્રતિદિન સત્સંગીઓની સંખ્યામાં વધારો થતો ચાલ્યો છે. દિનપ્રતિદિન સંપ્રદાય વિશ્વવ્યાપી થતો ચાલ્યો છે. સ્વામિનારાયણ ભગવાન લાખો-કરોડો મનુષ્યોના હૃદયમાં રાજ કરે છે, તેથી લાખો કરોડો લોકોને આજે પણ સરકારના કોઈ કાયદાની જરુર પડતી નથી. ફક્ત પોતાના ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાઓનું અનુસંધાન રાખીને સદાચારી જીવન જીવે છે. લાખો, કરોડો મનુષ્યોએ પોતાના મન કલ્પિત ધર્મો છોડીને, મનનું ગમતું છોડીને, પ્રથમ જે જે દેવને સેવતા હતાં તે તે દેવની સેવા-ઉપાસના ગૌણ કરીને એક માત્ર પોતાના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની સેવા-ઉપાસના ને જ પ્રધાન માની છે. ઈષ્ટદેવની આજ્ઞાઓનું પાલન કરવું એ જ સાચો ધર્મ માન્યો છે. દુનિયાના ભૌતિક સુખોને ગૌણ માનીને ભગવાન તથા સત્સંગનું દિવ્ય સુખ જ મુખ્ય

માન્યું છે તથા સત્સંગના સુખને જ સાચું સુખ માન્યું છે.

ઋષિમુનિઓ તો જંગલમાં જઈને તપ કરતા, પોતાના એકના જીવનું કલ્યાણ થતું. ઘણા વર્ષોની તપશ્ચર્યા બાદ ભગવાનનું પ્રત્યક્ષ દર્શન થતું. સ્વામિનારાયણ ભગવાનના સંતો સમાજની વચ્ચે મંદિરમાં જ રહીને તપસ્વી જીવન જીવે છે. અસંખ્ય મુમુક્ષુઓને સત્સંગ કરાવીને અસંખ્ય જીવાત્માઓનું કલ્યાણ કરે છે. મંદિરમાં રહીને દરરોજ પ્રત્યક્ષ પરમાત્માનું દર્શન કરે છે. કુદરતી આપત્તિઓના સમયે જરુરી સમાજ સેવા પણ કર છે. આ સંપ્રદાયમાં હજારો સત્સંગી હરિભક્તો સંસારમાં રહીને, ઘરમાં રહીને જનક રાજા જેવું નિઃસ્પૃહી જીવન જીવી ગયા અને આજે પણ આવું જીવન જીવી રહ્યાં છે. પોતાના યુવાન પુત્રનું મૃત્યુ થાય તો આંખમાંથી એકપણ આંસુ પાડ્યા વિના મુખેથી ઉચ્ચ સ્વરે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ .........' બોલે એવા આજે પણ હરિભક્તો હયાત છે, જે પ્રત્યક્ષ જોયેલું અને અનુભવેલું છે. સત્સંગીનું આઠ વર્ષનું બાળક નિયમિત મંદિરે આવીને ભગવાન સમક્ષ કીર્તન બોલે છે તથા એંસી વર્ષના કે તેથી વધારે ઉંમરના વૃધ્ધ સત્સંગી વહેલા ઉઠીને પૂજા કરે, નિયમિત મંદિરે આવીને ભગવાનની સમક્ષ ધીમે ધીમે દંડવત કરે તથા મંદિર કે સભામંડપ વાળે એવું તો આ સંપ્રદાયમાં જ જોવા મળે ! ધનુર્માસમાં હજારો હરિભક્તો વહેલા ઉઠી નિત્ય કર્મ-પૂજાપાઠથી પરવારી વહેલી સવારે સાડા પાંચ વાગ્યાની આજુબાજુ મંદિરમાં ભેગા મળીને 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન્ય કરતા હોય, કીર્તન ભક્તિ કરતા હોય તેવું કદાચ આ સંપ્રદાયમાં જ જોવા મળે ! બાઈઓ તથા ભાઈઓના ભજન-ભક્તિ કરવા માટેના મંદિરોમાં સત્સંગ સભા જુદી તેમજ સ્ત્રીઓના ગુરુ સ્ત્રી બને તથા પુરુષના ગુરુ પુરુષ બને તેવું કદાચ એકમાત્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં જોવા મળે છે. ભગવાનને માત્ર વંદન નહિ, પરંતું ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા તેવું કદાચ આ સંપ્રદાયમાં જ જોવા મળે ! સ્વામિનારાયણ સંપ્રદાયના વડા ધર્મગુરુ આચાર્યશ્રી પોતાના સંબંધ વિનાની અન્ય કોઈ પણ સ્ત્રી સાથે વાત કરતા નથી તે સ્વામિનારાયણ સંપ્રદાયની એક આગવી વિશેષતા છે. સંપ્રદાયની દરેકે દરેક રીત જ નિરાળી છે. સત્સંગી જળ તો કપડાંથી ગાળીને પીવે છે, પરંતું તે સાથે દૂધ, તેલ અને ઘી પણ ગાળીને વાપરે છે. સત્સંગી ડુંગળી અને લસણ તો નથી ખાતાં પરંતું તે સાથે હીંગ પણ અભક્ષ્ય ગણીને નથી ખાતા.



હજારો અને લાખો મનુષ્યો આ સંપ્રદાયમાં કેવી રીતે જોડાયા ? કોઈને શ્રીજી સ્થાપિત દેવો દ્વારા પરચા થયા છે, કોઈને ધર્મવંશી આચાર્યશ્રીએ પ્રતિષ્ઠા કરેલ શ્રીહરિના સ્વરૂપો દ્વારા પરચા થયા. કોઈને મંદિરમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓનું દર્શન દિવ્ય અને અલૌકિક જણાયું તો કોઈને ધર્મવંશી આચાર્યશ્રીનું દર્શન અલૌકિક જણાયું, આચાર્યશ્રીમાં શ્રીહરિના દર્શનની ઝાંખી થઈ, તેજ જણાયું, કોઈને આચાર્યશ્રીની વાણી તથા વર્તન ગમી ગયું, કોઈને સ્વામિનારાયણના સંતોની સાધુતા સ્પર્શી ગઈ તો કોઈને સંતોનો ઉપદેશ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ખેંચી લાવ્યો, કોઈના આચાર્યશ્રી કે સંતોના આશીર્વાદથી શુભ મનોરથો પુરા થયા, તો કોઈના વળી સંપ્રદાયના મોટા મંદિરોમાં દરેક પૂનમે નિયમિત દર્શન કરવાથી શુભ મનોરથો પુરા થયા, કોઈને સંપ્રદાયના શાસ્ત્રો વાંચવાથી નિશ્ચય થયો, તો કોઈને તે શાસ્ત્રોની કથા સાંભળવાથી નિશ્ચય થયો, કોઈને એકાંતિક હરિભક્તોના સંગથી સત્સંગની પ્રાપ્તિ થઈ, તો કોઈને શ્રીહરિની ઈચ્છાએ મંદિરમાં દર્શન કરતા જ કંઈક એવી દિવ્ય અનુભૂતિ થઈ ! અને હજુ પણ લાંબા કાળ સુધી આ પ્રવાહ ચાલુ જ રહેવાનો છે ! આવો જ એક અનભૂતિનો પ્રસંગ જોઈએ.

અમેરિકામાં એક ગેરી નામના ખ્રિસ્તી ધર્મના અનુયાયી હતા. તેમને નાનપણથી અવો રસ હતો કે દુનિયામાં આટલા બધા વિધ વિધ ધર્મો છે તો તે મધ્યે કયો ધર્મ સંપ્રદાય સર્વશ્રેષ્ઠ છે તેનું મારે સંશોધન - અભ્યાસ કરવો છે. પછી અભ્યાસ કરવા માટે ગેરી તે ધર્મમાં થોડો સમય જોડાય અને તેમાં રહીને તેનો અભ્યાસ કરે. એમ કરતા કરતા ભારતના તથા દુનિયાના ઘણા ધર્મનો અભ્યાસ કર્યો પરંતું ક્યાય જોઈએ તેવી શાંતિ મળી નહિ. પછી વૈષ્ણવ સંપ્રદાયમાં જોડાયા ત્યાં કંઈક અંશે શાંતિની અનુભૂતી થઈ. એ દરમિયાન અમેરિકામાં મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના એક સત્સંગી સાથે મિત્રતા થઈ. તેથી તે દેશમાં મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરમાં તે ભાઈ દર્શન કરવા ગયા. અત્યાર સુધી કોઈ જગ્યાએ જેવી શાંતી નહોતી મળી, તેવી સવશ્રેષ્ઠ મહત્તમ શાંતિની અનુભૂતિ તે ભાઈને આ મંદિરમાં થઈ. પછી એક સમયે તેના મિત્રએ કહ્યું, ભારતમાંથી સ્વામિનારાયણ સંપ્રદાયના વડા ધર્મગુરૂ પ.પૂ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ધર્મ પ્રચારાર્થે આપણા દેશમાં પધાર્યા છે. દર્શન

કરવા યોગ્ય મહાપુરુષ છે. આવતી કાલે આ રોડ ઉપરથી ચાલતા પધારવાના છે. તારે દર્શન કરવું હોય તો આ સમયે રોડ પર ઉભો રહેજે. બીજા દિવસે તે ભાઈ નિયત સમયે તે રોડ પર ઉભા રહ્યા. પ.પૂ. મહારાજશ્રી સંતો તથા હરિભક્તો સાથે તે રોડ પરથી ચાલતા પધાર્યા. હરિભક્તો સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્ય બોલતા હતા. ગેરીને પૂ.મહારાજશ્રીનું દર્શન થવાથી તેમજ 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન્યનો ઘોષ કાને પડવાથી દિલમાં અપાર શાંતિ થઈ. પોતે ધૂનમાં જોડાયા તો તેનાથી પણ વિશેષ શાંતિની અનુભૂતિ થઈ. પદયાત્રાના અંતે સભા થઈ. તે ભાઈ સભામાં બેઠા. સંતોના પ્રવચનો સાંભળ્યા. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી આશીવર્ચન સાંભળ્યું. પૂ.મહારાજશ્રીની શ્રીજી મહારાજના જેવી ધીર ગંભીર મધુરી વાણી ગેરીના હૃદયમાં ઉતરી ગઈ. હજુ પૂ.મહારાજશ્રીની ચાલ તથા કરુણા દ્રષ્ટિ તેમજ મુખ પરનું તેજ તથા મસ્તક પરની લાલ પાઘ હૃદયમાંથી ભૂંસાતું નહોતું ત્યાં તો મહારાજશ્રીની અમૃતવાણીએ પણ એવો જ જાદુ કર્યો. દિલમાં સ્પંદનો જાગ્યા. મનમાં થયું કે આવા મહાપુરુષ જગતમાં ક્યાંય નથી. જે ધર્મના વડા આવા સર્વ શ્રેષ્ઠ હોય તે ધર્મ પણ સર્વ શ્રેષ્ઠ જ હોય ને ! મારું સંશોધન પૂર્ણ થઈ ગયું. આનાથી શ્રેષ્ઠ ધર્મ બીજો હોય જ નહિ ! આ મહાપુરુષ મારા ઘેર પધારે તો મારું કામ થઈ જાય ! મિત્રને આ બાબતે વાત કરી. પૂ.મહારાજશ્રી મારા ઘેર પધારે ? મિત્રએ કહ્યું, તેઓશ્રી પધરામણીની કોઈને ના કહેતા જ નથી. પૂ.મહારાજશ્રી ગેરીના ઘેર પધાર્યા. ગેરીને આનંદની સીમા ન રહી. પૂ.મહારાજશ્રીને સઘળી વાત કરીને કહ્યું કે આજે મારું સંશોધન કાર્ય પૂર્ણ થઈ ગયું. મને સ્વામિનારાયણ સંપ્રદાયનો આશ્રિત બનાવો. તેમાં આગળ વધી મારું કલ્યાણ થાય તે માટે મારે શું કરવું તે કહો. પૂ.મહારાજશ્રીએ ગેરીના કંઠમાં શ્રીજી મહારાજના આશરાની બેવડી કંઠી ધારણ કરાવી. જમણા કાનમાં ગુરુમંત્ર આપ્યો. પછી કહ્યું કે તમારું નામ બદલીએ તો તમોને વાંધો ખરો ? ગેરી કહે ના બિલકુલ વાંધો નથી. તો આજથી તમારું નામ ગેરી બદલીને ગોવિંદ રાખીએ છીએ. તમારે આગળ વધવા માટે તમારી સાથે આજથી આ સંતો હરિભક્તો તથા શાસ્ત્રો છે. તેનો જેટલો સંગ રાખશો તેટલા તમે આગળ વધશો. પૂ.મહારાજશ્રી ગેરીને ગોવિંદ બનાવી, ગોવિદને ગોવિંદ સાથે જોડી દઈને ત્યાંથી વિદાય થયા. ગોવિંદ દૂર સુધી



પૂ.મહારાજશ્રીને જોઈ રહ્યો, આખમાં આંસુ આવી ગયા, મનમા થયું કે આ મહાપુરુષ ફરી પાછા અહીં ક્યારે પધારશે ? પછી ગોવિંદે પોતાના હસ્તાક્ષરમાં પોતાની આ સમગ્ર અનુભૂતિનો કાગળ કાળુપુર મંદિરે લખ્યો.

તેવી જ રીતે અમદાવાદના મણિનગર વિસ્તારમાં રહેતા સત્સંગી પ.ભ.શ્રી સુરજીતસિંહજી સરદારજી (શીખ ધર્મી) ને મેં પૂછયું કે તમે સત્સંગી કેવી રીતે થયા ? ત્યારે તેઓએ કહ્યું, ''હું એક સમયે કોઈ કામ અર્થે રામબાગ (મણિનગર) સ્વામિનારાયણ મંદિરે ગયો હતો. મંદિરમાં પ્રવેશતા જ એક દિવ્યશાંતિની અનુભૂતિ થઈ કે જેવી અનુભૂતિ જીવનમાં પૂર્વે ક્યારેય થઈ નહોતી. પછી મંદિરમાં દર્શનાર્થે જવા લાગ્યો એટલે સત્સંગની સમજણ પડી, તેથી સત્સંગી બન્યો.'' આવી તો હજારો સત્સંગીઓના જીવનની હજારો વાતો છે. જે દ્રષ્ટાંત સ્વરૂપે એક-બે વાતો અહીં લખીને સંતોષ માનું છું.

સ્વામિનારાયણ સંહિતા ગ્રંથમાં જૈન ધર્મની ઉત્પત્તિની કથા લખેલી છે. જે સ્વયં શ્રીજી મહારાજે કહેલી હોવાથી કોઈની નિંદા કે ટીકા સ્વરૂપે નહિ પરંતુ સત્ય હકીકત જાણવા સ્વરૂપે અહીં લખું છું. નિંદા, દ્રોહ ન કરવા. કોઈમાં દોષ હોય તેને અન્યની આગળ પ્રગટ કરવો તે જ નિંદા, કોઈમાં દોષ ન હોય અને દોષારોપણ કરવો તે દ્રોહ કહેવાય. ભગવાન, ભક્તો, બાહ્મણ અને ગરીબ એ ચારનો દ્રોહ થઈ જાય તો જીવનું ભુંડું થાય છે. નિંદા અને દ્રોહ એ નરકમાં જવાના સસ્તા સાધન છે.

મુસલમાનમાં ધ્યાન અર્થાત્ નમાજ તે પાંચ વખત પઢવાનું. પેગંબરે કુરાનમાં ચાર હરફ કાઢ્યા. ૧ પાંચ સમયની નમાજ, ૨. જીવની હિંસા ન કરવી, ૩ મક્કે જવું. ૪. દશમો કે વીસમો ભાગ ધર્માદે કાઢવો. મુસલમાન સર્વે ભેગા થયા. પેગંબરને કહ્યું અરજ કરી કે, ''આમાથી કાંઈક ઓછું કરો.'' પેગંબર કહે ''પાંચ વખત નમાજ પઢવી, ખુદાને સાંભરવા તે માફી નહીં થાય.'' તે પાંચ વખત પ્રભુની માનસિક પૂજા છે. કોઈ જીવની હિંસા ન કરવી, તમારે દાતણ પણ છ મહિને એક જ કાપવું, કેમ કે તેમાં જીવ છે, તે માફી નહિ થાય. મક્કાની હદમાં તો ઘાસનું તણખલું તોડવાની પણ મનાઈ છે. બાકીના બે હરફ માફી તે શ્રધ્ધા પ્રમાણે કરવું. મુસલમાનમાં ધ્યાન તે મોક્ષમાર્ગ ગણાય છે. જૈનમાં દયા તે મોક્ષમાર્ગ ગણાય છે.

દયા ધર્મ કો મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છોડીએ, જબલગ ઘટમેં પ્રાન.

ભક્તમાં પ્રભુની ભક્તિ તે મોટો મોક્ષ માર્ગ ગણાય છે. પણ તેઓ ત્રણે નરક ગામી થાય છે. કારણ કે દરેકમાં એક એક દોષ આવી જાય છે. તેથી મહેનત કર્યે પણ નિષ્ફળ જાય- નર્કમાં જવાય છે. મુસલમાનમાં નમાજ ખરી પણ હિંસા અને માંસાહાર તે દોષ. નમાજ પઢે છે પણ નર્ક તો ખરું જ. જૈનો દયા રાખે પણ તેઓ મલિન અપવિત્રપણું રાખે. ન્હાવું- ધોવું નહિ, પૂજા પાઠ પણ નહિ તે દોષથી દયા રાખતા છતાં નર્કમાં જ છે. ભગવાનના ભકતમાં નિંદા દોષ રહ્યો છે. અન્યોન્ય નિંદા તે દોષે, ભક્તિ છતાં નર્કમાં જ. ઠીકરાથી માતા બાળકનો મળ સાફ કરે છે તેમજ દુષ્ટ મુખ તથા હોઠથી અન્યના મળને શુધ્ધ કરે છે. માટે માતા કરતા દુષ્ટ જન સો ગણો સારો છે. કેમ કે નિંદા વડે મળ શુધ્ધ કરે છે.

નિંદા કરતલ મત મરજો, મરજો ઘરકા પુત,
ઓરનકું પાવન કરે, આપે સર્જે ભૂત.

માટે નિંદા કોઇની કરવી નહિ. સંન્યાસીની નિંદાથી પશુધન નાશ પામે. સ્ત્રીઓની નિંદાથી કુળ નાશ થાય છે. નિંદા એ મહત પાપ છે, એવું પાપ અન્ય નથી. સેવા જેવું કોઇ પુણ્ય નથી. ઉપરોક્ત વાત કારીયાણિના તળાવની પાસે ખીજડા નીચે, સભામાં શ્રીજીએ પોતે કરી. તળાવ ખોદાવતા હતાં તે સમયે ત્રણ પૂજ્ય જૈન સાધુઓ નીકળ્યા. તે સભાની પાછળ ઉભા રહીને વાત કરતા હતા. જે આ સ્વામિનારાયણ મહાજ્ઞાની છે, અને મોટા પુરુષ છે અને કેટલાક તેમને પ્રભુ કહે છે. તો પણ ઘોર કર્મ કરે છે. કેમ કે અન્નદાન કરવું, વેદમાનવા, ભણવા, વૈદિક કર્મ કરવા, વાવ, તળાવ, કૂવા કરાવવાં, વિપ્ર જમાડવા, દેવદર્શન કરવા, ગાયની પૂજા કરવી, કાચું જળ વાપરવું, પોતાને માટે જે કાંઇ ક્રિયા કરવી, પરને માટે જે કાંઇ કરાવવું, તે સર્વ દુઃખના સાધન છે, કેમ કે કર્મ કર્યા તે અવશ્ય ભોગવવા પડે. તે સાંભળીને શ્રીજી મહારાજે તેમની સામું જોયું, તેમાંથી એકને સમાધિ થઈ. પડી ગયો અને બાકીના બે પૂજ્યો બરવાળાને માર્ગે છેટે જઇને ઉભા. પછી પેલાને સમાધિમાં ચોવીસ તીર્થંકરો દેખાણાં. તેમના મધ્યે શ્રીજી મહારાજના



દર્શન થયા. તે સમયે તીર્થંકરો પૂજ્યને કહે, ''આ સ્વામિનારાયણ ભગવાન તેમનું ભજન કરો તો કલ્યાણ થાશે.'' એમ કહીને અંતર્ધાન થયા. પછી પૂજ્ય સમાધિમાંથી જાગી રજહરણો લઈને પેલા બે પૂજ્યને મળ્યો. તે ત્રણ પૂજ્યો બરવાળા ગયા, પણ પ્રભુ પણું ન સમજાણું પણ તે તો સર્વે કામણ ટુંમણ છે એમ જાણ્યું. કામણ ટુમણ જાણનારો એક પૂજ્યનું મન વાણીઆની રૂપવતી સ્ત્રીમાં લપટાણું. પછી તે પાપે કરીને તેણે જે ફળ ભોગવ્યું તે વાત અત્રે લખતો નથી, પરંતું પછી શ્રીજી મહારાજ કહે, ''જીવતા સુખ નહિ, તો મરીને ક્યાંથી હોય ? ન્હાવું નહિ, ધોવું નહિ, સૂવાનું સુખ નહિ, બેસવાનું સુખ નહિ, ચાલવાનું સુખ નહિ, કેમ કે વહેલા ચાલે તો કાંટા વાગે અને મોડા ચાલે તો પગ બળે, અશુધ્ધ ઉનું પાણી ન્હાવા સારુ કર્યું હોય તે પીવે.''

ત્યારે મૂળજી શેઠે પૂછયું ''આ વેદ વિરુધ્ધ અંધાધૂંધ મત ક્યાંથી ચાલ્યો ? કોણે ચલાવ્યો ? પ્રભુ કહે, હે મૂળજી ! તમારા મત વિષે સાંભળો. (૧) કમળાક્ષ (૨) કેકરાક્ષ (૩) વિરૂપાક્ષ નામે ત્રણ ભાઈ દૈત્યો હતા. તારકાસુરના પુત્ર હતા. તેમણે શંકર ભગવાનનું તપ કર્યું. શંકર કહે, ''વર માંગો'' તેમણે એક સોનાનું, બીજું રૂપાનું અને ત્રીજું લોઢાનું એમ ત્રણ પુર માંગ્યા. એક સ્વર્ગમાં, એક આકાશમાં, એક પૃથ્વી પર. સો જોજન વિસ્તારવાળા તે પુર. હજાર વર્ષે એક દિવસ ત્રણે ભેગા થાય પછી જુદા પડી જાય. જ્યાં ઈચ્છા કરે ત્યાં ઉડીને જાય. તેવા ત્રણ પુર મળ્યા તેથી ત્રિલોકને પીડા આપવા મંડ્યા. સર્વે લોકે શંકર પાસે જઈને પ્રાથના કરી કે દૈત્યો અમોને દુઃખ દે છે. ત્યારે શંકર દેવો સહિત દૈત્યોને મારવા ગયા પણ શંકરનું બળ ચાલ્યું નહિ. તેથી શંકર અને દેવો પ્રભુ પાસે ગયા. પ્રભુને પ્રાથના કરી ત્યારે પ્રભુ કહે, ''તે દૈત્યો વૈદિક ધર્મમાથી પડે તો મરે અને પુર નાશ થાય.'' પ્રભુએ નારદને મોઢે મૂમતી બંધાવી. ચાર ચેલા સહિત અહિંસાના બહાને દૈત્યોને વૈદિક ધર્મમાંથી પાડવા આજ્ઞા કરી. નારદ પુરમાં જઈ બગીચામાં બેઠાં અહિંસાનો ઉપદેશ કરવા લાગ્યા. બોલતાં વાયુકાય જીવ મરે, અને પૂર્ત કર્મ વગેરે કરવામાં પાપ લાગે છે. માટે ન્હાવું નહિ, દેવ દર્શને જવું નહિ, પૂજા કરવી નહિ એવી રીતે ત્રણેય પુરમાં વેદ વિરુધ્ધ ધર્મ પ્રવર્તાવીને પ્રભુ પાસે આવી નારદે વાત કરી.

શંકરને લાખ મણના ભાર વાળું ધનુષ્ય આપી પ્રભુ બોલ્યા, ‘‘ત્રણ પુર જે દિવસે ભેગાં થાય, તે સમયે એક બાણ મારજો. તેથી ત્રણે પુરનો નાશ થશે.’’ શંકરે તે પ્રમાણે કર્યું. તેથી તે પુર ભાંગીને ભૂકો થઇ ગયા, ઉડી ગયા અને ત્રણે ભાઇઓ મરી ગયા. પણ માણસો થોડા રહી ગયા. તે જગતમાં સર્વ જૈન થયા. જમપુરીમાં સર્વે જીવો જાવા લાગ્યા. આ પ્રમાણે શિવજી ત્રિપુરારી કહેવાયા. જીવો જમપુરીમાં જાવા લાગ્યા માટે તે જૈન મતનું ખંડન કરવા અને વિષ્ણુ મત સ્થાપવા શંકરે કાશીમાં શંકરાચાર્ય રૂપ અવતાર ધારણ કર્યો. તેમણે સોળ વર્ષમાં સર્વે વિદ્યા ભણીને દિગ્વિજય કરતા કરતા પાટણમાં આવ્યા. પાટણના રાજાએ એક કાણીઓ પૂજ્ય અને ગૌતમમુનિ તથા બીજા લાખ પૂજ્ય ગુરુ તરીકે રાખ્યા હતા. ત્યારે મૂળજી શેઠ કહે, ‘‘ગૌતમમુનિ તો બ્રાહ્મણ હતા. તે અવૈદિક ધર્મમાં કેમ ભળ્યા ?’’ શ્રીજી કહે, બ્રાહ્મણોની ઈર્ષાથી કોઇ સમયે બાર કાળ પડ્યા તેથી વિપ્રોને ગૌતમે બચાવ્યા. સવારે જવ વાવે અને સાંજે સર્વને જમાડે. પછી દેશ કાળ સારા થયા ત્યારે વિપ્રોએ વિચાર કર્યો જે હવે ઘેર જઇએ તો ઠીક, તે વિપ્રોએ દાભડાની ગાય કરીને જવમાં ખાવા મૂકી. તેને ગૌતમ હાંકવા ગયા તેથી ગાય મરી ગઇ. પછી વિપ્રો ભાગ્યા. ગૌતમ ગૌહત્યારો. હવે તેનું ખવાય નહિ. તેવું કલંક નાખીને નાઠા. પછી ગૌતમ ઈર્ષાથી કાંણિઆ પૂજ્યના પક્ષમાં ભળીને, એક લાખ પૂજ્ય કર્યા. વિપ્રોને જમાડવા નહિ, તળાવ ગળાવવા નહિ, દાન, પુણ્ય કરવું નહિ, કેમ કે તળાવ ગળાવતા પાણી ભરાય, તેમાં ભેંસ પડે, તે ઉપર દેડકું બેસે, તેને કાગડો ઉપાડી જાય, તે કર્મ લાગે. ગૌતમે ગોહત્યાના ચિન્હો રાખ્યા છે. રજ હરણો તે ગાયનું પૂછડું, કથાને પાટલે શીંગડા રાખે, પાણીના પાત્ર નીચે આંચળ જેવા પગા હોય તે ગૌહત્યાની નિશાની છે.

પછી પાટણમાં શંકરાચાર્યે રાજાને જણાવ્યું કે, ‘‘તમારા ગુરુ સાથે અમારે શાસ્ત્રાર્થ કરવો છે.’’ સભા થઇ. તેમાં રાજા તથા લાખ પૂજ્યો તથા સર્વેજનો આવ્યા. શંકરાચાર્યે કાંણિઆ પૂજ્યને પૂછ્યું જે ‘‘આજે પૂનમ કે અમાસ ? પૂજ્ય કહે, ‘‘પૂનમ’’ અમાસ હતીં ને પૂનમ કહીં. સભા વિર્સજન થઇ. પૂજ્યે રાત્રિએ ઉજળામંત્રથી રૂપાનો થાળ આકાશમાં ચડાવ્યો. તેથી બાર ગાઉમાં પ્રકાશ પડે. બીજે અંધારું તે જોઇને શંકારચાર્ય રાજા પાસે ગયા.



જમણા પગની ચાખડી ઉડાડી. તે થાળ અને ચાખડી બન્ને નીચે પડ્યા. ગૌતમ ભયથી રણમાં ભાગ્યા, તે ઝિંઝુવાડા પાસે રણમાં ગૌતમકુંડ હજું છે. બીજા દિવસે સભા થઇ ત્યારે શંકરાચાર્ય કહે.‘‘કાલે સવારે પાણીનું બુડ આવશે, તેથી સર્વ પાણીમાં ડૂબી જશે. જેટલા માણસો રાજ દરબાર ઉપર ચડશે તેટલા જીવતા રહેશે.’’ શંકરાચાર્યે માયા બતાવી, પાણી પાણી દેખાયું. રાજા, શંકરાચાર્ય તથા લાખ પૂજ્યો રાજ દરબાર ઉપર ચડી ગયા. રાજ મહેલના છ માળ પાણીમાં ડૂબી ગયા. સાતમે માળે પાણી પહોચ્યું, ત્યારે શંકરાચાર્યે વહાણ બતાવ્યા કહે, ‘‘જેટલા વહાણમાં બેસશે એટલા જીવતા રહેશે.’’ રાજા કહે, ‘‘પહેલાં અમારા ગુરુઓને બેસાડવા, પછી બીજા માણસો બેસે. પછી સાતમે માળથી હાથ ઝાલીને ફેંકે તે નીચે પથ્થરની મોટી ખાણોમાં પડે. તેથી મરી જાય એમ લાખ પૂજ્યોને માર્યા. પછી શંકરાચાર્યે કાણીઆ પૂજ્યને કહ્યું,‘‘પડશો નહિ, પડશો તો મરી જશો.’’ આ ઉપરથી પાટણમાં લાખ ખાડ કહેવાય છે. સેનાને મારવી, પણ સેનાધિપતિને ન મારવો તેવો નિયમ છે. કાણીઆ પૂજ્યે તેમજ ગૌતમ સ્વામીએ પાછું થોડું થોડું ચલાવ્યું, તે મત વેદથી વિરુધ્ધ છે. નાસ્તિક અને વેદાંતી પણ બે મોટા કુસંગ છે.

..... શ્રીજી મહારાજ બોલ્યા જે, ‘‘અમે તો સર્વ પ્રકારે વિચારીને જોયું જે, આ સંસારમાં જેટલા કુંસંગ કહેવાય છે. તે સર્વ કુસંગથી અધિક કુસંગ તે કયો છે, તો જેને પરમેશ્વરની ભક્તિ નહિ, અને ભગવાન સર્વના સ્વામી છે, ભક્ત વત્સલ છે, પતિતપાવન છે, અધમ ઉધ્ધારણ છે, એવો પણ ભગવાનની કોરનો જેના હૈયામાં વિશ્વાસ નહિ’ તે એવા તો આ સંસારમાં બે મત છે. એક તો નાસ્તિકનો ને બીજો [1]શુષ્ક વેદાંતી[2] નો. એ બે અતિ કુસંગ છે. અને પંચ મહાપાપે યુક્ત હોય ને તેને જો ભગવાનનો વિશ્વાસ હોય તો તેનો કોઇ કાળે છૂટકો થાય. તથા બાળ હત્યા, ગૌહત્યા, સ્ત્રી હત્યા ઈત્યાદિ જે મોટાં પાપ તેના કરનારાનો પણ કોઇ કાળે છૂટકો થાય ખરો, પણ એ બે મતની જેને પ્રતીતિ આવી તેનો કોઇ કાળે છૂટકો થાય નહિ; શા માટે જે, એની સમજણ વેદ, શાસ્ત્ર અને પુરાણ તે થકી ઉંધી છે. તેમાં નાસ્તિક તો એમ સમજે છે જે, રામચન્દ્રજી ને શ્રીકૃષ્ણ ભગવાન એ તો રાજા હતા, અને

૧. ભગવાનની ભક્તિએ રહિત માટે શુષ્ક. ૨. નામ માત્ર વેદાંતી

શ્રીકૃષ્ણે દૈત્ય માર્યા તથા પરસ્ત્રીના સંગ કીધા, માટે ત્રીજા નરકમાં પડ્યા છે. એવી રીતે અધમ ઉધ્ધારણને પતિતપાવન એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને વિષે પરમેશ્વરની બુધ્ધિ જ નથી. અને કર્મે કરીને પોતાનું કલ્યાણ માન્યું છે. તે જ્યારે કર્મ કરતાં કરતાં કેવળ જ્ઞાન પ્રગટે ત્યારે તે ભગવાન થાય. એવી રીતે અનંત ભગવાન માન્યા છે. પણ અનાદિ પરમેશ્વર નાસ્તિકને મતે કોઈ નથી. જેને ભજને કરીને જીવ ભવના બંધન થકી છૂટે. માટે એ મત છે તે વેદથી વિરુધ્ધ છે.

અને શુષ્ક વેદાંતી છે તે તો એમ સમજે છે જે, 'બ્રહ્મ છે તે જ જીવરૂપ થયા છે. અને જેમ સૂર્યનું પ્રતિબિંબ છે તેમ બ્રહ્મ તે જીવરૂપ છે.' માટે જ્યારે એમ સમજાય જે 'હું બ્રહ્મ છું' ત્યારે એને કાંઈ સાધન કરવું રહ્યું નહિ, અને જ્યારે પોતે પરમેશ્વર થયા ત્યારે હવે ભજન પણ કોઈનું કરવું રહ્યું નહિ, એમ માનીને પાપ કરતાં પણ બીવે નહિ, અને મનમાં એમ સમજે જે, આપણે નિર્ગુણ માર્ગને પામ્યા છીએ, માટે આપણે ફરીને જન્મ નહિ ધરવો પડે' ............. અને એવાનો જે સંગ તેનું જ નામ કુસંગ છે, અને જેમ સત્પુરુષનો જે સંગ તેથી કોઈ મોટું પુણ્ય નથી, તેમ અજ્ઞાની એવા જે શુષ્ક વેદાંતી તેના સંગથી કોઈ મોટું પાપ નથી, માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને નાસ્તિક તથા શુષ્ક વેદાંતીનો સંગ કરવો નહિ.'' (ગ.મ.૧૮)

વ્યાસમુનિએ પણ જનમત વિષે ભાગવતના પંચમ સ્કંધના છઠ્ઠા અધ્યાયમાં લખ્યું છે જે ઋષભદેવ ભગવાનનું ચરિત્ર સાંભળીને, કોંક, વેંક, કુટક દેશનો અરિહંત નામે રાજા તે સ્વધર્મનો ત્યાગ કરીને કુપથ, પાખંડ ધર્મને પોતાની બુધ્ધિથી પ્રવર્તાવશે, જે પાખંડ ધર્મથી દેવ માયાથી મોહ પામેલા, અને કેશ ઉખાડી નાખનારા, સ્નાન આચમન પવિત્રપણાથી રહિત એવા તે દેશના નીચજનો અધર્મથી, વેદ, બ્રાહ્મણ, યજ્ઞ, પ્રભુ, આદિ સર્વને દુષણ પમાડનારા થશે. તે જનો અંધપરંપરાથી પોતાની ઈચ્છાથી કરેલી જે ધર્મની પ્રવૃત્તિ તેથી પોતાની મેળે જ તે માણસો નર્કમાં પડશે. આ વ્યાસનું વચન છે અને શિવપુરાણમાં અને લિંગ પુરાણમાં પણ તે વિષે લખેલું છે. મૂળજી શેઠ કહે, ''હે મહારાજ તમે તો અમારું ભારે કીધું, અને તમો અમને મળ્યા ન હોત તો, અમારા પણ તે જ હાલ હતા.''



તેવી જ રીતે કબીરપંથની ઉત્પત્તિની કથા પણ બહુ આશ્ચર્યકારી છે. જે અત્રે લખતો નથી, પરંતું પ્રાણનાથ નામના હરિભક્તના પિતા જે કબીરપંથી હતા. તેઓ મર્યા પછી ભૂત બનીને તેમણે જે ઉપદેશ કર્યો તે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણિ ગ્રંથમાં વર્ણવ્યો છે જે અત્રે લખું છું.

વળી ભક્ત લુવાર તે કહીએ, પ્રાણનાથ નામે તેહ લહીએ ॥
તેને પ્રભુમાહિ પ્રીત ઘણી, કરે પૂજા નિત્ય પટ તણી ॥
તેને ઘેર પધારી ગોવિંદ, પાડી આપ્યાં ચરણારવિંદ ॥
વળી સહુને દીધાં દર્શન, નિરખી નાથને થયાં મગન ॥
કહે ધન્ય ધન્ય મહારાજ, આતો પરચો પામ્યા અમે આજ ॥
થયાં પ્રગટ પ્રમાણ દર્શન, પાડ્યા પગલાં થઈ પ્રસન્ન ॥
આ તો વાત અતિશય મોટી, હશે પાપી તે પરઠશે ખોટી ॥
વળી પ્રાણનાથનો જે તાત, નામ કેસર કહું તેની વાત ॥
હતો કબીરના મત માંઈ, નોતિ પ્રભુમાં પ્રતીત કાંઈ ॥
તેના દેહનો આવિયો કાળ, આવ્યા તેડવા જમ તતકાળ ॥
તેહ હતો વિષય અભિલાષી, ગયો જમના હાથથી નાશી ॥
તર્ત પામિયો ભૂતનો દેહ, પાછો જઈ રહ્યો નિજગેહ ॥
કરે હો હો કાર વાણી ઘણી, થઈ કબીરિયો બણી ઠણી ॥
એની સ્ત્રીના દેહ મધ્યે આવી, કરી પ્રવેશ તેને બોલાવી ॥
કહે સ્વામિનારાયણ સત્ય, એહ વિના બીજા છે અસત્ય ॥
સ્વામી પ્રગટ પ્રભુ પ્રમાણ, એહ વિના બીજે નથી કલ્યાણ ॥
કબીરિયા મોટા મોટા મેત, માનો સહુ થયા ભૂત પ્રેત ॥
કરતાં ખંડન તીર્થ ને વ્રત, તેનું અઘ આવ્યુ છે જો તર્ત ॥
કહેતાં પ્રભુના અવતાર ખોટા, તેહ પાપે ભૂત થયા મોટા ॥
માટે કબીરિયા કોઈ મ થાજ્યો. થઈ આસ્તિક હરિગુણ ગાજ્યો ॥
પ્રાણનાથની વાતો સાંભળજ્યો, જેમ કહે તેમ સહુ કરજ્યો ॥
પુણ્ય પવિત્ર છે પ્રાણનાથ, તેણે કરી હું થયો સનાથ ॥
સૂણી એના મુખનું ભજન, તર્ત છુટ્યો હું ભૂતનું તન ॥

હવે જાઉ છું હરિને ધામ, સૂણી સ્વામિનારાયણ નામ ॥
એમ બોલ્યો એ બાઈમાં રઈ, સહુએ સાંભળિયું કાન દઈ ॥
કહે ધન્ય ધન્ય આજ સ્વામી, બીજા મત તે લુણ હરામી ॥
જુવો કબીરિયો ભૂત થઈ, બોલ્યો પોતાની સ્ત્રીમાં રઈ ॥
સાચા કહ્યાં સહજાનંદ સ્વામી, બીજા કહ્યાં તે કપટી કામી ॥
માટે એથી વાત મોટી કહી, થયો સાચો પરચો ફેર નહિ ॥

આજે કળિયુગમાં ધર્મના નામે અનેક મત ચાલે છે. જેમાં કેટલાક બિલકુલ આભાસી કે પાખંડ મત હોય છે. તો કેટલાક મતમાં અમુક બાબત શાસ્ત્રને આધારે મળતી આવે છે, તો બીજી કંઈક બાબત સત્શાસ્ત્રોથી બિલકુલ વિરુધ્ધ હોય છે. કેટલાક મત મનકલ્પિત હોય છે. ગીતા, ભાગવતના આધારે પણ મનુષ્યો અનેક પંથ ચલાવે છે. કેટલાક સ્વયં કૃષ્ણ બની બેઠા છે, તો કેટલાક કૃષ્ણને ચિદ્‌ઘન શક્તિ કે મહાપુરુષ કે યુગપુરુષ કહે છે, કૃષ્ણ આપણી જેવા મનુષ્ય હતા અને મહાન કાર્યો કરીને ભગવાન બની ગયા, આપણે પણ તેવા બની શકીએ તેવું કહે છે. અવતારનું ખંડન કરે છે, નૃસિંહ ભગવાન થાંભલાંમાંથી પ્રગટ નહોતા થયા પરંતું આપણી જેવા જ એક સંસ્કૃતિ સેવકે હિરણ્યકશિપુને મારીને પ્રહલાદની રક્ષા કરી હતીં તેવું કહે છે. કેટલાક કૃષ્ણને આગળ કરીને પરસ્ત્રીઓ પાસે પોતાની સેવા કરાવે છે, વ્યભિચાર કરે છે, તો કેટલાક મતમાં ખુલ્લો વ્યભિચાર છે. કેટલાક ગીતાના શ્લોકોનું ગાન કરે છે, પરંતું શ્રીકૃષ્ણને ભગવાન માનવા તૈયાર નથી. કેટલાક વ્યકિતપૂજા તરફ વળી જાય છે. તો કેટલાક જુદા જુદા દેવ દેવીને સર્વે સર્વા ભગવાન માને છે. કેટલાક મતમાં આગેવાનો સ્યયં સ્વતંત્ર રીતે તેઓના શિષ્યોના ઘેર સિંહાસનમાં બેસી પૂજાવા લાગે છે, તો બીજા કેટલાક ભગવાનની સાથે બેસીને પૂજાવા લાગે છે. કેટલાક મતમાં ભગવાનને નિરાકાર માને છે તો કેટલાક મંદિરોના વિરોધી છે. કેટલાંક ફક્ત માનવ ધર્મને સર્વોપરી કે સાચો ધર્મ કહે છે. તેનાથી આગળ ભાગવત ધર્મમાં બુધ્ધિ પહોંચતી નથી. કેટલાક માનવધર્મના નામે સંપ્રદાયની ટીકા કે નિંદા કરવામાં રચ્યા પચ્યા રહે છે. કેટલાક મતમાં ધર્મ છે તો ભક્તિ નથી અને મોટા ભાગના મતમાં ભક્તિ



છે તો ધર્મ નથી. ફક્ત ભક્તિથી જ કલ્યાણ માન્યું છે. કેટલાંકમાં જ્ઞાન છે પરંતું આચરણ નથી. કેટલાકે ધર્મને ધંધો બનાવ્યો છે. પૈસા અને માન મોટાઈ મેળવવાનું સાધન બનાવ્યું છે. કેટલાક મતમાં ભગવાનના એક અવતારની ઉપાસના કરે છે તો ભગવાનના બીજા અવતારની નિંદા કરે છે. કેટલાક ભગવાનને સાચા કહે છે, પરંતું તે જ ભગવાને શાસ્ત્રોમાં બતાવેલ વિધિ, નિષેધને ખોટા કહે છે. કેટલાક પોતાના આત્મા નેજ પરમાત્મા કહે છે. કેટલાકે અગાઉ જે મહાપુરુષ કે સંત પુરુષો થઈ ગયા તેને જ ભગવાન બનાવી દીધા છે, તેને જ માને છે પૂજે છે. તો કેટલાક વળી તેના ઈષ્ટને ઈશ્વરનો દીકરો માને છે. આમ આ દુનિયામાં જીવનું કલ્યાણ કરવા માટે અનેક ધમ પછાડા ચાલે છે. કેટલાક સંપ્રદાયમાં ભગવાનના પરોક્ષ અવતારની સાચી ઉપાસના છે. પરંતું ભગવાનના તે જ અવતારો આજે મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્વામિનારાયણ નામથી પ્રત્યક્ષ રહેલાં છે. અસંખ્ય ભક્તો પરોક્ષનું ભજન કરીને પછી સત્સંગમાં જન્મ ધારણ કરીને આત્યાંતિક મોક્ષને પામ્યા છે. અથવા તો સર્વાવતારી સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનનું તથા સત્સંગનું સુખ લેવા પોતાની ઈચ્છાથી કેટલાક સત્સંગમાં આવ્યા છે.

શુકમુનિ શુકાનંદ સ્વામી નામથી, માર્કન્ડેય મુનિ મહાનુભાવાનંદ સ્વામી નામથી, નારદમુનિ મુક્તાનંદ સ્વામી નામથી, વ્યાસમુનિ નિત્યાનંદ સ્વામી નામથી, બ્રહ્મમુનિ બ્રહ્માનંદ સ્વામી, જડભરત પ્રથમ સુવ્રતઋષિ અને ત્યાર પછી નિષ્કુળાનંદ સ્વામી નામથી, કપિલમુનિ ગુણાતીતાનંદ સ્વામી, સંન્યાસી જમદગ્નિ શ્રીપાતવામન સ્વામી નામથી સત્સંગમાં આવ્યા હતા. રાધિકાજી, લક્ષ્મીજી, વિષ્ણુ, શિવજી, દત્તાત્રેય, હનુમાનજી અને અર્જુન પણ જુદા જુદા નામથી સત્સંગમાં રહ્યાં હતા. મુચુકંદ રાજા પ્રથમ જૂનાગઢમાં નરસિંહ મહેતા બન્યા અને ત્યાર પછી સત્સંગમાં પીપલાણામાં ફરી નરસિંહ મહેતાના નામથી જ રહ્યાં હતા. અડાલજની વાવ બંધાવનાર રૂડબાઈ સત્સંગમાં આવીને મોક્ષને પામ્યા. ધર્મ વ્યાઘ્ર સગરામ ભક્ત નામથી, દાસીપુત્ર વિદુરજી ઉકાખાચર નામથી, સુતપરાણી પ્રાગજીપુરાણી નામથી

સત્સંગમાં આવીને આત્યંતિક કલ્યાણને પામ્યા. કુબજાદાસી જેતલપુરમાં વેશ્યા કહેવાણી અને પ્રગટ પ્રભુ શ્રીહરિનો યોગ પામી , જાંબુવાન વામનજીના વખતમાં જુવાન હતો, શ્રીરામચન્દ્રજીના વખતમાં ઘરડો હતો. પછી એકવીસ લાખ વર્ષ વીત્યા ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન સાથે જાંબુવાને અઠ્યાવીસ રાત દિવસ યુધ્ધ કર્યું ત્યારે તેના હાડકા ખખડ્યાં. જાંબુવાન પગમાં પડી ને બોલ્યો, ''તમે સીતાપતિ, મને વચન આપ્યું હતું તે છો.'' ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન કહે, ''હા મેં અવતાર ધર્યો છે.'' જાંબુવાન કહે, ''મહારાજ ! અહીં કેમ પધાર્યા છો ?'' પ્રભુ કહે, ''મણિ લેવા માટે''. જાબુવાન કહે. ''આ જાંબુવતી મારી પુત્રી અને મણિ બેઉ તમને આપુ છું. પ્રસન્ન થાઓ મારા પ્રભુ ! '' ભગવાન પ્રસન્ન થઈ બોલ્યા ''વર માગ્ય '' જાંબુવાન કહે, '' હવે મારો મોક્ષ કરો.'' પ્રભુ કહે,''મેં આ પૃથ્વીનો ભાર ઉતારવા માટે જન્મ ધર્યો છે. તો ફેર જન્મ ધરીશ ને તારો મોક્ષ કરીશ.'' પછી પાંચ હજાર વર્ષ વીત્યા ત્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા અને વનવિચરણ દરમિયાન જાંબુવાનનો મોક્ષ કર્યો.

સંવત ૧૮૫૭ માં પીપલાણામાં સાંજ સમે મુક્તાનંદ સ્વામી તથા નારાયણમુનિ બન્ને ઓઝત નદીમાં ન્હાવા ગયા. સ્નાન કરીને કિનારે બેઠા તે સમે ધ્યાન ધરીને મુક્તાનંદ સ્વામી કહે, હે સરયુદાસ ! આ નૃસિંહ મહેતે શું પુણ્ય કર્યું હશે ? કેમ કે આપ તથા રામાનંદ સ્વામી જેને ઘેર પ્રથમ મળ્યા અને દીક્ષા લીધી અને ચાતુર્માસ જેને ઘેર સાથે રહ્યા.'' ત્યારે શ્રીહરિએ મહેતાનું પૂર્વનું સઘળું વૃતાંત કહ્યું અને કહ્યું કે, તે હવે મોક્ષને પામશે. નરસિંહ મહેતાનું પુણ્ય સાંભળ્યું ત્યારે મુક્તાનંદ સ્વામી બહુ રાજી થયા અને બોલ્યા જે ભારત તથા ભાગવત જોતાં મને પણ એમ જણાય છે જે શ્રીકૃષ્ણ પ્રભુએ કોઈનું કલ્યાણ કર્યું નથી. કેવળ ભૂમિનો ભાર ઉતાર્યો છે કેમ કે મુચુકુંદને તથા ઉધ્ધવજીને પણ બદરિકાશ્રમમાં મોકલ્યા અને વિદુરજી પણ માંડવ્યમુનિના શાપથી થયા હતા. તે પાછા ત્યાં ગયા અને પાંડવોને પણ જ્યાંથી આવ્યા હતાં ત્યાં મોકલ્યા અન જાંબુવાનને પ્રભુએ કહ્યું જે, ''બીજો અવતાર ધરીને હું તારો મોક્ષ કરીશ.'' અને યાદવોને પણ વગર મોતે માર્યા. અને કેટલાક



દૈત્યોને પણ આસુરભાવ ટાળવા માટે તેજમાં લીન કર્યા. જેમ હતું તેમનું તેમ રાખ્યું. અને શ્રીરામ પ્રભુએ પણ સર્વને સ્વર્ગમાં મોકલ્યા અને હનુમાનજી પણ રામ ભક્ત આ લોકમાં રહ્યાં છે. અને વ્યાસમુનિ પણ ભૂમિમાં ભમે છે. તો ભક્તોની વાત શી કરવી ? સત્ય સરયુદાસ, પણ ઉધ્ધવજી શ્રીકૃષ્ણ પ્રભુને શું સગા થાય ? ત્યારે નારાયણમુનિ કહે. ''હે સ્વામી ! ઉધ્ધવજી શ્રીકૃષ્ણ પ્રભુને કાકાના દીકરા ભાઈ થાય. અને હે સ્વામી ! તમો અમને કેવા જાણો છો ? અમે તો સર્વ અવતારના અવતારી છીએ. અને શ્રીકૃષ્ણ પ્રભુ મોટા ભાઈ બળદેવને કહે, ''ધર્મનું રક્ષણ કરવા માટે હું બીજો જન્મ ધરીશ. તે સર્વમાં અમારી જ સત્તા છે. પ્રથમ યુગમાં વારાહકલ્પમાં સાભ્રમતીને કાંઠે ધર્મભક્તિએ તપ કર્યું ત્યારે તેમના અંગમાંથી તેજ નિકળ્યું તે તેજમાં તેમના પુત્રપણે કરીને ચાર સ્વરૂપે અમો થયા. નર, નારાયણ, હરિ અને કૃષ્ણ. માટે તેમાં રહીને અમો જ બોલીએ છીએ. માટે અમો એકાંતિક ધર્મ પ્રવર્તાવીને તથા તેમના ભક્તો, ઋષિઓ, યોગીઓ, તપસ્વીઓ, શુક, સનકાદિક, નારદ, વ્યાસ, વાલ્મીકિ, જાંબુવાન, વિદુર, પાંડવો, ઉધ્ધવજી તથા નવયોગેશ્વરો એ સર્વનું આત્યન્તિક પરમ કલ્યાણ કરવું છે. અનંત જીવોને અમારા ધામમાં પહોંચાડવા છે. આ નૃસિંહ મહેતાનું પણ અમે પરમ કલ્યાણ કરીશું. હે સ્વામી ! મનાય છે ? પણ સ્વામી તો તે સમયે રામાનંદ સ્વામીને પ્રભુ જાણતા. ભેગી ઝોળી માંગતા, પોઠીયાઓ હાંકતા, છાણ મેળવતા, સરયુદાસ શિષ્ય તરીકે વર્તતા, માટે તે સમયે તે મનાયું નહિ.

આમ સત્સંગમાં, મૂળ સંપ્રદાયમાં સર્વાવતારી સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાન દેવ, આચાર્ય, શાસ્ત્ર અને સંત સ્વરૂપે પ્રત્યક્ષ રહેલાં હોવાથી અને તે ભગવાને આ સંપ્રદાયનું પ્રવર્તન કર્યું હોવાથી, સંપ્રદાયમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય સંપૂર્ણપણે રહેલાં છે. શ્રીહરિએ સતયુગનો ધર્મ કળિયુગમાં પ્રવર્તાવ્યો છે. સત્સંગી આલોકમાં સ્વર્ગ જેવું સુખ ભોગવીને અંતકાળે નિશ્ચે અક્ષરધામમાં જાય છે. તેથી શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય સર્વોપરી છે, સર્વશ્રેષ્ઠ છે.

●

## ૪૦. મનગમતા શાસ્ત્ર આધારિત લેખો પ્રસંગો :

### (૧) ભક્તિની ખેડ :

હાટ હાટ હીરા નહિ, કંચનકા નહિ પહાડ;
સિંહન કો ટોળા નહિ, ભક્ત વિરલ સંસાર ..........

સૌરાષ્ટ્રના ધોળા ગામમાં શ્રીજી મહારાજના લાડીલા ધનજીભગત બાલ્યાવસ્થાથી જ ભક્તિમાં તલ્લીન રહેતા. સત્સંગ ખાંડાની ધાર જેવો. આ ધોળા ગામમાં સત્સંગીનું એક જ ખોરડું. વ્યવહારે ધનજી ભગત બહુજ દુબળા. તેઓ શ્રી સહજાનંદ સ્વામીને સંસારનો ભાર સોંપીને ઘરનું ગાડું ગબડાવી શ્રીજીનું ધ્યાન ભજન કરતા.આ ભક્તરાજનો ધંધો ખેતીનો હતો. પરંતુ વેપાર હરિનામનો હતો તેથી તેઓ ભક્તિના રંગે રંગાઈ ગયા હતા. આવા અનન્ય ભક્તનાં ભાગમાં માત્ર આઠેક વીઘાનું ખેતર હતું. આથી આકાશી ખેતર પર આધાર ફક્ત ચોમાસું પાક પર જ આજીવિકાનું અવલંબન હતું.

જેઠ મહિના પહેલાં ગામાના લોકોએ કહ્યું : "ભગત ! ભજન - કીર્તન કરવાથી કંઈ બાજરાની કોઠીઓ નહિ ભરાઈ જાય. આ વૈશાખના વાયરા વાવા લાગ્યા. માટે 'ખારિયું' ખેતર તૈયાર કરો. ખાતર બાતર નાંખી ખેડશો તો વાવણી વખતે કંઈક ઉગશે. માટે ભજન ભક્તિ છોડી કામે લાગી જાઓ." ગામ લોકોએ ભગતને ચેતાવ્યા. તેથી ભગતે ખેતર ખેડી તૈયાર કર્યું. અને વરસાદની રાહ જોવા બેઠા કે વાવણી જોગ વરસાદ થાય એટલે વાવી દઉં. ભગતની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી હતી. પરંતુ સાધુ સંતની આગતા સ્વાગતામાં કદી પાછા પડતા નહિ, ધોળા ગામમાં સાધુ સંન્યાસી આવે તો લોકો તેમને ધનજી ભગતનું ઘર જ બતાવે. એમની આતિથ્ય સત્કારની ભાવના અજબ હતી. આંગણે આવેલ આગંતુક કે અભ્યાગત જમ્યા વિના જતો નહિ. એમની ઘરવાળીએ એક દિવસ અકળાઈને કહ્યું, "ભગત ! તમે હવે ભગત કહેવડાવવાનું બંધ કરી દો તો સારું, તમારી માફક અર્ધા ભુખ્યા રહી મેં પણ મારો દેહ કાંતિ નાખ્યો છે. મારાથી હવે આ સાધુ - સંતો સચવાતા નથી. માટે તમારું આ સદાવ્રત બંધ કરો તો સારું."



આ વાર્તાલાપ ચાલે છે ત્યાં જ ભગતની ડેલીએ સ્વામિનારાયણના સાધુ ઝોળી માંગવા આવીને ઉભા અને મોટેથી બૂમ પાડી કહ્યું, "નારાયણ હરે .......... સચ્ચિદાનંદ પ્રભુ ......" ધનજી ભગત સંતોને જોઈ દોડતા આવી દંડવત્ કરવા લાગ્યા અને કહ્યું, "બાપજી ! તમારે તો ઝોળી માંગવાની હોય ? ચાલો ચાલો મંદિરે. આજથી જ્યાં સુધી રોકાવ ત્યાં સુધી રસોઈ મારા તરફથી." ધનજી ભગતે સંતોને ઝોળી માંગવાની મના કરી, અને પાકું સીધુ પહોંચતું કર્યું. સંતો જાણે વરસાદ લઈને જ આવ્યા હોય ને શું ? વાવણી જોગ વરસાદ થયો તેથી ગામ લોકો વાવણીયાં જોડીને વાવવા નીકળી પડ્યા. પટલાણીએ વેપારીને ત્યાંથી ઉધાર બાજરો લાવીને વાવણીની વેતરણ કરી રાખી, કારણ કે ભગત તો કથા-વાર્તામાંથી ઊંચા જ આવતા ન હતા. ભગત મંદિરેથી આવ્યા. ત્યારે પટલાણીએ કહ્યું, ભગત ! સાધુ-સંતો તો આવ્યા કરે. ગામ આખું વાવણીમાં પડ્યું છે. લો આ બાજરો અને વાવવા ઉપડો.....

"ઘરમાં બાજરો છે ને તું બોલતી નથી ? સંતો હજુ રોકવાના છે માટે બાજરો દળી રાખજે. હું પાનાચંદ શેઠને ત્યાંથી વાવવા માટે બીજો બાજરો લઈ આવીશ. હું ચોરે શાક આવ્યું હોય તો લઈ આવું. આજ બીજા ચારેક સંત આવ્યા છે. એમ કહીં 'સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ' રટતા ભગત શાકભાજી લેવા ઉપડ્યા. સંતોને મધ્યાહ્ને સારી રીતે તૃપ્ત કરી સંતોની આજ્ઞા મુજબ ભગત ગાડુ જોડી બાજુના ગામ મૂકી આવ્યા. સ્વામીએ ભગત પર રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા. સંતોને વળાવી ભગત પાનાચંદ શેઠની દુકાને પહોંચ્યા અને બાજરો ઉધાર આપવા કહ્યું. શેઠે બીજી વખત વાવણી માટે ઉધાર બાજરો ન આપ્યો. બીજા વેપારીઓએ પણ ભગતને ચોખ્ખી ના પાડી દીધી.

હવે ભગત જો વાવણી ન કરે તો ટીકાને પાત્ર બને. અને પટલાણી પણ તાડુકા નાખે. આથી ધનજી ભગત વાવણીની તૈયારી કરી ખેતરે ઉપડ્યા. ખેતરના માર્ગે વોંકળો આવતો હતો. ત્યાંથી રેતીની થેલી ભરી લીધી. પટલાણીના સંતોષ ખાતર અને ગામ લોકોની ટીકાથી બચવા ભગતે 'ખારિયા'માં બાજરો વાવતા હોય તેવો આડંબર કરી સારાય ખેતરમાં બાજરાને બદલે રેતી જ વાવી દીધી. માળાના મણકે જેમ 'સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ' શબ્દ ઉચ્ચારે એ રીતે વાવણી વખતે મુઠ્ઠીમાંથી રેતીના

રજકણો સરતા ત્યારે ભગતના મુખમાંથી પણ આજ શબ્દો સરી પડતા. અખંડ પ્રભુ સ્મરણ કરતાં કરતાં રેતીની વાવણી કરી ભગત ઘર તરફ પાછા આવ્યા.

એકાદ અઠવાડિયા પછી ધોળા ગામની સીમ લીલી છમ બની ગઈ હતી. લીલા-લીલા મોલ જોતાં ધોળાના ધરતી ખેડૂની આંખો ધરાતી નહિ. હરિયાળા ખેતરો જોઈ સૌનું મન પ્રફુલ્લિત બની જતું. પણ ધનજી ભગતના હૃદયમાં ઉલ્લાસ ન હતો. શૂન્યમાંથી ઈશ્વરે સૃષ્ટિ કેવી રીતે રચી હશે ? તેનો ખ્યાલ આ હરિયાળા ખેતરો આપતા હતા. ખેડૂતો વાવણી કર્યા પછી ખેતરે આંટો દેવા જતાં. પટલાણીએ એક દિવસ કહ્યું "ભગત ! તમે આપણા 'ખારીયા'માં બાજરો વાવ્યો છે કે તડબુચ ? પડોશી કાલે વાત કરતા હતાં કે ભગતના ખેતરમાં તો તડબૂચના વેલા ઓળે ઓળે આડેધડ ઉગ્યા છે ? તમે ખેતરે આંટો તો મારી આવો. નિંદામણ હોય તો મજુરો રાખી નિંદામણ કરી નાખીએ." તું સાવ ભોળી છે. આપણે અનાજ વાવીએ એટલે આજુબાજુ જંગલી છોડ (નિંદામણ) આપો આપ ઉગી જ નીકળે. પડોશીઓને પણ આજુબાજુ રહેતા લોકોની નિંદા કરવાની ટેવ હોય છે. એટલે જ આ વેલા વગેરે ઉગી નીકળે છે. તેનું નામ 'નિંદામણ' પડ્યું છે !"

"પણ તમે ખેતરે જઈ જરા આંટો તો મારી આવો" રીંગણા સુધારતા સુધારતા પટલાણીએ કહ્યું, ભગતને થયું કે ગામમાં બધા વાતો કરે છે માટે કંઈક તથ્ય હશે. લાવને જરા આંટો તો મારી આવું. વાવણી તો રેતીની કરી છે, પણ વરસાદને લીધે અડબાઉ ઘાસ ઉગ્યું હશે. આમ વિચારી ભગત ખેતરે પહોંચ્યા. ખેતરમાં સીધા ચાસે વેલા ઉગી નીકળેલા જોઈ ભગત તો હેબતાઈ ગયા ! હું કોઈ બીજાના ખેતરમાં તો નથી આવ્યો ને ? બાજુના ખેતર વાળા ઉકા પટેલ નિંદતા નિંદતા ખભે પછેડી મુકી ધનજી ભગત પાસે આવ્યા અને કહ્યું, "ભગત ! ઓણ તમે શું વાવ્યું છે તે ખબર પડતી નથી. આ શેના વેલા છે ? કોઈ કહે તડબૂચ છે. પણ તડબૂચના વેલા આવા ન હોય." ભગત પણ વિસ્મય પામ્યા. ભગતે હસતા હસતા કહ્યું, "ઉકાભાઈ ! ઓણ સાલ તો મેં તુંબડાં વાવ્યા છે." ભગત ! તમે સત્સંગી સાચા. હવે તૂંબડા પાકે એટલે સ્વામિનારાયણના સાધુઓને તોડી તોડીને આપજો. તેમને ખપ લાગશે."



ઉકાભાઈએ વેધક કટાક્ષ કરતા કહ્યું, આ વાર્તાલાપ ચાલે છે ત્યાં તો પટલાણી પણ આવી પહોંચ્યા. તેઓ પણ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા.

વખત જતાં વેલા ઉપર તુંબડા પાક્યા. આ ખેડૂત દંપતીએ તુંબડા તોડી તોડીને થપ્પી કરી. બીજા ખેડૂતોના ખેતરમાં બાજરાના કુંધવા હતા. જ્યારે ધનજી ભગતના 'ખારિયા'માં તુંબડા ખડક્યા હતાં ! એક એક તુંબડાનું વજન પાંચ શેર જેટલું હતું. સૂકાયેલા તુંબડાનું વજન આટલું બધુ હોય નહિ. ઉકા પટેલે અખતરો કરવા એક તુંબડું શેઢાના પથ્થર પર પછાડ્યું. તુંબડું તૂટતાની સાતે જ લીલો કંચન જેવો બાજરો અંદરથી નીકળ્યો ! ગામ લોકો ભગતની ઠેકડી કરતા હતા. પણ ભગતે ભક્તિની ખેડ દ્વારા બમણો બાજરો પેદા કર્યો.

આવો અદ્‌ભૂત પરચો જોઈ સૌ કોઈ આશ્ચર્ય પામ્યા. ભગતે પ્રભુ ભરોસે રેતીની વાવણી કરી. સ્વામિનારાયણ ભગવાને રેતીમાંથી તુંબડા તૈયાર કર્યા અને તુંબડામાંથી તૈયાર બાજરો કાઢ્યો. દરેક તુંબડામાંથી બાજરો નીકળ્યો. સૌ કોઈ બોલી ઉઠ્યા, "ભાઈ ભગતની ભક્તિની ખેડ તો ભારે ! શેઠને ત્યાંથી વાવવા માટે 'ઉધાર' લાવેલ બાજરો દબાવી સ્વામિનારાયણના સાધુઓને સીધું આપ્યું અને એ સાધુઓએ ભગતનો 'ઉધ્ધાર' કરી દીધો !

આનું નામ ભક્તિની ખેડ.

### (૨) ઝોક લજાવવી નહિ :

બ્રહ્માનંદ સ્વામી જુનાગઢનું મંદિર કરાવતા હતા. તે વખતે મંદિરની ત્રણ ભેંસો દુજણી હતી. પણ તેટલાથી છાસ પુરી થતી ન હોતી. તેથી સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીએ સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી સાથે આવેલા જોરા ભગતને કહ્યું, ગિરનારની તળેટીમાં રહેતા ભરવાડોને ત્યાં જાઓ અને મંદિરને શોભાડે એવી રૂષ્ટ પુષ્ટ અને સારી એક અગર બે ઘણું દૂધ આપે એવી ગાય લઈ આવો.

જોરા ભક્તની સાથે બે પાળાઓ મોકલ્યા. તેઓ ભરવાડોના નેહમાં જઈ ગાયો જોવા લાગ્યા. ત્યારે ભરવાડો કહે, "કેમ આવ્યા છો ?" ત્યારે જોરા ભગત કહે, "એક બે ગાયો લેવીછે. માટે અમને પસંદ આવે એવી ગાય ગોતીએ છીએ." પછી સર્વે ગાયોને જોતાં એક ગાય નજરમાં આવી એટલે ભરવાડને કહ્યું, "આ ગાય આપો. રૂપિયા જે થશે તે આપીશું." ત્યારે

ભરવાડ કહે જે, ''આ ગાય તો હું નહિ આપું. કારણ કે તે ગાય તો અમારી સર્વે ગાયોની ઝોકને શોભાડે છે.'' ત્યારે જોરા ભગત કહે, અમારે તો એજ ગાય જોઈએ છીએ. તમે કહો તે પ્રમાણે અમો રૂપિયા આપીશું પણ આ ગાય જોઈએ. ગાય વાળા ભરવાડને બીજા ભરવાડ કહે, આ શ્રી સ્વામિનારાયણના ભગત છે. તે તમારે ત્યાં ગાય લેવા આવ્યા છે અને તે પાછા જાય તો આપણું લોકમાં ખોટું દેખાય. માટે તે જે કહે તે ગાય આપો. પછી તે ગાયની કિંમત ભરવાડે રૂપિયા બસો ઠરાવ્યા. તે પ્રમાણે રૂપિયા આપીને જોરા ભગત ગાયને લઈને રવાના થયા. ત્યાં નદીએથી પાણીનું બેડું લઈને સામી આવતી ભરવાડણ ગાયને ઓળખતા ભગતને કહ્યું, આ મારી ગાય આંગણાને શોભાડે એવી છે. તેને લઈ જાઓ છો તો ભલે પણ આ ગાયને લઈને પાછા મારે ઘેર આવો. મારે આ ગાયની છેલ્લી પૂજા કરવી છે. પછીથી ભલે તમો તમારે ત્યાં લઈ જજો.

આવું સાંભળી જોરા ભગત ગાયને લઈને પાછા ભરવાડના નેહમાં આવ્યા અને ગાયને ખીલે બાંધી. પછી ભરવાડણ એક થાળીમાં કંકુ, ચોખા, વસ્ત્ર લઈને આવી અને ગાયને દોવા માટે તાંબડી તથા ખાવામાટે કપાસીયાનું ખાણ લાવી ગાયની આગળ મેલીને કંકુ, ચોખા અને ફૂલથી પૂજા કરીને એક વસ્ત્ર ગાયને ઓઢાડ્યું અને બેસીને ગાયને પગે લાગીને ભરવાડણ બોલી જે, ''હે ગાય માતા ! તમો કોઈને શીંગડું પાટું મારતા નહિ અને જ્યારે દોહવા બેસે ત્યારે દોહવા દેજો અને અમારી ઝોકને લજાવશો નહિ. ને સારો સ્વભાવ રાખજો. જેથી અમારી ઝોકના વખાણ થાય એવી રીતે વર્તજો. એટલું કહીને પાંચ રૂપિયા ભેટ મૂકી અને ગાય તથા વાછરડીને ખીલેથી છોડીને જોરા ભગતને આપી. તે ગાય લઈને જોરા ભગત મંદિરના ચોકમાં આવ્યા.

સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી વિગેરે સંતો તથા પાર્ષદો હરિભક્તો સર્વે મંદિરને શોભાવે એવી ગાય જોઈને રાજી થયા. પછી જોરા ભગતે ઉપરની વિગતે વાત બન્ને સદ્‌ગુરુઓને કહીં સંભળાવી.

ગુણાતીતાનંદ સ્વામી કહે, સર્વે સંત હરિભક્તોએ આપણી એટલે સ્વામિનારાયણ ભગવાનની ઝોક લજાવવી નહિ તે ઉપર સ્વામીએ વાત કરી જે, કોઈ ગામને સીમાડે લડાઈ થવાથી ઘણા મડદાં પડ્યા હતા. ત્યાં



રાજાનો ખજાનો ફાડીને ચોર ઘણું દ્રવ્ય લઈને જતો હતો. ત્યાં સવાર થયું એટલે રાજ્યમાં ખબર પડી જે ચોરી થઈ ગઈ છે. પછી ચોરને પકડવા માટે રાજાએ હુકમ કર્યો. ફોજદારો ને સિપાઈઓ પગીને સાથે લઈને ચાલ્યા. પગી પગલાં જોતા જોતા આગળ ચાલે અને ફોજદાર સહિત સિપાઈઓ પાછળ ચાલે. પગી સહિત ફોજદાર આવતો જોઈને ચોર મરેલા મડદાં ભેગો સુવાની તૈયારી કરતો હતો. ત્યાં મડદા બોલ્યાં જે, ''અમે તો મરેલા છીએ અને તું જીવતો અમારી ભેળો સૂઈ જઈશ તો અમારી લાજ જશે, કે આ બધા જીવતાં છે. માટે અમારી લાજ રાખે તો અમારા ભેગું સુજે.'' ત્યારે ચોર કહે, ''હું તમારી લાજ જવા નહિ દઉ. માટે તમારા ભેળો સુવા દ્યો. ફાવે તેટલું દુઃખ પડશે તેને હું સહન કરીશ.'' એમ કહીં ચોર મડદાં ભેળો સુઈ ગયો. થોડીવારે પગી સહિત ફોજદાર આવ્યોને પગીએ ફોજદારને કહ્યું જે, તમારો ચોર અહીં છે. ત્યારે ફોજદાર કહે કે, કાલે અહીં લડાઈ થઈ હતી. તેથી આ તો મરેલા મડદાં પડ્યાં છે માટે આગળ ચાલો. ત્યારે પગી કહે, પગલું આગળ ચાલતું નથી. માટે આ મડદા ભેળો જ ચોર છે. ત્યારે ફોજદાર કહે, આમાં તો કોઈ જીવતો નથી. માટે શી રીતે પકડાય ? ત્યારે પગી કહે, તમારા હાથમાં ભાલો છે. તે બધા મડદાની છાતીમાં મારો તેથી જે જીવતો હશે એ બેઠો થશે.

ફોજદારે તે પ્રમાણે કર્યું. પણ લાજ રાખવા માટે ચોરે ભાલાનું દુઃખ સહન કર્યું. પછી ઘાસનો પૂળો સળગાવીને બધાને મુખે અડાડ્યો પણ કોઈ બેઠું થયું નહિ. ત્યારે ફોજદાર કહે, તમારા કહેવા પ્રમાણે બે ઉપાય કર્યા પણ કોઈ ઉઠ્યું નહિ. માટે આગળ ચાલો નહિતર ચોર ભાગી જશે. ત્યારે પગી કહે, ''ચોર તો અહીંયા જ છે.'' તમે હું લખાવું એ પ્રમાણે એક કાગળ લખો. જે આ મડદાંમાં રહેલો ચોર ઉભો થશે તેને કોઈ પ્રકારની સજા કરવામાં આવશે નહિ. અને શૂળીએ ચઢાવવામાં પણ આવશે નહિ. પણ શિરપાવ આપીને રજા દેવામાં આવશે. આવું લખાવીને નીચે ફોજદારની સહી કરાવીને પછી આ કાગળ પગીએ મડદાંને વાંચી સંભળાવ્યો. તે સાંભળી મડદાં ભેગો સૂતેલો ચોર તુરત જ ઉભો થયો. પછી તે ચોરને રાજા પાસે લાવીને ઉપરની બધી હકીકત કહીને રાજા પાસે શિરપાવ અપાવીને ચોરને રજા આપી.

માટે હે ભક્તો ! આપણે શ્રીજી મહારાજની આજ્ઞા અવશ્ય પાળવી જોઈએ. કારણ કે આપણે પતિત પાવન શ્રીજી મહારાજના ઝોકના છીએ. આપણે મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તીશું તો માણીગર માવ પોતાનું અક્ષરધામ આપશે અને પોતાના ચરણાર્વિંદની સેવારૂપી શિરપાવ આપશે.

જગતમાં સ્વામિનારાયણ સંપ્રદાયની એક આગવી ઉજળી છાપ છે. કપાળમાં તિલક ચાંદલો કરીને કોઈ સત્સંગી બીડી પીતો હોય, તમાકુ ખાતો હોય, ડુંગળી-લસણ આદિક અભક્ષ્ય વસ્તુ ખાતો હોય, લારી-ગલ્લા-હોટલમાં ખાતો હોય, વ્યભિચાર કરતો હોય કે વ્યવહારમાં દગા-પ્રપંચ, છેતરપીંડી કરતો હોય, ચોરી, વિશ્વાસઘાત કરતો હોય, ખોટું બોલતો હોય તેથી સમાજના લોકોને વાતો કરવાનું મળે છે. સ્વામિનારાયણ સંપ્રદાયની ઝોક લજાવવામાં આવી વ્યક્તિ કારણભૂત બને છે. શિક્ષાપત્રીમાં પ્રથમ શ્લોકોમાં શ્રીજી મહારાજે સાચા માણસ બનવાનું શીખવાડ્યું છે. ત્યાર પછીના શ્લોકોમાં જ ભગત બનતા શીખવાડ્યું છે. એટલે સત્સંગી કે ભગત બન્યા પછી કોઈ દિવસ સંપ્રદાયની ઝોક લાજે એવું આચરણ કરવું નહિ. વળી સ્વામિનારાયણ ભગવાનના સંતોની તો સમાજમાં ખૂબ જ આગવી છાપ હોય છે. ભગવા વસ્ત્રનું સમાજમાં ખૂબ માન હોય છે, તેથી સંતોએ તો શ્રીહરિની ઝોક લાજે નહિ તેની અતિશય કાળજી રાખવી જોઈએ. સંપ્રદાયના બે-પાંચ સાધુઓનું વર્તન-આચરણ શિથિલ બને તેથી આખા સંપ્રદાયને કલંક લાગતું હોય છે. સૌથી વધારે કાળજી આચાર્યશ્રીએ રાખવી પડે છે. જેમ પદ ઉંચું તેમ કાળજી વધારે રાખવી પડે છે. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે હરિભક્ત હોય, સંત હોય કે પછી આચાર્યશ્રી હોય કોઈએ પણ શ્રીજી મહારાજની ઝોક લાજે એવું કાર્ય કરવું નહિ. તેમાં જ મહારાજ રાજી છે.

**(૩) "તમારા સત્સંગમાં પણ એક જ ઈમાન છે" - ફતેહમહમદ :**

જગતમાં આજે જ્યારે મનુષ્યોને જાતજાતના દુઃખો આવે છે. ત્યારે તે દુઃખોનું નિવારણ કરવા મનુષ્યો પણ જાતજાતના અનેક વિધ ઉપાયો કરે છે. પરંતુ એક માત્ર ભગવાનમાં જ શ્રધ્ધા અને વિશ્વાસ રાખતો નથી. હકીકતમાં ભગવાન જેટલા દયાળુ છે અને ભગવાનમાં જેટલું સામર્થ્ય છે એટલું બીજા કોઈ દેવ દેવીમાં કે અન્ય કોઈપણમાં નથી. સુખ-દુઃખ માટે એક માત્ર



ભગવાનની ઈચ્છા જ સર્વોપરી માનવી જોઈએ. સુખ કે દુઃખ એક માત્ર ભગવાનની ઈચ્છા ને જ આધીન છે. તેમાં પણ ભગવાનના ભક્તોને તો શિક્ષાપત્રીની આજ્ઞાઓ જેટલી પળાય એટલું સુખ છે અને જેટલી લોપાય એટલું દુઃખ છે. ભગવાનના ભક્તોના માથે કાળ, કર્મ કે માયાનો ભાર નથી. ભગવાનના ભક્તોને ગ્રહો નડતા નથી કે પિતૃઓ નડતા નથી. ભગવાનના ભક્તોના પિતૃઓ જો પોતાના કુળના ભક્તનો ગુણ લે તો તેની પણ સદ્‌ગતિ થાય છે. એકજ ઈમાનનો પ્રસંગ બહુ ટૂંકો છે. પરંતુ બહુ પ્રેરણાદાયી છે તેથી અત્રે લખું છું.

સ્વામિનારાયણ ભગવાન ભુજમાં પધારે છે. સુંદરજીભાઈ તથા ગંગારામ મલ્લ, અદાભાઈને સાથે લઈને શ્રીહરિની સામે ચાલ્યા. તેવામાં ફતેહમહમદ જમાદાર સામો મળ્યો. તેણે સુંદરજીભાઈ વગેરેને કહ્યું કે બહુ ઉમંગ ભર્યા ક્યાં જાઓ છો ? ત્યારે કહે કે, અમારા ગુરુ આવ્યાછે. તેમની સામે જઈએ છીએ, જમાદારે કહ્યું કે રાજાને પણ ભાવ છે તે સવારી લઈને સામા આવશે. એમ કહીં રાજા પાસે જઈને તેણે વાત કરી, તેથી કારભારીને બોલાવી હાથી ઘોડા સાથે સવારી તૈયાર કરી. એક તોપ પણ સાથે લઈને સામા આવ્યા. રાજા પ્રેમથી શ્રીહરિને જોઈને વાહન ઉપરથી ઊતરી પગે લાગવા દોડ્યા. શ્રીહરિ ગણપતરામ નાગરના બગીચા વચ્ચે બંગલામાં આવી પાટ ઉપર બિરાજમાન થયા હતા. શ્રીહરિ પણ રાજાને જોઈને પાટ ઉપરથી નીચે ઉતર્યા. રાજા પગે લાગ્યા. ત્યારે તોપના પાંચ અવાજ થયા. રાજાએ શ્રીહરિનો હાથ ઝાલી પાટ ઉપર બેસાડી પૂજા કરી હાર પહેરાવ્યા અને બોલ્યા કે મારા ઉપર બહુ કૃપા કરી. સર્વે ભક્તજનો આવીને શ્રીહરિને પગે લાગ્યા. રાજાએ ગામમાં પધારવા પ્રાર્થના કરી. શ્રીહરિને હાથી ઉપર બેસાડી રાજા ચામર કરવા લાગ્યા. દારૂખાનું ફોડતાં વાજતે ગાજતે ગામમાં પધાર્યા. હાથી ઉપરથી ઉતરી હીરજીભાઈના મકાનમાં શ્રીહરિએ ઉતારો કર્યો. પલંગ ઉપર બેસી હાર પહેરાવી રાજાને રાજી કર્યા. રાજાએ કહ્યું કે મને આપના પ્રત્યે બહુ માન છે. તમને અમે જગ્યા આપીએ. અહીંયા રહીને કચ્છ દેશમાં ધર્મનો પ્રચાર કરો. તમારો ધર્મ સૌથી શ્રેષ્ઠ છે. તમારા સંતની રીત પણ ન્યારી છે.

રાજા પોતાના મહેલમાં ગયા. પછી શ્રીહરિએ ફતેહમહમદને બોલાવી પાનનું બીડું આપ્યું. ફતેહમહમદ બોલ્યા કે તમે બહુ મોટા છો. અને ધર્મમાં પૂરા કાબેલ છો. અને તમારા નિયમ પણ બહુ સારા છે. તમે શ્રેષ્ઠ ધર્મ ચલાવ્યો છે. તે તમારું બહુ મોટું સામર્થ્ય છે. યવન જાતિ અમે હિંદુના કોઈ ધર્મને માનીએ નહિ. હિંદુ જાતિને અમે બેઈમાન જાણીએ છીએ. તે લોકો જેના તેના દોરા બાંધે, ભૂત, પ્રેત અને ભૂવાની આરાધના કરે પણ એક 'સાહેબનો' વિશ્વાસ ન રાખે. અમે તો સુખ-દુઃખ એક સાહેબના હાથમાં છે માટે તેને છોડીને બીજે ક્યાં બાથ ભીડવી, એમ સમજી એક ઈમાન રાખીએ છીએ. તમારા સત્સંગમાં પણ એક જ ઈમાન છે. તેથી અમે પ્રમાણ કરીએ છીએ.

''हिन्दू की जाति कहावत जेति, बे इमान हम जानत तेति ।
अनेक बाति को हित ले तेहा, जेहि जेहि दोरे बांधत एहा ।
भूत-प्रेत भवानी ताको, आराधन करत हैं बांको ।
एक साहब को नहि विश्वासा, श्वास उच्छास में दिये तेहि वासा ।
तामें होत हैं एक हाथा, ताकुं छोरि कहाँ भरि यह बाथा ।
एक इमान न रखत जाई, हम सत्य करी मानत ताई ।
सत्संग में हैं एक इमाना, ते हि कर हम करत परमाना ।''

શ્રીહરિ બોલ્યા કે હિંદુ હોય કે યવન હોય પણ 'સાહેબ'ના વચન સત્ય માનીને ધર્મ રાખવો જોઈએ. 'સાહેબ' જીવના પરમ મિત્ર છે અને દૂર રહેતા નથી. શ્રીહરિની વાત સાંભળી તે રાજી થયો.

શ્રીહરિ પોતે જ 'સાહેબ' હોવા છતાં સામે જે પ્રકારની વ્યક્તિ હોય તે પ્રકારે વાત કરી તે વ્યક્તિને સંતોષ પમાડતા.

**(૪) મહારાજના ભાઈબંધ :**

રતો બસીઓ નામે કાઠી હતો તે રાજબાઈનો કંઈક સંબંધી હતો. ગઢપુરમાં જીવેન્દ્રનાં ભવનમાં કાળના સમયમાં તે રહેતો, તેને ચિત્તભ્રમ હતું. શ્રીહરિએ તેને ભક્ત કર્યો. શ્રીહરિ તેની સાથે રમૂજ કરવા પોતાના ભાઈબંધ જેવો માનતા. શ્રીહરિ જ્યારે તેને દેખે ત્યારે પ્રસન્ન થતા અને એમ બોલતા કે હમણાં જ ભાઈબંધ અમારી પાસે આવીને બેસશે. એમ કહીં રૂમાલ મુખે



દઈ હસતા તથા એવું કહેતા 'કેમ શું જમ્યા? ચાલો ભૂખ્યા હોય તો જમાડીએ' તેની ઉંમર અઢાર વર્ષની હતી. દેખાવમાં કોઈ રાજા જેવો ગૌર વર્ણનો હતો. શ્રીહરિ રહ્યાં ત્યારે બજારમાં તેને ખભે હાથ મૂકીને બહુવાર ચાલતા. મોટા સંતથી પણ એણે વધારે લાભ લીધો. શ્રીહરિ જમતા હોય ને તેને આવતો દેખે તો બોલાવીને જમાડતા. તેને મનમાં કંઈ ઈચ્છા ન હતીં પણ શ્રીહરિ તેને વારે વારે કહેતા, જે ઈચ્છા હોય તે કહેજો. તમારા અમે ભાઈબંધ છીએ. ત્યારેતે બોલે કે તમે તો ભગવાન છો. તમારાથી કાંઈ અધિક નથી. તમારાથી કાંઈ અધિક જોઈશું ત્યારે માગીશું. તમારે શરણે આવ્યા ત્યારથી બધી તૃષ્ણા નાશ પામી છે, દુઃખમાત્ર ટળી ગયા છે. બધી સુખ સંપત્તિ મળી છે. છતાં માંગીએ તો ભિખારી કહેવાઈએ. શ્રીહરિ કહે તમે ખરા ભાઈબંધ છો. આવા કોઈ ભાઈબંધ અમને મળ્યા નહિ, રોજ માગવાનું કહીએ છીએ છતાં માગતા નથી ને સદાય શાંત રહો છો, એવા પર અમને બહુ જ પ્રેમ થાય છે. (ન માગવા છતાં ક્યારેક શ્રીહરિ તેને કપડાં આપતા).

ભુવનાદીન અને દીનાસિંગ બે અવધપુરીમાં રહેતા. એક વિપ્ર હતાં અને એક ક્ષત્રિય હતા. શ્રીહરિ કહે, અમે અવધપુરીમાં હતાં ત્યારે બેયને ભાઈબંધ કર્યા હતા. આખા પુરમાં એમના જેવા કોઈ શૂરવીર ન હતા. દેશના શૂરવીરો પણ એમનાથી ડરતા. તેમને અમારા પર પ્રીતિ હતી. અમને જે દિવસે જુએ નહિ તે દિવસે તે અકળાઈ જતા. બરફી, પેંડા વગેરે અમને દીધા વિના ખાતા નહિ. પચીસ વર્ષના બેઉ હતા. સ્ત્રી માત્રને માતા સમાન માનતા. સ્ત્રીનો સંગ કોઈ પણ પ્રકારે રાખતા નહિ. ભૂમિ પર સ્ત્રી નથી એમ માનતા. બેયની રુચિ એક હતી. કોઈ રાજાના નોકર પણ થયા નહિ. ગામ ગરાસ પર ભાવ ન હતો. પૂર્વે બજારમાં દુકાનોની ચોકી કરતા. ચોકી ન રાખે તો દુકાનો લુંટાતી અને હજારો રૂપિયાની કિંમતનો માલ જતો.બેય ચોકી કરવા લાગ્યા ત્યારે ચોર આવી શકતા નહિ. બન્ને મલ્લવિદ્યામાં નિપુણ હતા. મરવાનો ભય ન હતો. દેખીને લોકો ડરી જાય એવો ભયાનક વેષ રાખતા. તેની પાસે કોઈ સ્ત્રીની વાત કરે તો પણ ઉડાડી મૂકતા. નારીનો વેષ રાખે તેવા નૃત્યો પણ જોતા નહિ. સાંજ સવાર સરયૂમાં નહાવા જતાં, સ્ત્રીઓ તેમને દેખીને છેટે રહેતી, બન્ને એક પથારીમાં સૂતા નહિ, જેને જેટલું ધન જ્યારે જોઈએ ત્યારે શાહુકારો

આપતા, કામ વિના પૈસો રાખતા નહિ. એક બીજાથી કાંઈ છૂપી વાત રાખતા નહિ. કપટ રાખે તો ચિત્ત નારદ અને પર્વતની પેઠે જુદાં પડે. સ્ત્રી, ધન, ખાન, પાન આદિ કપટ કરાવનારા છે. શ્રીકૃષ્ણને બળદેવ બન્ને શુદ્ધ હતા. છતાં બળદેવજીને શ્રીકૃષ્ણને વિષે કપટ દેખાયું એવો પ્રિય પદાર્થનો ગુણ છે. નિષ્કપટપતારૂપી અમૃતમાં કપટરૂપી ઝેર મળે તો બધું ઝેર થઈ જાય છે. સૌથી પ્રથમ પોતાનાં વર્તનને નિષ્કપટ કરવું, એમ શ્રીહરિ જેવો પ્રસંગ તે પ્રમાણે શ્રોતાને ઉદ્દેશીને વાત કરતા. અને જે જે વાત કરે તેમાં મોક્ષરૂપી ફળ દેખાડતા.

અહીં મહારાજે પૂર્વના બે મિત્રો ભુવનાદીન અને દીનાસંગને યાદ કર્યા, તેથી આપણે પણ તેના વિષે કંઈક વિશેષ જાણીએ. શ્રીહરિ અયોધ્યામાં બાળપણમાં પણ નિઃસ્પૃહપણે રહેતા. ખાનપાનમાં ઉદાસ રહેતા. શીલ, સંતોષ, તપ, ત્યાગ અને નિષ્કામાદિ ગુણોની મૂર્તિ જાણે હોય તેમ વર્તતા. જેમાં શૂરવીરપણું અને ત્યાગ દેખતાં તેની સાથે પ્રીતિ રાખતા. અયોધ્યામાં બહુ દિવસ ફરતાં, તેમને પોતાની રૂચિ પ્રમાણે વર્તતી બે વ્યક્તિઓ સાથે સ્નેહ થયો. તેમાં જેસંગપુર રાયગંજની બજારમાં શૂરવીર અને નિઃસ્પૃહપણે વર્તનારા એક ભુવનાદીન નામે વિપ્ર અને બીજા દીનાસંગ નામે ક્ષત્રિય હતા. તેમણે પોતાના મુકામ પર મલ્લ અખાડો કર્યો હતો. જે કોઈ મલ્લયુદ્ધ શીખવા આવે તેને શીખવાડતા. બન્ને નૈષ્ઠિક વ્રતધારી હતા. કોઈની તમા રાખે તેવા ન હતા. પુરનું રખવાળું અખંડ કરતા. તેથી સૌને પ્યારા લાગતા. ભાવ પ્રમાણે લોકો તેમને મેવા, મીઠાઈ, વસ્ત્ર અને સીધાં આપતા. શ્રીહરિએ તેમને શૂરવીર અને નૈષ્ઠિક જોઈને તેમની સાથે દ્રઢ મૈત્રી કરી. તેઓ એકબીજાને નિત્ય ચાહતા. શ્રીહરિ તેમની સાથે રહી મલ્લવિદ્યા શીખ્યા. લાકડીનો દાવ પણ શીખ્યા. પાછલી પહોર રાતે શ્રીહરિ સ્નાન કરવા ઉઠતા. સ્નાન કરી નિત્ય વિધિ કર્યા પછી ગાળીને ભરેલો દૂધનો અબખોરો તથા પાશેર ભીંજાવેલી ચણાની દાળ મલ્લ અખાડે લઈ જતા. રામરજને પ્રથમ અંગે ચર્ચી પછી સવાસો દંડ કરતા. પછી ચક્રદંડ કરતા. પછી ઉલટાં સૂલટાં ગોળમટાં ખાતા તે ઉભાને ઉભા રહે પણ પૃથ્વીને સ્પર્શતા નહિ. એવી રીતે ભુવનાદીન શીખવાડતા. એક દિવસ દિનાસંગ શ્રીહરિને ખેલ શીખવાડતાં. જેટલા મલ્લવિદ્યાના દાવપેચ હતાં તે શ્રીહરિને શીખવાડ્યા. રમી રહ્યાં પછી ચણાની



દાળખાઈને દૂધ પીતા. એમ નિત્ય ખેલ કરતા. ચાર માસમાં બધી મલ્લવિદ્યા શીખી ગયા.

તે સાંભળીને એક વિપ્ર જે મલ્લવિદ્યામાં કુશળ હતો તે શ્રીહરિ સાથે મલ્લયુદ્ધ કરવા આવ્યો. બહુ બળવાન અને પહ્રાદાર હતો. શ્રીહરિ અગિયાર વર્ષના હતાં અને વિપ્ર વીશ વર્ષનો હતો. શ્રીહરિએ રમવાની ના પાડી તોય તેને લાજ આવી નહિ. ભુવનાદીન અને દીનાસંગે પણ ના પાડી, છતાં તે લડવા માટે મક્કમ રહ્યો. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું કે અરે અભિમાની, અબુધ, અમે તો લડવા ઈચ્છતા નથી છતાં તું આગ્રહ કરે છે તો આપણે બે લડીએ તેમાં કોઈને ચોટ લાગે તેનો રોષ દાવો રાખવો નહિ.એમ પ્રથમ નક્કી કરીને લડવા આવ એમ કહ્યું, ત્યારે તેણે તેમ કબૂલ કર્યું કે રોષ રાખવો નહિ. ભુવનાદીન અને દીનાસંગ જામીન થયા.

શ્રીહરિનાં કોમળ ગાત્ર હતા. તેમણે પોતાની ધોતીનો કચ્છ વાળ્યો ત્યારે નટની પેઠે શોભવા લાગ્યા. તે દેશમાં મલ્લયુદ્ધ જોવાનો બહુ પ્યાર હોય છે. બ્રાહ્મણ ક્ષત્રિયના અપાર છોકરાઓ મલ્લયુદ્ધ જોવા આવ્યા. સ્ત્રીઓ પણ કેટલીક જોવા આવી. વિપ્રમાં કોઈ આસુરી પ્રવેશ હોય અને તેથી પૂર્વનું કંઈક વૈરનું અનુસંધાન રાખી લડવા આવ્યો હોય એમ જણાતું હતું. શ્રીહરિને જાનથી મારી નાખવાનું તેના અંતરમાં હતું. શ્રીહરિ તેનો મલિન ઘાટ જાણી ગયા. પછી પરસ્પર બાથે આવ્યા. બે ઘડી મલ્લયુદ્ધના દાવપેચ પરસ્પર કર્યા. શ્રીહરિના મુખ ઉપર પરસેવાનાં બિંદુ મોતીની પેઠે ઝગમગતાં હતાં. શ્રીહરિનું જોર દેખી બ્રાહ્મણનું મુખ ઝાંખુ થયું. ત્યારે શ્રીહરિ કહે જેટલું બળ હોય તેટલું વાપરીને મારી કેડ પકડ. ત્યારે તેણે શ્રીહરિની કેડ બે હાથે જોરથી પકડી. શ્રીહરિ કહે હવે મને ફેંકી દે. ત્યારે તે જોર કરી ફેંકવા ગયો ત્યાં શ્રીહરિએ પોતાની કેડ છોડાવી દીધી. તેથી તે પડી ગયો. મોઢામાંથી લોહી વહેવા માંડ્યું. પહોર એક સુધી પ્રાણ વિનાનો થઈ ગયો. બધા લોકોએ તમાસો જોયો. કાંડાથી એક હાથ તૂટી ગયો. સૌ હસવા લાગ્યા. પછી તે વિપ્રના ઘરનાં દોડી આવ્યા. રામપ્રતાપજી પણ સાંભળીને ત્યાં આવ્યા. વિપ્રથી બોલાતું ન હતું. તેનો બાપ શ્રીહરિને ડરાવવા લાગ્યો. ત્યારે રામપ્રતાપજી તેને કહેવા લાગ્યા. આ છોકરો તમારા જેવડો નથી કે તમે તેની સાથે લડો છો. તમારો

છોકરો મોટો હતો તે આવા બાળક સાથે લડવા શું કરવા આવ્યો ? તમે બન્ને મૂર્ખ છો કે બાળકની જોડે લડવા માંગો છો. આમાં તમારી શી મોટાઈ છે ? એમ રામપ્રપાતજીએ ડારો દીધો, તેથી કાંઈ બોલ્યો નહિ અને છોકરાને ઝોળીમાં ઘાલીને ઘેર લઈ ગયા. તે દિવસથી તે બ્રાહ્મણ ભુવનાદીન અને દીનાસંગ સાથે અદેખાઈ રાખતો.

કોઈક દિવસે એક ઈજારદાર રાજા ત્યાં આવ્યો. તેને વિપ્રે કહ્યું કે ભુવનાદીન અને દીનાસંગ મહાશૂરવીર છે, એવો શૂરવીર તમારી પાસે કોઈ નથી. બે હજારની ફોજ તેને મારે તેવા છે. અમારા પુરમાં રોજ તે ચોકી પહેરો કરે છે. ત્યારે રાજાએ તેમને બોલાવી ચાકર રહેવા માટે કહ્યું ત્યારે તેમણે રાજાને કહ્યું કે અમે કોઈના ચાકર રહીએ નહિ. ત્યારે રાજાએ તેમને પુરમાંથી ચાલ્યા જવાનું કહ્યું, ત્યારે તેમણે કહ્યું કે અમે જવાના નથી. ભલે તમારા સરખા હજારો આવે. અમે કોઈનું કાંઈ લેતા નથી. કોઈની સાથે લડતા નથી. અમારે ધનની જરૂર નથી અને કોઈના ચાકર રહેવા માગતા નથી.

એમ કરતાં કોઈક દિવસ રાજા હાથી ઉપર બેસી લશ્કર સાથે બહાર નીકળ્યો. સાથે ચાકરનો પાર ન હતો. રામનવમીનો દિવસ હોવાથી સુંદર સવારી નીકળી હતી. પુર જોવાને માટે રાજા નીકળ્યો હતો. ત્યારે ભુવનાદીન અને દીનાસંગ સવારી જોવા આવ્યા. શ્રીહરિ પણ સાથે હતા. રાજાના ચાકરો અતિ ઉન્મત હતા. તેઓ પુરની સ્ત્રીઓને જોઈ હસતા. સૌ ઢાલ તલવારવાળા હતા. તે નિમિત્તે બોલાચાલી થવા લાગી. ભુવનાદીને રાજાના ચાકરોને સ્ત્રીઓની મશ્કરી કરતાં અટકાવ્યા પણ ચાકરો માન્યા નહિ. સામસામી તલવારો ખેંચાઈ અને લડાઈનો નિશ્ચય થયો. ભુવનાદીને કહ્યું, આમ શા માટે કરો છો, તમારા માર્યા અમે મરશું નહિ. તમારા ઉપરી કોઈ આવે તેને પણ અમે માર્યા વિના મુકીશું નહિ. ત્યારે રાજાએ બંદૂક છોડવાની આજ્ઞા દીધી. શ્રીહરિ જોવા માટે ઝાડ ઉપર ચઢ્યા. પોતાના પરમ મિત્રનો કાળ હવે આવ્યો હતો. ભુવનાદીન તથા દીનાસંગે રાજાના અપાર ચાકરોને મારી નાખ્યા હતા. તેથી રાજા વિચારીને હાથીએ બેસી દોડવા લાગ્યો. ભુવનાદીન તેની પાછળ દોડ્યો અને જંઘામાં તલવાર મારી તે રાજા ભોંયે પડી ગયો અને હાહાકાર થયો. પછી રાજાના બે કુંવર ઉપર તે બન્ને ધાયા. રાજકુમારને બચાવવા બીજા



આવી પહોંચ્યા. બંદૂકધારી કિંકરોએ કુંવરની રક્ષા કરવા તેમને ઘેરી લીધા. પછી તે બન્નેને બંદૂકથી માર્યા તેથી તેઓ ભોંય બેસી ગયા. લોહી લુહાણ થઈને બન્ને મરણ પામ્યા. શ્રીહરિએ તેમને વિમાનમાં બેસાડી ધામમાં મોકલ્યા. આગળ શ્રીહરિનો વિયોગ થવાનો હતો તે વિઘ્ન શ્રીહરિએ ટાળ્યું. પછી સૌ પુરમાં આવીને એકબીજાને વાતો કહેવા લાગ્યા. નિષ્કપટ અને સરળ હૃદયના જનો શ્રીહરિને પ્રિય લાગે છે.

અયોધ્યાપુરીમાં કેશરીસંગ, ભવાની સંગ, માનસંગ, રાઘેચરણ, શામલાલ તિવારી તથા જંગબહાદુર એ આદિક તથા છપૈયામાં વેણી, માધવ, પ્રાગ અને સુખનંદન એ આદિક પણ શ્રીહરિના સખા હતા. સત્સંગમાં બ્રહ્માનંદ સ્વામી સાથે શ્રીહરિ મિત્ર ભાવ રાખતા.

### (૫) સ્વરૂપ નિષ્ઠા ભેળા ભગવાન :

મહાભારતના યુદ્ધમાં અર્જુને સ્વરૂપ નિષ્ઠાનું અને યુધિષ્ઠિરે પોતાની ધર્મનિષ્ઠાનું સૌને દર્શન કરાવ્યું. આપણે સૌ જાણીએ છીએ કે યુધિષ્ઠિર કરતા પણ અર્જુન શ્રીકૃષ્ણને વધારે વહાલા થયા. શ્રીકૃષ્ણના સ્વરૂપમાં દ્રઢ શ્રધ્ધા રાખીને, પોતાના તમામ સંશયો, ધર્મ-અર્ધમના તમામ ખ્યાલોને એક બાજુ મુકીને શ્રીકૃષ્ણએ જેમ કહ્યું તેમ અર્જુને કર્યું. દ્રઢ સ્વરૂપ નિષ્ઠાવાળા ભક્તના પક્ષે ભગવાન પણ કેવા રહે છે તે નીચેના પ્રસંગ પરથી સમજાશે.

એક સમયે શ્રીહરિ બોલ્યા જે 'આ સચ્ચિદાનંદ સ્વામી જેવા ભક્ત સારું બ્રહ્માંડનો નાશ થઈ જાય તો પણ પરમેશ્વરને ખટકે નહિ. તે ઉપર ગોપાળાનંદ સ્વામીએ દ્રષ્ટાંત દઈને વાત કરી જે પાંડવોએ જ્યારે રાજસુય યજ્ઞ કર્યો ત્યારે ઉત્તર દિશામાં રાજાઓને જીતવા અર્જુનને મોકલ્યા. તે હંસધ્વજ રાજાની પુરીમાં ગયા. ત્યાં સુધન્વા ભક્તરાજ હતા. દિગ્વિજયમાં એ જીતાણો નહોતો ને એ યાદવ માહીલો નહીં પણ ભક્ત ભારે હતો. તેને અર્જુન કહે, ''તું મને નમી દે.'' ત્યારે સુધન્વા કહે, ''યુધ્ધ કરવા હું તૈયાર છું. પછી બન્ને સામ સામા ઉભા રહ્યા. પછી અર્જુન અને સુધન્વાનું યુદ્ધ થવા લાગ્યું. ત્યારે સુધન્વાને તો અખંડ પ્રભુની સ્મૃતિ હતી. તેણે પ્રભુને સંભારીને એક જ બાણ માર્યું. તેથી અર્જુનને મૂર્છા થઈ ગઈ. ત્યારે શ્રીકૃષ્ણ ધર્મરાજા પાસે હતા. તેમણે જાણ્યું જે અર્જુન મરશે તો મારે પણ અંતર્ધ્યાન થવું પડશે.

કેમ કે પાંડવોએ માંગ્યું હતું જે અમારા પાંચમાંથી એક મરે તો પણ આપને સાથે પધારવું. પછી પ્રભુ ત્યાંથી એકદમ અર્જુનના રથ ઉપર જઈને બેઠા. પછી અર્જુનને મૂર્છા વળી. ત્યારે પ્રભુના દર્શન કરી લડવા તૈયાર થયા.

તે સમયે પ્રભુ સન્મુખ ઉભા રહી સુધન્વાએ પ્રતિજ્ઞા કરી જે, જે દિવસથી મને શ્રીકૃષ્ણ મળ્યા છે તે દિવસથી જો બીજા દેવ માત્રની પ્રતીતિ મારા અંતરમાં ન થઈ હોય તો આ બાણ અર્જુનનું મસ્તક ઉડાડી દેજો. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન કહે જે,મેં શ્રી રામચન્દ્રરૂપ ધરીને, જે જે પુણ્ય કર્યું છે, તેણે કરીને અર્જુનનું બાણ સુધન્વાના બાણને કાપી નાખો. પછી તે બાણ કાપી નાંખ્યું. સુધન્વાએ ફરીથી પ્રતિજ્ઞા કરી જે, જે દિવસથી મને શ્રીકૃષ્ણ ભગવાન મળ્યા છે તે દિવસથી મંત્ર, જંત્ર, જડીબૂટી, કામણ, ટુંમણ, રિધ્ધિ-સિધ્ધિ આદિકની પ્રતીતિ લેશમાત્ર ન થઈ હોય તો આ બાણ અર્જુનનું માથું કાપી નાખો. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું જે, "મેં મચ્છ, કચ્છ, વારાહાદિક અવતાર ધરીને, જે પુણ્ય કર્યા છે તેણે કરીને અર્જુનનું બાણ સુધન્વાના બાણને કાપી નાખો." તે પ્રમાણે કાપી નાંખ્યું. પછી ફરીથી સુધન્વાએ પ્રતિજ્ઞા કરી જે, "જે દિવસથી મને શ્રીકૃષ્ણ ભગવાન મળ્યા છે, તે દિવસથી જો મારા મનમાં સ્ત્રી માત્રનો ઘાટ સંકલ્પ ન થયો હોય તો આ બાણ અર્જુનનું માથું કાપી નાખો." ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા જે, "મે ગોપીયું સંગાથે રાસક્રીડા કરીને પણ અખંડ નૈષ્ઠિક બ્રહ્મચર્ય રાખ્યું હોય તો અર્જુનનું બાણ તેના બાણને કાપી, સુન્ધવાનું માથું ઉડાડીને ગંગાજીમાં નાખી દે." પછી અર્જુને બાણ માર્યું. તે સુધન્વાના બાણને કાપી સુધન્વાનું માથું લઈ આકાશ માર્ગે ગંગાજીમાં પધરાવવા જતું હતું. એ ધડરહિત મસ્તક અખંડ "શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ" શબ્દનો જપ કરતું જતું હતું. શંકર કાશીપુરીમાં કાયમ રહે છે. તે ધ્યાનમાં બેઠા હતા, તેથી નેત્ર ઉઘાડીને આકાશમાં જોયું. ત્યાં તો ધડ વિના એકલું મસ્તક દેખીને અતિ આશ્ચર્ય પામ્યા. પછી શિવજીએ બાણને પ્રાર્થના કરીને તે મસ્તક માગી લીધું. તેની માળા કરીને ડોકમાં નાખ્યું. કેમ કે અખંડ શ્રીકૃષ્ણની સ્મૃતિ રહે તે માટે પોતે ધ્યાનમાં બેઠા હોય અને અખંડ "શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ" શબ્દ કાનમાં પડ્યા કરે, લોકમાં જેને રૂંઢ માળા કહેછે.



સુધન્વા એવો ભક્ત હતો, તોપણ અર્જુન જેવો ન થયો. એ રીતે હરિભક્તને વિષે પણ સરસ-નરસપણું ઘણું છે. અર્જુનની સ્વરૂપ નિષ્ઠા અગર અનુવૃત્તિ દ્રઢ હોવાથી તેમને શ્રેષ્ઠ કહેલાં છે. ભક્તો ! આ વાર્તા પરથી આપણે પ્રથમ તો સુધન્વા જેવું અને ત્યાર પછી અર્જુન જેવું થવાનું છે. આપણને તો શ્રીકૃષ્ણ સહિત તમામ અવતારના આવતારી એવા પુરુષોત્તમ નારાયણ શ્રી સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે. તો દેવ, આચાર્ય, સંત અને શાસ્ત્રની અનુવૃત્તિમાં રહીને સ્વરૂપનિષ્ઠા દ્રઢ કરીએ.

ગઢડા મધ્યપ્રકરણ ૧૬ ના વચનામૃતમાં શ્રીહરિએ સ્વરૂપનિષ્ઠા પર ભાર મૂક્યોછે. મહારાજ કહે છે જે, "સત્ય શૌચાદિક જે કલ્યાણકારી એવા ઓગણચાળીસ ગુણ તેણે યુક્ત ભગવાનનું સ્વરૂપ છે. માટે સર્વે ધર્મ ભગવાનની મૂર્તિને આધારે રહે છે, તે સારું ભગવાનને ધર્મધુરંધર કહ્યાં છે. તે સારું જે ભગવાનની મૂર્તિને વિષે નિષ્ઠા રાખે તેને ભગવાનનું સ્વરૂપ હૃદયમાં રહે, એટલે તેના હૃદયમાં ધર્મ પણ રહે. માટે જે સ્વરૂપનિષ્ઠા રાખે તેને ધર્મનિષ્ઠા સહેજે જ રહે. અને ધર્મનિષ્ઠા રાખે તો સ્વરૂપનિષ્ઠા મોળી પડી જાય છે. તે કારણપણા માટે બુદ્ધિવાન હોય તેને સ્વરૂપનિષ્ઠા જ દ્રઢ કરીને રાખવી તો તે ભેળી ધર્મનિષ્ઠા પણ દ્રઢપણે રહેશે."

ધર્મધુરંધર ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની અનુવૃત્તિમાં આપણે સૌ રહીશું તો આપણો ધર્મ પણ દ્રઢ રહેશે નહીં તો વિમુખોનો ધર્મ તો ક્યાંય આંકડાના તૂરની પેઠે ઉડી જાય છે. કારણ કે તેઓ બિચારાને ધર્મવંશી આચાર્ય દ્વારા પ્રતિષ્ઠા થયેલ મહારાજનું સ્વરૂપ સેવવા નથી મળતું. એટલે મૂર્તિ સ્વરૂપે પ્રત્યક્ષ ભગવાન ન મળે તેથી સ્વરૂપ નિષ્ઠા ક્યાં રાખવી ? અને પ્રત્યક્ષ ભગવાન વિના ધર્મ શેના આધારે રહે ? ધર્મ નિષ્ઠા પણ ક્યાંથી રહે ? તેથી જે સત્સંગી પોતાનું આત્યંતિક કલ્યાણ કરવા ઈચ્છતા હોય તેમણે આ વાતનો વિવેક રાખવો જ જોઈએ.

સદ્ ગુરુ નિર્ગુણદાસ સ્વામીની વાતોમાં ૧૭૮મી વાત બહુ આશ્ચર્યકારી છે. વાત એમ છે જે, ગઢપુરના સમૈયામાં ગામ લાલિયાદના રતનસિંહે મહારાજને પાઘમાં મોતીનો તોરો પહેરાવ્યો પછી આરતી ધૂન કરીને મંચ ઉપર ઉભા રહીને તોરાની લટો મુક્તાનંદ સ્વામી વગેરે મોટા મોટા સાધુને

આપીને મહારાજ બોલ્યા. અમે અક્ષરધામમાંથી આવ્યા છીએ અને રામકૃષ્ણાદિ સર્વે અવતારના કારણ છીએ. જે ચાર વર્તમાન પાળશે અને અમને પુરુષોત્તમ અક્ષરધામના પતિ ને સર્વાવિર્ભાવ કારણ જાણીને ભજશે તેને અમે અક્ષરધામમાં લઈ જશું. જે ત્રણ વર્તમાન પાળશે અને અક્ષરધામના પતિ જાણીને અમને ભજશે તેને પણ લઈ જઈશું. ત્રણ નહિ ને બે પાળશે અને અમને અક્ષરાતીત પુરુષોત્તમ જાણીને ભજશે તેને પણ અક્ષરધામમાં લઈ જઈશું. બે નહિ ને એક પાળી ને અમને પુરુષોત્તમ જાણીને ભજશે તેને પણ અક્ષરધામમાં લઈ જઈશું. એક પણ નહિ પાળે અને અમને સદા દિવ્ય સાકાર મૂર્તિમાન પુરુષોત્તમ જાણીને ભજશે તેને પણ અમે અક્ષરધામમાં લઈ જઈશું. કેમ કે જેને ભગવાનના સ્વરૂપમાં દ્રઢ નિષ્ઠા હશે તેમાં સઘળા શુભ ગુણ આવશે અને અંતે અક્ષરધામને પામશે. તે વિના તે ઉર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય તો પણ તેનું આત્યંતિક કલ્યાણ થવું કઠિન છે. એ સિધ્ધાંત વાર્તા છે.

નિષ્કુળાનંદ સ્વામી લખે છે,

ભુંડી વાસના ભક્તને, જો અણુ અંતરમાં થાય ।
સમઝે બળ સાધનનું, તો સુખ ન રહે કાંય ॥
માટે બળ મહારાજનું, રાખવું હૃદિયામાંય ।
તેહ વિના અપરાધ ટાળવા, અન્ય નથી ઉપાય ॥
મૂરતિ શ્રીમહારાજની, મહાનિધિ મંગળ રૂપ ।
જાણે અજાએ જે આશરે, તે થાય શુદ્ધ સ્વરૂપ ॥
વિઘન પડે વ્યાકુળ થઈ, અતિ થાવું નહિ ઉદાસ ।
પતિત પાવન નાથનો, વડો રાખવો વિશ્વાસ ॥
ભોળાઈએ કાંઈ ભૂલ પડે, થાય ન કરવાનું કામ ।
નર નિશ્ચેનું બળ લેઈ, સમરવા ઘનશ્યામ ॥
દાસ અદાસના દોષને, જ્યારે જુવે જગજીવન ।
નિષ્કુળાનંદ હરિધામને, પામે નહિ કોઈ જન ॥

......... અને જેમ અર્જુન હતાં તેને તો ભગવત્સવરૂપનું બળ હતું, અને યુધિષ્ઠિર રાજાને તો શાસ્ત્રના વચનનું બળ હતું. પછી જ્યારે ભારતની



લડાઈ થઈ ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું જે, 'હે અર્જુન ! સર્વ ધર્મને તજીને તું એક મારા જ શરણને પામ્ય, તો હું તને સર્વ પાપ થકી મુકાવીશ, તું કાંઈ શોક કરીશમાં. એ વચનને માનીને અર્જુન જે તે લડાઈને વિષે અનંત દોષ થયા તો પણ લેશમાત્ર મનમાં ઝાંખા થયા નહિ, અને ભગવાનના આશ્રયનું બળ રાખી રહ્યા. અને યુધિષ્ઠિરે કાંઈ પાપ કર્યું નહિ તો પણ શાસ્ત્રના વચનનો વિશ્વાસ હતો તેણે કરીને એમ જાણ્યું જે, 'મારું કોઈ કાળે કલ્યાણ નહિ થાય.' પછી સર્વે ઋષિએ સમજાવ્યા તથા વ્યાસજીએ સમજાવ્યા તથા શ્રીકૃષ્ણ ભગવાને પોતે સમજાવ્યા તોય પણ શોક મૂક્યો નહિ. પછી શ્રીકૃષ્ણ ભગવાને ભીષ્મ પાસે લઈ જઈને શાસ્ત્ર સંબંધી કથા સંભળાવી ત્યારે કાંઈક વિશ્વાસ આવ્યો. તો પણ અર્જુન જેવા નિઃસંશય થયા નહિ. માટે બુદ્ધિમાનને તો ભગવત્સ્વરૂપનું બળ અતિશે રાખ્યું જોઈએ. એ બળ જો લેશમાત્ર પણ હોય તો મોટા ભયથી રક્ષા કરે. તે પણ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે જે : ''स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतोभयात् ।'' એ શ્લોકનો એ અર્થ છે જે, 'ભગવત્સ્વરૂપના બળનો લેશમાત્ર હોય તે પણ મોટા ભય થકી રક્ષા કરે છે.' જેમ અર્જુને ભારતની લડાઈ કરી ત્યારે તેને વિષે કેટલીક જાનતા અધર્મરૂપી મોટા મોટા ભય આવ્યા પણ તે ભય થકી જે અર્જુનની રક્ષા થઈ તે ભગવત્સ્વરૂપના બળને પ્રતાપે થઈ. માટે જેને સર્વથી ભગવત્સ્વરૂપનું બળ અધિક હોય એજ એકાંતિક ભક્ત કહેવાય અને તે જ પાકો સત્સંગી કહેવાય.

અને શ્રીમદ્ ભાગવતમાં પણ એ જ વાત પ્રધાન છે જે, 'શ્રુતિ સ્મૃતિના ધર્મને કાંઈક તજાય તો તેની ચિંતા નહિ, પણ ભગવાનનો આશ્રય તજવો નહિ.' અને કોઈક એમ જાણે જે, 'આવી વાત કરીએ તો ધર્મ ખોટો થઈ જાય.' પણ આ વાર્તા કાંઈ ધર્મને ખોટા કર્યા સારુ નથી, આ તો એટલા સારુ છે જે દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, ઉપદેશ અને દેવતા, એટલાં વાના શુભ અને અશુભ એ બે પ્રકારના છે. તેમાંથી જો અશુભનો યોગ થાયને એને કાંઈક વિઘ્ન પડે તોપણ જો ભગવાનના સ્વરૂપમાં નિષ્ઠા પાકી હોય તો તે કલ્યાણના માર્ગમાંથી કોઈ કાળે પડે નહિ, અને જો ભગવતસ્વરૂપની નિષ્ઠામાં કાચ્યપ હોય તો જે દિવસ ધર્મમાંથી ચળી જવાય તે દિવસ તે એમ જાણે જે, 'હું નરકમાં પડી ચૂક્યો.' માટે જેને ભગવત્સ્વરૂપનું બળ તે જ પાકો સત્સંગી

છે, અને એ વિના બીજા તો ગુણબુદ્ધિવાળા કહેવાય. અને જેને ભગત્સ્વરૂપની નિષ્ઠા પાકી હોય તેને જ શાસ્ત્રમાં પણ એકાંતિક ભક્ત કહ્યાં છે અને આ સમયમાં જેવી સત્સંગમાં વાર્તા થાય છે તેને જો નારદ, સનકાદિકને બ્રહ્માદિક દેવતા સાંભળે તો સાંભળીને એમ કહે જે, 'આવી વાર્તા કોઈ કાળે સાંભળી પણ નથી અને સાંભળશું પણ નહિ. આ વાર્તા તો' ''न भूतो न भविष्यति'' એવી છે. અને અતિશે ઝીણી વાર્તા થાય છે તો પણ અતિશે સ્થૂળ બુદ્ધિવાળા હોય તેને પણ સમજાય છે, એવી મૂર્તિમાન વાર્તા થાય છે. માટે 'આ સમે જેને સત્સંગમાં પ્રતીતિ આવી છે, તેના પુન્યનો પાર આવે એમ નથી.' એવું જાણી ને સત્સંગી હોય તેને પોતાને વિષે કૃતાર્થપણું માન્યું જોઈએ...... (ગ.મ.પ્ર. ૯)

### (૬) ડુંગળી-લસણ શા માટે નહિ ? :

જે મનુષ્યોએ સર્વાવતારી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની ભજન ભક્તિ કરવી હોય તેમણે ઈષ્ટ દેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની દરેકે દરેક આજ્ઞાને પણ સર્વોપરિ માનીને દરેક આજ્ઞાને જીવનમાં વણી લઈ જીવન જીવવું જોઈએ. ઘણા કહે છે, ''અમારે તો પરંપરાનો બહુ જૂનો સત્સંગ છે.'' ઘણા કહે છે, ''અમે દર પૂનમે જેતલપુર ચાલતા જઈએ છીએ.'' પરંતુ ડુંગળી-લસણની જો વાત આવે તો કહેશે કે, ''એ અમારાથી ન છૂટે !'' ઘણા કહે છે, ''અમારે સ્વામિનારાયણની કંઠી પહેરવી છે પરંતુ અમારે ડુંગળી-લસણ ખાવા જોઈએ. અમારાથી બધુ પળાય નહિ. ખાલી ખોટા દોષમાં પડીએ તેના કરતાં કંઠી વિનાના સારા !'' એટલું જ નહિ, આજ કાલ તો કહેવાતા સુધરેલા લોકો પોતાના ઘેર લગ્નપ્રસંગ જેવા જાહેર જમણવારમાં પણ 'ચણા' જેવા અમુક ચોક્કસ શાકમાં લસણનો ઉપયોગ કરે છે. આશ્ચર્ય અને દુ:ખ તો ત્યારે થાય છે જ્યારે કહેવાતા પરંપરાના સત્સંગીના ઘેર પણ લગ્ન પ્રસંગે અમુક આઈટમમાં ડુંગળી-લસણનો ઉપયોગ થાય છે !

સ્વમિનારાયણ સંપ્રદાય એ આચરણનો સંપ્રદાય છે. 'ભગત' ને તો ભગવાનની આજ્ઞા એજ જીવન હોય ! ભગત જો જગતના પ્રવાહમાં તણાઈ જાય તો જગતના સામાન્ય મનુષ્યો બોધ લેવા ક્યાં જાય ? આપણે તો



આપણાં જીવનું કલ્યાણ કરતા કરતા અન્ય જીવો માટે પણ પ્રેરણારૂપ બનવાનું છે. શિક્ષાપત્રીની કોઈપણ આજ્ઞાને નાની ગણવી નહિ. શિક્ષાપત્રીના એક શ્લોકનો એક શબ્દ પણ કેટલો મહત્ત્વનો હોય છે તેનો દાખલો આપું. મહારાજે લખ્યું કે, અમારા આશ્રિતે માતા, પિતા, ગુરુ અને રોગી આદિક હરકોઈ મનુષ્યની આજીવન સેવા કરવી. મહારાષ્ટ્રમાં પંઢરપુર શહેરમાં વિઠ્ઠલ નામના સુપુત્રએ પોતાના માતા-પિતાની એટલી તન્મયતાથી સેવા કરી કે મહારાજે લખેલા આ શ્લોકનો અડધો ભાગ પણ દિલ લગાડીને પાળવાથી તે ભક્તના ઘેર ભગવાન વિઠ્ઠલા નામ ધારણ કરીને કાયમ માટે રહ્યાં. એ ભક્તને ભગવાને પ્રત્યક્ષ દર્શન આપ્યું,એટલું જ નહિ, વિઠુબાના એ સ્વરૂપને સ્વામિનારાયણ ભગવાન પણ વનવિચરણ દરમિયાન ભેટ્યાં છે. અહો ! અડધો શ્લોક પાળવાથી કેટલી મોટી પ્રાપ્તિ !

ભાંગ, મફર, માજમ, ગાંજો એ આદિક જે કેફ કરનારી વસ્તુ તે ખાવી નહિ અને પીવી પણ નહિ. શિક્ષાપત્રીના શ્લોક નં. ૧૮ નો આ અડધો ભાગ છે. આદિકમાં તમાકું પણ આવે છે. 'તમાકું' નામની કેફ કરનારી વસ્તુ ખાવાથી કેન્સર થયું અને તેના પ્લાસ્ટીક સર્જરીના જુદા જુદા પ્રકારના ઓપરેશનો કરાવવામાં રૂપિયા ત્રણ લાખનો ખર્ચ થયો. શરીરની પીડા અલગ ! શિક્ષાપત્રીના એક નાના જણાતા શ્લોકની કિંમત કેટલી થઈ ? આ દ્રષ્ટાંત કોઈ કાલ્પનિક નથી. મારા એક પરિચિત સજ્જનને પોતાના જીવનમાં થયેલ અનુભવની આ વાત છે જે મેં નજરે જોયેલ આ સત્ય ઘટના અત્રે પ્રેરણા માટે લખેલ છે. તે ભાઈનું કદરૂપું મોઢું જોઈને તથા તેનું દુ:ખ જોઈને અન્ય ઘણા તમાકુંના વ્યસનીઓએ પોતાનું વ્યસન છોડી દીધેલું. આશ્ચર્ય તો એ વાતનું છે કે તે ભાઈના ગળામાં સ્વામિનારાયણ ભગવાનના આશરાની બેવડી કંઠી હતી. શિક્ષાપત્રીનું જ્ઞાન હતું. પરંતુ શિક્ષાપત્રી આચરણમાં ન હોવાથી રાત્રે તમાકું મોઢામાં ભરીને સૂઈ જતા અને સવારે તે તમાકું મોઢામાંથી કાઢતા. શિક્ષાપત્રીનો અડધો શ્લોક લોપવામાં કેટલું દુ:ખ અને નુકશાન વહોર્યું ! આજે ઘણા સત્સંગીઓ એવા છે કે જેઓ કપાળમાં તિલક ચાંદલો કરે છે, પરંતુ તમાકુંનું વ્યસન છોડતા નથી.

શિ. શ્લોક નં. ૧૮૬ માં મહારાજે ડુંગળીને લસણ આદિક જે અભક્ષ્ય વસ્તુ તે બ્રાહ્મણ જાતિ હોય તેણે કોઈ પ્રકારે ન ખાવી તેવી આજ્ઞા કરી છે. તેથી ઘણાં સત્સંગીઓ એવી દલીલ કરે છે કે આ આજ્ઞા તો મહારાજે બ્રહ્મચારીઓના વિશેષ ધર્મમાં ફક્ત બ્રાહ્મણો માટે જ કરી છે. શ્લોક ધ્યાનથી વાંચીએ એટલે ખ્યાલ આવશે કે ડુંગળી-લસણ માટે 'અભક્ષ્ય' શબ્દ વાપર્યો છે એટલે કે ભક્ષણ નહીં કરવા યોગ્ય અર્થાત્ નહીં ખાવા યોગ્ય, શતાનંદ સ્વામીએ શિક્ષાપત્રીના શ્લોકોનું કરેલ વિવેચનને મહારાજે પોતાના હૃદયનો અભિપ્રાય ગણેલ છે. શતાનંદ સ્વામી કહે છે કે, આ શ્લોક એકલા બ્રહ્મચારીઓ માટે નથી. તમામ માટે છે. જેમ કોઈ મકાનના ઉપલા ભાગમાં જઈને પાણીનો એક લોટો ભરીને રેડીએ તો એ પાણી નીચે આવતાં આવતાં બધા નળિયાને પલાળે. એમ બ્રહ્મચારી ધર્મમાં કહેલી આ વાત તમામ આશ્રિતોને લાગું પડે છે. વળી સત્સંગી આચરણથી બ્રાહ્મણ સમાન ગણાય છે. આપણે પણ થોડો લાંબો વિચાર કરીએ તો ખ્યાલ આવશે કે મહારાજ વખતે કોઈ ગૃહસ્થ સત્સંગીના ઘેર ડુંગળી-લસણ ખવાતું નહોતું. એટલું જ નહિ, પરંતુ હરિજન, ભંગી, કોળી, વાઘરી, યવન જેવી જાતિઓના સત્સંગીના ઘેર પણ ડુંગળી-લસણ ખવાતું નહોતું.

શતાનંદ સ્વામી વિવેચન કરતા આયુર્વેદના વાક્યો ટાંકીનેકહે છે : ભગવાનના અવતાર-આયુર્વેદના મહારાજા ધન્વંતરિ તથા નિઘંટુ નામના શાસ્ત્રના અભિપ્રાય મુજબ ડુંગળી મોઢાને બગાડે છે. જીભમાં તથા કંઠમાં ચાંદીઓ પાડેછે તેમજ ડુંગળી અને લસણનું સેવન શરીરના લોહીને પાતળું બનાવી દે છે. હાલના વિજ્ઞાન મુજબ લોહી પાતળું પડે એટલે થાઈરોઈડ ગ્રંથિનો સ્ત્રાવ વધે તથા બ્લડપ્રેશરની તકલીફો ઉભી થાય. આવા બ્લડપ્રેશરની વધઘટવાળા દર્દીઓમાં ક્રોધનો ઉશ્કેરાટ જલ્દી આવે છે. ક્રોધથી માણસ વિવેકશૂન્ય બની જાય છે. નાની સરખી વાતમાં હથિયાર ચલાવાઈ જાય. કોઈનું ખૂન પણ થઈ જાય ! અતિશૂદ્ર માણસને ડુંગળી-લસણ પ્રિય હોય છે. આયુર્વેદના શાસ્ત્રોના મત મુજબ સમુદ્રમંથન વખતે ભગવાનના મોહિની સ્વરૂપે સુદર્શનચક્ર વડે 'રાહુ' નામના અસુરના અમૃતથી ભરેલા અતિ મોટા મસ્તકને છેદી નાંખ્યું. તેના પૃથ્વી પર પડેલા રક્તના છાંટામાંથી લસણ પેદા



થયું. માટે જ એ અભક્ષ્ય છે અને તામસ ગુણ ધરાવે છે. સમુદ્ર મંથનની સવિસ્તર કથા સ્કન્દપુરાણના વિષ્ણુખંડમાં 'શ્રી વાસુદેવ માહાત્મ્ય' નામના વિભાગમાં આવે છે.

ધર્મશાસ્ત્રની દ્રષ્ટિએ જોઈએ તો ડુંગળી-લસણમાં અત્યંત દુર્ગંધ હોય છે. એવી દુર્ગંધ છે કે જેનાથી માણસનું મન વિકૃત થઈ જાય. દુર્ગંધ દેવને પ્રિય નથી. આપણે દેવ સ્થાનમાં કે ઘેર જ્યારે આરતી કે પૂજા કરીએ ત્યારે અગરબત્તી પેટાવીએ છીએ. સુગંધી પુષ્પોના હાર પહેરાવીએ છીએ. કારણ કે દેવને સુગંધ પ્રિય છે. પણ એ વખતે ત્યાં જો ડુંગળીની કે લસણની ગંધ આવતી હોય તો ભગવાનને ગમતી નથી. વળી આપણે એ પણ જાણીએ છીએ કે કોઈ માણસ પોતાના ઈષ્ટદેવને થાળમાં ડુંગળી-લસણ વાળી વાનગી કે શાક ધરાવતા નથી. જેથી એ સિધ્ધ થાય છે કે ડુંગળી-લસણ એ નિશ્ચે અભક્ષ્ય પદાર્થ છે. ગીતામાં શ્રીકૃષ્ણ પ્રભુએ સાત્વિક, રાજસ અને તામસ એ ત્રણ પ્રકારે ખોરાકનું વર્ગીકરણ કરેલું છે. જેમાં ડુંગળી અને લસણને તામસમાં ગણાવ્યાં છે. તો તામસ ખોરાક સાત્વિક માણસોએ ખાવો ન જોઈએ. સાત્વિક પ્રકૃતિના ભગવાનના ભક્તો પ્રતિદિન અવારનવાર તામસી વસ્તુઓ ખાય તો એની પ્રકૃતિ તમોગુણી બની જાય છે. અંતઃકરણ ભ્રષ્ટ થતા હૃદયમાં ભગવાનની મૂર્તિ સાંભરતી નથી અને તેથી મોક્ષમાર્ગમાંથી પડી જવાય છે. સંતો તો ત્યાં સુધી કહે છે કે, સત્સંગીએ જો ડુંગળી-લસણનું ભક્ષણ કર્યું હોય અને તેનો ત્રણ મહિનામાં દેહ પડે તો ભગવાન તેને તેડવા આવતા નથી.

યાજ્ઞવલ્ક્ય ઋષિ એમ કહે છે, જાણી જોઈને કોઈ ડુંગળીને લસણ ખાતો હોય તો એને દારૂ પીધા પછી જે પ્રાયશ્ચિત અપાય એ પ્રાયશ્ચિત આપવાનું, દારૂપીએ ને જે પાપ લાગે એટલું જ પાપ ડુંગળી અને લસણ ખાનારને લાગે છે. સત્સંગિજીવન પાંચમાં પ્રકરણમાં સુરાપાનને પંચ મહાપાપ પૈકીનું એક મહાપાપ ગણેલ છે. હવે આપણે જો બુદ્ધિ દોડાવીએ તો દારૂ અને ડુંગળી-લસણ ભક્ષણનું પ્રાયશ્ચિત સરખું હોય તો બન્ને પ્રકારનું પાપ પણ સરખું થયું કહેવાય ! સ.જી.પ્ર. ૫ ના અ. ૪૪ માં શતાનંદ મુનિ વર્ણન કરે છે કે જે દ્વિજે સુરાપાન કર્યું હોય તો તેણે ઉકળતી સુરા પીને મૃત્યુને ભેટવું

એ જ એની શુદ્ધિ છે. અથવા બ્રહ્મહત્યાના પાપની જેમ બાર વર્ષનું પ્રાયશ્ચિત કરવાથી શુદ્ધ થાય છે. હવે અહીં બ્રહ્મહત્યાના પાપના પ્રાયશ્ચિતનો ઉલ્લેખ આવ્યો એટલે એ પણ જાણવું પડશે. અજાણતાં બ્રાહ્મણની હત્યા થઈ જાય તો મરી ગયેલા બ્રાહ્મણની ખોપરી અથવા બીજા કોઈ મૃત્યુ પામેલા માણસની ખોપરીને લાકડીના છેડે બાંધી અને બીજા હાથમાં તૂટેલું રામપાત્ર લઈ ઘરોઘર ભિક્ષા માંગે, જંગલમાં ઝૂંપડી બાંધીને નિવાસ કરે, પોતે કરેલી બ્રહ્મ હત્યાને બધાની આગળ કહેતો ફરે, તીર્થમાં વિચરણ કરે, ગાય-બ્રાહ્મણની સેવા કરે. આ રીતે બાર વર્ષ સુધી પ્રાયશ્ચિત કરવાથી એ શુદ્ધ થાય છે. અજાણતાં સુરા પીવાઈ ગઈ હોય તો ઉલટી કરીને ઉપરોક્ત વ્રત ત્રણ વર્ષ સુધી કરવું. દવામાં આવી ગઈ હોય તો ચાંદ્રાયણ વ્રત કરવું. લોકો એવું કહે છે કે, હાલમાં ૮૦% થી ૯૦% શિક્ષિત લોકોપણ દારૂપીએ છે. લાગે છે કે હાલનું શિક્ષણ ફક્ત ભૌતિક પ્રગતિમાં જ ઉપયોગી બન્યું છે. હાલના વિજ્ઞાનના તર્કશાસ્ત્રોએ શિક્ષિત માણસને 'નાસ્તિક' બનાવી દીધો હોય તેવું જણાય છે. જ્યારે અભણ માણસ પણ શાસ્ત્ર સાંભળીને, શાસ્ત્રના વચનમાં વિશ્વાસ લાવીને, તે મુજબ જીવન જીવીને જન્મ મરણમાંથી છૂટી ભગવાનના ધામને પામે છે !

જાણીને ડુંગળી-લસણ ખાય, સાધુપુરુષોની આગળ કપટ કરે, અસત્ય બોલે, ખોટી સાક્ષી પુરાવે, એ બધા સુરાપાનની સમાન પાપ માનેલા છે. સ.જી. પ્ર. ૫, અ. ૪૬ માં લખ્યું છે કે ડુંગળી અને લસણ જો ખાવામાં આવી જાય તો એક તપ્તકૃચ્છ્ર વ્રત કરવું. હવે આ તપ્તકૃચ્છ્ર કોને કહેવાય ? તો કહે છે કે, દૂધ, ઘી અને પાણી ત્રણેય ભેગું ગરમ કરીને એક દિવસ પીવું અને બીજા દિવસે ઉપવાસ કરવો. આને તપ્તકૃચ્છ્ર કહેવાય છે. ફક્ત સત્સંગી માટે જ નહિ, પરંતુ વૈષ્ણવ ધર્મમાં તેમજ હિન્દુ ધર્મના પ્રાચીન ગ્રંથ વેદમાં પણ આ તામસ ખોરાકના ત્યાગનું વર્ણન કરેલુંછે. ડુંગળી-લસણ તથા દારૂમાં તફાવત માત્ર એટલો છે કે મહારાજે શિક્ષાપત્રીમાં ડુગળી-લસણવાળા ઔષધની માંદગી જેવા આપત કાળે છૂટ આપી છે, જ્યારે દારૂ અને માંસના મિશ્રણ વાળા ઔષધનો તદ્દન નિષેધ બતાવ્યો છે. લસણ-ડુંગળી આદિક અભક્ષ્ય વસ્તુ શાક, દાળ, કઢી એમ કોઈપણ પ્રકારે થાળીમાં આવે તો એ થાળીનો



તત્કાલ ત્યાગ કરવો જોઈએ. ત્યાં પછી સામાવાળા માણસની સાનુકુળતાનો વિચાર કરવાનો ન હોય ! શ્રીજીમહારાજની આજ્ઞાનો વિચાર કરવાનો હોય. મહારાજની આજ્ઞા અવગણીએ તો મહારાજ કરતા સગાવહાલા પ્રત્યે હેત વધારે દેખાડ્યું ગણાય, જેથી નીચું જોઈને અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ કરી લીધું.

બિન સત્સંગી લોકો એવું પૂછતાં હોય છે કે ડુંગળી-લસણનો શા માટે નિષેધ છે ? તો ઘણા અજ્ઞાની લોકો એવું કહેતા હોય છે કે સ્વામિનારાયણ ભગવાનની થાળીમાંથી ડુંગળી દડી ગઈ હતીં તેથી તમારા ધર્મમાં ડુગળી ખવાતી નથી. તો આવા અજ્ઞાની અને બિન સત્સંગી લોકો માટે પણ આ લેખ માર્ગદર્શન બનશે. ડુંગળી સ્વામિનારાયણ ભગવાનની થાળીમાંથી નથી દડી ગઈ, પરંતુ ભગવાનના હૃદયમાંથી દડી ગઈ છે, તેથી થાળીમાં કોઈ કાળે આવી જ નથી !

**(૭) અંતઃશત્રુ કામ અને તેને જીત્યાનો ઉપાય :**

કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષ્યા, અહંકાર આદિક હરકોઈ અંતઃશત્રુઓ અનંતકાળથી મનુષ્યોને પીડતા આવ્યા છે, કળિયુગમાં આ અંતઃશત્રુઓ પોતાનું વધુ બળ બતાવે છે. ભગવાનના ભક્તો પણ જો આ અંતઃશત્રુઓ સાથે વેર ન કરે તો તે ભક્તોને પણ પીડે છે. ભગવાનના ભક્તો જો અંતઃશત્રુઓને વશ વર્તીને ચાલે તો તેની ભક્તિ, તેનો સત્સંગ બધું ઝાંખુ થઈ જાય છે. જેમ ફુટેલા પાણીના ઘડામાં પાણી ભર્યું હોય, પછી તેમાંથી પાણી ટપકી ટપકીને તે પાણીનો ઘડો ખાલી થઈ જાય છે, તેમ અંતઃશત્રુઓને વશ વર્તતા ભગવાનના ભક્તને પણ ભક્તિ, સત્સંગનું ફળ દેખાતું નથી. અંતઃશત્રુઓ બળવાન છે, પરંતુ ભગવાનથી વધારે બળવાન કોઈ નથી. તેમાં પણ આપણને સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષ મળ્યા છે. તે સર્વોપરી સર્વાવતારી શ્રીહરિનું હૃદયમાં બળ રાખી અંતઃશત્રુઓ સામે લડતા રહેવું, તો તે ભગવાનના બળે કરીને ભક્તના હૃદયમાં એક કાળે અંતઃશત્રુઓ અવશ્ય નાશ પામે છે.

શાસ્ત્રોનો સાર એટલો જ છે કે, ''પરમકૃપાળુ પરમાત્માની દયાથી, સુરવાંછિત મનુષ્યદેહ, અનંત જન્મના ભ્રમણને અંતે પ્રાપ્ત થયા પછી, બુદ્ધિવાળા મનુષ્યની બુદ્ધિનું આટલું જ પરમફળ છે કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ

અને ગંધ એ પંચવિષયોમાંથી વૈરાગ્ય પામી, પ્રત્યક્ષ પરબ્રહ્મ પરમાત્મા શ્રીહરિમાં પ્રીતિ કરવી.'' અંતઃશત્રુ કામ ઉપર એટલા માટે લખવું છે કે સંપ્રદાયમાં સંતો કે હરિભક્તો જ્યારે કામ અંથઃશત્રુથી પરાભવ પામીને નિયમ બહાર વર્તીને અઘટિત કાર્ય કરે છે, ત્યારે વ્યક્તિગત તે સંત-હરિભક્તનું તો ભૂંડુ થાય છે, પરંતુ તે સાથે સંપ્રદાયને પણ મોટું કલંક લાગે છે. તેમાં પણ ભગવાવસ્ત્રધારી ત્યાગી સ્ત્રીગમન કરે છે, ત્યારે તેમના તે આચરણથી સંપ્રદાયને ખૂબ મોટું નુકશાન થાય છે. ઉજળા કપડાંમાં ડાઘ તુરત જ દેખાય છે.

શ્રીહરિ કહે, કોટિ જન્મથી સ્વાદ ચાખ્યા પણ તેનો પાર આવતોનથી. તેનું નામ જ મોહ છે. પંચ વિષયોનું એવું છે. શ્રીહરિનો જેને ખપ હોય તે જ વિષમયાં અહિત સમજી શકે છે. મોહનો મારગ છૂટે તો જ હરિમાં સ્નેહ થાય છે. પુરુષ પ્રકૃતિ સુધીનો ભોગ છે તે બધો મોહ અને દુઃખ ઉપજાવે છે. માટે મારા ભક્તોને તેમાં દોષ દેખાડી અભાવ લાવી હું ત્યાગ કરાવું છું. જ્યાં સુધી રસાસ્વાદ, કામ, લોભ, સ્નેહ અને માન આદિ શત્રુ છે ત્યાં સુધી મોહ ટળે નહિ. અને મોહ ટળ્યા વિના પ્રભુમાં પ્રીતિ થાય નહિ. સત્પુરુષનો જ્યારે યોગ થાય ત્યારે અનંત કાળનો રોગ જાય.નારીએ નરનો અને નરે નારીનો અનુરાગ તજવો. એ સમાન સામર્થ્ય બીજું કોઈ નથી. સૌભરીએ બહુ કાળ તપ કર્યું પણ એક પળ માત્રમાં બેહાલ થયા. ભવ, બ્રહ્મા, નારદ જેવા પણ નારીનું મુખ દેખી સમર્થ હોવા છતાં ફજેત થયા. કામનો સંહાર કરવા શ્વેતદ્વીપ અને બદરિકાશ્રમમાં જુગોથી ઋષિઓ અને સિધ્ધો તપ કરે છે. જીવમાત્રને કામે રોળી નાખ્યા છે. જેણે હરિના શરણરૂપી નૌકાનો આશ્રય કર્યો તે જ કામ સિંધુ તરી ગયા છે.

આનંદમુનિ કહે, શ્રીહરિના પ્રતાપથી તરુણ સ્ત્રી-પુરુષોએ ઉલટીના અન્નની પેઠે અંતરથી જ કામનો અભાવ કર્યો છે. હરિના પ્રતાપે સ્વપ્નમાં પણ કામના રાગ દેખાતા નથી. સ્વપ્નમાં સિંહ કે સર્પ દેખાય તો જેવો ત્રાસ ઉપજે છે તેવો ત્રાસ કામનો પ્રસંગ થતા સ્વપ્નમાં પણ અખંડ રહે છે. ભૂમિ ઉપર અપાર સ્ત્રીઓ થઈ, તેમાં ફક્ત મીરાંને પોતાના લાલજી વિના નર માત્ર ખારા લાગ્યા. સુલભા નામની સંન્યાસિની આત્મદર્શી થઈ તેણે સંસાર સુખ



તજ્યાં. એ બે બડભાગી બાઈઓ સિવાય બીજી કેટલીક ત્યાગી બાઈઓ સંબંધી વિનાના પુરુષોનું ભૂલથી પણ મુખ ન જુવે એવી પણ કેટલીક બાઈઓ છે. જે ભગવાન વિનાના પુરુષ માત્રને નરકના દ્વાર સમજે છે. કૃષ્ણની પ્રતિમામાં જ એક ચિત્ત પરોવે છે. શ્રીહરિ પોતે ભગવાન છે, છતાં સ્ત્રીનો ત્યાગ સખત રીતે પાળે છે. તેમનો ત્યાગ જોઈ તથા તેમની વાત સાંભળી અનંત નરનારીઓ તેવો ત્યાગ રાખે છે. શ્રીહરિનો ત્યાગ તો એવો છે કે ભૂલમાં પણ નારીનો ગંધ આવે તો ખાધેલા અન્નની ઉલટી થઈ જાય એવો સહજ સ્વભાવ છે. કામથી મોટા મોટા દેવો ઋષિઓ પરાભવ પામ્યા છે. તેને જીતવા માટે ઋષિ મુનિઓ ફળફૂલ ખાઈ બદરિકાશ્રમમાં અહર્નિશ નરનારાયણ ભગવાનનું ધ્યાન કરે છે. પરંતુ આ શ્રીહરિ અને તેમનાં ભક્તોમાં જેમણે નિવાસ કર્યો છે તેમની પાસે કામ પણ આવતાં ડરે છે. શ્રીહરિ તેમના રખેવાળ છે. તેનો તેને તાપ લાગે છે. ખેતરમાં અન્ન પાકે ત્યારે સૌ ખાવા ઈચ્છે છે પણ સાવધાન માણસ જો રખેવાળું રાખે તો બધું અનાજ ઘરમા આવે, નહિ તો પશુ પંખી ખાઈ જાય. મતપંથના ખેતરો રખેવાળ વિના ભેળાય છે. સત્સંગરૂપી ખેતરમાં શ્રીહરિ રાત દિવસ રખેવાળું કરે છે. તેથી કામ કંપે છે. જ્યાં આદર મળે ત્યાં પ્રીતિ થાય. આદર ન કરે તેની સૌ નિંદા કરી દૂર જાય. એ રીત પ્રમાણે કામને જ્યાં આદર મળે ત્યાં જાય છે. તેની નિંદા થાય ત્યાંથી દૂર જાય છે. જ્યાં કામ જાય ત્યાં જીવનું બગાડી નાખે છે.

તીર્થમાં બ્રહ્મચર્યનો નિયમ રાખ્યા વિના જપ, તપ, વ્રત તથા સત્સંગ આદિક કાંઈ પણ ફળીભૂત થતું નથી. એક સંતને જમાડે તો કોટિ યજ્ઞનું ફળ કહ્યું છે. સંતના દર્શન માટે જતાં દરેક પગલે કોટિ યજ્ઞનું ફળ કહ્યુ છે, પણ બ્રહ્મચર્ય વિના તે ફળને ન આપે. જગતમાં કીર્તિ મળે પણ પાપ કરેલું ભોગવવું પડે. પાણી વિનાનું ખેતર જેમ બગડે તેમ નિયમ વિનાનું કોઈપણ પુણ્ય સિધ્ધ ન થાય. વાડ કર્યા વિના તથા ખબર રાખ્યા વિના જે ખેતર ખેડે તેને કાંઈ પણ હાથમાં ન આવે. હરાયાં પશુ ખાઈ જાય. વાડ કરી હોય તો પણ પંખી ખાધા વિના રહે નહિ. પણ એક મનુષ્ય સાચવનાર હોય તો પંખી પણ ન બેસે, તેમ ઈન્દ્રિયો અને મન પંખી સમાન જાણવાં. હરિભક્ત કે સંતનો સંગ હોય અને ભગવાનના ચરિત્ર સાંભળતો હોય તો સત્સંગરૂપી

ખેતર રહે. બ્રહ્મચર્ય વિના મોટા સિધ્ધ કે મુક્ત હોય તો પણ શોભે નહિ. બ્રહ્મચર્યથી જ સર્વત્ર અધિક પ્રતાપ દેખાય છે. નરનારાયણ ભગવાન છે, તે પણ તપ અને બ્રહ્મચર્ય ધારણ કરી જગતને જણાવે છે કે એક ભગવાન વિના બીજા ફળની ઈચ્છાથી જે તપ કે બ્રહ્મચર્ય પાલન કરે છે, તેનું ફળ અતિ તુચ્છ છે. અને તેનાથી જન્મમરણ મટતાં નથી. ભગવાનને મુખ્ય રાખીને સાધન કરે તેને જ અપાર સુખની પ્રાપ્તિ થાય છે.

જે ગુરુ, પંડિત, આચાર્ય અને મત સત્ય છે, તે તો સત્સંગ ઉપર તાન રાખે છે. પહેલાં પણ જે સત્ય ગુરુ અને આચાર્ય થયા તેમણે પણ સત્સંગ ઉપર તાન રાખી, ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યથી બહાર વર્તન કર્યું નથી. વ્યસન અને ફેલમાત્ર તજી વિષયને કાક વિષ્ટા સમાન માનતા હતાં અને ત્યારે જ લોકોએ તેમને સત્ય માન્યા હતા. પ્રકૃતિ પુરુષ સુધીના ભોગોને જે સત્પુરુષો થયા છે તેમણે મોટા રોગ રૂપ જ માન્યા છે. હરિ વિનાના ભોગ જેમણે વિષ કરતાં પણ અધિક દુઃખરૂપ માન્યા છે, તે સાચા સત્પપુરુષ ગણાય છે. ગમે તેવા સમર્થ પુરુષો હોય અને નારીને નાગણી જેવી સમજતા હોય. વિષયને નરક જેવા માનતા હોય, છતાં જેણે પણ નારી તજી નથી તેને વિષ ચઢતા વાર લાગે નહિ. પાષાણ અને લોહ સમાન કઠણ હૃદય હોય પણ નારીનાં નયનરૂપી અગ્નિ જો લગાર પ્રવેશ કરે તો પાણી થઈને તરત વહેવા લાગે. શિવ અને બ્રહ્મા જેવા સમર્થ પણ પાણી થઈ ગયા તો બીજાનું શું લેખું. સૃષ્ટિ થઈ છે ત્યારથી નારી અને પુરુષ અંતરમાં એક રસ થઈને રહ્યાં છે, દેહથી ફક્ત જુદાઈ દેખાય છે. તે અંતરને જુદાં કરવા માટે શ્રીહરિએ વર્ણાશ્રમના ધર્મ બાંધ્યા છે. ભગવાનને અંતર્યામી જાણી તેમનાથી ડરી નીતિ પ્રમાણે ચાલવું. ત્યાગીના નિયમો જે શ્રીહરિએ બાંધ્યા છે તે સંત ક્યારેય ચૂકતા નહિ. તેમાં પાંચ નિયમો જે મુખ્ય કહેવાય તેનો નિત્ય અભ્યાસ રાખતા. અભ્યાસ વિના કાચા ગણાય. જે વિષય જાળથી બચી શકે નહિ. શૃંગી ઋષિને સ્ત્રી પુરુષનું જ્ઞાન ન હતું છતાં અભ્યાસ ન હતો તો વેશ્યાએ બાંધ્યા. વિષયમાં જરૂર બંધાઈ જાય, કારણ કે જ્ઞાન વિના નિયમ રહે નહિ. હરિ વિના બીજાની સ્મૃતિ થાય તેને મહામુનિઓ સંસાર કહે છે.



જીવમાં જે કામવાસના છે તે અનંત દેહ ધરાવે છે અને દરેક દેહમાં દુઃખ અપાર પડે છે. છતાં જીવ તેનો વિચાર કરતો નથી. હરિને ભજ્યા વિના જન્મ મરણ ટળતાં નથી. જગતમાં કેટલાક જીવને જીવતા બળવાનો પ્રસંગ આવે છે. કાં તો માથું કપાય છે, કાં તો તોપે ચઢે છે. એવાં અપાર દુઃખ જીવ વારે વારે ભોગવે છે. પણ પાપ બુદ્ધિ હોવાથી હરિ ભજવાનો ઉપાય સૂઝતો નથી. જે અવતારને સત્ય માને તેનાથી પાપ થાય નહિ. જીવને અસાધ્ય એવો કામનો રોગ છે. તે હરિ ભજ્યામાં વિઘ્ન કરે છે અને હરિમાં સ્નેહ થવા દેતો નથી. તેમ સમજી જ્ઞાનરૂપી ખડગથી શ્રીહરિએ તેને માર્યો. પાતાળથી પુરુષ પ્રકૃતિ પર્યંત જીવોને કામે વિફળ કર્યા છે. દેવ અને ઋષિઓ પણ ક્યારેક વિફળ થયા છે. તેમનો મહિમા રાખીને શ્રીહરિએ કામનું એવું અપમાન કર્યું કે જેવું ક્યારેય થયું ન હતું. જ્યાં જ્યાં સ્થાવર જંગમમાં જીવ સંબંધ બાંધે છે, ત્યાં સર્વત્ર કામનું બીજ હોય છે. તે કામનું જોર આ વખતે તોડી નાંખ્યું અને નિયમરૂપી કોટમાં રાખી સંત હરિભક્તોની શ્રીહરિએ કામથી રક્ષા કરી. નિયમમાં વર્તતા ત્યાગી ગૃહીને કામ ક્યારેય પરાભવ કરી શકતો નથી. બાકીના જે વર્ણ અને આશ્રમના મનુષ્યોને તો કામે જીતી લીધાં છે. નિયમરૂપી કોટ અને શ્રીહરિ રખેવાળ એ બન્ને હોય તો સત્સંગરૂપી ફૂલવાડીમાં મોક્ષફળ થાય છે. નિષ્કામવ્રત ઉપર શ્રીહરિને બહુ હેત હોવાથી વારંવાર તે સંબંધી વાત કરતા અને કહેતા કે નિષ્કામ વ્રત વિનાનાં નરનારી પશુ સમાન લાગે છે. નિષ્કામી હરિભક્તો પાસે અમને રહેવાનું ગમે છે. નિષ્કામી ભક્તોછે તેને તુલ્ય કોઈ આવે નહિ.

શ્રીહરિ કહે, જે વિધવા સ્ત્રી થાય તેને પુરુષ કરવાની ઈચ્છા હોય તો કરવો પણ કલંકથી ડરવું. માતા પિતાના કુળને તથા સત્સંગને લાંછન દેવું નહિ. જેને માથે લાંછન આવે નહિ તે સત્સંગમાં શ્રેષ્ઠ છે. પુનર્લગ્ન ન કરવું હોય તેમણે વિષયની અરુચિ શીખવી અને વિધવાના ધર્મમાં નટ દોર ઉપર ચાલે તેમ સાવધાન થઈને ચાલવું. સધવા કે વિધવા કોઈ નારીએ સ્વતંત્ર રહેવું નહિ. સ્વતંત્ર રહેવામાં ઉમા જેવી સતી સ્ત્રીઓ દુઃખી થઈ. સ્ત્રી કામિની છે, તેને લીધે મોટામોટા દેવ અને ઋષિઓ વિકારી બન્યા છે. નરનારાયણ ભગવાન વિના દરેકને માથે કામનો ભય છે. નારી અને ધન જે

દુઃખકારીછે તે તો અનંત જન્મથી પ્રાપ્ત થતા આવ્યા છે. માટે સાચા સંત શુદ્ધ જ્ઞાને કરીને તેનો મોહ રાખતા નથી. સંસાર ત્યાગ કરીને ધન, નારીને ચિંતવે તે સંત થયા નથી. ગમે તેવા ભોજનો જમ્યા હોય પણ તેની ઉલટી કરી નાખી હોય તો તેને ફરી કોઈપણ માણસ ખાઈ શકે નહિ. ખાય તે માણસ કહેવાય નહિ, શ્વાન કહેવાય. માટે ત્યાગી માત્રે અષ્ટ પ્રકારે નારી ને ધનથી દૂર રહેવું, કારણ કે તે બન્ને સંસારના મૂળ છે. જે જે યોનિમાં જીવ જાય છે ત્યાં ત્યાં વિષયથી તૃપ્ત થતો નથી અને અંતે અપાર દુઃખી થાય છે. તેનું દુઃખ દેખ્યામાં આવે ત્યારે હરિભક્ત થાય છે. વિષયમાં સુખની મતિ છે ત્યાં સુધી ભક્તપણું આવતું નથી. ભક્ત થયા પછી વિષયમાં રાગ રહે તો ભગવાન તેને ઉત્તમ વિષયો બીજે જન્મે પમાડે છે. નિયમ ને નિશ્ચય હોય તો તેની અસદ્ગતિ થતી નથી.

શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે, અમારા આશ્રિત જે પુરૂષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો. તેથી વ્યભિચારનો મન કર્મ વચને સર્વથા ત્યાગ કરવો. પુરુષોએ પરસ્ત્રી સાથે અને સ્ત્રીઓએ પરપુરુષ સાથે ગમન કરવું એ 'વ્યભિચાર' કહેવાય છે. ગૃહસ્થાશ્રમીઓના બ્રહ્મચર્યવ્રતના પાલન વિષે શ્રી સ્વામિનારાયણ ભગવાન વચનામૃતમાં કહે છે ......... અને ગૃહસ્થને પણ બ્રહ્મચર્ય કહ્યું છે જે, પરસ્ત્રીનો ત્યાગ રાખવો, તથા પોતાની સ્ત્રીનો પણ વ્રતને દિવસ ત્યાગ રાખવો ને ઋતુ સમે સ્ત્રીનો સંગ કરવો. એ આદિક જે જે ત્યાગી અને ગૃહસ્થને નિયમ કહ્યાં છે તેમાં જેટલો જેને ફેર પડે તેટલો તેને કલેશ થાય છે. ......... (ગ.પ્ર.પ્ર. ૩૪)

ગૃહસ્થ સત્સંગીના પાંચ વર્તમાન પૈકીનું 'વ્યભિચાર ન કરવો' એ એક વર્તમાન છે. ગૃહસ્થ સત્સંગી પાંચ વર્તમાન પાળતો હોય ત્યાં સુધી તેનો અવગુણ ન લેવો. પંચવર્તમાનમાં ભંગ થાય તો તેનો અવગુણ લેવામાં દોષ નહિ. શ્રીહરિ કહે છે, ..... અને તેમજ પાંચ પ્રકારની જે સ્ત્રીઓ છે તેનો જો ધર્મ ભંગ કરાવે તો તેને પણ બ્રહ્મ હત્યાનું પાપ લાગે છે. તે પાંચ પ્રકારની સ્ત્રીઓ કઈ, તો - એક તો પોતાને શરણે આવી હોય, અને બીજી તે પોતાની સ્ત્રી હોય અને વ્રત ઉપવાસને દિવસે પોતાનો સંગ કરવા ન ઈચ્છતી હોય અને ત્રીજી તે પતિવ્રતા હોય અને ચોથી તે વિધવા સ્ત્રી અને પાંચમી તે



વિશ્વાસી સ્ત્રી. એ પાંચ પ્રકારની સ્ત્રીઓને સંગાથે જો વ્યભિચાર કરે તો તેને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. તેમાં જે વિધવા સ્ત્રી છે તેનું જો મન કુમાર્ગને વિષે ડોલતું હોય તો તેને સમજાવીને ધર્મમાં રાખવી. ........ (ગ.પ્ર.પ્ર. ૭૨)

મનુસ્મૃતિમાં કહે છે, સધવા સ્ત્રી પરપુરુષ સાથે વ્યભિચાર કરવાથી આ લોકમાં નિંદાને પાત્ર થાય છે. ને મર્યા પછી શિયાળની યોનિમાં જન્મ પામી કોઢ આદિ અનેક પાપરોગોથી પીડાય છે. પુરુષોને પરસ્ત્રી ગમન સર્વસ્વનો નાશ કરનાર કહેલું છે. મહાભારતના ઉદ્યોગપર્વમાં વિદુરજી ધૃતરાષ્ટ્રને કહે છે, પારકા દ્રવ્યનું હરણ કરવું, પર સ્ત્રી ગમન અને સમાન હૃદયવાળા મિત્રનો પરિત્યાગ - એ ત્રણ દોષો સર્વનાશ કરનારા છે. કોઈપણ વર્ણના મનુષ્યે - કોઈપણ વર્ણના સ્ત્રી-પુરુષોએ વ્યભિચાર ન કરવો, કેમ કે આ લોકમાં વ્યભિચાર જેવું આયુષ્યનો ક્ષય કરનાર બીજું કોઈ પાપ નથી. જે પુરુષો પરસ્ત્રી સાથે વ્યભિચાર કરે છે તે પુરુષો જેની સાથે વ્યભિચાર કરે છે તે સ્ત્રીના શરીરમાં જેટલાં રૂંવાડા હોય છે એટલા વર્ષ (સાડા ત્રણ કરોડ વર્ષ)ને હજારે ગુણીએ તેટલાં વર્ષ સુધી નરકમાં પડે છે. જે મૂઢ બુદ્ધિવાળા પુરુષો પરસ્ત્રી સામું કુદ્રષ્ટિથી જુએ છે તે તેવા દુષ્ટ સ્વભાવને લીધે ફરીથી બીજા જન્મે જન્મથી જ આંધળા જન્મે છે. દુષ્ટ - કામકુવાસના વાસિત મનથી જે પર સ્ત્રીને કુદ્રષ્ટિથી જુએ છે તે પાપાચરણવાળા પુરુષો અનેક રોગોથી આ લોકમાં પીડાય છે.

'વાસુદેવ માહાત્મ્ય'માં નારાયણ ભગવાન નારદજીને ગૃહસ્થાશ્રમીઓના ધર્મ વર્ણવતા કહે છે, ગૃહસ્થાશ્રમી પુરુષે કામભાવથી પરસ્ત્રીઓને ક્યારેય જોવી નહિ. અને શ્રાધ્ધના દિવસો, અમાવાસ્યાદિ પર્વના દિવસો ને એકાદશી આદિવ્રતના દિવસોએ પોતાની સ્ત્રીનો પણ સંગ કરવો નહિ. 'હારીત સ્મૃતિ'માં તો પરસ્ત્રીએ પહેરેલા વસ્ત્રના છેડાનો કામવાસનાથી સ્પર્શ કરનારને બ્રહ્મહત્યા તુલ્ય પાપ લાગે છે એમ કહેલું છે. કામભાવથી સ્ત્રીના પહેરેલા વસ્ત્રના છેડાનો સ્પર્શ કરે તો તે વસ્ત્રને સુતરના કે રેશમના જેટલા તાર હોય તેને સોગણા કરીએ તેટલા વર્ષ સુધી તે નરાધમ પુરુષ દેહ મૂક્યા પછી નરકમાં વાસ કરે છે. 'દેવલ સ્મૃતિ'માં કહે છે, જે સ્ત્રી કામભાવથી અન્ય પુરુષ પાસે જાય છે. વ્યભિચાર કરે છે તે નરકને પામે છે

અને તે પછી સાત જન્મ સુધી ગધેડીનો જન્મ પ્રાપ્ત કરી રોગોથી અતિશય પીડાય છે. શ્રીમદ્ ભાગવતમાં કહે છે, આ લોકમાં જે પુરુષ અગમ્યા સ્ત્રી સાથે ગમન કરે છે અથવા જે સ્ત્રી અગમ્ય પુરુષની સાથે ગમન કેર છે તે બન્ને 'તપ્તસૂર્મિ' નામના નરકમાં પડે છે અને ત્યાં યમના દૂતો તે બન્નેને ચાબખાનો માર મારે છે - પુરુષને લોઢાની ધગધગતી પૂતળીનું આલિંગન કરાવે છે ને સ્ત્રીને લોઢાના ધગધગતા પુરુષના પૂતળા સાથે આલિંગન કરાવે છે.

વેશ્યાને 'વૃષલી'માં ગણેલીછે. જેથી તેની સાથે વ્યભિચાર કરે તો પરસ્ત્રી ગમન કરતાં પણ વિશેષ પાપ લાગે છે. 'વૃષલી' કોણ કહેવાય તે વિષે 'મિતાક્ષરા'માં કહે છે, ચંડાળની સ્ત્રી, બંધકી (સ્વૈરિણી સ્ત્રી), વેશ્યા, રજસ્વલા થયેલી કુંવારી કન્યા તથા સગોત્રમાં પરણેલી સ્ત્રી - આ પાંચ 'વૃષલી' કહેવાય છે. આવી સ્ત્રીની સાથે એક રાત્રિ પણ ગમન કરનારો પુરુષ પ્રત્યવાયી થાય છે. જે પાપ ત્રણ વર્ષ પર્યંત નિત્ય ભિક્ષા માંગી ભિક્ષાન્ન જમે ને ત્રણ વર્ષ સુધી નિત્ય જપ કરે ત્યારે નિવૃત્ત પામે છે. તેમાં બ્રાહ્મણ માટે હારીત મુનિએ વિશેષ દોષ જણાવ્યો છે. વૃષલી સાથે ગમન કરવાથી બ્રાહ્મણ તરત જ અધોગતિ પામે છે. તેવી સ્ત્રીમાં રહેલાં ગર્ભથી ઉત્પન્ન થયેલા બાળક નિશ્ચે તત્કાળ પતિત પણાને પામે છે. તે હેતુ માટે પોતાની પરણેલી સ્ત્રી સિવાયની બીજી સ્ત્રીમાત્રનો સંગ ત્યજવો જોઈએ એવું સિધ્ધમુક્ત શતાનંદ મુનિ શિક્ષાપત્રી ભાષ્યમાં જણાવે છે.

વ્યભિચારના ત્યાગરૂપ આ વર્તમાનને શ્રી સ્વામિનારાયણ ભગવાન 'નિષ્કામ વર્તમાન' કહે છે. એ નિષ્કામી વર્તમાન ત્યાગાશ્રમી તથા ગૃહસ્થાશ્રમી એમ બન્નેએ પાળવાનું હોય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે, "જેને નિષ્કામી વર્તમાન દ્રઢ હોય તેને આલોકમાં તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહે નહિ .અને અમારે પણ તે ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થતું નથી. અમે અહીં ટક્યા છીએ તે પણ અહીંના (ગઢડાના) હરિભક્તોનો નિષ્કામી વર્તમાનનો અતિ દ્રઢાવ દેખીને ટક્યા છીએ. નિષ્કામી વર્તમાન જેને દ્રઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તો પણ તેની પાસે જ છીએ. અને તે નિષ્કામી વર્તમાનમાં જેને કાચપ છે તે અમારી પાસે રહે છે તો પણ તે લાખ ગાઉ છેટે છે. અને અમને નિષ્કામી ભક્ત હોય તેના



જ હાથની કરેલી સેવા ગમે છે. માટે આ મૂળજી બ્રહ્મચારી છે તે અતિશે દ્રઢ નિષ્કામી છે તો એની કરેલી સેવા અમને અતિશે ગમે છે. ને બીજો કોઈ સેવા ચાકરી કરે તો તે એવી ગમતી નથી. અને અમે જે જે વાર્તા કરીએ છીએ તેને વિષે પણ નિષ્કામી વર્તમાનનું જ અતિશે પ્રતિપાદન થાય છે. અને જે દિવસ થકી અમે પ્રગટ થયા છીએ તે દિવસ થકી નિષ્કામી વર્તમાનને જ અતિશે' દ્રઢ કરતા આવીએ છીએ.

અને સભા બેઠી હોય ત્યાં કોઈક સ્ત્રી અથવા પુરુષ તેને જોયામાં ફેર પડે ત્યારે એ ગમે તેટલી યુક્તિ કરીને સંતાડે તો પણ અમને જણાયા વિના રહે જ નહિ. ત્યારે અમારો તે મનુષ્ય ઉપર અતિશે' કુરાજીપો થઈ જાય છે ને અમારું મુખ પણ શ્યામળું થઈ જાય છે ને તેનું દુઃખ તો અતિશે' લાગે છે પણ મહોબત જાણીને ઝાઝું કહેવાય નહિ. અને વળી સાધુ દાવો છે માટે હૈયામાં સમજી રહીએ છીએ પણ જો રાજા જેવી રીત હોય તો તેને માથે ઝાઝો દંડ થાય. માટે સર્વ મોટા પરમહંસ તથા મોટી મોટી બાઈઓ તેને અમે મૉરથી જ કહીં રાખ્યું છે જે સત્સંગમાં (સંપ્રદાયમાં) કોઈ પુરુષને તથા કોઈ સ્ત્રીને નિષ્કામી વર્તમાનમાં કદાચિત્ જો ફેર પડે તો અમને સંભળાવશોમા; શા માટે જે, અમે એવી વાર્તા જ્યારે સાંભળીએ ત્યારે જેમ વાંઝિયાને ઘેર દીકરો આવ્યો હોય ને તે મરી જાય ને તેને જેવો શોક થાય તેવો અમારે પણ શોક થાય છે તથા મનમાં એમ વિચાર થઈ જાય છે જે 'બધા સત્સંગને મૂકીને જતા રહીએ.' માટે જે નિષ્કામી વર્તમાન રાખે તે જ અમને વહાલો છે અને તેને ને અમારે આલોક પરલોકમાં દ્રઢ મેળાપ રહે છે.

ગ.મ. ૩૩ ના આ વચનામૃતમાં જ શ્રીજી મહારાજ નિષ્કામી વર્તમાનને દઢ કરવા માટેના ઉપાયો વર્ણવતા કહે છે. .......... નિષ્કામી વ્રત દઢ રાખવાની પણ ઘણીક સામગ્રી જોઈએ છીએ, તેમાં પણ ત્રણ ઉપાય છે તે તો અતિશે મુખ્ય છે. તેમાં એક તો મનને વશ કરવું, જે મનને વિશે અખંડ એવું મનન કરવું જે, 'હું આત્મા છું, દેહ નથી.' ને ભગવાનની કથા શ્રવણાદિક જે નવધા ભક્તિ તેને વિશે મનને અખંડ જોડી મેલવું પણ ક્ષણમાત્ર મનને નવરું રહેવા દેવું નહિ. જેમ કોઈક પુરુષને ભૂત વશ્ય થયો હતો તે જ્યારે કામ ન બતાવે ત્યારે તેને ખાવા તૈયાર થાય, તેમ આ મન

છે તે પણ ભૂત જેવું છે. તે જ્યારે ભગવદ્ ભક્તિમાં ન રાખે ત્યારે અધર્મના ઘાટ ઘડે ત્યારે એ ભૂતની પેઠે જીવને ખાવા તૈયાર થયું કહેવાય. માટે મનને અખંડ ભગવાનની કથા-કીર્તનાદિકમાં જોડી રાખવું એટલે એ મન વશ થયું કહેવાય. અને બીજો ઉપાય એ છે જે પ્રાણને નિયમમાં રાખવો. તે જેમ ગીતામાં કહ્યું છે જે, 'આહાર વિહાર યુક્ત રાખવો પણ અતિશે ખાવાની લોલુપતા ન રાખવી,' એવી રીતે વર્તે ત્યારે પ્રાણ નિયમમાં થયો કહેવાય. અને પ્રાણ નિયમમાં ન કર્યો હોય તો ખાધાની બહુ મનમાં તૃષ્ણા રહે. પછી અનંત પ્રકારના જે રસ તેને વિષે રસના ઈન્દ્રિય છે તે દોડતી ફરે ત્યારે બીજી ઈન્દ્રિયોને વશ કરી હોય તે પણ સર્વે મોકળી થઈ જાય, માટે આહારને નિયમમાં રાખીને પ્રાણને નિયમમાં કરવો. અને ત્રીજો ઉપાય એ છે જે આ સત્સંગને વિષે જેને જેને જે જે નિયમ કહ્યાં છે તેમાં દેહને રાખીને નિયમમાં કરવો. એવી રીતે એ ત્રણ ઉપાયને જે દ્રઢ રાખે તેને નિષ્કામી વર્તમાન અતિશે દ્રઢ થાય છે. .........

.......... "જે પોતામાં ભૂંડો સ્વભાવ હોય તેને દેખીને ભગવાન અને ભગવાનના સંત કુરાજી થતા હોય તે સ્વભાવ સાથે જ્યારે વૈર કરીએ ત્યારે જેને જે સાથે વૈર હોય તે તો સર્વે જગત જાણે એવું હોય તે સંતને પણ ખબર પડે. પછી સંત તો તે સ્વભાવના વૈરી છે, તે આપણા પક્ષમાં ભળીને આપણી ઉપર દયા કરે અને જે પ્રકારે તે સ્વભાવને જીતીએ એવો ઉપાય બતાવે. માટે જે સ્વભાવે પોતાને ફજેત કર્યો હોય તે સ્વભાવ સાથે સુધું દ્રઢ વૈર બાંધીને તેનું મૂળ ઉખડી જાય એવો ઉપાય કરવો. અને જ્યારે એવી રીતે વર્તીએ ત્યારે ભગવાન ને ભગવાનના સંત આપણા ઉપર પૂર્ણ દયા કરે અને જ્યારે હરિની ને હરિજનની જે ઉપર દયા થાય ત્યારે તેને હૈયામાં અતિશે સુખ વર્ત્યા કરે. અને કલ્યાણને માર્ગે ચાલ્યાની પણ સામર્થી વધે અને પોતાના શત્રુ જે કામ, ક્રોધ, લોભાદિક તેનું બળ ઘટી જાય છે. માટે જે પોતાના હૃદયને વિષે અતિશે શત્રુ પીડતો હોય તે સાથે અતિશે વૈર કરીએ તો તેની પરમેશ્વર સહાય કરે છે. માટે પોતાના શત્રુ જે કામાદિક સાથે જરૂર વૈર કરવું ઘટે છે, અને પોતાના અંતઃશત્રુ સાથે વૈર કર્યામાં ઘણો જ લાભ છે." ...... (ગ.પ્ર.પ્ર. ૭૮)



......... પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછયું જે, "વિષયની નિવૃત્તિ થયાનું કારણ તે વૈરાગ્ય છે કે પરમેશ્વરને વિષે પ્રીતિ છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "એક તો વિષયની નિવૃત્તિનું કારણ આત્મનિષ્ઠા છે અને બીજું માહાત્મ્યે સહિત જે ભગવાનનું જ્ઞાન તે છે. તેમાં આત્નિષ્ઠા તો એવી રીતની જોઈએ જે, "હું ચૈતન્ય છું ને દેહ જડ છે, અને હું શુદ્ધ છું ને દેહ નરકરૂપ છે, અને હું અવિનાશી છું ને દેહ નાશવંત છે, અને હું આનંદરૂપ છું ને દેહ દુઃખરૂપ છે" એવી રીતે જ્યારે દેહ થકી પોતાના આત્માને સર્વ પ્રકારે અતિશે વિલક્ષણ સમજે ત્યારે દેહને પોતાનું રૂપ માનીને વિષયમાં પ્રીતિ કરે જ નહિ. એવી રીતે આત્મજ્ઞાને કરીને વિષયની નિવૃત્તિ થાય છે. અને ભગવાનનો મહિમા એમ વિચારે જે, 'હું આત્મા છું અને જે પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તે પરમાત્મા છે અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ તથા બ્રહ્મપુર તથા અનંત કોટિ બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક દેવ એ સર્વેના સ્વામી જે શ્રીપુરુષોત્તમ ભગવાન તે મને પ્રત્યક્ષ મળ્યા છે અને તે મારા આત્માને વિષે અખંડ વિરાજમાનછે. અને તે ભગવાનનું જે એક નિમેષ માત્રનું દર્શન તે ઉપર અનંત કોટિ બ્રહ્માંડના જે વિષયસુખ છે જે સર્વેને વારી ફેરીને નાખી દેઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંતકોટિ બ્રહ્માંડના વિષય સુખ ભેળા કરીએ તો પણ તેના કોટિમાં ભાગની બરોબર પણ થાય નહિ અને જે ભગવાનનું અક્ષરધામ છે, તેની આગળ બીજા જે દેવતાના લોક છે તેને મોક્ષધર્મને વિષે નરક તુલ્ય કહ્યાં છે, એવા ભગવાન તે મને પ્રગટ મળ્યા છે તેને મૂકીને નરકના કુંડ જેવા જે વિષયના સુખ તેને હું શું ઈચ્છું ? અને વિષય સુખ તો કેવળ દુઃખરૂપ જ છે.' એવી રીતે ભગવાનનું માહાત્મ્ય જાણવે કરીને વિષયની નિવૃત્તિ થાય છે અને એવી રીતે જે આત્મજ્ઞાન અને પરમાત્માનું જ્ઞાન તેમાંથી જે વૈરાગ્ય પ્રગટે તે વૈરાગ્યે કરીને સર્વ વિષયસુખની વાસનાની નિવૃત્તિ થઈ જાય છે. અને જેણે એવી રીતે સમજીને વિષય સુખનો ત્યાગ કર્યો છે તેને પાછી વિષયમાં પ્રીતિ થાય જ નહિ અને એનું જ મન જીતાણું કહેવાય છે. .......... (સા. ૧)

ત્યાગી કે ગૃહી એમ હર કોઈએ એવું વિચારવું કે મારા ઈષ્ટદેવે બાંધી જે મર્યાદા તેની બહાર જો હું વર્તીશ તો મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ

ભગવાન મારા ઉપર રાજી નહિ રહે, કારણ કે ભગવાન તો અંતર્યામીરૂપે દરેક જીવપ્રાણી માત્રમાં રહેલાં છે. જ્યારે કામ અંતઃશત્રુ પીડે ત્યારે શ્રીજી મહારાજની મૂર્તિનું હૃદયમાં ધ્યાન કરીને ઉચ્ચ સ્વરે નરનારાયણ, સ્વામિનારાયણ એમ વારંવાર બોલવું. વેરાભાઈ એક દિવસ પાછલી પહોર રાત્રિએ ઉઠીને મહારાજનું ધ્યાન કરતા હતા. તે વખતે પોતાના દેશોમાંથી મૂર્તિમાન જે કામાદિક દોષ તે પોતપોતાની સેના સહિત અનુક્રમે બહાર નીકળતા હતા. વેરાભાઈ તેમને વારાફરતી પૂછતા હતાં કે તમે કોણ છો ? એટલે સર્વે પૃથક પૃથક કહેતા હતા; અમે કામાદિક દોષ છીએ. હવે અમારાથી તારામાં રહેવાતું નથી. એટલે અમે ઉચાળા ભરીને જઈએ છીએ. આ વાત વેરાભાઈએ સવારમાં મહારાજને કહીં એટલે મહારાજે કહ્યું, હવે તમારામાં એ દોષ રહી શકે નહિ.

શ્રીજી મહારાજે એક સમયે એવી વાત કહીં કે જ્યારે અંતરમાં કામાદિકના સંકલ્પ વિકલ્પ થાય ત્યારે ભગવાનને તથા મોટા મોટા એકાંતિક સાધુને તથા મોટા મોટા એકાંતિક હરિજનને સંભારવા એટલે એ રક્ષા કરવા દોડી આવે. એટલે કામાદિક શત્રુ નાસી જાય. જેમ કોઈને ચોર લૂંટતા હોય ત્યારે તે બૂમો પાડે એટલે બીજા દોડી આવતાં ચોર નાસી જાય તેમ.

....... "ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય, તો પણ તે સાથે અમારે બને નહિ. અને ક્રોધ ને ઈર્ષ્યા એ બેય માનને આશરે રહે છે, અને કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી જે, 'એ સત્સંગી છે' અને કામી તો સત્સંગમાં હોય તોય વિમુખ જેવો છે. અને જેને પંચવર્તમાનમાં કોઈ વાતે ખોટ્ય ન હોય, અને ગમે તેવા વચનના ભીડામાં લઈએ અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહ પર્યંત મૂંઝાય નહિ, એવો હોય તે પાકો સત્સંગી છે." .......... (ગ.પ્ર.પ્ર. ૭૬)

....... "ઈંદ્રિયોની જે ક્રિયા છે તેને જો શ્રીકૃષ્ણ ભગવાન અને તેના ભક્તની સેવાને વિષે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે, અને અનંતકાળના જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઈ જાય છે. અને જો ઈંદ્રિયોની વૃત્તિઓને સ્ત્રી આદિકના વિષયમાં પ્રવર્તાવે છે તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે અને



કલ્યાણના માર્ગ થકી પડી જાય છે. માટે શાસ્ત્રમાં જેવી રીતે વિષયને ભોગવ્યાનું કહ્યું છે તેવી રીતે નિયમમાં રહીને વિષયને ભોગવવા પણ શાસ્ત્રની મર્યાદાને ઉલ્લંઘન કરીને ભોગવવા નહિ અને સાધુનો સંગ રાખવો અને કુસંગનો ત્યાગ કરવો." .......... (ગ.પ્ર.પ્ર. ૮)

....... "જો અતિ પાપીનો સંગ થાય તો પાપનો વધારો થાય. અને કાંઈક સુકૃત હોય તે પણ નાશ પામે. અને મદિરાપાનની કરનારી જે પાતર્યો તેના ગળામાં હાથ નાખીને બેસે, અને પછી પરમેશ્વરનો વાંક કાઢે, જે મારું મન કેમ ઠેકાણે રાખ્યું નહિ ? તેને તો મહામુર્ખ જાણવો." (ગ.પ્ર.પ્ર. ૫૫)

જેમ ભૂંડાને યોગે કરીને જીવની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, તેમ પરમેશ્વર અથવા પરમેશ્વરના સંતને યોગે કરીને જીવની બુદ્ધિ સારી થાય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે, "જેમ સર્વ જળને રહ્યાનું સ્થાન સમુદ્ર છે તેમ સર્વ દોષોનો આશ્રય કામ છે. જ્ઞાની, શાસ્ત્રજ્ઞ તથા બ્રહ્મસ્વરુપને વિષે સ્થિતિવાળા પુરુષો પણ કામવાસનાને આધીન થતાં સ્ત્રી સંબંધી સુખ બ્રહ્મના આનંદથી પણ અધિક માને છે. કેટલાક પંડિતો પણ કામે કરીને સ્ત્રી સંબંધી સુખ પામવાને અર્થે સ્ત્રીઓની સભામાં દંભે કરીને ભક્તિનો આડંબર કરે છે તથા જ્ઞાન વાર્તા કરે છે. કેટલીક સ્ત્રીઓ પણ કામ થકી પુરુષના અંગ સંગનું સુખ પામવાને અર્થે શ્રીકૃષ્ણ ભગવાન સંગાથે અભેદભાવ માની કહેવાતા ભક્તોની પ્રીતિપૂર્વક સેવા કરેછે. કામ થકી સ્ત્રી સંબંધી સુખ પામવાને અર્થે ગુરુ પણ પોતાના શિષ્યને ઠગે છે ને તે પ્રમાણે શિષ્ય પણ ગુરુને ઠગે છે. કામના પરવશપણાને લીધે પોતાના ગોત્રની સ્ત્રીનો, ગુરુસ્ત્રીનો તથા મા-બહેન-દીકરી ઈત્યાદીનો સંગ કરે છે. કામે કરીને વિધવાગમન તેમજ વેશ્યાગમન થાય છે. બ્રાહ્મણાદિક ઉત્તમ જ્ઞાતિના તથા કુળવાન પુરુષો પણ કામે કરીને શ્વપચની સ્ત્રી, મુસલમાનની સ્ત્રી ઈત્યાદિ સ્ત્રીનો સંગ કરે છે. કામે કરીને પુરુષ, પુરુષને વિષે તથા ગધેડી આદિ પશુ જાતિને વિષે મૈથુન કરવા પ્રવૃત્ત થાય છે. મહાત્યાગી કહેવાતા હોય તો પણ કામ થકી વાનરાની પેઠે ધીરજ રહિત થઈ પોતાના હાથે શિશ્ન ઈંદ્રિય થકી વીર્યપાત કરેછે. કામ થકી પૃથ્વીને વિષે અતિશય વર્ણ સંકરતા-વટલવું, વટલાવવું - તેની પ્રવૃત્તિ થાય છે અને ચાર વર્ણને ચાર આશ્રમના ધર્મોનો નાશ પણ કામ થકી જ થાય

છે. કામાસક્તિને લીધે સ્ત્રીઓ પોતાના પતિ, પિતા, ભાઈ આદિને મારી નાખે છે અથવા મરાવી નાખે છે; તેમ જ પુરુષો પણ કામસુખમાં અંતરાય કરતી - મારવા યોગ્ય નહિ એવી સ્ત્રીઓને પણ મારી નાખે છે કે મરાવી નાખે છે. વળી કામવેગથી અભક્ષ્ય ભક્ષણ, મત્સ્ય માંસાદિક ભક્ષણ, સુરાપાન તથા અસત્ય ભાષણ ઉચ્ચારવામાં ઉત્તમ પુરુષોની પણ પ્રવૃત્તિ થાય છે. ક્રોધ, મદ, મત્સર, માન, ઈર્ષ્યા, ગર્વ, દંભ, નિર્લજ્જતા, ચાડિયાપણું, અપકીર્તિ, સંમોહ, સ્મૃતિભ્રંશ, મતિક્ષય, અપમૃત્યુ તથા મહારોગો - આ બધા દોષો કામને જ આશરીને રહેલાં છે. વળી કામ થકી શ્વાન સૂકરાદિ નીચ શરીરોની પ્રાપ્તિ, નરકયાતના, અસદ્‌બુધ્ધિ ને વારેવારે જન્મમરણ સંસૃતિ એમ અધોગતિ થયા જ કરે છે. આ પ્રમાણે કામથી અનેક દોષો ઉદ્‌ભવે છે.''

કામ પર વિજય મેળવવાના ઉપાય બતાવતા શ્રીહરિ કહે છે, ''આ અંતઃશત્રુ યુવાવસ્થામાં સ્ત્રીઓ તથા પુરુષોને અત્યંત પીડા કરનાર હોવાથી સારા વ્રત તથા સારા વિચારથી તેને જીતવો. યુવાન ત્યાગીઓએ દરેક વર્ષે ચોમાસામાં ધારણા પારણા, ચાંદ્રાયણ, પરાક વ્રત, કૃચ્છ્ર વ્રત, અતિકૃચ્છ્ર વ્રત, સાંતપન વ્રત, ઉદ્‌દાલક વ્રત, યાવક વ્રત, સૌમ્યકૃચ્છ્ર વ્રત, ફળકૃચ્છ્ર, પર્ણકૃચ્છ્ર, મૂળકૃચ્છ્ર, જળકૃચ્છ્ર તથા માસોપવાસ વ્રત કરવા. આ વ્રતોથી મનમાં રહેલી કામવાસના નાશ પામે છે. માટે ત્યાગીઓએ જ્યાં સુધી કામનો ક્ષય ન થઈ જાય ત્યાં સુધી યુવાવસ્થામાં આ વ્રતો કરવા; તેમજ સત્સમાગમથી પ્રાપ્ત થયેલા વસ્તુ વિચારોથી દુર્જય એવો પણ કામ નિશ્ચે જીતી શકાય છે...... સ્ત્રી સંગમાં રહેલાં મહાદોષનો વિચાર રાખી મારા ત્યાગી આશ્રિતોએ તેનો દૂરથી જ ત્યાગ કરવો. શ્રીહરિએ ત્યાગાશ્રમીઓને કામ જીતવા માટેના નિયમો વર્ણવ્યા છે તથા તે નિયમોનો ભંગ થાય તો તેનું પ્રાયશ્ચિત વર્ણવેલું છે. જેનું ત્યાગાશ્રમીઓને જ્ઞાન હોય છે તેથી અત્રે લખેલ નથી. જેનું વર્ણન સત્સંગિજીવન ગ્રંથમાં આપવામાં આવેલ છે. પ્રગટ ભગવાનની ભક્તિથી, સાચા સત્પુરુષના સમાગમથી અને પ્રથમ કહ્યાં જે વ્રત તથા નિયમોથી દુર્જય એવો પણ કામ તેને જીતીને ત્યાગી પરમસુખ પામે છે.

અહીં ફક્ત અંતઃશત્રુ 'કામ' વિષયક સંક્ષિપ્ત વર્ણન કર્યું છે. પરંતુ બીજા ક્રોધ, લોભ, માન, અહંકાર, ઈર્ષ્યા, સ્નેહ વગેરે તમામ અંતઃશત્રુઓને એવી



રીતે અનંત દોષ વાળા સમજીને, તે અંતઃશત્રુઓને જીતીને શ્રીહરિની ભક્તિ કરવી, જેથી આ જન્મે જ આત્યંતિક કલ્યાણ થાય છે. અંતઃશત્રુ 'માન' સત્સંગીને સત્સંગની બહાર ઢસડી જાય છે. દરેકના અવગુણ લેવાની ટેવ વાળો મનુષ્ય સત્સંગમાં આવતો નથી. અને આવે તો સત્સંગમાં વૃદ્ધિ પામતો નથી. અંતમાં મુક્તાનંદ કાવ્યની થોડી પંક્તિઓ લખું છું.

कामतुल्य नहीं प्रबल कोउ, जिन त्रिभुवन वश्य कीन।
मुक्त कहे सो संत से, हारी गयो होय दीन ॥
सब की शुध बुध हरत हे, क्रोध बडो विकराल ।
क्षमा खडग ले मुक्त कहे, संत हनत ततकाल ॥
सबही लोककुं ग्रसत हे, पापी लोभ पिशाच ।
मुक्त कहे संतोष से, संत करत तेही नाश ॥
एहि विध रिपुदल मारके, प्रभु पद किनी प्रीत ।
मुक्त कहे सो संत जन, सोवत होय नचिंत ॥

વિદ્યાર્થીઓ પણ જ્યાં સુધી અપરણિત હોય ત્યાંસુધી તેઓ બ્રહ્મચારી વર્ગમાં જ ગણી શકાય. પોતાનું શ્રેય ઈચ્છતા વિદ્યાર્થીઓએ અશ્લીલ સાહિત્ય, બિભત્સ ફિલ્મો, દુરાચારી તથા ચારિત્ર્યવિહીન મિત્રોની સોબત તેમજ હસ્તમૈથુન જેવી કુટેવથી હરહંમેશ બચવું જોઈએ. વિદ્યાર્થીઓ પણ જો સત્સંગમાં રૂચિ ધરાવે તો તેઓનું ભવિષ્ય ઉજળું બને છે.

**(૮) ઉત્તમ સંતતિ પ્રાપ્તિ કથન :**

'શ્રી સ્વામિનારાયણ સંહિતા' ગ્રંથમાં સારી-નરસી સંતતિ પ્રાપ્ત થવાનું વિવેચન આપેલું છે. જે ગૃહસ્થો માટે ખૂબ ઉપયોગી હોઈ અત્રે તેનું નિરૂપણ કરું છું.

ઘેલા જોષી કહે, ''હે મહારાજ, મારે સાત દીકરીઓ છે. પણ દીકરો નથી.'' શ્રીજી કહે, ''તમારે દીકરા થશે. તેમાં મોટાનો વંશ રહેશે. દીકરી જે નાની કશળી તેનો વંશ રહેશે.'' તે પ્રમાણે ઘેલા જોષીને વર આપ્યો તેથી જોષી બહુ રાજી થયા. પ્રભુની પૂજા કર્યા પછી જોષી કહે, ''હે મહારાજ, સારી પ્રજા આપજો, સારા માણસ ને નબળી પ્રજા થાય છે અને નબળા માણસને સારી પ્રજા થાય છે તેનું શું કારણ ?'' શ્રીજી કહે, ''કારણ સાંભળો, રજસ્વલા સ્ત્રી

બહુ અપવિત્ર ગણાય છે. પહેલે દિવસે ચાંડાલી, બીજે દિવસે બ્રહ્મહત્યારી, ત્રીજે દિવસે અર્ધ બ્રહ્મહત્યારી અને ચોથે દિવસે શુદ્ધ ગણાય છે. તે પંદર દિવસ શુદ્ધ ગણાય. પણ પાંચમે દિવસથી દેવ, પિતૃ કર્મમાં યોગ્ય થાય. ઋતુ તો સોળ રાત્રિ રહે છે. પછી વીશમાં દિવસથી ફરી રજસ્વલા થાય છે. પણ તે રજસ્વલાપણું એક મહિનો વીત્યા બાદ પ્રસિદ્ધ થાય છે અર્થાત્ દેખાય છે. રજસ્વલા સ્ત્રીએ નીચે પ્રમાણેના કામ ન જ કરવા.

સ્નાન, શૌચ, ગાયન, રૂદન, હાસ્ય, વાહન ઉપર બેસવું, તેલ મર્દન લગાડવું, જુગટે રમવું, ચંદન લેપન - શરીરે ચંદન ચોપડવું, દિવસે સૂવું, દાતણ, મૈથુન, દેવ પૂજા, મન વચનથી નમસ્કાર. બીજી રજસ્વલા સ્ત્રીને ન અડે, તેની સામે ન બોલે, સ્પર્શ કે ભાષણ કરે તો વસ્ત્ર કાઢી નાખે, રજસ્વલા સ્ત્રીએ સ્નાન કરીને પરપુરૂષને જોવો, સૂર્યના દર્શન કરી પંચગવ્ય (ગૌમૂત્ર, છાણ, દૂધ, દહીં, ઘી) અથવા ગાયનું દૂધ શુદ્ધિ અર્થે પીવે.

રજસ્વલા સ્ત્રી ચોથી રાત્રિ પુરુષ સંગ કરે તો અલ્પાયુ, વિદ્યાહીન, વ્રતભ્રષ્ટ, પતિત, પાપી, પર સ્ત્રી ગમન કરનાર અતિ દ્રરિદ્ર પુત્ર પેદા થાય છે. પોતાને કન્યા પ્રાપ્ત થાય તેવી ઈચ્છા હોય તો પાંચમી રાત્રિએ વિધિપૂર્વક સંગ કરે. ગર્ભમાં રક્ત અધિક હોવાથી કન્યા થાય છે. શુક્ર-વીર્ય અધિક હોવાથી પુત્ર થાય છે. રજ અને વીર્ય સમ હોય તો નપુંષક થાય છે. પાંચમી રાત્રિના સંગથી કન્યા, છઠ્ઠી રાત્રિના સંગથી સતપુત્ર, જે પુ. નામના નરકથી પિતાની રક્ષા કરે તેવો બાળક ઉત્પન્નથાય છે તેથી જ પુત્ર કહેવાય છે. સાતમી રાત્રિના સંગથી વંધ્યા-વાંઝણી કન્યા થાય છે. આઠમી રાત્રિના સંગથી સર્વગુણ સંપન્ન પુત્ર થાયછે. નવમી રાત્રિના સંગથી કન્યા થાય છે, દશમી રાત્રિના સંગથી પંડિત પુત્ર થાય છે. અગિયારમી રાત્રિથી કન્યા થાય છે, બારમી રાત્રિથી મહા ધર્મજ્ઞ વેદ, શાસ્ત્ર વિષ્ણુસ્માર્તના આચાર ધર્મ પ્રવર્તક પુત્ર થાય છે. તેરમી રાત્રિથી અતિ દુષ્ટ કન્યા થાય છે. માટે તેરમી રાત્રિનો સંગ અતિ વર્જ્ય છે. ચૌદમી રાત્રિથી પુત્ર, પંદરમી રાત્રિથી પતિવ્રતા કન્યા અને સોળમી રાત્રિથી જ્ઞાની પુત્ર થાય છે. જો સ્ત્રીઓને મૈથુન સમયે ડાબી નાશિકામાં સ્વર ચાલતો હોય તો કન્યા થાય અને જમણી નાશિકામાં સ્વર ચાલતો હોય તો પુત્ર થાય. પ્રસન્નતાથી શુદ્ધ સ્ત્રી સાથે સંગ કરે તો ઉત્તમ



સંતાન થાય. નિષેધ્ધ ચાર રાત્રિની અંદર સંગ કરે તો મૂંગી, બહેરી, લૂલી, પાંગળી, ગાંડી, દુષ્ટ પ્રજા થાય.'' જોષી આ સાંભળી બહુ રાજી થઈને બોલ્યા જે કારણ બહુ સારું કીધું. પ્રભુ દરબારમાં પધાર્યા. વખત જતા જોષીની પત્ની અમૃતબાઈને ત્રણ પુત્ર થયા.

**(૯) સર્વ સાધનમાં શ્રેષ્ઠ સાધન - શ્રીહરિનો આશરો :**

સ્વામિનારાયણ ભગવાને જીવને પોતાના અક્ષરધામ સુધી પહોંચાડવા માટે સત્સંગ રૂપી એક ટૂંકો અને સરળ માર્ગ શોધી આપ્યો છે. તે માર્ગે ચાલનારનું ગેરેંટેડ કલ્યાણ કહ્યું છે. શ્રીહરિએ વચન આપ્યું છે કે, ''મારા જનને અંતકાળે મારે જરૂર તેડવા આવવું.'' સત્સંગના માર્ગે ચાલવા, શ્રીજી મહારાજના બનવા માટે સૌ પ્રથમ દરેક મુમુક્ષુજનોએ શ્રીજી મહારાજની વિધિસર આશરાની બેવડી કંઠી કંઠમાં ધારણ કરવી પડે છે. ઘણાં લોકો એવું કહેતા હોય છે કે, ''અમારાથી સત્સંગના નિયમો પળાય નહિ એટલે અમારાથી કંઠી ન પહેરાય. ઉલ્ટા કંઠી પહેરીને દોષમાં પડીએ.'' હકીકતમાં મનુષ્ય જ્યાં સુધી ભગવાનની શરણાગતિની કંઠી નથી પહેરતો ત્યાં સુધી જ દોષમાં પડેલો છે. કારણ કે શરણાગતિ વિના મનુષ્યને અનંત જન્મોના પાપ કર્મો પીડે છે. જ્યારે સ્વામિનારાયણ ભગવાનની શરણાગતિની વિધિસર કંઠી ગળામાં આવતાની સાથે તે મનુષ્યના અત્યાર સુધીના તમામ જન્મોના પાપ કર્મો બળી જાય છે. કાળ, માયા, પાપ કર્મ, યમદૂતના ભયમાંથી તે માણસ મુક્ત થાય છે. કંઠી પહેરેલો માણસ કદી યમલોકને પામતો નથી. દારૂ, ચોરી, માંસ, વ્યભિચાર અને વટલવું વટલાવવું તે પંચ મહાપાપથી રહિત દરેક માણસ સ્વામિનારાયણ ભગવાનની આશરાની કંઠી પહેરી શકે છે. કંઠી પહેર્યા બાદ બેસી ન રહેતા, પંચવર્તમાનનું યથાર્થ પાલન કરી શ્રીહરિ રચિત શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પાલન કરી, શ્રીહરિની ભક્તિ કરવી એજ આશરાનું સાચું લક્ષણ છે. કંઠી એ શ્રીહરિની શરણાગતિનું પ્રતિક છે.

કંઠી કેવી રીતે પહેરવી ? જીંદગીમાં પ્રથમ વખત કંઠી પહેરતા હોઈએ તો કંઠી સ્ટોર ઉપરથી ખરીદીને સીધા જ પોતે પોતાની મેળે ન પહેરી શકાય. તેવી કંઠી સ્વામિનારાયણ ભગવાનની કહેવાય છે. પરંતુ જીવ સ્વામિનારાયણ ભગવાનનો થતો નથી. ધર્મવંશી આચાર્ય અથવા આચાર્ય થકી દીક્ષા પામેલા

સંતો દ્વારા કંઠી પહેરવાથી જીવ સ્વામિનારાયણ ભગવાનનો થાય છે. ધર્મવંશી આચાર્ય થકી દીક્ષા ન પામ્યા હોય અથવા દીક્ષા લીધા બાદ વિમુખ પંથમાં ભળ્યા હોય તેવા ભગવા વસ્ત્રોવાળા સ્વામિનારાયણ ભગવાનના આભાસી સાધુઓ પાસેથી અથવા તેવા આભાસી સાધુઓના પ્રમુખ યા આગેવાન થકી કંઠી પહેરવાથી પણ સ્વામિનારાયણ ભગવાન જીવને પોતાના શરણે લેતા નથી. બન્ને ગાદીના મહારાજશ્રી નિત્ય મંદિરે પધારતા હોય છે. હરકોઈ મુમુક્ષુ પ.પૂ. મહારાજશ્રીની બેઠકે જઈને તેઓશ્રીના સ્વહસ્તે કંઠી ધારણ કરી શકે છે. ગુરુમંત્ર લઈ શકે છે. બહેનોએ ગુરુમંત્ર આચાર્ય મહારાજશ્રીના ધર્મપત્ની અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ પૂ. ગાદીવાળા પાસેથી મંદિરની હવેલીમાં જઈને લેવાનો હોય છે. ગુરુમંત્ર ભૂખ્યા પેટે લેવાનો હોય છે. મંત્ર લીધા બાદ તે મંત્રની રોજ સવારમાં ઓછામાં ઓછી એક માળા કરવી જોઈએ.

કંઠીનો શાસ્ત્રોમાં એટલો બધો મહિમા આપ્યો છે કે, શાસ્ત્રો કહે છે કે, જેના ગળામાં ભગવાનની શરણાગતિની કંઠી નથી, તેના ઘરનું અન્ન-પાણી છોડી દેવું. શિક્ષાપત્રીમાં જ શ્રીહરિએ કંઠી અને ગુરુમંત્રની આજ્ઞા મુમુક્ષુજનોને માટે કરેલી છે. ઘણાને એવું હોય છે કે માનવ ધર્મ પાળીએ છીએ, પછી કંઠી, તિલક, ચાંદલો બધા બાહ્ય ચિન્હોનું શું પ્રયોજન ? બાહ્ય ચિન્હો એ પણ ભગવાનની આજ્ઞા છે. ભગવાનની આજ્ઞા-વચન સામે મનુષ્યની બુદ્ધિનું ગજું કેટલું ? બાહ્ય ચિન્હોના મહિમાનું વિવેચન શિક્ષાપત્રી ભાષ્ય આદિક ગ્રંથોમાં આપેલું છે. તે વાંચવું-સાંભળવું પડે.મનુષ્ય ભગવાનની આજ્ઞાની અવજ્ઞા કરીને પોતાની બુદ્ધિ વાપરવા જાય, તર્ક કરે તો તેમનું કલ્યાણ જતું રહે. સ્વયં ભગવાન, આચાર્ય મહારાજશ્રી, મોટા દેવો તથા સંતો પણ જગતમાં રહેલ મુમુક્ષુજનોના આચરણ માટે પોતાના કંઠમાં તુસીની બેવડી કંઠીધારણ કરે છે. એકવાર આ રીતે ગુરુથકી કંઠી ધારણ કર્યા પછી જીવન પર્યંત ભગવાનની પ્રસાદીની કરેલી કંઠી ગળામાં રાખવી જોઈએ. નહીં તો ભગવાનનો આશરો તૂટી જાય છે. તમામ ભયમાંથી છૂટવા માટે ભગવાનની શરણાગતિ જેવું બીજું કોઈ સાધન નથી. કારણ કે કાળ, કર્મ, માયા, યમદૂત એ સઘળું ભગવાનને



આધીન છે.

એક ભરવાડ બકરાં ચારતો સાંજે પાછો વળ્યો, તે પોતાને ઘેર આવતાં માર્ગમાં એક બકરીનો પગ ભરોડામાં પેસીને ભાંગી ગયો. એટલે તે તો ત્યાં જ બેસી રહીને પોતાનું ટોળું તો ગામમાં પહોંચી ગયું. ત્યાર પછી તે બકરી વિચાર કરવા લાગી કે હવે મૃત્યુ આવ્યું. આ વગડામાં જનાવરો મારી ખાશે એમ ધારે છે. એટલામાં એક મોટું સિહનું પગલું જોવામાં આવ્યું. ત્યારે તેનો આશ્રય કરીને બેઠી. એટલામાં શિયાળવા નહારીયાં વગેરે જનાવર આવ્યા. તે તેને મારવાનો વિચાર કરે છે. એટલે પેલી બકરી બોલી કે આ પગલું કોનું છે ? તે જુઓ. હું તો જેનું પગલું છે તેની છું. તેને જવાબ દેવાની હિંમત હોય તો મારજો. ત્યારે પેલા ડરીને નાસી ગયા. બીજા ચીત્તા, વાઘ વગેરે આવ્યા તેમણે પણ પૂર્વેની પેઠે મારવા વિચાર કર્યો. ત્યારે તે બકરી બોલી કે હું તો આ પગલાવાળાની છું એમ કહીને પગલું બતાવ્યું. એટલે પેલું પગલું જોઈને પેલા વાઘ વિચાર કરવા લાગ્યા કે, આ તો આપણા રાજાનું છે. એમ જાણી ભય પામી નાસી ગયા. પછી જેનું પગલું હતું તે જ સિંહ આવ્યો. ત્યારે તે બકરી બોલી કે હું તો આ તમારા પગલાને આધારે અત્યાર સુધી જીવતી રહી છું. હવે તમારે જેમ કરવું હોય તેમ કરો. ત્યારે પેલા સિંહે વિચાર્યું કે મારે આશરે કરીને જીવી. શરણે આવેલાની તો રક્ષા જ થાય, પણ મરાય તો નહીં જ. એમ ધારીને સિંહ બોલ્યો તારે કંઈ કામ હોય તો કહે. ત્યારે બકરી બોલી કે મારે તો ગામમાં મારા ધણીને ત્યાં બકરા ભેગું જવું છે. પણ આ મારો પગ ભાંગી ગયો છે. તેથી હું અટકી છું. એમ કહીને તે બકરી મૌન રહી, એટલે તે સિંહ આમ તેમ જોવા લાગ્યો. તેટલામાં એક હાથી આવતો જોયો. તે નજીક આવ્યો એટલે સિંહે કૂદીને એક તમાચ મારી એટલે પેલો બૂમ પાડી ઉઠ્યો ને કહે કે, શા માટે મારો છો ? તમારી આજ્ઞા પાળવા હું તૈયાર છું. ત્યારે તે સિંહ કહે કે, આ બકરીને તારા માથા ઉપર બેસાડીને નવી કુંપળો ખવરાવતો ખવરાવતો આ ગામમાં એનો ધણી જે ભરવાડ તેના ઝોકમાં મુકી આવ, ત્યારે તે હાથીએ તેમ કર્યું.

તેવી રીતે જેઓએ સર્વાવતારી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની શરણાગતિ સ્વીકારી છે, તેનો અનંત કોટી બ્રહ્માંડમાં કોઈ વાળ વાંકો કરી શકે

તેમ નથી ! શ્રીહરિના ચરણારવિંદ નિર્ભય છે. માટે દરેક પ્રકારે નિર્ભય થવા માટે તેમજ અક્ષરધામમાં પહોંચવા માટે શ્રીહરિના આશ્રિત થવું દરેક મુમુક્ષુજન માટે અનિવાર્ય છે. ભગવાનની શરણાગતિ એ સહેલું અને વળી શ્રેષ્ઠ સાધન છે.

...... તે સમે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યું જે, "ભગવાનને પ્રસન્ન કરવાના સાધન અનંત પ્રકારના શાસ્ત્રમાં કહ્યાં છે, પણ તે મધ્યે એવું એક સાધન ક્યું બળવાન છે જે સમગ્ર સાધન કર્યે જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને કરીને ભગવાન રાજી થાય ? તે એવો એક ઉપાય કહો, ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, "એક જ સાધને કરીને ભગવાન રાજી થાય તે કહીએ તે સાંભળો જે, ભગવાનનો જે દ્રઢ[૧] આશરો એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે. તેણે કરીને ભગવાન રાજી થાય છે અને તે આશરો અતિ દ્રઢ જોઈએ, જેને વિષે કાંઈ પોલ[૨] રહે નહિ. તે આશરાના ત્રણ ભેદ છે. ...... (ગ.પ્ર.પ્ર. ૩૩)

ભગવાનની સન્મુખ જતાં પગલે પગલે અશ્વમેઘ યજ્ઞનું ફળ થાય છે. ભગવાનને એક પ્રણામ કરે તો દસ અશ્વમેઘથી પણ અધિક ફળ થાય છે. તેને સંસારમાં જન્મવું પડતું નથી. પુત્રને જો વ્યાધિ થતો હોય તો શ્વપચના ઘરનું પાણી છંટાવે તેમાં લગારેય ભોંઠપ નહિ. જોડામાં વિષ્ટા લગાડી, નરનારી તે જોડું મોઢામાં લે, બે હાથ પાછળ બાંધી માથે સગડી લે અને ઢોલ વગાડી ગીત ગાતા બજાર વચ્ચે ચાલે તેની મનમાં લાજ નહિ. પણ જ્યાં સુધી હરિનું શરણું ન લે ત્યાં સુધી કર્મ બંધન ટળે નહિ. હરિનું બંધન મોક્ષરૂપ છે. કર્મનું બંધન ઝેર રૂપ છે. સંતના વચનથી ઈશ્વરને શરણે થવું તે સર્વ સાધનમાં અધિક સાધન છે. જીવેન્દ્રે શ્રીહરિને, ઈશ્વરને શરણે થયેલા પુરુષના લક્ષણ કેવા હોય ? એમ પૂછ્યું. શ્રીહરિ બોલ્યા કે, જે જેને શરણે હોય તે તેના વચનમાં વર્તે અને પોતાનું ધાર્યું મૂકી દે. તે શરણાગતનું લક્ષણ છે. વર્તનમાં જેટલો ફરક પડે તેટલી શરણમાં કસર છે. દર્દી, વૈદ્યને શરણે આવે ત્યારે વૈદ્ય દર્દ જોઈને ઔષધ આપે અને ચરી બતાવે તે પ્રમાણે વર્તે તેનું દર્દ જાય. ચરી પાળ્યા વિના રોગ જાય નહિ. તે શરણનું લક્ષણ તમને કહ્યું. સમુદ્ર તરવો હોય

૧. અતિ વિશ્વાસપૂર્વક ભગવાનને શરણે થવું. ૨. ભગવાન વિના બીજા ઉપાયનું અવલંબન



ત્યારે નાવનું શરણ જે લે છે તેને નાવિક જ્યાં બેસાડે અને કહે તેમ કરવું પડે, તો સિંધુ પાર ઉતરાય. જે શ્રીહરિને શરણે થયા છે તેને માયા લાગતી નથી. અને બીજાનો તો તે પરાભવ કરે છે. આ વખતે અવતાર ધરી શ્રીહરિએ સાધુતા પ્રગટ કરી છે અને જે શરણે આવી ચરણે નમે છે તેનો ઉદ્ધાર કરે છે. અપાર જનોને ભવપાર કરે છે.

ભગવાનના શરણ વિના ફાવે તેવી મોટપ મળે તો પણ એકડા વિનાના મીંડા જેવી છે. ફાવે તેવી રૂપવાન અને કુળવાન સ્ત્રી હોય પણ પતિ વિના કોની સ્ત્રી કહેવાય ? તેમ હરિના શરણ વિના ફાવે તેવી મોટાઈ હોય તે પણ તેનાં જેવી છે. શ્રીહરિના શરણે જે થાય તેને બધાય સાધનોનું ફળ મળી રહે છે. ભગવાનનું શરણું ન લે ત્યાં સુધી સંસાર સાગરમાં જીવ વહ્યા કરે છે. વિષયના મેલ ક્યારેય છૂટતા નથી. વ્યાસજીએ કહ્યું છે કે, વેદ પુરાણનું આલોચન કરતાં એમ જણાય છે કે, નારાયણના શરણ વિના મોક્ષ થાય નહિ. જેનાથી ભગવાન પ્રસન્ન થાય તે જ ખરો મોક્ષ છે. ગમે તેટલા પાપ હોય પણ ભગવાનનું શરણ લે તો પળમાં નાશ પામી જાય છે. ભગવાનને શરણે જઈને જે જાણીને પાપ કરે તે છૂટતો નથી. તેનું તો અધિક પ્રાયશ્ચિત કરવું પડે છે. ભગવાનનું શરણ લે નહિ ત્યાં સુધી જીવ અપાર દુઃખ પામતો રહે છે. અજાણે પણ ભગવાન પ્રસન્ન થાય તેવું કામ થઈ જાય તેના ફળરૂપે સત્પુરુષનો યોગ થાય છે, ત્યારે તેને દિશા ભ્રમ મટે છે, ભગવાનને શરણે થાય છે અને ભગવાન સંબંધી વાતને સત્ય માને છે.

वेद पुरान पठत जोउ, मायिक जन हि जेते ।
तुमारी माया तिनमाहि, बंध रहत हि ते ते ।।
बंध अंध हि रहत, जिहां लग होत न शरन तव ।
विमुख पंडित ते ते, पुरान पढकर कहत इमि ।।
तुमारे शरन जेह, लेवत जितने जन जेहि ।
पंडित होवत तेह, शरन बिन जन अंध रहत ।।
पुरान पढत सब तोउ, तुमारे शरन करत नहि ।
काम न आवत कोउ, उदर भरने के अर्थ रहे ।।

भगवान के शरन करे बिन हि, पुरान जितने पढत हि तिनहि ।
पुरान विमुख कर कहत ताहि, विमुख कि गति देत रहाहि ॥
भगवान के शरन होत जबहुं, साचे पंडित यह होवत तबहु ।
पुरान में बात रहाये जेसे, ताके देखे में आवत तेसे ॥
भगवान के शरन होत ताकुं, पुरान सहाय करत हि वाकुं ।
पुरान अरु शास्त्र जो ताकि, एक रीत रहाये सो वाकि ॥

પાયા વિનાની ઈમારત પડતા વાર લાગે નહિ. હરિના શરણરૂપી પાયો જેને ન હોય તે બધું કાળના મુખમાં જ ફરે છે. ભગવાન અને તેમનું ધામ, ત્યાં કાળનું જોર નથી. સિંહ ફાવે તેવો બળવાન હોય પણ લોઢાનાં પાંજરામાં પૂર્યો હોય તો તેનું કાંઈ ચાલે નહિ. તેમ ભગવાનના શરણરૂપી પાંજરાનું રક્ષણ હોય તો કાળ, માયા ને કર્મનું કાંઈ ચાલતું નથી. જેના અપાર ભાગ્ય હોય તે શ્રીહરિનું શરણ લે છે ને ભવપાર થાય છે.

જે પ્રગટ પ્રભુને કર્તા-હર્તા જાણે છે ને એમની ઈચ્છા એ જ પોતાનું પ્રારબ્ધ સમજી આનંદમાં રહી એમની ભક્તિ-ઉપાસના કરે છે તે ક્યારેય અન્યાશ્રય કરે નહિ કે આજ્ઞામાં ફેર પાડે નહિ. વડતાલના પાંચમાં વચનામૃતમાં શ્રીજીએ આશ્રયના સ્વરૂપનું નિરૂપણ કરતાં તેથી જ કહ્યું છે : 'મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે, જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે. પણ પ્રભુ વિના બીજાને સુખ દાયક ન જાણે અને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે - એવો હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય ને તે જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય.

પ્રગટ પ્રભુની ઓળખાણ કે નિશ્ચય સિવાય, એમના આશ્રય વગર જન્મ-મરણ સંસૃતિ ન ટળે ને આત્યંતિક કલ્યાણ પણ ન થાય.

મુક્તાનંદ સ્વામી કહે છે,

कई कहे हरि हो गये, कई कहे होवन हार ।
मुक्त प्रगट की प्रीछ बिना, भटकत सब संसार ॥



કોઈ કહે છે, 'પ્રભુ આગળ થઈ ગયા' ને કોઈ કહે છે, 'હજી ભવિષ્યમાં થનારા છે,' પણ કોઈ પ્રગટ પ્રમાણ પરમાત્માને ઓળખતું નથી અને એ ઓળખાણ પડ્યા વિના સંસારનું પરિભ્રમણ મટવાનું નથી ને એ જીવનું આત્યંતિક કલ્યાણ પણ થવાનું નથી. આ જીવ છે તે જ્યાં સુધી પ્રગટ પ્રભુના શરણે ન જાય ત્યાં સુધી ગમે તેટલા સાધન કરે, ઐશ્વર્ય પ્રાપ્ત કરે - દેવતા થાય, ઈશ્વર થાય કે ગમે તેટલી મોટાઈ પામે; પણ કાળ, કર્મ, માયા, ગર્ભવાસને નરકના કુંડથી મુકાય નહિ, ને જ્યાં સુધી ગર્ભવાસમાં આવવાનું મટે નહિ અર્થાત્ જો ગર્ભવાસમાં આવવું જ પડે, તો પછી નરકના કુંડમાં શું બાકી છે ? જ્યારે આ જીવ ભગવાનને - પ્રગટ પ્રભુને શરણે જાય છે ત્યારે કાળ, કર્મ, માયા, ગર્ભવાસ ને નરકના કુંડના દુઃખથી મુક્ત થાય છે. કળિયુગમાં પરમાત્મા 'સ્વામિનારાયણ' નામથી પ્રગટ પ્રમાણ રહેલાં છે.

અક્ષરધામાધિપતિ શ્રીહરિ નારદમુનિ પ્રત્યે કહે છે, 'હે દેવર્ષે, જો જે મનુષ્યો મારા જ શરણને પામે તો જ તે મનુષ્યો જીવોને બંધન કરનારી ગુણમયી માયા થકી મુક્ત થાય છે. મારી પ્રાપ્તિનું આજ અસાધારણ ફળ છે. જે કોઈપણ ભાવથી મારા શરણને પામેલો પુરુષ યથેષ્ટ સુખને પામે છે. પણ બીજા દેવના ઉપાસકની પેઠે જન્મ મરણરૂપ સંસૃતિને નથી જ પામતો.

દીનાનાથ ભટ્ટ શ્રીહરિની સ્તુતિ કરતા કહે છે, પ્રભુ ! મને તમારો જ આશ્રય છે. તમારો વિશ્વાસ છે કે તમારા ચરણને આશરે આવેલો જીવ સંસાર સાગર તરી જાય છે, એમ જાણીને હું તમારા ચરણનો આશ્રિત બન્યો છું. હે ભગવાન ! હું શાસ્ત્રના સિદ્ધાંતોને જાણતો નથી. અનેક પુરાણોની વાર્તાઓ જાણતો નથી. ફક્ત જન્મમરણ વિનાશક આપનું શરણ જાણું છું. હે મહાપ્રભુ ! આપના દર્શન માટે મેં કાંઈ તપ કર્યું નથી, વ્રત કર્યું નથી, નિયમો પાળ્યા નથી, દાન કર્યું નથી, યજ્ઞો કરાવ્યા નથી, શાસ્ત્ર શ્રવણ કર્યા નથી, છતાં આપની અતિશય કૃપાથી જ આપના દર્શન પામ્યો છું. હે પ્રભુ ! અંતઃશત્રુઓથી ઘેરાયેલો એવો હું, આપના ચરણ કમળના દર્શનને ક્યાંથી પામું ! પ્રભુ ! એ તો આપની અતિશય કરુણાનું જ આ ફળ છે. ભગવન્ ! મારામાં એટલું બળ નથી, બુદ્ધિ નથી, વૈરાગ્ય નથી, કે હું સંસાર સાગરથી મુક્ત બનું. પણ પ્રભુ ! આપનું બિરુદ વિચારીને મારો હાથ પકડો. ભગવાન ! ધર્મના વિધિઓને હું

જાણતો નથી. શાસ્ત્ર, મંત્ર, તંત્રના અનુષ્ઠાનને સમજતો નથી. વધુ શુ કહું ? આપના ચરણારવિંદનું પૂજન કેમ કરવું એ પણ હું જાણતો નથી. ફક્ત આપના ચરણકમળમાં જ સાષ્ટાંગ દંડવત્ કરીને સંતોષ પામું છું. કરુણાષ્ટક નામના આ સ્તોત્રથી પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિએ દીનાનાથ ભટ્ટને અભયદાન આપ્યું.

એક રાજાના રાજ્યમાં ત્રણ મોટા હિંસક વાઘ પેધ્યા હતા તે તેને મારવાને વાસ્તે તે રાજાએ બહુ પ્રયત્ન કરાવ્યો. પહેલાં ફોજદાર વગેરેને મારવાની આજ્ઞા કરી. પછી એના મોટા કારભારી, સેનાપતિ, દીવાન વગેરેને આજ્ઞા કરી પણ તે વાઘ કોઈનાથી મરાયા નહિ. ત્યારે રાજાએ બીડું ફેરવ્યું કે એ વાઘને જે મારે તેને મોજ આપું. તો પણ કોઈથી ન મુઆ. ત્યારે તે રાજા પોતાની સવારી ચઢાવીને પોતે જ તે વાઘ સામે ચઢ્યા ને તેને મારી નાખ્યો. આજ કળિયુગમાં કામ, ક્રોધ ને લોભ એ ત્રણ આ સંસારરૂપી પરમેશ્વરની રૈયતને હેરાન કરનાર મદોન્મત હાથી છે. જેણે મોટા મોટા ને પરાભવ પમાડ્યા છે. આવા બળીયા કામ, ક્રોધ ને લોભ તેને આજ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે જીતી લીધા છે. ને તેમને આશરે કરીને પણ આ સંપ્રદાયને વિષે મોટા મોટા બ્રહ્મનિષ્ઠ સત્પુરુષો ઘણાક થઈ ગયા. ને હાલમાં પણ તુચ્છ જીવ હોય તે પણ જો એ સ્વામિનારાયણ ભગવાનનો મન, કર્મ, વચને દ્રઢ આશરો કરે તો એ ઈષ્ટદેવના પ્રતાપે તે જીવને પણ એ કામ, ક્રોધાદિક દોષો પરાભવ કરી શકતા નથી. અન્ય દેવનો આશરો કરવાથી મોક્ષ થતો નથી. ભગવાનનો દ્રઢ આશરો હોય તો મોક્ષ થાય છે.

સદા સુખકારી, સર્વ સુખના ધામ, સુખના સિંધુ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનના શરણે જે જીવ આવે છે તેવા ભક્તના ઘેર તમામ પ્રકારના સુખ નામ - સરનામું પૂછતા આવે છે. આશરો દ્રઢ જોઈએ. મહા ભારતના યુદ્ધ વખતે અર્જુને શરૂઆતમાં કહ્યું કે, "હું લડાઈ નહીં કરું. મારે નથી લડવું. જે થવું હોય એ થાય. ભલે દુર્યોધન રાજ કરે. મારે આમાં પડવું જ નથી." પણ જ્યારે અર્જુન દ્વારિકાધીશના શરણે આવ્યો ત્યારે એણે મોઢેથી ઉચ્ચાર્યું करिष्ये वचनं तव તમે કહેશો એમ હું કરીશ." એનું નામ શરણાગત ! ભગવાનની આજ્ઞા પાળે એ સાચો શરણાગત કહેવાય અને એના જ સુખની



જવાબદારી સુખના સિંધુ ઉપાડી લે છે. સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ, એમનું શરણું અને એમના સંતોનો સત્સંગ, જો જીવનમાં હોય તો એ જીવ સદાય સુખી રહે છે.

"જેને સ્વામિનારાયણની કંઠી,
એની લખ ચોરાશી ગઈ વંઠી !
જો ભજન કરે સાચા મનથી."

સાચા મનથી ભજન કરે તો કંઠીની અદ્‌ભૂત તાકાત પ્રગટે છે. મોહનથાળ કે જલેબીમાં ચમચી ભરીને ખાંડ ઉમેરાતી નથી કારણ કે એ પોતે જ મિષ્ટાન્ન છે. એમ કંઠી પોતે જ કલ્યાણદાતા છે. કંઠી પોતે જ આપણને દુઃખથી બચાવનારી છે. પછી એમાં ચમચી જેવા માદળિયાં ઉમેરવાની ક્યાં જરૂર છે ! કેળામાં ઉમેરવું હોય તો ખાંડ ઉમેરાય પણ મીઠું ન ઉમેરાય તેમ કંઠીમાં કાંઈ ઉમેરવું હોય તો કંઠીના પ્રત્યેક મણકાની તાકાત વધે એ માટે "જો ભજન કરે સાચા મનથી......" તો કંઠીની તાકાત વધતી જ રહે છે.

........ અને જેને ભગવાનનો આ કહ્યો એવી રીતે દ્રઢ આશ્રય હોય તે જાણીને તો ભૂંડું કર્મ કરે જ નહિ, પણ કદાચિત્ ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને જો કાંઈક અવળું કર્મ થઈ જાય તો પણ તે દ્રઢ આશ્રયવાળો કલ્યાણના માર્ગ થકી પડી જાય નહિ. માટે એ જે ભગવાનનો દ્રઢ આશ્રય છે એવો નિર્વિઘ્ન માર્ગ કોઈ નથી. .......... (ગ.મ.પ્ર. ૧૩)

ભગવાને ગીતામાં કહ્યું છે જે -

"सर्वधर्मान् परित्यज्य मामेक शरणं व्रज ।
अहं त्वां सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥"

એ શ્લોકમાં એમ કહ્યું છે જે, 'બીજા સર્વ ધર્મનો પરિત્યાગ કરીને મારે એકને જ શરણે આવ તો હું તને સર્વ પાપ થકી મુકાવીશ, તું શોક મા કર.'

......... માટે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તે તે લક્ષણે કરી તે ભગવાનને ઓળખીને તે ભગવાનને શરણે થવું, અને તેનો દ્રઢ વિશ્વાસ રાખવો, ને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી, એજ કલ્યાણનો ઉપાય છે અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો. તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.

અને જ્યારે એવા સાધુ પણ ન હોય ત્યારે ભગવાનની પ્રતિમાને વિષે દ્રઢ પ્રતીતિ રાખવી ને સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે. (વ.પ્ર. ૧૦)

......... ''જે ભગવાન આ બ્રહ્માંડમાં વિરાજે છે તે જ ભગવાન સર્વેના સ્વામી છે ને અનંત કોટી બ્રહ્માંડને વિષે અસંખ્ય જીવના કલ્યાણને અર્થે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે તે જ ભગવાન પોતે દેહ ધારણ કરે છે. તેને શરણે અસંખ્ય જીવ થાય છે. તેણે કરીને અક્ષરધામમાં શ્રીપુરુષોત્તમના ચરણારવિંદને ઘણાક જીવ પામે છે એ ઉત્તર એનો છે.'' ....... (અં.પ્ર. ૫)

**(૧૦) નામ - ધર્માદો :**

અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ, તે થકી પામ્યું જે ધનદાન્યાદિક, તે થકી દસમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો, અને જે વ્યવહારે દુર્બળ હોય, તેમણે વીસમો ભાગ અર્પણ કરવો. (શિ.પ. શ્લોક ૧૪૭)

શ્રીહરિની લેખિત આજ્ઞા એ જ ધર્માદાની મહત્તા દર્શાવે છે. સત્સંગીની અન્ન વસ્ત્રની જવાબદારી તો શ્રીજી મહારાજે પોતાના પર લઈ લીધી છે. પરંતુ જેઓએ આર્થિક રીતે વધારે સુખી થવું હોય તેવા દરેક ગૃહસ્થાશ્રમી સત્સંગી માટે શિક્ષાપત્રીનો આ શ્લોક અતિ મહત્ત્વનો છે. ધર્માદાનો નિયમ રાખવાથી આર્થિક સધ્ધરતા પ્રાપ્ત થાય કે ન થાય, પરંતુ શ્રીહરિની આજ્ઞા સમજીને દેવ દ્રવ્ય પોતાના વ્યવહારમાં વાપરવું નહિ, એજ સત્સંગી માત્ર માટે શ્રેયષ્કર છે. દેવનું દ્રવ્ય દેવને અર્પણ નહીં કરીને પોતાના ઘરખર્ચમાં વાપરવું એ જ લોભનું લક્ષણ છે.

આવકમાં ધન અને ધાન્ય એમ બે પ્રકાર ગણવામાં આવ્યા છે. જે હરિભક્તો ખેતીનો વ્યવસાય કરતા હોય તેમને અનાજ વગેરે તેઓની આવક ગણાય અને જે હરિભક્તો વેપાર દ્વારા કે અન્ય કોઈ ઉદ્યમ-નોકરી દ્વારા પોતાનું ગુજરાન ચલાવતા હોય તેઓને દ્રવ્ય તેમની આવક ગણાય. નોકરી દ્વારા પ્રાપ્ત થયેલ પગાર અગર ધંધામાંથી જેટલો નફો થાય તેમાંથી ૧૦૦૦ રૂપિયાની આવકમાંથી ૧૦૦ રૂપિયા અગર ૫૦ રૂપિયા પોતાના ઈષ્ટદેવને બહુ પ્રેમથી, હેતથી અર્પણ કરવા એનું નામ ધર્માદો. પોતપોતાના



દેશના મુખ્ય મંદિરમાં એટલે કે ઉત્તર વિભાગના હરિભક્તો અમદાવાદ શ્રી નરનારાયણદેવના કોઠારમાં તથા દક્ષિણ વિભાગના હરિભક્તો વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવના કોઠારમાં ધર્માદો લખેલી પાવતી મેળવે તેને સાંપ્રદાયિક બંધારણ મુજબ ધર્માદો અર્પણ કર્યો કહેવાય છે. આવી રીતે અર્પણ કરેલો ધર્માદો શ્રી નરનારાયણદેવ તથા શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વારા અક્ષરધામાધિપતિ આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પહોંચે છે. તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ જળવાઈ રહે છે. ગમે ત્યાં ધર્માદો અર્પણ કરવાથી સંપ્રદાયનું બંધારણ છિન્ન ભિન્ન થઈ જાય છે. ઘણા હરિભક્તો ધર્માદો નિયમપૂર્વક કાઢે છે, પરંતુ તેમાંથી કેટલાક હરિભક્તોમાં ધર્માદો ક્યાં અર્પણ કરવો તે બાબતની અજ્ઞાનતાના કારણે અગર માનરૂપી અંતઃશત્રુને વશવર્તી મુખ્ય મંદિર અગર ધર્મવંશી આચાર્યશ્રીએ જે મંદિરોને ધર્માદો સ્વીકારવાની સત્તા સોંપેલી છે, તેવા મંદિરોમાં ધર્માદો અર્પણ નહિ કરતા અન્ય હરિ મંદિરો અગર ગુરુકુળોમાં ધર્માદો અર્પણ કરે છે. જ્યાં હરિભક્તોને ધર્માદાની પાકી પહોંચ મળતી નથી. અગર ધર્માદાને બદલે 'બાંધકામ' વગેરે અન્ય શબ્દો લખેલી પહોંચ આપવામાં આવે છે. સાથે સારા પ્રમાણમાં પ્રસાદી આપવામાં આવે છે, જેથી હરિભક્તો રાજી થઈ જાય છે. હકીકતમાં ધર્માદો અર્પણ કરીને જેટલી પ્રસાદી લઈએ તેટલો આપણે ધર્માદો ઓછો અર્પણ કર્યો કહેવાય. કારણ કે તે દેવનું દ્રવ્ય છે. તેથી જ અમદાવાદ કાલુપુર મંદિરમાં ધર્માદાની પ્રસાદી આપવામાં આવતી નથી. પોતાની મન પસંદ જગ્યાએ ધર્માદો આપવો એ શ્રીહરિની આજ્ઞાનો ભંગ છે. કારણ કે શ્રીહરિએ આપણને સૌને આજ્ઞા કરેલ છે કે, જેઓ શ્રી નરનારાયણદેવના દેશની જમીનમાંથી અર્થોપાર્જન કરતા હોય, ત્યાં રહેતા હોય તેવા હરિભક્તોએ શ્રી નરનારાયણદેવને અને શ્રી લક્ષ્મીનારાયણદેવના દેશની જમીનમાંથી અર્થોપાર્જન કરતા હોય, તેવા હરિભક્તો શ્રી લક્ષ્મીનારાયણદેવને પોતાનો ધર્માદો અર્પણ કરે. ત્યારબાદ જે તે દેવના તાબાના શિખરબધ્ધ અથવા હરિમંદિરોને આવી સત્તા પોતપોતાના દેશના આચાર્યશ્રી તરફથી લેખિતમાં પ્રાપ્ત થઈ હોય તો તેવા મંદિરો પણ ધર્માદો સ્વીકારી શકે છે અને ધર્માદાનો ઉપયોગ કરી શકે છે.

આવી સત્તા જરૂરીયાતને અનુલક્ષીને આચાર્ય મહારાજશ્રી કાયમી ધોરણે અગર હંગામી ધોરણે (નિયત સમય પૂરતી) પણ આપી શકે છે. અત્રે એ યાદ રાખવું જરૂરી છે કે, હરિ મંદિરોમાં અગર ગાદીના મંદિરથી દૂરના મંદિરોમાં આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સંતો હરિભક્તોને સત્સંગ કરાવવાના ઉદ્દેશથી તથા ધર્માદો ઉઘરાવવાના હેતુથી જાય છે. ત્યાં મુખ્ય મંદિરની પાકી પહોંચબુક લઈને જાય છે. તો એવા સમયે અર્પણ કરેલો ધર્માદો હરિ મંદિરમાં આપ્યો હોવા છતાં મુખ્ય મંદિરે જ પહોંચે છે.

શિક્ષાપત્રી ભાષ્ય વિવેચનમાં શતાનંદ સ્વામી જણાવે છે કે, જે ગૃહસ્થ પોતાના ધનમાંથી પરમાત્માનો ભાગ કાઢે છે એ ગૃહસ્થ સદાય સુખી થાય છે. એનું ધન પવિત્ર બની જાય છે. એનું ધન કોઈ દિવસે એને દુર્મતિ આપતું નથી. ધર્માદો કાઢ્યા બાદ વધેલું પ્રસાદીનું પવિત્ર દ્રવ્ય હંમેશા સન્મતિ સુઝાડે છે. ઘરમાં કુટુંબમાં સંપ વધારે છે. સંપ હોય ત્યાં સંપત્તિ ટકે છે. ધર્માદો એ ઠાકોરજીનો ભાગ હોવાથી જો આપણા ઘર-વ્યવહારમાં વપરાય તો આપણને દુઃખી કરે છે. સુદામાના નસીબમાં સુખ હતું, સંપત્તિ હતી, પરંતુ ભગવાનનો ભાગ એના પેટમાં જતો રહ્યો, તો પરિણામ એ આવ્યું કે એ દ્રરિદ્રી બની ગયા. આપણે શ્રીહરિના સાચા આશ્રિત ત્યારે જ ગણાઈશું જ્યારે આપણે શ્રીહરિની નાની મોટી આજ્ઞાઓ સચોટ પાળીશું. શ્રીજી મહારાજે ધર્માદો કરવાની આજ્ઞા કરેલી છે, તે સાથે ક્યાં અને કેવી રીતે ધર્માદો કાઢવો તે પણ શીખવ્યું હોવાથી આપણા મનનું ધાર્યું પડતું મૂકીને શ્રીજીની સંપૂર્ણ આજ્ઞા પાળીને શ્રીજી મહારાજને રાજી કરીએ.

ધર્માદા ઉપરાંત નામવેરાનું બંધારણ પણ સ્વયં શ્રીજી મહારાજે ઘડેલું હોવાથી નામ ધર્માદાની પહોંચમાં પ્રતિવર્ષ એક વાર નામ વેરો એટલે કે પોતાના ઘરના દરેક વ્યક્તિ દીઢ નામના પૈસા (હાલના ધોરણ મુજબ વ્યક્તિદીઠ પાંચ રૂપિયા) અર્પણ કરીએ. જે રકમ આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ચરણોમાં પહોંચે છે. તેની સામે આપણને નામદીઠ એક કંઠી આપવામાં આવે છે. જે કંઠી આપણને આપણા ગુરુ તરફથી મળેલી ગણાય છે. નામ વેરો કાઢવો એ કંઈક અંશે ગુરુઋણ ચૂકવવાની એક ઉત્તમ તક છે.

ધર્માદા ઉપરાંત જો હરિભક્તોની પહોંચ હોય તો સંત સેવા, ગૌ સેવા,



મંદિરોના બાંધકામની સેવા, મુખ્ય મંદિરના દેવના તાબાના ગુરુકુળોની સેવા વગેરે સત્સંગ સેવા કરી શકે છે. પરંતુ ધર્માદામાં કાપ મૂકીને અન્ય સેવા ન કરવી. કારણ કે દશાંશ, વીશાંશ રૂપી ધર્માદાનું દ્રવ્ય શ્રીહરિએ આપણા સુખ માટે સામે ચાલીને લેખિતમાં માંગી લીધુંછે. સત્સંગમાં આજે લાખો ગૃહસ્થ હરિભક્તો છે. તેમાંથી ઘણા હરિભક્તો ધર્માદા બાબતની આજ્ઞા યથાર્થ પાળે છે. પરંતુ તે સાથે ઘણા એવા પણ હરિભક્તો છે કે જેઓને દર મહિને નિયમિત આવક થતી હોવા છતાં વર્ષમાં એકાદવાર થોડી રકમની ધર્માદાની પહોંચ ફડાવી દે છે. કેટલાક ધર્માદો કાઢતા જ નથી. તો કેટલાંક સંપ્રદાયના બંધારણ વિરુદ્ધ પોતાના મનનું ધાર્યું કરીને ગમે તે જગ્યાએ ધર્માદો જમા કરાવે છે તો કેટલાંક સત્સંગમાં કે સત્સંગની બહાર કરેલા દાનને કે ભેટને કે દેવના થાળને કે સંતોની રસોઈને કે ધોતિયાને ધર્માદામાં ખપાવી દે છે. શ્રીજીની આજ્ઞાનુસાર યથાર્થ ધર્માદો કાઢીએ અને મનઘડત ધર્માદો કાઢીએ તેના ફળમાં બહુ ફેર છે.

ધન ભેગું કરવામાં ઘણા દોષો રહેલાં છે. ખેડૂતને ખેતી કરવામાં ખેતરમાં કેટલાંય નાનાપ્રકારના જીવજંતુઓની હિંસા થાય છે. ખેડૂત જો દસમો, વીસમો ભાગ ભગવાનને આપતો હોય તો ભગવાનના પ્રતાપે કરીને આવા હિંસા આદિક દોષો પણ નાશ પામી જાય છે. વધેલું શુદ્ધ અને પવિત્ર દ્રવ્ય ઘર તથા કુટુંબના કામમાં આવે તો કોઈ દોષ ન આવે. જેમ સાત્વિક, શુદ્ધ ખોરાક શરીરમાં કોઈ રોગ આવવા ન દે તેમ હક, પરિશ્રમ અને નીતિથી મેળવેલું દ્રવ્ય કુટુંબમાં રોગ, શોક વગેરેની પીડા આવવા ન દે. જેને સુખી થવું હોય તે એક રૂપિયો કમાય કે લાખ રૂપિયા કમાય, તેમાંથી જો ધર્માદો કાઢે તો તેને ત્યાં ક્યારેય દ્રવ્યનો તોટો આવતો નથી. નિયમિત ધર્માદો કાઢનાર રોડપતિમાંથી લખપતિ થાય છે તેવા કેટલાય દાખલા છે. ધર્માદાનો નિયમ રાખવાથી કેટલાય દેવામાંથી બહાર નીકળેલા છે. જે મળે તેમાંથી દશાંશ કે વિશાંશ શ્રી નરનારાયણદેવ કે શ્રી લક્ષ્મીનારાયણ દેવના ચરણોમાં ધર્માદા સ્વરૂપે સમર્પિત કરે તો તેની તમામ જવાબદારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વીકારે છે. ધંધામાં ચાર-પાંચ ભાગીદાર હોય, વર્ષે હિસાબ થાય, નફો વહેંચાઈ જાય. પછી કોઈને ત્યાં લગ્ન જેવો સારો પ્રસંગ આવે તો બીજા

દરેકે ચાંદલો પોતાના ખીસામાંથી લખાવવો પડે. તેમ દેવનો દસમો ભાગ કાઢી બાકી ૯૦% દ્રવ્ય વધે તેમાંથી બાંધકામમાં આપીએ, થાળ કરાવીએ કે સંતોને રસોઈ આપીએ તો તે સત્કર્મનું યથાર્થ ફળ મળે છે. કોઈ કહે મેં એ ભાગ ગુરુકુળમાં આપ્યો, કોઈ કહે મેં મંદિર, હોસ્પિટલ કે શાળાના બાંધકામમાં ધર્માદાનો ભાગ દાન સ્વરૂપે જમા કરાવ્યો તો એ સંપ્રદાયની પરંપરાથી વિરુદ્ધ છે. ગૃહસ્થની આવકનો દશાંશ, વિશાંશ ભાગ એ શ્રી નરનારાયણદેવ તેમજ શ્રી લક્ષ્મીનારાયણદેવનો હક હોવાથી એ ધર્માદો જે તે દેવના કોઠારમાં જ જમા થાય. ધર્માદાની પહોંચ આચાર્ય મહારાજશ્રીના નામ વાળી હોય છે. ધર્માદો એ કાયમ માટે સત્સંગી માત્રનો જીવન મંત્ર બની જવો જોઈએ. આજ્ઞા તથા બંધારણ લોપવાથી ભગવાન રાજી રહેતા નથી. મોટી મોટી કંપનીઓ પણ નિયમ વિરુદ્ધ કામ કરે, પછી દરોડા પડે એટલે બધું જતું રહે. ધર્માદો લાખોનો આપીએ પરંતુ નામ ભેટના પૈસા ન આપીએ તો પણ સંપ્રદાયના સભ્ય કહેવાઈએ નહીં.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી જ્યારે સંપ્રદાયમાં પૂ.લાલજી મહારાજશ્રી તરીકે સેવા આપતા હતા ત્યારે તેઓશ્રીએ એક સમયે પોતાના આશીર્વચનમાં જણાવેલું કે, હરિભક્તો ચાતુર્માસના વિશેષ નિયમો લે છે. શિક્ષાપત્રીના ઘણા નિયમો પાળશે, પરંતુ ૨૧૨ શ્લોકમાં જ્યાં ધર્માદાની વાત આવે ત્યાં કોઈ સામું જોતું નથી. આપણા આટલા બધા મંદિરોનો વિસ્તાર છે. પરંતુ સમયના ઘસારામાં કે આપણી આળસમાં ધર્માદો તેમજ નામ ભેટ તેમાં પણ ઘસારો પડ્યો છે. વ્યવહારમાં સુખી થવું હોય તો દસમો કે વીસમો ભાગ મુખ્ય મંદિરના કોઠારમાં જ ધર્માદા તરીકે નિયમિત જમા કરાવો, પછી જુઓ એની કમાલ !! ધર્માદામાં પેટા વિભાગ મંદિરનો હક નથી. સત્સંગમાં ઘણા મંડળો ઉભા કરે છે. પછી મંડળમાં પૈસાનું ભંડોળ ઉભું કરીને પોતાની જ્યાં રૂચિ હોય, ત્યાં બાંધકામ વગેરે નિમિત્તે પહોંચ ફડાવીને તે દાનને ધર્માદામાં ખપાવે. ધર્માદાનો ભાગ દેવના ચરણોમાં જમા ન કરાવીએ એટલે બીજા પહોંચ ફાડી જાય ! દેવના રૂપિયા આપણને આપણી રીતે વાપરવાનો અધિકાર નથી. દેવનો ભાગ દેવને ન આપીએ એટલે પછી ડૉક્ટર લઈ જાય, વકીલ લઈ જાય, ખીસ્સુ કપાય



જાય, ચોરાય જાય એમ કોઈને કોઈ રીતે બાદબાકી થઈ જાય તેનાં કરતાં દેવને આપવું શું ખોટું છે ! ઘણાં કહે છે રોગ પકડાતો જ નથી. તાવ આવ્યા જ કરે છે. ૫૦૦ ડૉક્ટરને દેખાડ્યું પરંતુ કંઈ નિદાન થતું નથી. અલ્યા ભાઈ ! રોગ હમણાં પકડાઈ જશે, પહેલાં તું દેવના કોઠારમાં ધર્માદાની પહોંચ ફડાવી આવ ! બીજાના અધિકારની વસ્તુ પણ જો આપણને ન પચતી હોય તો પછી દેવનો ભાગ તો આપણે ક્યાંથી પચાવી શકવાના !!! તિલક ચાંદલો કરવો એ જેમ આપણો ધર્મ છે તેમ ધર્માદો કાઢવો એ પણ આપણી ફરજ છે, ધર્મ છે. નરનારાયણદેવ આપણું સ્વીકારે છે એ જ આપણી મોટી પાત્રતા છે. મહારાજશ્રી ઘણીવાર કહે છે કે, બહુ દુઃખી થવાય, ત્યારે શિક્ષાપત્રી ખોલીને જોવું. કઈ આજ્ઞા લોપવે કરીને દુઃખ આવ્યું અને બહુ સુખી થઈએ ત્યારે પણ શિક્ષાપત્રી ખોલવાની ! કઈ આજ્ઞા પાળવે કરીને સુખ આવ્યું ને સુખ ટકી રહે તે માટે પણ હરહંમેશ શિક્ષાપત્રી પ્રમાણે જીવન જીવવાનું.

શ્રીહરિ કહે, દશમો ભાગ હરિને અર્પણ કરવાનો શાસ્ત્રમાં કહ્યો છે તે આપવો જ જોઈએ, નહિ તો ગૃહસ્થને પંચ પાપ લાગે છે. તેનું જે નિવારણ નથી કરતો તેને તે પાપ દિવસે દિવસે દસગણું વધે છે. અમે તમને આ વાત જો કહીં દેખાડીએ નહિ, તો અમને પાપ લાગે. હરિનું છે માટે હરિને શું આપવું ? એવું કહે તેને કૃતઘ્ની સમજવો. તમારે ગૃહસ્થોએ પોતાની ઉપજનો દસમો અથવા વીસમો ભાગ અમે જે મંદિરો કરાવ્યા છે તેમાં તે તે દેશના સત્સંગીએ ધર્માદો આપવો અને પોતાના ગામમાં હરિ મંદિર કરાવવું હોય તો પણ તે દશમો વીસમો ભાગ તેમાં વાપરવો નહીં પણ તે તે દેશના અમારા મંદિરોમાં આપવો.

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી પોતાની વાતોમાં લખે છે, અને વળી પુરુષોત્તમ ભગવાને આચાર્યજી મહારાજને પોતાના દત્તપુત્ર કરીને સર્વે સાધુ તથા સત્સંગીના ગુરુ કરીને પોતાની ગાદી ઉપર બેસાર્યા છે. તેમાં તથા લક્ષ્મીનારાયણ આદિક જે મૂર્તિયું પોતે પધરાવી છે તેમાં પણ પોતાના અવતાર જેટલું દૈવત પોતે મૂક્યું છે. માટે તે આચાર્ય તથા પોતે પધરાવેલી જે મૂર્તિયું તેને અવતારી જે પુરુષોત્તમ ભગવાન તેના અવતાર જેવા જાણવા ને જેમ અવતારને અર્થે કરે તેને પોતે અંગીકાર કરે છે તેમજ આચાર્યજીને

અર્થે તથા પોતાની પધરાવેલી જે મૂર્તિયું તેમને અર્થે જે સેવા કરે તે પોતે અંગીકાર કરે છે. તેમજ તેમને અર્થે કોઈક સેવા કરતા હોય તેને અવળી વાત કહીને ભાંગી નાંખે તથા એમ કહે જે "આચાર્યને ને લક્ષ્મીનારાયણને ક્યાં ખોટ છે. માટે કાંઈ ધર્માદાનું હોય તથા નામનું હોય તે સંતને અર્થે ખર્ચો. કેમ જે સંતને અર્થે જે જે કરે છે તે તત્કાળ ઉગી નીસરે છે" એમ અવળો ઉપદેશ કરીને પોતાની શુશ્રુષાને અર્થે બીજાને મોળા પાડે છે, તથા કોઈક સારું મનુષ્ય હોયને તે દેવની તથા આચાર્યની સેવા કરતો હોય તેને પોતાની સેવા કરાવ્યાને અર્થે અવગુણ ઘાલીને તેમની સેવામાંથી પાછા પાડીને પોતાની સેવા કરાવે તો તેને પંચ મહાપાપ જેવું પાપ થાય છે. માટે આ કહ્યું એમ સમજે તો જ શુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન પામ્યા કહેવાય, નહિ તો અશુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન કહેવાય, ને આ વાત કેવી છે તો જેમ હીરો હોય ને તેને જતન કરીને રાખે તેમ આ વાતને હીરાની પેઠે નિત્યે નવી ને નવી રાખજો પણ ગાફલપણે કરીને ભૂલશોમાં, જરૂર ભૂલશોમાં કેમ જે વાતને જે ન સમજે તેને મોક્ષના માર્ગમાં બહુ ફેર છે. (૮. પ્રકરણ ત્રીજું)

દેવ દ્રવ્ય હળાહળ ઝેર તુલ્ય કહેલું છે. તે જેના ઉપયોગમાં જાણે અજાણ્યે પણ આવે તેના વ્યવહારમાં ને અધ્યાત્મ વિકાસમાં એકદમ નિસ્તેજપણું લાવી દે છે. શ્રીહરિ કહે છે,

"જે જે તમે ઉદ્યમથી કમાઓ, જો શિષ્ય સાચા મુજના ગણાઓ,
દશાંશ વિશાંસ ગજા પ્રમાણે, દેવાર્થ દેજો ધન તેહ ટાણે,
કુટુંબીમાંહે જે જન હોય, તે બાળક, વૃદ્ધ, જુવાન હોય,
પ્રત્યેક નામે ગણી આઠ આના, દેજો ગુરૂને પ્રતિવર્ષ દાના."

દેવ મંદિરના નિભાવ માટે ધર્માદો છે. અને આચાર્યના વ્યવહાર માટે નામ ભેટ છે. જે મહારાજે પ્રતિ વર્ષ વ્યક્તિદીઠ આઠ આનાની આજ્ઞા કરેલી, તે હાલમાં વ્યક્તિદિઠ પાંચ રૂપિયા છે. ધર્માદો જે ભગવાનને અર્પણ કરવાનો હોય છે તે જો ગરીબ અર્થે કે સંત અર્થે કે અન્ય કોઈ હેતુથી વાપરે તો પ્રભુ તેને ઠગાઈ માને છે. મહારાજે જે મોટા મંદિરો કર્યા છે તેમાં જો સત્સંગી દશાંશ વિશાંશ ધર્માદો ન આપે તો તે મંદિરોનો વ્યવહાર કેમ ચાલે ? તેવી જ રીતે આચાર્યના ખર્ચ નિભાવ માટે જો સત્સંગી નામ ભેટ ન લખાવે અને



તે રકમ ભેટ તરીકે મૂકીને મનમાં ફૂલાય તો તે નામ ભેટ ગણાતી નથી. આચાર્યશ્રીના દર્શને આવતા હરિભક્ત તેઓશ્રીના ચરણોમાં જે ભેટ મૂકે છે તેને આચાર્ય ભેટ કહેવાય છે. પરંતુ તે ચરણ ભેટ તેઓશ્રી નરનારાયણદેવને તથા શ્રી લક્ષ્મીનારાયણદેવને એમ જે તે દેવને અર્પણ કરી દે છે.

શ્રીહરિ પોતાના આજ્ઞાપત્રમાં લખાવે છે જે, લિખાવીતંગ સ્વામી શ્રી સહજાનંદ મહારાજ જત દેશ દેશના સત્સંગી બાઈ-ભાઈ સમસ્ત નારાયણ વાંચજો. બીજું લખવા કારણ એમ છે જે શહેર અમદાવાદમાં શ્રી નરનારાયણનું મંદિર છે. તથા વૃત્તાલયમાં શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર છે તથા અત્ર ગઢડે શ્રી વાસુદેવનું મંદિર છે. તે ત્રણ મંદિરમાંથી જે મંદિરને અર્થે જે જે દેશના સત્સંગી પોતાની શ્રદ્ધા પ્રમાણે દસમો ભાગે અથવા વીસમે ભાગે ધર્માદાના દાણા તથા રૂપિયા તે મંદિરમાં પહોંચતા કરવા અને જો છેટું હોય અને દાણા પુગે તેમ ન હોય તો તે દાણા વેચીને તેના રૂપિયા કરવા અને તે રૂપિયાના દાણા વળી પાછા લઈને મંદિરમાં નાંખવા. પણ જે ધર્માદાના દાણા તથા રૂપિયા કાઢ્યા હોય તે પરમહંસના અર્થે ન વાપરવા તથા બીજા કોઈ ધર્મના કામમાં પણ ન વાપરવા. એ તો મંદિર ખાતે જ વપરાય, એમ અમારી આજ્ઞા છે. અને જો અમારી આજ્ઞાને નહીં માને અને જે પરમહંસ ધર્માદાના દાણા ખાશે તથા રૂપિયા પોતા સારું વપરાવશે તે પરમહંસ વચનદ્રોહી અને ગુરુદ્રોહી છે તથા જે સત્સંગી ધર્મવરાના દાણા અને રૂપિયા વાપરશે તે પણ વચનદ્રોહી અને ગુરુદ્રોહી છે. બીજું જો પરમહંસને આપવું હોય તો ધર્માદા નિમિત્તે કાઢ્યું હોય તે તળત પોતાની શ્રધ્ધા પ્રમાણે અન્ન વસ્ત્ર જે અપાય તે આપવું, પણ ધર્મવરામાંથી ન આપવું એમ અમારી આજ્ઞા છે. સંવત ૧૮૮૩ના જેઠ સુદી એકાદશીને શુક્રવારે લખ્યું છે. લખિતંગ શુકમુનિના નારાયણ વાંચજો. જેને ધનાઢ્ય થાવું હોય તેને ધર્માદાનો દસમો ભાગ કાઢવો અને જેને સાધારણ રહેવું હોય તેને વીસમો ભાગ ધર્માદાનો કાઢવો અને જેને દ્રરિદ્ર રહેવું હોય તેને ઈચ્છા પ્રમાણે આપવો. દશ ગાયવાળો એક ગાય ધર્માદે આપે અને સો ગાયો વાળો દસ ગાયો ધર્માદે આપે અને હજાર ગાયો વાળો સો ગાયો ધર્માદે આપે, તે સર્વેને સરખા ફળ વાળા કહેલાં છે. તેમ ધર્માદામાં બાર મહિને દશ રૂપિયા મળતા હોય તે એક રૂપિયો ધર્માદે આપે અને સો

રૂપિયા જેને મળતા હોય તે દસ રૂપિયા ધર્માદે આપે, અને વર્ષે હજાર રૂપિયા જેને મળતા હોય તે સો રૂપિયા ધર્માદે આપે અને વર્ષે લાખ રૂપિયા જેને મળતા હોય તે દસ હજાર રૂપિયા ધર્માદે આપે તે સર્વેને સરખું ફળ છે.

તે જ સારનો બીજો એક પત્ર, લખાવિતંગ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ જત સત્સંગિ બાઈ-ભાઈ સમસ્ત નારાયણ વાંચજો. બીજું લખવાનું કારણ એમ છે જે પોતપોતાના ગામમાં સાધુને રહેવા સારું ધર્મશાળા કરાવવી હોય તો સુખેથી કરવી, પણ પોતે વર્ષો વર્ષ ધર્માદો કાઢતા હોઈએ તેમાંથી એક દોકડો તથા એક સેર દાણો તે ધર્મશાળાના ખર્ચમાં ન વાપરવા. તથા સાધુને રસોઈ દેવી હોય તથા વસ્ત્ર લઈ દેવું હોય તથા કાગળ તથા પુસ્તક લઈ દેવું હોય તો તે ધર્માદામાંથી ન વાપરવું કેમ જે રાધાકૃષણ, લક્ષ્મીનારાયણ, નરનારાયણ, એમનાં અમે દેશદેશમાં મંદિર કરાવીને ધર્મવંશના બ્રાહ્મણને આપ્યા છે. તે મંદિરનું જે ખર્ચ તે પુરું ન થાય. માટે જે ધર્માદાનું હોય તે તો એ મંદિરમાં જ આપવું. પણ બીજા કોઈ કામમાં વાપરવું નહિ. અને આ જે અમારું વચન નહિ માને તે અમારો સત્સંગી નથી અને વચનદ્રોહી છે. બીજું રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણ, નરનારાયણ એ ત્રણ દેવની પેઠે જ અમારી શિક્ષાપત્રીને માનવી ........ અને ગામો ગામ મંદિર કરાવ્યાની જો પોતાને પહોંચ હોય તો તે શિક્ષાપત્રીને અર્થે મંદિર કરાવવા, અને તેમાં શિક્ષાપત્રી પધરાવવી અને તે મંદિરમાં ધર્માદાના રૂપિયા અને દાણા હોય તે ન વાપરવા ........ સં. ૧૮૮૫ ની દ્વિતીય અષાડ સુદી-૧ રવિવારનો લખ્યો છે. લેખક ઘનશ્યામદાસના જયશ્રી સ્વામિનારાયણ વાંચજો.

છેલ્લે એક અનુભવ સિધ્ધ ઘટના લખું છું. અમદાવાદમાં નેશનલ હાઈવે નં. ૮ ઉપર આવેલી હરભોળાનાથ પાર્ક સોસાયટીમાં રહેતા એક સદસ્યને સત્સંગી બનાવવામાં હું નિમિત બન્યો. ત્યારબાદ એક સમયે હું તેના ઘેર ગયો તો તે ભાઈના પત્ની સત્સંગની વાતો સાંભળતા રડવા લાગ્યા. મેં તેમને રડવાનું કારણ પૂછયું તો જાણવા મળ્યું કે તેઓની માથે ખૂબ મોટું દેવું હતું. એક મોટી ફેકટરીની ખરીદીમાં ભાગીદાર ખસી જતા સમગ્ર રોકાણ તેમના એકના શિરે આવવાથી દેવામાં ડૂબેલા અને તેમાંથી બહાર આવતા નહોતા. લેણદારો સુખેથી જીવવા દેતા નહોતા. મેં તે ભાઈને આશ્વાસન-



ધીરજ આપતા કહ્યું કે, હવે તમારે આ બાબત ચિંતા કરવાની સહેજ પણ જરૂર નથી, તમે સત્સંગી થયા છો. હવે તમારી સઘળી જવાબદારી શ્રીજી મહારાજના શિરે છે. તમે ફેકટરીના સંચાલન ઉપરાંત સ્વતંત્ર નોકરી કરોછો. તે નોકરી દ્વારા થતો પગાર એ તમારી ચોખ્ખી આવક છે. જો તમારે દેવામાંથી જલ્દી નીકળવું હોય તો એ પગારમાંથી ચોખ્ખો વિશાંસ ભાગ દર મહિને અમદાવાદ શ્રી નરનારાયણદેવના મંદિરના કોઠારમાં ધર્માદા તરીકે જમા કરાવશો. નરનારાયણદેવ ખૂબ દયાળુ છે, તમારું સારું કરશે. એ ભાઈને મારી વાત પર વિશ્વાસ બેઠો. ફક્ત ત્રણ મહિના તેઓએ નિયમ પૂર્વક ધર્માદો શ્રી નરનારાયણદેવના ચરણોમાં જમા કરાવ્યો અને દેવની પ્રસન્નતાથી ચમત્કાર સર્જાયો. તે ભાઈની એ ફેકટરી વેચાણી અને તેની સામે તેઓએ બીજી નાની ફેકટરી ખરીદી. તે લે-વેચમાં તેને ખૂબ મોટી રકમનો ફાયદો થયો અને અડધું દેવું ચૂકતે થઈ ગયું. તે ભાઈને શ્રી નરનારાયણદેવ પર દ્રઢ શ્રધ્ધા બેસી ગઈ. આજે પણ તેઓ સારો સત્સંગ રાખે છે.

અત્રે દેશ વિભાગના લેખના શબ્દો સમજવા દરેક સત્સંગીને ખૂબ જરૂરી હોઈ તે લેખના થોડા વાક્યો લખું છું. લિખાવિંતંગ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ .......... આદિક દેશ છે તે સર્વે શ્રી લક્ષ્મીનારાયણની હદમાં છે ને સર્વ દેશના સત્સંગી સમસ્તની તથા કુસંગી સમસ્તની ધર્માદાની પેદાશ અને દ્રવ્ય તથા વસ્ત્ર તથા વાહન તથા માણેક મોતી ઝવેર તથા કંકર પથર આદિક જે આવે તે તથા ધરતી વાડી તૃણ તરુ આદિકની જે પેદાશ આવે તે સર્વે શ્રી લક્ષ્મીનારાયણની છે ને શ્રી લક્ષ્મીનારાયણના દેશમાં હમણાં જે મંદિર તથા મેડિ, ઘર છે, તે તથા હવેથી જે નવી અંબારત થાય તે સર્વે શ્રી લક્ષ્મીનારાયણની છે ......... આદિક દેશ સર્વે છે તે શ્રી નરનારાયણની હદમાં છે ને સર્વે દેશના સત્સંગી સમસ્તનિ ધર્માદાની પેદાશ અન્ન તથા દ્રવ્ય તથા વસ્ત્ર તથા પશુ તથા વાહન તથા માણેક મોતી ઝવેર તથા કંકર પથર આદિક જે આવે તે તથા ધરતી, વાડી, તૃણ, તરુ આદિકની પેદાશ આવે તે સર્વે શ્રી નરનારાયણની છે ને શ્રી નરનારાયણના દેશમાં હમણાં જે મંદિર તથા મેડિ ઘર છે, તે તથા હવેથી જે નવી અંબારત થાય તે સર્વે શ્રી નરનારાયણની છે તથા હરેક પ્રકારે નવી પેદાશ થાય તે શ્રી નરનારાયણની છે.

આવી રીતે દેશ વિભાગના લેખમાં શ્રીજી મહારાજે ધર્માદાની માલિકી, સત્તા અમદાવાદ શ્રી નરનારાયણદેવ તથા વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ એમ બે મુખ્ય મંદિર - ગાદીના સ્થાનને સોંપેલી જણાય છે.

**(૧૧) હોલા - હોલીનો ગૃહસ્થાશ્રમ :**

કોઈ એક હોલો વનની મધ્યમાં એક ઝાડ ઉપર માળો બાંધીને તેમાં પોતાની સ્ત્રી હોલી સાથે રહેતો હતો. કેટલાક વર્ષો વિત્યા એટલે બન્નેને પરસ્પર ખૂબ પ્રીતિ વધી. બન્ને પરસ્પર પ્રેમથી બંધાયા. બન્નેનું હૃદય, વાણી, મન અને પ્રાણ પરસ્પર પ્રેમથી બંધાયેલા હતા. બન્નેની આંખોથી આંખો જોડાયેલી રહેતી. રાત્રિ દિવસ બન્નેની બુદ્ધિ પરસ્પર જોડાયેલી રહેતી. હોલી પતિને સંતોષ પમાડતી પ્રેમપાત્ર બની ગઈ હતી. તે જે જે વસ્તુને માંગતી હતી, તે તે વસ્તુ ઈંદ્રિયાધીન હોલો દુઃખ સહન કરીને પણ લાવી આપતો હતો. પ્રેમ સિવાય બીજું કંઈ સૂઝતું નહોતું. બન્નેનું એક જ આસન, એક જ પથારી, પરસ્પર હંમેશ વાર્તાલાપ અને ક્રીડા કરે, ખાવા-પીવાનું એક સાથે. એવી રીતે હોલો અને હોલી શંકા રહિત થઈને જંગલમાં રહે, વનરાજીમાં વિચરણ કરતા રહે તેમજ ગૃહસ્થાશ્રમી સુખ લેતા રહે. હાસ્ય વિલાસ કરીને હોલી તે હોલાનું મન હરી લેતી. નવી નવી પ્રીતિ વધારતી. તેથી હોલાને પણ તે પ્રાણથી પ્યારી બની ગઈ.

દ્રઢ પતિવ્રતા તે હોલીને પ્રથમ ગર્ભ રહ્યો. જ્યારે પ્રસવનો સમય નજીક આવ્યો, ત્યારે હોલાએ માળો વ્યવસ્થિત બનાવ્યો. કાળ, કર્મ, માયાથી પ્રેરાઈને બધી ક્રિયા થતી હતી. સમય જતાં માળામાં હોલીએ ઈંડા મૂક્યા. જળથી ભરેલા ઈંડામાં સમયાંતરે પક્ષીનું રૂપ થયું. ઈંડા મટીને બચ્ચા થયાં તે બચ્ચા પર હોલા અને હોલીને અપાર દયા ઉપજી. બચ્ચાં ઉપર વ્હાલ ધરાવનારું જોડું પ્રસન્ન થઈને બચ્ચાનું પોષણ કરવા માંડ્યું. બચ્ચાની તોતડી વાણી સાંભળીને દંપતિને અતિ સુખ થતું. જેમ જેમ બચ્ચાની વાણી સાંભળે, તેમ તેમ તે દંપતિને બચ્ચા પ્રત્યે પ્રેમ વધતો હતો. માયાવશ હોલા અને હોલીનું ચિત્ત પોતાના બચ્ચામાં જોડાયેલું રહેતું હતું. એવી રીતે હોલો અને હોલી હંમેશ પોતાના બચ્ચામાં નિમગ્ન રહેવા લાગ્યા. પ્રેમ ભરી દ્રષ્ટિએ પોતાના બચ્ચાને નિહાળતા અને પોષણ કરતા રહેતા.



સુંદર સ્પર્શ કરવા યોગ્ય બચ્ચાની પાંખો બની. તે બચ્ચાની સુંદર વાણી અને સુંદર ચેષ્ટા તે દંપતિને સુખદાયી લાગતી હતી. પ્રેમથી ઉઠી ઉઠી તે બચ્ચા તે દંપતિની સન્મુખ આવે, તેનાથી તે દંપતિનો ઉત્સાહ ક્યાંય સમાતો નહોતો. એવી રીતે તે પક્ષી દંપતિ સ્નેહથી જાળમાં બંધાયા. મોહવશ થઈને ઘર સંસારના પાશમાં બંધાયા.

એક દિવસ તે હોલો અને હોલી બચ્ચાને માટે ચારો લેવા સારું દૂર વનમાં ગયા. ત્યાં ચારાની ઈચ્છાથી તે બન્ને ઘણીવાર સુધી ભટક્યા. આ બાજુ ચારાની ઈચ્છાથી તે બચ્ચા તે વૃક્ષની આજુબાજુ ઉડતા હતા. એટલામાં પક્ષીઓ અને હરણાનો શિકાર કરનારો મહાપાપી એક પારધી વનમાં ફરતો ફરતો પેલા બચ્ચાના માળાની પાસે આવ્યો અને તે બચ્ચાને પોતાના માળાની પાસે ઉડતાં દીઠા. પક્ષીના બચ્ચા ક્રીડા કરવામાં મશગૂલ હતા. તે કુવિચારી પારધીને તુરત જ તે બચ્ચાને હણવાની ઈચ્છા થઈ એટલે પોતાની જાળ ફેલાવીને તે બચ્ચાને પકડી લીધા. પોતાના બચ્ચાના પોષણના ઉત્સાહમાં બન્ને ચારો લેવા જતા રહેલા, તેથી કોઈ પોતાના બચ્ચાની સાથે રહ્યાં ન હતા. એટલામાં હોલો અને હોલી ચારો લઈને પોતાના માળા તરફ આવ્યા. નજીક આવ્યા એટલે પોતાના બચ્ચાને જાળમાં બંધાયેલા જોયા. પેલી હોલી પોતાના બચ્ચાને જાળમાં સપડાઈ ગયેલા હોવાથી ચીસો પાડતી જઈને અતિ ખિન્ન થયેલી રડતી રડતી બચ્ચાં તરફ દોડી. પોતે જુએ છે કે, પોતાના બચ્ચા જાળમાં બંધાઈ ગયા છે. તો પણ ભગવાનની માયાથી તેની સ્મૃતિ નાશ થઈ ગઈ અને ભાન ભૂલીને પતંગિયું જેમ અગ્નિમાં પડે તેમ તે પણ જાળમાં બંધાઈ ગઈ. પ્રાણ કરતાં પણ વિશેષ વહાલા બચ્ચાંઓને તથા પોતાની પત્નીને જાળમાં બંધાયેલી જોઈને રાંક બુદ્ધિ વાળો હોલો બહુ જ દુઃખી થઈ વિલાપ કરવા લાગ્યો.

અહો ! હું ખૂબ કષ્ટને પામ્યો. મારું થોડું પુણ્ય હતું તે નાશ પામ્યું. અરે રે ! મારો સંહાર થઈ ગયો. વિષયના સુખમાં મને તૃપ્તિ ન થઈ. મારો જન્મ વ્યર્થ ચાલ્યો ગયો. મારો ગૃહાસ્થાશ્રમ સ્વપ્નની જેમ નાશ પામી ગયો. આ સુના ઘરમાં હું પાપી એકલો રહ્યો. આ મારી દ્રઢ પતિવ્રતા પત્ની કેટલી શુભ ગુણોવાળી હતી, મને દરેક પ્રકારે અનુકૂળ અને સુખદાયી તે નારી પોતાના

બચ્ચા પ્રત્યે અધિક પ્રેમવાળી થઈને મારો આ સૂના ઘરમાં ત્યાગ કરીને બચ્ચાઓની સાથે સ્વર્ગમાં જાય છે. હું રાંક થઈ ગયો, રંડાયો, મારું જીવન ખારું થઈ ગયું. મારા બચ્ચાઓ મરી ગયા. માટે હવે આ સુના ઘરમાં મારે જીવવાની શા માટે ઈચ્છા કરવી જોઈએ ? મારી પ્રિય પત્ની આ સુના ઘરમાં દુઃખ સહન કરવા મને છોડતી ગઈ. મારી પ્રિય નારીનો નાશ થઈ ગયો. ચારે બાજુથી હું દુઃખના દાવાનળમાં ડૂબી ગયો. હું મારા બચ્ચા અને સ્ત્રી વિના અતિશય સંતાપ-દુઃખ સહન કરું છું. હવે હું શા માટે આ સુના ઘરમાં પ્રેતની જેમ જીવન વ્યતિત કરું ? આવી રીતે તે ગમાર હોલો અત્યંત વિલાપ કરે છે. પરંતુ પોતાના બચ્ચા અને સ્ત્રી જાળમાં દ્રઢ બંધાયેલાં છે, મૃત્યુરૂપી કાળે ગ્રસેલા હોવાથી ચેષ્ટા રહિત થઈ ગયા હોવાથી કોઈ બોલતા નથી. આ પ્રમાણે વિલાપ કરતો તે મુર્ખ હોલો પોતાના બચ્ચાઓને અને હોલીને જાળમાં ફસાયેલી તરફડતી જોવા છતાં પણ, તત્પર થઈને પોતે પણ જાળમાં પડ્યો અને ફસાયો.

આ પ્રમાણે હોલો-હોલી તથા બચ્ચાઓને મેળવીને તે ક્રુર પારઘીનું કામ પૂર્ણ થયું. જેના હૃદયમાં કોઈ જાતનો ત્રાસ નથી ઉપજતો તેવો તે પારઘી અતિ હર્ષ સાથે પોતાને ઘેર ગયો.

સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ આ હોલા-હોલીના ગૃહસ્થાશ્રમની વાતને 'મુક્તાનંદ કાવ્ય' માં કાવ્યાત્મક આલેખી છે. દત્તાત્રેય ભગવાને આ હોલાને ગુરુ માન્યો છે. ચંચળ ચિત્તવાળો કુટુંબી મનુષ્ય સુખ દુઃખાદિ પદાર્થોમાં આસક્ત થઈ રાંક બુદ્ધિથી કુટુંબનું પોષણ કરે છે. તે મનુષ્ય આ હોલાની પેઠે દુઃખી થાય છે. શુભ બુદ્ધિ વિનાનો, લોભી અને કામી એવો ગૃહસ્થ અધોગતિને પામે છે. પોતાના કુટુંબના પોષણમાં જ નિમગ્ન રહે છે, તે માટે અનંત કષ્ટો સહન કરે છે. મોક્ષના દ્વાર રૂપ દુર્લભ મનુષ્ય દેહ પામીને જે ગૃહસ્થ સુખદાયી શ્રીહરિનું ભજન નથી કરતો એ આ હોલાની જેમ ઘરમાં અતિ આસક્ત રહે છે તથા મોક્ષનો વિચાર જ નથી કરતો તેવો મૂર્ખ ગૃહસ્થ અનંત દુઃખને પામે છે. ઘરમાં થયેલી અતિ આસક્તિ જ્યારે પશુ-પક્ષીને પણ અનર્થકારી થઈ પડે છે. ત્યારે મનુષ્યને અનર્થકારી થાય તેમાંશું કહેવાનું હોય ? મુક્તિના ખુલ્લા દ્વાર સમાન આ માનવ દેહ પામી હોલાની પેઠે ઘર



રૂપી જાળમાં બંધાઈ રહે છે, પરમાત્માને શરણે જતો નથી, તે મનુષ્યને ઉપર ચઢીને નીચે પડ્યો અથવા કાંઠે આવીને ડૂબી ગયો એમ સંત તથા મોટા પુરુષો માને છે. કોઈના મરણ પાછળ રડવું નહિ. રડનારો પોતે પણ એક દિવસ જવાનો છે તો તેને માટે શા સારું રડવું ?

મરનારાને શીદ રડો છો, રડનારા નથી રહેવાના;
તોપને મોઢે તુંબડા, એ સર્વે ઉડી જવાના.

મનુષ્યે બીજાને માટે રડવું નહિ. પોતાને માટે જ રડવું જોઈએ. બીજાને માટે રડવાનું છોડી, ચેતી જઈ, પોતે પોતાના જીવનું કલ્યાણ કરવા પ્રયત્ન કરવો. દુઃખરૂપ ઘરની આસક્તિ છોડીને શ્રીહરિના નિર્ભય ચરણ કમળમાં પ્રેમ કરવો. મનને વશ થઈને નાશવંત પદાર્થમાં અતિ પ્રીતિ કરવામાં આવે તો જન્મ-મરણનો અંત આવતો નથી. માટે કોઈ વ્યક્તિ, વિષય કે વસ્તુમાં અતિ મમતા અતિ આસક્તિ રાખવી નહિ. ગૃહસ્થાશ્રમમાં જનક રાજાનો આદર્શ રાખીને રહે અને ભગવાન ભજે તો સંસાર સાગર તરી જવાય છે.

**(૧૨) શિવ - પાર્વતી એ વર્ણીને રસોઈ જમાડી :**

વન વિચરણ દરમિયાન શ્રીહરિ બહાદુરપુરથી ચાલ્યા તે ગંગા કિનારે આવ્યા. પોતાના ચરણથી પાવન થયેલી ગંગામાં શ્રીહરિ અત્યંત હેતથી નાહ્યા. ગંગાજીએ મૂર્તિમાન આવી સર્વ અવતારના કારણપણે શ્રીહરિની સ્તુતિ કરી તથા વિવિધ સામગ્રીથી પૂજા કરી. આરતી પ્રદક્ષિણા કરીને પ્રાર્થના કરતાં કહ્યું કે મારો બહુ દિવસનો વિયોગ આપે ટાળ્યો. હવે મને દૂર કરશો નહિ. પછી ગંગાજીએ શ્રીહરિની ઈચ્છા પ્રમાણે સુંદર રસોઈ બનાવી શ્રીહરિને જમાડ્યા. એક રાત્રિ રહીને ત્યાંથી બીજે દિવસે વહાણમાં બેસી સામે કિનારે ઉતરી એકલા ચાલ્યા તે હરિદ્વાર આવ્યા. હરિદ્વારની ઉત્તર બાજુ અગાધ ગંગા વહે છે. તેથી આગળ નજીકમાં એક મોટો પર્વત દેખાય છે. ગંગાનો મોટો ઘાટ સુંદર બાંધેલોછે. ત્યાં મહાદેવનું પૂર્વમુખે શિખરબંધ મંદિર હતું. શ્રીહરિ ગંગા કાંઠે જઈને નાહ્યાં. બાર વર્ષે સ્નાન કરવાનો કુંભનો સમૈયો ભરાય છે ત્યારે અનંત લોકો ત્યાં આવીને નહાય છે, અને આનંદ પામે છે. ભેખધારીઓ પણ બહુ આવે અને સમય ઉપર નહાવાને માટે આયુધ સજીને સમાજમાં ચાલે છે. પરસ્પર સ્પર્ધાથી એકબીજાની સાથે તરે છે. તેમાં

કેટલાક મરે છે. જેમાં જોર હોય તે નહાય છે. તે દેખીને શ્રીહરિને દયા આવી. રાજાએ પણ રક્ષણ માટે ચોકી બેસાડી હતી.

એ વખતે મહાદેવજી વિપ્રનું રૂપ ધારી શ્રીહરિની પાસે આવી ચરણમાં પડ્યા. શ્રીહરિનો હાથ પકડીને પોતાની જગ્યામાં લાવી આદર પૂર્વક ઉતારો આપ્યો ને નામ પૂછવા લાગ્યા. ત્યારે વર્ણીએ કહ્યું કે મારું નામ નીલકંઠ છે. તીર્થ કરવા નીકળ્યો છું. જેનું ગોલોક ધામછે એવા શ્રીકૃષ્ણના દર્શન દ્વારિકામાં થાય છે. એ કૃષ્ણ અને નારાયણ એક સ્વરૂપ છે. તેથી નરનારાયણના દર્શન કરવા જાઉં છું. મેં નૈષ્ઠિક વ્રત ધાર્યું છે. તેઓ તો નૈષ્ઠિકોના આદર્શરૂપ છે. માટે તેમના દર્શનને હું બહુ ઈચ્છું છું. ત્યારે વિપ્ર બોલ્યા કે તમો તો સાક્ષાત્ ઈશ્વર છો અને મને દર્શન દેવા આવ્યા છો. હું બ્રહ્મપુત્ર છું. રસોઈ બનાવીને તમને જમાડું એવી મારી ઈચ્છા છે.

શ્રીહરિની અનુમતિથી વિપ્રે રસોઈ કરવાનો પ્રારંભ કર્યો. ત્યાં સતી આવીને પૂછવા લાગ્યા કે તમે કોઈ દિવસ રસોઈ કરી નથી ને આજે શાથી કરવા લાગ્યા છો ? ત્યારે વિપ્ર બોલ્યા કે આ વર્ણી મહાનૈષ્ઠિક છે. તેમને જમાડવા માટે રસોઈ બનાવવી છે. ત્યારે સતી કહે છે કે, અનેક યુગ ગયા, શુક સનકાદિક ઘણાય નૈષ્ઠિકો અને સિધ્ધો આવ્યા તે બધાય તમારી સેવા કરે છે. ત્રિભુવનમાં તમારાથી કોઈ પર નથી, છતાં તમે આ વર્ણીની સેવા કરવા તત્પર થયા છો તેનો મને ભેદ સમજાવો. ત્યારે વિપ્ર બોલ્યા કે ધ્યાનથી જુઓ તો જણાશે. સતીએ ધ્યાનમાં જોયું તો ત્રિગુણથી પર વર્ણીનું સ્વરૂપ જોઈને શિવજીથી અધિક જાણીને પગમાં પડ્યા. શ્રીહરિ કહે કાચા યોગી છે. તેમણે મોટાની સેવા કરી નથી તેથી આ વિપ્ર અમારી સેવા કરે છે. ત્યારે સતી કહે તમો જમો એવી રસોઈ બનાવતાં આ વિપ્રને આવડતી નથી. માટે તમારી મરજી હોય તો હું રસોઈ બનાવું. ત્યારે વર્ણી કહે તમે અને વિપ્ર સમજો. અમારે તો જમવાનું કામ છે. જેવું તેવું પણ જલ્દી બને તે લાવો. પછી સતીએ રસ રોટલી જલ્દી બનાવી અને શ્રીહરિને જમવા માટે બોલાવ્યા. જમતાં જમતાં શ્રીહરિએ કહ્યું કે તમો અને આ વિપ્ર કોણ છો તે અમને સાચે સાચું કહો, ત્યારે સતી કહે તમે જાણીને પૂછો છો તો પણ કહું છું. પણ પછી તમારી વાત પણ તમારે કહ્યાં વિના નહિ ચાલે. પછી સતી બોલ્યા કે આ વિપ્ર તે



મહાદેવ છે અને હું સતી છું. અગાઉ અહીં આવીને તેમણે તપ કર્યું હતું તેથી આ જગ્યાનું 'હરદ્વાર' એવું નામ પડ્યું છે. વર્ણી કહે, ક્યા ફળની ઈચ્છાથી તપ કર્યું હતું ? ત્યારે સતી કહે વિપ્રને પૂછો, મને ખબર નથી. ત્યાં તો વિપ્ર રસોઈ કરીને શ્રીહરિ માટે લાવ્યા. ત્યારે શ્રીહરિ મંદ મંદ હસીને કહેવા લાગ્યા કે તમને રસોઈ કરતા વાર લાગી તેથી અમારા પેટમાં વાયુ ભરાઈ ગયો જેથી ભૂખ મરી ગઈ છે. વિપ્ર કહે જમશો એટલે વાયુ મટી જશે. પછી વર્ણી ઓડકાર ખાઈને વિપ્રને રંજન કરવા જમવા લાગ્યા. ને પ્રસાદી વિપ્રને આપી. વિપ્ર રૂપે શંભુએ પોતાના કુટુંબને પ્રસાદી વહેંચી આપી અને કહ્યું કે આવી પ્રસાદી મળવી ઘણી દુર્લભ છે. આવા યોગીના દર્શન પણ ઘણાં યુગ સુધી થવાં કઠણ છે. આજનો દિવસ ધન્ય છે. આપણાં ધન્ય ભાગ્ય છે કે, સહેજે શ્રીહરિના દર્શન થયાં. પછી તે સૌએ વર્ણીની પૂજા કરી, આરતી પ્રદક્ષિણા કરી અને જયજય કાર ઉચ્ચાર્યો. પાંચ દિવસ રહી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે તપોવનમાં આવ્યાં.

**(૧૩) શ્રીહરિના ચરિત્રોનો મહિમા :**

અનંત પ્રકારના વ્યાધિ હરિચરિત્રરૂપી અમૃતથી નાશ પામે છે અને તે સારમાં સાર છે. તે વિના રાજપાટ, પુત્ર, પરિવારમાં જે સુખ કે સાર મનાય છે તે જ મૂર્તિમાન દુઃખ છે, સુવર્ણ દેખીને મન લલચાય, પણ તેમાં મૃત્યુ રહ્યું છે. જે નજરે આવતું નથી. તેમ તેમાં પણ જાણવું. જેમાં દુઃખ રહ્યું હોય તેને જ્ઞાની પુરુષ દૂરથી તજે છે. કેટલાય જ્ઞાની રાજાઓ થયા તે ચક્રવર્તી રાજ્ય કરવા છતાંય રાજ્યમાં બંધાયા નહિ અને પ્રજાને પણ નિર્બંધ કરી. પ્રહલાદ જેવાએ શ્રીહરિને ભજ્યા. માતાના ઉદરમાં જેણે રક્ષા કરી તે ભગવાન સર્વની રક્ષા કરશે જ એવો નિશ્ચય રાખી હરિના ચરિત્ર સંભારતા. એમ હરિ પર નિર્ભર રહે તો શ્રીહરિ તેની સાર લે છે જ. જે દોષ અદોષને જોતા નથી. જ્ઞાનીનો સંગ જો અજ્ઞાની રાખે તો જ્ઞાનરૂપી સૂર્યથી તેનું અનીતિરૂપ અંધારુ નાશ પામે, કારણ કે અબુધ માણસને શુધ્ધ કરવાની રીત જ્ઞાની માણસો જાણેછે. જ્ઞાની તો શત્રુને પણ દિલથી મિત્ર માની સૌને અમૃતપાન કરાવે છે. જ્ઞાનરૂપી અમૃત એવું છે કે પાત્ર વિના ટકે નહિ. વરસાદનું નીર ભૂમિ પર પડે છે તે સરોવર હોય ત્યાં તેટલું પાણી સમાય છે. તેમ મોક્ષની આતુરતાવાળા

જે જનો તેમને નીચી ભૂમિ સમજવી. હરિના ચરિત્ર તે વરસાદ જેવા છે. વરસાદના નીરનો એક જ પ્રકારનો ગુણ છે, છતાં જેવું વૃક્ષ તેવો રસ અને ફળ આપે છે. તેમ હરિના ચરિત્ર પણ પાત્ર પ્રમાણે ગુણ કરે છે.

''श्री सहजानन्द स्वामी के, चरित्र हि वार न पार ।
श्रवण सो कर हि जेहि जन, ताके भाग्य अपार ।
थोरे पुन्य नहि होत हैं, हरि चरित्र पर भाव ।
चरित्र में भये भाव जेहि, भव में तेहि न आव ।''

શ્રીહરિના ચરિત્રનો પાર નથી. થોડે પુણ્યે તેને શ્રવણ કરવાનું થાય નહિ. જેને તેમાં ભાવ ઉત્પન્ન થાય, તેને ફરી ભવમાં ભટકવું પડે નહિ. ઉત્તમ રાજા મુક્તમુનિને કહે છે કે, જેમ જેમ હું શ્રીહરિના ચરિત્રનું શ્રવણ કરું છું તેમ તેમ સંસારરૂપી સર્પનું ઝેર જન્મો જન્મથી ચઢતું ને ચઢતું જ છે, જે હરિની સુધને ભુલાવી દે છે; તે નાશ પામે છે. દૂધ અને સાકરમાં થોડું ઝેર પડે તો તે બધું ઝેરરૂપ થઈ જાય, તેવો ઝેરનો સ્વભાવ છે. તેમ શ્રીહરિ ભજવામાં રૂચિ તે દૂધ સાકર સમાન છે અને સંસારમાં રૂચિ તે વિષ સમાન છે. તે સંસારની રૂચિ રૂપી ઝેર હરિના ચરિત્ર રૂપી અમૃત પીધા વિના ટળે નહિ.

શ્રીહરિના ચરિત્રનો ગ્રંથ તે મોક્ષ ભાગી જીવોને નાવ સમાન છે. અમૃતરસરૂપ હરિચરિત્રમાં જે પ્રીત ન કરે તે વિષયી અને પામર સમાન છે. તેવા જનોને પણ ભવપાર કરવા માટે શ્રીહરિ એવાં ચરિત્ર કરે છે કે સાંભળીને તેમનું ચિત્ત શ્રીહરિમાં ચોંટે છે, અને સંસારરસ વીસરે છે. શ્રીહરિના ચરિત્રમાં જે શુભ-અશુભ અને ભાગ-ત્યાગની ભાવના રાખતો હોય તેને વિમુખ જેવો જાણવો. વિષયી જન હોય તે પણ પોતામાં દોષ માને, પણ ભગવાનના ચરિત્રમાં દોષ દેતો નથી. કોટિ કોટિ ધર્મ રાખે તો પણ દોષ દેવાવાળાનો ઉદ્ધાર થાય નહિ. ભગવાનના ચરિત્રમાં સદાય નિર્દોષ મતિ રહે તે ઊંચામાં ઊંચો ધર્મ છે, અને તેનો શ્રીહરિએ ઉદ્ધાર કર્યો છે.

મોટા મોટા દેવતાઓ તથા નારદ, શુક આદિ મુનિઓ, સિદ્ધો જે ચરિત્રો સાંભળી ને તથા સંભળાવી ને અત્યંત પ્રેમ મગ્ન થાય છે અને સમાધિ યુક્ત થઈ જાય છે અને ધન્ય ધન્ય કહેવા લાગે છે. શ્રીહરિના ચરિત્રની માળા બનાવી સંત હરિભક્તો મનમાં જપે છે. કારણ કે તે વિના બીજું હળાહળ વિષ



જેવું લાગે છે. વિમુખનો માર્ગ જુદો છે. એક એક જીવને માથે બ્રહ્માંડથી પણ વધારે પાપ રહેલાં છે. તે સાધન કરતાં ખૂટે તેમ નથી. શ્રીહરિના ચરિત્ર વિનાનાં બીજા સાધનો વારંવાર ભટકાવનારા થાય છે. હરિના ચરિત્ર સાંભળ્યા વિના જીવતા સુધી અશ્વમેઘ યજ્ઞ કરે, કોટિ ગોદાન કરે, તીર્થ તપ કરે, તો પણ એક મનથી શ્રીહરિનાં ચરિત્ર એક દિવસ સાંભળે તે બરાબર થઈ શકે નહિ. જગતમાં અનંત પ્રકારના ગ્રંથ છે. તેમાં જેટલા હરિચરિત્ર છે તે જ મોક્ષનું કારણ છે, હરિચરિત્રમાં સત્સંગની બધી જ વાત આવી જાય છે.

જ્ઞાની, ધ્યાની, ધર્મ, વૈરાગ્ય અને ભક્તિવાળા ઘણા હોય છે, પરંતુ શ્રીહરિના મનુષ્ય ચરિત્ર દેખીને ચિત્ત ભમે નહિ તેવા ભક્તો દુર્લભ છે. બીજી બધી વાર્તા સુલભ છે, પણ શ્રીહરિના મનુષ્ય ચરિત્રમાં મોહ ન થાય એ બહુ દુર્લભ છે. એવો તો કોઈ એકાદ મળે.

ઉત્તમના દરબારમાં ઉત્તર દ્વારે શ્રીહરિનું ભવન હતું ત્યાં શ્રીહરિ બેઠા હતા. મધ્ય રાત્રિએ ચંદ્રનો પ્રકાશ થયો, નિત્યાનંદ મુનિ તથા મુક્તાનંદ મુનિ બે પાસે બેઠા હતા. શ્રીહરિની મરજી જોઈ મુક્ત મુનિ હાથ જોડી ગદ્‌ગદ્ કંઠે બોલ્યા કે, મનમાં અપાર શાંતિ રહે અને ક્યારેય અશાંતિ થાય નહિ એવો સારમાં સાર ઉપાય હોય તે કહો. શ્રીહરિ સાંભળીને મનમાં હસ્યા, દેવની માયાનું જોર થયું. શ્રીહરિ મનમાં ઉદાસ થઈને બોલ્યા, શાંતિ કરવા અમે સત્સંગમાં ટક્યા છીએ, અમે જે જે વાત કરીએ છીએ તેનું રહસ્ય શાંતિ કરવાનું છે. ધ્યાન, ધારણા, સમાધિ કરાવીએ છીએ. ધામ દેખાડીએ છીએ. આશ્ચર્ય વાત કોઈ બાકી રાખતા નથી. અમારું ખાવું, પીવું, ચાલવું, સમૈયા કરવા, વસ્ત્ર આભૂષણ ધારવા, જમાડવું, મળવું, પૂજા કરાવવી વગેરે અમારી બધી ક્રિયા શાંતિ માટે જ છે. મુક્તમુનિ સમાન સત્સંગ ભરમાં કોઈની સમજણ ન હતી. સમજુના અંતરમાં પણ આજ સુધી શાંતિ થઈ નહિ તો બીજા જનની તો વાતજ શી ! એમ વિચારી શ્રીહરિને દિલમાં ચેન પડ્યું નહિ. અમારો શ્રમ વ્યર્થ ગયો, એમ જાણી મનમાં ઉદાસ થયા. આ વખતે અમે દયા કરી છે તેવી કોઈ વખતે કરી નથી. જમપુરી અને ચોરીશીના બધાના દુઃખ ટાળ્યા છે. સંત હરિભક્તના વચનથી કોઈ સત્સંગ કરે તો ગમે તેવો અધમ હોય તો પણ ધામમાં જાય છે. અનંત અવતારો થયા તેના જેવુ સામર્થ્ય એક

એક સંત દ્વારા દેખાડ્યું છે. આશ્રિત જનોને સંતના વચનથી અંત સમયે દર્શન દઈએ છીએ. સત્સંગથી ઊંચ-નીચ જાતિના સૌ ભક્તો શુદ્ધ થઈ જાય છે. ગળી જેવો રંગ જે વસ્ત્રને લાગે છે તે પાણીની જેમ ધોવાઈ જાય છે. તેમ અતિ મલિનતા જેમાં હોય એવાના પાપ પણ સત્સંગના જોગે કરીને અમારા વચનથી નાશ પામી જાય છે. અમારી મોટાઈ અમારે કહેવી યોગ્ય નથી, છતાં કહીએ નહિ ત્યાં સુધી જનોને શાંતિ થતી નથી. જે સત્સંગી થયાં છે, તે અમને ઈશ્વર જાણે છે ને અમારા વચનને બધા ગ્રંથોનું રહસ્ય સમજે છે.

નિત્યાનંદ મુનિ શ્રીહરિને ઉદાસ દેખી વાતમાં વાત ફેરવી દઈ બોલ્યા કે, મુક્તમુનિ જે વાત કરે છે તે મારી સમજ પ્રમાણે હું કહું તે આપ સાંભળો. મુક્તમુનિ આગળ અમે બાળક છીએ. તેમની સમજણ અપાર છે, તેમણે વાત સારી કહીં છે, પણ આપના ધ્યાનમાં ઊલટી રીતે આવી છે. મુક્ત મુનિએ એમ કહ્યું કે આપની વાતે કરીને અપાર શાંતિ થઈ. હવે તે અખંડ રહે તેમ કહો. તમારી વાત વિના બીજી વાતમાં અતિ અશાંતિ થાય છે તેથી દેહપર્યંત બીજી વાતમાં અરુચિ થાય તો અખંડ શાંતિ રહે, એમ સમજીને આપને પ્રસન્ન કરવા માટે પૂછયું. ત્યારે શ્રીહરિ કહે ઠીક તમારી વાત સાચી છે. જો તમે બોલ્યા ન હોત તો અમે તમારો ત્યાગ કરીને બદરીવનમાં જતા રહ્યાં હોત, મનમાં એમ નિશ્ચય કરતા હતા. તે વખતે તમે બોલ્યા. જીવમાં રહેવા સ્થિરતા થઈ અને ઉદાસીનતા જતી રહી. તમે ન બોલ્યા હોત તો સવારે અમને દેખત નહિ. માટે હવે તમારે અમારી પાસે નિરંતર રહેવું. અમે વિપરીત વાત આવે ત્યારે વારે વારે ઉદાસ થઈ જઈએ છીએ. તેને સુલટી કરી દે, એવો કોઈ પ્રવીણ નથી. જીવેન્દ્ર ભૂપ એવા છે પણ સંસારમાં રાત દિવસ લોભાયેલા છે. કથામાં લેશમાત્ર પ્રીતિ નથી. કથામાં પ્રીતિ ન હોય તે અમને બહુ પ્રિય લાગતા નથી. કથા કીર્તનના અંગવાળાના અમે વખાણ કરીએ છીએ. કારણ કે કરવાનું કામ તે કરે છે. સંસારમાં લુબ્ધ હોય તેમાંથી અમે ચિત્ત તોડીએ છીએ. સંસારને દેહ પર જેની દોડ હોય તેને અમે બાળક સમાન ગણીએ છીએ. જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી વિઘ્ન છે, એવી સમજણવાળાનો સત્સંગ રહે છે. સંત હરિભક્તોને નિર્દોષ કહે તેના પર અમને હેત થાય છે.



પછીશ્રીહરિએ પ્રસન્ન થઈને અંતરમાં શાંતિ અખંડ રહે એવી વાત કરવા માંડી કે સત્સંગની, સંતની, હરિભક્તની તથા વર્ણાશ્રમના શુદ્ધ ધર્મની, સનાતન રીતની વાતનો લોપ થયો ત્યારે મોટા મોટા ઋષિઓએ અમારી સ્તુતિ કરી. ત્યારે અમે તેમને વચન આપીને ધર્મ સ્થાપન કરવા માટે ધર્મના ભવનમાં કોશલ દેશમાં પ્રગટ થયા. ભગવાનની યોગકળાનો કોઈ પાર પામતું નથી. જેમ જેમ તર્ક કરવા જાય તેમ તેમ તે અપારના અપાર રહે છે. તેને પાર પામવાની ઈચ્છા રાખે તે બાળક બુદ્ધિ છે. જેમાં બધા આશ્ચર્ય રહેલાં છે. તેનાથી કોઈ અધિક નથી. અને તે જ પોતાને મળ્યા છે, એમ અખંડ સમજાય તો અંતરમાં અશાંતિ રહે નહિ. એમ કહીને કહ્યું કે આ નિત્યાનંદ મુનિ શાંતિની વાત કહેશે, એમ કહીં શીખ દઈ પોતે પોઢી ગયા. પછી નિત્યાનંદ મુનિએ કહ્યું કે જે શ્રીહરિ મળ્યા છે તેમનાં ચરિત્ર રાત દિવસ સંભારવા તે જ શાંતિનો ઉપાય છે. તે વિના બીજું અશાંતિનું કારણછે, એમ નારદજીએ વ્યાસ પ્રત્યે કહ્યું છે. તમારે માટે શ્રીહરિ ધર્મનું ઘર ત્યાગ કરીને સત્સંગમાં ચરિત્ર અધિક અધિક કરે છે. ત્યારે મુક્તમુનિને સમજણની ઘેડ બેઠી, પછી દિલમાં ચરિત્ર સંભારતા શાંતિ થઈ, જેને સાંભળીને તથા કહીને તનની સ્મૃતિ રહેતી નથી. ચરિત્ર વિના બીજી વાત ત્યજી દીધી અને ચરિત્રની પુષ્ટિ થાય એવી વાત ગ્રહણ કરી. શ્રીહરિ તે દેખીને અપાર રીઝ્યા અને બોલ્યાકે આવી વાત ક્યારેય સાંભળી નથી. મારા મત પ્રમાણે જ મુક્તમુનિ વાત કરે છે.

શ્રીહરિ મુક્તમુનિને કહેવા લાગ્યા કે અક્ષરધામના ધામી પ્રગટ ભગવાન મળ્યા ત્યારે વેદ પુરાણના બધા સાધન તેમાં આવી ગયા. પછી જે કરવાનું છે તે કહીએ છીએ. પ્રગટ હરિને ભજીને ગુરુ, સંત અને હરિભક્તની સેવા કરવી જોઈએ. કારણ કે ચેતન ચેતનમાં પણ એક એકથી અધિક છે. સૌને સરખા સમજવા નહિ. પશુથી મનુષ્ય અને મનુષ્યથી દેવ અને દેવથી પરમેશ્વર અતિ અધિક છે. તેમ સંત અસંતમાં પણ અધિક ભેદ છે. જ્યારે જ્યારે જેને ભગવાન મળ્યા તેણે તેને ભજ્યા. એ બધા હરિભક્તની તુલ્ય આવે નહિ. ભગવાન અને ભગવાનના મળેલા તથા તેને મળેલા સંત અને ભક્તોના સંબંધે કરીને ભગવાનનો નિશ્ચય થતા અપાર જનો ભવસાગર તરે

છે. મારા લીલાચરિત્રો કહે તથા સાંભળે તેમાં આનંદ પામનારા મારા આશ્રિતોને અંતકાળે રથ, વિમાનમાં બેસાડીને ધામમાં લઈ જાઉં છું. દાસના દાસ થઈને સત્સંગ કરે તેની જ ભક્તિ પ્રમાણભૂત છે. મારી મૂર્તિ, મારા ધામ તથા મારા સંત હરિભક્તો તથા મારું નામ, એ બધું ગુણાતીત છે. તેને અસત માને તે જમપુરીમાં બહુ દુઃખ પામે છે. હું સદાય સત્સંગમાં રહી પ્રેમી ભક્તોના રંગે રાચું છું. વારે વારે હું યોગી, રાજા અને વિપ્રનું રૂપ ધારું છું.

ભાગવતરૂપી કલ્પવૃક્ષના ફળમાં ધર્માદિક ચારેય પુરુષાર્થ રૂપી રસ રહેલાં છે. તે રસને શુક જેવા પંખી ચાખે છે. ધર્માર્થી જનો મધ્યમ રસને ચાખે છે. દ્રવ્યાર્થી કનિષ્ઠ રસ પીવે છે અને કામાર્થી અતિ કનિષ્ઠ રસને પીવે છે. ધર્માર્થી અને કામાર્થી પણ હરિચરિત્રમાં રુચિ કરે છે તો તેનો ઉદ્ધાર થાય છે. ભગવાનના ચરિત્રમાં ભગવાનનો પ્રગટ ભાવ છે. પ્રગટ ભાવમાં જ મોક્ષ છે. પરોક્ષ કરીને દેખે તેને તેવું ફળ થાય.

हरि के चरित्र जानत जेसा, जनकुं फल मिलत रहे तेसा ।
चिंतामनि तेहि चरित्र रहेउ, चिंतवत तेसे पावत तेउ ॥

શ્રીહરિનાં ચરિત્રો અમૃતના સાગર સમાન અપાર છે. તેમાં દરેકને નહાવાનો અધિકાર છે. ગમે તેટલા તેમાં સ્નાન કરે પણ સાગરને કંઈ દોષ લાગતો નથી. શ્રીહરિના ચરિત્ર ચિંતામણિરૂપ છે. જેવું ચિંતવે તેવું ફળ આપે છે ને અંતકાળે મહાદુઃખ થકી છોડાવે છે. મનુષ્યરૂપે ભગવાન અવતાર લે છે ત્યારે પૃથ્વી ઉપર રહે ત્યાં સુધી મનુષ્યની રીત રાખે છે. તેમનાં ચરિત્ર સંભારે તે ભવપાર થાય છે. ભગવાન પ્રગટ થઈને ચરિત્ર કરે છે તે ચરિત્રો ભગવાનના સમાન છે. ચરિત્ર ક્યારેય પરોક્ષ થતા નથી. ચરિત્રને પરોક્ષ જાણે તેનો મોક્ષ થાય નહિ. ભગવાનના ચરિત્ર ને જેવા જાણે છે તેવો થાય છે. દિવ્ય જાણે તો દિવ્ય થાય છે. મનુષ્ય શરીર પ્રાપ્ત થયાંનું ફળ તેટલું જ છે કે હરિચરિત્રને અમૃત સમાન જાણી તેનું નિત્ય રસપાનકરવું અને તે પ્રમાણે વર્તવાની મનુષ્ય તનની સાર્થકતા કહેવાય.

વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાન કહે છે પોતાના ઈષ્ટદેવના જ શાસ્ત્રો, પોતાના ઈષ્ટદેવના ગુણ, કર્મ અને ચરિત્રથી ભરપૂર એવા શાસ્ત્રોથી જ સંપ્રદાયની પુષ્ટિ થાય છે. પરમાત્માના ચરિત્રોનું શ્રવણ એ જપ, તપ



આદિક સર્વ સાધનથી વધી જાય છે. સહેજે સહેજે કલ્યાણ થાય છે. ભગવાનના ચરિત્રોમાં જો મનુષ્યનું મન એકાગ્ર થાય તો એ મનુષ્યનું મન ભક્તિના રંગે રંગાઈ જાય છે. જેમ વૈદિક વિનાના મંત્રનો જપ કરવો તે વૃથા છે તેમ ભગવાનના ચરિત્ર વિનાનું શાસ્ત્ર વાંચવું તે વૃથા છે. ભગવાન કહે છે, મારું શાસ્ત્ર મૂકીને બીજાં શાસ્ત્ર વાંચે તો ઓગણપચાસ કાચબાના જન્મ થાય છે.

### (૧૪) ગાય, બ્રાહ્મણનો મહિમા :

સ્વામિનારાયણ ભગવાને સંતો અને બ્રાહ્મણોનો ખૂબ મહિમા કહ્યો છે. શ્રીહરિને બ્રાહ્મણો ખૂબ વહાલા છે. શ્રીહરિએ બ્રાહ્મણકુળમાં જન્મધારણ કર્યો છે. બ્રાહ્મણો બ્રહ્માના મુખથી ઉત્પન્ન થયા છે. સુખની ઈચ્છાવાળા સર્વ કોઈ પણ જનોએ ભગવદ્ ભક્તોની સેવા યથોચિત કરવી, પુણ્ય તીર્થોનું સેવન કરવું અને બ્રાહ્મણ તથા ગાયોની પૂજા કરવી. સ્વધર્મનિષ્ઠ ભગવદ્ ભક્ત એક બ્રાહ્મણને શ્રેષ્ઠ સ્વાદુ અન્ન વડે તૃપ્ત કરે તો સમસ્ત જગત તૃપ્ત થઈ જાય છે. માટે બ્રાહ્મણોને ભોજન દક્ષિણાદિ વડે સંતુષ્ટ કરવા. એક ભગવદ્‌ભક્ત બ્રાહ્મણનો જો દ્રોહ કરે તો સમસ્ત જગતનો દ્રોહ થાય છે. માટે તેમને ''ब्राह्मणा मामकी तनुः'' આ વચનને અનુસારે વિષ્ણુનું અપર રૂપ જાણીને તેમનો દ્રોહ નહિ કરતાં તેમની યથા શક્તિ પૂજા કરવી.

શ્રીહરિ કહે, અમારા આશ્રિતોએ પવિત્ર અને જ્ઞાની બ્રાહ્મણોની સેવા કરવી. ગૃહસ્થો માટે બ્રાહ્મણો ખાસ પૂજ્ય છે. સેવાથી સંતુષ્ટ થયેલા બ્રાહ્મણો સર્વ મનોરથ સિધ્ધ કરી આપે છે. પોતાના તપોબળથી ઈન્દ્રાદિક દેવોને પણ બ્રાહ્મણો પોતાના સેવક બનાવે છે. પૂર્વે બ્રાહ્મણોના અનુગ્રહથી મોટા મોટા રાજાઓ પરમ સિધ્ધિને પામ્યા હતા.

ભીષ્મ પિતા યુધિષ્ઠિર ને કહે છે, બ્રાહ્મણોનો આદર કરવો તે રાજાનો મુખ્ય ધર્મ છે. જેના રાજ્યમાં બ્રાહ્મણો સુખેથી રહેતા હોય તેનું રાજ્ય શોભે છે. બ્રાહ્મણો ઈચ્છે તેને રાજા કરી શકે છે, અને તેઓ ઈચ્છે તો પદ ભ્રષ્ટ પણ કરી શકે છે. બ્રાહ્મણોનો વિરોધ કરીને કોઈ સુખ પૂર્વક જીવી શકે નહિ. બ્રાહ્મણની પ્રશંસાથી દેવો અને પિતૃઓ તૃપ્ત થાય છે.રાજાઓના બળ ને તેજ બ્રાહ્મણના તેજમાં સમાઈ જાય છે. શ્રીકૃષ્ણ ભગવાને યાદવ કુમારોને ઉપદેશ

કર્યો હતો કે બ્રાહ્મણોનું દ્રવ્ય અગ્નિ જેવા તેજસ્વીથી પણ પચાવી શકાતું નથી. ભયંકર ઝેર તો કોઈ ઔષધથી નિવારી શકાય છે પણ બ્રાહ્મણની સંપત્તિરૂપી ઝેર જેની પાસે ગયું, તેનો કોઈ ઉપાય જ નથી. સામાન્ય ઝેર ખાનાર તે એકલો જ મરે છે. પરંતુ બ્રાહ્મણની સંપત્તિ પચાવી લેનારો કુળ સહિત નાશ પામે છે. એ રીતે શ્રીકૃષ્ણ ભગવાનના વચનો ભાગવતમાં છે. શ્રીહરિ કહે, માટે અમારા આશ્રિતોએ તથા રાજાઓએ બ્રાહ્મણોને માનવા, વેદ ભણ્યા હોય કે ન ભણ્યા હોય, સંસ્કાર થયા હોય કે ન થયા હોય, પરંતુ રાખમાં દબાયેલા અગ્નિની જેમ સમજીને બ્રાહ્મણનું અપમાન ન કરવું. યથાશક્તિ ભોજન અને દાન આપીને તેને રાજી કરવા. બ્રાહ્મણ રાજી થાય તો તેની સાથે ભગવાન પણ રાજી થાય છે.

શ્રીહરિ વારંવાર બ્રાહ્મણોને જમાડતા અને દક્ષિણા આપતા. પોતાના પૂજનમાં મળેલી તમામ વસ્તુઓ અને દ્રવ્ય બ્રાહ્મણોને દાનમાં આપી દેતા. તેથી જ્યાં જ્યાં શ્રીહરિની પૂજા થતી ત્યાં ત્યાં બ્રાહ્મણોની ગરીબાઈ દૂર થઈ જતી.

એક બ્રાહ્મણના શાપથી બળેલ, બીજો સર્વ જીવને ભય આપનાર, તે બે જણનું કદી કલ્યાણ થતું નથી, નરકના કીડા પણ તેને સંઘરતા નથી...... પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''અમારો તો એવો સ્વભાવ છે જે, એક તો ભગવાન, ને બીજા ભગવાનના ભક્ત ને ત્રીજો બ્રાહ્મણ ને ચોથો કોઈક ગરીબ મનુષ્ય,એ ચારથી તો અમે અતિશે બીયે છીએ જે, 'રખે એમનો દ્રોહ થઈ જાય નહિ' અને એવા તો બીજા કોઈથી અમે બીતા નથી. કેમ જે, એ ચાર વિના બીજાનો કોઈક દ્રોહ કરે તો તેના દેહનો નાશ થાય પણ જીવ નાશ પામે નહિ. અને એ ચારમાંથી એકેનો જો દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી જાય છે.'' ........... (વ. ૧૧)

ગાયોના અંગોમાં બધાય દેવગણો સર્વદા રહે છે તથા સમગ્ર તીર્થો પણ તે ગાયોમાં સર્વદા રહે છે. માટે ગાય એક હરતું ફરતું તીર્થ છે. માટે જ એક ગાયનું યથોચિત પૂજન કરે તો સમસ્ત દેવતાઓનું પૂજન થઈ જાય છે અને સર્વ તીર્થોની યાત્રા પણ થઈ જાય છે. જો કદાચિત પ્રમાદને લીધે એક



પણ ગાયનો દ્રોહ કરે છે તો સર્વ દેવતાઓનો દ્રોહ થઈ જાય છે અને સર્વ તીર્થોનો પણ દ્રોહ થઈ જાય છે. બ્રાહ્મણમાં મંત્ર છે, અને ગાયમાં હવિ છે. તે બે પદાર્થથી યજ્ઞ થાય છે. તેથી સર્વ પુરુષાર્થની સિધ્ધિ થાય છે.

ગાયના બરડામાં બ્રહ્મા, ગળામાં વિષ્ણુ, મુખમાં મહાદેવ, મધ્યે દેવના ગણ, રૂંવાડાના છિદ્રમાં ઋષિઓ, પૂંછડામાં નાગો, ખરીઓમાં આઠકુળ પર્વતો રહ્યાં છે. મૂત્રમાં ગંગાદિ નદીઓ, નેત્રમાં ચંદ્ર, સૂર્ય, તે પ્રમાણે રહેલાં છે. ગાય રાજી થાય તો વર આપે. પોતાને ઘેર ઓસરીમાં બેસીને એક માળા ફેરવે તો એક માળાનું પુણ્ય થાય, ઓસરીથી નીચે ઉતરીને ગાયના સ્થાનકે બેસીને એક માળા ફેરવે તો દશ માળાનું પુણ્ય વધારે થાય. ભગવાનના મંદિરમાં બેસીને એક માળા ફેરવે તો અનંત માળાનું પુણ્ય થાય. ગાય પૃથ્વીનું સ્વરૂપ છે. જેણે ગાયનું દાન કર્યું તેણે આખી પૃથ્વીનું દાન કર્યું. જેણે ગાય વેચી તેણે વિષ્ણુને પણ વેચી દીધા. માટે ગાયનો પૈસો લે તો નર્કમાં પડે અને ગાય વધારે હોય તો બીજાને સેવા કરવા મફત દેવી અને મફત દેવાની શ્રધ્ધા ન હોય તો ગાયના સાટે ઘી લેવું, પણ પૈસો લેવો નહિ.

કપિલા ગાયનું માહાત્મ્ય બહુ છે. જેના સર્વે અંગ ધોળા હોય તે કપિલા કહેવાય. કપિલા ગાયમાં બ્રહ્માંડના સર્વ તીર્થો રહે છે. માટે સવારમાં તેનું ગળું ધોઈને તે જળથી સ્નાન કરે તો ત્રીસ વર્ષનું પાપ બળી જાય અને કપિલાની પ્રદક્ષિણા કરે તો સર્વ પૃથ્વીની પ્રદક્ષિણા થાય. એક પ્રદક્ષિણાથી દશ જન્મનું પાપ બળી જાય છે. કપિલા ગાયના મૂત્રથી સ્નાન કરે તો ગંગાજી અને સર્વ તીર્થોના સ્નાન કર્યાનું ફળ થાય. આખી જીંદગીનું પાપ બળી જાય. બીજી હજાર ગાયોનું દાન કરે અને એક કપિલા ગાયનું દાન કરે તે બરાબર છે. કપિલા ગાયનું દૂધ શુદ્ર પીએ તો તે પતિત, ચાંડાલ તુલ્ય થાય છે. કપિલા ગાય શુદ્ર ન રાખે. શુદ્ર લોભથી કપિલા ગાયનું દૂધ, દહીં, ઘી ખાય તો પોતાના પિતૃઓ સહિત રૌ રૌ નર્કમાં પડે છે. તે ગાય જેટલા દિવસ જીવે તેટલા દિવસ તેના પિતૃઓ વિષ્ટા ખાય અને મરીને રૌ રૌ નર્કમાં એક કરોડ વર્ષ રહીને પછી પૃથ્વીમાં ભૂંડ, શ્વાન યોનિમાં જન્મે,

વિષ્ટાના કીડા થાય. શુદ્રના ઘેર કપિલા ગાય હોય તેનું દાન બ્રાહ્મણ લે તો તે વિપ્રોના પિતૃઓ તે દિવસથી નર્કવાસી થાય છે.

ઉત્તમ વેદ ભણેલ બ્રાહ્મણને વિયાંવાની હોય એવી કપિલા ગાયનું દાન કરે તો આખી પૃથ્વીનું દાન કર્યા તુલ્ય ફળ થાય છે. અને તેની એકવીસ પેઢી પ્રભુના ધામમાં વિમાનમાં બેસીને જાય છે.

શ્રીરામ, લક્ષ્મણ અને સીતા વનવાસમાં ફરતાં ફરતાં ગયાજીમાં ગયા. ત્યાં શ્રીરામે દશરથ મહારાજનું શ્રાધ્ધ કરવાનો વિચાર કર્યો. લક્ષ્મણજી સામાન લેવા શહેરમાં ગયા. શહેરમાં રમત જોવા લક્ષ્મણજી રહ્યા. તેથી વાર લાગી. પછી શ્રીરામ ગયા. સીતાજી એકલા ફલગુ નદીમાં રહ્યાં. શ્રીરામને પણ વિલંબ થયો. શ્રાધ્ધનો સમય પણ વીતી જવા આવ્યો. તે સમયે સીતાજીએ બ્રાહ્મણ મારફત પોતે ચાર સાક્ષી રાખીને શ્રાધ્ધ કર્યું. (૧) ગાય (૨) અગ્નિ (૩) ફલગુ નદી (૪) કેતકીનું વૃક્ષ. આ ચાર સમક્ષ સીતાજીએ શ્રાધ્ધ કરીને પિંડ આપ્યા તે પિંડને દશરથ મહારાજે પ્રત્યક્ષ હાથ કાઢીને લીધા. તે પછી શ્રીરામ, લક્ષ્મણ આવ્યા. સીતાજી કહે, "મેં શ્રાધ્ધ કર્યું અને મહારાજાએ પ્રત્યક્ષ પિંડદાન લીધું. તેના આ ચાર સાક્ષી છે." શ્રીરામે પૂછયું ત્યારે એકે જણે સાક્ષી પુરી નહિ. ત્યારે સીતાજીએ ક્રોધ કરીને શાપ દીધો. ગાય વિષ્ટા ખાનારી થાય. તો પણ તારું પૂછડું પૂજાશે. તેથી ગાય ઉત્તમ હોવા છતાં ઓખર (ગંદવાડ ખાવો) કરે છે. અગ્નિને સર્વભક્ષી થવાનો, સારી નબળી સર્વ વસ્તુ બાળનાર. ફલગુ નદીને કહે - તારામાં ઉપર પાણી ન રહે અને કેતકીને કહે - તારા પુષ્પ દેવને ચડશે નહિ.

**(૧૫) માતા પિતાની સેવા :**

શ્રીહરિ શિક્ષાપત્રી શ્લોક નં. ૧૩૯ માં લખે છે કે, અને અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા, પિતા, ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા તે જીવન પર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી.

આજે ઘણા લોકો પોતાના વૃદ્ધ માતા પિતાની સેવા કરતા નથી. ઘરડા ઘર અસ્તિત્વમાં આવ્યા છે. આ એક મનુષ્ય જાતિનું કલંક છે. જ્યારે બાળક નાનું હોય છે ત્યારે તેને તેના માતા પિતા કેટલા લાડકોડથી ઉછેરતા હોય છે. પોતાની શક્તિ બહાર જઈને બાળકની હર કોઈ ઈચ્છાઓ તેના માતાપિતા



પુરી કરતા હોય છે. બાળકને સુખી કરવા યા પોતાના સંતાનને સુખી કરવા પોતાના હરકોઈ સુખોનો ભોગ આપે છે. પોતાના ગજા બહાર મહેનત કરીને માતા-પિતા પોતાના સંતાનની દરેક ઈચ્છાઓ પુરી કરે છે. એ જ પુત્ર મોટો થઈને જ્યારે પોતાના માતા-પિતાની સેવા ન કરે, અને પોતાના વૃધ્ધ માતા પિતાને વૃધ્ધાશ્રમમાં આશરો લેવાની ફરજ પડે ત્યારે તે વૃદ્ધ માતા પિતા પર શું વીતતું હશે તે તો જેમના પર વીત્યું હોય તે જ જાણી શકે છે !

જ્યાં સુધી માણસ તેના માતા પિતાની સેવા કરતો નથી ત્યાં સુધી તેનું પુણ્ય, તેનું સત્કાર્ય નિષ્ફળ જાય છે. મા-બાપની સેવા અતિ ઉત્તમ પુણ્ય છે. જેણે માતા-પિતાની સેવા કરી છે એણે તમામ દેવોને રાજી કર્યા છે. જેણે માતા-પિતાની સેવા કરી નથી એ તેત્રીસ કોટિ દેવની સેવા કરવા જાય છતાં દેવ એની સેવા સ્વીકારતા નથી. માતા-પિતા એ આંગણાના દેવ છે.

શ્રીકૃષ્ણ ભગવાન પોતે કહે છે કે, સર્વાર્થ સંભવ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે પુરુષાર્થને સિધ્ધ કરી આપે એવો આ માનવ દેહ જેનાથી ઉત્પન્ન થયો, જેણે આ માનવદેહને પાળ્યો, પોષ્યો અને મોટો કર્યો એ માતા-પિતાનો ઉપકાર પુત્રોએ ક્યારે પણ ભૂલવો નહિ. જેણે માતા-પિતાના આશીર્વાદ મેળવ્યા છે એના ઉપર ઈશ્વરના આશિષ આપોઆપ ઉતરે છે.

મહારાષ્ટ્રમાં પંઢરપુર નામનુ એક તીર્થ છે. પંઢરપુર તીર્થ કેમ બન્યું ? ત્યાં કોઈ મહર્ષિ સંતોના આશ્રમો નથી કે ગંગા યમુનાનો કિનારો નથી. છતાં એ પંઢરપુર પ્રખ્યાત તીર્થ બન્યું. એનું એક જ કારણ ત્યાં એક સુપુત્ર હતો. તે પુરી તન્મયતાથી પોતાના મા-બાપની સેવા કરતો હતો. એ રીતે વર્ષો વીતી ગયા છે. એના માતા અને પિતા બંને અપંગ હતાં અને વૃદ્ધ પણ હતા. એક દિવસે નારાયણનું દિલ ડોલી જાય છે અને વૈકુંઠાધિપતિ ભગવાન નારાયણ એને આંગણે આવીને ઉભા રહે છે. એ સુપુત્રનું નામ વિઠ્ઠલ હતું. તે વિઠ્ઠલ, ભગવાનને ઓળખી જાય છે. છતાં એ વખતે પિતાને નવરાવતા નવરાવતા એક ઈંટ પડી હતીં તે પ્રભુ સન્મુખ ફેંકે છે. પ્રભુ ! આ ઈંટ ઉપર બેસો. મારા પિતાને સ્નાન કરાવી લઉં પછી તમને પગે લાગું. ભગવાન પણ તેના માતા-પિતાની સેવા કરવાની નિષ્ઠા જોઈને ઈંટ ઉપર બેઠા. માતા-પિતાની સેવા જો નિષ્ઠાથી કરે તો પરમાત્મા સામે પગલે ઘરમાં આવે છે. જો મા-બાપની સેવા ન કરે

અને મંદિરમાં જાય તો મંદિરમાં બિરાજમાન દેવ મુખ ફેરવી લે છે. મા-બાપને દૂભવનાર માટે મંદિર ખાલી છે. મંદિરમાં પણ ભગવાન નથી. ભગવાન એવા લોકોના પ્રણામ, વંદન, પૂજા, સેવા સ્વીકારતા નથી. પિતાને નવરાવી, વસ્ત્ર પહેરાવી એમના સ્થાને બેસારી અને વિઠ્ઠલ આવીને પછી ભગવાનની માફી માંગે છે. દંડવત કરે છે, પગે લાગે છે. હે પ્રભુ ! ક્ષમા કરજો. અરે ! ક્ષમાની ક્યાં વાત ! તારી આ સેવાથી તો ખેંચાઈ ને હું આવ્યો છું. માગ માગ. વિઠ્ઠલ કહે છે : પ્રભુ ! શું માગું ? આપ મારા ઘરમાં રહો. મને દરરોજ આવા દર્શન થાય. ભગવાન બહુ ખુશ હતા. એ કહે છે કે, તારા ઘરમાં તો રહીશ પણ તારું નામ સ્વીકારીને રહીશ. આજથી મારું નામ વિઠુબા. મહારાષ્ટ્રમાં માનવાચક શબ્દથી કોઈને બોલાવવા હોય તો પુરુષ હોય છતાં પાછળ બા લગાડાય છે. ભગવાન આજે પણ એમને ઘેર વિઠુબા નામથી બિરાજે છે. એમનું ઘર મહા મંદિર બની ગયું અને ત્યાં તીર્થ રચાઈ ગયું. હજારો અનુયાયીઓ અને આશ્રિતો ઉત્સવ પ્રસંગે ત્યાં હરિઓમ વિઠુબાની ધૂન કરતા, નાચતા-કૂદતા દર્શને આવે છે. સ્વામિનારાયણ ભગવાન જ્યારે વન વિચરણ કરતા હતાં ત્યારે પંઢરપુર પધાર્યા અને વિઠુબાની મૂર્તિને ભેટ્યા હતા.

શાસ્ત્ર પ્રમાણે શ્રીહરિ પ્રતિમાઓને બે જ વખત ભેટ્યા છે. વન વિચરણ દરમ્યાન વિઠુબાની મૂર્તિને ભેટ્યા છે અને પ્રતિષ્ઠા વિધિઓમાં અમદાવાદ શ્રી નરનારાયણદેવની મૂર્તિને ભેટીને પધરાવી છે. એ સિવાય બીજે ક્યાંય ઉલ્લેખ આવતો નથી. તો માતા-પિતાની સેવા કરનાર જે કોઈ પુત્ર હોય એના ઉપર ભગવાન પ્રસન્ન થાય છે. પરમાત્મા શીખવાડે છે કે ભગવાનના ઉપદેશ ને આચરણમાં કેટલું સામ્ય છે ! શ્રીરામચન્દ્ર ભગવાને માતા-પિતા પ્રત્યે કેવો આદર રાખ્યો ! વનમાં મોકલનાર કૈકેયીને પણ ચૌદ વર્ષ પછી અયોધ્યા આવીને પહેલું વંદન કર્યું. શ્રીકૃષ્ણ ભગવાને નંદ યશોદા અને વસુદેવ-દેવકીજી સાથે જે માતૃભાવ અને પિતૃભાવ રાખ્યો છે, શ્રીમદ્ ભાગવતમાં એનું વિશેષ વર્ણન છે. સ્વામિનારાયણ ભગવાનને આઠ વર્ષની ઉંમરે જ્યારે જનોઈ મળી ત્યારે ઘર છોડવાનું નક્કી કરી દીધું. પણ માતા પિતાની સેવા અને એમનો પ્રેમ યાદ આવ્યો એટલે રોકાયા અને જ્યારે ભક્તિમાતા બીમાર પડ્યા ત્યારે ઘનશ્યામ મહારાજ જાતે માતાજીની સેવા



કરતા હતા. તેમજ ધર્મ પિતાની પાસે પ્રભુ જ્યારે બેઠા હતાં ત્યારે પરમાત્મા પોતે ધર્મદેવના પગ દાબતા હતા. આજના દીકરાઓએ ઘણું સમજવાનું છે. વૃદ્ધાવસ્થામાં જ્યારે માતા પિતાને સાંત્વના જોઈએ, શાંતિ જોઈએ, દૈહિક સાનુકૂળતા જોઈએ એ જો પુત્ર ન આપી શકે તો એ પુત્રને ધિક્કાર છે. શ્રવણે પોતાના આંધળા મા-બાપની સેવા કરી તેથી શ્રવણનું નામ આજે યુગો વીતી ગયા છતાં અમર છે.

માતા-પિતાની સેવા ન કરે તેને કૃતઘ્ની પુત્ર કહેવાય છે. માતા-પિતા અને ગુરુની સેવા જો ન કરે અને બાકી દાનપુણ્ય કરે તો એ દાનનું પુણ્ય બધુ માતા-પિતાને, ગુરુને વહેંચાતુ ભાગે પડતું મળી જાય છે, અને સેવા ન કરનારને રૌરવ નામના નર્કની પ્રાપ્તિ થાય છે એમ સ્કંદ પુરાણમાં લખ્યુંછે. મા-બાપની જે સેવા કરતો નથી એ તો મા-બાપનો મળ કહેવાય છે. માતા-પિતાનું પોષણ કરવું એ યુવાન પુત્રનો ધર્મ છે. માતા-પિતાની વૃદ્ધાવસ્થા થાય અને પુત્ર જો એમ ન કહે કે, બાપુજી, તમે દોડા દોડ ન કરશો. ઘરમાં બેસી રહો, શાંતિથી પ્રભુ ભજન કરો. તમે કાંઈ ચિંતા ન કરતા. એમ જો દીકરો બોલે નહીં તો એ દીકરો નહીં પણ એ મા-બાપને ત્યાં પથરો જન્મ્યો છે એમ સમજવું. માતા-પિતા, ગુરુ વગેરેને અન્ન વસ્ત્ર આદિકથી, માંદગીમાં દવા ઔષધિથી અગર યાત્રામાં ક્યાંય જતાં હોય તો એને ભાડુ-ભથ્થું વગેરેની સાનુકૂળતા કરી આપવી એ યુવાન પુત્રની ફરજ છે. મા-બાપને પેટ જન્મ લીધો હોય તેની તાબેદારી ખરેખરી કરવી ને તે મા-બાપને રાજી કરી આશીર્વાદ પામવો. તો જ તેના ઋણ થકી છૂટીએ પણ તે વિના બીજા કોઈ પણ ઉપાયે મા-બાપનો બદલો વાળી શકાય નહિ. અને વળી તે જ રીતે પરમેશ્વરનો પણ બદલો આપણા થકી વળે તેમ નથી. કારણ કે દેવતાને દુર્લભ એવો આ મનુષ્ય દેહ તે ભગવાને દયા કરી આપણને આપ્યો છે. ને હવે જો આપણે એ ભગવાનની આજ્ઞા પ્રમાણે નહિ ચાલીએ તો એ જેવું બીજું શું ભુંડુ ? કેમ કે કરેલું કૃત્ય આપણે ન જાણ્યું કહેવાય અર્થાત્ કૃતઘ્ની કહેવાઈએ. ભગવાનનો ગુણ જો ન માનીએ અને તે ભગવાનના વચનમાં જો ન રહીએ તો તેના જેવું કોઈ પાતક નથી. શ્રીહરિની આજ્ઞામાં રહેવું એ જ પુણ્ય છે અને આજ્ઞા લોપીને ચાલવું એ જ પાપ છે.

**(૧૬) મોટા પુરુષનો રાજીપો તથા કુરાજીપો :**

......... પછી આનંદાનંદ સ્વામીએ પૂછયું જે, ''પૂર્વના સંસ્કાર મલિન હોય તે કેમ ટળે ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''અતિશે મોટા પુરુષનો જે ઉપર રાજીપો થાય, તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે. અને મોટા પુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય. અને ગમે તેવા ભૂંડા પ્રારબ્ધ હોય તો રૂડાં થાય અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય.'' ........ ''પ્રથમ તો મોટા સંત સાથે નિષ્કપટપણે વર્તે અને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, અહંકાર અને ઈર્ષ્યા એ સર્વેનો ત્યાગ કરે. અને સંતનો ગુલામ થઈને રહે. ને અંતરમાં માન ટળે ભાવ રહે. પણ દેહે કરીને સર્વેને નમતો રહે. તો એની ઉપર મોટા સંત રાજી થાય છે.'' ....... ''મોટા પુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય. અને અતિશે જે મોટા હોય તેને જો અતિશે નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે પણ નિષ્કામી થાય ને જો મોટા પુરુષને વિષે કામીપણાનો દોષ પરઠે તો ગમે તેવો નિષ્કામી હોય તોય પણ અતિશે કામી થાય અને મોટાને વિષે ક્રોધી લોભી પણું પરઠે તો પોતે ક્રોધી લોભી થાય. અને જો મોટા પુરુષને અતિશે નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે, તો પોતે પણ એ સર્વે વિકારથી રહિત થઈ જાય. અને પાકો હરિભક્ત થાય ........... (ગ.પ્ર.પ્ર. ૫૮)

ગોપાળાનંદ સ્વામી વડોદરામાં ઘણો સમય રહેલા. ત્યાં એક ગરીબ ઘરનો છોકરો દરરોજ મંદિરમાં આવે. પરિચય થયો. ખ્યાલ આવ્યો કે એ બહુ દુઃખી છે. સ્વામી બહુ દયાળુ, ઘણીવાર કહીં દે કે અહીં બેસી જા. પ્રસાદી ખાઈ લે. એને જમાડતા, માથે હાથ મૂકતા. એ છોકરાનું નામ મંગળ હતું. ગોપાળાનંદ સ્વામીના રાજીપાથી મંગળ થોડા વર્ષોમાં વડોદરાના ગાયકવાડ સ્ટેટમાં દીવાન બની ગયો. ક્યાંથી ક્યાં ? સ્વામીના આશીર્વાદથી એ અધિકારી બન્યો. અમરેલી જીલ્લો આખો સંભાળે. બે ત્રણ વર્ષ વીતી ગયા. ધીમે ધીમે આ ભાઈ સાહેબને અંદર અભિમાન આવ્યું. હું હોદ્દાધારી છું. હું મોટો છું. એક વખતે કોઈ રાજકીય કામસર વડોદરા આવ્યા. સયાજીરાવ



પાસે ગયા. બે-ચાર અમલદારો ભેગા હતા. ચારે બાજુ સાહેબ સાહેબ થાય છે. સરકારી કામ પતાવીને એને યાદ આવ્યું, મારા ગુરુ મંદિરમાં છે, પગે લાગી આવું.

સાડા દશ અગિયારનો સમય છે. ગોપાળાનંદ સ્વામી ઠાકોરજીને જમાડી શાંતિથી બેઠા છે. તેટલામાં બે-ચાર ઘોડાગાડી આવીને મંદિરના દરવાજે ઉભી રહી. સાહેબ ઉતર્યા. બે-ચાર પટાવાળાને બે-ચાર અમલદારો એમ આખો પાંચ-સાતનો ઝમેલો. જ્યાં પગથિયા ચડ્યા ત્યાં ગોપાળાનંદ સ્વામી પ્રેમ ભાવથી બોલી ઉઠ્યા. આવ આવ મંગળ ! સ્વામી તો પ્રેમભાવથી બોલ્યા હતા. બાપ જેમ દીકરાને વહાલથી બોલાવે એમ બોલાવ્યા. પણ એને ઝાળ ઝાળ લાગી ગઈ અરરર ! હું મોટો અમલદાર, હું મોટો સાહેબ, આ બધા મને સલામો ભરે, ને સ્વામી મને કહે છે મંગળ, સ્વામી મોટા ખરા પણ વિવેક નથી. સ્વામી તો અંતર્યામી હતા. સ્વામી જાણી ગયા. આ શું ! આવો હોદ્દોને આવો અધિકાર સારો નહિ, જેથી સંત ઉપર અભાવ આવી જાય. અવગુણ આવી જાય. મધુર અને મીઠું વચન જેને ગમતું હતું તે હવે કડવું લાગ્યું. સ્વામીને આટલો સંકલ્પ જ થયો હતો. આ ભાઈ સાહેબ પગે લાગી જરા ઉપરછલો વિધિ કરી કચેરીમાં ગયા. કોણ જાણે કેમ સયાજીરાવને કંઈક વાકું પડ્યું. એના દફતર-ફાઈલોમાં કશીક ગરબડ નજરમાં આવી. અને તરત જ પીળું કાગળિયું પકડાવી દીધું કે તમને અત્યારે જ છૂટા કરવામાં આવે છે. બસ એટલી જ વાર, થઈ ગયા ડિસમિસ અને વડોદરાના રસ્તા ઉપર રખડતા થઈ ગયા. ઘોડાગાડીના બદલે હવે પગથી રસ્તા માપવા લાગ્યા. અને માણસો પછી બોલવાય માંડ્યા કે જુઓ પેલો મંગળિયો જાય છે. મોટો સાહેબ થઈને ફરતો હતો ને હવે રખડે છે. ત્યારે એને પશ્ચાતાપ થવા માંડ્યો કે સ્વામીએ મને મંગળ કહ્યો ત્યારે ઝાળ ઝાળ લાગી ગયેલી. આજે સમાજ મને મંગળિયો કહે છે.

આવી રીતે જેને પોતાનું સર્વ પ્રકારે હિત ઈચ્છવું, તેમણે તો મન, કર્મ, વચને કરીને સર્વ પ્રકારે મોટા પુરુષોને રાજી કરવા. પરંતુ ક્યારેય પણ કુરાજી ન કરવા. ........ જે પુરુષ ને પરમેશ્વર વિનાની બીજે ક્યાંય પ્રીતિ ન હોય તેનો એમ ગુણ ગ્રહણ કરે જે, 'આ પુરુષ તો અતિશે મોટા છે. ને એના

આગળ લાખો માણસ હાથ જોડીને ઉભા રહે છે. તોપણ લેશ માત્ર સંસારના સુખને ઈચ્છતા નથી અને હું તો અતિશે પામર છું જેકેવળ સંસારના સુખમાં આસક્ત થઈ રહ્યો છું. અને પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર સમજતો જ નથી. માટે મને ધિકાર છે. એવી રીતે અનુતાપ કરે, અને મોટા પુરુષનો ગુણ ગ્રહણ કરે, અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે, પછી એમને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઉપજે. અને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે. ..... (ગ.પ્ર.પ્ર. ૬૭) મહત્પુરુષના વચનમાં પણ અપાર બળ રહેલું હોય છે. જેના શાસ્ત્રોમાં અનંત દાખલા છે. મોટાના અપરાધથી આયુષ્યનો નાશ થાય છે. તેમજ મોટાના આશીર્વાદથી અને રાજીપાથી આયુષ્ય લંબાઈ પણ જાય છે. મોટાના અપરાધથી લક્ષ્મીનો નાશ થાય છે. તેમજ યશનો પણ નાશ થાય છે. મોટાનો અપરાધ સર્વ શુભ માત્રનો નાશ કરે છે.

જે અખંડ ભગવાન સાથે જોડાયેલા રહેતા હોય, ગ્રામ્ય વાતો, સંસાર વ્યવહારની વાતોમાં જેને લેશમાત્ર રસ ન હોય, જેઓ નિષ્કામી, નિર્લોભી, નિર્માની, નિઃસ્પૃહી તથા નિઃસ્વાદી હોય, ક્રોધ ન કરવાના સ્વભાવ વાળા, ક્ષમાશીલ, દયા, ધૈર્ય, સંતોષ આદિક દૈવી ગુણોથી યુક્ય હોય, જ્ઞાન, વૈરાગ્યથી યુક્ત હોય, ધર્મ પાળવામાં અને ભક્તિ કરવામાં જેને રૂચિ હોય, શ્રીજી મહારાજે કરેલા બંધારણથી અંદર રહેવામાં જ જેને રૂચિ હોય, શ્રીજી મહારાજે સ્થાપેલી મર્યાદામાં જ જે રહેતા હોય, મોહ, માયા, મમતા મત્સરથી જેઓ રહિત હોય, આદિક શુભ ગુણોથી યુક્ત ભગવાનના ભક્તોને પછી તે પૂ. આચાર્ય મહારાજશ્રી હોય, કે સંતો હોય કે એકાંતિક ભક્તો હોય તે સર્વેને મોટા પુરુષ જાણી તેઓને રાજી કરવા, પરંતુ ક્યારેય પણ કુરાજી ન કરવા.

**(૧૭) ભગવાનનું માહાત્મ્ય સમજ્યાની રીત :**

શ્રીહરિના છઠ્ઠા વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો આશીર્વાદ મેળવીને શ્રીહરિએ મારા હૃદયમાં જે પ્રમાણે પ્રેરણા કરી તે મુજબ આ ગ્રંથની રચના કરી છે. ગ્રંથમાં શ્રીહરિના ચરિત્રોની સાથે સાથે દેવ, આચાર્ય, સંત, શાસ્ત્ર, મંદિર, હરિભક્ત, તીર્થ, ધર્મ-ભક્તિ, સત્સંગ, નામમંત્ર, એકાદશી વ્રત, શ્રીહરિના ચરિત્રો તથા ગાય-બ્રાહ્મણ એમ



અનેક વિધ મહિમા લખ્યો છે. જેથી કોઈ એમ ન માને કે અહીં ધર્મમર્યાદાનું ગૌણપણું છે. ધર્મમર્યાદામાં વર્તીને શ્રીહરિની ભક્તિ કરવી તે જ શ્રીહરિનો સાચો મહિમા સમજ્યા છે. ....... "ભગવાનનો જે સાચો ભક્ત હોય તેને ભગવાનનું માહાત્મ્ય સમજ્યાની કેવી રીત છે તો 'જે ભગવાન છે, તે તેજોમય એવું પોતાનું અક્ષરધામ તેને વિષે સદા સાકાર મૂર્તિ થકા વિરાજમાન છે ને સર્વેના કારણ છે. સર્વના નિયંતા છે. સર્વના અંતર્યામી છે. અનેક કોટી બ્રહ્માંડના રાજાધિરાજ છે, ને અલૌકિક દિવ્ય સુખમય મૂર્તિ છે, ને માયાના ગુણ થકી રહિત છે. એવી રીતે પ્રત્યક્ષ ભગવાનને જાણીને તે ભગવાન વિના જે બીજા સર્વ માયિક પદાર્થ માત્ર તેને અતિશય તુચ્છ ને નાશવંત સમજે, ને એક ભગવાનને વિષે પ્રીતિ કરે, ને નવ પ્રકારની ભક્તિ કરે અને વળી એમ સમજે જે, 'એવા અતિશય મોટા જે ભગવાન તેની મર્યાદાને વિષે કાળ, માયા, બ્રહ્મા, શિવ, સૂર્ય, ચંદ્રમાં ઈત્યાદિક સર્વે સમર્થ છે તે પણ નિરંતર વર્તે છે.' એવું જાણીને તે ભગવાને બાંધી જે ધર્મ મર્યાદા તેને વિષે તે ભગવાનની પ્રસન્નતાને અર્થે પોતે નિરંતર વર્તે પણ તે ધર્મ મર્યાદાનો ક્યારેય લોપ ન કરે. અને જે કુબુદ્ધિ વાળો હોય તે કેમ સમજે તો 'એવા મોટા જે ભગવાન તે તો પતિત પાવન છે, અધમ ઉદ્ધારણ છે. તે માટે કાંઈક ધર્મ વિરુદ્ધ અવળું વર્તાઈ જશે તો તેની શી ચિંતા છે ? ભગવાન તો સમર્થ છે.' એવો જે હોય તે તો દુષ્ટ છે, પાપી છે ને એવી સમજણ વાળો હોય ને તે ઉપરથી ભક્ત જેવો જણાતો હોય તો પણ તેને ભક્ત ન જાણવો ને તેનો સંગ ક્યારેય ન કરવો. અને ભક્ત તો પ્રથમ કહીં તેવી રીતની સમજણ વાળાને જ જાણવો ને તેનો જ સંગ કરવો." (ગ.અત્યં. ૩૨)

•

## ૪૧. ગ્રંથ માહાત્મય નિરૂપણ :

આ ગ્રંથ જે વાંચશે, સાંભળશે તથા તેનું મનન કરશે તે સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા શ્રી નરનારાયણદેવના પ્રતાપથી તેમજ કૃપાથી તથા અમદાવાદ અને વડતાલ એમ બન્ને ગાદીના પ.પૂ.ધ.ધુ. આચાર્ય

મહારાજશ્રીના આશીર્વાદથી સત્સંગી નહીં હોય તો સત્સંગી થશે. સત્સંગી હશે તો તેના હૃદયમાં સત્સંગનો અધિક મહિમા વૃદ્ધિ પામશે. સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રત્યે ખૂબ સ્નેહ ભક્તિ વૃદ્ધિ પામશે. ધર્મની દ્રઢતા થશે. સત્સંગના તમામ છ અંગોનો મહિમા દ્રઢ થશે. ઈષ્ટદેવ પ્રત્યે કાયમ નિત નવી શ્રધ્ધા ઉત્પન્ન થશે. ઈષ્ટદેવને નિયમ પૂર્વક દશાંસ-વિશાંસ ધર્માદો અર્પણ કરવામાં રૂચિ થશે. શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વાવતારી, સર્વોપરિ અને હરહંમેશ પ્રત્યક્ષ છે તેવો દ્રઢ નિશ્ચય થશે. મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં અનુરાગ થશે, તે સાથે વિમુખ સંસ્થાઓનો અભાવ થશે. વિદ્યમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીમાં હરહંમેશ ગુરુભાવ રહેશે. સત્સંગની માત્ર બે ગાદી પ્રત્યે નિષ્ઠા અને વફાદારી રહેશે. શ્રીહરિના ચરિત્રો વાંચવા-સાંભળવાથી આધિ, વ્યાધિ, ઉપાધિ શમી જશે. જીવમાં પરમ શાંતિ થશે. સત્સંગના પ્રતાપે આલોકમાં સુખ ભોગવી અંતે અક્ષરધામ પામશે.

વિદ્યાર્થીને વિદ્યામાં વૃદ્ધિ થશે, અર્થાર્થીને ભૌતિક સુખ સમૃદ્ધિમાં વૃદ્ધિ થશે. રોગીને રોગમાં રાહત થશે અથવા શાસ્ત્રમાં દર્શાવેલી મર્યાદા સાથે ઔષધ લેવાથી રોગ શમી જશે. મોક્ષાર્થીનું આત્યંતિક શ્રેય થશે.

પરોક્ષ અવતારની ભક્તિ ઉપાસના વાળાને પ્રત્યક્ષ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા સત્સંગનો ગુણ આવશે. સત્સંગમાં જન્મધારણ કરી અંતે શ્રીહરિના અવિનાશી અને દિવ્ય એવા અક્ષરધામને પામશે.

અનેક દેવ દેવીની ભક્તિ ઉપાસના વાળાને પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની ભક્તિ-ઉપાસનામાં રૂચિ થશે. આ ગ્રંથ ધાર્મિક તથા મુમુક્ષુ જનને વાંચવા આપવો, પરંતુ આસુરી લક્ષણોવાળાને ક્યારેય ન આપવો એ જ આ ગ્રંથનો મહિમા છે.

॥ સંપૂર્ણ ॥





## આ પુસ્તક પ્રકાશનમાં આર્થિક સહયોગ આપનાર હરિભક્તો

| | | |
|---|---|---|
| ૧. | પ.ભ.અ.નિ. જયંતિલાલ રણછોડભાઈ માંડાણી | ગઢડા |
| | હ. ગં.સ્વ. વસંતબેન જયંતિલાલ માંડાણી | શાખપુર |
| ૨. | પ.ભ. દેવુબેન પરશોત્તમભાઈ રૂડાભાઈ સુહાગીયા | |
| | હ. મનસુખભાઈ પી. સુહાગીયા | અમદાવાદ |
| ૩. | પ.ભ. મહેન્દ્રભાઈ રવજીભાઈ ચોવટીયા | અમદાવાદ |
| ૪. | પ.ભ. રસીકભાઈ સવજીભાઈ કાછડીયા | અમદાવાદ |
| ૫. | પ.ભ. નરોત્તમભાઈ શિવશંકરભાઈ મહેતા | અમદાવાદ |
| ૬. | પ.ભ. વલ્લભભાઈ પોપટભાઈ ખીચડીયા | અમદાવાદ |
| ૭. | પ.ભ. ડૉ. કનુભાઈ એસ. પટેલ (મંગલતીર્થ હોસ્પિ.) | અમદાવાદ |
| ૮. | પ.ભ. અ.નિ. શાંતાબેન દુદાભાઈ ભીમાણીના સ્મરણાર્થે | અમેરિકા |
| | હ. ચંદ્રિકાબેન વિનોદચંદ્ર ભીમાણી | અમદાવાદ |
| ૯. | પ.ભ. કિશોરભાઈ કે. ચોકસી (હિમાલય જ્વેલર્સ) | અમદાવાદ |
| ૧૦. | પ.ભ. બળદેવભાઈ પુરુષોત્તમભાઈ સુહાગીયા | અમદાવાદ |
| ૧૧. | પ.ભ. ઘનશ્યામભાઈ બાવાભાઈ ગોળવીયા | અમદાવાદ |
| ૧૨. | પ.ભ. મોહનભાઈ નારણભાઈ (ઓળિયાવાળા) | અમદાવાદ |
| ૧૩. | શ્રીજી પેથોલોજી લેબોરેટરી (બાપુનગર) | અમદાવાદ |
| | હ. હર્ષ ઉમેશભાઈ ગોંડલીયા | |
| ૧૪. | પ.ભ. ડૉ. રમેશભાઈ આર. પરીખ | અમદાવાદ |
| ૧૫. | પ.ભ. અરવિંદભાઈ રવજીભાઈ દોંગા | અમદાવાદ |
| ૧૬. | પ.ભ. અ.નિ. હીરાબેન ભગવાનદાસ પટેલના સ્મરણાર્થે | અમદાવાદ |
| | હ. નરેન્દ્રભાઈ ભગવાનદાસ પટેલ (ઈટાદરાવાળા) | |
| ૧૭. | પ.ભ. પરશોત્તમભાઈ વીરજીભાઈ શેખપરા (દાસભગત) | અમદાવાદ |
| ૧૮. | પ.ભ. ભુવનેશ નરેશભાઈ મિસ્ત્રી | અમદાવાદ |
| ૧૯. | પ.ભ. નાનજીભાઈ કાનજીભાઈ ઘેલાણી | અમદાવાદ |
| ૨૦. | સહજાનંદ ટ્રેડર્સ, અશ્વિનભાઈ શામજીભાઈ પટેલ | અમદાવાદ |
| ૨૧. | પ.ભ. શાંતિલાલ વલ્લભદાસ પટેલ (પટેલ પાન હાઉસ) | અમદાવાદ |